
શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૧

NO-057303 Lo-43.09

(પાક્ષિક)



: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

પૂ.આગમોદ્ધારક તથા તેઓશ્રીની

વિદ્વત્ કુલ મંડન શ્રુતસ્થવિર



શ્રી ઝવેરસાગરજી મ.સા.

પ્રથમ ગચ્છાધિપતિ



પૂ.આ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ.સા.





આગમોદ્ધારક પૂ.આ.



શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.

શાસન સુભટ



પૂ.ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.




શ્રી

મવાણીને સુરક્ષીત રાખનારા પૂજ્યો





પ્રૌઢ પ્રતાપી



પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

ગચ્છાધિપતિ



પૂ. આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મહારાજ

જંબૂદ્વીપ પ્રણેતા



પૂ. પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ. સા.

પૂ. આ. ભગવંત



શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. સા.



મ. સા.

શ્રી સિદ્ધચક્ર

વર્ષ -

(પાક્ષિક)



: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

-: પ્રાપ્તિ સ્થાન :-

શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી
નળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
ટે. નં. : ૨૩૦૭ - ૪૨૦૨૨

આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
C/o સેવંતિભાઈ શાંતિલાલ શાહ
છાણી (વડોદરા) પીન : ૩૯૦૭૪૦
ટે. નં. : ૭૭૧૯૯૪

અશોકભાઈ સૂરજમલ શાહ
ન્યુ ગુજરાત ટ્રેડીંગ કાું.
બહુઆની પોળ, રાયપુરચકલા, અમદાવાદ-૧.
ટે. નં. : (ઓ.) ૨૧૪૭૧૭૨

આગમોદ્ધારક સંસ્થા
આગમ મંદિર રોડ,
ગોપીપુરા,
સૂરત, પીન : ૩૯૫૦૦૧

ગોડીજી જૈન દેરાસર
૧૨ - પાયધુની, વિજ્યવલ્લભ ચોક,
મુંબઇ - ૪૦૦૦૦૨

શ્રી ઋષભદેવ કેશરીમલ જૈન શ્વે. પેઢી
બજાજ ખાના,
રતલામ (મ.પ્ર.)
પીન : ૪૫૭૦૦૧

ઋષભદેવ છગનીરામ પેઢી
શ્રીપાલ માર્ગ, ખારાકૂવા, ઉજ્જૈન (મ.પ્ર.)
પીન : ૪૫૬૦૦૬
ટે. નં. : ૫૫૩૩૫૬

શ્રી સિદ્ધચક્ર માસિકના પાંચસો અંકોનું સંયુક્ત ગ્રથન
શ્રી સિદ્ધચક્ર ગ્રંથ - ભા. ૧ થી ૧૮
કિંમત રૂ. ૪૫૦૦/-

સંવત :- ૨૦૫૭
આગમોદ્ધારકશ્રીનો જન્મદિવસ
અષાઢ વદ અમાસ
તા. ૨૦/૭/૨૦૦૧

મુદ્રક :- શ્રી જંબૂદ્વીપ પ્રિન્ટ વિઝન, અમદાવાદ. ફોન - ૨૧૫૯૦૩૫

નોંધ :- આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને માલીકી કરવી.

॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

પ્રસ્તાવના

તત્ત્વજ્ઞાનનાં રસથાળને મનભરીને માણીએ.

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે જીવ નિરંતર મથે તો એ મળે અથવા ન પણ મળે. એને ઉપમા એવી આપવામાં આવે છે કે : जलधिजलपतितसुररत्न युक्त्या મોટા મહેરામણમાં પડેલા ચિંતામણિરત્નને મેળવવા જેવું કપરું કામ આ બોધિરત્નને પ્રાપ્ત કરવાનું છે. કદાચએ પ્રાપ્ત થઈ જાય તો તે પછીએ મલિન ન થઈ જાય, પાછું ખોવાઈ ન જાય તે માટે અત્યંત તકેદારી રાખવાની હોય છે. એ કામ પણ મુશ્કેલ કામ છે. આ બન્ને કામ એક સાથે થઈ શકે તેવી સામગ્રી આપણાં હાથમાં આવી છે. આપણને એક ખજાનો મળી ગયો છે.

'સિધ્ધચક્ર' માસિકની ફાઈલોતો સમકિતીનો રસથાળ છે. ભાવતું ભોજન છે. ધરપત થઈ જાય તેવું ભોજન છે.

પૂજ્યપાદ સાગરજી મહારાજ એટલે જંગમ જ્ઞાનકોશ. પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ વગેરે જ્ઞાની પુણ્યનું સ્મરણ તેમને જોવાથી થાય.

"જેને દેખી બહુશ્રુત ધરો પૂર્વના સાંભરે છે" એવું કહી શકાય તેવા તેઓ હતા. કેટકેટલાં વિષયોનું રસદર્શન અહીં મળે છે. સચોટ તાર્કિક દલીલોથી ભરપૂર નિરુપણ અહીં પાને પાને આપણને મળે છે. ગુજરાતી ભાષી હોય, ક્ષમોપશમ મંદ હોય, સંસ્કૃત- પ્રાકૃત ભાષાનું જ્ઞાન નહીંવત્ હોય- તો પણ તેને જૈન દર્શનનાં મૂળભૂત તત્ત્વોનું જ્ઞાન, વ્યવહારું દૃષ્ટાંત સાથે પ્રભુના શાસનનાં મર્મનું જ્ઞાન મળે એ જ્ઞાન પર ઉભરેલી શ્રધ્ધા તેના આધારે આવતું શુધ્ધ ધર્મના પક્ષપાતવાળું આચરણ તેનામાં આવે તેવું નિરુપણ આમાં પાને પાને પીરસાયું છે. વાચકજાતે જ એ અનુભવશે.

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ
આચાર્ય શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી
જ્ઞાનશાળા, અમદાવાદ-૧

આ તો હજી પહેલો જ ભાગ છે. યોજના મુજબ કુલ અઢાર ભાગ જ્યારે આપણી સમક્ષ આવશે. ત્યારે પ્રભુ આગમનો વિશાળ જ્ઞાન રાશિના એક સાથે આસ્વાદ, આચમનને આ કંઠ પાનનો લ્હાવો મળશે. એમ કહેવાનું મન થાય કે એ અઢાર ભાગમાં કશું બાકી રહ્યું નહી હોય. શંકા અને સમાધાન વિભાગમાં કેટલાંય પ્રશ્નોનું નિરસન કે નિરાકરણ આપણને એક જ સ્થાને આપણને મળી રહે છે. નહીંતર આપણે એ બધાં ગ્રન્થોમાં છૂપાયેલા એ રહસ્યોને ક્યાં જોવા-જાણવા જવાના હતા.

બહુજ મોટો ઉપકાર કર્યો છે પૂજ્યપાદ આગમોધ્ધારક આનંદસાગર સૂરીશ્વરજી મહારાજે અને ઉપકારમાનીએ તેમના શિષ્ય રત્નો આચાર્યશ્રી ચન્દ્રસાગરસૂરિ મહારાજ, આચાર્યશ્રી હેમસાગરસૂરિ મહારાજ વગેરેનો કે તેઓએ પૂજ્યશ્રીના પ્રવચનોને દોડતી કલમે કાગળ ઉપર ઝીલી લીધાં એથી એ વાંચતાં આપણને લાગે કે આપણે તેઓની અમીરસથી ભરેલી વાણી અત્યારેજ સાંભળી રહ્યા છીએ અને વારંવાર સ્વાધ્યાય કરી શકાય તેવી સ્થિતિમાં-પુનર્જન્મ રુપે આપણી પાસે આ રસથાળ મૂકનાર આચાર્ય શ્રી અશોકસાગરસૂરિમહારાજનો પણ ઉપકાર માનવો જોઈએ. નવી પેઢીને આ સામગ્રી સુલભ થઈ છે તો આજના પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ, જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓનો ભરપૂર લાભ ઉઠાવે અને માત્ર બુધ્ધિવાદના આ જમાનામાં ધર્મ વિષેની શ્રધ્ધાને સ્થિર દઢ અને આમરણ પર્યવસાયી બનાવે. તેજ આનું ફળ ગણવું જોઈએ અને તે ફળને પામનારા આપણે બનીએ એજ અન્તરની શુભ કામના પ્રકટ કરી વિરમું છું.

માગ. વદ-૬ ટાઢા.
૨૦૫૭
શ્રી સ્તંભતીર્થ.

શ્રી જંબુ-અમૃત-દેવ-એમદ્વલ્લભ
શિષ્ય પ્રકુમારસૂરિ.

સંપાદકની કલમે

રળીયામણી શરદપૂર્ણિમાનાં સૌમ્ય દિવસે બુહુશ્રુત આગમોધ્ધારક રુપ હિમાલય પરથી આગમવાણી રુપ ગંગાનું અવતરણ સિદ્ધચક્ર પાક્ષિક રૂપે વીર સં. ૨૪૫૮ વિ.સં. ૧૯૮૮ આજથી ૬૮ વર્ષ પૂર્વે થયું જેના સતત ૨૮ વર્ષ સુધી જિનશાસન રૂપી વિશ્વપર ધસમસતા પવિત્ર પ્રવાહથી અનેક સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવીકાની આગમ જિજ્ઞાસા રુપિ તૃષાથી ત્રસ્ત આત્માઓને તૃપ્તીનું કારણ બન્યું એટલું જ નહી આ આગમગંગાનો પ્રવાહ અનેક નાની નાની નદીઓ રૂપી ગ્રંથો અને પુસ્તકોમાં આજે પણ વહી રહ્યો છે.

ગંગાનો પ્રવાહ તો એકજ દિશામાં વહી રહ્યો છે. ત્યારે આ પૂ. આગમોધ્ધારકશ્રીની આગમ વાણીનો પ્રવાહ ચારે બાજુ વહ્યો છે જૈન શાસનનો આજે વિદ્યમાન દરેક સમુદાય ગચ્છ સંપ્રદાય વર્ગમાં એવો એકેય વર્ગ શોધ્યો નહી મળે કે જેઓએ આ .પૂ. આગમોધ્ધારકશ્રીની વાણીસમ ગંગાનો આસ્વાદ ન માન્યો હોય.

પૂજ્યપાદ આગમોધ્ધારકશ્રીનું સાહિત્ય જેટલું પ્રગટ થયું તેટલું હજી અપ્રગટ પેન્સીલોથી લખાયેલ સાહિત્ય પ્રગટ થવાની રાહ જોઈ રહ્યું છે.

પૂ. સાગરજી મ.ના વચનો ટંકશાળી ગણાય છે. તેઓશ્રી શું બોલ્યા ? તેઓશ્રીએ શું લખ્યું ? તેમનાં વચનો અડીખમ પથ્થર પરની લકીર જેવા સૌ ગણે છે.

અમદાવાદ જૈન નગરમાં મારા સં. ૨૦૪૯ નાં ચાતુર્માસમાં ભોજકકુલઅવતંસ પંડિત શ્રી અમૃતભાઈ વારંવાર આવતા મઝેની જ્ઞાનગોષ્ઠી થતી તેમાં તેઓએ એક અનોખો પ્રસંગ કહ્યો જેને તેજ વખતે મે નોટમાં લીપીબધ્ધ કરેલ. વાત એમ હતી કે તેરાપંથી સંપ્રદાય શ્રીભગવતિજી સૂત્રનું પ્રકાશન કરી રહી હતી તેમાં એક ન એવા સ્થાને ગોઠવાઈ ગયેલ કે કેમેય કરી અર્થ બેસે નહિ. આ ન બિનજરૂરી લાગતો હતો. મુનિઓ બેઠા, પંડિતો બેઠા, ચર્ચાઓ ચાલી પણ સાગરજીમહારાજે આ ન છાપ્યો છે માટે જરૂર કોઈ રહસ્યાર્થ હશે. જો કે તે ન એ પ્રેસમીસ્ટીક હતી. છતાંય સાગરજીનો ન કાઢતાં ધ્રુજારી છૂટતી. આવું તો તેઓશ્રીનું આગમ વિષયક આગવું પ્રભુત્વ હતું. આગમ પ્રભાકર પૂજ્ય મુનિ શ્રી. પૂન્યવિજજી મ.સા.ના પણ પૂ. સાગરજી મ. પ્રત્યેની નીષ્ઠાનાં અનેક આવા પ્રસંગો પંડિતજી પાસેથી જાણવા મળ્યા બીજા પણ કેટલાય પ્રસંગો છે જેમાં પૂજ્ય મ.ની બહુશ્રુતતા આજે પણ ઝળકી રહી છે.

સં. ૨૦૫૪ નાં જંબૂદ્વીપનાં ચાતુર્માસ દરમ્યાન એક દિવસ પૂ.આ.શ્રી. નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ની પાસે બેઠો હતો. સિધ્ધચક્ર માસીક આગમવાણીનાં અણમોલ ખજાનાં જેવું અત્યારે જીર્ણશીર્ણ

હાલતમાં છે. આનું પુન : પ્રકાશન ખૂબજ જરુરી છે. નહી તો આ આગમોનાં રહસ્યાર્થો જણાવનારો આ ખજાનો નષ્ટ પ્રાયઃ થઈ જશે. આ અંગે થોડુંક પ્રારંભીક કાર્ય વિનેય મુનિ સૌમ્યચંદ્ર સાગરે તથા મુનિ વિવેકચંદ્ર સાગરે પૂજ્યશ્રીની નીશ્રામાં બેસી શરુ કર્યુ પણ સમયના અભાવે આગળ ન વધ્યું. સાબરમતીમાં મુનિ પૂર્ણચંદ્રસાગર મ. સાથે પણ આ અંગે વિચારણા થયેલ.

આ સાલ સં. ૨૦૫૬નું આગમતીર્થ સમા સૂરત શહેર જ્યાં પૂ. આગમોધ્ધારકશ્રીએ અગ્યાર ચાતુર્માસ કરી સુરતના પ્રત્યેકપરમાણુને આગમમય બનાવી દીધેલ જ્યાં પવિત્ર આગમમંદિર, જૈનાનંદ પુસ્તક ભંડાર, શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, શ્રી જૈન તત્વ બોધ પાઠશાળા, શેઠ નગીનભાઈ મંછૂભાઈ જૈન સાહિત્યોધ્ધારક ફંડ આદિ વિશાળ જ્ઞાન પરબો જ્ઞાન તૃષાતુરોને પરમ તૃપ્તિનું કારણ બની છે જેનો પ્રભાવ આજે પણ વાડીનાં ઉપાશ્રયમાં પ્રવચનકારો શ્રોતાઓની સૂઝ બૂજ દ્વારા અનુભવી રહ્યા છે. આ સુરત શહેરનાં કૈલાસનગર શ્રી સંઘના ઉપાશ્રયમાં ચાતુર્માસ થયું.

પાલીતાણા જંબૂદ્વીપ ચાતુર્માસની એ અધૂરી ભાવના આપોઆપ સ્ફૂરી આથી અંતરમાં એક પ્રકારના માત્ર અનુભવી શકાય પણ લખી ન શકાય તેવા નાદનું પ્રગટીકરણ થયું અને પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીની પરમ કૃપાથી સિદ્ધચક્ર માસિકના તમામ અંકોનાં પુનર્મુદ્રણનાં સંકલ્પનો સાક્ષાત્કાર થયો સહવર્તીમુનિઓ સાથે વિચારણા થઈ. પરિણામે 'દેવાવિતં નમંસન્તિ' મુજબ ચારેબાજુથી તમામ અનુકૂળતાઓ અલ્પ પ્રયત્ને સહજતાથી મળવા લાગી કાર્યકળા કુશળ મુનિ સૌમ્યચંદ્રસાગરે નમસ્કાર ગ્રાફીક્સ વાળા શ્રી કનકભાઈ તથા જંબૂદ્વીપ પ્રીન્ટ વીઝનવાળા શ્રી કાંતિભાઈને બોલાવી કોમ્પ્યુટર - કાગળો વિ.ની સફળ કાર્યવાહી આરંભી લીધી.

સાગર સમુદાયના રાગી શ્રુતભક્ત અને વફાદાર એવા શ્રાવકોની એક કમિટી બનાવી. દેવગુરુની પરમકૃપા અને પૂજયપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આ. શ્રી નરેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સાહેબના આશીર્વાદપત્રો પણ આવી ગયા. અને કાર્યનો પ્રારંભ થયો ચારેબાજુથી આર્થીક સહયોગ ન ધારેલો સહજ પ્રયત્ને આપોઆપ મળવા લાગ્યો. અને આ કાર્યનાં શ્રી ગણેશ થયા જેમાં સૌપ્રથમ વાડીનો ઉપાશ્રય, કૈલાસનગર જૈન શ્રીસંઘ, નાનપુરા જૈન શ્રીસંઘ, અઠવા લાઈન્સ જૈન શ્રી સંઘ તથા શ્રી ૐકાર સૂરિ આરાધના ભવને ઉલ્લાસથી કાર્યનાં પ્રારંભે મહત્વનો સહયોગ આપ્યો.

પ્રથમ તો ઝેરોક્ષ ફોટા કોપીનો વિચાર કરેલ જેમાં પ્રૂફ જોવાની મહેનત નહી પણ તેમાં પીળા અને ઝાંખા પડી ગયેલા પાનાની અસર પણ આવે વળી તે લેટર પ્રેસમાં છાપેલાં અક્ષરો આજના સમયને જોતાં અનુરુપ નહીં લાગવાથી બધું જ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાનું વિચાર્યું. મંગળ મુહુર્તે પ્રારંભાયેલું આ કાર્ય એટલા વેગથી ચાલ્યું કે આનુ પ્રુફ કેમ જોવું ? રોજના ૩૦૦ થી ૩૫૦ પાનાં તૈયાર થવા લાગ્યા શરુમાં પ્રૂફ જોનારાઓએ પણ ઢગલાબંધ ભૂલો એમનીએમ રાખી છેવટે પ્રૂફ જોનારાઓ

બદલ્યા. અમોએ જ આ કાર્ય છેલ્લા પ્રૂફનું હાથમાં લીધું ચાતુર્માસની અનેક કાર્યવ્યસ્તતા છતાં સંતોષકારક કાર્ય થવા લાગ્યું જોકે મારા પૂ. ગુરુદેવશ્રી મઝાકમાં કયારેક કહેતા કે "ઈત્થિયા પુત્થિયા કભી ન શુધ્ધિયા" નાં ન્યાય મુજબ વધુને વધુ સમય આપવા છતાં, પ્રૂફરીડરો બદલવા છતાં ક્ષતિઓ તો આવી જ છે જે વાંચકો ક્ષમ્ય ગણશે. એક વાર તો એક ફર્મો છપાયા બાદ છેલ્લા ૧૦ પાનામાં ઘણી ભૂલો હતી. આ ફર્મો અમારા ચેકીંગમાં રહી ગયેલ જેથી છપાઈ ગયેલાં એ તમામ પાના કેન્સલ કરી તે ફર્મો પુનઃછાપ્યો છતાં એક મહામૂલો આગમનો ખજાનો નષ્ટભ્રષ્ટ થતાં બચ્યો એક સૂચન એ પણ આવ્યું કે પૂ. આગમોદ્ધારકશ્રીની ભાષા જયાં ક્લીષ્ટ છે તથા ગામઠી કહેવતો છે ત્યાં આજની ભાષામાં સરળ બનાવવી. પણ તેમ કરતાં દેશનાકારશ્રીનો ભાવ જ બદલાઈ જવાનાં ભયે તે સાહસ ન કર્યું અને જેમ હતું તેમ જ રાખી છપાવ્યું જો કે એક બે વાર શાંતિથી થોડું વાંચન ચાલુ રખાય તો આપોઆપ ગેડ બેસતી જાય અને આગમીક રહસ્યોની મઝા મનાતી જાય. "શુભેયથાશક્તિ યતનીયમ્ના ન્યાયનો પરમ આનંદ આજે અમારા આત્મામાં લહેરાઈ રહ્યો છે.

પ્રુફને જોવાનાં બહાને મને પણ નવા નવા કેટલાય મુદ્દા, નવીન તર્કો, નવાશાસ્ત્ર પાઠો, નવા દ્રષ્ટાંતો, નવીનવી કહેવતો વિ. પ્રાપ્ત થઈ જે સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિનું શુદ્ધિનું કારણ બન્યું.

વિદ્વાન અને ગુણાનુરાગી પૂજય આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સાહેબની આ ગ્રન્થની જ્ઞાનગર્ભીત અને રસોત્પાદક પ્રસ્તાવના તત્ત્વજ્ઞાનનાં ગંભીર રહસ્યોને આપોઆપ પ્રગટ કરે તેવી અને પૂજયપાદ આગમોધ્ધારકશ્રીની અણમોલ વાણીને ઝળકાવનારી તથા અંતરંગ બહુમાન પ્રગટ કરાવે તેવી છે.

અમે આ સિધ્ધચક્રનાં અંકોનાં ટાઈટલ પણ જેવા રંગનાં હતાં તેવાજ રાખ્યા છે.

મારા આ કાર્યમાં મુનિ સૌમ્યચંદ્રસાગર તથા મુનિ વિવેકચંદ્રસાગર અનેક કાર્યવ્યસ્તતા હોવા છતાં સારા સહભાગી બન્યા છે.

લગભગ દરેક આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારકશ્રીની વિષયવાર જીવનપ્રભાની જ્યોત મૂકવામાં આવશે.

તથા પ્રથમથીજ તંત્રી તરીકે સેવા આપનાર ઝવેરી પાનાચંદ રુપચંદ (સૂરત) તથા ચીમનલાલ સવાઈચંદ સંઘવી (સૂરત)ની અનુમોદના કરીયે છીયે.

અન્તે ભગવતિ શ્રુતદેવી શાસનદેવતા અને પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપાને વિનંતી કે આ કાર્ય ઝડપી સંપૂર્ણ બને અને જિજ્ઞાસુઓ આગમનાં રહસ્યોને પામી. જીવનમાં ઉતારી પરમપદને પ્રાપ્ત કરે એજ મંગળ કામના.

કૈલાસનગર જૈન ઉપાશ્રય
મજૂરા ગેટ,
સૂરત.
સં. ૨૦૫૭ કા.સુ.૧૫

અભયગુરુપાદપદ્મસેવી
અશોકસાગરસૂરિ







અમારો અહોભાવ પ્યારાગુરુજી પ્રતિ....

તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નીર્મળ થાઉં રે...
હે મારા પ્યારા, ગુરુદેવ, તમારા ગુણોનું વર્ણન
કયા સ્વરુપે કરું !
સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શન સમ્યગ્ ચારિત્રનાં
તમારા ગુણગણને જોતાં, જાણે હું તમારા આ ગુણોને ગાયા જ કરું,
બસ તમારી ગુણગંગામાં નાહ્યા જ કરું.

જ્યારે

પૂ. આચાર્યશ્રી અશોકસાગરસૂરિજી મ. સાહેબે અમોને સૂરત બોલાવી સિધ્ધચક્ર માસિકનાં જીર્ણશીર્ણ અંકોને બતાવવા સાથે હૃદયને હલબલાવી મૂકે તેવી રીતે આ સિદ્ધચક્ર માસિકનાં પુનર્મુદ્રણ માટે પ્રેરણા કરી અને તુર્ત જ અમો એ આ કાર્ય વધાવી લીધું પરંતુ તેમા સાચી મહેનત તો પૂ. આચાર્યશ્રી એ તથા તેઓશ્રીનાં વિનેય મુનીશ્રી સૌમ્યચંદ્ર સાગરજી મ.સાહેબે જ કરી છે.

અમોતો માત્ર

ગુણીજન ગુણ ગાવતાંગુણ આવે નિજ અંગ આ ઉક્તિ મુજબ કંઈ

તમારા ઢગલાબંધ ગુણોમાંથી તેના લેશ ને પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવીએ એ મંગળ કામના સાથે.

-: સિદ્ધચક્રમાસિક પુનર્મુદ્રણ સમિતિનાં સભ્યો :-

- શ્રી પ્રફુલ્લભાઈ શાંતીચંદ ઝવેરી, સુરત
- શ્રી રાજુભાઈ કલ્યાણચંદ ઝવેરી, સુરત.
- શ્રી નિરંજનભાઈ ગુલાબચંદ ચોકસી, મુંબઈ
- શ્રી ચંદ્રસેન અભેચંદ ઝવેરી, મુંબઈ
- શ્રી પ્રફુલ્લ અમીચંદ ઝવેરી, મુંબઈ
- શ્રી ઉષાકાંતભાઈ સાકરચંદ ઝવેરી, સુરત
- શ્રી પુષ્પસેન પાનાંચદ ઝવેરી, મુંબઈ
- શ્રી શાંતીચંદ રવીચંદ ઝવેરી, મુંબઈ
- શ્રી ઉષાકાંત અમરચંદ ઝવેરી, મુબઈ
- શ્રી અશોકભાઈ પાનાચંદ ઝવેરી, મુંબઈ
- શ્રી હેમચંદભાઈ મોતીચંદ ઝવેરી, મુંબઈ

તથા જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી, ટ્રસ્ટી ગણ


૧. શ્રી શાંતીચંદ છગનભાઈ ઝવેરી, સુરત.
૨. શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, મુંબઈ.
૩. શ્રી વસંતભાઈ ઉત્તમચંદ વૈદ્ય, ઉંઝા.
૪. શ્રી અશોકભાઈ સુરજમલ શાહ, અમદાવાદ.
૫. શ્રી વિનુભાઈ જગજીવનદાસ સંઘવી, ભાવનગર.

વિરાટ્...અજોડ...અદ્‌ભુત... વ્યક્તિત્વનો મહાસાગર એટલે

પૂ.આગમોદ્ધારક શ્રી આનંદસાગર સૂ.મ.







આગમોદ્ધારક પૂ.આ.શ્રી આનંદસાગર



શ્રી હેમચંદ્રકુમારને સ્વપ્નમાં
વિરતિમાળ પહેરાવતી શાસનદેવી



સંવત ૧૯૪૫ના પોતાના કુંવર હેમચંદ્રને
વિરતિના પંથ માટે આશીર્વાદ આપતા યમુનામાતા



સં. ૧૯૬૩ સુરતમાં પ્રથમવારના
ચાતુર્માસમાં આગમોની રક્ષા માટે
ચિંતવન કરતા પૂ.આનંદસાગરજી મ.



૬-૬ મહિનાની સાત સાત
આગમવાચનાદાતા પૂ.આ.આનંદસાગર સૂ.મ.



મધ્યપ્રદેશના શૈ
પંચેડના નરેશને પ્રતિ



પૂ.સાગરજી મહારાજના આશીર્વાદથી આંખનો
અંધાપો દૂર થયો, કોઢ રોગ નાબૂદ થયો.



ભારત દેશના વિકાસ માટે ઉદ્યોગ નહીં પણ ઉદ્યમ
જરૂરી છે એમશ્રી ગાંધીજીને સમજાવતા
પૂ.સાગરજી મહારાજ

.મ. (પૂ.સાગરજી મ.) ની જીવન ઝલક



સંવત ૧૯૪૫ની ફા.સુ.૩ ની પુજ્ય ઝવેરસાગરજી મ. પાસે દીક્ષાની વિનંતી કરતા શ્રી શંકરભાઈ તથા શ્રી હેમચંદ્રકુમાર




પૂ.આનંદસાગરજી મહારાજને આગમોદ્ધારક બનવાના આશીર્વાદ આપતા પૂ.ઝવેરસાગરજી મ.



મલિયા અને
। પૂ.સાગરજી મ.



મુંબઈ - લાલબાગમાં શિખરજી તીર્થ પર બંધાતા બંગલા સામે પ્રતિકાર કરતા તથા સં.૧૯૮૩માં કેશરીયાજી તીર્થ પર ૨૦ વર્ષે ધ્વજા ફરકાવતા પૂ.સાગરજી મ.



સં. ૧૯૮૧માં પૂ.સાગરજી મ.ની મંત્રસાધના બળે અજીમગંજના નગરશેઠનો પુત્ર સર્પદંશથી મુક્ત બન્યો.




મદનમોહન માલવિયાજીને શાસ્ત્રોના રહસ્યો સમજાવતા પૂજ્ય સાગરજી મહારાજ



પૂ.સાગરજી મ.ની પાલખી સુરત શહેરની મધ્યમાં વિરામ પામી ત્યાં જ અગ્નિસંસ્કાર થયો ને દેદીપ્યમાન ગુરુમંદિર બન્યું.

શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર







શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર

ગોપીપુરા, સુરત.

શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર







શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર સંસ્થા
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

મુળનાયક શ્રી આદિશ્વર ભગવાન ઝઘડીયા જૈન તીર્થ



શ્રી ઋષભદેવ મહારાજ જૈન પેઢી ઝઘડીયા (જી.ભરૂચ)

પ્રેરક : મુનિશ્રી દિવ્યેશચંદ્રસાગરજી મ.સા.,

શ્રી અનંતનાથ જૈન દેરાસર, સુરત



શેઠ શ્રી નેમચંદ મેલાપચંદ ઝવેરી
વાડી જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત

શ્રી આદિનાથ જૈન દેરાસર, સુરત



અઠવાલાઈન્સ જૈન શ્રી સંઘ

શેઠ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, લાલબંગલા, અઠવાલાઈન્સ, સુરત.

શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર, સુરત



શ્રી નાનપુરા, જૈનશ્રીસંઘ, દિવાળીબાગ, સુરત.

પ્રેરક : મુનિશ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.,

શ્રી આદિનાથ જૈન દેરાસર, સુરત



કૈલાસનગર જૈન શ્વે.મૂ.શ્રીસંઘ, મજુરાગેટ, સુરત

પ્રેરક : સા.શ્રી શમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર



શ્રી ગોડીજી મહારાજ પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ
પાયધુની, મુંબઈ

શ્રી ધર્મનાથ જૈન દેરાસર



જવાહરનગર, જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, ગોરેગાંવ, મુંબઈ - ૬૨

પ્રેરક : પૂ.આ.શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.,ના શિષ્ય

પૂ.મુનિશ્રી સાગરચંદ્રસાગરજી મ.સા.,

શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર, ચોપાટી.



શ્રી જૈન શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ચોપાટી.

પ્રેરક : પૂજ્ય મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.,

શ્રી સંભવનાથ જૈન દેરાસર વિજયવાડા



પ.પૂ.આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.,ના સમુદાય વર્તિની
પ.પૂ.સુલસાશ્રીજી મ.સા.,ના શિષ્યા પ.પૂ.સુરક્ષાશ્રીજી મ.સા.,ની પ્રેરણાથી
શ્રી સંભવનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વિજયવાડા (આં.પ્રદેશ)

શ્રી ગોડીયાપાર્શ્વનાથજી ઘર દેરાસર, સુરત



બાઈ ફુલકોર ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ
હ. પ્રવિણચંદ રૂપચંદ ઝવેરી માળીફળીઆ, ગોપીપુરા, સુરત.

શ્રી શીતલનાથ જૈન દેરાસર, સુરત




શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય, સુરત, પ્રેરક : પૂ.મુનિશ્રી સૌભાગ્યચંદ્રસાગરજી મ.સા.

શ્રી ૐકારસૂરિ આરાધના ભુવન, સુરત



ગોપીપુરા, સુરત



શ્રી જૈન શ્વેતામ્બર નાગેશ્વરપાર્શ્વનાથ તીર્થ પેઢી.

પ્રેષક સચિવ દીપચંદજી જૈન
ઉન્હેલ (રાજ.)

શ્રી શાંતિનાથ જૈન દેરાસર, રતલામ



પૂ.પાદ આગમોદ્ધારકશ્રી દ્વારા સ્થાપિત શ્રી ઋષભદેવ કેશરીમલ જૈન પેઢી, બજાજખાના
તથા શ્રી દેવસૂરતપગચ્છ જૈન શ્રીસંઘ દ્વારા સંચાલીત રતલામ(મ.પ્ર.)

શ્રી કુંથુનાથજી જૈન મોટા દેરાસર, ઊંઝા



પૂ.મુનિશ્રી પૂર્ણચંદ્રસા.મ.ના શિષ્ય પૂ.મુનિ શ્રી લબ્ધિચંદ્રસા.મ.ની પ્રેરણાથી
ઊંઝા જૈન મહાજન ઊંઝા

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર



શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ.સંઘ, અમદાવાદ
પ્રેરક : મુનિશ્રી તીર્થચંદ્રસાગર મ., તથા મુનિશ્રી વૈરાગ્યચંદ્રસાગર મ.,

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન



પ્રેરક : પૂ.આ.શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના
શિષ્ય પૂ.મુનિશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.સા.,

વડોદરા સ્થાપત્ય વિભાગે બ્યુટી ઓફ બરોડાની માન્યતા આપી છે, તે શ્રી શત્રુંજય તીર્થાવતાર પ્રાસાદ શ્રી આદીશ્વર પરમાત્માનું ભવ્ય જિનાલય



આત્માનંદ જૈન ઉપાશ્રય, જાનીશેરી, વડોદરા.
પ્રેરક : પૂ.મુનિશ્રી મૈત્રીચંદ્રસાગરજી મ.સા.,તથા
મુનિશ્રી મોક્ષચંદ્રસાગરજી મ.સા.,

શ્રી આદેશ્વર જૈન દેરાસર



જૈન શ્વે.મૂ.પૂ.શ્રીસંઘ શેઠ ડોસાભાઈ
અભેચંદ પેઢી, ધાર્મિક ટ્રસ્ટ, ભાવનગર.

શ્રી મુનિસુવ્રતસ્વામી જીનાલય



શ્રી કારેલીબાગ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ
કારેલીબાગ, વડોદરા.
પ્રેરક : મુનિશ્રી સંવેગચંદ્રસાગરજી મ.સા.,

શેઠ શ્રી હઠીસિંહ કેશરીસિંહ જૈન દેરાસર



શ્રુત નિધિ ટ્રસ્ટ
શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ
રિસર્ચ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ.

શ્રી શાંન્તીનાથ જૈન દેરાસર



શ્રીલક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ.
પ્રેરક : મુનિશ્રી મુક્તિચંદ્રસાગરજી મ.સા.,

શ્રી અજીતનાથ જિનાલય વાવ



શ્રી વાવજૈન શ્વે.મૂ. શ્રીસંઘ (બ.કાં.)
પ્રેરક : પૂ.સા.શ્રીસુલસાશ્રીજી મ.સા. ના
શિષ્યા સા.શ્રી પુણ્યયશાશ્રીજી મ.સા.

શ્રી નેમિનાથ જૈન દેરાસર



ખાનપુર જૈન શ્રી સંઘ, અમદાવાદ

શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી ઘર દેરાસર




શ્રી શાંતિભાઈ બાલુભાઈ ઝવેરી
સુરત નિવાસી હા.પાર્લા (વે), મુંબઈ.

શ્રી સુપાર્શ્વનાથસ્વામી જૈન દેરાસર, સુરત



છાપરીયાશેરી, મોટાઉપાશ્રય, સુરત



આવા

બહુમુલા

શુભના સહાર.

દેવદ્રવ્ય સમાચારી સંરક્ષક.

વ્યાખ્યાન વાચસ્પતિ

તીર્થોદ્ધારક

પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ન્યાસાગરસૂરીશ્વરજી મ.સા.ના

પાવન ચરણે તેમ્બોશ્રીની ૯૪

ગંગાજળની નિર્મળ વાણી

સાદર

સપ્રેમ

સમર્પણ

ચંદનદાસ ગાંધી

સાદર સમર્પણ

પાલીતાણા
આગમમંદીરમાં ૨,૫૦૦પ્રભુની અંજનશ-લાકા/ પ્રતિષ્ઠા પ્રસંગે ૪૦,૦૦૦ શ્રાવક-શ્રાવિકા અને ૧૨૦૦ સાધુ સાધ્વીજીની ઉપસ્થિતીમાં ૧૩ દિવસનો જાજરમાન મહોત્સવ થયેલ તેમાં આશ્ચર્યની વાત તો એ છે કે ૧૩ દિવસ સ્મશાન પણ બંધ રહેલ.
નગરશેઠ વનમાળીદાસ બેચરદાસ,
પાલીતાણા.

ઉપાધ્યાય
શ્રી યશોવિજય મ. ને લઘુ હરિભદ્રસૂરિની ઉપમા આપીએ છીએ તેમ સાગરાનંદસૂરિ લઘુ યશોવિજય હતા.
વિદ્યમાન પંડિતવર્ય - શ્રી છબીલદાસભાઈ

नंदीसुत्तं - चूण्णी

जिनका मन-वचन-कायोग श्रेष्ठ श्रुतसागर की तंरगो में तैरता था, जो श्रेष्ठ जिनागम के प्रकाशन में अप्रमत्तयोग से प्रवृत्त है, योग, अयोग के विवेक में कुशल थे, गाम्भीर्यगुण की गरिमा से अन्वित थें, 'आगमोद्धारक' की श्रेष्ठ पदवी से विभूषित सन्त थे और दुषमकाल में जिन्होने अपने आप में 'महानाद' शब्द को सत्य सिद्ध किया था एसे साम्प्रत काल में दिवंगत आचार्य श्रेष्ठ श्री सागरानन्दसूरिजी के पवित्र करकमल रूप कोष में यह ग्रंथ विनयपूर्वक समर्पित करता हूं ।

- पुण्यविजयजी

સાગરજી મ. તો સિંહ હતા. પ્રમાદરૂપી શીયાળીયા તો કયારેય પાસે આવતાં જોયા નથી. ત્યારે જ આવું આગમનું ભગીરથ કાર્ય કરી શકાય.
પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી

જૈન શાસનનો જબ્બર તાર્કિક ગયો...." સાગરજી મ. તો મારા પિતાના સ્થાને હતાં
આ. રામચન્દ્ર સૂ.મ.

આજે જૈન સમાજ આગમ-શાસ્ત્ર વાંચતા શીખ્યું હોય તો પૂ. સાગરજી મહારાજનો જ પ્રતાપ છે.
મુનિશ્રી-ન્યાયવિજયજી મ., (ત્રિપુટી)

પ્રબળ પૂણ્યોદય વિના આવા સમર્થગુરૂ કયારેય પ્રાપ્ત ના થાય.
શેઠ પોપટલાલ ધારશી
જામનગર

સેંકડો વર્ષમાં સામેપુર તરનાર આવો ભડવીર પુરુષ પાકયો નથી.
વિદ્વાન પંડિતવર્ય
સુખલાલજી

શીખરજીની જુર્ણ-શીર્ણ હાલત જોઈ જેનું હૃદય દ્રવી ઉઠયું અને પોતાની આજ્ઞાવર્તિની સા. શ્રીરંજનશ્રીજી એ શીખરજીનો જુર્ણોદ્ધાર કરાવ્યો. તે શીખરજીના ઉદ્ધારક સાગરજી હતાં.
ભાકુભાઈ શેઠ

કોઈની
શેહમાં
કચારેય જરા પણ
તણાવવાનું જેનાં
સ્વભાવમાં ન હતું.
કસ્તુરભાઈ
લાલભાઈ શેઠ

સૂરિજીની આગમસેવા
ઇતિહાસમાં અમર બની
રહેશે. અને ભવિષ્યની
પ્રજા તેઓશ્રી ને
દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણની
જેમ યાદ કર્યા કરશે.
રતીલાલ દીપચંદ
દેસાઈ

જૈન ધર્મ અને
દર્શન ને અધ્યયન
સંશોધનમાં જે પ્રગતિ
થઈ છે તેનું શ્રેય
આચાર્યશ્રી
સાગરાનન્દસૂરિજીને છે.
શ્રી દલસુખ
માલવણિયા

પૂર્વે નહિ
સાંભળેલ અને
નહિ જોયેલ જૈનોની
જંગમ લાયબ્રેરી
એટલે સાગરજી.
જર્મનલેડી
ડૉ. કાઉઝે

આજના બાહ્ય સાધન સંપત્તિથી વિદ્વાનો થનારા આ જમાનામાં ઘણા મળી શકે. પરંતુ જૈન સાધુ જીવન જેવું કડક જીવન પાળતાં છતાં આટલી હદ સુધી વિદ્વતાપ્રાપ્ત કરવી એ કદાચ અશકય નથી પણ મુશ્કેલ તો ઘણું જ છે.

પંડિતવર્ય પ્રભુદાસભાઈ પારેખ

દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે બધા શાસ્ત્રો લખાવીને વલભીપુરને ઇતિહાસમાં અમર બનાવી દીધું તેમ તે પછી પંદરસો વર્ષે પહેલી વખત સાગરજીએ બધા શાસ્ત્રો છપાવી સુરતને ઇતિહાસમાં અમર બનાવી દીધું.

- કંતેચંદભાઈ બેલાણી

આકોલામાં અંતરીક્ષજીના કેસના જજમેન્ટનાં દિવસે કોર્ટનાં કંપાઉન્ડમાં પંચવસ્તુ ગ્રંથનું સંશોધન કરનારા સૂરિજીનો શાસ્ત્રસ્નેહ કેટલો ગંભીર હતો તે તો મારા જેવા જોનારાને જ ખ્યાલ આવે.

- કુંવરજી આણંદજી

જેઓશ્રી પંદર દિવસ અદ્ધરપદ્માસને રહી પૂર્વનાં મહાપુરુષોના અનશનની ઝાંખી કરાવતાં કરાવતાં બેઠા બેઠાજ કાળધર્મ પામ્યા. તે સૌને આશ્ચર્ય ઊપજાવે તેવું અદ્‌ભુત આ મહાપુરુષનું મૃત્યું જે મે મારી આંખે જોઈ જીવનને ધન્ય બનાવ્યું.

- શાંતિચંદ ઝવેરી

આવા અદ્‌ભુત.
યુગનાં સાગર.
દેવદૂત સમાધાની સંરક્ષક.
કલ્યાણના સ્વપ્નદર્શી
તીર્થોદ્ધારક
પૂ. પાદ સાગરાનંદ સૂરીશ્વરજી મ. સા. નાં
પાવન ચરણે તેઓશ્રીની જ
ગંગાજેવી નિર્મળ વાણી
સાદર
સસ્નેહ
સમર્પણ

અમારું આયોજન...તમારો સહકાર

મુખ્ય સ્તંભ

રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર*** પાલીતાણા.
રૂા.૧,૧૧,૧૧૧/-	***વર્ધમાન જૈન તાડપત્ર આગમ મંદિર*** ગોપીપુરા, સુરત.
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી મહાવીર સ્વામિ જૈન દેરાસર*** શ્રી નાનપુરા જૈન શ્રીસંઘ, દિવાળીબાગ, સુરત. પ્રેરક : પૂ.મુનિશ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.,
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી આદિનાથ જૈન દેરાસર*** કૈલાસનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ, મજુરાગેટ, સુરત. પ્રેરક : સાધ્વીશ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.,
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી આદિનાથ જૈન દેરાસર*** અઠવાલાઈન્સ જૈન શ્રીસંઘ, સુરત. શેઠ કુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ લાલબંગલા, અઠવાલાઈન્સ, સુરત.
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી સંભવનાથ જૈન દેરાસર*** શ્રી સંભવનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રીસંઘ, વિજયવાડા. પ્રેરક : સાધ્વીશ્રી સુરક્ષાશ્રીજી મ.સા.,
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર*** શ્રી વિજયદેવસૂરી સંઘ તથા ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પાયધુની, મુંબઈ
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી ધર્મનાથ દાદા જૈન દેરાસર*** શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિ પૂ. સંઘ, ગોરેગાંવ, મુંબઈ. પ્રેરક : મુનિશ્રી સાગરચંદ્રસાગરજી મ.સા.,
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર*** શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, ચોપાટી, મુંબઈ. પ્રેરક : મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.,
રૂા.૧,૧૧,૧૧૧/-	***શ્રી અનંતનાથ જૈન દેરાસર*** શેઠશ્રી નેમચંદ મેલાપચંદ ઝવેરી વાડી જૈન ઉપાશ્રય ટ્રષ્ટ સુરત.

આધાર સ્તંભ

રૂા.૫૧,૧૧૧/- **શ્રી ઓમકારસૂરિ આરાધના ભવન,** ગોપીપુરા, સુરત.

રૂા.૫૧,૧૧૧/- **શ્રી જૈન શ્વેતામ્બર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ પેઢી**
પ્રેષક : સચિવ દીપચંદજી જૈન ઉન્હેલ (રાજ.)

રૂા.૫૧,૧૧૧/- **શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસર**
બાઈ ફુલકોરબાઈ ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ
પ્રવિણચંદ રૂપચંદ ઝવેરી માળીફળીઆ, ગોપીપુરા, સુરત.

રૂા.૫૧,૧૧૧/- **શ્રી શીતલનાથ જૈન દેરાસર**
શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય, સુરત. પ્રેરક : પૂ.મુનિશ્રી સૌભાગ્યચંદ્રસાગરજી મ.સા.,

રૂા.૫૧,૧૧૧/- **શ્રી શાંતિનાથ જૈન દેરાસર**
પૂ.પાદ આગમોદ્ધારક શ્રી ધ્વારા સ્થાપિત ઋષભદેવ કેશરીમલ જૈન પેઢી
બજાજખાના, રતલામ (મ.પ્ર.).

રૂા.૫૧,૧૧૧/- **શ્રી કુંથુનાથજી જૈન મોટા દેરાસર**
ઊંઝા, જૈન મહાજન પેઢી, ઊંઝા. પ્રેરક : મુનિશ્રી લબ્ધચંદ્રસાગરજી મ.સા.,

રૂા.૫૧,૧૧૧/- **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર**
શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ.સંઘ અમદાવાદ.

રૂા.૫૧,૧૧૧/- **શ્રી આદીશ્વર ભગવાન ઝઘડીયા જૈન તીર્થ**
શ્રી ઋષભદેવજી મહારાજ જૈન પેઢી ઝઘડીયા, ભરૂચ.

શ્રુત સ્નેહી

રૂા.૨૫,૧૧૧/- **શ્રી અજીતનાથ જિનાલય - શ્રી વાવજૈન શ્વે.મૂ.પૂ.સંઘ,** વાવ (બ.કા.)
પ્રેરક : સાધ્વીશ્રી પુણ્યયશાશ્રીજી મ.સા.,

રૂા.૨૫,૧૧૧/- **શ્રી નમિનાથ જૈન દેરાસર, ખાનપુર જૈન શ્રીસંઘ,** અમદાવાદ

રૂા.૨૫,૧૧૧/- **શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી (ઘર દેરાસર) સુરત નિવાસી**
હા.પાર્લા (વે) મુંબઈ.

રૂા.૨૫,૧૧૧/- **શ્રી સુપાર્શ્વનાથ સ્વામી જૈન દેરાસર,** છાપરીયાશેરી, મોટા ઉપાશ્રય, સુરત.
પ્રેરક : પૂ.પ.શ્રી નરચંદ્રસાગરજી મ.સા.

રૂા.૨૫,૧૧૧/- **શ્રી આદીશ્વર જૈન દેરાસર**
જૈન શ્વે.મૂ.પૂ. તપા. શ્રીસંઘ શેઠ ડોસાભાઈ અભેચંદ પેઢી, ધાર્મિક ટ્રસ્ટ, ભાવનગર.

રૂા.૨૫,૧૧૧/- **શ્રી શાંન્તિનાથ જૈન દેરાસર શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ,** પાલડી, અમદાવાદ.

રૂા.૨૫,૧૧૧/- **શેઠ શ્રી હઠીસિંહ કેશરસિંહ જૈન દેરાસર,**
શ્રુત નિધિ ટ્રસ્ટ શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર, અમદાવાદ.

રૂા.૨૫,૧૧૧/- **શ્રી મુનિસુવ્રતસ્વામી જીનાલય ,**
શ્રી કારેલીબાગ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કારેલીબાગ, વડોદરા.

રૂા.૨૫,૧૧૧/- **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર સંઘ,** નવસારી.
પ્રેરક : પૂ.પ. મુનિશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.સા.

શુભેચ્છક

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન દેરાસર, વોરા બજાર, ભાવનગર.**
* **શ્રી મણીનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક :- પૂ.આ.શ્રી નિરંજનસાગરસૂરિજી મ.સા.
* **શ્રી આકોલા જૈન શ્રીસંઘ** પ્રેરક :- પ.પૂ.આ. શ્રી નરદેવસાગર સૂરિજી મ.સા.
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક :- પૂ.સાધ્વીજી શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી સુલસાશ્રીજી મ.સા. પાટણ
* **શ્રી અભયસાગર જૈન ઉપાશ્રય, કીર્તિ સોસાયટી, સાબરમતી, અમદાવાદ** પ્રેરક:- પૂ. સાધ્વીજી શ્રી જયવંતાશ્રીજી મ. સા.
* **બુહારી શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ.** પ્રેરક:- પૂ.સા.શ્રી અમીતાશ્રીજી મ.સા.
* **શ્રી પોરબંદર શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ ટ્રસ્ટ** પ્રેરક :- પૂ.સા.શ્રી નિરૂજાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રી વિદિતરત્નાશ્રીજી મ.સા.
* **શ્રી સરેલાવાડી જૈન શ્રી સંઘ, ઘોડદોડ રોડ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.
* **શ્રી નાગેશ્વર જૈન શ્રીસંઘ** પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી દમિતાશ્રીજી મ. સા.
* **પૂ. શ્રી ફલ્ગુશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. શ્રી અમિતગુણાશ્રીજી મ.ની ૧૦૦ ઓળીની સમાપ્તિ નિમિત્તે પારણા મહોત્સવ સમિતિ** પ્રેરક : પૂજ્ય શ્રી ના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર
* **સુંદરલાલ સેવંતિલાલ શાહ (ચાણસ્માવાળા) સુરત**
* **લલીતાબેન નાથાલાલ શાહના સ્મરણાર્થે સ્વ. નાનચંદભાઈ છગનલાલ શાહ (રાંદેરવાળા તરફથી)** પ્રેરક:-પ.પૂ.સાધ્વીજીશ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. પ્રશાંતગુણાશ્રીજી મ.ના. શિષ્યા પૂ.સા. વિદિતપૂર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રીતિવર્પાશ્રીજી મ.સા.તથા પૂ.સા.શ્રીપૂર્ણભદ્રાશ્રીજી મ.
* **નાનુબ્હેન બંગલાના આરાધક બ્હેનો તરફથી** પ્રેરક:-પ.પૂ.સા.શ્રી રેવતીશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. શ્રી શમગુણાશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ. સા.
* **શ્રી ગુણનિધિ શ્વે. મૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક:- પૂ.આ. શ્રી જિતેન્દ્રસાગરસૂરિજી મ..સા. તથા પૂ. મુનિ શ્રી પૂન્યપાળસાગરજી મ. સા.
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:-પૂ.સા.શ્રી રેવતીશ્રીમ.ના શિષ્યા પૂ.સા.શ્રી શમગુણાશ્રીજી મ. નાં શિષ્યા પૂ.સા.શ્રી વિજેતાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. દિવ્યનંદિતાશ્રીના એકાંતર ૫૦૦ આયંબિલ અને પૂ.સા.શ્રી રાજનંદિતાશ્રીજીના શ્રેણીતપ નિમિત્તે

* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.પ્રશમધરાશ્રીજી મ.તથા પૂ.સા.શીલંધરાશ્રીજી મ.ની પ્રેરણાથી પૂ.સા.શ્રી કીર્તિધરાશ્રીનાં શિષ્યા પૂ.સા. વૃષ્ટિધરાશ્રી સા. કૃતિધરાશ્રીની દીક્ષા નિમિત્તે.
* **ચાણસ્મા જૈન મહાજન શ્રીસંઘ, ચાણસ્મા.**
* **દ.વી.પૌષધશાળા નાનપરા, અઠવાગેટ, સૂરત.**
* **શ્રી ચીમનલાલ ચુનીલાલ ઝવેરી, માલણવાળા, સૂરત.**
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.શ્રી રંજનશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.પ્રીયંકરાશ્રી મ.ની સ્મૃતિમાં પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.
* **સગરામપુરા જૈન શ્રી સંઘ**
* **શ્રી રુપચંદ ફકીરચંદ ઝવેરી પરિવાર સુરત.**
* **અઠવાલાઈન્સ જૈન સંઘની બ્હેનો તરફથી** પ્રેરક:-પૂ.સા.શ્રી પ્રશાંતગુણાશ્રીજીમ.
* **શ્રી વડોદરા શહેર જૈન સંઘ, શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરી, વડોદરા.**
* **લલીતા, વનિતા, હીરા આરાધના ભવન સાબરમતી.** પ્રેરક :- પૂ.સાધ્વીશ્રી નિત્યાનંદાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વી કલ્પજ્ઞાશ્રીજી
* **વડાચૌટા સંવેગી જૈન ઊપાશ્રય સૂરત.**
* **શ્રી કોટન ગ્રીન શ્વે. મૂર્તિ પૂજન જૈન સંઘ.** પ્રેરક:- પૂ. મલય-ચારુ શીશુ દિવ્યપૂર્ણાશ્રીજી મ.
* **છાણી જૈન શ્વે. શ્રી સંઘ - છાણી**
* ભટારરોડ જૈન શ્વે. શ્રી સંઘ, સૂરત
* **એક સદ્‌ગૃહસ્થ હ: શકુબેન રતલામવાલા** પ્રેરક:- પૂ.સાધ્વીશ્રી શીલરેખાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીશ્રી વિશ્વવિદાશ્રીજી મ.
* **લુણાવાડા જૈન શ્વે. શ્રી સંઘ** પ્રેરક:- પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી અમિતગુણાશ્રીજી મ.
* **શ્રી ગુલાબચંદજી તારાચંદજી કોચર, નાગપુર**
* **શ્રી સુધારા ખાતાની પેઢી, મહેસાણા.**
* **શ્રી વિધાવિહાર બાલીભુવન જૈન ધર્મશાળા, પાલીતાણા.**
* **શ્રી વિશા શ્રીમાલી તપાગચ્છ જ્ઞાતિ, જૈન પાઠશાળા, જામનગર.**
* **શ્રી વર્ધમાન ભક્તિ શ્વે. મૂ. પૂ. ઈરાની વાડી, જૈનસંઘ, કાંદીવલી (વે.)**
* **શ્રી બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધ-મનોહર-જય ચેરીટેબલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.**
* **શ્રી લીલચંદભાઈ રંગજીભાઈ શાહ પરિવાર, દીલોદવાળા હાલ, પાલડી, અમદાવાદ**
* **શ્રી શાન્તાકુઝ જૈન તપાગચ્છ સંઘ - શાન્તાકુઝ (મુંબઈ)**
* **શ્રી આદીનાથ શ્વે. મૂ. જૈન સંઘ, કાનજીવાડી, શાંતાદેવી રોડ, નવસારી.**
* **શ્રી વલસાડ જૈન શ્વે. મહાવીર સ્વામી ભગવાન પેઢી (વલસાડ)**
* **શ્રી નાનચંદ ધનાજી ટ્રસ્ટ ઉપાશ્રય - સુરત.** પ્રેરક:- સાધ્વી શ્રી મનકશ્રીજી મ.
* **ત્રિકમનગર જૈન શ્રીસંઘ. સુરત.**

આગમોધ્ધારક

શાસન શાર્દુલ

શાસન સમર્પિત

ધ્યાનસ્થસ્વર્ગતમ્

સંયમૈકપરાયણ

તીર્થોધ્ધારક

સૂરિપુરન્દર

ભવોદધિ તારક

પૂજ્યશ્રીનાં અર્ધશતાબ્દીની ઊજવણીનાં વિશિષ્ટ કાર્યક્રમોનાં સમાપન પ્રસંગે

અચિંત્યશક્તિશાળી પરમ કરુણાનાં સાગર

દેવાધિદેવ પરમાત્મા મહાવીર પ્રભુએ ભાખેલા

પ્રૌઢ પ્રતિમા સંપન્ન, અનેક લબ્ધિ સંપન્ન

શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલા

આગમોનાં તાત્વિક રહસ્યોને પીરસનાર

આ સિધ્ધચક્રમાસિક શ્રી સંઘનાં ચરણે સમર્પિત કરતાં

અમો આનંદ અનુભવી રહ્યા છીએ.

લી. સિધ્ધચક્રમાસિક પુનર્મુદ્રણ સમિતિ

શ્રી સિદ્ધચક્ર

અનુક્રમણિકા

વિભાગ		પાના નંબર
૧	**અમારું ધ્યેય**	૧
૨	**આગમોદ્ધારકની અમોઘ દેશના**	
→	આત્મા માટે અરિહંત નથી	૩
→	નવકારમંત્ર શાશ્વત	૪
→	દેવતત્ત્વના પ્રરૂપકો	૪
→	તપ એ પ્રવૃત્તિ ધર્મ છે	૬
૩	**જૈન દર્શનમાં અસ્પૃશ્યતાનું વિધાન**	
→	જૈન શાસનની વિદ્યમાનતા	૭
→	દેવ-ગુરૂ અને ધર્મ વટલાતા નથી પણ વ્યવહાર વટલાય છે. દાખલા કાયદાને બાધક નથી.	૧૦
→	જૈન શાસ્ત્ર આડે આવતુ નથી ! હરીકેશીમુનિનું ઉદાહરણ	૧૧
૪	**સાગર સમાધાન**	
પ્રશ્ન નં.		
૩૫	અનંતા ઓઘા મુહપત્તિથી ફાયદા નહિ તો અત્યારના એક ઓઘામુહપત્તિથી શુ ફાયદો ?	૧૩
૩૬	અર્થદંડ અને અનર્થદંડમાં ફેર શો ?	૧૩
૩૭	સમજે છતાં ત્યાગ ન કરે તે ઉપર કૃષ્ણમહારાજાની પુત્રીઓની વિચારણા	૧૩
૩૮	ક્ષાયિકસમ્યક્ત્વધારી પોતાના પુત્રની દીક્ષામાં આડે આવે ?	૧૪
૩૯	સુંદરીને દીક્ષા લેતા ભરત મહારાજાએ રોકી તે વખતે સમ્યકત્વ ખરૂં ?	૧૪
૪૦	છોકરા અને સ્ત્રીએ દીક્ષા લીધી હોય તેને મોહથી ઘરે લાવે તો સમ્યકત્વ ટકે ?	૧૪
૪૧	સૂયગડાંગમાં મહામોહ બાંધવાના ૩૦ કારણો છે તેનું શું ?	૧૪
૪૨	પારસી - મુસલમાન - ઢેડ દીક્ષા લઈ શકે ? તેમની સાથે સંબંધ કેમ નહિ ?	૧૫
૪૩	છેદસૂત્ર એટલે શું ?	૧૫
૪૪	નિગોદઆદિ અને તીર્થંકરમાં જીવત્વ સરખુ છતાં પાપબંધમાં ફેર કેમ ?	૧૫
૪૫	ધર્મ કરવામાં બાધક ભોગાવલીનો ઉદય છે એમ બોલવું વાજબી ?	૧૫
૪૬	બળાત્કારથી દીક્ષા લેનારને રોકવામાં અને તોડાવવામાં શુ પાપ ?	૧૫
૪૭	ધર્મબીંદુમાં દીક્ષા માટે છ માસની પરીક્ષા રાખી છે તેનું શું ?	૧૫
૪૮	શીક્ષાવ્રતોપર્વ સિવાય ન હોય ?	૧૬
૪૯	વીરોથી સાથે વર્તન કેવુ રાખવું ? પ્રસંગોપાત મદદ કે બચાવવામાં શું કર્તવ્ય ?	૧૬
૫૦	નસીબ અને ઉદ્યમમાં શો ફેર ?	૧૬
૫૧	દ્રવ્ય પચ્ચખાણ એટલે શું ?	

અનુક્રમણિકા

૫૨	શ્રીઅષ્ટકજીની ટીકામાં 'जइवि न आहाकम्मं' ગાથાનો અર્થ શો ?	૧૭
૫૩	સમ્યક્ત્વ પરિણામ અને ચારિત્રપરિણામમાં ફેર શો ? દૃષ્ટાંતથી સમજાવો.	૧૭
૫૪	શ્રાવક નાહ્યા વગર ગભારામાં વાસક્ષેપ પૂજા માટે જઈ શકે ?	૧૭
૫૫	ચોમાસાની દીક્ષા માટે કયા શાસ્ત્રમાં વિધાન છે ?	૧૭
૫૬	અનંતકાયવાળા અનંતા સાથે જન્મે અને રયવે કે અસંખ્યાત સાથે જન્મે અને રયવે ?	૧૭
૫૭	શ્રાવકઆલોયણાનું સામાન્ય વિધાન કયા શાસ્ત્રમાં છે ?	૧૭
૫૮	માત્રુ બે ઘડીએ સચિત્ત થાય તો બે ઘડી પહેલા ફરી તેમાં માત્રું કરે તો બીજી બે ઘડી ચાલે ?	૧૭
૫૯	અધર્મીઓને વ્યાખ્યાનમાં આવતા રોકી શકાય ?	૧૮
૬૦	આપણે ત્યાં રાત દિવસ જે ઋતુ હોય ત્યારે અન્ય દેશોમાં વિરૂદ્ધ અને બીજી ઋતુ હોય છે તો ત્યાં ધર્મ પ્રસંગો આદિ કેવી રીતે સાચવવું ?	૧૮
૬૧	ત્યાગમાર્ગથી કંટાળેલ, ભોગમાર્ગની ઈચ્છાવાળાને બળાત્કારથી રોકી શકાય ?	૧૮
૬૨	સમ્યક્ત્વી અને મીથ્યાત્વી બંનેમાં ગુણદોષ રહેલ છે તો પ્રસંગોપાત પ્રશંસા કોની કરવી ?	૧૮
૬૩	ઉત્સૂત્રકથન અને ઉત્સૂત્રપ્રરૂપકમાં શો ફેર ? કોનો ત્યાગ કરવો ?	૧૯
૬૪	સુંદર પુષ્પોથી પૂજા યોગ્ય છે પરંતુ તેની એક એક પાંખડી ચૂંટવી યોગ્ય ?	૧૯
૬૫	સંસારપ્રવૃત્તિમાં આશક્તિવાળાને કે અશક્તિવાળાને સમ્યકત્વ હોય ?	૧૯
૬૬	ગૌતમસ્વામીજીનો પ્રભુ પ્રત્યેનો રાગ ગુણાનુરાગ ખરો કે નહિ ?	૧૯
૬૭	વ્યક્તિ મહાન હોય અને તે પ્રત્યે રાગ હોય તેથી કેવળજ્ઞાનાદિ ગુણ અટકે ?	૨૦
વિ.૫	સુધાસાગર	૨૦
૬	**આગમોધ્ધારકની અમોઘ દેશના**	
→	હાથમાં કળશ હૈયામાં હોળી !	૨૩
→	વિતરાગ વિશેષણની સાર્થકતા	૨૪
૭	**શાસનમહેલની સીઢી**	
૮	**ચૈતન્યવંત સંસ્થાઓ**	૨૫
૯	**આગમોદ્ધારકની અમોઘ દેશના**	
→	શ્રીઅરિહંત	૨૯
→	પરિણતિ અને પ્રવૃત્તિરૂપકાર્ય	૩૩
→	તેરાપંથીનું સમાધાન	૩૫
૧૦	**સાગર સમાધાન**	
પ્ર.૬૮	મોક્ષનું બીજ ક્યારે વવાય ?	૪૧

અનુક્રમણિકા

૬૯	સત્તર પાપસ્થાનક છોડે છતાં શું સમ્યક્ત્વ નહિં ?	૪૧
૭૦	સત્તર પાપસ્થાનક છોડનારને કેટલો સંસાર બાકી રહે ?	૪૧
૭૧	સમકિત પામતી વખતનો આનંદ શું વ્યક્ત છે ?	૪૧
૭૨	'ગજ પાખર ખર નવિ વહે' એટલે શું ?	૪૧
૭૩	ઉત્સૂત્રભાષક કાળ પામી કઈ ગતિએ જાય ?	૪૨
૭૪	જઘન્યથી ધર્મકરનાર આઠ ભવમાં મોક્ષે જાય તેની ગણતરી કઈ રીતે ?	૪૨
૭૫	પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ કેમ ?	૪૨
૭૬	દેવ-ગુરૂની કીંમત નથી તેવાને દીક્ષા અપાય ?	૪૨
૭૭	ગુરૂની કીંમત કોણ કરી શકે ?	૪૨
૭૮	મા-બાપના ઉપકારનો બદલો વળી શકે કે નહિ ?	૪૩
૭૯	દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં શું અંતર છે ?	૪૩
૮૦	અવધિજ્ઞાન કરતાં શું અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન વધે ?	૪૩
૮૧	'ગૌતમ નામે નવે નિધાન' એ પદ બોલવું ઠીક છે ?	૪૩
૮૨	દેશવિરતી પછી સર્વવિરતી ક્યારે આવે ?	૪૩
૮૩	દ્રવ્યક્રિયા અને ભાવક્રિયાનું લક્ષણ શું ?	૪૩
૮૪	નો આગમ એટલે શું ?	૪૩
૮૫	સમ્યગ્દર્શનાદિ મળ્યા પછી તપ માટે મહેનત શા માટે ?	૪૪
૮૬	ક્ષાયિક દર્શનાદિ થઈ ગયા બાદ તપસ્યા કરવાની શું આવશ્યકતા ?	૪૪
૮૭	સમ્યગ્ દર્શન, જ્ઞાન, અને ચારિત્રમાં તપસ્યાને ઉચ્ચ સ્થાન કેમ અપાય છે ?	૪૪
૮૮	જૈનશાસનમાં શત્રુ તરીકે કોણ છે ?	૪૪
૮૯	કમ્મહંતાણં આદિ પદની જગ્યાએ અરિહંતાણં પદ જ કેમ ?	૪૪
ચિ.૧૧	સુધાસાગર	૪૫
૧૨	મુમ્બાપુરીમાં નવપદ આરાધનના નિમિત્તે ભવ્યમહોત્સવ	૪૮
૧૩	ઉપકારનું ધામ	૪૯
૧૪	આગમોદ્ધારકની અમોઘ દેશના	
→	સિદ્ધ	૫૨
→	સિદ્ધ અને નિગોદના સ્થાનનો તફાવત	૬૧
→	સિદ્ધના પ્રકાર	૬૧
૧૫	સાગર સમાધાન	
પ્ર.૯૦	જ્ઞાનપૂજનમાં આવેલ દ્રવ્ય દુનીયાદારીનાં શિક્ષણમાં વપરાય ?	૬૪

અનુક્રમણિકા

૯૧	જૈન શાસનમાં જ્ઞાનની વ્યાખ્યા શું છે ?	૬૪
૯૨	સાચુ ચારિત્ર આવે ક્યારે ?	૬૪
૯૩	મરૂદેવામાતાને દ્રવ્યચારિત્ર વગર ભાવચારિત્ર કેવી રીતે મળ્યું ?	૬૫
૯૪	શ્રીમલ્લીનાથ પ્રભુએ સ્ત્રીપણે ધર્મપ્રરૂપ્યો અને સ્થાપ્યો કેમ ?	૬૫
૯૫	'ચારિત્ર એ મહેલ છે અને જ્ઞાનએ ધ્વજ છે' કેવી રીતે ?	૬૫
૯૬	'क्रियाहिनं च यत् ज्ञानं' શ્લોકનો ભાવાર્થ	૬૫
૯૭	શાસનમાં પરમમંગળ રૂપ શું શું ?	૬૭
૯૮	પરમાણું કોને કહેવા ?	૬૭
૯૯	મિથ્યાત્વથી ગાઢવાસિત થયેલને શાસ્ત્રથી નુકશાન કેમ થાય ?	૬૭
૧૦૦	દીક્ષાનો વ્યુત્પત્તિ અર્થ આદિ છે પણ નિર્યુક્તિ અર્થ શું ?	૬૭
૧૦૧	શાસ્ત્રમાં નિર્યુક્તિ અર્થ શું ?	૬૭
૧૦૨	ચારિત્રપદ સ્વતંત્રપણે પણ આરાધ્ય છે કે નહિ ?	૬૭
૧૦૩	સમ્યગ્જ્ઞાન-દર્શન અને તપ સ્વતંત્રપણે આરાધાય ?	૬૭
૧૦૪	સમ્યગ્દર્શન નૈમિત્તિક છે કે નિત્ય ?	૬૮
૧૦૫	મોક્ષે ગયેલ સર્વ માર્ગાનુસારી આદિ સર્વસ્થાન આદરે ?	૬૮
૧૦૬	તીર્થંકરો ગણધરો અને અવધિજ્ઞાની દેશવીરતિ સિવાય દીક્ષા લેય ?	૬૮
૧૦૭	ઉત્કૃષ્ટ ગુણી અરિહંતાદિનું આરાધન ગુણદ્વાર કે ગુણીદ્વાર	૬૮
૧૦૮	ગુણ આત્મીય વિષય છે છતાં અશોકવૃક્ષાદિ ને કેમ ગુણગણ્યા ?	૬૮
વિ.૧૬	**શ્રી વર્ધમાન તપ**	૬૯
૧૭	**સુધાસાગર**	૭૧
૧૮	**એકજ નિશ્ચય**	
૧૯	**ધાર્મિક ધામોમાં દૃષ્ટિપાત**	૭૩
૨૦	**આગમોદ્ધારકની અમોઘ દેશના**	
→	નિર્ગંથો વગર શાસન નથી.	૭૬
→	લોકોત્તર મિથ્યાત્વ	૭૮
→	શાસનનાં માલિક આચાર્ય છે.	૮૧
→	પઢમં નાણં તઓદયાનો રહસ્યાર્થ.	૮૨
→	આચાર્યનો ધંધો શું	૮૫
→	ભગવાન મહાવીર સિધ્ધગિરિ ઉપર !	૮૬
૨૧	**સાગર સમાધાન**	

અનુક્રમણિકા

પ્ર.૧૦૯	પ્રભુને નમસ્કાર માટે अरिहंताणं પદ કેમ ?	
૧૧૦	ઉપદેશની અસર ન થાય તેમાં ઉપદેશકની કચાશ ખરી ?	૮૮
૧૧૧	નવકારમાં દર્શનાદિ ચાર પદ કેમ નહિ ?	૮૮
૧૧૨	સિદ્ધાચળ ઉપર કા. સુ. ૧૫ પહેલા ચઢી શકાય કે નહિ ?	૮૯
૧૧૩	વિદ્વાન્ વ્યાખ્યાનકારોનો વિવેક ટકે ક્યારે ?	૮૯
૧૧૪	મૂર્તવિકારો જણાવા કઠીન છે પછી અમૂર્ત અધર્માદિ કેમ જણાય ?	૮૯
૧૧૫	અંધભક્ત કોણ કહેવાય ?	૮૯
૧૧૬	સાચાભક્તની ઓળખાણ શી ?	૮૯
૧૧૭	શરીરએ એન્જીન અને આત્મા ડ્રાઈવર શી રીતે ?	૯૦
૧૧૮	શાસ્ત્રના બધા પાઠો માને પણ એકાદ શ્લોક કે પદને માને તો સમ્યકત્વટકે ?	૯૦
૧૧૯	જ્ઞાનભાડે મળે પણ ક્રિયા ભાડે ન મળે એટલે શું ?	૯૦
૧૨૦	અહીં પાંચ મહાવ્રતો બધા દર્શનકારો માને છે ?	૯૦
૧૨૧	શું પાંચ આશ્રવના ત્યાગથીજ સાધુપણું કહી શકાય ?	૯૦
૧૨૨	તીર્યંચો વધારેમાં વધારે કેટલી વિરતિ અને કેટલા દેવલોક જઈ શકે ?	૯૦
૧૨૩	સમ્યગ્દૃષ્ટી ગુણઠાણાવાળો શ્રાવક મરી ક્યાં જાય ?	૯૧
૧૨૪	સમ્યગ્દર્શન વગર અભવ્યો નવ ગ્રૈવેયક સુધી કેમ જાઈ શકે ?	૯૧
૧૨૫	ગૃહસ્થોની જેમ સાધુને અષ્ટપ્રકારી પૂજાનું વિધાન ખરું ?	૯૧
૧૨૬	સાધુ દ્રવ્યપૂજનો ઉપદેશ આપે તેમાં પૂજા અને હિંસાનું અનુમોદન લાગે ?	૯૧
૧૨૭	તીર્થંકરનું બધું વર્તન અનુકરણીય ખરું કે નહિં ?	૯૨
૧૨૮	તીર્થંકર કહે તે કરવું કરે તે નહિ' એનો મર્મ શું ?	૯૨
૧૨૯	શાસ્ત્રદૃષ્ટિએ પાપી સાધુ કોણ કહેવાય ?	૯૨
૧૩૦	મહાનયોગી કોણ કહેવાય ?	૯૨
૧૩૧	સમતાનું સ્વરૂપ અને લક્ષણ શું ?	૯૩
વિ.૨૨	પત્રકારોએ પૂજ્યશ્રીને પુછેલા પ્રશ્નનાં ઉત્તરો	૯૫
૨૩	સુધાસાગર	૯૬
૨૪	ભોગનું પ્રદર્શન	
૨૫	સિદ્ધિ વધુ વરમાળને સિદ્ધચકથી સહેજે વરો	
૨૬	શાસન એજ શરણ	૯૭
૨૭	આગમોદ્ધારકની અમોઘ દેશના	
→	ઉપાધ્યાયપદ, જેવું આરાધન તેવું સ્મરણ	૧૦૩

અનુક્રમણિકા

→	ઉત્તરસાધક વિના સિદ્ધિ નથી	૧૦૫
→	આજે યુવકોનો ધર્મ પ્રત્યે ઉન્માદ શાથી ?	૧૦૭
→	બેવફા બનેલાઓનો બેવકુફીભર્યો બકવાદ	૧૦૯
→	ગચ્છસંરક્ષણના કાર્યની સંભાળ એજ ઉપાધ્યાયનું કર્તવ્ય	૧૧૦
→	આચાર્ય અને ઉપાધ્યાયના કર્તવ્ય વચ્ચેનો ભેદ	૧૧૧
→	જગદ્‌વંદ્ય બનાવવા ધર્મને ઢીલો ન કરાય	૧૧૩
૨૮	**સાગર સમાધાન**	
પ્ર.૧૩૨	મહાવિદેહ ક્ષેત્રમાં સદાને માટે ચોથો આરો છે તે શાસ્ત્ર સંમત છે ?	૧૧૪
૧૩૩	શ્રી ઋષભદેવાદિ વ્યક્તિ તરીકે કે જાતિ તરીકે પૂજાય ?	૧૧૪
	એકની અવજ્ઞાથી અનંતની અવજ્ઞા ?	
૧૩૪	પરમાધામીથી મીથ્યાદૃષ્ટિ અને સમ્યગ્‌દૃષ્ટિને થતાં દુઃખમાં ફરક શું ?	૧૧૪
૧૩૫	યુગલીકો આર્ય કે અનાર્ય ? તેમને વૃદ્ધાવસ્થા હોય ?	૧૧૫
૧૩૬	યુગલીકો અનાર્ય તો મરીને દેવલોકે કેમ જાય ?	૧૧૫
૧૩૭	કૃષ્ણમહારાજ પુત્રીઓને રાણી થવું છે કે દાસી એમ શા માટે પુછે છે ?	૧૧૫
૧૩૮	સમ્યક્‌દૃષ્ટી અને મીથ્યાદૃષ્ટીને નરકમાં ન્યુનાધિક દુઃખ હોય ?	૧૧૫
૧૩૯	દેવતાઓ મોક્ષ માર્ગ ગીરવે મુકી ગયા છે એમ કેમ ?	૧૧૫
૧૪૦	બદ્ધ આગમ અને અબદ્ધ આગમમાં ફેર શો ?	૧૧૬
૧૪૧	દેવદ્રવ્યનું ભક્ષણાદિ અને સાધ્વીના ૪થા વ્રતનો ખંડન કરનાર શું ગુમાવે ?	૧૧૬
૧૪૨	યક્ષાદિનું અરાધન યુક્ત કે અયુક્ત ?	૧૧૬
૧૪૩	વાસુદેવાદિકનાં પચ્ચકખાણ શું દ્રવ્યપચ્ચખાણ છે ?	૧૧૭
૧૪૪	આગમ એટલે શું ?	૧૧૭
૧૪૫	તીર્થંકરો સ્વપૂજા અંગે છકાયની વિરાધના નું વિધાન કરે તે યોગ્ય ?	૧૧૭
૧૪૬	વર્તમાનકાળના સૂત્રો સર્વજ્ઞપ્રણીત છે ?	૧૧૭
૧૪૭	ભગવાનનાં અનંતગુણ કેટલામે અનંતે ?	૧૧૭
વિ.૨૯	**સુધાસાગર**	૧૧૮
૩૦	**અલૌકિક દર્શન**	૧૧૯
૩૧	**લક્ષ્મીચંદભાઈની દીક્ષા અંગે શુભભાવના**	૧૨૦
૩૨	**શાસનની આધુનિક પરિસ્થિતિ**	૧૨૧
૩૪	**આગમોદ્ધારકની અમોઘદેશના**	
→	નવકારના પાંચમાં પદમાં સવ્વ શબ્દ શાથી મુક્યો ?	૧૨૫

અનુક્રમણિકા

→	પ્રશસ્તરાગપણુ કલ્યાણપ્રદ છે.	૧૨૮
→	આધુનિક પરિસ્થિતિ તપાસો.	૧૨૯
→	તીર્થજીવતાનું છે.	૧૩૦
→	કષાયરહિતપણું ક્યારે હોય ?	૧૩૧
૩૪	**સાગર સમાધાન**	
પ્ર.૧૪૮	ચારવર્ણાશ્રમમાં કેટલા વર્ણાશ્રમવાળા જૈન હોય ?	૧૩૨
૧૪૯	કોઈ અન્યંજ જૈનધર્મ પાળવા ઈચ્છે તો કેવી રીતે મદદ થાય ?	૧૩૨
૧૫૦	યુરોપીયન, મુસલમાન વગેરે જિનાલયમાં આવે છે તે યોગ્ય છે ?	૧૩૨
૧૫૧	લૌકીક અને લોકોત્તર દૃષ્ટિમાં શો ભેદ ?	૧૩૨
૧૫૨	જૈનશાસનની આરાધના લૌકીકઈચ્છાથી થાય તો લોકોત્તર મિથ્યાત્વ લાગે ?	૧૩૨
૧૫૩	રાવણ વગેરેની દેવદેવીની આરાધના મિથ્યાત્વ છે ? દેશીય ઉપવાસ કરે તો મિથ્યાત્વ?	૧૩૨
૧૫૪	રાવણ, કૃષ્ણાદિની આરાધના અંગે ખુલાસો	૧૩૩
૧૫૫	ઉપધાન વગર નમસ્કારાદિકના પાઠથી અનંતો સંસાર થાય ?	૧૩૩
૧૫૬	ચાલુ ઉપધાનાદિમાં રોહીણી આવે તો શું કરવું ?	૧૩૩
૧૫૭	ચરમતીર્થંકરના શ્રાવકો કેટલા ? કઈ અપેક્ષાએ ?	૧૩૩
૧૫૮	કલ્પસૂત્ર સભાસમક્ષ વાંચનાર પૂર્વાચાર્યો આરાધક કે વિરાધક.	૧૩૪
૧૫૯	નગરી ઉજ્જડ કરી નાંખનાર રાક્ષસો કોણ ? તેમને કવળાહાર હોય ?	૧૩૪
૧૬૦	ભાવદયા કોને કહેવાય ?	૧૩૪
૧૬૧	સમ્યકત્વ અને દેશવિરતિ ધર્મની સફળતા ક્યારે ?	૧૩૪
૧૬૨	ભાવદયા સમકિતિની, દેશવિરતિની કે સર્વવિરતિની ?	૧૩૪
૧૬૩	પાણી અને વનસ્પતિ માર્ગમાં હોય તો સાધુ ક્યા માર્ગે ચાલે ?	૧૩૪
૧૬૪	અંત્યજ સ્પર્શની બાબતમાં જૈન દર્શનની શી માન્યતા છે ?	૧૩૪
૧૬૫	ખાદિ વગેરે કાપડમાં ઓછી હિંસા હોવાથી પરદેશી તથા મીલનું કાપડ નવાપરવાનો ઉપદેશ અપાય ?	૧૩૫
૧૬૬	દેશદ્રષ્ટિએ શુદ્ધખાદી વાપરવાની પ્રતિજ્ઞા આપી શકાય ?	૧૩૬
૧૬૭	નવગ્રહોમાં સમકિતિ કયા અને મિથ્યાત્વીકયા ? કાલા ગોરા ક્ષેત્રપાલ કેવા ?	૧૩૬
૧૬૮	નવગ્રહો માનવા કે નહિ ?	૧૩૬
૧૬૯	દશદિકપાલને માનવા કે નહિ ? તેમાં સમકિતિ કેટલા ?	૧૩૬
૧૭૦	સોળ વિદ્યા દેવીઓ સમકિતી કે મિથ્યાત્વી તથા માનવી કે નહી ? શાસ્ત્રના આધારે ?	૧૩૬

અનુક્રમણિકા

૧૭૧	જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓને કેટલા જ્ઞાન સંભવે ?	૧૩૬
૧૭૨	તત્ત્વાર્થમાં તેઉકાય અને વાઉકાયને ત્રસ કઈ અપેક્ષાએ કહ્યા છે ?	૧૩૬
૧૭૩	તીર્થંકરભગવાનના શાસનનાં યક્ષયક્ષિણી કયા પ્રકારના છે ?	૧૩૭
૧૭૪	ખસ ખસ કાયમ અભક્ષ્ય છે ? ફાગણ ચોમાસા પછી કેવી રીતે ખપી શકે ?	૧૩૭
૧૭૫	વાસ્તવિક વિનયનું સ્વરૂપ શું છે ?	૧૩૭
૧૭૬	મૃગાદિની હિંસા પ્રસંગે કેવી રીતે બોલવાની શાસ્ત્રાજ્ઞા છે ?	૧૩૭
૧૭૭	વા શબ્દ મુક્યો ન હોયતો પણ વા નો અર્થ લઈ શકાય ?	૧૩૭
૧૭૮	આગમ એટલે વાયરલેસ ટેલીગ્રાફ અને ગુરુ તેના માસ્તર કઈ રીતે ?	૧૩૭
૧૭૯	અભવ્ય પાંચ પરમેષ્ઠિને માને કે કેમ ?	૧૩૮
૧૮૦	જૈન મતાવલંબીની જેમ અન્યો વિનયમૂલક ધર્મમાને છે ?	૧૩૮
૧૮૧	તીર્થંકર પદવીની ઋદ્ધિની ઈચ્છાપૂર્વક વીશસ્થાનક આરાધે તે યોગ્ય ?	૧૩૮
૧૮૨	ગણધર રચીત દ્વાદશાંગી અને ચૌદપૂર્વ ઉપર તીર્થંકરની છાપ કઈ રીતે ?	૧૩૮
૧૮૩	પરમાધામી દેવતાઓ ભવ્ય ? અવીને કયાં જાય ?	૧૩૯
૧૮૪	શ્રી મલ્લીનાથ પ્રભુની સેવા સાધુ કરે કે સાધ્વી ? વંદન વ્યવહાર શી રીતે ?	૧૩૯
વિ.૩૫	**સુધા સાગર**	૧૪૦
૩૬	**પત્રકારનો ખૂલાસો**	૧૪૩
૩૭	**અર્થીપણાનો આદર્શ**	
૩૮	**શાસન સાધવા કર્તવ્ય પંથે સંચરો**	
→	દીક્ષાનું નાટક કે નામચીનોની ભેદી ઘટના ?	૧૪૫
૩૯	**આગમોધ્ધારકની અમોઘ દેશના**	
→	નારકીઓ નરકને પણ શાથી ઈચ્છે છે ?	૧૫૦
→	દેવાતાઓ પણ મરણથી થર થરે છે ?	૧૫૧
→	અનાજની વીષ્ટા, પાણીનો પેશાબ અને હવાને ઝેરી કોણ કરે છે ?	૧૫૨
→	મરણથી ડરવું એ માર્ગ ભૂલેલાની દશા છે.	૧૫૩
→	જન્મ વૃક્ષના ફલોનું અવલોકન	૧૫૫
→	'ધનદો ધનાર્થીના...' શ્લોક પર આપેલ માર્મીક પ્રવચન	૧૫૬
૪૦	**સાગર સમાધાન**	
પ્ર.૧૮૫	શ્રીમલ્લીનાથપ્રભુની બાર પર્ષદામાં ફેરફાર હોય ?	૧૬૦
૧૮૬	શ્રીમલ્લીનાથ પ્રભુના ગણધર પાદપીઠ પરબેસી દેશના આપે ?	૧૬૦
૧૮૭	શૈવ, વૈષ્ણવ અને જૈન શબ્દનો અર્થ શું ?	૧૬૧

અનુક્રમણિકા

૧૮૮	અવિનીતનું ચારિત્રપાલન ફાયદાકારક કે નહિ ?	૧૬૧
૧૮૯	અભવ્ય બરાબર વિનય કરે છતાં મોક્ષ કેમ નહિ ?	૧૬૧
૧૯૦	સાધુ પરિચયાભાવે સમ્યક્ત્વાદિથી ભ્રષ્ટ થવાના દાખલા છે ?	૧૬૧
૧૯૧	કેવી પ્રવૃત્તિને દ્રવ્ય ચારિત્ર કહેવાય ?	૧૬૧
૧૯૨	અશુદ્ધિવાળી ક્રિયા દ્રવ્યક્રિયા કહેવાય કે નહિ ?	૧૬૧
૧૯૩	આ પાંચમા આરામાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ?	૧૬૧
વિ.૪૧	સુધા સાગર	૧૬૩
૪૨	પત્રકારના ખુલાસા	૧૬૬
૪૩	સંવેગની સમરાંગણભૂમિ	
૪૪	સચ્ચારિત્ર	
૪૫	કાયરતાના કારણે	૧૬૯
૪૬	આગમોદ્ધારકની અમોઘ દેશના	
→	શ્રીપાલરાજાની સાહ્યબી શાને આધારે ?	૧૭૩
→	પરમેષ્ઠિમાં દર્શનાદિ ચારે કેમ ન ગણ્યા ?	૧૭૪
→	ભગવાનની પાસે માગણી પણ ભવનિર્વેદની જ કરીએ છીએ	૧૭૫
→	દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ સ્વતંત્ર આરાધ્ય નથી	૧૭૬
→	સમ્યગ્દર્શનનું સ્વરૂપ	૧૭૭
૪૭	સાગર સમાધાન	
પ્ર.૧૯૪	રાઈનું કરવામાં દહીંને કેટલું ગરમ કરવું ?	૧૮૦
૧૯૫	ઉપધાનનાં આદેશમાં ઈરીયાવહીની આવશ્યકતા ક્યાં ?	૧૮૦
૧૯૬	'મુઠ્ઠીસહીઅં' પચ્ચકખાણ કેવી રીતે પારવું ?	૧૮૦
૧૯૭	'મુઠ્ઠીસહી' પચ્ચકખાણ પાર્યા પછી દરેક વખતે નવકાર ગણવાના ?	૧૮૦
૧૯૮	નલીનીગુલ્મવિમાન કયા દેવલોકમાં ? ત્યાં સાધુતાથી જ જવાય ?	૧૮૦
૧૯૯	'જયં ચરે જયં ચિટ્ઠે' ગાથાનો ભાવાર્થ	૧૮૧
૨૦૦	પાંચ સ્થાપનાનું કારણ શું ?	૧૮૧
૨૦૧	તીર્થંકર નામ કર્મનો અબાધાકાળ અંતર્મુહૂર્તનો છે તેની સમજ !	૧૮૧
૨૦૨	અભવી ભવ્ય તથા અભવ્યની પ્રરૂપણા કરે કે નહિ ?	૧૮૧
૨૦૩	સમ્યક્ત્વ એટલે શું ?	૧૮૧
૨૦૪	જેનું તીર્થંકર નામ કર્મ વિખરાઈ ગયું હોય તે ફરી બાંધી શકે ?	૧૮૧
૨૦૫	બારદેવલોક ભુવનપતિ અને જ્યોતિષ દેવલોકમાં પ્રતિમાઓનું માન કેટલું ?	૧૮૨

અનુક્રમણિકા

૨૦૬	દીગંબરોની મુખ્ય માન્યતા શી ?	૧૮૨
૨૦૭	સમ્યકત્વ સહિત અને રહિત નવકારગણવાથી શું ફાયદો ?	૧૮૨
૨૦૮	ભાવચારિત્રની વચ્ચે પૌદ્‌ગલીક ઈચ્છા થાય તો દ્રવ્યચારિત્ર.	૧૮૨
૨૦૯	પુણ્યવળાવા રૂપ હોય તો તેની ઝંખના યોગ્ય?	૧૮૨
૨૧૦	અજ્ઞાનતાથી લીધેલ દીક્ષામાં લાભ શો ?	૧૮૨
૨૧૧	દુઃખગર્ભિતવૈરાગ્યનું નીરૂપણ ક્યાં અને કોને કહેવાય ?	૧૮૨
૨૧૨	અઢી દ્વીપમાં માણસો સંખ્યાતા છે તો અસંખ્યાત મોક્ષ ગયાની ગણતરી કેમ ?	૧૮૩
૨૧૩	યાવજ્જીવ શેરડીના રસના ત્યાગીએ વર્ષીતપના પારણે શું વાપરવું ?	૧૮૩
૨૧૪	એકને નુકશાન સર્વને ફાયદો તેમજ વિપરિત કરણી અંગે સમજ	૧૮૩
૨૧૫	નવદીક્ષીત સાંસારીક કૃત્ય પ્રતિ ધ્યાન આપવા અંગે શાસ્ત્ર સંમત દૃષ્ટાંત ?	૧૮૩
૨૧૬	દીક્ષાલેનારસર્વથાતૈયારહોયઅનેતેનેજેટલોસમયસંસારમાંસાધુરોકેતેનુંપાપકોને?	૧૮૪
૨૧૭	પોતાની દીક્ષા આપવાની શક્તિ ન હોય તો ?	૧૮૪
૨૧૮	શક્તિ ન કેળવી હોય અને દીક્ષા આપે તો ?	૧૮૪
૨૧૯	યથાંશક્તિ શબ્દ ક્યારે યોજાય ?	૧૮૪
૨૨૦	દીક્ષાલેનારમાં વૈરાગ્ય ક્ષાયિક જોઈએ કે ક્ષાયોપશમિક ?	૧૮૪
૨૨૧	૧૮ દોષ સિવાય સાંસારિક પૂર્વ સ્થિતિ ખરાબ હોય તો રોકવાનું કે નહિં ?	૧૮૪
૨૨૨	બાધા શું કામ કરે ?	૧૮૪
૨૨૩	અન્ય ધર્મી ને જૈન ધર્મ અંગીકાર કર્યા બાદ સાધર્મિક વાત્સલ્યમાં જમાડાય ?	૧૮૫
૨૨૪	ઉપદેશ અને આદેશમાં ફેર શું ?	૧૮૫
૨૨૫	છ છીંડીથી સમ્યકત્વ રહે તો તેવા કાર્યમાં દોષ શો ?	૧૮૫
૨૨૬	પંચાંગી સહિત સૂત્ર માનવાનું વિધાન ક્યાં છે ?	૧૮૫
૨૨૭	શાસ્ત્રાર્થ કોણ કરી શકે ?	૧૮૫
૨૨૮	સ્વદર્શની અને પરદર્શનીના ઉપસર્ગ સહવાથી ન્યૂનાધિક નીર્જરા અંગેનું વિધાન ક્યાં?	૧૮૫
૨૨૯	દેવતાઓ મરીને ક્યાં જાય ? શા કારણે ?	૧૮૬
૨૩૦	ક્ષાયિકસમ્યકત્વી કૃષ્ણવાસુદેવ કેટલા ભવે મોક્ષ જવાના ?	૧૮૬
૨૩૧	દેવતાચ્યવીને કઈ ગતિમાં જાય ?	૧૮૬
૨૩૨	દેવલોકમાં ઘોડા, હાથી, પાડા આદિ તીર્યંચો ખરા ?	૧૮૬
૨૩૩	'જ્ઞાની શ્વાસોચ્છવાસમાં કરે કર્મનો છેહ' નો રહસ્યાર્થ શો ?	૧૮૬
૨૩૪	દીક્ષા અંગે ઉંમર માટે શું મંતવ્ય છે ?	૧૮૭
૨૩૫	ચરમતીર્થપતિના શાસનમાં ચોમાસામાં દીક્ષા થઈ છે ? કોની ?	૧૮૭

અનુક્રમણિકા

વિ.૪૮	સુધાસાગર	૧૮૮
૪૯	શૂરા સરદારોની ઉત્પત્તિ	
૫૦	વર્ધમાન તપ મહિમા	
૫૧	અમોઘ આરાધના	૧૯૩
૫૨	આગમોદ્ધારકની અમોઘ દેશના	
→	કાર્યમાત્રમાં ઈચ્છા કારણ ભૂત નથી	૧૯૮
→	અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર સમ્યક્ત્વ અને મોક્ષની ઈચ્છાના સંબંધની સમજ	૧૯૯
→	માબાપની રજા વગર દીક્ષા એ શિષ્યચોરી નથી.	૨૦૦
→	મોક્ષની ઈચ્છા એ મોક્ષનું કારણ છે કે નહિ ?	૨૦૧
→	કાર્યસિદ્ધિ કારણોથી છે, નહિં કે ઈચ્છાથી	૨૦૨
→	દર્શનાદિપદો સ્વરૂપે સાધ્યનથી પર રૂપે સાધ્ય છે એ વાક્યનું રહસ્ય	૨૦૩
→	'યા વિદ્યા સા વિમુક્તયે' કે 'સા વિદ્યા યા વિમુક્તયે' ?	૨૦૪
→	પાધડી સાહુકારને કામની ખમીસને નકામી તેમ જ્ઞાન ઉપયોગી પણ કોને ?	૨૦૫
૫૩	સાગરસમાધાન	
પ્ર.૨૩૬	લોકોને વૈરાગ્યની ફળદાયકતા શા માટે ચાલુદૃષ્ટાંતથી સમજાવાય છે ?	૨૦૬
૨૩૭	વર્તમાનયુગમાં 'મુંબઈ સમાચાર' આદિ વર્તમાન પત્ર વાંચવાથી સાધુને શો લાભ !	૨૦૬
૨૩૮	ધર્મી અને ધર્મનાં સાધન માટે આટલો બંદોબસ્ત શા માટે ?	૨૦૭
૨૩૯	જીવે અનંતાદ્રવ્ય ચારિત્રો કર્યા તે ભાવચારિત્રનુ કારણ કેવી રીતે ?	૨૦૭
૨૪૦	દ્રવ્ય ચારિત્ર અને ભાવચારિત્ર કોને કહેવાય ?	૨૦૭
૨૪૧	દ્રવ્યચારિત્ર કેવી પ્રવૃત્તિવાળાને કહેવાય ?	૨૦૭
૨૪૨	દ્રવ્યાનુયોગાદિ ત્રણ ચરણકરણાનુ યોગ માટે છે ?	૨૦૮
૨૪૩	દ્રવ્યાનુયોગના રીતસરના અભ્યાસ માટે ગ્રંથોનો ક્રમ દર્શાવો ?	૨૦૮
૨૪૪	ખરતરગચ્છની માન્યતાની ભીન્નતા અન્યગચ્છ સાથે કઈ છે ?	૨૦૮
૨૪૫	જૈનદર્શનની શૈલી મુજબ ષડ્દર્શનાદિ માને તો તે સમ્યક્દૃષ્ટિ કે નહિ ?	૨૦૮
૨૪૬	ગચ્છો ઘણા સંભળાય છે ક્યા આરાધક ? ક્યા વિરાધક ?	૨૦૮
૨૪૭	વીરપ્રભુ પરણેલા છતા તેમના માટે કુમાર અવસ્થા કેમ જણાવી છે ?	૨૦૮
૨૪૮	દ્રવ્યાનુયોગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું સચોટ કારણ કેમ ?	૨૦૮
૨૪૯	દ્રવ્યગુણ પર્યાયરાસના રચયિતા કોણ ?	૨૦૮
૨૫૦	મોટી ઉંમરના ને દીક્ષાની મુશ્કેલીઓમાં સાધુ આદેશઆદિ આપે તો દોષ લાગે ?	૨૦૯
૨૫૧	દેરાસર માટે પણ ઉપદેશ અપાય કે આદેશ ?	૨૦૯

અનુક્રમણિકા

૨૫૨	સ્વદયા સિવાય પરદયા ની મનાઈનો ગૂઢાર્થ	૨૦૯
૨૫૩	સાધુ શાસ્ત્રાજ્ઞા મુજબ કેવળ ઉપદેશને જ વળગી રહે ?	૨૦૯
૨૫૪	દેરાસર, ઉપધાન, સર્વવિરતિ આદિમાં બંધ થોડો અને નીર્જરા વધુ કેમ ?	૨૦૯
૨૫૫	નલીની ગુલ્મ વિમાન ક્યા દેવલોકમાં છે ?	૨૦૯
૨૫૬	વિહારમાં પાણી તથા વનસ્પતિવાળા બે માર્ગ આવે તો સાધુ કયા માર્ગે વિહરે ?	૨૦૯
૨૫૭	તત્વાર્થમાં તેઉકાય અને અપકાયને ત્રસ કેમ ગણ્યા ?	૨૦૯
૨૫૮	નારકીઓને સમ્યકદર્શનની હાજરી કે ગેરહાજરીમાં દુઃખ વેદન કેવુ ?	૨૧૦
૨૫૯	દેશ ભૂખે કેમ મરે છે ?	૨૧૦
૨૬૦	ઉદ્યમ કરવા છતાં ધારવા પ્રમાણે ઉદ્યોગ નથી મળતાં ?	૨૧૦
૨૬૧	જૈનોમાં ૨૪ તીર્થકર, બોધ્યોમાં ૨૪ બોધિસત્વાદિનું રહસ્ય શું ?	૨૧૦
૨૬૨	સત્યધર્મ ક્યા મનમાં માનવો ?	૨૧૦
૨૬૩	ધર્મપર સામાન્ય આક્ષેપ થતાં જ ધીરજ કેમ નહિ ?	૨૧૧
૨૬૪	યથાપ્રવૃત્તિનો વાસ્તવિક અર્થ શું ? અજ્ઞાની જીવોનું મીથ્યાત્વ કેમ વધે ?	૨૧૧
૨૬૫	મોક્ષનાધ્યેય વગર સર્વજ્ઞભાષિત અનુષ્ઠાન કરે તો કેટલુ કર્મ ખપે ?	૨૧૧
૨૬૬	રાષ્ટ્રહિત અને સમાજહિત સાચવી ધર્મ કરવાથી શો ફાયદો ?	૨૧૧
૨૬૭	'પૌરજનસ્ય શાંતિર્ભવતુ' નો ભાવાર્થ શો ?	૨૧૧
૨૬૮	સાધુને રોટલાની ચીંતા ખરી કે નહિં ?	૨૧૨
૨૬૯	સાધુજીવનથી પતિત થનારની કઈ ગતિ ? ક્યાં જણાવેલ છે ?	૨૧૨
૨૭૦	સામાધિયોગથી ભ્રષ્ટ થયેલ સાધુની શી દશા	૨૧૨
૨૭૧	પોષહવ્રતધારી શ્રાવકની સરખામણી સાધુ સાથે થાય કે નહિ ?	૨૧૨
૨૭૨	સર્વવિરતિ માર્ગ અને જૈનદર્શનને નિર્ગ્રંથ પ્રવચન તરીકે ક્યાં જણાવ્યા છે ?	૨૧૨
૨૭૩	સ્ત્રી, ધનાદિને ત્યજેલ પાછો તે લેવા તત્પર બને તેને કેવો કહ્યો છે ?	૨૧૨
૨૭૪	નરકની વેદના ભય માટે છે કે શાસ્ત્રમાં વાસ્તવિક કથન છે ?	૨૧૨
૨૭૫	વિરાધક સાધુની દશા અત્યંત ખરાબ છે એવુ ક્યા શાસ્ત્રમાં છે ?	૨૧૩
વિ.૫૪	સુધાસાગર	૨૧૪
૫૫	સમાલોચના (માસિક અંગે કરેલ પ્રશ્નો – આક્ષેપો – જિજ્ઞાસાનું સમાધાન)	૨૧૬
૫૬	સબલશત્રુના સપાટામાં	
૫૭	વૈરાગ્યમેવાભયમ્	
૫૮	જૈનો અને ત્યાગ	૨૧૭
૫૯	આગમોદ્ધારકની અમોઘ દેશના	

અનુક્રમણિકા

→	દેવતત્ત્વ આદર્શ છે ગુરૂ તત્ત્વ શિક્ષકનાં સ્થાને છે	૨૨૪
→	વિદ્યાર્થીએ કરવી જોઈતી ફરજીયાત પ્રતિજ્ઞા	૨૨૫
→	કરવું જોઈએ કે કરવું પડે છે ? આજે માન્યતામાં મહદંતર છે	૨૨૬
→	જ્ઞાન કોને કહેવું ?	૨૨૭
→	જ્ઞાનને જ્ઞાન તરીકે નહિ પણ આરાધનાના સાધન તરીકે આરાધવાનું છે.	૨૨૮
→	અનંતા જુઠા ચારિત્ર વગર સાચા ચારિત્રની પ્રાપ્તિ થતી નથી	૨૨૯
→	'જ્ઞાન હિન ક્રિયા ખદ્યોત જેવી અને ક્રિયાહિન જ્ઞાનસૂર્ય જેવુ' કથનનું રહસ્ય	૨૩૦
→	જ્ઞાન ભાડે મળે છે ચારિત્ર ભાડે મળવી શકતુ નથી	૨૩૧
→	ચારિત્ર કહેવું કોને ? ચારિત્રમાં ગૃહત્યાગ આવશ્યક ?	૨૩૨
→	ચારિત્રએ શ્વાસ લેવાંની જેમ નિત્ય ક્રિયા છે.	૨૩૩
૬૦	**સાગર સમાધાન**	
પ્ર.૨૭૭	હાલના ઝઘડાની જડ શી ?	૨૧૩
૨૭૮	પ્રશસ્તકષાયોથી થતી પ્રવૃત્તિથી જે કર્મબંધ થાય તે પૂણ્યનો કે પાપનો ?	૨૩૫
૨૭૯	જીનમૂર્તિ તોડતા ને રોકવા જતાં તેના પ્રાણ જાય તો પુણ્ય કે પાપ બંધાય ?	૨૩૫
૨૮૦	જિનપૂજાથી થતો કર્મબંધ પુણ્યનો કે પાપનો ?	૨૩૫
૨૮૧	પુણ્યાનુ બંધી પુણ્યનો બંધ કેવી પ્રવૃત્તિથી પડે ?	૨૩૬
૨૮૨	જૈનધર્માનુસાર હિંસા અને અહિંસાની વ્યાખ્યા શું ?	૨૩૬
૨૮૩	બાલદીક્ષાના ત્રણ મતો છે તો આંઠ વર્ષના આયુષ્યે ક્યાંય કેવળજ્ઞાન માનેલ છે ?	૨૩૬
૨૮૪	અસર્વજ્ઞ ગૌતમસ્વામીજી, વીરપ્રભુને સંશયમાત્ર જાણવા દ્વારા સર્વજ્ઞ કેવી રીતે માને?	૨૩૬
૨૮૫	તામલીતાપસની છવિગઈ રહિતની તપસ્યા આયંબિલની કહેવાય ?	૨૩૭
૨૮૬	શાસ્ત્રમાં લવસત્તમ દેવને છઠ્ઠનો તપ બાકી રહે છે તેનું રહસ્ય ?	૨૩૭
૨૮૭	બૌદ્ધ દર્શનમાંગોશાળાની સામાન્યવાત આવે છે તેવી દીગંબર માં કેમ નથી ?	૨૩૭
૨૮૮	સમવસરણ પ્રભુ માટે દેવો બનાવે છે તો તેની અનુમતિ કેમ આપે છે ?	૨૩૭
વિ.૬૧	સુધાસાગર	૨૩૮
૬૨	સમાલોચના	૨૪૦
૬૩	પૂનિત પ્રણાલીકાથી તદ્દન અજાણ	
૬૪	દીક્ષા વિના સિધ્ધિ નહિ	
૬૫	પારમેશ્વરી પ્રવજ્યા	૨૪૧
૬૬	આગમોધારકની અમોઘ દેશના	
→	તપપદ : અનંતર અને પરંપર ફળ ભેદવિનાનું છે ?	૨૪૭

અનુક્રમણિકા

→	જૈન શાસનમાં શત્રુ રૂપે માત્ર કર્મને જ માનેલ છે.	૨૪૯
→	ભાવક્રિયા તે જ કે જે કર્મક્ષયના મુદ્દાથી કરાતી હોય	૨૫૦
→	જો સમ્યગ્દર્શનાદિ ચારને ચૂક્યા તો ચકરાવે ચઢ્યા	૨૫૧
→	દર્શનાદિત્રણ છતાં તપ વગર ગઢવી ઘેરના ઘેર જ	૨૫૨
→	કર્મરૂપ ગાઢ તિમિરને દૂર કરવા તપરૂપ સૂર્ય જ સમર્થ છે	૨૫૩
૬૭	**સાગર સમાધાન**	
પ્ર.૨૮૯	જાનુ પ્રમાણ ફુલો ઉપર ભગવાન અને સાંધુ આદિ શું બેસે ?	૨૫૫
૨૯૦	કેવળી ભગવંત ભગવાનને વંદન ન કરે પણ પ્રદક્ષિણા ફરે તેનું રહસ્ય ?	૨૫૫
૨૯૧	કેવળી ભગવંતો સમવસરણમાં શું સાંભળવા આવે ?	૨૫૫
૨૯૨	સમવસરણમાં કેટલે દૂરથી સાધુભગવંત આવે ?	૨૫૫
૨૯૩	ગર્ભાપહારને દિગંબરો કેમ માનતા નથી ?	૨૫૬
૨૯૪	રિવાજ અને રૂઢિની અયોગ્યતા એ શું ?	૨૫૬
૨૯૫	શ્રધ્ધાનુ સારિ અને તર્કાનુ સારિ જીવોને સમજાવવાની રીત સરખી છે ?	૨૫૬
૨૯૬	દીક્ષા તોડાવવામાં કે રોકવામાં જે નુકશાન થાય તેનો શાસ્ત્ર પાઠ જણાવો ?	૨૫૭
૨૯૭	ઉપધાનની માળની બોલી દેવ દ્રવ્યમાં કેમ ?	૨૫૭
૨૯૮	સ્વપ્ન દ્રવ્ય દેવદ્રવ્ય છે એ પ્રથા નવીન છે તો ફેરફાર થઈ શકે ?	૨૫૮
૨૯૯	પૂ.હેમચંદ્રસૂરિ મ. જે યોગશાસ્ત્રમાં શ્રાવકની પ્રશંસા કરી છે તે યોગ્ય છે ?	૨૫૮
૩૦૦	ચારિત્રની શ્રધ્ધાવિનાને સમ્યકત્વ સંભવે ? વર્તમાન સાધુને ન માને તે પરમેષ્ઠિને માને ?	૨૫૮
૩૦૧	તીર્થંકર નામકર્મ બાંધે ક્યારે ? નિકાચીત ક્યારે થાય ? સ્થિતિ કેટલી ?	૨૫૮
૩૦૨	તીર્થંકર નામ કર્મ બાદ જીવ તીર્યંચમાં કે સમ્યકત્વરહિત થાય કે નહિ ?	૨૫૮
૩૦૩	દુઃખ ગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ શું ?	૨૫૯
૩૦૪	મોહગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય ?	૨૫૯
૩૦૫	પૂજારી વગેરેને ફળ-નૈવેદ્ય અપાય તો તેમાં દેવ દ્રવ્યનો દોષ લાગે ?	૨૫૯
૩૦૬	તીર્થંકર સિવાય બીજાને દીક્ષાની સાથે મનઃ પર્યવજ્ઞાન થાય ?	૨૫૯
૩૦૭	કષાય, હિંસા અને મૃષાવાદને ક્યારે ગણી શકાય ?	૨૬૦
૩૦૮	ક્ષાયિક સમ્યકત્વવાળો જઘન્યથી કેટલે ભવે મોક્ષે જાય ?	૨૬૦
૩૦૯	અખિલ વિશ્વના લોકો મરણ થી ડરે છે એ વાત સાચી ?	૨૬૦
૩૧૦	મરણની બાબતમાં 'ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લા' નું રહસ્ય ?	૨૬૦
૩૧૧	ધર્મ કરવા મળેલ સામગ્રીનો ઉપયોગ ન કરે તે યોગ્ય છે ?	૨૬૧

અનુક્રમણિકા

૩૧૨	જિન કેટલા પ્રકારના છે ?	૨૬૧
૩૧૩	તીર્થંકરો જિનેશ્વર શા માટે કહેવાય ?	૨૬૧
વિ.૬૮	સુધાસાગર	૨૬૨
૬૯	**સિદ્ધચક્રની સાધના**	૨૬૨
૭૦	**મશહૂર ઝવેરી**	૨૬૨
૭૧	**શા કારણે આ કાયદા**	૨૬૨
૭૨	**વર્ધમાન તપની વિશિષ્ટતા**	૨૬૫
૭૩	**આગમોદ્ધારકની અમોઘ દેશના**	
→	ધર્મનું ફલ-સ્વરૂપ અને હેતુઓ	૨૬૯
→	ધર્મ ઇષ્ટ હોવા છતાં દુનીયામાં અધર્મ કેમ ચાલે છે ?	૨૭૦
→	ભોગી ભરમાવે કે ત્યાગી ?	૨૭૦
→	મનકમુનિની દીક્ષામાં શિષ્ય ચોરી કેમ નહિં ?	૨૭૧
→	આઠ વર્ષ પહેલાના બાળકની દીક્ષા મનાઈ ક્યારે ?	૨૭૨
→	બાળકોમાં કેવી સમજણ શાસ્ત્રકારો એ ગણી છે ?	૨૭૩
→	સાધુસેવા શા માટે ?	૨૭૪
→	જીવ રખડે છે શાથી ?	૨૭૪
→	કર્મની સત્તાકટીન પણ કોને ?	૨૭૫
૭૪	**સાગર સમાધાન**	
પ્ર.૩૧૪	સાધુએ સાધર્મિક વાત્સલ્યમાં વ્હોરવા જવાય ? સંખડી દોષ ક્યારે લાગે ?	૨૭૭
૩૧૫	પુણ્ય બંધ ક્યારે અને નિર્જરા ક્યારે ?	૨૭૭
૩૧૬	પાંચ આશ્રવોની નિંદા, કરેલ પાપો યાદ કરીને થાય કે નહિ ?	૨૭૭
૩૧૭	તીર્થંકરને વંદના કરવાનુ કોક છદ્મસ્થ કેવળીને કહે તે યોગ્ય ?	૨૭૭
૩૧૮	ક્ષાયિક ભાવનો ધર્મ આવ્યા પછી ક્ષાયોપશમિક ભાવનું શું થાય ?	૨૭૮
૩૧૯	વિનય વિના હિંસા અને સત્ય મોક્ષ આપી શકે કે નહિ ?	૨૭૮
૩૨૦	તીર્થંકરદેશનાપરઉપકાર કે તીર્થંકર નામકર્મનું વેદન ?	૨૭૮
૩૨૧	કર્મની ૧૫૮ પ્રકૃતિમાં બંધ અને ઉદયમાં શુભ કઈ ?	૨૭૮
૩૨૨	જગતમાં જીવે જન્મ મરણ ક્યાં નહિ કરેલ હોય ?	૨૭૮
૩૨૩	દ્રવ્ય ચારિત્ર વગર ભાવ ચારિત્ર સંભવે ? પ્રાપ્તિનું કારણ શું ?	૨૭૯
૩૨૪	અવધિજ્ઞાનનું લક્ષણ શું ?	૨૭૯
૩૨૫	અવંતીસુકુમાલ ને સમ્યકત્વ ખરૂં ?	૨૭૯

અનુક્રમણિકા

૩૨૬	આશંસા અને નિયાણામાં શું ફેર ?	૨૭૯
૩૨૭	સમ્યગ્દૃષ્ટી નિયાણુ કરે કે નહિ ? સમ્યક્ત્વ રહે ?	૨૮૦
૩૨૮	ચારિત્ર લઈ નવગ્રૈવેયકમાં કેટલી વખત જવાય પાઠ સહિત કહો ?	૨૮૦
૩૨૯	પંચમકાલના ભવ્યાત્મા માટે મોક્ષના દ્વાર બંધ છે ?	૨૮૦
૩૩૦	વારંવાર આગમો વાંચવાથી ફાયદો શો ?	૨૮૦
૩૩૧	સ્વાધ્યાયથી આત્માને શું લાભ ?	૨૮૦
૩૩૨	શ્રુતકેવળી આદિ પરમાણુ દેખે કે નહિ ?	૨૮૧
૩૩૩	શાસ્ત્રમાં ત્રણ અજીર્ણ કહ્યા છે તે કયા ?	૨૮૧
૩૩૪	સર્વજ્ઞ થયા વગર કોઈપણ જીવ મોક્ષે જાય ?	૨૮૧
૩૩૫	'જેમ તે ભૂલ્યો મૃગ કસ્તુરીયો....' ગાથાનો અર્થ	૨૮૧
૩૩૬	ક્ષાયિક સમ્યગ્દૃષ્ટી વધુમાં વધુ કેટલા ભવે મોક્ષે જાય ?	૨૮૧
૩૩૭	પરમેશ્વરપુણ્યના કાર્યમાં કારણ ભૂત તેમ પાપમાં ખરા ?	૨૮૧
વિ.૭૫	**સમરાદિત્ય ચરિત્ર (ભાષાંતર)**	૨૮૨
૭૬	**સુધાસાગર**	૨૮૫
૭૭	**શાસ્ત્ર સંમત દીક્ષામાં પણ આપાયેલ ભોગ**	૧૩
૭૮	**ધર્મ સાધનામાં ઘટેના વાયદા**	
૭૯	**સમ્યગ્ દર્શન**	
→	સમકિતી ભડકે ક્યા ?	૨૮૯
→	દ્રવ્યદયાના ભોગે ભાવદયાનું રક્ષણ રત્નત્રયી માટે જ	૨૯૧
→	દ્રવ્યદયા મહેતલ છે ભાવદયા માફી છે	૨૯૨
→	દ્રવ્યદયાની મહત્તા બતાવી ભાવદયા ઉઠાવનાર ભયંકર બની છે	૨૯૩
→	સમ્યગ્દર્શન વિનાનાં દેશનિકાલ થયેલા છે.	૨૯૪
૮૦	**આગમોદ્ધારકની અમોઘ દેશના**	
→	ધર્મશ્રવણની પ્રાપ્તિ થાય તે જ આર્યક્ષેત્ર	૨૯૬
→	આર્યક્ષેત્ર અને અનાર્ય ક્ષેત્ર એટલે શું ?	૨૯૭
→	ભાવનું સ્વરૂપ	૨૯૮
→	ધક્કો ખાઈને નીકળવા કરતા રાજીનામુ આપવું શ્રેષ્ઠ	૨૯૯
→	નરકમાં સમકિતી વધુ દુઃખી શાથી ?	૩૦૨
→	નરકમાં જ્ઞાન વધારે કેમ ?	૩૦૨
૮૧	**સાગર સમાધાન**	

અનુક્રમણિકા

પ્ર.૩૩૯	એક માણસ અગ્નિ સળગાવે અને એક અગ્નિ ઓલવી નાંખે એ બેમાં વિશેષ કર્મ કોણ બાંધે ?	૩૦૫
૩૪૦	નિર્જરાના પ્રકાર કેટલા ? આત્મા કેવી રીતે તેના દ્વારા કર્મથી અળગો થાય ?	૩૦૫
૩૪૧	'संवरात् मोक्षायघतितव्यं' એમ કહ્યું છે પણ સંવર એટલે શું ?	૩૦૫
૩૪૨	આશ્રવ કોને કહેવાય ? શુભ અને અશુભ આશ્રવ કેવી રીતે થાય ?	૩૦૬
૩૪૩	જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય, વેદનીય અને મોહનીય કર્મનાં આશ્રવ શી રીતે ઓળખાય?	૩૦૬
૩૪૪	જ્ઞાન-દર્શન-મોહ અને અંતરાય એ ચાર કર્મોના આશ્રવ શુભ હોય કે નહિ ?	૩૦૭
૩૪૫	પુંડરિક રાજાએ કંડરીકને ગૃહસ્થ વેષ આપી સાધુ પણ સ્વીકાર્યું તો દીક્ષા તોડાવવાનો દોષ ?	૩૦૭
૩૪૬	દેશના દેવાને અધિકારી કોણ ?	૩૦૭
૩૪૭	નવકાર ગણવા કરતા નમો પાર્શ્વનાથાય આદિ ગણવાથી નવકાર ની અવજ્ઞા ખરી ?	૩૦૭
૩૪૮	હેમચંદ્ર સૂરિએ યોગશાસ્ત્રમાં ઓમ્‌કાર જપવાનું કેમ કહ્યું ?	૩૦૮
૩૪૯	જ્ઞાનદાન કોનું નામ ?	૩૦૮
૩૫૦	આ જીવ સુખમાં રાજી અને દુઃખમાં નારાજ કેમ થાય છે ?	૩૦૮
૩૫૧	દિવસ કેટલો ચઢ્યો અને કેટલો બાકી રહ્યો તે અંગે જૈન શાસ્ત્રમાં વિધાન છે ?	૩૦૮
વિ.૮૨	**સમરાદિત્યચરિત્ર તાપસનો અભિગ્રહ અને રાજાનું આમંત્રણ**	૩૦૯
૮૩	**સુધાસાગર**	૩૧૨
૮૪	**સગીર સમજે શું ?**	
૮૫	**ધર્મના ચિન્હો આંધળીયો ઉદ્યમ લાભદાયી નથી**	૩૧૩
૮૬	**અનુગમોદ્ધારક અમોઘ દેશના**	
→	ખર્ચવાની કુટેવવાળા આવકનો હિસાબ રાખતા નથી	૩૧૭
→	મનુષ્ય દેહ શાથી મળ્યો ?	૩૧૮
→	મોટામાં મોટી ખામી	૩૧૯
→	ઈશ્વરનો ઉપદેશ શી રીતે ઉપકારક ગણી શકાય ?	૩૨૦
→	જિનેશ્વર દેવની ભક્તિનું વિધાન શા માટે ?	૩૨૧
૮૭	**સાગર સમાધાન**	
પ્ર.૩૫૨	પદાર્થની ઉત્તમતા હોય પછી દાખલાની આવશ્યકતા શી ?	૩૨૪
૩૫૩	પુરૂષ વૈરાગી હોય અને તેથી સ્ત્રી વ્યભિચાર કરે તો પુરૂષને દોષ લાગે ?	૩૨૪
૩૫૪	મીથ્યાત્વને ગુણસ્થાનક કેમ કહેવાય ?	૩૨૪
૩૫૫	અભવ્યને મીથ્યાત્વ ગુણ સ્થાનક કહે કે નહિ ?	૩૨૪

અનુક્રમણિકા

૩૫૬	મોક્ષની બુદ્ધિએ અનુમાન કરનારનો સંસાર કેટલો હોય ?	૩૨૪
૩૫૭	ગૃહસ્થપણામાં સાધુપણાની ક્રિયા કરનાર સાધુ ગણાય કે નહિ ?	૩૨૫
૩૫૮	દ્રવ્ય સાધુના વગરના કેવલીને ગૃહસ્થોએ વંદન કરવું કે નહિ ?	૩૨૫
૩૫૯	ક્યા ક્યા દેવતામાંથી ચ્યવીને વાસુદેવ થઈ શકે ?	૩૨૫
૩૬૦	અસ્પૃશ્ય જાતીવાળા ભાવિક હોય તો ધર્મકાર્યમાં કેવી રીતે વર્તે ?	૩૨૫
૩૬૧	મુખ્યરીતીએ મનુષ્યપામવાના કારણો ક્યા ?	૩૨૫
૩૬૨	સાધુના ઉપદેશથી કોઈ વૈરાગી થાય તેને લોકો ભૂરકી નાંખી કહે છે એટલુ શું ?	૩૨૫
૩૬૩	પૌદ્ગલીક ઈચ્છાએ ધર્મ કરવાનું કહેતો સાધુતા રહે કે નહિ ?	૩૨૫
૩૬૪	'ધર્મ સ્વર્ગાય વર્ગદ:' કહેનાર શાસ્ત્રકારનાં મહાવ્રત રહે કે તુટે ?	૩૨૬
૩૬૫	આર્યક્ષેત્ર કોણે કહેવાય ?	૩૨૬
૩૬૬	આવશ્યક કેટલા પ્રકારના છે ?	૩૨૬
૩૬૭	ભરતમહારાજના રસોડે જમનાર શ્રાવકો કઈ શરતો પાળતા હતા ?	૩૨૬
૩૬૮	સમ્યક્ત્વ પામતી વખતે જીવ કેટલી નીર્જરા કરે ?	૩૨૬
૩૬૯	ગોશાળો તીર્થંકરને માનતો હતો કે કેમ ?	૩૨૬
૩૭૦	'ધર્મ જોવામાં બારિક બુદ્ધિ જોઈએ' વાક્યનું રહસ્ય શું ?	૩૨૬
૩૭૧	અંતર્મુહુર્ત કરેલ ધર્મ કેટલું સુખ આપે ?	૩૨૭
૩૭૨	ગૃહસ્થ શ્રુતજ્ઞાની પરમગુરૂ તરીકે મનાય ?	૩૨૭
૩૭૩	ઋજુવાલુકા નદીથી પાવાપુરી કેટલી થાય ?	૩૨૭
૩૭૪	સામાન્ય કેવળીને કેવલજ્ઞાન હોવા છતાં તીર્થંકર કેમ ન કહેવાય ?	૩૨૭
૩૭૫	"ઉપન્નેઈવા.." આદિ ત્રિપદી સામાન્ય કેવળી બોલે તો ચૌદ.પૂર્વાદિ. ગણધર રચી શકે?	૩૨૭
૩૭૬	તીર્થંકરની દેશનામાં કોડો જીવોની શંકાના સમાધાન એક સાથે શી રીતે થાય ?	૩૨૭
વિ.૮૮	સુધા સાગર	૩૨૮
૮૯	સમરાદિત્ય ચરિત્ર	
→	સાચી સ્વતંત્રતા કોને કહેવાય ?	૩૩૨
→	પુન: પ્રાર્થના અને સ્વિકાર	૩૩૪
→	યુધ્ધ પ્રયાણ અને પારણા માટે આગમન	૩૩૫
૯૦	સમાલોચના	૩૩૬
૯૧	વાલીના જન્મસિધ્ધ હક્ક ઉપર તરાપ મારનાર મુસદ્દો	
૯૨	જમનાવાદીઓની બુલંદ બાંગ	૩૩૮
૯૩	આગમોદ્ધારકની અમોઘ દેશના	

અનુક્રમણિકા

→	સાચા જુઠા શબ્દની અપૂર્વ શક્તિ .	૩૪૩
→	ધર્મલાભ આશીર્વાદનું નિયમન કેમ ?	૩૪૪
→	મોક્ષમાં સુખ શી રીતે માનવું ?	૩૪૫
→	મનુષ્યભવ શી રીતે મળે ?	૩૪૬
→	આસ્તિક નહિ તે નાસ્તિક એમ નહિ.	૩૪૮
→	મનુષ્યને વિષયમોંઘા પશુને તદ્દન સોંઘા.	૩૫૧
૯૫	**આજનો મુસદ્દો**	
→	આંબોએ વૃક્ષપણ વૃક્ષએ આંબો નહિ	૩૫૩
→	તોલ ક્યા કાંટે થાય ?	૩૫૫
→	ભગવાનની ભવ્યતા	૩૫૬
→	શાસનની મહત્તા	૩૫૮
→	ન કર્યો તે અધર્મ	૩૫૯
→	કથની કરણી ભિન્ન છે ત્યાંજ લીલાના પડદા	૩૬૦
૯૬	**સાગર સમાધાન**	
પ્ર.૩૭૭	સૌધર્મ દેવલોક મનુષ્ય લોકથી કેટલે છેટે છે ?	૩૬૨
૩૭૮	અભિગમ શ્રાવકો પોતાના સંતાન સાધુ-સાધ્વીને સોંપતા એ ક્યાં છે ?	૩૬૨
૩૭૯	જઘન્યથી કેટલી ઉમરવાળો અનુત્તર વિમાનમાં જાય ?	૩૬૨
૩૮૦	શાસ્ત્રમાં ચિંતા કેટલા પ્રકારની કહી છે ?	૩૬૨
૩૮૧	દેવતા ક્યારે આહાર કરે ?	૩૬૨
૩૮૨	બાદર હિંસાના ત્યાગ વિના સુક્ષ્મ હિંસા ત્યજી શકાય ?	૩૬૨
૩૮૩	દુઃખીને જોઈ દયાન આવે તેમાં સમ્યકત્વ સંભવે ?	૩૬૩
૩૮૪	તીર્થંકરનો જીવ અવધિ-મનપર્યવજ્ઞાન વગરનો હોઈ શકે ?	૩૬૩
૩૮૫	સંયમના ભોગે અહિંસા કરવા લાયક ખરી ?	૩૬૩
૩૮૬	ભાવદયા વિનાનો સંસાર પરનો કંટાળો નિર્વેદ કહેવાય ?	૩૬૩
૩૮૭	ક્યા ગુણો સ્પર્શે ત્યારે સમ્યગ્દૃષ્ટી કહેવાય ?	૩૬૩
૩૮૮	કઈ કરણીથી શ્રાવક કહેવાય ?	૩૬૩
૩૮૯	મોક્ષની બુધ્ધિએ ભાવસાધુતા આવી એની નીશાની શું ?	૩૬૩
૩૯૦	પહેલા પ્રીતિ કે પ્રતિતિ ?	૩૬૪
૩૯૧	શ્રધ્ધામાં શક્તિની ખામી ચાલી શકે ?	૩૬૪
૩૯૨	શાસ્ત્રમાં અનાર્યનું લક્ષણ છે ?	૩૬૪

અનુક્રમણિકા

૩૯૩	ધર્મની કિંમત સમજાઈ ક્યારે કહેવાય ?	૩૬૪
૩૯૪	શલાકા પુરૂષ મનુષ્ય અથવા તીર્યંચ માંથી આવનાર થઈ શકે ?	૩૬૪
૩૯૫	કઈ નરકથી નીકળી ચક્રવર્તી થાય ?	૩૬૪
૩૯૬	વાસુદેવ, બળદેવ, અને તીર્થંકર કઈ નરકવાળા થઈ શકે ?	૩૬૪
૩૯૭	ચક્રવર્તી અને બળદેવ ક્યા દેવતા થઈ શકે ?	૩૬૪
૩૯૮	પ્રભુનું સમવસરણ એક જ સ્થાને પુનઃ થાય કે નહિ ?	૩૬૪
૩૯૯	કયો દેવતાઓ તીર્થંકર થઈ શકે ?	૩૬૪
૪૦૦	સાધુ સાધ્વીએ કેટલા છેટેથી વાંદવા તીર્થંકરને જવું જ પડે ?	૩૬૫
૪૦૧	રોચક સમ્યક્ત્વ ક્યારે કહેવાય	૩૬૫
૪૦૨	કારક સમ્યક્ત્વનું લક્ષણ શું ?	૩૬૫
૪૦૩	દીપક સમ્યક્ત્વનું કાર્ય અને લક્ષણ શું ?	૩૬૫
૪૦૪	દીપક સમ્યક્ત્વનું દેવાળુ હોઈ શકે ખરૂં ?	૩૬૫
૪૦૫	ચૈત્યવાસી જે દેહરે પૂજા કરે તે દેહરું સાવદ્ય કહેવાય ?	૩૬૫
વિ.૯૭	સુધા સાગર	૩૬૬
૯૮	સમરાદિત્ય ચરિત્ર	
→	અગ્નિશર્માનો દારૂણ દ્વેષ	૩૭૦
→	વિજયસેન સૂરિ અને તેમની દેશના	૩૭૨
→	મિત્રનું મરણ અને રાજાને થયેલ વૈરાગ્ય	૩૭૪
→	મુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ	૩૭૫
૯૯	સ્વાભાવિક છે	
૧૦૦	આગમોદ્ધારકની અમોઘ દેશના	
→	અલૌકિક દિપક	૩૭૭
→	જીતવાની એક સરખી પધ્ધતિ	૩૭૮
→	કલ્યાણ કુંચી	૩૮૦
→	સિધ્ધાંતને વ્યવહારુ બનાવો	૩૮૧
→	દેવાધિદેવની વિશિષ્ટતા	૩૮૩
→	તીર્થંકરો સ્વયંબુધ્ધ કહેવાય છે તો લોકાંતિકની વિનંતિ શું છે ?	૩૮૪
૧૦૧	સુધા સાગર	૩૮૫
૧૦૨	આગમોદ્ધારકની અમોઘ દેશના	
→	નિત્યતાનું કારણ	૩૮૮

અનુક્રમણિકા

→	જૈન આસ્તિક્ય	૩૮૯
→	ભાવદયાનો ભાવવાહિ ભરમ	૩૯૦
→	પરમાર્થતા	૩૯૧
→	ભાવદયાની ભાગોળ	૩૯૨
→	ગુણઠાણાની ગહનતા	૩૯૫
→	ભાવદયાની ગેરહાજરી	૩૯૬
→	મનગમતાં લક્ષણો	૩૯૭
→	શમનું સુંદર સ્વરુપ	૩૯૮
૧૦૩	**સાગર સમાધાન**	
પ્ર.૪૦૬	ધર્મની દેવલોક જેટલી કીંમત કરે તેને મિથ્યાત્વ લાગે	૩૯૯
૪૦૭	મનકમુનિની જેમ આજની બાળદીક્ષા યોગ્ય છે ?	૩૯૯
૪૦૮	સાધુ અને શ્રાવકમાં માત્ર કપડાનો ફેર ?	૩૯૯
૪૦૯	'દેવા વિ તં નમંસંતિ' પદથી ધર્મની કિંમત શું ઘટે છે ?	૩૯૯
૪૧૦	શ્રાવકો પાશ્ચાત્ય સંસ્કારમાં તણાઈ જાય છે તેનુ કારણ શું ?	૪૦૦
૪૧૧	ચારિત્ર અવસ્થાની ગણતરી ક્યારથી ?	૪૦૦
૪૧૨	પુરૂષાર્થ એટલે શું ?	૪૦૦
વિ.૧૦૪	**આગમોદ્ધારક એટલે શું ?**	
૧૦૫	**આગમોદ્ધારકની અમોઘ દેશના**	
→	દોષને દૂર કરનાર દેવો અને ઢાંકનાર ભક્તો	૪૦૨
→	દૂષણની ભૂષણરૂપે માન્યતા	૪૦૫
→	દોષદાહ જબરૂ થશે	૪૦૫
→	ઉત્તમપરિણામનો ઘડો	૪૦૬
→	દોષ દાહ પ્રકરણ મોક્ષ હિસાબે મોટો તફાંવત	૪૦૭
→	ઈશ્વર જેવો કુંભાંડી કોણ ?	૪૦૮
→	આરાધનાનું યથાસ્થિત ફળ	૪૦૯
૧૦૬	**શાશ્વત સંસ્થા અને વડોદરા સરકાર (બાળદીક્ષા અંગે)**	૪૧૦
૧૦૭	**સાગર સમાધાન**	
પ્ર.૪૧૩	પુરૂષાર્થમાત્ર સેવનીય ખરો ?	૪૨૧
૪૧૪	ચારમાં સેવવા લાયક કયા ?	૪૨૧
૪૧૫	પુરૂષાર્થમાં કેટલા ગ્રાહ્ય કેટલા ત્યાજ્ય ?	૪૨૧

અનુક્રમણિકા

૪૧૬	પુરૂષાર્થનું વાસ્તવિક સ્વરૂપ શું ?	૪૨૧
૪૧૭	ત્યાજ્ય પુરૂષાર્થનો વિચાર, ઈચ્છામાં પણ કર્મ બંધ ?	૪૨૧
૪૧૮	મોક્ષનું સ્વરૂપ સરખું છતાં સિદ્ધના પંદર ભેદ કેમ ?	૪૨૨
૪૧૯	પ્રભુ પૂજામાં કાચાપાણીનાં સ્થાને ઉકાળેલ પાણી વપરાય ?	૪૨૨
૪૨૦	હરકોઈ સંબંધી અભિપ્રાય આપવાનો હક્ક કોને ?	૪૨૨
૪૨૧	દીક્ષા માટે છ માસની પરીક્ષા શાસ્ત્રમાં છે ?	૪૨૨
૪૨૨	સાધુની પરીક્ષા કરવાનું કામ શ્રાવકો કરે કે નહિ ?	૪૨૨
૪૨૩	પૂર્વકાળના સાધુ જંગલમાં રહેતા હતા એ વાત સાચી ?	૪૨૨
૪૨૪	સ્વરૂપ સમજ્યા વગર હા ! ભણે તો વાંધો શું ?	૪૨૩
૪૨૫	સ્વરૂપ સમજ્યા વગર જ્ઞાની પર વિશ્વાસ રાખવો ઉચીત છે ?	૪૨૩
૪૨૬	ચૈત્રી પૂનમનાં દેવ વંદન શાસ્ત્રાનુસાર કે ઈચ્છાનુસાર	૪૨૩
૪૨૭	ક્ષાયિક સમ્યકત્વી મીથ્યાત્વની વૃધ્ધિ કરાવે ?	૪૨૩
૪૨૮	વાંદણાલેતા બીજીવાર 'આવસ્સીયાએ' પદ કે મ ન બોલવું ?	૪૨૩
૪૨૯	ચોલપટ્ટા આગાર ક્યા ઉપયોગમાં લેવો ?	૪૨૩
૪૩૦	ઉપવાસ અને એકાસણાદિના પચ્ચમાં પ્રારંભમાં ફરક કેમ ?	૪૨૩
૪૩૧	પૌષધ બેસણુ કરી શકાય કે નહિ ? છુટાવાળા કરી શકે ?	૪૨૩
૪૩૨	સાંજના પૌષધ લેનારને ઓછામાં ઓછુ કેટલુ પરચ જોઈએ ?	૪૨૪
૪૩૩	૪૮ મિનિટ કરતા વધુ સમય સામાયિકમાં બેસાય કે નહિ ?	૪૨૪
૪૩૪	ધારણા વગર સામાયિકમાં વધુ બેસે તો ચાલે ?	૪૨૪
૪૩૫	પોસહ લીધા બાદ સામાયિક કેમ ઉચ્ચરાવાય છે ?	૪૨૪
૪૩૬	પોસહ ઉચ્ચર્યા બાદ સામાયિક ઉચ્ચરવાની જરૂર શી ?	૪૨૪
૪૩૭	દ્વારિકા દાહક દ્વિપાયન ઋષિ આવતી ચોવીશીમાં ૧૯માં જિન થવાના ?	૪૨૪
૪૩૮	આણંદ શ્રાવક દ્વિપાયન ઋષિ આવતી ચોવીશીમાં આઠમાં તીર્થંકર થવાના છે ?	૪૨૪
૪૩૯	દેવતા મનુષ્ય સ્ત્રી સાથે સંબંધ કરી ગર્ભ ઉત્પન્ન કરી શકે ?	૪૨૪
૪૪૦	વસુદેવાદિ સ્ત્રીઓ કેવી રીતે ભોગવી શકે ?	૪૨૪
વિ.૧૦૮	**સમાલોચના જીવનને જીવી જાણનારા**	
૧૦૯	**સૂર્ય પૂરમાં સુધા વૃષ્ટિ**	
૧૧૦	**ધર્મનું સ્વરૂપ**	૪૨૫
→	આત્મરૂપ મૃગ કસ્તુરીયો	૪૨૮

અનુક્રમણિકા

→	આચ્છાદ્ય અભિવ્યંજકના રૂપમાં પણ હોય	૪૨૯
→	ચૈતન્યનું સામ્રાજ્ય ક્યા ?	૪૩૦
૧૧૧	**અમોઘ અમીવૃષ્ટિ**	
→	વફાદારીને વળગી રહેવા પ્રભુ પૂજા ન્યાય યુક્ત છે.	૪૩૨
→	ચીલે ચટ્ટેલું ગાડું	૪૩૪
૧૧૨	**સમરાદિત્ય ચરિત્ર**	
→	શૂરવીરનો ઉપદેશ	૪૩૬
→	બારવ્રતનું સ્વરૂપ	૪૩૭
→	ગુણસેન રાજાને થયેલ વૈરાગ્ય	૪૩૮
→	અગ્નિ શર્માનો ઉપસર્ગ અને પ્રથમભવની સમાપ્તિ	૪૩૯
૧૧૩	**સાગર સમાધાન**	
પ્ર.૪૪૧	તીર્થંકરનું ફેરવ્યું ફરે કે નહિ ?	૪૪૧
૪૪૨	આશ્રવના કારણ તે બંધના અને વિરુધ્ધ તો ધર્મ અધર્મ થાય ?	૪૪૧
૪૪૩	સયોગી કેવળી મોક્ષે જાય ?	૪૪૨
૪૪૪	સમકિતી આદિ સર્વે મોક્ષે જાય ?	૪૪૨
૪૪૫	ચોથાગુણઠાણાવાળો મોક્ષે જાય ?	૪૪૨
૪૪૬	સયોગી થવાનો વખત શી રીતે આવે ?	૪૪૨
૪૪૭	ચૌદમા ગુણ સ્થાનકે બંધ ઓછો અને નિર્જરા વધુ વાત ખરી ?	૪૪૨
૪૪૮	ઉપસર્ગ એ બંધ અને નિર્જરાનું કારણ શી રીતે ?	૪૪૨
૪૪૯	બંધનુ કારણ નિર્જરાનું કારણ થાય પરંતુ નિર્જરાનું કારણ બંધનું થાય ? સાચું શું ?	૪૪૩
૪૫૦	અણસણ, જિન કલ્પાદિ હાલ છે ?	૪૪૩
૪૫૧	દિગંબરો જિનકલ્પી ખરા કે નહિ ?	૪૪૩
૪૫૨	જમાના પ્રમાણે વર્તવું કે જમાનાની સામે વર્તવું ?	૪૪૩
૪૫૩	આ તો તમે ઋતુકાળની વાત કરી ?	૪૪૪
૪૫૪	મીઆવીઓવનસ્પતીકાયમાંજીવેછેપણતેમનેસુખદુઃખહોતુનથીઅમેકહેછેતેસાચું ?	૪૪૪
૪૫૫	ધર્મ કહેલો કે કરેલો ?	૪૪૪
૪૫૬	નિત્યતામાં બે સ્થાનો અને સર્વસ્થાન સંશોધન શી રીતે ?	૪૪૪
વિ.૧૧૪	**સુધાસાગર**	૪૪૫
૧૧૫	**પ્રભુમાર્ગના પૂજારીઓ**	
૧૧૬	**ચાતુર્માસ અને આપણી સમજ**	૪૪૯

અનુક્રમણિકા

૧૧૭	**આગમોદ્ધારકની અમોઘ દેશના**	
→	ભવ્ય જીવ કોણ ?	૪૫૧
→	મોક્ષનું બીજ તે જ ભવ્યત્વ	૪૫૨
→	મનુષ્યની પરાધીનતા	૪૫૩
→	કેવળી શી રીતે થયા ?	૪૫૪
→	તમારૂં ભવ્યપણું તમે જાણી શકો છો ?	૪૫૫
→	ચરમપુદ્ગલ પરાવર્ત એટલે શું ?	૪૫૬
→	પતિત અને પ્રત્યનિક	૪૫૬
→	મનમાં મોતીના ચોક પુરે તે પણ સાચા થાય	૪૫૮
૧૧૮	**સાગર સમાધાન**	
પ્ર.૪૫૭	બીજા જૈનાચાર્યો અને પૂ. સાગરજી મ. નું દીક્ષાની વય સંબંધમાં અંતર કેમ ?	૪૬૦
૪૫૮	કુર્મા પુત્ર કેવલી થયા બાદ પણ સંસારમાં કેમ રહ્યા ?	૪૬૧
૪૫૯	કુર્માપુત્ર ઘરમાં રહ્યા તે સારૂં કર્યું ને ?	૪૬૧
૪૬૦	નાગીલાના પતિને દીક્ષા આપી તે ખરાબ કહેવાયને ?	૪૬૧
૪૬૧	શાસ્ત્રો લખાયા ક્યારે ?	૪૬૨
૪૬૨	આજ્ઞા ક્યા આરામાં હતી ?	૪૬૨
૪૬૩	તત્ત્વમાં ફેરફાર ન કરતાં સમયોચિત કરવામાં લાભ ખરો ?	૪૬૨
૪૬૪	ચોથા આરા અને પાંચમાં આરામાં ફેર ?	૪૬૨
૪૬૫	કાળને દ્રવ્ય કહ્યું કથનાનુસાર દ્રવ્યની અસર થાય ને ?	૪૬૨
૪૬૬	તીર્થંકરો અમુક સમયમાં જ કેમ થાય ?	૪૬૨
૪૬૭	પાંચમાં આરામાં સાધુપણુ કનિષ્ઠ છે વાત સાચી ?	૪૬૩
૪૬૮	દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ અને દ્રષ્ટિએ વિચારવાનું કે નહિ ?	૪૬૨
૪૬૯	દ્રવ્ય, ક્ષેત્ર અને કાલની દ્રષ્ટિએ જોવાનું શાસ્ત્રમાં કહ્યું છે ?	૪૬૩
૪૭૦	વ્યવહાર ધર્મની જેમ તે દીક્ષાને કેમ લાગુ પડે છે ?	
૪૭૧	કયા સૂત્રમાં આ વિધાન છે ?	
૪૭૨	તીર્થંકરદેવોનું જીવન બીજાને માટે અનુકરણ કરવા લાયક ખરું ?	
૪૭૩	તીર્થંકર પ્રભુની જેમ ગૃહસ્થ ધર્મ ખોટો તો નથીને ?	
૪૭૪	દીક્ષાની વય દરેક આરામાં જુદી જુદી ?	૪૬૩
૪૭૫	તીર્થંકરોએ પણ ગૃહસ્થાશ્રમ આચાર્યો માટે તો ખોટો તો નથી ને ?	૪૬૩
૪૭૬	ગૃહસ્થ સંસારી પણ મોક્ષ મેળવી શકે તો સંયમની શી જરૂર ?	૪૬૪

અનુક્રમણિકા

૪૭૭	રાગદ્વેષ વિનાનો થાય અને મન જીતે તો મોક્ષમળે કે નહિ ?	૪૬૪
૪૭૮	વાસ્તવિક ત્યાગ આવે ત્યારેજ દીક્ષા લઈ શકાય ?	૪૬૪
૪૭૯	ત્યાગ ગાડરીયા પ્રવાહ જેવો છે ?	૪૬૫
૪૮૦	બાળકની દીક્ષા માટેની ઇચ્છાથી દીક્ષા આપવી શું યોગ્ય છે ?	૪૬૫
૪૮૧	બાળક લાલચ ખાતર હા પાડે તો શું ?	૪૬૫
૪૮૨	સંસારી સ્ત્રીનું સુખ શું છે તે સમજ્યા વિના દીક્ષા લે તે યોગ્ય ?	૪૬૫
૪૮૩	છ વર્ષના બાળકને પરસ્ત્રી ત્યાગની બાધા આપી શકાય?	૪૬૫
૪૮૪	દીક્ષાની યોગ્યતા માટે તેની વિવેક બુધ્ધિ જરૂરી ખરી ને ?	૪૬૬
૪૮૫	ઉપરોક્ત વિવેક બુધ્ધિ બાળકોમાં હોય ?	૪૬૬
૪૮૬	બાળદીક્ષા અંગે મધ્યસ્થનીમી જાહેરમાં ચર્ચા કેમ કરતા નથી	૪૬૬
૪૮૭	પ્રવચન સારોદ્ધારમાં બાળને દીક્ષાની મનાઈ કરી છે તેનુ શું ?	૪૬૭
૪૮૮	આઠ વર્ષ ગર્ભથી કે જન્મથી	૪૬૭
૪૮૯	'જાવસાહુ' પદ શ્રાવક કોક સ્થાને બોલે કે સર્વ સ્થાને ?	૪૬૭
૪૯૦	શ્રાવકને સ્નાનનું વિધાન ક્યા શાસ્ત્રમાં છે ?	૪૬૭
૪૯૧	આવરણના અભિગ્રહથી શું સમજ્યું ?	૪૬૭
વિ.૧૧૯	સુધાસાગર	૪૬૮
૧૨૦	સાધુ સંસ્થાએ અમૃતનો કયારો છે	
૧૨૧	પર્યુષણપર્વ પ્રશંસા ગીત	
૧૨૨	પર્યુષણાદિને અંગે વિચારણા (કલ્પવાચન-પ્રશ્નોત્તર)	૪૬૯
૧૨૩	પર્યુષણા પર્વ અને આપણી ફરજ	૪૭૩
૧૨૪	આગમોદ્ધારકની અમોઘદેશના	
→	ધર્મ એટલે શું ?	૪૭૬
→	દુર્ગતિ થી બચાવે તે ધર્મ	૪૭૭
→	છેલ્લી કોટીનો ધર્મ	૪૭૮
→	વ્યવહારજાય તો શાસનજાય	૪૭૮
→	મીથ્યાત્વ સાથે ધર્મ શક્ય છે ?	૪૭૯
→	પાણીમાં અગ્નિ છે કે નહિ ?	૪૮૦
→	તીર્થ તોડનારને પોષણ અપાય ?	૪૮૧
→	મીથ્યાત્વમાં ગુણઠાણુ કેમ માન્યું ?	૪૮૨
→	'સદ્ગતી આપે તે ધર્મ' વ્યાખ્યા ખોટી છે	૪૮૨

અનુક્રમણિકા

→	મોક્ષ આપે તે નિશ્ચય ધર્મ	૪૮૩
→	મનુષ્યનું પહેલું કર્તવ્ય શું ?	૪૮૪
૧૨૫	**સાગર સમાધાન**	
પ્ર.૪૯૧	સોળવર્ષ સુધી મનુષ્ય બાળક છે એમ શાસ્ત્રમાં કહેલ છે ? તો શાસ્ત્રને માન આપો ?	૪૮૫
૪૯૨	કયા શાસ્ત્રમાં આ પ્રમાણે છે એમ જણાવો ?	૪૮૬
૪૯૩	વ્યવહારમાં પણ ૧૬ વર્ષ સુધીનાને બાળક કહેવાય છે તો દીક્ષામાં કેમ નહિ ?	૪૮૬
૪૯૪	પણ હવે તો તેમાં ફેરફાર થાય છે ને ? સુધારાના કાળમાં શું સુધારો ન થાય ?	૪૮૬
૪૯૫	દત્તક અને સાધુ બંને સરખા છે ?	૪૮૬
૪૯૬	બાળકને સાધુ બનવામાં વાલીની પરવાનગી યોગ્ય ?	૪૮૭
૪૯૭	બધા પાપથી ખસનારા આવા સંસ્કારવાળા હોય ?	૪૮૮
વિ.૧૨૬	**મહાસાગરના મોતી (ઐતિહાસીક કથાનક અનુસાર રચેલ સુંદર નામ)**	૪૮૯
૧૨૭	**સુધા સાગર**	૪૯૪
૧૨૮	**ઝળહળતું જૈન હૃદય**	
૧૨૯	**ક્ષમાયાચના (ગઝલ)**	
૧૩૦	**કલ્યાણકારીક્ષમા**	૪૯૭
૧૩૧	**આગમોદ્ધારકની અમોઘદેશના**	
→	દેવ-ગુરૂ અને ધર્મ અને તેની ઉપયોગીતા	૫૦૦
→	શિક્ષક મૂર્ખ કે શિષ્ય ?	૫૦૨
→	ફળદાતા કોણ કર્મ કે ઈશ્વર ?	૫૦૩
→	ફળનો પિતા કર્મ છે	૫૦૪
→	ઈશ્વરની ફરજ શું ?	૫૦૫
→	દેવ-ગુરૂને શા માટે માનવા ?	૫૦૭
→	સાપ ભયંકર છે કે પાપ ?	૫૦૮
→	કોડી અને કોડી બંને તજવાના જ છે !	૫૦૮
૧૩૨	**સાગર સમાધાન (દીક્ષા અંગે પ્રશ્નોત્તરી)**	
પ્ર.૪૯૮	દીક્ષા લેનાર બાળકમાં યોગ્ય સંસ્કાર હોય છે ?	૫૧૧
૪૯૯	દીક્ષા યોગ્ય ઉંમરવાળા દીક્ષા નથી લઈ શકતા તો બાળકો લે તે યોગ્ય છે ?	૫૧૧
૫૦૦	દીક્ષા અંગે પૂજ્યશ્રીની વાતના સમર્થનમાં ઉદાહરણ	૫૧૨
૫૦૧	દીક્ષા એ ઉત્તમ તો માબાપ કેમ લેતા નથી ? બાળકોનો શું ગેરલાભ લેવાય છે ?	૫૧૨
૫૦૨	માંસ-મદિરા બાળકોને નથી અપાતા તે નીતિ વિરુધ્ધ છે માટે ને ?	૫૧૩

અનુક્રમણિકા

૫૦૩	દીક્ષા અંગે વિચાર કરવો યોગ્ય છે ?	૫૧૩
૫૦૪	દીક્ષાના ઉદાહરણ સમજાય છે પણ દીક્ષા કેમ ગમતી નથી ?	૫૧૩
૫૦૫	માંસ મદિરાતો સામાન્ય વસ્તુ છે પણ દીક્ષાતો સર્વોત્તમ માટે તે વિચારણીય ?	૫૧૩
૫૦૬	દીક્ષા અંગે આપના વિચારો સાથે અન્ય સાધુઓ સમત્ત નથી ?	૫૧૩
૫૦૭	બાળદીક્ષા અંગે બધા સાધુઓ એક સંમત હોવા જરૂરી છે ?	૫૧૪
૫૦૮	આપ સાધુ તરીકે સાચા છો તો અમે ગૃહસ્થ તરીકે સાચા ખરકિ નહિ ?	૫૧૪
૫૦૯	નવજીવન તરફથી 'મહાવીર ચરિત્ર' માં લખેલ વાત અને આપની વાતમાં ફેર કેમ ?	૫૧૪
વિ.૧૩૩	**મહાસાગરના મોતી**	**૫૧૫**
૧૩૪	**સુધા સાગર**	
૧૩૫	**પર્વાધિરાજ પર્યુષણા પર્વ**	
૧૩૬	**ભાવના (ગઝલ)**	
૧૩૭	**સિધ્ધચકને શરણે**	**૫૨૧**
૧૩૮	**આગમોધ્ધારકની અમોઘ દેશના**	
→	સમ્યકત્વ અને તેનાં આભૂષણો	૫૨૪
→	તીર્થંકરો શા માટે માનવા	૫૨૬
→	ગ્રંથીભેદ ક્યારે ?	૫૨૮
→	પારણુ શા માટે ?	૫૨૯
→	છાપાના કાગળો વિચાર ફેરવી શકે છે.	૫૩૧
→	ઝવેરાત દેહનું કે આત્માનું	૫૩૩
→	તીલક મંજરી	૫૩૫
૧૩૯	**સાગર સમાધાન**	
પ્ર.૫૧૦	આપે આપેલ દીક્ષા મા-બાપની સંમતિ પૂર્વક આપેલી છે ?	૫૩૬
૫૧૧	સંમતિના દસ્તાવેજો રજુ કરશો ?	૫૩૬
૫૧૨	માણસે દીક્ષા લીધી બાદ તેની સ્ત્રી વ્યભિચાર કરે તો દોષ કોને ?	૫૩૬
૫૧૩	નસીબમા હોય તેમ જ થાય ?	૫૩૭
૫૧૪	સંસારમા ગુનેગારને લીધી આખુ કુટુંબ દુ:ખી થાય તેમ દીક્ષા માટે દુ:ખમાં આવી પડે તે યોગ્ય છે ?	૫૩૭
૫૧૫	માબાપ દીક્ષાની સંમતી આપતા ન હોય તો શું કરવું ? સમંતિ વગર દીક્ષા લેવી ?	૫૩૭
વિ.૧૪૦	**મહાસાગરનાં મોતી**	૫૩૮
૧૪૧	સુધાસાગર	૫૪૨

અનુક્રમણિકા

૧૪૨	સમાલોચના અને નોંધ	
૧૪૩	દીવ્ય ઔષધી દીક્ષા (ગીત)	
૧૪૪	અમારૂં પુરૂં થતું વર્ષ	૫૫૫
૧૪૫	આગમોદ્ધારકની અમોઘદેશના	
→	પર્વાધિરાજ	૫૫૮
→	વ્યક્તિ - વચન - વિશ્વાસ	૫૫૯
→	દયાતત્ત્વને માનનારો	૫૬૧
→	સૂત્રને સ્થાને હૂતર !	૫૬૩
→	હિંસામાં ૧ પાપ અહિંસામાં ૧૮ !	૫૬૫
૧૪૬	સાગર સમાધાન	
પ્ર.૫૧૬	ચોરી કરવા બાપાની આજ્ઞા હોય તો તેના દુઃખ સહન કરવા યોગ્ય છે ?	૫૬૮
૫૧૭	ચોરીની આજ્ઞા ઉત્થાપે તો તે યોગ્ય છે ?	૫૬૮
૫૧૮	જેને સંસાર ગમતો હોય તેને દીક્ષા આપવી યોગ્ય છે ?	૫૬૯
૫૧૯	આંઠ વર્ષ નીચે અવસ્થા ભેદ છે તેનું શું ?	૫૬૯
૫૨૦	અયોગ્ય દીક્ષાનું પ્રાયશ્ચિત કોને લાગે ?	૫૬૯
૫૨૧	દીક્ષાની વય ૧૬ની ટુંકાવીને ૮ ની રાખી છે તે સાચું ?	૫૬૯
૫૨૨	પૂર્વધર મુનિઓએ દીક્ષાની વય ઘટાડીને ૮ વર્ષની કરી છે ?	૫૬૯
૫૨૩	શાસ્ત્રમાં ૧૨૦ વર્ષનું આયુષ્ય છે અને અત્યારે ૫૦ વર્ષનું છે તેનું શું ?	૫૬૯
૫૨૪	મનુષ્યને સ્વતંત્ર ક્યારે ગણી શકાય ?	૫૭૦
૫૨૫	'દીક્ષાનું શાસ્ત્ર' ગ્રંથમાં વય ઘટાડ્યાનું લખ્યું છે તો હવે વધે કે નહિ ?	૫૭૦
૫૨૬	'જીતકલ્પ'માં ૧૬ વર્ષ સુધી અવ્યક્ત ગણ્યો છે તો દીક્ષા માટે તે યોગ્ય નથી ?	૫૭૦
વિ.૧૪૭	સોનેરી સિંહાસન (હરીગીત છંદ)	૫૭૧
૧૪૮	સુધા સાગર	૫૭૮
૧૪૯	ઉપધાન એટલે શું ?	

श्री सिद्धचक्राय नमोनमः



શ્રી મુંબઈ જૈન યુવક મંડળ પત્રિકાના ગ્રાહકોને ખુશ ખબર

કેટલાક વખતથી ઉપરોક્ત પત્રિકાના ગ્રાહકો તેને પાક્ષિક પ્રગટ કરવા સતત્ વિનંતિઓ કરતા હતા, જે ધ્યાનમાં લઈ આ પત્રિકાને "શ્રી સિદ્ધચક્ર" ના નામથી પાક્ષિકમાં પરિવર્તન કરીએ છીએ. એટલે કે તેનું "શ્રી સિદ્ધચક્ર" નામના પાક્ષિક સાથે જોડાણ કરીએ છીએ. આથી ઉપરોક્ત પત્રિકાના ગ્રાહકોને "શ્રી સિદ્ધચક્ર" પત્ર દર પખવાડીએ નિયમિત મળશે. આ નવા પત્રનું લવાજમ ફક્ત રૂ. ૨ રાખવામાં આવ્યું છે. માટે જે ગ્રાહકોએ ઉપરોક્ત પત્રિકાનું લવાજમ ભર્યું હોય તેમને દોઢ રૂપીયો અને જેઓએ લવાજમ ભર્યું નહિ હોય તેમને અઢી રૂપિયા મોકલી આપવા. જેથી તેઓને આ નવા પત્રની શરૂઆતથી બાર માસ સુધી અંકો મોકલવામાં આવશે. દરેક ગ્રાહકોએ આ સાથે બીડેલ ફોર્મ ઉપર સહી કરીને લવાજમ સાથે મોકલી આપવું.

લી૰ તંત્રી

શ્રી મું. જૈ. યુ. મં. પત્રિકા.

ઉપધાન

ઘાટકોપર મુકામે શાસનપ્રભાવક માણિક્યસાગરજી ઉપાધ્યાય મહારાજજી સાહેબના વચનામૃતથી અમારા સકળ સંઘે શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધાદિ શ્રુતોપચારાદિ શ્રી ઉપાધાનાદિ વિશિષ્ટ મહામંગલકારી ક્રિયાઓ થશે, ક્રિયામાં લાભ લેનારાઓ માટે પ્રથમ મુર્હૂત આસો વદ ૧૨ અને બીજું મુર્હૂત કારતક સુદ ૫ રાખેલ છે. ચાતુર્માસ ઉતર્યા બાદ શ્રી આગમોદ્ધારક આચાર્યદેવ પોતાના પરિવાર સહીત પધારવાના છે. માટે તેઓશ્રીની અમુલ્ય વાણીનો લાભ પણ મળશે.

લી. ઘાટકોપર જૈન સમસ્ત સંઘ.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિની ઓફીસ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી તંત્રીએ પ્રગટ કર્યું.

સિદ્ધચક્ર. (પાક્ષિક)

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થઃ- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું.

વીર સંવત્ ૨૪૫૮ / વિક્રમ ,, ૧૯૮૮ | મુંબઈ, તા. ૧૫-૧૦-૩૨. | આશ્વિન પૂર્ણિમા.

અમારું - ધ્યેય.

આજના દિવસની નોંધ જગતના ચોપડે નોંધાય તે નવાઈ જેવું નથી !!! શરદ પૂર્ણિમાના દિવસને વિશિષ્ટ વૈરાગ્યવાન જીવો પ્રેમપૂર્વક અમીભરી નજરે નિહાળે છે, અને આબાલ વૃદ્ધ સહુ કોઈ આનંદસાગરમાં નિમજ્જન કરવા દોડધામ કરે છે તે પણ બનવા જોગ છે !!!

કલ્પના સૃષ્ટિમાં કલ્લોલ કરનાર કવિવરો શરદ-પૂર્ણિમાને અવનવી રીતિએ ચિતરે, કે જે ચિત્ર કાર્યમાં વિષય કષાયાદિ દીપકને સુવર્ણ કમળની ઉપમા આપે, અને દીપક છતાં સુવર્ણ કમળ સમજી મુગ્ધજનો મોંઘા જીવનને પણ તિલાંજલિ આપવા તૈયાર થાય, તે ભયમાં મુકાઈ જવાનો પ્રસંગ પ્રિય વાચકોને ઊભો ન થાય, અને તે વિષયાદિ ભયાવહમાર્ગની મુસાફરીવાળા કષ્ટ-માર્ગમાં ભયરહિત કેમ થાય તે શુભઉદ્દેશથી આ **સિદ્ધચક્ર** નામનું પાક્ષિક પ્રભુ માર્ગના રસિક જનસમુદાય સન્મુખ જન્મ પામે છે.

સર્વજ્ઞ દેવોની સૃષ્ટિમાં શરદ પૂર્ણિમાનો દિવસ આત્મકલ્યાણની સાધના માટે સર્વોત્તમ સ્વરૂપે પ્રતિપાદન કરાયેલો છે, બલકે મોક્ષમાર્ગના મુસાફરોએ તે દિવસને હૃદય મંદિરમાં ધ્યેય તરીકે અલંકૃત કર્યો છે.

તે દિવસની અને તે દિવસને સંબંધ ધરાવનાર પૂર્વના આઠે દિવસ માટે ઘડીભર વિચાર કરીએ તો અનેરો આનંદ ઉત્પન્ન થાય તેમ છે.

નવ દિવસની અત્યુત્તમતા નવપદના આરાધકોને નવીન નથી, પણ આરાધકો આરાધનાને અખંડ આરાધી આરાધ્ય પદ હસ્તગત કરે, અતુલ પરાક્રમથી આગળ વધે, આરાધનાની આડે આવતા અનેક કંટકોને દૂર કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે, શ્રીપાળ, મયણા અને શ્રીચંદ્ર કેવળીના જીવનનું અનુકરણ કરે, નવપદની અનિર્વચનીય અલૌકિકતા અવલોકે, જગતમાં ઠામ ઠામ નવપદની આરાધનાનો વિકાસ થાય, વર્ધમાન તપના આરાધકો વિશાળ પ્રદેશમાં વિચરે, તે હેતુથી આ સિદ્ધચક્ર પાક્ષિકની શરૂઆત કરાય છે.

ચક્રવર્તીઓ ચક્રરત્નના બળે જગતના સર્વરાજા મહારાજાઓને વશ કરે છે, તેવી રીતે સિદ્ધચક્ર પ્રાપ્ત થયું છે જેને એવા ભવ્યાત્મા જગતની સર્વોત્કૃષ્ટ સંપદાને પામી અખંડ અવ્યાબાધ સુખના ભાગી બને એ અમારું ધ્યેય છે. તે જ ધ્યેયને અનુસરીને **શ્રીનવપદ આરાધક સમાજની ભલામણથી અમારી શ્રી સિદ્ધચક્ર પ્રચારક સમિતિએ સિદ્ધચક્ર પાક્ષિક** દ્વારાએ તેને લગતા સર્વાંગ સાહિત્યનો પ્રચાર કરવાનો નિર્ણય કર્યો છે, અને એ પણ શ્રી સિદ્ધચક્રની અમોઘ આરાધના છે.

આ સમિતિ સિદ્ધચક્રનું સાહિત્ય જોરશોરથી પ્રચાર કરી શકે તે હેતુથી શ્રી મુંબઈ જૈન યુવક મંડળ પત્રિકાના કાર્યવાહકોએ દોઢ વરસ સુધી શાસનની સેવા કરી અને હવેથી એટલે આ ચાલુ અંકથી સમિતિ સાથે જોડાઈ પોતાની શાસનસેવાની કદર આ પાક્ષિક દ્વારાએ અદા કરવામાં બીલકુલ સંકોચ રાખશે નહીં.

પાક્ષિકનું પઠન કરનાર વાચક વર્ગને સમિતિની ખાસ વિનંતી છે કે કવર પર સુંદર હૃદયોલ્લાસોત્તેજક આત્મગુણવર્ધક બ્લોક ખાસ શોભા માટે આપ્યો નથી, પણ જે દેખવા માત્રથી સિદ્ધચક્ર પ્રત્યે અપૂર્વભક્તિ જાગે તે સારૂ દાખલ કરેલ છે, આશાતનાના ભયથી અમે પત્ર રૂપે આ પાક્ષિકને પ્રકાશમાં નહીં લાવતા બુક રૂપે બહાર પાડેલ છે. માટે તે બાબત પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

તૈયાર છે તૈયાર છે તૈયાર છે

પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન.

વિજય લક્ષ્મીસૂરીકૃત

સંશોધક :- આગમોદ્ધારક.

મળવાનું ઠેકાણું : શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

લાલબાગ ભૂલેશ્વર, મુંબઈ નં. ૪

કિંમત ૦-૪-૦] [પોષ્ટેજ જુદું.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

સિદ્ધચક્રમાં જાતિવાદનું જયવંતપણું છે, કારણ વ્યક્તિવાદ હંમેશાં રહેવાનો નથી !!!
અભવ્ય ભવ્યમાં ફરક !!!
દ્વાદશાંગી અર્થથી ફરતી નથી, પણ શબ્દથી ફરે છે; પણ નવકાર મંત્ર-
શબ્દથી કે અર્થથી ફરતો જ નથી !!!
તપ એ પ્રવૃત્તિ ધર્મ છે !!!

જગતમાં એવી કોઈ ચીજ નથી, કે જે નવપદથી બહાર હોય. આરાધવા લાયક જે ચીજ જગતમાં છે તે બધી નવપદમાં છે અરિહંત પદ લઈએ તો સિદ્ધ આચાર્ય વિગેરે રહી જાય. ગુણી લઈએ તો ગુણ રહી જાય અને ગુણ લઈએ તો ગુણી રહી જાય. બધાં ગુણ અને બધાં ગુણી આરાધન કરવા લાયક નવપદમાં લઈ લીધા છે. નવપદના નવ દિવસો એ તો સમજજો કે ખેતરમાં વરસાદ પડવાના દિવસો છે, પણ વરસાદ પડ્યા પછી અંકુરાં, થડીઆં, ફળ, ફુલ, દાણા ભરાવા તે બધું વરસાદ પછીનું કામ છે. વરસાદ વખત હળ ફેરવી આવે અને આવીને ઘેર લમણે હાથ મૂકીને બેસી જાય તે કારતક મહિને શું કરે !!!

નવ દિવસમાં નૂતન વરસાદ વરસાવવાનો છે પણ તેનો થયેલો સંસ્કાર હંમેશ રહેવો જોઈએ. નવપદ નવ દિવસ માટે નથી !!! બારે મહિના તમારું ધ્યાન નવપદ તરફ જ હોવું જોઈએ. આરાધવા લાયક એવી કઈ ચીજ નવપદની બહાર છે ? દરેક ધર્મવાળા ત્રણ તત્વ માને છે. ધર્મના અર્થીને ત્રણ તત્વ સિવાય ચાલ્યું નથી, ચાલતું નથી અને ચાલશે પણ નહીં !!! કયા ત્રણ તત્વ ? દેવ ગુરુ અને ધર્મ. કોઈ પણ મત લો, જગતમાં ત્રણ સિવાયનો કયો મત છે ? દરેકમાં દેવ, ગુરુ, અને ધર્મ એ ત્રણ માનવા જ પડે, એટલું જ નહીં પણ ઋષભદેવજી વિગેરે દેવાધિદેવો આવતી ચોવિશીમાં નથી, અપ્રતિમ પ્રભાવશાળી ગૌતમાદિક ગુરુવર્યો તે આવતી ચોવિશીમાં નથી. આ ઉપરથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ વિગેરે જગતમાં વ્યક્તિવાદ હંમેશાં રહેવાનો નથી, પણ જાતિવાદ હંમેશાં રહ્યો છે, અને રહેશે; માટે ગુણના પુજારી બનો !!!

સિદ્ધચક્રમાં નવપદની નવ જાતિઓ છે. અરિહંતપદની બહાર કોઈ ચોવીશી છે ? ના, જી. (સભામાંથી)

આત્મા માટે અરિહંત નથી !!!

આ ઉપરથી સમજી શકશો કે 'णमोत्थुणं समणस्स भगवओ महावीरं' એ શાશ્વત્ રહેવાનું નથી, આથી પ્રભુમહાવીરની અવગણના થતી નથી. વ્યક્તિ કરતાં

જાતિ કેટલી પ્રબળ છે તે જણાવું છું. પ્રભુ શાસનના પુજારી શ્રાવક વર્ગ અરિહંતપદથી કેવો સંસ્કારવાળો હોય !!! જ્યાં દેવતાનો ડર છે, મરવાનો ડર છે, દેવતાના વનમાં પેસનારો શ્રાવક શું વિચારે છે ! રાજા રોજ એક માણસને મોકલે છે, જેનો વારો આવે તે મનુષ્ય મરવા માટે બગીચામાં પેસે, ફળ તોડીને નાંખે કે મોતના પંજામાં ફસાય, એ દશાના વિચારવાળાના મોંમાંથી 'નમો અરિહંતાણ' પદ કેમ નીકળ્યું હશે ? **એના સંસ્કાર તપાસો !!! કઈ દશાનો એ સંસ્કાર નિશ્ચિત મરણ તે જગા પર 'નમો અરિહંતાણ' !!!**

બાઈઓ પણ કેવી સંસ્કારવાળી હોવી જોઈએ, કે જ્યાં પતિનો હુકમ છૂટે છે, અને સ્ત્રી ઓરડામાં લેવા જાય છે. પોતાનુ ઘર, પોતાનો ધણી, પોતાનો ઓરડો, ઉત્રેવડમાં રહેલ ઘડો, અને તેમાં રહેલી ચીજ લેવા જાય તે વખતે નમો અરિહંતાણં કેમ આવ્યું હશે !!! દેરા ઉપાશ્રયમાં આપણા માટે **અરિહંત છે, પણ આત્મા માટે અરિહંત નથી !!!**

આત્મા માટે અરિહંતો ફક્ત પુણ્યાત્માઓ માટે જ છે. આપણે અરિહંતાદિ પદો દહેરાં ઉપાશ્રય માટે રાખ્યા છે. ખરેખર !!! આત્મા માટે તે પુનિતપદો નથી !!! **આપણે માટે તે પવિત્ર છે, છતાં તે પદ પ્રત્યે કેટલો સંસ્કાર છે તે તમારી મેળે જ જોઈ લો !!!** અચાનક ઠેસ કે કાંટો વાગે, પાણીનો ભય આવે, આગનો ભય આવે, અગર અનેકાનેક આકસ્મિક આફતોના ભય લાગે તે વખત 'નમો અરિહંતાણં' નથી. શૂળમાં સનેપાત થાય તેવાઓ માટે શૂળીની તો વાત જ શી કરવી !!! આરાધન કરનારા હલુકર્મી જીવોની ટીકા નથી. આપણે આ રસ્તો લીધો છે કે નહીં તે વિચારો !!! જે હજુ દેહરા ઉપાશ્રય માટે અરિહંત પ્રત્યે પ્રેમાળ થયા નથી, એમનું તો કહેવું જ શું !!! અરિહંત પદ સર્વ ચોવીશીમાં વીશીમાં, એકનું એક જ, અને તે આઘું ખસેડી શકાતું નથી. ચોવીશી કે વીશી અરિહંતપદ વગર નભી શકતી નથી, અને તેથી જ અરિહંતાદિપદને શાશ્વતાપદ કહીએ છીએ. **નવકાર મંત્ર શાશ્વતો છે તેનું કારણ જાતિવાચકપદ તેમાં છે.**

નવકાર મંત્ર શાશ્વત

શ્રી ઋષભદેવ શ્રી મહાવીર વિગેરે વ્યક્તિ વાચકપદો તેમાં નથી. પ્રભુ મહાવીર અને ગૌતમાદિ આચાર્યો તે વ્યક્તિપદ છે. જો તે પદો આપણને ફાયદો કરશે અને મુશ્કેલીથી બચાવશે તો સમગ્ર જાતિપદો જરૂર ફાયદો કરશે, તેમાં શંકાને સ્થાન જ નથી. વળી દ્વાદશાંગી અર્થથી ફરે નહીં પણ શબ્દથી તો ફરે છે. નવકારમંત્ર શબ્દથી કે અર્થથી પણ ફરવાનો જ નથી !!! વિચાર કરો કે હરકોઈ ચોવીશીના જીવો કયા પદથી પોતે જાતિસ્મરણ પામે, અને કદાચ તેમાં વ્યક્તિની આરાધના હોય તો તે જીવો કેવળી કથિત માર્ગના કારણ ભૂતકાર્યો સેવન કરવાને સમર્થ થાત નહીં. જાતિ આરાધનાની અલૌકિકતા સમજો. દેવલોકમાં સાગરોપમ સુધીના લાંબા આયુષ્ય ભોગવીને દેવો બીજી ગતિમાં આવે તો પણ અહીં એ અરિહંતાદિ જાતિ વાચક પદોનું આરાધન ચાલતું જ હોય છે !!!

દેવ તત્વના પ્રરૂપકો

શંકા— અરિહંત આદિપદોનું આરાધન કરવું છે ને તેમાં દેવ ગુરુધર્મ ત્રણ તત્વ છે તો **'नमो देवाणं गुरूणो धम्मस्स'** દેવ-ગુરુ અને ધર્મને નમસ્કાર એવું કહી દો !!! નવેપદમાં દેવ-ગુરુ, ધર્મ લાવવા છે માટે અરિહંતને સિદ્ધમહારાજદેવ, આચાર્ય આદિ ગુરુ; અને દર્શનાદિ પદોથી ધર્મ આવી જાય છે, માટે સીધા જ ત્રણ તત્ત્વો કહી દો.

સમાધાન— દેવ-ગુરુ-ધર્મ એ ત્રણ તત્ત્વો છે, પણ દેવના બે ભેદો ન સમજે તો દેવ દેવ શબ્દ પોકારતો પોકારતો રખડી મરે !!! સાકાર અને નિરાકાર દેવ. સાકાર દેવ ન સમજે તો નિરાકારને સમજવાનો વખત આવે નહીં. પહેલા પદે સાકાર બીજા પદે નિરાકાર. અહીં આચાર્ય નામ કોનું ? **જ્ઞાનાચારાદિ પાંચે આચારમાં જે બરોબર પ્રવીણ હોય, ગણધર ગુમ્ફિત સૂત્રઅર્થ તદુભયના વેત્તા બની વસ્તુ સ્થિતિને પ્રરૂપનાર, પૂર્વોક્ત પંચાચારમાં પ્રવર્તનાર ને પ્રવર્તાવનાર તે આચાર્ય.** આ જાતિવાચક પદોમાં જૈનાચાર્ય કહ્યા નથી, પણ વિશિષ્ટ સ્વરૂપધારણ કરનાર જૈનાચાર્યો જ આ પદોમાં હોઈ શકે.

અહીં આચાર્યને નમસ્કાર કરેલો છે. દુનિયાના બધા આચાર્યને નમસ્કાર નથી. દેવતત્ત્વના પ્રરૂપકો ગુરુપદમાં બિરાજે છે !!!

ડુંગર ખોદીને ઉંદર કાઢવાનો આ રસ્તો નથી.

અરિહંતના તત્ત્વને અમલમાં મુકનારાઓ જ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ, પરમેષ્ટિ પદમાં સુશોભિત છે. તે સિવાય બાકીના નામના આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સાથે લાગતું વળગતું નથી. જે શ્રધ્ધાહીન હોય તે જ એમ બોલી શકે, કે આચાર્યથી, ઉપાધ્યાયથી અને સાધુથી બધા આચાર્ય લેવા કેમ નહીં ? જો કે સુવિશેષણ લાગ્યું નથી, પણ અહીં આચાર્ય જ્ઞાનાચારાદિ આચારમાં વર્તતા હોય, પ્રરૂપતા હોય, પ્રવર્તતાવતા હોય તે જ ગણવાના છે. ઉપાધ્યાય દ્વાદશાંગી ભણેલા હોય અને શિષ્યોને ભણાવતા હોય. **કપડા માત્ર પલટાવવાથી આચાર્ય ઉપાધ્યાય અને સાધુ નથી તેમ તેની સાથે કપડા વગરના એટલે સાધુ વેશ વગરના પણ સાધુ કહી શકાતા નથી. છાપ વગરની ચાંદી રૂપિયો નહીં; રૂપિયો ક્યારે ? ચાંદી અને છાપ બંને હોય. તેવી રીતે ગુરુ. ગુરુપણાના ગુણ અને સાધુ વેશની છાપ બે હોય ત્યારે જ ગુરુપદના અધિકારી છે.**

જેમ હાઈસ્કુલમાં ત્રણ વસ્તુ છે. હેડમાસ્તર, માસ્તર અને વિદ્યાર્થીઓ. તેવી રીતે જૈન શાસનરૂપ હાઈસ્કુલમાં હેડમાસ્તર તરીકે આચાર્ય દેવો, માસ્તર તરીકે ઉપાધ્યાયો, અને વિદ્યાર્થી તરીકે સાધુઓ છે. જાતિસ્વરૂપના પ્રતિપાદનમાં સુવિશેષણ લાવવાની જરૂર નથી. દારૂ શબ્દમાં ઘેન ચડાવનાર

એવું વિશેષણ મેલાય છે. મીઠો ગોળ કેમ નહીં ? ગોળ શબ્દ મીઠા પદાર્થને કહેનારો છે, તેવી રીતે જાતિપદો સ્વતંત્ર સ્વરૂપમાં મીઠાશવાળો છે. મોક્ષની ક્રિયાને સાધ્ય પૂર્વક સેવન કરનાર શ્રાવક વર્ગ પ્રાથમિક શાળારૂપ દેશવિરતીમાં જે અભ્યાસ કરે છે તે હાઈસ્કુલમાં આવવા માટેની તૈયારીઓ છે !!! આ પાંચ પદો જાતિ તરીકે આરાધીએ શા માટે ? ધ્યેય ક્યું ? (સભામાંથી મોક્ષનું) 'ડુંગર ખોદીને ઉંદર કાઢવાનો આ રસ્તો નથી' !!!

તપ એ પ્રવૃત્તિ ધર્મ છે.

બધાને આરાધો પણ ધ્યેય નહીં હોય તો તમે ચુકો છો !!! છોકરા સ્કુલમાં ભણે, મોટી ઉંમરના નામાઓ શીખે, પણ કોથળીમાં કેટલા પડે તે વિચારવાનું છે કારણ એ અવસ્થા રૂપિયા લાવવાની નથી.

અભ્યાસ વખતે લાખો જમે-ઉધાર કરે, સરવાળા-બાદબાકી કરે પણ તેમાં ધ્યેય કશું નથી, તેવી રીતે અરિહંતાદિ આરાધીએ અને ધ્યેય ન હોય તો સાધ્ય ધર્મની અપેક્ષાએ બધું નકામું છે; બલકે છોકરાની નામું શીખવાની શાળા જેવું છે. આચારને અંગે અરિહંત આચાર્યાદિ વિગેરેને માનીએ છીએ. એમનામાં અનુપમેય સર્વસ્વ છે, તે મારે મેળવવું છે માટે સમ્યગ્દર્શનાદિ ચાર હોવાથી પાંચે પદને માનીએ છીએ. મેળવવા માટે જ માનીએ છીએ, અને તે સાધ્ય તરીકેનો મુદ્દો નહીં રહે તો અભવ્યને ભવ્યમાં લેશભર ફરક નથી. સમ્યગ્ દર્શનવાળાને સમ્યગ્ દર્શનાદિનું ધ્યેય હોય અને અભવ્યને તે ધ્યેય હોતું નથી. બાપણું ધ્યેય સમ્યગ્ દર્શનાદિ ત્રણનું જ હોઈ શકે. તત્વાર્થકારે ત્રણ પદ જણાવેલા છે, અહીં નવપદમાં ચાર પદ કહ્યા, તપ પદ કેમ ઉડાડી દીધું ? પ્રતિજ્ઞા રૂપી તપ સિદ્ધપણામાં હોતો નથી, અણાહાર રૂપ તપનું સાધ્ય રત્નત્રયીમાં હોય છે. છતાં તે નથી લીધો, તેનું કારણ એ છે કે અણાહાર થવું એ ગુણ નથી ગણ્યો. પણ દોષના અભાવ રૂપ ગણ્યો છે.

નામ કર્મનો ઉદય હતો, તૈજસની આગ ભભુકી રહી હતી, ત્યાં સુધી આહાર ત્યાગ ગુણ હતો જ નહીં, તૈજસના દોષથી થયેલો આહારનો સદભાવ અને તે રૂપી દોષનો અભાવ તે અણહારીપણું. સાધન તરીકે તપ હતું, માટે તેને સ્વરૂપ ધર્મમાં લીધો નથી. સમ્યગ્ દર્શનાદિ આત્માનું સ્વરૂપ, અને તે મોક્ષમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એટલે વિતરાગપણું હોય છે તેથી તે આત્માના કબજાના માલીકીના છે. અખંડ પ્રાપ્તિ માટે સહાયભૂત તપ એ પ્રવૃત્તિ ધર્મ છે. તે પ્રવૃતિ રૂપ ધર્મમાં ઉજમાલ રહેલ ભવ્યાત્માઓ સ્હેજે સ્વરૂપ ધર્મરૂપ શીવ સંપદાઓ સાધે છે. સિદ્ધચક્રમાં સર્વોત્કૃષ્ટ અલૌલિક નવપદ સર્વત્ર શાસનમાં સર્વદા જાતિવાદમાં જયવંતા વર્તે છે !!!

જૈન દર્શનમાં અસ્પૃશ્યતાનું વિધાન !!!

દેવગુરુ ધર્મ વટલાતા નથી, પણ વ્યવહાર વટલાય છે !!!

અસ્પૃશ્યને દીક્ષા આપી શકાય નહીં !!!

ક્ષાયિક સમ્યક્ત્વ-શિરોમણિ મહારાજા શ્રેણિક પણ અસ્પૃશ્યતાની દરકાર રાખતા હતા !!!

જૈન શાસનની વિદ્યમાનતા !!!

"सव्वजहन्नो उदओदशगुणीओ इक्कसि कयाणं" ઉપદેશમાળા.

આસન્નોપકારી પ્રભુ મહાવીરદેવના હસ્ત દીક્ષિત ધર્મદાસ ગણિવરજી શ્રી ઉપદેશમાળામાં જણાવે છે કે સુકૃત કે દુષ્કૃત એક વખત થાય તો તેનો ઓછામાં ઓછો દશ ઘણો ઉદય હોય છે, અને વધારે થાય તો કોડાકોડ ઘણો ઉદય હોય છે, અનંતગુણો પણ હોય છે. શુભાશુભ કર્મની વિચિત્રતા અજબ છે !!! આથી ખ્યાલ આવશે કે એક વખત, બે ઘડી માટે પણ કરેલા અભિમાનથી ભવિષ્યની ઓછામાં ઓછી એક જીંદગી શી રીતે બગડે છે ! ચાહે તો જાતિનું, કુળનું, શ્રુતનું, બલનું, કે બીજું કોઈ પણ અભિમાન એક જ વખત માત્ર બે ઘડી કરવામાં આવે તો તેનું ફળ આવતી આખી જીંદગીમાં ભોગવવું પડે છે. જો એક વખત કરેલું કર્મ ઘણું ફળ ન આપતું હોય, ને તેવું ને તેવું જ ફળ થતું હોય તો આવતો આખો જન્મ જાતિ, કુળ, લાભ, તપહીનપણું પામવાનું કંઈ પણ કારણ નથી. મેતાર્યમુનિ, હરિકેશીમુનિ ને ચિત્રસંભૂતિ મુનિ વગેરેના પહેલા ભવના ક્ષણ માત્રના અભિમાનો કયું ફળ આપનારા થયા છે !!!

આ ત્રણના દૃષ્ટાંતથી આજે કેટલાકો કહે છે કે - 'જૈન શાસનમાં અસ્પૃશ્યતા જેવી વસ્તુ જ નથી, જો હોત તો આ ત્રણે મુનિઓ બની શક્યા ન હોત આવું કહેનારાઓએ પહેલાં તો એ વિચારવું જોઈએ કે પહેલાના ભવમાં કરેલા અભિમાનની સજા કઈ ? કર્મની સત્તા માનો છો કે નહીં ? જ્ઞાન, તપમાં વિગેરે જેનું અભિમાન કરવામાં આવે તે બીજા ભવમાં પ્રાપ્ત ન થાય એ કર્મનું ફળ છે એવું માનો છો કે નહીં ? બળનું અભિમાન કરનાર બીજે ભવે નિર્બળ થાય છે તેવી જ રીતે જાતિ, તથા કુળનું અભિમાન કરનારા નીચ જાતિ તથા નીચ કુળમાં અવતરે છે, આ વાતને કેમ પ્રમાણ કરાતી નથી ? એનાર્કીસ્ટો (કોમ્યુનીષ્ટો)નો એ મત છે કે દુનિયાની તમામ મૂડી સરખે ભાગે વહેંચવી જોઈએ. એક લક્ષાધિપતિ અને

એક હજારવાળો એવો ભેદ જોઈએ નહીં, અને એ માટે જ તેઓ ખુલ્લું કહે છે કે માલદારોને મારી નાંખવા, તેવી જ રીતે આજે વર્ણધર્મને અંગે પાકેલા એનાર્કીસ્ટો (કોમ્યુનીષ્ટો)નું એ જ ધ્યાન છે કે ઉંચ ગણાતાને હલકા પાડી દેવા. આ ચળવળખોરો તે જ છે કે જેઓએ બિલાફત વખતે દેશના ભલાના નામે મુસલમાનોને પાણી પાયાં હતાં. દેશને માટે જરૂરી છે એમ કહી મુસલમાનોનાં પાણી પીનાર તથા પાનારાઓએ દેશનું ઉકાળ્યું શું ? કોઈ સારા ગણાતા મનુષ્યોએ તે વખતે મસ્જીદમાં જઈને પાણી પીધાં છે, મુસ્લિમોની પરબનાં પાણી પીધાં છે, તેઓએ દેશનું ઉકાળ્યું શું ? કોઈ તુમાખીખોર મનુષ્યના એક અખતરાની પાછળ અક્કલ વગરનાઓ ચાલે છે. જો ઊંચ નીચગોત્રાદિ નહિ માનો તો પછી આઠ કર્મની માન્યતા રહેશે નહિ, કર્મની માન્યતા ન હોય તો જૈન શાસનની જરૂર શી ? અર્થાત્ કર્મ ચૂરવા માટે જૈન શાસનની વિદ્યમાનતા છે ઊંચનીચપણું તો સર્વત્ર છે.

વર્ણાશ્રમ એ જુદી વસ્તુ છે, અને ઊંચનીચપણું એ જુદી ચીજ છે. એક જ બ્રાહ્મણ વર્ણમાં પણ ઊંચનીચ છે કે નહીં ? કોઈને ગધેડો કે કુતરો કહો અને કોઈને હાથી કે વૃષભ જેવા કહો તો અસરમાં ફરક પડે કે નહિ? જાનવરમાં પણ ઊંચનીચપણું રહેલું છે. અરે એક જ શરીરનાં જુદા જુદા અંગોપાંગમાંયે ઊંચનીચપણું રહેલું છે. સલામ હાથથી કરો છો ત્યાં પગથી સલામ કરો તો? પ્રાયઃ તમારે વાંધો ન જ હોય, પણ શાસ્ત્રકારોને 'नाभुवरिसिराइसुहं' ઈત્યાદિ શબ્દ કહેવા પડત જ નહિ. વળી, આચારાંગમાં અંત્યજનાં કુળ જુગુપ્સુનીય ગણ્યા છે, શ્રી પિંડનિર્યુક્તિ પા. ૧૫૭ વસ્તી, ગોચરી, અને પ્રવ્રજ્યા માટે અંત્યજોને અકલ્પનીય કહ્યા છે. નાભિથી ઉપરનો મસ્તક સુધીનો ભાગ શુભનામ કર્મના ઉદયથી તથા નાભિથી નીચેનો ભાગ અશુભ નામ કર્મના ઉદયથી કહ્યો છે. આંખનું કામ કાનથી લઈ શકશો ? (સભામાંથી) નહિ. કાનનું કામ આંખ પણ કરી શકશે નહિ.

પ્રશ્ન—તિરસ્કાર ન ઘટે ?

સમાધાન—તિરસ્કારમાં અને સ્પર્શન કરવામાં અંતર છે.

તિરસ્કાર એ જુદી વસ્તુ છે અને સ્પર્શન કરવો એ જુદી વસ્તુ છે. આપણી બહેન, બેટી કે માતા છેટે હોય ત્યારે આપણે અડતા નથી, અડીએ તો નાહીએ છીએ તેથી આપણે તિરસ્કાર કરીએ છીએ એમ કહી શકાશે નહીં. હિંદુ જાતિને અંગે અસ્પૃશ્યતાના પ્રશ્નને અંગે ન્યાય આપનારે આ વાત વિચારવી ઘટે છે. મોતી અને મગ સરખા ભાવે ન વેચાય. શાસ્ત્રકાર ત્યાં સુધી કહે છે કે જાતિએ નીચા તે કુળથી તો નીચા જ છે. જૈન દર્શનમાં અસ્પૃશ્યતા માટે શું વિધાન છે ?

પ્રશ્ન—જાતિએ નીચા તે કર્મે ઊંચા ન થાય ?

સમાધાન—મુંગાને કેવળ જ્ઞાન થાય તો જીભ આવી જશે ? આંખ વગરનાને કેવળ જ્ઞાન થાય તો ડોળા પ્રાપ્ત થશે ? કેવળ જ્ઞાનીને પણ પહેલાંના કર્મોનું ફળ ભોગવવું પડે છે. કોઈ કુબડાને કેવળ જ્ઞાન થાય, પછી શું તેનું શરીર સુધરી જશે ? અઘાતિ કર્મના ઉદયે થયેલી શરીરની પરિણતિ

તે ઘાતિકર્મનો ક્ષય થયા છતાં મટતી નથી : હવે કહો કે ઊંચનીચ ગોત્ર તે અઘાતિ કે ઘાતિ?

પ્રશ્ન-પણ નવાં કર્મ ન બાંધે તો ?

સમાધાન-તેથી જુનાં કર્મ ભોગવ્યા વિના ચાલે નહિ. જેઓ એમ કહે છે કે જૈનદર્શનમાં ઊંચાનીચાપણું, સ્પૃશ્યાસ્પૃશ્યતા છે નહિ તેઓ જૈનદર્શન પ્રત્યે ધ્યાન આપી શક્યા જ નથી. શાસ્ત્રકારે મોક્ષનો મુખ્ય તથા જરૂરી માર્ગ ચારિત્ર કહ્યો છે. ત્યાં પણ અસ્પૃશ્યને દીક્ષામાં મના કરી છે.

ગૃહસ્થો માટે તો લેવા દેવાનું, ભોજન વ્યવહારનું, બેટી બેન લેવાદેવાનું, ઉઠાવી જવાનું વિગેરે અનેક કારણો છે પણ મુનિપણામાં તો તેવું કાંઈ નથી છતાં અસ્પૃશ્યોને દીક્ષા આપવી નહિ તેવું સ્પષ્ટવિધાન છે. ચાર વર્ષથી દીક્ષાની ચર્ચા ચાલે છે તેમાં શાસન પ્રેમીઓ તથા શાસનના વિરોધીઓ બેય પક્ષ એક સરખી રીતે કબુલ કરે છે. કે અઢાર દોષવાળાને દીક્ષા અપાય નહીં તો તે અઢાર દોષમાં 'જુંગિત' એ પણ દોષ છે એને અંગે કદી વિચાર કર્યો ? પ્રવચનસારોદ્ધાર અને નિશીથ ચૂર્ણિમાં જુંગિત ચાર જાતના કહ્યા છે. જાતિ જુંગિત, કુલ જુંગિત, શીલ્પ જુંગિત, તથા શરીર જુંગિત. જાતિ જુંગિતમાં ઢેડ, ચમાર વિગેરે જાણવા. અને તેને માટે શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે અસ્પૃશ્ય એટલે તેને અડકી શકાય નહીં, કુલ જુંગિત એટલે સ્પર્શ ખરો પણ ખરાબ કુળના, શિલ્પ જુંગિત તે ચામડા, મચ્છી, માંસ વિગેરે ધંધો કરનાર તથા શરીર જુંગિત તે ઠુંઠા-આંધળા વિગેરે જાણવા.

હવે જો જૈન દર્શનમાં સ્પૃશ્યાસ્પૃશ્યનો વાંધો ન હોય તો મોક્ષના રાજમાર્ગ ચારિત્રમાં તેનો નિષેધ કેમ કર્યો ? વાત એ છે કે શાસ્ત્રમાં તો છે પણ આંખે જોવું નથી. આંધળો કહી દે કે જગતમાં લાલ-લીલું-પીળું છે જ નહિ તો તેથી તે નથી એમ કોઈ કબૂલ કરશે કે?

પ્રશ્ન-અસ્પૃશ્યતા નિશ્ચયથી છે ? સ્પર્શ કરવો કે નહીં તે વાત વ્યવહારની છે ?

વળી, જો કર્મનું ફળ નિશ્ચિત માનો તો અસ્પૃશ્યતા નિશ્ચયથી પણ થઈ ચુકી. કર્મની નિશ્ચિતતા ન માનો તો સ્વરૂપે તો આત્મા સિદ્ધ જ છે, મનુષ્યને વ્યવહાર માટે બોલવાનો હક્ક નથી.

પ્રશ્ન-કર્મદાનનો વેપારી શિલ્પ જુંગિતમાં ખરો ?

સમાધાન-ના ! શિલ્પ જુંગિતમાં કયા લેવા તે માટે હકીકત જણાવેલી છે.

આત્માના ઉદયનો એક જ માર્ગ દીક્ષા, તેને માટે જે નાલાયક ઠરે તે બીજા માટે સ્પર્શાદિમાં લાયક થઈ શકે ખરો ? એમ પ્રશ્ન થશે. (સભામાંથી) હા, જી.

પ્રશ્નકાર-ત્યારે એ ધર્મ શી રીતે કરે ?

સમાધાન-કોઈ અસ્પૃશ્ય જિનેશ્વરની મૂર્તિ બનાવે તેને તમે રોકી શકો નહિ. જેમ પેલા

ભીલે દ્રોણાચાર્યની મૂર્તિનું પૂજન કર્યું હતું. રસ્તે જતાં જૈન સાધુને કોઈ અસ્પૃશ્ય મસ્તક નમાવે તેમાં તમે વાંધો લઈ શકો નહીં; હિંસાદિનો ત્યાગ કરે તેમાં જૈન દર્શનને વાંધો નથી; વૈષ્ણવની માફક તમે તેમ કહી શકો તેમ નથી કે-

स्वधर्मे निधनंश्रेयः पर धर्मोभयावहः

દેવ, ગુરુ, ધર્મ વટલાતા નથી પણ વ્યવહાર વટલાય છે. દાખલાઓ કાયદાને બાધક નથી !!!

કહેવાનું તાત્પર્ય એ છે કે દેવ, ગુરુ, ધર્મ વટલાતા નથી પણ વ્યવહાર તદ્દન વટલાય છે. હવે તમને એ શંકા થશે કે મેતાર્ય, હરિકેશી તથા ચિત્રસંભુતિ આ ત્રણેયે દીક્ષા શી રીતે લીધી? કેમકે અસ્પૃશ્યને દીક્ષા તો છે નહિ. આનું સમાધાન કરું તે પહેલાં એક બીજી વાત પ્રત્યે ધ્યાન ખેંચું છું. નાતના ચોપડામાં કાયદો હોય કે કોઈપણ શ્રાવકે અભક્ષ્ય ખાવું નહીં, અપેય પીવું નહિ. ડુંગળી, લસણ વિગેરેને અડકવું (ખાવું) નહીં છતાં જો કોઈ ખાય તો તે જવાબદારી વ્યક્તિની છે પણ નાતની નથી, તેવી રીતે **શાસ્ત્રે તો સ્પષ્ટ વિધાન કર્યું કે અસ્પૃશ્યને દીક્ષા અપાય નહીં તેમાં આવા કદી બે ત્રણ દાખલા હોય તેથી વિધાનને (કાયદાને) બાધ આવતો નથી.** જેમ કાયદો તો કહે છે કે ચોરી ન કરવી, જુગાર ન રમવો, વ્યભિચાર ન સેવવો છતાં કોઈ મનુષ્ય તે કરે છે તે ઉપરથી તેમ કરવાનો કાયદો છે તેમ કહી શકાય નહિ; ડાહ્યો માણસ એમ કદી કહી શકે નહિ કે દાખલાઓ કાયદાને બાધક છે. હવે આપણે એ દ્રષ્ટાંતોમાં ઊંડા ઊતરીએ. પણ વાંચી સાંભળીને વિચારો !!!

શાસ્ત્રોને બદનામ કરો નહીં !!! મેતાર્ય મુનિ કોણ હતા ? માત્ર ચંડાલને ત્યાં જન્મ્યા હતા પણ દૂધ પણ ચંડાલણીનું પીધું નથી, ઉછર્યા પણ નથી કે તે આચાર દેખ્યો પણ નથી કેમકે જન્મ્યા તે જ વખતે સંકેત મુજબ શેઠને ત્યાં તેને લઈ જવામાં આવ્યા અને શેઠની મરેલી પુત્રીને અહીં લાવવામાં આવી હતી. જેઓ મેતાર્યનું દ્રષ્ટાંત દેતા હોય તેઓ આ વાતને ભૂલી કેમ જાય છે ? **જન્મની સાથે જ કુલ ફરી ગયું હોય તેના જીવનમાં પ્રાયઃ તે કુલની અસર રહેતી નથી.** પૂર્વભવના સંકેત મુજબ દેવતા મેતાર્યને દીક્ષા લેવાનું કહે છે પણ મેતાર્યનું લવલેશ મન નથી. દેવતા પરાણે અપાવવા ઈચ્છે છે. **જેઓ અસ્પૃશ્યતાને અંગે મેતાર્યનું દ્રષ્ટાંત આગળ ધરે છે, તેઓએ પરાણે પણ દીક્ષા આપવી સારી છે, એ દસ્તાવેજ ઉપર સહી કરી દેવી પડશે.** હવે મેતાર્ય વરઘોડે ચઢીને પરણવા જાય છે, અને આઠ કન્યાઓ પણ પરણવાને માટે વલખાં મારી રહી છે. ત્યાં પેલો દેવતા માતંગીણીના શરીરમાં પેસીને માતંગને મોઢે આ તમારો પુત્ર છે તે સંબંધમાં બધો ખુલાસો કરે છે તેથી તે માતંગ અને માતંગીણી બેય આવીને 'આ તો મારો પુત્ર છે' એમ કહીને મેતાર્યને ગળે વળગી પડે છે. તથા હજારો મનુષ્યો વચ્ચે તે માતંગ શેઠને ત્યાં જન્મ વખતે થયેલી બાળકોની અદલાબદલીની વાત ખુલ્લી કરે છે. શેઠ ચૂપ થાય છે. પેલી આઠે કન્યાઓ વીલે મોંઢે પાછી જાય છે. કહો **અસ્પૃશ્યતા ઉડી ગઈ કે સાબિત થઈ ?**

મેતાર્યે દૂધ પણ ત્યાંનું પીધું નથી, માત્ર જન્મ ત્યાં હતો એટલી વાત ખુલ્લી થતાં તો વરઘોડો વીખરાઈ ગયો, અને આઠે કન્યાઓ ભાગી ગઈ તથા રોતા રોતા ઘેરે જવું પડ્યું. જૈન શાસનમાં અસ્પૃશ્યતા નથી તેવું કહેનારા આ વાત ભૂલી જાય છે ? ફરી દેવતા આવીને કહે છે કે-'કેમ? હવે દીક્ષા લેવી છે ?' ત્યારે મેતાર્ય શું કહે છે ! તે વિચારો, **મારું નાક કપાઈ ગયું, દુનિયામાં મોં દેખાડાય તેવું ન રહ્યું, હવે દીક્ષા લઉં શી રીતે ? જો આ કલંક ટળે તો દીક્ષા લઉં.' જૈન દર્શનમાં અસ્પૃશ્યતા નથી તેવું કહેનારે મેતાર્યના પોતાના આ શબ્દો વિચારી લેવા.** પોતાને દીક્ષાનો ભાવ નથી છતાં લાગેલું અસ્પૃશ્યતાનું કલંક ટળે તો દીક્ષા લેવા તૈયાર છે તો તે કલંકને કેટલી મહત્તા અપાતી હશે ?

પછી દેવતા તે કલંક ટાળવા એક બકરો આપે છે. લીંડીને બદલે રત્નો મૂકે છે. આ રત્નોનો થાળ લઈને ચંડાળ શ્રેણિકને રોજ ભેટ ધરે છે. શ્રેણિક વિચારે છે કે આવાં રત્નો રોજ ક્યાંથી લાવે છે ? વળી, ચંડાળને રોજ આવી ભેટ ધરવાનું કારણ પૂછે છે ત્યારે ચંડાળ મેતાર્ય માટે કન્યાનું માગું કરે છે. આ સાંભળીને શ્રેણિક લાલપીળા થઈ જાય છે. **વિચારો કે જો અસ્પૃશ્યતા જેવું ન હોય તો ક્ષાયિક સમકિતના ધણી શ્રેણિક મહારાજા લાલપીળા થાત શું કામ ?** શ્રેણિક તથા અભય વળી વિચારે છે કે જેની પાસે આટલું દ્રવ્ય છે તે જરૂર બીજી પણ (રાજ્યને અંગે) ઉથલપાથલ કરે એવું વિચારી શ્રેણિક અને અભય કુમાર બન્ને ઢેડને ઘેર જઈને બકરો જુએ છે તો પ્રત્યક્ષ તેને રત્નો મૂકતાં દેખે છે. તે બકરાને પોતાને ત્યાં લાવે છે ત્યાં તો લીંડી જ મૂકે છે. તેથી અભયકુમાર કહે છે કે - 'એ ધન મેતાર્યના નસીબનું છે તથા આમાં કોઈ દેવતાનો ચમત્કાર છે.' એમ સમજીને ઢેડને ઘેર બકરો બાંધી આવે છે. ફરીથી રત્નની ભેટ વારંવાર મોકલ્યા કરે છે, શ્રેણિક પૂછે છે છતાં માંગણી કન્યાની કરે છે.

ત્યાર પછી રાજા શ્રેણિક ઢેડને કહે છે કે-**જો રાજગૃહીને (જે બાર જોજન લાંબી, અને નવ જોજન પહોળી છે) ફરતો એક રાતમાં સોનાનો કિલ્લો કરી દે, વૈભારગિરિ પર પગથી (પાજ) બંધાવે તથા દરિયો અહીં લાવી તેમાં અસ્પૃશ્યતા ટાળવાનો સંસ્કાર કરી પવિત્ર થાય તો કન્યા આપું!!!**

ત્રણે વાતો દેવતાઈ, વિચારો જૈન દર્શનમાં અસ્પૃશ્યતા છે કે નહિ ? તમારી શક્તિ ન હોય અને તમે ન પાળી શકો તે વાત જુદી છે, પણ તેથી શાસ્ત્રને બદનામ કરો નહીં. !!!

હરિકેશી અને મેતાર્યજીની દીક્ષાને તીર્થની પરંપરા સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી !!!

જૈનશાસ્ત્ર આડે આવતું નથી !!!

હવે હરિકેશી મુનિની વાત વિચારો. તેઓ તો રાજકુળના હતા પણ જન્મ્યા પછી બહાર મૂકી દેવાયાથી ચંડાળને ત્યાં દૂધ ભોજનાદિથી ઉછેરાયા હતા. મેતાર્યને કે હરિકેશીને કોઈ પણ ગચ્છના

કે સંપ્રદાયના મુનિએ દીક્ષા આપી નથી. હરિકેશી મુનિને પણ ગોચરીને અંગે અસ્પૃશ્યતાના કારણે કેટલું વેઠવું પડે છે !

એક ઠેકાણે ગોચરી ગયા છે, તે મહોલ્લાના માણસો કહે છે કે-'ઉચ્છિષ્ઠ ભોજન ફેંકી દઉં તે કબુલ પણ તને આપું નહીં,' વળી તે વ્યવહારિક જ્ઞાનદાતા ઉપાધ્યાય પોતાના વિદ્યાર્થીઓ પાસે હરિકેશીને માર મરાવે છે અને કાઢી મૂકવા માટે કહે છે : તેથી વિદ્યાર્થીઓ મારવા દોડે છે તે વખતે દેવતા તે વિદ્યાર્થીઓને લોહી વમતા કરે છે તથા કોઈના અંગોપાંગ મરડી નાખે છે. હરિકેશીનું દ્રષ્ટાંત દેનારે આ વાત પણ કબુલવી જોઈશે કે એક મુનિના અપમાન ખાતર સેંકડોને લોહી વમતા કરવામાં વાંધો નથી !!! હરિકેશી મુનિ થયા છે પણ ભિક્ષાદિ વ્યવહારમાં આવી મુસીબતો છતાં રોષ કરતા નથી. તેમને કોઈ ગચ્છવાળા કે સંપ્રદાયવાળાએ દીક્ષા આપી નથી. દેવતાના બળે, પૂર્વભવના પુણ્યબળે, પ્રત્યેક બુદ્ધ જેવી સ્થિતિના યોગે દીક્ષા આવી જાય તેમાં જૈન શાસન આડે આવતું નથી.

હવે ચિત્રસંભૂતિ પણ ચંડાળ હતા, તેઓ મુનિ થયા છતાં ગામમાં પેઠા તે માટે માર ખાવો પડ્યો એટલું જ નહીં પણ ગામમાંથી નીકળતાં નીકળતાં યે માર ખાધો તે એવી સ્થિતિ ઊભી થઈ કે એમને આવું જીવન જીવવા કરતાં મરવું સારું લાગ્યું અને તેથી ડુંગર ઉપર ચઢી ઝંપાપાત કરવાનો પ્રયત્ન કર્યો. આ ચિત્રસંભૂતિ મુનિને પણ કોઈ પણ ગચ્છવાળા મુનિએ દીક્ષા આપી નથી. ચિત્રસંભૂતિને તેજોલેશ્યા મૂકવી પડી પછી રાજા વિગેરે નમતા આવ્યા, વળી નિયાણું કરવું પડ્યું. આ બધી વાતો પ્રત્યક્ષ છતાં એક જ વાત પકડી રાખવી એનો અર્થ શો ? કોઈ હિંદીએ અમુકના ખૂન કર્યા તેથી એમ કહેવું કે હિંદીઓ ખૂની છે તે શું ન્યાયયુક્ત છે !!! એક વખત બે ઘડી પણ નીતિ કે કુળનો મદ થાય તો આગલા ભવમાં નીચપણું ભોગવવું પડે છે. મનુષ્ય ભવમાં જાય તો નીચ ગોત્રમાં ઊપજે, તિર્યંચમાં પણ ગધેડો કે કુતરો વિગેરે થાય, અરે ! દેવલોકે ઊપજે તો પણ કિલ્બિષીયોદેવ થાય જેમ દુષ્કૃત્યને અંગે આ નિયમ તેમજ બે ઘડી ધર્મકૃત્ય થાય તો જન્માંતરમાં ઊંચી સ્થિતિ પ્રાપ્ત થાય. આ જીવ હજી પોતે ધર્મની કિંમત સમજતો નથી. અને તેથી જ જ્ઞાનીઓ તેને અજ્ઞાની કહે છે. આહાર, શરીર, ઇંદ્રિયો, વિષયો અને તેના સાધનોમાં જ મશગુલ રહેવું એ અજ્ઞાન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર એ ધર્મ છે તેની કિંમત સમજવી જોઈએ. તે બે રીતે થાય, (૧) લૌકિક તથા લોકોત્તર. લોકોત્તર દ્રષ્ટિએ ધર્મની કિંમત સમજાશે ત્યારે કાળા મહેલવાળા શ્રાવકોએ પોતાને અધર્મી તરીકે જાહેર કેમ કર્યા તે ખ્યાલમાં આવશે.

તા. ક :- અસ્પૃશ્યતા માટે લોકોત્તર વિધાનદર્શક શાસ્ત્રીય પાઠો આવતા અંકમાં પ્રગટ થશે.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડઅભ્યાસી આગમોદ્ધારક-આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ ગણી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી આચામામ્લ વર્ધમાન તપોનિષ્ણાત શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

(નોંધ :- સર્વ હક્ક સ્વાધિન.... તંત્રી.)

૩૫ પ્રશ્ન- અનંતી વખત ધર્મ કર્યો, ઓઘા મુહપત્તી કર્યા, અને ચરવળા કટાસણા કર્યા છતાં હજુ ફાવટ આવી નહીં તો એક વખત આ ભવમાં કરવાથી શું વળશે ?

સમાધાન- ભોગની લાલસાપૂર્વક અનંતીવખત કરેલ ઓઘા મુહપત્તી અને ચરવળા કટાસણાનું ફળ દેવલોક, સુંદરગતી અને સાંસારિક સુખ સાહ્યબીના સાધનો પણ મળ્યાં. વસ્તુતઃ મોક્ષ ન થયો, પણ દ્રવ્ય ધર્મથી જગતમાં ઊંચી સ્થિતિ પામ્યા. બૈરાં ને છોકરાં, ઘર ને વાડી, બગીચા ને બંગલા, પુત્ર ને પરિવાર વિગેરે વિગેરે કેટલી વખત કર્યા ? અનંતી વખત કરેલાનું ફળ શું આવ્યું ? નરક નિગોદ અને તિર્યંચ. આવું અનિષ્ટ ફળ આવવા છતાં, દ્રષ્ટિ આગળ દુઃખ દેખ્યા છતાં, પણ હજુ વિરામ કેમ પામતા નથી !!! છતાં આ ભવમાં મોક્ષની ઈચ્છાપૂર્વક ધર્મ કરવામાં આવે તો સાત આઠ ભવમાં કામ થઈ જાય, મોક્ષ લક્ષ્યમાં ન રહે તો પણ દ્રવ્ય આરાધન સાંસારિક સુખ આપ્યા વગર તો રહેતો જ નથી.

૩૬ પ્રશ્ન- અર્થ દંડ અને અનર્થ દંડમાં ફેર શો ?

સમાધાન- સ્વાર્થ (ઘર-કુટુંબ, કબીલા, પુત્રાદિ) પૂરતું કરવામાં આવે તો તે અર્થ દંડ અને તે સિવાય કરે તો અનર્થ દંડ.

૩૭ પ્રશ્ન- સમજે છતાં ત્યાગ ન કરે, જે કૃષ્ણ પોતાની સાત છોકરીને પ્રભુ નેમનાથ પાસે મોકલે, દીક્ષાની દાંડી પીટાવે છતાં ગજ ભરનારા અને તસુ નહીં ફાડનારા લેશભર ત્યાગના પચ્ચખાણ નહિ છતાં તે સમજુઓને પ્રભુ શાસનમાં સ્થાન છે ?

સમાધાન- હા, માન્યતાની મહોલાતોમાં મોજ માણનારાઓના જૈન શાસનમાં ડગલે અને પગલે યશોગાન કરેલા છે. ત્રણ ખંડ પર સત્તા ચલાવવી સહેલી છે પણ નાત પર સત્તા ચલાવવી મુશ્કેલ છે. કદાચ નાત પર સત્તા ચલાવાય પણ કુટુંબ પર સત્તા ચલાવવી મુશ્કેલ છે, કદાચ કુટુંબ પર સત્તા ચાલી શકે પણ ઇંદ્રિયો પર સત્તા ચલાવવી મુશ્કેલ છે, કદાચ ઇંદ્રિયો પર કાબૂ રાખે પણ મનનો કાબૂ રાખવો મુશ્કેલ છે, કદાચ મનનો જય કરી શકાય પણ આત્મા પર અંકુશ રાખવો તે તો અત્યંત મુશ્કેલ છે. જે વાસુદેવના મકાનમાં રાત દિવસ પુત્ર થાય તો ભગવાનને દઉં, પુત્રી થાય તો ભગવાનને દઉં એવા વિચારનું વાતાવરણ રહે છતાં સ્વયં ત્યાગ કરવા માટે જે વાસુદેવ પોતે લાચાર સ્થિતિમાં છે. તે વાસુદેવ પુત્રી અને પિતા તરીકેના સંબંધને તિલાંજલિ આપે છે, તે ફક્ત દુનિયાને દેખાડવા માત્રની નહીં પણ, હૃદયપૂર્વકથી દીક્ષા અપાવવી તે જેવી તેવી વાત નથી. અસત્ કલ્પનાએ વિચારો કે હું મારાં છોકરાં છોકરીને દીક્ષા માર્ગે મૂકી આવ્યો છું અને તે માર્ગે વાળવા હરકોઈ માટે હું મારું સર્વસ્વ સમર્પણ કરી રહ્યો છું એવું વિચારો તો પણ તમને ગંભીર ગહનતા માલમ પડશે. **આવું સમજુપણું આવ્યા વગર પ્રભુ શાસનની યથાર્થ પ્રભાવના થતી નથી.** બીજું ખસના દરદીને ચળ આવે તે વખતે ખણી નાંખે, લોહી નીકળે, અસહ્ય વેદના વેદે, ખણવું ખોટું ધારે, બીજા ખણતા હોય તેને રોકે, પોતાને વારે તો આંખો કાઢે. આ બધું કરે છતાં ખસની ખણજ અને તેથી ઉદ્ભવતા બધાં પ્રસંગોને હૃદયથી બુરા માને તેવી રીતે સમકીત ધારી (સાચો સમજુ) શ્રાવક પણ સંસાર-સંસારીઓ, સંસારનો ઉદ્યમ સંસારની કાર્યવાહી આદિ બધું કરે પણ ખસની ખણજની જેમ તદ્દન બુરી માને. અર્થાત્ ચારિત્ર મોહનીયના ઉદયથી સાચી સમજણવાળો છતાં પણ વિરતી ન કરી શકે તે બનવા જોગ છે.

૩૮ પ્રશ્ન- ક્ષાયક સમ્યક્ત્વધારીઓ પોતાના પુત્રની દીક્ષામાં આડે આવે ?

સમાધાન- હા; આવે તો આવી શકે એટલે આવે ખરાં અને ન પણ આવે. આડે આવવું તે ચારિત્ર મોહનીયનો ઉદય છે; અને માન્યતા રાખવી દે દર્શન મોહનીયના ક્ષયનું કામ છે.

૩૯ પ્રશ્ન- સુંદરીને સ્ત્રી રત્ન બનાવવાની ઇચ્છાથી દીક્ષા લેતાં ભરત મહારાજે રોકી તે વખતે સમ્યક્ત્વ ખરું કે નહીં ?

સમાધાન- સમ્યક્ત્વ નથી એમ કહી શકાય નહીં.

૪૦ પ્રશ્ન- પોતાના છોકરાએ અને પોતાની સ્ત્રીએ દીક્ષા લીધી છે, સ્ત્રી અને પુત્રના મોહને લીધે બંન્નેને બળાત્કારથી તે ભાઈ ઘેર લાવે છે તો સમ્યક્ત્વ રહે કે જાય ?

સમાધાન- સમ્યક્ત્વ જાય જ એમ કહેવાય નહીં.

૪૧ પ્રશ્ન- સૂયગડાંગમાં મહામોહનીય બાંધવાના ત્રીસ સ્થાનો છે તેનું શું ?

સમાધાન- દેવત્વ, ગુરુત્વ, ધર્મત્વ પ્રત્યે દ્વેષાદિ થાય તો મહામોહનીય બાંધે; સીધો કે આડકતરી રીતે સગાં વહાલાં વિગેરેનો સંબંધ નથી તેવાઓ તો મહામોહનીય જ બાંધે બલકે ગણધર હત્યાના પાપના ભાગીદાર થાય.

૪૨ પ્રશ્ન- પારસી-મુસલમાન-ઢેડ દીક્ષા લઈ શકે ? અને લઈ શકે તો તમો તેમની સાથે સંબંધ કેમ રાખતા નથી ?

સમાધાન- હા, દીક્ષા લઈ શકે; પણ દીક્ષા લેવી અને આપવી તે વાત જુદી છે, તેમજ થયેલ દીક્ષિતને ભેળવવો કે નહીં તે વ્યવહાર ઊચીતતાનો વિષય છે. જેની સાથે જાતિ આદિથી વ્યવહાર રાખવાનો નિષેધ છે તેવા દીક્ષિત થયા હોય તો તેણે પોતાની સાધન સામગ્રીની જોગવાઈ કરી લેવી.

૪૩ પ્રશ્ન- છેદસૂત્ર એટલે શું ?

સમાધાન- અપરિણીત અને અતિ પરિણીતને છેદ એટલે બાદ કરીને પરિણીતની પરીક્ષા કરીને એકાંતમાં દેવા યોગ્ય સૂત્ર તેનું નામ છેદ સૂત્ર. પરીક્ષાના વિધાનમાં ગુરુમહારાજ કહે કે કેરીઓ ખાવી છે, એવું સમુદાયમાં જણાવે ત્યારે તે વાતમાં અપરિણીતો ભળી જાય, અતિપરિણીતો ગુરુના સાધુપણામાં શંકિત થાય; પણ પરિણીત હોય તે પૂછે કે ભગવાન પ્રાસુક કે અપ્રાસુક વિગેરે સમજણના પ્રશ્ન કરે, સમાધાન કરી વાંચનાને યોગ્ય જાણી સૂત્ર પ્રદાન કરે
અથથી ઇતિ સુધીના આપત્તિ પ્રસંગે રક્ષણના ઉપાયો અને ઉત્સર્ગ અપવાદોથી ભરપૂર તે છેદ સૂત્ર છે.

૪૪ પ્રશ્ન- નિગોદમાં રહેલો જીવ, સિદ્ધદશામાં રહેલ જીવ, એકેંદ્રી જીવ, અગર પંચેદ્રી જીવ, અગર તીર્થંકરદેવ જીવ. જીવત્વપણામાં તો સરખા છે છતાં પાપબંધમાં ઓછાવત્તાપણું કેમ માન્યું?

સમાધાન- દરેકે દરેક જીવમાં જીવત્વપણું સરખું છે પરંતુ પુણ્ય શક્તિ અને સ્વપર આત્મશક્તિ વિકાસના સાધન અને સામગ્રીના નાશને લીધે પાપ વિગેરેના બંધમાં ઓછાવત્તાપણું માનેલ છે.

૪૫ પ્રશ્ન- ધર્મ કરવાનું કહો છો પણ મારે ભોગાવલીનો ઉદય છે એવો અમારો બચાવ રીતસરનો છે ? ભાવિ બનવાનું હશે તે બનશે. એવું જે બોલાય છે તે વાજબી છે ?

સમાધાન- ના, ભાવિભાવનો ભક્તો તે ગોશાળા પંથીઓ છે. એટલે ભાવિના ભરોસે બેસી રહેવાનું નથી, પણ ઉદ્યમ કરવાનો છે.

૪૬ પ્રશ્ન- બળાત્કારથી દીક્ષા લેનારને રોકે, અને તોડાવે એ બંનેમાં પાપ શું ?

સમાધાન- પ્રાયઃગણધર હત્યાનું પાપ, પણ રોકનાર અને તોડાવનાર તે દીક્ષિતનો સંબંધી હોવો જોઈએ નહીં.

૪૭ પ્રશ્ન- ધર્મબિંદુમાં દીક્ષા માટે છ માસની પરીક્ષા રાખી છે તેનું શું ?

સમાધાન- ધર્મબિંદુ અને પંચ વસ્તુ એ બંન્નેના રચયિતા ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી છે.

ધર્મબિંદુમાં છ માસની પરીક્ષાનું જે લખેલું છે તે માત્ર સૂચના રૂપ છે. અર્થાત્ છ માસ પછી જ દીક્ષા દેવાય એવું ધ્વનિત પણ થતું નથી. શ્રી પંચવસ્તુમાં દીક્ષા દીધા પછીજ સામાયિક આપવાનું છે, અને તે આવશ્યકનું પહેલું અધ્યયન છે. આવશ્યક પૂરું થયા પછી દશવૈકાલિકના યોગ છે, ચોથું અધ્યયન સૂત્રાર્થ થયા પછી જ ગોચરી-સ્થંડિલાદિ વિગેરેથી પરીક્ષા કરવાની છે, અને તે પરીક્ષા દીક્ષા લીધા પછી જ હોય છે. પંચવસ્તુમાં સાધુની ચર્યા વિગેરે દેખાડવા દ્વારા એ પરીક્ષા કરવાનું જણાવ્યું છે, અને તેથી દીક્ષા પછીથી જ પરીક્ષા નક્કી થાય છે. છ માસની પરીક્ષા દીક્ષાની યોગ્યતા માટેની નથી પણ આચારમાં તૈયાર થયો અને શ્રદ્ધાવાળો થયો તેની પરીક્ષા છે. દીક્ષાની પરીક્ષા માટે તો તું કોણ છે? ક્યાંનો રહેવાવાળો છે? શા માટે દીક્ષા લે છે? એ વિગેરે સવાલોના જવાબ ઉપરથી પરીક્ષા કરવાની છે. આટલા જ માટે ધર્મબિંદુ જુઓ.

૪૮ પ્રશ્ન- શિક્ષાવ્રતો પર્વ સિવાય ન હોય ?

સમાધાન- પર્વને દિવસે હોય અને પર્વ સિવાયના દિવસે પણ હોઈ શકે. જુઓ આવશ્યક સૂત્ર તથા શ્રી સૂત્રકૃતાંગ.

૪૯ પ્રશ્ન- વિરોધી સાથે કેવું વર્તન રાખવું ? પ્રસંગોપાત તે વિરોધીનો બચાવ અગર તેને મદદ કરવી તે શું કર્તવ્ય છે ?

સમાધાન- ખૂન કરનાર માણસને સરકાર ખૂની તરીકે જાહેર કરી તુરત ફાંસીને માંચડે લટકાવતી નથી, પણ ખૂનીના જ પોતે ફરિયાદી થાય છે અને તે ખૂનના બચાવ માટે પોતાનો સરકારી વકીલ રોકે છે. કાયદાને અનુસરીને તે ખૂની બચે તેવા અનેકાનેક પ્રકારો સરકાર જાહેર કરે છેવટે એક પણ બચાવ સરકારી વકીલ કરી ન શકે ત્યારે સરકાર જાહેર કરે કે જાહેર પ્રજાના જીવન અને તેના સર્વ પ્રકારના જાનમાલના રક્ષણ માટે આ વ્યક્તિને ફાંસીની સજા ફરમાવવામાં આવે છે; તેવી રીતે વિરોધીના વિરોધ દેખીને પણ જૈન શાસન અને તેના અગ્રગણ્ય નેતાઓ આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ શાસ્ત્રોક્ત રીતિએ બચાવ થાય ત્યાં સુધી બચાવ કરે છેવટે તે વિરોધી વ્યક્તિ પર દ્વેષને લઈને વિરોધી, શાસનદ્રોહી, અધર્મી ન કહે, પણ જૈન ધર્મનું પરિપાલન કરનાર ચતુર્વિધ સંઘને આ જાહેર થયેલ વ્યક્તિની કાર્યવાહી ઘણી ભયંકર છે, જેથી જૈન શાસન અને જૈન શાસનની માન્યતાવાળા ચતુર્વિધ સંઘના શ્રેય માટે જ આ વ્યક્તિને શાસન-દ્રોહી તરીકે ગણી શાસન (સંઘ) બાહ્ય કરવામાં આવે છે, પ્રબળ પુરાવા વગર જજમેન્ટ આપવાનો હક્ક જૈન શાસનમાં નથી.

૫૦ પ્રશ્ન- નસીબ અને ઉદ્યમમાં ફેર શો ?

સમાધાન- ભૂતકાળનો પ્રયત્ન-ઉદ્યમ તે વર્તમાનનું નસીબ-ભાગ્ય. અર્થાત્ આ ભવનો ઉદ્યમ તે જ આવતા ભવનું ભાગ્ય આ વસ્તુ સમજવાથી ઉદ્યમ આપો આપ સમજી શકશો.
પ્રભુ શાસનમા ઉદ્યમની પ્રાયઃ પ્રાધાન્યતા છે !!!

૫૧ પ્રશ્ન- દ્રવ્ય પચ્ચખાણ એટલે શું ? સમ્યક્‌દ્રષ્ટિ કૃષ્ણાદિકને દ્રવ્ય પચ્ચખાણ હોય એમ શાસ્ત્રમાં કીધું છે તો દ્રવ્ય પચ્ચખાણ કેવી રીતે ગણવા ?

સમાધાન- અવિરતી વાસુદેવ વિગેરે દેવતા આરાધનાદિકને માટે જે અઠ્ઠમ વિગેરે કરે, તથા દેવલોકમાં રહેલા નલિની ગુલ્મ વિમાનની ઇચ્છાથી અવંતિ સુકુમાલાદિકની પેઠે સાધુપણું પાળે તે બધું દ્રવ્ય પચ્ચખાણ કહી શકાય. સમ્યક્ત્વવાળાને આત્મકલ્યાણ માટે ત્યાગના પરિણામ હોય પણ સંયોગને આધિન બાહ્ય સામગ્રી માટે થયેલ વીર્યઉલ્લાસથી કરાતા પચ્ચખાણ તે દ્રવ્ય પચ્ચખાણ કહી શકાય.

૫૨ પ્રશ્ન- શ્રી અષ્ટકજીના મૂળની ટીકાની અંદર આવેલી 'जइवि न आहाकम्मं' ગાથાની છાયા છે તેનો અર્થ શો?

સમાધાન- તેનો અર્થ એ છે કે જિનેશ્વર મહારાજનું ચૈત્ય તે સાધુઓને માટે કરેલું નથી તેમજ જીનેશ્વર કલ્યાતીત હોવાથી તેમની ભક્તિ માટે કરેલું આધાકર્મી નથી; છતાં પણ તેમાં રહેવાનું વર્જવાવાળા સાધુઓએ તીર્થંકરની ભક્તિ કરી કહેવાય નહીંતર ઉત્કૃષ્ટી આશાતના થાય.

૫૩ પ્રશ્ન- સમ્યક્ત્વ પરિણામ અને ચારિત્ર પરિણામમાં ફેર શો ? અને તે દ્રષ્ટાંતથી સમજાવશો?

સમાધાન- આત્મ કલ્યાણ કરનારા અને આત્મકલ્યાણના સાધનો તરફ યથાસ્થિત પ્રતીતિપૂર્વકની જે પ્રીતિ તે **સમ્યક્ત્વ-પરિણામ.** જેમ દેવતાના ગાયનને એક વખત પણ સાંભળનાર સંગીતનો રસિક મનુષ્ય તે તરફ આકર્ષાયેલ રહે; તેમ આત્મકલ્યાણના સાધનોને આદરવા કે આદરવામાં તત્પર થતાં જે પરિણામ તે **ચારિત્ર પરિણામ** જેમ દેવતાઈ ગાયન શ્રવણ કરવામાં સામેલ થઈ જાય.

૫૪ પ્રશ્ન- શ્રાવક નાહ્યા વગર ગભારામાં વાસક્ષેપ પૂજા માટે જઈ શકે ?

સમાધાન- હા, વસ્ત્રો અને શરીર પવિત્ર હોય તો ગભારામાં પણ દુરથી વાસક્ષેપ પૂજા કરવામાં અડચણ જણાતી નથી.

૫૫ પ્રશ્ન- ચોમાસાની દીક્ષા માટે કયા શાસ્ત્રમાં વિધાન છે ?

સમાધાન- ચોમાસાની દીક્ષાનો પાઠ **નીશીથચૂર્ણી** ઉદ્દેશો ૧૧-ગા-૫૬૫.

૫૬ પ્રશ્ન- અનંતકાયવાળા અનંતા સાથે ઉત્પન્ન થાય અને ચ્યવે કે અસંખ્યાતા બધા સાથે ભવ પૂરો કરે કે જુદા કરે ?

સમાધાન- બાદરકે **સૂક્ષ્મ નિગોદમાંથી દરેક સમયે તેનો અસંખ્યાતમો ભાગ અનંત જીવમય ઊપજે છે અને ચ્યવે છે જુઓ. લોકપ્રકાશ.**

૫૭ પ્રશ્ન- શ્રાવકની આલોયણાનું સામાન્ય વિધાન કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન- શ્રાવકની આલોયણનો અધિકાર શ્રાદ્ધ જીત કલ્પમાં છે.

૫૮ પ્રશ્ન- માતૃ બે ઘડીએ સચિત્ત થાય તો બે ઘડી પહેલાં ફરી તેમાં માતૃ કરે તો બીજી બે ઘડી ચાલે?

સમાધાન- ના, પહેલું માતૃ થયું ત્યારથીજ સચિત્તપણું થવામાં બે ઘડી ગણવી.

૫૯ પ્રશ્ન- અધમાઓને વ્યાખ્યાનમાં આવતા રોકી શકાય ?

સમાધાન- ના, કારણ કે પ્રભુમાર્ગની દેશના સાંભળવાનો સર્વ કોઈને હક્ક છે; તે સ્થાનમાં વૈર વિરોધ ભૂલવો જોઈએ. પ્રભુ સમોસરણમાં ૩૬૩ ત્રણસો ત્રેસઠ પાખંડીઓ આવતા હતા, જો કે તેઓ પામવાનું વસ્તુતઃ પામતા નહોતા પણ પ્રભુ વચનરૂપ વર્ષાદ ભવ્યાત્માઓના કોમળ હૃદયરૂપ ભવ્ય ભૂમિમાં ઉતારી શકતા હતા.

૬૦ પ્રશ્ન- જે વખતે અહીં દિવસ હોય તે વખતે પશ્ચિમાદિ દેશોમાં રાત હોય છે, જે વખતે અત્રે ચોમાસું હોય તે વખતે તે દેશોમાં ગરમી હોય છે હવે રાત્રિભોજનનો ત્યાગ, કેરીનો ત્યાગ, વિગેરે પ્રસંગોપાત વિરતી આદિ ધર્મપ્રસંગો કેવી રીતે સાચવવાં ?

સમાધાન- ધર્મના કેન્દ્રસ્થાનથી દિવસ રાત્રિના વિભાગને અનુસરીને રાત્રિભોજનનો નિયમ બાંધેલ છે, ઋતુઓ પણ તેને અનુસરીને છે. પશ્ચિમાદિ દેશોમાં રાત્રિ-દિવસનો વિભાગ અને ઋતુઓ તત્ર પ્રમાણે સમજવી અને તે સ્થાનોમાં વિરતિના પ્રસંગો તે કાળને લક્ષીભૂત ગણી ધર્મકાર્ય કરવા તત્પર થવું.

૬૧ પ્રશ્ન- ત્યાગમાર્ગથી કંટાળેલા, ભોગ માર્ગ પ્રત્યે ઈચ્છાપૂર્વક જનારા, જવાનો ઉદ્યમ કરવાવાળા હોય છતાં ઘોંચ પરોણો કરી તેઓને બળાત્કારથી રોકી શકાય ?

જવાબ- હા, રોકી શકાય. હિતકાર્યમાં બળાત્કાર એ બળાત્કાર નથી પણ અનુપમેય બચાવ છે. હાથમાં તલવાર લઈ ખૂન કરવા ધસી પડતા માણસને બાથમાં ભીડી બળાત્કારથી તલવાર ખૂંચવી લે અને ખૂન કરતાં બચાવે તો લાભ કે નુકશાન ? જરૂર કહેવું પડશે કે લાભ. કલ્પસૂત્ર વર્ષોવર્ષ સાંભળો છો મેઘકુમારે દીક્ષા લીધી, સંથારો બારણા પાસે આવ્યો, સતના સાધુ મહાત્માઓની પગરજથી તે સંથારો ધૂળથી ભરાઈ ગયો, રાતમાં ઘેર જવાનો વિચાર થયો, સવારમાં ભગવાન પાસે જવા માટે આવી ઊભો રહ્યો જવાની ઉતાવળ, ઓઘો મૂકવાની તૈયારી છતાં વિશ્વવંદ્ય વિભુવીરસ્વામી કહે છે કે હે મહાભાગ ? રાતે તેં અશુભ ચિંતવ્યું !!! પાછલો ભવ વિસ્તારપૂર્વક સંભળાવ્યો, ધર્મમાં સ્થિર કર્યો, અને તેથી જ શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં ભગવાન મહાવીરદેવની 'धम्मसारहीणं' પદની યથાર્થતા સ્પષ્ટપણે કથન કરી છે.

૬૨ પ્રશ્ન- સમ્યક્ત્વી અને મિથ્યાત્વી બન્ને જણમાં ગુણો છે અને દોષો પણ છે પણ પ્રસંગોપાત પ્રશંસા કોની કરવી ? અને કરવા જતાં દોષની પણ અનુમોદના થઈ જાય છે તો શી રીતે વર્તવું ?

સમાધાન- મિથ્યાત્વીઓમાં જબરજસ્ત મિથ્યાત્વદોષ છે અને તે સાથે બીજા મહાનદોષો છે જેથી પ્રસંગોપાત ઉદ્યમાદિ પ્રવૃત્તિ પૂરતાં અપાતાં દ્રષ્ટાંતોમાં તે મિથ્યાત્વીના સાહસ, ધર્માભિમાન આદિગુણો વર્ણવતાં પહેલાં અધર્મી, હિંસક આદિ દોષોનું નિરૂપણ પ્રથમ કરવું અને પછી ગુણોને પ્રશંસવા. સમકીતી જીવોમાં જે દોષો હોય તે દોષોને પ્રગટ કર્યા વગર ગુણોની પ્રશંસા કરાય તો પણ વાંધો નથી. કારણ સમ્યક્ત્વ ગુણ એવો જબરજસ્ત છે કે તે ગુણોની

આગળ બીજા દોષોની કિંમત નથી!

૬૩ પ્રશ્ન- ઉત્સૂત્ર કથન અને ઉત્સૂત્ર પ્રરૂપક એ બેમાં ફેર શો ? એ બેમાંથી ઉત્સૂત્ર ભાષી તરીકે જાહેર કોને કરવો ? જાહેર કર્યા પછી ક્યારે ત્યાગ કરવા યોગ્ય ?

સમાધાન- અનુપયોગથી, સહસાત્કારથી સ્હેજે શાસ્ત્ર વિરુદ્ધ બોલાઈ જાય પણ તે કથનની સત્યતા સમજાઈ જાય કે તુરત ક્ષમા યાચે, તે કથન પ્રચાર ન પામે તેના માટે બનતું કરે, અગર **તે કથન સામે મોરચા ન માંડે તે ઉત્સૂત્ર કથન કહેવાય;** અને શાસ્ત્ર વિરુદ્ધ બોલેલ કથનને જગતમાં પ્રવૃતિરૂપે દાખલ કરાવવા બનતો પ્રયાસ કરે; તેની (ઉત્સૂત્રકથન) આડે આવનારાં સત્ય પ્રરૂપકો સત્ય પ્રરૂપણા અને સત્ય પ્રરૂપણાના સાધન **પ્રસંગોને જમીનદોસ્ત કરવા અનેકવિધ કાર્યવાહી ચાલુ રાખે તે ઉત્સૂત્ર પ્રરૂપક** અને તેવાં ઉત્સૂત્ર પ્રરૂપકને ઉત્સૂત્ર ભાષી તરીકે બનતી ઉતાવળે જાહેર કરવો અને ત્યાગ કરાવવા માટે સર્વશક્તિ વાપરવી જોઈએ !!!

૬૪ પ્રશ્ન- સુંદર પુષ્પોથી પૂજા કરવી તે બરાબર છે, પણ તેની પાંખડીઓને ચૂંટવી તેથી વનસ્પતિકાય દુભાય છે અને તેથી મનમાં એકેન્દ્રિય જીવને દુઃખ થાય છે આટલી બધી કિલામણા કરવાની પ્રવૃતિ શાસ્ત્રમાં હશે એવી વિચારણા આવે તેનું શું ?

સમાધાન- પરમારાધ્ય-પૂજા પ્રસંગે આ વિચાર આવે છે પણ સંસારની સમગ્ર પ્રવૃતિમાં છ કાયની હિંસા ડગલેપગલે થયા કરે છે પણ તે સંબંધી મહાનુભાવ ! લેશભર વિચાર કેમ આવતો નથી !!! **એકેન્દ્રિયની કિલામણા કદર્થના અને હિંસાથી હૃદય ક્ષોભ પામે તેને જરૂર સર્વ વિરતિ અંગીકાર કરવી જોઈએ.** વિ. પ્રભુચરણે ચડેલ એકેન્દ્રિયો પોતાના એકેન્દ્રિય ભવની સાર્થકતા તે પૂજા પ્રસંગે આપણી દ્વારાએ કરી શકે છે પણ સ્વરૂપ હિંસાના બહાના તળે પરમારાધ્ય પૂજા ત્યાગ કરવી તે અનુચિત છે એ પૂજા પ્રસંગની હિંસા તે વાસ્તવિક હિંસા નથી.

૬૫ પ્રશ્ન- સંસાર પ્રવૃતિમાં આસક્તિવાળાને સમ્યક્ત્વ હોય કે અશક્તિવાળાને હોય ?

સમાધાન- બંન્નેને સંભવી શકે, મોક્ષ સુખસાધ્ય છે એવા સાધ્યવાળો કોઈપણ જીવ હોય તો આસક્તિવાળો અગર અશક્તિવાળો હોય તો પણ બંન્નેને સમ્યક્ત્વ હોઈ શકે ? અશક્તિ પુરસ્સરની પ્રવૃતિ અને આશક્તિ પુરસ્સરની પ્રવૃતિએ ચારિત્રના પ્રસંગમાં વધુ ઓછા લાભ તરફ ઢળી જનારા પ્રસંગો છે અને કર્મબંધનું ઓછાવત્તાપણું તે પ્રસંગમાં જરૂર સંભવશે પણ **સંસાર પ્રવૃતિમાં મસ્ત બનેલ સમ્યક્ત્વધારી ભવ્યાત્મા અને તદ્‌ભવમોક્ષગામી ચારજ્ઞાનના ધણી ગણધર ભગવંત બંનેનો વિવેક (સમ્યક્ત્વ) એક સરખો હોય છે.**

૬૬ પ્રશ્ન- ગૌતમસ્વામીજીનો પ્રભુ પ્રત્યેનો રાગ ગુણાનુરાગ ખરો કે નહીં ?

સુધા-સાગર

(નોંધ :- સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. તંત્રી.)

૩૧ શાસ્ત્રોનું વિદ્યમાનપણું હોવાથી અમે સનાથ છીએ !!!

૩૨ આગમના અત્યંત આદર વગર ત્રણ તત્વની આરાધના અખંડ રહી શકતી નથી !!!

૩૩ તીર્થંકર, કેવળી, ગણધર, અને વિશિષ્ટ જ્ઞાનીના વિરહ કાળમાં વીર વચન અવલંબન ભૂત છે!!!

૩૪ જે પૂર્વાપરના વિરોધે રહિત પ્રરૂપણાવાળા હોય, ક્લૃપ્ત અને ઈષ્ટથી અબાધિત પદાર્થ કહેનાર હોય, નિર્વાણ રૂપ પરમાર્થને પ્રતિપાદન કરનારી હોય, હિંસાદિકના પરિહાર માટે સ્થાન સ્થાન પર તેને નિષેધ કરનાર વાક્યો જેમાં હોય, આત્મ કલ્યાણમાં અનેક પ્રકારે કર્તવ્યતાઓ કથન કરેલી હોય, તેવી સ્યાદ્વાદશૈલીથી રચાયેલાં શાસ્ત્રો જૈનત્વના જીવન રૂપ છે !!!

૩૫ કર્મથી જુદું પડવું, કર્મથી રખડવું, કર્મનું વેદવું, કર્મનો ક્ષય કરી અવ્યાબાધ પદ મેળવવું, પોતાના સ્વસ્વરૂપમાં રહેવું, તે બધું બાહ્ય ઈંદ્રિયોથી દેખી શકાય તેમ નથી તે બધાં દેખવા માટે આગમ અરીસાની જરૂર છે !!!

૩૬ દ્રશ્ય અને અદ્રશ્ય, રૂપી અને અરૂપી, સૂક્ષ્મ અને બાદર, નજીક અને દૂર, ભૂત, ભાવિ અને

સમાધાન- નહીં, જો ગુણાનુરાગ માનીએ તો કેવળજ્ઞાન અટકે નહીં, તેમજ ગુણાનુરાગને શાસ્ત્રકારોએ પ્રશસ્ત રાગ કહેલ છે, અને તેની વ્યાખ્યા કરતાં પ્રતિપાદન કરેલું છે કે જે પ્રશસ્તરાગ રહ્યા છતાં કર્મની નિર્જરા કરે અને કર્મ નિર્જરી જતાં તે રાગ ચાલ્યો જાય, તેને કાઢવા માટે જરાપણ મહેનત ઉઠાવવી પડે નહીં. જેમ મળ બાઝી ગયા પછી દીવેલ (એરંડીયું) અપાય છે, પણ મળ નીકળી ગયા પછી એરંડીયું કાઢવા માટે બીજી દવા લેવી પડતી નથી.

૬૭ પ્રશ્ન- વ્યક્તિ મહાન હોય અને તે પ્રત્યે રાગ હોય તેથી કેવળજ્ઞાનાદિ ગુણ અટકે ?

સમાધાન- હા, જરૂર અટકે કારણ કે તે રાગ પ્રાયઃ ગુણ પ્રત્યે તો રહી શકતો નથી પણ સ્નેહરાગમાં ચાલ્યો જાય છે. અગીયારે ગણધરનો ગુણાનુરાગ સરખો હતો, પણ ગૌતમસ્વામીજીનો

રાગ સ્નેહથી ભરપુર હતો અને તેથી જ કેવળજ્ઞાન પ્રગટ થયું નહીં.

વર્તમાન જાણવા માટે સર્વજ્ઞ કથનને હરદમ સાંભળનારા **પ્રતિભાસંપન્નશાળી ગણધર ગુમ્ફિત આગમ તરફ નજર કરો !!!**

૩૭ દૂષમ કાળના દોષે કરીને દૂષિત થયેલા અમારા જેવા જીવોને જિનાગમ ન હોત તો અમારું શું થાત !!!

૩૮ લાંબા કાળ સુધી આત્મહિત પ્રવર્તન ગુરુત્વને આધારે જ છે.

૩૯ **ગુરુત્વના વિચ્છેદની સાથે ધર્મ તત્વનો વિચ્છેદ થશે !!!**

૪૦ **નિર્ગ્રંથ સાધુઓની ગેરહાજરીમાં ધર્મનો ધ્વંસ થાય છે !!!**

૪૧ શાસ્ત્રકારોએ શ્રદ્ધા અને દેશનાનું ફળ વિરતિ માનેલું છે, તેમાં પણ તીર્થંકરની આદ્યદેશનાનું ફળ સર્વવિરતિ રૂપ દીક્ષા મનાયેલી છે અને તેથી શ્રી વીર પ્રભુની દીક્ષા વગરની આદ્ય દેશનાને **અફળ દેશના ગણી.**

૪૨ પાંચમા આરાના છેડે સાધુનો વિચ્છેદ થશે અને તેજ દિવસે તીર્થનો વિચ્છેદ થશે, માટે **શ્રમણોપાસક શબ્દને સફળ કરતાં શીખો ! !**

૪૩ શાસનની ઉત્પત્તિ, વૃદ્ધિ, અને આબાદિ સાધુઓથી જ થાય છે; તે વગર તીર્થ પણ સ્થપાતું નથી!!!

૪૪ શ્રમણોપાસકપણું મહાવ્રતધર મુનિઓ વગર સફળ કરી શકાતું નથી !!!

૪૫ સાધુઓને મોક્ષ સિવાયની સાધ્યતા રાખવાનો સર્વથા નિષેધ કરેલો છે.

૪૬ મોક્ષનો ઉદ્દેશ ચૂકીને અલૌકિક ઉદ્દેશ કરનારને પ્રભુ શાસનમાં સાચું સાધુપણું હોતું જ નથી !!!

૪૭ પ્રાયઃનિષ્કષાય જેવું, શુક્લલેશ્યાના પરિણામવાળું, નવગ્રૈવેયક લઈ જનારું, વિરાધના વગરનું ચારિત્ર જો મોક્ષના સાધ્ય બિંદુથી ખસેલું હોય તો તે પણ આત્મ લાભની અપેક્ષાએ નિરર્થક છે!!!

૪૮ જૈન શાસનની સીડી પર ચડેલો મનુષ્ય મોક્ષ સિવાય બીજી સાધ્યતા રાખવાવાળો હોય જ નહીં!!!

૪૯ જગતમાં અર્થ કામની ઈચ્છારૂપ આગને પ્રદીપ્ત કરનાર સાધનો ઠામ ઠામ જડશે, પણ તેને ઓલવવાના સાધનરૂપ **જૈન આગમ અને સત્યોપદેષ્ટા તરણતારણ ગુરુવર્યો મળવા મુશ્કેલ છે.**

૫૦ ઈહલોક, પરલોકના લાલચુ સાધુઓ મોક્ષને સાધ્યમાં રાખતા નથી, માત્ર જૈન સંઘની માનપૂજાની ખાતર સંઘને મોક્ષ માર્ગ જ બતાવે છે.

૫૧ વેશ વગરના કેવળજ્ઞાનીઓ વંદ્ય નથી.

૫૨ કેવળજ્ઞાન થયાં છતાં પણ શાસનને દ્રવ્યવેષની પ્રાધાન્યતા છે.

૫૩ કોર્ટમાં બેરિસ્ટર સંબંધી જ્ઞાન અને ઝભ્ભો બે હોય તેને ધારાશાસ્ત્રી તરીકે હિમાયત કરવાનો હક છે તેવી રીતે સાધુનો વેષ અને સાધુ સંબંધી જ્ઞાન (જઘન્યથી અષ્ટપ્રવચનમાતા) હોવું જોઈએ.

૫૪ અગુરુને ગુરુ માનવા એ પણ મિથ્યાત્વ છે.

૫૫ પંચ મહાવ્રતાદિક ગુણોરહિત સાધુવેષને ધારણ કરનારા વસ્તુતઃ સાધુપદમાં નથી.

૫૬ અંતમુહુર્ત કાલ જેટલી વાસ્તવિક ધર્મ બુદ્ધિ જેને થઈ છે તે પાછળથી ચાહે તેવો અધર્મી થાય તો પણ તે અર્ધપુદ્ગલ પરાવર્તમાં જરૂર મોક્ષે જાય છે. !!!

૫૭ મોક્ષ માટે લીધેલ ચારિત્ર અગર વ્રતનિયમ કર્મઉદયથી ખંડિત થાય તો પણ તે દ્રવ્ય ચારિત્ર

કહેવાય છે, અને તે ભાવ પચ્ચખાણને લાવનાર બને છે ! !

૫૮ દ્રવ્યપચ્ચખાણ પણ ભાવ પચ્ચખાણની સ્થિતિ ભવિષ્યમાં ઊભી કરે છે !!!

૫૯ ગાઢ કર્મના ઉદયથી પતન થઈ જાય. તો તેટલા માત્રથી જીવ ધર્મને નાલાયક બની શકતો નથી.

૬૦ અધ્યવસાયની ચળવિચળતાને લીધે ધર્મપ્રત્યે આદરનાળા નહીં થવું એ વાત અશાસ્ત્રીય છે.

૬૨ એક જ જન્મના ચારિત્રમાં ચડતા પરિણામો અને પડતા પરિણામોનું કાર્ય સેંકડો વખત થાય છે.

૬૩ કેવળી સિવાય ચારિત્ર ગ્રહણ કરનારના પરિણામ એકસરખા જ રહે તે બનવું અસંભવિત છે.

૬૪ દીક્ષિતની અવસ્થાની ઉત્કૃષ્ટતાનું પ્રતિપાદન દીક્ષાના પરિણામ વધુ ન થાય, અગર વધારવા પ્રયત્ન ન કરવો તે માટે નથી, પણ થયેલ અવસ્થાથી લેશભર અલગા ન ખસતાં મજબુતીથી તેમાં વધવાનું બને તેની જાહેર ચેતવણી છે !!!

૬૫ હીંચોળાની માફક ઝોલાં ખાતાં પરિણામને ટકાવવા માટે દીક્ષાની ઉત્તમ અવસ્થા વારંવાર સમજાવાય છે!!!

૬૬ ક્ષાયોપશમિક ભાવ આવ્યા વગર પ્રથમથી જ ક્ષાયિક (શાશ્વત) ભાવ પ્રાપ્ત થઈ જાય, એ સંભવિત નથી. એટલું જ નહીં પણ અશાસ્ત્રીય છે.

૬૭ ક્ષાયોપશમિકભાવને પામ્યા પછી પડે નહીં અને સીધા ક્ષાયિકભાવને પામે એવા જીવો માત્ર કોઈક જ છે.

૬૮ ક્ષાયોપશમિક ભાવને પામીને પડી ગયેલા અનંત-અસંખ્યાત કે સંખ્યાત કાલ સુધી રખડે છે.

૬૯ અનંત-અસંખ્યાત અને સંખ્યાતની ગણતરી સમજવા માટે આજના વ્યવહારિક કાર્ય માટે વપરાતા આજના ગણિત કામ લાગે તેમ નથી.

૭૦ ભવિષ્યમાં પડવાની સંભાવના લાગે તેટલા માત્રથી વ્રતનિયમો કરવા નહીં એવી માન્યતાવાળાને તો ધર્મ પ્રાપ્ત થઈ શકે નહીં.

૭૧ મહાવ્રતધારી સાધુઓ ધર્મીજીવોની સગવડ ખાતર તેમજ પોતાના આત્માને પાપથી બચાવવા માટે સાધુપણાનો વેષ ધારણ કરે છે.

૭૨ વકીલ, ડોક્ટર, અને બેરિસ્ટરો પોતાના ધંધાની જાહેરાત માટે ઠામ ઠામ બોર્ડ લગાવે છે તેવી રીતે સાધુનો વેષ એ ધર્મ ધંધાની જાહેર ખબર છે !!!

૭૩ આત્માનું ખરું ધન ધર્મ છે માટે ધર્મ ધનની સલાહ માટે સાધુ પાસે જાઓ ?

૭૪ પતન પરિણામમાં પણ પવિત્ર બનાવવાનું કામ સાધુ વેષ કરે છે.

૭૫ પ્રસન્નચંદ્ર રાજર્ષિનું પતન અને પંચમજ્ઞાનની પ્રાપ્તિનો પ્રસંગ તે ધ્યાનમાં લો !!!

૭૬ જે પરિણામથી સાધુપણું લેવામાં આવે છે તે પરિણામને હંમેશાં નિભાવી રાખવા જરૂરી છે !!!

૭૭ દીક્ષા લેતી વખત દરેક મનુષ્યને નિયમા ઉચ્ચભાવ આવી જાય છે !!!

૭૮ મસ્તક પર હાથ ફેરવતાં સાતમીનરકના દળીઆ ખંસેડવાની તાકાત સાધુ આચારથી છે કે જે સાધુવેષની સર્વોત્કૃષ્ટતા જગતભરના બીજા કોઈ વેષમાં નથી.

* * *

શ્રી शंखेश्वरपार्श्वनाथाय नमः

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

હાથમાં કળશ-હૈયામાં હોળી !
વીતરાગ વિશેષણની સાર્થકતા !!!

(નોંધ : શ્રી મુંબઈ જૈન યુવક મંડળ પત્રિકાના ગતાંકથી ચાલુ.)

શાસ્ત્રકારોએ જે જીવોને યોગ્ય જણાવ્યા છે તે યોગ્ય આત્મા અને અયોગ્ય આત્માને અંગે પદ્ધતિ પણ જણાવી કે માલમ પડે તો દીક્ષા દેવી નહીં, સોની દુઃખગર્ભિત ચોખ્ખો માલમ પડ્યો, અને શ્રેણિકને માનવાનું કારણ પણ મળ્યું. સોનીને સાચો વૈરાગ્ય હોત તો બારણાં બંધ કરવાનું કારણ શું ? માટે આ વેષને બહાને જ મારી સજામાંથી મુક્ત થવા ઈચ્છે છે, એવું શ્રેણિક વિચારે છે ! અને અંતે સાધુ માની છોડ્યો. વૈરાગ્યના માર્ગે ચઢેલો આરાધવા લાયક છે. તેથી શ્રેણિકે છોડ્યો. બીજી બાજુ તમે રોજ બોલો છો કે મોક્ષમાં શું સમજે?

હાથમાં
કળશ-હૈયામાં હોળી

એક શ્રાવકને ઘેર છોકરો મરે અને કસાઈના ઘેર મરે તેમાં ફરક કેમ માનો છો ? બંને અણસમજુ છે, અજાણપણે પણ દેશ (અંશ) થકી પાપની પ્રવૃત્તિ ન થઈ તેથી સદ્‌ગતિ માની. જો અજાણપણે સર્વથા પાપ પ્રવૃત્તિ રોકાય તે સદ્‌ગતિ કેમ નહીં? પાપ કર્યું, દુર્ગતિએ લઈ જાય કે વગર કર્યું લઈ જાય અને અજાણ્યા દુર્ગતિ ન જાય તેવો સિદ્ધાંત કરી શકો છો ? વગર જાણ્યા સ્ત્રીગમન કરે તો રંડીબાજ ન ગણાય ? કારણ અજાણ્યો માણસ ઉન્માર્ગે જાય તો લાયક ન ગણાય. અજ્ઞાનતા એ બચાવ નથી હવે ઊલટું વિચારીએ.

વિરુદ્ધ ઈચ્છાથી પણ ફાયદો થાય છે. જેમકે ઈચ્છા ઘર માંડવાની અને સંજોગમાં ફસાયો એટલે બ્રહ્મચર્ય પાળવાનું થયું; હવે સદ્‌ગતિ થાય કે નહીં ? જ્યારે વિરુદ્ધ ઈચ્છાએ સત્કાર્ય કરે તો સદ્‌ગતિ થાય તો પાપનો પરિહાર કરે તેને અજ્ઞાની કેમ કહેવાય ? જેને શાસ્ત્ર પર લક્ષ્ય હોય તો પાપના પરિહારમાં સમજ જોઈએ એવું એ બોલે કેમ !!! નાટક, ચેટક, હિંસા, જુઠ વિગેરે છોડ્યા એ જ બસ છે. સ્ત્રીના ટોળામાં નાનો સાધુ કોઈ ગયો ? ના, જી. (સભામાંથી) અજ્ઞાન છે ને? એ વસ્તુ ન કરાય તેમ બધા સમજે છે.

કેવળ દીક્ષાને વગોવવાના આ રસ્તા છે. આવી રીતે અજ્ઞાનતાથી, વિરુદ્ધ ઈચ્છાથી, વગર ઈચ્છાથી કરેલો વિવિધ ત્યાગ, અંદર ઈચ્છા હોવા છતાં પણ અભવ્ય જીવોએ સાધુપણું લીધું અને પાળ્યું. દેવલોક, રાજ્ય વિગેરે મેળવ્યું !!!

વિચારો કે એ દેવલોકે કેમ ગયા ?

પચ્ચખાણ છતાં પચ્ચખાણ વિરુદ્ધ ઈચ્છા છતાં સદ્‌ગતિ પામે. અભવ્યને તિવિહં તિવિહેણં પચ્ચખાણ છે, અને તે દેવલોકની રિદ્ધિ સમૃદ્ધિ માટે કરે છે. હાથમાં કળશ અને

હૈયામાં હોળી એ કોનો પ્રતાપ ? હૈયાની હોળી કરતાં હાથમાં કળશ રૂપચારિત્ર વધારે કામ કરે છે, કારણ કે તે ક્રિયાઓ (દ્રવ્ય) દુનિયાદારીના પણ લાભ અપાવે છે.

આવી રીતે લેવાતી દીક્ષા નવગ્રૈયવેક લઈ જનારી અને લાયકાતવાળી ગણે છે. શાસ્ત્રમાં બેગીની ઈચ્છાએ પણ દીક્ષાઓ આપી છે એવું કથન છે. નાનો ભાઈ સ્ત્રીમાં આસક્ત છે, મોટા ભાઈએ દીક્ષા લીધી છે, વૈક્રિયલબ્ધિના જોરે વિદ્યાધરી બનાવે છે, અને દેખાડે છે, અને દેખતા લલચાય છે. આગળ સામાન્ય દેવી બનાવીને કહે છે કે, જો જો ! પેલી બૈરી !!! તેનાથી ચઢિયાતી છે ને ? નાનો ભાઈ કહે છે કે, એવી મળે શી રીતે? સાધુ-સાધુપણાથી.

સર્વજ્ઞપણું ચપટીમાં છે.

ત્યારે સાધુપણું આપો ? મોટા ભાઈએ આપ્યું અને નાના ભાઈએ લીધું. શાના માટેનું આ સાધુપણું? અવંતિ સુકુમાલે શાને માટે ચારિત્ર લીધું ? નલીનીગુલ્મ વિમાન માટે, સ્ત્રીની, દેવલોકની ઈચ્છાથી ચારિત્ર આવે તો, અનેક પ્રકારે પાપનો પરિહાર કરવામાં આવે તો, સાધુઓથીના કહેવાય જ નહીં.

હવે મૂળ વાતમાં જ આવો. **અનંતી વખત દ્રવ્ય ચારિત્રો દરેક જીવને કરવા પડે છે.** અનંતી વખત ખોટા લીટા કરીએ ત્યારે સાચો એકડો થાય. વિતરાગપણું મેળવવા માટે અનંતાજન્મો સુધી ઉદ્યમ કરવો પડે. **इणमेव निग्गंठे अट्ठे परमट्ठे सेसे अनट्ठे** આ ત્યાગમય જૈનશાસન, 'निग्गथ्थं पावयणं' નિર્ગ્રંથ પ્રવચન, ત્યાગમય પ્રવચન, તે જ અર્થ, તે જ પરમાર્થ, 'सेसे अनट्टे' તે સિવાય બધો અનર્થ. સર્વજ્ઞનું સાધ્ય રાખે તો વાંધો શો ? ઝાડ વગર ફળની ઈચ્છા રાખે તેને શું ગણવું ? માટે વિતરાગપણું એ જ ધ્યેય છે, અને એથી જ જીનેશ્વરનો વિતરાગગુણ ધ્યેયરૂપ છે, સર્વજ્ઞપણું ધ્યેય નથી, અને તેથી વીતરાગ વિશેષણની જ સાર્થકતા માટે વીતરાગ શાસન કહેવાય છે. મોહનીય તોડવા માટે મહાન મુસીબતો છે, બલ્કે મોહનીય તૂટે એટલે જ્ઞાનાવર્ણીયાદિ તૂટેલા છે. આ ઉપરથી જીનેશ્વરના શાસનમાં ધ્યેય તરીકે વિતરાગપણું. અનંતી વખત ખોટું કર્યા વગર ખરું મળવાનું નથી. વીતરાગપણું સહેજમાં મળતું હોય તો સર્વજ્ઞપણું ચપટીમાં છે. કોટી ધ્વજ કહેવરાવવું મુશ્કેલ નથી; કોડ મળ્યા કે તરત જ કોટીધ્વજ કહેવડાવશો. માટે સામાન્ય સ્પર્શ, રસગંધાદિમાં સુકાઈ જાય તો તેની કેવી દશા થાય ? આવી વિતરાગ ધ્યેય પુરસ્સસી દશા થાય તેને જ ખરી શ્રદ્ધા થઈ કહેવાય.

બધા જીવ માને છે. આવા સ્વરૂપે હોય તેને જીવ માનવો. આવી સર્વજ્ઞતા તે જ મુખ્ય ધર્મ છે. અને એ જ સમ્યક્ત્વની ખુબી છે. અંદર કેટલો બળતો રહે. અસત્કલ્પનાએ ધારોકે ચક્રવર્તી મૂળાની ભાજી માટે રખડે તો પણ ન મળે, તેને છાતીમાં કેમ થાય; તેવી રીતે સર્વજ્ઞપણું, વિગેરે વિભાગ પુરસ્સર દેખે તો ચક્રવર્તીની રિદ્ધિ અને પાઈને જેટલું આંતરું છે તેના કરતાં અનંતગુણું આંતરું તે અનંતજ્ઞાનીઓથી આપણે છે. મારું સ્વરૂપ આ અને એ સ્વરૂપ પામનારા અધિકારીના અનેક પ્રકાર છે.

સમ્પૂર્ણ.

શ્રી સિધ્ધચક્રાય નમઃ

શ્રી નવપદ આરાધક સમાજ

દર વર્ષે નવનવિન તીર્થભૂમીનાં દર્શન કરવાં હોય, સર્વજ્ઞ કથિત અનુષ્ઠાનોમાં અમોઘ આનંદ લેવો હોય, ચતુર્વિધ સંઘ દર્શન - સમાગમથી પાવન થવું હોય, અને આત્મોન્નતિના અનેકવિધ માર્ગમાં ગમન કરી કૃતાર્થ થવું હોય; તો ઉપરની સંસ્થાને તન, મન, ધનથી મદદ કરવી એ આવશ્યક જ છે, એ શબ્દો તમારાં ક્ષણભંગુર જીવનમાં ક્ષણે ક્ષણે સ્મરણ થવાં જ જોઈએ.

ઑ. સેક્રેટરીઓ.

ઠે. શ્રી મુંબઈ વર્ધમાન તપ આયંબીલ ખાતું
લાલબાગ, ભુલેશ્વર - મુંબઈ.

શાસન-પ્રભાવના.

શ્રી મુંબઈ વર્ધમાન તપ આયંબીલ ખાતું
ઠે. લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

જગતભરમાં જૈનવસ્તીવાળા પ્રદેશમાં આચામામ્લનો (આયંબીલ) પ્રચાર થવો જોઈએ; અને તે માટે દરેક સ્થળે આચામામ્લ (આયંબીલ)ની સગવડ સાચવનારાં ખાતાં ખોલવાની ખાસ જરૂર છે. ગામ પરગામથી આર્થિક મદદ મળે તો ખાતાં ખોલાય તેવી રૂપરેખાની અરજીઓ ઉપર આવે છે; જેથી ઉપરની રચનાને પગભર બનાવવા માટે ધનવાનોએ ધનથી ધરખમ લાભ લેવો જરૂરી છે.

આ ઉપરની સંસ્થા વાર્ષિક ખર્ચને પૂરી પહોંચી વળતી નથી, છતાં નવિન ખાતાં ઉઘડે અને પગભર થાય તે માટે બનતું કરે છે, પણ ધનવાનો ધનથી, બુદ્ધિવાનો બુદ્ધિબળથી ઉદ્યમ કરે તોજ જરૂર આ કાર્ય પાર પડે.

વધું ખુલાસા માટે સંસ્થાના કાર્યવાહકને મળો અગર પત્રથી પુછો.

લી૦
ઑ. સેક્રેટરીઓ.

શાસન - મહેલની સીઢી

હું જૈન છું, અને જૈનત્વ પામ્યો છું એવી માન્યતામાં મગરૂર બનવા પહેલાં જૈન શાસનનીકીડ યાને ઉદ્દેશનું ઉંડાંણ અવલોકવાની જરૂર છે !!!

જૈન-શાસનનીકીડ યાને ઉદ્દેશ.

જે જીવો જગતના સર્વ પદાર્થો પ્રત્યે જેવો પ્રેમ રાખે તેવોજ પ્રેમ નિર્ગ્રંથ (ત્યાગમય) પ્રવચન પ્રત્યે રાખે તે શાસનમહેલના પ્રથમઅર્થ નામના પગથીયા પર ચઢેલા છે.

જે જીવો જગતના કલ્પવૃક્ષ, ચિંતામણી, ચિત્રાવેલી વિગેરે સર્વોત્તમ પદાર્થો કરતાં પણ નિર્ગ્રંથ (ત્યાગમય) પ્રવચનને અધિકપણે અંગીકૃતકરે, તે પરમાર્થનામનાં બીજા પગથીયા પર ચઢેલા છે.

નિર્ગ્રંથપ્રવચન સિવાય વિશ્વના વિખ્યાત પામેલા સર્વપદાર્થો (જેવા કે સ્ત્રી, મા, બાપ, ભાઈ, ભાંડુ, ધન, ધાન્ય, કુટુંબ, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, રાજા, મહારાજા, ચક્રવર્તીપણું, યાવત્ ઈંદ્રપણું) એ બધાં ભયંકર જુલ્મગાર છે !!! એવી ધારણા થાય ત્યારેજ અનર્થ નામના ત્રીજા પગથીયા પર ચઢેલા છીએ, બલ્કે જૈન શાસનમહેલની યથાર્થ મોજમઝા માની રહ્યા એમ કહી શકાય, પરંતુ ઉત્તરોત્તર અર્થ-પરમાર્થ અને અનર્થ રૂપ ત્રણ સોપાન સમજવા તે સ્હેલ નથી !!!

અર્થાત્-શાસ્ત્રકારમહર્ષિઓએ શ્રાવકોનું સામાન્ય સ્વરૂપ જણાવતાં સ્થાન સ્થાન પર પ્રતિપાદન કરેલ છે કે **इणमेवनिग्गंथेपावपणे अट्ठे परमट्ठे सेसे अनट्ठे** એમ જણાવી ત્યાગમય પ્રવચન સિવાય જગતભરના જગજાહેર પદાર્થો જાલીમ જૂલ્મગાર છે !!!

મહારાજા શ્રેણિક, શાસનભક્ત કૃષ્ણ, પ્રદેશી અને આણંદ શ્રાવક સરખા મહાશયો એ શાસન મહેલની સીઢીના ત્રીજા પગથીયાપર મહાલતા હતા, અને તેથીજ તેઓ હરદમ ત્યાગમય પ્રવચનની હું શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું, અને રૂચિ કરું છું, એવું બોલતા હતા. આ ઉપરથી અવિરતી સમ્યગ્દૃષ્ટિઓ અને દેશવિરતીવાળાઓએ પણ ત્રણ પગથીયાના પરમાર્થને સમજી અંતે અનર્થની ભૂમિકામાં જવાની જરૂર છે આથી સ્પષ્ટ થાય છે કે ત્યાગમય પ્રવચનની શ્રદ્ધા, પ્રતિતી અને રૂચીમાં જૈનપણું અને જૈન શાસન રહેલું છે.

વસ્તુતઃ શાસન મહેલની સીઢી પર તેજ શાસનસેવકો સુસ્થિત છે, કે જેઓનું જીવન અર્થ-પરમાર્થ અને અનર્થરૂપ સોપાનની સુંદરતા સમજી શક્યા છે !!!

ચંદ્ર.

ચૈતન્યવંત-સંસ્થાઓ

સિદ્ધચક્ર

પ્રથમ વર્ષ અંક બીજો	મુંબઈ તા. ૨૯-૧૦-૩૨ આશો વદ ૦))	વીર સંવત્ ૨૪૫૮ વિક્રમ સં. ૧૯૮૮

यद् देवैरनिशं नतं गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्याऽन्यन्न समं जने नतिरल यस्मिन मुनीनां वग
जीयात् सेव्यमजस्त्रमार्हतवरैः **श्रीसिध्धचक्र सदा** ॥१॥



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

➔ આજેજ ગ્રાહક થાઓ ←

卐

સિદ્ધચક્ર

. સ્યાદ્વદ સિદ્ધાંત શૈલી પુરસ્સર આગમોદ્ધારક સાંભળવા હોય, ચાલુ જડવાદી જમાનાને અનુસરતા પ્રશ્નોનું સમાધાન સમજવું હોય, સૃષ્ટિનો સંતોષ મેળવનારી સંસ્થાઓનું અવલોકન કરવું હોય, અને શાસનસેવામાં આગળ વધવું હોય તો લવાજમ ભરી આજે જ ગ્રાહક થાઓ.

તા. ક.:- આવતો અંક પ્રગટ થયા પહેલાં લવાજમ આવી જવું જોઈએ વાર્ષિક લવાજમ રૂા. ૨) બે.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

લાલબાગ, ભુલેશ્વર, મુંબઈ.

લેખકોને સૂચના

આથી દરેક લેખકોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવેપદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવા અંગે જે કાંઈપણ લખાણો સૌમ્ય અને રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા.ક. : પ્રશ્નકારોએ પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પત્ર દ્વારા એ લખી મોકલશે તો સમાધાન મેળવી શાસન હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિની ઓફીસ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી તંત્રીએ પ્રગટ કર્યું.

सिद्धचक्र. (પાક્ષિક)

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।

आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થઃ- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું.

પ્રથમ વર્ષ અંક બીજો	મુંબઈ, તા. ૨૯-૧૦-૩૨. આસો વદ ૦))	વીર સંવત્ ૨૪૫૮ વિક્રમ ,, ૧૯૮૮

ચૈતન્યવંત - સંસ્થાઓ

આ વિરાટ જગત એ જેમ ભંયકર છે. તેમ અનેરી સૃષ્ટિ સંગ્રહસ્થાન પણ છે. એને અનુકૂળ સંયોગોમાં ગોઠવ્યા બાદ કવિવરોનું કેન્દ્રસ્થાન અને વિલાસીઓના પરમ વિનોદનું સ્થાન પણ તે જ બની શકે છે. એના અનુકૂળ સંયોગોની શોધમાં લૌકિક દર્શનાકારોએ બહુ બહુ છક્કડ ખાવાને પરિણામે એ સૃષ્ટિની આદિ માનવા જેવી ગંભીર ભૂલભરી ઉતાવળ કરી નાખેલી છે. કારણ એ જ કે આ સૃષ્ટિરૂપ સંગ્રહસ્થાનની આદિ અને અન્ત તો અતિન્દ્રિય જ્ઞાનીઓથી પણ અગમ્ય જ છે; અને તેથી કરીને જ સર્વજ્ઞ દેવોની સૃષ્ટિમાં તો સૃષ્ટિની સ્થિતિ અનાદિ તરીકે પ્રતિપાદન કરાયેલી જ છે.

સામાન્ય બુદ્ધિવાળા સજ્જનોને પણ સૃષ્ટિને આદિ માનતા પહેલાં તો વિવિધ તર્કોના તરંગોમાં તણાવું પડે છે. દૃષ્ટાંત તરીકે વિચારીશું કે પ્રથમ તો સૃષ્ટિનો રચયિતા કોણ ? એને રચનારનો રચનાર કોણ ? રચના થઈ ક્યારે ? રચનાર મનુષ્ય પ્રથમ થયો કે પૃથ્વી ! જો રચનાર પ્રથમ માનીએ તો પાંચ ભૂત (પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ) મય જે પૃથ્વી છે તેના વિના તે રહ્યો ક્યાં ? અપ (પાણી) વિના પીધું શું ? તેઉ (અગ્નિ) વિના પકાવ્યું શું ? વાઉ વિના જીવ્યો કેમ ? વનસ્પતિ વિના ખાધું શું ? વિગેરે વિગેરે વિચારોના વમળમાં પણ એની આદિ માનનારાઓના છિછરા અભિપ્રાયોનો સહેજ સ્ફોટ થઈ જાય છે. ધારો કે પૃથ્વીની આદિ માનીએ તો પણ તેનો રચનાર તો રહ્યો જ નહીં; જેથી પણ તે અનાદિની જ છે એમ સ્વતઃ સિદ્ધ થાય છે. જેમ કોઈ પ્રશ્ન કરે કે "ઘઉં પહેલો કે અંકુરો" આપણે

કહેવું જ પડશે કે ઘઉંમાંથી અંકુરો અને અંકુરામાં ઘઉં એમ અનાદિથી પરંપરા ચાલી જ આવતી હોવાથી તે અનાદિ જ છે.

આથી એ સિદ્ધ થયું કે ચ્હાય તેવા જ્ઞાન ધરાવનારા લૌકિક દર્શનકારો જે વાતોને સાફ નથી કહી શક્યા તે વાતને સર્વજ્ઞ દેવોએ તો સહેજમાં સાફ સાફ ખુલ્લી કહી નાખેલી છે, અને એથી કરીને અહીં આપણે તો સર્વાંગ સંપૂર્ણ રચના વડે ભરપુર એવી સર્વજ્ઞ સૃષ્ટિમાં જ પ્રવેશ કરવાનો નિર્ધાર હોવાથી, ચ્હાય તેવી બુદ્ધિ દ્વારા, જગત આખાને ભ્રમણામાં ભમાવનારા, જગતના વિશેષ ભાગની પણ પૂજાને પાત્ર બનનારા, એવા પણ આત્માઓ કે જેઓ જ્યાં સુધી સર્વજ્ઞપણું પ્રાપ્ત કરી શક્યા નથી ત્યાં સુધી તો વિતરાગની વાણી વિરુદ્ધના તેવાના એક પણ લૌકિક સંયોગોને આપણે સ્પર્શવાનું રહેતું જ નથી. જૈન-દર્શન તે લોકોત્તર દર્શન જ હોવાથી તેને સેવનારાઓએ લૌકિક પ્રવૃત્તિઓને તો પ્રથમ તિલાંજલિ આપવી જ પડશે !!! સિવાય આ દર્શનનો આત્માને સંસ્પર્શ થવો અસંભવિત છે. મોતીના ઇચ્છુકો દરિયાની સપાટી ઉપર જ ફર્યા કરે તો તેને એક પણ મોતી હાથ નહીં જ લાગે ! એ તો મરણ જીવનના સવાલને બાજુ પર મૂકી ઉંડાણમાં ડૂબકી મારતાં શીખે, અને શરીરની સાથે પ્રાણને પણ સાચવતાં શીખે તો જ મોતી મેળવી શકે; તેમ અહીંયા પણ મોંઘા મોતીના ગ્રાહકોએ સર્વજ્ઞ સૃષ્ટિની સિદ્ધિ માટે સર્વજ્ઞ સિદ્ધાંતરૂપ સાગરની ઉંડાણમાં ડૂબકી મારવા પછી જ મોંઘા મોતી મેળવી શકાશે એમ નિશ્ચય કરવો પડશે. ભોજનની ભરેલી થાળી પાસે જ પડી હોય છતાં "ભોજન સ્વતઃ મોઢામાં પેસે તો જ ખાઉં" એવી હઠ લેનારાઓ જેમ છતે ભોજને ભૂખ્યા જ રહે; તેમ સર્વજ્ઞ મહારાજના લોકોત્તર શાસનમાં જન્મવા માત્રથી જ સર્વ કાંઇ માની લઈ તત્વ શૂન્ય રહે તેવા કદાગ્રહી આત્માઓના ઉત્તમ જન્મનું ફળ પણ અલેખે જ થાય તેમાં આશ્ચર્ય પણ શું !!!

આ અનાદિમય સૃષ્ટિરૂપ સંગ્રહસ્થાનના અનેક વિભાગો છે. એના એક એક વિભાગમાં અનેકવિધ પદાર્થો છે. એ પદાર્થોને તત્સ્વરૂપે અને તદ્‌ગત ચિત્તે વિચારવામાં ન જ આવે તો તેમાંના એક પણ પદાર્થનો કદીએ નિર્ણય થઈ શકવાનો નથી !!!

એવા તે સઘળા પદાર્થોને સર્વજ્ઞ મહારાજે વાસ્તવિક રીતે ષટદ્રવ્યમાં (ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ, જીવ અને કાળ) વહેંચેલા છે અને તેને વ્યવહારથી તો જડ અને ચેતન એ બે રૂપે જ અને બે વિભાગમાં વહેંચી શકાય છે. કારણ એ જ કે જીવ સિવાયના પાંચે દ્રવ્યો જડ છે. આ બે પદાર્થથી સંપૂર્ણ પ્રાપ્તિના માટે-જગતમાં પાઠશાળા, કોલેજો, સોસાયટી, સમાજ, સંઘ, સંસ્થાઓ અને મંડળો વિગેરે બહુ બહુ યોજાયેલા જોવામાં આવે છે. જડ અને ચેતન એ બન્ને વસ્તુઓની જેમ સંસ્થાઓ વિદ્યમાન

છે, તેમ તે બન્ને વસ્તુની પ્રાપ્તિને માટે આકાશ પાતાળ એક કરી મૂકવાની હામ ધરાવનારા નિરર્થક નામધારી અને સાર્થક સત્વશાળી માનવ-પુંગવો પણ અનેક વિદ્યમાન છે.

જ્યાં સુધી જડ અને ચેતન તે બન્ને વસ્તુઓની હંસ ક્ષીર નીર વત્ પરીક્ષા ન થાય ત્યાં સુધી જડમાં ચેતન અને ચેતનમાં જડનું આરોપણ કરીને કંઇક સ્વેચ્છાચારી સંસ્થાઓ અને તેને ઇચ્છનારી પોષનારી વ્યક્તિઓ પણ આ જ જગતમાં વિદ્યમાન છે. આવા વિરાટ જગતમાંથી આત્માને સત્ય તત્વ મળવું ઘણુંએ દુર્લભ છે. ચેતનમાં જડ અને જડમાં ચેતનનું આરોપણ કરી ખીચડો બાફનારા બાળજીવો તો સુજ્ઞ જગતમાં ક્યારે સ્થાન પામશે એ એક કલ્પાનાતીત વિષય છે. જેથી એને બાજુ ઉપર મૂકીને જે સંસ્થાઓ ફક્ત શારીરિક, આર્થિક, વૈજ્ઞાનિક, સામાજિક અને માનસિકાદિ અનેક આચરણાઓને જ સેવી એકાન્તે પૌદ્‌ગલિક એવા જડ ભાવનાને જ ઉત્તેજિત કરી રહી છે, અરે ! ભયંકર પાપોના ભોગે પણ યાહોમ જહેમતો ઉઠાવી રહી છે. તે દરેક દરેક મંડળ, સમાજ, કે સંસ્થાથી કદાચને સમાજોન્નતિ ભલે થાય પણ અહીંયા પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે તેનાથી અનાદિ કાળના નર્ક નિગોદ અને ગર્ભાવાસના કારમા દુઃખોથી ત્રાયત્રાય પોકારી ગયેલા આ આત્માની (આત્મોન્નતિનું) ઉન્નતિનું શું!!!

તે વિચારવા કદીએ ધ્યાનમાં લેવાશે ખરું? ક્યાંથી વિચારાય ! જે કોલેજો અને સંસ્થાઓ "પુદ્‌ગલભાવ" અથવા તો અપર નામ કહીએ તો જડ ભાવને જ જમાવતી હોય અને પાપને જ પોષતી હોય ત્યાં આત્માભાવની તો વાતજ શી!!! આત્મલક્ષી ભૂત આત્માઓએ અત્રે ખાસ વિચારવા જેવું છે કે પુદ્‌ગલની મમતા દૂર કરનારા મહાત્માઓને શરણે જવાની ભાવનાવાળા ભયભીરૂ-આત્માઓ તો આવા ભયંકર ભવઅટવીમાં ભટકનારા ભંડોળોના ભડકાથી તો ભયભીત જ રહે !!! કારણ ખુલ્લું જ છે કે આત્મભાવવાળા આત્માઓ જડભાવને સ્પર્શે જ નહીં તો પોષે તો ક્યાંથી !!!

અતએવ સ્વાર્થ પરાયણ એવો જે ચેતન તે દુન્યવી દરેક પદાર્થોને વિષે નિશ્ચયે જડતા જ માનતો હોવાથી પોતે પોતાના સ્વભાવમાં જ રમણ કરવાને માટે તેનાથી વેગળો જ રહે છે. એટલે કે જડની સાથે જડ બનતો નથી પણ આત્મા એકલો જડમાં રહ્યો છતાં પણ ચેતન રૂપે અલગ જ રહે છે.

પુદ્‌ગલ એ જડ વસ્તુ છે અને આત્મા એ ચેતન છે. જેથી પુદ્‌ગલમાં રહેલો આત્મા એ પણ પુદ્‌ગલથી ભિન્ન જ છે તે બાબત અહીંયા સ્પષ્ટ થાય છે. આથી તત્વપ્રેમી આત્માઓએ પહેલામાં પહેલી તકે એ વિચારવું જરૂરનું છે કે સારાએ જગતભરમાં ચેતનને સ્વ સ્વભાવમાં

એકાન્તે દ્રઢીભૂત કરવાને માટે સજાયેલી અને એકાન્તે ધર્મનો જ વિકાસ કરનારી સંસ્થાઓ કેટલી છે, તેનું નિરીક્ષણ સંરક્ષણપૂર્વક કેમ થાય તે જ વિચારણીય છે !!!

ધર્મ તે સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ સ્વરૂપ ધર્મ છે અને તે આત્મા પોતે જ એ ધર્મમય છે, એ જ રત્નત્રયીમય સ્વરૂપ ધર્મને અને દાન-શીલ-તપ અને ભાવ રૂપ પ્રવૃત્તિ ધર્મને જ સર્વજ્ઞ મહારાજાઓએ પ્રરૂપેલો છે, એનો જ વિકાસ કરવો તે ધર્મનો વિકાસ છે. ધર્મનો વિકાસ તે જ આત્માનો વિકાસ છે. તેવો વિકાસ સ્થળે સ્થળે સહેલાઈથી થઇ શકે તેવી જ સંસ્થાઓની વૃદ્ધિને ઇચ્છે, પ્રગતિમય કાર્યવાહી સ્થાપે અને પોષે તથા એનો સુંદર ઢબે યેનકેન પ્રકારે વિકાસ કરે એ જ દરેક આત્મભાવી આત્માનું ચેતન ભાવને પ્રગટ કરતું મહાન અને ખુલ્લું કર્તવ્ય છે; તેનું કરણીય કાર્ય પણ તે જ છે, અને આદરણીય પણ તે જ છે.

અરે ! એટલું જ નહીં પણ કર્મવાદને માનનારા દરેકે દરેક આત્માનું પણ મનુષ્ય જન્મ પામ્યા બાદ કાંઇ પણ હોય તો તે આ એકનું એક જ પરમ કર્તવ્ય છે.

આવી સંસ્થાનું જીવન પણ સાધ્યને અવલંબીને રહેલું હોય છે. સાધ્યને પહોંચી વળવા માટે સંસ્થા જ્યારે પોતાના ઉદ્દેશાનુસાર નિયમાવલી ઘડે છે ત્યારે તે એટલી તો સાવચેત રહે છે કે તેના દરેકે દરેક નિયમમાં સાધ્યનું સંરક્ષણ લેશભર સંકોચ પામેલું હોતું નથી એટલે કે સંસ્થાનું સંરક્ષણ ઓતપ્રોત થયેલું હોય છે. જેમ માનવ દેહની માલિકી ધરાવનારને જ મનુષ્ય કહી શકાય તેમ છતાં પણ માલિકી ધરાવનારા મરણ પામે ત્યારે તેનો મનુષ્ય દેહ તરીકે વ્યવહાર થઇ શકતો જ નથી બલકે તેને મુડદા તરીકે ઓળખાવાય છે તેમ અત્રે પણ સંસ્થારૂપ શરીરનો સાધ્ય સંરક્ષક સંચાલક શુદ્ધ સ્વરૂપે જીવતો હોય ત્યાં સુધી જ તે સંસ્થા સ્વ સ્વરૂપે જીવતી છતી ધ્યેય પુરઃસર કાર્ય સાધી શકે છે. આપી શકે છે; પણ તેની ગેરહાજરીમાં અને બંધારણોની અવ્યવસ્થિતતાના પરિણામે ચ્હાય તેવી ઉપકારી સંસ્થાઓ પણ જગતમાં શ્રાપરૂપ જ નીવડી છે નીવડે છે અને નીવડવાની જ છે. આ ઉપરથી ચૈતન્યવંત સંસ્થાઓના શુદ્ધ સંચાલકોને પણ સંસ્થાના ધ્યેયને અનુસરતી શુદ્ધિની પ્રથમમાં પ્રથમ જરૂરીયાત જ છે,અને સમગ્ર જૈન સમાજના આંતરિક આશીર્વાદરૂપ પિપાસાને અહર્નિશ તૃપ્ત કરવા માટે સંચાલકો સર્વદા સર્વથા પ્રકારે જવાબદાર છે !!!

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘદેશના"

સર્વવિરતિ=કલ્યાણ, અવિરતિ=પાપ, દેશવિરતિ=ઉભય (કલ્યાણ + પાપ)

તેરાપંથીના પ્રશ્નોનું સમાધાન.

શ્રાવક શ્રાવિકાની ગેરહાજરીમાં પણ સાધુપણાનો સ્વીકાર !!!

શ્રાવક શ્રાવિકાની હયાતિ હોય તો જ સાધુ થઈ શકે એમ માનનારાઓએ અતીર્થ સિદ્ધનામના ભેદ-ઉપર હડતાળ મૂકવી પડશે !!!

જમાના પ્રમાણેનું વર્તન એ ધર્મ નથી !!!

અનાદિ કાળનો જૂઠ્ઠો દસ્તાવેજ !!!

નોંધ : શાસન પ્રભાવક સકળ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદ સિદ્ધાંત-સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોધ્ધારક પૂજ્યપાદશ્રી. આચાર્ય દેવેશ્ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી, મહારાજજી પોતાના શિષ્ય પરિવાર સહિત અત્રે પધાર્યા હતા-નવપદની આરાધનાના નવે દિવસમાં એ તારક દેવશ્રી નવપદજી મહારાજના ક્રમસર આપેલાં વ્યાખ્યાનો રોચક, મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ ઉત્પન્ન કરનારા હોવાથી અત્રે પ્રગટ કરવા અતિ આવશ્યક છે. પાયધુની, શ્રી ગોડીજી પાર્શ્વનાથ મહારાજજીનો ઉપાશ્રય-મુંબઈ.

– તંત્રી

શ્રી અરિહંત.

મોક્ષની મહોલાત.

શ્લોકઃ- तत्थऽरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्धनाणमए ।
पयडियतत्ते नयसुरराये झाएह निच्चंपि ॥ २४ ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખર સૂરીશ્વરજી મહારાજશ્રી ચરિત્રમાં મુખ્ય અનુષ્ઠાન તરીકે જે નવપદ ગણવામાં આવે છે, તેના સ્વરૂપને બતાવતાં જણાવે છે કે આ નવપદ જાણવા લાયક છે તેમજ આદરણીય પણ છે.

જૈન શાસનમાં ત્રણ પ્રકારની વસ્તુ હોય છે. (હેય, જ્ઞેય, ઉપાદેય.) તેમાંની કેટલીક જાણવા લાયક છે. જેમ ધર્માસ્તિકાયનું સ્વરૂપ કહ્યું તે આદરણીય ન કહેવાય, કારણ કે આત્માને ધર્માસ્તિકાયાદિ સાથે અંગત સંબંધ નથી, તેથી છાંડવાલાયક નથી, અને આત્મોપયોગી સુંદર સ્વરૂપવાળું નથી, તેથી તે

આદરણીય પણ નથી. વ્યવહારની અપેક્ષાએ પણ એ પદાર્થ માત્ર જાણવાલાયક તરીકે જ જૂદો પડે છે. નિશ્ચય નયની અપેક્ષાએ જાણવાલાયક કોઈ પદાર્થ જુદો નથી. ધર્માસ્તિકાયને આત્મા સાથે સંબંધ હોય કે, ન, હોય તો પણ તે આત્માને ઉપયોગી નહીં હોવાથી છોડવાલાયક ગણી લેવો.

વ્યવહારમાં છોડવાલાયક કોણ ?

જે વસ્તુનો સંબંધ થયો હોય તે નિશ્ચય નયે કરીને ભિન્ન સ્વભાવે છે. છોડવાલાયક તે હોય કે જે વસ્તુ કાં તો આત્મ સ્વભાવમાં નુકસાનકારક હોય કે ભિન્ન સ્વભાવમાં હોય. જેનાથી અનર્થની ઉત્પત્તિ થતી હોય તેને શાસ્ત્રકારો છોડવાલાયક જણાવે છે. ધર્માસ્તિકાય તરફથી આત્માને અનર્થની ઉત્પત્તિ થતી નથી, તેથી તે છોડવાલાયક ન ગણાય.

નિશ્ચય નયની અપેક્ષાએ પદાર્થ બે પ્રકારના હોય છે. (૧) આદરવાલાયક. (૨) છોડવાલાયક.

વ્યવહાર નયની અપેક્ષાએ ત્રણ પ્રકારે હોવાથી જાણવાલાયક પણ હોય છે.

આત્મા જાણવાલાયક પદાર્થ સામાન્યથી જાણે છે. જાણવાલાયક પદાર્થ તે પણ જાણવાલાયક છે. તેમજ છોડવાલાયક અને આદરવાલાયક એ બન્ને પણ જાણવા લાયક છે.

કેટલાક એમ પણ કહે છે કે આ ત્રણ વિભાગ પણ વ્યાજબી નથી. (૧) છોડવાલાયકમાં પણ જ્ઞેયપણું રહેલું છે, (૨) આદરવાલાયકમાં પણ જ્ઞેયપણું રહેલું છે, અને જાણવાલાયકમાં તો જ્ઞેયપણુ છે. "**जेंछेयंतंसमायरे**" જે કલ્યાણકારી હોય તે જાણીને આચરે. "**सोच्चाजाणइकल्लाणंसोच्चाजाणइपावगं**".

શંકા-કલ્યાણ=સર્વ વિરતિ કેમ લેવાય ? (દશવૈકાલિકમાં) કલ્યાણ શબ્દ કહ્યો છે, પણ વિરતિ અગર સર્વવિરતિ કંઈ પણ કહ્યું નથી. કલ્યાણ શબ્દમાં પુણ્ય, મોક્ષ, નિર્જરા, નો સમાવેશ થાય છે. છતાં કલ્યાણ શબ્દથી અહિં સર્વવિરતિ લેવી તેનું કારણ શું ? ત્રીજા પદમાં શય્યંભવસૂરીશ્વરજી ફરમાવે છે કે "**उभयंपि जाणइ सोच्चा**" બંને એક સ્વરૂપે પણ હોય, એટલે બે મળી એક પદાર્થ પણ બને; અને તેથી પુણ્યની વ્યાખ્યા શ્રવણ કરે તે પુણ્યને જાણે અને પાપની વ્યાખ્યા શ્રવણ કરે તે પાપને જાણે એમ કેમ નહીં ?

કર્મની "૧૫૮" પ્રકૃતિમાં પણ પુણ્ય પાપ નામનું કર્મ નથી.

વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, એ ઉભયરૂપ છે; એટલે શુભ પણ હોય અને અશુભ પણ હોય, પરંતુ શુભ સ્વરૂપ તે પુણ્યરૂપે હોય, અને અશુભ સ્વરૂપ તે પાપરૂપે હોય, તેમજ વર્ણાદિ અને ગતિ શુભ અશુભ રૂપ બે પ્રકારે છે, વર્ણમાં સારો અને ખરાબ વર્ણ હોય તેમ ગંધાદિક પણ લેવા. સારી ગતિ હોય અને ખરાબ પણ ગતિ હોય, વિગેરે કર્મો ઉભયરૂપ માનવા પડે છે. તે જાણવા માટે "**उभयंपि जाणइ सोच्चा**" કહેલું હોવું જોઈએ?

સમાધાન-ના, તેમ નથી. જે શુભ વર્ણ તે પુણ્યરૂપ, અને અશુભ વર્ણ તે પાપરૂપ, શુભ આનુપૂર્વિ તે પુણ્યરૂપ; અને અશુભ આનુપૂર્વિ પાપરૂપ છે, માટે કોઈ પણ કર્મ ઉભય સ્વભાવનું નથી, જો કર્મ ઉભય સ્વભાવનું માનીએ તો આત્મ પરિણામ પણ ઉભય સ્વરૂપ માનવું પડશે.

કર્મના બંધનનો આધાર પરિણામ ઉપર છે. પરિણામ ઉભયસ્વરૂપ માનીએ તો બંધ પણ ઉભય સ્વરૂપ માનવો પડે; શાસ્ત્રકારો પરિણામને ઉભય સ્વરૂપ માનતા નથી. તેથી કોઈ પણ કર્મ-પુણ્ય અને પાપ ઉભયથી મિશ્રિત થતું જ નથી.

શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ દશવૈકાલિકની ટીકામાં "**कल्याण**"= એટલે સર્વ વિરતિ પ્રતિપાદન કરેલું છે. આ ઉપરથી કલ્યાણ=સર્વ વિરતિ, પાપ=અવિરતિ, ઉભય=દેશવિરતિ.

દેશવિરતિમાં બન્ને સ્વભાવ છે, સ્થુળ પ્રાણાતિપાતાદિક અણુવ્રતોથી વિરમવું તે કલ્યાણરૂપ અહિંસા, અને બીજું હિંસા રૂપ પાપ એમ ઉભયસ્વરૂપવાળી એ દેશવિરતિ છે.

આ ઉપરથી એક વાત નક્કી કરી કે સર્વ વિરતિ જેવો પદાર્થ પણ જાણ્યા પછી જ આદરી શકાય છે, તેથી સર્વ વિરતિ જ્ઞેય છે, અવિરતિ ત્યાગ કરાય છે તે પણ જ્ઞેય છે, અને દેશવિરતિ પણ જાણીને આદરી શકાય તેથી તે પણ જ્ઞેય છે.

અહીંયા એ શંકા સહેજે થશે કે જગતમાં જ્ઞેય ન હોય તેવો કોઈ પણ પદાર્થ, આદરવાલાયક કે છોડવાલાયક છે જ નહીં !!!

તો પછી પદાર્થની ત્રણ વિભાગમાં વહેંચણી કેમ હોઈ શકે ? પદાર્થ માત્ર જ્ઞેય છે, એક પણ પદાર્થ જ્ઞેયની બહાર હોતો નથી.

બૌદ્ધમતમાં પદાર્થોને બે વિભાગમાં વહેંચેલ છે (૧) જ્ઞેય, અને (૨) અજ્ઞેય.

બૌદ્ધમતાનુયાયીઓ એવું માને છે કે-અમારે સર્વજ્ઞ અને સર્વદર્શીની જરૂર નથી "**सर्वं पश्यंतु वा, मा.**".

સર્વ પદાર્થ દેખો ચાહે ન દેખો; પણ જેને જે ઈષ્ટ હોય તેને દ્રષ્ટિ પથમાં લેવા માટે ભગવાન જ હોવો જોઈએ આવી તેઓની માન્યતા છે; પરંતુ એ માન્યતા અસ્થાને છે.

श्लोकः **सर्वं पश्यतु वा मा वा तत्त्वमिष्टं तु पश्यतु ॥**
कीटसंख्यापरिज्ञानं तस्य नः क्वोपयुज्यते ॥ 1 ॥
दूरं पश्यतु वा मा वा तत्त्वमिष्टं तु पश्यतु ॥
प्रमाणं दूरदर्शी चेदेतान् गृध्रानुपास्महे ॥ 2 ॥

આ ઉપરના બન્ને શ્લોકમાં બૌદ્ધ માન્યતા સ્પષ્ટ થાય છે. એક દરમાં રહેલી કીડીઓની સંખ્યા જાણવી અગર ન જાણવી તેમાં અમારે શો ફાયદો ! અને શું નુકશાન ! જે વખત જયણાનું કામ પડશે ત્યારે તે ઈષ્ટ થશે, એટલે જાણવાનું થશે. જેમ જેમ વધારે દેખે તેમ તેમ તે વધારે 'પ્રમાણ; એમ કહેશો તો "ગીધ પક્ષી બહુ દૂરથી દેખી શકે છે" માટે પહેલી સેવા તે ગીધની કરવી જોઈએ;

આવું માનવાવાળા બૌદ્ધમતવાદીઓ તો પદાર્થનો વિભાગ કરી શકે કે કેટલાક પદાર્થો જ્ઞેય અને કેટલાક અજ્ઞેય છે. વસ્તુતઃ આપણાથી (જૈન દર્શનની માન્યતાવાળાથી) તે વિભાગ થઈ શકે જ નહીં કારણ કે આપણે તો સર્વજ્ઞને આત્મજ્ઞાન સ્વરૂપ માનીએ છીએ; તેનો સ્વભાવ છે કે તે જ્ઞાનનો પ્રકાશ કરે.

યથાઃ દીપક એ દીવેલ, દીવેટ અને કોડિયાને જ જણાવે છે. છતાં દીપકના પ્રકાશમાં જે વસ્તુ આવે તે સર્વ વસ્તુનો ખ્યાલ કરાવે.

પ્રકાશનો સ્વભાવ એ છે કે પોતાને ઉપયોગી હોય કે અનુપયોગી હોય, અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, તો પણ "દીપક" પોતાનો પ્રકાશિત સ્વભાવ છોડતો નથી. આપણે પણ જોઈએ છીએ કે જેની દ્રષ્ટિ ચોખ્ખી હોય તેને પણ તે વસ્તુ ઈષ્ટ હોય કે અનિષ્ટ હોય, તો પણ જેની ઉપર નજર ગઈ તે વસ્તુ જરૂર દેખાય. તેવી રીતે આત્મા-એ જ્ઞાન સ્વરૂપ છે તેથી સમસ્ત જ્ઞેય પદાર્થો તેના વડે જ્ઞાન ગોચર થાય જ છે.

ઈષ્ટને દેખવું અને અનિષ્ટને ન દેખવું તેવું આત્મ જ્ઞાન હોતું જ નથી; તે તો દરેકે દરેક પદાર્થને દેખાડે જ છે. આ ઉપરથી સર્વજ્ઞપણું માનવું જ પડે કારણ કે દ્રષ્ટિ દ્રષ્ટિવાળાની મરજી જોઈને પ્રવર્તતી નથી, દીવો-દીવો કરનારની મરજી જોઈને પ્રવર્તતો નથી; તો પછી સર્વજ્ઞના જ્ઞાનમાં તમારી ઈચ્છાનો આધાર રહે એ બને જ શી રીતે ?

સર્વજ્ઞનું જ્ઞાન બધા પદાર્થને વિષય કરે તો તે બધા પદાર્થોને જ્ઞેય કહેવા જોઈએ; પણ પદાર્થ (૧) હેય (૨) જ્ઞેય (૩) ઉપાદેય કેમ ?

નિશ્ચય નયની અપેક્ષાએ જ્ઞેયપણું હેય અને ઉપાદેયમાં ગણ્યું. તેથી હેયાદિ ત્રણ વિભાગ રહ્યા નહીં. આપણે તો અત્રે નિશ્ચયની વાત બાજુ પર રાખી અત્રે વ્યવહાર દ્રષ્ટિથી ત્રણ વિભાગ પાડીએ છીએ.

જ્ઞાનના વિષયમાં અખિલ વિશ્વ છે. જે પદાર્થો આદરણીય છે તેને ઉપાદેય વિભાગમાં ગણ્યાં, જે હેય છે. તેને છોડવાલાયક તરીકે જણાવ્યા, અને જે બેમાંથી એકે ન હોય તેને જ્ઞેય સમજવા. જાણવાપણું હેયાદિ ત્રણેમાં સરખું જ છે. જેમ સામાયિક ચારિત્ર પાંચે ચારિત્રમાં વ્યાપેલું છે, છેદોપસ્થાનીય, પરિવારવિશુદ્ધિ, સુક્ષ્મસંપરાય, અને યથાખ્યાત ચારિત્રમાં પણ સામાયિક ચારિત્ર છે. વસ્તુતઃ પાંચે ચારિત્રમાં સામાયિક એટલે સમતા ભાવ સર્વને કબુલ છે.

ઘરમાં તલવાર શા માટે ?

જીવન મરણના સવાલમાં, શત્રુના પ્રસંગમાં ઘા કરવા માટે !

માબાપ, બાયડી છોકરા પર ઘા કરો કે નહિ ? ત્યારે તો કહેશો કે શત્રુ કે ચોર પર ઘા થાય ! તેમજ શત્રુ તરીકે જૈન શાસનમાં કુટીલ કર્મરાજા પ્રસિદ્ધ છે. સમતાભાવ એ સામાયિક છે. જે વિષય કષાયમાં તણાઈ જતા હતા અને રાગ દ્વેષના રંગરાગમાં રંગાઈ જતા હતા તેના માટે સમતા ભાવરૂપ સામાયિક અર્થાત્ "મોક્ષની મોહલાત છે."

પરિણતી અને પ્રવૃત્તિ રૂપ કાર્ય

તલવાર એ કંઈ શોભા માટે નથી પણ તે મરણથી બચવાનું સાધન છે.

તે તલવાર કોઈને મારવા માટે છે ? ના, બચાવ માટે જ કેવળ શત્રુઓ ઉપર ઘા કરવા માટે છે.

સમતાભાવ=એટલે કે જીનેશ્વર અને મહાદેવ સરખા, સંન્યાસી અને સાધુ પણ સરખા, જીનેશ્વરનો ધર્મ અને અન્યનો બોકડામારું હિંસક ધર્મ પણ સરખો તેમ નહિ; આશ્રવનાકાર્યોમાં જે મન પ્રવર્તતું હોય તથા કર્મ બંધન કરવા તત્પર થતું હોય તેથી બચવા માટે સમતા ભાવ છે. એ સમતાની સડકથી વિમુખ થયેલાના મનમાં તો તીર્થંકર જેવા રાગી અને દ્વેષી કોઈ જ નહીં એવું ઘોળાયા કરે છે. કારણ કે જેઓ તમારા પ્રાણ જાય તો પણ કોઈની હિંસા કરશો નહિ ! તમારા પ્રાણ જાય તો પણ તમે દયા ધર્મ ચૂકશો નહીં ! એમ યોજન ગામીની વાણીથી સમવસરણમાં સર્વદા કથન કરે છે.

ખરેખર ! જેણે હિંસાને છોડવાલાયક ગણી, જેણે વિરતિની વિશિષ્ટતા પર્ષદા આગળ પ્રકાશમાન કરી, સંસાર સર્વદા છોડવાલાયક જણાવ્યો, મોક્ષને સર્વદા આરાધવાલાયક ગણ્યો, અને દરેકે દરેક પદાર્થને સુ અને કુ સ્વરૂપે વિભાગમાં વહેંચ્યા, જેથી તો જેઓ રાગદ્વેષના દરિયા જ તેઓની દ્રષ્ટિએ તો થયા, વસ્તુતઃ વિચારશો તો માલુમ પડશે કે પદાર્થનું સ્વરૂપ દેખાડવું તેનું નામ રાગદ્વેષ જ નથી. સમતા ભાવ એ સામાયિક છે. અર્થાત્ કર્મ સંયોગને લીધે આત્માને કર્મ બંધાવનાર રાગદ્વેષાદિકને છોડવા, તેનું નામ સામાયિક છે. સામાયિકમાં બે પ્રતિજ્ઞા છે, સમ્યગ્ જ્ઞાનાદિનું કાર્ય પ્રતિજ્ઞાપૂર્વક કરવું જ જોઈએ, અને સર્વ સાવધનો ત્યાગ કરવો જ જોઈએ. અને તે દરમ્યાન તેણે પોતાના ઘર સંબંધીનાં પણ દરેક કાર્યો વિસારવાં જ જોઈએ.

જેમ તમે કોઈને નોકર રાખો ત્યારબાદ એની ફરજ છે કે તમારું કામ તેણે સંભાળી લેવું જોઈએ, સોંપેલા કામમાં ખાંચો આવે તે માટે જોખમદાર નોકર છે. કારણ કે તે એની ફરજ છે. અહીંયા સાધુ પણ ચારિત્ર લેતાં ફરજ કબૂલ કરે છે. કે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું, જે કાર્ય હોય તે મારે કરવું જ જોઈએ. આ વાત લક્ષ્યમાં લેશો એટલે સામાયિકના જે પ્રમાદ સ્થાન કહ્યા છે, તેની પ્રતીતિ થશે ! કહે છે કે જે સામાયિક લઈ ઊંઘી ગયો, તેમાં શું પાપ કરે છે. કે તેને દોષ ગણ્યો ? તમારી પ્રતિજ્ઞા દર્શન, જ્ઞાન, ચારિત્રની હતી, તે પ્રતિજ્ઞામાં જેટલી ખામી તેટલો તમને ઠપકો, તે પ્રતિજ્ઞા એકલા સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર માટેની નથી, પણ તે ત્રણની રક્ષા માટે પ્રતિજ્ઞારૂપ સામાયિક શબ્દ રાખ્યો છે. એ ત્રણે અંગીકાર કર્યા તે ટકે ક્યારે ? **सव्वं सावज्जं जोगं पच्चकखामि** ! કારણ કે તમારા સામાયિકમાં, બે પચ્ચખાણ એટલા માટે જ છે. સમ્યગ્ દર્શનાદિનું સ્વરૂપ, ક્યારે સેવન કરે ? બીજી પ્રતિજ્ઞાનું યથાર્થ પાલન કરે ત્યારે. આથી એ સ્પષ્ટ થયું કે રત્નત્રયીમાં યથાશક્તિ ઉદ્યમ જરૂર કરવો, અને સાવધ વેપારનો ત્યાગ કરવો.

શંકા-(૧) શું ચારિત્રમાં સાવધનો ત્યાગ ન આવ્યો ? (૨) શું સાવદ્ય ત્યાગ ચારિત્રથી જુદી વસ્તુ છે?

સમાધાન-એ બે પ્રતિજ્ઞામાંથી એકેય નહીં માનો તો, પહેલામાં સમ્યગ્ ચારિત્ર રાખવાની જે પ્રતિજ્ઞા છે તે આત્માને ગુણ કરશે નહીં અને બીજામાં સાવદ્યયોગ=(અવિરતિ આદિ બાહ્ય પ્રવૃત્તિનો પ્રતિબંધ)નો ત્યાગ તો ટકી શકતો નથી તેથી જ પચ્ચખાણ જુદા રાખ્યા. પ્રવૃત્તિરૂપ કાર્ય તે સમ્યગ્ દર્શનાદિનું સેવન અને પ્રવૃત્તિરૂપ સાવદ્ય ત્યાગ તે વિરતીના સેવન રૂપ હોવાથી જુદું જણાવ્યું !!! અર્થાત્ સુંદર પ્રવૃત્તિનું પૂર જોશથી સેવન કરો, અને અસુંદર પ્રવૃત્તિનું ઉચ્છેદન કરો, અને જ્ઞેય એ તો સામાન્ય પદાર્થ છે.

સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રનો ઉદ્યમ તે સામાયિક ચારિત્ર. છેદોપસ્થાપનીયાદિ પાંચે ભેદોમાં તે સામાયિક છે.

સામાયિક ચારિત્ર તે સામાન્ય છે, જેવી રીતે કે એક મનુષ્યત્વપણું એ સામાન્ય છે, પણ જ્યારે વિદ્યાના સંસ્કારથી વિભૂષિત થાય ત્યારે તે અનેકવિધ પદથી એટલે કે (Titles) ખિતાબોથી અલંકૃત થાય છે.

દરેક પદમાં મનુષ્યત્વ એ સર્વ સામાન્ય છે પરંતુ સંસ્કાર વિશેષથી જુદાં જુદાં વિશેષણો લાગે છે તેવી રીતે સામાયિક ચારિત્ર એ સામાન્ય છે, પણ તે ચારિત્ર વિશેષ વિશુદ્ધિને પામીને છેદોપસ્થાપનિયાદિ વિશેષણો તે સામાયિકને લાગે છે, અર્થાત્ સામાયિક ચારિત્ર તે પાંચે ભેદોમાં અંતરગત્ સામાન્યપણે રહેલું છે, એ સામાન્ય સામાયિક શબ્દનો પણ ચાર ભેદમાં સમાવેશ થાય છે.

જગતના બધા જ પદાર્થો જ્ઞેય છે. હેય અને ઉપાદેય પદાર્થોમાંથી જ્ઞેયપણું ચાલ્યું ગયું નથી, એટલે કે છોડવાલાયકમાંથી અને આદરવા લાયકમાંથી પણ જ્ઞેયપણું ચાલી ગયું નથી. આ ઉપરથી જે કહેતા હતા કે પદાર્થ-વિભાગ પરસ્પર ભેદવાળા હોવા જોઈએ તે વાત અસ્થાને છે, હેય, જ્ઞેય અને ઉપાદેય, એ ત્રણ વિભાગ પાડો તો ત્રણેમાં વિભાગ હોવા જોઈએ નહીં એ વાત સ્પષ્ટ છે, હેયમાં ઉપાદેયપણું ન જોઈએ, ઉપાદેયમાં જ્ઞેયપણું ન જોઈએ પણ ચારિત્રના ભેદમાં રહેલા સામાયિકની માફક સામાન્ય વસ્તુ (જ્ઞેયાદિ) દરેકમાં જોઈએ એટલે કે પદાર્થના જ્ઞેય હેય અને ઉપાદેય, એ ત્રણ વિભાગ નક્કી કર્યા.

અન્ય મતોનું સમાધાન.

હવે ચાલુ પ્રકરણ નવપદનું છે. નવપદનું સ્વરૂપ એ જાણવાલાયક, આદરવાલાયક કે છોડવાલાયક છે ? જાણવાલાયક તો જગતની દરેક ચીજ થઈ તેમાં તો સંદેહ શો !!!

હવે આદરવાલાયક એકાંત આદરણીય નથી તેમ એકાંત છોડવા લાયક પણ નથી. કિમર્થં? શા માટે? તેમાં પણ કારણ છે ! ભોજન ખાવાલાયક કે નહીં ખાવાલાયક ?

કહો કે ભૂખ હોય તો ખાવાલાયક, અને ભૂખ મટી ગયા પછી ન ખાવાલાયક, એવી રીતે અરિહંતાદિક નવપદો, જ્યાં સુધી કર્મે બંધાયેલ છો ત્યાં સુધી આદરવાલાયક છે; અને કર્મે ક્ષીણ થયા પછી સર્વજ્ઞ થઈ જાય ત્યારે તેણે આ નવપદ આરાધવાની કંઈ જરૂર નથી !!!

તો પછી નવેપદોનું આરાધન ક્યાં સુધી ?

ભોજન ભૂખ ભાંગવાના ઉદ્દેશથી કરાય છે, ભૂખ ભાંગ્યા પછી રસાદિકના સદ્‌ભાવે કદાચ જીભ હા કહે, પણ મન અને મોઢું તો તુરત ના જ કહેશે. **જેઓ ઘાતિ કર્મ રહિત થયા હોય તેમને અરિહંતાદિકનું પૂજન, જાપ, જરૂરી નથી !!!** જેમ ધરાયેલ મનુષ્ય ભોજન માંગે નહીં તો ચાલે પણ તેની પાછળ ભૂખ્યો મનુષ્ય યદિ ધરાયેલાની માફક આચરણ કરે તો જરૂર ભૂખે મરી જાય. તેવી જ રીતે આત્મા એ જ અરિહંત છે, સિદ્ધ છે, અને આચાર્ય ઉપાધ્યાયાદિક પણ છે. પરંતુ "બીજાને આરાધીને શું કરવા છે ?" એવી વિચારણા કર્મક્ષય થયા વગર નકામી જ છે.

અહીં અરિહંતાદિકનું આરાધન કેવળી ન કરે, તેમ આપણે પણ ન કરીએ તો શું થાય ?

જેને બેડી પડેલી છે તેને તો લુહારને બોલાવવો જ પડે તેવી રીતે અહીં જે ક્ષીણ મોહી સર્વજ્ઞો આરાધના ન કરતા હોય તો પણ આપણે તો આરાધના કરવી જ રહી ! જો તે દેખીને ન કરીએ તો આપણે તો બેડીમાં જકડાયેલા જ રહીએ.

તેરાપંથીનું સમાધાન.

શંકા- તમારા સાધુઓ તમને પૂજાનો ઉપદેશ આપે છે તો તે સાધુઓ પૂજા કેમ કરતા નથી?

આ સવાલ તેરાપંથીઓ વારંવાર કરે છે. –

એનું સમાધાન એ છે કે તીર્થંકર દેવો તમને **"नमो अरिहंताणं"** કહેવાનું કહેતા હતા તો તે ખુદ **"नमो अरिहंताणं"** એ પદ બોલાતા હતા ખરા ? તીર્થંકરો **"नमो अरिहंताणं"** બોલતા ન હતા તો તમે કેમ બોલો છો ? છદ્મસ્થ અવસ્થામાં રહેલા તીર્થંકરો તો સુક્ષ્મ પુદ્‌ગલોનું જ ધ્યાન કરતા હતા, છદ્મસ્થપણામાં પણ તેઓએ નવકારમંત્ર ગણ્યો નથી તો પછી તે તેમને (તેરાપંથીઓને) ગણવાનો ઉપદેશ શી રીતે આપી શકે ? એને જ એમ પૂછો કે તમારા તીર્થંકરે નવકાર મંત્ર ગણ્યો હતો ? યદિ તેમણે ન જ ગણેલ હોય તો તમને ગણવાનું કેમ કહ્યું ? ભૂખ્યો ભોજન કરે તે જગાએ ધરાયેલો ભોજન ન કરે તો થાય શું તે વિચારો !!! હવે સ્પષ્ટ સમજ્યા હશો કે ભૂખવાળાએ ભોજન છોડી દેવાનું નથી. **દાક્તર દવા ન ખાય તો દરદીએ દવા ન ખાવી ?** (સભામાંથી-નાજી) ડોક્ટરને રોગ ન હોય તેથી તે દવાનો ઉપયોગ ન કરે તે ઠીક પરંતુ દરદી કહે કે તમે દવા ખાઓ તો જ હું ખાઉં એ તદન અનુચિત છે. ડોક્ટર દવા પીતો નથી, અને દરદીને આપે છે તો તે દવા કોઈએ લેવી નહીં એવો ઉપદેશ હિતેચ્છુ તો કદીએ ન આપે. કદાચ કોઈ આપે તો ખરેખર તેને દરદીનો દુશ્મન કહીએ તો પણ કંઈ અતિશયોક્તિ ન જ કહેવાય?

તેમજ અહીં પણ તીર્થંકરની પૂજાનો ઉપદેશ આપનારા સાધુઓ પૂજા નથી કરતા તો તમારે ન કરવી, એવું કહેનારા જીવો ભવ્ય જીવોના ભયંકર દુશ્મન છે. જેમના આરંભ, પરિગ્રહાદિક છૂટ્યા નથી તેમને દ્રવ્ય પૂજા અગત્યની છે, અને આરંભ પરિગ્રહાદિકના પૂરથી બચેલાઓ માટે તે દ્રવ્ય પૂજા અગત્યની નથી.

અરિહંતપણું થયા પછી અરિહંત ભગવાન કોઈ પણ પદની આરાધના કરતા ન હતા. કારણ કે એમના કર્મો નષ્ટ થઈ ગયેલા છે !!! ધરાયો મનુષ્ય થાળી ન પકડે તે દેખી ભૂખ્યાએ થાળી ખસેડાય નહીં. કર્મથી ભરેલા આત્માએ કર્મ નષ્ટ કરવાના સાધનથી વિમુખ થવું જોઈએ નહીં.

અર્થાત્ ભવ્યાત્માઓએ તેરાપંથીના તીક્ષ્ણ તીરોથી મુંઝાવું નહીં પણ **સમાધાનરૂપ સર્વાંગ બખ્તર** ધારણ કરવું !!!

આરાધના

જ્યાં સુધી કર્મરૂપી ઈંધનથી આત્મા બંધાયેલ છે ત્યાં સુધી અરિહંતાદિક નવપદની આરાધના અતિ અગત્યની જ છે.

શંકા- આરાધના એકાંતે આદરણીય નથી તે શા માટે ?

સમાધાન- કર્મના ક્ષયથી સર્વજ્ઞ થયા પછી આરાધના છુટી જ જાય છે.

અરિહંતપદનો જાપ, ભક્તિ, અને સ્મરણ છોડવાલાયક જ નથી. પરંતુ જેની જરૂર જ નથી તે વાત તો ઉચ્ચ પદસ્થ માટે તદ્દન ઉપયોગરહિત જ છે. કાષ્ટાદિ બાળવાના હોય ત્યાં સુધી અગ્નિ બળ્યા કરે તેમાં અગ્નિ શાંત થાય ત્યારે બાળવાપણું રહેતું નથી તે તો સ્વાભાવિક જ છે અર્થાત્ કાષ્ટ નહીં નાંખવાથી તે સ્વયં સમાપ્ત થાય છે. બાળવાલાયકપણું ન રહ્યું તો ઓલવવાનું હોય જ શાનું !!! જ્યાં અગ્નિજ નથી ત્યાં ઓલવવાનું શું ? તેવી રીતે અહીં નવપદનું સ્મરણ, ધ્યાન, પૂજાદિક બધું આત્માના કર્મરૂપી લાકડાં બાળવા માટે અગ્નિ સમાન છે. જ્યાં સુધી કર્મરૂપી ઈંધન બળી ગયું નથી ત્યાં સુધી ધ્યાનરૂપી અગ્નિ રહેવો જ ઘટે !!! દાહ્ય પદાર્થનો અગ્નિ સાથે સંબંધ છે. અગ્નિએ બાળવા લાયક બધા પદાર્થોને બાળીને આપો આપ સ્વયં ઓલવાઈ જાય છે. તેમ અરિહંતાદિકનું પૂજન, સ્મરણ, વિગેરે કર્મ બાળવા માટે અગ્નિરૂપે સ્થિર રહે છે, અને તે કર્મો બળી જાય એટલે આપોઆપ ધ્યાનરૂપ અગ્નિ બંધ થાય છે. કર્મ ક્ષય સુધી નવપદના આલંબનની જરૂર છે. પણ તે કયા રૂપે કરવું ? કેટલાકનું ધ્યાન, કેટલાકની સેવા વિગેરે અનેક પ્રકારોની ખંતપૂર્વક આરાધના કરવાની છે.

પહેલી રોશની પ્રગટાવનાર

પહેલાં તો અરિહંત કોને કહેવા ?

શ્રીમાન્ રત્નશેખર સૂરીશ્વરજી જણાવે છે કે જગતના જેટલા કેવળ જ્ઞાનીઓ અને જેટલા તીર્થંકરો છે તે બધામાં જરા પણ ફરક નથી, જો ફરક માનીએ તો તીર્થંકર અને અતીર્થંકરનું કેવળ જ્ઞાન જુદું માનવું પડે. કેવળ જ્ઞાન એક સ્વરૂપે જ માનીએ છીએ, પણ પ્રશ્ન એ રહે છે કે જ્યારે તેમ માનીએ છીએ તો તીર્થંકરને અધિક શા માટે ગણવા ? **"नमो केवलीणं"** અને **"नमो सव्वन्नुणं"** એ પદ કહેવા જોઈએ, **"नमो अरिहंताणं"** એ પદ શા માટે? સર્વજ્ઞને, સર્વદર્શીને, કેવળીને, અને યથાસ્થિત વસ્તુ કહેનારને નમસ્કાર ! આમ જ નમસ્કાર કરો !!!

વાત ખરી ! પ્રરૂપણાએ, કેવળજ્ઞાને, ક્ષીણ મોહનીયપણે અને વીતરાગપણે સામાન્ય કેવળીપણામાં તો અંશ પણ ફરક નથી, છતાં અહીં તીર્થંકરને જ નમસ્કાર કેમ કર્યો ?

સમાધાન- બીજા સમગ્ર કેવળીઓ સાધુપદમાં છે. ત્રીજે ભવે વીશ સ્થાનકની તપસ્યા કરી હોય એ જ બધા કેવળી થાય એવો નિયમ નથી, પણ તીર્થંકરોએ તો ત્રીજેભવે વીશ સ્થાનકની આરાધન કરેલી જ હોય. ત્રણ જ્ઞાન સહિત ગર્ભમાં આગમન, ચૌદ સ્વપ્નનું દર્શન, દેવદેવીઓ દ્વારા જન્મ, દીક્ષા, કેવળ જ્ઞાન મહોત્સવ, જોજનગામીની વાણી, વાણીમાં પાંત્રીશગુણ, એ કેવળ તીર્થંકરમાં જ સંભવી શકે.

કેવળ તીર્થંકરોને જ અરિહંત પદમાં ન લઈએ તો બકરી કાઢતાં ઊંટ પેસી જાય ! અરિહંત પદના આત્માઓ સિદ્ધ સરખા વિશિષ્ટ ગુણી પણ નહીં ! અને સામાન્ય કેવળી સરખા પણ સમગુણી તે નહીં. અત્રે શંકા એ ઉદ્‌ભવે છે કે આપણે ગુણના પુજારી નથી, નહીં તો આપણે પહેલા "નમો સિદ્ધાણં" બોલવું જોઈતું હતું, તો પછી તમે "નમો અરિહંતાણં" એ પદ પહેલા કેમ મૂક્યું ? એટલે કે અરિહંતોને પ્રથમ શા માટે લીધા ?

સમાધાન-એક ગુફામાં હજારો મનુષ્યો છે, અને ગુફામાં ઘોર અંધારું છે જે વખત અંધારું છે તે વખતે પણ સ્પર્શ, રસ, ઘ્રાણ, અને શ્રોત્રેન્દ્રિયનું જ્ઞાન છે. એટલે બધી ઈન્દ્રિયોના જ્ઞાન પ્રવર્તે છે; પણ ચક્ષુ જ્ઞાન નથી તો પણ ઘણીજ મુંઝવણ ઉત્પન્ન થાય છે. એક ચક્ષુનો વિષય ન થાય તે વખત ગભરાટ કોને થાય ? દેખતાને, ! ! આંધળાને તો બધુંએ સરખું ! આંખવાળાને અને આંધળાને જમીન આસ્માન જેટલું અંતર છે. મૂંઝવણની અથડામણમાં કોઈક મનુષ્યે "ચકમક" પાષાણ ઘસ્યો, અગ્નિ ઝરાવ્યો, અને કાકડો કર્યો, બધાએ કાકડાના અજવાળામાં દોડાદોડ કરી અને અંતે સેંકડો મનુષ્યે કાકડા કર્યા, આ કાકડા કરનારાઓમાં કંઈ ફરક છે ?

"લાકડા તોલવાના કાંટે મોતી નહીં તોળાય" બુદ્ધિપૂર્વક વિચારીએ તો આ બધા કાકડાના પ્રકાશમાં ફરક નથી પણ ધન્યવાદને પાત્ર વધારે કોણ ?

(સભામાંથી) : પ્રથમ કાકડો સળગાવનાર !

પ્રથમ સળગાવનારને જેટલી શાબાશી આપીએ તેટલી ઓછી છે, કારણ કે પ્રથમ કાકડો સળગાવનાર ન હોત તો શું થાત ? પ્રથમ જ્યોત પ્રગટાવનાર ન હોત તો બીજા બધા કાકડાવાળાને ધૂળ જ ફાકવી પડત, જૈન શાસનમાં પહેલવહેલું આત્મસ્વરૂપ જાણવું, સર્વ સાવદ્યનો ત્યાગ, સંવર માર્ગમાં પ્રવૃત્તિ, કેવળજ્ઞાન મેળવવું તે બધું ધર્મ પ્રવર્તક તીર્થંકરોને જ આભારી છે. બીજા બધા તો કાકડા સળગાવનારામાંથી કાકડા સળગાવનારા છે. એટલે કે તીર્થંકર દ્વારાએ બીજાઓ કેવળ જ્ઞાનાદિ લક્ષ્મી મેળવનારા છે.

આદ્ય કેવળ જ્ઞાન ઉત્પન્ન કરનાર, કેવળ જ્ઞાનનો રસ્તો પ્રવર્તાવનાર તો તે અરિહંત ભગવાન જ છે, તેમના ઉપદેશથી બીજા જો કે કેવળ જ્ઞાની થાય છે કેવળ ખરાં ! તે દરેકના જ્ઞાન સરખાં છતાં અરિહંતના અનુપમ ઉપકારને લીધે જ તેમને મુખ્ય માનીએ છીએ. અહીંયા પ્રશ્ન ઉત્પન્ન થશે કે પહેલો કાકડો સળગાવનાર તેજ છે, અને બધા તે કાકડાથી કાકડા કરવાવાળા હતા છતાં કોઈ પોતાની મેળે સ્વયં કાકડો કરે તો, પહેલા પદની સમાન ગણાય ખરો કે નહીં ? ના, પહેલાની માફકનો ગણાય જ નહીં ! કારણ કે પ્રથમ મોક્ષમાર્ગ તો અરિહંતે દેખાડેલ છે. બીજાએ તો શરૂ થયેલા માર્ગના હિસાબે રસ્તો નવો ઉત્પન્ન કર્યો, જે સ્વયંબુદ્ધ, અને પ્રત્યેક બુદ્ધ, થઈ પોતાની મેળે સ્વયં ચારિત્ર ગ્રહણ કરી, કેવળ જ્ઞાન ઉત્પન્ન કરે છે, તે સ્વતંત્ર છતાં તીર્થંકર મહારાજના તીર્થસ્થાપન પછી જ સ્વયં બુદ્ધ, પ્રત્યેક બુદ્ધ અને કેવળી થાય, તીર્થની આદિમાં તે બધા મોક્ષે ન જાય.

શંકા-તીર્થ ઉત્પન્ન થયા પહેલાં મરૂદેવીમાતા મોક્ષે ગયા, તેને તો કાકડાની સાથે સંબંધ નથી ને ? તીર્થ ઉત્પન્ન થયું ન હોય અને કેવળ જ્ઞાની પણ ન હોય ત્યારે મોક્ષગામીઓ તીર્થંકર જેવા ઉપગારી કેમ નહીં ? પહેલી રોશની પ્રગટાવનારને બીજો નમે કે ?

સમાધાન-કેવળીઓ ન નમે, પણ બીજા તો જરૂર નમે. આપણે કોના પ્રકાશથી તીર્થના

સેવક બન્યા છીએ તે વિચારો !!! પહેલી રોશની પ્રગટાવનારના પ્રભાવે આપણે સેવના પામ્યા અને સેવ્ય સેવકભાવ અંગીકાર કર્યો. અતીર્થ સિદ્ધ કરતાં પણ અરિહંત વધુ પૂજ્ય છે. મરૂદેવા માતાના સંબંધને સવિસ્તર ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી આશ્ચર્ય તરીકે પતિપાદન કરે છે, બાકી આ ઉપરથી એ તો નિશ્ચય છે કે સાધુઓનું અસ્તિત્વ, શ્રાવકોની હૈયાતીમાં જ હોય એવું સાધુપણું માનનારાઓએ અતીર્થ સિદ્ધ ઉપર પણ હડતાળ મૂકવી જ રહી!!! સાધુ સાધ્વીને દાતારની જરૂર ખરી પણ શ્રાવક શ્રાવિકા ઉપર તો નહીં જ !!!

જમાના પ્રમાણે વર્તન.

શંકા-ઋષભદેવજી બાદ હજાર વર્ષે શ્રાવકનું અસ્તિત્વ મનાયું. તે દરમ્યાન શ્રાવકોનો સંઘ વિદ્યમાનતા ધરાવતો હતો કે ! તે મુજબ હજાર વર્ષ સુધીનું સાધુપણું શાસ્ત્રોમાં મનાયું છે કે નહીં?

સમાધાન-હા, શ્રાવક-શ્રાવિકાની ગેરહાજરીમાં પણ તે સાધુપણું મનાયું છે. આ ઉપરથી એટલું તો નક્કી જ છે કે સાધુપણું શ્રાવક-શ્રાવિકા ઉપર તો નિર્ભર નથી જ !!! સંયમના સાધનો સમકિતી અગર મિથ્યાત્વી પાસેથી મળે એમાં કંઈ નિયમ નથી. અતીર્થ સિદ્ધભેદ વિચારી લેશો તો માલુમ પડશે કે તીર્થવિચ્છેદ હતું છતાં તેઓ પોતાના આત્માનું કલ્યાણ કરી શક્યા છે. જેમ ખદ્યોતનું અજવાળું જગતને કામ ન લાગે તેમ અતીર્થ સિદ્ધ કેવળજ્ઞાની પણ ખદ્યોત્ પ્રકાશવત્ ગણી શકાય. આપણે તેમની અવજ્ઞા નથી કરતા પણ કાયદો જે કંઈ હોય તે કાયદાની વિરુદ્ધ એકાદ બે બનાવ બની જાય તેથી કાયદો, તે કાયદો થતો નથી. તેમજ તીર્થ થયા પછી સિદ્ધ થવું તેમાં અતીર્થ સિદ્ધનો તો અપવાદ જ છે. તેવી રીતે કોઈ કોઈ વખત અપવાદ રૂપે બનેલા દાખલા કાયદાને અસમર્થ બનાવવાને શક્તિવાન થતા જ નથી. બ્રહ્મચર્યનું પાલન કરનારે નવવિધ વાડનું બરાબર પાલન કરવું જોઈએ. પરંતુ સ્થુલિભદ્રજીએ નવવિધ વાડ પર પાણી ફેરવ્યું કારણ કે વેશ્યાને ત્યાં ચાતુર્માસ કર્યું તેમાં કઈ વાડનો સમાવેશ થયો ? આમ છતાં પણ સ્થૂલીભદ્રજીએ બ્રહ્મચર્યનું પાલન કર્યું તો તે નવ વાડનો કાયદો શું ખોટો ગણાય ? સંજોગવશાત્ એકાદ બે અપવાદ બની જાય તેથી તે કાયદાને તો બાધક થતા જ નથી તેવી જ રીતે કોઈ લાયક જીવો અતીર્થમાં પણ મોક્ષે જાય તેથી તે કેવળ અપવાદમાં જ ગણાય !!! અને તે કથંચિત્ કોઈક જ વખત બનનારા બનાવ હોવાથી દરેક તીર્થ આરાધવાથી જ મોક્ષે જાય !!! અતીર્થસિદ્ધ તો અસંખ્યાતે એક જ છે. પ્રથમ જગતમાં પ્રકાશ કરનાર, આત્મપદાર્થને બતાવનાર, ત્યાગને ફળસહિત દેખાડનાર, જે કોઈ હોય તો તે પ્રથમ અરિહંત જ છે.

શબ્દ, રૂપ, રસ ગંધ, અને સ્પર્શની સમજણ કંઈક પડે છે પરંતુ આત્મા એ જગતની જાણમાં આવે તેવો પદાર્થ નથી. આત્મજ્ઞાન એ વિષય જગતના વ્યવહારનો નથી, કારણ કે શબ્દાદિ તે જે વ્યવહારના વિષય છે, અને તેથી જ હંમેશાં તે પ્રવર્તમાન છે, અઢાર કોડાકોડી સાગરોપમ શબ્દ, રૂપ, રસાદિમાં ગયા, તે જમાનો જુગલીયાનો હતો, કે જેમાં ધર્મનો આત્માનો કે કર્મબંધનનો વિચાર પણ નહતો. ફક્ત વિચાર માત્ર સ્પર્શાદિનો એ જમાનો કેવો? શબ્દાદિ વિષયના ઉત્તેજકો માટે તે જમાનો કેવો ? જરૂર કહેવું પડશે કે તે ધર્મ વગરનો, અને તે જમાના પ્રમાણે ધર્મ માનીએ તો પ્રથમ આરામાં પ્રથમ આરા પ્રમાણે જ બીજા ત્રીજા આરાનો કાળ જાય છે છતાં ધર્મ કેમ નહીં ? અને ધર્મ શા માટે

ન કહેવો પહેલા આરામાં એક પલ્યોપમ, બીજા આરામાં બે પલ્યોપમ, અને ત્રીજા આરામાં એક પલ્યોપમ જીવતા હતાને ? કાળને અનુસરી પ્રવૃત્તિને ધર્મ કહેવાનું વિધાન જૈન શાસ્ત્રમાં કહી શકીએ પણ નહીં અને **અઢાર કોડાકોડી સાગરોપમમાં જમાના પ્રમાણે વર્તન હતું.**

વિભાગની રાજ્યનીતિ

તો પછી ધર્મ કર્મવિચ્છેદ શા માટે બોલો છો ? ધર્મની આદિ કરનાર કેમ કહો છો ? વાત એ છે કે આપણે જમાના પર ધ્યાન રાખવાનું નથી. આપણે તો આત્માના સમ્યગ્‌દર્શનાદિ ગુણો કેમ વધે, તેને જ અંગે તીર્થંકરો ઉપકારી, જો તેથી તીર્થંકરોનો ઉપકાર ન ગણો તો પછી હકાર મકાર-અસ્તિત્વ અને નાસ્તિત્વ વિગેરે કુળનીતિની વ્યવસ્થા કરનાર, કુલગરોને જ નમસ્કાર કરજો !!!

વિમળ વાહનને પહેલી પ્રથા જમાનાને અનુકૂળ કરી તો વિમળ વાહનને નમસ્કાર કરજો!

અનીતિ ખંડનની શિક્ષા એટલે અનીતિ માર્ગથી દૂર કરવાનું કાર્ય વિમળ વાહને કર્યું તો અરિહંતને નમસ્કાર શાથી કરો છો ? નીતિની જડ વિમળ વાહને રોપી છે. હકાર, મકાર અને ધિકાર, એ ત્રણે નીતિઓ અસંખ્યાત વર્ષો સુધી પ્રવર્તિ છે. નીતિનું બીજ શ્રી ઋષભદેવજીએ રોપેલું નથી; છતાં ઋષભદેવજીનેજ કેમ માનો છો ? ક્ષયોપશમાદિક ભાવની મુખ્યતા ન માનવી હોય અને લોકોની વ્યવસ્થાપર જ જો ધર્મ માનવો હોય તો વિમળ-વાહનને મુખ્ય ગણજો કારણ તમારા હિસાબે **"સંપનો મહેલ હોય તો વિમળ વાહન."**

ભગવાનને સો છોકરાઓને રાજ્ય વહેંચી આપી જુદા પાડવા પડ્યા. બંગાળના ફક્ત બે ભાંગ પાડ્યા, તેમાં તો પ્રજા ઊંચી નીચી થઈ, જ્યારે ભગવાને તો સો ભાગ પાડ્યા. પહેલવહેલા ભાગલાનું બીજ રોપીને ઋષભદેવજીએ સો ભાગ કર્યા. **વિભાગની રાજ્યનીતિ જ ભગવાને તો અખત્યાર કરી તેને તમારા હિસાબે તો નમસ્કાર પણ ન જ કરવો જોઈએ !!!**

અનાદિકાળના જૂઠા દસ્તાવેજ

વિમળ વાહને રાજ્યનીતિ અખંડ રાખી હતી. પરંતુ આપણે તે બાબત પર કંઈ પણ લક્ષ આપવાની આવશ્યકતા નથી. શાસ્ત્રકારોએ વ્યવહારને પણ અગત્યનો માન્યો હોત તો વિમળ વાહનને મુખ્ય માનત. ભગવાન ઋષભદેવજીએ તો જગતની કડાકુટ ઊભી કરી, તો પછી બન્ને પૈકી વધારે ઉપકારી કોણ ગણી શકાય ? વિમળ વાહનને કે ભગવાન રૂષભદેવજીને ? (સભાજનો) ઋષભદેવજીને.

ગૃહવાસમાં વસ્યા, આરંભ સમારંભ પ્રવર્તાવ્યો, અગ્નિ પણ પ્રવર્તાવ્યો, છતાં તે બધું ત્યાગ કરીને, અને તે પૂર્વની સ્થિતિને અનર્થરૂપ જ ગણીને પછી જ ધર્મ પ્રવર્તાવ્યો, મોક્ષ માર્ગ પ્રવર્તાવ્યો, અને તેથી તે પરમોપકારી છે. **પ્રથમ મોક્ષ માર્ગના પ્રવર્તક, પ્રથમ મોક્ષ માર્ગના મુસાફર અને મોક્ષ માર્ગને સહેલાઈથી પ્રાપ્ત કરવાની રીતિ બતાવનાર તો તેઓજ છે તેથી તેમનો પહેલો ઉપકાર માનીએ છીએ.**

શંકા-અહીં તીર્થંકરના આલંબનથી સર્વ વિરતિ, અને અંતે મોક્ષ પણ મેળવે છતાં તીર્થંકરની કિંમત એક દીવાસળી જેટલી જ હોવી જોઈએ ?

સમાધાન-તે કિંમત મળેલી વસ્તુની અપેક્ષાએ હોઈ શકે જ નહીં. કારણ કે દીવાસળી ગમે તેને ઘેર જાય પણ કાર્ય પ્રવૃતિ જુદી જુદી કરશે. અર્થાત્ ઝવેરીના ઘેર આવેલી દીવાસળી લાખોના સોદામાં ઉપયોગી થશે. તેવી જ રીતે ગાંધી, કણીયા, કાપડિયા વિગેરે પ્રત્યેક વેપારીને ત્યાં વિવિધરૂપે ઉપયોગી નીવડશે. જેથી તીર્થંકર મહારાજ તો દીપક સમાન વસ્તુની કિંમત જણાવનારા હોવાથી તેમની કિંમતમાં ઘટાડો થતો નથી.

આ તો ઝવેરાતની પેટી છે ? જેથી ઝવેરાતવાળી પેટીની કિંમત ઝવેરાતને લીધે જગ જાહેર છે. અને ચ્હાય તે સંજોગોમાં એકસરખી જ છે.

શંકા-ઝવેરાત ભરેલી પેટી હોય અને એક ખાલી પેટી હોય તે બંનેની કિંમત એક સરખી છે ? નહીં. તેવી રીતે તીર્થંકર ભગવાન તેમ નથીં; પોતે જ્યોતિ સ્વરૂપ છે, પોતે અઢાર દોષ રહિત થયા છે; બલ્કે અણમોલાં ઝવેરાતોથી ભરપૂર છે.

જગતમાં અનાદિકાળથી દોષને ગુણ માનવાની પ્રવૃતિ થઈ ગઈ છે.

ઈન્દ્રિયોના દોષને ગુણ માનતા નથી. લુલા, લંગડા, અને કાણા, બોબડા, ને ગુણવાન કહેતા નથી અર્થાત્ પૌદ્‌ગલિક દ્રષ્ટિના ગુણ દોષમાં તો તમે નિપુણ છો. પણ અણસમજ (ગોટાળો) ક્યાં ચલાવો છો ? કદાચ બેઈમાન વેપારી એટલે કે નીતિભ્રષ્ટ વ્યાપારી પણ હિસાબમાં તો ગોટાળો ન જ હાંકે પણ દસ્તાવેજમાં જ ગોટાળો હાંકે છે. દુનિયામાં શાણા મનાતા ડોળઘાલુ વ્યાપારી દશ વિશ કે પાંચ પચાસનો ફેરફાર ન કરે ? એ તો લાખોનો દસ્તાવેજ હોય તેમાં જ ગોટાળો કરે !!!

આ આત્મા કડવાશને મીઠાશ માનવાવાળો થયો નથી એ તો ચોક્કસ છે, પણ ફક્ત વાંધો માત્ર દસ્તાવેજમાં છે કેમ ? વિચારો !!! શોચો !!! તમારા આત્માનું આમાં શું !!! આત્મા પૌદ્‌ગલિક પદાર્થોને મારા કરી ચાલે છે. ઘરબાર, દુકાન, ગાડી, ઘોડા હવેલી, એ સર્વ શું તારું છે ? કહે છે કે અમારે કાળા ધોળાનો ફરક નહીં પણ વાત એ છે કે આખા દસ્તાવેજમાં તફાવત ? ખરેખર પોદ્‌ગલિક એ જડનું ઘર, અને ચૈતન્યવંત એવો હું તેનો માલિક !!! જરા શાંતિથી વિચારો !!! સરકારને ત્યાં પણ ત્રણ, પાંચ, આઠ, બાર, ત્રીશ અગર પચાશ વરસની મુદતના દસ્તાવેજ જુના થઈ જાય તો જુઠ્ઠો દસ્તાવેજ પણ સાચો ઠરી જાય. એટલે કે સરકાર પણ પાંચ પચીસ. વરસની મુદત થાય તો તેના સાચા ખોટામાં ઊતરતી નથી. તો પછી અનાદિ કાળના જુઠ્ઠા આત્માને તો જુઠ્ઠો કેમ ઠરાવી શકાય? જગતમાં એક જ મહાપુરુષ સાચો દસ્તાવેજ સમજાવે છે. આપણે તો અનાદિ કાળના જુઠ્ઠા દસ્તાવેજનો જ અમલ કરી રહ્યા છીએ. આપણને તે પરોપકારી સન્માર્ગમાં લાવે છે. જ્યારે આપણને અઢાર દોષને દોષ માનવા પણ મુશ્કેલ થઈ પડે છે. ત્યારે તે મહર્ષિએ તો તે અઢારે દૂષણોને છોડ્યા, તેનું ફળ મેળવ્યું તેમજ અખતરો (experiment) કરી સિદ્ધ કરી બતાવ્યું. છતાં અરિહંત પદને પ્રથમ માનવા કોણ તૈયાર ન હોય "**विशुद्ध नाणमेव केवल**" ઉપજાવ્યું જેમણે સર્વ જીવોને તત્વ સમજાવ્યું. ઇંદ્ર ચક્રવર્ત્યાદિકાને પણ આરાધ્ય તે અરિહંતપદનું તમે ધ્યાન કરો !!!

હવે અરિહંતપદ પ્રથમ શા માટે ? સિધ્ધપદ બીજું શા માટે ? તથા સાકાર નિરાકાર અને ઉપકારીના ઉપકારમાં શાસ્ત્રકારો કેવી રીતે તરતમતા સમજાવશે ? તે આપણે શ્રી સિધ્ધપદની વ્યાખ્યામાં વિચારશું.

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानंसर्वधर्माणां, जैनंजयतिशासनम,. ॥

इति ॐ शान्तिः

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડઅભ્યાસી આગમોદ્ધારક-આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ ગણી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાએ રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

(નોંધઃ-સર્વ હક્ક સ્વાધિન...તંત્રી.)

૬૮ પ્રશ્ન- મોક્ષનું બીજ ક્યારે વવાય ?

સમાધાન- સમ્યક્ત્વ પામતાં મોક્ષનું બીજ વાવી શકાય છે.

૬૯ પ્રશ્ન- સત્તર પાપસ્થાનક છોડે છતાં શું સમ્યક્ત્વ નહીં ?

સમાધાન- ના, સત્તર પાપસ્થાનક છોડવાનું ફળ શું છે ! છોડવાથી મળે છે શું ! મેળવવા લાયક છે શું ! વિગેરે વિચારો આવી શકે નહીં ત્યાં સુધી સમ્યક્ત્વ હોતું નથી. જેમ સાગરમાં રહેલી સ્ટીમર, ઝાઝ વિગેરેમાં રહેલું "હોકાયંત્ર" તેની સોય કાંટો જ્યારે તૂટી જાય ત્યારે સ્ટીમર સાગરમાં ઝોલા ખાતી અથડાય અને ભાંગીને ભૂકો થાય. તેવી રીતે મિથ્યાત્વશલ્ય નાશ પામીને સમ્યક્ત્વ થયા વગર સંસાર સમુદ્રમાં આ આત્મારૂપ સ્ટીમરનું ઠેકાણું પડતું નથી.

૭૦ પ્રશ્ન- સત્તર પાપસ્થાનક છોડનારાઓને સંસાર કેટલો બાકી રહે ?

સમાધાન- તેનો નિયમ નથી, કારણ કે; અભવ્યજીવ અનંતી વખત સત્તર પાપસ્થાનક છોડે છે, પણ અઢારમું પાપસ્થાનક છોડ્યા વગર ચારગતિના ચક્કરમાં ભ્રમણ કરે જ છે.

૭૧ પ્રશ્ન- સમકિત પામતી વખતનો આનંદ શું કથ્ય છે ?

સમાધાન- ના, કારણ કે; સમકિતનો આનંદ કેવળજ્ઞાનીથી પણ વર્ણવી શકાતો નથી.

૭૨ પ્રશ્ન- 'ગજ પાખરખર નવિવહે,' એટલે શું ?

સમાધાન- અન્યમતમાં ઉત્પન્ન થયેલા વૈષ્ણવોને કંદમૂળ છોડવાનું કહે તો તે છોડી શકે નહીં, અને

તેને તે ઘણું જ કઠણ લાગે તેવી રીતે જૈનકુળમાં સંસ્કારી થયેલા જીવોને તે કઠણ લાગતું નથી. અર્થાત્ જૈન કુળના સંસ્કાર સાથે જેને શ્રદ્ધા હોય છે તેઓને સાધુપણામાં મુશ્કેલી જણાતી નથી. વસ્તુતઃ "ખર" તે જ સમજવા કે જેઓ અન્ય કુળોનાં અન્ય આચારોથી સંસ્કારિત હોય અથવા જૈન કુળમાં દુષ્ટ વ્યસનોથી દોરાયેલા હોય.

૭૩ પ્રશ્ન- ઉત્સૂત્ર ભાષક કાળધર્મ પામી કઈ ગતિએ જાય ?

સમાધાન- ઉત્સૂત્ર ભાષક ઉત્કૃષ્ટ ક્રિયાના બળે નવગ્રૈવયક સુધી જઈ શકે છે. જો કે મિથ્યાત્વની વૃદ્ધિ કરી તેથી તેનું ફળ તેને આગળના ભવોમાં ઘણું જ ભોગવવું પડશે, અને ધર્મની પ્રાપ્તિ પણ દુર્લભ થશે, પણ દ્રવ્ય ક્રિયાના પ્રબળ પ્રભાવે તત્કાળ તો ઊંચી ગતિનો સંભવ છે. ઉત્સૂત્ર ભાષી જમાલી પણ સાગરોપમની સ્થિતિ વાળો વૈમાનિક દેવ થયેલ છે.

૭૪ પ્રશ્ન- જઘન્યથી ધર્મની આરાધના કરનાર જીવો આઠ ભવમાં મોક્ષે જાય છે, તેની ગણતરી શી રીતે કરવી?

સમાધાન- દીક્ષા લીધા પછી વખતોવખત પરિણામ ચઢ ઊતર થાય, તો પણ જ્યાં સુધી દ્રવ્ય દીક્ષા છોડી ન હોય ત્યાં સુધી તે ભવ ગણતરીમાં ગણાય છે. પરંતુ આત્મકલ્યાણનો ચારિત્ર સિવાય બીજો કોઈ પણ માર્ગ નથી. અને તેથી જ જીનેશ્વર ભગવાને મુમુક્ષુ જીવોને ચારિત્ર આદરવા માટે સૂચવ્યું છે. જેથી તે સર્વદા આદરું એવી બુદ્ધિ હરહંમેશ રહેવી જ જોઈએ.

૭૫ પ્રશ્ન- પ્રથમ છઠ્ઠા ગુણઠાણાને લાયક "સર્વ વિરતિ"નો ઉપદેશ કેમ અપાય છે ?

સમાધાન- આ જીવ અનાદિ કાળનો છે, અને અનંત કાળથી એની ભાવ લક્ષ્મી ખોવાઈ ગઈ છે, અને તે કોઈ ભવમાં મેળવવા ઉદ્યમવંત થયો હોય, તેમજ થોડા ઉદ્યમદ્વારા તે ભાવ લક્ષ્મી મળી જવાની હોય ત્યાં માર્ગાનુસારીપણું, સમ્યક્ત્વ, દેશવિરતિ, અને સર્વ વિરતિનો ક્રમ સાચવે તો મહા અનર્થ થાય, તેથી તે જીવ હિત પરિણામવાળો થઈને તેમાંજ (માર્ગાનુસારીપણાદિમાં) સ્થિર થાય, જેથી શાસ્ત્રકારોએ સર્વ વિરતિનો ઉપદેશ પ્રથમ આપવાનો કહેલ છે. તેથી જો પૂર્વભવનો સંસ્કારી હશે તો તે તુરત જ ઉચ્ચ પરિણામવાળો થઈ સર્વ વિરતિમાં આવી જશે. અર્થાત્ શ્રાવક પણું અંગીકાર કરે તો પણ વિરતિ સમજાવવી પડે, અને તે વખતે સર્વ વિરતિ પણ સમજાવવી પડે જ્યારે તે શ્રોતાની શક્તિનો અભાવ જણાય તે વખતે વિરતિનો દેશ ભાગ (શ્રાવકપણું) જણાવાય છે.

૭૬ પ્રશ્ન- દેવગુરુની કિંમત નથી તેવાઓને દીક્ષા અપાય ?

સમાધાન- હા, પિતૃત્વ ભાવને ન સમજે છતાં પિતા કહેવરાવાય છે તેવી રીતે સર્વ વિરતિ દેવામાં કશો વાંધો નથી, અને તેથી શાસ્ત્રકારોએ મિથ્યાદ્રષ્ટિઓને પણ સમ્યક્ત્વનું આરોપ કરીને મહાવ્રતો દેવાનું લખ્યું છે.

૭૭ પ્રશ્ન- ગુરુની કિંમત કોણ કરી શકે ?

સમાધાન- કેવળ જ્ઞાન, કેવળ દર્શન, તેમજ વીતરાગતાની જેને કિંમત હોય તેજ ગુરુની વાસ્તવિક કિંમત કરી શકે છે. સમકિત દાતા ગુરુવર્યોનો પ્રતિ-ઉપકાર ક્રોડ ક્રોડ ભવે કોઈ પણ રીતિએ વળી શકતો નથી.

પ્રશ્ન ૭૮- મા બાપના ઉપકારનો બદલો વળી શકે કે નહીં ?

સમાધાન- પોતાના દેહની ત્વચાના ઉપાનહ-(જોડા) સીવડાવીને સમર્પણ કરે છતાં પણ મા બાપનો ઉપકાર વળી શકતો નથી; પણ જીનેશ્વર ભગવાન કથિત જે ધર્મ તે અંશે પણ પમાડવાથી પ્રત્યુપકાર સહેજે વળી શકે છે.

૭૯ પ્રશ્ન- દ્રવ્ય પૂજા, અને ભાવ પૂજામાં શું અંતર છે ?

સમાધાન- ચોથા આરામાં કોઈ શ્રાવક ઊંચામાં ઊંચા-સર્વોત્તમ પ્રકારની વિવિધ દ્રવ્યથી પૂજા કરે તેના કરતાં પાંચમાં આરાના છેડે શ્રી દુપ્પસહ સૂરીશ્વરજીનું જે ચારિત્ર અને તે રૂપ ભાવ પૂજાની વચ્ચે ક્રોડ અને કોડી, મેરૂ અને સરસવ સમાન અંતર છે. અર્થાત્ દશાર્ણભદ્ર અને ઇંદ્ર મહારાજા કે જે સામૈયાદિકની ભક્તિમાં અનુક્રમે ચઢિયાતા છે, છતાં જ્યારે દશાર્ણભદ્ર સર્વ-ત્યાગ રૂપ સર્વ વિરતિ આદરે છે તે વખતે ઇંદ્ર મહારાજા તેના (દશાર્ણભદ્રના) ચરણમાં ઝુકે છે.

૮૦ પ્રશ્ન- અવધિજ્ઞાન કરતાં શું અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન વધે ?

સમાધાન- હા, ઇન્દ્ર વિગેરે દેવતાઓને તેમજ કેટલાક મનુષ્ય, અને તિર્યંચોને પણ અવધિજ્ઞાન હોય છે. અહીં તો અષ્ટ પ્રવચન માતાને પાળનારા સાધુઓજ ફક્ત પરમેષ્ઠિ તરીકે ગણાય છે. અવધિજ્ઞાનથી અલંકૃત તે દેવાદિકો પરમેષ્ઠિ તરીકે ગણાતા નથી તેમજ વંદનીય પણ તે નથી.

૮૧ પ્રશ્ન- 'ગૌતમનામે નવેનિધાન,' એપદ બોલવું ઠીક છે ?

સમાધાન- હા, તેથી પ્રભુ ગૌતમસ્વામીનો મહિમા ગાવાનો છે, પરંતુ નવનિધાનની માંગણી કરાતી નથી. કદાચ માંગણી કરે તો તે સ્મરણ તે ફક્ત દ્રવ્યસ્મરણ જ ગણાય છે.

૮૨ પ્રશ્ન- દેશવિરતિ પછી સર્વવિરતિ ક્યારે આવે ?

સમાધાન- દેશવિરતિ પામ્યા પછી સંખ્યાતા સાગરોપમનો કાળ જાય ત્યારે સર્વવિરતિ આવે, એટલે આટલો બધો કાળ વ્યતિત થયા પછી આવે એમ નહીં. પરંતુ જે સ્થિતિમાં દેશવિરતિ મળી શકે તે સ્થિતિથી સંખ્યાતા સાગરોપમની સ્થિતિ તૂટે એટલે સર્વવિરતિ આવે. અને સાથે એ પણ ખુલાસાની જરૂર છે કે તેટલી સ્થિતિનો અંત અંતર્મુહૂર્તમાં પણ આવી શકે છે.

૮૩ પ્રશ્ન- દ્રવ્યક્રિયા, અને ભાવક્રિયાનું લક્ષણ શું ?

સમાધાન- જે ક્રિયાકર્મક્ષયના મુદ્દા સિવાય કરવામાં આવે તે બધી દ્રવ્યક્રિયા છે, અને કર્મક્ષયના મુદ્દાથી જે ક્રિયા કરાય તે ભાવક્રિયા છે.

૮૪ પ્રશ્ન- નોઆગમ એટલે શું ?

સમાધાન- આગમ એટલે જ્ઞાન, અને "નો" શબ્દથી જ્ઞાનના બે ભેદ પડે છે. "ક્રિયામિશ્રજ્ઞાન અને ક્રિયાશૂન્યજ્ઞાન" અને તે જ્ઞાન દ્રવ્ય અને ભાવ એ બન્નેનિક્ષેપમાં વહેંચાઈ જાય

છે. જ્ઞાનનિક્ષેપ નોઆગમ લેવું હોય તો ક્રિયા મિશ્રજ્ઞાન લેવાથી નો (શબ્દનો) મિશ્ર અર્થ લેવો. અને દ્રવ્યનિક્ષેપ નોઆગમ લેવું હોય તો નો શબ્દનો અર્થ શૂન્ય લેવું. એટલે ક્રિયા શૂન્ય જ્ઞાન.

૮૫ પ્રશ્ન- સમ્યગ્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર, આદિ મળી ગયા તો પછી તપ માટે નકામી મહેનત શા સારું ?

સમાધાન- ક્ષાયક ભાવ આવ્યા વગર તીર્થંકરો પણ તપનું સેવન છોડતા નથી. એટલું જ નહીં પણ ક્ષાયકભાવના દર્શન, જ્ઞાન, ચારિત્ર, પામ્યા છતાં સિદ્ધપદ પામતી વખતે શુકલ ધ્યાનના ત્રીજા ચોથા પાયારૂપ તપસ્યા હોય અને તે સિવાય સિદ્ધપદ પણ પ્રાપ્ત થતું જ નથી.

૮૬ પ્રશ્ન- ક્ષાયક ઘરના દર્શન, જ્ઞાન, ચારિત્ર, થઈ ગયા પછી તપસ્યા માનવાની શું આવશ્યકતા છે?

સમાધાન- હા, તપસ્યાની પૂરેપૂરી જરૂર છે, એક કેવળી કેવળજ્ઞાન પછી અંતર મુહૂર્ત મોક્ષે જાય, અને બીજા કેવળી લાખો પૂર્વ સુધી સર્વવિરતિનું પાલન કરતાં છતાં મોક્ષ ના પામે, પણ શુકલ ધ્યાનના ત્રીજા ચોથા પાયારૂપ તપસ્યા આદરે ત્યારે મોક્ષે જાય છે. અર્થાત્ તપ સેવન વગર સર્વથા કર્મ નાશ થતો નથી.

૮૭ પ્રશ્ન- સમ્યગ્ દર્શન, જ્ઞાન, અને ચારિત્રમાં તપસ્યાને ઉચ્ચ સ્થાન કેમ અપાય છે ?

સમાધાન- સમ્યગ્ દર્શન એ દરિદ્રના મનોરથ છે, સમ્યગ્જ્ઞાન એ ગોખલાનો દીપક છે, અને સમ્યગ્ચારિત્ર એ આવતા નવા કર્મોને રોકનાર છે તેથી કમાડ જેવું છે; પણ અનાદિકાળના કીચડરૂપી કર્મના ઢગને સાફ કરવાનું કાર્ય વસ્તુતઃ તો તપસ્યા જ કરે છે.

૮૮ પ્રશ્ન- જૈન શાસનમાં શત્રુ તરીકે કોણ છે ?

સમાધાન- જૈન શાસનમાં કર્મ સિવાય અન્યને તો શત્રુ ગણ્યો જ નથી.

૮૯ પ્રશ્ન- कम्महंताणं, अरिकम्महंताणं कम्मरिहंताणं એ ત્રણ પદમાંથી કોઈપણ પદ કેમ ન મૂક્યું ? અને કેવળ अरिहंताणं એ પદ શા માટે ?

સમાધાન- નિરૂક્તિની અપેક્ષાએ કોઈ પણ કર્મને મિત્ર તરીકે ગણ્યું જ નથી, તેથી "કર્મ" અને "અરિ" બે પદ લખવાની જરૂર નથી. જૈન સમાજે કર્મને શત્રુ તરીકે માનવું જ જોઈએ તેથી "नमो अरिहंताणं" કહ્યું છે.

(૨) વ્યુત્પત્તિની અપેક્ષાએ તો આઠ પ્રાતિ-હાર્યરૂપ પૂજાને જેઓ લાયક થાય છે, તેઓ જ અરિહંત કહેવાય છે, અને તેથી જ "સિદ્ધ" ભગવંત અને સામાન્ય કેવળીઓ અરિહંત પદમાં નહીં આવતાં જુદા પદમાં જ રહે છે.

* * *

સુધા-સાગર

(નોંધ :- સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. તંત્રી.)

૭૯ પોતાની પ્રશંસા પગભર કેમ થાય !' એ જેનું દ્રષ્ટિબિન્દુ છે, તે જીવો ગુણવૃદ્ધિ કરી શકતા જ નથી.

૮૦ પોતાની ભૂલો પર નજર કરવાવાળા ભાગ્યશાળીઓ જ મનુષ્ય બને છે. અર્થાત્ મનુષ્યત્વ પણાને સાર્થક કરે છે.

૮૧ અણમોલાં માણેક વેરાઈ ગયા છે પણ રાત્રી અંધારી હોવાથી વીજળીના ઝબકારા સમાન તેજસ્વી એવા વિતરાગના વિશિષ્ટ જ્ઞાનના પ્રકાશનું જ અવલંબન અંગીકાર કરો !!!

૮૨ માટીના ઢેફાની ઠેસ = ઠોકર વાગવાથી સુવર્ણમહોર બહાર નીકળી, તેમાં મૂર્ખ વિચારે કે દુનિયામાં દુર્લભ વસ્તુ ઠેસ માત્રથી મળે છે !!!

૮૩ કથંચિત્ બનવાવાળા ભાવને લક્ષ્યમાં રાખવાથી જીંદગી વ્યર્થ જશે, "મૂર્ખાની ઠેસ, અને સુવર્ણની મહોર" એ સિદ્ધાંત નથી !!!

૮૪ જીતના નગારા વગાડવા પહેલાં હૃદયમાં હારની હાડમારીનું અવલોકન કરો !!!

૮૫ જીતનું કમિશન બેસતું નથી પણ હારનું જ બેસે છે. !!!

૮૬ સંવર કરતાં પહેલાં આશ્રવ તેમજ નિર્જરા કરતાં પહેલાં બંધને જાણો, તેવી જ રીતે ગુણની શોધમાં ગાંડા બન્યા પહેલાં અવગુણના અંધારા કૂવાની ઊંડાણનું અવલોકન કરો !!!

૮૭ લેણદાર લાખ રૂપિયાના લેણામાંથી પાઈ પ્રાપ્ત થયે ખુશી ન થાય, પરંતુ બાકી રહ્યા માટે ચિંતાતુર થાય તેવી રીતે થોડા ગુણ પામી આનંદી ન થાઓ, પણ અનંત ગુણો બાકી રહ્યા તેની પ્રાપ્તિ માટે ઉદ્યમવંત થાઓ !!!

૮૮ આશ્રવનો અભાવ, અને આશ્રવનું રોકાણ એ બેમાં આસમાન જેટલું અંતર છે !!!

૮૯ પ્રશંસાના પવનમાં પામર આત્માઓ અધઃપતન કરે છે.

૯૦ નિર્વાણપદનું જ્ઞાન એટલે ઉત્કૃષ્ટજ્ઞાન આત્મા સાથે લાગેલા રાગદ્વેષો દૂર થાય, અને મોક્ષ પ્રાપ્તિ મળે એવા જ્ઞાનને ઉત્કૃષ્ટ જ્ઞાન કહે છે.

૯૧ ભૂત અને ભવિષ્યના ભાવનું કારણ, તે દ્રવ્યનિક્ષેપ.

૯૨ ભવ્ય જીવને અનંત વખત થયેલી દીક્ષા, ભાવદીક્ષાનું કારણ બને છે !!!

૯૩ અભવ્ય જીવોની અનંતી વખતની દીક્ષાઓ, ભાવદીક્ષા રૂપ બનતી જ નથી !!!

૯૪ દ્રવ્ય શબ્દ અપ્રધાન છે.

૯૫ ભાવદીક્ષાના અર્થીઓને પણ દ્રવ્ય દીક્ષા તો ગ્રહણ કરવાની ખાસ આવશ્યકતા જ છે !!!

૯૬ દીપક બીજાને પ્રકાશ આપે છે પણ પોતેપોતાના માટે આંધળો છે, તેવી રીતે દીપક રૂપ સમ્યક્ત્વ ધારી અભવ્યો પણ પ્રભુ શાસનમાં આંધળા જ છે.

૯૭ એક આધારભૂત ભાજનમાં બે વસ્તુઓ પૂરતા પ્રમાણમાં ભરી શકાતી નથી. અર્થાત્ આત્મા રૂપ ભાજનમાં જોડાયેલ અર્થ અને કામની સાધ્યતા સાથે ધર્મ અને મોક્ષની સાધ્યતા રહી શકતી જ નથી.

૯૮ સંસારથી નિવૃત થનારને જ ધર્મ અને મોક્ષની પરમ સાધ્યતા સુલભ છે.

૯૯ મુનિવેશ સાથે મનઃપર્યવજ્ઞાન વિવાહિત બનેલું છે.

૧૦૦ કેવળજ્ઞાન એ આકસ્મિક સંજોગે કદાચ ગૃહમાં એ ઉત્પન્ન થઈ જાય પણ મનઃપર્યવ જ્ઞાન ગૃહમાં રહ્યા થયું નથી, થતું નથી અને થશે પણ નહીં !!!

૧૦૧ બે વર્ષ સુધી અલિપ્તપણે રહેલા મહાવીરની પ્રભુજીવનની જ ચર્યા છતાં મનઃપર્યવ જ્ઞાન કેમ પ્રાપ્ત થયું નહીં? તે વિચારો !!!

વસ્તુતઃ ત્યાં મુનિવેષની મહત્ત્વતા છે !!!

૧૦૨ સ્વલિંગ સિદ્ધ એટલે સાધુપણાથી સિદ્ધિ !!!

૧૦૩ સ્વલિંગ એ મોક્ષનું લિંગ છે !!!

૧૦૪ સાધુપણાનો વેશ પહેર્યા સિવાય "મોક્ષ મેળવવાના મનોરથ, તે માખણ મેળવવાના ઈરાદે પાણી વલોવવાની પ્રવૃતિની જેમ નિષ્ફળ છે !!!

૧૦૫ વૈરાગ્યના માર્ગે સંચરેલા ભાગ્યવાનો જ આરાધવા યોગ્ય છે !!!

૧૦૬ સંસારની પ્રવૃત્તિમાં મસ્ત બનેલ સમ્યક્ત્વધારી ભવ્યાત્મા અને તદ્ભવ મોક્ષગામી ચારજ્ઞાનના ધણી ગણધરભગવાન એ બન્નેનો વિવેક એકસરખો છે !!!

૧૦૭ મોહનીય કર્મત્રુટે એટલે જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મો ત્રુટે છે !!!

૧૦૮ અજ્ઞાનતાથી કે વિરુદ્ધ ઈચ્છાથી પણ કરેલા પાપનો પરિહાર (ત્યાગ) એ સદ્ગતિ આપે છે. અર્થાત્ એવી પરિસ્થિતિનો ત્યાગ પણ નકામો નથી !!!

૧૦૯ પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) છતાં, પ્રત્યાખ્યાન વિરુદ્ધ ઈચ્છાથી કરેલ ધર્મ દેવલોકાદિ આપે છે !!! જેમ અભવ્યોની ચર્યા.

૧૧૦ આત્મકલ્યાણ કરનારને, તેના આત્મકલ્યાણના સાધનો તરફ યથાસ્થિત, પ્રતીતિપૂર્વક પ્રીતિ-તે સમ્યક્ત પરિણામ.

૧૧૧ આત્મકલ્યાણનાં સાધનો, આદરવા, અને આદરવામાં તત્પર થતાં જે પ્રીતિ તે ચારિત્ર પરિણામ.

૧૧૨ વિષયની ગુલામી દૂર થાય તો શ્રાવકમાં અને સાધુમાં અંતર નથી તફાવત નથી !!!

૧૧૩ ધર્મની દેવલોક જેટલી જ કિંમત કરનારાઓ, મિથ્યાત્વી છે !!!

૧૧૪ ચૌદ રાજલોકમાં સર્વકાળ માટે અભયદાન દેનારી તો દીક્ષા જ છે !!!

* * *

મુમ્બાપુરીમાં નવપદ આરાધના નિમિત્તે ભવ્ય મહોત્સવ

મુમ્બાપુરી જેવી અલબેલી નગરીમાં જ્યાં પંચરંગી પ્રજા વસે છે જ્યાં અનાર્યોના સંસર્ગથી તેઓનું જંગલી અનુકરણ કરવા મનુષ્યો ઘેલા બને છે ત્યાં પણ પ્રભુ મહાવીરના શાસનમાં કાંઈક આર્યત્વ વાસ કરી રહેલ દૃષ્ટિ ગોચર થાય છે તેનું કારણ એ જ કે તેઓમાં કંઈ અંશે હજી પણ આત્મપ્રેમ ઝળહળે છે. પ્રભુના શાસનમાં નવપદ એ પ્રાધાન્ય પદે છે તેની આરાધના કરવા મુંબઈમાં એક સમાજ સ્થપાયેલી છે. દરેક ચૈત્ર માસની ઓલીની ક્રિયા કરવા જુદા જુદા સ્થળે લોકોને વધુ ને વધુ નવપદની આરાધનામાં જોડવા આ સમાજ લઈ જાય છે આસો માસની ઓલીની ક્રિયા મુંબઈમાં શ્રી ગોડી પાર્શ્વનાથ સ્વામીના દેરાસરજીમાં થાય છે તેમજ અત્રેનાં બીજાં દેરાસરોમાં પણ થાય છે પણ લોકોની મેદની ખાસ કરીને ગોડીજી મહારાજના દેરાસરમાં માલમ પડે છે દરેક વર્ષે ધામધૂમપૂર્વક આ મહોત્સવ ઉજવાય છે. તેમજ આ વખતે પણ આસો માસની ઓલી અનેરા ઉલ્લાસ અને આનંદ વચ્ચે ઉજવાઈ હતી.

આ નવપદની આરાધના દરમ્યાન અષ્ટાન્હિકા શાંતિસ્નાત્ર મહોત્સવ મંડાયું હતું શાંતિસ્નાત્ર પૂર્ણિમાને દિવસે રાખવામાં આવ્યું હતું. આ મંગલ ક્રિયાનું શ્રવણ અને નિરીક્ષણ કરવા હજારો જૈન તેમજ ઇતરોની મોટી મેદની એકઠી થઈ હતી કેટલા કોને તો જગ્યા ન મળવાથી પાછા જ જવું પડ્યું હતું નવે દિવસ નવપદનું યથાસ્થિત વર્ણન સાંભળવાનું ક્રિયા કરનારને સુગમ થઈ પડે તેથી પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી ગોડીજીના ઉપાશ્રયમાં પધાર્યા હતા. વ્યાખ્યાનનો હોલ ચિક્કાર ભરાતો હતો આ રીતે નવપદની આરાધના ભવ્ય મહોત્સવપૂર્વક ઉજવાઈ હતી.

* * *

શ્રી મુંબઈ જૈન યુવકમંડળ પત્રિકાના ગ્રાહકોને ખુશ ખબર

કેટલાક વખતથી ઉપરોક્ત પત્રિકાના ગ્રાહકો તેને પાક્ષિક પ્રગટ કરવા સતત વિનંતિઓ કરતા હતા, જે ધ્યાનમાં લઈ આ પત્રિકાને "શ્રી સિદ્ધચક્ર"ના નામથી પાક્ષિકમાં પરિવર્તન કરીએ છીએ. એટલે કે તેનું "શ્રી સિદ્ધચક્ર" નામના પાક્ષિક સાથે જોડાણ કરીએ છીએ. આથી ઉપરોક્ત પત્રિકાના ગ્રાહકોને "શ્રી સિદ્ધચક્ર" પત્ર દર પખવાડીએ નિયમિત મલશે. આ નવા પત્રનું લવાજમ ફક્ત રૂ. ૨) રાખવામાં આવ્યું છે. માટે જે ગ્રાહકોએ ઉપરોક્ત પત્રિકાનું લવાજમ ભર્યું હોય તેમણે દોઢ રૂપિયો અને જેઓએ લવાજમ ભર્યું નહીં હોય તેમને અઢી રૂપિયો મોકલી આપવા. જેથી તેઓને આ નવા પત્રની શરૂઆતથી બાર માસ સુધી અંકો મોકલવામાં આવશે. દરેક ગ્રાહકોએ આ સાથે બીડેલ ફોર્મ ઉપર સહી કરીને લવાજમ સાથે મોકલી આપવું.

લી. તંત્રી
શ્રી મું. જૈ. યુ. મં. પત્રિકા.

ઉપધાન

ઘાટકોપર મુકામે શાસનપ્રભાવક માણિક્યસા[illegible] ઉપાધ્યાયજી મહારાજજી સાહેબના વચનામૃતથી અમારા સકળ સંઘ દ્વારા શ્રી પંચ[illegible]ગલ મહાશ્રુતસ્કંધાદિ શ્રુતોપચારાદિ શ્રી ઉપધાનાદિ વિશિષ્ટ મહામંગલકારી ક્રિયાઓ થશે. ક્રિયામાં લાભ લેનારાઓ માટે પ્રથમ મુહુર્ત આસો વદ ૧૨ અને બીજું મુહૂર્ત કારતક સુદ ૫ રાખેલ છે. ચાર્તુમાસ ઉતર્યા બાદ શ્રી આગમોદ્ધારક આચાર્યદેવ પોતાના પરિવાર સહીત અત્રે પધારવાના છે. માટે તેઓશ્રીની અમુલ્ય વાણીનો લાભ પણ મળશે.

લી. ઘાટકોપર જૈન સમસ્ત સંઘ.

તૈયાર છે. તૈયાર છે. તૈયાર છે.

પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન.

વિજય લક્ષ્મીસૂરીકૃત

સંશોધકઃ-આગમોદ્ધારક.

મળવાનું ઠેકાણું : શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
લાલબાગ ભૂલેશ્વર, મુંબઈ નં. ૪.

કિંમત ૦-૪-૦)

(પોષ્ટેજ જુદું.

શ્રી સિધ્ધચક્રાય નમઃ

શ્રી નવપદ આરાધક સમાજ

દર વર્ષે નવનવિન તીર્થભૂમીનાં દર્શન કરવાં હોય, સર્વજ્ઞ કથિત અનુષ્ઠાનોમાં અમોઘ આનંદ લેવો હોય, ચતુર્વિધ સંઘના દર્શન-સમાગમથી પાવન થવું હોય, અને આત્મોન્નતિના અનેકવિધ માર્ગમાં ગમન કરી કૃતાર્થ થવું હોય; તો ઉપરની સંસ્થાને તન મન, ધનથી મદદ કરવી એ આવશ્યક જ છે. એ શબ્દો તમારાં ક્ષણભંગુર જીવનમાં ક્ષણે ક્ષણે સ્મરણ થવાં જ જોઈએ.

ઑ. સેક્રેટરીઓ.

ઠે. શ્રી મુંબઈ વર્ધમાન તપ આયંબીલ ખાતું

લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

શાસન-પ્રભાવના.

શ્રી મુંબઈ વર્ધમાન તપ આયંબીલ ખાતું
ઠે. લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

જગતભરમાં જૈનવસ્તીવાળા પ્રદેશમાં આચામામ્લનો (આયંબીલ) પ્રચાર થવો જોઈએ; અને તે માટે દરેક સ્થળે આચામામ્લ (આયંબીલ)ની સગવડ સાચવનારાં ખાતાં ખોલવાની ખાસ જરૂર છે. ગામ પરગામથી આર્થિક મદદ મળે તો ખાતાં ખોલાય તેવી રૂપરેખાની અરજીઓ ઉપર અરજીઓ આવે છે; જેથી ઉપરની રચનાને પગભર બનાવવા માટે ધનવાનોએ ધનથી ધરખમ લાભ લેવો જરૂરી છે.

આ ઉપરની સંસ્થા વાર્ષિક ખર્ચને પૂરી પ્હોંચી વળતી નથી, છતાં નવિન ખાતાં ઉઘડે અને પગભર થાય તે માટે બનતું કરે છે, પણ સાથે ધનવાનો ધનથી, અને બુદ્ધિવાનો બુદ્ધિબળથી ઉદ્યમ કરે તો જ જરૂર આ કાર્ય પાર પડે.

વધુ ખુલાસા માટે સંસ્થાના કાર્યવાહકને મળો અગર પત્રથી પુછો.

લી.

ઑ. સેક્રેટરીઓ.

REGISTERED NO. 3047.

ઉપકારનું ધામ.

શ્રી સિદ્ધચક્ર

પ્રથમ વર્ષ અંક ૨જો	મુંબઈ તા. ૧૩-૧૧-૩૨ કાર્તિક-પૂર્ણિમા.	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
लोकाग्रेऽन्त गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यद्भक्तीर्थमलं गुणानिखमा यस्यास्ति यस्मिन् हृषो
ऽभव्यः सेव्यपदं सदाऽव भविनः श्रासिद्धचक्रांगिनः ॥१॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

શ્રી મુંબઈ જૈન યુવકમંડળ પત્રિકાના ગ્રાહકોને ખાસ સૂચના.

ઉપરોક્ત પત્રિકાના ગ્રાહકોને ગત અંકથી શ્રી સિદ્ધચક્ર પત્ર હસ્તગત થયું હશે. જે ગ્રાહકોએ ઉક્તપત્રિકાનું બીજા વર્ષનું લવાજમ નહીં ભર્યું હોય તેમને અઢી રૂપિયા મનીઓર્ડરથી તુરત મોકલી આપવા જેથી આ પત્રના શરૂઆતના અંકથી એને ગ્રાહક તરીકે ગણાશે. જેઓએ લવાજમ રૂા.૧) ભર્યું છે તેઓએ રૂા. દોઢ ભરવાથી આ પત્રની શરૂઆતથી ગ્રાહક તરીકે ગણાશે. આ પત્રિકા હસ્તગત થતાંજ લવાજમ રવાના કરવું. નહીંતર આવતો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે. જો ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તો શ્રી મુ. જૈ. યુ. મં. પત્રીકાના લવાજમનો રૂા. એક તુરત મોકલી આપવો. કારણ કે તેમને અત્યાર સુધીમાં નવ અંકો મલ્યા છે હવે બાર માસના બાર અંકો આપવાના એટલે ત્રણ અંક મોકલવાના બાકી રહે છે તે ત્રણ અંકો પ્રગટ થયેથી મોકલવામાં આવશે. માટે તુરત લવાજમ રવાના કરો.

તંત્રી

લેખકોને સૂચના

આથી દરેક લેખકોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવેપદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવા અંગે જે કાંઈપણ લખાણો સૌમ્ય અને રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા. ક. પ્રશ્નકારો પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પત્રદ્વારાએ લખી મોકલશે તો સમાધાન મેળવી શાસન હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

सिद्धचक्र. (પાક્ષિક)

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થઃ- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું.

પ્રથમ વર્ષ અંક ત્રીજો	મુંબઈ, તા. ૧૩-૧૧-૩૨. કાર્તિક-પૂર્ણિમા.	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

ઉપકારનું ધામ.

વિરાટ જગતની વિકરાળતાને જ વિધ વિધ પ્રકારે વૃદ્ધિગત કરનારી સંસ્થાઓ ચ્હાય તેવી જબરજસ્ત જહેમતો ઉઠાવી આકાશ અને પાતાળને ભલે એક કરતી હોય તો પણ તે આત્માઓને એકાન્તે જડ એવા પૌદ્ગલિક પદાર્થોની સાથે જ જોડનારી હોવાથી મુમુક્ષુ જનો તે વિષયમાં **સ્વાભાવિક અનાદરતા** સેવે એમ આપણે ગતાંકના અગ્રલેખમાં જોઈ ગયા છીએ!!!

હરકોઈ સંસ્થા યા વ્યક્તિ પાસેથી ચેતનના વિકાસની અભિલાષા રાખવી એ આકાશ કુસુમવત્જ છે. જેમ કોઈ જાતિ અંધથી સૂર્યનું સ્વરૂપ કદીએ આલેખી શકાતું નથી તેમ ચેતન એ શું વસ્તુ છે તેને સમજવા માત્રમાં પણ સુસ્ત રહેનારી સંસ્થાઓના સંકજામાં સપડાયેલા આત્માઓનો "હરિણ પાશવત્" કદીએ ઉદ્ધાર થવાનો નથી. પ્રાયઃ આત્માર્થી ભવ્યાત્માઓને આ કારણથી જ તેનાથી વેગળા વસવું પડે છે. જે દિશામાં લુંટાવાનો ભય નિરંતર હોય જ તે પ્રત્યે સંપત્તિમાન કદીએ ગમન કરે જ નહીં; એટલે કે ચેતનનો ગ્રાહક જડતાને જ લાવનાર સંસ્થા કે વ્યક્તિની ગંધથી પણ દૂર જ નાસે !!! **આત્માર્થી ભાગ્યવાનોના આત્મ કલ્યાણને માટે તો-ચેતન ભાવના વિકાસને જ ઈચ્છનારી, પોષનારી અને શુદ્ધ તત્ત્વની શોધમાં સર્વ અર્થોનો પણ હોમ કરનારી શુભ સંસ્થાઓનું જ સંપૂર્ણ નિરીક્ષણપૂર્વકનું સંરક્ષણ એ જ આવશ્યક છે.** આત્માનો વિકાસ કરનારી ઉત્તમ સંસ્થાઓ અનેક રૂપે અત્યારે પણ અસ્તિત્વ ધરાવતી હોવાને લીધે જ આ જગત વિરાટ હોવા છતાં પણ એને કવિવરોનું કેન્દ્રસ્થાન અને આત્મવિલાસીઓના આત્મ વિનોદનું સ્થાન માનીએ તેમાં અતિશયોક્તિ જેવું કશુંએ નથી !!!

આવી શુભ સંસ્થાઓએ તો સર્વજ્ઞ સૃષ્ટિના ખરેખર સંગ્રહસ્થાનો જ છે. તે પણ સ્થાવર અને જંગમ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે. સ્થાવર તે-જૈન તીર્થો, જૈન મંદિર, જૈન ઉપાશ્રય અને ગ્રંથાલયાદિથી માંડીને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપવર્ધક મંડળો, સમાજો કે સંસ્થાઓ, અને જંગમ તે-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ છે.

જેવી ઉત્તમ સંસ્થા તેવા જ તેના સંચાલકો પણ ઉત્તમ જ જોઈએ !!!

જ્યાં જ્યાં અને જે જે આવી સંસ્થાઓ હોય ત્યાં ત્યાં તે દરેક સંસ્થારૂપ સરિતાઓ અમને દિનપ્રતિદિન નવપલ્લવિત જ કરશે !!! ભવિષ્યમાં આ જ સંસ્થાઓ અમારા કંઈ કાલજુના પાપમળોનું અવશ્યમેવ પ્રક્ષાલન કરશે !!! અમારાં વહાલાં સંતાનોને સાચી સેવાભાવાનાના પાઠોનું શિક્ષણ આપી અમારા કુળનો ઉદ્ધાર કરાવશે !!! અરે ! એટલું જ નહીં પણ એ જ પુણ્ય પંડુર સંસ્થારૂપ નિર્મળ સરિતાઓ જગતભરના કલુષિત આત્માઓને પણ પરમ શાન્તિનું ધામ થશે !!! આ અને આવી બીજી પણ એનાથીએ અનેરી આશાઓની મહોલાતોમાં મહાલનારા ભવ્ય આત્માઓને મન તે સંસ્થાઓ ક્રીડાના કેલીવનરૂપ હોઈ તેના "યાવત્ ચંદ્ર દિવા કરો" એ સૂત્રને અનુસરી નિભાવવા અર્થે પોતાના તન, મન અને ધન વિગેરે સર્વ કાંઈ સમર્પણ કરે છે !!! પ્રશ્ન એ છે કે દાતારોના ઉત્તમોત્તમ સદ્ભાવને સફળ બનાવવા તેના સાધ્ય સંરક્ષકોએ કેટલે અંશે કાળજી રાખવી ઘટે ? તેવી ગંભીર જવાબદારીને અદા કરનારા સંચાલકોએ આ સ્થળે પોતાના હૃદયને જરૂર પૂછવું ઘટે છે કે સંસ્થાને માટે સર્વસ્વ અર્પણ કરનાર મહાનુભાવોની શુભભાવનાનું ફક્ત સંરક્ષણ કરવા પૂરતું પણ તારૂં ધ્યેય છે કે નહીં !!!!!!

શુભ સંસ્થા પ્રત્યે તને કેટલે અંશે દરકાર છે ! પ્રત્યુત્તરમાં જો "તે લક્ષ જ ચુકાઈ ગયું છે એમ" ઉંડાણમાંથી ધ્વનિ નીકળતો હોય તો હજુ પણ ચૂક્યા ત્યાંથી ફરીથી ગણવા ઉજમાલ થવું એ અત્યંત શ્રેયસ્કર છે !!! પોતાની ફરજ વિચારી સંસ્થા અને સમાજના હિતની ખાતર ઉપરના વિચારો તાત્કાલિક અમલમાં મૂકવા તે અત્યંત હિતાવહ છે. આ દરેક બાબતો માનવાને હજુએ બહિરાત્મા આનાકાની કરતો હોય તો તેમણે સ્વપરના કલ્યાણની ખાતર એવી શુભ સંસ્થાઓથી તો દૂર જ થવું રહે છે !!! અમો ફરી ફરી કહીશું કે "ચૈતન્યવાન્" એવી પણ દરેક સંસ્થાઓના સાધ્ય સંરક્ષક સંચાલકો જ્યારે ઉપર્યુક્ત શુભ ભાવનાથી સિંચાશે ! એટલે કે સ્વપરના એકાન્તે હિતકાંક્ષી જ બનશે ! ત્યારે તો તે સંસ્થારૂપ નિર્મળ સરિતાઓની છોળો તેમજ તેને નીભાવનારા દાતાઓના શીતળ અંતરનાદો સારાએ જગતને ખૂણે ખૂણે ફેરવી સંસ્થાઓને સંજીવીની બનાવવાની સ્વતઃ પ્રેરણા કરશે' આવે વખતે તેના નિભાવને માટે નહીં જોઈએ ઉપદેશકો !!! નહીં જોઈએ જાહેરખબરો !!! કે નહીં રોકવા પડે ભાડુતી માણસો !!! પણ આ બધુંએ બને ક્યારે? કહેવું જ પડશે કે આત્મા તેની ઉપયોગિતાને સમજી સદ્ગુણ સંપન્ન બને ત્યારે, પછી ભલે તે સંસારી હોય યા સાધુ હોય !!!

આ સ્થાવર અને જંગમ એ બન્ને મિલકતોને અવિચ્છિન્ન રાખવાની સાચી ભાવના જાગી છે ? આ બે સંસ્થાઓ વડે જ મારો તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના આત્માઓનો ઉદ્ધાર થયો, થાય છે ને થવાનો છે એવી જાગૃતિ આવી છે ? દરેક કાળે આત્માના ઉદ્ધારને યોગ્ય તો આ જ સંસ્થાઓ છે એવા કેવળી મહારાજના કથનમાં સાચી શ્રદ્ધા થઈ છે ? ઉત્તમ કુળ, મનુષ્યભવ અને સર્વજ્ઞ ભાષિત ધર્મ એ ભવાન્તરમાં આ આત્માને શોધ્યાં પણ નહીં જડે માટે એમ સમજાયું છે ? જો તેમજ હોય તો સાધ્યની સાચી સિદ્ધિ માટે "કાર્ય સાધયામિ" એ સૂત્રનો રણકાર આત્માના એકેએક પ્રદેશમાં પાઠવી દે!

કુંભકર્ણની ઘનઘોર નિદ્રામાં દિશાને જ ભૂલી ગયેલા એવા ધ્યેય શૂન્ય સત્તાધારીઓ સંસ્થાના સંરક્ષક તો નથી જ પણ નાશ કરનારા છે. વાંચક મહાશય ! પવિત્ર અને નામાંકિત સંસ્થાઓના જો તેવા જ સત્તાધારીઓ છે એવું જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે માલુમ પડે ત્યારે તેની ગમે તેવી કારમી સત્તાને પણ ગમે તે પ્રયાસે ત્વરિત દૂર કરે જ છૂટકો એવો નિશ્ચય કરજે ! સંચાલકોમાં સાધ્યનું બિન્દુએ ન હોય તો તેવા નામધારી શેષજીવીઓથી સમાજને કશોએ લાભ તો નથી પણ એકાન્તે હાનિ જ છે. નામે કરીને ઘણા ભગવાન દીઠા પણ તે ગુણ સિવાય પુજાયા નથી અને પુજાવાના પણ નથી જ !!! આવી સંસ્થાઓ પ્રત્યે પણ દાનેશ્વરીઓની આવી પ્રમાણપુરઃ સરની અનેક દલીલોને તેં સાંભળેલી અથવા તો અનુભવેલી હોય તો તેને માટે ઘટતું કરવા તત્પર થજે ! હજુએ તારું મન પણ તે પ્રત્યે આંખ મીંચામણાં કરવા જ પ્રેરણા કરતું હોય તો માની જ લેજે કે દાતાઓના દિલમાં કારી ઘા કરનારમાંનો તું પણ એક છે. ધર્મીજનોના દિલમાં પણ છુપાયેલી ભયંકરતા તો ભારે મુશ્કેલીઓ ઊભી કરે છે તો સામાન્ય રીતે નીતિમાર્ગનું પણ સફાઈથી ઉલ્લંઘન કરી જનારા સંચાલકોની કરપીણ કુટીલતાઓ સમાજ ઉપર ક્યારે અને કેવો કોપ વરસાવે તે કોણ કહી શકે ! આપણો તો આશય એ છે કે ચેતનના વિકાસનો હરપળે વિકાસ જ ઇચ્છનારા મહાનુભાવોએ જગતને ખૂણે ખૂણે ફરી વળી આવી સંસ્થાઓના સંચાલકોની પ્રથમ પગથીયે શુધ્ધિ કરવાની પરમ આવશ્યકતા છે, જો આટલું પણ લક્ષ આપવાનું બને તો અત્યારની પણ તે દરેકે દરેક સ્થાવર સંસ્થાઓના જ એકેએક રજકણોમાંથી ધર્મ અને ધર્મની જ છોળો ઉછળે અને જંગમ સંસ્થાઓના સંચાલકોના એક એક પ્રદેશમાંથી એવું તો ઓજસ પ્રગટે કે જે શ્રી વીર અને શ્રી ગૌત્તમવત્ જગતભરને મહાન ઉપકારનું ધામ નીવડે !!! સુજ્ઞેષુ કિં બહુના.

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

સિદ્ધ

સિદ્ધ અને નિગોદના સ્થાનો !!! આગમ કાયદો એ પ્રજાકીય અવાજ !!!

સંસાર શબ્દનો વાસ્તવિક અર્થ !!! આત્માગમ, અનંતાગમ અને પરંપરાગમ !!!

पनरसभेयपसिध्धे सिद्धे धणकम्म बंधणविमुक्के ।
सिद्धाणंतचउक्के झायह तम्मयमणा सय यं ॥

ભટકતા અને સ્થિર થયેલા !!! .

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખર સૂરીશ્વરજી મહારાજાએ ભવ્યજીવોના ઉપકાર માટે શ્રી શ્રીપાળ ચરિત્રમાં શ્રીપાળ નરેશની આરાધનાનું પરમસાધન જે નવપદજી તેનું નિરૂપણ કરતાં તે નવપદોમાં અરિહંત ભગવાનને પ્રથમ કેમ કહ્યા તે સંબંધમાં આપણે વિસ્તારપૂર્વક વિચારી ગયા !!!

આપણે ગઈ કાલે જ સમજી ગયા કે તે અરિહંતો પરમ ઉપકારી કેમ કહેવાય ! વળી, અરિહંત ભગવાનનો ઉપદેશ આપણે શા માટે સાંભળીએ છીએ ? ફક્ત એક જ કારણથી ! હીરાની પહેલ પાડનારની કિંમત કંઈ પણ હોય, મોતીને શોધનારની કિંમત કંઈપણ હોય, તેમજ સોનાને સાફ કરનારની કિંમત કંઈપણ હોય તો તે સઘળું એ હીરા, મોતી, અને સોનાની કિંમત ઉપર જ. જો મોતી વિગેરેની કંઈ કિંમત જ ન હોય તો પછી તેમના શોધનાર વગેરેનો કોઈભાવ પણ પૂછતા જ નથી !!!

ફટકીયા મોતી સુધારનારને જીવનના દાણા સુધારનારના જેવી કિંમત આપો છો ખરા ? આપણે એ જ કહેવા માગીએ છીએ કે જો શોધખોળ અને ઘાટ પૂરતી જ કિંમત અપાતી હોય તો પછી તે ત્રણે વસ્તુના શોધનારની કિંમતમાં કંઈ તફાવત રાખવાની જરૂર જ નથી. પરંતુ તેમ નથી બનતું ! કિંમત તો તે હીરા, મોતી અને સોનાની ઉત્તમતાને જ અવલંબે છે. તેવી જ રીતે શ્રીમદ્ અરિહંત ભગવાન એ હીરાને પહેલ પાડનાર, મોતીને સુધારનાર અને સોનાનો સુંદર ઘાટ ઘડનાર (સુધારનાર) છે. સાફ કરનારની માફક તેઓ આત્માને સિદ્ધત્વ પર્યાયમાં લઈ જનાર, ક્ષયોપશમભાવને સુધારનાર અને કર્મ જેવી મલિન વસ્તુને દૂર કરનાર એક્કા છે. જો આત્માની કિંમત કંઈપણ થઈ હોય તો તે ઉપરથી અરિહંતની કિંમત છે.

શંકાઃ- જીનેશ્વર મહારાજને હીરાને પહેલ પાડનાર, મોતીને સાફ કરનાર અને સોનાને ગાળીને સાફ કરનારની માફક ગણવામાં આવે તો પછી હીરા, મોતી અને સોના રૂપે તો અન્ય જ રહ્યા; છતાં અરિહંતપદ પહેલા કેમ લેવામાં આવ્યું ?

સમાધાનઃ- હીરા, મોતી, અને સોનું અન્ય જ છે એ વાત તો ખરી પરંતુ ખાણમાં રહેલા હીરાને, માટીમાં રહેલ સોનાને, અને સાગરમાં રહેલા મોતીને બહાર લાવનાર કોણ ?

હીરાના પહેલ પાડનારના અભાવે તેની કિંમત જ ન થાય તે તો જાણો છો ને !!! તેવા સંયોગોમાં તેને બહાર કાઢવા પણ કોણ તૈયાર હોય ? બીજી વાત એ છે કે મોતી, હીરા, સોનું વિગેરેનો ઉપયોગ આવશ્યક છે એમ સમજી તેને બહાર કાઢવાની સાથે તેની કિંમત આંકવા પણ કોણ તૈયાર હતું ? તેવી જ રીતે અહિંયાં સમજો કે આત્મામાં પ્રથમથી જ અનંત જ્ઞાન, અનંત દર્શનાદિ ને વીતરાગતાનો સ્વભાવ તો છે; અને તે અનંત વીર્ય સુખ સ્વભાવ આત્માનો છે યથાર્થ સ્વરૂપે જણાવી પ્રગટ કરાવનાર અરિહંત જેવી કોઈ વ્યક્તિ જ ન હોય તો દરેક આત્માઓ સંસાર સમુદ્રમાં નિરાલંબે ગોથાં ખાધા જ કરે કે બીજું કાંઈ ? સાગરના કિનારે પણ છીપમાં પડેલાં મોતીની કિંમત ઝવેરીના અભાવે કોણ કરી શકે ? વળી, પોતે મોતીનો ગ્રાહક હોય છતાં પણ પરીક્ષાના અભાવે તે જેમ ખાલી હાથે કિનારા ઉપર ભટકતો જ રહે છે તેમજ આ આત્મા પણ ભલેને તે જ ભવમાં મોક્ષ જનાર હોય, અગર તો કેવળ ને ક્ષાયિક સમકિત પામનાર હોય; પરંતુ "ભાગ્યવાનો" અરિહંત ભગવાન રૂપ ઝવેરીના સંસર્ગ એ ઉપદેશાદિ વિના ભવારણ્યમાં ભટકતો જ રહે છે. જીવો એ શુદ્ધ આલંબનરૂપ નાવના અભાવે સંસાર સમુદ્રમાં ભ્રમણ કર્યા જ કરે છે. આથી એ સ્પષ્ટ થયું કે અરિહંત ભગવાન એ શિક્ષાદાતા હોઈ શુદ્ધ આલંબનરૂપ શિક્ષણની આવશ્યકતા પૂરી પાડનારા હોવાથી જ પ્રથમ પદે છે, જો આપણને હીરા, મોતી વિગેરેનું શિક્ષણ મળ્યું હોય તો ચાહે ત્યાંથી પણ તેની શોધ કરી લાવવાનું મન થાય જ ! !'

આ ઉપરથી પાઠ એ લેવાનો કે આ જ સંસારમાંથી જેમ હીરા વિગેરે ઉચ્ચ પદાર્થોની ઉત્પત્તિ થાય છે તેવી જ રીતે દુર્લભ એવા મનુષ્ય દેહમાંથી ઉત્તમ હીરા સમાન અરિહંત ભગવાન જેવી ઉચ્ચ વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે.

સોનાની ખાણમાં માટી રહેલી છે, દરિયામાં કચરો રહેલ છે, અને હીરાની ખાણમાં પથ્થરો રહેલા છે. તે માટી, કચરો, અને પથ્થર પોતાની અંદર રહેલા સુવર્ણ, મોતી અને હીરાના યોગે એમજ સમજી જાય કે અમારી જ કિંમત અંકાઈ છે, તો તે ખરેખર ભૂલ છે !!!

કારણ કે હીરાની સાથે આવેલા પથ્થરોનો તો કારખાના બહાર ઢગ જ ગોઠવાવાનો ! તેમજ મોતી બહાર નીકળાય પછી છીપોને પણ ફેંકી દેવાની ! અરે જે વખત શુક્તિકામાંથી મોતી બહાર આવ્યું અને ખાણમાંથી નીકળેલ હીરા એ સુવર્ણને પણ પથ્થર અને માટીથી વેગળા કર્યા પછી તો તે મોતીની છીપો, હીરાની સાથે લાગેલા પથ્થરો અને સુવર્ણ સાથે મળી આવેલી માટીને તો બહાર ફેંકી દેવાનું ઊલટું મજુરી ખર્ચ લાગે છે. ભવ્ય જીવોની અપેક્ષાએ જ સંસાર તે જન્માદિનું સ્થાન હોવાથી કચરામય, પથ્થરમય, માટીમય છતાં તેને કીંમતી ગણી લેવો પડ્યો ત્યાં પણ તેની કિંમત કોના ઉપર ?

વસ્તુઓ ઉપર જ કે બીજા કશા ઉપર ! ! ? બાકી સંસારની કિંમત કઈ ? કેટલાક ન સમજે વ્યાકરણને ન સમજે અર્થને, અને બોલવા તૈયાર થાય છે કે સમ્યગ્સાર, એટલે સંસાર કહેવાય છે તો તે કેમ ? આપણે એને એ કહીશું કે તો પછી શું સમ્યગ્દર્શન બોલનારા મૂર્ખ સમજવા ? કારણ કે સમ્થી સમ્યગ્- અર્થ આવતો હતો તો પછી જ્ઞાન, દર્શન, અને ચારિત્રમાં સમ્યગ્નો સબંધ છે. તે

શા માટે ? વસ્તુ એ છે કે સંસાર શબ્દમાં ઉપસર્ગ હોવાથી તેને સાર શબ્દની સાથે ન જોડતાં પ્રથમ સૃ ધાતુની સાથે જ જોડવો સમ્ અત્યંત સૃ-(સમ્) સરકવું, ખસવું, જવું, સરકવાનું, ભટકવાનું, ફરવાનું, જેની અંદર અનાદિ કાળથી રહેલું છે તેનું નામ તે "સંસાર." સંસારના શબ્દાર્થની અપેક્ષાએ જીવોનો મુખ્ય ભેદ જણાવવો જરૂરી છે; અને તે જીવો બે પ્રકારે છે. ભટકતા અને સ્થિર થયેલા તેની પણ અમુક સ્થાનોમાં ભટકતી જાતો છે ! તેથી તે પણ જાણવું આવશ્યક છે.

जीवा मुत्ता संसारिणो य, तस थावरो "य संसारिणो मुक्ताश्च"

એક તો અનેક જાતિમાં ભટકવાવાળા, અને બીજા સ્થિર રહેવાવાળા એટલે કે જેઓને અનંત જ્ઞાન, દર્શન વિગેરે પ્રગટ થયાં છે તેવા મહાપુરૂષો ભટકતી જાતોને સુધરેલી બનાવે છે. એ અરિહંત ભગવાન બીજાને સુધારનાર હોવાથી તેની ઉપર જ બીજાની કિંમતનો આધાર છે.

અમે તો ઈચ્છીએ છીએ તેમ કહીએ છીએ. કે તમે પણ તેવું અવિચળ સ્થાન પ્રાપ્ત કરો કે તમોને ભટકતી જાત કહેવી ન પડે,

"ભટકતી જાત" એકાદ માસ અહીં અને છ માસ બીજે, એમ વારંવાર ઉચાળા જ ભરે !!!

કોઈ કહેશે કે અમે તો ઉચાળા ભર્યા જ નથી અને અમરપટ્ટો લઈ આવ્યા છીએ ? પણ જો તેમજ હોય તો પછી તમોને ભટકતી જાતમાંથી બહાર જ ગણીએ; પણ તેમ તો નથી જ' તો પછી યેનકેન પ્રકારે તમને ભટકવાની છુટ અને અમને તમારી જાતને તત્સ્વરૂપે વર્ણવવાની અને કહેવાની પણ છુટ નહીં કેમ ? કેટલીએ ભટકતી પણ જાતો "પાંચ, પચીશ, સો, બસો, લાખો અથવા કોટી ગમે વર્ષોએ પણ સુધરીને ક્યારની સ્થિર થઈ," કંઈક જાતો સ્થિર થવા માટે અત્યારે પણ એ તારકદેવના વિધ વિધ સ્થિરીકરણોને ઉત્તમ પ્રકારે સેવી રહેલી તમારા સામે મોજુદ છે. છતાં અનાદિકાળથી ભટકતી એવી તમારી જાતને સ્થિર કરવાનું તમોને મન સરખુંએ થતું નથી ? પૂર્વે જ્યારે લુંટફાટનો જમાનો ચાલતો હતો ત્યારે લોકોમાં એ સ્થિતિ હતી કે "ટોપલઘર" એટલે કે જ્યારે શહેરમાં ધાડ પડે ત્યારે પોતાની વસ્તુ ટોપલામાં નાખી પર્વતોની મહાન કન્દરામાં જઈ ભરાતા; બલકે "ઘરવખરી" એક ટોપલા પ્રમાણમાં જ રહેતી હતી, એટલે ધાસ્તીનો વખત આવે કે તુરત જ પલાયન; પરંતુ તમારે અહીં ટોપલે પણ ઘર છે ખરું ?

સમજો કે તેઓ તો ઘણે ભાગે માલ લઈને નીકળ્યાં; છેવટે ફક્ત કપડાભર પણ નીકળી ગયા પણ અહીં તો કપડાભરે નીકળવાનું નથી. વળી તેવી હાલતમાં નીકળ્યા પછી પણ અન્ય સ્થળે ઉત્પન્ન થવાની શક્તિ સાથે લઈને નીકળેલા હોવાથી ધારો કે જીવરૂપી માલ સાથે નીકળ્યા !!! તો એ તમારું તો તેમાં પણ ઠેકાણું નથી ભટકતી જાતમાં તમારે શું બાકી રહ્યું ?

ભવિતવ્યતાના ભરોસે ભૂલનારા !!!

"જેમકે લુહારીયાની ભટકતી જાત" તે લોકો એક ગામથી બીજે ગામ તંબુ અને ડેરા ઉપાડતા ફરે, અને ગામોગામ કડછી તાવેતા વિગેરે બનાવી બનાવીને મહા મુશીબતે આજીવિકા ચલાવે

છે તો પણ તેમાં તેને કંટાળો આવતો નથી; તેમ આપણે પણ તે જ હાલતમાં છીએ. રેંટના ચક્રની માફક ભરાઈએ છીએ અને ખાલી થઈએ છીએ છતાં પણ કંટાળો આવતો નથી. આ ભટકતી જાતને સુધરવાનું દિલ થાય ક્યારે ? આત્મામાં જ પોતાની જાતને સુધારવાની લાયકાત છે, ભવિતવ્યતા છે, એ ચોક્કસ! પણ તે ક્યારે ? આપણે તો એમજ માની બેઠા છીએ કે ભાવિના લેખ અને ભવિતવ્યતા વિગેરે જ્યારે ખુલશે ત્યારે સહેજે સુધારો થશે એટલે કે જ્યાં સુધી ભવિતવ્યતા છે ત્યાં સુધી સંસાર ચક્રમાં રખડવાના જ છીએ તેથી રખડશું અને જ્યારે ભવિતવ્યતા હશે ત્યારે મોક્ષનું પ્રયાણ સહેજે શરૂ થશે !

ખરેખર ભટકતી જાતમાં ભુલા પડવું એ સહેજ હોવાથી એવા વિચારો બંધાઈ જાય એમાં કંઈ નવાઈ જેવું નથી. ભવિતવ્યતાની પછી કર્મક્ષય કરવા એ સહેજ છે પણ ઉદ્યમ ર્ક્યા વગર કોઈ પણ આત્મા મોક્ષે ગયો છે ખરો ? બીજું એ પણ માનતા હો કે મારે કર્મ ભોગવવા બાકી જ છે એની ખાત્રી શું ? તેવાઓએ સમજવું કે જેના કર્મક્ષય થઈ ગયા તે કેવળ જ્ઞાન પામ્યા વગર સંસારમાં કદીએ રખડ્યા છે ખરા !!!

આ બધી વસ્તુઓને "માત્ર ભવિતવ્યતાને માનનારા" ભવિતવ્યતા સાથે સરખાવો !!! વળી, કોઈને ક્ષપક શ્રેણી સિવાય કેવળ જ્ઞાનની પ્રાપ્તિ સાંભળી છે ? જો તેમ નથી જ તો સમજો કે કર્મક્ષય કરવા એ ઉદ્યમનું કામ હોવાથી ભવિતવ્યતાને પકડી બેસી રહેવાય જ નહીં. કર્મનો ક્ષય થયો એટલે ભવિતવ્યતાને મોક્ષ તો જરૂર આપવો જ પડે એટલે કે ક્ષપક શ્રેણીની સીડી આદરી હોય તો જરૂર કેવળ મળે જ !!! કારણ કે "ભવિતવ્યતા" તો ઉદ્યમની એક ગુલામડી બલ્કે ચાકરડી જ છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે ભવિતવ્યતા ઉદ્યમની ગુલામડી જ માનો તો ઉદ્યમ દ્વારા ભલે ક્ષપક શ્રેણી શરૂ થઈ પણ ભવિતવ્યતા કેવળ થવા ન દે તો શું થાય ? ત્યારે હવે એ તો કહો કે કર્મ ક્ષયનો ઉદ્યમ ર્ક્યો. તેથી આત્મા ક્ષપક શ્રેણી પર્યંત તો પહોંચ્યો ! જો એમ જ છે તો તેવી જ રીતે ઉદ્યમ જારી રાખવાથી ભવિતવ્યતાને મોક્ષ પણ જરૂર આપવો જ પડે એ તો સ્વતઃ સિદ્ધ થયું !!!

"ઘાતી કર્મનો ક્ષય થયો એટલે કેવળ જ્ઞાન મળવું જ જોઈએ" પૂર્વધર મહારાજે રચેલા પંચસૂત્રની ભગવાન હરીભદ્ર સૂરિ દ્વારા રચાયેલ ટીકામાં ભવિતવ્યતા માટે ખાસ જણાવ્યું છે કે જો "ભવ્યપણું પકવવું હોય તો ઉપાયોથી જ પરિપકવ કરો."

ભવ સ્થિતિના નામે ભૂલા પડેલા મહાનુભાવોએ ધ્યાન રાખવું કે કોઈની પણ ભવ સ્થિતિનો પરિપક્વ એમને એમ (Direct) થયો જ નથી. એનો ઉદ્યમ તો જાતે જ કરવો પડશે ! પૂર્વધર મહારાજા જણાવે છે કે-

चउशरणगमणंदुक्कडगरिहासुक्कडाणुमोयणा

તેઓ શ્રીમાન્ ફરમાવે છે કે તમારે તમારી ભવસ્થિતિ, ભવ્યત્વપણું, અને ભવિતવ્યતાની પરિપકવતા કરવી જ હોય તો આ ત્રણ વસ્તુને ધ્યાનમાં રાખો ! તમારા ભવ્યપણાને પરિપક્વ કરી ભવ સ્થિતિ પરિપક્વ કરવી જ હોય અને તમારી ભવિતવ્યતા સુધારવી જ હોય તો આ વસ્તુ ત્રયનું જરૂર સેવન કરો. !!!

જો તમે તેમાં ફતેહ મેળવી તો ભવિતવ્યતાની તાકાત નથી કે "સમ્યક્ત્વ પામ્યા પછી અર્ધ પુદ્ગલ પરાવર્તથી વધારે વખત સંસારમાં ભ્રમણ કરાવે ! !

તેમજ વળી ભાવ ચારિત્ર અંગિકાર કરવામાં આવે તો આઠ ભવથી વધારે ટાઈમ ભ્રમણ કરાવવાની ભવિતવ્યતાના પૂર્વજોમાં પણ તાકાત નથી ! કારણ એ જ કે ભવિતવ્યતા અને ભવિષ્ય વિગેરે ઉદ્યમાધીન જ છે !!!

શંકા-જો એમ જ છે તો પછી શાસ્ત્રકારોએ ભવિતવ્યતા શા માટે વર્ણવી ? બલ્કે તે જો ઉદ્યમની ગુલામડી જ હોય તો તેની શી આવશ્યકતા હતી ?

સમાધાનઃ- ઉદ્યમના આકસ્મિક પલટા વખતે ભવિતવ્યતાને પણ સ્થાન છે.

પાર્શ્વનાથજીને ઉપસર્ગ કરવા કોણ ગયું ? અને ઉપસર્ગ ર્ક્યો છતાં ઉપસર્ગ કરનારને પણ અંતમાં અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ તેને ભવિતવ્યતા નહીં ગણો તો બીજું શું કહેશો ? કમઠને તે પાર્શ્વનાથજીની સમતા દેખીને આકસ્મિક પલટો થયો ! આપણને તો કોઈ કંઈ પણ કહેતો લાલપીળા થતાં સમય ન લાગે ! તો પછી આ કઈ પ્રકારની સમતા ? પ્રભુને નાક સુધી પાણી આવે છે; જીન્દગીનો અંત સમય લાવનાર ઉપદ્રવ છતાં કોણ વરસાદ વરસાવે છે, ! કોણ આ પ્રકારે કષ્ટ કરે છે. ! એ પ્રકારનો વિચાર સરખોએ નથી તે ક્યા પ્રકારની સમતા ? બાળકો "કરે છે લીટો ને બોલે છે એકડે એક," તેમ વચન અને વર્તન હજુ જુદાંજ છે ! કોઈપણ ભવે આ વર્તનમાં અને આ સ્થિતિમાં આપણે નથી ! તેથીજ ભટકીયે છીએ. તમે થોડી એક જૂઠી પણ કલ્પનામાં તો પ્રવેશ કરો ! એક સ્થળે બેસી વિચાર કરો અને સમજો કે હું કાઉસ્સગ્ગ અવસ્થામાં છું, વીજળી થાય છે, તેમાં મેઘના ગડગડાટનો અવાજ સંભળાય છે, વરસાદ વરસવા માંડ્યો છે, પાણી કેડ, છાતી, સુધી પહોંચી ગયું અને છેવટ સમજો કે ગળા સુધી પણ પહોંચી ગયું છે; આવા પ્રકારની મનની કલ્પના કરી જુઓ અને જુઓ કે સમતામાં કેટલું રહેવાય છે.

સ્વપ્નમાં દીઠેલો સર્પ પણ ભયંકર ગભરાટપૂર્વક જેમ જગાડે છે તેમ તે વખતે જુઠી જ કલ્પનામાં કાળજું ખસી જાય ! આ સઘળી કાલ્પનિક બીના આપણને ગંભીર ઉકળાટ ઉત્પન્ન કરાવે તો જ્યાં આવાજ પ્રકારની સાક્ષાત્ બીના બની અને તે પ્રભુએ જાતે અનુભવી હશે ત્યાં શું થયું હશે ? એક ફટાકડાના અવાજ અને રમતની પીચકારીના છાંટણાં આગળ જ્યાં ઊભા રહેવાની હિમ્મત નથી ત્યાં આગળ કમઠે વરસાદ વરસાવ્યો અને નાસિકા સુધી પાણી પહોંચે તેવે વખતે શું થાય ? તે સમયે પાર્શ્વનાથ શા માટે દૃઢ રહ્યા હશે ? શું તેઓ કમઠને પહોંચવા અસમર્થ હતા? કહો કે તે તારકને આત્મ સાધના સિવાય બીજું ધ્યેય જ નહોતું ! ખરેખર ! તે જ લોકાતીત કે પોતાને પ્રાણાંત કષ્ટમાં મૂકનારની ઉપર પણ કરૂણા લાવી તેને તાર્યો !!!

એકાન્તે આત્મધ્યાનમય ભગવાનની લોકાતીત સ્થિતિ દેખી અંતે કમઠનો વિચાર પલટાયો કે ! ખરેખર હું જ દુષ્ટ અને ભયંકર ઉપદ્રવ કરનારો પાપી તે પણ હુંજ તથા કલ્યાણનું નિકંદન કરનારો પણ હુંજ ! હવે મારું શું થશે ! આવા પ્રકારનો ખ્યાલ ઉત્પન્ન થતાંની સાથે જ શુ થયું ? દુનિયામાં કલ્યાણકારક ચીજ, તે દીક્ષા જ. કલ્યાણ અને મોક્ષનો માર્ગ બતાવનાર વસ્તુ કોઈપણ હોય તો તે

જગતમાં ફક્ત પ્રભુએ આદરેલ એક "દીક્ષા જ છે" અને તે અંગિકાર કર્યા સિવાય આત્માને મોક્ષ પ્રાપ્ત થનાર જ નથી એમ ભાન થયું ! એવા પ્રકારનું મનન કરતાં અને શુદ્ધ ભાવે કરેલ દુષ્કૃત્યોનો શોચ કરતાં તેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું !!! અહો ધન્ય ! તુરત જ તેણે પ્રભુને ખમાવ્યા, ભગવાનની શાંતિ અને તેઓશ્રીની અવસ્થાની ઉત્તમતાનું સ્મરણ કરતાં તો દેવલોક જેવી ઉચ્ચ ગતિને પોતાની છે છતાં તે પામેલો અવસ્થાને તુચ્છ ગણી શરણગમન, દુષ્કૃતનિંદા અને સુકૃતના અનુમોદનથી મોક્ષનું બીજ વાવી ગયો ! કહો, ? કર્મઠનો ઉદ્યમ કઈ દિશા તરફનો હતો ? તેને પોતાના પણ કલ્યાણનો સ્વપ્ને એ ખ્યાલ હતો કે ? છતાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયું તે જ ભવિતવ્યતા !!! જુઓ કે અહીંયાં પણ ભવિતવ્યતાએ લાવીને તેને સંયમ હાથમાં આપ્યું નથી પણ કમઠની બુદ્ધિએ જ પલટો ખાધો છે વિચાર શ્રેણી સુધરી અને તે સુધરેલા વિચારોની શ્રેણી દ્વારા જ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે. માટે ભવિતવ્યતા તો તેટલા જ પૂરતી મનાય કે નહીં ધારેલું કાર્ય અચાનક થયું. ! કારણ કે દરેક કાર્ય તો શુભાશુભ ધ્યાનના યોગે જ થાય છે.

હજુપણ કહીએ છીએ કે ભવિતવ્યતાના ભરોસે ભુલનારા ખૂબખૂબ વિચારજો, સોચજો, અને ધ્યાન રાખજો કે ભયંકર ઉપદ્રવ કરનાર તે કમઠયોગી ભવિતવ્યતાના ભરોસે રહેવા માત્રથી સમકિત પ્રાપ્ત કરતે ખરા કે?

શંકાઃ- આત્માને સદ્ધવસ્તુઓની ઓળખ થાય ક્યારે ?

દેવગુરુની આરાધનાથી ! વિચારની સુંદરતા પ્રાપ્ત થાય; અને રત્નત્રયીની આરાધનાદ્વારા જે સુંદર વિચારની શ્રેણી અણધાર્યા સંયોગોથી મળે તે ભવિતવ્યતા.

પ્રશ્નઃ- ઉદ્યમ વગર ભવિતવ્યતા શું ફળ મેળવી આપે ? સંસાર વધારે ! જેમને ભવિતવ્યતાના યોગે જ ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરી કેવળ જ્ઞાન મેળવી મોક્ષે જવાનું મન થયું છે તે તો કદાગ્રહ જ કરે છે. તીર્થંકર કથિત માર્ગ ગ્રહણ કર્યા સિવાય તેની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે !

હીરો ભલે ચોખ્ખો પણ થવાનો હોય, સોનાના આભુષણોમાં ગોઠવવાનો પણ ભલે હોય છતાં પણ તે હીરો હીરારૂપે પહેલવાળો ક્યારે થાય ? જ્યારે તે ઝવેરીના હાથમાં જાય ત્યારે !!!

તેવી જ રીતે આ જગતને વિષે આત્માના પણ પહેલ પાડનાર અરિહંત સિવાય બીજો કોઈ કારીગર જ નથી.

વાચ્ય વાચકની ઘટના

વચનની કિંમત વક્તાની કિંમત ઉપર જ આધાર રાખે છે સિદ્ધ મહારાજને આપણે જાણીએ છીએ તે એક અરિહંતના વચનની કિંમત છે ! કારણ કે સિદ્ધ ભગવાનને તો આપણે જોયા પણ નથી અને બીજા પાસે સાંભળ્યા પણ નથી પરંતુ તેને અરિહંત ભગવાનની અમૃતમય વાણીના આધારે જ પિછાણ્યા છે અને તેથી જ માનીએ છીએ.

શંકાઃ- પ્રથમ વક્તા કે વચન ? - સમાધાન - પ્રથમ તો વક્તા જ પછી વચન તેવી જ રીતે સિદ્ધ ભગવાન એ અરિહંત ભગવાને નિરૂપણ કરેલો પદાર્થ છે. જેમ વક્તા પહેલો હોય; અને વાક્યની સમજ પછી હોય ! એ હિસાબે પણ તીર્થંકરનું પદ તો પહેલું જ મૂકવું પડે. "સિદ્ધ" એ અરિહંતના વચનનું જ વાક્ય છે.

જો તેમજ છે તો આચાર્ય, ઉપાધ્યાયાદિ પણ વક્તા જ છે અને તેની દૃષ્ટિએ અરિહંત, સિદ્ધ તો વાચ્ય જ છે; તો આચાર્યાદિકને પ્રથમ લેવા જોઈએ ? કારણ કે અરિહંતની ઓળખાણ પણ આચાર્યાદિ દ્વારા જ થાય છે.

સમાધાનઃ- પ્રશ્ન ઠીક છે. પણ ત્યાં એ સમજવાનું છે કે તેઓ પોતાનું કાંઈ કહેતા નહીં હોવાથી અને અરિહંતનું કહેલું જ કહી શકનાર હોવાથી સ્વતંત્ર કહેનારા તો અરિહંત જ છે અને તેથી તે જ પ્રથમ પૂજનીય છે. એને માટે આપણે આગમની પણ ઓળખાણ મેળવવાની પ્રથમ જરૂર છે.

આગમની ઓળખાણ.

૧ જે જ્ઞાનની પોતે શરૂઆત કરે તે આત્માગમ.

૨ શરૂઆત કરનારની પાસેથી અન્ય મેળવે તે અનંતરાગમ.

૩ શરૂઆત કરનાર અને તેની પાસેથી મેળવનાર સિવાયના સર્વને જે જ્ઞાન, સમજણ મળે તે પરંપરાગમ.

ગુર્વાદિકની પાટના અનુક્રમે આવેલ શ્રુત તે પરંપરાગમ.

વ્યાખ્યા નહીં સમજનારા કેટલાક અજ્ઞાન જીવો સામાન્ય પરંપરાને "પરંપરારૂપી આગમ," આવો કેવળ, અણઘટતો છતાં પણ કદાગ્રહીપણે અર્થ કરવા માગે છે અને તેથી પોતાની ગુરુ પરંપરાએ આવેલ "અશાસ્ત્રીય જ નહીં પણ શાસ્ત્રથીએ વિરુદ્ધ પરંપરાગમતા ઘુસાડવા માગે છે. આ વાતને વિદ્વાનો તો મંજુર કરતા જ નથી ગુરુ આદિકની પાટના અનુક્રમે આવેલો આગમ તે જ પરંપરાગમ દૃષ્ટાંત તરીકે આચારાંગ ! સૂત્ર લઈએ. તેને અરિહંતે અર્થથી બનાવ્યું તેથી આત્માગમ, તે અર્થરૂપ આગમને ગણધરોએ શ્રી જિનેશ્વર પાસે ગ્રહણ કર્યો માટે તે અનન્તરાગમ. અને તે ગણધરોની પછી ગ્રહણ કરનાર શ્રી જંબૂસ્વામી વગેરે પરંપરાગમ. તેવી જ રીતે સૂત્રોની રચના ગણધરોએ કરી માટે તેઓને તે આગમ આત્માગમ. તેમની પાસે સાંભળનાર શ્રી જંબૂસ્વામિને તે સૂત્રો અનન્તરાગમ અને તે જંબૂસ્વામી પાસે માગનાર શ્રી પ્રભવસ્વામી વગેરેને સૂત્રો પરંપરાગમ કહેવાય. જેમકે મહાવીર સ્વામીથી સીધું સુધર્મા સ્વામીએ મેળવ્યું; તેમની દ્વારા જંબુ સ્વામીએ મેળવ્યું તેથી પરંપરાએ આવેલું શાસ્ત્રીય જ્ઞાન તેજ પરંપરાગમ.

બીજું ગણધરોએ પણ સૂત્ર રચ્યા તેથી તે ગણધરો પણ તે સૂત્રનો આત્માગમ. જંબુસ્વામીને અંનતરાગમ, પ્રભવ સ્વામીને એ પરંપરાગમ. હવે સમજ્યા હશો કે પરંપરાગમ જ્ઞાન કોને કહેવાય ? અહિં પણ એક બાબત વિચારણીય છે ! આજ પર્યંતના વર્તમાન આચાર્યો, ઉપાધ્યાયો કે સાધુઓને ક્યો આગમ કહેવાના ?

પ્રભવસ્વામીથી અત્યાર સુધીના એ દરેકને પરંપરાગમવાળા જ કહેવા પડશે. (સભાજનો) બરાબર છે!

અને જો તેમજ છે તો પછી અરિહંત અને સિદ્ધ કરતાં એ આચાર્યાદિક તો વધારે ઉપકારિ જ થયા પણ ના તેમ નથી જ ! કારણ કે મુખ્ય વક્તા કોણ ? - આત્માગમવાળા ! એટલે કે અરિહંત અને વિશેષમાં માનીએ તો ગણધર મહારાજા; બાકીના મુખ્ય વક્તા છે જ નહીં તેમ કદીએ પણ હોઈ શકેજ નહીં.

દૃષ્ટાંત તરીકે એમ જ લ્યો કે અત્યારે કોઈપણ આચાર્યાદિક મનફાવતી રીતે ચાહે તેમ કહી દે તે મુજબ અનુસરવા તમો કબુલ છો ? સભામાંથી. ના !, જી અહિં કોઈ તમને એમ કહે કે એમની પ્રમાણિકતા છતાં તમો ક્યા શાસ્ત્રના આધારે એને માનતા નથી ? તો તેને શું કહો છો ?

એ વચનો સૂત્ર વિરુદ્ધ છે ! બલ્કે વાત એ છે કે સૂત્રની પ્રમાણિકતાને એમનું વચન બાધક છે. ત્યારે હવે કહો કે જીનેશ્વર ભગવાનના વચનના આધારે જ તેમનું વચન પ્રમાણ ગણાતું હતું ! બાકી તેની કાંઈ મહત્તા હતી જ નહીં. હા, એટલું ખરું કે પ્રમાણ ગણનારને આગમોથી ન્યૂનાધિક ગણીએ તે બને જ નહીં. **Impossible.**

વળી, એક શંકા થાય છે કે તીર્થંકર ભગવાન જે પ્રકાશે તે પણ સ્વતંત્રપણે જ પ્રકાશે છે? હા તે ખરું પણ તેમાં પૂછવાની કોઈને તાકાત નથી કે ક્યા શાસ્ત્રના આધારે તે બોલે છે !!! કારણ ખુલ્લું જ છે કે સ્વયંસર્વજ્ઞ જ છે.

સાધુ, ઉપાધ્યાય, અને આચાર્યો તો કેવળીભાષિત શાસ્ત્રના આધારે જ કહી શકે છે. શાસ્ત્ર પણ તીર્થંકર ભગવાનના વચનને આધારે જ બંધાયેલું હોય છે. આ ઉપરથી પોતાની અધિકતા દાખવવા માટે જેઓ વ્યર્થ આડંબર કરતા હોય તેઓ પ્રત્યક્ષ છતાં પણ પરોક્ષ એવા જિનવર સમાન છે જ નહીં! તે ઉપકાર તો ફક્ત તીર્થંકરોનો જ છે કે જેમની વાણી દ્વારા આખુંએ વિશ્વ સદ્‌બોધ જ પામે છે.

"ગુરુ કરતાં દેવ કોઈ પ્રકારે અધિક રહેવા જોઈએ" આવા પ્રકારની ભુલભુલામણીમાં પડેલા મહાનુભાવોએ સમજવું જોઈએ કે તમે કોનાથી સદ્‌ગુરુપણાને પણ ઓળખો છો ? આ જગ્યાએ ઘણાખરા એમ માની લે છે કે ભક્તો દ્વારા સન્માનિત અને પૂજીત બનીએ છીએ તેથી !!! આવા આત્માઓ સ્વપર ને ભયંકર શ્રાપ સમાન હોવાથી તેને જૈન શાસનમાં તો સ્થાન જ નથી ! જૈન શાસન એ તો ફક્ત જીનેશ્વરના વચનાનુસાર વર્તવાવાળાને જ સ્થાનરૂપ છે.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે તીર્થંકરોના વચન પર જ બંધાયેલા છે. વચનની પ્રામાણિકતા તો જીનેશ્વર ઉપર જ અવલંબે છે.

આચાર્યાદિક જે છે તે અરિહંત, સિદ્ધ, વિગેરેનો સરળ માર્ગ દર્શાવનારા ખરા, લોકોને ભક્તિભાવમાં પ્રેરનારા ખરા; પણ તે તેમનાથી તો અધિક થવાના નથી જ.

ચોક્સીને ત્યાંથી રૂપિયો લાવવાનો ખરો પણ બાદશાહના સિક્કાવાળો હોય તો જ ! જેથી બાદશાહ કરતાં ચોક્સી કદીએ વધતો નથી એ સ્પષ્ટ છે !!!

શંકા-અરિહંતને માનવા શા માટે ?

સમાધાન-આપણને-એટલે કે ચોરાશીમાં ચક્કર ખાનારા જીવોને સુધારે છે તે માટે ! પોતાને તેણે સુધાર્યો છે તે લક્ષમાં ન રહ્યું હોય અને સુધારનારની કિંમત કરી શકે નહીં તે તેનું ભાગ્ય; પરંતુ તેથી સુધારનારની કિંમત જતી નહીં હોવાથી વસ્તુતઃ સુધારનારની કિંમત તો પ્રથમ ગણવી જ જોઈએ.

ઉત્પત્તિ અને સુધારામાં બહુએ ફરક છે,

ઉત્પત્તિ- નવેસરથી થાય છે; જ્યારે સુધારો-વિદ્યમાનમાં પલટો કરાવે છે ! સિદ્ધપણું - એ આત્માનો સ્વભાવ જ છે; તે કંઈ નવીન ઉત્પન્ન થનાર નથી.

હીરામાં તેજ, મોતીમાં પાણી અને સોનામાં ચળકાટ, એ કંઈ બહારથી આવેલ નથી; પરંતુ તેના ઉપરનો નકામો (Useless) ભાગ દૂર થવાથી તે સ્વયં પ્રકાશમાન થાય છે. સિદ્ધપણું કોને કહેવાય ? તેવી જ રીતે "આત્મારૂપી હીરાને લાગેલા જ્ઞાનાવરણીય આદિ કર્મરૂપી પડલો દૂર થવાથી તે સ્વયં સ્વરૂપે પ્રગટ થાય છે. આત્માને વળગેલા કર્મરૂપી પદાર્થોનું દૂર થવું !!! તે જ સિદ્ધપણું ! એ ચીજ કંઈ બજારમાંથી પ્રાપ્ત કરવાની નથી. એ તો કેવળ આત્માને સુધારવાથી જ પ્રાપ્ત થાય છે. "**धण कम्म बंधण विमुक्के**" સજ્જડ કર્મના બંધનો દૂર થાય એટલે સિદ્ધપણું સાક્ષાત્ હથેલીમાં છે.

બીજી વાત એ છે કે કપડું ધોવાય, સુવર્ણ શુદ્ધ કરી શકાય, હીરાની પહેલ પાડી શકાય, તે સર્વનું પણ કાર્ય એકજ પ્રકારનું ભલે હોય પરંતુ તેના સાધનો તો એક પ્રકારના હોતા જ નથી.

મોક્ષની મહત્વતા.

આપણે વર્ણવી ગયા કે, સિદ્ધપણું એ કંઈ નવીન વસ્તુ ઉત્પન્ન કરવાની નથી; પણ તે માટે આત્મા ઉપરથી કર્મરૂપી કચરાને દુર કરવો તેટલું જ કાર્ય કરવું રહે છે. તે પણ એવા પ્રકારે કે તે કચરો ફરીથી લાગી શકે જ નહીં ! અને એ જ હેતુપૂર્વક નિર્જરાતત્વથી મોક્ષ તત્વને આપણે જુદું માનીએ છીએ.

પૂર્વે લાગેલા કર્મની નિર્જરા કરવા છતાં આત્મા કર્મના ઢગલામાં જ પડેલો હોવાથી તેને ફરીથી કર્મ લાગવાની ભીતિ બેઠી જ છે. માટે કર્મના ઢગલમાં પડી રહે તો પણ તેને કર્મ લાગી શકે નહીં તે મુજબની પ્રાપ્તિ થાય તેનું નામ મોક્ષ.

જગતમાં એવું કોઈપણ સ્થળ નથી કે જ્યાં કર્મના ઢગલા ન હોય ! ! શંકા-શું સિદ્ધ બિરાજ્યા છે, ત્યાં પણ કર્મનો ઢગ અહીં જેટલો જ છે ?

સમાધાન- સિદ્ધ શીલાપર સિદ્ધના આત્માઓ માટે તો કર્મનો ઢગલો છે જ નહીં પરંતુ ત્યાં પણ અનાદિના ઢગબંધ કર્મોનું વહન કરનારા નિગોદીયાદિ જીવો તો અનંતા છે અને ચૌદે રાજલોકમાં યાવત્ શ્રી સિદ્ધ ભગવાન બિરાજ્યા છે તે જ ભાગમાં કર્મની વર્ગણા પડેલી છે.

આત્માની હીરા સાથે તુલના.

આથી કહીએ છીએ કે હીરાને એવા પ્રકારનો તૈયાર કરવો જોઈએ કે ચાહે તેટલા વરસો પર્યંત પથ્થરની ખાણોમાં પડી રહે તો પણ હીરાને પથ્થરનો અંશ પણ ન લાગે મોતી એવું બનાવવું જોઈએ કે, સમુદ્રની તળિયે જાય તો પણ તેના ઉપર પડ લાગે નહીં. સોનું પણ એવું જ શુધ્ધ બનાવવું જોઈએ કે, ચાહે, તેટલો ખાણનો કચરો હોય પણ તે સોનાનો સંગ કરી શકે નહીં. તેનું નામ જ મોક્ષ કે જે સર્વ કાળને માટે કર્મના કચરામાં રહે તો પણ તેને અંશ માત્ર કર્મની અસર લાગે નહીં ! મોક્ષ એ અવિચળ અને નિરાબાધ સ્થાન છે. (Heaven)

સિદ્ધ અને નિગોદના સ્થાનનો તફાવત :-

સૂક્ષ્મ એકેન્દ્રિય નિગોદના જીવો કે તેઓ જે આકાશ પ્રદેશમાં છે તે જ આકાશ પ્રદેશમાં સિદ્ધ ભગવાન બિરાજે છે. સ્થાન બન્નેના એકજ છે ! છતાં તેને "સિદ્ધ શિલા" તે સિદ્ધની ઉત્તમતાને લીધે જ કહીએ છીએ. અરે જે ખુદ "સિદ્ધ શિલા" તે પણ એકેન્દ્રિય જીવોની જ છે ! અને તે સિદ્ધ શિલાની ઉપર પણ ઠેઠ લોકના છેડા સુધી સૂક્ષ્મ નિગોદ એકેન્દ્રિયાદિ જીવો છે ! એ આકાશ પ્રદેશમાં જ સિદ્ધ મહારાજ હોવા છતાં તેનો તેને લેપ સરખોએ લાગતો નથી.

તાજ (મુગટ) રાજાના શીર પર જ રહે છે. પરંતુ કિંમત તાજની કે રાજાની ? તેથી કિંમત (Value)નો આધાર ઉત્તમતા ઉપર જ અવલંબે છે. સિદ્ધ મહારાજા કર્મના વિસ્તારથી એવા તો મુક્ત થયા છે કે ફરી વખત તે કર્મ તેને વળગે જ નહીં. સુધરેલા હજુ જંગલી સ્થિતિમાં આવી જાય પરંતુ કર્મરહિત થયેલ જીવો કોઇ કાળે ભ્રમણ કરતી જાતિમાં આવવાના જ નથી. એ સુધારો કયા પ્રકારનો ?

આત્માને સિદ્ધ સ્વરૂપ બનાવવામાં પ્રથમ તો ભવ્યત્વ જાતિ જોઇએ, સિવાય આત્માનો સુધારો અસંભવિત જ છે.

નદીની ભૂખરી વેલુ (રેતી)નો ઘાટ કદીએ બનેલ છે ? જેમ તે વેલુનો ઘાટ પડે જ નહીં તેવી જ રીતે અભવ્યની જાત એવા જ પ્રકારની છે કે તે મોક્ષની સીડીએ ચઢે જ નહીં. તેમાં કોઇ પ્રકારના ટાંકણા (એક જાતનું પાષણ ઘડવાનું હથિયાર) કામ કરતા નથી. સમ્યક્‌જ્ઞાન, દર્શન, અને ચારિત્રની આરાધના તે ટાંકણા રૂપે છે; અને તે તેને જ ઉપયોગી થઇ શકે કે જેઓ ભવ્યત્વ જાતિવાળા હોય !!!

હીરાને સાફ કરનાર ટાંકણું જ છે છતાં જેમ હીરાની કિંમતની અસર તો તેની જાતિ ઉપર હોવાથી સાથે ટાંકણાની કિંમત તેવી મનાતી નથી; તેવી જ રીતે આત્માને પ્રથમ તો ભવ્યત્વ રૂપ જાતિની અસર જોઇએ સમ્યગ્‌જ્ઞાનાદિ રત્નત્રય રૂપ તો તેના ટાંકણાં છે. માટે પ્રત્યેક વેપારીએ પ્રથમમાં પ્રથમ તકે એ રત્નત્રયાદિ રૂપ ટાંકણાના કારખાનાની શોધ કરવી જોઇએ.

સિદ્ધના પ્રકાર

તીર્થંકર મોક્ષે જાય તે જીન સિદ્ધ અને તે સિવાયના મોક્ષે જાય તે અજીન સિદ્ધ, આ બે સિવાય ત્રીજો ભેદ જગતમાં નથી તેવી જ રીતે તીર્થસિદ્ધ અને અતીર્થ સિદ્ધ વિગેરે જેમકે કાયદો અને ઓર્ડીનન્સ એ પણ બે ભેદો છે. તે બધામાં તીર્થસિદ્ધ, સ્વલિંગ સિદ્ધ વિગેરે ભેદો સ્વાભાવિક હોવાથી કાયદા રૂપ બને અને તે ગૃહિલિંગ આદિ સિદ્ધના ભેદો નિશ્ચય માર્ગરૂપ ગણાય નહીં.

ઓર્ડીનન્સ એ પણ હુકમ વગરનો તો નથી છતાં પણ તે આફત વખતનો જ છે, અને કાયદો તે ચાલુ વખતનો છે. તીર્થંકર મહારાજે તીર્થ સ્થાપના કરી ત્યારથી મોક્ષે જવાય, તે કાયદો એટલે કે તીર્થ સિદ્ધ; અને તેથી ઊલટું એટલે કે જેનાથી તીર્થ ઉત્પન્ન થયું ન હોય અને મોક્ષે જાય

તે અતીર્થ સિદ્ધ. તીર્થ સિદ્ધ તે કાયદાના સિદ્ધ અને અતીર્થ સિદ્ધ એ ઓર્ડીનન્સના સિદ્ધ. વળી, કાયદો પણ જેમ એક જ પ્રકારનો ન હોય; તેવી રીતે તીર્થસિદ્ધમાં પણ એક જ પ્રકાર નથી તેમાં પણ પુલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ, સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહસ્થલિંગ વિગેરે વિગેરે, પણ મુખ્યતાએ તેના બે જ પ્રકાર છે.

જેમ કોઈ પણ વસ્તુની મુખ્ય કિંમત વસ્તુના તત્વ અને ઘાટ ઉપર છે; તેમ મુખ્ય સિદ્ધપણું પણ આત્માના કર્મરહિતપણા ઉપર અને ભવ્ય જાતિ ઉપર જ છે અને સિદ્ધના પણ પંદર ભેદો પ્રસિદ્ધ છે. ત્યાં પ્રશ્ન એ ઉદ્‌ભવશે કે ગૃહલિંગે અને અન્યલિંગે પણ સિદ્ધ તો થાય જ છે; તો પછી કેવળ સાધુપણા ઉપર જ ભાર કેમ મૂકાય છે ? તેનો ઉત્તર એ જ છે કે ઓર્ડીનન્સથી કાર્ય તો સિદ્ધ થાય છે છતાં સરકાર કાયદા ઘડવાની તસ્દી શા માટે લે છે ?

પણ સત્ય બીના એ છે કે **ઓર્ડીનન્સ એટલે મોગલાઈ સત્તા, અને કાયદો એ તો પ્રજાકીય અવાજ !!!**

સાધુ માટે જે મોક્ષ કહ્યો તેનું નામજ સ્વલિંગ સિદ્ધ છે અને તે જગતભરથી મંજુર કરાયેલ રિવાજ છે.

સ્વલિંગ એટલે જ સાધુપણું ! આત્માને સિદ્ધ થવા માટે જે મુખ્ય લિંગ તેનું નામ તે સ્વલિંગ છે. સિદ્ધ થયેલા તે મુખ્યતાએ સાધુપણાવાળા જ સમજવા ! આથી સમજ્યા હશો કે જે સ્વલિંગે સિદ્ધ થાય તે કાયદા સિદ્ધ અને ગૃહલિંગાદિ અન્ય લિંગે સિદ્ધ થાય તે ઓર્ડીનન્સ સિદ્ધ સ્વલિંગ એ જ મોક્ષનું લિંગ છે જેથી મોક્ષનું કારણ તો તેજ છે; અને તે માટે જ અનન્ત જ્ઞાનીઓએ સિદ્ધિના અધિકામાં સાધુપણું એટલે આરંભ પરિગ્રહ આદિનો ત્યાગ તેને સ્વલિંગ જણાવી તેનાથી સિદ્ધ થયેલાને સ્વલિંગ સિદ્ધ કહ્યા અર્થાત્ સિદ્ધ થનારનું મુખ્ય લિંગ તે સાધુપણું જ છે ને તેથી તો તે લિંગને સ્વ શબ્દથી જણાવ્યું.

અન્ય લિંગ સિદ્ધિનો અર્થ શો ? અન્ય=જુદુ, શાનાથી જુદુ?=મોક્ષના કારણથી.

અન્ય શબ્દથી પ્રગટ થતું તે મોક્ષના કારણથી ભિન્ન લિંગ હોવાથી જ તે લિંગે સિદ્ધિ પામેલાને ઓર્ડીનન્સ સિદ્ધ સમજવા એ લિંગે સિદ્ધ થવાનું તો આગળ આપણે વર્ણવી ગયા તેમ ભવિતવ્યતાની માફક અણધાર્યું અને તે પણ કવચિતજ બને છે; જેમ કોઈ વાટ ચૂકેલો મનુષ્ય ધ્યેય શૂન્યપણે ધાર્યે સ્થળે પહોંચવામાં ઘણીએ મુસીબતો ઊભી કરે તેમ અન્ય લિંગ સિદ્ધ વાતોને આગળ કરી સ્વલિંગથી ચૂકનારા સંસારના ઘણાએ ભ્રમણોને ઊલટા વધારે જ; સિવાય તેમાં કશુંએ તત્ત્વ જ નથી. કાયદારૂપે તો સિદ્ધ માટે સ્વલિંગ જ છે.

ગૃહલિંગ એ શબ્દ જ કહી આપે છે કે આ તો સંસારમાં રખડતી જાત છે છતાં સિદ્ધ થઈ ગયા અર્થાત્ એ કુદરતી જ બનાવ છે. જેમ કોઈ સત્તા સીધી રીતે સિદ્ધ થતી ન હોય તો તે કુદરતી રીતે શાસિત થઈ જાય. તેવું જ તેનું પણ બનેલ છે. "કોઈ એક લંગડા મનુષ્યે કિલ્લા ઉપર ચડીને નીચે ભુસકો માર્યો ત્યાં તેનો પગ સારો થયો," એના જેવું એ આશ્ચર્યકારક બનેલ છે. આવા ઉદાહરણોને આગળ કરનારાઓએ આત્માના હિતને 'ખાતર વિચારવું ઘટે કે ઉપરના દ્રષ્ટાંતથી જેમ દરેક રંઝાડતી સત્તાને કુદરત ઉપર છોડાયા નહીં, તેવી રીતે દરેક લંગડાઓને ગઢ ઉપર ચડી ભૂસકા મારવાની

ભલામણ કરાય જ નહીં; દરેક આત્માઓના હિતનું જે સીધું જ કારણ તેને છોડી અન્ય લિંગ અને ગૃહલિંગના બહાના આપી ઉન્માર્ગે ચડાવાય જ નહીં અન્ય લિંગ અને ગૃહલિંગ સિદ્ધ જ કહી આપે છે કે કોઇક વખત જ (ઓર્ડીનન્સથી કામ સિદ્ધ થયાની માફક) અન્ય અને ગૃહલિંગે સિદ્ધિ થાય છે. આમ વસ્તુનું સ્વરૂપ સમજ્યા વિના ભરત સાધુપણા વગર મોક્ષે ગયા તેથી તે ગૃહલિંગ સિદ્ધ, વલ્કલચીરી સાધુપણામાં નહોતા અને મોક્ષે ગયેલા છે વિગેરેને આગળ કરી સ્વલિંગના સિદ્ધથી સાધુપણું સાબિત થતું કાપવું તે કેમ શોભે ? તેવા આત્માઓની પણ પૂર્વની કરણી તો તપાસો ! અને તે ભવે સંસારમાં રહ્યા છતાં પણ તેની આખી એ જિંદગીની કાર્યવાહીને તમારી કાર્યવાહી સાથે સરખાવો પછી તેઓના ઉદાહરણ લ્યો !!!

ઓર્ડીનન્સના દાખલાઓ જેમ જવલ્લે જ જડે છે તેવીજ રીતે સ્વલિંગ છોડીને મોક્ષે ગયા હોય, તેવા દ્રષ્ટાંત બહુ જુજ છતાં તેને કાયદાની જગા પર મૂકવા કેમ પ્રયત્ન થાય છે ?

મોક્ષના શુદ્ધ માર્ગે ચાલેલા મોક્ષે ગયા, અને અવળે રસ્તે ચાલેલા પણ કોઇક સંજોગે મોક્ષ પામ્યા, એમ કહેવામાં ગૃહલિંગ અને અન્યલિંગ સાંભળી સ્વલિંગ ઉપર ઈતરાજી કેમ થઇ શકે ? અને તેમ થાય તો એ શું બતાવે છે ?

દેવ તત્વની સાર્થકતા.

આ બધું સમુદ્રમંથન છતાં મેળવ્યું શું ? "ખોદ્યો ડુંગર અને કાઢયો ઉંદર." આટલા કારખાના ખોલ્યા છતાં મેળવ્યું કંઇ નહીં !!! બાર બાર મહિના દવા કરાવી પણ ફાયદો શું ? જીવનો આવતો આઘાત દૂર કરવા માટે, આ આત્માને કર્મોએ વ્યાઘાત કર્યો હતો અને તેની પ્રક્રિયા કહેવામાં આવી હતી. આ જીવ પણ સિદ્ધના સાધનો મેળવી તે સ્વરૂપ પ્રગટ કરે છે. અનંત જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખ, આ ચાર ચીજ અનંતા આત્માઓને અનંતીવાર પ્રાપ્ત થઇ છે. પરંતુ જેઓને સંપૂર્ણ પ્રાપ્ત થયા છે. એવા તો ફક્ત સિદ્ધ જ છે; માટે જેવું કાર્ય કરવું હોય તેવા વિચારવાળા બનો અને જેવા વિચારવાળા થશો તેવા વર્તનવાળા બનશો ત્યારે જ તેવું ફળ મેળવી શકશો.

આત્માને અનંત ચતુષ્કવાળો કરવો જ હોય, તો અનંત ચતુષ્ક મેળવવાના રસ્તે જ ચાલો, અને તેનું જ ભજન કરો.

હંમેશા મનની શુદ્ધિદ્વારા ત્રિકરણ યોગથી જ સિદ્ધ ભગવાનનું ધ્યાન ધરો અને પછી જ તેવા શુદ્ધ સ્વરૂપની અભિલાષા કરો !!!

આ પ્રકારે દેવતત્વ સાકાર અને નિરાકારરૂપે જણાવ્યું હવે ગુરુતત્વનું આરાધન કેવી રીતે કરવું; ગુરુતત્વ કેટલા વિભાગમાં વહેચાયેલું છે તે માટે આવતો અંક જુઓ.

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानंसर्वधर्माणां, जैनंजयतिशासनं. ॥

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડઅભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસી ગણી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાએ રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

૯૦ પ્રશ્ન- જ્ઞાનપૂજનમાં આવેલ દ્રવ્ય દુનિયાદારીના શિક્ષણ માટે વાપરી શકાય ?

સમાધાન- ના, કદી પણ વપરાય જ નહીં ! કારણ એ જ કે તે દ્રવ્ય તો ફક્ત સમ્યક્‌શ્રુતની વૃદ્ધિના જ હેતુ ભૂત છે. વ્યવહારિક જ્ઞાન એ સંસારની જ પુષ્ટિનું કારણ હોવાથી તેવા ઉત્તમ દ્રવ્યનો દુનિયાદારીના શિક્ષણ માટે વાપરનાર અને વપરાવનાર બન્ને પણ તે જ્ઞાનદ્રવ્યના ભક્ષક બને છે! "જ્ઞાનદ્રવ્ય ભક્ષિત ઉપેક્ષિત, પ્રજ્ઞાપરાધે વિણાસ્યો, વિણસંતો ઉવેખ્યો", અને છતી શક્તિ એ સાર સંભાળ ન કીધી." એ પ્રમાણે અતિચારમાં જણાવેલી પાંચે બાબતોને મન વચન અને કાયાથકી, તથા કરવું કરાવવું અને અનુમોદવું તે વડે કરીને જેમ દેવદ્રવ્યના સંરક્ષણમાં તેમ આ જ્ઞાન દ્રવ્યના સંરક્ષણમાં ઉપયોગ નહીં રાખનારનું સમ્યક્‌ત્વ મલીન થાય છે. આમ છતાં પણ સ્વેચ્છાએ તેનો દુરૂપયોગ કરનારાઓ સમ્યક્‌ત્વથી ભ્રષ્ટ થાય છે !!!

૯૧ પ્રશ્ન- જૈન શાસનમાં જ્ઞાનની વ્યાખ્યા કયા પ્રમાણે છે ?

સમાધાન- એકાન્તે મોક્ષના જ હેતુભૂત એવું જીવાજીવાદિ તત્વોનું શુદ્ધજ્ઞાન તેનું નામ જ જ્ઞાન છે; સિવાયનું બધું એ અજ્ઞાન જ છે !

૯૨ પ્રશ્ન- સાચું ચારિત્ર (સંયમ) આવે ક્યારે ?

સમાધાન- અનંતવીર અને તે પણ ફક્ત જુઠ્ઠાં (દ્રવ્ય) ચારિત્ર સેવનના પરિણામે જ આત્માને એક સાચું ચારિત્ર પ્રાપ્ત થાય છે, અને એનું નામ જ ભાવચારિત્ર કહેવાય છે. આત્માને ભાવચારિત્ર પ્રાપ્ત થાય પછી તો તેને વધારે વખત સેવવાનું રહેતું જ નથી. એટલે કે તેવું ચારિત્ર તો ફક્ત આઠ જ વખત આરાધવાને પરિણામે આત્મા અવશ્યમેવ મુક્તિ મેળવે છે !!! હજારો વખત જુઠ્ઠા અને "વાંકા ચૂંકા" એવા પણ લીટા કરનારો બાળક

અન્તે જેમ સાચા એકડામાં પ્રવેશ કરે છે; તેમજ દ્રવ્યથી પણ ચારિત્ર પાળનારો મનુષ્ય અન્તે (તેના સારરૂપ એવા) ભાવચારિત્રમાં પ્રવેશ કરવાને ભાગ્યશાળી બને છે ! આટલા માટે તો ભલે સંસ્કાર માત્રથી પણ ચારિત્ર પ્રત્યે સાધારણ જ સદ્ભાવ થયેલ એવા આત્માને પણ સંયમના આરાધકોએ યથાપ્રવૃત્તિએ પણ સંયમમાં જોડવા એ જ સ્તુત્ય અને આદર્શ માર્ગ છે.

૯૩ પ્રશ્ન- શ્રી મરૂદેવા માતા એકપણ દ્રવ્ય ચારિત્ર પ્રાપ્ત કર્યા વિના ફક્ત એકેન્દ્રિયપણામાંથી જ આવી સીધા મોક્ષ પામ્યા તો તેમને ચારિત્ર દ્રવ્ય વિના પણ ભાવચારિત્ર કેમ પ્રાપ્ત થયું?

સમાધાન- આ બનાવને શ્રી પંચવસ્તુના રચયિતા ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા આશ્ચર્ય રૂપે જ પ્રતિપાદન કરે છે; સાથે તેમાં પણ એવો પણ નિયમ કરે છે કે અનન્તા દ્રવ્યલિંગ કરનારને જ ભાવિલિંગ પ્રાપ્ત થાય છે !!!

૯૪ પ્રશ્ન- ધર્મના પ્રરૂપકો (સ્થાપકો અગર આદિ પ્રવર્તકો) તો પુરૂષો જ હોઈ શકે એવું તમો કહો છો, છતાં શ્રી મલ્લીનાથ સ્વામીએ સ્ત્રીપણે પણ ધર્મ કેમ પ્રરૂપ્યો ? એટલું જ નહીં, પણ તીર્થની સ્થાપના કરી તેનું કેમ ?

સમાધાન- મરૂદેવા માતાની માફક તેને પણ આશ્ચર્યમાં જ ગણેલ છે; આથી એ સ્પષ્ટ છે કે મૂળ નિયમને તે આશ્ચર્યો જરા પણ બાધક થતાં નથી !

૯૫ પ્રશ્ન- "ચારિત્ર એ મહેલ છે ને જ્ઞાન તે ધ્વજ છે" એ કેવી રીતે ?

સમાધાન- આત્મા પોતે જુદાં એવા દ્રવ્યચારિત્ર સેવતો સેવતો પણ જ્યારે ભાવચારિત્રને સ્પર્શે છે. ત્યારે તેણે મોક્ષ મહેલનો પાયો નાંખ્યો છે એમ સમજવું. તે પછી જ્યારે ક્ષપક શ્રેણિમાંથી મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરે ત્યારે જે અવસ્થા તે ચારિત્રની સંપૂર્ણ અવસ્થા હોવાથી ત્યાં મોક્ષ મહેલની સંપૂર્ણતા થઈ મનાય છે !!! (એટલે કે ઉચ્ચતમ ચારિત્રરૂપ પ્રસાદ પૂર્ણ થાય છે !!!) ત્યાર બાદ અંતમુહૂર્તમાં જ કેવળજ્ઞાન પ્રગટ થતું હોવાથી તે સર્વશ્રેષ્ઠ જ્ઞાનરૂપી સંપૂર્ણ સુશોભિત ધ્વજ તે મહેલ ઉપર ફરકે છે!!!

૯૬ પ્રશ્ન- **ક્રિયાહીનં ચ યદ્ જ્ઞાનં, જ્ઞાનહીના ચ યા ક્રિયા ।**
અનયોરન્તરં દૃષ્ટં, ભાનુખદ્યોતયોરિવ ॥ આ શ્લોકનો ભાવાર્થ શું ?

સમાધાન- શ્લોકનો ભાવાર્થ સમજો !!! દરેક વસ્તુઓને દરેક આત્માઓ જો વસ્તુ સ્થિતિએ સમજે તો અત્યારે શાસનમાં વિના કારણે અને સંપૂર્ણ ગેરસમજને આધીન બની, તદ્દન ઊલટા દોરવાઈ જઈ વિશ્વવંદ્યવીર-વિભુએ પ્રતિપાદન કરેલી વસ્તુની યેનકેન પ્રકારેણ નિંદા કરી આત્માને ભારે કરનારા કેટલાએ મુગ્ધાત્માઓના મિથ્યા પ્રલાપો આપોઆપ શમી જાય !!! વસ્તુતઃ તેનો ભાવ એ છે કે "ક્રિયા વિનાનું જે જ્ઞાન, અને જ્ઞાન વિનાની જે ક્રિયા" એ બન્ને બાબતમાં એટલું તો દૂરપણું ને ફરક છે કે જેમ સૂર્ય અને ખદ્યોતમાં !!!

એટલે સૂર્ય અને ખદ્યોતના પ્રકાશમાં આકાશ અને પાતાળ જેટલું અંતર છે. તેમજ "ક્રિયા વિનાનું જ્ઞાન, અને જ્ઞાન વિનાની ક્રિયા. એ બન્ને વાતોમાં પણ ગંભીર ભેદ ભરેલું અંતર છે ! આ શ્લોકમાં ક્રિયા વિનાનું જે જ્ઞાન સૂર્યસમાન ગણાવીને અને જ્ઞાન વિનાની ક્રિયા ખદ્યોત સમાન ગણાવેલી દેખીને શાસનમાં ક્રિયા શૂન્યપણે પણ ફક્ત જ્ઞાનની જ કિંમત છે. એવી વાતો કરનાર જ્યારે પોતાની માન્યતામાં જ દૃઢ બની, અરે અન્યને પણ ક્રિયાવિહોણા બનાવી પોતાનો પક્ષ મજબુત કરવા, જનતાની સન્મુખ આવા કલ્પિત ભાવાર્થોનું શરણું સ્વીકારી યથેચ્છ પ્રવૃત્તિઓ દ્વારા ક્રિયાઓની જડ કાઢવા મથે છે. !!! અને ત્યારે ફક્ત મોક્ષમાર્ગના ધ્યેયાનુસાર જ છતાં જ્ઞાનરહિતપણે ક્રિયા કરવાવાળા "જ્ઞાનવિનાની ક્રિયા એ ખદ્યોતસમાન છે" એ ભાવાર્થથી બહુ બહુ અકળાય છે, વહેમાય છે !!! આમ થવાનું કારણ એ જ છે કે વાસ્તવિક રીતે બન્ને પક્ષ તે શ્લોકના યથાર્થ ભાવાર્થને પામ્યા જ નથી, તેની તો એ વિટંબણા છે ! અહીંયા ક્રિયા વિનાનું પણ સૂર્યસમાન જ્ઞાન એને કહ્યું છે કે જે આત્માઓની પૂર્વભવની શુભ આરાધનાને યોગે ઊતરી આવેલી (સાંપડેલી) ઉત્તમ સંસ્કારિતાના પ્રતાપે, અકસ્માત્ સંયોગે જાગેલી ભાવનાથી **"સૂર્યસમાન એવું જે કેવળ જ્ઞાન"** તેને પામેલા ગૃહિલિંગવાળા ભરતાદિક અને અન્યલિંગવાળા વલ્કલચીરી આદિકનું દ્રવ્ય ચારિત્ર રહિત છતાં પણ પ્રાપ્ત થયેલું (સર્વજ્ઞપણું) કેવળજ્ઞાન તે જ્ઞાન ! નહીં કે શુકપાઠ !!! એટલે કે તેવા પુણ્ય પુરુષના પ્રકર્ષપુણ્યના યોગે પરમ પ્રકાશપણે ક્રિયા વિના પણ અકસ્માત્ પ્રગટ થયેલું જે કેવળ જ્ઞાન તે સૂર્યસમાન છે ! વળી જ્ઞાનવિનાની જે ક્રિયા તે પતંગિયા જેવી કહી છે તેમાં પણ એ ભાવાર્થ છે કે જેઓ મોક્ષના ધ્યેય વિનાના કર્મક્ષયાદિના ઉદ્દેશ વિનાના, જીવાજીવાદિના જ્ઞાન વિનાના, મોક્ષ માર્ગ તરીકે જણાવેલી સંવર અને નિર્જરાના આશયથી વિપરીત ભાવે ક્રિયાઓને પણ કરવાવાળા એટલે કે પૌદ્ગલિક પળની અપેક્ષાવાળી શાસ્ત્ર વિરુદ્ધ જે ક્રિયા 'એટલે તેવા ઊલટા જ્ઞાનવાળી ક્રિયા" તે પતંગિયા (ખદ્યોત) સમાન ગણેલી છે. હવે એથી સ્પષ્ટ થયું કે પુણ્યહીણ આત્માઓના ક્રિયાશૂન્યના શુકપાઠરૂપી જ્ઞાન કરતાં તો પૂર્વના પ્રબળ પુન્યના પ્રભાવે અકસ્માત્ મળેલું જે જ્ઞાન તે ક્રિયા શૂન્ય હોવા છતાં પણ સૂર્ય સમાન છે. વળી અહીં પણ પૂર્વ પુણ્યના સંયોગે મળેલી સામગ્રીથી મોક્ષના જ ધ્યેયવાળી ક્રિયાઓ તે જ્ઞાની પુરુષોએ દર્શાવેલી હોવાથી એને ગીતાર્થની નિશ્રાથી અજ્ઞાનપણે પણ મોક્ષના જ ધ્યેયથી આદરનારા આત્માઓની ક્રિયા તે સૂર્યસમાન અને ઉપર જણાવેલ મોક્ષના ધ્યેયથી શૂન્ય ક્રિયાઓ તે પતંગિયા સમાન છે. **એકલ વિહારી અગીતાર્થની ક્રિયાપણ ખદ્યોતવત્ અલ્પ પ્રકાશવાળી છે.** અહીંયા બીજી બીના પણ સ્પષ્ટ થાય છે. જ્ઞાન એ સર્વ આરાધક અને ક્રિયા એ દેશ આરાધક જે કહેવાય છે તેમાં કયું જ્ઞાન અને કઇ ક્રિયા તે ઉપરની બાબતથી સહેજે સમજાશે ! આથી જે જે અજ્ઞાનિઓ-સમ્યગ્-દૃષ્ટિ, ગુરુભક્ત અને જીવાદિના સામાન્ય જ્ઞાનને ધરાવનારા ભવ્યાત્માઓની ક્રિયાઓને યેનકેન પ્રકારેણ વગોવી રહેલા છે તે પ્રભુશાસનના મર્મને બિલકુલ સમજ્યા નથી એ પણ અત્રે સહેજે સમજાશે !!!

૯૭ પ્રશ્ન- શાસનમાં પરમ મંગળરૂપ પદાર્થ કયા કયા ?

ઉત્તર- સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ છે; આ સિવાય ઉત્કૃષ્ટ મંગલ કોઈજ નથી !

૯૮ પ્રશ્ન- પરમાણુ કોને કહેવા ?

ઉત્તર- તત્ત્વાર્થસૂત્રના કર્તા શ્રી ઉમાસ્વાતિ મહારાજ શ્રી પ્રશમરતિમાં ફરમાવે છે કે "परमाणुरप्रदेश" એટલે કે જેના બે વિભાગ ન પડી શકે તે પરમાણુ.

૯૯ પ્રશ્ન- મિથ્યાત્વથી ગાઢ વાસિત થયેલાને શાસ્ત્રથી કેમ નુકશાન થાય છે ?

ઉત્તર- નાકકટ્ટાને અરીસો અને વાંદરાને જેમ દર્પણ, તેમ તેને પણ શાસ્ત્ર બતાવતાં ફાયદો તો ન જ કરે પણ ઉલટો તે નાકકટ્ટાને વાંદરાની માફક શાસ્ત્રને જ નુકશાન કરે છે !

૧૦૦ પ્રશ્ન- દીક્ષાનો વ્યુત્પત્તિ અર્થ તો વ્રત, નિયમ, મુંડન વિગેરે છે પણ નિરૂક્તિ અર્થ શો ?

ઉત્તર- 'श्रेयोदानादशिवक्षपणाच्च सतां मतेह दीक्षेति' ભાવાર્થ-શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ષોડશકમાં જણાવે છે કે એકાન્તે કલ્યાણને આપનારી અને પાપનો નાશ કરનારી એવી સત્પુરુષોએ માન્ય કરેલી વસ્તુ તે ફક્ત એક દીક્ષા જ છે !!!

૧૦૧ પ્રશ્ન- શાસ્ત્રનો વ્યુત્પત્તિ અર્થ તો જીવાદિ પદાર્થને સમજાવે તે છે, પણ નિરૂક્ત અર્થ શો?

ઉત્તર- ઉપાધ્યાયજી ભગવાન ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી મહારાજા પોતાના જ્ઞાન અષ્ટકમાં જણાવે છે કે "शासनात्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते" ભાવાર્થ-નવા સમ્યગ્દર્શનાદિ ધર્મની પ્રાપ્તિ માટે શિખામણ આપે અને પ્રાપ્ત થયેલા તે સમ્યગ્દર્શનાદિ ધર્મની રક્ષાની શક્તિ સમર્પણ કરે તેમ હોવાથી શ્રીમાન્ પંડિતવર્યોએ સર્વજ્ઞાદિ વચનોને શાસ્ત્ર કહેલું છે !

૧૦૨ પ્રશ્ન- ચારિત્ર પદ સ્વતંત્રપણે આરાધ્ય છે કે નહીં ?

સમાધાન- કેવળી ભગવાનનું ચારિત્ર ક્ષાયિક ભાવવાળું છે; અને ગણધર ભગવંતનું ચારિત્ર તો ક્ષાયોપશમિક ભાવનું છે ! છતાં પણ ભગવાનના સમવસરણમાં બીજા બધાએ કેવળીઓ "नमो तित्थस्स" કરે છે ગણધર ભગવાનની પાછળ જ બેસે છે !!! આમાં ગણધરોને કેવળી ભગવાનની આશાતના કરનાર ગણ્યા નથી, વસ્તુતઃ આશાતના લાગતી પણ નથી જ !!! અર્થાત્ સ્વતંત્રપણે ચારિત્ર આરાધ્ય નથી.

૧૦૩ પ્રશ્ન- સમ્યગ્જ્ઞાન, દર્શન અને તપ એ ત્રણ સ્વતંત્રપણે આરાધાય ખરા કે નહીં ?

સમાધાન- ક્ષાયક સમ્યક્ત્વના ધણી શ્રેણિક મહારાજ જેવાનું સામયિક સમ્યગ્દર્શન સ્વતંત્રપણે આરાધ્ય માનીએ તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વના ધણી ગણધર ભગવંતોએ તેમને (શ્રેણિક) વંદન નમસ્કાર કરવો પડશે !!! તેમજ અવધિજ્ઞાનના ધણી દેવેન્દ્રોને ઉત્કૃષ્ટ મતિ, શ્રુતધરથી લઈ યાવત્ અષ્ટ પ્રવચનના ધારણ કરવાવાળા મુનિઓએ નમસ્કાર કરવો પડશે !!! માસક્ષમણ આદિ તપસ્વીઓને નવકારશી આદિના જ પચ્ચખાણ કરવાવાળા એવા આચાર્ય મહારાજજીઓએ પણ નમસ્કાર કરવો પડશે ! જેમ ઉપરોક્ત બાબતો અસંભવિત હોઈ અયુક્ત જ છે તેમ એ દર્શન-જ્ઞાન-તપ ત્રણેમાંથી એકે સ્વતંત્રપણે આરાધવાનું અયુક્ત જ છે.

૧૦૪ પ્રશ્ન- સમ્યગ્દર્શન એ નૈમિત્તિક છે કે નિત્ય ?

સમાધાન- ભૂખ લાગે ત્યારે જ ભોજન ખાવું તે જેમ નૈમિત્તિક છે તેમ સમ્યગ્દર્શન નૈમિત્તિક નથી. (એટલે નિમિત્ત ક્રિયા રૂપ નથી પણ નિત્ય (ક્રિયારૂપ) જ છે; એથી જેમ શ્વાસોશ્વાસની ક્રિયા અખંડ રાખવી જ પડે છે ને તે નિત્ય છે તેમ સમ્યગ્દર્શન ગુણ અને તેનાથી ઉત્પન્ન થતી શ્રદ્ધા વિગેરે અંતર રહિતપણે ધારવા જ જોઈએ.

૧૦૫ પ્રશ્ન- મોક્ષે ગયેલા દરેક આત્માઓ, માર્ગાનુસારિપણાથી લઈ અનુક્રમે દેશવિરતિને પણ સ્પર્શે ખરા (આદરે ખરા) કે નહીં ?

સમાધાન- એકાન્તે મોક્ષનું કારણ સર્વવિરતિ જ આત્માને પ્રથમ સ્પર્શતી હોય અગર આવી જતી હોય તો તેણે તે ક્રમ સાચવવા માટે દેશવિરતિ આદિ લેવા રોકવાનું છે જ નહીં !!! કારણ એ જ કે પૂર્વની મહાન શુભ કમાણીના યોગે આત્માને તુરતજ ચારિત્ર મળે છે. મોક્ષ પામેલા આત્માઓનો અસંખ્યાતમો ભાગ માર્ગાનુસારીને તો શું પણ દેશવિરતિને પણ સ્પર્શેલો જ નથી !!!

૧૦૬ પ્રશ્ન- તીર્થંકરો, ગણધરો અને અવધિજ્ઞાનીઓ દેશવિરતિ લીધા સિવાય ચારિત્ર લે છે ખરા?

સમાધાન- તે મહાપુરૂષો દેશવિરતિ પામ્યા (લીધા) વિના જ ચારિત્ર લે છે; વળી બીજા પણ કંઇ આત્માઓ સમ્યક્ત્વની સાથે જ ચારિત્ર પામે છે. અને તેટલા જ માટે તો શાસ્ત્રકાર મહારાજાઓએ "**जुगवं पुव्विं व सम्मत्तं**" એમ કહેતાં ચારિત્ર અને સમ્યક્ત્વનો સહભાવ પણ છે એમ સ્પષ્ટ ફરમાવ્યું છે ! અવધિજ્ઞાનવાળા આત્માઓ નવેસરથી કદીપણ દેશવિરતિ લેવાવાળા હોય જ નહીં તેથી (એ વાતથી) પણ એ નિયત થાય છે કે શ્રી તીર્થંકર મહારાજાથી માંડી અવધિજ્ઞાનવાળા કોઈપણ મહાત્માઓ ચારિત્ર અંગીકાર કરે તો દેશવિરતિ લીધા વિના જ સર્વ વિરતિ લે છે !

૧૦૭ પ્રશ્ન- ઉત્કૃષ્ટ ગુણી એવા અરિહંતાદિક આરાધ્યનું આરાધાન-ગુણીદ્વારાએ બને કે ગુણોદ્વારાએ!

સમાધાન- જેમ શિક્ષકથી શિક્ષણ કદીએ જુદું રહી શકતું જ નથી; તેમ દર્શનાદિ જે ગુણો તે ગુણરૂપ એવા અરિહંતાદિકને છોડીને જુદા રહી શકતા જ નથી.

સેવા કરનારાઓ જેમ શિક્ષકોની સેવા શિક્ષણને માટે જ કરે છે; તેમ સમ્યગ્દર્શનાદિકની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિની પરકાષ્ટાની પ્રાપ્તિ માટે જ અરિહંતાદિક ગુણીની પૂજા, સેવા બહુમાન ઇત્યાદિ કરાય છે અને તે રૂપ આત્મશિક્ષણ પણ તે ભગવંતોમાં ગુણપણે રહેલા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ દ્વારા જ પ્રાપ્ત થાય છે.

૧૦૮ પ્રશ્ન- ગુણ એ તો આત્મીય વિષય છે ! એટલે કે ચૈતનયવંત છે; છતાં પણ જડ એવા અશોકવૃક્ષ, ચામર, સિંહાસનાદિને અરિહંત ભગવાનના આઠ ગુણમાં કેમ ગણ્યા ?

સમાધાન- પ્રથમ તો તીર્થંકર મહારાજાઓ જ અરિહંતપદ તરીકે ગણાય છે એ ખ્યાલમાં રાખો ! અને તે તીર્થંકર મહારાજાને પણ જેમ ઘાતિકર્મનો ક્ષય થાય પછી જ અપાય પગમાદિચાર ગુણો પ્રગટ થાય છે. કર્મનાક્ષયે ઉત્પન્ન થયેલા અપાયાપગમાદિ ચારે છે તે; જેમ ગુણો કહેવાય અને તે પરમપ્રભુને કેવળજ્ઞાન થયા પછી નિર્વાણ સુધી સાથે જ રહે છે, તેમ અશોકવૃક્ષાદિ પ્રાતિહાર્યો પણ કેવળજ્ઞાન પછીજ ઉત્પન્ન થયેલા અને નિર્વાણ સુધી સતત્ સાથેજ રહેતા હોવાથી એને પણ અરિહંત ભગવાનના ગુણો જ મનાય છે !!! અર્થાત્ અશોકાદિ પ્રાતિહાર્ય-લક્ષ્મી દેખીને કંઇક જીવો સમ્યક્ત્વાદિ પામે છે !!! અપૂર્ણ

વહેલા તે પહેલા !!! ભૂલે તે છેલ્લા !!!

શ્રી વર્ધમાન-તપ

નોંધ- નીચે જણાવેલી બિના પર વાચકોએ ખાસ ધ્યાન આપવું !!!

શાસનના શણગાર-રૂપ સંસ્થાના હેવાલો વાંચી, તમારાં તન-મન-ધન તે સંસ્થાઓમાં સમર્પણ કરી કૃતાર્થ થાઓ-

સમગ્ર સમાજની જાણ ખાતર દરેક ગામની સંસ્થાના વિગતવાર હેવાલ પ્રગટ થવાની ખાસ જરૂર છે. મોકલાવવામાં આળસ રાખવી નહીં. કાયમ તિથિઓ, મકાન વિગેરેની માંગણીઓ સમાપ્ત થયે તમે જરૂર રહી જશો !!! માટે વહેલા તે પહેલા !!!

લી. સિ—સા—પ્ર—સમિતિ.

મુંબઈ-શ્રી અત્રેના શ્રી વર્ધમાન તપ આયંબીલ ખાતામાં ત્રીસ હજાર ઉપરાંત વાર્ષિક આયંબીલ થાય છે, ખાતાને ચાર હજાર લગભગ વ્યાજની આવક છે, છ હજાર ભેટના પ્રથમે પરચુરણ રકમો ઉદાર ગૃહસ્થો પાસેથી આવતી હતી, હાલના વખ... પ્રમાણે વિકટ સંજોગોને લીધે ભેટની રકમમાં પ્રથમ કરતાં તદ્દન ઓછાશ છે. પ્રાયઃ ચાલુ વર્ષના ખર્ચમાં સંકડામણ છે. હજુ મુંબઈ જેવા શહેરમાં કાયમતિથિઓ ઘણી બાકી છે.

આ ઉપરથી કાયમતિથિઓ માટે ચતુર્વિધ સંઘે ધ્યાન રાખવું તે ખાસ જરૂરી છે.

મકાનની અગવડતાને લીધે જૈનોની વધુ વસ્તીવાળા લત્તામાં આ સંસ્થા પોતાનું કાર્ય કરી શકતી નથી તેથી લાભ લેનારાઓની અને દાતારોની ખાસ સગવડતા ખાતર પણ તાકીદે મકાનની જરૂરીયાત છે. મકાન માટે સખી ગૃહસ્થોએ આ મોહમયી મુમ્બાપુરીમા અમર નામ કરવા ઉદ્યમ કરવો આવશ્યક છે.

ઝીંઝુવાડા-ગામમાં સો ઘરની વસ્તી છે બહાર ગામની મદદ આવે તો જ આયંબીલ ખાતું નભી શકે તેમ છે.

અમદાવાદ-જૈનપુરીમાં બે ખાતાં છે, તે પૈકી એક અમદાવાદના મધ્ય વિભાગમાં જૈનોની ભરપુર વસ્તીવાળા પ્રદેશમાં આ ખાતું સારી સ્થિતિમાં છે. ખર્ચે પૂરતી આવક છે. વધારો વધે તો બહારગામના આયંબીલ ખાતાને મદદ કરવી આવશ્યક છે. હાલમાં ઓળીવાળાની સંખ્યા ૩૨ની છે, સીત્તેરમી ઓળીવાળા પણ છે.

જગ્યાની પૂરી અગવડતા છે જૈનપુરીમાં આ સંસ્થા મકાનની અગવડતા ભોગવે છે તો અત્રે રહેનારા સખી ગૃહસ્થોએ આ બાબત ધ્યાનમાં લેવા જેવી છે.

મકાન માટે રૂા. ૨૦૦૦૦) વીસ હજાર જેવી નજીવી રકમમાં જૈનપુરીમાં અમર નામ રાખવું હોય તો કાર્યવાહકને લખો અગર આ સમિતિ સાથે પત્રવ્યવહારથી પૂછો

તા. ક. શાહપુરમાં આયંબીલ ખાતું છે તે બાબત વિગતવાર સમાચાર હવે પછી.

સમી-(રાધનપુર નજીક) આ ગામની વસ્તી અઢીસો માણસ ઉપરાંતની છે, અને સંસ્થાનું વાર્ષિક ખર્ચ રૂા. ૭૫૦) સાડી સાતસો આવક લગભગ રૂપિયા છસોની છે. દોઢસોની ઘટ વર્ષે પડે છે તે બાબત ધ્યાનમાં લેવા જેવું છે વાર્ષિક આયંબીલ ૩૬૦૦) છત્રીસો થાય છે અને વીસે ઓળીવાળા ચાલુ છે આર્થિક સહાયકો માટે ઉત્તમ તક.

૧૦૦) સો રૂપિયા દરેક માસની બીજ, પાંચમ, આઠમ, અગિયારશને ચૌદશ દરેક તિથિના ૭૫) પોણોસો રૂપિયા બાકીની તિથિના આજ દીન સુધીમાં આખા વર્ષ પૈકી કાયમતિથિ ફક્ત ૯૦) નેવું ભરાઈ છે, વાર્ષિક મદદ દોઢસો માટે અત્રેની મુંબઈની સંસ્થા પર વિનંતી પત્ર છે.

બોટાદ-આ ગામ કાઠીયાવાડ પ્રદેશમાં ધર્મપ્રત્યે પૂર્ણ શ્રદ્ધાળુ છે. ઘર બસો છે નવસો ઉપરની વસ્તી પ્રાયઃ આંકી શકાય છે. આર્થિક સ્થિતિમાં સાધારણ છે ગઇ સાલમાં ૩૨૦૦) બત્રીસો આયંબીલ થયા હતા. મદદ માટે તેમની વિનંતી ચાલુ છે, છતાં પણ ખર્ચ જોતાં તે ખાતાને સારી મદદની જરૂર જણાય છે. અત્ર બિરાજતા શાસન પ્રભાવકોને વિનંતી કરી આ ખાતાને પગભર બનાવવાની તાકીદે જરૂર છે.

આ ખાતાને અત્રેની આયંબીલ ખાતાની સંસ્થાએ રૂા. ૧૫૦) દોઢસો મદદ માટે ગઈ સાલમાં મોકલ્યા છે માટે ખાતુ સારી રીતે નભી શકે તે માટે આર્થિક મદદથી ખાતાને પગભર બનાવવાની જરૂર છે.

ચાણસ્મા-આ ખાતાની સ્થાપના ગયા વર્ષમાં થઈ છે, ગુજરાતના મહેસાણા પ્રાંતમાં ધર્મનિષ્ઠ ગામ છે. દરેક સ્થળના ખાતાં કરતાં આ ખાતામાં લાભ લેનારાની સંખ્યા સારા પ્રમાણમાં છે. હાલમાં ૫૬) છપ્પન ઓળીવાળા છે, ઓળીવાળા સાથે માસિક આયંબીલ એક હજાર ઉપરાંત થાય છે.

આ વર્ષે મુંબઈ આયંબીલ ખાતાના કાર્યવાહકોના પ્રયાસથી ટીપ થવાથી સારી રકમ મળી છે પણ વાર્ષિક ખર્ચને પ્રાયઃ પહોંચી શકે તેટલી તે રકમ નથી,

૮૧) રૂપિયા એકાશી પંચમી (સુદ), બે આઠમ, બે ચૌદશ દરેક માસની દરેક તિથિના.

૫૧) એકાવન રૂપિયા છે-છુટક તિથિના,

મકાનની પણ આવશ્યકતા છે, સખી ગૃહસ્થોએ તિથિઓ તથા મકાન માટે અનુપમ લાભ લેવાની જરૂર છે.

તા. ક. - તે ઉપરાંત નીચેના સ્થળોમાં 'વર્ધમાન તપ'ની આરાધના થઇ રહી છે. વિગતવાર હેવાલો આવતા અંકમાં પ્રગટ થશે.

સ્થળનાં નામ :-

સુરત	મહેસાણા	પાટડી	સાણંદ
ખેડા	પાટણ	છાણી	સિદ્ધક્ષેત્ર
વઢવાણ સીટી	હળવદ	કપડવંજ	વઢવાણ કેમ્પ
રાધનપુર	ખંભાત	જામનગર	ભાવનગર

લી. પ્રેમચંદ મોહનલાલ
શ્રી-સિ-સા-પ્ર-સમિતિ,
ઑ-કાર્યવાહક.

સુધા-સાગર

(નોંધ :- સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. તંત્રી.)

૧૧૫ સુખના અર્થી આત્માઓએ, હું કોણ ! ક્યાંથી આવ્યો ! કેવી રીતે આવ્યો ! કયા કુળનો ! મારો ધર્મ કયો! તે પામ્યો શાથી .! મારું કર્તવ્ય શું ! આગામી સુખોને માટે મેં શું કર્યું ! આ બધીએ બાબતોને "શય્યા છોડતાં પહેલાં" પ્રથમ હૃદયપટ પર આલેખન કરો !!!

૧૧૬ દેખાવમાં મોટો ! સંખ્યામાં સેંકડો ગુણો ! અને કળા કૌશલ્યમાં કુનેહબાજ એવા પણ શત્રુથી ગભરાઈને સત્ય તો છુપાવાય જ નહીં !!!

૧૧૭ કષાયાદિ કરોડો મણની શીલા તળે આત્મા દબાયો છે, બળ અને કળથી પણ કાર્ય સિદ્ધિ જ કરો!

ટાઈટલ પાના ત્રણ પરની અગત્યની સુચના જરૂર
..... વાંચીને પ્રત્યુત્તર આપો .....

૧૧૮ 'રાજમાર્ગમાં રખડતા કિટકની માફક' આત્મસિદ્ધિની જ ધૂનમાં આત્માઓ પાસે કર્મ તો સ્વતઃ કચડાઇ જવાનું જ છે !!!

૧૧૯ ગુણો પ્રાપ્ત થયા પછી જ ગુણી પ્રત્યે બહુમાન, પ્રેમ અને સાચી સેવા સંપાદાન થાય છે માટે ગુણના ગ્રાહક બનો !

૧૨૦ દોષોને દોષરૂપે જાણવા (ઓળખવા) પછી જ દોષ ઉપર અરૂચિ થાય છે !

૧૨૧ મદોન્મત્ત માનાદિ હસ્તિઓને પણ મશહૂર મૃગાધિરાજ રૂપી માનવ માહત કરે જ છે !

૧૨૨ દૂષણથી ડરનારો જ દોષથી દૂર થવામાં સફળ થાય છે !

૧૨૩ સ્વસ્થાનની શુદ્ધિ સિવાય સુ અને કુ વસ્તુઓને તત્સ્વરૂપે ઓળખી શકાતી જ નથી !

૧૨૪ ગુણીજનો પ્રત્યે બહુમાન અને આદરભાવ વિના આત્મભાવની સન્મુખ જવું એ પણ બહુ બહુ મુશ્કેલ છે.

૧૨૫ અનાદિના ભવભ્રમણમાં ભટકતા ભવ્ય અને ભદ્રિક એવા ભાગ્યવાન ભવ્યાત્માઓને પણ ભવિષ્યના ભયંકરતા ભર્યા ભવભ્રમણની ભેરીના નાદો નહીં અટકવાનું કારણ એ જ છે કે હજુ પણ તે સાચી ભૂલો સમજવા અને સુધારવા લલચાયો જ નથી !

૧૨૬ સત્યને તથા સ્વરૂપે સમજવા હૃદય તૈયાર નથી !

૧૨૭ નિર્મળ કાર્ય નિહાળવા ચક્ષુ પણ નથી !

૧૨૮ સુધરવાની સુંદર તક ગુમાવવી નહીં !

૧૨૯ આત્મા કર્મરૂપી કટુ ફળોને હજુ સુધી દિનપ્રતિદિન પુષ્ટ જ બનાવતો રહ્યો છે !!!

૧૩૦ આત્મા પ્રજ્ઞાચક્ષુતા, બધિરતા અને નિર્વિવેકીપણાને સર્વથા દૂર કરી શકયો જ નથી એ ખ્યાલ પ્રતિ પળે રહેવો જોઈએ !

૧૩૧ હિત શિક્ષાને શ્રવણ કરતાં આત્મા કલુષિત થાય તો સમજવું કે ભાગ્યદશામાં ભોપાળું જ છે!

૧૩૨ મસ્તકને છેદવા ઇચ્છતો શત્રુ પણ ભૂલ કાઢે તે ભૂલ ભૂલરૂપે જ હોય તો તેનો પણ ઉપકાર વાળવા જેવી તૈયારી થશે ત્યારે તો બાળકથી પણ બતાવાયેલી ભૂલને ભયંકર માની સુધરવાનું માનસ ઘડાશે !!!

૧૩૩ ખિસ્સામાંથી સરી પડેલો હીરાનો નેકલેસ ભલે શત્રુ બતાવે તો પણ લેવો જ રહે છે એમ સમજી હીતના ગ્રાહક બનો !!!

૧૩૪ શાણા દુશ્મનનું શરણ સારું પણ મૂરખ મિત્રની તો મહેરબાની પણ મોંઘી પડશે !

૧૩૫ હાર શોધી આપનારની કિંમતમાં શત્રુ પ્રત્યેનો શત્રુભાવ સંતાઇ જાય છે તેમ ભૂલને તત્સ્વરૂપે ઓળખાવનાર શત્રુના પણ ઉપકારના બદલામાં ઓછામાં ઓછું શત્રુભાવને ભૂલવા જેટલું તો તૈયાર રહેવું જ ઘટે !

૧૩૬ આત્માને ઓળખ્યો તેણે સારા એ જગતને સારાસારપણે ઓળખેલ જ છે !

૧૩૭ ગુણ એ શત્રુથી પણ ગ્રાહ્ય જ છે !

૧૩૮ હરપળે સોદાના કબાલા, અને મકાનના ચોક્કસ દસ્તાવેજની ચિંતામાં જ જીવન વેડફી નાખનારાઓએ ખાસ ધ્યાનમાં રાખવું કે આયુષ્યના ખંડિત દસ્તાવેજને અખંડિત બનાવવાનું તો વિસરી જ જવાના પરિણામે તે દસ્તાવેજનું પણ ભવોભવને વિષે લીલામ કરનાર પોતે જ છે.

૧૩૯ ચારે વર્ણાશ્રમને અનુક્રમે સેવવાની જ વાતો કરનારાઓએ વિચારવું કે તે ચારે આશ્રમોની સંપૂર્ણતા કેળવી શકું તેટલા વરસ મરણ તો પોતાથી દૂર રહેવાની મહેરબાની કરશેને !

૧૪૦ વર્ણાશ્રમની જ વ્યવસ્થાના વલોપાતમાં વહેતું મૂકનારાઓ પણ જો સાચા કર્મવાદી હોય તો વૈરાગ્યને તો લેશ માત્ર પણ વિસારી શકેજ નહીં !

* * *

જીર્ણોદ્ધાર માટે અપીલ

શ્રી પ્રાચીન તીર્થોદ્ધાર વાસ્તે દાન કરવા માટે ઉત્તમ સ્થાન.

શ્રી મારવાડની મોટી પંચ તીર્થી - શ્રી રાણકપુરનું ભવ્ય દેવાલય.

શ્રી મારવાડના સાદડી ગામથી છ માઇલ દૂર શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું મારવાડ પંચ તિર્થોનું મુખ્ય સ્થાન શ્રી રણકપુર તિર્થ આવેલું છે. તે તિર્થનું ૧૪૪૪ સ્તમ્ભવાલું વિશાલ મંદિર શ્રી નાદીયા ગામના ધનાશાહ પોરવાડે સ્વપ્નમાં જોયેલા શ્રી નલિની ગુલ્મ વિમાનના આકારનું પંદર કરોડ દ્રવ્ય ખરચી સંવત ૧૪૩૪માં બંધાવેલું અને તેમાં પ્રતિષ્ઠા શ્રી. સોમસૂરીજીએ સં. ૧૪૪૬માં કરેલી તે ભવ્ય દેરાસરની હાલ જીર્ણોદ્ધાર કરાવવાની આવશ્યકતા છે. આવા વિશાળ મંદિરના જીર્ણોદ્ધારમાં નાણાની મોટી રકમની જરૂર પડે તે સર્વ ભાઇઓની જાણમાં છે. આપણી પૂર્વ થઇ ગયેલા પુણ્યશાળી પુરુષોની જાહોજલાલીના નમૂના રૂપી આ મંદિરના ઉદ્ધારમાં સખી ગૃહસ્થોએ પોતાનો હાથ લંબાવી સારી રકમ આપવાનું પુણ્ય ઉપાર્જન કરવા વિનંતી છે.

૨. શ્રી એડનના દેરાસર તરફથી આ તિર્થના જીર્ણોદ્ધાર સારુ રૂ. ૨૦૦૦ની રકમ મોકલી આપવામાં આવી છે.

૩. જે રકમો મોકલો તે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદના ઉપર મોકલી આપવા તસ્દી લેશોજી તા. ૮-૧૦-૩૨.

પ્રતાપસિંહ મોહોમાવાળા.

અગત્યની સુચના.

૧. પૂજ્ય મુનિવરો પ્રત્યે :-

આજરોજ ચોમાસું પુરૂ થયું છે આપ હવે વિહાર કરવાના હશો તો આ પેપર હાલ મોકલવું કે કેમ અગર કયા સ્થળે મોકલવું તે જણાવશો.

૨. આ પેપરનો ચોથો અંક જેના લવાજમ નહીં આવ્યા હોય તેને વિ. પિ. કરાશે. માટે યુવક મંડળ પત્રિકાના ગ્રાહકોએ રૂા. ૧॥ ત્યા નવા ગ્રાહકોએ રૂા. ૨) તરત મનીઓર્ડરથી મોકલવા અગર તેટલી ટીકીટો મોકલી આપવી.

૩. જાહેર ખબર આપનારાઓને :-

આ પેપરમાં જાહેર ખબરો સાધારણ ભાવથી લેવાશે.

તમોને શાની જરૂર છે !!!

જૈન ધર્મનાં પ્રાચીન અને અર્વાચીન જૈન સાહીત્યની જરૂર છે ? તો તુરત નીચેના સરનામે પત્રવ્યવહારથી પૂછો-

દેવચંદ લાલભાઈ. જૈન પુ. ફંડ ગોપીપુરા, સુરત.

એકજ નિશ્ચય !!!

જે જીવો જગતના સર્વ પદાર્થો પ્રત્યે જેવો પ્રેમ રાખે તેવોજ પ્રેમ નિર્ગ્રંથ (ત્યાગમય) પ્રવચન પ્રત્યે રાખે તે શાસનમહેલના પ્રથમ અર્થ નામના પગથીયા પર ચઢેલા છે.

જે જીવો જગતના કલ્પવૃક્ષ, ચિંતામણી, ચિત્રાવેલી વિગેરે સર્વોત્તમ પદાર્થો કરતાં પણ નિર્ગ્રંથ (ત્યાગમય) પ્રવચનને અધિકપણે અંગીકૃતકરે, તે પરમાર્થનામન બીજા પગથીયા પર ચઢેલા છે.

નિર્ગ્રંથપ્રવચન સિવાય વિશ્વમાં વિખ્યાત પામેલા સર્વપદાર્થો (જેવા કે સ્ત્રી, મા, બાપ, ભાઈ, ભાડું, ધન, ધાન્ય, કુટુંબ, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, રાજા, મહારાજા, ચક્રવર્તીપણું, યાવત્ ઈંદ્રપણું) એ બધાં ભયંકર જુલ્મગાર છે !!! એવી ધારણા થાય ત્યારે જ અનર્થ નામના ત્રીજા પગથીયાપર ચઢેલા છે, બલ્કે જૈન શાસનમહેલની યથાર્થ મોજમઝા માની રહ્યા એમ કહી શકાય, પંરતુ ઉત્તારોત્તર અર્થ-પરમાર્થ અને અનર્થ રૂપ ત્રણ સોપાન સમજવા તે સ્હેલ નથી !!!

તેઓ હરદમ ત્યાગમય પ્રવચનની હું શ્રદ્ધા કરૂં છું, પ્રતિતી અને રૂચિ કરું છું, એવું બોલતા હતા. આ ઉપરથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિઓ અને દેશવિરતિવાળાઓએ એકજ નિશ્ચય કરવો ઘટે છે કે ત્યાગમય પ્રવચન સિવાય જગતભરના જગ જાહેર પદાર્થો જાલીમ જૂલ્મગાર છે!!!

ચંદ્ર.

REGISTERED NO. B. 3047.

ધાર્મિક ધામોમાં દ્રષ્ટિપાત.



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ	મુંબઈ તા. ૨૭-૧૧-૩૨, રવિવાર	વીર સંવત્ ૨૪૫૯
અંક ૪થો	કાર્તિક ૦))	વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नत् गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

-: ઉદ્દેશ :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનો નો ફેલાવો કરશે :-

વિષયાનુક્રમ

ધાર્મિક ધામોમાં દ્રષ્ટિપાત !!!
.....પાનું-૭૩

આગમોદ્ધારકની અમોઘ દેશના
.....પાનું-૭૬

સાગર સમાધાન
.....પાનું-૮૮

વર્ધમાન તપ
.....પાનું-૯૪

સુધા-સાગર
.....પાનું-૯૬

અગત્યની સૂચના.

૧. પૂજ્ય મુનિવરો પ્રત્યે:-

હવે આપ વિહારમાં હશો જેથી આ પેપર ક્યા સ્થળે મોકલવું તે જણાવશોજી.

માનવંતા ગ્રાહકો પ્રત્યે :-

૨. આ પેપરનો ચોથો અંક જેના લવાજમ નહી આવ્યા હોય તેને વી. પી. કર્યો છે. યુવક મંડળ પત્રિકાના ગ્રાહકોએ રૂા. ૧॥ તથા નવા ગ્રાહકોએ રૂા. ૨) ભરી વી. પી. લઇ લેવું.

૩. જાહેર ખબર આપનારાઓને :-

આ પાક્ષિકમાં જાહેર ખબરો સાધારણ ભાવથી લેવાશે.

સિદ્ધચક્ર. (પાક્ષિક)

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થઃ- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક"

પ્રથમ વર્ષ અંક ચોથો	મુંબઈ, તા. ૨૭-૧૧-૩૨, રવિવાર. કાર્તિક-૦))	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

ધાર્મિક ધામોમાં દ્રષ્ટિપાત !!!

જૈન મંદિરના ટ્રસ્ટીઓ માલિકીપણાનો દાવો વિસરી જાય ! એવી કદાગ્રહ પૂર્ણ વાસનાઓથી અલિપ્ત રહે ! પોતાને પ્રમાણિકપણા સાથે ધર્મ પ્રવીણતાવાળો સમજીને સંઘે સુપ્રત કરેલો હોદો સંભાળતાં તે ટ્રસ્ટી સંઘના ધ્યેય ને ઘડીભર પણ ન ચૂકે! વસ્તુતઃ મંદિરમાં પવિત્રપણ બિરાજમાન પરમ પરમાત્માની મૂર્તિના અમે ભાગીદાર નથી પણ સેવક જ છીએ એ લક્ષમાં રાખી સેવ્યતારક દેવ-જે-જે મંદિરમાં બીરાજતા હોય, બીરાજવાના હોય તે-તે મંદિરોમાં પણ સેવકની સેવા હાજરં જ હોય એ શુભ ભાવનાથી ભરપુર બંન્યા રહે ! એક મંદિરના ટ્રસ્ટીએ બીજા કોઈ પણ મંદિર પ્રત્યે સેવાભાવ પણ સમાન જ રાખવાની વાતને વિસારી શકાય નહીં ! તેમજ પાઠશાળા (વિદ્યાશાળા) વર્ધમાન તપ કે નવપદાદિ કોઈ પણ ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટીઓ (કાર્યવાહકો) એ પણ અન્ય તેવી સંસ્થાઓની નિભાવ દ્રષ્ટિ તો સમાન જ રાખવી રહે ! એક જ ઉપાશ્રયના ટ્રસ્ટીએ તથા પ્રકારનો સેવાભાવ જગતભરના ઉપાશ્રયોને સમર્પણ કરવો ઘટે! મતલબ કે સંકુચિત વૃત્તિને કોરાણે મૂકી શુદ્ધ લાગણીવાળા મહારથીઓએ પોતાની લાગણીને સર્વવ્યાપક બનાવવી ઘટે ! દરેકે દરેક સંચાલકોએ ઉપરની બધીએ બાબતો ઉપર ખંતપૂર્વક લક્ષ આપી પોતાનામાં તેનાથી કાંઈ વિપરીતતા હોય તેને સમાજ હિતની ખાતર અને પોતાના પણ આત્મ કલ્યાણની ખાતર સત્વર દૂર કરવી ઘટે !

આત્મ વિકાસને માટે જ પૃથ્વીતળને પાવન કરનારી સંસ્થાઓ પૌદ્‌ગલિક નહીં પણ ધાર્મિક વિશેષણોથી જ વિભૂષિત છે એ પ્રતિપળે ધ્યાનમાં રાખવું ઘટે ! સ્વરૂપ દર્શક અને વ્યવચ્છેદક એમ બે પ્રકારના વિશેષણો છે. આ ધાર્મિક વિશેષણમાં વ્યવચ્છેદક છે. જે સંસ્થાઓ ધાર્મિક શબ્દથી અલંકૃત હોય તેણે જ ધાર્મિક શબ્દનું યથાર્થ સાર્થક કરવું રહે છે ! વાત એમ છે કે તેવી ઉત્તમ પણ સંસ્થાઓના માત્ર ઉદરમાં ચૈતન્ય ભાવના હોવાથી આપણે તેને ચૈતન્યવંતી માનીએ છીએ એટલું જ ! વાસ્તવિક રીતે તેના જીવન પ્રાણરૂપ તો તેના સંચાલકો જ હોવાથી ચૈતન્યની જવાબદારી તો તેને શીરે જ છે !!!

આથી એ પણ સિદ્ધ છે કે સંસ્થાઓ તો પોતાના ધ્યેયને પાર પાડવાની શક્તિ પોતાના ઉદ્દેશ દ્વારાએ જ જણાવી શકે ! તે ઉદ્દેશ તે ચૈતન્ય ભાવ ! અને એને વિકસાવવા માટે જ ચૈતન્યવાન એવા ટ્રસ્ટીઓ અને કાર્યવાહકો વિગેરેની નિમણૂક કરાય છે; એ સંચાલકોના ખ્યાલ બહાર જવું ન ઘટે !

"જેનો સેનાપતિ નબળો તેનું લશ્કર ખાડામાં" એ ઉદાહરણને યાદ રાખે તો પોતે જાગૃત થઈ સંસ્થાને અવ્યાબાધ સુરક્ષિત બનાવતા થઈ સમાજના અંતરશ્રાપોથી અવશ્ય બચે ! બીજી પણ કહેવત છે કે "જેનો ધણી આંધળો તેનું કુટુંબ કૂવામાં" તદ્‌નુસાર તે તે સ્થાનોના સંઘોએ પણ કોઈને સંસ્થાના સંચાલકો સ્થાપવાના હોય ત્યારે તેનું આખુંએ જીવન ઉકેલવાની પરમ આવશ્યકતા રહે છે. ધર્મભાવના વિનાના ગમે તેવા લાજ મર્યાદાવાળા લક્ષ્મીવાને પણ સંસ્થાના ધ્યેયને સફળ કરવાને બદલે સંસ્થાની શક્તિને ઊલટે જ માર્ગે વેડફવાના ઘણાએ દ્રષ્ટાંતો મોજુદ જણાતા હોય, તો હજુ પણ ભૂલ્યા ત્યાંથી ફરી ગણી ધર્મવાસનાથી વાસિત હોય એવા જ સંચાલકો સ્થાપવાની ઘણી ઘણી જરૂર છે. સંચાલકોએ એ પણ ખ્યાલમાં રાખવું જરૂરી છે કે જે સંસ્થાએ આર્થિક, માનસિક વૈજ્ઞાનિક, અને સામાજિક વિગેરે વિશેષણોનો સદંતર ત્યાગ જ કરેલો હોય બલકે ધાર્મિક વિશેષણથી જ વિભૂષિત હોય તે સંસ્થાની સર્વ કાર્યવાહીમાંથી ધર્મ સિવાય બીજો ભાવ તો ધ્વનિત કરી શકાય જ નહીં !!!

ધાર્મિક સંસ્થાનું એક પણ કાર્ય, એનો એક પણ નિયમ અને એને અંગે ઉપસ્થિત થતો એક પણ પ્રસંગ ધર્મને વ્યાઘાત કરનાર તો હોય જ શાનો ? ધાર્મિક સંસ્થાના નિયમો તો ધર્મની જ પુષ્ટિ કરી શકે ! ધર્મને બાધા ઉત્પન્ન કરે તેવા નિયમો, બંધારણો કોઈ પણ ધાર્મિક સંસ્થામાં હસ્તિ ધરાવતા હોય તો તેને વિના વિલંબે રદ કરે જ છૂટકો ! ધાર્મિક સંસ્થાના સંચાલકોને જો ધર્મની સાચી ધગશ હોય તો આ અમારી સ્વ પર હિતાવહી સલાહને પ્રથમમાં પ્રથમ તકે વધાવવી જ રહે છે !!! ધર્મના રક્ષણ માટે જીવતી સંસ્થાઓ જગતને આશીર્વાદરૂપ જ હોવાથી તેના ધ્યેયથી તેને ચૂકાવવાનું કર્તવ્ય ધર્મીનું નથી !!! કોઈ એમ કહે કે આવી સંસ્થાઓથી જેમ ધર્મનું રક્ષણ થાય સાથે તે દ્વારા સમાજ, દેશ અને પુદ્‌ગલનું પણ રક્ષણ થાય તો તમને શું વાંધો ? વાસ્તવિક તો વાત એ છે કે આવા

પ્રશ્નો ધર્મથી અજ્ઞાત્ આત્માઓને જ ઉદ્ભવે છે. છતાં પણ તેવા દરેકે-આસન્નોપકારી વીરવિભુના પવિત્ર શાસનના શણગાર, અને સાડા ત્રણ ક્રોડ ગ્રંથના રચયિતા કળિકાલસર્વજ્ઞ આચાર્ય દેવ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજીનું સ્વોપજ્ઞકૃત શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન તપાસવું શ્રેયસ્કર છે. જેમાં તેઓ શ્રીમાન્ સામાજિક, આદિ શબ્દોની માફક ધાર્મિક શબ્દની પણ વ્યુત્પત્તિ કરતાં ફરમાવે છે કે **समाजं रक्षतीति सामाजिकः** અને **धर्मं रक्षतीति धार्मिकः** એટલે કે સમાજનું રક્ષણ કરે તે સામાજિક સંસ્થા અને ધર્મનું રક્ષણ કરે તે જ ધાર્મિક સંસ્થા કહેવાય !!!

આ બધીએ વાતો હજુ પણ અકળાવતી હોય તો વિચાર કરવો કે ઘણા એ વિશેષણોથી વિભૂષિત સંસ્થાઓમાં (ધાર્મિક) એવું નવું વિશેષણ લગાડી નવી જ સંસ્થાઓ ઉત્પન્ન કરવાનો હેતુ તો કાંઈક નવીન જ હોવો જોઈએ ! આ વાત વિચારતાં અંતરનાદ એમ કહે (કે હતી તે સંસ્થાઓ તો પૌદ્ગલિક અને તેમાંથી આત્મભાવની તો ગંધ પણ મળવી મુશ્કેલ હતી, "જેથી આત્મ ભાવ, અને તેનું રક્ષણ કરનારી ધાર્મિક સંસ્થા પણ જોઈએ." આવા વિચારનું પરિણામ જ તે સંસ્થા છે.) તો પછી સમજવું ઘટે કે આત્મભાવ અને તેને પ્રાપ્ત કરનાર ધર્મ એ બંનેના હેતુભૂત જ તેની ઉત્પત્તિ હોવાથી તેવી દરેક સંસ્થાઓ તે બે કાર્યને જ લાયક છે ! અને એમાં લેશમાત્ર શંકાને સ્થાન પણ નથી ! આટલા માટે તો હરકોઈ વખત કહેવાય છે કે **પૌદ્ગલિક સંસ્થાઓમાંથી આત્મભાવ જેમ શૂન્ય પ્રાયઃ છે, તેવી જ રીતે ધાર્મિક સંસ્થાઓમાંથી પૌદ્ગલિક ભાવ પણ શૂન્યપ્રાયઃ હોવો જ ઘટે છે !!!** હવે સમજાયું હશે કે નિર્માણ થયેલી સંસ્થાનું જે ધ્યેય હોય તેને તે જ ધ્યેયમાં સ્થિર રાખવી તે સંચાલકોનું પરમ કર્તવ્ય છે ! ધ્યેયથી વિમુખ બની સંસ્થાનો દુરુપયોગ કરનારા સંચાલકો ધર્મને નામે સંસ્થાને તત્ત્વસ્વરૂપે ટકાવી શકે જ નહીં. વળી, તેવી સંસ્થાઓને ધાર્મિક વિશેષણથી સંબોધનારા તો ધર્મ શૂન્ય જ સંભવે ! એવાઓ ધર્મને વિકસાવનારા નથી પણ ધર્મના ઓઠા નીચે સારાએ સમાજમાં અધર્મનું સામ્રાજ્ય જમાવનારા છે ! સુજ્ઞ અને ધર્મીજનો અકલ્યાણથી અટકે, સંસ્થાના ધર્મી સંચાલકો સંસ્થાના ધ્યેયને સંપૂર્ણ વળગી રહે, પોતાની જ્યાં જ્યાં ગલતી થતી હોય ત્યાં ત્યાં પોતાના પણ આત્મ કલ્યાણને માટે તાત્કાલિક સુધારો કરે, અને સમાજને સુવ્યવસ્થિત બનાવવા સંસ્થાના નાવને કીચડમાંથી ખેંચી કાઢે. અતએવ ધાર્મિક સંસ્થાના સર્વ સંચાલકો ધાર્મિક વિશેષણની શુભ ભાવના વડે જ સાર્થકતા કરવા હરહંમેશ કટિબદ્ધ રહે !!!

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

નિર્ગ્રંથો વગર જૈન શાસન નથી !!!

વર્તમાન શાસનના માલિક શ્રી આચાર્ય છે !!!

ज्ञानादृते न मुक्तिः એ વાક્ય મિથ્યાત્વીઓનું છે !!!

અક્કલ ઉધારે મળે તે કામ લાગે છે, પણ કરણી તેમ મળતી નથી ને કામ લાગતી નથી!! સંગ્રહકાર ભગવાન શ્રી ઉમાસ્વાતિ વાચકજી મહારાજ અને સમ્યક્ શબ્દ.

पंचायारपवित्ते, विसुद्धसिद्धंतदेसणुज्जुत्ते ।
परउवयारिक्कपरे, निच्चं झाएह सूरिवरे ॥

અણસમજુ ન કહેવાય.



શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે શ્રીપાલ મહારાજાની કથાનું વિવેચન કરતાં ફરમાવે છે કે તેમાં ચાહે તો રિદ્ધિ, સિદ્ધિ, ઇષ્ટની પ્રાપ્તિ વિગેરે કોઈ પણ અધિકાર આવે પણ તે દરેકની પ્રાપ્તિનું કારણ તો એક જ છે; અને તે કયું ? નવપદનું આરાધન ! 'રિદ્ધિ, સિદ્ધિ, જયની પ્રાપ્તિ અને રોગનું નિવારણ એ દરેકમાં મુખ્ય ધ્યેય તરીકે તો કેવળ નવપદનું આરાધન જ છે.' આરાધન કરતાં જો એમનું નવપદ તરફ લક્ષ જ ન ગયું હોત અને માત્ર રિદ્ધિ વિગેરે તરફ જ ધ્યાન હોત તો એ રિદ્ધિ-સિદ્ધિ પણ પ્રાપ્ત થાત ખરી કે?

ગાયને ચારવી નથી, ઘાસ ખવડાવવું નથી અને દૂધ દોહવું છે-તો તે દૂધ કદી પમાય ખરું ? વળી જે ગાયને ચારો ખવરાવવાની પણ મહેનત ઉઠાવીએ નહીં અને ફક્ત તેના દૂધના જ ગુણ ગાયા કરીએ એનો અર્થ પણ શો ? કહો કે એ તો કેવળ વચનમાં જ દૂધ રહી જવાનું ! જેમ ગાયનું પોષણ કર્યા વગરનું દૂધનું વર્ણન વચનમાં જ રહેવાનું; તેમ આપણે એ નવપદના આરાધન દ્વારા ફક્ત શ્રીપાલની સમાન રિદ્ધિ સમૃદ્ધિની પ્રાપ્તિની ઇચ્છા કરીએ અને નવપદ તરફ ધ્યાન જ ન આપીએ તો એ બધુંએ આરાધન નિષ્કામપ્રાયઃ બનવાનું.

શંકા-નવપદનું આરાધન કરવા પૂર્વક ઇષ્ટ સિદ્ધિનું ધ્યેય આવે તેમાં તો સંમત છોને ? વળી, ગાયના દૂધની વાત કરે અને પોષણ ન કરે તો તે વાત નકામી પણ ગાયનું પોષણ કરીને પછી દૂધની ઇચ્છા કરે તે તો વાસ્તવિક ખરુંને ?

સમાધાન-નવપદના પ્રભાવથી બધું પ્રાપ્ત થશે, માટે ધ્યેય તો એકજ રહેવું જોઈએ ! તેનો પ્રભાવ જ અચિંત્ય છે. જેથી ઈષ્ટ વસ્તુઓ તો આપોઆપ મળવાની ! ધનાઢ્ય માણસો મોંઘા ભાવની એકઠી કરેલી વસ્તુઓને બજાર ભાવ નરમ થવાને ટાઈમે ઓછી કિંમતે વેચતા નથી; પણ તેના તે ગૃહસ્થો નરમ સંજોગોમાં તે આકરા ભાવવાળી ચીજોની કિંમત લક્ષમાં હોય; તો પણ તેને ચાલુ બજારે પોતાની સગવડની ખાતર વેચી નાંખે છે !

અહીં કોઈ તેને કહે કે આ શું કર્યું ? ઊંચા ભાવનો માલ ઓછામાં જાય છે માટે વિચાર કર !!!

આ વખતે વેપારી શું કહે ? મારી પાસે નાણાંની સગવડ નથી તેથી શું કરું ! તારી વાત વ્યાજબી છે કે મોંઘા ભાવની ચીજો મોંઘા ભાવે જ વેચવી જોઈએ પણ માલ બહુ ભરાઈ ગયો અને નાણાંની ત્રેવડ નથી તેથી જ નરમ ભાવે વેચવું પડે છે ! કેમ એમ જ કહે છે ને ? અને એ સાંભળી શિખામણ દેનારને પણ તેનું તે કાર્ય દક્ષતા ભર્યું મનાય છે ! અને તેમ બોલતાં બોલતાં દક્ષ તો તુરત પકડે કે આ તો મુસીબતમાં મૂકાયો છે જેથી તેમ કરે છે. બાકી માલની મૂળ કિંમત તેના લક્ષ્ય બહાર નથી જ ! એવી રીતે આરાધક પણ અહિં નવપદની આરાધનાનું ફળ તો મોક્ષ જ માને છે. આત્મ કલ્યાણ એ જ ફળ માને છે. ફક્ત તેટલો વખત પોતાની ધીરજ ન રહે અને તેનો રિદ્ધિ સમૃદ્ધિ માટે કદી ઉપયોગ થઈ પણ જાય ! હા એટલું ખરું કે તેમાં તેની ખામી સમજે ! પેલો વેપારી વિચારે કે મારી પાસે ત્રેવડ (સગવડ) હોત તો આ ભાવમાં માલ કદી આપત નહીં ! તેમ આરાધકે પણ શક્તિની ખામીને અંગે લૌકિક ફળ ઈચ્છયું હોય છતાં પણ લોકોત્તર ઉપર લક્ષ્ય હોય તો તેને અજ્ઞાની ન કહેવાય !!!

મુખ્ય ફળને સમજતો નથી અને સમૃદ્ધિનું જ લક્ષ રાખે તે અજ્ઞાન છે ! પરરાજ્યે ચારે બાજુથી શહેરને ઘેરો ઘાલ્યો હોય, શહેરમાં ખોરાક આવતો બંધ થાય, તેવા વખતે ગામમાં રહેલા એક મોટી વયના આદમીને સોનાની કલ્લીને બદલે બરફી લેવી પડે તે, અને એક અણસમજુ છોકરો તેવા પ્રસંગ વિના ફક્ત બાળભાવે કલ્લીને બદલે બરફી લે તો તે, એ બંને સરખા ખરા કે ?

(સભામાંથી) : ના-જી !

કારણ એ જ કે મોટા મનુષ્યે કલ્લીની કિંમત ધ્યાનમાં રાખી છે. બરફીને બદલે કલ્લી દેતાં તો તેનું કાળજુ કપાય છે, પણ કરે શું ? બીજો ઉપાય નથી !!! જો એમ ન માનીએ તો ક્ષાયિક સમ્યક્ત્વી એવા આચાર્યોએ ફક્ત ઉપસર્ગો નિવારવા માટે જ કાઉસગ્ગ કર્યા છે એનું શું કરવું ?

પ્રશ્ન-એ તો ધર્મની રક્ષા માટે છે ને ?

જવાબ-પણ ક્રિયા વખતે અનંતર ફળ કયું ? વળી, પણ જો એમ જ છે તો ભરત મહારાજાએ છ ખંડની સાધના માટે જ અઠ્ઠમ કર્યો તેનું શું ? હવે કહો કે ધર્મ રક્ષાને તપશ્ચર્યા સાથે સીધો સંબંધ જ નથી, બલકે તપશ્ચર્યા તો કોઈ પણ વસ્તુની સાધના માટે પણ કરાય છે !!!

લોકોત્તર મિથ્યાત્વ !

કૃષ્ણ મહારાજે ગજસુકુમાળને અંગે કરેલા તપથી દેવનું આરાધન, વળી ભરત મહારાજનું છ ખંડને સાધવાને નિમિતે કરેલ અઠ્ઠમ તપનું આરાધન એ દરેકને ક્યાં ગણશો ? તેમજ રાવણ વિગેરેએ જે અન્ય દેવતાને આરાધ્યા છે તેને ક્યાં ગણશો ?

જૈન શાસનમાં લૌકિક ફળની અપેક્ષાએ તો અન્ય દેવને આરાધવા તે તો મિથ્યાત્વ કહ્યું છે, તો રાવણને કેવા ગણશો ? રાવણે તેમ કર્યું તે કરવા લાયક તો નથી જ, પણ તેમાં તો વાત એ છે કે તે વખતે જૈન ધર્મની એવી જાહોજલાલી હતી કે જેને અંગે મિથ્યાત્વી દેવોના મહિમાની છાયા પડે તેમ ન હતું !!! દ્રષ્ટાંત એક બે છે તે ન લઈએ પણ આ તો સ્થાનસર બધે આવવું પડે ! સંતિકરં, અને નાની શાંતિ, ઉવસગ્ગહરં એ બધા સ્તોત્રો શા માટે ? સમકિતદ્રષ્ટિ દેવતાનું પણ આરાધન શા માટે ? કહો કે એ બધુંએ ઉપસર્ગના નિવારણને માટે ! એમાંથી "ધર્મ રક્ષા" ની વાત તો પરંપરાએ જ કરી શકાય !!!

વાત એ છે કે નવપદજીના આરાધનના ફળ પણે મુખ્ય વસ્તુ તો આત્મકલ્યાણ, મોક્ષ અને કર્મક્ષય જ છે માટે તેને આરાધતાં એ વસ્તુમાંથી કોઈ પણ દિવસ ચિત્ત ખસવું જ ન જોઈએ. આ ખસ્યું તો વસ્તુ જ ખસી ! અને જો એમ જ બને તો દુનિયામાં રાજા, વૈદ્ય અને શ્રીમંતના આરાધન સરખું જ નવપદનું આરાધન ગણાય ! (માન્યું ગણાય) નૃપાદિની સેવા જેમ અર્થનું કારણ તેમ નવપદજીની સેવા પણ ફક્ત અર્થના હેતુભૂત ઠરી જાય ! એ પરમ પદોનું આરાધન કરતાં આવું જ ફળ લક્ષ્યમાં રહે તો તે પ્રગટ લોકોત્તર મિથ્યાત્વ જ છે !

મુખ્ય ફળની ઇચ્છા સંયોગને આધીન છે. એ નવે પદનું આરાધન શ્રીપાલ મહારાજે સ્થાન સ્થાન પર કરેલું છે. જ્યાં કન્યાને મેળવવાનો પ્રસંગ હોય ત્યાં પણ સ્હેજે નવપદનું સ્મરણ, અને આપત્તિના પ્રસંગે પણ નવપદનું સ્મરણ કરેલું છે ! પણ એનું કારણ તપાસો ? પોતાને મળેલી બધીએ રિદ્ધિ સમૃદ્ધિને આરાધનના ફળ રૂપે તેમણે કદીએ માની જ નહોતી. એમણે તો એ નવેપદને, અને તેના મુખ્ય ફળને તત્સ્વરૂપે સમજી હૃદયગત્ કરેલાં હતાં ! અને તેને પરિણામે જ પ્રતિપળે તેમના હૃદયમાં નવપદનું નામ સ્મરણ રહેતું હતું ! મહામુનિ મુનિચંદ્રજીના ઉદ્દેશને તપાસો ? શ્રીવિદ્યાપ્રવાદ નામના પૂર્વમાંથી તેમણે નવપદ મંત્રનો ઉદ્ધાર ક્યો ! શા માટે ? કોઢને મટાડવા ! પણ સાથે ખ્યાલ રાખજો કે તે મહાપુરૂષને મૂળ વસ્તુ ધ્યાન બહાર નથી જ !!! આત્મકલ્યાણને સંભાળવાની (સાચવી રાખવાની) અને તેની સાથે શાસનની મલિનતા પણ ટાળવાની વાત લક્ષ્ય બહાર નહોતી જ ! શ્રીપાલના ચરિત્રમાં આવતા તેમના રિદ્ધિસિદ્ધિના બધા અધિકારો ધ્યાનમાં રાખીએ અને તેમનાથી રક્તચિત્તે સેવાયલા નવપદજીના અધિકારનું ધ્યાન જ ન રાખીએ તો "દૂધ દહીં ઘીની વાતો કરવી છે અને ગાયને ચરવાની ખબર રાખવી નથી." તેવું હાસ્યજનક બને !

દેવ બે પ્રકારના નહીં માનો તો આગમો પણ કલ્પિત છે !

આપણે તો ફળ સાંભળીએ ત્યારે ફળ તરફ સચોટ લક્ષ રાખવું છે, અને આરાધન સાંભળવા તો તૈયાર રહેવું જ નથી; તો અખંડ ફળ જે મોક્ષ તેના ભોક્તા બનીએ જ ક્યાંથી ? શ્રીપાલના ત્રણે

ખંડ વંચાય ત્યાં સુધી તો તલ મુકાય તેટલી જગા ન હોય; અને ચોથો ખંડ શરૂ થાય એટલે જનમેદિનીની શું હાલત હોય છે તે તો જાણો છો ને? આનું કારણ એ જ કે દૂધ, દહીં અને ઘીની વાતોમાં આનંદ માનવા લાગ્યા પણ ગાયને ચારોપાણી આપવામાં તો છીંકવા જ લાગ્યા ? **પણ ધ્યાન રાખજો કે આની માફક જ નવપદની વસ્તુસ્થિતિ જેના ખ્યાલમાંએ ન આવે એ મનુષ્ય લૌકિક ફળના કારણોથી પણ ખસેલો જ છે.** અને લોકોત્તર મિથ્યાત્વમાં ગયો તે તો નફામાં ! આપણે એ જ કહેવા માગીએ છીએ કે મુખ્ય અને ગૌણ ફળને તથા સ્વરૂપે લક્ષ્યમાં રાખે અને પ્રવૃતિ કરે તો જ મનુષ્ય વસ્તુસ્થિતિને તત્સ્વરૂપે સમજેલો અને પામેલો ગણાય. આટલા જ માટે નવપદજીનું વર્ણન કરતાં શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે તે નવેપદ ક્યા ક્યા અને તેમાં પણ આરાધ્ય ચીજ કઈ તે સંપૂર્ણ લક્ષ્યમાં લો ! પહેલી વાત તો એ છે કે કોઈ પણ દર્શન ત્રણ વસ્તુની માન્યતા વગરનું હોતું નથી. એ ત્રણ વસ્તુ કઈ ? દેવ, ગુરુ અને ધર્મ. એટલે કે એ ત્રણે તત્વ છે. એ દરેક દર્શનકારોને માનવા જ પડે ! નવપદજીમાં પણ એ તત્વત્રયી છે જ ! આ ત્રણ સિવાય આરાધ્ય તરીકે ચોથી વાત નવપદમાં પેઠેલી જ નથી. અહીં એ શંકા સહેજે જ થશે કે એમાં આરાધ્ય તરીકે ચોથી વાત જ નથી અને તત્વ તો માત્ર ત્રણ જ છે તો એ ત્રિપદીના નામે જ તપ આરાધન કરવું અને ત્રિપદીનો જ મહિમા કહેવો ! નવેપદને શા માટે ગણવા? એટલે કે શ્રી નવપદમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ જ આરાધ્ય છે તો ત્રિપદીના જ આરાધક બનો! ત્રિપદીનો જ જાપ કરો ! નવેપદોને શું કામ આરાધો છો ? વાત ખરી પણ તેનું સ્વરૂપ સમજાવવું હોય, અને સમજીને જેને આરાધન કરવું હોય તેને માટે તો તે દરેક પદોના તથા સ્વરૂપે વિભાગ કરેલા હોય તોજ એનું આરાધન અને સમજ મેળવવામાં સ્વપરને અનુકૂળતા પડે ! સમજો કે દેવ શબ્દ માત્રથી તેમાં કેવા દેવ ? શરીરી કે અશરીરી તે માલમ પડવાનું નહીં ! માટે તો તે દેવ તત્વના બે ભાગ પાડ્યા છે. **જો શરીર વગરના જ દેવ માને અને સાથે શરીરવાળા દેવ હોય જ નહીં એમ માની લેવાય તો આખાએ જગતમાં અજ્ઞાન રૂપ અંધકાર વ્યાપી જાય !** કારણ કે શરીર વગરના દેવ-દેવનું સ્વરૂપ કહી શકે જ નહીં; શરીર ન હોય તો મુખ ન હોય, મુખ નહીં તો વચન પણ ન હોય અને વચન ન હોય તો અત્યારે પણ તે તારકને જે વડે ઓળખી રહ્યા છીએ તે શાસ્ત્ર તો હોય જ ક્યાંથી ? મતલબ કે એમજ માની લઈએ કે નિરંજન નિરાકાર, અને જ્યોતિ સ્વરૂપ જે દેવ તેજ દેવ ! પણ પ્રશ્ન તો એ રહે છે કે "આવા હોય તે જ દેવ" તો દેવનું સ્વરૂપ કહ્યું કોણે ? આ શંકા આપણને એ હદે પહોંચાડશે કે એ દેવ બધુંએ સ્વરૂપ જાણે ખરા પણ મુખ નહીં હોવાથી કહી શકે નહીં; અને એમ સિદ્ધ જ છે તો પછી બધાએ શાસ્ત્રો કલ્પિત જ ગણાશે ! માટે એકલા નિરંજન નિરાકારને જ દેવ માનીએ તે નહીં ચાલે ! દેવ તો બે પ્રકારના જ માનવા રહ્યા ! તેમાં એક શરીરી અને બીજા અશરીરી ! શરીરી દેવ તે અરિહંત અને અશરીરી તે સિદ્ધ ! આથી ત્રણ પદને નહીં માનતાં નવપદ કેમ કહેવા પડ્યા તે બિના હવે સહેજે સમજાશે. કારણ કે એકલું દેવ તત્વ રાખ્યું હતા તો દેવનું બે પ્રકારનું સ્વરૂપ ખ્યાલમાં આવશે નહીં અને શાસ્ત્રો કલ્પિત માનવા પડત, એમ આપણે સ્પષ્ટ સમજ્યા ? શરીરી દેવ જે છે તે જ પ્રરૂપણા કરે છે અને તેથી તો જગતમાં કલ્યાણ સાધી શકાય છે ! માટે દેવમાં બે પ્રકાર માનવા જ પડે.

પ્રભુત્વની ગંધ પણ મુશ્કેલ.

મૂળ આપણે અપૂર્ણ છીએ. પૂર્ણતાએ પહોંચેલા આત્માને તો આરાધનની જરૂર જ નથી ! એના આરાધનથી તો અપૂર્ણ પણ પૂર્ણતાને પામે છે એ વસ્તુનો નિશ્ચય થાય તો જ આપણે આરાધનને યોગ્ય સતત્ ઉદ્યમ કરી શકીએ. અપૂર્ણ પૂર્ણતાને પામે છે." તે વસ્તુ મગજમાં આવે નહીં ત્યાં સુધી

ઉદ્યમ કરવાને તૈયાર થઈ શકાય જ નહીં. અપૂર્ણ પણ પૂર્ણતાને શાથી પામે છે એ ધ્યેય સમજાવવાને ગુરુતત્ત્વની ખાસ જરૂર જ છે ! દેવના કહેલા તત્ત્વ પ્રમાણે જ ચાલીને એ દેવ તત્ત્વની પ્રાપ્તિ માટે તૈયાર થયેલા હોય તે ગુરુ ! અને નિર્ગ્રંથ, સ્નાતક પુલાક, બકુશ, કુશીલ વગેરે એ બધાએ ગુરુના જ પ્રકારો છે આ દરેકનું ધ્યેય તો એકાંતે વિતરાગપણું જ પ્રાપ્ત કરવાનું હોય છે. એટલે કે વિતરાગપણું અને નિષ્કષાયપણું તો તેના તરફ દ્રષ્ટિવાળા આત્માઓ જ સાધે છે. આમ ક્રમાનુસારે દરેક પદો સાધી શકાય છે. અરિહંતના જીવો સિદ્ધ થાય પણ સિદ્ધ કદી અરિહંત થયેલા હોય એમ માનો છો ? નહીં જ ! કારણ તો તે ભાગ્યવાનો સંસારમાંથી નીકળી ગયા છે તેથી જ ને ? આ ઉપરથી અપૂર્ણ પૂર્ણતાને પામે છે, તે વાત શરીરી દેવ ઉપરથી સાબિત થાય છે ? જૈન શાસનમાં પૂર્ણતાનું રજીસ્ટર નથી બીજા દર્શનમાં પૂર્ણતાનું રજીસ્ટર છે. એને પૂછો કે તમે કેવા પરમેશ્વરને માનો છો ? વળી, ફરી પૂછો કે મારે જ પરમેશ્વર થવું હોય તો શું કરવું ? આના ઉત્તરમાં એ ચુપકીદી જ પકડવાના ? કારણ કે એઓના મત પ્રમાણે તો પરમેશ્વર એક જ છે ! તેમજ બીજો કોઈ પરમેશ્વર થઈ શકે જ નહીં ! એટલે કે તેના પરમેશ્વરે પૂર્ણતાને તો પોતાને ઘેર રજીસ્ટર રાખી છે; અને એથી તો તેને "ચાહે તેટલા ઉપાય કરનારને પણ પૂર્ણતા તો પ્રાપ્ત થાય જ નહીં" એવા સિદ્ધાંતો ઉભા કરવા પડ્યા છે. ઈતિ ખેદે જણાવવું પડે કે એવી પ્રભુત્વતાને પનારે પડેલા આત્માઓને પ્રભુત્વની ગંધ પણ સાંપડવી શંકાસ્પદ છે. અપૂર્ણ પણ પૂર્ણતા પામે છે !

જૈન મતવાળાએ તો પૂર્ણતાને રજીસ્ટર કરી જ નથી. જીવ વિચારમાં પણ તીર્થંકર ભગવાનને આપણે દીપક કહીએ છીએ. અને ખરેખર એ દીપક જ છે. એટલે કે ત્રણ ભુવનને વિષે દીવાસમાન ! દીવાનું કામ શું ? એકથી બીજો અને બીજાથી ત્રીજો પ્રગટાવવાનું કે બીજું કાંઈ ? આ દીપક પણ એવો છે કે એ એક જ દીપકથી બીજો, ત્રીજો, યાવત્ સેંકડો દીપક થઈ શકે છે. દીપક પોતાના જેટલો જ હક્ક પોતાને અને પોતાની સેવા ઈચ્છવાવાળાને આપે જ છે; કારણ કે એનો જાતિ સ્વભાવ જ એ છે ! ભગવાન પોતે જેટલા જ્યોતિર્મય છે, તેવા બીજાને પણ બનાવે છે; એટલે કે તે તારકને આરાધનારાઓનો આત્મા પણ તે મય બને છે ! અરિહંત અને સિદ્ધનું આરાધન પોતાના જેટલું જ સામર્થ્ય બીજાને આપે છે. એથી જે કોઈ લાયક હોય તે એને ખુશીથી મેળવો ! મેળવનારમાં ખામી હોય અને તેવું સામર્થ્ય ન મળે, એ વાત જુદી છે. દુનિયામાં પણ એ સ્પષ્ટ છે કે સૂતરનો કાકડો હોય તો સળગે ! પણ લોઢાનો હોય તો ? કહો કે સળગવાનો જ નહીં ! એવી રીતે અહીં અરિહંત અને સિદ્ધનું આરાધન કરી લાયકાત મેળવવાને અંતે અપૂર્ણ પણ પૂર્ણતા જ પામે છે.

નિર્ગ્રંથ વગર શાસન ટકે જ નહીં !

હવે સમજ્યા હશો કે જૈન શાસનમાં દેવપણું પણ અરિહંત અને સિદ્ધને ત્યાં રજીસ્ટર નથી. એ તારક પદોનું આરાધન કરતાં આ આત્મા પણ તેવો જ થઈ શકે છે; એ વાત તો સિદ્ધાંતની જ છે છતાં પણ આ આત્મા સજ્જડ કર્મના બંધનોમાં ઘેરાઈ ગયેલો હોવાથી એવો તો હઠીલો બન્યો છે કે તેનું સંપૂર્ણ દ્રષ્ટાંત પુરું પાડવામાં ન આવે ત્યાં સુધી તે હિત પ્રવૃત્તિમાં પણ જોડાય નહીં. એટલે કે તેવા ઉત્તમ તારકોને પણ સમજપૂર્વક આરાધવા ઉજમાળ બને નહીં. "આત્માને સો વખત શિખામણ આપીએ તો પણ ન સુધરે, અને એક જ વખત દલીલથી (હેતુ

યુક્તિપૂર્વકથી) સમજાવેલું તુરત અસર કરે." એ કહેવત ઉપરના દૃષ્ટાંતથી બરાબર લાગુ પડે છે. હવે સમજો કે સો વખતની શિખામણથી જે ન સમજ્યો તે ફક્ત એકજ વખતના દ્રષ્ટાંત માત્રથી જ સમજીને સદાચારી બનનાર આત્મા તો પ્રથમથી જ જબરજસ્ત છે. એટલે કે પ્રથમથી જ અપૂર્ણ તો નથી. ફક્ત ઘણા કાળના લાગેલા કર્મરૂપી પડલોને અંગે તે અત્યારે અપૂર્ણ જણાય છે. લાગેલા પડલે જેમ અપૂર્ણ, તેમ ખસેલા પડલે પૂર્ણ થયેલો જ છે. જેમ આત્માને પડલ લાગી શકે તો અપૂર્ણતા થાય તો પડલ ખસે ને પૂર્ણતા થાય તેમાં આશ્ચર્ય પણ શું ? અને એટલા જ માટે કહીએ છીએ કે આત્માને સો શિક્ષા કહેવાથી અને જે અસર ન થાય તે એક શાસ્ત્રની દલીલથી થાય, અને શાસ્ત્રની સો દલીલથી જે અસર ન થાય તે એક સર્વજ્ઞ શાસ્ત્રમાં કહેલ ફક્ત એક જ દ્રષ્ટાંતથી અસર થવાની ! ભાવ એ છે કે જેટલા પ્રત્યક્ષ દ્રષ્ટાંતો અસર કરે તેટલા પરોક્ષ અસર કરવાના નહીં ? જેમકે દ્વાદશાંગી શાશ્વતી છે, અને તેમાં ખંધક મહામુનિ અને મેઘકુમારાદિ જે મહાવીર ભગવાનના વખતમાં જ થયેલા છે, તેમના પણ વર્ણનો આવે છે; તો પછી તેને શાશ્વતી શી રીતે મનાય ? ત્યારે હવે સમજો કે દ્વાદશાંગી એ અર્થથી શાશ્વતી છે, શબ્દથી શાશ્વતી નથી; અને એથી તો દરેક વખતે (કાળે) દ્વાદશાંગીનો જે ભાવ અર્થમાં હતો તે કાયમ રહેલો જ છે, અને તેથી શાશ્વતી તો છે જ. શબ્દમાં તેને ફેરવવાનું તો કારણ એ જ છે કે પૂર્વની ચોવીશીઓના કાળ જુના દ્રષ્ટાંતો આત્માઓને જે અસર ન કરી શકે, તે તાજાં બનેલાં દ્રષ્ટાંતો સહેલાઈથી ઉપકારી નિવડે છે; અને તેથી જ દ્વાદશાંગી એ અર્થથી શાશ્વતી અને શબ્દ થકી અશાશ્વતી આટલા માટે જ છે. આ બાબત એ પણ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે પૂર્વની દ્વાદશાંગીમાં પણ જે દ્રષ્ટાંતો હતાં તે દ્રષ્ટાંતો પણ શબ્દથી તો અત્યારે જે અન્ય સ્કંધક, આર્દ્ર, મેઘકુમારાદિના નવા દાખલા અપાયા છે તેના ભાવથી, સ્વરૂપથી અને વર્ણનથી તો લેશમાત્ર ફરકવાળા નહોતા જ, આ તો માત્ર દ્રષ્ટાંતના રૂપમાં ફક્ત નામો જ ફેરવ્યા છે અહીં શાસ્ત્રકારોએ નિયમ રાખ્યો કે મોક્ષમાર્ગ ક્યાં સુધી ? મોક્ષનો દાખલો રહે ત્યાં સુધી ! પછી મોક્ષ જ નથી. 'આથી પણ દ્રષ્ટાંતોમાં નવા કેટલાં જરૂરી છે, તે ખ્યાલમાં આવશે નિર્ગ્રંથ સાધુ સિવાય તીર્થ જ નહીં! તેની ઉત્પતિથી જ તીર્થ ! અને તીર્થ પણ સાધુ હોય ત્યાં સુધી જ ! તે બંધ થાય એટલે તીર્થ પણ બંધ ! નિર્ગ્રંથોનું જ આ શાસન હોવાથી નિર્ગ્રંથ વગર શાસન ટકે જ નહીં!

શાસનના માલિક આચાર્ય છે.

દ્રશ્ય દ્રષ્ટાંત વગર આત્મ પ્રવૃતિને જોશ મળે નહીં !!! સિદ્ધ ભગવાનનું દ્રષ્ટાંત તો પૂર્ણ જ છે. છતાં પણ તે એવું છે કે કોઈ કાળે દ્રશ્ય નથી; જ્યારે અરિહંત ભગવાનનું દ્રષ્ટાંત દ્રશ્ય છે અને જેથી કરીને આત્માને તાત્કાલિક અસરની સાથે સહેજમાં ઉપકાર કરવા તે શક્તિમાન હોવાથી તેઓનું દ્રષ્ટાંત જબરજસ્ત છે ! તેવી જ રીતે વળી, ગુરુનું પણ દ્રષ્ટાંત દ્રશ્ય છે. માટે તો દેવ અને ગુરુ કહેવાની જરૂર પડી ! માસ્તરો તૈયાર ન હોય તો વિદ્યાર્થીઓ રખડ્યા જ કરે ! વળી, ગુરુમાં પણ માસ્તર કોણ ? આચાર્ય ! સિવાય કોઈ અધિપતિ હોય નહીં ! તીર્થંકર ભગવાન એ શાસનના માલિક તો એટલા જ માટે કે તે શાસનને ઉત્પન્ન કરનારા છે; બાકી શાસનના માલિક તો આચાર્ય જ રહ્યા ! અને એટલા

માટે તો ઉપદેશ માલામાં "જીનેશ્વર મહારાજા જે વખત મોક્ષ પામ્યા તે વખતે શાસન આચાર્યને સોંપ્યું" એમ સ્પષ્ટ છે. પર્યુષણામાં સાંભળો છો ને ? જ્યારે ભગવાને ગણધરને અનુજ્ઞા કરી ત્યારે શું કહ્યું ! દ્રવ્ય ગુણપર્યાયે કરી હું તીર્થની આજ્ઞા આપું છું ! આ પછી તીર્થ ગણધરના હુકમમાં પ્રવર્ત્યું ! જે હુકમમાં તીર્થંકરોએ તે તીર્થ ગણધરને આપ્યું તે જ તીર્થ ગણધર મહારાજા દ્વારા આચાર્યોથી ધારણ કરાયું ! **નામના આચાર્યની સાથે શાસનને કાંઈ સંબંધ જ નથી.**

આ બધું તો ઠીક પણ આ સ્થાને એ તો અવશ્ય ધ્યાનમાં રાખવાનું છે કે શેઠીયાઓ ભલે મુનિમને સંપૂર્ણ અખત્યાર આપે છે પણ તેનો અર્થ તે રકમ જ ઉચાપત કરવાનો નથી ! એટલું ખરું કે શેઠ જે મુદ્દાથી દુકાન ચલાવી રહ્યા છે તે મુદ્દા પુરઃસર તે મુનિમની જ ભલે સહી હોય તો પણ શેઠવત્ દરેક કાર્યવાહી ચાલે. શેઠે વિશ્વાસથી વહીવટ ચલાવવા સોંપેલી રકમ મુનિમ પોતાના નામે જ ચડાવી દે તો તે મુનિમને તે સ્થાન પર ઘડીભર પણ નભાવી લેવાય ખરો કે ? શેઠે ઓર્ડર કયા મુદ્દાથી આપ્યો હતો ? દુકાન ચલાવવા કે ગુંજા ભરવા ? શ્રી જીનેશ્વર દેવે મોક્ષાર્થીના પરમ આલંબન ભૂત જે તીર્થ સ્થાપ્યું છે, તેની દરેક મુખત્યારી ગણધર તેમજ આચાર્યને પણ આપી ખરી પણ તે અમર્યાદિતપણે તો નહીં જ ! આથી આચાર્યોએ તે તારકના હોદ્દા ઉપર આવીને તેના મૂળ ધ્યેયથી વિમુખ બની ન જવાય તેની સંપૂર્ણ કાળજી રાખવાની છે ! શાસનના ભોગે સ્વમત ચલાવી એમની આજ્ઞાનું અલ્પાંશે પણ ઉલ્લંઘન કરનાર આચાર્યનું તો મુખ જોવાથી પણ પાપ લાગે ! આ પણ જોડે જ હોવાથી નામના આચાર્યની સાથે તો શાસનને કાંઈ સંબંધ જ નથી !

કેટલી પામરતા

તીર્થંકર અને ગણધર મહારાજ હૈયાત ન હોય તો તીર્થ આચાર્યના ભરોસે જ ચાલે છે; અને તેથી તો આચાર્ય કોને કહેવા તે બહુ બહુ સમજવાની આવશ્યકતા છે. 'પંચાચાર પવિત્તે' જેનાં પાંચે આચારો પવિત્ર ! અહીં કોઈ શંકા કરે કે આચાર્ય એ પંચાચારે જ પવિત્ર જોઈએ ? જ્ઞાન, હુંશિયારી અને બુદ્ધિની જરૂર નહીં ? અને જો જ્ઞાનની પણ જરૂર જ હોય તો તેનું પહેલું વર્ણન કરવું જોઈએને ? કારણ કે આપણે "પઢમંનાણં તઓદયા." એ વાક્ય જગા જગા પર બોલીએ છીએ તો આચાર્યમાં પ્રથમ જ્ઞાનને બદલે આચારને કેમ સ્થાન આપ્યું? એટલે કે પંચ આચારે પવિત્ર એમ કેમ કહેવાયું ? વાત બરાબર છે પણ પઢમં-એટલે શું સમજ્યા ? વ્યવહારમાં પણ પ્રથમ સ્ત્રી અને પછી પુત્ર, પ્રથમ ચૂલો અને પછી રસોઈ, પ્રથમ વ્યાપાર અને પછી નફો. એમ છે ને ? અહીં શું કહેશો ? **સ્ત્રી ચૂલો અને વ્યાપાર કરતાં પુત્ર, રસોઈ અને નફાની કિંમત શું ઓછી છે ? ના, તેમ નથી જ !** તો હવે સમજ્યા હશો કે આચાર્યના વિષયમાં પણ માત્ર કાર્ય કારણ ભાવ જ સમજાવ્યો છે! પ્રથમ જ્ઞાન અને પછી દયા એ જગા પર જ્ઞાનથી દયા એમ સમજવાનું નથી ! પઢમં-એ જણાવ્યું તેનો અર્થ એટલો જ કે જેમ છોકરાના અર્થીને પ્રથમ તો સ્ત્રીની જરૂર. તેમ અહીં પણ આચારના અર્થીને પણ જ્ઞાનની તો જરૂર જ છે. અને આથી તો શાસ્ત્રકાર મહારાજા જણાવે છે કે **"जयंचरे जयंचीठे-पावंकम्मं न बंधइ"** એટલે કે જયણાથી ચાલવું, જયણાથી ઊઠવું, બેસવું, ખાવું બોલવું, તેથી કરીને પાપ બંધાતું નથી !!! વળી, આમાં પણ શંકા થશે કે બધુંએ જયણાપૂર્વક

કરવું એટલે બસ પણ જ્ઞાન શું જરૂર છે ? વાત એમ છે કે આમ માની લેવાને પરિણામે તો જ્યારે જ્ઞાનની કિંમત હવામાં જ ઊડી જતી હતી અને તે ગાથા પર્યંત તો જ્ઞાનને અવકાશ રહેતો પણ ન હતો ત્યારે તો તે પછીની ગાથામાં "દરેકે જ્ઞાનના અર્થી તો થવું જ ઘટે" એ ભલામણ કરતાં કહે છે કે 'પઢમં નાણં તઓ દયા' એટલે કે દયાથી કર્મબંધ ન થાય તે ઠીક પણ તે દયા જ્ઞાનમય જોઈએ ?

આ પ્રકરણ ઉપર ધ્યાન ન દે એટલે કે પઢમં નાણં તઓ દયા એ એક વસ્તુ ધ્યાનમાં લઈ આગળ પાછળનો સંબંધ જ ન વિચારે તેને કેવા ગણવા ? "પાપ કેમ ન બંધાય" એ જણાવવા પૂરતું જ વાદીએ જયણાથી ખાવા, પીવા, સૂવા અને બેસવા વિગેરેમાં પાપ બંધાતું નથી. એમ જણાવ્યું! ત્યારે આ ભાગ્યવાનોએ-"હવે અમારે જ્ઞાનની જ જરૂર નથી" એમ કહી ઉપકારીના મૂળ ઉદ્દેશને અનર્થમાં ફેરવી. જ્ઞાનને જ ઉખેડી નાંખ્યું કહો કેટલી પામરતા?

એ વાક્ય તો મિથ્યાત્વીનું છે

આથી "પઢમંનાણં" તુંજતના ક્યારે કરીશ. એવાઓને સમજ આપવા માટે તો કહે છે કે દયા (જયણા) તો ખરી ! પણ તેને ઓળખીશ ક્યારે ? પ્રથમ જ્ઞાન મેળવીશ ત્યારે ને ? આનો અર્થ એમ એ પદ દ્વારાએ કરાય ખરો ? કે પહેલું જ્ઞાન અને પછી ક્રિયા? બલ્કે જ્ઞાન ન મળે તો પણ ક્રિયા તો સર્વજ્ઞદેવે નિરૂપણ કરેલી હોવાથી તે સત્‌ક્રિયા હોઈ આત્માનું એકાંતે કલ્યાણ કરનારી છે તે ક્રિયાને કરતાં કરતાંજ સર્વજ્ઞના સ્વરૂપને તથા સ્વરૂપે સમજવા સફળ થઈશ ! આગળ જતાં કહે છે કે "જીવે વિ વિયાણેઈ" એટલે કે જીવાદિકને જાણીશ તો જીવ અજીવનું જ્ઞાન થશે ! કારણ કે જે જીવાજીવને જાણે તે સંજમ જાણે છે. સંજમ જાણ્યા પછી સર્વ જીવની ગતિ જાણે; પછી પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને પણ જાણે. અને પછી આશ્રવથી તો સહેજે નિર્વેદ થાય ! એવી રીતે ક્રમાનુસાર આખું એ પ્રકરણ જીવાજીવ માટેજ હોવા છતાં અહીં "તઓ દયા" શા માટે ? ફરી પણ પ્રશ્ન રહે છે કે જો એમ જ હતું તો 'નાણે સવ્વ પહાણે' કહેવું હતું ને ? "તઓ દયા" કહેવાનું કારણ શું ? કારણ એ જ કે "પઢમંનાણં તઓ દયા" એથી જ્ઞાનનું દયા સિવાય બીજું ફળ સમજીશ નહીં ! રસોઈના હેતુ સિવાય ચુલા સળગાવવામાં બીજું કારણ નથી. રસોઈ ન કરે અને ચૂલો સળગાવે તેણે નકામો જ ધુમાડો ખાધો એમ કહેવાય ! અહીં પણ જ્ઞાન મેળવ્યું અને દયામય સંજમ ન મેળવ્યું તો તેની બધીએ મહેનત નકામી ! આવશ્યકકાર મહારાજા કહે છે કે જેમ ગધેડાઓ માટી અને લાકડા વિગેરે વહે છે તેમ જેઓ ફક્ત જ્ઞાનભારને જ વહેનારા અને ક્રિયા, મહાવ્રત, નિર્જરા અને સંવર તરફ દુર્લક્ષ્ય ધરાવનારા હોય તેઓ તો અજ્ઞાન કષ્ટ રૂપી માટી અને લાકડાં જ વહેનારા છે ! ગધેડો ભારનો ભાગી, ભાવના ચંદનનો ભાગીદાર નથી !!! નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામિ કહે છે. **"જ્ઞાનાત્ ઋતે ન મુક્તિ" એ વાક્ય તો મિથ્યાત્વીનું છે !**

વ્રત પચ્ચખાણ તો કરવા જ પડે

શાસ્ત્રકાર તો "જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ" એ વાક્યનેજ માને છે. કદાચ કહેશો કે તેમાં પણ જ્ઞાન તો ખરું ને ? પણ સમજો કે જ્ઞાન એ ભાડે મળનારી ચીજ છે, ક્રિયા ભાડે મળી શકે નહીં ! ફેર ધ્યાનમાં લો ! જ્ઞાન નકામું છે એમ નહીં ! કામનું છે ! પણ તે ન હોય તો ભાડે પણ મળે !

ભાડે શું નથી મળતું ? ક્રિયા ! "ભાડે" એ શબ્દ સાંભળી નવાઈ લાગશે ! તમે સાંભળ્યું હશે કે સાધુપણું બે પ્રકારનું છે, એક ગીતાર્થનું અને બીજું તેની નિશ્રાનું ! ક્રિયામાં તેમ નથી ! જ્ઞાન એ બજારમાં રહેલું કામ કરે છે, રાજ્યના બધાએ કાયદા જાણો છો ? નહીં ! તો ઘરના દસ્તાવેજ શી રીતે કરો છો ? કહો કે અક્કલ વેચાતી લઈને ! અક્કલ વેચાતી લો છો પણ દસ્તાવેજ ભાડુતી લેતા નથી ! કોર્ટમાં બેરિસ્ટર સોલિસિટર દ્વારા બચાવના રસ્તા લેવાય છે, તેથી પણ સિદ્ધ છે કે અક્કલ તો ગુન્હેગાર પણ ભાડે લાવી શકે ! પણ તે પોતે કરેલી ગુન્હેગારી કોઈને ભાડે આપી શકતો નથી. એવી રીતે જ્ઞાન ભાડુતી ચીજ હોઈ શકે છે. બેરિસ્ટર વિગેરે પોતાનો કેસ પોતેજ ચલાવે તેના જેવું તો સારું એકે નથી, પણ પોતે બેરિસ્ટર ન હોય તો ભાડુતી બેરિસ્ટર લાવીને પણ ચલાવી શકે છે તેમ જો ભાડુતી ગુન્હેગાર લાવે તો તે રાજ્યનો પણ ગુન્હેગાર થાય ખરો કે ? તેવી રીતે અહીં જ્ઞાન એ એવી વસ્તુ છે કે તેને જ્ઞાનીની નિશ્રામાં રહી ભાડુતી પણ લઈ શકીએ પણ સદાચાર ભાડુતી લેવાતો નથી. જ્ઞાન એ આત્મારૂપી ઘરમાં પહેલે નંબરે છે ખરું પણ તે આપણે જોઈ ગયા તેમ ઘરનું ન હોય તો ભાડુતી લેવાય છે તેથી "ચક્ષુષ્માન્" પણ ભલે આંધળો હોય પણ બીજો દેખતો હોય તો તેને વળગીને આંધળો જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે; વળી બંને એકી સાથેજ ગામમાં પેસે છે. તેવી રીતે અગીતાર્થ એવો પણ આત્મા ગીતાર્થની નિશ્રામાં રહેવાથી સરખું જ ફળ પ્રાપ્ત કરે છે ! અને તેથી તો ત્રણ ત્રણ જ્ઞાનવાળા મહાત્માઓને પણ વ્રત પચ્ચખ્ખાણ કરવા જ પડે છે.

કચરો તો હાથે જ કાઢવો પડશે

જેમ અવિરતિની ગુન્હેગારી કોઈ પર નંખાય તેમ નથી ? તેમ વિરતિનો ફાયદો પણ કોઈની પાસેથી લેવાય તેવો નથી ! અગીતાર્થની નિશ્રામાં રહેલ સાધુનું સાધુપણું અગીતાર્થમય કહ્યું પણ વિરતિની નિશ્રામાં રહેલ અવિરતિ સાધુનું એ સાધુપણું તો વિરતિમાં જ કહ્યું તે તો જાણો છો ને ? જ્ઞાન બીજામાં રહેલું હોય તો પણ કામ કરી દે ! બીજી પણ વાત એ છે કે, દીવો અજવાળું કરી દે, પણ મકાનમાં પડેલો કચરો સાફ કરી ન દે; તેને માટે તો ઉદ્યમ કરે તો જ બને. તેમ જ્ઞાન-એ કર્મોને ઓળખાવે ખરું, પણ તેનો નાશ કરવા તો ક્રિયારૂપ ઉદ્યમ કરવોજ જોઈએ ? તેથી તો જૈનશાસનમાં દેવગુરુ અને ધર્મને આચાર ઉપર જ રાખેલા છે. જ્યાં દેવ કુદેવનાં લક્ષણ જણાવ્યા છે ત્યાં સ્પષ્ટ કહ્યું છે કે જે દેવ હથિયાર સહિત હોય તો તે કુદેવ છે. સાથે હથિયારાદિક ન હોય તોજ સુદેવ. કુદેવનું દેવપણું પણ આચારની પાછળ જ જણાવ્યું છે. સુગુરુ અને કુગુરુનો ફરક એ જ છે કે પંચ મહાવ્રતના પાલક હોય તે સુગુરુ અને પાંચે આશ્રવમાં પ્રવર્તેલા હોય તે કુગુરુ ! તેમાં પણ આચાર તો બંને માટે પહેલાં જ જણાવ્યો છે ! વળી ધર્મમાં પણ આચાર પ્રથમ જ છે. જેમ કે દયા લક્ષણધર્મ, સત્ય અધિષ્ઠિત ધર્મ, વિનય મૂળ ધર્મ. તેવી જ રીતે અધર્મમાં હિંસામય અધર્મ, અવિનયમય અધર્મ, ઉદ્ધતતારૂપ અધર્મ વિગેરે !!! આ બધીએ બાબતોમાં આચાર તો મુખ્ય જ હોવાથી દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે તત્વનું ક્રિયા (આચાર) સાથે જોડાણ કર્યું છે !!!

શંકા-શું આ બધું કહીને જ્ઞાનને ઉડાવી દો છો ? ના ! કોર્ટમાં જેમ પોતાનામાં બુદ્ધિ ન હોય તો ભાડુતી લાવવી જોઈએ, નહીંતર ફાંસીને માંચડે લટકે ! તેવી રીતે એકલા આચારવાળાને પણ ગીતાર્થની નિશ્રાતો લાવવી જ પડે ! ત્રીજી વાત ઉપશમ અને ક્ષપક શ્રેણીએ બંને વર્તનના મૂળની

કે જ્ઞાનના મૂળની ? કહેવું જ પડશે કે વર્તનના મૂળની ! ક્ષપક અને ઉપશમમાં હણવાનું અને શમાવવાનું શું ? મોહ ! મોહને હણીને મેળવવાના શું ?

વિતરાગપણું ! એટલે કે ઊંચું વર્તન ? અને તેથી જ એ ઉચ્ચતર વર્તનને પામેલા એવા તીર્થંકરદેવને વિતરાગ શબ્દથી નવાજ્યા છે ! હવે તપાસશો તો સ્પષ્ટ સમજાશે કે વર્તનને તો પ્રથમથી જ સ્થાન છે ! અહીંયા જ્ઞાન જોઈએ ખરું પણ તે કઇ અપેક્ષાએ ? સમ્યગ્ ક્રિયાની અપેક્ષાએ ?

ક્રિયારૂચી સમ્યક્ત્વ ક્યું ? પહેલા સમ્યક્ત્વ પંણે ન હોય પણ જો તેને મેળવવાની ક્રિયા કરવા લાગ્યો તો તેને ક્રિયા કરતાં કરતાં સમ્યક્ત્વ અવશ્ય થાય ! જૈન શાસ્ત્રના હિસાબે ફક્ત જ્ઞાનને જ ઊંચું પદ આપી ક્રિયાને ખસેડે તે તો બને તેમજ નથી ? તેથી તો "જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ" એ સૂત્ર કહીને એ બંનેને કરણ માન્યા છે. વળી, તે સૂત્રમાં તૃતીયા વિભક્તિ પણ એટલા જ માટે વાપરી છે ! હવે સમજ્યા હશો કે જ્ઞાન તો હજુ બીજાનું એ કામ લાગે, પણ ક્રિયા તો બીજાની કામ જ ન લાગે ? માટે તો આચાર્યમાં પહેલાં આચાર જણાવ્યો છે. પાંચે આચાર યુક્ત તેજ પવિત્ર એકલા જ્ઞાનવાળાને જેમ ગધેડા કહ્યા છે તેમ એકલા ક્રિયાને જ માનનારાને પણ મિથ્યાત્વી કહ્યા છે. ચારિત્ર ગુણમાં રહેલો હોય તે જ સાધુ ! નયની અપેક્ષાએ ક્રિયાની જરૂરજ છે; કારણ કે એ આત્માને એકાન્તે લાભ દેનારી છે ! વળી, જે એકેંદ્રિયનો જીવ સુક્ષ્મ નિગોદથી અહીં આવ્યો તે ક્રિયાના બળથી કે જ્ઞાનના ? એને તો એકલી અકામ નિર્જરા જ હતી અને સાથે જ્ઞાનનું તો નામ જ ન હતું ! એટલું ખરું કે જ્ઞાન પૂર્વકની ક્રિયા જે કામ કરી આપે તે જ્ઞાન વગરની ન આપે. કારણ કે અનંતા ભ્રમણ કરતાં આત્માએ જે દુઃખ વેઠ્યા તે બધાએ દુઃખોને જ્ઞાન સહિત ભોગવ્યા હોત તો તે મોક્ષને ક્યારનોએ મેળવી શક્યો હોત ? ! ! એટલા માટે પ્રથમ આચાર જણાવ્યા પછી હવે જ્ઞાન પણ જણાવે છે.

આચાર્યનો ધંધો શો ?

આચાર્ય કેવા હોય ? પાંચે આચારયુક્ત ! મતલબ કે જ્ઞાનાચારાદિ પાંચે આચારો છે તેમાં તત્પર હોય તેટલું જ નહીં, પણ તે આચાર્ય પણ યોગ્ય દેશનામાં તૈયાર હોવા જોઈએ ! કારણ કે તેમણે કોના પ્રતિનિધિ બનવાનું છે ? તીર્થંકરોના !

સામાન્ય રાજાઓના પણ પ્રતિનિધિ કેવા બુદ્ધિમાન હોય તે તો જાણો છોને ? પછી તીર્થંકર દેવન પ્રતિનિધિની વાત જ શું ! તીર્થંકરો અર્થ આપે પણ સૂત્ર આપતા નથી. અર્થદાતા તરીકે તો આચાર્ય છે. તેથી તેઓ કેવા ? ભગવાનનું જ અનુકરણ કરે એવા ! તેવા પણ આચાર્યનો ધંધો શો ? કોઈ પણ જીવને ત્યાગ માર્ગમાં જોડીને તારકના માર્ગમાં મૂકવો !

મહાવીરનો શિષ્યમોહ !

તમે સાંભળ્યું હશે કે ભગવાન મહાવીર ઉદાયન રાજાની જ દીક્ષા માટે ચંપાનગરીથી લગભગ બારસો માઈલ દૂર મુલતાન પાસે ભેરા ગામે (કે જે પૂર્વે વીતભયપતનના નામે ઓળખાતું હતું) ગયા અને ત્યાંથી પાછા આવી રાજગૃહી આવીને ચોમાસું કર્યું ! ફક્ત એકની જ દીક્ષા માટે ભગવાને આટલો વિહાર કર્યો. તો ત્યાં ભગવાનને પણ ચેલાનો લોભ હતો એમ માનશોને ? તમારી અપેક્ષાએ તો ભગવાને એક જ ચેલા માટે આખાએ સમુદાયને પચીસો માઈલ સુધી દોડાવ્યા !

ભગવાન મહાવીર સિદ્ધાચળ ઉપર !

ભગવાનના જવા આવવાના વિષયમાં સિદ્ધ ક્ષેત્રને અનાર્ય ઠરાવવાના મુદ્દાથી "મહાવીરે એક પણ ચોમાસું સિદ્ધક્ષેત્રમાં કરેલું નહીં હોવાથી "મહાવીર એકવાર પણ વિમળાચળ આવ્યા છે" તે વાત હજુ પણ કોઈ કોઈને ખટકે છે ! માનતાં અકળામણ થાય છે ! જ્યારે પ્રશ્ન એ રહે છે કે પંજાબ અને સિંધ તરફ પણ ભગવાને એકે ચોમાસું કર્યું નથી છતાં, "ભગવાન એકવાર પણ ભેરા તો ગયા હતા." તે વાત માનતાં તેઓ કેમ વિચાર કરતા નથી ? એટલે કે તે વાત કેમ માને છે ? અહીંયા પણ ભલે એક પણ ચોમાસું કરેલ ન હોય છતાં પણ "ભગવાન સિદ્ધાચળજી આવ્યા" આટલી જ વાતને માનવામાં મૂંઝવણ કેમ થાય ? અત્યારે પણ કોઈ ધારે તો ગુજરાતમાંથી નીકળી શિખરજીની જાત્રા કરી પાછો ગુજરાતમાં આવી શકે છે. ભગવાને એકે ચોમાસું સિદ્ધાચળ ન કર્યું એટલે તેમણે એકે જાત્રા જ કરી નથી એવું ભૂસું કેમ ભરાયું ? બીજી વાત એ છે કે એકજ મનુષ્યને સર્વ વિરતિ પમાડવા માટે પચીસસો માઈલ મુસાફરી કરે છે, તે ભગવાનના મનમાં સર્વ વિરતિની કિંમત પણ કેટલી ? આવા તારક-વિરતિની દેશના આપવામાં તો કશીએ કચાશ રાખે ખરા ? તેમની દેશના એટલે શું ? વિરતિને માટે આમ કરો તો ઠીક ! તેમ કરો તો ઠીક ! તેવા ખાંચા નહીં, પણ એ તો આત્માને જલદી વિરતિ પ્રાપ્ત થાય તેવી ધારાવહી દેશના આપે એવા; અને પોતાના સ્વતંત્ર ઉદ્યોગવાળા ! વળી, દેશના પણ શાની ? સિધ્ધાંતની ! જૈન સિધ્ધાંતાનુગામીની જ !

ગર્તામાં ગબડેલો પણ બચ્યો

દિગંબરોમાં કહેવાય છે કે એક શ્રાવકે અભિગ્રહ કર્યો કે એક સૂત્ર મારે બનાવવું. તે સૂત્રનું નામ જ્ઞાન, દર્શન, ચારિત્રાણિ મોક્ષ માર્ગઃ! આ પછી એક વખતે તેને ત્યાં ઉમાસ્વાતિ મહારાજ ગોચરી આવ્યા ! તેમણે તે સૂત્ર જોયું ! અને પુછ્યું કે આ કોણે લખ્યું ? પેહેલા શ્રાવકે કહ્યું કે મેં ! મહારાજ કહે આ તો પરમ મિથ્યાત્વીનું સૂત્ર છે ! તેણે કહ્યું કે બીજા જ્ઞાન, દર્શન અને ચારિત્ર મોક્ષનું કારણ માને છે ! ગુરુ મહારાજે કહ્યું કે એ ખોટું છે. પેલો કહે ત્યારે હું શું કરું ? મહારાજે કહ્યું કે પ્રથમ તો તેને સમ્યગ્ પદ લગાડ અને દર્શનને પહેલું લાવ ! એટલે કે પહેલું દર્શન અને પછી જ્ઞાન મુક ! કારણ કે જૈન શાસ્ત્રની માન્યતા પ્રમાણે દર્શન થયા વગર જ્ઞાન હોતું જ નથી ! અંતે તે કહે છે ? જૈનશાસ્ત્રમાં અમારી બુદ્ધિ નહીં ચાલે માટે ખરા સૂત્રને આપ જ પૂરું કરો ! જ્યારે મહારાજે કહ્યું કે **સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ; એ જ જૈન સૂત્ર છે; જ્ઞાન દર્શન ચારિત્રાણિ મોક્ષ માર્ગ** એ તો મિથ્યાત્વીનું સૂત્ર હોઈ એને બૌદ્ધ સાંખ્ય અને નૈયાયિકો પણ માને છે !!!

જૈન દર્શનમાં તો દર્શન જ પ્રથમ જ છે; અને તે પણ સમ્યગ્પણાનું જ દર્શન થાય તોજ પછીનું જ્ઞાન તે સાચું જ્ઞાન અને ચારિત્ર તે સાચું ચારિત્ર કહેવાય! આચાર્યનું કામ જૈન સિદ્ધાંત જ દેખાડવાનું હોય છે ! તે પણ કેવી રીતે ? વિશુદ્ધપણે, કલંકરહિતપણે!

બીજી વાત એ છે કે કેટલાકો જ્ઞાનને તો સમ્યગ્ લગાડવાની જરૂર જ માનતા નથી ! દ્રષ્ટાંતમાં કહે છે કે મનઃપર્યવ અને કેવળ જ્ઞાનમાં સમ્યગ્પદ લગાડેલું છે જ ક્યાં ? આવાઓએ પણ વિચારવાની જરૂર છે કે વિશેષણ લગાડાય ક્યાં ? જ્યાં બે પ્રકાર હોય ત્યાં જ તેવું વિશેષણ લાગી શકે છે ! મતિ અને શ્રુત એ બે જ્ઞાન તો સમ્યક્ત્વી અને મિથ્યાત્વી એ બંનેને હોય, પણ મનઃપર્યવ અને કેવળ તો ફક્ત સમ્યક્ત્વીને જ હોય છે મિથ્યાત્વીને હોતું જ નથી. એટલે કે મનઃપર્યવ અને કેવળ તો સમ્યક્ત્વના જ છે. તો તેને સમ્યગ્ના વિશેષણની જરૂર જ ક્યાં રહી? જ્ઞાન શબ્દથી લોકોને અવળા ભરમાવીને સત્ય વસ્તુથી પરાંડમુખ બનાવનારાઓનું જ એ કથન છે ? એવી વાતો કરનારા કદાચ જૈનો જ ભલે હોય પણ તેઓ જૈન સિદ્ધાંતના સત્ય જ્ઞાનના ભોગે દુન્યવી કુટ જ્ઞાનના જ અભિલાષી છે ! દર્શન, જ્ઞાન અને ચારિત્રની પૂર્વે સમ્યગ્પદ લગાડવામાં તેવાઓને મૂંઝવણ પણ એટલા માટે જ થાય છે !

હવે આવો મૂળ વાત ઉપર !

આચાર્યો તે એ કે જૈન સિદ્ધાંતની અપેક્ષાએ નિર્મળ સિધ્ધાંત અને તેની જ દેશનામાં ઉદ્યમવાળા હોવા જોઈએ ! "પરોપકારૈપરે." બીજાના આત્માને આશ્રવથી બચાવવા. સંવરમાં દોરવા, નિર્જરામાં નિપુણ કરવા અને બંધથી રોકવા માટે જે પ્રયત્ન કરવો તે ઉપકાર ! અને પરે-એટલે ઉપકાર કરવામાં નિપુણ, અદ્વિતીય એવા આચાર્ય મહારાજનું ત્રીજા પદમાં તન્મયપણે ધ્યાન કરવું !!! આ પ્રમાણે આચાર્યપદનું નિરૂપણ કરવામાં આવ્યું !!! અર્થ દેવામાં આવે અને સૂત્ર ન દેવાય તો ટોપલા વગરનું શી રીતે અનાજ લઈ જવું ? કંઈ વરસોથી વ્યાખ્યા સાંભળો છો ! તેમાં સૂત્રને આધારે જે અર્થનું જ્ઞાન હોય તે ટકે છે, પણ એકલું અર્થનું જ્ઞાન ટકી શક્યું નહીં તે તો અનુભવ છે ને ? ત્રણ વર્ષનો સાધુ વિદ્વાન થાય અને ત્રેવીશ વર્ષનો ગ્રહસ્થ એમનો એમ રહે છે તેનું કારણ એજ કે પેલો સૂત્ર સહિત લે છે. અને બીજો અર્થથી લે છે ! હવે સૂત્રના અભ્યાસની જરૂર કેટલી અને તે કોણ કરાવે તે અગ્રે કહેવાશે !!!

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડઅભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

૧૦૯ પ્રશ્ન- પ્રભુને નમસ્કાર માટે "**कम्महंताणं, अरिकम्महंताणं** અને **कम्मारिहंताणं**. એ ત્રણમાંથી એક પદ ન મૂક્યું અને ફક્ત "**अरिहंताणं**" એ પદ કેમ મૂક્યું ?

સમાધાન- કારણ એ જ છે કે જૈન શાસનમાં કર્મ સિવાય અન્ય કોઈને પણ શત્રુ માન્યો જ નથી!! જેથી 'अरि' તરીકેનો વ્યવહાર સીધો કર્મને આશ્રીને જ ગણ્યો છે. એટલે કે કર્મ એ જ શત્રુ અને શત્રુ એ જ કર્મ હોવાથી कम्म, अरि અને कम्म, कम्म અને अरि સાથે સાથે રાખ્યા નથી. કર્મશત્રુને હણનાર તે અરિહંત કહેવાય છે. આ અર્થ પણ નિરૂક્તિ અર્થની અપેક્ષાએ જ છે; વ્યુત્પત્તિ અર્થની અપેક્ષાએ તો આઠ પ્રાતિહાર્યરૂપ લક્ષ્મી અને રૂપ પૂજાને જેઓ લાયક બન્યા છે તેઓ જ અરિહંત કહેવાય છે !!!

અરિહંત સિવાયના સિદ્ધ ભગવંતો અને દરેક સામાન્ય કેવળીઓ પણ સકળ કર્મરહિત કે ઘાતિ કર્મરહિત જ હોવા છતાં પણ સિદ્ધચક્રજીમાં અરિહંત ભગવાન એ પ્રથમ પદે તેમજ મુખ્ય આરાધ્યપણે પણ તેથી જ ગણાયેલા છે.

૧૧૦ પ્રશ્ન- ઉપદેશની અસર ન થાય તેમાં ઉપદેશકોની કચાશ ખરી કે નહીં ?

સમાધાન- ના, બિલકુલ નહીં ! જો એમ માનીએ તો ભગવાન મહાવીરની પ્રથમ દેશના ખાલી ગઈ તેને માટે તમો શું કહેવા માંગો છો ? ભાગ્યવાનોને ઉપદેશની અસર થવામાં તો શ્રોતાઓના અમુક ગુણો જ મુખ્યતાએ કારણભૂત છે. (જો કે તેમાં ઉપદેશકના પણ ગુણો તો કારણભૂત હોય જ છે.) અને તેથી શ્રોતાઓ સન્માર્ગે ન આવે તો તેમાં ઉપદેશકની ખામી કહેવાય જ નહીં !

૧૧૧ પ્રશ્ન- નવકાર મંત્રમાં દર્શનાદિ ચાર પદ કેમ નથી ?

સમાધાન- સમ્યક્ દર્શનાદિ પદો ગુણ રૂપ છે એ સમ્યગ્ ગુણો પૂજ્યોની પૂજ્યતામાં હેતુરૂપ છે. એટલે કે પૂજકોની પૂજાનાં સાધ્ય બિન્દુરૂપ છે. આથી અરિહંતાદિ પાંચ ગુણીના નમસ્કારથી સમ્યગ્દર્શનાદિ ગુણોને તો નમસ્કાર સ્વતઃ થયેલો જ છે; કારણ કે ગુણ અને ગુણી અભેદ રૂપે જ છે. વળી અરિહંતાદિક જે ગુણી એવા પાંચે પદો તે પરસ્પર ભિન્નરૂપે અને સ્વતંત્રપણે પણ આરાધવા યોગ્ય છે, પણ સમ્યગ્દર્શનાદિ જે ગુણરૂપ ચાર પદો તે પરસ્પર ભિન્નપણે અને સ્વતંત્ર આરાધ્યે ગણેલા જ નથી; તેથી પણ અરિહંતાદિકની માફક તે પદોને નવકારમાં ન ગણ્યા હોય એ પણ બનવા યોગ્ય છે. !!!

૧૧૨ પ્રશ્ન- શ્રી સિદ્ધાચળ ઉપર કાર્તિક સુદ ૧૫ પહેલાં શ્રાવકાદિથી ચઢી શકાય કે નહીં ?

સમાધાન- તીર્થયાત્રા ઘણા આડંબરથી જ થવી જોઈએ ! શક્તિ સંપન્ન કૃષ્ણ મહારાજ અને કુમારપાળના તીર્થયાત્રામાંના મહાન આડંબરોના દેવવંદન અને નિયમોના આધારે તેવા આડંબરો ચોમાસામાં ન કરી શકાય તેથી, તથા ચોમાસમાં પર્વતમાં જીવોત્પત્તિ પણ વિશેષ હોવાથી ઉપર ન ચઢી શકાય. તીર્થંકર ભગવાનોનું સમવસરણ પણ ચોમાસામાં મુખ્યતાએ થતું નથી.

૧૧૩ પ્રશ્ન- વિદ્વાન વ્યાખ્યાનકારોનો વિવેક (સમ્યક્ત્વ) ટકે ક્યારે ?

સમાધાન- આગમ રૂપ અરીસાનું અવલોકન કરીને શાસ્ત્રની પ્રરૂપણા કરે ત્યારે, અને અનુપયોગ કે અણસમજથી થયેલી પ્રરૂપણા શાસ્ત્રથી વિરુદ્ધ માલમ પડે તો તે ફેરવવામાં એક ક્ષણ પણ વિલંબ કરે નહીં ત્યારે.

૧૧૪ પ્રશ્ન- મૂર્ત એવા શરીરના રોગાદિક વિકારો જાણી શકતા નથી, તો પછી અમૂર્ત એવા અધર્મ રૂપ વિકારો કેવી રીતે જાણી કે જોઈ શકાય ?

સમાધાન- શારીરિક પરીક્ષામાં પાસ થયેલા ડૉક્ટરો પોતાના અભ્યસ્ત ગ્રંથાદિના આધારે દરદીના દરદ અને વિકારો જાણી શકે છે, તેવી રીતે સર્વજ્ઞ કથિત વચનોને જાણનાર મહાપુરૂષો અમૂર્ત એવા આત્માની સ્વભાવ વિભાવદશા, આત્મવિકાર-તે આત્માને કર્મજન્ય રોગ વિગેરે બધું સર્વજ્ઞશાસ્ત્રોના આધારે પારખી શકે છે.

૧૧૫ પ્રશ્ન- અંધભક્ત કોણ કહેવાય.

સમાધાન- જેમ કૃષ્ણને માનનારા કૃષ્ણની મૂર્તિઓને નમે અને નાટકમાં તથા રામલીલામાં આવેલ કૃષ્ણને પણ નમે તે. કારણ કે તેઓ મૂર્તિ અને નાટકીયામાં ભેદ સમજતા નથી. તેવી રીતે જેઓ હેતુ યુક્તિ અને સ્વરૂપને ન સમજે અને હેતુ આદર્શ સિદ્ધ થતા પદાર્થથી વિરુદ્ધ પદાર્થને કદાગૃહથી માને તે અંધભક્ત ગણાય.

૧૧૬ પ્રશ્ન- સાચા ભક્તની ઓળખાણ શી ?

સમાધાન- આગમ અનુસાર ગુણી અને ગુણને પીછાણી કેવલ ગુણાનુરાગી બન્યો હોય. બલ્કે તદનુસાર વર્તન કરવા અંતઃકરણથી ચાહતો હોય ! જેમ કે મહારાજા શ્રેણિક

૧૧૭ પ્રશ્ન- શરીર એ એન્જીન અને આત્મા એ ડ્રાઈવર છે તે શી રીતે ?

સમાધાન- એન્જીનમાં કોલસા નાંખેલા હોય છતાં ડ્રાઈવર વગર એન્જીન ગતિ કરી શકતું નથી, તેવી રીતે શરીરરૂપી એન્જીનમાં આહારરૂપ કોલસા ભરેલા હોય પણ ગતિ કરાવનાર ડ્રાઈવરરૂપ જીવની પ્રેરણા વગર તે શરીર એક કદમ પણ ગતિ કરી શકતું નથી. જેમ એન્જીનની સઘળી વ્યવસ્થા ડ્રાઈવરને આધીન છે તેવીજ રીતે શરીરની સર્વ વ્યવસ્થા આત્માને આધીન છે.

૧૧૮ પ્રશ્ન- શાસ્ત્રના બધા પાઠોને માને પણ એકાદ શ્લોક અગર પદ ન માને તો તેનું સમ્યક્ દર્શન ટક ?

સમાધાન- ના, કારણ કે પ્રભુ શાસનમાં હાય આચાર્ય, ઉપાધ્યાય, કે સાધુ હોય તે બધાએ પંચાંગી પુરસ્સર જ વચન બોલવું અને માનવું રહે છે ! અને તેમણે આગમ વચન વાંચવા વિચારવા અને વ્યાખ્યાન દ્વારાએ પ્રકાશવા માટે વ્યાકરણાદિ સાથે જૈન પરિભાષાનું પણ જ્ઞાન મેળવી આગમનું સાચું જ્ઞાન ધારવું જોઈએ !!! નહીં તો સહેજમાં અનર્થ થઈ જવાનો સંભવ હોવાથી ઉત્તરોત્તર ઉત્સૂત્ર કથક અગર ઉત્સૂત્ર ભાષકપણું પણ પ્રાપ્ત કરી મનુષ્ય ભવ હારી જવાય.

૧૧૯ પ્રશ્ન- જ્ઞાન ભાડે મળી શકે છે પણ ક્રિયા ભાડે મળતી નથી એટલે શું ?

સમાધાન- શાસ્ત્રોમાં ગીતાર્થ અને ગીતાર્થની નિશ્રાવાળા અગીતાર્થના પણ સંયમોને સંયમ તરીકે જ કથન કરેલાં છે. અર્થાત્ જ્ઞાની અને જ્ઞાનીની નિશ્રાથી પણ ચારિત્રની પાલના થઈ શકે છે એટલે શાસ્ત્રના જ્ઞાન વગર જ્ઞાનીની નિશ્રાએ પણ ચારિત્ર પાળી શકાય છે પણ અવિરતિ રહેલો હોય. અને વીતરાગની પણ નિશ્રા લે તો પણ એ ચારિત્રવાળો ગણાય નહીં.

૧૨૦ પ્રશ્ન- શું અહિંસાદિક પાંચે મહાવ્રતો બધા દર્શનકારો માને છે ?

સમાધાન- શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ અષ્ટકજીમાં - अहिंसा सत्यमस्तेय' ઈત્યાદિ શ્લોકથી સર્વ દર્શનકારો સામાન્યતઃ અહિંસાદિક પાંચે મહાવ્રત માને છે એમ જણાવે છે. અને તેથી જ ધર્મબિંદુમાં તેને સાધારણ ગુણો કહ્યા છે. કોઈ પણ દર્શનકારને તે અહિંસાદિ સંબંધમાં વિરોધ નથી.

૧૨૧ પ્રશ્ન- શું પાંચ આશ્રવના ત્યાગ માત્રથી જ સાધુપણું કહી શકાય ?

સમાધાન- પાંચ આશ્રવના ત્યાગ માત્રથી સાધુપણું જૈન દર્શનકાર સ્વીકારતા નથી, મહાવ્રતોની સાથે અષ્ટપ્રવચન માતાનું પાલન, ગુરુકુળ વાસ, ઈચ્છાકારાદિ સમાચારીનું પાલન હોય તો જ સાધુપણું ગણાય છે. આથી તો કઈ તિર્યંચો ને અનશન કરનારા મનુષ્યો જે સર્વ પાપસ્થાનોના પચ્ચક્ખાણ કરે છે છતાં ત્યાં ચારિત્ર તો મનાતું જ નથી.

૧૨૨ પ્રશ્ન- તિર્યંચો વધારેમાં વધારે વિરતિમાં કેટલી હદે પહોંચી શકે અને ક્યા દેવલોક સુધી જઈ શકે ?

સમાધાન- જાતિ સ્મરણ પામેલા કે જ્ઞાનિઓથી બોધ પામેલા તિર્યંચો પાંચ મહાવ્રત ઉચ્ચરવા સુધી વિરતિ પામી જાય છે, અને પ્રભુમાર્ગની આરાધના કરીને ઉત્કૃષ્ટથી આઠમા દેવલોક સુધી જઈ શકે છે.

૧૨૩ પ્રશ્ન- સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણામાં રહેલ અવિરતિ શ્રાવક કાળ ધર્મ પામી ક્યાં જાય ?

સમાધાન- જેવી રીતે દેશવિરતિવાળો શ્રાવક ઉત્કૃષ્ટપણે બારમે દેવલોકે જાય તેવી રીતે એકલી સમ્યગ્દૃષ્ટિ ધારણ કરનાર શ્રાવક પણ ઉત્કૃષ્ટથી બારમા દેવલોકે જઈ શકે છે.

૧૨૪ પ્રશ્ન- સમ્યગ્દર્શન વગર અભવ્યો નવગ્રૈવેયક સુધી કેમ જઈ શકે છે ?

સમાધાન- દ્રવ્ય ચારિત્રના પાલનમાં આ સમર્થ દ્રષ્ટાંત છે ! કારણ કે મોક્ષની સાધ્યતારૂપ ભાવ વગરની અને કેવલ પૌદ્ગલિક ઇચ્છાએ કરેલી ચારિત્ર ક્રિયા પણ આવો સાંસારિક ઉચ્ચ લાભ આપે છે. આશ્ચર્ય છે કે દ્રવ્ય ક્રિયાનો પણ કેવો અચિંત્ય પ્રભાવ ! કે એને ધારણ કરનાર શ્રાવક ઉત્કૃષ્ટથી બારમા દેવલોકે પણ જઈ શકે છે.

૧૨૫ પ્રશ્ન- જેમ ગૃહસ્થોને માટે અષ્ટપ્રકારી પૂજાનું શાસ્ત્રમાં વિધાન કર્યું તેવી રીતે સાધુને પણ અષ્ટપ્રકારી પૂજાનું વિધાન ખરું કે નહીં ?

સમાધાન- જેવી રીતે ગૃહસ્થોને માટે દ્રવ્યથી અષ્ટપ્રકારની પૂજા કરવાનું શાસ્ત્રમાં છે તેવું વિધાન સાધુઓને માટે કોઈ પણ શાસ્ત્રમાં નથી, સાધુને માટે જે અષ્ટપ્રકારી પૂજા શ્રીહરિભદ્રસૂરિજીએ પૂજા અષ્ટકમાં કહી છે, તે પૂજા તો ચોવીશે કલાક યાવજ્જીવ પર્યંત સાધુઓ કરેજ છે. તે સંબંધી વિધાન દર્શક ગાથા "**अहिंसा सत्यमस्तेयं, मैथुनवर्ज्जनम् । गुरुपूजा तपो ज्ञानं, सत्पुष्पाणि प्रचक्षते ॥ १॥** પંચ આશ્રવોને મન વચન કાયાથી છોડી દઈને પંચમહાવ્રતનું પાલન રૂપ પાંચ પૂજા, યથાશક્તિ વિનય વૈયાવચ્ચ આદિરૂપ છઠ્ઠી ગુરુપૂજા, સાતમી કર્મરૂપી કચરાને ધોઈ નાંખવા માટે પ્રબલ સાધનભૂત તપ પૂજા, અર્થાત્ ચાર જ્ઞાનવાળા (જે કેવળજ્ઞાન પામવાનું જેને માટે નિશ્ચિત છે છતાં પણ) શ્રી જિનેશ્વરો પણ જેનું આલંબન લે છે એવી ઉત્કૃષ્ટી બાર પ્રકારની તપશ્ચર્યાનું આલંબન લેનાર સાધુ સાતમી પૂજામાં સમ્યક્ પૂજન કરે છે, અને આઠમી સમ્યગ્જ્ઞાનની વદ્ધિ કરવા માટે રાત્રિ દિવસ ઉદ્યમ, એ રૂપ અષ્ટ પૂજાનું વિધાન સાધુઓ માટે છે, એ અષ્ટ પુષ્પી પૂજાને પ્રાપ્ત કરવાના મુદ્દાએ જ શાસ્ત્રકારોએ ગૃહસ્થોને માટે અષ્ટ પ્રકારી દ્રવ્યપૂજા ફરમાવેલી છે. તે દ્રવ્યપૂજા, દ્રવ્યપૂજાના પ્રશ્નોત્તરમાં પૂર્વે જણાવી ગયા છીએ.

૧૨૬ પ્રશ્ન- સાધુઓ દ્રવ્યપૂજાનો ઉપદેશ કરે તો તેમને શું દ્રવ્યપૂજાનું અનુમોદન ન થાય ? અને થાય તો તેથી હિંસાનું અનુમોદન શું નહીં લાગે ?

સમાધાન- મુખ્યતાએ તો સાધુઓ સર્વ વિરતિનો જ ઉપદેશ કરે છે પછી ગૃહસ્થ પોતાની તે બાબતમાં અશક્તિ જણાવે ત્યારે દેશવિરતિ એટલે શ્રાવકધર્મ બતાવે, તેમાં પણ આનાકાની કરે ત્યારે સમકિત બતાવે, તે વખતે સમ્યક્ત્વની શુદ્ધિ અને વૃદ્ધિ માટે 'સમ્યગ્દૃષ્ટિઓએ હમેશાં શ્રી જિનેશ્વર મહારાજની દ્રવ્યપૂજા કરવી જ જોઈએ" એ જે ઉપદેશ કરાય છે તે સર્વ વિરતિના (સર્વ ત્યાગના) મુદ્દાએ જ કરાતો હોવાથી સાધુને

તેમાં જરાએ અનુમોદનનો દોષ લાગતો નથી. બલ્કે તે ઉપદેશ તો એકાંત નિર્જરાનું કારણ બને છે, જેમ નદી ઊતરવાનું વિધાન સાધુઓને બતાવાય તેવી રીતે મોક્ષ અને સર્વ વિરતિના ધ્યેયથી પૂજાનું કારણ જે અનુમોદન કરાય તેમાં ઉપદેશક સાધુને તેની હિંસાનું અનુમોદન છે જ નહીં !

૧૨૭ પ્રશ્ન- તીર્થંકરનું બધું વર્તન અનુકરણીય ખરું કે કેમ ?

સમાધાન- તીર્થંકરોએ જે વર્તન કર્મના ઉદયથી કરેલું હોય તે અનુકરણીય છે જ નહીં, પણ અનુકરણીય તે જ વર્તન છે કે જે કર્મના ક્ષયોપશમ અગર ક્ષયથી થયું હોય.

૧૨૮ પ્રશ્ન- જે કેટલાકો કહે છે કે જેટલું તીર્થંકરોએ કહ્યું તેટલું કરવાનું પણ તીર્થંકરોએ કર્યું એ કરવાનું નહીં એ શાસ્ત્ર દૃષ્ટિએ સાચું છે ?

સમાધાન- જે તીર્થંકરોએ કરવા માટે કહ્યું એ કરવા લાયક છે એ કબુલ છે પણ તીર્થંકરોએ કર્યું એ કરવા લાયક નહીં એમ કહેનારાઓએ ખરેખર શાસ્ત્રને વાંચ્યાં નથી ! બલ્કે વાંચ્યા હશે તો તેનો ભાવ પામ્યા નથી ! કારણ કે આવી રીતે કહેનારાઓને પૂછીએ કે તીર્થંકરોએ સવસ્ત્ર ધર્મ પ્રરૂપવા માટે વસ્ત્ર રાખ્યું તો તમે તે રાખો છો કે કેમ ? તીર્થંકરોએ સપાત્ર ધર્મ પ્રરૂપવા માટે પહેલે પારણે પાત્રમાં આહાર કર્યો હતો તો તમે પણ પાત્રમાં આહાર કરો છો કે કેમ ? તીર્થંકરો બારે પ્રકારની તપશ્ચર્યામાં જે સાધુની ચર્યામાં તત્પર રહ્યા તો તમે પણ તેમાં તત્પર રહો છો કે કેમ ? પણ એ સાધારણ બોધમાત્રથી ફાવે તેમ બોલી નાખનારાઓએ એ તીર્થંકરોએ કર્યું તે ન કરવાનું કહેવા દિશા ફેરવવી જ રહે છે !

૧૨૯ પ્રશ્ન- શાસ્ત્ર દૃષ્ટિએ પાપી સાધુ કોણ કહેવાય ?

સમાધાન- જેમ કોઈક અણસમજુ પણ ભરોસો રાખનાર મનુષ્ય નાણાં લઈને કોહિનૂર ખરીદવા વિશ્વાસ ને યોગ્ય એવા વેપારી મનુષ્ય પાસે આવ્યો હોય અને તે વેપારી તેને બદલે નકલી (બનાવટી) કોહિનૂર આપીને તે ગ્રાહકને રવાના કરે તે વેપારી જેમ લુચ્ચો અને બેવકુફ ગણાય તેમ વીર્યોલ્લાસ રૂપી નાણાં લઈને ચારિત્ર (સર્વવિરતિ) રૂપી અદ્વિતીય કોહિનૂર લેવા જે ભાવિક આવ્યા હોય તેને ગૃહસ્થ ધર્મ રૂપી નકલી કોહીનુર આપીને વહેતો કરે તે શાસ્ત્ર દ્રષ્ટિએ મહા પાપી છે. બલ્કે આગળ વધીએ તો દયાના પરિણામ વગરનો ચૌદ રાજલોકના જીવોના ઘાતની અનુમોદના કરનાર છે.

૧૩૦ પ્રશ્ન- મહાન યોગી કોણ કહેવાય ?

સમાધાન- મહાન યોગી તે જ કહેવાય કે જેને માટે શાસ્ત્રકાર મહારાજા શ્રીમુનિ સુંદર સૂરીશ્વરજી જણાવે છે કે **શ્રુત્વાऽऽક્રોશાન્ યોમુદા પૂરિતઃ યોલાષ્ટા દ્યૈશ્ચા હતો રોમહર્ષી પ્રાણાન્તેऽવ્ય ન્યદોષ નપશ્યત્યેવ શ્રેયોદ્રણ્ લલે તૈવયોગી ॥ ૧ ॥** આક્રોશાદિક

વચનના પ્રહાર સાંભળીને હર્ષથી વ્યાપ્ત થાય, પથ્થર આદિકથી કોઈ ઘા કરે તો કર્મ ખપાવવાનો પ્રસંગ સમજી રોમાંચ ખડા થાય, બાહ્યપ્રાણનો નાશ થવાનો વખત આવે તોપણ બીજાના દોષ ન દેખે અર્થાત્ બોલે નહીં. આ યોગી કહેવાય! તે જ જલદી મોક્ષને પામે ! માટે યોગી કહેવડાનારે આટલા ગુણો તો કેળવવા જ જોઈએ !

૧૩૧ પ્રશ્ન- સમતાનું સ્વરૂપ શું છે ? કયા લક્ષણોથી સમતા આવી છે એમ જાણી શકીએ ?

સમાધાન- કલિકાલ સર્વજ્ઞશ્રીહેમચંદ્રપ્રભુ, સમતાનું સ્વરૂપ બતાવતાં લખે છે કે **चेतनाचेतनौ र्भावैरिष्टानिष्ठातया स्थिमैः, नमुह्यन्ति मनोयस्य सः तस्य साम्यं प्रचक्षते ॥१॥** જે ઘરમાં ચૈતન્યવાલા પદાર્થો જે સ્ત્રી આદિ, અચેતન (પોદ્‌ગલિક જડ) વસ્તુઓ જે ધન આદિ છે તે કે જેઓ ઈષ્ટ અનિષ્ટપણાની સ્થિતિવાળા છે. તેની અંદર જેનું મન મોહ પામે નહીં એટલે કે ઈષ્ટમાં રાગ ન થાય અનિષ્ટમાં ઈતરાજીન થાય તે અમુંઝવણ રૂપ સ્થિતિ તેનુંજ નામ સમતા કહેવાય. ન્યાયાચાર્ય ભગવન યશો વિજયજી મહારાજ સમનું લક્ષણ જણાવતાં ચોખ્ખા શબ્દોથી સ્વકૃત્ જ્ઞાનસારમાં જણાવી રહ્યા છે કે

विकल्प विषयोत्तीर्णः स्वभावाऽऽलम्बलं सदा ।

ज्ञानस्य परिपाकोयः स समः परिकीर्तितः ॥ १ ॥

સંકલ્પ વિકલ્પરૂપી સમુદ્રમાંથી જે તરી ગયો હોય અર્થાત્ સંકલ્પવિકલ્પ રહિત હોય, હંમેશાં આત્મસ્વરૂપના જ આલંબનવાળો હોય અને મદ વિષય કષાય આદિક વગરની જે મેળવેલી જ્ઞાનની પરિપકવ સ્થિતિવાળો તેનેજ સમના લક્ષણવાળો પૂર્વના ઋષીઓએ જણાવ્યો છે.

* * *

વહેલા તે પહેલા !!! ભલે તે છેલ્લા !!!

શ્રી વર્ધમાન-તપ

નોંધ--નીચે જણાવેલી બિના પર વાંચકોએ ખાસ ધ્યાન આપવું !!!

સંચાલકોને સુચના.

શ્રી વર્ધમાન તપ આયંબીલ ખાતાની દરેક સંસ્થાઓ અને તેના સંચાલકોને નમ્ર વિનંતિ છે કે જૈન જનતા સમક્ષ જાહેર કરવા માટે તમે તમારી કાર્યવાહી, સગવડતા અગવડતા, પ્રગતિના સાધન, લાભ લેનારની સંખ્યા વિગેરે વિગેરે બિનાઓ લખી મોકલશો તો તે આ પાક્ષિકમાં પ્રગટ કરાવવા માટે બનતો પ્રયાસ કરવામાં આવશે.

પત્ર વ્યવહાર નીચેના સરનામે કરો.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય ઉચ્ચારક સમિતિ.

રજીસ્ટર નં. B. ૩૦૪૭, લાલબાગ, ભુલેશ્વર, મુંબઈ

શ્રી પાટણ વર્ધમાન તપ આંબીલ

સં. ૧૯૮૮ ના કારતક સુદી ૧ થી આસો વદી.) સુધી શ્રી પાટણ વર્ધમાન તપ આંબીલ ખાતાનો હીસાબ માસ બારનો

જ		ઉ	
૩૯૫૧	સં ૧૯૮૮ના કારતક સુદ ૧ સુધી ઉપજ ખાતે જમા	૩૯૩૫)	શ્રી ખર્ચ ખાતે ઉપડેલ સંવત ૧૯૮૮ ના આસો માસ સુધી
૧૧૬૦૫૦૫	સં.૧૯૮૮ની સાલના ઉપજ ખાતે જમા	૪૨૬)-	શ્રી નોકરો તથા પરચુરણ દાનગીઓ ખાતે ઉધાર
૧૨૮૪૧	શ્રી. થાવર (મીલકત સાલાબાદી) તારીખનો આપેલો તે	૫૯૭૫૫	શ્રી અનાજ ખાતે ઉધાર
૧૦૦૫૫	શા. ડાહ્યાચંદ સુરજમલના ખાતે જમા	૩૫૧૧-૯	શ્રી સરપન ખાતે ઉધાર
૨૬	શા. મણીલાલ સુરજમલના ખાતે જમા	૨૮૫-૯	શ્રી દયણા ખાતે ઉધાર
	રૂા. ૧૮૦૭૯૫-૫	૯૩-૯	શ્રી કરયાં ખાતે પરચુરણ ઉપડેલ
			રૂા. ૩૯૩૫૫૫-૯
		૩૯૭૫૫-૯	શ્રી મકાન ખાતે ઉપાડેલ (દુકાન લીધેલતે)
		૯૬૭૨૫૫-૫	શ્રી વ્યાજ ખાતે લહેણા
			રૂા. ૧૭૫૮૪૫-
		૪૯૪૫૫-૧૧	શ્રી પુરાંત આસો સુધીની
			રૂા. ૧૮૦૭૯૫-૫

માસ બારના આંબીલની વિગત

કારતક	માગસર	પોષ	મહા	ફાગણ
૪૪૭	૬૧૧	૭૧૫	૬૨૩	૭૦૦
ચૈતર	વૈશાખ	જેઠ	અષાઢ	શ્રાવણ
૪૯૩	૨૭૭	૪૮૬	૧૦૨૨	૬૯૦
ભાદરવો	આસો			કુલ આંબીલ
૫૧૭	૧૫૭૭			૮૧૪૦

આ ખાતાનું સરવૈયું શ્રી પાટણ મધ્યે:-

લા. શા. હીરાચંદ ખેમચંદભાઈ શાહી દ. પોતે

પત્રકારને પૂછેલા પ્રશ્નો અને તેના ઉત્તરો.

(નોંધ-પત્રકારને વાંચકોએ પત્ર દ્વારાએ પૂછેલાં પ્રશ્નના સમાધાન પૂજ્યપાદશ્રીજી "આગમોદ્ધારક" પાસેથી મેળવી અત્રે પ્રગટ કરાય છે. તંત્રી.)

૧ પ્રશ્ન- શ્રીપાલ ચરિત્રનો ઉલ્લેખ શ્રી રત્નશેખર સૂરીશ્વરજીના પહેલાના રચાયેલા કોઈપણ જૈન શ્વેતાંબર કથાનકમાં અગર આગમમાં છે યા નહીં ?

સમાધાન- શ્રી કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી વિરચિત શબ્દાનુશાસનની ટીકા અને ન્યાસ જુઓ. "**सिद्धचक्रस्यादि बीजं**"

૨ પ્રશ્ન- શ્રી સિદ્ધચક્રની અંદરના પરમેષ્ઠીઓના રંગો તથા ચક્રેશ્વરીજીનું વાહન સિંહ તેમજ વિમલેશ્વરનું વર્ણન વિસ્તારપૂર્વક ક્યા ગ્રંથોમાં છે ?

સમાધાન- સેનપ્રશ્નમાં અરિહંતાદિકના શ્વેતાદિક વર્ણોને ધ્યાનમાં ઉપયોગી જણાવે છે. દેવતાઓ જુદા જુદા વાહનો વાપરી શકે છે. વળી વ્યંતરો આદિના ધ્વજ આદિમાં પણ અનેક ચિન્હો હોય છે. નવા થયેલ અધિષ્ઠાયકોનું શાશ્વતી દ્વાદશાંગીમાં વર્ણન ન પણ હોય. ખુદ શ્રી પાર્શ્વનાથ ભગવાનને અંગે ધરણેન્દ્ર અને પદ્માવતીનો શ્રી નેમનાથજીને અંગે અંબિકાનો અધિકાર પણ સૂત્રોમાં સામાન્ય કે સવિસ્તર નથી, તેમાં પણ ઉપરનું જ કારણ સંભવે છે. કદાચ કોઈ પ્રાચીન અપ્રચલિત ગ્રંથોમાં તે અધિકાર હોય તો પણ ના કહી શકાય નહીં. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે જ્યારે સિદ્ધચક્ર એ પ્રકારનું જણાવ્યું છે તો જરૂર કોઈ પૂર્વના ગ્રંથોમાં તેનું સ્વરૂપ, તેના રંગ, તેના અધિષ્ઠાયક વિગેરેનું વર્ણન હોવું જોઈએ. શ્રી રત્નશેખર સૂરિકૃત શ્રી શ્રીપાલ ચરિત્રમાં અત્યારે પણ તે દેખાય છે.

૩ પ્રશ્ન- સિદ્ધચક્ર પાક્ષિક અંક બીજો, પા.-૪૭.-પ્ર ૧૦૬ની અંદર "વિવેક એક સરખો છે !!!" અર્થાત્ વિવેક એટલે શું ?

સમાધાન- સંસાર અને મોક્ષ સંબંધીની અનુક્રમે સર્વથા હેયપણાની અને સર્વથા આદરણીયપણાની જે બુદ્ધિ તે વિવેક ગણવો, અને તે સમ્યક્ત્વના અંગે હોવાથી ચોથા ગુણઠાણાથી સર્વ ગુણઠાણાઓમાં હોય; અને ચોથે ગુણઠાણે પણ ક્ષાયિક સમ્યક્ત્વવાળાને જેવો તે હેયોપાદેયની બુદ્ધિફળરૂપ વિવેક હોય તેવોજ ચૌદમે ગુણઠાણે પણ આત્મપરિણામની અપેક્ષાએ હેયોપાધ્યેનો વિવેક હોય.

૪ પ્રશ્ન- શાસન મહેલની સીઢીમાં સમ્યક્ત્વ સંબંધીની ઘટના ક્યા આગમમાં છે?

સમાધાન- સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના ક્રિયાસ્થાન અધ્યયનમાં શ્રાવકના અધિકારમાં "इणमेव" ઇત્યાદિ પાઠ સ્પષ્ટ શબ્દોમાં છે.

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે.
- સંગ્રાહક ચંદ્રસાગર

૧૪૧ મિથ્યાત્વના પડલમાં મુઝાયેલાઓને નગ્ન સત્ય સમજાતું નથી !!!

૧૪૨ ધર્મ એવા અક્ષરો સ્વપ્નમાં પણ ન સંભળાય તેવા ક્ષેત્રો અનાર્ય ગણાય છે.

૧૪૩ સ્વયંભૂરમણ સમુદ્રમાં ગયેલી ચીજ કદાચ હાથ લાગે પણ સંસાર સમુદ્રમાં ખોયેલી જ્ઞાનાદિ ચીજ હાથ લાગવી મુશ્કેલ છે !!!

૧૪૪ સુખની ઇચ્છા છતાં દુઃખ રૂપ દરિયાનું દર્શન કેમ થાય છે તે વિચારો !!!

૧૪૫ જગતમાં એવી કોઇ ચીજ નથી કે જે નવપદના વિષયથી બહાર હોય !!!

૧૪૬ આરાધવા લાયક સર્વ સ્થાનો સિદ્ધચક્રમાં છે !!!

૧૪૭ નવપદના નવ દિવસોએ ધર્મ વૃષ્ટિનો વિશિષ્ટ કાળ છે !!!

૧૪૮ વરસાદ વખત જમીન સાફ કરવાનું કાર્ય ડાહ્યો ખેડૂત કરતો નથી !!!

૧૪૯ કારતક મહિને કણબીની કળા કામ આવતી નથી !!!

૧૫૦ નવપદ નવ દિવસ માટે નથી પણ નિરંતર સંસ્કાર બન્યો રહેવો જોઇએ તે માટે છે. !!!

૧૫૧ (દેવ-ગુરુ અને ધર્મ) એ ત્રણ તત્વ વગરનું એક પણ આસ્તિક દર્શન નથી !!!

૧૫૨ વ્યક્તિની આરાધના હંમેશાં રહેવાની નથી !!!

૧૫૩ જાતિની આરાધના ચિરકાળ જગપ્રસિદ્ધિ પામે !!!

૧૫૪ જગતના બધા પદાર્થો સંસ્કારને આધીન થઇ શકે છે પણ મનુષ્યનું જીવન સંસ્કાર માત્રથી આધીન થઇ શકતું જ નથી !!!

૧૫૫ અસંસ્કાર્ય એવા મનુષ્યજીવન પામીને પ્રમાદ કરો નહીં !!!

શ્રી મુંબઈ જૈન યુવકમંડળ પત્રિકાના ગ્રાહકોને ખાસ સૂચના

ઉપરોક્ત પત્રિકાના ગ્રાહકોને ગત અંકથી શ્રી સિદ્ધચક્ર પત્ર હસ્તગત થયું હશે. જે ગ્રાહકોએ ઉક્તિપિત્રકાનું બીજા વર્ષનું લવાજમ નહી ભર્યું હોય તેમણે અઢી રૂપિયા મનીઓડરથી તુરત મોકલી આપવા જેથી આ પત્રના શરૂઆતના અંકથી એને ગ્રાહક તરીકે ગણાશે. જેઓએ લવાજમ રૂા. ૧) ભર્યું છે તેઓએ રૂા. દોઢ ભરવાથી આ પત્રની શરૂઆતથી ગ્રાહક તરીકે ગણાશે. આ પત્રિકા હસ્તગત થતાં જ લવાજમ રવાના કરવું. નહીંતર આવતો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે. જો ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તો શ્રી મું. જૈન. યું. મં. પત્રિકાના લવાજમનો રૂા. એક તુરત મોકલી આપવો. કારણ કે તેમને અત્યાર સુધીમાં નવ અંકો મલ્યા છે હવે બાર માપના બાર અંકો આપવાના એટલે ત્રણ અંક મોકલવાના બાકી રહે છે તે ત્રણ અંકો પ્રગટ થયેથી મોકલવામાં આવશે. માટે તુરત લવાજમ રવાના કરો.

તંત્રી.

લેખકોને સૂચના.

આથી દરેક લેખકોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવેપદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવા અંગે જે કોઈપણ લખાણો સૌમ્ય અને રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા. ક. પ્રશ્નકારો પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્ભવતા પ્રશ્નો પત્રદ્વારાએ લખી મોકલશે તો સમાધાન મેળવી શાસન હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

તમોને શાની જરૂર છે !!!

જૈન ધર્મનાં પ્રાચીન અને અર્વાચીન જૈન સાહિત્યની જરૂર છે ? તો તુરત નીચેના સરનામે પત્રવ્યવહારથી પૂછો-

દેવચંદ લાલભાઈ. જૈન પુ. ફંડ ગોપીપુરા સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રી. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

ભોગનું દર્શન !!!

૧ ભોગપૂજાના પામર પૂજારીઓ ત્રણે કાળમાં આત્મહીત માટે માથું ઉચું કરવાને એ તદ્દન અશક્ત છે !!!

૨ કાઠીયાવાડ પ્રદેશના ભોગાવા કરતાં ભોગનો-ભોગાવો અત્યુત્કટ ભયંકર છે !!!

૩ જ્યાં સુધી ભોગની ભંયકરતા હૃદયમાં વસતી નથી ત્યાં સુધી તીર્થંકર પ્રણિત તત્વની તાલાવેલી લાગતી નથી!!!

૪ ભોગી (સર્પ) વિષથી વ્યાપ્ત છે, જ્યારે ભોગી મનુષ્ય વિષયથી વ્યાપ્ત છે !!!

૫ વિષ અને વિષયમાં એક માત્રાનું પ્રમાણ વધુ છે !!! અર્થાત્ તેમાં પાપમય પરાક્રમની પરાકાષ્ઠા છે !!!

૬ વિષ એક જીંદગીને ખરાબ કરે, જ્યારે વિષય અનેકાનેક જીંદગીઓને વ્યર્થ બનાવે છે !!!

૭ સ્મરણ માત્રથી અનેક મરણ નીપજાવવાની શક્તિ કેવળ વિષયે અખત્યાર કરેલી છે !!!

૮ વિષમકાળના વિષમ વાતાવરણમાં વિષય-કીટકોને વિવેક દુષ્પ્રાપ્ય છે !!!

૯ વિકાળ સ્વરૂપધારી વિષય પિપાસુઓ વિષય માટે અનેક પ્રકારે વલખાં મારે છે !!!

૧૦ પરિણામે અત્યંત દુઃખદાયી વિષય-દાહ ભવોભવ ભડકાની જેમ ભભુક્તો રહે છે !!!

૧૧ ભોગની પાછળ ભમનારાઓને ભોગનું ભયંકર દર્શન કરવું પડે છે !!!

૧૨ ભ્રમિત મગજવાળાની જેમ ભોગી-મનુષ્યોના મુખમાંથી "ભોગ લાગ્યા," "ભોગ લાગ્યા" એ શબ્દો નીકળ્યા જ કરે છે !!!

૧૩ ભોગને રોગ સમજીને ભોગથી દૂર ભાગનારાઓની પાછળ ભોગ ભૂતની જેમ ભટકે છે !!!

૧૪ ભોગની પાછળ ભગીરથ પ્રયત્ન કરનારાઓને સર્વત્ર સદાકાળ મહામુશીબતોના મેઘમાં કોહવાવું પડે છે !!!

- ચંદ્ર.

* * *

REGISTERED NO. B. 3047.

શાસન એ જ શરણ.



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૫ મો	મુંબઈ તા. ૧૨-૧૨-૩૨, સોમવાર માગશર-સુદ ૧૫	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી-

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

શાસન એજ શરણ ..... પાનું-૯૭
આગમોદ્ધારક અમોઘ દેશના..... પાનું-૧૦૩
સાગર સમાધાન ..... પાનું-૧૧૪
સુધા-સાગર ..... પાનું-૧૧૮
લક્ષ્મીચંદભાઈ ! .... પાનું-૧૨૦

સિદ્ધિવધુ વરમાળને સિદ્ધચક્રથી સ્હેજે વરો !

હરિગીત.

[1]શ્રી શોધવા, તસ સિદ્ધિ અર્થે વિશ્વ વિહ્વલ દેખીએ,
નશ્વર પદાર્થો જગતના પરમાર્થ ત્યાં ક્યાં પેખીએ ?
ત્રનવન ગુફાગિરિ નગર ભમતાં યોગી ભોગી જન ઘણા,
પદપદ સ્ખલન અવલોકીએ યત્ને-પ્રયત્ને ના મણા. ૧
દશ વીશ [2]કોટિ અબજને ઐશ્વર્ય આશા અંત ના,
જીવન અનૂપમ વેડફે પામી શકે કોઇ તંત ના;
નેતર ઘણીએ વાગતી અનુભવ છતાં અથડાય છે,
વંદન કરો તે દક્ષને દુનિયા થકી દૂર થાય છે. ૨
[3]દરકારને તજનાર ત્યાગી ચરણ શ્રી ઢગ થાય છે,
ના ! ના !! કહે, છોડે નહીં, વળી વિસ્વ પણ યશ ગાય છે;
ત્યાગી ગુણી પરમેષ્ઠિઓ ગુણ દર્શનાદિક સાધજો,
આરાધજો ! એ નવપદોને-સિદ્ધચક્ર આગા જો. ૩
દુષ્કર્મ સંચય ભેદવામાં સિદ્ધચક્ર જ વજ્ર છે ?
રિદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિ સાધક ! સિદ્ધચક્ર અમોઘ છે ! !
આગમોનો સાર એ ભવિ સિદ્ધચક્ર સમાદરો,
સિદ્ધિવધુ વરમાળને સિદ્ધચક્રથી સ્હેજે વરો ! !

ભીખાભાઈ છગનલાલ શાહ

---

૧ શ્રી=લક્ષ્મી ૨ કોટિ=ક્રોડ ૩ ત્યાગી લક્ષ્મીને ઠોકરે મારે છે ત્યારે લક્ષ્મી એનો પલ્લો છોડતી નથી.

સિદ્ધચક્ર. (પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમ**ની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।

आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,

આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક પાંચમો	મુંબઈ, તા. ૧૨-૧૨-૩૨, સોમવાર. માગશર સુદ ૧૫	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

શાસન એજ શરણ.

વાયરાની અનુકૂળતામાં જ વહેતું મૂકનારા પ્રાણીઓને માપકતાની ત્રુટિને અંગે વારંવાર અથડામણી જ અનુભવવી પડે છે. આખાએ જગતના વાયરાનું નિરાબાધ અને સંપૂર્ણ માપ કાઢનારા કોઈપણ હોય તો એક સર્વજ્ઞ દેવ જ છે. અતુલ બળને ધારણ કરનારા ઇંદ્રાદિ અનેક દેવો અને ચક્રવર્ત્યાદિની ઋદ્ધિ ધરાવનારા અનેક સાર્વભૌમોએ એ તારકના શરણમાં શીર પણ તેથી જ ઝુકાવ્યાં છે. જેનાં બળ બુદ્ધિની તો પરિસીમા જ નહોતી. છતાંએ તેમાં તેને નહીં મુંઝાવાનું અને એ તારકને જ તરણતારણ માનવાનો વિવેક જાગૃત રાખવાનું કારણ તો એ જ હતું કે એના સદ્ અસત્પણને જાણનારા વિવેકચક્ષુ મીંચાયેલાં નહોતાં. જડરૂપ પ્રજ્ઞાચક્ષુઓને એ વિનયરૂપ વિવેકચક્ષુની પ્રાપ્તિ બહુ બહુ દુર્લભ હોય છે. એ મહાન સમૃદ્ધિશાળીઓએ તારકને

શીર ઝુકાવવામાં તારકના પ્રકર્ષ પુણ્યનો પ્રભાવ એ જ મુખ્ય કારણ હતું. તેઓએ નિશ્ચય કર્યો હતો કે આપણાં ઋદ્ધિ, બલ, બુદ્ધિ અને બાહોશી-ચ્હાય તેટલાં બહોળાં (વિપુલ) હોય પણ તે તમામ એ તારકની સમૃદ્ધિ પાસે તો, દીપક ખદ્યોતવત્ જ છે; જ્યારે અત્યારે સામાન્ય સમૃદ્ધિમાં જ મુગ્ધ બનેલા આત્માઓને આવો વિચાર સરખોયે આવવો મુશ્કેલ છે. આવા એકાન્તે સ્વપર ઉપકારી, પરમ નિઃસ્વાર્થી, પરમ જ્યોતિર્મય એ દીપકનું જ શરણ સ્વીકારનારો વર્ગ 'જૈન' નામે અત્યારે પણ વિદ્યમાન તો છે, પણ તે સામાન્ય પુણ્યના યોગે એવી તો વિસ્મયતામાંથી પસાર થાય છે કે પ્રસંગવશાત્ એને સાચું પારખવામાં અનેક મૂંઝવણો ઊભી થયા જ કરે છે. સંતોષની વાત તો એ છે કે તેવો પણ વર્ગ તારકના શાસનને તો આરાધ્ય જ માને છે ! એના દર્શાવેલા તપ, ત્યાગ અને અનુષ્ઠાન (ક્રિયા) તો એને પોતાના પ્રાણસટોસટ વહાલાં છે !!! ક્રિયાઓને તન્મય ચિત્તે તે આરાધે પણ છે અને અન્યને આરાધતા દેખી હૃદયપૂર્ણ અનુમોદન વડે તેના સાડા ત્રણ કોટિ રોમરાજી સુદ્ધાંત વિકસ્વર પણ થાય જ છે. પણ બીજી બાજુ તે જ સમાજની હૂંફમા ઊછરતો અને તેમાંનો જ છતાંયે પોતાને સુધારક મનાવવામાં મોજ માણતો એક વર્ગ એવો પણ છે કે તે શ્રીસર્વજ્ઞદેવપ્રરૂપિત ત્રિકાલાબાધિત સૂત્ર સિદ્ધાંતોને કાળજુની પૌરાણિક વાતોનાં પોથાં કહી વર્તમાન વાયુંના વહેણમાં વહેવામાં જ આનંદ માની રહ્યો છે. એ વર્ગ લોકપ્રવાહમાં એટલો તો ઘસડાઈ રહ્યો છે કે જે દિશાનો પવન (વાયરો) હોય તે દિશામાંજ ગમન કરવા તે ટેવાઈ ગયો છે. એમાં એવો તો એ દિગ્મૂઢ બન્યો છે કે તે સિવાયની બધીએ દિશાઓ એને શૂન્યકાર જ ભાસે છે. એમાં પણ એનું મૂળ કારણ તો એ જ છે કે એને સાચી પણ વાતો સમજવાને હૃદય નથી, સાંભળવાને કાન પણ નથી, પછી વર્તનમાં મૂકવા માનસ તો હોય જ ક્યાંથી ? મત્ત થયેલાઓને પોતાનાં બુદ્ધિ અને બળ સાથે છેલ્લે છેલ્લે ધના શાલિભદ્ર તથા દશાર્ણભદ્રજીનાંજ બુદ્ધિબલને પણ ઘટાવવાનો (સરખાવવાનો) એને અવકાશ જ નથી, ઇચ્છાયે નથી. બુદ્ધિનો તો જમાનો જ આ છે, એ તો એની મોટી અણસમજ છે. એને એ પણ માલુમ નથી કે બચ્ચાંઓને આખલાનું માપ બતાવવા મથતી દેડકીની માફક પેટ ફુલાવવા જતાં પેટ ફાટીને પ્રાણ પણ પોતાના જ હણાશે ! પરમતારક શ્રીસર્વજ્ઞદેવપ્રરૂપિત તત્ત્વત્રયી, શુદ્ધ, દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ પરત્વે એટલી તો અરૂચી ઉત્પન્ન થયેલી હોય છે કે તેનું નામ સાંભળવા માત્રથી એને અજીર્ણ થાય છે. મુનિરાજોની દિન ચર્યામાં, વ્રતપચ્ચખ્ખાણોમાં એને ત્રુટિઓ તત્કાળ દેખાય છે. જે દેખાડવા તે ડહાપણ પણ વાપરે જ જાય છે. જ્યારે પોતાનાં તેવી પણ ચર્યાનો એક અંશ પણ છે કે નહીં એ વિચારવા તો એ થોભતો જ નથી. મહાન પાપનાં કારણો રાત્રિભોજન, અભક્ષ્ય ભક્ષણ અને અપેય પાનાદિથી પણ પોતે વિમુક્ત થયો છે કે નહીં એટલું પણ પોતે પાછું વળીને જોતો જ નથી. પરના અછતા પણ દૂષણો જ પ્રગટ કરવા તથા નરાધમને પણ ન શોભે તેવી ભાષામાં અને તેવી રીતે ઉત્તમ જીવન

વહેનારા સાધુપુરુષોના શુદ્ધ જીવન ઉપર જ હુમલા કરવાની એને લત લાગેલી હોય છે !!! યેનકેન પ્રકારેણ પુણ્યની મૂર્તિરૂપ મુનિપુંગવોને સમાજમાં હલકા પાડવા એ જ એની દિનચર્યા છે. સર્વને એ સુવિદિત છે કે તેવા અજ્ઞસમજુઓની સુજ્ઞ સમાજમાં તો કિંમત જ નથી. છતાંયે પ્રશ્ન એ રહે છે કે એ આત્માનું શું ? ઉત્તમોત્તમ એવો સર્વજ્ઞ ધર્મ આદરીને એ તરશે ક્યારે ? ધર્મ અને એને આદરનારા પવિત્ર આત્માઓ ઉપર દ્વેષ કરનારા બુદ્ધિના બારદાનોની બુદ્ધિ એકલા જડવાનદને જ જુએ છે. ચૈતન્યવાદનો તો તેને ખ્યાલ સરખોયે આવતો જ નથી. આમ છતાંયે એને તેવી પણ બુદ્ધિનો મદ અટેલો તો ગાઢ હોય છે કે તેને સીધી વાત સમજાવનારને 'ચોર કોટવાળને દંડે' એ કથનાનુસાર ઉન્માદી કહી દે છે. સામાને ઊંચા તો નહીં પણ પોતાની સમાન પણ તે દેખતા નથી; પોતાની સમાન કોઈપણ હોય તેવું તે માનતા જ નથી, પૂર્વાચાર્યોના ગ્રંથોમાંની પણ ફક્ત એક જ પંક્તિનો ઉદ્દેશ (ભાવ) તારવવાનું એને કહેવામાં આવે તેટલામાં જ અકળાઈ જાય, એવા તો બુદ્ધિમાન (?) છતાં પણ એ જીદ્દીઓએ પકડેલ પૂંછડાં સર્વજ્ઞનું શરણ સ્વીકારતા જ નથી !!! બુદ્ધિમત્તાનું માપ તો ત્યાં જ ખુડું થાય છે છતાંએ પડળ જ ઊંધાં હોય ત્યાં એને સમજાવવાથી પણ શું વળે ? આવાઓને અર્થના અનર્થો અને અનર્થોના અર્થો ઊભા કરવામાં પુણ્ય પાપનો ડર ન હોય એમાં નવાઈ પણ શું ? કરેલો અનર્થ એને અનર્થરૂપે સમજાય તોયે અનર્થને જીવતો રાખી સમાજમાં અથડામણો ઊભી કરે જ જાય છે, પરિણામે અનેક દુર્ગતિઓ તો વેઠવાની જ છે. એ એમને ક્યાંથી સમજાય ? જન્મ મરણનો ભય જાગ્યો હોય તોને ?!! આવા આત્માઓનું પણ કલ્યાણ ન અટકે એટલા માટે જ સુજ્ઞજનો એને પાપોથી અટકાવવાનો પ્રયાસ કરે છે. ધર્મીનું ધ્યેય તો એને બચાવવાનું જ હોય છે, અને એટલા માટે તો એ ઘટતા બધાએ પ્રયાસો કરી છૂટે છે પણ જ્યાં પતંગીયાનો સ્વભાવ જ એવો હોય છે કે તે બત્તી ઉપર કપડું (ઢાંકણ) ઢાંકવા છતાંયે તેમાં પડતું મૂકવાનું (હોમાવાનું) જારી જ રાખે, ત્યાં ધર્મી પણ શું કરે ? એવાને પણ સમજાવવા લાગણી ધરાવનારા ઉપકારી ઉપદેષ્ટાની તેઓ જાહેર પેપરોની દેવડીએ પણ હીલના કરી ફક્ત પોતાની જાતને જ જીવતી રાખવા મથે છે !!! કરોળીયાની માફક વધારે મસ્તી કરતાં ઊલટો વધારે ફસાય છે. અરે છેવટ મરવાની અણીએ પણ પહોંચે, પણ તેમાં વળે શું ? તેવો વખત ખ્યાલમાં આવતાંને વાર ઉપકાર ભાવનાથી ધર્મી તો એને સંસારની અસારતા સમજાવે, સાથે શ્રી તીર્થંકર દેવોની વાણીનો જ અમલ કરવાનું પણ કહે. પણ તે માને જ શાનો? એ તો સામે દલીલો કરે કે "ભાઈ ! તીર્થંકરોના વખતના મનુષ્યો તો અગાધ સામર્થ્યના માલિક હતા, માટે તેની વાણી પ્રમાણે તો તે જ કરે ! આપણાથી થાય જ નહીં !" પત્યું!!! હવે એને કરવું જ શું રહ્યું? એવાઓ સમયને જ પ્રાધાન્ય આપે છે. "જે સમયે જે અનુકૂળ હોય તે જ ગ્રહણ કરવા યાને આદરવા યોગ્ય છે," આ તો તેઓનો મુદ્રાલેખ હોય છે !!!

પ્રભુએ આદરેલા ને કહેલા પાંચે મહાવ્રત, તપશ્ચર્યા, લોચ, વિહાર, અને વ્રત પચ્ચખ્ખાણદિને અત્યારે પણ આદરી રહેલો મુનિવર્ગ વિદ્યમાન છતાં, એ ન માને અને સમયને જ આગળ ધરે તે શું ઓછી અણસમજ ગણાય ? તપચિંતામણિના કાઉસ્સગ્ગની પદ્ધતિ શી છે ? "પ્રભુએ જેમ છ માસનો તપ કર્યો તેમ હે આત્મા ! તું પણ કર ! એટલો ન બને તો ઓછો કર ! યાવત્ નવકારશી કર !!' આ રીતિએ સમયના શરણે જનારાઓ કદી પણ મૂલગુણ ને ઉત્તરગુણની રીતિ આત્માને સમજાવતા જ નથી ! પ્રભુના વર્તન અને વચનને અનુવર્તનારા અત્યારે પણ વિદ્યમાન છે એ તેઓને પ્રત્યક્ષ ઓળખાવ્યા પછી પણ તેઓ સમયવાદને છોડતા જ નથી, ધર્મ પ્રત્યે અલ્પ પણ આદર કરતા નથી. આમ છતાં એ સાધુવર્ગના સંયમના અલ્પ સાધનોમાં પણ એને ભયંકર પરિગ્રહ ભાસે, એની જ વાતોની પંચાતો ઊભી કરે એવાઓની મનોદશા કેવી હશે !!! વિષમ સ્થાનમાં ઊભેલો આત્મા, ઉત્તમ સ્થાને વિરાજમાન આત્માઓને તેઓના કર્તવ્ય સૂચવવા લાગે; અને એની ત્રુટિઓ ઓળખાવવા ઊઠે એ નાનીસૂની નાદાનિયત તો ન જ લેખાય !!! હિતનાં વાતો હળવેથી સમજાવતાં પણ સામો બેઠો હોય ત્યાંથી સીધા ચાલી જવાની અને વેગળો પડયો વાંકું વહેવાની એને ટેવ જ પડેલી હોય છે ! ! એવે ટાઈમે સાર્વત્રિક હિતાહિતની પરવા ન કરતાં ફક્ત સ્વકીર્તિના રક્ષણાર્થે જ ધર્મ અને જાતિકુળ વિગેરેને તેઓ ઊલટભેર ધક્કો મારે, એ પરમ ખેદનો વિષય છે ! આથી ધર્મીપણું તો હતું જ નહીં પણ મનુષ્યત્વથી પણ તે બાતલ થાય છે એ તો એને સમજાતું જ નથી. પતનશીલતાની આવી પરાકાષ્ઠા શાથી ? યતઃ

विहितस्याननुष्ठानान्निंदितस्य च सेवनात् । अनिग्रहाच्चेन्द्रियाणां नरः पतनमृच्छति ॥

અર્થ :- વિહિત અનુષ્ઠાન ન સેવવાથી, નિંદિત પ્રવૃત્તિના સેવનથી તથા ઇંદ્રિયોના અનિગ્રહથી મનુષ્ય પતન પામે છે.

જેણે જાતિ, કુળ અને ધર્મ ત્રણેને ચૂકી, ત્રણેયની મર્યાદાને નેવે મૂકી, પ્રત્યક્ષ કુધારાઓને જ સુધારા માન્યા તેને સાચો ધર્મ સમજાય પણ શી રીતે ? સુધારાના સેવન તથા સિંચનમાં જ સર્વસ્વ માનવાના પરિણામે વિષયોની પ્રાપ્તિ માટે ભયંકર પ્રવૃત્તિઓને પણ તે અમલમાં મૂકતાં અચકાતો નથી. તેને અંગે એમને સ્ત્રી પુત્રાદિ પરિવાર, માલ મિલકત, બાગ, બંગલા, બગીચા, લાડી, વાડી અને ગાડીમાં જ મહત્ત્વતા મનાણી છે. એમાં જ રાચવું અરે ! રાચ્યા માચ્યા રહેવું એ તો એને જીવનની એક ઉત્તમ લ્હાણ મનાણી છે, અનેરી મોજ સમજાણી છે. આ આત્માએ ધર્મ પામે ક્યારે ? વિષયને મેળવી આપનારા તમામ સંયોગો ઇષ્ટ જ મનાયેલા હોવાથી એને છોડવાનો ઉપદેશ કરનારાઓ તો એને શત્રુ સમાન જ ભાસવા લાગ્યા !! આથી ઉપકારીઓ ઉપર પણ લાલપીળા થઈ એને સદંતર ઉખેડી નાંખવાની પણ એ વાતો કરે, અરે ! આગળ

વધી તથા વિધ કપટ પ્રબંધો યોજે અને તેને અનુકૂળ ષડ્યંત્રો પણ ગોઠવે તેમાં આશ્ચર્ય પણ શું ? ક્યાં ગયું જૈનત્વ ? ભવાન્તરમાં આનું પરિણામ શું ? વાસ્તવિક તો એ ભાગ્યવાનો (?) હજી તદ્દન બાલભાવમાં જ ખેલી રહ્યા હોય એમ લાગતું હોવાથી શાસન એ જ શરણ એને ક્યાંથી મનાય ? પોતે હળદરના ગાંઠીયે જ ગાંધીની દુકાન માંડી છે એ એમને સમજાતું જ નથી. પ્રત્યક્ષ બનાવોને જ પ્રમાણભૂત માનવાની હઠનું એ પરિણામ છે. ખરી વાત તો એ છે કે એ વર્ગને સર્વજ્ઞનાં વચનો પ્રત્યે શ્રદ્ધા જ નથી ! વ્યવહારમાં તો નભવાનું હોવાથી વર્તમાન વાયુમાં વહેતું મૂક્યા સિવાય છૂટકો પણ નહોતો, જેથી તેમાં પણ તેણે આપેલો સાથ મન વિનાનો અને અણસમજવાળો જ હોય છે. કૃત્યાકૃત્ય સમજ્યા વિના લીટે લીટે ચાલવાની જ એની પ્રથા છે 'ખાલી ચણો વાગે ઘણો' તદનુસાર એનું ભાન ઠેકાણે લાવવા કોઇ પ્રયાસ કરે તો તેમાં પણ તે સર્પની માફક છંછેડાઇ જાય છે એમાં પણ વસ્તુતઃ પોતાના નગ્ન સ્વરૂપને ઢાંકવાના તે વ્યર્થ ફાંફાં જ મારતા હોય છે. સુજ્ઞ સમાજને એની કિંમત તો નથી જ. છતાં એ 'પડયો પોદળો (છાણ) ધૂળ લે જ' તેવી રીતે આવા વર્ગથી પણ સમાજ તો ડોહળાય જ છે. ચૈતન્યવાદને પ્રાણભૂત માનનાર વ્યક્તિઓની વિદ્યમાનતા એ તો એના દુઃખની અવધિ છે. કારણ એ જ છે કે અન્યને બચાવી લેવા માટે ધર્મીઓ એને એના વાસ્તવિક (નગ્ન) સ્વરૂપે હરપળે ઓળખાવતા જ રહે છે. એની (જીભની) મીઠાશમાં તથા અભિનયાદિમાં પણ છૂપો છૂપો અધર્મ જ ઊછળતો હોવાથી સુજ્ઞજનો એના સસંર્ગથી પણ દૂર રહે છે. એના એ આત્માઓ જો ધર્મને આદર આપે તો એ જ ધર્મીઓ અને હૃદયભર ભેટે, આ નિઃશંક વાત છે. પણ તે તો ફક્ત સુધારા સિવાય ધર્મ કર્મ કાંઇ માગતા જ નથી. ખરાબી આટલી હદે છતાં પણ ધર્મીમાં ખપવાનો એને ઉમળકો સુજ્ઞજનો પૂરો કરતા નથી એ જ એના તરફથી ઉપસ્થિત થયેલ અત્યારના ભારે (મહાન) વિગ્રહનું મુખ્ય કારણ છે.

એ વિખવાદની શાન્તિ અને સમાધાની તો સહુ કોઇ ઇચ્છે છે પણ સમાધાની એટલે શું ? સમાધાની સત્યની કે જૂઠાની ? એક માણસ કોઇની સ્ત્રીનું હરણ કરી જાય, તે કેસ કોર્ટ જાય, વાંધાની પતાવટ (સમાધાની)માં મેજિસ્ટ્રેટ બન્નેને સરખા હક આપે એ જેવું હાસ્યાસ્પદ છે, તેવી જ રીતિએ ધર્મને વેચી નાંખવા મથતા આત્માઓને પણ ધર્મી પાસેથી જ અર્ધ ભાગ અપાવવાના મનોરથો સેવવા એ પણ તેવું જ હાસ્યસ્પદ છેઃ બલ્કે એવા ચુકાદા આપવાના મનોરથો સેવનારાનું સ્થાન પણ ઉપરનો ચુકાદો આપનાર મેજિસ્ટ્રેટ જેવું છે.

ઉપર જણાવેલો વર્ગ પોતાની તમામ ઊલટી વૃત્તિ તથા પ્રવૃત્તિઓને પલટાવે-સુલટાવે અર્થાત્ સુધારે, ધર્મ સન્મુખ થાય એ જ સાચું સમાધાન છે. આવું સમાધાન તો સદૈવ વિદ્યમાન જ હતું અને છે. સમાધાનના નામે ઈદં તૃતીયમ્‌ની વાતો કરવી વ્યર્થ છે. સાચા સમાધાનનો એક જ ઉપાય છે કે સર્વજ્ઞની આજ્ઞાને શિરસાવંદ્ય માનવી મનુષ્યજન્મની સફળતા કરવા સાથે શાસનના ઉદ્ધારનો સાચો અવસર પણ ત્યારે જ પ્રાપ્ત થશે. દેવ, ગુરુ અને ધર્મ પરત્વે સાચો રાગ, ભક્તિભાવ ત્યારે જ જાગશે, અદ્વિતીય પુણ્ય-પ્રકર્ષ પણ તેના યોગે જ જાગશે. શ્રી જિનેશ્વરદેવ પ્રણીત ધર્મને અહર્નિશ સેવનારી સાચી સાધુ સંસ્થાની પણ ત્યારે જ કિંમત સમજાશે ! તેમનાં હાલ કટુ લાગતાં વચનો પણ પછી જ અમૃતમય મનાશે અને અજ્ઞાનાવસ્થામાં કરેલા પાપો બદલ એકાન્તે બેસી ઢગલાબંધ આંસુ સારી મહાન નિર્જરા કરવાનો અવસર પણ એને ત્યારે જ પ્રાપ્ત થશે !!!

શાસનદેવ સહુને સન્મતિ સમર્પો એ જ અભ્યર્થના !!!

લેખકોને સૂચના.

આથી દરેક લેખોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવે પદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવાને અંગે જે કાંઈપણ લખાણો એક બાજુ સૌમ્ય અને રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા. ક. પ્રશ્નકારો પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પત્ર દ્વારાએ લખી મોકલશે તો સમાધાન મેળવી શાસનના હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

તમોને શાની જરૂર છે !!!

જૈનધર્મનાં પ્રાચીન અને અર્વાચીન જૈન સાહીત્યની જરૂર છે ? તો તુરત નીચેના સરનામે પત્રવ્યવહારથી પૂછો-

દેવચંદ લાલભાઈ જૈન પુ. ફંડ ગોપીપુરા સુરત.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

ઉપાધ્યાય.

બત્રીશ આગમ માત્ર માનનારાને આચાર્ય માનવાનો હક નથી !!!
સાધુના સમાગમ વગર બારવ્રતધારી શ્રાવક પણ મિથ્યાત્વી થઈ જાય છે !!!
ઉપધાનની અવગણના કરનાર અનંત સંસારી છે !!!

गणतित्तीसु निउत्त सुत्तत्थज्झावणंमि उज्जुत्ते।
सज्झाए लीणमणे सम्मं झाएह उज्झाए ॥

જેવું આરાધન તેવું સ્મરણ.



ગ્રંથકાર મહારાજા શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના હિતને માટે ધર્મોપદેશ કરતા થકા પ્રથમ જણાવી ગયા કે શ્રી શ્રીપાલ-ચરિત્રમાં શ્રીપાલની રિદ્ધિ સિદ્ધિ, રોગ નિવારણ અનિષ્ટ વિયોગ અને ઈષ્ટ સંયોગ વિગેરેમાં નવપદનું આરાધન જ મુખ્ય ભાગ ભજવે છે. ઉપર બતાવે દુન્યવી ચીજો દરેકને ઈષ્ટ લાગે છે. ખાવું બધાને ગમે છે પણ ખાવાની ઇચ્છાવાળાએ રસોઇ કરવાનું પણ તેટલું જ ઉપયોગી છે તે લક્ષ્યમાં જ ન લેવાય ત્યાં સુધી ભોજનની વાતો હવાઇ કિલ્લારૂપ જ લેખાય.

આ ચરિત્રમાં રિદ્ધિ, સમૃદ્ધિ, ઈષ્ટ સંયોગો, અનિષ્ટનિવારણ વિગેરે સાંભળીએ ત્યારે તો ઉત્કંઠાવાળા થઈએ પણ તેનું મૂળ જે, નવેપદનું આરાધન તે ઉપર લક્ષ્ય ન ચોંટાડીએ તો તે પણ ખાલી વાતો જ મનાય ! શ્રીપાલ મહારાજા નવપદમાં કેટલા તન્મયપણે લીન હશે તેનો વિચાર કરો ! દરિયાની મુસાફરી કરતાં અપૂર્વ વસ્તુ જોવા માટે ધવલના બોલાવવાથી પોતે ફાટક પર આવેલા છે. અપૂર્વ વસ્તુ કઇ ? સાત મુખવાળો મચ્છ ! આ વખતે આરાધન બુદ્ધિ કે સ્મરણનો પ્રસંગ પણ નથી, ખરું ને ? પણ જ્યાં ફાટક પર આવ્યા, ધવલે દોર કાપ્યો અને તેઓ દરિયામાં પડે છે. તેવે વખતે પણ મુખમાંથી **'नमो अरिहंताणं'** એ પદ કેમ નીકળ્યું હશે ? દેહરા અને ઉપાશ્રયમાં એનું સ્મરણ આવે તે તો સ્વભાવિક છે, પણ દુન્યવી ચીજ દેખતાં દરિયામાં પડે, વળી જ્યાં નિરાધારપણું છે અને તેમાં પણ જે વખતે જીવનમરણનો પ્રશ્ન છે તે વખતે **'नमो अरिहंताणं'** યાદ આવવું એ કેટલું મુશ્કેલ છે તે વિચારો !!! બહુ બહુ વિચારતાં માલૂમ પડશે કે એમનો એવો તો ઉત્કૃષ્ટ સંસ્કાર હોવો જોઇએ કે તરણ તારણ તો એ જ ! અને એથી તો ગમે તેવા વિકટ પ્રસંગે પણ એ સિવાય એના મુખમાં બીજું નામ જ નહોતું. દરિયામાં ડૂબવા જેવા ભયંકર પ્રસંગે પણ એ યાદ આવે ત્યારે તો તન્મયપણાની અવધિ જ કહી શકાય! સામાન્ય રીતે વિચારો કે આપણે એક સાધારણ પાણીવાળી નદી ઊતરતા હોઇએ તે વખતે

લગીર પાણી વધારે આવે તો શું યાદ આવે છે ? નવપદ કે આખાએ સંસારના નાશના ભયની સાથે મરણનો પાકો ભય ? પોતાપણની આરાધના કેવી છે તેનો વિચાર કરો ! જેવું આરાધન તેવું સ્મરણ ! આત્માને સંપૂર્ણ સંસ્કાર વાસિત બનાવ્યા વિના તન્મયતા પ્રાપ્ત થાય પણ ક્યાંથી ? કહો કે એ દિશાને અનુકૂળ આરાધન થયું નથી. સમ્યગ્ દ્રષ્ટિ આત્માનો, ધન, સ્ત્રી, ઘર, હાટ હવેલી માટેનો ઉદ્યમ તો ઉપલકીયો જ હોય. પ્રસંગ આવે તે વખતે તો પેલું જ યાદ આવે ! શ્રીપાલ મહારાજાનો આત્મા સંપૂર્ણ રંગભીનો હતો. દરિયામાં પડતાં (એ તો મગર આવ્યો અને એની પીઠ ઉપર આશરો મળી ગયો, નહીં તો) મરણનો જ સોદો હતો, છતાં એ એમનું મન ઠકુરાઈમાં કેમ ન ગયું ? એઓને નવપદ જ કેમ યાદ આવ્યા ? એમને સ્ત્રીઓ, મિલકત, વહાણો વિગેર ઘણુંએ હતું, પણ કહો કે એમના મનમાં એ બધું (નવપદજીની પાસે) "આંગળીથી નખ વેગળા" સરખું જ હતું. જેમ નખને રાખીએ છીએ તો સાથે જ, પણ સ્વરૂપે આગંળીથી વેગળા જ ! તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મામાપણ આરંભ, પરિગ્રહ, વિષય કષાયાદિમાં જોડાયેલો હોય તે છતાં પણ તેની ચોટ તો ધર્મ ઉપર જ હોય ! એટલે કે તેનું આખુંએ જીવન ધર્મમય જ હોય! દરેક પુણ્યવાનો એ ખ્યાલમાં રાખવું ઘટે કે મનુષ્યપણું પ્રાપ્ત થવા પછી જ એ સંયોગની પ્રાપ્તિ છે. એથી ધારો તો એ સંયોગનું ફળ અને એ સંસ્કારશક્તિ અહીંથી પણ મેળવવી અત્યારે પણ સુલભ છે.

ભીડ વખતે કામ આવે એ જ ખરી મિલકત !!!

અહીં શ્રીપાળ મહારાજા રિદ્ધિને આધીન પણ હતા, છતાં એમનું એ લીનપણું પ્રત્યાખ્યાના વરણી કે અપ્રત્યાખ્યાનાવરણીના ઉદયનું હતું. અનંતાનુબંધીના ક્ષયોપશમાદિ થયા હોય તો જ તત્ત્વ તરફ દૃષ્ટિ રહે, તદનુસાર તેવા ક્ષયોપશમને પ્રાપ્ત કરનારમાંના તેઓ પણ એક હતાં. અપ્રત્યાખ્યાનાદિના ઉદય વખતે આરંભ પરિગ્રહાદિ તરફ વિશેષ મન ખેંચાતું રહે તેવો ભાસ પણ થાય છતાંએ તેની ખરી પરીક્ષા તો વિપત્તિ આવે ત્યારે જ થાય. એટલે કે હૃદયના ઊંડાણમાં જે ખરી વસ્તુ; બેઠી હોય તે વિપત્તિના વખતે પ્રથમમાં પ્રથમ તકે યાદ આવી જાય. મુખમાંથી નીકળી જાય ! એવી રીતે શ્રીપાલ મહારાજને પણ વિપત્તિના પ્રસંગે હૃદયમાં રહેલી સાચી વસ્તુ (નવપદ) તે દરેક કરતાં પ્રથમ મુખમાંથી નીકળી જાય એટલે કે મરણના પ્રસંગે તે જ વસ્તુ આવીને ઊભી રહી !

અહીં કોઈ પ્રશ્ન કરે કે ફક્ત નવપદને યાદ કરનારામાં જો તેટલાથી પણ તન્મયતા સંભવતી હોય તો પછી અંગ, ઉપાંગો અને ચૌદ પૂર્વો શું નકામા ? ના ! નકામા નથી ! એ આખીએ જીંદગીમાં કામના જ છે, પણ છેલ્લો વખત આવે ત્યાં ન તો અંગ, ન તો ઉપાંગ કે ન તો ચૌદ પૂર્વ કામ કરે: ત્યાં કામ કરે કોણ ? ફક્ત એક નવકાર ! વિચારો કે કોટિધ્વજને પણ ખરી મિલકત કઈ ? રોકડ ! કે જે આપત્તિના પ્રસંગે તુરત કામ આવે ! લેણદેણ વિગેરે તો ચાલુ વેપારમાં કામનું, પણ મુસીબતમાં તો રોકડ હોય તે જ કામ લાગે; તેવી રીતે ચૌદ પૂર્વો, અગિયાર અંગ, બાર ઉપાંગ એ તમામ ચાલુ વહીવટની મિલકત સમજવી, પણ મરણ રૂપ ભીડ હોય તે વખતે તો કેવલ નવકાર જ મિલકત છે કારણ શું ? એક જ ! મરવા સૂતેલાને તેનું નામ દઈને બોલાવીએ છીએ તો હાં કહે છે ફક્ત એકનું એક કામ પણ તેણે હજારો વખત કર્યું હોય, કરવાને માટે ઉત્કંઠા

પણ ધરાવી હોય. છતાંએ તે વખતે એવી સ્થિતિ હોય કે જેની અંદર તેને તેના નામનો પણ ઉપયોગ મહામુસીબતે આવે. કેટલાક કહે છે કે ફક્ત નવકાર જ ગણ્યો તેમાં વળ્યું શું ? દેવદત્ત નામના મનુષ્યને- 'દેવદત્ત! દેવદત્ત !' કહીને દરરોજ બોલાવાય છે છતાં અન્ય વખતે નામ દઈને બોલાવાય તેમાં હુંકાર આપવાનો તે દેવદત્તને કંટાળો સરખોએ આવતો નથી, કારણ કે પોતાનું નામ જ તે પડેલું છે જેથી એ નામથી લોકો બોલાવે છે. જેમ આમ નક્કી સમજ્યાને અંતે તેનો સંસ્કાર જબરદસ્ત જામે છે તેમ સેંકડો વખત નવકાર ગણો તેનો સંસ્કાર પણ પોતાના નામ જેવો જ બેસવો જોઈએ !!! વાત એમ છે કે જ્યાં નવકારને પણ સંસ્કારમાં લાવવો મુશ્કેલ હોય ત્યાં ચૌદ પૂર્વાદિને તો સંસ્કારમાં કેવી રીતે લાવી શકાય? ખૂબ ખૂબ વિચારો કે અંત અવસ્થામાં જવાબ દેનાર હોય તો માત્ર નવકાર છે. ચૌદ પૂર્વીને પણ છેલ્લે છેલ્લે નવકાર જ કામ લાગે છે. શ્રીપાળ મહારાજામાં નવપદનો સંસ્કાર એવો તો જામી ગયેલો કે જે સંસ્કારને લીધે આપત્તિના પ્રસંગે પણ પ્રથમ તે જ યાદ આવ્યું અને સ્ત્રી પરિગ્રહાદિ હતું છતાં બધું ભૂલી જવાયું, સાઠ, સિત્તેર કે સો વર્ષની જીંદગીનું એકઠું કરેલું ડહાપણ મરણના ભય આગળ નાશ પામે છે. 'પાણીમાં બાચકાં ભરવાથી શું વળે ?' એમ તો બધાએ કહીએ છીએ, પણ સો વર્ષનોએ મનુષ્ય પાણીમાં ડૂબે ત્યારે તો પાણીમાં જ બાચકાં ભરે છે. સો વર્ષ સુધી એની એ વાત એ પણ બોલનાર હતો તો હવે પોતે જ કેમ બાચકાં ભરે છે ? શું સો વર્ષનું શાણપણ ક્ષણવારમાં ચાલ્યું ગયું ? ના, તત્ત્વથી જીવનની ઇચ્છાનું જ બળવત્તરપણું છે. તેથી અહીં સહજ મરણની ક્ષણ વખતે 'નમો અરિહંતાણં' મુખમાંથી નીકળે એ તત્ત્વદૃષ્ટિ વગર કેટલું મુશ્કેલ છે ?

ઉત્તરસાધક વિના સિદ્ધિ નથી.

અહીં શ્રીપાલના ચરિત્રમાં નવપદનો મહિમા જણાવે છે. તે નવપદમાં ત્રણ તત્ત્વ છે. દેવ, ગુરુ અને ધર્મ. દેવતત્ત્વ એ સંપૂર્ણ દશાને પામેલું તત્ત્વ છે અર્થાત્ સિદ્ધ છે, સાધક નહિ. અરિહંત પણ ધર્મની સિદ્ધ દશામાં જ છે, કારણ કે હવે તેમને સંસારમાં રખડાવનાર એકે કર્મ નથી, જેમ સિદ્ધને એકે કર્મ રખડાવનાર તરીકે બાકી રહ્યું નથી તેમ શ્રી જિનેશ્વરને પણ રહ્યું નથી. તેથી બંન્ને સંપૂર્ણ છે. ઘાતિકર્મોનો નાશ તો બંન્નેનો સરખો જ થયેલો છે માટે તે બંન્નેને દેવતત્ત્વમાં લીધા છે "દેવતત્ત્વના આધારે સંપૂર્ણ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે" એમ ધાર્યું છતાં પણ સાધક-પ્રવર્તક ન મળે તો ચીજ સાધી શકે, કે પ્રવર્તી શકે ખરો કે ? આ આત્માનો ઉત્તર સાધક કોણ ? તમે જાણો છોને કે મંત્રમાં પણ ઉત્તરસાધક ન હોય તો મંત્ર સાધી શકાતો નથી. તેવી રીતે અહીં પણ આત્માએ મોક્ષ સિદ્ધ કરવો છે તેની સિદ્ધિમાં ઉત્તરસાધક કોણ ? કોઈ કહેશે કે ઉત્તરસાધકનું કામ શું ? આવતાં વિઘ્નોને આત્મશક્તિથી પોતે જ દૂર કરે. વાત ખરી ! પણ આત્મામાં પ્રવૃત્તિ કરનારો અંદરના વિઘ્નોનું જ નિવારણ કરે; બહારના આવતા વિઘ્નોનો તો ઉત્તરસાધક જ નાશ કરે. તો તે ઉત્તર સાધક કોણ ? મિથ્યાત્વી તરફથી થયેલા આક્ષેપો, તેમના પરિચયથી શ્રદ્ધાનું ડોળાવું અને આરંભાદિકની પ્રવૃત્તિથી થતી ચંચળતા આ બધા વિઘ્નોને દૂર કરનારા તો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ જ ઉત્તરસાધક છે !!! અન્યમતિ અથવા શાસનમાં જ રહી શાસનનો જ ધ્વંસ કરવા ઇચ્છનારાને પોતાને જૈન ગણાવતા જૈનાભાસો તરફથી થતા આક્ષેપોનું સચોટ સમાધાન કરનાર ન હોય તો આ આત્માની શી દશા થાય? દશ હજારનો પગાર ખાનાર એવા મોટા ન્યાયાધીશોને પણ વાદી જે વખતે પોતાના કેસને

સાબિત કરે તે વખતે તે વાત કબુલ કરી લે છે અને સામાને આરોપી પણ ઠરાવે છે, પણ જ્યાં આરોપી તરફથી ફરિયાદીના મુદ્દા તોડી નાખવામાં આવે તે વખતે તે જ ન્યાયાધીશો જેને આરોપી ઠરાવ્યો હતો તેને જ નિર્દોષ જાહેર કરી છોડી દે છે. જેમ ન્યાયાધીશ પણ એક બાજુના પુરાવા સાંભળે એટલે તે તરફ દોરાઈ જાય, પણ તેનો તે જ ન્યાયાધીશ બીજી બાજુના પુરાવા સાંભળ્યા પછી ઠેકાણે આવી જાય છે. તેમ આપણે પણ એક બાજુનું જ સાંભળીએ અને બીજુ ન જ સાંભળીએ તો એક બાજુ જ દોરાઈ જઈએ એમાં આશ્ચર્ય પણ શું ? **મિથ્યાત્વ આરંભાદિકનું તો તમે દુનિયામાંથી સાંભળી લ્યો, પણ એનું સમાધાન ક્યાં સાભળવાનું ? દુનિયામાં મિથ્યાત્વ, અવિરતિ, આરંભાદિકનાં આક્રમણો તો અહર્નિશ ચાલુ જ છે ! એમાંથી તમારો બચાવ કોણ કરે ? ઉત્તરસાધક !!!**

સાધુના સમાગમ વિના ઉત્કૃષ્ટ શ્રાવક પણ મિથ્યાત્વને પામે છે.

જેઓ સમકિતી, બાર વ્રતધારી, તપશ્ચર્યા કરનારા તથા પોષધાદિમાં પ્રવૃત્ત હોય એવા પણ જો સાધુના સમાગમમાં ન આવે તો મિથ્યાત્વનો ઉદય પામે છે. આ સ્થાને નંદ મણિયારનું દૃષ્ટાંત અત્યુપયોગી હોવાથી વિચારવું આવશ્યક છે. નંદ મણિયાર સમક્તિ હતો, બારવ્રતધારી હતો અને ભર ઉનાળામાં ચોવિહાર, અટ્ઠમ અને ઉપરાઉપરી ત્રણે દિવસના ચોવિહાર પૌષધો કરનારો હતો, આમાં ધર્મીપણામાં ખામી કહી શકાશે ? નહીં જ ! છતાં કેટલોક વખત એને સાધુનો સમાગમ બંધ થવાના પરિણામે આખરે તે મિથ્યાત્વમાં ગયો. કારણ એ જ કે ગુરુમહારાજના સમાગમથી જે સંસ્કારો પોષાતા હતા તે સમાગમ પોષાતા બંધ થવાથી બંધ થયા, ટકાવી ન શક્યો અને તેથી એ મણિયાર મિથ્યાત્વી થયો.

શંકા-અત્યારે આ ક્ષેત્રે સંપૂર્ણ સાધુપણું તીર્થંકરોએ કહ્યું છે ખરું ?

સમાધાન-સંપૂર્ણ સાધુપણું અને કેવળજ્ઞાનને તો આંતરો ફકત બે જ ઘડીનો હોય છે. ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર જ સંપૂર્ણ કહેવાય તે તો જાણો છોને ! અને તેવા ચારિત્ર પછી બે ઘડીએ કેવળ. યથાખ્યાત પણ બે પ્રકારનું છે. 'ઔપશમિક અને ક્ષાયિક' **ક્ષાયિક ભાવનું યથાસ્થિત સાધુપણું** તેને જ બે ઘડીનો આંતરો છે. વર્તમાન સાધુપણું અંગિકાર કર્યા પછી બે ઘડીએ કેવળજ્ઞાનનો આંતરો છે તેમ કહેનારા શાસ્ત્રની શ્રદ્ધાવાળા જ નથી.

શાસન કોનાથી છે ? તીર્થ વિદ્યમાન સાધુઓથી જ છે.

અત્યારે તો બકુલ કુશીલથી જ શાસન છે- તીર્થ છે, એમ શાસ્ત્રના કથનથી સ્પષ્ટ છે. છતાં જેઓ **'અત્યારનું સાધુપણું તે સાધુપણું જ નથી'** એમ બોલનારને કેવા કહેવા ? અત્યારે તો ખુદ તીર્થંકરોએ પણ તે સંપૂર્ણ સાધુપણાનો અભાવ જ કહ્યો છે. વર્તમાનમાં તો ફકત **અષ્ટપ્રવચન** માતાના જ્ઞાનવાળો પણ પાંચમો પરમેષ્ઠિ અને જ્ઞાની છે. અને તેથી તો **"मारुष"** અને **"मा तुष"** એ બે શબ્દોને પણ ગોખતાં ગોખતાં 'માસતુષ' ગોખાઈ જતું હતું તેવા સાધુ પણ પરમેષ્ઠિમાં જ ગણાયા છે. જ્ઞાન મળ્યું પણ વિરતિ ન હોય તેવા વિરતિ વગરના જ્ઞાનને કેવું ગણવું ? તેને માટે તો શાસ્ત્રકારોએ કહ્યું છે કે તે લાકડાનો ભારો ઉઠાવી ચાલનારો ગધેડો છે. બકુશ કોણ કહેવાય ? **રિદ્ધિના ગારવવાળા, યશની ઈચ્છાવાળા, પરિવારની સ્પૃહાવાળા ઘણા ઉપકરણની ઈચ્છાવાળા** વિગેરે ! આ તો બકુશ શબ્દનો ભાવાર્થ કહ્યો છે આથી આનો અર્થ સાધુએ ઢીલા થવું એમ

નથી. સાધુને માટે મૂળ વાત તો એ જ છે કે સાધુએ હંમેશાં ખપી રહેવું જોઈએ તેમ છતાં અશક્તિ યા સંજવલનની આસક્તિના યોગે કદાચ ઢીલો પણ પડે તો પણ તે સાધુ સાધુપણામાંથી ક્યારે જાય ? તેના સમાધાનમાં સમજવાનું કે ઉપરના ભાવાર્થના સંબંધવાળું બકુશપણું રહે ત્યાં સુધી સાધુપણું જતું નથી.

આજકાલ સાધુ છે જ નહીં તેમ કહેતા હો તો શું અત્યારે તીર્થ વિચ્છેદ ગયું ? વિચારના વમળમાં પીસાઈ અનિષ્ટને આમંત્રણ કરનારાઓએ આ જગાએ બહુબહુ વિચારવું કે **કાળધર્મ પામેલા સાધુઓથી તીર્થ મનાયું જ નથી, પણ વિદ્યમાન સાધુઓથી જ તીર્થ છે.** આમ નહીં માનનારને (પાઘડીપંથ ચલાવવા માટે) સાધુને અસાધુ કહી ચાલવું પડે છે. એવાઓ કયે રસ્તે સાધુપણાનો અભાવ માને છે!

ભાવદયા દ્રવ્યદયાથી વિશિષ્ટ છે.

મૂળ વાતમાં આવો ! નંદમણિયાર ગ્રીષ્મ ઋતુની ભર ગરમીમાં અઠ્ઠમ ચોવિહાર કરતો, અને તે ત્રણેય દિવસ પૌષધ પણ કરતો; છતાં પણ **સાધુનો સમાગમ તૂટયો કે એ સીધો મિથ્યાત્વ પામ્યો.** !!! ઉનાળામાં જ એક જ ચોવિહાર ઉપવાસ ગળું પકડે તો ત્રણ ત્રણ ચોવિહાર ઉપવાસો ગળું પકડે તેમાં નવાઈ નથી. તે બધુંએ સમતાએ સહન કરતા એ નંદમણિયારને સાધુના ઉત્તરોત્તર વિયોગે, પરિણામ એ આવ્યું કે તપશ્ચર્યા કરતાં તૃષાતુર થયો એટલામાં તો પ્રભુ માર્ગ છોડયો ! **એના મનમાંથી શાસનમાંનો ભાવદયા અને દ્રવ્યદયાનો ભેદ ભુંસાઈ ગયો ! "ચૌદ રાજલોકના જીવોની દ્રવ્યદયા ફકત એક જ જીવની ભાવદયા સાથે સરખાવીએ તો એક જીવની ભાવદયાની કિંમત વધી જાય."** જૈનશાસ્ત્રનો આ હિસાબ તેના હૃદયમાંથી એકાએક દૂર થયો !!! તૃષા વખતે એને એવો વિચાર આવ્યો કે હું પાણી વગર જેવો હેરાન થાઉં છું એવી રીતે જગતમાં પણ જીવો પાણી વિના બહુ પીડાતા હશે માટે સાચું ધર્મનું કાર્ય જો કોઈ હોય તો કૂવા, નદી, તળાવ, વિગેરે જળાશયો કરીને સર્વજગતને ઉપકાર કરવો તે જ છે. હવે વિચારો કે એના **વિચારમાં હતી તો સાર્વજનિક દયામય વસ્તુ, છતાં પણ તેણે ભૂલ (થાપ) ક્યાં ખાધી ? ત્યાં જ થાપ ખાધી કે જે વસ્તુ દ્રવ્યદયાની હતી તેને ભાવદયા કરતાં પણ વિશિષ્ટ માની લીધા. આનું નામ મિથ્યાત્વનો ઉદય ! પ્રાણીઓનું** આખુંએ જીવન પ્રાયઃ દ્રવ્યદયામય છે, એટલે કે તે દ્રવ્યદયાદિમાં ત્વરિત લલચાય. આવા સંયોગોમાં તેઓને ભાવદયાનું દુર્લક્ષ્ય કરાવી તેને બદલે ઉલટો દ્રવ્યદયાની જ મહત્તા ઓળખાવે એવાની દશા શી ?

આજે યુવકોનો ધર્મ પ્રત્યે ઉન્માદ શાથી ?

પ્રશ્ન- પેટમાં હશે તો ધર્મ સૂઝશે માટે શું પ્રથમ તે ઉપદેશની જરૂર નથી લાગતી ?

જવાબ- ભરાયેલા પેટવાળા તો બધાએ ઉપાશ્રયમાં જ ભરાઈ ગયાને ! અરે ! ભાગ્યવાનો! અહીં ભૂખ્યા તો હજુએ ભરાય છે પણ ધરાયેલાને તો અહીં લાવવા પણ મુશ્કેલ ! અને એમ જ રાખવા જશો તો તો તપશ્ચર્યારૂપ ધર્મનું મુખ્ય પગથિયું પહેલું જ ખસી જવાનું !!! શાસ્ત્રીય જ્ઞાન એ સંપૂર્ણ મર્યાદા સાથેનું અને સદ્‌જ્ઞાન હોવાથી, આત્માનો એકાંતે ઉદ્ધાર કરનારું છે, જ્યારે દુનિયાદારીનું જ્ઞાન ધર્મભાવનાને તો ઉત્પન્ન કરનાર નથી પણ હોય તેનોય નાશ કરનારું છે ! દૃષ્ટાંત મોજુદ છે અને તે

એ કે આટલી પાઠશાળાઓ છતાં શ્રદ્ધા તથા સદ્‌વર્તનનો વધારો કેમ નથી ? દુનિયામાં જ સર્વ કાંઇ માની રહેલા શિક્ષકો શૂન્યવર્તનવાળા હોવાને પરિણામે વિદ્યાર્થીને મળેલું જ્ઞાન તે સદ્‌વર્તન યુક્ત નહીં પણ શુકપાઠ સમાન હોવાનું તો તે પરિણામ છે. એનાથી આત્માને સુધારનારું જ્ઞાન એને મળતું જ નથી તેને અંગે તો આજે યુવકોનો ધર્મ પ્રત્યે ઉન્માદ છે !

ઉપધાન

એક નવકાર પણ કેવા સંયોગોમાં અને કોને આપવો એ બધીએ શાસ્ત્રોક્ત મર્યાદાની કિંમત મેળવવાને ઘણા ભોગની જરૂર છે. બૂટ, કોલર, ને ટાઇ વિગેરે અક્કડાઈના સંપૂર્ણ સાધનો યુક્ત હોય, ભક્ષ્યાભક્ષ્ય-રાત્રિ ભોજન વિગેરે કરતાં અપૂર્વ આનંદમાં ઝૂલતો હોય, અહર્નિશ (દિવસ અને રાત્રિએ) પાનના ડૂચા મોમાં ભરેલા જ હોય, સીગારેટના ગોટાઓ એન્જીનવત્ વહેતા મૂકવામાં જીવનની સફળતા માની બેઠો હોય, આવી પરિસ્થિતિવાળો શિક્ષક વિદ્યાર્થીને નવકાર વિગેરે બોલવાનું કહે. પણ વિચારો! ખૂબ વિચારો ! ! તમારા હિતની ખાતર એકાન્તે બેસી બહુ બહુ વિચારો !!! કે એ શિક્ષક પાસેથી વિદ્યાર્થી કેવા સંસ્કાર પામે ? જ્યારે બીજી બાજુથી સર્વ સાવદ્યના ત્યાગવાળો મુનિ નવકાર ભણાવે તેમાં કેવો સંસ્કાર પડે ? મતલબ એ છે કે જે વસ્તુનું જે સ્વરૂપ હોય, જે સ્થિતિ હોય, તે વસ્તુને આદરનારાઓએ અને શીખવાડનારાએ તેટલો ટાઇમ તો તેવું જ રહેવું ઘટે, આતો સામાન્ય નિયમ છે. નવકાર શીખનારાએ પણ તેટલો સમય તો આરંભ પરિગ્રહનો ત્યાગ જ રાખવાનો છે. આનું નામ જ ઉપધાન ! ને તેથીજ નવકાર, ઈરિયાવહી, નામસ્તવ, નમુત્થુણં, અરિહંત ચેઈયાણં અને પુખ્ખરવરદી સિદ્ધાણં બુદ્ધાણં, એ છએ સૂત્રો ઉપર્યુક્ત કહેલા ઉપધાનમાં ત્યાગીઓ જ ભણાવે.

સભામાંથી - (ત્યારે અમે તો બધાએ પેલા શિક્ષક જેવા જ ને?) સમાધાન-તમારામાં તે લક્ષણો ઘટતા હોય તો તમો પણ તે જ કોટિના છો !!!

ઉપધાનરૂપી ઋણ વાળવું જ જોઈએ.

જ્યાં સુધી કુલાચારે ધર્મ નહોતો એટલે કે એક ઘરમાં પાંચ સાત મત દેખાતા એવા સ્વૈચ્છિક ધર્મ હતો, ત્યારે નવકારાદિ સૂત્ર દેવાની (શીખવવાની) આ મર્યાદા હતી. "ઉપધાન વગર નવકાર ગણે તે અનંતો સંસાર રખડે" આ કથનના સમાધાનમાં સમજી લ્યો કે કુળાચારે ધર્મ નહોતો ત્યારે આ મર્યાદા હતી. સ્વૈચ્છિક ધર્મ લેવાનું તો લાયક ઉંમરે હોય તો જ તે બની શકે, ને તેમ હોવાથી એવી સખત ક્રિયામાં તેને અડચણ હોય જ નહીં, પણ જ્યારે કુળાચારે ધર્મ થયો ત્યાર પછી તો શ્રીકુલમંડનસૂરિ, શ્રી રત્નશેખરસૂરિ સ્વરચિત ગ્રંથોમાં સ્પષ્ટ જણાવે છે કે કુળાચારને લીધે બાળકને નવકારાદિ શીખવવા તેમાં અનંતસંસાર નહીં, પણ લાયક (ઉંમરનો) થાય ત્યારે તો તેણે ઉપધાન વહી લેવા જ જોઈએ. પહેલાં રોકડીયું કામ હતું. અર્થાત્ પ્રથમ તપશ્ચર્યા કરો તો નવકારનો અધિકાર ! પણ અત્યારે તો તમારી શાહુકારી માની છે, જેથી રોકડ પછી પણ આપશો જ, એમ ધારીને પ્રથમ નવકાર આપતાં કહે છે કે રોકડરૂપી ઉપધાન પછી તમે કરી લેજો. ઉપધાન ન

કરે તે શાહુકાર નહીં. તમારી શાહુકારી પર પ્રથમ નવકાર આપવારૂપ નાણાં ધીર્યાં છે, ઉપધાન રૂપ ચોપડી વેર રહી છે જેથી ભલે હમણાં સહી ન કરી આપો, પછી કરી આપજો એમ કહેલું છે. આમ શાહુકારી પર વગર સહીએ નાણાં પ્રથમ લઈ જાય અને સહી કરતી વખત 'જાણે છે કોણ?' એમ કહેનાર શાહુકાર ન કહેવાય શક્તિ આવે તે વખતે સામગ્રી હોય છતાં શ્રદ્ધા અને ઉપધાન નહીં કરનારા એવા તો પહેલાંના જેવા દંડ પાત્ર ગણાય.

બેવફા બનેલાઓનો બેવકૂફી ભરેલો બકવાદ !!!

અત્યારે ઘણાઓને એક પ્રકારનો એવો જ મેનિયા લાગુ પડયો છે કે પોતાને કરવું કાંઇ નથી અને કરનાર પુણ્યાત્માઓને હલકા પાડવા છે. પોતે તો ઉપધાન કરે જ શાના ! પણ ત્યાં માલમલિદા મળે છે માટે ઉપધાન કરાય છે આવો બકવાદ કરી તેવા બેવકૂફોએ તપને આદરનારા ભાગ્યવાન આત્માઓને હલકા પાડવા પ્રયત્ન કરે છે !!! પણ દુનિયા દિવાની નથી ! પહેલે દિવસે પેટમાં પડયું હોય ત્યાર પછી ત્રીજે દિવસે પેટમાં પડે છે, તેનો તો તે હિણભાગીને વિચાર સરખોયે આવતો નથી. ક્યાંથી આવે? બુદ્ધિ બહેર મારી ગઈ હોય ત્યાં વિચારને અવકાશ નથી. મલિન માનસના કારણે દુષ્ટ દૃષ્ટિવાળાઓ ઉપધાનની સુંદરતાને દેખી શકે જ ક્યાંથી? તેમને ઉપધાન કડવા લાગે છે. તેમને સર્વજ્ઞભાષિત અને એકાન્તે કલ્યાણપ્રદ સત્ક્રિયાઓ તથા તેને આદરનારા ઉપર સંપૂર્ણ અરૂચિ જ હોય છે. સાથે વેર કેળવી આત્માને દુર્ગતિમાં ધકેલવાનો ધંધો એ જ મનુષ્યજીવનનું કર્તવ્ય એને મનાયેલ છે. સુસાધુપણું, ઉપધાનાદિ એમને ગમતા જ નથી, તેવાઓને તો માત્ર માર્ગપતિતો ગમે છે. મૂળ વાતમાં આવો ! ધર્મના સંસ્કાર ઉત્પન્ન કરવા માટે, ટકાવવા માટે, અત્યારે પણ સમાજમાં ઘણીએ સગવડો અસ્તિત્વ ધરાવે છે. ભૂખ્યા પેટે શું કરે એમ કહેવાય છે તેના ઉત્તરમાં તો સીધું છે કે પાટણ, અમદાવાદ, સુરત, મુંબઈ વિગેરે ઘણા શહેરોમાં ભોજનશાળા તથા વર્ધમાન તપ ખાતાં પણ ખુલ્લાં છે. આથી તપની અરૂચિવાળા જ એમ બોલે છે તે નક્કી સમજો, ક્રિયાની અરૂચિના કારણે નકામી ભૂખની વાતો કરી ભૂખમરાને ન નોતરો !!! જીવનની કિંમત અને તેની સાર્થકતાનું જે લક્ષ્ય છે એને તો જીવન ટકાવતા ફક્ત અનાજની જ ગરજ રહે છે, કારણ કે અત્યારે માણસને અન્ન એ પ્રાણ છે, પણ ભૂખની વાત કરનારાઓને ક્યાં પડી છે ? એક વખત નાટક, સિનેમા કે હોટલ નજીક જઈને જુઓ તો માલૂમ પડશે કે ત્યાં આવા દુવર્તનીઓની કેટલી ઠઠ જામી છે ? એવાઓ ત્યાંના ખાણા પાસે આયંબિલના ખાણાને તુચ્છ માને તેમાં નવાઈ પણ શું ? સુધારાના બકવાદમાં બુઠા બનેલા બગડીને બેઅકલ બન્યા, બહુ બહુ બહાદુરીના બ્હારો કરીને અંતે તેઓએ બેકારીને પણ બ્હાવરી બનાવી ! એવા જૈન નામધારી, બગવૃત્તિવાળા, બેવફા બનેલાઓએ શાસનને કલંકિત કરનાર બહારવટીયાઓને બહુ બહુ બહેકાવ્યા, અને એ પ્રસંગ ખાળતાં ધર્મીઓને ઘણું એ સહેવું પડયું છે તે કોના ખ્યાલ બહાર છે !!!

મનુષ્ય જન્મ, ઉત્તમકુળ, અને ઉત્તમધર્મ પામ્યાની સાર્થકતા જ આ હોય તો હરકોઈ સજ્જનના મુખમાંથી એ જ ઉદ્ગારો સરી પડશે કે મનુષ્ય જન્મ ભવાંતરમાં પણ મળશો નહીં ! અસ્તુ! ધર્મનો ધક્કો મારવા જ તેઓ બેકારીને આગળ કરે છે. નાટકચેટક, સિનેમા, જલસાઓ, પાનબીડી સિગારેટ વિગેરેના જીવલેણ ખર્ચાઓને તો તેઓ બેકારીનું કારણ ગણતા જ નથી !!! પગ તળે બળતું જોવાની ટેવ વિના એ ક્યાંથી ભાસે ? આ બધાનું કારણ મુખ્યત્વે તો શુદ્ધ વાતાવરણ અને ધર્મપ્રેમી સંયોગનો અભાવ જ છે.

ગચ્છ સંરક્ષણના કાર્યોની સંભાળ રાખવી એ જ ઉપાધ્યાયનું કામ છે !!!

ધર્મના સંસ્કારો ત્યાગી ઉપદેશકો દ્વારા છે. નંદમણિયાર સરખાને કયો વિચાર આવ્યો તે આપણે જોઈ ગયા. પાણીથી સર્વ પ્રાણીને આશ્વાસન મળે છે માટે જળાશયો કરાવવાં એ જ ખરો ધર્મ અને તે જ આદરવો આવો વિચાર એને આવ્યો. શાસ્ત્રકારે અહીં મિથ્યાત્વ કહ્યું. ઘણા કાળ સુધી સાધુઓના સમાગમના અભાવથી એક વખતના સમ્યગ્દૃષ્ટિ તથા ક્રિયાનુરંકૃત આત્માને પણ આ પરિણામ આવ્યું. હવે કહો કે આને બચાવનાર ઉત્તરસાધક કયા ? આચાર્યાદિ ત્રણ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) એ આચાર્યની દેશના દ્વારા જ ત્યાગમાર્ગ બતાવનાર ઉપાધ્યાય પણ કેવા હોય ? ગચ્છની સારણા, વારણા, ચોયણા અને પ્રતિચોયણા વિગેરે ગચ્છ સંરક્ષણના કાર્યોની સંભાળ રાખનારા, આદરનારા તે ઉપાધ્યાય! આને આજે ઘણાઓ પંચાત તરીકે ઓળખાવે છે ! કેટલી નાસમજ ? રાજ્યની રક્ષા માટે થતા લશ્કરના ઉદ્યમ, વ્યવસ્થા અને બચાવની યુક્તિપૂર્વક ગોઠવણ કરનારને રાજ્યનો કયો વફાદાર વર્ગ ખટપટ કે ઝંઝટ કહેવા તૈયાર થાય ? કદાચ એવો કોઈ વર્ગ હોય તો તેને દેશમાં રાખવાલાયક ખરો ? એવા વર્ગને છૂટો ફરવા દેવો એને પણ સરકાર ભયંકર ગણે છે, તેવી રીતે આ ગચ્છની પણ વ્યવસ્થા તેના સંરક્ષણ ખાતર લશ્કરની ભરતીને ખટપટ ગણનારા જૈનશાસનમાં ફરવાને પણ લાયકાત ધરાવતા નથી. **લશ્કરની ફરજને વગોવવામાં આવે તો લશ્કર બેવફા થઈ જાય.** એ હેતુથી એવાઓ આજે ત્યાગી રૂપ લશ્કરની ફરજોને વગોવી રહ્યા છે. તેવી રીતે વળી, શાસનમાં થતી દીક્ષા, વડી દીક્ષા, યોગ વિગેરેને ઝંઝટ કે પંચાત તરીકે પ્રસિદ્ધ કરનાર પણ કેવા ગણાય ? **શાસનદ્રોહી શબ્દ સાંભળતાં ક્લેશ થતો હોય તો તે ક્લેશના ફળમાં હું તો એ જ ઈચ્છું છું કે શાસનદ્રોહીપણું ત્રિવિધ ત્રિવિધ વોસરાવો !!! શાસનની વ્યવસ્થાને ખટપટ તરીકે જાહેર કરો તો તમે શાસનના દ્રોહી જ છો. દેશહિતેચ્છકોને ફક્ત જે સાથ જ ન આપે તેટલા માત્રથી પણ તેને દેશદ્રોહી માનો છો, તો તેના વ્યવસ્થાપકોની કાર્યવાહીને ખટપટ તરીકે પ્રસિદ્ધ કરે તેને કેવો માનો ?** તેવીજ રીતે શાસનમાંથી કોઈ છૂટો પડે તો તેને દ્રોહી કેમ ન માનવો ? તમારી પાસે લેવાદેવાનાં કાટલાં જો એક જ હોય તો ન્યાય પુરઃસર કબુલ કરો કે શાસનને નુકશાન કરે એટલું જ નહીં પણ અલગ રહે તો પણ તે શાસનદ્રોહી જ કહેવાય. દેશને અંગે જે પ્રમાણે દેશદ્રોહીની વ્યાખ્યા કરો છો તે જ પ્રમાણે શાસનને અંગે શાસનદ્રોહીની વ્યાખ્યા કરી લો, તો પછી તેવા કોણ છે તે આપોઆપ ખબર પડે. શાસ્ત્રકાર ફરમાવે છે કે ગચ્છમાં કોણ ભૂલે છે તેને સારણાદિક કરવામાં નિયુક્ત એ જ ઉપાધ્યાય, ઉપાધ્યાયનું કામ જ એ, ઉપાધ્યાય એટલે કે આચાર્ય ભગવાન તરફથી મળેલા અધિકારના મુખ્ય અધિકારી ! એક લશ્કરની ટુકડી પર રાજાએ જનરલ અથવા કર્નલ નિયત કર્યો હોય તો તેણે તેની ફરજ બજાવવી જ જોઈએ. ગચ્છની સારણાદિકમાં આચાર્યે જેને નિયુક્ત કર્યા હોય તે જ ઉપાધ્યાયો! તેમનું કાર્ય એ જ કે ગચ્છમાં ભૂલતાને યાદ કરાવી દેવું, વારંવાર યાદ કરાવવું. આ બધું કરવું તે કામ ઉપાધ્યાયનું છે. જેમ મંત્ર સાધવા પેઠેલાની જોડે ઊભેલા ઉત્તરસાધકનું કામ એ જ કે તેણે ચારે તરફ દ્રષ્ટિ રાખવી અને ક્ષણ ક્ષણનો બનાવ ધ્યાનમાં રાખવો, તેવી રીતે ઉપાધ્યાયને ગચ્છમાં **બનતા દરેક બનાવોની અને તેથી નિવૃત્ત થયેલા આચાર્યને બહારના બનાવોની દેખરેખ રાખવાની છે !!!** ઉપાધ્યાય સારણાદિક કાર્યોની અંદર આચાર્ય તરફથી નિયુક્ત થયેલા હોય. સારણાદિક કરવામાં આવે તો પણ મૂળ વસ્તુ (સૂત્રાર્થ) ન આવે તો તે સારણાદિક પણ ફાયદો ન કરે. **અંદર શ્વાસ ન હોય તો કપડાં–દાગીના વિગેરે શરીરને શોભાવતાં જ નથી.** શ્વાસ તરીકે **'સુતત્થ'** દાન સમજો.

આચાર્ય તથા ઉપાધ્યાયના કર્તવ્ય વચ્ચેના ભેદનું સ્પષ્ટીકરણ.

સૂત્રના અર્થ ભણાવવાની અંદર તીર્થંકરોનું અનુકરણ કરવું તે આચાર્યનું કામ છે, તેથી આચાર્ય એકલો અર્થ દે છે. આચાર્યો એકલો અર્થ દે તે તીર્થંકરના અનુકરણ માટે એ વાત નક્કી થઈ છે, તો અહીં ઉપાધ્યાયમાં બે વાત કેમ નાખી ? તેઓ સૂત્ર અને અર્થ બન્ને ભણાવવામાં ઉદ્યમવાળા હોય એમ કહ્યું તો અર્થ આચાર્ય ભણાવે કે ઉપાધ્યાય ? અર્થ, સૂત્ર ને દાન વિભાગે, આચાર્ય ઉપાધ્યાય; એમ પૂજામાં પણ કહો છો. પછી અહીં સૂત્ર અર્થ બન્ને દેવાનું ક્યાંથી રાખ્યું ? આચાર્ય અર્થ દે તથા ઉપાધ્યાય સૂત્ર દે એ વાત સિદ્ધ થઈ ગઈ છે. તો અહીં આમ કેમ કહો છો ? એનું સમાધાન શાંતિથી સાંભળો ! અર્થ બે પ્રકારના છે, એક સૂત્રાર્થને એક નિર્યુક્તિ અર્થ. એમ અર્થના બે પ્રકાર છે ને તેથી જ અનુયોગમાં બે પ્રકારનો અનુગમ કહીએ છીએ. તે નિર્યુક્તિ અનુગમથી સૂત્રાનુગમ જુદો રાખીએ છીએ, તેથી સૂત્રથી વ્યાખ્યા કરવી. સંહિતા એટલે અખંડિત સૂત્ર કહેવું, સૂત્રનાં પદો જુદાં કરવાં અને સૂત્રનાં પદોનો અર્થ કરવો આટલે સુધી ઉપાધ્યાયનો હક છે, તેથી અનુગમના બે ભેદમાં પહેલો ભેદ આવી જાય અર્થશબ્દથી નિર્યુક્તિ અનુગમ રૂપ અર્થ ન લેવો, પણ સૂત્રાનુગમ રૂપ અર્થ લેવો, તેથી પહેલો અનુયોગ સૂત્ર અને તેનો અર્થ રૂપ છે, તે પહેલો અનુયોગ તે ઉપાધ્યાય આપી શકે. તેથી સૂત્ર અને અર્થ બન્ને ઉપાધ્યાયને આપવાના થયા. આચાર્ય નિક્ષેપ, ઉપોદ્‌ઘાત, સૂત્રસ્પર્શિકા, ચાલના, પ્રત્યવસ્થા વિગેરે આચાર્ય જ આપે. સૂત્ર અર્થસંહિતા પદ પદાર્થ એ પૂરતું ઉપાધ્યાય આપે. આ માટે સૂત્ર બન્ને ભણાવતા ઉપાધ્યાય સૂત્રાનુગમ સુધીનો અર્થ જ આપે. નિર્યુક્તિ ભાષ્યાદિકનો અનુયોગ આચાર્ય કરે, માટે સૂત્ર તથા અર્થ ભણાવવામાં તૈયાર રહેલા એવા ઉપાધ્યાય હોય. કદાચ કહેશો કે સૂત્રના અર્થને અર્થમાં કેમ ન ગણવો ? ઉપાધ્યાયને એકલું સંહિતા અને પદ એ બેનો જ અધિકાર રાખો. પંણ આમ કહેનારે સમજવું જોઈએ કે તો પછી અનુયોગના ત્રણને બદલે ચાર પ્રકાર કરવા પડશે ! શાસ્ત્રકારે અનુયોગ ત્રણ પ્રકારે કહ્યો છે. પહેલો અનુયોગ ઉપાધ્યાય કરે તે સૂત્ર અર્થનો જ કરે. વળી, બીજી વાત, અર્થ વગરનું સૂત્ર શું કાર્ય કરે ? જે 'સૂત્રના સામાન્ય અર્થ પણ ન જાણે તેને પરિણામની વૃદ્ધિ કરવાની જરૂર કેમ પૂરી થાય પડિકમણું કરવા બેઠેલાને અર્થ આવડતો નથી તો તે પડિકમણું શું કરશે ? એવું બહાનું કોઈ કાઢે તો તે પોતે અર્થ જાણનાર કાઉસગ્ગમાં લોગસ્સ તથા નવકારનો અર્થ દરેક વખતે ચિંતવે છે ? અર્થના અજ્ઞાનપણાથી જ શુભ ઉપયોગ નથી રહેતો એવું કથન ભરમાવનારું છે. જેનો અર્થ જાણો છો તેના લક્ષ્યની ખામીને લીધે ઉપયોગ રાખી શકતા નથી. શીખ્યા પછી ઉપયોગની ખામી રહે છે. સૂત્રની સાથે અર્થની જરૂર છે તેમાં અર્થનું બિનજરૂરીપણું કહેતો નથી. અર્થના નામે જે સૂત્રને ખસેડે છે તેને કહું છું કે નવકાર ગણતી વખતે અર્થનો ખ્યાલ કેમ નથી દેતા ? આપણે નવકાર કે લોગસ્સની સંખ્યા ઉપર ખ્યાલ દઈએ છીએ પણ અર્થ તરફ લક્ષ્ય દેતા નથી. આથી અર્થની જરૂર નથી તેમ નથી. પણ અર્થના નામે જેઓ સૂત્રને ખસેડવા માગે છે તેને માટે આ કહું છું. શ્રદ્ધાવાળો અશુદ્ધ બોલે તો પણ શોભે. પણ શ્રદ્ધા હીન થઈ ચ્હાય તેટલું શુદ્ધ અને સારૂં બોલે તો પણ તે ન શોભે.

विशृंखलापि वाक्‌वृत्तिः श्रद्धानस्य शोभते

શાસનની લાઈને ચાલનારો જેમ તેમ બોલશે તો પણ શોભશે.

સૂત્ર એ એકલું શીખે તેમાં સમજવું કે બળદ, ગાય વિગેરે પહેલાં ચરી લે તે પછી જ્યારે નિરાંત હોય, ચરવાનું બંધ થાય ત્યારે જ વાગોળે, તેમ અહીં સૂત્ર પછી અર્થ લે અર્થ એ વાગોળવાનું છે, અને સૂત્ર ચરવાનું છે.

એ જગા પર અર્થ વગર બાર વર્ષ સુધી એકલું સૂત્ર ભણે તે બારે વર્ષ ફોગટના ગુમાયા? બાર વર્ષ સૂત્ર, બાર વર્ષ અર્થ અને બાર વર્ષ દેશાટન. એમાં બાર વર્ષ સૂત્ર એ સ્વાદ વિના જાનવરની માફક ચરે, બાર વર્ષ અર્થ ભણે એ જ વાગોળવું. મૂળ વાત એ છે કે સૂત્ર અને સૂત્ર પૂરતા અર્થ ભણાવવાનું કામ ઉપાધ્યાયનું છે. નિર્યુક્તિ ભાષ્ય અને ચૂર્ણિ એ રૂપ અર્થ ભણાવવાનું કામ આચાર્યનું છે. અમે તો મૂળને જ માનીએ એમ કહેનારા બત્રીસના અર્થને નથી કરતા ? અર્થ બોલવા છે, વ્યવહાર અર્થથી કરવો છે, વિચાર અર્થથી કરવો છે અને કહેવું છે માત્ર મૂળને માનવાનું, તે કેમ ચાલે ? એકલા મૂળને માનવાનું કહેનારો હું મુંગો છું એમ કહેનારના જેવો મૂર્ખ અને જુઠ્ઠો છે, કેમકે મૂર્ખ અને જુઠ્ઠાપણા વિના 'હું મૂંગો છું' એમ કોઈ બોલી શકે જ નહીં. મૂળનો અર્થ માનનારાએ ધ્યાન રાખવું જોઈએ કે સૂત્ર એટલે શું ? થોડા અક્ષરોએ ઘણા અર્થો સૂચવે, ઘણા અર્થોને માને તો જ સૂત્ર માન્યું ગણાય, નહીં તો લીટી માની ગણાય. આથી સમજો કે અર્થ ભણાવનાર આચાર્ય અને સૂત્રાર્થ ભણાવનાર ઉપાધ્યાય. નિર્યુક્તિ ભાષ્ય તે ચૂર્ણિરૂપ અર્થ આચાર્ય ભણાવે. સૂત્ર અને સૂત્રાર્થરૂપ પહેલો અનુયોગ ઉપાધ્યાય આપે. મૂળસૂત્ર માને તે ઉપાધ્યાયને માને છે ત્યારે શું આચાર્યને ઠોડુજી માને છે ? થળીના બાવા મહંતનું કામ શું ? ગાયોનું છાણ એકઠું કરી છાણાં થાપે ત્યારે તો થળીનો મહંત ઓળખાય ! ત્યારે તમારા આચાર્ય પણ શી રીતે ઓળખાશે ? એ શું કરશે ? સૂત્રના સામાન્ય અર્થ સિવાય એમ માનો ઘણા અર્થો હોવા જ જોઈએ ને એ બતાવવાની આચાર્યની ફરજ, તે બીજા કરતાં વધારે કીંમતી હોવા જોઈએ. કીંમતી અર્થો જો ઉપાધ્યાયજી બતાવે તો આચાર્ય શું કરશે ? ઉપાધ્યાય કરતાં ઘણા જ પદાર્થો જણાવનારા એવા અર્થો આચાર્ય જ બતાવે પછી ભલે નિર્યુક્તિ, ભાષ્ય વિગેરે ન માનો ! આચાર્ય જે બતાવે તે કલ્પિત હોય કે પરંપરાગત ? જો પરંપરાથી આવેલા માનો તો તેને આચાર્ય કહે તેથી તે અર્થ કહેવાય છે એવા કીંમતી હોવાથી જ આચાર્યને કીંમતી ગણવા પડે છે, પછી ચૂર્ણી વિગેરેનાં નામ ન લો તેની અમને અડચણ નથી.

પ્રશ્ન-લોકો ધર્મને જગદ્‌વંદ્ય બનાવવા મથે છે અને તમે ત્રણે ફીરક્કામાં વહેંચાયલા છે અને વળી તેમાં પણ પક્ષો પડતા જાય છે તે વાત લક્ષ્યમાં કેમ લેતા નથી ?

જવાબ-ધર્મ જગદ્વંધ છે ને રહેશે પણ સંખ્યાને બહાને ધર્મનો નાશ કરવો નહીં, જ્ઞાનીનું વચન છે કે પાંચમા આરાના છેડે છેલ્લે દિવસે એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા હશે એટલે કે આકાળે સત્યના પક્ષકાર ઓછા હોય તે વખતે માણસ એક છે તેમ નથી પણ સંઘના દરેક વર્ગમાં એકજ મનુષ્ય હોય.

જગદ્‌વંદ્ય બનાવવા ધર્મને ઢીલો ન કરાય.

જેટલા સન્માર્ગે હોય તેનો જ અહીં હિસાબ લેવાનો છે. ધર્મને જગદ્‌વંદ્ય બનાવવા માટે ધર્મને ખસેડવાનો હોય નહીં. સતીએ વિશ્વવંદ્ય થવાનું હોય એનો અર્થ, વિશ્વની ફરજ છે કે સતીને વાદે પણ એનો અર્થ એ નથી કે સતીએ શીલપાલનમાં જરા પણ ઢીલા થવું. લોકોને ધર્મમાં આદરવાળા કરો તેમાં વાંધો નથી. પણ ધર્મનો એક પણ પોઇંટ છોડી વિશ્વવંદ્ય બનવાનું હોય નહીં. જગતનું ભલું ધર્મ પોતાના સ્વરૂપે રહે તેમાં જ છે. પોતાની કોમની વસ્તી વધારવા માટે સ્ત્રીના પવિત્રપણાને તિલાંજલિ અપાય જ નહીં !!!

ગચ્છની સારણાદિકમાં આચાર્યના હુકમ પ્રમાણે જોડાવું એ ઉપાધ્યાયનું કામ છે. તેમાંથી દીવાની ફોજદારી હકુમત સ્વતંત્ર છે એવું અહીં નથી. અહીં તો ઉપાધ્યાય આચાર્યના હુકમથી ગચ્છની સારણાદિકમાં અને સૂત્રાર્થ ભણાવવામાં ઉદ્યમવાળા છે. માત્ર સ્થાનો અને કાર્યવાહી જુદાં છે, પણ જુદા સ્વતંત્ર અધિકાર નથી, આચાર્યની આધીનતાઓ સારણાદિક અને અધ્યાપન છે !!!

શાસ્ત્રોમાં આચાર્યના બે પ્રકાર કહ્યા છે. એક આચાર્ય, બીજો આચાર્યોપાધ્યાય. જેમાં બે પુરુષો લાયક હોય તેમાંથી એકને આચાર્ય અને એકને ઉપાધ્યાય નિયુક્ત કરાય; જે ગચ્છમાં એક જ લાયક હોય તેમાં આચાર્ય તથા ઉપાધ્યાય બન્નેનું કાર્ય એક જ કરે ત્યારે સૂત્ર અને તેના બન્ને પ્રકારના અર્થને એક પણ ભણાવનાર હોય તે અપેક્ષાએ આચાર્ય ઉપાધ્યાય પણ કહી શકાય. આજકાલ અધ્યાપક બે પ્રકારના હોય છે. કેટલાક એક લેશનને તૈયાર કરી કલાસમાં હાજર થાય છે. જ્યારે કેટલાક શિક્ષકો એવા બુડથલ હોય છે કે વિદ્યાર્થીને શું સમજાવવું પડશે તેનો જેને ખ્યાલ સરખોય ન હોય તો તેના વિદ્યાર્થી કેવી રીતે તૈયાર થવાના ? ઊલટા વિદ્યાર્થી વિહ્‌વળ થવાના, કારણ કે પોતાને જે અભ્યાસ કરાવવો તેમાં પોતે લીન નથી. તેમ ઉપાધ્યાયે સારણાદિક કરવી પણ તે ઇશારા જેવી ! પણ મુખ્ય કામ વાંચનાદિકનું છે. આ પાંચ આચારનાં સૂત્ર જે જાણતા હોય, તેમાં તેનું મન તલ્લીન બનેલું હોય. જેનું મન અંગ, ઉપાંગ તથા સ્વાધ્યાયમાં લીન હોય અને તે વખતે, પાઠ વખતે બધું તૈયાર હોય. અર્થાત્ સ્વાધ્યાયે લીનમના તે ઉપાધ્યાય કહેવાય !

આવા ઉપાધ્યાયનું સમ્યક્ પ્રકારે મન વચન કાયાની એકાગ્રતાએ ધ્યાન ધરો !

આ ચોથા પદમાં ઉપાધ્યાય શું કહે તથા તેમનું અહર્નિશ કર્તવ્ય કયું તે બતાવ્યું. અર્થથી આચાર્યની, સૂત્રથી ઉપાધ્યાયની મદદ મળી છતાં પણ જીવનના નિભાવની ચીજો મેળવી આપવામાં ન આવે તો હથિયારવાળા ને કિલ્લામાં રહેલ છતાં અન્નાદિ સાધન વગરના લશ્કરની દશા કઈ? તેમાં મોહમલની સામા ધસેલું મુમુક્ષુ લશ્કર, અર્થરૂપી હથિયાર આચાર્યે સમર્પણ કર્યા, સૂત્રરૂપી કિલ્લા ઉપાધ્યાયે આપ્યા, પણ માંહોમાંહે જીવન નિભાવવાનાં સાધન ન હોય તો તે મુમુક્ષુ લશ્કર આગળ વધી શકે નહીં. એ લશ્કર કયું અને જીવન નભાવવાના સાધન કયાં તે અગ્રે વર્તમાન-

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડઅભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

૧૩૨ પ્રશ્ન- મહાવિદેહક્ષેત્રમાં સદાને માટે ચોથો આરો જ વર્તે છે એમ કહેવાય છે એ શાસ્ત્ર સમ્મત છે ?

સમાધાન- મહાવિદેહમાં પહેલો, બીજો, ત્રીજો, ચોથો, વિગેરે આરાઓની વ્યવસ્થા છે જ નહીં. તો પછી ચોથો આરો જ વર્તે છે એવું જેઓ કહે છે તે તદ્દન ખોટું છે; પણ તત્ર અનાદિ અનન્ત કાળને માટે મોક્ષમાર્ગ અપ્રતિબદ્ધ રહે છે, માટે આ ભરત ક્ષેત્રાદિકમાં જેમ સમગ્ર ચોથા આરામાં મોક્ષમાર્ગ ચાલુ રહે છે એ અપેક્ષાએ એમ કહી શકીએ કે મહાવિદેહ ક્ષેત્રમાં સદાને માટે આ ભરત ક્ષેત્રના ચોથા આરાના ભાવ વર્તે છે ને તેથી ત્યાં દુષમસુષમાપ્રતિભાગ નામનો કાળ હંમેશાં એમ શાસ્ત્રો કહે છે !!!

૧૩૩ પ્રશ્ન- જૈન શાસનમાં ઋષભદેવ ભગવાન, મહાવીરપ્રભુ આદિ તીર્થંકરો વ્યક્તિ તરીકે પૂજાય છે કે જાતિ-તરીકે ? ને એક તીર્થંકરની પૂજાથી સમગ્ર તીર્થંકરો પૂજાય છે કે કેમ ? તેમજ અવજ્ઞા અને આશાત-નાદિક દોષો એક વ્યક્તિના કરીએ તો પણ સમગ્રના લાગે છે કે કેમ ?

સમાધાન- જૈન શાસનમાં શ્રી ઋષભાદિક તીર્થંકરોની ગુણ દ્વારાએ પૂજા કરવાથી જાતિ-તરીકેજ તેઓ પુજાય છે. પણ વ્યક્તિ તરીકે પૂજાતા જ નથી, તેથી એક તીર્થંકરની અવજ્ઞા કે આશાતના કરવામાં આવે તો અનન્તા તીર્થંકરોની અવજ્ઞા તથા આશાતનાનો દોષ લાગે, અને તેથી જ એક તીર્થંકરની પૂજા અને આજ્ઞાનું પ્રતિપાલન કરે તો અનન્તા તીર્થંકરોની પૂજા અને આજ્ઞાપાલનનો લાભ મળી શકે છે.

પ્રશ્ન ૧૩૪- પરમાધામીથી, પરસ્પરથી અને ક્ષેત્રથી થતું દુઃખ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ નારકીઓને એકસરખું હોય કે ન્યૂનાધિક ?

સમાધાન- મિથ્યાદૃષ્ટિ નારકી કરતાં સમ્યગ્દૃષ્ટિ ઓછા ઉત્પાતવાળો હોવાથી તેને પરમાધામીકૃત અને અન્યોન્યકૃત દુઃખ ઓછું હોય છે, અને ક્ષેત્રથી તો બંનેને સરખું જ હોય છે.

પ્રશ્ન ૧૩૫- યુગલીઆ મનુષ્યોને વૃદ્ધાવસ્થા હોય કે નહીં ? યુગલિકો આર્ય છે કે અનાર્ય ?

સમાધાન- યુગલિક મનુષ્યોને વૃદ્ધાવસ્થા હોય જ નહીં, યુગલિકો અનાર્ય છે અને તે દેશ પણ અનાર્ય છે, તેટલા માટે શાસ્ત્રકારોએ અનાર્યનું લક્ષણ બાંધતાં જણાવ્યું કે **यत्र क्षेत्रे स्वप्नेऽपि धर्म ईत्यक्षराणि न श्रूयन्ते तत् अनार्यं** જે ક્ષેત્રમાં સ્વપ્નમાં પણ 'ધર્મ' આવા અક્ષરો સાંભળવામાં ન આવે તે અનાર્ય છે !!!

પ્રશ્ન ૧૩૬- યુગલિકો અનાર્ય છે તો પછી દેવલોકે કેમ જઈ શકે ? કારણ કે 'ધર્મ' એવા અક્ષરોનું પણ શ્રવણ તો એઓને છે જ નહિ !

સમાધાન- અનાર્ય એળા યુગલિકો અગર બીજા કોઈ પણ અનાર્યો દેવલોકે જાય એમાં કંઈ અનાર્યપણું અથવા ધર્મરહિતપણું એ કારણરૂપ નથી ત્યાં તો કષાયની મંદતા જ કારણરૂપ છે, તે માટેજ શાસ્ત્રકારોએ કહ્યું છે કે **"निःशीलव्रतत्वं च सर्वेषां"** ઈત્યાદિ શીલ તથા આચારવાળો ન હોય તો પણ કષાયની મંદતાથી દેવલોકમાં જઈ શકે છે.

પ્રશ્ન ૧૩૭- કૃષ્ણ મહારાજ પોતાની પુત્રીઓને આવો પ્રશ્ન શા માટે પૂછે છે કે **स्वामिन्यः किमु दास्यो वावशायूयंभविष्यथ** અર્થાત્ તમારે રાણી થવું છે કે દાસી ?" કારણ કે લોક પ્રસિદ્ધ રાણીપણું જ તમામને ઈષ્ટ છે તો પછી આ પ્રશ્ન કરવાનું કારણ શું ?

સમાધાન- કૃષ્ણ મહારાજાએ પોતાની પુત્રીઓને 'રાણી થવું છે કે દાસી ?' એમ પૂછ્યું હતું એનું કારણ એક તો એ કે જો કોઈ રાજાની સાથે પરણવું એમ કહે તો તે મારી બત્રીશ હજાર રાણીઓની તો દાસી જ થાય છે. બીજી વાત એ કે જો ચારિત્ર લે તો મારી બત્રીશ હજાર રાણીઓને પણ પૂજ્ય થાય અને મહારાણીથી પણ શ્રેષ્ઠ બને; માટે દુનિયાદારીથી કોઈ પણ વિરુદ્ધ ન પડે અને ધર્મથી પણ અવિરુધ્ધ એવો તેણીઓને (પુત્રીઓને) અત્યંત હિતકારી પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, તત્ત્વ એટલું જ કે મહારાણી થવું હોય તો સાધ્વીપણું (સંયમ) અંગીકૃત કરો.

પ્રશ્ન ૧૩૮- સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ બંને પ્રકારના નારકીઓને દુઃખ એક સરખું છે કે ન્યૂનાધિક છે?

સમાધાન- મિથ્યાદૃષ્ટિ કરતાં સમ્યગ્દૃષ્ટિ નારકીઓ પૂર્વભવમાં હારી ગયેલ જીંદગીના બળાપાથી વધારે દુઃખ વેદે છે !!!

પ્રશ્ન ૧૩૯- દેવતાઓએ મોક્ષ માર્ગ ગીરવી મૂક્યો છે એમ કહેવાય છે તે શી રીતે ? કારણ કે મોક્ષમાર્ગ ગીરવી મૂકવાની ઈચ્છા તો કોઈ પણ ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિની હોય જ નહીં. તો પછી મોક્ષમાર્ગનું ગીરવીખત શી રીતે કહેવાય ?

સમાધાન- દેવતાઓએ મોક્ષને ગીરવી મૂક્યો છે એમ એટલા માટે જ કહેવાય છે કે દેવતા પોતાના ઉત્કૃષ્ટ આયુષ્યના ૩૩ સાગરોપમ તેઓ ગમે તેવી મહેનત કરે તો પણ મોક્ષ મેળવે જ નહીં; કેમકે જેમ એક વસ્તુ ગીરવી મૂકી હોય તે વસ્તુની મુદત પૂરી થાય ત્યારે જ તે મળે, તેમ દેવતાઓ પણ દેવાયુષ્ય પૂરું કરે ત્યારે જ મોક્ષના રસ્તે વધવાનું સાધન

મેળવી શકે છે; તેથી તેઓએ મોક્ષ ગીરો મૂક્યો એમ કહેવાય છે એટલે મોક્ષ ગીરો મૂકવાની ઇચ્છા નથી પણ કાર્યવાહી કષાય પુરસ્સરની એવી થાય છે કે જેથી દેવલોકમાં જવું જ પડે અને મોક્ષનો વિલંબ સહન કરવો જ પડે, જેમ દુનિયામાં કોઈપણ મનુષ્ય ઉમ્મરલાયક થાય અને બીન ઇચ્છાએ પણ દસહજારના દસ્તાવેજ ઉપર સહી કરે તો વખત આવે તેણે દશ હજાર આપવાજ પડે તેવી રીતે કષાય પુરસ્સર કરેલી પ્રવૃત્તિ મોક્ષની ઇચ્છા હોવા છતાં પણ મોક્ષ મોંઘો કરી દેવલોકને પ્રાપ્ત કરાવે છે અને ત્યાં તેઓ તેત્રીશ સાગરોપમે પણ દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણીને પામી શકતા જ નથી. મનુષ્યો તો તે દેશવિરતિ આદિને સમ્યક્ત્વની સાથે જ કે અંતર્મુહૂર્તને આંતરે પણ પામી શકે છે.

પ્રશ્ન ૧૪૦- બદ્ધ આગમ અને અબદ્ધ આગમમાં ફેર શો ?

સમાધાન- શ્રી તીર્થંકર મહારાજાએ જે વખતે ત્રિપદી પ્રરૂપી અર્થાત્ ઉપન્નેઇવા, વિગમેઇવા અને ધુવેઇવા એ ત્રિપદી દ્વારા ગણધર દેવોને ઉપદેશ આપ્યો તે વખતે તેમાંથી ગણધર મહારાજાઓએ જે દ્વાદશાંગી અને ચૌદ પૂર્વોમાં ગુંથ્યું (જે અત્યારે અંગોપાંગમાં જણાય છે) તે તમામ બદ્ધાગમ કહેવાય, અને તે સિવાયનું જે કંઈ ઉપલબ્ધ થાય તે તમામ અબદ્ધાગમ કહેવાય. જેમ વક્તા જેટલું બોલે તેટલું બધુંયે રીપોર્ટર લખી લે એવો નિયમ નથી, તેમ **શ્રીતીર્થંકર મહારાજ જેટલું અર્થથી કહે તે બધુંયે ગણધરદેવો શાસ્ત્રમાં રચે એવો નિયમ નથી !!!**

પ્રશ્ન ૧૪૧- દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર, ભક્ષણ કરનારની ઉપેક્ષા કરનાર, જિનદ્રવ્યનો મૂલથી નાશ કરનાર, મુનિનો ઘાત કરનાર અને સાધ્વીના ચોથા મહાવ્રતનું ખંડન કરનાર, કયા ગુણોનો નાશ કરે ?

સમાધાન- ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી કહે છે કે આ બધાએ પોતાના સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી મહાન ગુણોનો નાશ કરે છે, ભવિષ્યમાં ધર્મરૂપી કલ્પવૃક્ષની પ્રાપ્તિના મૂલમાં અગ્નિ મૂકે છે, મહામોહનીય બાંધે છે તથા દુર્લભબોધિ થાય છે.

પ્રશ્ન ૧૪૨- શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર, પાના ૨૪માં લખ્યું છે કે યક્ષાદિનું આરાધન અયુક્ત છે અને તેને અંગે રાવણ કૃષ્ણાદિનું આલંબન ગ્રહણ કરવું ઉચિત નથી. આ સંબંધમાં આપ શું ફરમાવો છો ?

સમાધાન- શ્રી કૃષ્ણ અને રાવણાદિકે આ લોકના ફળ માટે મિથ્યાત્વ એવા યક્ષાદિ દેવતાનું આરાધન કર્યું હતું તે મિથ્યાત્વ નહોતું. પણ આ કાલમાં જો કોઈ પણ સમકિતી જીવ આ લોકને માટે પણ યક્ષાદિની આરાધના કરે તો તે મિથ્યાત્વની વૃદ્ધિ તથા સ્થિરતા કરનાર થાય છે અને તેથી તે જીવને ભવાંતરમાં પણ સમકિતની પ્રાપ્તિ દુર્લભ થાય છે એમ આચાર્ય મહારાજશ્રી રત્નશેખરસૂરિજી પોતાની અર્થદીપિકા નામની શ્રાદ્ધપ્રતિક્રમણની ટીકામાં જણાવે છે. આવી રીતે કાલભેદે ફળ જણાવી તેનું કારણ પણ તેઓથી સ્પષ્ટ કરે છે કે તે કાલે સર્વ ધર્મો કરતાં ભગવાન શ્રી જિનેશ્વર મહારાજે જગતના હિતને માટે નિરૂપણ કરેલ ધર્મની મહત્તા ઘણી જ મોટી હતી તેથી એકાદ કાર્ય અન્યમતીય

યક્ષાદિથી કદાચ થઈ પણ જાય તોપણ તેથી ભગવાન જિનેશ્વર મહારાજના ધર્મની છાયાને પ્રતિઘાત થતો નહોતો અને તે કારણથી શ્રી કૃષ્ણાદિકના સમયે તેવા આરાધનથી મિથ્યાત્વવૃદ્ધિ આદિ થતાં નહોતાં, પણ વર્તમાનકાળ તેવા અતિશયરહિત હોવાથી શ્રી કૃષ્ણાદિએ કરેલી મિથ્યાત્વિયક્ષાદિની આરાધના જો આજે કરાય તો મિથ્યાત્વની વૃદ્ધિ તથા સ્થિરતા થાય માટે શ્રી કૃષ્ણાદિલે કરેલી યક્ષાદિની આરાધનાનું આલંબન લેવાની આચાર્ય મહારાજે સ્પષ્ટ ના કહી છે.

પ્રશ્ન ૧૪૩- વાસુદેવાદિકના પચ્ચખ્ખાણ તે શું દ્રવ્ય પચ્ચખ્ખાણ છે ?

સમાધાન- હા ! અષ્ટકજીમાં

अपेक्षा चा विधिश्चैवा परिणामस्तथैव च ।
प्रत्याख्यानस्य विज्ञास्तु वीर्याभावस्तथाऽपरः ॥

આ શ્લોકની વ્યાખ્યામાં ચોથા અને પાંચમા ગુણઠાણાવાળા તથા વાસુદેવાદિકોને પણ પ્રતિબંધકનો ક્ષયોપશમ ન હોવાથી તેમજ અપેક્ષાદિ કારણથી થયેલાં પચ્ચખ્ખાણને દ્રવ્ય પચ્ચખાણ કહેલાં છે તેથી જ સમકિતવાળાએ પણ આ લોકના ફળની અપેક્ષાએ કરેલાં પચ્ચખ્ખાણ યોગ્ય અને ઉત્તમ નહીં છતાં પણ સમ્યક્ત્વનો ઘાત કરનાર જ છે એમ તો ન મનાય.

પ્રશ્ન ૧૪૪- આગમ એટલે શું ?

સમાધાન- તરણતારણ શ્રી તીર્થંકરોની દેશના અને શ્રી ગણધર મહારાજાઓએ ઝીલી ગૂંથેલો તેનો (દેશનાનો) રિપોર્ટ.

પ્રશ્ન ૧૪૫- શ્રી તીર્થંકરો અપકાયના જીવોની દયા માટે તરસ્યા સાધુઓના પ્રાણની પણ લેશભર દરકાર ન કરે અને પોતાની પૂજા માટે છકાય જીવોની હિંસા કરવાનું વિધાન કરે એનું કારણ શું ?

સમાધાન- પૂજાના વિધાનમાં પોતાની પૂજા કરાવવી એ ધ્યેય નથી. સર્વવિરતિની પ્રાપ્તિ માટે, તેના ઉમેદવારે સર્વવિરતિધર તથા સર્વવિરતિનાં પ્રરૂપકોનાં ભક્તિ, પૂજા, બહુમાન, સત્કાર સન્માનાદિ કરવાં જોઈએ. તેમ કરવાથી સમકિતી જીવોને આ ભવે કે ભવાંતરે અનુક્રમે સર્વવિરતિ જરૂર પ્રાપ્ત થાય છે તે ઉદ્દેશથી શ્રી તીર્થંકર ભગવાને, તીર્થંકરની પૂજાનું વિધાન ઉપાયરૂપે કર્યું છે એટલે કે પૂજામાં ધ્યેય સર્વવિરતિની પ્રાપ્તિનું છે અને સાધુઓ પોતાના સર્વવિરતિ ગુણના રક્ષણ માટે પ્રાણની આહુતિ આપે તેમાં પણ સર્વવિરતિની રક્ષાનું જ ધ્યેય છે માટે એક જ ધ્યેય હોવાથી એ બેય બાબતમાં કોઈ પણ પ્રકારે વિરોધ નથી.

પ્રશ્ન ૧૪૬- વર્તમાનકાળનાં સૂત્રો એ સર્વજ્ઞનાં (સર્વજ્ઞ પ્રણિત) સૂત્રો છે એ વાત સાચી છે ?

સમાધાન- હા ! એ સૂત્રો સર્વજ્ઞનાં કથનને અનુસરતાં છે તેથી એને સર્વજ્ઞનાં સૂત્રો કહી શકાય છે.

પ્રશ્ન ૧૪૭- ભગવાનના અનંતગુણ કેટલામે અનંતમે છે ?

સમાધાન- આઠમે અનંતમે છે.

* * *

સુધા-સાગર

(નોંધ:-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૧૫૫ શુભાશુભ કર્મની વિચિત્રતા છદ્મસ્થોથી અગમ્ય છે !

૧૫૬ બે ઘડી માટે કરેલા અભિમાનથી પરમ દુર્લભ માનવજીવન હારી જવાય છે.

૧૫૭ પૂર્વભવમાં ક્ષણમાત્ર મદથી મદોન્મત્ત થનારા હરિકેશી અને ચિત્રસંભૂતિની જીવનચર્યાનું અવલોકન કરો !!!

૧૫૮ કુલ, શ્રુત અને બલ આદિ આઠ મદના છાકમાં છકેલા તે જ વસ્તુનું હીનપણું પામે છે.

૧૫૯ ભવની પરંપરા માનનારાને અસ્પૃશ્યતા એ જાતિને કુલનો મદ કરનારને કર્મકૃત સજા છે એમ માનવામાં વાંધો નથી.

૧૬૦ કર્મસત્તાને સ્વીકારનાર અસ્પૃશ્યો પણ અસ્પૃશ્યતાને સ્વીકારે છે !

૧૬૧ અખંડ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ માટે સહાયભૂત એવા પ્રવૃત્તિ તપ તે ધર્મ છે.

૧૬૨ પ્રવૃત્તિરૂપ તપમાં ઉજમાલ રહેલ ભવ્યાત્માઓ સ્વરૂપ ધર્મરૂપ શિવસંપદાઓ સાધે છે.

૧૬૩ ક્ષાયિક સમ્યક્ત્વવાળા મહારાજા શ્રેણિક પણ અસ્પૃશ્યતાની દરકાર રાખતા હતા !

૧૬૪ સત્કૃત્ય કે દુષ્કૃત્યોનો ઓછામાં ઓછો દશ ગુણો ઉદય હોય છે, અને વધીને તે કોડાકોડ ગુણો થઈ જાય છે !!! માટે બંધ સમયે સાવચેત રહો !!!

૧૬૫ આહાર નિષેધની પ્રતિજ્ઞારૂપી તપ સિદ્ધપણામાં નથી.

૧૬૬ અણાહાર રૂપ તપનું સાધ્ય રત્નત્રયીની સાથમાં છે, છતાં અણાહાર થવું એને આત્મગુણ નથી ગણ્યો. કારણ કે અણાહારીપણું આહારરૂપ દોષના અભાવરૂપ છે.

૧૬૭ તૈજસ્‌ની આગ અનાદિકાલથી ચાલુ છે.

૧૬૮ તૈજસ્‌ની હયાતિમાં સર્વથા આહાર ત્યાગ ગુણ દીર્ઘકાળ હોતો જ નથી.

૧૬૯ આહારનો સદ્‌ભાવ તૈજસ્‌ના દોષથી થયેલો છે. તૈજસ્‌રૂપી દોષનો અભાવ થવાથી જ અણાહારીપણું છે.

૧૭૦ તપ સાધન તરીકે છે, તેથી જ્ઞાનાદિની માફક સ્વરૂપ ધર્મમાં તેને ગણ્યો નથી.

૧૭૧ અનાદિકાલથી સુખની લાલચમાં રોકાઈ ગયો !!!

૧૭૨ તેરમા ગુણસ્થાનકે જેવી શાતા બંધાય છે તેવી શાતા અનાદિકાલમાં બાંધી જ નથી.

૧૭૩ અરિહંતતત્ત્વને આરાધનારા જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ પરમેષ્ઠિપદે સુશોભિત છે.

૧૭૪ માત્ર કપડાંના પરિવર્તન (કપડાં પલટાવવા)થી આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ થવાતું નથી ! તેથી તેવા માત્ર સાધુ વેષવાળા સાધુ કહી શકાય નહીં !

૧૭૫ સુવર્ણ અને ટંકશાળની છાપ હોય તો જ તેને સોના મહોર કહી શકાય !

૧૭૬ ગુરુપણાના ગુણ અને સર્વવિરતિનો સુશોભિત વેષ, બન્ને હોય તે જ ગુરુપદને શોભાવે છે,

૧૭૭ જૈન શાસન રૂપ જગપ્રસિદ્ધ કોલેજમાં હેડમાસ્તર તરીકે આચાર્ય દેવો, માસ્તર તરીકે ઉપાધ્યાયો અને વિદ્યાર્થી તરીકે સાધુઓ છે, તે બધા સર્વવિરતિવાળા જ હોય છે, જ્યારે શ્રાવક શ્રાવિકા વર્ગ ધોરણ બહારનો બાલવર્ગ છે.

૧૭૮ જેમ બાલવર્ગના વિદ્યાર્થીઓ ધોરણમાં આવવાના મનોરથો સેવે, તેવી રીતે શ્રાવક શ્રાવિકા રૂપ બાલવર્ગના વિદ્યાર્થીઓ સર્વવિરતિરૂપ ધોરણ યા વર્ગમાં આવવા (દાખલ થવા) અહર્નિશ ઝંખ્યા કરે છે !

૧૭૯ પ્રાથમિક શાળારૂપ દેશ વિરતિમાં શ્રવણોપાસક વર્ગ મોક્ષની ક્રિયાને સાધ્યપૂર્વક સેવન કરે છે તે સર્વ વિરતિરૂપ કોલેજમાં આવવા માટેની તૈયારીઓ છે !!!

૧૮૦ ધ્યેયબિંદુ વગર આરાધના યથાર્થ ફળવંતી થતી નથી.

૧૮૧ સાધ્યનો મુદ્દો નહીં રાખનાર અભવ્યમાં અને અભવ્યમાં લેશ પણ [illegible]

* * *

કર્મ સંગ્રામમાં ઝંપલાવવા ભાગવતી દીક્ષાના શરણે જતાં લક્ષ્મીચંદભાઈને !

ઓસવાલ જ્ઞાતીના જવાહીર, નગીનભાઈ ઝવેરીના કુળમણી, ગુલાબમાતાના કુક્ષી સરોવરના હંસ, લક્ષ્મીદેવીના લાડીલા નંદન ! તારી આ પુનીત આચરણા માટે તને ધન્ય હો ! કોડો ધન્ય હો! તારા અમો ઓવરણાં લઈએ છીએ.

ભોગસુખની સામગ્રીના ઢગ છતાં, મોહમસ્તિના પુર વ્હેતા છતાં, આ ભોગકાળના સમયમાં તનારી આ ચારિત્રભાવના ભલભલાના હૃદયને ડોલાવે તેવી છે. આ જોતાં તમને તમારો ચિરકાળ આરાધીત ધર્મ કલ્પ વૃક્ષ ફલ્યો છે. પૂણ્યતરૂ નવપલ્લવીત બન્યો છે. મોહરાયે પીઠ બતાવી છે. અને રત્નત્રયી મીઠી દ્રષ્ટિથી આપને નિહાળી રહી છે. અન્યથા વિષમકાળના વિકારી વાયરા જ્યારે વાઈ રહ્યા છે, ત્યારે આ ભલભલાને દુર્લભ ત્યાગના સ્વપ્નાએ તમને ક્યાંથી હોય ?

તમોએ તમારી આ પવિત્ર આચરણાથી, તમારી જ્ઞાતીને દીપાવી છે, તમારા કુળને સાત પેઢીને, માતા અને પિતાના બન્ને પક્ષને ઉજ્જવળ કર્યા છે. લક્ષ્મીચંદ નામ ધરાવી છતી લક્ષ્મીને ઠોકરે મારવામાં, વૈભવોને વીસારી દેવામાં, સંબંધીઓના મોહને લાત મારવામાં અને એ બધાને ભવભ્રમણ કરાવનાર સમજી, ત્યાગના દીવ્ય તપ આદરવામાં અને એમાંય આલંબનરૂપ ગુરુની શોધ કરવામાં શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીના શાસનપ્રેમી સમુદાયને પસંદ કરવામાં આપ ઝવેરી હોઈ, પરીક્ષા કરવામાં સાચી ઝવેરી બુદ્ધિ વાપરી છે. આપની એ અદ્‌ભુત બુદ્ધિ તથા વીર્યશાળી પરાક્રમો માટે કોડો ધન્યવાદ હો !

લક્ષ્મીચંદભાઈ ! પૂણ્યોદયથી-પ્રભુત પુણ્યોદયથી, માર્ગાનુસારી, સમ્યક્‌ત્વ, દેશવિરતિરૂપ શાસન માહેલની ત્રણ સીડીને પણ વટાવી જઈ સર્વ વિરતિરૂપ ચોથી કહો કે અંતિમ સીડી પર આરૂઢ થવા ઉજમાળ થયા છો-ભાગ્યવાન નીવડ્યા છો, એ આપના અદ્‌ભૂત ભાગ્યની અમો પુનઃઅનુમોદના કરીએ છીએ. અમો ખંભાતીઓને એ સદ્‌ભાગ્ય સાંપડવાથી ગર્વ લઈએ છીએ.

લક્ષ્મીચંદભાઈ ! ભાગવતી દીક્ષાના પુનીત માર્ગે સંચરી ગુર્વાજ્ઞામાં આપનું સર્વસ્વ હોમી દેજો. જીનાગમના બોધમાં આત્માને તરબોળ કરજો. ક્રિયારૂપી વસ્ત્રો પહેરી, જ્ઞાન ખડગને કરમાં ધરી, જિનાજ્ઞાના સચોટ અમલરૂપ બખ્તરથી સજ્જ થઈ, કર્મ સંગ્રામમાં ઝુકાવજો. તાકાત નથી એ મોહરાયની કે તમારા સામુંય જોઈ શકે. જો આટલું કરો તો ઈષ્ટ સિદ્ધિ હથેલીમાં સમજો. શિવસુંદરી વરમાળ આરોપવા તત્પર થયેલી સમજો.

ઘડી પછીના આ યુવાન સાધુ ! અમારી એ પ્રાર્થના છે કે તમો યુવાનોના સંચાલક બનજો. સત્ય જીન વાણીના ધોધ વર્પાવી શાસન સામે મોરચા માંડી બેઠેલા તોફાનીઓની સાન ઠેકાણે લાવવા અને પવિત્ર જીન શાસનને રક્ષવા તમારી સમગ્ર શક્તિઓને હોમી દેજો.

જીનેશ્વર પ્રરૂપીત આગમોના એક પદને પણ નહી સદહનાર જમાલી જેવા અને ગોષ્ટામાહીલ, ત્રિરાશીયા જેવા નીન્હવોને જે શાસને ઘડીના છઠ્ઠા ભાગમાં દુર ફેંકી દીધા એ પવિત્ર શાસનને પૂણ્યોદયે પામી એને તમારા પવિત્ર ચારિત્રથી, સત્યોપદેશથી જરૂર દીપાવજો અને કોઈ અમીદ્રષ્ટિ પ્રસારી તમારા જુના સહવાસીઓને ઉદ્ધારજો.

હમણા આટલો આશીર્વાદ ઘડી પછી તમારા ચરણમાં શીર ઝુકાવવા તત્પર રહેલ

અમો

યંગમેન્સ જૈન સોસાયટીના મંત્રીઓ

નોંધ :-ભાઈ લક્ષ્મીચંદના આદર્શ જીવન વિષેનું વિસ્તારથી વર્ણન વાંચવા માટે આવતો અંક જરૂર વાંચો. તેઓશ્રીએ પૂજ્યપાદ આચાર્યશ્રી લબ્ધીસૂરીશ્વરજી પાસે પ્રવજ્યા ગ્રહણ કરી લક્ષ્મીચંદ મટી લલીતાંગ વિજયજી બન્યા છે અને પૂજ્યપાદ આચાર્યદેવના શિષ્ય છે.

- તંત્રી.

:::::::: અગત્યની સૂચનાઓ ::::::::

(૧) **મુંબઈના ગ્રાહકોને -**

જે ગ્રાહકોએ આ પત્રનું લવાજમ હજુ સુધી ભર્યું ન હોય તેમણે આ વખતનું પત્ર મળ્યા બાદ તુરત લવાજમ ભરી જવું, નહીંતર આવતો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે અને તે સ્વીકારવો પડશે.

(૨) **ગ્રાહકોને સૂચના -**

વી. પી. કરવા શરૂ થઈ ચુક્યા છે. જેઓને આ અંક વી. પી. કરવો બાકી રહ્યો હશે, તેમને આવતો અંક જરૂર વી. પી. થી રવાના કરવામાં આવશે. માટે જે ગ્રાહકોને વી. પી. ના ખર્ચમાં ઉતરવું ન હોય તેમણે આ અંક હસ્તગત થતાં લવાજમ તુરત રવાના કરવું.

(૩) **શ્રી મુ. જૈ. યુ. મં. પત્રિકાના ગ્રાહકોને જરૂરી સૂચના-**

(a) ઉક્ત પત્રિકાના મુંબઈના ગ્રાહકોને આ અંક મળેથી તુરત લવાજમ ભરી જવું. નહીંતર આવતો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે અને તે સ્વીકારવો પડશે.

(b) ઉક્ત પત્રિકાના બહારગામના ગ્રાહકોને આ અંક વી. પી. થી રવાના કર્યો છે છતાં કેટલાક ગ્રાહકોને અંક વી. પી. કરવાનો બાકી રહ્યો છે તેમને આવતો અંક વી. પી.થી રવાના કરીશું, જો વી. પી. ખર્ચથી બચવું હોય તો લવાજમ તુરત મોકલી આપવું.

(c) જેઓ ગ્રાહક તરીકે રહેવા ઇચ્છતા ન હોય તથા જેમણે લવાજમ ભર્યું ન હોય તેમણે ઉક્ત પત્રિકાનું બાર માસનું લવાજમ એક રૂપિયો રૂા. ૧) તુરત રવાના કરી પોતાનું ગ્રાહક તરીકેનું નામ કેન્સલ કરવા તુરત લખી જણાવવું નહીંતર વી. પી. થયેલો અંક જરૂર સ્વીકાર કરવો પડશે.

(d) અત્યાર સુધીમાં જૈ. યુ. મં. પત્રિકાના સાત અંકો તથા શ્રી સિદ્ધચક્રના ચાર અંકો મળી અગ્યિાર અંકો મળ્યા અને આવતો અંક મળેથી યુ. મં. પત્રિકાના ગ્રાહકોનું બાર માસનું લવાજમ પુરૂ થશે તેની નોંધ લેવી.

(૪) **એક સુધારો -**

ગત અંકમાં યુવક મંડળ પત્રિકાના ગ્રાહકોએ રૂા. ૧॥ ભરી વી. પી. લઈ લેવું, એમ સૂચના કરી હતી તે ઠેકાણે યુવક મંડળ પત્રીકાના ગ્રાહકો જેમને લવાજમ ભર્યું હોય તેમણે રૂા. ૧॥ તથા જેમણે લવાજમ ભર્યું ન હોય તેમણે રૂા. ૨॥ અઢી (વી. પી. ખર્ચ જુદુ) ભરી વી. પી. લઈ લેવું એમ વાંચવું.

(૫) **વાંચો જરૂરી સૂચના**

શ્રી સિદ્ધચક્ર પાક્ષિક અત્યાર સુધી જે જે સંસ્થા લાઈબ્રેરી પૂજ્ય મુની મહારાજાઓ તેમજ કોઈપણ વ્યક્તિઓને ફ્રી મોકલવામાં આવતું હતું તેમને આવતા અંક બાદ મોકલવું બંધ કરીશું. જે. મહાશયોને આ પત્ર મંગાવવું હોય તેઓએ રૂા. ૨) બે લવાજમના મોકલાવવા યા તો વી. પી. કરવા લખી જણાવવું.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રી. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

અલૌકિક દર્શન.

મિથ્યાત્વના મહાન અંધકારમાં મુંઝાયેલાઓ, અવિરતિના ઊંડા અંધારકૂપમાં આંખો મીંચીને આંટા મારનારાઓ, કષાયરૂપ કીચ્ચડના કોહવાટથી કાયર કાયર થયેલાઓ, તથા શ્રી સર્વજ્ઞ-કથનથી વિરુદ્ધ મન, વચન, કાયાની પ્રવૃત્તિમાં દોડધામ કરનારાઓ ચાર ગતિરૂપ ભયંકર સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે ! અર્થાત્ વર્તમાનમાં રખડે છે ભૂતકાળમાં રખડ્યા, અને ભવિષ્યમાં રખડશે એ નિઃસંશય વાત છે. આવી રખડપટ્ટીમાંથી બચવા માટે એટલે કે આત્માના ઉદ્ધારાર્થે સમ્યક્ત્વનું સેવન, વિરતિનું વહાલપૂર્વક આલિંગન, નિષ્કષાય રૂપ નિર્મલ નીરમાં નિમજ્જન અને યોગનું સ્થિરીકરણ કરવા માટે સમર્થ એવા મોંઘામાં મોંઘા માનવજીવનની પ્રાપ્તિ થઈ છે, અર્થાત્ આ સિવાય માનવજીવનની સફળતા નથી અને આ આત્માનો ઉદ્ધાર પણ નથી જ !!!

જગતમાં એવું કોઈ રાજ્ય નથી, એવો કોઈ રાજા નથી, એવા કોઈ અધિકારી નથી અથવા એવા કોઈ કાયદા નથી કે જે પ્રજા પર અંકુશ રાખવા માટે પ્રજાનાં વસ્તીના પ્રમાણ કરતાં વધુ લશ્કર રાખી શકે. છતાં અનાદિ અનંત કાલથી એક જ રાજ્ય એવું છે, અને એ એક જ રાજા એવો છે કે જેણે તેના અજબ અધિકારીઓ અને આશ્ચર્યજનક કાયદા, કાનૂન તથા ઓર્ડીનન્સો દ્વારા, અસંખ્યાત પ્રદેશી એવો એક આત્મા પોતાના પંજામાંથી ન છટકે તે માટે તેના એકેએક પ્રદેશ પર અનંતી અનંતી વર્ગણારૂપ લશ્કર ગોઠવેલું છે. આ લશ્કર દરેકે દરેક આત્માના અસંખ્યાત પ્રદેશ પૈકી એકેએક પ્રદેશ પર ગોઠવાયેલું છે !!!

પથ્થર તળે હાથ આવ્યા બાદ જોર કરવાથી તો હાથના ટુકડા થાય પણ જો યુક્તિ (કળ) અજમાવવામાં આવે તો હાથ સહીસલામત નીકળી શકે છે. તેમ અનાદિ અનંતકાળથી, દરેક આત્માની અનંતને અવ્યાબાધ જ્ઞાનાદિ લક્ષ્મી ઉચાપત કરનાર કર્મ રાજ્યના લશ્કર સામે કળથી કામ લેવાની ખાસ આવશ્યકતા છે. આ કર્મશાસન (કર્મ રાજ્ય) મોહરાજાના મહિમાને આભારી છે અને તેથી જ પ્રથમ મોહરાજાના લશ્કરને હણવાની ખાસ જરૂર છે, અને એ જ હેતુ માટે શ્રી સર્વજ્ઞ કથિત કોઈપણ ક્રિયા કર્ણેન્દ્રિયથી શ્રવણ કરો, મનથી વિચારો, વચનથી બોલો, કાયાથી આચરો, દ્રવ્યનો તેમાં સદુપયોગ કરો અર્થાત્ દ્રવ્ય ક્રિયામાત્રથી ઓગણોતેર કોડાકોડ જેટલી લશ્કરની સ્થિતિ હતાશ થાય છે !!!

જઘન્યથી નમસ્કાર મંત્રના એક અક્ષરનો ઉચ્ચાર કરનાર પાપીમાં પાપી મનુષ્ય અગર અભવ્ય પણ આ ઓગણોતર કોડાકોડ જેટલી લશ્કરની સ્થિતિને હઠાવે છે. બાકી રહેલ એક કોડાકોડ જેટલી લશ્કરની સ્થિતિમાંથી કેટલીક જાતને ભવ્યાત્માઓ સંસાર-ઉદ્વિગ્નતારૂપ પ્રબળ પરિણામના જોરે અપૂર્વતા-અનિયવૃત્તિતારૂપ શસ્ત્રથી હતાશ કરે છે, અને તે જ ક્ષણે તે (ભવ્યાત્મા) અભૂતપૂર્વ સંવેગની સમરાંગણ ભૂમિનું અલૌકિક દર્શન કરે છે !!!!!

- ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

શાસનની આધુનિક પરિસ્થિતિ !



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૬ ઠ્ઠો.	મુંબઈ તા. ૨૭-૧૨-૩૨, મંગળવાર માગશર-વદ ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

શાસનની આધુનિક પરિસ્થિતિ ! .....પાનું-૧૨૧

આગમોદ્ધારકની અમોઘ દેશના.....પાનું-૧૨૫

સાગર સમાધાન.....પાનું-૧૩૨

સુધા-સાગર.....પાનું-૧૪૦

પત્રકારનો ખુલાસો.....પાનું-૧૪૩

આચામામ્લ તપથી સર્વદા આનંદ-મંગલ થાય છે !!!

હરિગીત.

અથડામણી આ જીવની ચારે ગતિની ટાળવા,
ભવભ્રમણ, જન્મ જરામરણનાં કારણોને બાળવા;
ભૂતકાળમાં સ્વપ્નેય નહીં, ભૂતી[1] અનુપમ ભાળવા;
આચામામ્લ તપને આદરો ! શ્યા વ્યર્થ દિવસો ગાળવા !! ૧.

વીતરાગના શાસન વિષે આચામામ્લ તપ પ્રખ્યાત છે,
શ્રીપાલ મયણાસુંદરી-દૃષ્ટાંત જગવિખ્યાત છે;
નવપદજીની આરાધના આચામામ્લ તપ દ્વારા થતી,
આચામામ્લ તપ મૂક્યા પછી બળી કૃષ્ણની દ્વારામતી.[2] ૨.

આચામામ્લ તપ અભ્યાસથી રસ-ગૃદ્ધિ-જડ શાષાય છે,
આહાર વાપરતાં છતાં તપ-ધર્મ પણ પોષાય છે;
ઇચ્છો ઉદયની વૃદ્ધિ તો એ પંથમાં પગલાં ભરો,
શ્રી વર્ધમાન આચામામ્લ તપ વિધિયુક્ત ભાવે આદરો. ૩.

તપને તડાકે છે ધડાકો મોહ માર્યો જાય છે,
સેનાપતિના નાશથી સેના બધી વિખરાય છે;
આત્મા અણાહારી સ્વયમ્, તત્સ્વરૂપ ત્યાં પ્રગટાય છે,
આચામામ્લ તપથી સર્વદા આનંદ-મંગલ થાય છે. ૪.

- ભીખાભાઈ છગનલાલ શાહ.

૧-સમૃદ્ધિ, ૨-દ્વારિકા.

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

卐 सिद्धचक्र 卐

(पाक्षिक)

उद्देश

वार्षिक लवाजम रु. २-०-० छुटक नकल रु. ०-१-६

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं, सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं, सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થઃ- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું.

"આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૬ ઠ્ઠો	મુંબઈ, તા. ૨૭-૧૨-૩૨, મંગળવાર. માગશર વદ ૦))	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

શાસનની આધુનિક પરિસ્થિતિ !

ઉદયની આડે આવતાં કારણોના નિવારણાર્થે શું કરવું ?

જગતભરમાં જેનો જોટો નથી એવું શ્રી જિનેશ્વરદેવનું પરમતારક શાસન મહાન્ પુણ્યોદયે જ પમાય છે. શાશ્વત સુખના અભિલાષી સર્વ જાણે છે કે મોક્ષ વિના શાશ્વત સુખ નથી અને પ્રભુના શાસન વિના—એ શાસનની સેવા-આરાધના વિના મોક્ષ નથી. આથી યદ્યપિ શાસન પોતાના જ સામર્થ્યે વિજયવંત છતાંયે એના માર્ગને નિષ્કંટક રાખવા બનતું કરવું એ સ્વ-પર હિત-પ્રદ હોઈ મુમુક્ષુ માત્રને કરણીય છે, આદરણીય છે. એ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ત્રિકાલાબાધિત છે, એ વિશ્વવંદ્ય વિભૂતિએ

પ્રરૂપેલ સાહિત્ય અજોડ છે, અને શ્રી જિનાલયો, તીર્થો, આગમો જે વિદ્યમાન છે તે દ્વારા ભવ્યાત્મવૃંદ આત્મહિત સાધી રહેલ છે એની ઇતર પણ મુક્ત કંઠે એથી જ પ્રશંસા કરી રહેલ છે. દુન્યવી પદાર્થોનો સર્વથા ત્યાગ એ તો આ શાસનનો મુદ્રાલેખ છે ! અને ત્યાગનો સર્વથા સ્વીકાર એનું જ નામ પરમેશ્વરી પ્રવજ્યા યાને ભાગવતી દીક્ષા છે!!! શ્રી તીર્થંકરદેવે સ્થાપન કરેલ શ્રી ચતુર્વિધ સંઘમાં મુખ્ય સ્થાન સાધુ સાધ્વીનું (દીક્ષિતોનું) છે અને હોય જ! ત્યાગી વિભૂતિઓ વંદ્ય હોય એમાં નવાઈ શી ?

પણ આજે કાળના પ્રભાવે પરિસ્થિતિ કાંઈક વિલક્ષણ જોઈ ખેદ થાય છે. જેમ જેમ દિવસો પસાર થાય છે તેમ તેમ જગદ્‌વ્યાપી ઉન્માદના વાયુમાં જૈન સમાજ પણ અંશે તણાઈ રહેલ છે, એટલે કે એ સમાજનો પણ અમુક ભાગ એમાં આનંદ માને છે. તેઓમાં થોડા વર્ષો પૂર્વે જે શ્રદ્ધા, ભક્તિ દેખાતાં હતાં તેનો આજે લોપ થતો જાય છે !!! એટલું જ નહીં પણ તેના એકેએક અનુષ્ઠાન, એકેએક દીક્ષા તથા આગળ વધીને કહો તો ચોમેરથી શાસન પ્રત્યે આક્રમણ થઈ રહ્યું છે. એ વર્ગ વ્યવસ્થાપૂર્વક એ માટે જ આજે સતત્ પ્રયત્નશીલ છે. દીક્ષાને દફનાવવા, દીક્ષિતોને હેરાન કરવા, તેમજ શાસનની સુંદરમાં સુંદર વસ્તુને જગતની દૃષ્ટિએ અધમરૂપે બતાવવા એ વર્ગે જે જે કર્યું છે તે કોઈની પણ ધ્યાન બહાર નથી. જો કે અત્યાર સુધીના એક પણ પ્રયત્નમાં ફાવટ થઈ નથી બલ્કે પરાજય જ થયો છે છતાં એ વર્ગ તે કૂટ પ્રયત્નથી પાછો હઠ્યો નથી. દિન પ્રતિદિન તેવા પ્રકારનું સાહિત્ય પ્રચારવું એ તો એની કાયમની દિનચર્યા થઈ પડી છે. સદ્‌ભાગ્યે એક વર્ગ મજબૂતપણે શાસનરક્ષામાં પોતાથી બનતો ફાળો આપી રહેલ છે અને આટલો વિજય એ પ્રયત્નના પરિણામે જ છે! તથાપિ પરિણામ તરફ નજર ફેંકીએ તો જરૂર લાગશે કે જેટલા પ્રમાણમાં થવું જોઈએ તેટલું થઈ શક્યું નથી. બેશક ! દીક્ષાનો વિરોધ જાગ્યા પછી આદર્શ દીક્ષા સારી સંખ્યામાં થઈ છે, પણ તેની સાથે સાથે દીક્ષા તથા ધર્મનો ધ્વંસ કરવાના પ્રયત્નો પણ એ ધર્મ પ્રત્યે કૃતઘ્ન વર્ગ જોરશોરથી કરી રહેલ છે. મામલો ભારે કટોકટીનો છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

આવી વિષમ પરિસ્થિતિ શાથી ઊભી થઈ ? બાલ્યવયથી જે શિક્ષણ આપવામાં આવે, એ શિક્ષણના જે સંસ્કાર રૂઢ થાય તેના પર એ પ્રજાના ભવિષ્યનો આધાર છે. આજનું શિક્ષણ પણ ઝેરી છે એ માટે હવે બે મત નથી. ભારતવર્ષના પવિત્ર સંસ્કારોને સંહારનાર એવું શિક્ષણ મળતું જ રહે અને ધાર્મિક કેળવણી ન જ અપાય, એટલે કે ધાર્મિક સંસ્કારો ન પ્રેરાય-ન પોષાય ત્યાં પરિસ્થિતિ કઢંગી થાય એમાં કશી નવાઈ નથી. ઝેરી શિક્ષણ ચોમેર

વ્યાપી રહ્યું હોય, ત્યાં થોડી ઘણી પાઠશાળાઓ તથા અલ્પ સંખ્યામાં રહેલા પવિત્ર મુનિવરોનો વિહાર કેટલું કરી શકે ? આથી એ વાત પણ સહજ સિદ્ધ થાય છે કે અત્યારે મુનિવરોની જે સંખ્યા છે તેમાં જરૂર વધારો થવો જોઈએ ! અને તે માટે તેમજ મુનિ થનારને જ્ઞાનાદિપ્રદાન માટે પણ પ્રમાદનો ત્યાગ કરી શ્રી સંઘે ઘણું કરવાની પરમ આવશ્યકતા છે. જડવાદને પ્રચારનારું **શિક્ષણ પામી, તેવા સંસ્કારોથી જ જીવન ઓતપ્રોત બનાવનાર, તે આજનો વિદ્વાન** વર્ગ છે, 'પડી ટેવ તે તો ટળે કેમ ટાળી !' આ સૂત્ર સામાન્ય ટેવના સંબંધમાં છે તો પછી જે સંસ્કારો બાલ્યવયથી ગાઢ થયા હોય તે પછી ન ટળે એ સ્પષ્ટ છે. ઊલટું એ વિદ્વાન કહેવાતા વર્ગને જો કોઈ સમજાવનાર મળે તોયે એ તો પોતાની બુદ્ધિમત્તાનો ઉપયોગ પોતાનો કક્કો ખરો પુરવાર કરવામાં જ કરે છે. આ રીતે પોતાને વિદ્વાન કે સુધારક કહેવરાવતો વર્ગ સુશીલ સમાજથી બાતલ થાય છે, વળી બાલવર્ગને હાલ પણ પ્રાયઃ તેવું જ શિક્ષણ મળે છે એટલે ભવિષ્યમાં એ પણ પહેલી સંખ્યામાં જ જઈને મળે એ દેખીતું છે. જે મધ્યમ વર્ગ રહ્યો તે દિવસો જતાં ઓછો થતો જાય એટલે પરિસ્થિતિ ગંભીર ઊભી થાય !!! એથી આ સ્થિતિ કાયમ જ રહે તો ગંભીરતામાં (મામલાના કટોકટીપણામાં) વધારો થાય એ ખુલ્લું છે, અને આટલા માટે પ્રભુ શાસનરસિક એકેએક વ્યક્તિએ પહેલી જ ક્ષણે પ્રમાદ માત્ર ત્યજી જાગૃત થવાની જરૂર છે. વિશેષ કરીને પોતાની સંતતિને તેના જીવનના ખરા આધારરૂપ ઉચ્ચ સંસ્કારો આપનારું ધર્મ શિક્ષણ આપવું એ જ ખાસ ફરજ છે. પ્રભુશાસનના સિદ્ધાંતોનો પ્રચાર કરનાર પૂજ્ય મુનિવર્ગની સંખ્યાની વૃદ્ધિ કરવા, એ વર્ગને જ્ઞાનાદિ પ્રાપ્તિ માટે સંપૂર્ણ સગવડ આપવા તેમજ વિરોધી વર્ગના સાહિત્યનો પરિહાર કરવા સાથે ઉચ્ચ સિદ્ધાંતો જગતને સમજાવતું સાહિત્ય ને શિક્ષણનો પ્રચાર કરવા એક ક્ષણનો પણ વિલંબ કરવો જોઈતો નથી ! **સાહિત્ય ને શિક્ષણ પ્રચાર એ જ વર્તમાનમાં ખરો સુધારણાનો માર્ગ છે !!!**

હાલમાં કેટલીક પાઠશાળાઓ એવી વિદ્યમાન તો છે ! જેવી કે મહેસાણા શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા, સુરત શ્રી રત્નસાગરજી પાઠશાળા, અમદાવાદ શેઠ મનસુખભાઈની સ્કૂલ વિગેરે કે જ્યાં ભવિષ્યના ઉત્તમ જૈનો બનાવવા માટે હાલનો જૈન બાલવર્ગ ભાવિ જીવનનું ઘડતર ઘડી રહેલ છે !!! આવી પાઠશાળાઓ દ્વારા જરૂર આપણે એ આપણા બાલભાઈઓને ભવિષ્યના સાચા જૈન, શાસનના રસિક જૈન, બનાવી શકીએ તેમ છીએ. એકલી મહેસાણા પાઠશાળા લગભગ સો સવાસો પાઠશાળાને ગ્રાંટ આપે છે, અને એ પોતાથી બનતું કરે પણ

છે; પણ હમારું વાચકોને કહેવાનું તાત્પર્ય એ છે કે અપાવા જોઈતા શિક્ષણને પુરું પાડવા, એ શિક્ષણનો તથા ઉચ્ચ સાહિત્યનો પ્રચાર કરવા તથા શાસનને માનનાર વર્ગ ઊભો કરવા એટલે કે હાલ જે બાલવર્ગ છે તેને સ્થિર કરવામાં આવી પાઠશાળાઓને સમૃદ્ધ બનાવવા માટે કરવા લાયક બધું કરી છૂટવા દરેકે પ્રયત્નશીલ થવું ઘટે છે. કોઈપણ સંસ્થાને તોડવાનો ઉદ્દેશ રાખતાં પહેલાં તેમાં રહેલી ત્રૂટિનું નિવારણ કરી એ જ સંસ્થાઓ પ્રભુશાસનની સેવામાં પોતાનો હિસ્સો આપે તેવી બને એવા પ્રયત્નો આદરવા જોઈએ. આ રીતે જો યોગ્ય કરવામાં આવે તો જરૂર શાસનનો માર્ગ નિષ્કંટક બને ! મોક્ષમાર્ગ નિષ્કંટક રહે ને એમાં જ પોતાનું, પરનું અને વધીને કહીએ તો જગતભરનું એકાંત કલ્યાણ છે. કલ્યાણાર્થી માત્રે કલ્યાણપ્રદ કાર્યમાં કર્તવ્યપરાયણ થવું જ જોઈએ.

લેખકોને સૂચના

આથી દરેક લેખકોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવે પદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવાને અંગે જે કાંઈપણ લખાણો એક બાજુ સૌમ્ય એ રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા. ક. પ્રશ્નકારો પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્ભવતા પ્રશ્નો પત્રદ્વારાએ લખી મોકલશે તો સમાધાન મેળવી શાસનના હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

તમોને શાની જરૂર છે !!!

જૈનધર્મનાં પ્રાચીન અને અર્વાચીન જૈન સાહિત્યની જરૂર છે ? તો તુરત નીચેના સરનામે પત્રવ્યવહારથી પૂછો-

દેવચંદ લાલભાઈ. જૈન પુ. ફંડ ગોપીપુરા, સુરત.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

એક ગુણીની પૂજા કે અવજ્ઞા તે સર્વે ગુણીની પૂજા અને અવજ્ઞા છે ! !
ગુણની પૂજા પણ ગુણને આશ્રીને છે ! સિદ્ધપદ એ પરીક્ષાના વિષયની બહાર છે.
કર્મભૂમિમાં મત્સ્યગળાગળ ન્યાય ! તીર્થ જીવતાનું છે !

सव्वासु कम्मभूमिसु विहरंते गुणगणेहिं संजुत्ते ।
गुत्ते मुंत्ते झायह, मुणिराए निट्ठियकसाए ॥

નવકારમાં પાંચમા પદમાં सव्व શબ્દ શાથી મૂક્યો ?

શા સ્ત્રકાર મહારાજા શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજે ભવ્ય જીવોના ઉપકાર માટે શ્રીપાલચરિત્રમાં, સર્વ ચરિત્રના મૂળરૂપ નવપદનું આરાધન હોવાથી તેનું વર્ણન કરતાં દેવતત્ત્વમાં અરિહંત તથા સિદ્ધની વ્યાખ્યા કરી, પ્રણિપાત વિગેરે જણાવ્યાં, ગુરુતત્ત્વમાં આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુની વ્યાખ્યા કરે છે. આચાર્ય તથા ઉપાધ્યાય પદને અંગે આપણે વિચાર કરી ગયા. સાધુપદની વ્યાખ્યા કરતાં એ વિચારવાનું છે કે **नमो लोए सव्वसाहूणं** એ પદમાં બીજા પદ કરતાં કઇ વિશિષ્ટતા છે કે જેથી ત્યાં **सव्व** શબ્દ સંયોજવામાં આવ્યો છે. અરિહંતાદિ ચારે પદોમાં **सव्व** શબ્દની સંયોજના નથી !!! કેટલાક કહે છે કે આ સંયોજના અંત્યદીપકના દ્રષ્ટાંતે છે તે શી રીતે ? ચાહે તો ભીંતના ગોખલામાં દીવો હોય તો પણ મકાનમાં અજવાળું કરે, તથા બારણાં આગળ રહ્યો થકો પણ અજવાળું કરે, તેવી રીતે પહેલા પદમાં **सव्व** કહ્યું હોત તો પણ બધા પદોમાં લાગુ પાડી શકાત. તેમજ છેલ્લામાં પણ કહેવાય તો પણ દરેકને લાગુ પડી શકે છે. એટલે અંત્યદીપક ન્યાયે બધે **सव्व** પદ લગાડાય તો અડચણ નથી; આવું કેટલાક સમાધાન કરે છે. ત્યારે કેટલાક કહે છે કે **सव्व** પદ જુદું હોય તો જ બધે લાગી શકત. સામાન્ય વ્યાકરણનો નિયમ છે કે **'संनियोगशिष्टानामेकापाय'** ઇત્યાદિ. એટલે એક સમાસમાં કહેલાં બે પદો તે સાથે રહે છે અગર સાથે જ બંધ થાય. એક રહે અને એક બંધ થાય તેમ બને નહીં. **सव्व** નો અર્થ સર્વ કહેવાય, તે **सव्व** પદ પણ સમાસ પામેલું હોવાથી એને એકલું બીજે લઈ જવાય નહીં. કેટલાક વળી **सव्व** નો અર્થ બીજો કરે છે. **सार्वः सर्वं जानाति इति सार्वः** અર્થાત્ સર્વને જાણનારા એવા સર્વજ્ઞ તે સાર્વ, તેમની આજ્ઞા જાણનારા માનનારા ને જગતની ત્રણે કાળની અવસ્થાને જાણનારા તે સર્વજ્ઞ ભગવાનના સાધુ. આથી ગીતાર્થ અગર ગીતાર્થની નિશ્રાવાળો સાધુ જ અમારા નમસ્કારમાં છે. જે જ્ઞાનકાર ન હોય, અગર તેની નિશ્રામાં ન હોય તેને અમારો નમસ્કાર નથી. ગીતાર્થ વગર આચાર્ય કે ઉપાધ્યાયની પદવી થતી નથી તેથી તેઓ તો જરૂર ગીતાર્થ જ હોય પણ સાધુ પદવી ગીતાર્થપણા સાથે સંબંધ રાખતી નથી, પણ

આની અંદર व्यवच्छेदफलत्वात वाक्यस्यं એ ન્યાયથી વાક્ય વ્યવચ્છેદના ફળવાળું હોય, ને તેથી અગીતાર્થ સાધુને ન માનવા એટલે અર્થ નીકળશે. ને તેથી ગીતાર્થની નિશ્રાવાળા સાધુનો પણ વ્યવચ્છેદ થઈ જાય માટે સર્વજ્ઞ શાસનથી બીજા નિરપેક્ષ એવા સાધુ પક્ષને સર્વ શબ્દ કહી ખસેડી નાખ્યો. આથી એ સ્પષ્ટ છે કે સર્વજ્ઞ શાસનમાં જે સાધુ શાસનદ્રોહી થાય, વિરોધી થાય તેને નમસ્કાર નથી. આચાર્ય પણું કે ઉપાધ્યાયપણું તો ત્યાં રહેતું જ નથી.

સૂત્રનો એક અક્ષર વિરુદ્ધ બોલનાર હોય તો, ત્યાં આચાર્યપણું કે ઉપાધ્યાયપણું પણ રહેતું નથી. મૂળમાં બતાવ્યું તો શાખામાં આપોઆપ આવી ગયું. આચાર્ય તથા ઉપાધ્યાય સાધુમાંથી થાય છે, સાધુપદમાં વિશેષણ રાખ્યું એટલે આચાર્યાદિમાં નક્કી થવાનું, અસાધુને આચાર્ય ઉપાધ્યાય પદવી નથી. સાધુપદમાં સર્વજ્ઞ શાસનનું વિશેષણ આપ્યું, ને તેથી તે પછી આચાર્યાદિપણું થનારું હોવાથી તે પણ આજ્ઞાનુસારી જ આવી જાય. **'સિદ્ધો' એ પરીક્ષાના વિષયની બહાર છે જ્યારે અરિહંતાદિ ચારેની પરીક્ષા શક્ય છે.** આવું સમાધાન છતાં કેટલાકનો એ મુદ્દો છે કે સિદ્ધો કયા લેવા ? જવાબ છે કે અરિહંતે જે સિદ્ધો આરાધ્ય બતાવ્યા છે તે લેવા. જે કોઈ અર્થ કામસિદ્ધાદિ હોય તે નમસ્કારમાં લેવાના નથી. અરિહંત પછી સિદ્ધપદ મેલ્યું છે તેથી સિદ્ધનામધારીને માનવાને કોઈ જૈન તૈયાર નથી. અમે તે સિદ્ધો લીધા છે કે જેઓ સર્વથા કર્મક્ષયવાળા થયા છે, જેનું આરાધ્યપણું અરિહંતે કહ્યું છે. સિદ્ધોની માન્યતા અમારી સ્વતંત્ર છે જ નહીં ! અરિહંતોની માન્યતા સ્વતંત્ર છે ! કેમકે તેમની અને તેમના આગમોની પરીક્ષા કરી શકીએ છીએ. પણ સિધ્ધ માટેની પરીક્ષા અમારા હાથમાં નથી. અમારી માન્યતા અરિહંતની સહીના આધારે છે. અરિહંતે સહી કરી તે તમામ અમારે કબુલ !!! **અઢારદોષ રહિતપણું એ અરિહંતની પરીક્ષા છે. પાંચ આચારનું પાલન વિગેરેથી આચાર્યની પરીક્ષા છે. સ્વાધ્યાયાદિમાં લીન હોય, પઠન પાઠનમાં પરાયણ હોય તે દ્વારાએ ઉપાધ્યાયની પરીક્ષા છે, તથા મોક્ષમાર્ગની સાધના ને સહાય દ્વારાએ સાધુની પરીક્ષા છે; પણ સિદ્ધોની પરીક્ષા શી રીતે ? સિદ્ધો અરૂપી છે! શરીર તથા વાણી વિગેરેથી રહિત હોવાથી તે અમારી પરીક્ષાનો વિષય નથી.**

ઝવેરાતને આપણે ન પારખી શકીએ, કિંમત ન આંકી શકીએ, પણ વિશ્વાસુ ઝવેરી દશ હજારની કિંમત કરે તો તે સાચી માનીએ છીએ !!! મોતી અને હીરાના પાણીની આપણને પરખ નથી, જાત જાણવી તો દૂર રહી, પણ તેના તોલની રીતિની પણ ખબર નથી, છતાં તેની કિંમતને તોલ તમે ખરા ગણો છો તે માત્ર ઝવેરીના વિશ્વાસે જ ને? નહીં તો એ બધું તમારી તો પરીક્ષાની બહાર જ છે! તેવી રીતે સિદ્ધ મહારાજા અમારી પરીક્ષાની બહાર છે, પણ અરિહંતના વચન દ્વારાએ અમે તેમને માનીએ છીએ. વાચ્યની પ્રતીતિ વચન દ્વારાએ છે, અને વચન વક્તા પછી જ બને છે તો હવે કબુલવું જ પડશે કે અરિહંત મહારાજને પહેલો નમસ્કાર કરવો પડે. સિદ્ધ સ્થિતિની પ્રમાણિકતા અરિહંત (અરિહંત વચન)ના ઉપર જ અવલંબેલી છે. તત્ત્વ એ જ કે સાધુપદને અંગે सव्व શબ્દ ખાસ આવશ્યક છે.

દરેક વસ્તુ શીખવનાર આચાર્ય છે. જે જે કલા, શિલ્પાદિ શીખવે તે પણ આચાર્ય કહેવાય, કુંભાર, હાંલ્લાં કરતાં શીખવે તે પણ હાંલ્લાં શીખનારનો આચાર્ય છે, લુહારની કલા શીખવનાર પણ તે શીખનારનો આચાર્ય છે. ધનુષ્યકલાદિ પણ આચાર્યો શીખવતા હતા ને આચાર્ય કહેવાતા તો શું તે આચાર્યોને અહીં નમસ્કાર છે ? ના! શ્રી અરિહંતે જેને આરાધ્ય જણાવ્યા છે તે જ આચાર્યો વંદન કરવા લાયક છે, માટે અરિહંતપદની પછી કહેવાતા સિદ્ધાદિમાં **सव्व** એ પદની જરૂર નથી. વળી કેટલાકો કહે છે કે **सव्व** એ પદ સાધુમાં જ લગાડવાની જરૂર છે, બીજામાં જરૂર નથી, કારણ કે બીજામાં બહુ વચનથી એ પદ આવી જાય છે, અરિહંતાણં આદિમાં બહુવચન કહ્યું છે ને તેથી અરિહંતો, ઘણા સિદ્ધો, ઘણા આચાર્યો, ઘણા ઉપાધ્યાયો એમ અર્થ થાય છે, તો તે જ રીતે **साहूणं** ત્યાં બહુવચન છે તો ઘણા અર્થાત્ 'સર્વ સાધુ' એમ કેમ ન સમજાય ? અને જો બહુવચનથી સાધુપદમાં સર્વસાધુ ન સમજાય તો અરિહંતાદિક પદોમાં બહુવચનથી સર્વ અરિહંત વગેરે કેમ સમજાય ? આ સાંભળીને **सव्व** પદની જાણે અહીં પણ જરૂર નથી એમ આપણને લાગે છે, પણ આવશ્યકાદિ મૂળ સૂત્રમાં ચોખ્ખો **सव्वसाहूणं** એવો પાઠ છે. જ્યાં જ્યાં નવપદનું વર્ણન છે, પંચ પરમેષ્ટિની જ્યાં જ્યાં વ્યાખ્યા છે ત્યાં ત્યાં **नमो लोए सव्वसाहूणं** એ જ પાઠ છે. પાઠ ભલે હોય પણ 'સર્વ' શબ્દની સફળતા ક્યાં છે ? અરિહંત એક શાસનમાં એક જ હોય. સિદ્ધ તો પરીક્ષાના વિષયથી બહાર છે. આચાર્ય ગચ્છે ગચ્છે, સમુદાયે સમુદાયે એક, ઉપાધ્યાય પણ એક જ; તથા ત્યાં બહુવચન કહ્યું તેથી બધા ગચ્છો, તમામ સમુદાયો આવી જાય; પણ એક ગચ્છમાં સાધુ ઘણા હોય તેથી એક ગચ્છ જ આવી જાય, માટે ત્યાં સાધુપદમાં સર્વ ગચ્છના સર્વ સાધુ લેવા માટે **सर्व** શબ્દ મૂકવાની ચોક્કસ જરૂર રહેશે, નવ પૂર્વથી આગળના જ્ઞાનવાળા તથા જિનકલ્પને લીધે સમુદાયને છોડી ગયેલા હોય વિગેરે મોક્ષને સાધનારા તેવા બધા સાધુ નમસ્કાર લાયક છે એ વાત જણાવવા માટે **सव्व** શબ્દની અહીં પ્રથમ આવશ્યકતા છે, જેમ એક સાધુની અવજ્ઞાએ સર્વ સાધુની અવજ્ઞા ! તેવી રીતે ઉપાધ્યાય, આચાર્ય ને અરિહંતને અંગે પણ વાત લઈ શકાય ! તેવી જ રીતે એક અરિહંતાદિ આરાધ્યા તો સર્વ અરિહંતાદિ આરાધ્યા ગણાશે, હવે શાસ્ત્રનું મૂળ કથન સમજો; ચાહે તો સાધુ કે ઉપાધ્યાય, આચાર્ય કે અરિહંત તે બધા આરાધ્ય છે, પણ કયા મુદ્દાથી ? વ્યક્તિપણે કે ગુણના મુદ્દાએ? વ્યક્તિની આરાધના ગુણના મુદ્દાથી છે, વ્યક્તિપરત્વે નથી. જો આરાધના ગુણના મુદ્દાથી હોય તો સર્વને આરાધવા પડશે. જો ગુણદ્વારાએ આરાધીએ તો વ્યક્તિ એ તો માત્ર દેખાવ છે. ગુણપરત્વે ન જતાં માત્ર વ્યક્તિપરત્વે જઈએ તો કહેવું પડશે કે આપણે માત્ર હાડકાં તથા માંસના પૂજારી છીએ. જ્યારે એક આચાર્ય, ઉપાધ્યાય કે સાધુને આરાધતાં એના ગુણો પર લક્ષ્ય ન દઈએ ને માત્ર વ્યક્તિ પર લક્ષ્ય દઈએ તો બીજા આચાર્યાદિ આરાધ્ય ન રહ્યા ! કાં તો મહાવીર મહારાજ અગર ગૌતમસ્વામિ, સુધર્મસ્વામિ કે સ્થૂલિભદ્રાદિ કોઈપણ એક વ્યક્તિ લો ! તે એક જ વ્યક્તિ જો આરાધવાની હોય તો નવકારમાં કહેલું બહુવચન નકામું થાય ! એટલું જ નહીં પણ આરાધના ગુણની નહીં પણ હાડકાં, માંસ અને ચામડીની થઈ ગણાય !!! જો હીરાના તેજને આધારે તેની કિંમત કરવી હોય તો પછી એ હીરો કોનો છે એ જોવાનું હોય નહીં. શ્રેણિક રાજાને અંગત સંબંધ ભગવાન મહાવીરનો થયો તેથી મહાવીર ભગવાન વિના બીજા તીર્થંકરનો શું સંબંધ નથી? બાર ગુણની અપેક્ષાએ જો પૂજા કરે તો દરેક પ્રભુની પૂજા થઈ, પણ ત્રિશલાનંદન તરીકે જ પૂજા કરે

તો બીજાની પૂજા નહીં રહે. વ્યક્તિપૂજા પણ ગુણ દ્વારાએ હોય તો બધા ગુણી પૂજાઈ ગયા અને ગુણ તરફ લક્ષ્ય ન હોય તો ગુણ છતાં પણ તે હાડકાદિકની પૂજા થઈ.

જો ગુણનું ધ્યેય હોય ત્યાં જ્યાં ગુણી દેખાય તો લક્ષ્ય જાય. વગ્ગુર શ્રાવક રોજ મલ્લીનાથજીની પૂજા કરતા હતા. એક દિવસ પૂજા કરવા જતાં વચમાં ભગવાન મહાવીર મળ્યા. ઇંદ્રના કહેવાથી એને ખબર પડતાં તુરત સામાન નીચે મૂકી તે રોકાયા અને પ્રભુને વંદ્યા, પૂજ્યા. ત્યાં જો વ્યક્તિપૂજા હોત તો તો કહેત કે મારે તે મલ્લીનાથજીની પૂજા કરવી છે. કેસરીયાજીને અંગે તો ત્યાંનો ક્ષેત્રપ્રભાવ છે, નહીં તો પાલીતાણે વિગેરે સ્થળે પણ શ્રી આદીશ્વરની પ્રતિમા છે. ગુણ દ્વારાએ પૂજન હોય તો વ્યક્તિ એ ઓઠું છે. ખરું પૂજન ગુણનું છે. ગુરુની સેવા કરીએ છીએ તેમાં દેખીએ છીએ તો માંસનો લોચો, પણ બહુમાન એમના ગુણોમાં છે ને ! ગુણોમાં વ્યક્તિ તો એક ખાનું છે. એક અરિહંતના પૂજનમાં સર્વ અરિહંતનું પૂજન છે અને એકના અપમાનમાં સર્વની આશાતના છે. ગુણ પ્રત્યે જે રાગ તે માર્ગનો રાગ છે. વ્યક્તિરાગ તે માર્ગનો રાગ નથી. એથી જ દરેક વખત પજુસણ (પર્યુષણ)માં मुक्खमग्ग ગાથા કહેવાય છે.

પ્રશસ્ત રાગ પણ કલ્યાણપ્રદ છે.

જે મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા છે તેમને સ્નેહ એ વજની સાંકળ છે. દ્રષ્ટાંતમાં જુઓ કે ભગવાન મહાવીર જીવ્યા ત્યાં સુધી શાસનના માલિક ગણધરભગવંત ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામી શક્યા નહીં. તમામ ગણધર ભગવંતોને ગુણરાગ હતો, પણ પ્રભુ ગૌતમને ગુણરાગ સાથે સ્નેહરાગ હતો. આ બાબતમાં શંકા થતી હોય તો વિચારો કે-જ્યાં પન્નરસો તાપસોને દીક્ષા દઈ શ્રી ગૌતમસ્વામીજી સમોસરણમાં આવ્યા ત્યાં તે પન્નરસો તાપસો કેવળજ્ઞાની થઈ ગયા છે તેથી કેવળીની પર્ષદામાં જવા લાગ્યા. તેથી તેમણે (શ્રી ગોતમસ્વામીજીએ) તાપસોને કહ્યું કે ભગવાનને વંદના કરો. ત્યારે મહાવીરભગવાને કહ્યું કે-હે ! 'ગૌતમ ! કેવળીઓની આશાતના ન કર !! ' આ વખતે શ્રી ગૌતમસ્વામીને અધીર જ થઈ, તેથી કહ્યું કે-'પ્રભો ! આ શું !! શું હું કોરો જ રહેવાનો ?' ત્યારે ભગવાને ખૂદ કહ્યું છે કે - **'चिरु परिचिओसि गोयमा' इत्त्यादि** 'હે ગૌતમ ! તું મારી સાથે ઘણા ભાવના પરિચયવાળો છે ગાઢ સંબંધ અને સંસર્ગવાળો છે ! કેવળજ્ઞાન ન થવામાં ભગવાને આ કારણ બતાવ્યું. દિવેલનો સ્વભાવ છે કે પોતે પણ નીકળી જાય અને મળને પણ કાઢી નાખે, તેવી રીતે ગુણરાગ કર્મમળને કાઢી નાખે છે, અને પછી તે રાગ આપોઆપ નીકળી જાય છે. ગુણરાગ એ પણ પ્રશસ્ત રાગ છે. પ્રશસ્તરાગ જ રહ્યો થકો કર્મ નિર્જરાવે છે અને કર્મક્ષય બાદ એ આપોઆપ પલાયન થાય છે. તાત્પર્ય એ છે કે અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું-આ તમામનું આરાધન વ્યક્તિ દ્વારા બનવાનું છે. ગુણી વિના ગુણ કોઈ જુદી ચીજ નથી. ગુણી એ જ ગુણનું ભાજન છે. કેવળ ગુણી એ ઓઠું છે, ખરું ધ્યેય પેલા ગુણો છે. અરિહંત મહાવીરની આશાતના કરનારને તમામ તીર્થંકારોનો પ્રત્યનીક આથી જ ગણીએ છીએ. આચાર્યને અંગે વિચારો કે બાલચંદ્ર તે કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્ર મહારાજની વિરુદ્ધ હતો, હવે શું એને બીજા આચાર્યનો ભક્ત માનવો ? આચાર્યાદિ ગુણદ્વારાએ આરાધ્ય હોવાથી આરાધન ગુણનું છે માટે તે સર્વ આચાર્યનો આશાતક ગણાય આથી કોઈ કહે કે સાધુપદમાં

सव्व પદ જોડવાની જરૂર નહોતી, કેમકે ગુણને અંગે તમામ સાધુ આવી જવાના હતા, પણ સામાન્ય નિયમ છે કે ભોંયથી નીચે પડવાનું હોય નહીં. હવે વિચારો કે જઘન્યમાં જઘન્ય ગુણોવાળાનું સ્થાન કયું ? અરિહંતાદિ કરતાં ઓછા ગુણોવાળાનું સ્થાન સાધુ છે. જેઓ આચાર્ય જેવા ગુણવાળા છે પણ પદવી મળી નથી, ખુદ કેવળજ્ઞાની થયા પણ અરિહંત પદવીમાં નથી તે બધાને શામાં ગણવા ? તત્વ એ કે અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય સિવાય જે કોઈ મનઃપર્યવવાળા હોય, અવધિવાળા હોય કે કેવળજ્ઞાનવાળા હોય તે બધા આ પાંચમા પરમેષ્ઠી પદમાં લેવાના છે, તે માટે **सव्व** શબ્દના સંયોજન સિવાય છૂટકો નથી. આત્માની અપેક્ષાએ તો અરિહંત, આચાર્ય, ઉપાધ્યાયના ગુણો આવી ગયા, પણ તે પદવીઓ જેઓને નથી તે બધા પંચમ પદે વિરાજમાન હોઈ **सव्व** શબ્દ વિના સિદ્ધિ જ નથી, માટે શાસ્ત્રકારે **सव्वसाहूणं** એ શબ્દ વાપર્યો છે.

આધુનિક પરિસ્થિતિ તપાસો

પાંચમા પદમાં સાધુને નમસ્કાર કરીએ છીએ તે કેવી રીતે ? કહેવાય છે કે પત્થર દેવ, પત્થર ગુરુ અને પત્થર ધર્મની મર્યાદા ચાલી છે. ચમકશો નહીં ! જરા સમજો ! તમે જે દેહરાનો વહીવટ કરતા હો ત્યાં જો ભગવાનની આશાતના થતી જણાય તો ઊંચાનીચા થાઓ છો, અને જોડે જ બીજું દેહરૂં હોય, ત્યાં ઉંદરડા મૂતરતા હોય, ત્યાંનો વહીવટ કરનાર સામર્થ્યવાન ન હોય અને તે તમને કહેવા આવે તો કહો છો કે-'અમે શું કરીએ ? તમે જાણો ને તમારું દેહરૂં જાણે.' તમારા ગોઠવેલા પથરામાંથી, અગર પબાસણમાંથી તમારા પધરાવેલા દેવને જો બીજા લઈ ગયા તો પછી જાણે તમારે કાંઈ નહીં ! વિચારો આજકાલની સ્થિતિ ! પજુસણ(પર્યુષણ) માં કે ઉત્સવમાં ઘી બોલીને અનેક પ્રકારની વિધિથી દ્રવ્ય વૃદ્ધિ કરો છો તે દેવ દ્રવ્ય વધે છે કે ટ્રસ્ટી દ્રવ્ય ? ત્યારે કહોને કે અમારે તો બેઠા તે દેવ ! આથી ટીકા નથી કરતો. શ્રી ગોડીજી મહારાજજીના અહીંથી દર વર્ષે બધે હાજરો રૂપિયા અપાય છે પણ તમારા પરિણામ તપાસો. પોતાના વહીવટમાં જે દેવ હોય તે તમારે માનવાના એમને ?

જુદી જુદી પેઢીના મુનિમો વહીવટ જુદો કરે પણ આબરૂ બધાની એકઠી હોય છે. 'મારે લાગે વળગે શું ?' એમ બીજો મુનિમ સમજે તો એ ઉચિત નથી. ગુરુને અંગે પણ એમજ ! આપણી બેઠકે, આ ચોરસે આવ્યા તે પ્રભુ ગૌતમ જેવા અને સામા ઉપાશ્રયની ગાદીએ આવે તે ગોશાળો ! શું એ પણ ગુરુ નથી ? પણ કહો કે પત્થરની જ માન્યતા ! પોતે જે દેહરે પૂજા અગર વહીવટ કરતો હોય ત્યાં કોઈ બસેં રૂપિયા આપે અને બાજુને દેહરે પાંચસેં રૂપિયા આપે તો શું થાય ? **આ કથન વહીવટ કરનારનો વહીવટ અશક્ય બનાવવા માટે નથી, પણ વહીવટ કરનારાએ દ્રષ્ટિ વિશાળ કરવાની જરૂર છે એ માટે છે. વ્યક્તિના પૂજારીને ગુણ-પૂજામાં લાવવા માટે આ ઉપદેશ છે. બાકી નાગાઓને બોલવા માટે બહાનારૂપ આ કથન નથી.**

કર્મભૂમિમાં મત્સ્યગળાગળ ન્યાય છતાં તેની ઉત્તમતા શાથી ?

સાધુ કયા માનવા ? અમુક જ ઉપાશ્રયમાં બેઠેલો તે સાધુ એમ નહીં, પણ જે સાધુપદ તરીકે ધર્મ આરાધના કરતો હોય તે સાધુ **सव्वासु कम्मभूमिसु** સર્વ કર્મભૂમિમાં સાધુના ધર્મ પદની આરાધના કરે તે સાધુઃ કર્મભૂમિ કઈ ? જ્યાં મોક્ષનાં અનુષ્ઠાન પ્રવર્તે તેનું નામ કર્મભૂમિ વિષયનાં

સાધન, આર્થિક સંપત્તિ, કુટુંબ પરિવાર તથા રિદ્ધિસમૃદ્ધિ ઇચ્છનારા માટે કર્મભૂમિ આ નથી, પણ દેવકુરુ ઉત્તરકુરુ છે, જ્યાં દેવલોકની વાનગી છે. અહીં તો મત્સ્યગળાગળ ન્યાય છે. એક મનુષ્ય બીજા મનુષ્યનું ખૂન કરે તો સરકાર એને ફાંસી ચઢાવે, પણ સરકાર એવા હથિયાર કરાવે છે કે એક હથિયારે હજારોના પ્રાણ જાય. હજારો ખૂન કરવાની પોતે કોશિશ કરે તેને અંગે કંઈ જ નહીં! ધણીનો કોઈ ધણી ? એક ખૂન માટે ફાંસી દેનારી સરકાર આ રીતિએ કેટલી લાયક છે ? વોર પ્રોમીસરી લોન શાને માટેની ? જ્યાં કર્મભૂમિ હોય ત્યાં મત્સ્યગળાગળ ન્યાય હોય. ખેડૂતના ઉપર તલાટી, તેના ઉપર ફોજદાર, આગળ વધો કલેકટર, ગવર્નર, વાઈસરોય, કેવી લૂટાલૂટ ! આટલું છતાં ક્ષેત્રની ઉત્તમતા શાથી ? કર્મ કરવા માટે કર્મ ભૂમિના ઉત્તમતા નથી ! પણ મોક્ષ માર્ગ પ્રવર્તે તેથી !

તીર્થ જીવતાનું છે અર્થાત્ વિદ્યમાન મુનિવરોથી જ વિભૂષિત છે

પ્રશ્ન- કાળધર્મ પામેલા સુવિહિત સાધુ ને સાધુ તરીકે માને તો કેમ ?

જવાબ- ઉતારાથી સાધુ લેવાતા નથી, સાધુને સર્વ સ્થળે ઉતારા મળી શકે છે. ઉતારા ન મળે તેની દરકાર સાધુને હોતી નથી. પણ અહીં સર્વ કર્મભૂમિ (પાંચે ભરત, પાંચે ઐરાવત, પાંચે મહાવિદેહ એ પન્નર કર્મભૂમિ)ના સાધુને નમસ્કાર છે. અમુક જ સાધુ, અમુક જ ગચ્છ, અમુક જ સમુદાય તે **नमो लोए सव्वसाहूणं** વાળાને નથી, પણ અરિહંતના ઉપદેશ પ્રમાણે વર્ત્તવાવાળા જરૂર જોઈએ, અર્થાત્ તથાવિધ ગુણવાળા જરૂર જોઈએ. અરિહંતના માર્ગની પ્રરૂપણા તથા શ્રદ્ધા તો એમાં જરૂર જોઈશે. તેમાં વ્યક્તિગત થવું પાલવે નહીં. ચાહે તે જગા પર હોય, પણ સાધુપણાવાળા હોય તે બધાને નમસ્કાર કરવાના છે. સાધુ કયા મનાય ? વિચરતા અર્થાત્ વિદ્યમાન હોય તે. કોઈ કહે કે-'હું તો માત્ર હેમચંદ્રને સાધુ માનું છું. તે કાલના સાધુને માનું છું અને **नमो लोए सव्वसाहूणं** બોલું છું તે ન ચાલે. અહીં જીવતાનું તીર્થ છે. મરેલાની કિંમતને નામે તમે વધવા માગો તો તે અહીં નથી. અહિં 'વિહરન્તે' એટલે વિચરતા સાધુ લેવાના છે. ત્યારે તો ઘણા ગોરજી, પાસત્થા, ઉત્સૂત્રીયા હોય તે શું ગણી લેવા ? ના ! સર્વકર્મભૂમિના વિચરતા પણ પંચમહાવ્રત વિગેરે ગુણોએ કરીને સહિત હોય તે. પોતાના મનમાનીતા ગુણો નહીં. કેવળજ્ઞાન પામ્યા એટલા સાધુ, બીજા સાધુ નહીં એમ નહીં. પંચમહાવ્રતનું તથા અષ્ટ પ્રવચન માતાનું પાલન એ ગુણો સાધુમાં જરૂર હોવા જોઈએ. પૂર્વ વગેરેનું જ્ઞાન હોવું જોઈએ એમ નથી. જો જ્ઞાનવાળોજ સાધુ એમ માનશો તો તમારા મતે એકલા ગીતાર્થનું સંયમ રહેશે. નિશ્રાવાળાનું સંયમ રહેશે નહીં; જ્યારે પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ તો સંયમ બે પ્રકારે ફરમાવે છે; (૧) ગીતાર્થનું સંયમ (૨) ગીતાર્થની નિશ્રાએ રહેનારનું સંયમ.

અતિમુક્ત મુનિ તો સર્વમાન્ય છે ને ! એ કેવા હતા ? માટી પૃથ્વીકાય છે, પાણી અપકાય છે એની પણ એમને ધારણા રહી નહોતી. માટીની એમણે પાળ બાંધી, તેમાં કાચું પાણી એકઠું કર્યું અને નાવડી તરીકે તેમાં પાત્રાને તરાવ્યું. કહો કે આને તે વખતે સાધુ ગણ્યો કે અસાધુ ? અરે ! જ્યારે સ્થવિરો તેમના સંબંધમાં કાંઈ કહેવા લાગ્યા ત્યારે ઉલટું ભગવાને કહ્યું કે-અગ્લાનીએ એને ગ્રહણ કરો. જાણપણાના અભાવથી સાધુપણાનો અભાવ છે એ ક્યાંથી લાવ્યા ? તમારા હિસાબે તો જે કાયદા ન જાણે તે ધનવાળા ન ગણાય એમને ?

કષાયરહિતપણું ક્યારે હોય ?

પાપનો પરિહાર કરનારા પણ ઓછા જ્ઞાનવાળા હોય માટે તે સાધુ નહીં એમ કહેનારનું માનસ ક્યું ? એવું બોલનારની દશા શી ? જઘન્ય જ્ઞાન અષ્ટ પ્રવચન માતાનું હોય તેને શાસ્ત્રકારે સાધુ માન્યા છે છતાં તેને પોતાની દુકાન ઊઠી જવાના ભયથી જે સાધુ ન માને તેની હાલત શોચનીય છે. જેમના મન, વચન, કાયા સંસાર તરફ પ્રવૃત્તિવાળા નથી, જેમણે વિષય કષાયાદિ બધું છોડી દીધું છે, જેઓ ગુણના સમુદાયે સહિત તથા પરિગ્રહ રહિત છે તેવા સાધુઓને નમસ્કાર છે. 'કષાયોને દૂર કર્યા છે' આ વાક્ય પકડી લઈને સાધુઓ તરફ આંગળી ચીંધીને કેટલાક કહે છે કે-'કષાયો ક્યાં ગયા છે?' પણ કયા કષાયો હોય અને કયા કષાયો ન હોય તેનું તેને બિચારાને જ્ઞાન નથી. અનંતાનુબંધી વિગેરે પ્રકારના કષાયો ગયા છે, પણ સંજવલન કે જેની સ્થિતિ પંદર દિવસની છે તે ન હોય તેમ નહીં; તદ્દન કષાય રહિત સાધુપણું તો અગિયારમે બારમે તેરમે ગુણસ્થાનકે હોય; પણ એક અપેક્ષાએ તો આ કષાય ઉદય છતાં તે રોકનાર સાધુઓને શાસ્ત્રકાર બહાદુર કહે છે. ચમકશો નહીં ! એક જગા પર દેશની ચારે બાજુ શત્રુ છે તે શત્રુઓ કોઈ રોગને લીધે અથવા કોઈના પરાક્રમથી મરી ગયાને ત્યાં એક પુરુષ રાજ્ય કરે છે; તથા બીજો એક પુરુષ એવે સ્થળે રાજ્ય કરે છે કે જ્યાં શત્રુનો રાત્રિ દિવસ હલ્લો કાયમ છે. હલ્લામાં કોઈ વખત ઘા વાગી જાય છે. છતાં તે દેશનું રક્ષણ કરી રહ્યો છે, એ બેમાં બહાદુર કયો ? જેને હલ્લાનો સામનો કરવો જ પડતો નથી તેના કરતાં હલ્લાની સામે ટકનારને બહાદૂર કહેવો પડશે !!! વીતરાગને કષાયનો હલ્લો નથી ! છઠ્ઠે, સાતમે ગુણઠાણે મિથ્યાત્વ અપ્રત્યાખ્યાની, પ્રત્યાખાનાવરણનો હલ્લો છે, તેમાં કોઈ વખત હલ્લો વાગી પણ જાય, પણ કિલ્લો કબજે રાખીને બેઠો છે ત્યાં સુધી ઘા ખાનાર શૂરો સરદાર કહેવાય !!! કષાયથી કંથચિત્ ઘા ખાઈ જાય છતાં મહાવ્રતને ધરી રહ્યા છે તે ખરેખર જબરા છે તેથી ઉપદેશ માળામાં કહ્યું છે કે - **किं सक्का, भणीउं ज सराग धम्संमि को अकसाई जो पुण धरिज्ज धणियं** ઇત્યાદિ.

જ્યાં સુધી છદ્મસ્થપણું છે, સરાગધર્મ છે. ત્યાં સુધી તે કષાય વગરનો કહેવાય નહીં પણ જે કષાયના વહેળામાં વહી જાય નહીં તે તેના સરખા છે. કષાયના જોરે જેઓ વિષયાદિમાં દોરાઈ ગયા નથી તે કષાયરહિત જ છે એવા મુનિરાજોનું હંમેશાં ધ્યાન કરો. આવી રીતે પાંચે પદો જણાવ્યા.

હવે બારે માસ પાંચ પદ ગણવા અને અઢાર દહાડા નવપદ ગણવા તો તે બેમાં સંસ્કાર કયા પાડવા ? એક વાત એ, બીજી વાત એ કે જો નવેપદ આરધનીય તો નવકારમાં દર્શનાદિ ચારને કેમ દાખલ ન ક્યા ? આ વાતની શંકા જરૂર થશે. નવપદ પરસ્પર અભાવરૂપ નથી. ભિન્ન છતાં આરાધ્ય પાંચ પદ પરસ્પર છે. એ જે ભેદો પાડવામાં આવ્યા છે તે એક એકથી ભિન્ન છે. અરિહંત સિદ્ધથી ભિન્ન છે વિગેરે પાંચે પદમાં પરસ્પર ભિન્ન પણું છે. તે આરાધ્યપણું પછી નવપદ લઈએ તો પરસ્પર ભિન્નપણું રહેતું નથી. દર્શનાદિ પદો અરિહંતાદિકો ભિન્ન છે ? ના, દર્શનાદિ તે ચારે પદો અન્યની અને પરસ્પરની ભિન્નતાવાળાને આરાધ્ય નથી, માટે હંમેશના આરાધનમાં પાંચ પદ (ગુણી) રાખ્યા. અરિહંત સિદ્ધના અનંતાગુણો છતાં આ નવપદમાં ચાર જ ગુણો કેમ પકડ્યા તથા તેનો આ અનુક્રમ કેમ છે ? તે અગ્રે વર્તમાનઃ

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૧૪૮- ચાર વર્ણાશ્રમમાં કેટલા વર્ણાશ્રમવાળા જૈન હોય ?

સમાધાન- શુકદેવાદિની શ્રદ્ધાવાળા જૈનો ચારે વર્ણમાં હોઈ શકે છે.

પ્રશ્ન ૧૪૯- કોઈ અંત્યજ જૈનધર્મ પાળવા ઇચ્છે તો તમે કઇ રીતે મદદ કરી શકો ?

સમાધાન- શાસ્ત્ર અને વ્યવહારના બાધે તેને ભેળવીએ નહીં પણ તેઓના માટે અલગ મંદિર વગેરેની વ્યવસ્થા કરાવી શકાય.

પ્રશ્ન ૧૫૦- યુરોપીયન, મુસલમાન વિગેરે દેહરામાં આવે છે તે યોગ્ય છે કે કેમ ?

સમાધાન- અંત્યજોની માફક તેઓનું પણ ઉચ્ચ વર્ણવાળા માટે બનેલ જૈન મંદિરમાં આવવું ઇષ્ટ નથી, પણ રાજ્યસત્તાદિ કારણે આપણે તત્સંબંધી વધારે પ્રતિબંધ કરી શકતા નથી.

પ્રશ્ન ૧૫૧- લૌકિક અને લોકોત્તર દૃષ્ટિમાં ભેદ શો ?

સમાધાન- આ લોક કે પરલોક સંબંધી સુખની ઇચ્છા કે કુદેવ કુગુરુ ને કુધર્મથી કે તેવામાંથી કલ્યાણની ઇચ્છાથી જે કાર્ય તે બધું લૌકિક ગણાય અને આત્મકલ્યાણની ઇચ્છા કે સુદેવ સુગુરુ ને સુધર્મની સાચી માન્યતાથી થતાં કાર્યો તે લોકોત્તર દૃષ્ટિમાં ગણાય.

પ્રશ્ન ૧૫૨- પ્રભુ માર્ગની આરાધનાને મોક્ષ દેનાર માનવા છતાં તે આરાધના લૌકિક ઇચ્છાએ કરે તે લોકોત્તર મિથ્યાત્વ ખરું કે નહીં ?

સમાધાન- ભગવાન શ્રી નેમિનાથે ફરમાવેલ દ્વારકાના દાહની ભાવિ આગાહીને અંગે તે ઉપસર્ગ ટાળવા ક્ષાયિક સમ્યક્ત્વવાળા શ્રી કૃષ્ણ મહારાજે તપસ્યા આદિ કરવા ફરમાવ્યું હતું. ને એ તપ વગેરે આફતથી બચવા માટે જ હતો. તે તેને મિથ્યાત્વ ગણ્યું નથી. માટે સુદેવાદિની શ્રદ્ધાવાળાને તે કાર્યમાં મિથ્યાત્વ કહી શકાતું નથી.

પ્રશ્ન ૧૫૩- રાવણ વિગેરેએ દેવદેવીઓની આરાધના કરી તે મિથ્યાત્વમાં ગણાય કે નહીં ? ને ચાલુ દેશીય પ્રવૃત્તિમાં ઉપવાસ વિગેરે કરે તો મિથ્યાત્વ ગણાય કે કેમ ?

સમાધાન- તે વખતમાં તે મિથ્યાત્વ નહોતું, કારણ કે તેઓ શ્રદ્ધાવાળા હતા ને જૈન શાસનની જાહોજલાલીવાળી ને સત્ય વસ્તુસ્થિતિ સમજી શકનારા પુષ્કળ હતા ને તેથી તેઓને મિથ્યાત્વ નહોતું, પણ આ વખતમાં ગાંધીની પ્રવૃત્તિને અંગે ઉપવાસાદિ ઘણા ભાગે લોકોત્તરની શ્રદ્ધા વિના જ કરે છે તો તેમાં મિથ્યાત્વ લાગે તો આશ્ચર્ય શું ? પૌદ્ગલિક ઇચ્છા કરવા માત્રથી મિથ્યાત્વ લાગે તેમ નથી, પણ યથાર્થ તત્ત્વની માન્યતાનો અભાવ હોય તો મિથ્યાત્વ છે.

પ્રશ્ન ૧૫૪- શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્ર પાને ૩૪ મે લખે છે કે 'રાવણ તથા શ્રીકૃષ્ણ વિગેરેએ અપવાદરૂપે કંઇક આરાધનાદિ કરેલ છે તેનું આલંબન લેવું ઉચિત નથી.' આને અંગે આપ શું કહો છો ?

સમાધાન- તે આરાધના આ લોકના ફળની ઇચ્છાએ અને મિથ્યાત્વ દેવની કરેલી છે. પણ તેઓને (રાવણ વિગેરેને) જૈન શાસનની શ્રદ્ધા શુદ્ધ હોવાથી મિથ્યાત્વની વૃદ્ધિ આદિ દોષો માન્ય નથી, પણ આથી મિથ્યાત્વ ન લાગવાનું માની બાજીઓએ મિથ્યાત્વ દેવોની આ લોકના ફળની અપેક્ષાએ આરાધના કરવી નહીં. કેમકે તે વખતે આર્હત ધર્મની અતીવ ઉત્કૃષ્ટતા હતી. તેથી તેવી આરાધના કરતાં છતાં મિથ્યાત્વની વૃદ્ધિ આદિ થયાં નહોતાં, પણ આ કાલમાં તો તેવો પ્રભાવ વિદ્યમાન ન હોવાથી જો મિથ્યાત્વ દેવની આરાધના કરવામાં આવે તો મિથ્યાત્વની વૃદ્ધિ આદિનો પ્રસંગ હોવાથી તેઓનું આલંબન લઈ મિથ્યાત્વિ દેવની આરાધના આ લોકના ફળ માટે પણ કરવી નહીં.

પ્રશ્ન ૧૫૫- ઉપધાન વગર શ્રાવકોને નમસ્કારાદિક મહામંત્રના પાઠથી શું અનંતો સંસાર થાય છે?

સમાધાન- નિયમ નહીં, સેનપ્રશ્ન, ત્રીજો ઉલ્લાસ, પાને ૪૪મે તેનો ખુલાસો છે. પણ નમસ્કારાદિક ભણનારે શક્તિ થાય ત્યારે જરૂર ઉપધાન વહેવા જોઈએ.

પ્રશ્ન ૧૫૬- ઉપધાન કરનાર જો રોહિણીનો તપ કરતો હોય અને રોહિણીના દિવસે ઉપધાન ક્રિયાને અંગે નીવીનો તપ આવે તો શું કરવું ? છઠ કરાવવાથી પણ મેળ મળતો નથી તે દિવસે ઉપધાન કરનાર નીવી કરે તો તેનો રોહિણી તપ રહે કે ચાલ્યો જાય ? અગર આવા કારણવશાત્ બાધ નહીં એમ ખરું ? અથવા સાત વર્ષે જ્યારે રોહિણી તપ પૂરો થાય ત્યારે એક ઉપવાસ વધારે કરે તો ચાલે કે કેમ ?

સમાધાન- તેવો મનુષ્ય તપ પૂર્ણ થાય કે એક ઉપવાસ વધારે કરે.

પ્રશ્ન ૧૫૭- ચરમ તીર્થંકરના શ્રાવકો કેટલા ? ને તે સંખ્યા કોની અપેક્ષાએ છે ?

સમાધાન- કલ્પસૂત્રમાં જે એક લાખને ઓગણસાઠ હજારની સંખ્યા જણાવી છે તે ફક્ત પોતાને હસ્તે થયેલ (પોતાના જ ઉપદેશથી થયેલા) સમ્યગ્દ્રષ્ટિ તથા દેશવિરતિ શ્રાવકોની છે. પહેલાંના તીર્થના અને તેમના શિષ્યાદિકથી થયેલા શ્રાવકોની સંખ્યા તો જુદી સમજવી.

પ્રશ્ન ૧૫૮- પ્રથમ કલ્પસૂત્ર સાધુ સમક્ષ વંચાતું હતું તે પૂર્વાચાર્યે સભા સમક્ષ વાંચ્યું તો તેઓ આરાધક કે વિરાધક ?

સમાધાન- શ્રી કલ્પસૂત્રની સભા સમક્ષ વાચના પૂર્વધરના વખતમાં થયેલી છે ને તે બાબત ભગવાન ચૂર્ણીકાર મહારાજના પહેલાંની હોવાથી ને તેઓશ્રી તે બાબતમાં સંમત થયા છે માટે તે સભા સમક્ષ કલ્પસૂત્રની વાચના કરનાર આચાર્ય વિરાધક નથી, પ્રતિગ્રામ શ્રીકલ્પસૂત્રનું પ્રતિપર્યુષણમાં વાચન ગ્રંથો અને આદર્શો ઉપરથી ઘણા સૈકાઓ પહેલાનું હોય એમ જણાય છે ને તેમાં પણ વિરાધકપણું જણાતું નથી.

પ્રશ્ન ૧૫૯- નગરીઓ ઉજજડ કરનારા રાક્ષસો તે કોણ ? તેઓ મનુષ્યોનું ભક્ષણ કરી જતા હતા, રાજકુમારાદિ વિગેરેને હણી ખાઈ જતા હતા એવાં વર્ણનો જોતાં એ પ્રશ્ન થાય છે કે રાક્ષસો જો વ્યંતર દેવ હોય તો તે કવલાહાર કરે નહીં તો મનુષ્યનું ભક્ષણ કેવી રીતે કરે? તથા નિરૂપક્રમ આયુષ્યવાળાનો ઘાત શી રીતે થાય ?

સમાધાન- રાક્ષસદ્વીપના મનુષ્યોને રામાયણાદિમાં રાક્ષસ તરીકે ગણાવ્યા છે. તો તે અપેક્ષાએ મનુષ્યની હિંસા તથા તેનું ભક્ષણ વિગેરે અસંભવિત નથી. રાક્ષસ નામની વ્યંતર જાતિની અપેક્ષાએ તો કેવલ પૂર્વભવની મિથ્યાત્વ અને વૃદ્ધિ પામેલી આહાર સંજ્ઞા માત્ર કારણ તરીકે ગણાય છે, પણ તેઓને કવલાહાર કે માંસાહાર તો ન જ હોય. નિરૂપક્રમ આયુષ્યવાળા હણાય જ નહીં.

પ્રશ્ન ૧૬૦- ભાવદયા કોને કહેવાય ?

સમાધાન- કર્મક્ષયની ઇચ્છાથી માર્ગમાં જોડાવાની ભાવના તે ભાવદયા છે.

પ્રશ્ન ૧૬૧- સમ્યક્ત્વને દેશવિરતિ ધર્મની સફળતા ક્યારે ?

સમાધાન- સર્વવિરતિધર્મની ભાવના હોય તો જ સમ્યક્ત્વ અગર દેશવિરતિ ધર્મની સફળતા છે. સર્વવિરતિની ઇચ્છા વગર નથી તો સમકિત કે નથી દેશવિરિત. વીસ લાખ રૂપિયા નફો મળે તેવું મોતી ઝવેરી દેખે ત્યારે લેવા માટે તલપાપડ થાય કે નહી ? લઈ ન શકે તે વાત જુદી છે, પણ તે ન મળવાથી જરૂર બળ્યા કરે !

પ્રશ્ન ૧૬૨- ભાવદયા સમકિતીની, દેશવિરતિની કે સર્વવિરતિની, કોની ગણાવો છો ?

સમાધાન- તમામની ! કોઈની પણ લ્યો ! !

પ્રશ્ન ૧૬૩- એક તરફ પાણી હોય, ને એક તરફ વનસ્પતિ હોય તો સાધુ કઈ તરફ ચાલે ?

સમાધાન- પાણીના જીવો સંઘટ્ટનમાત્રથી ઘણો ભાગ નાશ પામે છે, જ્યારે વનસ્પતિ માટે તેમ નથી, વળી જલમાં વનસ્પતિ વગેરે "जत्थ जलं तत्थ वणं" કહીને માનેલા છે, માટે જલનું સ્થાન જરૂર વર્જવું.

પ્રશ્ન ૧૬૪- અંત્યજ સ્પર્શની બાબતમાં જૈન દર્શનની શી માન્યતા છે ? શ્રી મલયગિરિજી

મહારાજકૃત નંદીની વૃત્તિમાં ૧૭૨ મા પાને ઉલ્લેખ છે કે લોકોમાં જે સ્પર્શાસ્પર્શની વ્યવસ્થા છે તે કાલ્પનિક છે, પારમાર્થિક નથી. આની સામે કયા શાસ્ત્રીય પ્રબળ પુરાવા છે ? કદાચ કહેવામાં આવશે કે એ ઉલ્લેખ નિશ્ચય કે દ્રવ્યાર્થિક દ્રષ્ટિથી છે, પણ ત્યાં વ્યવહાર દ્રષ્ટિથી માને તો એની સામે, અત્યંજસ્પર્શ ન થાય એ વાતની સાબિતીમાં પ્રબળ પુરાવા કયા છે ?

સમાધાન- શ્રીનન્દીવૃત્તિમાં સ્પર્શની વ્યવસ્થા 'પારમાર્થિક નથી' એવા કથનનો અર્થ 'વ્યવહારથી' છે એવો છે, અને પાળી શકાય તેટલા પુરતોજ તેનો ભાવાર્થ છે. અંત્યજ ચાલે છે તે ભૂમિ પર ચાલ્યા વિના છુટકો નથી, તેના મુખમાંથી નીકળેલા ભાષાવર્ગણાના પુદ્ગલો સંભળાવાના જ છે, જો તે માથે ટોપલો ઉપાડીને જતો હોય અને તેમાં ફૂલ હોય તો તે તેની ગંધ આવવાની જ વિગેરે જેમાં વ્યવહારનું પાલન અશક્ય છે તેટલા પૂરતું જ એ કથનનું તત્વ છે. એથી તેવાની સાથે સ્પર્શ કરવાના વ્યવહારની છૂટને પુષ્ટિ મળતી નથી. અર્થદીપિકા તથા અષ્ટકજીમાં સ્પષ્ટ પ્રમાણો છે ને તે સર્વ વ્યવસ્થામાં શરીરને લોકની અપેક્ષામાં માન્ય છે. તેમાં ભક્ષ્યાભક્ષ્ય ને શુચિ અશુચિની વ્યવસ્થાનું નિરૂપણ છે. દીક્ષા જેવા મોક્ષમાર્ગમાં પણ અસ્પૃશ્યતાનો દોષ જણાવીને શાસ્ત્રે અંત્યજો માટે ચારિત્ર દેવાનો નિષેધ કર્યો છે. માટે અસ્પૃશ્યતાને જૈનશાસ્ત્ર માનતું નથી એમ કહેવું તે સત્યથી વેગળું જ છે. "कम्मुणा खत्तिओ होइ" એ વિગેરે વાક્યો પણ જેઓએ જેવાં જેવાં કાર્યો કર્યાં તેથી તે તે જાત થઈ એમ જણાવે છે. તેવા વાક્યોથી અધમ કાર્યો કરવાથી અધમ યાવત્ અસ્પૃશ્ય ગણાયેલાઓ ઉત્તમ કે સ્પૃશ્ય થાય તેવું કોઈ શાસ્ત્ર કહેતું નથી. અધમતાની પરાકાષ્ઠાથી જ અસ્પૃશ્યતા જન્મી છે. નીચ ગોત્ર ને નીચ કુલની પરાકાષ્ઠા જ અસ્પૃશ્યતા છે. આર્યક્ષેત્રમાં આવેલા ને પૂર્વભવના મદ કરનારા માટે અસ્પૃશ્યતાની વાત સ્પષ્ટપણે શાસ્ત્રકારોએ જણાવેલી છે.

પ્રશ્ન ૧૬૫- સાધુઓ સદૈવ હિંસા બંધ કરવાનો (તજવાનો) ઉપદેશ આપે છે; સર્વથા હિંસા ત્યાગ ન બને તો છેવટે અનાવશ્યક હિંસાનો જરૂર ત્યાગ કરવા ફરમાવે છે, તેવી રીતે જીન, મિલ વિગેરેમાં બનતા કાપડમાં વધારે હિંસા થતી હોવાથી તથા ખાદીમાં ઓછી હિંસા હોવાથી પરદેશી તથા મિલનું કાપડ બંધ કરવાનો ઉપદેશ સાધુ કેમ ન આપી શકે ?

સમાધાન- રેલ્વે, મોટર, સ્ટીમર, વોરલોન, લોન જેવી અઘોર હિંસામય ક્રિયાઓની મદદગારીનો નિષેધ કર્યા વગર, માત્ર વિદેશી કાપડ વિગેરેના જ ત્યાગની વાત કરવી (ઉપદેશ કરવો) તે દ્વેષમૂલક છે, અને ચળવળની જીમ્મેદારી આવવાનો તેમાં પ્રસંગ છે. અને રાત્રિ ભોજનના ત્યાગ વિના દિવસના ભોજનના ત્યાગ માટે તેમ અભક્ષ્યના ત્યાગના ઉપદેશ વિના અન્નફળ આદિના ત્યાગ માટે ઉપદેશ આપવા જેવું પણ તે ગણાય. દેશની દ્રષ્ટિએ વિચાર કરે તે જુદી વાત છે.

પ્રશ્ન ૧૬૬- કોઈ મનુષ્ય રાજકીય કે દેશ દ્રષ્ટિએ શુદ્ધ ખાદી (જે ઓછી હિંસાથી ઉત્પન્ન થાય છે)

તે સિવાય બીજું કાપડ વાપરવું નહીં તેવી પ્રતિજ્ઞા લે તે પ્રતિજ્ઞા આશ્રવની કે સંવરની? સાધુથી તેવી પ્રતિજ્ઞા આપી શકાય કે નહીં ?

સમાધાન- વર્તમાનમાં તેવી પ્રતિજ્ઞા દ્વેષપોષક તથા ધર્મને બાધા કરનારી છે. સ્થાવર હિંસાનાં પચ્ચખ્ખાણ ઉપર જોર દઈ ત્રસ હિંસાની ઉપેક્ષા કરવા જેવી. તે પ્રતિજ્ઞા છે.

પ્રશ્ન ૧૬૭- નવગ્રહોમાં સમકિતી કયા તથા મિથ્યાત્વી કયા ? કયા શાસ્ત્રના આધારે તે માનવું ? કાલા ગોરા ક્ષેત્રપાલ સમકિતી છે કે મિથ્યાત્વી ?

સમાધાન- ગ્રહોના વિમાનોમાં શાશ્વતજિનચૈત્ય હોવાથી અને તેની આશાતના તેઓ ટાળતા હોવાથી તથા દીક્ષાપંચાશકમાં અને પ્રતિષ્ઠાવિધિમાં ગ્રહોનાં આહ્વાન તથા નન્દીસ્તવમાં ધર્માનુષ્ઠાનમાં ગ્રહોની સાક્ષી ગણવાથી તે સમકિતી હોય તેમ સંભવે છે. કાલા ગોરા નામના ને ક્ષેત્રપાલ ભૈરવનો કોઈ તેવો મુખ્ય ગ્રંથોમાં લેખ નથી.

પ્રશ્ન ૧૬૮- નવગ્રહોને માનવા કે નહીં ?

સમાધાન- સાધર્મિક તરીકે માનવામાં અડચણ જણાતી નથી.

પ્રશ્ન ૧૬૯- દશ દિક્પાલમાં સમકિતી કયા, મિથ્યાત્વી કયા; કયા શાસ્ત્રના આધારે એ માનવું ? એમને માનવા કે નહીં ?

સમાધાન- નન્દીસ્તવ આદિને આધારે દશ દિક્પાલોને પણ સમકિતી માનવામાં અડચણ નથી.

પ્રશ્ન ૧૭૦- સોળ વિદ્યાદેવીઓમાં સમકિતી કઈ ને મિથ્યાત્વી કઈ તથા એ દેવીઓને માનવી કે નહીં? માનવી તો કયા શાસ્ત્રના આધારે ?

સમાધાન- વિદ્યાદેવીઓમાં સમકિતી કે મિથ્યાત્વિનો ઉલ્લેખ સ્પષ્ટપણે ખ્યાલમાં નથી. પણ શ્રી શોભનમુનિકૃત સ્તુતિઓમાં તે દેવીઓની સ્તુતિઓ હોવાથી સમ્યગ્દૃષ્ટિ હોય. પણ તેથી લોકોમાં મનાતી દેવીઓને મનાય નહીં. કારણ કે તેઓની ક્રિયા જૈનશાસ્ત્રથી વિરુદ્ધ છે.

પ્રશ્ન ૧૭૧- જંઘાચારણ તથા વિદ્યાચરણ મુનિરાજોને પાંચ જ્ઞાનમાંથી કેટલાં જ્ઞાન પ્રાપ્ત થાય ? ને તે શાસ્ત્રના નામ પાઠ પુરાવા સાથે જણાવશો.

સમાધાન- જંઘાચારણ અને વિદ્યાચરણ મુનિઓને ચારે જ્ઞાન હોઈ શકે; કેવલજ્ઞાન તો લબ્ધિની ઉત્સુકતા વાળાને હોય જ નહીં એમ ભગવતી સૂત્રમાં એમનો અધિકાર જોવાથી સ્પષ્ટ માલુમ પડશે.

પ્રશ્ન ૧૭૨- તત્ત્વાર્થમાં તેઉકાય અને વાઉકાયને ત્રસકાય કહ્યા (જણાવ્યા) છે તે કેવી રીતે ?

સમાધાન- આચારાંગવૃત્તિ, જીવાભિગમ, અને તત્ત્વાર્થાદિ શાસ્ત્રોમાં જે તેઉકાય અને વાયુકાયને ત્રસ તરીકે ગણાવ્યા છે તેનું કારણ એ છે કે જવાલા વિગેરે તેઉકાય અને પૂર્વદિશાના વાયરા વિગેરે વાયરા પ્રત્યક્ષ રીતે ચાલતા દેખાય છે. પણ તે ચલન તેમનું સ્વાભાવિક હોવાથી અને સુખની પ્રાપ્તિ માટે કે દુઃખ દૂર કરવા માટેની ઈચ્છાપૂર્વકનું ન હોવાથી તેમને બીજી જગાએ સ્થાવર ગણ્યા છે. ત્રસના બે પ્રકારે છે. એક લબ્ધિત્રસ અને બીજા ગતિત્રસ; તેમાં આ તેઉ અને વાઉ ચાલવા માત્રથી ગતિરૂપે ત્રસ ગણાય છે.

પ્રશ્ન ૧૭૩- તીર્થંકર ભગવાનના શાસનના યક્ષયક્ષિણી કયા પ્રકારના દેવતા છે ?

સમાધાન- મુખ્યતાએ તેઓ વ્યંતરનિકાયમાં હોય છે.

પ્રશ્ન ૧૭૪- ખસખસ કાયમ અભક્ષ્ય છે કે કેમ ? ફાગણ ચોમાસા પછી, ચૂલે ચઢયા પછી ખસખસ નાંખેલી ચીજ સાધુને ખપે કે નહીં ?

સમાધાન- બારે માસ રાંધતી વખતે ચૂલા ઉપર જ નાંખેલી ખસખસવાળી વસ્તુ સચિત્ત પરિહારીને ખપી શકે છે. તલ વિગેરેની માફક અતિચારમાં અભક્ષ્ય ગણાય છે તે બહુબીજ કે સૂક્ષ્મબીજની અપેક્ષાએ છે.

પ્રશ્ન ૧૭૫- વાસ્તવિક વિનયનું સ્વરૂપ શું છે ?

સમાધાન- ગુણવાનોને આવતા જોઈ ઊભા થવું આસન આપવું, આદિ રૂપે જે ગુણો અને ગુણીઓનું બહુમાન કરાય તે વિનય કહેવાય. વિનયનો ભાવાર્થ તો શાસ્ત્રકારોએ તે જ કહ્યો છે કે विनीयंते अनेन कर्माणि इति विनयः જેના વડે કરીને કર્મોને દૂર કરાય (એટલે જે ક્રિયા કર્મોને નાશ કરે) તે વાસ્તવિક વિનય કહેવાય છે. કર્મક્ષયાદિની ભાવના વિના અભવ્યાદિએ કરેલ વિનય તે વાસ્તવિક વિનય નથી.

પ્રશ્ન ૧૭૬- મૃગ આદિ જીવહિંસાના પ્રસંગથી બચવા માટે, તેવા પ્રસંગે શાસ્ત્રકારોએ શી રીતે બોલવાની રજા આપી છે ?

સમાધાન- સાધુએ મૃગ વિગેરેને જોયા છતાં પણ, શિકારી માણસ સાધુને પૂછે ત્યારે, જીવોના રક્ષણાર્થે, જીવહિંસાના પ્રસંગથી બચાવ અર્થે જોનાર સાધુ પહેલાં મૌન રહે. છતાં જો બોલવાનો વખત જ આવે તો શાસ્ત્રકારો સાફ સાફ (સ્પષ્ટતયા) ફરમાવે છે કે "जाणंऽपि नोजाणंति वएज्जा" એટલે જાણતો થકો પણ 'હું નથી જાણતો' એમ કહી દે. આ રીતે શાસ્ત્રકારો હિંસાથી બચવાનું મૃષાવાદને યોગે પણ આવશ્યક ગણે છે.

પ્રશ્ન ૧૭૭- વા શબ્દ ન મૂક્યો હોત તો પણ શું વા નો અર્થ લઈ શકાય ખરો ?

સમાધાન- હા ! વા શબ્દ ન મૂક્યો હોત તો પણ વા નો અર્થ લઈ શકાય, કારણ કે વા શબ્દ વ્યાકરણમાં चादि ગણનો છે, ને તે માટે હૈમવ્યાકરણમાં "चादयोऽसत्त्वे" चादि અવ્યયો અસત્વપણામાં હોય તો અવ્યય કહ્યા છે અને તે બધાએ चादि અવ્યયો स्वरादिની માફક વાચક નહીં, પણ દ્યોતક ગણ્યા છે, શબ્દ ન હોય તો પણ અર્થ કહેનારા હોવાથી દ્યોતક ગણાય છે, જુઓ 'स्वरादयो हि स्वार्थस्य वाचका' नतु चादिवत द्योतकाः" સ્વરાદિ અવયવો વાચક એટલે શબ્દ હોય તો જ અર્થ કહે, પણ च આદિ અવ્યયોની માફક દ્યોતક એટલે શબ્દ વિના અર્થને કહેનાર નથી, માટે चादि ગણમાં જેટલા અવ્યયો છે તેનો શબ્દપ્રયોગ ન હોય તોપણ તેમનો અર્થ લઈ શકાય ને वा તો चादिગણમાં જ છે. તેથી વા શબ્દ ન મૂક્યો હોય તો પણ તેનો અર્થ કરવામાં કોઈ પણ જાતનો વાંધો નથી.

પ્રશ્ન ૧૭૮- આગમ એ વાયરલેસ ટેલીગ્રાફ અને ગુરુ એ તેના માસ્તર કેવી રીતે ગણાય ?

સમાધાન- જેમ ઇંગ્લેંડ વિગેરેથી આવેલા વાયરલેસ ટેલિગ્રાફનો સંદેશ માસ્તર આપણને જણાવે છે. (પહોંચાડે છે) તેવી જ રીતે તીર્થંકર દેવોએ પાઠવેલો શાસ્ત્ર રૂપ સંદેશ પણ મુનિરૂપ માસ્તરો સંભળાવે છે.

પ્રશ્ન ૧૭૯- અભવ્ય પાંચ પરમેષ્ઠિને માને કે કેમ ?

સમાધાન- અભવ્ય જીવ, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ ચાર પરમેષ્ઠિને પ્રત્યક્ષ છે માટે કદાચ માને, પણ સિદ્ધિ (મોક્ષ) પદ પ્રત્યક્ષ નથી, તેથી સિદ્ધપદને તો માને જ નહીં, કોઈપણ છદ્મસ્થ એ સિદ્ધોનો સાક્ષાત્કાર કરી શકતો નથી, માટે એ અભવ્ય સિદ્ધને માને નહીં, અને સિદ્ધપણું નહીં માનવાથી જ તેને મોક્ષની ઇચ્છા થાય જ નહીં, ને તેથી જ અભવ્યને વધારેમાં વધારે આઠ તત્ત્વોની જ શ્રદ્ધા હોય.

પ્રશ્ન ૧૮૦- જૈનમતવાલાની જેમ અન્યમતવાલાઓ વિનયમૂલ ધર્મ માને છે કે નહીં ?

સમાધાન- જેમ જૈનમતવાલા વિનયમૂલ ધર્મ માને છે તેમ અન્યમતવાલા માનતા નથી, પણ તેઓ મુખ્યતાએ શૌચ (પવિત્રતા-ચોખ્ખાઇ) મૂલ ધર્મ માને છે. અન્યમતવાલાઓ શૌચને ધર્મ માને છે, એ અધિકારને અંગે શ્રી કલ્પસૂત્રના ગણધરવાદમાં જણાવવામાં આવ્યું છે કે જે માણસના શબને વિષ્ઠા સહિત બાળવામાં આવે છે તે શિયાલીઓ થાય માટે જ ન્હવરાવીને પવિત્ર કરીએ તો જ મરનારની ગતિ સારી થાય એમ તેઓ માને છે. બાહ્યશુચિ હોય કે ન હોય પણ શ્રી જૈન મત પ્રમાણે મરનારની ભાવના ઉપર જ ગતિનો આધાર રહે છે.

પ્રશ્ન ૧૮૧- તીર્થંકર પદવીમાં થતા સત્કાર સન્માનની ઇચ્છાપૂર્વક જો કોઇ વીશસ્થાનક આરાધે તો તે તીર્થંકર થાય કે કેમ ?

સમાધાન- તીર્થંકર પદવીમાં થતી દેવપૂજા આદિ સત્કાર સન્માનની ઇચ્છાએ વીશસ્થાનકને આરાધનાર જીવ તીર્થંકર થઇ શકતો જ નથી. પૂજાની ઇચ્છાએ વીશસ્થાનકની આરાધનાને શાસ્ત્રકારો નિયાણું ગણે છે. તીર્થંકર તે જ વીશસ્થાનકને આરાધનાર થઇ શકે કે જે સમ્યગ્દર્શન યુક્ત હોય, તીર્થંકર પદવીમાં થતી દેવપૂજા આદિની ઇચ્છા વગરનો હોય, અને **"સવિ જીવ કરું શાસન (સંયમ) રસી"** એ એક જ ધ્યેયબિન્દુ ધરાવનારો હોય. 'તમામ જીવોને સંયમ માર્ગે ઠોરૂં, મોક્ષ માર્ગ પ્રત્યે પ્રયાણ કરનારને સહાય કરું' એ ભાવનાવાળો, એટલે મોક્ષ પ્રત્યે જ જેની સાધ્યદૃષ્ટિ હોય તે જ આરાધક તીર્થંકર થઇ શકે છે.

પ્રશ્ન ૧૮૨- ગણધરદેવોએ ગુંથેલા [illegible]ી) દ્વાદશાંગી અને ચૌદપૂર્વ ઉપર તીર્થંકર મહારાજનો સિક્કો છે એમ શા ઉપરથી માનીએ ?

સમાધાન- શ્રી જિનેશ્વરો સર્વઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામીને જે વખતે ઉપદેશ આપે છે તે વખતે જે જીવો ગણધર થવાના હોય તે એકદમ ઉજમાળ થઈને ભગવાન પાસે ચારિત્ર લે છે અને તે જ વખતે શ્રી તીર્થંકરો ગણધરોને ત્રિપદી કહે છે, તે પામીને, ગણધરનામ કર્મના ઉદયથી તેઓને એવી રીતનો અદ્વિતીય ક્ષયોપશમ થાય છે કે જેથી તેઓ અંતર્મુહૂર્તમાં બાર અંગ અને ચૌદ પૂર્વોની રચના કરે છે. એ રીતે ચૌદપૂર્વ અને દ્વાદશાંગીની રચના થયા પછી તીર્થંકરો ઊભા થઈ હાથમાં વાસક્ષેપની મુઠ્ઠી ભરીને અનુજ્ઞા કરે છે, અને તે અનુજ્ઞારૂપ ક્રિયા જ તીર્થંકર મહારાજનો સિક્કો છે. જો એમ ન હોય અને રચનામાં એક અક્ષર, માત્રા કે હ્રસ્વદીર્ઘની પણ ભૂલ રહી હોય તો, શ્રી જિનેશ્વરો કેવળજ્ઞાની છે. તેમનાથી કંઈ પણ છાનું રહેતું નથી માટે તેઓ તરત ભૂલ સુધારવાનું કહી દે, સદંતર ભૂલ વગરની રચના હોય તો જ અનુજ્ઞારૂપી સિક્કો તેઓ મારે !!!

પ્રશ્ન ૧૮૩- પરમાધામી દેવતાઓ ભવ્ય છે કે અભવ્ય ? અને તેઓ ચ્યવીને કઈ ગતિએ જાય ?

સમાધાન- પરમાધામીઓ ભવ્ય છે. તેઓ મરીને અકર્મભૂમિક નામના મનુષ્યો થાય છે. ત્યાં પરમાધામીના ભવમાં કરેલા પાપના ઉદયથી અત્યંત વેદના ભોગવે છે. વિશેષ હકીકત જાણવાના જિજ્ઞાસુએ પરમાધામીનો અધિકાર લોકપ્રકાશ આદિ ગ્રંથોથી જાણી લેવો.

પ્રશ્ન ૧૮૪- શ્રી મલ્લીકુમારી શ્રી મલ્લીનાથ નામે તીર્થંકર થયા તેમની વૈયાવચ્ચ આદિ સાધુ કરે કે સાધ્વી ? ને સાધુ સાધ્વીઓ વંદન કેવી રીતે કરે ?

સમાધાન- શ્રી મલ્લીનાથ મહારાજની સેવા શુશ્રૂષા સાધ્વીઓ કરે. સાધ્વી નજીકમાં રહીને વંદન કરે, પણ સાધુઓ તો યોગ્ય અવગ્રહમાં (દૂર) રહીને જ વંદન કરે.

સુધા-સાગર

(નોંધ:-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

શું શરીર સતાવે છે ? તો પછી નીચેના સુધા સાગરમાંથી સુધાપાન કરો ?

૧૮૨ દરેક ભવમાં આહાર લીધો, શરીર વધાર્યું, ઇંદ્રિયો ઊભી કરી, વિષયોને અનુસર્યા, તેનાં સાધનો વધાર્યાં અને ચાલતા થયા, અને અહીં પણ તેમ કરીને ચાલશું, પણ કરવા લાયક આત્મીય કાર્ય માટે હજુ ચિંતા થતી નથી, તો તે સંબંધી શો વિચાર કર્યો ?

૧૮૩ રખડવાનું મન નહીં હોવા છતાં રખડપટ્ટીનાં કારણોનું વારંવાર સેવન કરવાથી અનાદિકાળથી આ આત્મા રખડી રહેલ છે !

૧૮૪ આ ભવમાં પ્રથમ કોઈપણ શરીર પ્રાપ્તિ માટે ખોરાક લેતું જ નથી.

૧૮૫ આહાર સંજ્ઞાથી ખોરાક લેવાનું કામ શરૂ થાય છે, લીધેલા ખોરાકમાંથી મળ અને રસ બન્ને બને છે, આત્માની સાથે લાગેલ રસમાંથી શરીર ઊભું થાય છે. શરીરમાં કર્મ પ્રમાણે જ ઇંદ્રિયો ફુટી, ઇંદ્રિયોમાંથી વિકાર સ્ફુર્યો, વિકારની તૃપ્તી માટે વિષયો, અને વિષયોના રક્ષણ તથા પોષણ માટે તેનાં સાધનો મેળવવાની દોડધામ !!!

૧૮૬ નમાજ પડતાં મસ્જીદ કોટે વળગી પડે તેવી રીતે લેવા ગયા ખોરાક અને વળગી પડયું શરીર !!!

૧૮૭ બે પાંચ વર્ષનું વ્યસન આત્માને અંધ બનાવે છે તો પછી અનાદિકાલનું આ આહારાદિનું વ્યસન કેટલી અંધાધુંધી ફેલાવે છે તે સંબંધી ક્ષણ વિચાર કરો !!!

૧૮૮ અગ્નિનો સ્વભાવ છે કે જુનું બાળે અને નવું બાળવા માંગે, તેવી રીતે તૈજસ્ નામનો જે અગ્નિ આત્માએ સાથે રાખ્યો છે, તેથી જુના પુદ્ગલરૂપ લાકડાં બળે છે ને નવીન પુદ્ગલરૂપ લાકડાંને માગે છે.

૧૮૯ અગ્નિ અને તૈજસ્ની સરખામણી સ્મરણપથમાં લાવો !

૧૯૦ બાળવાનું ન મળે તો અગ્નિની માફક તૈજસ્ ટકતો નથી, માટે બળતણ જેવા આહારના ત્યાગ રૂપ તપસ્યાનું સેવન કરી આત્માને નિર્મળ કરો !

૧૯૧ સળગતા અગ્નિરૂપ તૈજસ્‌માં આ આત્મા અનાદિથી સંડોવાયેલો છે. જાજવલ્યમાન સળગતી જવાળારૂપ તૈજસ્‌માં બળતા આત્માને બચાવવા પ્રયત્ન કરો !

૧૯૨ ચાર ગતિના જીવો તૈજસ્‌રૂપ અગ્નિને સાથે રાખે છે.

૧૯૩ **પુરાણા પુદ્‌ગલ પચાવવા અને નવીન પુદ્‌ગલો લેવા આ મજુરી અનાદિની છે !!!**

૧૯૪ દાહ્ય પદાર્થ વગર અગ્નિ (તૈજસ્‌) ટકયો અગર અગ્નિ (તૈજસ્‌) વગર દાહ્ય પદાર્થની પાચનક્રિયા થઈ ગઈ, આ બે વાતમાંથી એક પણ વાત કબુલ કરી શકીએ તેમ નથી, અર્થાત્‌ આ પ્રબંધને વિચારતાં આત્માના અનાદિપણાનો એકરાર કરવો પડે છે.

૧૯૫ તૈજસ્‌નો ચાલુ અગ્નિ અનાદિનો છે.

૧૯૬ કેટલાક દાહ્ય પદાર્થોની રાખ થાય અને કેટલાકના કોલસા થાય તેવી રીતે આહારથી મળ અને રસનું કામ થયા કરે છે.

૧૯૭ રાખ નકામી જાય છે અને કોલસા બાળવા કામ લાગે છે તેવી રીતે મળ નકામો જાય છે, અને રસનું શરીર બંધાય છે.

૧૯૮ અનિચ્છાએ વળગેલા ભૂતની જેમ જીવમાત્રને આ શરીર વળગેલ છે. શરીરની શુશ્રૂષા કરનાર મનુષ્ય ભૂતને સ્થિર રાખવાનો ભયંકર પ્રયત્ન કરે છે !

૧૯૯ ભૂત વળગ્યા પછી કાઢવાનો જ ઉદ્યમ હોઈ શકે પણ આ તો વળગેલ ભૂતરૂપ શરીરને રાખવાનો ભગીરથ પ્રયત્ન કરનારાઓ ડાહી દુનિયામાં હોશિયાર કહેવાય છે.

૨૦૦ દોસ્ત થઈ દુશ્મનની ગરજ સારનાર આ શરીર સિવાય બીજું કોણ છે ?

૨૦૧ હરદમ આત્માની ઉપર જૂલમ ગુજારનાર એવા શરીરના કેવળ સંરક્ષણ માટે દોડધામ કરનારાઓ દુર્લભ માનવ જીવનને તે માટે વેડફી નાખે છે એ હદયમાંથી ભુલાવું જોઈએ નહીં.

૨૦૨ દીવો લઈને ઉઘાડી આંખે ભયંકર ભવકૂપમાં પડયા, મનુષ્ય જીવન હારી ગયા, જૈન કુળમાં પામવાલાયક ન પામી ગયા, ચારિત્ર માટે મળેલું મનુષ્ય જીવન ઝેર જેવું બનાવ્યું આવી હીતકારી વાતો માણસના મરણ પછી પણ તેના કુટુંબમાંથી કોઇ સંભારતું નથી !!!

૨૦૩ આજના સંબંધીઓ પોતાના સ્વાર્થ માટે (સ્વાર્થને યાદ કરીને તે તે બોલીને) રૂએ છે એમ સર્વ કોઇ જાણે છે.

૨૦૪ તમારા સાચા હિત માટે બે દેડકા પણ ઉદ્યમ કરનારને શોધી રાખો !

૨૦૫ સંબંધીઓને ઓછું પડયું તેને રૂએ છે પરંતુ જનારા આસામીને ઓછું પડયું તેના માટે આજ કોઇ પણ રોતું નથી.

૨૦૬ આહારની ઇચ્છા સાથે ઉત્પન્ન થયેલ શરીરના ખરા ધર્મને નહીં પીછાણનારા કુટુંબીઓ તો આડા પગે જનારની પાછળ અને ઊભે પગે જનારની પાછળ પણ રડે છે. તેઓનો ધંધો જ છે કે રોવું !!!

૨૦૭ આત્મહિત માટે ઊભા પગે જવાય અને કુટુંબીઓ રડે તેમાં લાભ છે કે કર્મની પરવશતાએ આડા પગે (મરીને) જવાય અને તેઓ રડે તેમાં લાભ છે ? શામાં લાભ છે તે તપાસી જો, કારણ કે બેમાંથી એક રસ્તે ગયા વગર છૂટકો જ નથી !!!

૨૦૮ સમજુ નોકર, "માલિક ચ્હાય તેટલી સેવા છતાં રજા દઇ કાઢી મેલશે" એવું જાણે તો તે વખતે રજાની રાહ જુએ કે તરત રાજીનામું આગળ ધરે ? કર્મ સત્તા તરફથી આ જન્મની રજા નિર્ણીત સમયે નક્કી થઇ ગઇ છે, તે કોઇની પણ જાણ બહાર તો ન જ હોય !!!

પત્રકારનો ખુલાસો.

૧ શ્રી પંચવસ્તુમાં "अन्नुवगयंपि संत" કહીને દીક્ષા અંગીકાર કર્યા પછી પરીક્ષા અને તેનો કાલ છ માસ આદિ જણાવે છે. વળી 'स्वचर्याप्रदर्शनादिना' એ વાક્ય સાધુની ક્રિયા દેખાડવી અરે કરાવવી વિગેરે પરીક્ષા કાલમાં જણાવે છે માટે પણ દીક્ષા પછી પરીક્ષા છે. વળી 'सावद्यपरिहारेण' એમ જણાવી પૃથ્વીકાયાદિકની વિરાધનાનો બરાબર ત્યાગ કરે છે કે કેમ ? એ દ્વારા પરીક્ષા કરવાની જણાવેલ હોવાથી અને તે પરીક્ષાનો અધિકાર વડી દીક્ષાની યોગ્યતામાં લીધેલો હોવાથીજ પરીક્ષાનો વખત દીક્ષા પછી જાણવો. છજીવનિકાય અધ્યયનના જ્ઞાનવિના છકાયનું જ્ઞાન કયાંથી થાય ? અને તેનું જ્ઞાન થયા વિના સ્વતંત્રપણે વધનો પરિહાર ક્યાંથી કરે ? અને તે સિવાય પરીક્ષાને યોગ્ય ક્યાંથી હોય ? અને દશવૈકાલિકના ચોથા અધ્યયનને માટે પણ તે જ ગ્રંથમાં અપ્રાપ્ત, અકથિત, અનધિગત, અપરીક્ષિત વિગેરે કહી યોગની આવશ્યકતા પરીક્ષા પહેલાં હોવાનું સ્પષ્ટ કરે છે; સામાયિકની સાથે આદિ શબ્દથી પ્રતિક્રમણ વિગેરે કહી પ્રતિદિનોપયોગી સૂત્રો-વગર ઉપધાને સાધુ થનારને અપાય એમ જણાવે છે; પણ તેથી આવશ્યકના યોગ જે દીક્ષા પછી થાય છે તે ઊડી જતા નથી. તેમજ દશવૈકાલિકના યોગ પણ ઊડી જતા નથી. અર્થાત્ પરીક્ષાનો કાલ દીક્ષા અને વડી દીક્ષા વચ્ચેનો છે. પૃચ્છાની અપેક્ષાએ આ બીજી પરીક્ષા દીક્ષા પછી હોવાથી જ "पुणो परिकिखीज्ज पवयण विहीए" એમ ફેર અનેકવચનવિધિથી પરીક્ષા કરી છે.

૨ જૈન શાસ્ત્રમાં અસ્પૃશ્યતાનું સ્થાન છે કે કેમ ? તે બાબતમાં શ્રી નિશીથ ચૂર્ણિ, પ્રવચન સારોદ્ધાર વૃત્તિ, પ્રવચન સારોદ્ધાર ટીપ્પન, યતિજીતકલ્પ, ગુરુગુણષટ્ત્રિંશિકાવૃત્તિ, ગચ્છાચારવૃત્તિ, ધર્મસંગ્રહવૃત્તિ વિગેરે જોનારને સ્પષ્ટ માલુમ પડશે કે માતંગ આદિને અસ્પૃશ્યતા દોષને અંગે જ દૂષિતગણી દીક્ષા અયોગ્ય ગણ્યા છે. અને તેથી જ ચિત્રસંભૂતિ મુનિને કોઇ ગચ્છ એટલે સમુદાયવાળા મુનિએ દીક્ષાને આપી નથી એમ કહેવાય છે. ઉત્તરાધ્યયન વિગેરે વાંચનારને સ્પષ્ટ માલુમ છે કે ચિત્રસંભૂતિને કુલદોષથી જ ત્રણ ત્રણ વખત (બે વખત ગૃહસ્થપણામાં અને એક વખત સાધુપણામાં) તાડન આદિ થયેલાં છે. અને તે ખુદ મુનિઓએ પણ અનશન કરી અકાલે શરીર નાશ કરવાનો માર્ગ લેવામાં નીચકુલથી થતી પીડાઓ જ આગળ કરી છે. એ વાત શ્રી ભાવવિજયજી કૃત ઉત્તરાધ્યયન ટીકા વગેરેમાં સ્પષ્ટ છે. ગાનારાઓની ઈર્ષ્યામાં તથા લોકોએ ગણેલ રાજાના આદેશ ભંગના હેતુમાં તથા પ્રધાનની બદદાનતમાં પણ નીચ કુળના જન્મને જ આગળ કરવામાં (ગણવામાં) આવ્યો છે.

૩ આ પાક્ષિકમાં આવતા પ્રશ્નો ઘણે ભાગે ચતુર્વિધ સંઘ તરફના હોય છે. છતાં નામ આપવામાં ઇષ્ટ ગણ્યાં નથી.

૪ જૈન શાસનને અર્થ અને પરમાર્થ તરીકે અને તે સિવાયની સર્વ વસ્તુને અનર્થ તરીકે માનવાની છે. પણ સામાન્ય ત્યાજ્ય કોટી તરીકે ઇતરને ગણી કહાડવાના નથી. ઇતર વસ્તુઓ જ અનાદિથી રખડનાર ચાર ગતિની રખડપટી કરાવનાર છે. માટે જ જુલમગાર છે.

૫ જ્ઞાતાસૂત્ર, દર્દુરાંક અધ્યયન તથા વિશેષણવતીમાં તિર્યંચોને અન્ત્ય અવસ્થાએ સર્વથા પ્રાણાતિપાતનાં પચ્ચખ્ખાણ હોવાથી મહાવ્રત છતાં ઇચ્છા મિચ્છાદિક ને પડિલેહણ આદિ સામાચારીના અભાવથી ચારિત્ર નથી એમ માન્યું છે.

૬ કર્મના ઉદયથી થયેલી ને કર્મબંધ કરાવનારી મોહનીયની પ્રવૃત્તિઓને કરવા લાયક તરીકે તો ફક્ત શ્રદ્ધાહિનો જ ગણે છે કોઇપણ શાસનપ્રેમી ગણતો જ નથી.

૭ શ્રી આચારાંગ નિશીથ ને ઓઘનિર્યુક્તિ જેવા જીનેશ્વર આદિના સમસમયના આગમોમાં દુગુંછણીય આદિ કુલોના પ્રવેશ આદિનો સ્પષ્ટ નિષેધ છે.

૮ શ્રદ્ધાહિન યુવકોને ૬૦ વર્ષમાં કોઇપણ વખતની દીક્ષા માનવી જ નથી, તેને તો પોતાને સત્તા જોઇએ છે.

શ્રુતજ્ઞાનની સુંદર સેવના.

ઠામ ઠામ ઉપધાન તપની આરાધના, નિર્વિઘ્ન, પૂર્ણાહુતિ, તત્પ્રસંગે મહોત્સવાદિ પ્રભુશાસનની પ્રભાવના, દેવદ્રવ્યાદિની વૃદ્ધિ, જ્ઞાનાદિનું બહુમાન !!!

આ વર્ષે શ્રી જિનેશ્વરદેવ વિહિત ઉપધાન તપની આરાધના અમદાવાદ, સુરત, પાલીતાણા, વીજાપુર, શંખલપુર, ઘાટકોપર વિગેરે અનેક પુણ્યસ્થળોએ સારી સંખ્યામાં થયેલ છે તેમજ તેમાં દરેક સ્થળે સારી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો જોડાયા હતા.

વિગતવાર હકીકત પ્રાયઃ આવતા અંકમાં જુઓ.

(ટાઈટલ પેજ ચોથાનું અનુસંધાન)

સંસ્કાર માત્રથી સુંદર બનેલી રસવતીઓ માટે, શરીરની શોભા, આરોગ્ય અને તુષ્ટિપુષ્ટિના અનેક ઉપાયો માટે, પાંચે ઇંદ્રિયોની પટુતા માટે, વિષય સમાન વિષયોની પરિપૂર્તિના **સાધનો માટેનું અર્થીપણું એ મોંઘામાં મોંઘા જીવન માટે વણનોતરેલો વિનાશકાલ છે !!!**

આ માટે વિવેકીઓને વિવેક નેત્રથી નિરીક્ષણ કરવાની ખાસ આવશ્યકતા છે. હાલનું આત્મઘાતક અર્થીપણું એ આંધળાની દોડઘામ, ગાંડાની ઘેલછા, તથા અંત અવસ્થાનો સન્નિપાત છે!!!

પરમાત્માનું શાસન પામેલાઓ, મોંઘા માનવજીવનની મહત્તા સમજે, અતિ મોંઘા માનવજીવન દ્વારા મેળવવા લાયક પદાર્થને જાણે, તે જાણવા સદ્‌ગુરૂઓનાં સમાગમમાં આવી સદ્‌ગુરુઓની શુશ્રુષા કરે, સાચા સિદ્ધાંતને પામે અને અંતે સત્ય પદાર્થની પ્રીતિ તથા પ્રતીતિ થાય તો યથાર્થ (સાચા) અર્થીપણાનો આદર્શ આવિર્ભાવ પામે !

દર્પણને દેખનારા જવલ્લેજ હોય છે, અને તેમાં કાજલ વિગેરેને દોષ તરીકે દેખનારા પણ તેથી થોડા હોય છે, દોષો કાઢવા જેવા જ છે એવું જાણનારા તેથી પણ અલ્પ છે, અને દર્પણ દેખી, દોષ તરીકે પીછાણી, કાઢવા જેવા જાણી કાઢવા માટે તત્પર થનારા અતિ અલ્પ સંખ્યામાં છે.

જેના અર્થીપણાની નોંધ સિદ્ધાંતમાં સુવર્ણાક્ષરે સુશોભિત છે તે ક્ષાયક સમ્યક્ત શિરોમણી મહારાજા શ્રેણિક, પ્રાણથી અધિક વલ્લભ પોતાની પુત્રીઓને પ્રભુમાર્ગમાં સમર્પણ કરનાર વાસુદેવ શ્રીકૃષ્ણ, સૌભાગ્યવંતી વિદુષી સુલસા અને મયણા, માનવ જીવનની સાફલ્યતાની કિંમત સમજનાર તુંગિયા નગરીના શ્રાવકોના અર્થીપણાના આદર્શને અનુસરો !!!

- ચંદ્રસા.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રી. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનાલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

અર્થીપણાનો આદર્શ.

બન્ને આંખોમાં શ્રાવણ ભાદરવો દેખાય એવો રોગી રોગથી રાંક બનીને, રોગ નિવારવા માટે ઔષધાલય તરફ, ઔષધાલયના ટાઈમ સિવાય પણ આંખો મીંચી દોડધામ કરી મૂકે છે, ક્ષુધાથી પીડાતાઓ, ઘંટના ટકોરા વગર અગર રીસામણાં મનામણાં કે બોલાવ્યા વગર હરદમ રસોડે દોડ્યા જતાં દેખાય છે, તૃષાથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારનારાઓ જળાશયો તરફ કાયમ કૂચ કરતા દેખાય છે, ન્યાયની નિરંતર ઝંખના કરનારાઓ ન્યાયાધીશના આવ્યા પહેલાં ન્યાયમંદિરો તરફ નીચી નજરે નિર્ગમન કરે છે, વિદ્યાના વલખાં મારનાર વિદ્યાર્થીઓ વિશ્વમાં વિખ્યાત થવા માટે વિદ્યાલય તરફ વિના સંકોચે ઘંટ વાગ્યા પહેલાં હાજરી આપે છે, લાભાંતરાયમાં લેવાઈ ગયેલા લક્ષ્મીના લાલચુઓ લાંબા કાળ સુધી લક્ષ્મી-પ્રાપ્તિ માટે બજાર ઊઘડ્યા પહેલાં દોડધામ કરી મૂકે છે, મુસાફરીની વાસ્તવિક કિંમત સમજનાર મુસાફરો ગાડીના ટાઈમ પહેલાં સ્ટેશન પર હાજર થાય છે, તથા પૈસા ખરચી પાપને આમંત્રણ કરનારા ભૂખ અને ઉજાગરો વેઠી નાટક સિનેમાં વિગેરેમાં અવનવું જુએ છે. એટલે કે ક્ષુધિતોને ક્ષુધા નિવારણ કરવામાં, તૃષાર્થીને તૃષા નિવારવામાં, ન્યાયના પિપાસુઓને ન્યાય મેળવવામાં, વિદ્યાર્થીઓને વિદ્યા સંપાદન કરવામાં, લક્ષ્મીના લાલચુઓને યેન કેન પ્રકારેણ લક્ષ્મી પ્રાપ્ત કરવામાં, મુસાફરોને નિર્વિઘ્નપણે મુસાફરી કરવામાં, પાપ આમંત્રણ કરનારામાં અર્થીપણાનું અનેરું પૂર અજબ રીતે ઓતપ્રોત આવિર્ભાવ પામેલું હોય છે !!! નાશવંત પદાર્થોની પ્રાપ્તિ માટે તેવા પદાર્થોનું અર્થીપણું અખિલ વિશ્વના વિહ્વલ આત્માઓએ અંગીકૃત કર્યું છે પણ અવિનાશી, અવિચલ અને વિશુદ્ધ આનંદાદિ અનેક ગુણોથી વિભૂષિત પદાર્થોની પ્રાપ્તિ માટેનું અર્થીપણું કે જેમાં આત્માનું સાચું સુખ રહેલું છે તે અર્થીપણું હજી સુધી આ આત્માને જાગ્યું નથી !!!

જે પદાર્થ જન્મતાં સાથે લાવ્યા નથી, મરતાં સાથે લઈ જવાની નતી અને જન્મ મરણ દરમ્યાન-વચલી જિંદગીમાં પણ તે પદાર્થો રહેશે કે નહીં તેનો ભરોસો પણ નથી છતાં તેના અર્થીપણાની સફળતા માટે રાત્રિદિવસ એક સરખો ઉદ્યમ, અને જે વસ્તુ જન્મતાં સાથે આવે (લવાય), મરતાં સાથે આવે (લઈ જવાય), અને તે રહે તો જ બધું ટકે એવો અચળ નિયમ હોવા છતાં તેના (ધર્મના) સંરક્ષણાદિ માટે અર્થીપણું છે કે નહીં તે વિચારવા ક્ષણમાત્રની ફુરસદ જ નથી !!!

એવા આત્માર્થીપણાની હયાતિ માટે જ્યાં વિચારને સ્થાન નથી ત્યાં પછી અર્થીપણાનો અમોઘ વારસો મેળવવા કટિબદ્ધ થવું, કટિબદ્ધ થયા પછી તદનુસાર પ્રવૃત્તિ રાખવી, તેવી પ્રવૃત્તિ કરતાં આડે આવતાં વિઘ્નનાં વિષમ વાદળોને વિખરેવા, સમગ્ર વાદળદળ વિખેરીને સિદ્ધિ કરવા લાયક પદાર્થ સિદ્ધ કરવો અને તે સિદ્ધિ કર્યા બાદ જગતનું દારિદ્ર ટાળવા માટે વિનિયોગ કરવા માટે તે સર્વને આપવા પ્રયત્ન કરવો, આ બધાની તો વાત જ શી !!!

(અનુસંધાન ટાઈટલ પેજ ત્રીજા ઉપર).

REGISTERED NO. B. 3047.

દીક્ષાનું નાટક કે નામચીનોની ભેદી ઘટના ?

શ્રી સિદ્ધચક્ર

પ્રથમ વર્ષ અંક ૭ મો.	મુંબઇ, તા. ૧૧-૧-૩૩, બુધવાર પોષ-સુદ-૧૫	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः **श्रीसिद्धचक्रांगिनः** ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

દીક્ષાનું નાટક કે નામચીનોની ભેદી ઘટના? ..... પાનું-૧૪૫
આગમોદ્ધારકની અમોઘ દેશના ..... પાનું-૧૫૦
સાગર સમાધાન ..... પાનું-૧૬૦
સુધા-સાગર ..... પાનું-૧૬૩
પત્રકારનો ખુલાસો ..... પાનું-૧૬૬

સર્વજ્ઞ-શાસન સાધવા કર્તવ્ય પંથે સંચરો !

હરિગીત છંદ.

શાસન જિનેશ્વરદેવનું પામ્યા પરમ પુણ્યોદયે,
ધન માલ લાડી ગાડી વાડી સર્વ પુણ્ય શુભોદયે;
નરજીવન ઉત્તમ વેડફી અજ્ઞમોલ તક શીદ પરહરો!
સર્વજ્ઞ-શાસન સાધવા કર્તવ્ય-પંથે સંચરો ! ૧.

'સવિજીવ કરૂં શાસન રસી' જિનરાજ મુદ્રા લેખ છે,
શાસન રસિક દલ, [1]સૈનિકોનો એ જ ખાતર [2]ભેખ છે;
શ્રાદ્ધગણ મસ્તક ઝુકાવે માર્ગ માન્યો એ ખરો,
સર્વજ્ઞ-શાસન સાધવા કર્તવ્ય-પંથે સંચરો ! ૨.

આજે અહો ! ચોમેરથી શાસન કદથિત્ થાય છે,
કંપે કલમ ! ધ્રુજે હૃદય કર ! ! જોયું કયમ એ જાય છે?
[3]ભૂતકાળ ભૂલોનો ભૂલી કટિબદ્ધ થઈ પગલાં ભરો!
સર્વજ્ઞ-શાસન સાધવા કર્તવ્ય-પંથે સંચરો ! ૩.

શાસન અનુપમ વિશ્વને કલ્યાણકારી સર્વથા,
પામ્યા છતાં સંરક્ષણે શું યોગ્ય છે આવી [4]પ્રથા ?
સદ્ભાગ્યથી સંપ્રાપ્ત શાસન સેવના સુંદર કરો !
સર્વજ્ઞ-શાસન સાધવા કર્તવ્ય-પંથે સંચરો ! ૪.

ભીખાભાઈ છગનલાલ શાહ.

---

૧ સૈનિકો=મુનિવરો, ૨ ભેખ-વેષ, ૩ ભૂલોથી ભરેલા ભૂતકાળને ભૂલી, જાગ્યા ત્યાંથી પ્રભાત ગણી, કટિબદ્ધ થઈ કર્તવ્ય પંથે પ્રયાણ શરૂ કરો. ૪ બેદરકારીની અથવા થીંગડાં દઈ નિભાવી લેવાની રીતિ.

સિદ્ધચક્ર

(પાક્ષિક.)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમ**ની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।

आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,

આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૭મો	મુંબઈ, તા.૧૧-૧-૩૩, બુધવાર. પોષ-સુદ-૧૫	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

દીક્ષાનું નાટક કે નામચીનોની ભેદી ઘટના ?

શું દીક્ષાનું નાટક ? હોય ? હરગીજ નહીં ! નાટક અને તે પણ દીક્ષાનું ? કોણ માનશે? ખરેખર ! આ કલ્પના પણ ન મનાય તેવી છે પણ તે વસ્તુ જ જ્યારે નજર સામે આવીને ખડી થાય ત્યારે આશ્ચર્ય કોને ન થાય, એના ઉત્પત્તિ કારણોને ગોતવાં તથા દૂર કરવાં રહ્યાં એ ખરું પણ એની અત્યારે રજુઆત માન્યા વિના કાંઇ છુટકો છે? ભલે એ નાટક હોય કે નાટકના નામે નામચીનોની ભેદી ઘટના હોય, જે હોય તે હોય, પણ તે બાબત ખળભળાટ મચ્યા વિના રહે ? મુંબઈ જેવા કેન્દ્રમાં 'અયોગ્ય-દીક્ષા' નામનું નાટક, નવયુગ નાટક સમાજ નામની નવી તથા અજાણી કંપની તરફથી અમુક તારીખે ભાંગવાડી થિયેટરમાં ભજવી બતાવવાની જાહેરાત થતાં જ સમાજમાં મોટો ખળભળાટ મચ્યો!

અને મચે જ !!! જૈનો મૂળમાં નાટક, જલસા, સિનેમા, સરકસ, ભવાઇ વિગેરે પ્રેક્ષણોને જ પાપ અને તે પણ અનર્થ દંડ રૂપ માને છે તો પછી તદ્‌ભવ જેઓનો મોક્ષ નિશ્ચિત છે એવા શ્રી તીર્થંકર દેવોએ સ્વયં સ્વીકારેલી તથા ઉપદેશેલી પરમતારક એવી ભાગવતી દીક્ષા અને તેમાંયે તેને 'અયોગ્ય' વિશેષણ જોડવા પૂર્વકનું !!! આવું ભયંકર નાટક ભજવવાની સ્વપ્નેય અસંભવ્ય ઘટનાને આંખ સામે ખડી થયેલી જુએ ત્યારે ક્યા જૈનને આઘાત ન થાય ? કયા નામનો જૈન પણ મૌન સેવી શકે ? નાટક એ ખુદ પાપમય હલકી વસ્તુ છે. નાટકીયાઓ કેવા હોય છે તે કાંઇ જગતથી છૂપું નથી. કોઇપણ વ્યક્તિને 'નાટકીયા' કહી જુઓ એટલે તેને કેવી ચોટ લાગે છે તે જોવાથી નાટકીયાનું સ્વરૂપ સ્વતઃ માલૂમ પડશે. દુન્યવી દૂષણો (કુછંદો)થી ભરપુર, ચોળી ચણિયો પહેરી નર મટી નારી થનારા, મૂછ મુંડાવી ચોટલાઓ ધરાવનારા તથા ચિત્રવિચિત્ર રીતિએ અનેક જાતના રંગઢંગ કરનારા ભાંડ ભવૈયાઓ, રંગભૂમિ ઉપર, પરમશ્રેષ્ઠ, લોકોત્તર, પ્રાતઃસ્મરણીય, તારક, અને નિરંતર પૂજ્ય એવા દેવ, ગુરુ અગર ધાર્મિક મંતવ્યોના યે પાઠ ભજવે, એમાં જૈનોએ કદી ગૌરવ તો માન્યું નથી બલ્કે આશાતના જ માની છે. અને એ જ કારણથી તો આટલાં આટલાં નાટકો લખાણાં છતાં કોઇપણ લેખકે જૈનધર્મને લગતું નાટક લખવાનો પ્રયત્ન વટીક કર્યો નથી. કેટલાક વર્ષો અગાઉ, આજ મુમ્બાપુરીમાં 'નેમનાથ-રાજેમતિ'નું નાટક ભજવવાનો કેટલાક તેવા કુતૂહલિયાઓએ પ્રયત્ન કર્યો હતો. યાદવકુલભૂષણ શ્રી નેમનાથ પ્રભુ તો જૈનોના બાવીસમા તીર્થંકર છે અને એમનું આદર્શજીવન નાટક દ્વારા જગતને બતાવવામાં તો વાંધો જ શો? પણ જૈનદર્શનને ત્યાં જ વાંધો છે. જે વસ્તુ કે વ્યક્તિ પૂજ્ય હોય તેનાં નાટક હોય જ નહીં. એમ કરવાથી પૂજ્ય પુરુષની તથા પૂજ્ય તત્ત્વની આશાતના થાય છે. તે વખતના જાગતા જૈન જોદ્ધાઓએ, એ નાટક કંપનીના માલિકના એકૂટ મનોરથના કુરચેકુરચા ઉડાડી દીધા હતા. શ્રી નેમનાથ સ્વામિનું નાટક ભજવવા તૈયાર થયેલ એ બિચારા (પામર)નું પોતાનું નાટક ભજવાયું હતું. હમણાં જ આશરે પાંચેક વર્ષ પહેલાં એક સિનેમાની ફિલ્મમાં માત્ર થોડો વખત સાધુનો વેષ આવતો હતો તેની સામે પ્રોટેસ્ટ થતાં તરત જ સિનેમા કંપનીના સમજુ માલિકે તે વાંધાભર્યા ભાગને કાતિલ શસ્ત્રથી વિદારી નાખ્યો હતો. કહેવાનું તાત્પર્ય એ છે કે પોતાને ઉપાસ્ય એવી તત્ત્વત્રીયીને, જ્યાં તરગાળાઓ નાચે છે તેવી રંગભૂમિ પર કોઇપણ રૂપમાં જોવા કે જગતને જોવરાવવા જૈનો સ્વપ્ને પણ ઇચ્છા ધરાવતા નથી. શ્રી નવપદજીના આરાધકો તેની વિરાધનાને કઇ રીતે જોઇ કે જોવરાવી શકે ?

ઉપર જણાવેલ નાટકના પ્રકાશનની જાહેરાત થતાં જ શાસનને શિરસાવંદ્ય માનનારો સમાજ ખળભળ્યો ! અધિકારનું ઉલ્લંઘન કરીને પણ દીક્ષા સંબંધી યોગ્યાયોગ્યતા વિષે ડહાપણ

ડહોળનારા ડોઢડાહ્યા વર્ગમાંથી પણ આવા નાટકની વિરુદ્ધ સૂર નીકળ્યો એ જ બતાવે છે કે જૈનો આવા નાટકોથી કેટલા વિરુદ્ધ છે ! બેશક !' આવા પરિણામ પણ પોતાના પ્રમાદને જ આભારી છે એ વાત આ ખળભળી ઊઠેલા વર્ગની જાણ બહાર નથી જ. વારંવાર આવતા આક્રમણો સામે પૂરતો પ્રતિકાર નહીં કરી થીંગડાં દઈ નીભાવી લેવાથી જ ફરી ફરી આવા પ્રસંગો ઉપસ્થિત થાય છે એમ સારી રીતે જાણ્યા પછી પણ કટોકટીના વખતે કાયર થવું કેમ પાલવે ? જેઓની રગમાં ધર્મમય રૂધિર વહન થતું હોય તેઓ આવી અવહલના સાંભળી પણ શી રીતે શકે ? સમાજમાં મચેલા મોટા ખળભળાટની ખબર મળતાં જ, ભાંગવાડી થિયેટરના માલિક શેઠ હરગોવનદાસ જેઠાલાલે, નવયુગ કંપનીના માલિકને પોતાની રંગભૂમિ આપવાની સાફ ના સંભળાવી દીધી. આથી નાટકકાર મી. વર્માની, તે દિવસે તથા તે સ્થાને (નિયત કર્યા મુજબ) નાટક ભજવવાની મુરાદ તો માટીમાં મળી ગઈ !

આ વખતે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મુલુંડ વિરાજમાન હતા. તેઓશ્રીની સ્થિરતા હાલ તુરત તેટલામાં જ થવાની હતી પણ આ સમાચાર સાંભળતાં જ તેઓશ્રી પોતે, પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ બહોળા પરિવાર સાથે, લાંબો વિહાર કરી અત્રે (લાલબાગ-મુંબઈ) પધાર્યા અને બીજી જ સવારે આ પ્રસંગને અંગે જ, સેંકડો શ્રોતાઓ સમક્ષ જાહેર વ્યાખ્યાન આપ્યું જેમાં દીક્ષાનું સ્વરૂપ, દીક્ષા અયોગ્ય હોઈ શકે કે કેમ ?, નાટકનું સ્વરૂપ, આવા ઉત્પાતોનું મૂળ શું છે ? તેનો પ્રતિકાર કેવી રીતે કરવો વિગેરે તમામ વાતોનું ખુલ્લા સ્વરૂપમાં નિરૂપણ કરી, નાટક બંધ કરાવવાની આવશ્યક ફરજ સમજાવી હતી.

આવા પ્રસંગે જાહેર પ્રજાનો અવાજ ઉગ્રસ્વરૂપે પ્રગટયા વિના રહેતો જ નથી અને તે મુજબ શાસનની નાલેશી કરવા માટેના જ આવા નાટકો પ્રત્યે સખ્ત તિરસ્કાર જાહેર કરવા ખંભાતના જાણીતા વયોવૃદ્ધ ધર્મનિષ્ઠ શ્રાદ્ધવર્ય શેઠ કસ્તુરભાઈ અમરચંદના પ્રમુખપણા નીચે, હીરાબાગમાં જૈનોની એક જંગી જાહેર સભા (સંયુક્ત સાત મંડળો તરફથી) મળી હતી. જૈન સમાજની નાટક માટે શી માન્યતા છે તેને જણાવનારું પ્રાસંગિક કાવ્ય ભીખાભાઈ છગનલાલે સંભળાવ્યું હતું, જેમાંની અત્રે માત્ર આઠ લીટી વસ્તુ સ્વરૂપની જાણ ખાતર આપીએ છીએ.

ભાગવતી દીક્ષા વિગેરે નાટકો ભજવાયજો !
જૈનો જગતમાં છે નહીં ! સાબીત એવું થાય તો !
સંતાન જેનાં જીવતાં તેનું જગત ચોગાનમાં,
અપમાન નાટકીયા કરે એ સંભવિત શું સ્વપ્નમાં ?

દેવ, ગુરુને ધર્મ શિરસાવંદ્ય માનો સર્વદા,
એની ફજેતી શું ભવૈયા ભાંડ કરશે સર્વથા ?
આ સાંભળીને આંખમાંથી લોહી જો નીતરે નહીં !
સ્તનપાન માતા શ્રાવિકાનું માનશે કોઈ નહીં !!

જુદા જુદા વક્તાઓએ પોતાની દુઃખાયેલી લાગણીને સચોટ વ્યક્ત કરી શ્રોતાઓનાં હૃદયને હચમચાવી મૂકયાં હતા. આવા નાટકોનો વિરોધ, ન્યાયાધિકારી પાસે યોગ્ય ન્યાયની માગણી, તથા આવા ધતીંગખોરોને પોતાની રંગભૂમિ આપવાની ના પાડનાર શેઠ હરગોવિંદદાસનો આભાર માનવો વિગેરે ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા. દૈનિક વર્તમાનપત્રો વાંચનારને એ સુવિદિત હશે કે એ વાત, સુલેહ શાંતિના સંરક્ષણ ખાતર પોલીસ કમિશનર પાસે ગઈ અને તેમના કહેવા મુજબ આગેવાનોએ રીઅર્સલ જોવાનું ઠર્યું. મૂળમાં તો ધાર્મિક મંતવ્યના નાટક સામે જ વિરોધ છતાંયે વાંધા ભરેલું શું છે તે જોવા માટે રીઅર્સલ જોવાનું નિયત થયું એ પણ વિચારણીય તો ખરૂં જ છતાં જે બન્યું તે ! એ અને તે મુજબ આશરે પચીસ આગેવાનો રીઅર્સલ જોવા પણ ગયા. પરિણામે તે દરેક દૃષ્ટાઓએ તે નાટકને ભયંકર અપમાનજક તથા કમકમાટી ઉપજાવનારો જણાવી તેવો રીપોર્ટ મેં પોલીસ કમિશનર પાસે રજુ પણ કર્યો છે! ફરીને યાદ આપવામાં આવે છે કે જૈનોનો ધાર્મિક નાટકો સામે જ વાંધો છે; ધાર્મિક નાટકોની સારા યા નરસા કોઈપણ રૂપમાં ભજવણી થાય તે સામે જ સખ્ત વાંધો છે અને તે પણ આજે જ નહીં; એ તો સનાતન વાંધો છે અને તેના પુરાવામાં અમે પ્રથમ જણાવી ગયા કે તે માટે જ જૈન નાટકો લખતાં નથી. હાલ તુરત તો વર્માજી વા ખાય છે ! ધાર્મિક લાગણી ન દુઃખાવા માટે, કાયદાનો આશ્રય, તેનો લાભ લેનાર માટે સંપૂર્ણ મળી શકે છે.

પણ આ બધાનું મૂળ શું ? આ નમિત્તિક (ભાડુતી) નાટકનું પણ મૂળ નાટક કયું? આ નાટક ભજવવા માટે મુંબઈમાં જ પ્રયત્ન થયો છે એમ નથી. આ જ માલિક મી. વર્મા. કંપનીના જુદા જુદા નામે બધે ભટકી આવ્યા છે, પણ ચિક્કાર હાઉસને બદલે ચિક્કાર નિરાશા તથા નિઃસાસા સાથે જ બધેથી પાછા ફર્યા છે. પારમેશ્વરી પ્રવ્રજ્યા યાને ભાગવતી દીક્ષાની વિરુદ્ધ કાયમ યદ્વાતદ્વા પ્રજલ્પવાદ કરનાર, કલમનો કેવળ દુરુપયોગ કરનાર અને કપોલ કલ્પિત કૂટ સાહિત્ય સર્જક મી. મહાસુખભાઈ ચુનીલાલ જે ગામમાં રહે છે ત્યાં જ (વીસનગરમાં જ)

મી. વર્માએ આ પ્રયત્નનો પ્રારંભ કર્યો. ગમે તેની હામ પર એ કામ ઉપાડ્યું હોય પણ ત્યાં તો જૈન જૈનેતરો તરફથી પણ તિરસ્કાર થવાથી કહોને કે પહેલે કોળીએ જ માખી આવી! પણ વર્મા કાંઇ વાર્યા રહે ? ફરીથી પાલનપુરમાં પાસો ફેંકાય છે પણ ત્યાંના નામદાર નવાબ સાહેબ તરફથી જ મનાઇ ફરમાવાય છે એટલે વર્માજીને વિરેચન થાય છે. વળી થોડો વખત થોભી પાટણ, અમદાવાદ વિગેરે સ્થળે 'ફરીફરીને કરો' એ કહેવત મુજબ ફાંફાં મારે છે પણ ત્યાંયે ગડગડીયું મળે છે. આ રીતિએ વહાલા વતનથી તો હતાશ થયેલા મી. વર્મા મુંબાપુરીનું શરણ સ્વીકારે છે. વાર્યા નહીં રહેતાં હાર્યા રહેનાર મી. વર્માને એવી તે આ નાટકમાં કેવી કમાણી (અત્યાર સુધીની કમાણી માટે તો પોતાનું દિલ જ જાણતું હશે!) મળવાની સંભાવના છે કે જેથી તેની પાછળ જ મચ્યા રહેવું પડે છે ! ખરેખર ! આ ભેદી ઘટનાના ઉત્પાદકો, પાત્રો અને પડદા વિગેરે બધું જ ન્યારું છે. મી. વર્મા તથા તેમની કંપની તો ભાડૂતી એટલે નાટકમાં પણ નાટકરૂપ છે. આવાં અતિનિંદ્ય કાર્યોને માટે છુપી દોરી ખીંચનારાઓ, અધમતાની અવધિ આચરે છે; નીચતાની પરાકાષ્ઠાએ પહોંચેલા એ નામચીનોએ (ભલે આંગળીના વેઢે ગણાય એટલા છતાં પણ) ક્યાં સુધી પોતાની જાળ પાથરી છે એ ખાસ વિચારણીય છે. દીક્ષા જેવી શ્રેષ્ઠ વસ્તુને વગોવવામાં ઇતિ કર્તવ્યતા માનનારાઓ. તેવા પ્રયત્નોમાં સર્વત્ર કોડીની કિંમતના જ બનેલા છે અને તેવા કેટલાક કમનસીબો જ હાથારૂપ બની આવી ધાંધલો ઊભી કરે છે. 'વટલેલ બ્રાહ્મણી તરકડીથીયે જાય' એ ઉક્તિની સામે પોકાર ઉઠાવનારામાંના જ આજે પોતાને માટે એ જ વાતનો પ્રત્યક્ષ પરિચય કરાવે છે. શાશ્વત દીક્ષાની સામે પણ દલીલ વગરના દેવાળીયાઓએ મનુષ્યત્વનું લીલામ કરી દાનવી લીલા ઘણી આચારી ! 'ખાડો ખોદે તે પડે' તે ન્યાયે હરવખત પરિણામ પણ તેવું જ આવે છે છતાંયે તેવાઓના જ પ્રયત્ન આવા ઉત્પાતોનું મૂળ કારણ છે. દીક્ષાની છેલ્લામાં છેલ્લી હદે અવહેલના કરાવવા માટે જ આ નાટક માટે વારંવાર પ્રયત્ન કરાવવામાં આવે છે. આપણે ઇચ્છીએ કે આવાં કાળાં કૃત્યો, તે કૃત્ય કરનારાઓની દુર્બુદ્ધિ સાથે ઘોર અંધકારમાં એવાં વિલીન થાય કે ફરી દેખાવા જ ન પામે ! શાસનપ્રેમીઓ પણ પોતાની સુષુપ્તિનો પરિત્યાગ કરી, પાખંડીઓના ભેદી પડદા ચીરીને જગતને સત્ય (નાટક નહીં) સ્વરૂપ બતાવવા સતત પ્રયત્નશીલ રહે એ જ ઇચ્છાપૂર્વક હાલ વિરમીએ છીએ.



શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

માર્ગસ્થ-અને માર્ગ ભૂલેલાઓમાં જન્મ અને મરણના ભયની તારતમ્યતા !!!
બાવળીયા વાવતાં વિચારે નહીં અને કાંટાથી કંપે એ મૂર્ખ શિરોમણિ છે !
મરણથી ડરવા કરતાં જન્મથી ડરો.

(નોંધઃ- લાલબાગ, ભૂલેશ્વર, જૈન ઉપાશ્રય-પોષ-સુદ-૬ને સોમવાર તા.૨-૧-૩૩ના રોજ સ્ટા. ટા. ૯-૩૦ આપેલું વ્યાખ્યાન.)

प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलंघनं । लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥ १ ॥

નારકીઓ મરણને પણ શાથી ઈચ્છે છે ?

વિશ્વવંદ્ય વીર વિભુના શાસનને શોભાવનાર સમગ્ર શાસ્ત્રવેત્તા શાસન સંરક્ષક ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજજી જ્ઞાનસાર અષ્ટકની રચના કરતાં સૂચવે છે કે આ જીવ અનાદિ કાળથી સંસારમાં રખડે છે.

રખડવાનું મન નથી છતાં કેમ રખડે છે ? એ કારણની વિચારણા કરતા શાસ્ત્રકાર સમજાવે છે કે જીવ પોતે પોતાને ઓળખતો નથી તેથી તે રખડે છે. દેવતા તથા મનુષ્યને જેમ આયુષ્ય વધારે તેમ તેને સુખની સામગ્રી વધારે મળવાની પણ નારકી તથા તિર્યંચને જેમ આયુષ્ય વધારે તેમ દુઃખ વધારે અનુભવવાનું છે. નારકીના જીવોને પરસ્પરની, ક્ષેત્રની તથા પરમાધામીકૃત એવી પીડા હોય છે ને તેથી તેને 'ક્યારે મરું ?' એવી ભાવના થયા કરે છે. તિર્યંચને મરવાની ભાવના થતી નથી. નરકનું સ્થાન એ પરમ દુઃખનું સ્થાન છે. ત્યાંથી મરીને એથી વધારે દુઃખમાં ઉપજવાનું બીજું કોઈ સ્થાન જ નથી. નારકી મરીને નારકી થતો જ નથી, આથી 'અહીંથી મરું તો છૂટું' એ ભાવના થાય એ બનવા જોગ છે. મનુષ્ય કે તિર્યંચ મરે એટલે દુઃખથી છૂટે એમ નથી, અને માટે તો દુઃખનાં ગંજ પણ તૈયાર છે. મરીને ઓછા દુઃખવાળા સ્થાનમાં જાય એવો નિયમ નથી, જ્યારે નારકી માટે તો ચોક્કસ છે કે

ત્યાંથી છૂટે એટલે ઓછા દુઃખવાળા સ્થાનમાં જ જાય. આ સ્થિતિ વિચારીએ તો લાંબા આયુષ્યવાળો નારકી મરવાની ઇચ્છા શાથી કરે છે તે સહજ સમજાય તેમ છે. નારકી પોતાનું આયુષ્ય પણ પ્રતિકૂળતાએ ભોગવે છે. ત્યાં મરવાનાં સાધનો મળે, તેવી સ્થિતિ આવી જાય, છેદાય, ભેદાય, વિંધાય, ચીરાય, તળાય, છતાંયે એ (નારકી) મરી શકતો નથી. મરવાની ઇચ્છા થાય છતાં મરીયે શકતો નથી અર્થાત્ એના આયુષ્યનો ભોગવટો કેટલો અનિષ્ટ છે, કેટલો પ્રતિકૂળ છે તે વિચારો ! મનુષ્ય તથા તિર્યંચને ગમે તેટલું દુઃખ હોય છતાંયે જો મરણનો સંભવ દેખે તો એ ઊંચોનીચો થાય છે. મનુષ્ય તથા તિર્યંચ દુઃખને ખસેડવા ઇચ્છે છે પણ મરણને ઇચ્છતા નથી. તિર્યંચની ગતિ તથા અનુપૂર્વી અશુભ છતાં, પ્રતિકૂળ છતાં આયુષ્યના ભોગવટા તેને અનુકૂળ છે કારણ કે તિર્યંચો સ્વાભાવિક, કૃત્રિમ કે **સંયોગિક દુઃખોથી પીડાયેલા હમેશાં હોતા નથી** માટે તેમને જીવવાની અભિલાષા હોય છે, જ્યારે નારકીના જીવો હંમેશાં પીડાથી જ ઘેરાયેલા હોય છે એટલે એમને જીવવાનું પણ મન હોતું નથી. તિર્યંચના આયુષ્યને પુણ્યમાં આથી જ માનવું પડે છે. કીડાથી માંડીને ઇંદ્ર પર્યંત, એકેંન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના દરેક જીવો મરણથી ડરે છે.

દેવતાઓ પણ મરણથી થરથરે છે !

દેવતાઓ પણ મરણથી થોડા ડરતા નથી ! છ ખંડનો માલિક ચક્રવર્તી, એમ દેખે કે આ તમામ ઠકુરાઈથી, આવા વિપુલ વૈભવથી પોતાને છ મહિના બાદ પદભ્રષ્ટ કરવામાં આવશે તો એના હૃદયમાં શું થાય ? તેવી રીતે દેવતાઈ વિમાનોના તથા સ્વર્ગીય સાહ્યબીના સ્વામી દેવો છ મહિના અગાઉથી પોતાનું ચ્યવન દેખે ત્યારે એને ઓછી વેદના થાય ? શાસ્ત્રકાર કહે છે કે ઔદારિક શરીરવાળાથી એ વેદના ક્ષણભર પણ સહન થઈ શકે નહિ. એ તો દેવતાઓને વૈક્રિય શરીર છે. વજ્રઋષભનારાચ સંઘયણ જેવું સામર્થ્ય છે. માટે આવી અતિ કરુણાજનક પરિસ્થિતિમાં પણ તે દેવતાઓ જીવી શકે છે. જગતમાં કોઈ આબરૂદાર માણસ પર જુઠું કલંક આવેલ હોય, તેને માલુમ પડે કે તેવો જ નિર્ણય જાહેર થશે તો તેની દશા કેવી થાય છે ? હાર્ટ ફેઈલ થઈ જાય છે ? દેવતાઓ પણ પોતાની ભવિષ્યની ભયંકર હાલત નજરોનજર દેખે છે, પણ એમને ઔદારિક શરીરવાળાની જેમ હાડકાંનું હાડપિંજર કે માંસના લોચા નથી કે જેથી હાર્ટફેઇલ થાય ! ન નિવારી શકાય તેવી પતિત દશામાં પણ છ મહિના તેઓ જીવન નિભાવે છે તે વૈક્રિય શરીર તથા વજ્રઋષભનારાચસંઘયણ સામર્થ્યને જેવા લીધે જ !

એ ગટર કઇ ?

એક મનુષ્ય સુંદર શણગાર સજીને બેઠો હોય, ચોમેર સુગંધ મહેકી રહી હોય, સમીર (વાયુ) પણ સુગંધી હોય ત્યાં એને માલમ પડે કે પોતાને કોઇ આવીને ગળચીમાંથી પકડીને મોઢેથી અને માથેથી વિષ્ટામાં ખોશી ઘાલશે તથા તે વખતે પોતે કાંઇ કરી શકે તેમ નથી તો તેના કાળજામાં શું થાય તે વિચારો.

દેવતા પોતાનું ચ્યવન દેખે છે ત્યારે બરાબર આ સ્થિતિ અનુભવે છે. આ **તિરછાલોક** તો દેવતાઓના હિસાબે પૂરેપૂરી ગટર છે. અરે ! તમારી દુન્યવી ગટરની ગંધ તો પા કે અરધો

માઈલ સુધી જાય જ્યારે આ તિરછાલોકની દુર્ગંધ તો (આ ગટરની દુર્ગંધ તો) ચારસેં પાંચસેં જોજન સુધી ઊછળે છે. દેવતાને મરીને આવવાનું ક્યાં ? આ પેટમાં ! લોહી-માંસથી ભરપુર સ્થાનમાં, દુર્ગંધ ફેલાવતી ગટરનું ઉત્પત્તિસ્થાન તો આ યંત્ર (જઠર) જ છે ને ! ઝાડને પાણી પાઓ તો રસ થાય પણ આને પાણી પાઓ તેનો પેશાબ થાય છે ! આમાં સુંદરમાં સુંદર તથા પવિત્ર અનાજ નાંખો તેની વિષ્ટા થાય છે, તથા મનોહર પણ પાણી નાંખે તેનો પેશાબ થાય છે ! જો આ શરીરથી આમ ન થતું હોત તો ગટર જેવી વસ્તુ જ દુનિયામાં હોત નહીં.

અનાજની વિષ્ટા, પાણીનો પેશાબ તથા હવાને ઝેરી કોણ કરે છે ?

અનાજ વગર ચલાવી શકાય, પાણી વગર ન ચાલે એમ કહેવાય છે તે અનાજની અપેક્ષાએ ખરું છે, છતાંયે તેના વગર પણ કલાકોના કલાકો તથા દિવસો સુધી ચલાવી શકાય, પણ હવા વગર થોડો વખત પણ ચાલી શકે તેમ નથી. તેવી હવાને ઝેરી કરનારી પણ આ નળી, આ ભુંગળી જ (જઠર) છે. મનુષ્ય તથા જાનવરો લે છે શુદ્ધ હવા પણ કાઢે છે કઈ ? ઝેરી ! અને એથી જ નાના મકાનમાં વધારે પ્રાણીને પૂર્યા હોય તો અન્યોન્યના ઝેરી શ્વાસથી ઘણાઓ મરણ પામે છે. કલકત્તાની કાળી કોટડીનો ઐતિહાસિક દાખલો સુપ્રસિદ્ધ છે. ત્યાં કોઈએ તલવાર ચલાવી નથી કે ગોળીઓ મારી નથી. મોટી સંખ્યા તે નાની જગ્યામાં ગોંધાવાથી ઝેરી હવાથી તે ગોંધાયેલા માણસો મરણ પામ્યા હતા. ત્યારે શુદ્ધ હવા લઈને ઝેરી હવા કાઢવી એટલે શું થયું ? સંઘરવું સોનું અને કાઢવો કાચ ! એ બધું પાણી લઈને પેશાબ કરવો, અનાજ લઈને વિષ્ટા કરવી તથા શુદ્ધ હવા લઈને હવાને પણ ઝેરી બનાવવી એ તમામ શાના પ્રભાવે? આ નળીના પ્રભાવે ! જેમ નદી આગળ ગમે તેટલી મોટી હોય પણ મૂળ ક્યાં ? પર્વતમાં! તેમ ગમે તેવી મોટી ગટરનું મૂળ આ નળી છે. આવી ગટરમાં પોતાને ગોંધાવું પડશે એવું પ્રત્યક્ષ દેખનારા દેવતાને-કેવળ સુગંધમય સ્થાનમાં રહેનાર દેવતાને ભયંકર વેદના થાય એમાં નવાઈ શી ?

ગટરમાં ગોંધાવાનું, અંધારી કોટડીમાં ઊંધે માથે લટકવાનું નજરે નિહાળે એ વખતની વેદના અવાચ્ય છે !

દેવતાઓને અંધારું ખોળ્યું (શોધ્યું) પણ જડતું નથી. રત્નમય વિમાનોના ઝગઝગાટમાં અંધારું હોય ક્યાંથી ? એમને પણ અંધારાની જરૂર પડે ત્યારે અસંખ્યાત યોજન દૂર જાય ત્યારે તમસ્કાયમાં જ ફક્ત અંધારૂ મળી શકે આશ્ચર્યભરી શંકા થશે કે દેવતાઓને વળી અંધારાનું કામ શું ? **જેમ જગતમાં ઉત્તમતા જેને ઉત્તમતા રૂપે પરિણમી હોય તેને અધમસ્થાનોની ગરજ કદી હોતી નથી પણ ઉત્તમતા જેને અધમતા રૂપે પરિણમી હોય તેઓને અધમસ્થાનો તથા અધમપદાર્થોની ગરજ ઊભી થાય છે તેમજ દેવતાઓ માટે પણ સમજી લેવું.** દેવતાઓ બધા દાનતના ચોખ્ખા હોય તેવું સ્વપ્નેય સમજશો નહીં. જેવી ધમાધમ અહીં છે તેવી ત્યાંયે છે. ત્યાંયે બીજાની ચીજો તથા દેવીઓ વિગેરેની ઉઠાઉંગીરી ચાલુ છે. એવા ઉઠાઉગીરો સ્વર્ગસૃષ્ટિમાંયે છે. મધ્યાહ્નનો સૂર્ય તપતો હોય ત્યારે, એવા અજવાળા વખતે પણ ચોરોને, બદમાશોને ભોંયરાં તથા ગુફા ગોતવાં જ પડે છે, તેવી રીતે દેવોને પણ બીજાની ચીજ અગર દેવી ઉઠાવીને જવું હોય તો જાય ક્યાં ? વિમાનોનો પ્રકાશ તો સૂર્યથીએ

અધિક છે. એવા દેવતાઓ અસંખ્ય યોજન દૂર તમસ્કાયમાં જાય છે. અહીં તો ચોરી વિગેરે રાત્રે, સંધ્યાકાળે એકલદોકલ માણસ હોય ત્યારે અથવા રાજાના રક્ષણની બહારના સંયોગોમાં થાય છે ત્યારે દેવલોકમાં તો ભરસભામાંથી ખૂદ ઇંદ્રની ચીજો ઉઠાવી જનારા પડયા છે ! એક વખત ઇંદ્ર સભામાં વિરાજમાન છે. તેમનો ઉપયોગ મૃત્યુલોકમાં જતાં ત્યાંની કાંઇક આશ્ચર્યમય ઘટનાથી મસ્તક ધુણાવે છે, તે વખતે શિરધુનનથી પડી ગયેલો મુકુટ પાસેનો દેવતા લઇને નાસી જાય છે. ઇંદ્ર વજ્રથી એને મારે છે, મુકુટ પાછો મેળવે છે. એ વાતથી કહેવાનું તાત્પર્ય એ છે કે આવી દુષ્કૃતમાં હિંમતવાળા દેવો દેવલોકમાં પણ છે. આવા દેવોને તમસ્કાયના અંધારાનો આશ્રય ગોતવો પડે છે. તમસ્કાયનું અંધારું એવું ગાઢ છે કે જ્યાં અવધિજ્ઞાનનો ઉપયોગ પણ મુશ્કેલ થઈ જાય છે. હવે તે તમસ્કાયમાં રહેલું અંધારું પણ જેને ગરજ હોય તેણે અસંખ્યાત જોજન દોડીને જવું પડે છે. આથી સ્વર્ગમાં અંધારું શોધ્યું પણ જડતું નથી એ વાત બરાબર છે. પલ્યોપમ તથા સાગરોપમના આયુષ્યવાળા દેવો કે જેઓએ અંધારાને જોયું જ નથી, તેઓ જ્યારે આવી અંધારકોટડીમાં પોતાને ઊપજવાનું તથા સવાનવ માસ રહેવું પડશે એમ જાણે ત્યારે તેમને શું થાય એ વિચારો ! વળી આવી ગટરમાં, આવી અંધારકોટડીમાં, આટલો વખત રહેવાનું પણ કેવી રીતે ? રહેવાનું નહીં પણ લટકવાનું ! ઊંધે માથે લટકવાનું !!! ઝેર ખાધેલા મનુષ્યને કે ડૂબેલાને ઊંધે માથે લટકાવે છે તે જોયું હશે ! માત્ર અરધો કલાક લટકાવે તેમાં શી દશા થાય ? પહેલાં ઊલટીઓ થાય, પછી આંતરડાં તથા આંખો નીકળે ! તિર્યંચોનાં ગર્ભસ્થાન તો તિરછાં રહેવાય તેવાં છે જ્યારે મનુષ્યોને જ ગર્ભમાં ઊંધે માથે લટકવું પડે છે.

શાસ્ત્રકાર કહે છે કે

तं सुरविमाणविभवं चिंतिय चवणं च देवलोगाओ ।
अइबलियं चिय हिययं सहसक्कर जं न फट्टेइ ॥

અર્થ- તે સુર દેવવિમાનના વિભવને ચીંતવીને અને દેવલોકથી ચ્યવવાનું દેખીને ખરેખર અતિબલિષ્ઠ એવું હૃદય છે કે જે સેંકડો ટુકડા થઈને ફાટતું નથી.

ભાવાર્થ- દેવતાઇ ઠકુરાઇ, પારાવાર રિદ્ધિ સમૃદ્ધિવાળા દેવો પોતાની આવી કરુણ દશા, પોતાનું આવું નિંદ્યભાવિ નજરે નિહાળે છે છતાં એનું કાળજું સેંકડો કટકા થઇ ફાટી જતું નથી માટે વજ્રથીયે કઠણ છે, એવી વેદનાથી મનુષ્ય તો જીવી પણ શકે નહીં !

મરણથી ડરવું એ માર્ગ-ભુલેલાની દશા છે.

એકેંદ્રિયથી પંચેંદ્રિય પર્યંતના તમામ પ્રાણી મરણથી ડરે છે, દેવો પણ ડરે છે, થરથરે છે! આપણે પહેલાં જોઇ ગયા કે નારકી મરણને વહાલું ગણે છે પણ તેય મરણ રૂપે નહીં પરમાધામી કૃત, ક્ષેત્રજન્ય તથા પરસ્પરોત્પન્ન દુઃખ એવું છે કે ખસેડ્યું ખસતું જ નથી માટે મરણને ઇચ્છે છે પણ એ જીવોનેય મરણ મરણરૂપે (સ્વરૂપે) વ્હાલું નથી. દરેક ગતિમાં એક પણ જાતિમાં મરણથી ડર્યા વગરનો જીવ નથી, આ વાત સિદ્ધ થાય છે. નારકી પણ દુઃખથી ત્રાસીને બુમાબુમ કરે છે કે 'અમને કોઇ બચાવો!' શાસ્ત્રકાર કહે છે કે માર્ગ-ભૂલેલા આત્માઓની આ દશા છે કે મરણથી ડરવું ! જે મનુષ્ય

બાવળીયા વાવતાં વિચાર ન કરે અને કાંટાથી કંપે તેને મૂર્ખશિરોમણી ન કહીએ તો બીજું શું કહેવાય? જન્મ એ બાવળીયાનું વાવવું છે, અને મરણ એ કાંટા છે. જન્મરૂપી બાવળીયા તો વાવ્યે જ જવા અને મરણ રૂપી કાંટાથી ડરવું એ મુર્ખાઈની પરકાષ્ઠા છે. અનાદિકાલથી આ જીવ રખડે છે તેનું કારણ એ જ છે કે તે મરણથી ડરે છે પણ જન્મથી ડરતો નથી. અદ્યાપિપર્યંત તે જન્મથી ડર્યો જ નથી. મરણથી ડરનારો માર્ગ ભુલેલો છે જ, જ્યારે જન્મથી ડરનારો માર્ગપર આવેલો છે.

ઓચ્છવ મરણ.

શાસ્ત્રકારે ઓચ્છવ-મરણ તથા શોક-મરણ એમ મરણને બે પ્રકારનાં કહ્યાં, પણ જન્મ બે પ્રકારનાં કહ્યાં નથી. એક કોટિધ્વજને પોતાની કલકત્તાની મોટી પેઢીનો કબજો લેવાના મુંબઈમાં સમાચાર મળે તો તે પાઘડી તોરા પહેરીને, તિલક કરીને, નાળિયેર લઈ હર્ષભેર કલકત્તે જવા નીકળે પણ કાળાં કામોના (ગુનાના) બદલામાં કોર્ટના હુકમની રૂઈએ કારાગારમાં જવા માટે આવેલ વોરંટ મારફત કલકત્તે જવું પડે તો તે માણસ અહીંની પેઢી પરથી કઈ રીતે ઊતરે ? હાંજા ગગડી જાય, ગાત્રો ઢીલાં થાય, વસ્ત્રો અવ્યવસ્થિત થાય, અને સાનભાન પણ ભૂલી જવાય ! તેવી જ રીતે મરણના પણ બે પ્રકાર છે, પોતાના કરેલ સત્કૃત્યોના બદલામાં મળનાર સદ્‌ગતિ માટેનું મરણ તે ઓચ્છવ મરણ છે જ્યારે કલુષિત જીવનથી થયેલ પરિણામ દુર્ગતિમાં ધકેલનાર છે, બલ્કે તે માણસનું મરણ તે શોક મરણ છે; શાસ્ત્રકારો જન્મની વિધિ બતાવી નથી પણ મરણ સુધારવાની વિધિ બતાવી છે. દુષ્કૃત્યની નિંદા, સુકૃત્યોની અનુમોદના, અઢાર પાપસ્થાનકોની આલોચના, અનશન, તથા ચાર શરણનું અંગીકરણ એ રીતે મરણ સુધારવાની વિધિ બતાવી છે. વિશુદ્ધ જીવનવાળાને મરણ પણ મહોત્સવ રૂપ છે. શ્રદ્ધાવાળા (સમકિતી), શ્રદ્ધાપૂર્વક નિર્વાહ પૂરતા પાપ બાદ કરી બાકીના પાપને તજનાર (દેશવિરતિ) તથા શ્રદ્ધાપૂર્વક નિર્વાહ થાઓ કે ન થાઓ પણ પાપ માત્રને તજનાર સર્વ વિરતિ, આ પુણ્યાત્માઓ મરણને ઉત્સવરૂપ માની શકે છે કેમકે સમકિતી દેશવિરતિ, તથા સર્વવિરતિ પોતાને માટે દેવલોકાદિ નિશ્ચિત જોઈ શકે છે. જ્યાં કાચ છોડી કનકને મેળવવાનું હોય ત્યાં દિલગીરી કોને થાય ? કોઈને જ નહીં ! હાડકાનું હાડપિંજર, વિષ્ટાની ગુણ, મૂત્રની કોથળી રૂપ આ ઔદારિક શરીર છોડી દિવ્ય શરીર, ઋદ્ધિ, સમૃદ્ધિ મેળવી આપનાર મરણને શોક મરણ કોણ માને? કોઇ જ નહીં ! એ ઉત્સવ મરણ જ મનાય ! આ જ વાત સિધ્ધાંતાનુસાર વિચારીએ ! સમકિતી, દેશવિરતિ તથા સર્વવિરતિ જીવ વૈમાનિક વિના બીજે જતો નથી. પહેલાં આયુષ્ય બાંધ્યું હોય તે વાત જુદી છે. હવે વૈમાનિકમાં જનારની ભાવના મરતી વખતે કેવી હોય ? જેની શુભ લેશ્યા હોય તે જ ત્યાં જઈ શકે પણ મરતાંયે, બરફ, બાટલો, ડૉકટર વિગેરેની બૂમરાણ કરનારને વૈમાનિક વિમાન રેઢું નથી પડયું કે તરત મળી જાય ! મરણ સુધારવાની વિધિ આટલા માટે જ છે ! સમકિતી, દેશવિરતિ તથા સર્વવિરતિ મરણ વખતે પણ ચાર શરણને જ અંગીકાર કરે છે, મરણથી ડરતો નથી પુણ્યાત્મા માટે મરણ ઉત્સવ રૂપ છે, એને તો ચઢિયાતા સ્થાને જવાનું હોવાથી પાઘડી તોરા પહેરીને તિલક કરીને, શ્રીફળ લઈને હર્ષભેર જવાનું છે.

જન્મથી ન ડર્યો, મરણથી જ ડર્યો એ જ જીવની અનાદિની રખડપટ્ટીનું કારણ છે.

કોઈ કદાચ કહેશે કે જન્મના પણ બે પ્રકાર છે કેમકે શ્રી તીર્થંકર દેવોનો જન્મ તો ઉત્સવરૂપ છે ને ! વાત ખરી ! પણ એ પ્રભુનો જન્મ ઉત્સવ રૂપ જગતને છે પણ પોતાની અપેક્ષાએ જન્મ લેવો એ ઉત્સવરૂપ નથી કેમકે જન્મ લેવો એ પણ કર્મની ગુલામી છે; અવશેષ કર્મોની પરાધીનતા છે. મરણનો ડર એ માર્ગ ખોટો છે. ભલે એ માર્ગે ગયેલાઓ પાછળથી ઠેકાણે આવે પણ એ માર્ગ તો ખોટો છે. ડાહ્યાઓ જન્મથી ડરે છે, પણ મોતથી ડરતા નથી. આ જીવ અનાદિથી જન્મથી ન ડર્યો, અને મરણથી ડર્યા વિના ન રહ્યો તેથી રખડયા કરે છે. હવે કોઈ કહેશે કે મરણ તો સમજની દશામાં સમજાય છે માટે એનો ડર લાગે, જન્મનો પણ ડર અણસમજણમાં થતો હોવાથી શી રીતે લાગે ? નાસ્તિકો પરભવ માનતા નથી પણ આસ્તિકો તો માને છે ને ! તેઓ આ ભવના મરણ પછી થનાર અનેક ભવની પરંપરાવાળા જન્મથી ડરે કે નહીં ? **મરણથી ડરવા કરતાં જન્મથી ડરો !** હવે જન્મ મુક્ત થવાના સબળ સાધનો વિગેરેનો અધિકાર અગ્રે વર્તમાન.

(ઘાટકોપરથી વિહાર કરતી વખતે)

(માગશર વદ ૬ સોમવારે, આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી બહોળા શિષ્ય પરિવાર સહિત તથા શ્રાવક-શ્રાવિકાઓની સારી સંખ્યાના સમુદાય સાથે શ્રી ભાંડુપ પધાર્યા ત્યારે ઘાટકોપરથી વિહરતી વખતે ગામ બહાર આપેલું વ્યાખ્યાન-નૃજન્મવૃક્ષના ફલોનું કરાવેલું અવલોકન.)

जिनेन्द्रपूजा गुरुपयुपास्तिः, सत्त्वानुकंपा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

નૃજન્મ વૃક્ષના ફલોનું અવલોકન

આસન્નોપકારી ચરમ તીર્થંકર શ્રી વીરપરમાત્માના શાસનને શોભાવનાર ભગવાન શ્રી સોમપ્રભાચાર્ય મહારાજા એક ઉત્તમ વૃક્ષનું અવલોકન કરાવે છે. જગતભરનું કોઈપણ વૃક્ષ એની તુલના (બરાબરી) કરી શકે તેમ નથી એવી એ વૃક્ષની મહત્તા છે. આંબાનાં લાકડાં, પાંદડાં, ફુલ, મહોર તથા ડાળીમાં આંબો ઉત્પન્ન કરવાની શક્તિ નથી. પણ આંબાના ફળમાં, આગળ પાછળનો ભાગ ખાવામાં આવે અને મધ્ય ભાગ (ગોટલો) સાચવી રક્ષણપૂર્વક જમીનમાં વાવે તો પાછા આંબા થયા કરે; વાવવામાં જેવી મહેનત કરે તેવી પાણી પાવામાં, રક્ષણ કરવામાં મહેનત કરી વાવેલાને સાચવે તો જ ખેડુત ફળ મેળવી શકે. એદી માણસો ખેતીનું કામ કરી શકતા નથી. ફળદાયક વૃક્ષ મળ્યા પછી એદીપણું કામ ન આવે. ઉપર જણાવેલ નરજન્મરૂપી અલૌકિક વૃક્ષનાં છ શ્રેષ્ઠ ફળો છે. ભોગવટો અને રક્ષણ કરતાં આવડે તો ફળ ઉત્પન્ન થયાં કરે અને ભોગવટો મળ્યાં કરે. પ્રથમ ફળમાં શ્રી જિનેન્દ્રપૂજા કહી.

પૂજક પૂજ્યનું પૂજન કરે. પૂજન કરતાં આવડે તો પૂજક પ્રાંતે પૂજ્યરૂપ બને છે. આંબાના વૃક્ષના ઉદાહરણની જેમ અત્રે પણ નૃજન્મ વૃક્ષ તથા તેનાં ફળનું (ભોગવટો કરવા સાથે) રક્ષણ એવા પ્રકારે કરે કે જેથી મનુષ્ય ભવોભવ સુખ ભોગવવાપૂર્વક તેવાં ફળો (જિનેન્દ્ર પૂજાદિ)ને પ્રાપ્ત કર્યા કરે, અને છેલ્લે પોતે પૂજ્યરૂપ થાય. વાસ્તવિક પૂજન કરવાથી મનુષ્ય ભવોભવ દેવગતિ, નરગતિ પામે અને જિનેન્દ્રપૂજારૂપ ફળ એને મળ્યા જ કરે. હવે પૂજયની યથાર્થ પૂજા, પૂજક કરે ક્યારે ? અર્થાત્ કરી શકે ક્યારે ? ગુરુની ઉપાસના કરે ત્યારે. માટે પૂજક પૂજ્ય પ્રતિની તેવા પ્રકારની ભાવના પામવા ગુરુ ઉપાસનામાં તત્પર થાય. બીજા ફળરૂપ ગુરુની ઉપાસનાથી ઉપદેશશ્રવણથી સત્ત્વાનુંકપા નામનું ત્રીજું ફળ પ્રાપ્ત થાય. પણ **સત્વાનુકંપા એટલે ગોળખોળ એક ગણવાનો નહીં.** પત્થર અને રત્ન એક સરખાં ગણાય નહીં, માટે સત્ત્વાનુંકંપા કરતો પણ શુભ પાત્રમાં દાન દે. શુભ પાત્રદાન એ ચોથું ફળ છે. શુભ પાત્રમાં દાન ક્યારે થાય ? ગુણાનુરાગ જાગૃત થાય ત્યારે અને એ પંચમફળરૂપ ગુણાનુરાગ વધે અને પંચમફલની પ્રાપ્તિથી છઠ્ઠા ફળરૂપે શ્રુતિ (શ્રવણ)નો રાગ વધે છે. આ છયે ફળ-એકેએક ફલ **સ્વતંત્ર નૃજન્મવૃક્ષની ઉત્પત્તિ કરાવી, કાયમ તેવાં ફલોનો આહ્લાદ ચખાડી પ્રાંતે અનંત અવ્યાબાધ સુખ સમર્પે છે.** સર્વમંગલ.

(ભાંડુપ મુકામે આગમોદ્ધારક, સૂરિપુરંદર આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીએ આપેલું વ્યાખ્યાન.)

धनदो धनार्थिना धर्मः, कामिनां सर्वकामदः ।
धर्मेणैवापवर्गस्य, पारंपर्येण साधकः ॥ १ ॥

ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ જીવમાત્રની ઇચ્છાનું માત્ર વર્ગીકરણ છે.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્રસૂરિ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં ફરમાવે છે કે સંસારમાં ચાહે એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય કે પંચેદ્રિય લ્યો, નારકી, મનુષ્ય, દેવતા કે તિર્યંચલ્યો, એ તમામ જીવોની ઇચ્છાનું વર્ગીકરણ કરીએ તો તેના ચાર વર્ગ (પ્રકાર) પડે છે. એ ચાર વર્ગનાં નામ (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ. શાસ્ત્રકારો વસ્તુસ્વરૂપ હોય તેવું કહે, પણ એથી એવું કથન આચરણીય છે એમ નથી. આ ચાર વર્ગમાં કથનનો કેટલાક એવો અર્થ કરે છે કે આ ચારે વર્ગ સાધવાના છે, પણ એમ નથી. શાસ્ત્રકારે સાધવા તરીકે એ વિભાગ દર્શાવ્યા નથી, પણ ઇચ્છાના પ્રકારોનું વર્ગીકરણ બતાવ્યું છે. જેમ જીવો એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય ચૌરિંદ્રિય તથા પંચેંદ્રિય એમ પાંચ જાતિના કહ્યા, એ ઉપરથી એમ નથી ઠરતું કે એકેંદ્રિયથી લઇ ચૌરિંદ્રિય સુધીમાં પણ જવું જ. જીવોની જાતિ છે તે માત્ર બતાવી, જાતિના વિભાગ બતાવ્યા તેથી પાંચે જાતિ સાધ્ય છે એમ ગણાય નહીં. ઇચ્છાના વર્ગના વિભાગ કહ્યા માટે દરેક વર્ગ સાધવાલાયક છે એમ નથી. જેમ જાતિ એ જીવો (ઇંદ્રિયવાળા જીવો)નું માત્ર વર્ગીકરણ છે. સંસારી જીવોમાં પાંચ જાત સિવાય છઠ્ઠી મળે નહીં; તેમ સર્વજીવોનું વર્ગીકરણ કરવામાં આવે તો તેના ચાર વિભાગ જ પડે છે. પાંચમો વિભાગ

જગતમાં નથી. ૧ કેટલાક બાહ્ય સુખનાં સાધનો તરફ વળગેલા હોય, (૨) કેટલાક બાહ્ય સુખમાં વળગેલાં હોય, (૩) કેટલાક આત્મીયસુખના સાધનમાં વળગેલા હોય, (૪) કેટલાક આત્મીયસુખ અનુભવનારા હોય. આ ચાર વર્ગ સિવાય પાંચમો વર્ગ છે જ નહીં.

પૈસાની કિંમત પણ બાહ્ય સુખના સાધન તરીકે છે.

જગતમાં સુખ બે જ પ્રકારનાં, કાં તો આત્મીય સુખ, કાં તો બાહ્યસુખ. સાધના એ બેની જ: પૈસાને પૈસા તરીકે કોઈ લેતું નથી પણ બાહ્ય સુખના સાધન તરીકે જ લે છે. પૈસાથી સુખનાં સાધન મેળવી શકાય છે એમ ધારી એને સંગ્રહાય છે. જે જાતિને પૈસો એ સુખનું સાધન હોતું નથી તે જાતિ તેના તરફ (પૈસા તરફ) રાગ રાખતી નથી. દેખીએ છીએ કે સોનૈયાનો ઢગલો પડયો હોય, અરે ! નરા હીરા પાથર્યા હોય છતાં ત્યાં પશુ (જાનવર)ને ઊભું રાખીએ તો ત્યાં પેશાબ અને પોદરો કરે! કારણ કે એને એ સુખનું સાધન ગણતું નથી. અરે ! નાનાં છોકરાંને પણ પૈસો એ સુખનું સાધન હજી સીધું લાગ્યું (સમજાયું) નથી. કારણ કે એની પાસે જો રૂપિયા અને લાડવો (બંને) ધરો તો એ પહેલાં લાડવાને પકડે છે. પૈસાની કિંમત શા ઉપર ? સુખનાં સાધનની કિંમત ઉપર ! જેનાથી જેવાં સુખનાં સાધન મળે તે ઉપર તેની કિંમત છે રૂપિયાથી અમુક ચીજ શેર પ્રમાણમાં મળતી હોય તે રૂપિયો સોંઘો અને અચ્છેર મળે તો રૂપિયો મોંઘો. દુનિયામાં કહેવત પણ છે કે, 'દમડે ઊંટ પણ દમડો ક્યાં ?' બાહ્ય પદાર્થોનાં સાધન ઉપર જ રૂપિયાની કિંમત છે. મકાન, વાડી, ધન, હાટ વિગેરે મેળવવા રૂપિયા દેવાય છે. રૂપિયાનો સંગ્રહ બાહ્ય સુખને મેળવવા બાહ્ય સુખનાં સાધનોને મેળવવા માટે કરવામાં આવે છે. બાહ્ય સુખનું આડકતરી રીતે સાધન રૂપિયો છે. જાનવર અગર નાનાં બચ્ચાંને રૂપિયો એ સુખનું સીધું સાધન નથી પણ ખાદ્ય પદાર્થ જ એમને માટે સુખનું સાધન છે. એક બાજું રૂપિયો મૂકો અને બીજી બાજુ લાડવો મૂકો, લાડવાની કિંમત જોકે આનો છે જ્યારે રૂપિયાની કિંમત આના સોળ છે, પણ બચ્ચું તો સોળ આનાવાળા રૂપિયાની દરકાર નહીં કરી લાડવાને જ ઉપાડે છે. રૂપિયાને કાને કે નાકે અડાડીએ તો કાંઇ સુખ મળતું નથી. પાંચે ઇંદ્રિયોને સુખ આપનારાં સાધનો (પદાર્થો) મેળવવાનું સાધન (આડકતરું સાધન-દૂરનું સાધન) રૂપિયો છે. નાનાં બચ્ચાં તથા પશુ આડકતરા સાધનમાં જતા નથી, સીધા સાધનમાં જાય છે. એટલે તત્ત્વ એ નક્કી થયું કે બાહ્ય સુખનું સાધન તે અર્થ.

અર્થ અને કામ એ લૌકિક પુરુષાર્થ છે પણ ધર્મીને તે સાધ્ય નથી

બાહ્ય સુખનાં સાધનો, ચાહે સીધાં હોય કે આડકતરાં હોય પણ તે તમામનો અર્થવર્ગમાં સમાવેશ થાય છે, એ અર્થવર્ગ સાધ્ય નથી. હવે બાહ્યસુખનો ભોગવટો તે કામવર્ગ છે. જગતના બધા જીવો શામાં મથી રહ્યા છે ? કેવળ બાહ્ય સુખો મેળવવા અને તે માટે તેનાં સાધનો મેળવવા મથી રહ્યા છે. અર્થ અને કામ આ બે વર્ગ-આ બે પુરુષાર્થ લૌકિક છે, પણ તે સાધ્ય નથી. અનાદિ કાળથી બાહ્ય સુખો અને તેના સાધનો તો વારંવાર પારાવાર મેળવ્યાં અને મૂક્યાં, ક્યા ભવમાં નથી મેળવ્યા ? ને નથી મૂક્યાં ?

ઇન્દ્રિયાસક્તો મોક્ષને ન સમજી શકે તેથી મોક્ષ નથી એમ નહીં !

આત્માનું સુખ અને તેનાં સાધનો, આ બે વર્ગો આ જીવે મેળવ્યા નથી. આત્મીય સુખનો ભોગવટો તે મોક્ષ અને તે મેળવી આપનાર સાધન તે ધર્મ, ધર્મ શબ્દ જગતમાં પ્રિય છે પણ ધર્મ કહેવો

કોને ? આત્મીય સુખનો વાસ્તવિક આનંદ, મોક્ષમાં છે. કોઈ એમ કહી દે કે મોક્ષનું સુખ સમજવું શી રીતે ? જે ચીજ જેના વિષય બહાર હોય તે તે ચીજ નથી એમ કહી દે તેથી વસ્તુ નથી એમ કહી શકાય નહીં. 'આબરૂમાં સુખ શું ? લહેર કઈ ?' એમ નાના છોકરાને પૂછીએ તો એ ઉત્તર દેશે ? નહીં જ ! કહો કે હજી એને આબરૂ સમજવાને વાર છે હવે એ આબરૂમાં સુખ નથી એમ માને તેથી તમે પણ માનશો ? ના ! તમે તો આબરૂની ખાતર ખાવાપીવા વિગેરેના તમામ ભોગ આપો છો ! જેમ બચ્ચું માત્ર ખાવાપીવામાં, હરવા ફરવામાં ગમતમાં સમજે, આબરૂમાં સમજે નહીં તેવી રીતે આપણે પણ માત્ર પાંચ ઇન્દ્રિયોમાં સમજીએ છીએ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપ મોક્ષમાં શું સમજીએ ? હવે આ પાંચ ઠોઠા (ઇન્દ્રિયો) દ્વારાએ મોક્ષ સમજવો એ શી રીતે બને ?


મૂર્ખાને અક્કલ મોટી ન લાગે પણ ભેંસ મોટી લાગે !

એક શેઠે પોતાના છોકરાને શાક લેવા મોકલ્યો, છોકરો મૂર્ખ હતો, એવો મૂર્ખ કે જ્યાં શાક લેવા ગયો ત્યાં શાક કે ટોપલો કશું નથી એ પણ ન જોયું અને કોઈ દુકાને શાક માગ્યું. પેલા દુકાનદારે કહ્યું કે ભાઈ ! અહીં તો અક્કલ મળે છે ! પેલે જાણ્યું કે એ પણ એક શાક હશે 'વારૂ ! અક્કલ આપો' એમ કહી એણે દુકાનદારને પૈસા આપ્યા બદલામાં દુકાનદારે અક્કલ સંભળાવી કે 'બે જણ લઢતા હોય ત્યાં ઊભા રહેવું નહીં' પેલે છોકરો આવીને બાપને કહ્યું, બાપે પણ દુકાનદાર પાસે જઇ પૈસા પાછા માગ્યા. દુકાનદારે અક્કલ પાછી માગી અર્થાત્ લઢતા હોય ત્યાં છોકરાને ઊભા રાખવાની કબુલાત માગી. શેઠે તે કબુલ્યું અને પૈસા પાછા મેળવ્યા. એક વખત ત્યાંનો રાજા બહાર ગયો છે, તે વખતે કાંઇ કારણવશાત્ તેની બન્ને રાણીઓ લઢી, તે વખતે શેઠનો છોકરો ત્યાં ઊભો રહ્યો હતો. જ્યારે રાજા આવ્યો, રાણીઓની લડાઈની વાત સાંભળી ત્યારે પૂછયું કે કોઇ સાક્ષી છે ? ચોકીદારે જણાવ્યું કે, ફલાણા શેઠનો છોકરો ઊભો હતો. રાજાએ એને તેડું મોકલ્યું, હવે એણે શું કહેવું ? કઈ રાણીનો પક્ષ લેવો ? એ જ શેઠ પાછો પેલા અક્કલ વેચનારા પાસે ગયો. અક્કલવાળાએ યુક્તિથી એને બચાવ્યો. રાજાને કહ્યું કે - 'આવા સાક્ષી પર ભરોસો શો ? એને એટલું તો પૂછે કે 'અક્કલ બડી કે ભેંસ ?' આ ઉપરથી સાક્ષીની સ્થિતિ સમજાશે. રાજાએ પૂછવાથી પેલાએ કહ્યું કે-'ભેંસ મોટી કે જે દૂધ ખાવા તો આપે !' રાજાએ એને અક્કલ વગરનો જાણી છોડી મૂક્યો અર્થાત્ એને અક્કલની કિંમત નહોતી. નાના છોકરાને આબરૂની કિંમત નથી. લાડવાની કિંમત છે, તેમ આપણે પણ ઇંદ્રિયોના આનંદમાં જ જીંદગી પૂરી કરી આનંદ માનીએ છીએ એટલે 'હું કોણ ?' એ પણ સૂઝતું નથી. જ્યાં પોતે કોણ છે એનું ભાન નથી ત્યાં પોતે કઇ સ્થિતિમાં હતો, પોતાનું શું થશે, વિગેરેનો વિચાર તો આવે જ ક્યાંથી ?

કિંમતી તે કે જે મેળવીને મ્હેલવું ન પડે.

આત્મીયસુખ સમજે તો તેને મેળવવાની ઇચ્છા થાય. ઇચ્છા થાય તો તેનાં સાધનો જાણે તેમાં ઉદ્યમ કરે અને એનું નામ ધર્મ ! ધર્મસાધનથી થયેલું ફલ તે મોક્ષ. બાહ્યસુખ અને તેનાં સાધનો તો ભવે ભવે મેળવ્યાં, જેમાં પૂર્વોની મોટી ઉંમર હતી તેમાં પણ મેળવ્યાં, પારાવાર મેળવ્યાં, વારંવાર મેળવ્યાં, મેળવ્યાં અને મ્હેલ્યાં. એ તો ચાલુ જ છે. મેળવીને મ્હેલવું

પડે તેને કિંમતી કોણ ગણે ! મૂર્ખ ? કિંમતી તે કે જે મેળવીને મ્હેલવું ન પડે. ધર્મ અને મોક્ષ મેળવ્યા પછી મ્હેલવાં પડતાં નથી. યદ્યપિ સ્વરૂપ આવું છતાં 'કુકડીનું મ્હોં પલી' એ કહેવત મુજબ, દુનિયામાં રાચેલા જીવો એકદમ છોડવા તૈયાર ન થાય, તેવાઓના ભલા માટે જણાવ્યું કે ધન વિગેરે પણ મળવાનો આધાર ધર્મ ઉપર છે. ધર્મની આરાધના નહીં કરે તો આખી જીંદગી પરિશ્રમ ઉઠાવવા છતાંયે ધન નહીં મળે, અને ધર્મની આરાધના કરનારને આપોઆપ આવી મળશે. જન્મતાં જ જેને રાજ્ય મળે છે તે ક્યાં મહેનત કરવા ગયો હતો ? કહો કે ધર્મ જ એને એ મેળવી આપે છે. સુખની ઇચ્છાવાળાને સર્વ પ્રકારનાં સુખ દેનાર તે ધર્મજ છે. મોક્ષને સાધનાર હોય તો તે ધર્મ જ છે. પરંપરાએ મોક્ષ સિદ્ધ કરી આપનાર ધર્મજ છે. આ રીતે યથાર્થ સ્વરૂપ સમજી જેઓ ધર્મમાં ઉદ્યમ કરશે તેઓ આ ભવ પરભવ કલ્યાણની પરંપરા પામી છેલ્લે મોક્ષ સુખને પામશે. સિદ્ધના શાશ્વત્‌સ્થાનમાં વિરાજમાન થશે.



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૧૮૫- શ્રી મલ્લીનાથ મહારાજની પર્ષદાની બેઠક બધા તીર્થંકરોની માફક હોય કે ફેરફાર ખરો?

સમાધાન- શ્રી મલ્લીનાથજીની પર્ષદાની બેઠક પણ બધા તીર્થંકરોની જેમજ હોય, એમાં ફેરફાર હોય નહીં.

પ્રશ્ન ૧૮૬- પહેલી પોરિસીએ શ્રી તીર્થંકર મહારાજ દેશના આપે અને બીજી પોરિસીએ શ્રી તીર્થંકર મહારાજના પાદપીઠ ઉપર બેસીને ગણધર મહારાજ દેશના દે. શ્રી મલ્લીનાથ તીર્થંકર સ્ત્રી વેદે હોવાથી ગણધર મહારાજ પાદપીઠ ઉપર બેસે તો निसिज्ज नामની ત્રીજી વાડ (સ્ત્રી જે આસને બેઠા હોય તે આસને બ્રહ્મચર્ય ધારણ કરનાર પુરુષ બે ઘડી પછી બેસે અર્થાત્ બે ઘડી પહેલાં ન બેસે એ ત્રીજી વાડ) સચવાય નહીં માટે ગણધર મહારાજ પાદપીઠ ઉપર બેસીને દેશના દે કે કેમ ?

સમાધાન- શ્રી તીર્થંકરોનો અને ગણધરોનો તથા પ્રકારનો કલ્પ હોવાથી તીર્થંકરના પાદપીઠ ઉપર બેસીને ગણધર મહારાજ બીજી પોરિસીએ દેશનાદે એમાં ત્રીજી નિષદ્યા (આસન) નામની વાડને બધા આવતો નથી; એક વાત, બીજી વાત એ કે પાદપીઠ (પગ સ્થાપન કરવાનો બાજોઠ) એ નિષદ્યા કહેવાય નહીં કારણ કે જ્યાં પલાંઠીવાળીને બેસે અથવા તો પૂંઠ આદિ નીચેનો ભાગ ભૂમિને અડે (સ્પર્શે) તેવી રીતે બેસે તો તે નિષદ્યા ગણાય અને તેવા આસન ઉપર બ્રહ્મચર્યને ધારણ કરનાર બેસી શકે નહીં, આ અપેક્ષાએ પણ આવી રીતની નિષદ્યાનો અભાવ હોવાથી ત્રીજી વાડને કોઈપણ જાતનો વાંધો આવતો નથી, તેમજ ભગવાનને મોહનીય કર્મ ક્ષય કરેલ હોવાથી શરીરનો કોઈપણ અવયવ કોઈ પણ આસનને સ્પર્શે છતાં તે આસન પર બ્રહ્મચારી બેસે તો વાંધો આવે જ નહીં.

પ્રશ્ન ૧૮૭- શૈવ, વૈષ્ણવ અને જૈન એ શબ્દોનો અર્થ શો ?

સમાધાન- शिवो देवता अस्य इति शैवः ॥ विष्णु र्देवता अस्य इति वैष्णवः । તેવી જ રીતે जिनो देवता अस्य इति जैनः આવી રીતે શિવ, વિષ્ણુ અને જિન (તીર્થંકર) દેવતા (દેવ)ને માનનારા જે કોઈપણ હોય તે અનુક્રમે શૈવ મતવાળા વૈષ્ણવમતવાળા, અને જૈનમતવાળા કહેવાય છે. શૈવાદિક શબ્દો તદ્ધિત પ્રકારણના, દેવતાના અર્થમાં આવતા સૂત્રમાં સૂચિત अण् પ્રત્યયથી બનેલા છે..

પ્રશ્ન ૧૮૮- અવિનીતનું ચારિત્રપાલન એને ફાયદો આપે કે નહીં ?

સમાધાન- જેનામાં વિનયરૂપી, ધર્મનો મૂલગુણ આવ્યો ન હોય તે ભલે પછી અહિંસા, સત્ય આદિ પંચમહાવ્રતોને પાલતો હોય તો પણ મૂળ વગરના વૃક્ષની જેમ તે નકામું છે, છતાંયે દ્રવ્યક્રિયાથી સંસારિક સુખો મળે પણ મોક્ષ પ્રાપ્તિ ન થતી-હોવાથી તે દ્રષ્ટિએ તેનું ચારિત્ર નકામું છે.

પ્રશ્ન ૧૮૯- અભવ્ય તો બરાબર વિનય કરે છે છતાં એને મોક્ષ કેમ મળતો નથી ?

સમાધાન- અભવ્યનો વિનય બહારથી તો એવો દેખાય કે ઉચ્ચ ચારિત્રવાળા ભવ્યોને પણ ચક્કરમાં નાંખે!!! પણ અંદરમાં પોતે કોરો ધાકોર હોય છે. આ ભવ્યનો વિનય વાસ્તવિક નથી માટે જ તેને મોક્ષ મળતો નથી.

પ્રશ્ન ૧૯૦- સાધુના પરિચયના અભાવે આત્મા સમ્યક્ત્વાદિથી ભ્રષ્ટ થાય એમ કહેવાય છે તો ભ્રષ્ટ થવાના કોઈ દાખલા છે ?

સમાધાન- નંદન નણીઆર પરમ શ્રાવક હતો, સખ્ત ઉન્હાલામાં પણ ચૌવિહાર અઠ્ઠમ કરી તે ત્રણે દિવસ પૌષધ કરતો હતો, આવો શ્રાવક પણ સાધુ પરિચયના અભાવે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ મિથ્યાત્વ પામી, અંતે મરીને દેડકા તરીકે અવતર્યો, આવી રીતે સાધુ પરિચયના અભાવે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયાના કોઈ દાખલા છે માટે ભાગ્યશાળીઓએ પોતાના સમ્યક્ત્વાદિ ગુણો ટકાવવા માટે જ્યાં મુનિ મહારાજનું વ્યાખ્યાન, સમાગમ વિગેરે થતો હોય ત્યાં જ રહેવું વ્યાજબી છે.

પ્રશ્ન ૧૯૧- કેવી પ્રવૃત્તિને દ્રવ્ય ચારિત્ર કહેવાય ?

સમાધાન- શ્રી જિનેશ્વર મહારાજના કથન મુજબનાં સાધ્ય મોક્ષ પ્રાપ્તિ, કેવળ જ્ઞાનની ઉત્પત્તિ, આત્મકલ્યાણ વગર જે પ્રવૃત્તિ થાય તે દ્રવ્ય ચારિત્ર કહેવાય.

પ્રશ્ન ૧૯૨- અશુદ્ધિવાળી ક્રિયા દ્રવ્ય ક્રિયા કહેવાય કે નહીં ?

સમાધાન- સૂત્રકાર ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીએ કરેલી ધર્મ સંગ્રહણીની ટીકામાં શ્રી મલયગિરીજી મહારાજ લખે છે કે બુદ્ધિની ઓછાશથી, સમજણની ખામીથી, તેવા પ્રકારના સંયોગની

અનુકૂળતા આદિકના અભાવે થતી અશુદ્ધિવાળી ક્રિયા દ્રવ્યક્રિયા કહેવાય નહીં પણ ક્રિયા કરનાર જો શુદ્ધિ તરફ બેદરકાર હોય, શુદ્ધ ક્રિયા કરનાર પ્રત્યે અરૂચિભાવને ધારણ કરનારો હોય તો તેની અશુદ્ધ ક્રિયા તે દ્રવ્યધર્મરૂપ હોઈ દ્રવ્ય ક્રિયા કહી શકાય.

પ્રશ્ન ૧૯૩- આ પંચમકાળમાં ક્ષાયિક સમક્તિ પામી શકાય કે કેમ ?

સમાધાન- ક્ષાયિક સમ્યક્ત્વ સર્વજ્ઞદેવોના સમયમાં જ થતું હોવાથી આ કાળમાં પામી શકાય જ નહીં.

લેખકોને સૂચના

આથી દરેક લેખકોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવે પદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવાને અંગે જે કાંઈપણ લખાણો એક બાજુ સૌમ્ય અને રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા. ક. પ્રશ્નકારો પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પત્ર દ્વારા એ લખી મોકલશે તો સમાધાન મેળવી શાસનના હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

તમોને શાની જરૂર છે !!!

જૈનધર્મનાં પ્રાચીન અને અર્વાચીન જૈન સાહીત્યની જરૂર છે ? તો તુરત નીચેના સરનામે પત્રવ્યવહારથી પૂછો -

દેવચંદ લાલભાઈ. જૈન પુ. ફંડ ગોપીપુરા સુરત.

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

શું શરીર સતાવે છે ? તો પછી નીચેના સુધા સાગરમાંથી સુધાપાન કરો ?

૨૦૯ નિશ્ચિત મરણની અવસ્થામાં પણ નમો અરિહંતાણં બોલાય. એ તો પવિત્ર સંસ્કારની ખરેખરી પરાકાષ્ઠા જ છે.

૨૧૦ દહેરા અને ઉપાશ્રય માટે નહીં પણ આત્માને માટે જ અરિહંત છે.

૨૧૧ શૂળી ઉપર ચઢવા જેવા બિહામણા પ્રસંગે પણ હળુ કર્મી આત્માઓ તો આરાધનામાં જ તત્પર હોય છે.

૨૧૨ અરિહંત પ્રત્યે જેને પ્રેમ જાગ્યો નથી, એની અંત અવસ્થા તો સુધરે ક્યાંથી ?

૨૧૩ નવકાર મંત્રની શાશ્વતાનું કારણ તો એ જ કે એના પદો જાતિ વાચક છે ?

૨૧૪ દ્વાદશાંગી શબ્દથી ફરે છે, પણ અર્થથી તો કદીયે ફરતી જ નથી.

૨૧૫ શ્રી નવકાર મહામંત્ર તો શબ્દથી યા અર્થથી પણ ત્રિકાલાબાધિત જ શાશ્વતો છે ?

૨૧૬ સાગરોપમ સુધીના લાંબા આયુષ્ય ભોગવનારા દેવોની હયાતિમાં વિચરતા તીર્થંકરો અને ગણધરોના દર્શન એ લાંબા આયુષ્યના અંત બાદ થતા નથી પણ એ દેવોને જાતિવાચક નમસ્કાર મહામંત્ર ગર્ભિત અરિહંતાદિ પદોના દર્શન અને આરાધનાનું અવલોકન થાય છે.

૨૧૭ સાકાર દેવને ઓળખે જ નહીં, ઓળખવા યત્ન કરે જ નહીં એ આત્માને નિરાકાર

દેવને ઓળખવાને પ્રાયઃ અધિકારી નથી.

૨૧૮ સાકારદેવ પ્રત્યે ભક્તિભાવથી સંસ્કારિત બનેલ આત્માઓ કદાચ પૂર્વના કર્મયોગે નીચ કુળમાં પણ ઊતરી આવ્યા હોય તેવા અવસરે પણ જો એને ભગવાનના સમવસરણાદિ ઋધ્ધિના દર્શન માત્રમાંયે પ્રભુ માર્ગ પ્રાપ્ત થાય છે.

૨૧૯ સમ્યક્ત્વરૂપી દીપકથી દેદિપ્યમાન એવો અભવ્ય પણ વસ્તુ માત્રનું યથાસ્થિત (સમ્યક્) વર્ણન કરી શકે છે.

૨૨૦ સમ્યક્ત્વ દીપકના દેવાળીઆઓ ભલે મોટા પંડિતો કહેવાયા હોય છતાંયે વસ્તુને તત્સ્વરૂપે સમ્યક્ પ્રકારે જાણી કે કહી શકતા જ નથી !

૨૨૧ સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાન તો ચારેગતિમાં છે પણ સમ્યક્ ચારિત્ર ફક્ત મનુષ્ય ગતિમાં જ હોવાથી મનુષ્ય જન્મની મહત્તા મનાય છે !!!

૨૨૨ 'ધર્મ' એવા અક્ષરો સ્વપ્નમાં પણ ન સંભળાય તેવા અનાર્ય ક્ષેત્રથી આત્માને અલગ કરો !

૨૨૩ રજા મળશે ત્યારે જઈશું એ વાત પર રસિક બનીને રંગરાગ ઉડાવનારાઓએ ચેતવાની ખાસ જરૂર છે.

૨૨૪ જોડી કપડાં, પેટપૂર અન્ન, અને ફક્ત સાડા ત્રણ હાથ જગ્યાની ફક્ત માલિકી ધરાવનાર નોકરો અવસર પ્રાપ્ત થયે કુટુંબરૂપ પેઢીમાંથી રાજીનામું આપી માનવજીવન સફળ કરે છે.

૨૨૫ રાજીનામું આપીને જનાર નોકર બીજા સ્થાન (ગતિ)માં આબરૂ, પગાર (જાતિ, કુળ) વિગેરે સારી રીતે પ્રાપ્ત કરી પોતાની કિંમતમાં વધારો કરે છે. જ્યારે રજા મળ્યા પછી જ નીકળેલા નોકરને ઠામ ઠામ ઊભા રહેવાની જગ્યા પણ મળતી નથી અર્થાત્ ચાર ગતિના ચક્કરમાં આંટા મારવા પડે છે.

૨૨૬ રાજીનામું આપનાર આત્મા, સારી ગતિ આદિ સંયોગો પામીને ઉંચ્ચ સ્થિતિ,

કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્યાદિની રિદ્ધિ સિદ્ધિને અનુભવનારા બને છે.

૨૨૭ નીકળવા માટે પગ ઉપાડ્યો ત્યારે 'નીકળ્યા', અને બીજો પકડીને કાઢે ત્યારે 'કાઢ્યો' કહેવાય છે.' આ શબ્દો સ્મરણ પથમાં રાખો !

૨૨૮ કર્મનું કરજ કરીને વધારેલા વાડી વજીફા વિગેરે મૂકીને જવું તો હજી પાલવે અગર મનવાળીએ કે એક વેપલો ઓછો કર્યો હતો પણ આ તો મળેલું મૂકતા જાઓ અને મેળવવા વિગેરેનાં મચાવેલા તોફાન પેટે વ્યાજનું વ્યાજ ભર્યા કરો એવી કારમી કૂટ નીતિ કર્મરાજાની છે.

૨૨૯ મૂર્ખાઈમાં મૂઢ બનેલો મનુષ્ય પરાધીનતાના પિંજરમાં પૂરાય છે. આવી ગુલામી કાંઈ એક બે, કે ત્રણ ભવની નથી પણ અનંતકાળથી અનંતભવમાં આવી ગુલામી મુંગે મોઢે સહન કરી અને હજી વર્તમાનમાં પણ ચાલુ છે.

૨૩૦ કર્મરાજાની લડાઈ એ બાલકનીયા લડાઈ નથી કે જીતે તે રાજ્ય લે અને દેવું પણ દે, કર્મરાજા તો રાજ્ય, સાહ્યબી વિગેરે સર્વ પડાવી લે છે, ઉપરાંત તે માટે કરેલું દેવું પણ વ્યાજના વ્યાજ સાથે વસુલ કરે છે.

૨૩૧ 'જમવામાં' જગલો અને કુટવામાં ભગલો' એ નાની સરખી કહેવતનો પૂરો અમલ કર્મરાજા કરે છે અર્થાત્ માલ મારવામાં કર્મરાજાના સહચારી તરીકે આખુંએ કુટુંબ અને માર ખાવામાં ભાઈ સાહેબ પોતે !

૨૩૨ પરાધીનતાના પાશમાં પડેલા પ્રાણીઓ પણ પરસ્પર એક બીજાની પાછળ ઘેલાં બનેલા છે.



પત્રકારના ખુલાસા

નોંધ :- આ ખુલાસા પત્ર, પેપર, કે વાર્તા વિગેરે દ્વારાએ આવેલી હકીકતોને અંગે છે.

- તંત્રી

મલીન માન્યતાઓ :-

૧ યુવકસંઘ તે સુધારક અને સુધારક તે યુવકસંઘ.

૨ નવીન શ્રોતા અને ઉપાસકમાં ભેદ નહીં.

૩ જિનભાષિત પ્રમાણે કહેલ તત્ત્વ જિનકથિત નથી.

૪ ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા થયા વિના સૂત્રાદિ વંચાવાય કે વંચાય. વા વંચાવવામાં વાંધો નથી.

૫ શ્રાવકને દશવૈકાલિકના ચાર અધ્યયન મુજબ ધર્મ, તેની ધૃતિ, ધર્માચાર ને છ જીવનિકાયનું જ્ઞાન જેવું જરૂરી છે તેવું ભિક્ષા માગવાનું જ્ઞાન જરૂરી છે.

૬ ષોડશથી આગળ પણ રજા ન હોય તો દીક્ષા ન દેવાય.

૭ સ્ત્રીને પ્રાણપ્રિય જાહેર કરવી.

૮ ભવિષ્યમાં સમ્યક્ત્વ યાવત્ સર્વવિરતિને લે તેવા સંભવવાળા માતાપિતા હોય અને કુટુંબનો માલિક પુત્ર હોય તેને માટે કહેલ વિધિ દીક્ષાદ્વેષી માબાપ તથા અસ્વાધીન પુત્રાદિને લાગુ કરવી.

૯ સાધુએ ગૃહસ્થોની રાજ્યાપણ, કુટુંબ સ્થાપન, તેનું પોષણ વિગેરેની તપાસ કરવી.

૧૦ એકલા શ્રાવકશ્રાવિકાને સંઘ માનવો.

૧૧ શ્રાવક ધર્મના નામે પૈસા ઉઘરાવી પંચેંદ્રિય વધવાળી શિક્ષા આપે કે અપાવે.

૧૨ અંગઉપાંગ મુજબ ચાલે તેને ન માનવા. તેમજ અંગોપાંગ સિવાયનાં શાસ્ત્રો ન માનવાં.

૧૩ દુઃખી જીવની હત્યામાં ધર્મ માને, પ્રતિજ્ઞાઓને અસ્તવ્યસ્ત કરે, શાસ્ત્રોના કલ્પિત અર્થો કરે તેવાને અનુસરવામાં કલ્યાણ માનવું (રાષ્ટ્રવસ્તુને સંબંધે વાત જુદી છે.)

૧૪ દીક્ષા લેવા આવેલ ભાવિક શ્રદ્ધાને કોઈપણ ક્ષણે દીક્ષાનો નિષેધ કરવો.

૧૫ વડીદીક્ષાથી નાના મોટાપણું ન માનવું.

૧૬ 'નાસ્તિક, અધર્મી' એવા શબ્દોથી ભડકવું.
(આશા છે કે આ સ્થાને સાત, પન્નર કે એકત્રીશમાંની એક પણ તારીખને વજન નહીં અપાય.)

૧૭ સાધર્મિક વાત્સલ્ય, તીર્થયાત્રા વિગેરેનું પીકેટીંગ કરનાર તથા વિવાહ, પાર્ટી, ફેરી આદિમાં મિષ્ટાન્ન ઉડાવી ત્યાગી ઉપર સત્તા ચલાવવા તૈયાર થયેલા મસ્તોમાં જ સમાજ તથા ધર્મ સુધારણાનું ધ્યેય છે.

૧૮ નહીં બોલાયેલ તથા છાપામાં પણ નહીં દેખાતી કૂટ કુવાણીઓ પ્રસરાવી તેના કૂટ ઉત્તરો ગોઠવવા.

૧૯ આત્માની શુદ્ધિ કરનાર બહુશ્રુત આચાર્યે આચરેલ અને ગીતાર્થોએ નહીં નિવારેલ આચરણાને નામે, બાયડીને ગુરુ તથા પૈસાને પરમેશ્વર માનનારો વર્ગ દીક્ષાની બાબતમાં વિરુદ્ધ કલ્પનાને સ્થાન આપે.

૨૦ ચોથની સંવત્સરીમાં સાધુ અને ચૈત્યોની પર્યુપાસનાનું કારણ જણાવેલ છતાં ન ગણવું (આશા છે કે આ બધું શાન્તદ્રષ્ટિથી જોઈ વિચારી સન્માર્ગ લેવાશે.) (પ્રબુદ્ધ)

૨૧ તા. ૧૧-૧૨-૩૨ના મુંબઈ સમાચાર, તા. ૧૦-૧૨-૩૨ ના સાંજવર્તમાન તથા તા. ૧૩-૧૨-૩૨ ના હેન્ડબીલથી મુનીશ્રી ગૌતમસાગરજીએ (મૂલ નામ ગોપીચંદે) જાહેર કર્યું છે કે 'મારી ઉંમર ૨૧ વર્ષની છે તથા મેં રાજીખુશીથી દીક્ષા લીધી છે,' આટલું છતાં તે ન માનવું અને જુઠ્ઠા તથા જુના તેવા લેખને વજન આપવું. (૦)

૨૨ ગર્ભથી ગણતાં સોળને સ્થાને ચૌદ વર્ષ થશે એમ માનવું.

૨૩ શાસ્ત્રીયરીતિએ દીક્ષાની ઉંમરમાં ત્રણ મત છતાં કોઈપણ મતને જુઠ્ઠો ઠરાવવા શાસનપ્રેમીઓને ગૃહસ્થે આહ્વાન કરવું.

૨૪ વગર કારણે અન્યધર્મીને ચોમાસામાં દીક્ષા ન દેવાય એવી માન્યતામાં પરસ્પર મતભેદ પડાવવા મથવું.

૨૫ આ યુગમાં ઉદ્ધત યુવકોએ જૂઠનાં પાથરેલાં જાળાંને સાચા માનવાં (મહા૦)

૨૬ હાડકાની રચનાને સંઘયણ નહીં માનનારને શ્રી મલયગિરિજીએ ઉત્સૂત્રભાષી કહ્યા છતાં તે માનવું.

૨૭ વાક્યાંતર દર્શક ततः અને પછીની બે વિધિનો સંબંધ દેખાડનાર 'च' ને ન વિચારવા

૨૮ **सुविहिया** જેવા મૂલપાઠને ગચ્છ મમત્વથી ફેરવવો (શ્વે૦ જૈ૦)

૨૯ **पवत्तिया** શબ્દનો પરમાર્થ પિછાણવો નથી. (પાર્શ્વ૦)

૩૦ લોકપ્રકાશના આઠમા સર્ગમાં અને ઉપદેશપ્રાસાદ સ્તંભ બીજે પાને ૪૮ અંડગોલિકને મનુષ્ય કહ્યા છતાં તિર્યંચો માનવા મનાવવા. (પત્ર૦)

૩૧ અજ્ઞાનીઓ જ્ઞાનીઓની નિશ્રાએ જ્ઞાન ફળ મેળવે છે તેમ અવિરતિઓ વિરતિની નિશ્રા એ વિરતિનું ફળ મેળવે છે એમ સિદ્ધ કર્યા સિવાય જ્ઞાની અથવા જ્ઞાનીની નિશ્રાવાળાની ક્રિયાને હિતકર ન માનવી કે ક્રિયાને અનુપયોગી જ્ઞાનની મસ્તતા મનાવવી.

૩૨ ગીતાર્થોની અપેક્ષાએ અગીતાર્થસંયમિયોની સંખ્યા બહુ છતાં તેને ક્રિયા અંગીકાર થઈ જવાના ડરથી અપવાદિક માનવી.

૩૩ **पततो जीवान्** ને સ્થાને **पतताम् जीवान्** માનવું.

૩૪ **अद्धनिब्बडे सूरे सूतं पढुंति गीयथ्था अद्ध निबुड्डे सूरे सुत्तं कढुंति गीयत्था** આવો શાસ્ત્રીય પાઠ ન ભજવો.

૩૫ વ્યાખ્યાનકારને સામયિકોનો બાધ ન માની શ્રોતા (સાંભળનાર)ને શ્રીભગવતીજીના નામે પાઠ વગર દોષિત માનવા. (સમય)



(ટાઈટલપેજ ચોથાનું અનુસંધાન)

પણ-કહેવાતો કેળવાયેલો છતાં યે કાયરતાની તાલીમ પામેલો વર્ગ આજે કંપે છે; જ્યારે શાસન સેવામાં ઓતપ્રોત બનેલો વર્ગ વિજયવરમાળ પહેરવાના અનેરા ઉત્સાહ અને અમોઘ અભિલાષા વડે એ જ સંગ્રામમાં મોખરે આવી ઊભો રહે છે. એ પણ ખરેખર ધર્મ રંગની રસિકતા છે !!!

ઉપર્યુક્ત બન્ને વર્ગની ભૂમિકાને તે તે દિશાની યુધ્ધ ભુમિ તો કહી શકાય પણ શાંતિ અને સમાનતાના સૂર સિવાય જૈન શાસનમાં બીજું કાંઈ જ નથી એવું બોલનારાઓને એ બન્ને પ્રકારના રણવીરોની દિશાઓ તો જુદી જ છે એ સાદી બીના પણ સમજાતી જ નથી. આત્મઋદ્ધિનો અખૂટ ખજાનો પ્રાપ્ત કરવાની ભાવનાવાળા દરેકે દરેકને એ પુરાતની પ્રબળ કર્મ શત્રુઓ સામે અજબ શુરાતન દાખવવા સમતારૂપી પ્રબળ શસ્ત્ર વડે જ પ્રભુ શાસનની એ સનાતન યુધ્ધ ભુમિમાં ઊતરવાનું છે, અને એથી કરીને તો એ યુદ્ધ ભુમિનું નામ સંવેગની સમરાંગણ ભૂમિ છે. !!!

જેને જેને કર્મરાજાની કારમી કાર્યવાહીની કનડગતથી પોતાની અક્ષય ઋદ્ધિ હાથ ન આવતી હોય તે દરેકને આ યુદ્ધ ભૂમિ પર લડવું જ પડે છે. એ સમરાંગણ ભૂમિ પર અંશે અંશે દેશવિરતિ અને સર્વથા તો સર્વ વિરતિના સંપૂર્ણ સ્વાંગધારી શ્રી તીર્થંકર દેવો, ગણધર મહારાજાઓ તથા કેવળી મહારાજાઓ એ સર્વોત્તમ લક્ષ્મીરૂપ વિજયની વરમાળા વરે છે !!!

"જીવ્યા કરતાં જોવું ભલું" આ નાની છતાંયે અર્થ ગાંભીર્યતા પૂર્ણ કહેવતની યથાર્થતાને સંપૂર્ણતયા તો ખરેખર આ સંવેગની સમરાંગણ ભૂમિનું અલૌકિક દિવ્ય દર્શન જ ચરિતાર્થ કરે છે. **સંસાર** એટલે રખડવાનું અજોડ સ્થાન ? સંસારીઓ એટલે રખડપટ્ટીના આગેવાન સલાહકારો ? **સંસારની રસિકતા એટલે રખડપટ્ટીને સુદ્રઢ બનાવનારો રંગ-(ચોળમજીઠ)! સંસાર સંબંધી પદાર્થોની પ્રાપ્તિ માટેનો જ જે ઉદ્યમ એટલે રખડપટીને ચાલુ ટકાવવાનો કારમો ઉદ્યમ !!!** આ બધી બાબતનો નિયતકાળ આ બધી બાબતનો નિયતકાળ આ સંવેગની સમરાંગણ ભૂમિના દિવ્ય દર્શન પછી સાત કે આઠ ભવ બહુ તો અર્ધપુદ્ગલ પરાવર્ત અને ઓછામાં ઓછો અંત મુહૂર્ત જ હોઈ શકે છે.

(આગમોદ્ધારકની અમોઘ ઉપાસનામાંથી)

ચંદ્રસા.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

સંવેગની સમરાંગણ ભૂમિ

અખિલ ભારતવર્ષમાં વિનશ્વર પદાર્થો પર સર્વોપરી સત્તાનો પ્રથમ સૂર કાઢનાર, સ્વપરાક્રમ પર નિર્ભર, ચોરાશી લાખ અશ્વો, ચોરાશી લાખ હાથી, છન્નુ ક્રોડ પાયદળ, અહોનીશ સેવા સારનારા બત્રીશ હજાર મુકુટબધ્ધરાજા, ચક્રરત્નાદિ દિવ્ય સંપત્તિથી રાજા મહારાજાઓને તો સહજમાં વશ કરનાર અને એ મશહૂર પ્રચંડ સત્તા સામે માથું ઊંચકવાને પણ હિંમતબાજોની હિંમતનેયે રણસંગ્રામમાં શૌર્યભેર રોકી રાખનાર એવા પ્રથમ ચક્રવર્તી ભાગ્યવાન ભરત મહારાજા સમા સર્વોપરી સત્તાધીશ બનેલા ચક્રવર્તીઓ, વાસુદેવ પદથી વ્યામોહિત વાસુદેવો અને એ જ વાસુદેવોથી પરાજય પામેલા પ્રતિ વાસુદેવો વિગેરે-તેમજ કપટ કૌશલ્યાદિમાં કારમા કુનેહબાજ એવા કૌરવોની સાથે કાળ સમા કોલકરારોની પરિસમાપ્તિમાં યુધ્ધકલા વડે અભિન્ન વિજય પ્રાપ્ત કરી પ્રસિદ્ધિને પામેલા, એટલે કે એ ભયંકર પાણીપતના મેદાનમાં ખેલાતી કૌરવોની કુટ નીતિઓ સામે પણ સત્યના પવિત્ર નિયમોને સંપૂર્ણ તથા વળગી રહીને જ પુરૂષાર્થની પરાકાષ્ઠાએ પહોંચેલા પુણ્યવાન પાંડવાદિ અનેકાનેક મહાપુરૂષો, અને વર્તમાન વીરવિભુના વિશાળ શાસનમાં વિજયમાળને વરેલી વિરતી સ્વરૂપ શ્રી ભાગવતી દીક્ષાને અંગીકૃત કરનાર અને ચારબુધ્ધિના નિધાન એવા શ્રી અભયકુમારની દીક્ષા પછી તુરત જ ભાઈચારાનો પણ દ્રોહ કરવા રણે ચઢેલા કોણિક વિગેરેના હૃદયભેદક વૃત્તાંત તો ખરેખર વિવેકીના હૃદયને પણ હચમચાવી મૂકે છે !!!

આદ્ય તીર્થંકરદેવથી અદ્યાપિ પર્યંત જડ અને ચેતન સંબંધના ઐતિહાસિક બનાવોની સમાલોચના કરતાં અદ્‌ભુત અને અગમ્ય અનુભવ તો સ્મરણ પથમાં એ જ આવે છે કે ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો અને પ્રતિવાસુદેવાદિ રાજા મહારાજાઓ જેમ અર્થની પ્રાપ્તિને માટે-તેમ સર્વ વિરતિના સુંદર વેષથી વિભૂષિત થયેલ તીર્થંકરો, ગણધરો, કેવળીઓ, મનઃપર્યવજ્ઞાનીઓ, અવધિ જ્ઞાનીઓ, અને શ્રુતકેવલીઓ વિગેરે મોક્ષને માટે-એ બન્ને વર્ગને અનુક્રમે વિનશ્વર તથા અવિનશ્વર પદાર્થોની સર્વોપરી સત્તા હાથ કરવા સમગ્ર દળબળ સાથે પોત પોતાના રણ સંગ્રામમાં ઝુકાવી યાવત્ જીવ બહાદુરીથી લડવું જ પડ્યું છે. કારણ એ જ કે ગમે તે દિશાની પણ વિજયની પ્રાપ્તિ તો સમરાંગણ ભૂમિમાં જ છે.

બીજી વાત એ છે કે વિનશ્વર પદાર્થો હરપળે મેળવી મેળવીને પણ મૂકવા જ પડે છે, જ્યારે અવિનશ્વર પદાર્થો તો મેળવ્યા તે મેળવ્યા જ ! એને ફરીથી છોડવા (મૂકવા) પડે જ નહીં !!! માટે તો હર વખત કહેવાય છે કે જે કાંઈ કરવાનું છે તે તેને માટે જ કરવાનું છે બલ્કે એને માટે જેટલું દાન, જ્ઞાન અને ધર્મ ધ્યાન થાય તેટલું ઓછું જ છે ! આવા સર્વોત્તમ વીરરસની વિશિષ્ટતાને પ્રતિપાદન કરનાર યુદ્ધ ભૂમિના સ્થાનોના પવિત્ર નામ શ્રવણ માત્રથી

(અનુસંધાન ટાઈટલપેજ ૩ જા પર જુઓ)

REGISTERED NO. B. 3047.

કાયરતાના કારણે !!!

શ્રી સિદ્ધચક

પ્રથમ વર્ષ અંક ૮ મો.	મુંબઈ, તા. ૨૫-૧-૩૩, બુધવાર પોષ - વદ - ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो-
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી-

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

કાયરતાના કારણે !!!.....પાનું-૧૬૯
આગમોદ્ધારકની અમોઘ દેશના.....પાનું-૧૭૩
સાગર સમાધાન.....પાનું-૧૮૦
સુધા-સાગર.....પાનું-૧૮૮
સમાલોચના.....પાનું-૧૯૨

સચ્ચારિત્ર

(શાર્દુલવિક્રીડિત છંદ)

સચ્ચારિત્ર પવિત્ર ચિત્ત ધરજો, ચાહો પ્રતિષ્ઠા યદિ,
ગંગા નીર તરંગ તુલ્ય યશનું, શ્વેતત્વ ચાહો યદિ;
કીર્તિ ભેદી નભેંદુ સ્વર્ગ મહિમાં, પાતાલમાં પેસતી,
જ્યાં ત્યાં વાસ પ્રસારતી વિચરતિ, સામીપ્ય સેવે સતી. ૧

સચ્ચારિત્ર પવિત્ર નીર ઝરણે, અજ્ઞાન ધોવાય છે,
ભેળાયેલ અનેક દુઃખભરનું, દૌર્ભાગ્ય ખોવાય છે;
સચ્ચારિત્ર પવિત્ર મંત્ર જગમાં, આરાધને સંપદા,
આપોઆપ સમીપ આવી વસતી, ટાળી બધી આપદા. ૨

સચ્ચારિત્ર સતેજ શસ્ત્ર નિરખી, શું વર્ણવું સામટા,
રાગદ્વેષ વિનાશકારી રિપુઓ, ભાગી જતા ભામટા;
ભાળી શૌર્ય અનૂપ એવું વરતી, શાંતિ ક્ષમા સ્થૈર્યથી,
ઋદ્ધિ આત્મીય સર્વસાથ વસતી, આનંદને ધૈર્યથી. ૩

સચ્ચારિત્ર અભેદ્ય નાવ સફરે, સંસારના સાગરે,
ઝૂલે નિત્ય પ્રવાસી લ્હેર લહરે, આનંદના સાગરે;
વાયુ એ અનુકૂળ નિત્ય ઝડપે, આનંદ આરામમાં,
આત્મા આત્મીય સ્થાન પામી વિરમે, આનંદના ધામમાં. ૪

ભીખાભાઈ છગનલાલ શાહ.

સિદ્ધચક્ર

(પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।

आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,

આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ
અંક ૮મો

મુંબઈ, તા. ૨૫-૧-૩૩, બુધવાર.
પોષ-વદ-૦))

વીર સંવત્ ૨૪૫૯
વિક્રમ ,, ૧૯૮૯

કોયરતાના કોરણે !!!

અખિલ વિશ્વમાં જેનો જોટો નથી એવા, ત્રિલોક પૂજ્ય શ્રી જિનેશ્વર દેવે પ્રરૂપેલ લોકોત્તર શાસન પ્રત્યે આજે ચોમેરથી પારાવાર આક્રમણો અને તે પણ (લખતાં લેખિની પણ ધ્રૂજે છે કે) ઘરના જ કેટલાક ટુંક ભંડોળીયા તરફથી થઈ રહ્યા છે, એ જાણી પ્રભુશાસનને શિરસાવંદ્ય માનનાર કયા જૈનને આઘાત ન થાય ? છેલ્લા કેટલાક વર્ષોથી એક યા બીજા રૂપે આક્રમણોની પરંપરા ચાલુ જ છે. એકપણ દિવસ એવો નથી જતો કે જે દિવસે કોઈપણ જાતનો ઉત્પાત ન હોય! જુદા જુદા રૂપે એ બહુરૂપીઓ બધું કરી ચૂક્યા છે. અદ્યમતા ની અવધિએ પહોંચેલ વર્ગને દેવ. ગુરુ, તથા ધર્મ પોતાના સ્વચ્છંદ-પથમાં સંપૂર્ણ સાલે છે;

આથી તો એ ત્રણેને સાંગોપાંગ દૂર કરવાથી અથવા તો નિર્મૂળ કરવા વડે જ પોતાનો માર્ગ મોકળો થઈ શકે એવી પરમ પાપોદયે એની માન્યતા છે. વારંવાર પરાજય પામવા છતાંયે પોતાની નીચ મનોકામના જે સર્વથા અશક્ય છે છતાંયે તે સફળ કરવા આકાશ પાતાળ એક કરી રહેલ છે. પથ્થર જેવા કઠણ કાળજાં પણ એની કાર્યવાહીના શ્રવણ માત્રથીયે કંપી જાય ! કલ્પી પણ ન શકાય તેવી કૂટમાં કૂટ પ્રવૃત્તિ આચરવામાં પણ એણે કશી કમીના રાખી નથી.

દેવદ્રવ્ય ઉચાપત કરવું, ધર્માનુષ્ઠાનોને ધતિંગ કહેવા, વિધવાવિવાહનો પ્રચાર કરી પરમાર્થના નામે વ્યવસ્થિત વ્યભિચાર ફેલાવવો, પોતે અભક્ષ્ય ભક્ષણ, અપેય પાન, રાત્રિભોજન તથા અગમ્યગમનાદિ અનાચારોની રમૂજમાં રંગાયેલાઓ પોતાના જેવી જમાત વધારવા, વ્રતાદિ કરનારની ઘણ ઠેકડી કરતાં જરાય અચકાયા નથી ! શિક્ષાદાતા સદુપદેશકો પ્રત્યે પણ આક્રોશ, ગાલિપ્રદાનાદિ કરવામાં. યથેચ્છ પ્રવૃત્તિ માત્ર પર કાપ મૂકનારાં શાસ્ત્રોને ફતવા તથા હમ્બગ કહી અભરાઈએ મૂકવાનું તેમજ સળગાવવાનું પણ કહેવામાં એની જબાને (જીવ્હાએ) અલ્પ પણ આંચકો ખાધો નથી ! અરે ! ખૂદ શ્રી તીર્થંકર દેવને બદનામખોર કહેવા, પૂર્વાચાર્યોને અંગારા કહેવા અને ત્યાગ માર્ગના સચોટ ઉપદેષ્ટા માત્ર પૂજ્ય આચાર્યવરો તથા મુનિવરો પર પણ ખોટાં કલંકો આરોપતાં નીચમાં નીચ મનુષ્યને પણ ન શોભે તેવું અશ્લીલ સાહિત્ય પ્રચારવા, શ્રેષ્ઠ દીક્ષાને જ દુનિયા સમક્ષ કદરૂપ ચીતરવા, દીક્ષિતોને ચોમેરથી રંજાડવા અને આ શાસનના પ્રાણસમા પૂજ્ય મુનિવરો કે જેઓ પરમપંચપરમેષ્ઠિપદે વિરાજમાન છે તેમની ઉત્પત્તિ જ અટકાવવા, આદરેલા એના અનેક ઉત્પાતોએ તો પ્રલયકાળ પ્રવર્તાવ્યો છે. આવું જોઈ કયું જૈન હૃદય કંપે નહીં ? અત્યારે તેવાઓના પ્રત્યે ધર્મીજનોની આંખમાં ઝળકતી લાલી તે તેના તેવા કારમા કૃત્યોનું જ કારણ છે એ વિલક્ષણ વર્ગે પોતાનાં જીવનસૂત્રો સફળ કરવા જે જે કર્યું તેમાં અદ્યાપિ પર્યંત ધાર્યું ધૂળમાં મળ્યું છે એ જ અત્યારના પણ શાસન આરાધકોના આરાધનની શુદ્ધ પ્રતીતિ છે.

શાસન પ્રત્યે શત્રુતા એ જ જેની ગળથૂથી છે તેવાઓ ન ફાવે છતાં જંપીને બેસે ખરા ? પાપની પ્રવૃત્તિના સંસ્કાર રૂઢ થયા એટલે એ પામરો પણ પરાધીનજને ! ખરેખર હડકાયું શ્વાન જ્યાં ત્યાં બચકાં ભરવા દોડાવાને પરિણામે જ બૂરી હાલતે મરે છે ! રસ્તે ચાલનાર મનુષ્યો સાવધ રહે તો બચે, અલ્પ પણ અસાવધ રહેનારને તો એના ભોગ બનવું જ પડે છે ! આજે ઉપર કહેલા વર્ગની કાર્ય પરંપરા પણ એવી જ પરિસ્થિતિ સૂચવે છે. જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ એ નીચતાની પરાકાષ્ઠાએ પહોંચે છે. કોર્ટમાં જુઠ્ઠા કેસો માંડતાં તે પોતે જ જુઠ્ઠા ઠર્યા, ભોંઠા પડ્યા, નિર્દોષ સાધુને હાથકડી પહેરાવી તત્ત્વદ્રષ્ટિએ તો શ્યામ થયા પણ ઉપસર્ગને એકાંત ક્ષમાપૂર્વક સહન કરનાર પૂજ્ય મુનિશ્રી નિર્દોષ તરીકે સન્માનપૂર્વક છૂટતાં, જગતમાં પણ એ જુઠ્ઠાઓ બુઠ્ઠા બન્યા, શ્યામરૂપે ચીતરાયા, હડહડતી જુઠ્ઠી જ

નવલકથાઓ લખવા જતાં જાતેજ હડધૂત બન્યા. આવું આવું તો કેટલુંયે કર્યું ! ત્રણ જગતના નાથના વરઘોડામાં પણ એ બે શરમાઓએ 'શેઈમ, શેઈમ'ના પોકારો કર્યા એટલું જ નહીં પણ કાચ અને પથ્થરો ફેંકવા સુધીની કરપીણતા આદરી ! અરે એને વિષે કેટલુંક કહીએ ! પેટભરા ઈતર પત્રકારો મારફત પણ પ્રભુ શાસનને વગોવવામાં પોતાના પાપોનો મજબૂત ફાળો નોંધાવ્યો છે. આજે દીક્ષા બંધ કરાવવાના તથા સાધુને જેલના સળીયા પાછળ સંડોવવાના કાયદા ઘડાવવા તૈયાર થયેલ પણ એના એ જ છે!

એમાંનાની જ પ્રેરણાથી આજે 'અયોગ્ય-દીક્ષા' નામે નાટક ભજવી દુનિયામાં પરમકલ્યાણ પ્રદ દીક્ષાદેવીની લજ્જા લૂટાવવાનો પ્રયત્ન થઈ રહેલ છે. અફસોસ ! 'પી ન શકું તો ઢોળી નાખું' એ હઠે ચડેલાં ધર્મ શત્રુઓની બદદાનતને હજારો ધિક્કાર હો ! એ પ્રયત્નમાં વીસનગર, પાલનપુર, પાટણ, ભાવનગર, અમદાવાદ વિગેરે સ્થળે નાસીપાસી મળ્યા છતાં પણ શ્વાનની પૂછડી માફક એવાઓ આજે એ માટે મુંબઈમાં મોરચા માંડે છે ! પૂર્વે શ્રી નેમ અને રાજેમતિના ખેલ માફક પરિણામ તો એના પલ્લામાં જ દેખાય છે ! પણ ખેદ જ એ થાય છે કે ઉત્તમ કુલમાં અવતરેલા છતાં કઈ સ્થિતિમાં દેખાવા મથે છે ?

અસ્તુ ! પણ આ બધું શાથી ? દેવેંદ્રગણને પૂજ્ય શાસન પ્રત્યે, એના ઉપાસકો હજારોની સંખ્યામાં વિદ્યમાન છતાં આટલી હદ સુધીનાં આક્રમણો !!! માનવરૂપે રહેલા દાનવોનું સત્યધર્મના ઉપાસક માનવ દેવો સામે આટલે સુધી તોફાન ! જેઓ દેવ, ગુરુ, ધર્મ દીક્ષા અને શાસ્ત્રને પરમ તારક માને છે, એની ઉપાસના તન, મન અને ધનથી પણ કેવળ મોક્ષ માટે જ કરે છે, અરે ! એમાં જ પોતાનું તથા જગતનું (વિરોધિ સુદ્ધાનું) કલ્યાણ માને છે તેઓ આવા લોકોત્તર માર્ગના બચાવ અર્થે સર્વસ્વ ભોગે સદાકાળ તૈયાર રહેલા છે, રહે છે અને શાસન જ્યાં સુધી વિદ્યમાન છે ત્યાં સુધી રહેવાના જ છે અને ધાર્મિક લાગણીને સન્માનની નજરે જોનાર કાયદાનો ધર્મી વર્ગને અવશ્ય આશ્રય છે છતાં આવા હલકટ પ્રયત્નો આટલી હદે પહોંચ્યા શાથી ? કહેવું જ પડશે કે ધર્મીજનોની કાયરતા અને અતિશય સહૃદયતા! જ્યારે જ્યારે કોઈપણ પ્રસંગ ઉગ્રરૂપે દેખાય છે ત્યારે જરૂર પ્રયત્નો તો થાય છે પણ તે પ્રારંભથી તો નહીં જ અને પછી પણ થીંગડાં રૂપે જ થવામાં કાયરતા એ જ કારણભૂત છે.

કેટલીયે વાર હાર્યા છતાં પણ એવા તરફથી ચાલુ ચિત્ર વિચિત્ર વિપ્લવો ઊભા થયા જ કરવાના. શાસનના સાચા રસિકો મુખ્ય કારણોને દૂર કરે ! ગુમડામાં વારેવારે રસી ભેળી થાય છે અને તેથી તે ફરી ફરી ઊપસે છે માટે શાસનરૂપ શરીરની સુંદર સ્વસ્થતાની ખાતર ગુમડાના સંડાને તો દૂર કરે જ છૂટકો ! અરે ! એટલું જ નહીં પણ ગુમડું થવાના મૂળ કારણરૂપ લોહી વિકારને મટાડે જ છુટકો! કારણ એ જ કે લોહી સુધાર્યા વિના, સેંકડો મલમ પટીઓથી ગુમડાં સદંતર તો મટવાનાં જ નથી.

આજે શાસન ઉપર આવાં આક્રમણો છાશવારે ને છાશવારે ચાલુ રહ્યા છે તેમાં આપણને હવે સમજાવું જોઈએ કે તેમાં આપણી પણ કાયરતા જ છે ! વ્યવસ્થિત સંચાલકપણું સવેળા પ્રાપ્ત કરવાની અત્યારે સંપૂર્ણ જરૂર છે, કાયર પ્રજાને જીવવાનો અધિકાર નથી એ કથનનો સાક્ષાત્કાર આરાધક તો કરાવી શકે જ નહીં ! પ્રભુ શાસનના સંતાનો જેઓ હજારોની સંખ્યામાં હયાતિ ધરાવે છે તેઓ જો સર્વથા જાગૃત હોય તો કોની તાકાત છે કે શાસન તરફ આંગળી પણ ચીંધી શકે ? પણ ક્યાં છે તેવી જાગૃતિ ? કાયરતાથી કાયાને જકડાવવી એ ધર્મીને તો પાલવે જ નહીં ! શાસન સંતતિના બે વિભાગમાંથી પોતાને સુધારક મનાવનારાઓને સન્નિપાત થાય અને ધર્મી મનાવનારાઓને લકવો થાય ત્યાં શાસનની દશા શી ?

શાસન પ્રત્યે બેપરવાઈ ધરાવનારા કેટલાકો કહી નાખે છે કે-'હશે હવે ! આપણે શું કરીએ ? કજીયાનું મોં કાળું !' આવા પ્રલાપોરૂપી કાયરતાવર્દ્ધક મલમો ચોળીને કાયામાં કાયરતાને દાખલ કરે છે. તેવાઓ પણ અંગત આફત વખતે કદીએ તેમ વર્તતા નથી. યાદ રાખજો કે એક વખત પણ કાયર તરીકે ગણાયેલી પ્રજાના કર્મમાં કનડગત નો કાયમ જ સંજાયેલી છે. એક જ વખત પણ જાગૃત તરીકે ગણાયેલ પ્રજા સામે નજર માત્ર નાખવાનીયે, બહુ બહુ તપાસો અને વિચારો કે ભૂલ કોઈએ પણ કરી છે ?

યદ્યપિ શાસન તો પોતાના જ સમાર્થ્યપર નિર્ભર છે અને તેથી તો કાયરતાથી જકડાયેલા આરાધકોને પણ લૂલા પાંગળા પ્રયત્નની પ્રેરણા થાય છે પણ અમારો તો એક જ પ્રશ્ન છે કે શાસનનો કોઈપણ આરાધક તે ભાવે જ જીવતો હોય ત્યાં સુધી એને કાયરતા કેરૂપે કેમ ન ભાસે ? અમે ફરી ફરી કહીએ છીએ કે મન, વાણી, તન તથા ધન સર્વસ્વના ભોગે શાસન રક્ષા કરવી, આક્રમણોની જડને નિર્મૂલ કરવી અને કાયરતાના બદલે જાગૃતિનું સામ્રાજ્ય સ્થાપવું એ જ ખરી આરાધના છે. જાગ્યા ત્યાંથી સવાર સમજી હજી પણ શાસનને જો નિષ્કંટકપણે જ નિભાવવું હોય તો કાયરતા દૂર કરી, અત્યારની આફતો દૂર કરવા તથા ભવિષ્યમાં તેવી અણધારી આફતો ન આવે તે માટે બનતી તૈયારીઓ સવેળા, અરે ! આજે જ કરવાની પરમ આવશ્યકતા છે.

દરેકે દરેક જણ કાયરતાને તો પ્રથમ તકે જ દેશવટો આપો ! ભાવિ પ્રજાને એટલે બાલવર્ગને સાચા જૈન બનાવનારા, શાસનના શત્રુ નહીં પણ પરમભક્ત તેમજ સંરક્ષક બનાવનારા સંસ્કાર આપો! આક્રમણોને તો આંખના પલકારે દબાવી દે તેવી તેને તાલીમ આપો !!!



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

સમ્યક્ત્વ.

ચમત્કાર તરફ નજર નાંખનારાઓએ મૂળ કારણની મહત્ત્વતા સમજવાની જરૂર !!!

શું નવકારમંત્રમાં દર્શનાદિ ચાર પદની આરાધના છે ?

વસ્તુસ્થિતિ વિચાર્યા વગર વલખાં મારનારાઓ શું કરે છે ?

'ભવનિર્વેદ' એ શાસન મહેલની પીઠિકા છે.

દેશવિરતિ ધર્મ નહીં પામેલો એવો અસંખ્યાતમો ભાગ સિદ્ધિમાં બિરાજે છે !!!

सव्वन्नुपणीयागमपयडियतत्तत्थसद्दहणरुवं ।
दंसण रयणपईवं निच्चं धारेह मणभवणे ॥

શ્રીપાલ રાજાની સાહ્યબી શાને આભારી ?

શાસ્ત્રકાર મહારાજ શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે શ્રીપાલ મહારાજનું ચરિત્ર જણાવતાં ફરમાવે છે કે એ ભાગ્યવાનને જે કાંઈ રિદ્ધિ સિદ્ધિ સાંપડી, અર્થાત્ કહોને કે સદંતર ભાગ્યનો પલટો થયો તે શ્રીનવપદની આરાધનાને આભારી છે. પહેલાં તો પ્રાણરક્ષાર્થે કોઢિયાના ટોળામાં ભળવું પડ્યું છે, આખુંએ શરીર કુષ્ઠરોગે-વ્યાપ્ત થવાથી કોઈ સ્પર્શ પણ ન કરે, અરે ! સામું પણ ન જુએ, આવી પરિસ્થિતિ હતી તે પલટાઈ ને આશ્ચર્યમાં ગરકાવ કરે તેવી સુખ સાહેબી, સુંદર સ્ત્રીઓ, આજ્ઞાંકિત સેવકો, જ્યાં જાય ત્યાં વિજય પ્રાપ્તિ, મોટા મોટા રાજાઓ પણ સ્વયં તાબેદારી સ્વીકારે એવું ઐશ્વર્ય, આ બધું ડગલે ને પગલે સામે આવીને શાથી મળ્યું ? શ્રીનવપદજીની આરાધનાથી એ અદ્‌ભુત આશ્ચર્યમય ઘટના બની છે. દુન્યવી દ્રષ્ટિએ આશ્ચર્યમય દેખાતી ઘટના શ્રીનવપદજીની આરાધનાથી સહજ સિદ્ધ થાય છે અને એ વાત શ્રીપાલ મહારાજાના દ્રષ્ટાંતથી સુપ્રસિદ્ધ છે. આજે આપણે ચમત્કાર તરફ નજર નાંખીએ છીએ, પણ મૂળકારણની મહત્તા તરફ તેવી નજર કરતા નથી. નવપલ્લવિત ખેતરને જે જોયા કરે પણ નવપલ્લવપણાના કારણભૂત વરસાદ કે ખેતીને ન જુએ તેની અક્કલ કેવી ગણવી ? જ્યાં સુધી

આ રીતિએ નવપદનું આરાધન થાય ત્યાં સુધી તે દ્રવ્ય આરાધન છે, પણ એ આરાધન જ્યારે આત્મકલ્યાણ માટે છે એમ સમજાય ને તેમ થાય ત્યારે તે ભાવ આરાધન ગણાય.

પરમેષ્ઠિમાં દર્શનાદિ ચાર પદને કેમ ન ગણ્યા ?

શ્રી નવપદજીના ગુણો જાણીએ નહીં ત્યાં સુધી વાસ્તવિક ઉલ્લાસ આવે નહીં, અને વાસ્તવિક ઉલ્લાસ ન આવે ત્યાં સુધી આરાધના (આરાધનાની ક્રિયા) ભાવસ્વરૂપ કહેવાય નહીં. માટે જ વ્યાખ્યાતા મહર્ષિ મુખ્યત્વે નવપદજીના ગુણો વર્ણવે છે. આપણે એ જોઈ ગયા કે નવપદમાં, દેવતત્ત્વમાં અરિહંત તથા સિદ્ધને ગણાવ્યા, તથા ગુરુતત્ત્વમાં આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુને ગણાવ્યા અને ધર્મતત્ત્વમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપને ગણાવ્યા છે, પરમેષ્ઠિમાં પ્રથમના પાંચ જ ગણાવ્યા છે જ્યારે આરાધ્ય નવે પદ છે, તો સહજ શંકાને સ્થાન છે કે પાછળનાં ચાર પદોને તે નવકારમાં કેમ ન ગણ્યાં ? પ્રથમનાં પાંચ પદો પરસ્પર ભિન્ન છે, પણ છેલ્લાં ચાર પદો એ પાંચે પદમાંના એક પણ પદથી ભિન્ન નથી. અરિહંતથી સિદ્ધ ભિન્ન છે, સિદ્ધથી આચાર્ય ભિન્ન છે, આચાર્યથી ઉપાધ્યાય ભિન્ન છે, ઉપાધ્યાયથી સાધુ ભિન્ન છે, પણ દર્શનાદિ ગુણો પાંચેમાંથી એકેથી પણ ભિન્ન નથી. જો એ ભિન્ન હોત તો પરમેષ્ઠિને આરાધવાનું રહેત નહીં. સાધુમાં ઉપાધ્યાયપણું, આચાર્યપણું, સિદ્ધપણું કે અરિહંતપણું નથી, છતાં એ સાધુપણું છે તે આરાધ્ય છે, ને તે સાધુપણું દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપ એ પદથી ભિન્ન નથી માટે જ આરાધ્ય છે !!! પ્રથમ પાંચ પદો (પરમેષ્ઠિ પદો) નું આરાધન એ કારણ છે, જ્યારે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર કાર્ય છે, અરિહંતાદિ પદ્ધ પંચકની આરાધનાથી મેળવવાનું શું ? દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ !!! આથી જ્યાં શ્રી અરિહંત દેવનાં જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, વિહાર, નિર્વાણ થયાં હોય ત્યાં (તે તીર્થભૂમિમાં) દર્શન, યાત્રા, સેવાપૂજા કરવાનું ખાસ વિધાન છે.

વસ્તુસ્થિતિ વિચાર્યા વિના ગોથું ખાય ત્યાં ઉપાય શો ?

તેમનાં દર્શનાદિથી સમ્યક્ત્વ ન હોય તો પ્રાપ્ત થાય, હોય તો નિર્મળ (વિશુદ્ધ) અને સુદૃઢ થાય એ કારણથી દર્શન વિધાન છે. પ્રભુની સેવાપૂજાદિ અનુષ્ઠાનો સમ્યક્ત્વની પ્રાપ્તિ, અને સ્થિરીકરણ માટે જ છે. તીર્થંકરના આગમની આરાધના સદ્જ્ઞાન માટે જ છે. પદાર્થમાત્રને કેવલજ્ઞાનથી જાણીને પ્રથમ તેના પ્રરૂપક પ્રભુ પોતે જ છે. જ્ઞાનની મૂળ જડ શ્રી તીર્થંકર છે. તેમના વચનો દ્વારાએ (આગમદ્વારાએ) જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. સાધ્ય તો કેવળજ્ઞાન છે એ વાત ખરી, પણ આત્માના બોધ માટે, જગતના ઉપકાર માટે, એક અપેક્ષાએ કેવળજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન ઊંચાપદે છે, અર્થાત્ અધિક સામર્થ્યવાન્ છે. તેથી જ શાસ્ત્રકારોએ શ્રુતજ્ઞાનને મોટામાં મોટું જ્ઞાન કહ્યું છે. મુંગાએ ખાધેલા ગોળ જેવું કેવળજ્ઞાન છે, અર્થાત્ ગોળ ખાવાથી મેળવેલો સ્વાદ મુંગો પોતે જાણી શકે છે પણ જગતને જણાવી શકતો નથી, તેવી રીતે લોકાલોકના પદાર્થો કેવળજ્ઞાનથી જણાય છે પણ શ્રુતજ્ઞાન વગર તે જણાવવામાં નિરૂપયોગી છે, અર્થાત્ જગતને જણાવી શકાતા નથી, સ્વ-પર સ્વરૂપને બતાવનારતો શ્રુતજ્ઞાન જ છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ પણ શ્રુતજ્ઞાન જ બતાવે છે. આ શ્રુતજ્ઞાન, યાવત્ કેવળજ્ઞાન પણ પામવાનું

અરિહંતાદિના આલંબનથી જ છે. અર્થાત્ પાંચે પરમેષ્ઠિની આરાધનાનું ધ્યેય દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપની પ્રાપ્તિ એ ચાર જ છે, એ પાંચ પરમેષ્ઠિમાં રહેલો ત્યાગ એ જો આપણું ધ્યેય ન હોય, આપણું ધ્યેય જો ભોગાદિ દુન્યવી સાહ્યબી હોય તો આપણને એ પરમેષ્ઠિવર્ગ આરાધવા લાયક નહીં રહે ! ચક્રવર્તી વિગેરે આરાધ્ય ગણાશે ! ! કેમકે દુન્યવી ભોગવિલાસ, સુખસંપત્તિ સત્તા આદિ સાહ્યબીની પરાકાષ્ઠા ચક્રવર્તીને જ છે. અરિહંતાદિ પાંચે પરમેષ્ઠિની સેવાદિ આરાધના ત્યાગને જ આભારી છે, તથા ત્યાગને માટે જ છે. ચૈત્યવંદનમાં છેલ્લે છેલ્લે પ્રણિધાનમાં માગણી કઈ કરો છો ? जय वीयराय । जगगुरु । होउ ममं तुहप्पभावओ भयवं । भवनिव्वेओ શું માગ્યું ? ભવનિર્વેદ ! ચારે ગતિરૂપ સંસારથી ઉદ્વેગ ! અર્થાત્ ભવનિર્વેદ એ શાસન મહેલની પીઠિકા છે. જો ત્યાગ ધ્યેય ન હોત તો આ માગણી ન હોત, પણ નવનિધાન, સ્ત્રીપુત્રાદિ પરિવાર, હાટહવેલી વિગેરેની માગણી હોત. 'ગૌતમ નામે નવે નિધાન' આવું ગૌતમસ્વામિના છંદમાં બોલીએ છીએ, ત્યાં નવનિધાનની માગણી નથી, પણ એમના નામથી નવેનિધાન આવી મળે છે એ રીતે એમના મહિમાનું યશોગાન છે. વસ્તુસ્થિતિ વિચાર્યા વિના કોઈ ગોથું ખાય ત્યાં ઉપાય શો ?

ભગવાનની પાસે માંગણી પણ 'ભવનિર્વેદ'ની જ કરીએ છીએ !!!

ભગવાનની પાસે છેલ્લે માગણી 'ભવનિર્વેદ'ની જ કરવામાં આવી. હવે વિચારો કે ધ્યેય શું છે ? જો ચારિત્ર ધ્યેય ન હોય તો એ પ્રાર્થના કેટલી કિંમતની ? શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ તો જણાવે છે કે ચારિત્રની ઇચ્છા વગરના મનુષ્યે કરેલી ભગવાનની પૂજા પણ જિનેશ્વરની પૂજા નથી, કારણ કે જો ભગવાનની પૂજા કરનારો મનુષ્ય, પોતે પૂજા કરીને ચૌદે રાજલોકના અભયદાનના માર્ગે સંચરવા ન ઇચ્છે તો તેમાં થયેલી છકાયની વિરાધના કોના નામે (કયા ખાતે) ગણાય ? સંયમના પાલન માટે સાધુ નદી ઊતરે છે તો એ હિંસા સંયમના પાલન ખાતે જાય છે, તેવી રીતે ઉપર જણાવ્યા મુજબ પૂજાનું ધ્યેય ભવિષ્યમાં પણ ચારિત્ર હોય તો તો પૂજાને અંગે થયેલી છકાયની વિરાધના તે ખાતે જાય નહીં તો ક્યા ખાતે જાય ? શ્રી જિનેશ્વરે પોતાનાં બહુમાન માટે પૂજા પ્રવર્તાવી નથી, અને જો તેમ ન હોય તો અર્થાત્ પોતાનાં બહુમાન માટે ભગવાન જિનેશ્વરે પૂજા પ્રવર્તાવી હોય તો જિનેશ્વરપણું ટકી શકે નહીં. અખિલ વિશ્વને છકાયની રક્ષાનો ઉપદેશ આપનાર પોતાની પૂજાને અંગે સ્વ-બહુમાનાર્થે છકાયની વિરાધનાની છૂટી રાખે તો દયાધર્મના ઉપદેશ ઉપર છીણી ફરે છે ! પણ તેમણે તે માટે (પોતાના બહુમાન માટે) પૂજા દ્વારાએ છૂટ આપી નથી. પ્રાણીમાત્ર પૂજા દ્વારાએ ત્યાગના પૂનિત પંથના પ્રવાસી થાય એ જ શ્રી જિનેશ્વર દેવનો પૂજાદિવિધિમાં ઉદ્દેશ છે. ચારિત્રની ભાવના પૂર્વક કરવામાં આવતી પૂજા તે ભાવસ્તસ્વરૂપ ચારિત્રના કારણરૂપ હોવાથી દ્રવ્યપૂજા છે, જ્યારે બીજી પૂજા માત્ર ગણવાની દ્રવ્યપૂજા છે. આ સ્થાને હજારો વખત પૂજા કરવા છતાં અમોને ચારિત્રની પ્રાપ્તિ કેમ ન થઈ આવી એવી શંકા જરૂર થશે ! પણ વિચારો કે હજારો વખત પૂજા કર્યા છતાં જો ચારિત્રની પ્રાપ્તિ ન થઈ તો તેને ગણતરીની પૂજા કેમ ન કહેવી ? છતાં હતાશ થવાની જરૂર નથી, મકાઈ થોડા દિવસમાં બહાર આવે છે જ્યારે બાજરી, ઘઉં, કઠોળ વિગેરેને બહાર આવતાં વાર લાગે છે. કેટલાંક કાર્યો એવાં હોય છે કે જેના પરિણામની પ્રસિદ્ધિ (પ્રાપ્તિ) માટે વધારે પરિશ્રમ (મહેનત) વારંવાર કરવાની અને વખતની જરૂર હોય છે.

જેઓને કાંઈ કરવું જ નથી તેઓને તો તમામ વાત ઊલટી જ પડવાની !!!

શાસ્ત્રીય નિયમ કે સમ્યક્ત્વ પામ્યા પછી નવપલ્યોપમની સ્થિતિ તોડે તો દેશવિરતિ પામે, તેમાંથી સંખ્યાતા સાગરોપમની સ્થિતિ તોડે તો સર્વવિરતિ પામે, તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ તોડે તો ઉપશમશ્રેણિ પામે, અને તેમાંથી પણ જ્યારે સંખ્યાતા સાગરોપમની સ્થિતિ તોડે ત્યારે જ ક્ષપકશ્રેણિ પામે; હવે કેટલાક દર્દી એવા હોય છે કે જેને ઊનું (ખાવામાં) આવે તો લોહી પડે અને ટાઢું ખાવામાં આવે તો વાયુ થાય છે. તેવી રીતે જેઓને કાંઈ કરવું જ નથી તેઓને બધું ઉલટું જ પડે છે. સમ્યક્ત્વમાં પણ રોજ પૂજાદિ કરવાં પાલવતાં નથી, દેશવિરતિમાં વ્રતપાલનાદિ કઠીન પડે છે, પછી સર્વવિરતિની તો વાત જ શી કરવી ? વળી, સર્વવિરતિની વાત આવે ત્યાં વળી કહી દે છે કે સંખ્યાતા સાગરોપમ સુધી દેશવિરતિ વિના સર્વવિરતિ સંભવે શી રીતે ? આવી વિરોધી કલ્પનાઓથી છેતરવાનું નથી. સર્વવિરતિ લેનારે સંખ્યાતા સાગરોપમ જેટલો કાલ દેશવિરતિ પાળવી જ જોઈએ એવો નિયમ નથી. ધ્યાન રાખજો કે સંખ્યાતા સાગરોપમની સ્થિતિ કહી છે તે કર્મની સ્થિતિ છે, પણ કાળની (સમયની) નથી; **સંખ્યાતા સાગરોપમની કર્મ સ્થિતિ તૂટતાં સાગરોપમો પણ જાય અને અંતર્મુહૂર્તમાં પણ તૂટી જાય પૂજા દેશવિરતિ વિગેરે સર્વવિરતિના કારણ ભૂત છે.** શાસ્ત્રકાર જણાવે છે કે **મોક્ષે ગયેલા જીવોમાં અસંખ્યાતમો ભાગ એવો છે કે જે દેશવિરતિ પામ્યો જ નથી.** ચોવીસ તીર્થંકરમાં, ચૌદ પૂર્વધર ગણધરોમાં કયાએ દેશવિરતિ લીધી છે ? દેશવિરતિ લીધા બાદ સર્વવિરતિ થયા હોય તેવો આમાં એક પણ નથી. મૂળ સૂત્રકાર જણાવે છે કે ચારિત્રથી પહેલાં પણ સમ્યક્ત્વ હોય અને સાથે પણ હોય; જ્યારે સમ્યક્ત્વ અને ચારિત્ર સાથે હોય ત્યારે તો દેશવિરતિ વચ્ચે હોય જ નહીં, તો પછી એમ કહી શકાય જ નહીં કે દેશવિરતિ વિના સર્વવિરતિ ન જ હોય. વળી ચારિત્રની જઘન્ય વય ગર્ભાષ્ટમ જેવી એટલે જન્મથી દા (સવા છ) વર્ષ માનવાથી પણ દેશવિરતિ કે શ્રાદ્ધપ્રતિમા વહનનો નિયમ મનાય નહીં. જો કે બધી પ્રતિમાનો જઘન્યકાલ માત્ર અહોરાત્રથી ઓછો છે, છતાં તેનો પણ આજન્મ બ્રહ્મચારી કે તેવા વૈરાગ્યવાળા માટે નિયમ નથી, આ પ્રસંગ સંકોચિત કરી મુખ્ય વાતમાં આવીએ.

દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપ આમાંથી એકેય સ્વતંત્ર આરાધ્ય નથી.

દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર ધ્યેય તરીકે-ફળ તરીકે છે, એના માટે જ પાંચ પરમેષ્ઠિને નમસ્કારાદિ છે, માટે એ પરમેષ્ઠિનું આરાધન એ દર્શનાદિના કારણરૂપ છે અને દર્શનાદિ ચાર પદોની વસ્તુઓ કાર્યરૂપ છે. અને માટે જ આ પદો ભિન્ન (જુદાં) કહેવાની જરૂર પડી. હીરા, મોતી, તથા સોનાનું તોલ ખરૂં, પણ હીરાના તેજનો, મોતીના પાણીનો તથા સોનાની ટચનો તોલ કોઈ દિવસ જુદો કર્યો ? ના ! હીરા વિગેરેની કિંમત તો તે જ, પાણી તથા ટચના આધારે અંકાય છે, છતાં તેનો તોલ જુદો હોત નથી, કારણ કે ગુણીને છોડીને ગુણ કોઈ દિવસ છુટો રહેતો નથી. પાંચે પરમેષ્ઠિની આરાધના ગુણીની આરાધના તરીકે છે અને ગુણીથી ગુણ ભિન્ન હોતા નથી માટે એમની આરાધનામાં દર્શનાદિ ચારે ગુણની આરાધના સમાયેલી જ છે. જેમ શિક્ષણનું બહુમાન શિક્ષિત દ્વારાએ છે, તેમ દર્શનાદિ ચારે પદોનું બહુમાન અરિહંતાદિ પાંચે પરમેષ્ઠિ દ્વારાએ છે. એ પાંચમાંનું દરેક પદ સ્વતંત્ર

આરાધ્ય છે. સાધુપણામાં ઉપાધ્યાયપણું, આચાર્યપણું, સિદ્ધપણું કે અરિહંતપણું નથી છતાંયે તે સ્વતંત્ર આરાધ્ય છે, તેવી રીતે ઉપાધ્યાયમાં અરિહંતપણું નથી, સિદ્ધપણું નથી, આચાર્યપણું નથી છતાંયે તે સ્વતંત્ર આરાધ્ય છે, એક એકના અભાવે પણ પાંચે પદ આરાધ્ય છે. પરમેષ્ઠિના પાંચે પદો સ્વતંત્રપણે સ્વસ્વરૂપે આરાધવા લાયક છે, પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપ એ સ્વતંત્રપણે આરાધ્ય નથી, શ્રી સુધર્મસ્વામિનું સમ્યગ્દર્શન ક્ષાયોપશમિક છે જ્યારે શ્રેણિકનું સમ્યગ્દર્શન ક્ષાયિક છે. કહો ! કોણ કોને વંદન કરે ? જો સમ્યક્ત્વ સ્વતંત્ર આરાધ્ય હોત તો ગણધરે શ્રેણિકને વંદન કરવું પડત, પણ તેમ નથી. ભગવાન શ્રી મહાવીરદેવના ચૌદ હજાર સાધુઓમાં અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે કેવળજ્ઞાની થોડા છે, બાકીના બધા મતિશ્રુતજ્ઞાનવાળા છે. જ્યારે સમકિતી દેવતા (ત્યાં રહે છે તે) ક્રોડો છે તે અવધિજ્ઞાનવાળા છે. જો જ્ઞાન ગુણ સ્વતંત્ર આરાધ્ય હોત તો મુનિઓએ દેવતાને વંદન કરવું પડત. પણ તેમ નથી. અર્થાત્ દર્શન માફક જ્ઞાનપણ સ્વતંત્ર આરાધ્ય નથી દર્શન તથા જ્ઞાન તો સ્વતંત્ર આરાધ્ય નહીં એ જોયું. પણ ચારિત્ર સ્વતંત્ર આરાધ્ય ખરૂં કે નહીં ? શ્રેણિકમાં તથા સમકિતી દેવતામાં દર્શન તથા જ્ઞાન છે પણ ચારિત્ર નથી. માટે તેઓ ચારિત્રવાળાને વંદન કરે છે. તેથી ચારિત્ર તો સ્વતંત્ર આરાધ્ય ખરૂં કે નહીં? હવે એ વિચારીએ ! ગણધરને ક્ષાયોપશમિક ચારિત્ર છે જ્યારે કેવળીને ક્ષાયિકભાવનું ચારિત્ર છે. તો ગણધરો કેવળીને વંદના કરે કે નહીં ? ચારિત્ર સ્વતંત્ર આરાધ્ય હોય તો કરે, પણ તેમ નથી. ઊલટા કેવળી ભગવંતો **"नमो तित्थस्स"** કહી તીર્થને નમસ્કાર કરે છે. અને તે ગણધરની પાછળ બેસે છે. જો ચારિત્ર એ સ્વતંત્ર આરાધ્ય હોય તો શ્રા તીર્થંકર સમક્ષ આ મોટો અન્યાય જ ગણાય કે ક્ષાયોપશમિક ચારિત્રવાળા ગણધરો આગળ બેસે અને ક્ષાયિક ચારિત્રવાળા કેવળીઓ પાછળ બેસે !!! સિદ્ધ થયું કે ચારિત્રપણ એકલું (સ્વતંત્ર) આરાધ્ય નથી. વળી અભવ્યો તથા મિથ્યાદૃષ્ટિઓને નવગ્રૈવેયક સુધીની લાયકાત મેળવી આપનાર ચારિત્ર ક્રિયા છે, પણ તે અભવ્યાદિકો આરાધ્ય મનાતા નથી. જો ચારિત્રની ક્રિયા માત્ર સ્વતંત્ર આરાધ્ય હોત તો તેઓ આરાધ્ય ગણાય; પણ તેમ ગણાતા નથી. મિથ્યાદ્રષ્ટિ પણે અભવ્યપણે માલમ પડ્યા પછી તેવા ચારિત્રવાળા છતાં કોઈ દિવસ આરાધ્ય ગણાતા નથી. હવે ચોથું તપપદ સ્વતંત્ર આરાધ્ય છે કે નહીં તે વિચારીએ ! ગૌતમસ્વામિ કરતાં ધનાજી વધારે તપસ્વી હતા. છતાં વંદન ધનાજી કરતા હતા કે ગૌતમસ્વામિ ? વંદના તો ગૌતમસ્વામિને ધનાજી કરતા હતા. માટે તપ પણ સ્વતંત્ર આરાધ્ય નથી. આવી રીતે પરમેષ્ઠિરૂપ પ્રથમનાં પાંચે પદો સ્વતંત્ર આરાધ્ય છે, પણ દર્શનાદિ ચાર પદો સ્વતંત્ર આરાધ્ય નથી. નવકારમાં પાંચ પરમેષ્ઠિમાત્રને કેમ લીધા અને નવપદમાં દર્શનાદિ પણ કેમ લીધા તે આથી સમજાશે. પાંચે પરમેષ્ઠિનું પૂજ્યપણું દર્શનાદિ ચારને કારણે છે. પાંચમાંથી એક પણ પદ દર્શન, જ્ઞાન, ચારિત્ર કે તપ વગરનું હોતું નથી. તપમાં છેવટે સમ્યગ્ધ્યાનરૂપ તપ પણ હોય છે. પાંચે પદને આરાધીને દર્શનાદિ ચારેગુણો, પ્રાપ્ત કરવાના છે, જેમ આંબા (આમ્રવૃક્ષ) પાસેથી આશા પણ કેરીની છે (લેવી પણ કેરી છે) અને આંબો પોતે પણ કેરીથી ઊભો થયો છે, તેવી રીતે અહીં પરમેષ્ઠિ પોતે દર્શનાદિથી પરમેષ્ઠિ બન્યા છે અને તેઓને આરાધી જે આપણે લેવાના છે તે જ દર્શનાદિ ચારે ગુણો !!!

સમ્યગ્દર્શનનું સ્વરૂપ.

આંબાને પાણી પાવા છતાં જેનો ચૈત્રમાસ ચકાવામાં જાય તેને ફલ શું મળે !, તેવી રીતે

પંચપરમેષ્ઠિ પાસેથી સમ્યગ્‌દર્શનાદિ ફળની અભિલાષા તો છે, પણ મોઢું સંતાડતા ફરીએ તો શું થાય? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચે ધ્યાન કરવા લાયક છે, આ પાંચે પરમેષ્ઠિ આત્માથી ભિન્ન છે, તેને મનની વિશુદ્ધિથી મનમાં લાવો અને આરાધો !!! સમ્યગ્‌દર્શનાદિ એ ધ્યેય પદાર્થો નથી, જ્યારે પરમેષ્ઠિ એ ધ્યેય છે, તો એ (પરમેષ્ઠિ) આત્મામાં ધારણ કરવા લાયક છે. ધારણા બે પ્રકારે છે. ભૂખ્યા થઈએ ત્યારે ભોજનની ધારણા કરીએ અને ભૂખ મટી એટલે ધારણા છોડી દઈએ, શું સમ્યગ્‌દર્શન માટે પણ તેમજ સમજવું ? ના, કેટલીક ક્રિયા નૈમિત્તિક હોય છે, જ્યારે કેટલીક ક્રિયા નિત્ય હોય છે. નિત્ય ક્રિયા અસ્ખલિત પણે નિત્ય હોય છે. નિત્ય ક્રિયામાં કારણની જરૂર નથી. ભોજનાદિ નૈમિત્તિક ક્રિયા છે, પણ શ્વાસ ક્રિયા વિના ક્ષણ પણ ચાલે તેમ નથી માટે તે નિત્ય ક્રિયા છે. તેવી જ રીતે સમ્યગ્‌દર્શન પણ નિત્ય ક્રિયા છે. શ્વાસ વિના ચાલે તો જ સમ્યગ્‌દર્શન વિના ચાલે શ્વાસની માફક જ નિરંતર સમ્યગ્‌દર્શન રૂપ રત્નદીપને મનભવનમાં ધારી રાખો !!!

સમ્યગ્‌દર્શનનું તાત્ત્વિક સ્વરૂપ.

તત્ત્વાર્થ શ્રદ્ધા એ સમ્યગ્‌દર્શનનું કાર્યપણે સ્વરૂપ છે. સમકિતીને તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા હોય છે. સમ્યગ્ દર્શન શ્રદ્ધા સ્વરૂપ છે ને તે શ્રદ્ધા મન પર નિર્ભર છે, તો મનનું ધ્યાન ચાલ્યું જાય તો શ્રદ્ધા નિત્ય રહે શી રીતે ? જો શ્રદ્ધા નિત્ય ન રહે તો દશન પણ નિત્ય નહીં રહે !!! મહાનુભાવ! સંસ્કારદ્વારાએ જે વસ્તુ રહેતી હોય તે વિચાર દ્વારાએ ન હોય તો પણ તે છે એમ માનવું પડે. ગૃહસ્થ આખો દિવસ પૈસા માટે જ દોડધામ કરે છે, પણ શું "પૈસો ! પૈસો !!" એવો જાપ જપતો દેખાયો? ના ! છતાં અંતઃકરણ તપાસો તો ખબર પડે કે પૈસાનો રંગ કેટલો પ્રસરેલો છે ! નહીં જેવો પૈસા જવા આવવાનો પ્રસંગ આવતાં તે કેટલો ઊંચો નીચો થઈ જાય છે !!! સમ્યગ્‌દર્શન એ તત્ત્વાર્થની પ્રતીતિ રૂપે આત્માનો ગુણ છે. જગતમાં કોઈ મતવાળો પોતે જે પદાર્થોને માને છે તેને જુઠ્ઠા જાણીને માનતો નથી. તત્ત્વભૂત પદાર્થોની જ્ઞપ્તિ ભાવ થકી બધાને છે, પણ તે પદાર્થો (જેને માને છે) તે તત્ત્વભૂત હોય તો તે પ્રતીતિ વાસ્તવિક છે, દુનિયાદારીમાં પણ પોતે સાચું માનવા માત્રથી સાચું છે મનાતું નથી પણ કાયદા મુજબ કે ખરી રીતે, જો સાચું હોય તો જ સાચું મનાય છે, તેવી રીતે અહિં પણ તે પ્રતીતિ સત્ય છે કે જે શ્રી સર્વજ્ઞદેવની વાણીને અનુસારે હોવાથી યથાસ્થિત હોય.

સમ્યક્‌ત્વરૂપ અનન્ય રત્નદીપકને મનભવનમાં ધારો !!! પ્રયત્નપૂર્વક તેનું સંરક્ષણ કરો !!!

હવે અહીં શંકા થશે કે તીર્થંકર તો એક પણ સૂત્ર બોલતા નથી, માત્ર અર્થ જ કહે છે. તો આ સૂત્રો સર્વજ્ઞનાં શી રીતે માનવાં ? આવી શંકા અસ્થાને છે. જેઓ મૂળને જ માનીએ પણ અર્થને ન જ માનીએ એવો કદાગ્રહ રાખે તેને જ આ શંકા થાય. મૂળ તથા અર્થ બન્નેને માનનાર માટે આવી શંકાને અવકાશ નથી. સર્વજ્ઞે કહેલ અર્થ અને ગણધરે ગૂંથેલું સૂત્ર બન્ને અમારે માન્ય છે, વારુ ! કવિતાની રચના ક્યારે થાય ? પદાર્થની કલ્પના વિચાર્યા પછી કે પહેલાં જ ? પદાર્થની કલ્પના વિચાર્યા પછીજ કવિતા રચી શકાય છે. તેવી રીતે તીર્થંકરે કહેલા પદાર્થો ગણધરોએ લક્ષ્યમાં લીધા પછી જ

સૂત્રમાં ગુંથ્યા. આગમ એ તીર્થકરનાં વચનોનો રિપોર્ટ છે, જેઓ રીપોર્ટને માને અને લેકચરને ન માને તેની દશા કઈ ? શ્રી સર્વજ્ઞે પ્રરૂપેલ, પ્રગટપણે કહેલા આગમોથી પ્રતિપાદિત જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ !!! સમ્યક્ત્વ એ દીપક સમાન છે. સૂર્યથી બીજો સૂર્ય ઉત્પન્ન થશે નહીં, ચંદ્રથી બીજો ચંદ્ર નીપજશે નહીં, પણ એક દીવો તો હજારો દીવાને પ્રગટ કરી શકે છે. તેથી અહિં દીપકની ઉપમા કહી, હવે દીવામાં મોટી પંચાત છે કે જ્યાં સુધી વાટ (દીવેટ), કોડીયું (પાત્ર) અને દીવેલ (ઘૃત તેલ વિગેરે) હોય ત્યાં સુધી દીવો એ ત્રણે ન હોય તો દીવો નહીં ! તેવી રીતે મન-મંતવ્ય-આગમ હોય ત્યાં સુધી સમ્યક્ત્વ મન પલટાયું, આગમ મૂક્યાં (આગમની શ્રદ્ધા મૂકી) તો સમ્યક્ત્વ રહેશે નહીં. પણ સમ્યગ્-દર્શન રૂપી રત્નદીપકને, દીવેલ, દીવેટ કે કોડીયાની જરૂર નથી; મન જોડે હોય તો ઝબકે, મન ન હોય તો સ્વરૂપ ઝબકે નહીં. સમ્યક્ત્વ રૂપી દીપકને મન રૂપી ભવનમાં ધારણ કરો !!! દીવેલના દીવાને પાણી, પવન વિગેરે પ્રતિકૂળ છે, બુઝાવી શકે છે, પણ રત્નદીપક ઉપર પાણી પવન વિગેરેનું જોર ચાલતું નથી, તેમ સમ્યગ્દર્શન રૂપી રત્નદીપક ધારણ કરનારને કુશાસ્ત્ર તથા કુધર્મીની મિથ્યાત્વની અસર થતી નથી, માટે તેવા અદ્વિતીય રત્નદીપકને મનભવનમાં યત્નપૂર્વક અહર્નિશ ધારણ કરો !!! દીવેલના દીવાને જેમ પવન તથા પાણીથી બચાવવો પડે છે તેમ રત્નના દીવાને ચોરોથી, કુટુંબથી, શહેરીઓથી બચાવવો પડે છે. અહીં તો ઘરના દુશ્મન જાગશે ! ઘરના દુશ્મનથી બચી શકો તો જ રત્નનો દીવડો રાખી શકો! દેવ, ગુરુ, ધર્મને માનવા; જિનેશ્વર ને દેવ, નિર્ગ્રંથને ગુરુ તથા જિનપ્રણીત ધર્મને ધર્મ માનવો આટલા ચાલુ વ્યવહાર રૂપ સમ્યક્ત્વ દીપક ઉપર તો અન્યતીર્થિરૂપ પવન પાણી વિગેરેનો ઉપદ્રવ છે, પણ યથાર્થ પ્રતીતિ કરાવનાર તત્ત્વાર્થ પ્રતીતિરૂપ રત્ન દીપક ઉપર તો સ્થાનક વાસી જૈન, દીગંબર જૈન વિગેરે ઘરના લુટારાનો ઉપદ્રવ છે, માટે સર્વજ્ઞે કહેલ પદાર્થ એક પણ શ્રદ્ધા વગરનો હોવો જોઈએ નહીં. આવા દીપક માટે એક જ આધાર છે ને તે એ કે શાસ્ત્ર શું કહે છે ? એ જ જોવાનું !!! ઇંદ્રભૂતિએ પચાશ વર્ષ પોતાની ઇચ્છા મુજબનો ધર્મ આદર્યો, પણ ભગવાન મહાવીર મળ્યા એટલે પચાસે વર્ષના પ્રવર્તન પર પાણી!!! સમ્યગ્દર્શન રૂપી દીપકને ધારણ કરનારાએ સર્વજ્ઞે કહેલુંજ માનવું પડે !!! શ્રી રત્નશેખરસૂરિજી ફરમાવે છે કે આવા અનન્ય રત્ન દીપકને નિર્મળ મનભવનમાં ધારી રાખો !!! સમ્યગ્દર્શન એટલે શુદ્ધ માન્યતા, પણ તે જાણ્યા વગરની નકામી, માટે જ્ઞાનની જરૂર છે; તે જ્ઞાનના સ્વરૂપાદિ માટે અગ્રે વર્તમાનઃ



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૧૯૪- રાઈતું કરવામાં દહીંને કેટલું ગરમ (હાથ દાઝે તેટલું કે ફાટી જાય તેટલું !) કરવું કે જેથી કઠોળ મળવાથી દ્વિદળ ન થાય ?

સમાધાન- શીતપણું સ્પષ્ટ ન રહે. અર્થાત્ ઉષ્ણસ્પર્શવાળું થાય.

પ્રશ્ન ૧૯૫- ઉપધાનના પોસહ પડિલેહણ આદિના આદેશો આપ્યા પછી અનુષ્ઠાનની ક્રિયા જ્યારે શરૂ કરીએ ત્યારે ઈરિયાવહીયાની જરૂર ખરી કે પ્રથમની ઈરિયાવહીથી ચાલે ?

સમાધાન- ક્રિયાભેદની અપેક્ષાએ જરૂર ખરી. સાધુઓ પડિલેહણ આદિ કરીને પવેયણા માટે ઈરિયાવહી કરે છે.

પ્રશ્ન ૧૯૬- મુટ્ઠીસહીઅં પચ્ચખ્ખાણ પારવામાં 'ફાસિયં, પાલિયં' વિગેરે આદેશો બોલીને મુઠ્ઠસી પચ્ચખ્ખાણ પાળવું કે માત્ર નવકારથી ચાલે ?

સમાધાન- આદેશો બોલીને પરાય તો સારું નવકારથી પણ ચાલે.

પ્રશ્ન ૧૯૭- મુઠ્ઠસી પચ્ચખ્ખાણ પાર્યા પછી પૌષધવાળો જ્યારે જ્યારે પાણી વાપરે ત્યારે ત્યારે નવકારની જરૂર ખરી કે. કેમ ?

સમાધાન- સ્મરણ માટે ભલે નવકાર ગુણે, છુટો હોવાથી. પચ્ચખ્ખાણને પારવા માટે કે તેને અંગે જરૂર નથી.

પ્રશ્ન ૧૯૮- નલીનીગુલ્મ વિમાન કયા દેવલોકમાં આવ્યું ? ને ત્યાં સાધુપણાથી જ જવાય એમ કેમ?

સમાધાન- પ્રાયે સેનપ્રશ્નના કથનપ્રમાણે સૌધર્મદેવલોકમાં નલિનીગુલ્મ વિમાન છે. આર્ય સુહસ્તિસૂરિજીએ અવન્તી સુકુમાલને નલિનીગુલ્મમાં જવા માટે સાધુપણું કારણ તરીકે જણાવ્યું, તેનું કારણ એમ સમજાય છે કે બારે દેવલોકે સમકિતી ને દેશવિરતિવાળા જઈ શકે છે, છતાં અવન્તીસુકુમાલનું જીવન તે વખતે એક દિવસનું બાકી હતું, ને તેટલા કાલમાં તે સ્થિતિ મેળવવા માટે 'एगदिवसंपि अवस्स वेमाणिओ होइ' એ ઉપદેશમાલાની ગાથા પ્રમાણે સાધુપણું જ જરૂરી હોય ને તેથી તેમ કહ્યું હોય.

પ્રશ્ન ૧૯૯- સાધુને ખાવામાં નિર્જરા છે કે કેમ ? जयं चरे जयंचिट्ठे એ ગાથાથી શું સમજવું ?

સમાધાન- ખાવામાં આશ્રવ છે, તેરમા ગુણસ્થાનક સુધી આશ્રવ છે, પણ ખાતાં સ્વ-પરના વિવેકપૂર્વક કર્મબંધથી ડરતો રહે તો નિર્જરા વધે. જેમ વેપારીને દુકાન વિગેરેનું ખર્ચ ચાલુ છે પણ જોશભેર આવકમાં ખર્ચ ખર્ચ રૂપે ગણાતું નથી; અર્થાત્ આવક રૂપ નિર્જરામાં આશ્રવરૂપ ખર્ચ તે ખર્ચ રૂપ નથી, એટલે આશ્રવ ને નિર્જરા બન્ને થાય ખરા, પણ સંયમનિર્વાહ અલોલુપતા કર્મભય આદિથી થતી નિર્જરા વધી જાય, દશ વૈકાલિકની जयं चरे जयंचिट्ठे એ ગાથા તો કટુવિપાક રૂપ કર્મબંધનના નિષેધ માટે છે.

પ્રશ્ન ૨૦૦- પાંચ સ્થાપનાનું કારણ શું ?

સમાધાન- પ્રતિક્રમણની ક્રિયામાં દેવવંદનાદિની વખતે પંચ પરમેષ્ઠિ ગણાય ને બાકીના ટાઈમે પાંચ આચારો અથવા ગણધરો પૈકી પાંચમા શ્રી સુધર્મસ્વામિજીની મુખ્યતા લેવાય.

પ્રશ્ન ૨૦૧- તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી તેનો અબાધાકાલ તો અંતમુહૂર્તનો છે, જ્યારે જિનેશ્વરોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તેનો ઉદય તો તેરમે ગુણઠાણે આવે છે, તે કેવી રીતે ? કારણ કે તીર્થંકર નામ કર્મ બાંધ્યા પછી વચમાં ઘણો કાલ વીતી જાય છે ?

સમાધાન- બાંધ્યા પછી અંતર્મુહૂર્તે ઉદય થાય એટલે તે પછી જે જે ભવમાં જાય ત્યાં ઉત્તમતા વેદે એટલે તે ઉદયમાં પ્રદેશની મુખ્યતા અને રસની ગૌણતા, શ્રીપ્રશ્નચિંતામણી આદિ ગ્રંથમાં જણાવે છે કે અપકાયમાં તે જીવ જાય તો ઉત્તમતીર્થના પાણીમાં જાય તેમજ તેઉમાં હોય તો પ્રભુમંદિરમાં દીપકાદિ રૂપે અને વાઉ આદિમાં હોય તો પ્રભુના અંગે સ્પર્શે અને વનસ્પતિમાં જાય તો કલ્પવૃક્ષાદિમાં જાય પણ જગતના ઉદ્ધારની ભાવનાએ બાંધેલ હોવાથી તે તો શક્તિ અને પ્રવૃત્તિ તેરમે ગુણઠાણે છે ને ત્યાં જ ફળરૂપે પ્રાપ્તિ છે, ત્યાં રસ ને પ્રદેશ બન્નેની મુખ્યતા છે.

પ્રશ્ન ૨૦૨- અભવી અભવ્ય તથા ભવ્યની પ્રરૂપણા કરે કે નહીં ?

સમાધાન- તે ભવ્ય અભવ્ય મોક્ષ આદિ સર્વ વિષયોની પ્રરૂપણા કરે, પણ તે હૃદયગત માને નહીં; શાહુકાર બની બેઠેલ ચોર જેમ શાહુકારી ને ચોરીનું વર્ણન કરે, તે પ્રમાણે અભવી પણ સર્વવિષયોની પ્રરૂપણા કરે.

પ્રશ્ન ૨૦૩- સમ્યક્ત્વ એટલે શું ?

સમાધાન- તત્ત્વાર્થની સદ્દહણા તત્ત્વની શ્રદ્ધા તે સામાન્યે સમ્યક્ત્વ છે પણ તત્ત્વને સંગત અર્થ અને તેના રહસ્યમાં તદ્રૂપ વર્તવાના મનોરથ તે સંવરાદિરૂપે સમ્યક્ત્વઃ સ્વ. (રત્નત્રયી)ની રૂચિ, ને પરની અરૂચી હોવી જ જોઈએ.

પ્રશ્ન ૨૦૪- જેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું અને સંયોગવશાત્ વિખરાઈ ગયું તો તે ફરીથી બાંધે ?

સમાધાન- હા, બાંધે.

પ્રશ્ન ૨૦૫- બારે દેવલોકમાં વનપતિ અને જ્યોતિષમાં પ્રતિમાઓનાં માન સરખાં છે કે ન્યૂનાધિક ?

સમાધાન- ત્યાં જઘન્યમાં સાત હાથ, અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્ય પ્રમાણવાળી મૂર્તિઓ હોય છે.

પ્રશ્ન ૨૦૬- દિગમ્બરની માન્યતા શી છે ? અર્થાત્ મુખ્યતયા ભેદ શો છે ?

સમાધાન- દિગમ્બરોની મુખ્ય માન્યતા એ છે કે સ્ત્રીને સ્ત્રીલિંગપણામાં સિદ્ધિ નથી, કેવળી આહાર કરે નહીં, દેશનાને ધ્વનિ માત્ર માને છે. શાસ્ત્રોમાં વર્તમાન તીર્થંકર કે ગણધરનું કાંઈ નથી એમ માને છે, ઉપકરણ માનતા નથી. અર્થાત્ ઉપકરણ ને અધિકરણ માને છે.

પ્રશ્ન ૨૦૭- સમ્યક્ત્વ પછી નવકારમંત્ર ગણે તો કેટલા સાગરોપમ તૂટે ? અને સમ્યક્ત્વ વગર ગણે તો કેટલા સાગરોપમ તૂટે ?

સમાધાન- સ્પષ્ટ ઉલ્લેખ શાસ્ત્રમાં નથી.

પ્રશ્ન ૨૦૮- મોક્ષના ધ્યેયથી થતું ચારિત્ર ભાવચારિત્ર જ છે, પણ પૌદ્ગલિક ઇચ્છા આવી જાય તો શું ભાવચારિત્ર નથી ?

સમાધાન- આત્મકલ્યાણનું ધ્યેય ચૂકીને જો પૌદ્ગલિક ઇચ્છા થાય તો તે દ્રવ્યચારિત્ર કહેવાય, મોક્ષમાર્ગના ધ્યેયથી આહાર ઉપાશ્રય, ઉપધિ, વિગેરેની ઇચ્છાએ અગર તપશ્ચર્યાદિકે કરીને શરીરસંઘ આદિનું રક્ષણ માટે કરાય તે દ્રવ્ય ચારિત્ર કહેવાય નહીં.

પ્રશ્ન ૨૦૯- શું પુણ્ય એ વસ્તુતઃ વળાવા રૂપ છે, અને જો વળાવા રૂપ હોય તો ઝંખના કરવી તે સ્થાને છે ?

સમાધાન- મોક્ષના ધ્યેયવાળો સંવર નિર્જરા માટે નિરંતર ઉદ્યમી હોય અને તેને યોગ્ય પુણ્ય પ્રકૃતિ આપોઆપ આવે છે. રાજાનો સંઘ નીકળ્યો એમ સાંભળીને જેમ લોકો ગામેગામ સગવડ કરે અને સર્વસરંક્ષણ વગર માગે મળે, મોક્ષના ધ્યેય વગરના તથા મોક્ષની લાયકાત વગરના ભવ (દેવતા નારકી વિગેરે)માં રહેલા જીવોને મનુષ્યપણાદિકના કારણભૂત પુણ્ય પ્રકૃતિની ઝંખના જરૂરી છે, જેમ નજીવા માણસના સંઘમાં વળાવા, તેમજ બીજી સગવડોની પહેલેથી જ ગોઠવણની જરૂર પડે છે. તેવી રીતે સંવર-નિર્જરાના ધ્યેય વગરના લોકો પુણ્યરૂપ વળાવાની ઝંખના કરે છે.

પ્રશ્ન ૨૧૦- અજ્ઞાનતાથી લીધેલી દીક્ષામાં લાભ શો ?

સમાધાન- અજ્ઞાનતાથી ગોળ ખાય તો પણ ગળ્યો લાગે, અણસમજથી ઝેરને તિલાંજલિ આપે તો જીવે, તેવી રીતે અજ્ઞાનતાથી પણ કલ્યાણકારી દીક્ષા જરૂર ફાયદો કરે છે.

પ્રશ્ન ૨૧૧- દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય અને તે નિરૂપણ કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન- પુત્ર પતિ આદિના મરણથી કે તેવા અનિષ્ટ સંયોગથી વિખવાદ પૂર્ણ આત્મહત્યાદિ કરાવનાર કર્મક્ષયની બુદ્ધિ વિનાનો વૈરાગ્ય તે દુઃખ ગર્ભિત કહેવાય ને તેનું સ્વરૂપ શ્રી હરિભદ્રસૂરિજીના અષ્ટકમાં તથા શ્રીમદ્ ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત શ્રી અધ્યાત્મસારગ્રંથમાં દંભ ત્યાગના અધિકારમાં વર્ણન છે.

પ્રશ્ન ૨૧૨- અઢીદ્વીપમાં જ્યારે માણસો સંખ્યાતા છે ત્યારે અસંખ્યાતા મોક્ષે ગયેલાની ગણતરી કઈ રીતે ?

સમાધાન- પેઢીની પરંપરાએ ગણવાથી; અર્થાત્ આદ્ય ધર્મપ્રવર્તક ભગવાન ઋષભદેવથી માંડીને અત્યાર સુધી થયેલા માણસોની પેઢી પરંપરાથી ગણતરી કરીએ તો પેઢીયો ને મનુષ્યો અસંખ્યાતા થઈ જાય છે.

પ્રશ્ન ૨૧૩- જાવજજીવ શેરડી ત્યાગ હોય તો તે વરસીતપનાં પારણે શેરડીનો રસ વાપરે કે નહીં? અગર શું વાપરે ?

સમાધાન- સાકરનું પાણી વાપરે, શેરડીનો રસ ન વાપરે.

પ્રશ્ન ૨૧૪- એકને નુકશાન થાય પણ સોને ફાયદો થાય તે કરાય કે એકને ફાયદો થાય અને સોને નુકશાન થાય તે કરાય ?

સમાધાન- બન્ને કરાય; વ્યક્તિ, પ્રસંગાદિ લાભ હાનિ જોઈ વિચારી કરવા લાયક હોય તે કરાય. એક કોહિનૂર છે અને બીજી તરફ એક લાખ પાઈ છે, સંખ્યા ચ્હાય જેટલી નાની છે પરંતુ હીરાના ભોગે લાખ પાઈનું રક્ષણ ન કરાય, પણ રક્ષણ એક હીરાનું જ કરાય. તેવી રીતે એક સ્ત્રી અબ્રહ્મની યાચના કરે તે મારી ઈચ્છા નહીં પૂરી કરો તો હું જીભ કચડીને મરી જઈશ એમ કહે છતાં ત્યાં તેની વિષયની ઈચ્છાના ભોગે નવ લાખ આદિ જીવોને બચાવાય પણ તે સ્ત્રીની ઈચ્છાને આધીન થઈ શકાય જ નહીં.

પ્રશ્ન ૨૧૫- નવદીક્ષિત સાધુ સંસારી-કાર્યવાહી તરફ નજર કરે, ધ્યાન આપે તો શી સ્થિતિ થાય? અને તે સંબંધમાં શાસ્ત્રસંમત દ્રષ્ટાંત આપશો ?

સમાધાન- જ્ઞાતાસૂત્રમાં જિનરક્ષિત ને જિનપાલિત, બન્ને ભાઈઓનું દ્રષ્ટાંત સુપ્રસિદ્ધ છે. બન્ને ભાઈઓ ફરવા નીકળ્યા, જંગલમાં આવી પહોંચ્યા, ભૂલા પડ્યા, એક દેવી મળી અને હાવભાવથી ભોળવી બેયને આવાસમાં લઈ ગઈ. ત્યાં તેમની સાથે વિષયક્રીડા કરે છે. ત્રણ દિશામાં રહેલા ત્રણ બગીચામાં ફરવાની દેવીએ તે બન્નેને છૂટ આપી છે, ચોથી દિશામાં જવાની મનાઈ કરી છે, બલ્કે આગળ વધીને તે દેવીએ કહ્યું છે કે 'જો એ દિશામાં જશો તો મારી નાંખીશ.' એવી ધમકી આપી છે. કેટલાક વખત પછી તેઓ મનાઈ કરેલા માર્ગે ગયા, ત્યાં મનુષ્યોનાં શબ (મડદાં) જોયાં, ભય લાગ્યો, આગળ જતાં પુણ્યોદયે બચાવનાર યક્ષ મળ્યો, તેણે દેવીનું ઘાતકી સ્વરૂપ કહ્યું, બે ભાઈઓએ બચવા માટે વિનંતી કરી, તે યક્ષ એમને પીઠપર બેસાડી લઈ જાય છે. સૂચના આપી છે કે દેવી આવશે, પણ તેના સામું જોશો નહીં, જોશો તો ત્રિશૂલથી મારી નાખશે.

દેવી આવે છે, ભેદનીતિથી (કાલાવાલા રૂદન વિગેરેથી) કરગરે છે, જિનરક્ષિત દૃઢ રહે છે, જિનપાલિત મોહ પામી પાછું જુએ છે, જિનપાલિતનું મૃત્યુ થાય છે, જિનરક્ષિત સહીસલામત ઈષ્ટ સ્થળે પહોંચે છે; તેવી રીતે નવદીક્ષિત સંસારીઓના કાલાવાલા તરફ નજર કરે અને ધ્યાન આપે તો પરિણામથી ચલિત થઈ જિનપાલિતની માફક ચારિત્રથી ચુકે અને ભાવમરણને શરણ થઈ ચતુર્ગતિ સંસારમાં ડૂબે.

પ્રશ્ન ૨૧૬- દીક્ષા લેવા આવનારા અનેક રીતે (સર્વથા) તૈયાર હોય છતાં સાધુ દીક્ષા ન આપે ને તે સાધુ ઉમેદવારને જેટલા સમય સંસારમાં રોકાવાનું કહે તેટલા સમયનું પાપ લાગે કે નહીં ?

સમાધાન- લાગે છે.

પ્રશ્ન ૨૧૭- પોતાની દીક્ષા આપવાની તેવી શક્તિ ન હોય તો ?

સમાધાન- આશ્રવનો નિષેધ નહીં કરવા રૂપ અનુમોદન પાપ લાગે છે, શક્તિ કેળવવી જોઈએ.

પ્રશ્ન ૨૧૮- શક્તિ ન કેળવી હોય અને ન આપે તો ?

સમાધાન- ન આપનાર અત્યંત બળાપો કરે ત્યાં સુધી સમ્યક્ત્વ રહે અને બળાપો કરનારને ન દીક્ષા લેનાર તરફની સંસારની પાપ પ્રવૃત્તિની અનુમોદના લાગે, પણ જેઓ બળાપા કરતા નથી, કરનારની નિંદા કરે છે તેઓ સમ્યક્ત્વથી પણ પતિત થઈ જાય છે.

પ્રશ્ન ૨૧૯- યથાશક્તિ શબ્દ કયા પ્રસંગે જોડાય ?

સમાધાન- નિર્જરાના સાધનમાં શક્તિ વિચારાય, પણ પાંચમહાવ્રતને અનુસરતી દીક્ષાના સંબંધમાં શક્તિના વિચારની જરૂર નહોય, અર્થાત્ યથાશક્તિ શબ્દનો પ્રયોગ કરાય તે ચાલે નહીં.

પ્રશ્ન ૨૨૦- વૈરાગ્ય ક્ષાયોપશમિક કે ક્ષાયિક જોઈએ (દીક્ષા લેનારમાં !) દીક્ષા લેવા આવનાર પક્કો હોવો જોઈએ કે નહીં ?

સમાધાન- તેરમા ગુણઠાણા વગર બધે વૈરાગ્ય ક્ષાયોપશમિક હોય છે, અને તેથી દીક્ષા લેવા આવનારા કાચા જ હોય. સત્સંગથી પરિણામ વૃદ્ધિએ જ પાકા થાય.

પ્રશ્ન ૨૨૧- ૧૮ દોષ સિવાય સંસારની પૂર્વસ્થિતિ ખરાબ હોય તેવા માટે થોભવાનું ખરું કે નહીં?

સમાધાન- ના ! જરાયે નહીં ! ! પડવાના નિશ્ચિત ભયવાળા નંદિષેણ, મરીચિ, આર્દ્રકુમાર વિગેરેને ભગવાને પોતે દીક્ષા આપી તો અમારાથી તો હરેક સમયે કોઈને પણ આપી શકાય એમાં વાંધો શો ?

પ્રશ્ન ૨૨૨- બાધા શું કામ કરે ?

સમાધાન- રાજ્યના સામાન્ય સિપાઈ, બેલીફ અને સ્ટાંપ વગર નિર્માલ્ય લ્હેણું વસુલ ન થાય તો પછી અક્ષય ખજાનાની પ્રાપ્તિ માટે નિયમ-બાધા વિગેરેની બરોબર તૈયારી કેમ ન જોઈએ ?

પ્રશ્ન ૨૨૩- અન્ય કોમનો મનુષ્ય જૈનધર્મ અંગિકાર કરે તેને જાતિભેદ તરીકે સાધર્મિક વાત્સલ્યમાં ન જમાડાય તે યોગ્ય છે ?

સમાધાન- ધાર્મિક દૃષ્ટિએ એ યોગ્ય નથી. એ મનુષ્ય નવા ધર્મમાં જવાથી પોતાની કોમથી હડધૂત થાય અને અત્રે પુરતું આશ્વાસન ન મળે એ અનુચિત છે, તેવી ગોઠવણની ખાસ જરૂર છે, પણ વ્યવહાર થઈ શકે તેવી જાતિ સાથે તે વખતે જાતિસંબંધ જોડાય તેમાં હરકત નથી.

પ્રશ્ન ૨૨૪- ઉપદેશ અને આદેશમાં ફેર શું ?

સમાધાન- સાધુ ઉપદેશ સુધી અધિકારી છે. આદેશનો પ્રસંગ થાય ત્યાં મન, વચન, કાયાથી કરવા, કરાવવા, અનુમોદવાથી અટકે, ન અટકે તો વિરાધનામાં ઉતરવું પડે, કરવા લાયક છે એમ કહેવું તે ઉપદેશ અને કર એમ કહેવું તે આદેશ.

પ્રશ્ન ૨૨૫- છ છીંડીથી સમ્યક્ત્વ રહે તો પછી તેવા કાર્યમાં દોષ શેનો ?

સમાધાન- પ્રતિજ્ઞાભંગ ન થાય. દોષ તો લાગે, કારણ કે અન્નત્થારણાભોગેણં આગાર રાખેલ હોવાથી તે રીતે પચ્ચખ્ખાણ છે, છતાં પચ્ચખ્ખાણવાળો ઉપયોગ વગર વસ્તુ મોંમાં નાંખે તો આલોયણ અપાય છે, તેવી રીતે છીંડીવાળાઓ ઉપયોગ રાખે તો પણ શુદ્ધિની જરૂર છે.

પ્રશ્ન ૨૨૬- પંચાંગી સહિત સૂત્ર માનવાં એ શેમાં છે ?

સમાધાન- શ્રી ભગવતીજી સૂત્ર ૨૫મું શતક ૩ જો ઉદેશ, શ્રી ઠાણાંગજી, શ્રી અનુયોગદ્વ, શ્રી પ્રતિમાશતક. વગેરામાં પંચાંગી માનવાનું સ્પષ્ટ કહેલ છે.

પ્રશ્ન ૨૨૭- વ્યાકરણ, કાવ્ય અને કોષનું પઠન કર્યા વગર શાસ્ત્રના અર્થો કરવાથી શું મૃષાવાદ દોષ લાગે ?

સમાધાન- હા, વ્યાકરણ, કાવ્ય અને કોષ વિગેરે ગ્રંથનું પઠન (અભ્યાસ) ન કર્યું હોય, કથંચિત્ કરેલ હોય પણ તેના નિયમો ઉપસ્થિત ન હોય અને શાસ્ત્રના અર્થો અથવા તેની ચર્ચા કરે તો મૃષાવાદ દોષ લાગે. સાચો અર્થ પણ જો વ્યાકરણ, કાવ્ય, કોષ પરિભાષા કવિઓની રૂઢીઓ ધ્યાનમાં રાખીને કરે તો જ મૃષાવાદથી બચે, માટે મૃષાવાદવિરમણ મહાવ્રતના ખપીએ ઉપરની હકીકત ખાસ ધ્યાનમાં લેવા લાયક છે.

પ્રશ્ન ૨૨૮- સ્વદર્શનીઓ ને પરદર્શનીઓ તરફથી થતા ઉપદ્રવો સહન કરવાથી ન્યૂનાધિક નિર્જરા થાય છે એ બિના કયા ગ્રંથમાં છે ?

સમાધાન- શ્રી જ્ઞાતાજીસૂત્રના મૂલમાં આરાધક અને વિરાધકની ચૌભંગી નીચે પ્રમાણે કહી છે, તે ઉપરથી નિજરાની ન્યૂનાધિકતા જણાશે.

૧ જે સાધુ અથવા સાધ્વી સ્વદર્શની (જૈનધર્મી) તરફથી થતા તમામ ઉપસર્ગો સહન કરે અને પરદર્શની (અન્યદર્શનવાળા માત્ર)ના ઉપદ્રવો સહન ન કરે તો વધુ આરાધક અને અંશે વિરાધક થાય.

૨ જે સાધુ અથવા સાધ્વી સ્વદર્શનીથી થતા ઉપદ્રવો સહન કરે નહીં અને પરદર્શની તરફથી થતા સમગ્ર ઉપદ્રવો સહન કરે તે ઘણે ભાગે વિરાધક અને અંશે આરાધક થાય.

૩. સ્વદર્શની તથા પરદર્શની બન્ને તરફથી થતા ઉપદ્રવોને જે સાધુ સાધ્વી સહન કરે તે સર્વ આરાધક થાય, અંશે પણ વિરાધક થતા નથી.

૪. જે સાધુ સાધ્વી એક પણ દર્શનિના (સ્વ-પર) તરફથી તથા ઉપદ્રવોને સહન કરે નહીં તે સર્વથા વિરાધક થાય.

ઉપર કહેલી ચૌભંગી બરાબર વિચારીને આરાધક થવાની ઇચ્છાવાળાએ સહનશીલતા કેળવવામાં ઉજમાલ થવું.

પ્રશ્ન ૨૨૯- દેવતાઓ ચ્યવીને તેઉકાય અને વાયુકાયમાં જાય નહીં, અને વનસ્પતિકાય,-અપકાય (પાણી), તથા પૃથ્વીકાયમાં જાય એનું કારણ શું ?

સમાધાન- વાયુકાય અને તેઉકાય એ બેની ઉપર દેવતાઓને આસક્તિ થવાનો સંભવ જ નથી, કારણ કે અ બે વસ્તુઓ તિહાં સુખના વ્યવહારમાં છે નહીં માટે એ બેમાં જાય નહિં; પણ ઉત્પલાદિમાં, વાવડીઓના પાણીમાં, અને રત્ન આભૂષણાદિ પૃથ્વીકાયમાં, ચ્યવતી વખતે મમતા રહે તો ચ્યવીને ત્યાં જાય. એમાં જવાનું કારણ મુખ્યતાએ મમતા છે.

પ્રશ્ન ૨૩૦- ક્ષાયિક સમકિતી શ્રીકૃષ્ણવાસુદેવ કેટલે ભવે મોક્ષે જવાના ?

સમાધાન- કૃષ્ણ ક્ષાયિક સમકિતી હતા પણ તેમના ભવ શ્રી વાસુદેવહિંડી નામના ગ્રંથમાં પાંચ કહેલા છે અને શ્રી હેમચંદ્રમહારાજે કરેલા શ્રીનેમિચરિત્રમાં ત્રણ ભવ કહ્યા છે તેથી એમાં ખરું તત્ત્વ કેવલીગમ્ય છે. શ્રી વીરવિજયજી પ્રશ્નોત્તરમાં તેને મળક્ષય ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે અને શુદ્ધ ક્ષાયિક નહોતું એમ કહે છે. ત્રણ ભવનો નિયમ શુદ્ધક્ષાયિક સમ્યક્ત્વવાળાને માને છે.

પ્રશ્ન ૨૩૧- દેવતાઓ ચ્યવીને કઈ ગતિઓમાં જાય ?

સમાધાન- દેવતાઓ ચ્યવીને મનુષ્ય અને તિર્યંચ એ બે ગતિમાં જ જાય.

પ્રશ્ન ૨૩૨- દેવલોકમાં ઘોડા, હાથી, પાડા આદિક તિર્યંચો ખરા કે નહીં ?

સમાધાન- ન હોય, દેવલોકમાં ઘોડા, હાથી વિગેરે તિર્યંચોનું શાસ્ત્રોમાં જે વર્ણન આવે છે ત્યાં સમજવાનું કે દેવતાઓ કાર્ય પ્રસંગે તેવાં રૂપ બનાવે છે, પણ તિરછાલોકની માફક દેવલોકમાં સ્વાભાવિક તિર્યંચ પંચેન્દ્રિયો હોય જ નહીં.

પ્રશ્ન ૨૩૩- 'જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો ખેહ' એ પદમાં જ્ઞાની કયો લેવો ?

સમાધાન- એકલા પઠન માત્ર રૂપ જ્ઞાનથી જ (જ્ઞાનમાત્રથી જ) જ્ઞાની કર્મનો નાશ કરી લે એમ

સમજશો જ નહીં, કારણ કે ધર્મશાસ્ત્રકારો તો જ્ઞાની તેને જ કહે છે કે જે -

ज्ञानी क्रियापरः शान्तो, भाविताऽऽत्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवाम्भोधेः, परांस्तारयितुं क्षमः ॥ 1 ॥

ક્રિયામાં તત્પર, શાન્ત, ઉત્તમભાવનાઓથી જેણે આત્માને વાસિત બનાવ્યો હોય, તથા જિતેન્દ્રિય (ઇંદ્રિયોને જીતનાર) તે જ જ્ઞાની કહેવાય છે ને તે પોતે સંસાર સમુદ્રથી તરેલ છે અને અન્ય ભવ્યાત્માઓને તારવા સમર્થ છે. એને સ્વરૂપદર્શક માનીએ તો तत् ज्ञानमेव न भवति० અથવા સત્ય શ્રદ્ધાવાળો, ચારિત્રની તીવ્ર અભિરૂચીવાળો, કથંચિત્ ક્રિયાને નહીં પામેલો છતાં આરિસાભુવનમાં રહેલા ભરત મહારાજા જેવો, જ્ઞાની તે જગા પર લઈ શકાય, પણ ક્રિયાની જરૂર નથી અથવા ક્રિયા કરનાર નકામો છે, તેમજ થઈ શકે તેવી ક્રિયા પ્રત્યે દુર્લક્ષ્યવાળા છે તે તો પાઠવ્યસની કહેવાય, પણ કર્મનિર્જરા કરવાવાળા જ્ઞાની કહેવાય નહીં.

પ્રશ્ન ૨૩૪- દીક્ષાને અક્ષમ એવા વૃધ્ધો માટે જેમ કેટલાક ૭૦ વર્ષ પછીની ઉંમર કહે છે અને કેટલાકો ૬૦ વર્ષથી પછીની ઉંમર કહે છે એમ બે મત છે અને તે ખંડિત કરેલા નથી તેમ બાલ નામના દોષમાં જન્મથી આઠ વર્ષની અંદર જ બાલક દોષ કે તેમાં પણ કોઈ અખંડિત સમાન્તર છે ?

સમાધાન - જેમ વૃદ્ધ અવસ્થા માટે ૬૦ થી ૭૦ વર્ષ પછી વૃદ્ધ ગણવાના અખંડિત બે મત છે તેવી રીતે બાલક દોષમાં પણ અખંડિત એવા ત્રણ મતો છે. એકમતથી જન્મથી આઠ વર્ષ પૂરાં ન થયા હોય તેને બાલક કહે છે, બીજા મતથી જન્મથી આઠમું બેસે નહીં એટલે જન્મથી સાત પૂરાં ન થાય ત્યાં સુધી બાલદોષ માને છે, તેમજ ત્રીજા મતથી ગર્ભમાં આવ્યો ત્યારથી સાત વર્ષ પૂરાં થઈ આઠમું બેસે નહીં એટલે જન્મથી સવા છ વર્ષ થાય નહીં ત્યાં સુધી બાલદોષ માને છે. આ ત્રણે મતો શ્રી નિશીથચૂર્ણિમાં અખંડિતપણે જણાવેલ છે. શ્રીનિશીથ ભાષ્ય અને પંચકલ્પ ભાષ્યમાં પણ 'अट्ठमादि दिक्ख पडिवत्ती' એમ ત્રણે મતો સૂચવનાર પાઠ છે. પ્રવચનસારોધ્ધારવૃત્તિ, પ્રવચનસારોધ્ધાર ટીપ્પન અને ધર્મસંગ્રહ વિગેરેમાં જન્માષ્ટ અને ગર્ભાષ્ટમા એ બે પક્ષ લીધા છે.

પ્રશ્ન ૨૩૫- ભગવાન મહાવીર મહારાજાના શાસનમાં કોઈપણ આચાર્યે કોઈને ચોમાસામાં દીક્ષા આપી છે?

સમાધાન- હા, શાસન પ્રભાવક યુગપ્રધાન શ્રીકાલિકાચાર્ય મહારાજે બલભાનુને ચોમાસામાં દીક્ષા આપી છે.

(आचारप्रकल्प)

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૨૩૩ જગતના તમામ જીવોને મમતાની કુટેવનું કારમું વ્યસન લાગ્યું છે.

૨૩૪ વ્યસન-વશવર્તી વિવેકીઓ પણ વિનાશકાલની (અંતિમ) અવસ્થાને અવલોકી શકતા જ નથી.

૨૩૫ વ્યભિચારના વ્યસનનો વ્યામોહી રાવણ રણસંગ્રામમાં રગદોળાઈ ગયો !

૨૩૬ મમતામાં વાસ્તવિક તત્ત્વ નથી છતાં કર્મના ઉદયથી જીવો તેમાં (મમતામાં) મુંઝાયા છે.

૨૩૭ કર્મના ઉદયની સામે થવું એ જ કલ્યાણકાંક્ષી આત્માઓનું પરમ કર્તવ્ય છે.

૨૩૮ નવ માસથી કાંઈક અધિક સમય ગર્ભધારણ કરવાનું, જન્મ ન થાય ત્યાં સુધી ગર્ભ વધારવા-સાચવવા પુરતી કાળજી રાખવાનું, જન્મ આપતી વખતે જમદ્વારનું દુઃખ દેખવાનું, જન્મ આપ્યા પછી સ્તનપાન કરાવવાનું, બાળકને ટાઢ-તાપ વિગેરે દુઃખથી બચાવવાનું, પોષણ કરવાનું, અનાજ ખવરાવવાનું, લુગડાંલત્તાં પહેરાવવાનું, દાગીનાથી શણગારવાનું, આ બધું દુઃખ પુત્રપુત્રીમાં સરખું હોવા છતાં એકમાં (પુત્રમાં) જીવના જોખમે રાખવાની બુદ્ધિ અને એકને (પુત્રીને) યેનકેન પ્રકારેણ બીજાને આપવાની બુદ્ધિ કરવી પડે છે. એ અંતર શાથી પડે છે એ વિચારો !

૨૩૯ શુભ સામગ્રી માત્ર ધર્મથી ઉત્પન્ન થાય છે તો ધર્મોત્પન્ન સામગ્રી ધર્મને સમર્પણ કરવામાં સંકોચ શા માટે ?

૨૪૦ પુત્રીને બાર, તેર વર્ષની થાય ત્યારે જમાઈને જરૂર દેવાય, મરે ત્યારે જમને દીધા વિના છૂટકો નહીં, તો પછી જતિ (સાધુ) થાય તેમાં વાંધો કેમ ?

૨૪૧ ચંદન છેદતાં સુગંધ આપે, બાળતાં સુગંધ આપે, ઘસતાં સુગંધ આપે, કારણ કે એ સ્વભાવે સુગંધી

છે, તેવી રીતે સમ્યક્ત્વ રૂપ સુધાથી સીંચાયેલ સમ્યગ્દૃષ્ટિ પણ સમભાવરૂપ સ્વભાવથી સુગંધ આપે છે એટલે હરકોઈને આનંદજનક બને છે. માખીને ચંદન ન ગમે તેમાં કોનો વાંક ?

૨૪૨ નાશવંત પદાર્થોને તમે તમારું ધન માન્યું, પણ વસ્તુતઃ તે પણ ધર્મનું (ધર્મથી મળેલું) ધન છે.

૨૪૩ રાજીનામું આપી રાજી થાઓ, નહીં તો રજા પામી સંસારમાં સડવું પડશે.

૨૪૪ ગુમાનમાં ગરકાવ થયેલાઓ ગુલામીની ખરીદી કરે છે.

૨૪૫ હાલની કાર્યવાહી જોતાં મિનિટભર પણ મ્હાલવું તે તમારા માટે હિતાવહ નથી.

૨૪૬ કરેલા ઉપકારને અન્ય પણ ભૂલતો નથી અર્થાત્ અવસરે શરમ રાખી ઉપકારનો બદલો વાળવા તૈયાર થાય છે, પણ તમારા હકદાર પુત્રો લોભાદિએ અંધ બનીને તમારી પ્રત્યે લેશભર શરમ રાખતા નથી.

૨૪૭ શેરીના કુતરા અને ભંગીઆ જેવી માલિકી ધરાવે છે તેવી માલિકી તમે ધરાવી શકતા નથી.

૨૪૮ વસ્તુતઃ અત્યારની ચાલુ કાર્યવાહી જોતાં સંસારી આત્મા માલિક નથી, નોકર નથી પણ ગુલામ છે.

૨૪૯ મનથી ભલે તમે માલિકી માનો, પરંતુ કુટુંબકબીલા માટે તમે તમારું ગુલામીખત લખી દીધું છે,

૨૫૦ નોકરી અને ગુલામીમાં પણ જ્યારે મહાન અંતર છે. તો પછી માલિકી માનતાં પહેલાં તો જરૂર વિચાર કરો.

૨૫૧ નોકર નોકરીમાંથી છૂટવા માગે તો છૂટી શકે છે, જ્યારે ગુલામ ગુલામીમાંથી છૂટવા મહેનત કરે તો પણ છૂટી શકતો જ નથી. તેમ તમે ધનમાલ ને કુટુંબકબીલાથી છૂટવા માગો તો પણ સહેજે છૂટી શકો તેમ નથી.

૨૫૨ સ્વતંત્રપણે છૂટી શકનારાઓ જ ખરેખરા માલિક છે.

૨૫૩ કાલાવાલા કરીને છૂટનારાઓ ખરેખરા નોકર છે.

૨૫૪ છૂટવા જેવું માને છે છતાં છોડી શકતા નથી તે ગુલામ છે.

૨૫૫ છૂટવા જેવું છે એવું માનતા પણ નથી તેઓ તો અધમગુલામ છે.

૨૫૬ ગુલામીમાં મોંઘું મનુષ્ય જીવન સર્વથા વેડફી નંખાયું છે તે માટે જરૂર નજર કરો !

૨૫૭ જગતના જાનવરો પણ સ્વાશ્રયી છે જ્યારે મોંઘું માનવજીવન જીવનાર મનુષ્ય પરાધીનતાના પિંજરમાં પુરાઈ ગુલામીમાં ગુંગળાય છે.

૨૫૮ નાશવંત પદાર્થોની સારપણાની સમજણના સંગીન સડામાં સડતા સંસારીઓ કીડીઓના દરની જેમ ઉભરાય છે.

૨૫૯ કાલાવાલાની કીકીયારી છતાં રાજીનામું દઈને નીકળનારા પુણ્યાત્માનાં યશોગાન જગબત્રીશીએ ચઢ્યાં છે.

૨૬૦ 'નીકળો, નીકળો' કહેવામાં આવ્યા પછી નીકળનાર અર્થાત્ રજા પામીને જનારાની અપકીર્તિ અખિલ વિશ્વમાં ફેલાય છે.

૨૬૧ રજા પામી (આડા પગે) નીકળનારાઓને લોકો 'કાઢો ! કાઢો !' કહે છે જ્યારે ઊભા પગે (રાજીનામાપૂર્વક) જનારાઓને 'રહો ! રહો !' કહે છે તે ભૂલવા જેવું નથી.

૨૬૨ સારા શબ્દ શ્રવણમાં રસિક મુગ્ધજન સારા શબ્દો માગે છે !

૨૬૩ 'નાસ્તિક' આદિ શબ્દો દરેકના કર્ણમાં કટુતા ઉત્પન્ન કરે છે.

૨૬૪ સમ્યક્ત્વ બિરૂદધારીના પનારે પડેલાં છોકરાં પુણ્યને પાપ, પાપને પુણ્ય, આશ્રવને સંવર ને સંવરને આશ્રવ, કહી દે, લખી દે, લખાવી દે, તેનું અનુમોદન આપી દે, કે તેવી જાહેર પ્રવૃત્તિ શરૂ કરે છતાં તમારા પેટનું પાણી હાલતું નથી તેનું કારણ શું ?

૨૬૫ સમ્યક્ત્વની સમજણ જેના હૃદયમાં વસે તેના હૃદયમાં અસત્ય પ્રવૃત્તિઓ માટે જરૂર બળાપો થાય.

૨૬૬ આ ફાની દુનિયામાં સંસારપોષક દરેકે દરેક વૃત્તિઓ પાપમય છે.

૨૬૭ પાપમય માર્ગમાં પ્રવર્તેલાઓને ઠેકાણે લાવવા હરદમ હૃદય ઝુરે તેવી તત્ત્વદૃષ્ટિથી અલંકૃત થયેલા પુણ્યાત્માઓ વિરલ છે.

૨૬૮ રાજેશ્વરી તે નરકેશ્વરી એ કહેવતનો પરમાર્થ ગુરુગમથી શ્રવણ કરો !

૨૬૯ ભૌતિક સમૃદ્ધિ તરફ જેવી દૃષ્ટિ ખીલી છે તેવી દૃષ્ટિ પ્રભુપ્રણીત તત્ત્વ પર આ આત્માને જાગી નથી.

૨૭૦ હેય ઉપાદેય પદાર્થોની સમજણ આવ્યા છતાં, વર્તમાનમાં હેય પદાર્થોને મૂકવાનો પ્રસંગ આવવાથી જીવને ગભરામણ થાય છે તેનું કારણ તપાસો !

૨૭૧ ઇહલોકના સુખને ઇચ્છે, નરકાદિક દુઃખોથી ન ડરે, દિવ્ય સુખો (વસ્તુતઃ દુઃસહ દુઃખો)ને ઇચ્છે એવા કહેવાતા આસ્તિકોને જૈનદર્શનમાં સ્થાન નથી.

લેખકોને સૂચના

આથી દરેક લેખકોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવે પદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવાને અંગે જે કાંઈપણ લખાણો એક બાજુ સૌમ્ય અને રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા. ક. પ્રશ્નકારો પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્ભવતા પ્રશ્નો પત્ર દ્વારાએ લખી મોકલશે તો સમાધાન મેળવી શાસનના હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

– તંત્રી.

તમોને શાની જરૂર છે !!!

જૈનધર્મનાં પ્રાચીન અને અર્વાચીન જૈન સાહીત્યની જરૂર છે ? તો તુરત નીચેના સરનામે પત્રવ્યવહારથી પૂછો–

દેવચંદ લાલભાઈ જૈન પુ. ફંડ ગોપીપુરા. સુરત.

સમાલોચના.

(નોંધ-દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક વિગેરે પત્રો તથા ટપાલ વિગેરેને અંગે.)

તંત્રી.

૧. ગઈ વખતના અમારા સાતમા અંકમાં 'પત્રકારના ખુલાસા' એ મથાળામાં જણાવેલ મલિન માન્યતાઓ અન્ય અન્ય પત્રકારોની માન્યતાઓ હતી અને તે મલિન હતી, તેથી તે મલિન માન્યતાઓને નામે લખી છે.

૨. શ્રી આચારાંગમાં મૃગપ્રશ્નના અધિકારમાં પહેલાં મૌન રહેવાનું કહ્યું અને પછી પક્ષાંતરે જાણતો છતાં પણ નથી જાણતો એમ કહે એવું કહ્યું છે. ત્યાં જો કે 'વા' શબ્દ છે છતાં તે ન હોય તો પણ પક્ષાંતર લઈ શકાય. તેમ બીજે પણ સમજવું, એ જણાવવા પૃષ્ઠ ૧૭૭માં 'વા' શબ્દનો પ્રશ્નોત્તર છે.

૩. શ્રી ઉપાસક દશાંગ વિગેરેમાં સર્વવિરતિમય નિર્ગ્રંથ પ્રવચન શાસનને રૂપે જણાવ્યું છે. માટે અને જિન કર્મ તેજ બાંધે કે જે આખા જગતને સંયમ માર્ગે જોડવા માગે એ માટે શાસનરસી એ સ્થાને કૌંસમાં સંયમ શબ્દ મ્હેલેલો છે. શ્રી યોગ બિન્દુના ભવોત્તારણ અધિકારથી પણ યોગ્ય તે નથી સમ્યક્ત્વ પણ સર્વવિરતિના ધ્યેયથી જ છે.

* * *

શ્રી નવપદ આરાધક સમાજ

卐 ચાલુ વર્ષની ચૈત્ર માસની ઓળી 卐

તેની આરાધના માટે બામણ વાડજીને બદલે શ્રી તાલધ્વજગિરિ જવાનો નિર્ણય.

શ્રી નવપદ આરાધક સમાજની કારોબારી કમિટિની એક બેઠક તા. ૧૪-૧-૩૩ શનિવારે રાત્રે શેઠ નગીનદાસ કરમચંદ સંઘવીના પ્રમુખપણા નીચે મળી હતી. ગત વર્ષે શ્રી ભોયણીજીમાં ચાલુ વર્ષે મારવાડ શ્રી બામણવાડજી તીર્થે જવા જે વિચાર દર્શાવ્યો હતો, તે કેટલાક કારણોને અંગે હાલ તુરત મુલ્તવી રાખી શ્રી તાલધ્વજગિરિજી અર્થાત્ શ્રી સિદ્ધગિરિજીની બીજી ટુંક શ્રી તળાજા તીર્થે જવા કમીટીએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે. આ પ્રસંગ ઉપર પધારવા માટે આચાર્ય શ્રીમદ્ વિજયનેમીસૂરીશ્વરજી તથા બીજા મુનિમહારાજાઓને વિનંતિ કરવાનો ઠરાવ થયો હતો. ત્યાર બાદ [illegible] કરનાર શેઠ રૂગનાથમલજી તથા શેઠ રાજમલજી ભીમાજીને પ્રમુખ સાહેબે કુંકુમના તિલક કર્યા બાદ પ્રમુખ સાહેબનો આભાર માની 'શ્રી નવપદજી મહારાજની જય' એવી ઉદ્‌ઘોષણા સાથે કમીટી વિસર્જન થઇ હતી.

તૈયાર છે !!! તૈયાર છે !!!

પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન.

વિજયલક્ષ્મીસૂરી કૃત.

કિંમત ૦-૪-૦ પોસ્ટેજ જુદું.

આવશ્યક ક્રિયાના સૂત્રો (પૂ. સાધુ, પૂ. સાધ્વી સારૂ) ભેટ.

ફક્ત પોસ્ટેજથી મંગાવી લો.

સંશોધક :- આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી.

આ પાક્ષિક "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઇમાંથી પ્રગટ કર્યું.

શૂરા સરદારોની ઉમતિ !

અણસમજના અગાધ વારિપ્રવાહમાં વિવિધ ક્રીડા કરનારા બાળકોના વિશ્વસનીય વિશ્રામ સ્થાનરૂપ જનેતાંઓ જ છે; એવું જય ઈચ્છક જનેતાંઓએ મગરૂરપણે જગતમાં જાહેર કર્યું છે.

દેવામાં આવતું દુધ, પાવામાં આવતું પાણી, ગળાવવામાં આવતી ગળથુથી વિગેરે વિગેરે શારીરિક તુષ્ટી પુષ્ટી વર્દ્ધક પદાર્થોનું વિજ્ઞાન જયઈચ્છક જનતેાઓમાંજ હોઇ શકે એવો જયઘોષ જગતભરમાં ગાજી ઊઠયો છે !!!

બલ્કે શારીરિક સ્થિતિથી લઇને મરણપર્યંત એટલે કે શરૂઆતથી આખીએ જિંદગીમાં, અમારા વંશ-વેલીના ફલરૂપ બાળકોની આર્થિક, માનસિક, શારીરિક વિગેરે સર્વ સ્થિતિને અનેકવિધ સંયોગોમાં પગભર બનાવવા હરહંમેશ અમે તૈયાર છીએ એવું જન્મદાતા તથા સંરક્ષક જનેતાઓની જાણ બહાર નથી જ.

જય-પરાજયની સાદી, સરળ, અને નાની સરખી વ્યાખ્યાનું વિજ્ઞાન આગમ અનુસાર અવલોકન કર્યા વગર બાલુડાંનો જય ઈચ્છવામાં આવે છે વસ્તુતઃપરાજયની અંશે પણ ઇચ્છા નથી આવી વિચારણાના વાયરલેસ ટેલીગ્રામ છોડતાં પહેલાં હૃદયથી વિચારો કે જય-પરાજય એટલે શું ? (જય એટલે શું ? પરાજય એટલે શું ?)

"જય" શબ્દના ઉચ્ચાર માત્રથી જીતનાં નિશાન વાગી જાય અને "પરાજય" શબ્દના પોકાર માત્રથી પાયમાલીજ થઈ જાય એમ નથી અર્થાત્ તેવું સામર્થ્ય તે શબ્દ માત્રમાં નથી જ!

જય-ઇચ્છક જૈન સમુદાય જયવર્દ્ધક વૃક્ષને ઇચ્છે છે; જયવર્દ્ધક વૃક્ષના વનની પરંપરાનો અભિલાષી છે પણ જય-બીજ તે શું અને તે બીજ વાવવાની જમીન કઈ ? જયબીજ જમીનમાં વાવ્યા વિના ફળ પ્રાપ્તિ પણ કયાંથી ? જયવર્દ્ધક વૃક્ષના મૂલ કારણરૂપ જય-બીજની પીછાણ પણ નથી.

પારણામાં પોઢેલા બાળકો પ્રભુમાર્ગની અવિચ્છિન્ન ઐતિહાસિક પ્રણાલિકા પ્રૌઢ શબ્દોમાં સાંભળે, પ્રભુમાર્ગના પ્રણેતા અને પાલનહારોની પરિચર્યાનું પળે પળે તથા પ્રભુમાર્ગમાં સ્થિત બનેલા માતાપિતાની જીવનચર્યાનું ક્ષણે ક્ષણે નિરીક્ષણ કરે. તેવી પ્રાચીન બીજ વપનરૂઢી-પુરાણી ક્યાં છે ? અનાદિનો જીવ, ભવપરંપરા, અને કર્મસંયોગ અનાદિનાં છે એવું એ બાળ હૃદયમાં સિંચન ક્યારે થયું ? જો આ રીતિએ સંસ્કાર (બીજ) સીંચાત તો તે જય-બીજના પુષ્ટ પરિણામથી પરિપકવ બનેલા, જયપરાજયને બરાબર પીછાણનારા બાળકો આજે સંવેગના સમરાંગણમાં બાહોશ અને બહાદુરો હોત ! બલ્કે બેહોશ કે બ્હાવરા ન હોત ! અર્થાત્ નાશવંત પદાર્થોના ઉપભોગમાં નિષ્ણાત બનેલી જનેતાઓએ પ્રાચીન સૌમ્ય-સુખદ સંસ્કૃતિનો સંયોગવશાત્ અગર બેદરકારીથી આજે ઉચ્છેદ કર્યો છે. જેના પરિણામે બાલ્યકાલમાં બાહોશ અને બહાદુર બનાવવાના બીજ વાવવાને બદલે વિષમય વિષયાદિ અનેકાનેક સંહારક સંસ્કાર સમર્પણ કર્યા છે અને એ વિષબીજ વૃદ્ધિ પામ્યા પછી એ ઝેરી વૃક્ષ એટલું વિષમ અને વિકાલ બને છે કે જેનાં કટુફલ માટે જયઈચ્છક જનેતાઓની આંખો અશ્રુથી ઝળહળે છે અને હૃદય ઝુરે છે ! જય ઇચ્છક જનેતાંઓએ બચ્ચાંઓનો બાલ્યકાલ એવો સરસ અને સુદ્રઢ, સંગીનનીતિ રીતિએ, વ્યવસ્થિત ઘડવો જોઈએ કે ભવિષ્યમાં તે માટે બળાપાનું નામ-નિશાન રહે નહીં !

જીવ અનાદિનો છે, ભવઅનાદિથી છે, કર્મસંયોગ અનાદિથી છે, આ સંસ્કારોથી ગીત, હાલરડાં, વાર્તા, ઈતિહાસદ્વારા તમારા બચ્ચાંઓને જન્મથી વાસિત કરશો તો જ તે સંવેગની સમરાંગણ ભૂમિ પર જય પતાકા ફરકાવનારા શૂરા સરદારો થશે !!!

ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

અમોઘ આરાધના



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૯ મો.	મુંબઈ, તા. ૧૦-૨-૩૩, શુક્રવાર મહા - સુદ - ૧૫	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गुणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो-
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥



શ્રી સિદ્ધચક સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

અમોઘ આરાધના ! ! ..... પાનું-૧૯૩
આગમોદ્ધારક અમોઘ દેશના ..... પાનું-૧૯૮
સાગર સમાધાન ..... પાનું-૨૦૬
સુધા-સાગર ..... પાનું-૨૧૪
સમાલોચના ..... પાનું-૨૧૬

શ્રી વર્ધમાન-તપ-મહિમા

હરિગીત.

સંસાર મર્યાદિત થયો દર્શન મળ્યાથી માનીએ,
ને જ્ઞાનથી તો હેય, ઉપાદેય, જ્ઞેય પિછાણીએ;
ચારિત્ર રોકે કર્મને કરી બંધ દરવાજા બધા,
સંચિત કર્મો બાળવા સામર્થ્ય છે તપ એકમાં. ૧
તીર્થંકરો દીક્ષિત થતાં છે રત્નત્રય ઉત્કૃષ્ટ જ્યાં,
ત્યાં જ્ઞાન ચોથું પ્રગટતું પણ મુખ્ય કેવળજ્ઞાન ક્યાં?
વર્ષો સુધી તપના તડાકાના ધડકાઓ કરે,
ત્યારેજ કેવલજ્ઞાન પ્રગટે, પછી મુક્તિ રમા વરે.૨
તપના પ્રકારો છે ઘણા પણ વર્ધમાન પ્રસિદ્ધ છે,
આચામામ્લ ક્રમસર વૃદ્ધિ તપથી સાધ્ય સ્હેજે સિદ્ધ છે;
આહાર વાપરતાં અણાહારી થવાની સાધના,
આશ્ચર્યમય શ્રી વર્ધમાન આચામામ્લ તપ આરાધના.૩
નિજપૂર્વભવમાં પાંડવોએ પરમ એ તપ આદર્યો,
જેના પ્રતાપે શુદ્ધ થઈને મોક્ષ કિલ્લો સર કર્યો;
મહાસેન કૃષ્ણા રાણી શ્રી શ્રેણિકની, શ્રી ચંદ્રના,
મહિમા-પ્રદર્શક, સાધકોનાં, શાસ્ત્ર-દ્રષ્ટાંતો ઘણા. ૪
'આગળ વધો, આગળ વધો', એ સૂત્ર સાચું સાધવા,
ઉત્તમ જીવન આરાધ્યને સ્હેલાઈથી આરાધવા;
રસ-વૃદ્ધિ-જડ શોષક, અનુપમ, ધર્મ પોષક તપ કરો,
શ્રી વર્ધમાન આચામામ્લ તપ વિધિ યુક્ત ભાવે આદર.૫
વૃદ્ધિ થતાં તપની અહો ! સઘળા વિકારો નાસતા !
જીવન પરિવર્તન થતાં ચિહ્નો નવીન ત્યાં ભાસતા !
ક્રમસર પ્રગટતાં સ્વરૂપ આત્માનું સદા આનંદ છે !
આનંદસાગર સિદ્ધિમાં આનંદ પરમાનંદ છે !!! ૬

ભીખાભાઈ છગનલાલ શાહ.

સિદ્ધચક્ર. (પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૯ મો	મુંબઈ, તા. ૧૦-૨-૩૩, શુક્રવાર. મહા-સુદ-૧૫.	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

અમોઘ – આરાધના !

ચાલુ ચૈત્ર માસની ઓળીમાં શ્રીનવપદ આરાધના શ્રી તળાજા તીર્થે !



ન દર્શન અને નવપદજી એ બંન્ને અભિન્ન છે. જૈન સમાજનું નાનામાં નાનું બાળક પણ નવપદજીથી અને તેની આચામામ્લ તપ દ્વારા થતી આરાધનાથી અજ્ઞાત નથી; શાશ્વત્ સુખના અભિલાષીઓએ મોક્ષની સાધના કરવી જોઈએ. કેમકે મોક્ષ વિના જગતભરમાં કોઈપણ સ્થાને શાશ્વત્પણું તેમજ વાસ્તવિક સુખ નથી. સંવર એ મોક્ષનું કારણ છે જ્યારે આશ્રવ એ સંસારનું કારણ છે. મોક્ષતત્ત્વની માન્યતા વિના જીવાદિ આઠે તત્ત્વને માનવા છતાંયે અભવિનો સંસાર કાયમ રહે છે. તે મોક્ષતત્ત્વની જીવને સંપ્રાપ્તિ કરાવનાર સંવર અને નિર્જરા એ બે જ તત્ત્વ છે. પરમ ઉપકારી શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં આશ્રવથી છોડાવી આત્માને

સંવરમાં જોડનાર અસંખ્ય યોગો બતાવ્યા છે પણ તે સર્વમાં શ્રીનવપદ આરાધન મુખ્ય છે. આ શ્રી નવપદજીની આરાધના યાને શ્રી સિદ્ધચક્રજીની સાધના વર્ષમાં (પ્રતિવર્ષ) બે વખત ચૈત્ર તેમજ આસો માસમાં, શુકલ સપ્તમીથી પૂર્ણિમા સુધી નવનવ દિવસ સુધી એ આરાધના આયામામ્લ તપ, બ્રહ્મચર્યપાલન તથા આગમનિર્દિષ્ટ સમ્યક્ત્વની કરણીપૂર્વક કરવામાં આવે છે, નાનામાં નાનું ગામ કે જ્યાં એકપણ જૈનનું ઘર હશે ત્યાં પણ આ આરાધના સુવિદિત હોય છે. મોક્ષનું સુખ શાશ્વત્ છે, અને તે સુખને પ્રાપ્ત કરાવનાર શ્રીનવપદજી પણ શાશ્વત્ છે. આ અઠ્ઠાઈઓમાં શ્રીનવપદજીની આરાધનાની બે અઠ્ઠાઈઓ પણ શાશ્વત્ છે આ અઠ્ઠાઈઓમાં દેવતાઓ પણ નંદીશ્વરદ્વીપે જઈ આષ્ટાહ્નિકા મહોત્સવાદ કરી આત્માને પાવન કરે છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર સંસારવૃદ્ધિના મુખ્ય હેતુઓ શ્રીનવપદજીની આરાધનાથી રોકી શકાય છે, કેમકે એ આરાધનામાં કરાતાં અનુષ્ઠાનોથી સમ્યક્ત્વનું પાલન, અવિરતિનો ત્યાગ, કષાયોનો ઉપશમ અને ત્રણે યોગો (મન, વચન, કાયા)નું શુભ માર્ગે યોજન થાય છે. આથી નવીન કર્મો રોકાય છે, અનાદિસંચિત પૂર્વ કર્મો પણ નિર્જરતા જાય છે અને તેથી આત્મા નિર્મલ થઈ સ્વ-સ્વરૂપ સંપ્રાપ્ત કરી શાશ્વત્ સુખનો ભોક્તા બની શકે છે.

શાશ્વત્ સુખને સમર્પનાર શ્રી સિદ્ધચક્રની સાધના સંખ્યાબંધ સાધકો સાથે સંધાય છે ત્યારે જે અપૂર્વ આનંદ આવે છે તે વચનાતીત છે. પરસ્પર પ્રોત્સાહન મળે છે અને જગતના જીવોને પણ પ્રભુશાસનનો શ્રેષ્ઠ સંદેશ આ રીતે સહજ પાઠવી શકાય છે. જ્યારે તદ્દન નાનાં નાનાં ગામડામાં પણ પુરતા ઠાઠમાઠથી નવપદજીની આરાધના થાય છે ત્યારે શહેરોમાં અતિ આકર્ષક આડંબરપૂર્વક તે આરાધના થાય તેમાં આશ્ચર્ય શું ? તેમાંય મુંબઈ શહેરમાં ભિન્ન ભિન્ન સ્થળના શ્રાદ્ધવર્યોનો નિવાસ હોય ત્યાંની સાધનાની ભવ્યતા, આકર્ષણ, ઉલ્લાસ વિગેરે માટે પૂછવું જ શું ?

મુંબઈમાં પણ નિરવધિ ઉલ્લાસપૂર્વક કાયમ થતી આ આરાધનામાં રસપૂર્વક ભાગ લેનાર તથા અનેક જીવોને તેમાં જોડનાર **શ્રીયુત્ ચીમનલાલ જેસંગભાઈ પટવા (હાલ પૂજ્યપાદ મુનિમહારાજ શ્રી ચંદ્રસાગરજી)**ને પ્રસંગોપાત એવો વિચાર આવ્યો કે આસોની ઓળી તો ચાર્તુમાસમાં હોવાથી મુંબઈમાં જ કરવી પણ યદી દર ચૈત્ર માસે આ આરાધના જુદા જુદા તીર્થ સ્થળે કરવામાં આવે તો અનેક લાભ થાય. એ નિમિત્તે આરાધકોને ભિન્ન ભિન્ન તીર્થની યાત્રા થાય, તીર્થ સ્થળોની ભૂમિનું સ્પર્શન થાય નિકટભવિઓ તેની સારસંભાળ પણ લઈ શકે, દેશ દેશના સાધર્મિકોનો સમાગમ થાય અને દિનપ્રતિદિન તે તે દેશમાં સાધકોની સંખ્યામાં સારો વધારો થાય, તથા તે તે પ્રદેશોમાં વિચરતા (જુદા જુદા) મુનિ મહારાજાઓની દેશનાનો લાભ મળે.

સત્પ્રવૃત્તિની શરૂઆત કરવી જોઈએ; સફળતા તો સત્પ્રવૃત્તિની સાથે વરેલી જ છે! શ્રીયુત્ ચી.જે. પટવાએ એ પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો, અન્ય ધર્માનુષ્ઠાનપ્રિય સાધકોએ સહકાર આપ્યો એટલે શાશ્વત્ સિદ્ધચક્રની સાધના તીર્થ સ્થળે શરૂ કરવાનો પ્રારંભ પણ શાશ્વત્ તીર્થ (તીર્થાધિરાજ) શ્રી સિદ્ધગિરિથી જ થ અને તે શુભ કાર્યના પ્રથમ સહાયક તરીકે સુ. શ્રા. શાંતિદાસ ખેતસીએ. લાભ લીધો. સંવત ૧ ૮૦ માં લગભગ ત્રણસો સ્ત્રી પુરુષો એમાં જોડાયા; પછી આબુજી, શંખેશ્વરજી, જામનગર તથા તારંગાજીએ, ચારસો, પાંચસો, પાંચસો અને આઠસો એમ અનુક્રમે વધુ સંખ્યામાં અને પ્રવર્ધમાન ઉલ્લાસે આરાધના ચાલુ રહી; અને છેલ્લા બે દિવસમાં તો પાંચ પાંચ હજાર ઉપરાંતની સંખ્યાએ, આજુબાજુના પ્રદેશવાળાએ આયંબીલ અને શાસનસેવામાં સારો ફાળો આપ્યો છે. તારંગાજીની આરાધનાને પૂરો માસ લગભગ થયા બાદ આ પ્રથાના પ્રાથમિક પ્રારંભકે પરમ પ્રવર્જયા **૧૯૮૬ ના વૈ. વ. ૬ ના રોજ અંગીકાર કરી; અને હવે તુરત બંધારણપૂર્વક આવી એક સમાજ સ્થપાય તો આ લોકોત્તર ઉદ્દેશને વધુ સફળતા મળે.** તે બાબતનું મંત્રણા પૂર્વે ચાલતી હતી તેવામાં જ, સંવત ૧૯૮૪ના આસો માસમાં, આ રીતે ઓળીની આરાધના કરનાર ટોળીને શેઠ માણેકલાલ મનસુખભાઈ તરફથી અમદાવાદ આમંત્રણ કરવામાં આવ્યું. આસોની આરાધના ત્યાં થઈ જેમાં સોળસો સ્ત્રીપુરુષોએ ભાગ લીધો હતો. તે વખતે આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ બહોળા સમુદાય સહિ... ત્યાં વિરાજમાન હતા.

સંપત્તિ યુક્તતાની સાથે ઘણી વખત ધર્મારાધન અલ્પ દેખાય છે પણ શેઠ માણેકલાલ મનસુખભાઈનું દ્રષ્ટાંત એનાથી નિરાળું છે. તેઓશ્રી ગર્ભશ્રીમંત છતાં સારી તપશ્ચર્યા કરે છે. આયંબિલની ઓળીમાં પણ તેઓશ્રી એક ધાન્યનું આયંબિલ અને ઘણી વખત અલવણ આયંબિલની આખી ઓળીઓ કરે છે. સંસ્કારથી જ તપપ્રત્યે પ્રેમ ધરાવનાર, જીવનને તપમાં અપનાવનાર શ્રાદ્ધરત્ન માણેકલાલ શેઠના નિમંત્રણ તથા આગ્રહથી આસો માસમાં આરાધના કરવા બહાર જવાનો સીરસ્તો નહીં છતાં આ ટોળીએ (સમાજની વ્યવસ્થિત સ્થાપના અમદાવાદ થાય તેથી ભાવિમાં લાભદાયી છે.) નિમંત્રણ સ્વીકારી અમદાવાદમાં તે ઓળી આરાધી. આ પુણ્ય પ્રસંગે સંવત ૧૯૮૪ ના આસો સુદી ૧૫ ના દિવસે, પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજીના શિષ્યરત્ન શાંતમૂર્તિ ઉપાધ્યાયજી શ્રીમદ્ માણિક્યસાગરજીના અધ્યક્ષપણા નીચે (આચાર્યશ્રીની પ્રકૃતિ અસ્વસ્થ હોઈ તેઓ આવી શક્યા નહોતા.) શ્રીનવપદ આરાધક સમાજની સ્થાપના કરવામાં આવી.

આ રીતે વ્યવસ્થિત બંધારણપૂર્વક સમાજની સ્થાપના થયા પછી પણ પ્રથમ આરાધના તે જ તીર્થાધિરાજ, એ જ શાશ્વત્‌ગિરિરાજ શ્રીસિદ્ધગિરિજીએ કરવામાં આવી. પછી સુરત, વઢવાણ અને છેલ્લે ભોયણીજી (શ્રીમલ્લીનાથજીની શીતળ છત્ર છાયામાં, મુનિમહારાજાઓની વિશાળ સંખ્યા સમક્ષ)માં, એ ચારે સ્થળે હજારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધતા ઉલ્લાસે, આરાધના કરવામાં આવી છે જેમાં તે તે પ્રદેશના આજુબાજુના સંખ્યાબંધ ભાવિક શ્રાવક-શ્રાવિકાઓએ સારો લાભ લીધો છે.

એ બિના તો જાણીતી છે કે જૈનદર્શનની એક નાનામાં નાની ક્રિયા પણ સર્વવિરતિના ધ્યેયવાળી છે, અને જરૂર એ ધ્યેયથી થતી નાની (અલ્પ) ક્રિયા પણ પ્રાંતે સર્વવિરતિ સંપ્રાપ્ત કરાવે છે તો વિઘ્નમાત્રના વિનાશક, ઐહિક પારમાર્થિક સંપત્તિ માત્રને દેનાર એવી શ્રીનવપદજીની આરાધના જે સમાજમાં સુંદર રીતે અસ્ખલિત ચાલુ હોય ત્યાં સર્વવિરતિ સાંપડે એમાં નવાઈ શી ? અને એ જ રીતિએ, આ રીતિએ તીર્થસ્થળે થતી આરાધનાની પ્રથાના પ્રારંભનું અદ્વિતીય માન જેઓને ઘટે છે તેઓ શ્રીયુત્‌ ચીમનલાલ જેશંગલાલ પટવા હાલ શ્રી ચંદ્રસાગરજી થયા છે, અને વ્યવસ્થિત બંધારણ થયું ત્યારબાદ શ્રીયુત્‌ મુલચંદ ન્હાલચંદ શ્રી ધર્મસાગરજી થયા છે, શ્રીયુત્‌ ભગવાનદાસ હાલાભાઈ શ્રી ભદ્રંકરવિજયજી થયા છે. સંસ્થાની આ સંચાલક ત્રિપુટીએ (એક પછી એક થયેલા સંચાલક મહાશયોએ રત્નત્રયીનું સાધ્ય સંપ્રાપ્ત કર્યું છે, સિવાય અન્ય પુણ્યાત્માઓએ પણ આ સમાજમાંથી પારમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. (જેની સંખ્યા આશરે અગીયારની છે.) આ પ્રત્યક્ષ પરિણામ !

એવી રીતે સ્વર્ગાદિ સંપત્તિ તથા છેલ્લે શિવપદ આપનાર, મોક્ષના મુખ્યમાર્ગ રૂપ સર્વવિરતિને સમર્પનાર શ્રી નવપદજીની ચાલુ વર્ષની ચૈત્રમાસની ઓળીની આરાધના શ્રી તાલધ્વજગિરિ (શ્રીતળાજા) તીર્થે કરવાનું આ સમાજ (શ્રીનવપદ આરાધક સમાજ) તરફથી નિશ્ચિત થયું છે. શ્રી તાલધ્વજગિરિ શ્રી સિદ્ધગિરિજીની એક ટૂંક છે, તળાજા એ સૌરાષ્ટ્રનો સુંદર પ્રદેશ છે, ત્યાંની ટેકરી પરના પરમ આલ્હાદક ગગનચુંબી શ્રી જિનમંદિરોની શોભા અપ્રતિમ છે. આ વખતની ત્યાંની આરાધનામાં અનેક પ્રકારના લાભો પ્રત્યક્ષ છે. શ્રીસીમંધરસ્વામિ ભગવાન સ્વ-મુખે જેની પ્રશંસા કરે છે એ સિદ્ધગિરિજી સમીપમાં છે, તાલધ્વજગિરિ પણ એ ગિરિરાજની

જ ટુંક છે. વળી સૌરાષ્ટ્રના તે પ્રદેશમાં વિચરતા સૂરિરાજ તથા મુનિપુંગવોના દર્શન તથા વાણીનો લાભ પણ અપૂર્વ મળે તેમ છે. 'સોનું અને સુગંધ' એ તો દુન્યવી કહેવત છે પણ સોનામાં સુગંધ હોતી જ નથી. અહીં તો પ્રત્યક્ષ સુવર્ણ સુગંધ સંમિલિત છે. આશા છે કે સિદ્ધચક્રના સાધકો, આ અમોઘ-આરાધનાની અનેરી તકને સાધશે જ!

આનંદનો વિષય છે કે આ વર્ષે ચૈત્ર માસમાં મુંબઈમાં શ્રી આદીશ્વરજી ભગવાનના દેરાસરજીની ટોળી શ્રી બામણવાડાજી તીર્થે શ્રી નવપદજીની આરાધના કરવા જવાની છે અને ત્યાં આવનારાઓના ઉલ્લાસ માટે તીર્થોની રચના અને શ્રી શ્રીપાલ મહારાજનાં દ્રશ્યો કરવાની છે એમ જાહેર થયું છે. ત્યાં પણ, જેઓને અનુકૂળ હશે તેવા ભાવિ શ્રાવકો લાભ લેશે. આવી રીતે દરેક જિલ્લાવાર ધર્મપ્રેમીઓ નવપદજીની આરાધનાનો કાર્યક્રમ ઘડે કે જેથી, જેઓ મુખ્ય શ્રી નવપદ આરાધક સમાજે જાહેર કરેલા સ્થળે ન જઈ શકે તેઓને પોતપોતાના જિલ્લાઓમાં પણ સારો લાભ મળે અને આરાધકોને ઉલ્લાસ વધવાના કારણભૂત પ્રસંગો બને. ગત વર્ષે ખેડા જિલ્લામાં, વડતાલમાં જેમ પુજ્ય મુનિ મહારાજ શ્રીમદ્ ધર્મસાગરજીની હાજરીમાં આનંદદાયક આરાધન થયું હતું. આરાધના સુંદર રીતિએ, પુરતા ઉલ્લાસથી અને સારી સંખ્યાએ થઈ હતી. આવી રીતે બીજા જિલ્લાઓ કરે તે ઈચ્છવા યોગ્ય છે. તેથી શ્રી નવપદ આરાધકોની શ્રી સિદ્ધચક્ર-સાધકોની સંખ્યામાં સારો વધારો થશે; પ્રભુ પ્રણીત અનુષ્ઠાનોનો સર્વત્ર પ્રચાર થાય એનાથી રળિયામણું બીજું શું ?

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

સમ્યગ્‌જ્ઞાન

કાર્યમાત્રમાં ઈચ્છા કારણભૂત નથી !!!

મોક્ષમાર્ગની મુસાફરીના નિયતકાળનું અવલોકન.

શું માબાપની રજા વગરની દીક્ષા એ શિષ્ય ચોરી ?

સમ્ય માટે જ્ઞાનની જરૂરિયાત જગતે પણ સ્વીકારી નથી ?

(નોંધ :- ઈ પાયધુનીપર, શ્રી ગોડીજી મહારાજજીના ઉપાશ્રયમાં ગયા વર્ષના ચૈત્ર માસમાં નવપદની આરાધના ંગે પૂ. આગમોદ્ધારકદેવે આપેલી આ દેશના રોચક, મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અારો ઉત્સાહ ઉત્પન્ન કરનારી હોવાથી અત્રે અપાય છે...તંત્રી.)

जीवाजीवाइपयत्थसा तत्तोवबोहरुवंच ।
नाणं सव्वगुणाणं मूलं सिक्खेह विणएणं ॥ १ ॥

કાર્યમાત્રમાં ઈચ્છા કારણભૂત નથી.

શા સ્ત્રકાર મહારાજા શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી ભવ્યજીવોના ઉપકાર માટે શ્રીપાલચરિત્રમાં ફરમાવે છે કે તેઓ (શ્રીપાલ મહારાજ) જે જે સમૃદ્ધિ પામ્યા, દેવલોકની પ્રાપ્તિ તથા છેલ્લે મોક્ષે પણ જવાના છે એ તમામનું મૂળ કારણ જો કાંઈપણ હોય તો મુખ્યતાએ શ્રી નવપદોનું આરાધન છે. મનુષ્યે જેની ઈચ્છા થાય તેની પ્રાપ્તિના મૂળ કારણ તરફ આદરવાળા થવું જોઈએ. જો તે તરફ આદરવાળો ન હોય તો ફળને માટે ઉત્કંઠા ધારણ કરે છતાં તે તેને મેળવી શકે નહીં, જ્યારે મૂળ કારણને આરાધનારો વગર ઈચ્છાએ પણ તે વસ્તુ મેળવી લે છે, અર્થાત્ તેને સામે આવી મળે છે. આટલા માટે જૈનશાસ્ત્રકારોએ નૈયાયિકની પ્રક્રિયા કોરાણે મૂકી, જે કાર્ય કરવું હોય તેમાં ઈચ્છા મુખ્ય કારણ છે એમ નૈયાયિકોએ માન્યું છે, ને તેથી દરેક કાર્ય પ્રત્યે ચિકીર્ષાને સાધન તરીકે માની છે. શુભકાર્યો માટે ચિકીર્ષાને કારણ કહીએ તો હજુ પણ ચાલે, પણ કાર્યમાત્રને અંગે જો ઈચ્છાને કારણ માનીએ તો તે ટકી શકે નહીં. જગતમાં દુઃખ

એ પણ ભલે ખરાબ છે છતાં પદાર્થ તો છે અને તે કાર્યરૂપ છે. જ્યારે દુઃખ પણ પદાર્થ અને કાર્યરૂપ છે તો તેની ચિકીર્ષા કોને, ક્યાં લેવી ? દુઃખ પ્રાપ્ત કરવાની ઈચ્છા કોને હોય? પાપથી થતું આંધળાપણું, બહેરાપણું લુલાપણું વિગેરે પ્રાપ્ત કરવાની ઈચ્છા કોઈને હોય ખરી? જો કાર્યમાત્ર માટે ચિકીર્ષા કારણ હોય તો પાપ, દુઃખ વિગેરે તમામ કાર્યો ઈચ્છાપૂર્વક હોવાં જોઈએ, પણ તેમાં તો અનુભવ જ કહી આપે છે કે તે વસ્તુની ઈચ્છા કોઈને પણ હોતી નથી, માટે જે ઈચ્છાને કારણમાં ગણી છે તે માત્ર શુભકાર્યોના જ કારણોમાં લેવી, પાપકાર્યોમાં તો ઈચ્છા ન હોય તો પણ પાપ તો લાગે છે, જ્યારે ધર્મકાર્યોમાં તો ઈચ્છા હોય તો જ પુણ્ય લાગે છે, અને સંવર વગેરે કરાય છે. તે કાર્યો કરવા છતાં જો ત્યાં ઈચ્છા ન હોય તો પુણ્ય વગેરે થતું નથી. ઈચ્છા પણ યોગ્ય જોઈએ, નહીંતર 'જગતના નિધાનો તીર્થંકરના દાનમાં કામ લાગવાના છે માટે હું દાન પુણ્ય ન કરું ને આ પદાર્થોને હું ઉપયોગમાં નહીં લઉં તો જ આનો ઉપયોગ તીર્થંકરના દાનમાં થશે,' આમ કોઈ ધારીને દાન દેતો બંધ થાય તો શું પુણ્ય થઈ જાય ? કારણકે તે અયોગ્ય ઈચ્છા છે. પુણ્ય એ ઈચ્છાથી આવનારી ચીજ છે, પણ જ્ઞાન, સંવર, નિર્જરા, સ્વર્ગ તથા મોક્ષ આ તમામ ઈચ્છાપૂર્વકના પ્રયત્નોથી પ્રાપ્ય છે. નૈયાયિકોની પ્રક્રિયા કોરાણે મૂકવાનું કારણ એ જ કે તેઓ કાર્યમાત્ર પ્રત્યે ઈચ્છાને કારણભૂત ગણે છે, પણ લૌકિકનીતિને શાસ્ત્રથી તો સામાન્ય રીતે શુભકાર્ય પ્રત્યે જ માત્ર ઈચ્છા કારણરૂપ છે. આથી બધા કાર્યોમાં ઈચ્છા એ કારણભૂત નથી એ સામાન્યતઃ સાબીત થયું.

અર્ધ તથા એક પુદ્ગલ પરાવર્ત સંસાર તથા સમ્યક્ત્વ અને મોક્ષની ઈચ્છાના સંબંધ (વ્યાપ્તિ)ની સમજણ.

હવે જૈનશાસનની ઊંડી રીતિમાં જઈએ (ઊતરીએ) તો ઈચ્છા એ પરમપદમાં વ્યાઘાત કરનારી ચીજ છે. ઈચ્છા હોય ત્યાં સુધી તે થાય નહીં, તે કાર્ય ઈચ્છા ગયા પછી જ થાય છે. વિચારો કે મોક્ષની ઈચ્છા ક્યાંથી શરૂ થઈ ? ચોથે ગુણસ્થાનકેથી કે પહેલેથી? તત્ત્વ શ્રદ્ધા વગર પણ મોક્ષની ઈચ્છા એ તો સમ્યક્ત્વની પણ પહેલાં શરૂ થાય છે. સમ્યક્ત્વ અને મોક્ષ પ્રાપ્તિને કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલા સમયનું અંતર છે. જ્યારે મોક્ષની ઈચ્છાને અને મોક્ષપ્રાપ્તિને એક પુદ્ગલ પરાવર્ત જેટલા સમયનું અંતર છે. આથી વધારે જેને સંસાર હોય તેને મોક્ષની ઈચ્છા થાય જ નહીં. અર્ધ પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર જેને ન હોય તેને સમ્યક્ત્વ થાય જ એમ નહીં, તથા પ્રથમ સમ્યક્ત્વ થાય એટલે અર્ધપુદ્ગલ પરાવર્ત સમયનો સંસાર હોયજ એમ પણ નહીં, તથા પ્રથમ મોક્ષની ઈચ્છાવાળાને એક પુદ્ગલ પરાવર્ત સમયનો સંસાર હોય જ એમ પણ નથીઃ પણ સમ્યક્ત્વ જેને થાય તેને કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તથી વધારે સંસાર હોય નહીં તથા મોક્ષની જેને ઈચ્છા થાય તેને એક પુદ્ગલ પરાવર્તથી વધારે સંસાર હોય નહીં. અત્રે વ્યાપ્તિ છે. તે કેવી રીતે ? ઝાડ એ આંબો નથી પણ આંબો એ ઝાડ છે, એવી રીતે અહિં સમ્યક્ત્વમાં પણ સમજવું કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર હોય ત્યાં સમ્યક્ત્વ થાય જ એ નિયમ નથી, તેમજ 'સમ્યક્ત્વ હોય ત્યાં કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો સંસાર હોય જ' એ પણ નિયમ નથી, ત્યારે નિયમ કયો ?, સમ્યક્ત્વ થયા બાદ કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર હોય નહીં એ નિયમ. એવી રીતે મોક્ષઈચ્છા જે પુદ્ગલ પરાવર્તમાં પણ સમજવું. આ વાત ધ્યાનમાં રાખશો એટલે ચાલુ ચર્ચાનો વિષય પણ બરાબર સમજાશે.

માબાપની રજા વગર દીક્ષા એ શિષ્ય ચોરી નથી!

હાલ કેટલાકો માબાપની રજા વગરની બધી દીક્ષાઓને શિષ્યચોરી કહે છે. આંબો એ ઝાડ ચોક્કસ, પણ ઝાડ એ આંબો નથી, આ કહેલું દ્રષ્ટાંત બરાબર ધ્યાનમાં રાખજો. માબાપની રજા વગરની જે દીક્ષા એ શિષ્યચોરી એ વાક્ય જો વિધાયક હોય તો જેને માબાપ જીવતાં ન હોય તેને દીક્ષાનો હક્ક જ નહીં, એમને? જેને જેને માબાપ ન હોય તેઓની દીક્ષા પણ શિષ્યચોરીમાં ગણાશે કે ? એટલે માબાપ વગરના દીક્ષિતોની દીક્ષા એ પહેલા નંબરની શિષ્ય ચોરી ગણાશે, ભગવાન શ્રી મહાવીરદેવે દીક્ષા લીધી તેમાં માબાપની રજા લીધી કે નહીં? માબાપ તો પહેલાં જ સ્વર્ગે સંચરેલા છે. એટલે એમની દીક્ષા પણ શિષ્યચોરીરૂપ જ કે? આ ઉપરથી દીક્ષાના ઉમેદવાર માત્રે માબાપ જીવતાં જ દીક્ષા લઈ લેવી જોઈએ! જેમ કેટલાંક કાર્યોમાં શુકનરૂપે ચાર માબાપવાળી સોહાગણ શોધવામાં આવે છે તે કઈ ?, જેના ચાર માબાપ જીવતા હોય તેજ ને ?, તે રીતિએ માબાપની રજા વગરની દીક્ષાને શિષ્યચોરી ગણનારના હિસાબે માબાપના અવસાન પછીના દીક્ષિતોની દીક્ષા શિષ્યચોરીમાં જ ગણવાની કે ! !

હવે માબાપની રજા ઉપર આવીએ ! રજા રાજીખુશીથી મેળવવી એવું વિધાન નથી. રંજાડીને, અકળાવીને, તોફાન કરીને, ભરમાવીને કે અનિષ્ટ દેખાડીને કોઈપણ પ્રકારે માત્ર રજા જ મેળવવી જોઈએ આટલો જ અર્થ થાય. ફારગતિ થયા પછી ભાગીદારીના જોખમમાંથી મુક્ત થવાય છે, તેવી રીતે અહીં પણ મોકળા થવું જોઈએ. ફારગતિમાંથી મુક્ત કઈ રીતિએ થવું કે થયો એ વાત કાંઈ કાયદામાં નથી, તેમ અહીં પણ કઈ રીતિએ છૂટા થવું એ વાતનો નિયમ નથી, જુઠું સમજાવીને જુઠું કહેવરાવીને સંસારિક નુકસાનીનો ભય દેખાડીને પણ છૂટા થવાય, ને તેને પણ રજા થઈ મનાય, આ સ્થાને શિષ્યચોરી એ આંબા તરીકે છે જ્યારે માતાપિતાની રજા વગરની દીક્ષા એ ઝાડ તરીકે છે, જેમ આંબા જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ઝાડ છે, પણ જેટલાં ઝાડ એટલા આંબા નથી, તેમ જે જે શિષ્યચોરી છે તે માતાપિતાની રજા વગરની દીક્ષામાં છે એ વાત ખરી, પણ માતાપિતાની રજા વગરની દીક્ષા બધી શિષ્યચોરી છે એમ નથી. નાનો બાળક મોટાના વહીવટમાં, ફારગતિ થયા વિના પણ જોખમદાર કેમ નથી એ કાયદાની બારીકી જુદી છે. અત્યારે તો સામાન્ય કાયદેસરની વાત કરીએ છીએ.

વળી, શાસ્ત્રકારોએ જીવઅદત્ત તથા સ્વામિઅદત્ત એ બે જુદાં કેમ પાડ્યાં ? જો જીંદગી પર્યંત સ્વામી જ માલિક રહેતો હોય તો પછી મનુષ્યપણાને અંગે જીવઅદત્ત જેવી વસ્તુ જ ક્યાં જુદી રહી? સ્વામી એ ઈત્વરકાલનો માલિક છે જ્યારે જીવ એ યાવત્ જીવનનો માલિક છે, માટે એ બેને જુદા પાડવા પડે; એક છોકરાનો માબાપ ક્યાં સુધી માલિક ?, ત્યાં સ્વામીઅદત્ત તથા જીવઅદત્તમાં ક્યાં ફરક પાડશો ? અરે ! તમે તો છોકરા વગેરેને પણ સ્વામી તથા બાયડી વગેરેને પણ સ્વામિની બનાવો છો ને ! તમારે તો દીક્ષા લેવામાં છોકરાની તથા સ્ત્રીની પણ રજા જોઈએ છે, પછી શું થયું? રજા અધિપતિની હોય કે તાબેદારની ? તમારા હિસાબે તો તાબેદારની પણ રજા જોઈએ ! જ્યાં સુધી છોકરો પુખ્ત વયનો ન હોય ત્યાં સુધી માબાપ માલિક તરીકે. જો વયમાં આવ્યા પછી પણ ત્યાં (માબાપની રજા વિના માત્રથી) શિષ્ય ચોરીનો દોષ લાગુ કરો તો સ્વામીઅદત્ત તથા જીવઅદત્તને જુદું પાડવાનો પ્રસંગ નહીં રહે. સોળ વર્ષની અંદરની વયવાળાની દીક્ષા માટે સ્વામીઅદત્તના દોષની સંભવના ખરી પણ પછીની દીક્ષામાં એ દોષ લાગતો નથી. 'શિષ્યચોરી, શિષ્યચોરી'નો પ્રબળ વિવાદ કરનારને

જરા પૂછો કે સોળ વર્ષની વય પછીની દીક્ષામાં ચાર અદત્તમાંથી કયું અદત્ત છે ? જો સ્વામીઅદત્ત કહો તો તે વયે માબાપ વગેરે સ્વામી જ નથી, જીવઅદત્ત કહી શકાય તેમ નથી, કેમકે જીવ પોતે તો દીક્ષા માટે તૈયાર છે, ને શ્રી તીર્થંકરે પોતે તો તે સોળ પછી રજા વગર પણ દીક્ષા દેવાની આજ્ઞા આપી છે એટલે તીર્થંકરઅદત્ત પણ નથી, તેમજ ગુરુ પણ દીક્ષા દેવાને તૈયાર છે, માટે ગુરુઅદત્ત પણ નથી, માટે ઉપર જણાવેલ આંબા તથા ઝાડની વ્યાપ્તિ મુજબ શિષ્યચોરી તે માબાપની રજા વગરની દીક્ષામાં સંભવે, પણ માબાપની રજા વગરની દીક્ષા તે શિષ્યચોરી એમ કહેવાય તેમ નથી.

શ્રી સંઘને ભક્તિ કરવા સિવાય બીજી સત્તા નથી. વાલી થવા આવો તો છો પણ બધી જવાબદારી લઈને આવો. જે બધા બગડેલા છે તેની જોખમદારી તો ભરી આપો ! જેમ ઘરનાં છોકરાંને પોતે ભૂખ્યા રહીને પણ પાળવાં પડે તેમ સંઘની સત્તાની વાતો કરનારા આટલું કરવા તો તૈયાર (કટિબદ્ધ) થાઓ ! કે તમારામાંથી એક મનુષ્ય ભૂખ્યો હોય ત્યાં સુધી ખાવું નહીં.

મોક્ષની ઈચ્છા એ મોક્ષનું કારણ છે કે નહીં ?

ગયા ભવોમાં અજ્ઞાનતાથી કરેલી ક્રિયાને ત્રિવિધ ત્રિવિધ ન વોસિરાવીએ ને તેનાથી ત્રિકરણયોગે ન ખસીએ ત્યાં સુધી પેલું પાપ ખસતું નથી. જ્યાં સુધી જાહેરમાં સહી ખેંચી લેવામાં આવે નહીં ત્યાં સુધી સહિયારીની જોખમદારીથી બચાતું નથી, તેમ સ્પષ્ટ રીતિએ દેવાદિ સાક્ષી સમક્ષ પાપ વોસરાવે નહીં ત્યાં સુધી તે કર્મથી બચતો નથી. ત્રિવિધ ત્રિવિધ વોસિરાવ્યા વિના કોઈપણ આત્મા કર્મના કારણોથી બચી શકતો નથી. માટે સર્વ પાપ વોસરાવવારૂપ દીક્ષાની સર્વને જરૂર તો છે જ આપણો મૂળ મુદ્દો કયો છે ? એક પુદ્‌ગલ પરાવર્ત સંસાર બાકી હોય તો જ (ત્યારે જ) મોક્ષની ઈચ્છા થાય છે એમ નથી. ત્યારે વ્યાપ્તિ કેટલા પૂરતી ? મોક્ષની ઈચ્છા થયા પછી એક પુદ્‌ગલ પરાવર્તથી અધિક સંસાર ન જ હોય તથા સમ્યક્‌ત્વ થયા પછી કાંઈક ન્યૂન અર્ધપુદ્‌ગલ પરાવર્તથી અધિક સંસાર ન જ હોય. આ ઉપરથી એક વાત નક્કી થાય છે કે પહેલે ગુણસ્થાનકે પણ મોક્ષની ઈચ્છા, તથા તેની ક્રિયાઓ હોઈ શકે છે અને ચોથે ગુણસ્થાનકે (જ્યાં સમ્યક્‌ત્વ છે ત્યાં) પણ મોક્ષની ઈચ્છા અદ્વિતીય હોય છે. ચોથા ગુણસ્થાનકવાળો મોક્ષ સિવાય બીજા પદાર્થની પ્રાર્થના જ ન કરે. મોક્ષની ઈચ્છા યાવત્ છઠ્ઠા, સાતમા ગુણસ્થાનક સુધી છે. હવે મોક્ષની ઈચ્છાવાળા છતાં તે ચોથા પાંચમા વગેરે ગુણઠાણાવાળાને મોક્ષ મળ્યો નથી, મળતો નથી અને મળશે નહીં ! ત્યારે મોક્ષ ક્યારે થાય ? તેરમેથી આગલ ચૌદમે ગુણસ્થાનકે જાય ત્યારે ? ત્યારે ત્યાં તે ઈચ્છા હોય ખરી ? તેરમે ગુણસ્થાનકે પણ ઈચ્છા નથી. ચૌદમે ગુણસ્થાનકે તો મન, વચન, કાયા ત્રણેય યોગ નથી, તો ઈચ્છા તો ક્યાંથી લાવવી ? પહેલે ગુણસ્થાનકેથી આગલા ગુણસ્થાનકે (ઈચ્છા છતાં) મોક્ષ મળતો નથી અને જ્યાં મોક્ષ મળે છે ત્યાં તેની ઈચ્છા નથી. શુભકાર્યમાં ઈચ્છાને કારણ ગણીએ તો ચૌદમે ગુણસ્થાનકે તો મોક્ષની ઈચ્છા નથી. છતાં મોક્ષ કેમ મળે છે ?

ઉપર કહ્યા પ્રમાણે જ્યારે શુભ અને શુદ્ધ કાર્યમાં ઈચ્છા કારણરૂપે નિયમિત ન રહી ત્યારે શું ઈચ્છા નકામી છે ? શરીરમાં થયેલ વાયુનો વિકાર મટાડવા રસાયણ લીધું. શરીર સ્વસ્થ થયું, પછી

રસાયણની જરૂર ખરી? નહીં જ ! તેમ અહીં પણ મોક્ષને રોકનારાં કર્મોને નાશ કરનાર રસાયણ, સમ્યગ્‌દર્શનાદિ ત્રણ છે, ને તેને મોક્ષની ઈચ્છા મેળવી આપે છે, પણ એ ત્રણ મળ્યા પછી, પૂર્ણદશામાં આવ્યા પછી, ઈચ્છાની જરૂર નથી. જેમ રસાયણની જરૂર માત્ર વાયુના વિકારને વિદારવા માટે જ છે, તેમ અહીં પણ ઈચ્છા તે મોક્ષનાં કારણો મેળવી આપવા માટે જ જરૂરી છે. જો આમ છે તો તે ઈચ્છાને કારણરૂપે માનવી જ જોઈએ ! ઘડો થવાના કાર્યમાં દંડ સીધો કામ નથી લાગતો, પણ દંડે ઉભું કરેલ ભ્રમણ (વેગ) કામ લાગે છે. તેવી રીતે મોક્ષ થતી વખતે ઈચ્છા જાય ત્યારે જ ભલે મોક્ષ થતો હોય, પણ મોક્ષનાં કારણો જે સમ્યગ્‌દર્શનાદિ તેનો કર્તા કાં તો આત્મા છે, કાં તો કર્મના ક્ષયોપશમ આદિ છે. ખાણમાંથી માટી ગધેડો લાવ્યો, તે જ માટીનો ઘડો બન્યો, પણ તેથી ઘડાના કાર્ય સાથે ગધેડાને સંબંધ નથી, તેવી રીતે અહિં પણ ઈચ્છાથી સમ્યગ્‌દર્શનાદિ મેળવાયાં, છતાં તેનું કારણ કર્મનો ક્ષયોપશમ આદિ કે આત્મવીર્યોલ્લાસ હોવાથી ઈચ્છા એ અત્ર કારણ નથી, વળી દંડ કે ગધેડો કાંઈ ઘડો થવાની ક્રિયાને રોકનાર નથી, પણ અહીં તો ઈચ્છા મોક્ષને રોકનારી છે, કેમ કે અયોગીપણું ન થાય ત્યાં સુધી મોક્ષ થતો નથી, માટે ઈચ્છા એ મોક્ષને રોકનારી ચીજ છે, અને ઈચ્છાના નાશે મોક્ષ થાય છે, પણ ગધેડો મરે તો ઘડો થાય એવો નિયમ છે ? ના ! આથી એ નક્કી થયું કે શુભ તથા શુદ્ધ કાર્યને અંગે ઈચ્છા એ સાધક વસ્તુ નથી. સાધક વસ્તુ તો મોક્ષનાં કારણો, સંપૂર્ણ દર્શન, જ્ઞાન, ચારિત્ર જો મળી ગયાં તો ઈચ્છા ન હોય તો પણ મોક્ષ થાય અને જો તે સંપૂર્ણ ન મળ્યાં હોય તો મોક્ષની ઈચ્છા ચાહે તેટલી હોય તો પણ મોક્ષ ન થાય.

કાર્યસિદ્ધિ તેનાં કારણોથી છે; નહીં કે ઈચ્છાથી.

તીર્થંકર નામકર્મનો ઉત્કૃષ્ટ રસ કોણ બાંધે ? અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિ ! દેશવિરતિ-સર્વ વિરતિવાળો કે અપ્રમત્તસંયમી એ કર્મ એવું બાંધી શકતો નથી. અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિની જે ઈચ્છાની તીવ્રતા છે તે પાંચમે, છઠ્ઠે કે સાતમે ગુણસ્થાનકે આવી શકતી નથી. આથી નક્કી થયું (કર્યું) કે કાર્યને સિદ્ધ કરનાર તેનાં કારણો છે; નહીં કે તેની ઈચ્છા ! તમે તો શ્રીપાલ મહારાજની કથા શ્રવણ કરી, ધન, કુટુંબાદિની ઈચ્છા કરો તો તે ઈચ્છા તમારા આત્માનું શું દારિદ્ર ફેડશે ? સિદ્ધ કરનાર હેતુને શાસ્ત્રકારો કારણ માને છે, તો ત્યાં કાર્ય તરીકે મોક્ષને જ માનો અને તેના પણ હેતુભૂત નવપદનું આરાધન છે. જગતનો પુદ્‌ગલથી વ્યવહાર છે. જેમ પુદ્‌ગલ અધિક તેમ કાર્ય અધિક. દુનિયાનો વ્યવહાર લાગણી ઉપર નથી, પણ તે કેવળ પદાર્થ ઉપર છે, શાસ્ત્ર તો પદાર્થને પોગળ ગણે છે, તેનો વ્યવહાર લાગણી ઉપર છે. નિશ્ચયથી શાસ્ત્રકારોનું અંતઃકરણ અંતઃકરણને જોવા માગે છે. તત્ત્વથી શાસ્ત્ર કોને જોવા માગે છે ? જેવો વિવેક તેવો ધર્મ. તેમાં અંતઃકરણ કે વસ્તુને સીધો સંબંધ નથી. શાલિભદ્રના જીવે પૂર્વભવમાં (સંગમે), તેમજ ધન્નાજી તથા કયવન્નાજીના જીવે પૂર્વભવમાં એકજ વખત વહોરાવ્યું છે જ્યારે તમે તો સેંકડો વખત લાડુ, પેંડા, દૂધપાક વહોરાવો છો માટે તેમ તેમનાથી સેંકડો ગુણા ઉત્તમ થઈ જશો એમ કહેવું ને ?, ના ! , શાસ્ત્રકાર વસ્તુ કે વિવેકશૂન્ય અંતઃકરણને વળગતા નથી, પણ વિવેકને વળગે છે. વારૂ ? વિવેક કોણ લાવે છે ? વિવેકને લાવનાર વસ્તુના જ્ઞાન સાથે જોડાયેલું અંતઃકરણ છે, તે માટે નવપદ રૂપ વસ્તુનું જ્ઞાન કરાવવું, તે થાય એટલે તે વસ્તુ દ્વારાએ અંતઃકરણમાં વિવેક જાગે ને તેથી ફળની પ્રાપ્તિ થાય.

દર્શનાદિ પદો સ્વરૂપે સાધ્ય નથી, પરરૂપે સાધ્ય છે.

અરિહંતો અરિહંત તરીકે, સિદ્ધો સિદ્ધ તરીકે, આચાર્યો, આચાર્ય તરીકે ઉપાધ્યાય, ઉપાધ્યાય તરીકે તેમજ સાધુઓ સાધુ તરીકે આરાધ્ય છે પણ દર્શન દર્શન તરીકે આરાધ્ય નથી, તથા જ્ઞાન જ્ઞાન તરીકે, ચારિત્ર ચારિત્ર તરીકે અને તપ તપ તરીકે આરાધ્ય નથી. તમે રોટલી પકવો તે ભોજનના સાધ્યથી, ચૂલો ધમો તે ચૂલો ધમવાના સાધ્યથી કે રસોઈના સાધ્યથી ?, ચૂલો ધમ્યા વિના રસોઈ પામવાના નથી, પણ તેમાં ચૂલાનું સ્વરૂપે સાધ્ય છે નહીં; ચૂલાનું સાધ્ય પરરૂપે છે. તે જ રીતે અત્રે પણ જ્ઞાનનું સાધ્યપણું નથી. આ ઉપરથી જ્ઞાનને નકામું કહેવામાં આવે છે એમ બડબડશો નહીં ! ચૂલો ધમતાં સાધ્ય રસોઈ ઉપર રહેશે; ચૂલો ચૂલા તરીકે સાધ્ય નથી પણ રસોઈના મુદ્દાએ સાધ્ય છે, તેવી રીતે જ્ઞાન જ્ઞાન તરીકે સાધ્ય નથી, પણ જ્ઞાન સંવર નિર્જરાને લાવે તે તરીકે જ સાધ્ય છે.

पढमं नाणं तओ दया એ વાક્યનું રહસ્ય શું ?

અમુકની છોકરી સાથે અમુકના છોકરાના લગ્ન સંબંધી એક દસ્તાવેજ થયો, તેમાં લખવામાં આવ્યું કે-જો સામો શખ્સ પોતાની છોકરી આ છોકરાને પરણાવે તો છોકરાના બાપે, વહુ તરીકે તેણીને પાંચ હજાર રૂપિયા આપવા, હવે પેલો છોકરીનો બાપ પોતાની છોકરીને પરણાવે નહીં, લગ્નની વાત ઉડાડી દે, અને પાંચ હજાર રૂપિયા માગે તો ? દસ્તાવેજમાં તો સ્પષ્ટ પાંચ હજાર આપવાની શરત છે જ, પણ સાથેની શરત ન જુએ અને થેલીને જ [illegible], તો તેને બેવકૂફ જ કહેવો ને ! તેવી રીતે કેટલાકો **'पढमं नाणं तओ दया'** એ વાક્યને પકડી, 'પહેલું જ્ઞાન' એવી બૂમ મારી રહ્યા છે. પહેલું જ્ઞાન એ વાત ખરી, પણ પછી ?, પછી શું એ જોવાનું કે નહીં ? **तओ दया** એને ઉડાડી મૂકવાનું? પહેલું જ્ઞાન પામો અને પછી દયાવાળા થાઓ એવું તાત્પર્ય આમાં છે. આ તો 'પ્રથમ જ્ઞાન' એ વાત લેવી છે અને **तओ दया** એ વાતને જલાંજલિ આપવી છે, એ ચાલે ? સંયમ, દેશવિરતિ વિગેરે ક્રિયાથી નિરપેક્ષ થાય અને **पढमं नाणं** બોલ્યા કરે એને બેઈમાન સિવાય શું કહેવું ? પેલા છોકરીના બાપને પાંચ હજાર લેવા છે પણ છોકરી પરણાવવાનું મન નથી એટલે એને એ લીટી કાળજે કટાર જેવી લાગે છે, તેવી રીતે અહીં પણ 'જ્ઞાન પહેલું' એ વાત ગમે છે, પણ **तओ दया** એ સાંભળી કાનમાં શૂળ વાગે છે એ શું ? સામાયિકાદિ ક્રિયાકાણ્ડ, વ્રત પચ્ચખ્ખાણ કરવાં નથી અને જ્ઞાન માટે મોટા ઠોડુજી બનવું છે તે ચાલે ? જરા એજ ગાથામાં આગળ ચાલો ! **अन्नाणी किं काही** અજ્ઞાની કરશે શું ? આ કથનથી જ્ઞાનને વખાણ્યું એ વાત ખરી, પણ જ્ઞાનને વખાણ્યું શા માટે ? એટલાજ માટે કે જ્ઞાની કંઈક કરી શકે. અજ્ઞાની કાંઈ કરી ન શકે માટે અજ્ઞાનને વખોડ્યું. હવે જ્ઞાનના ઠોડુજી સમજ્યા છતાં ન કરે તો તેઓમાં અને અજ્ઞાનીમાં ફરક ક્યાં ? છોકરાનો બાપ પાંચ હજાર એટલા જ હેતુથી આપે છે કે પેલી છોકરી (વહુ) કોઈપણ સંયોગોમાં દુઃખી ન થાય, પણ તેય પેલો પરણાવે તોને !, તેવી જ રીતે જે કંઈ પણ કરવાને તૈયાર નથી તેથી પાસે જ્ઞાનની કોથળી ખાલી કરે કોણ ? આથી શાસ્ત્રકારો 'આરંભી, પરિગ્રહી, ઘરબારી, અન્યતીર્થીને શાસ્ત્ર વંચાવે તો રોજનું પ્રાયશ્ચિત લાંગે' એમ જણાવે છે, જ્ઞાન એ ક્રિયા માટે જ છે, માટે આ પ્રાયશ્ચિત લાગે છે. જ્ઞાન સંવરને નિર્જરાના માર્ગમાં પ્રવર્તવા માટે તથા આશ્રવને બંધથી હઠવા માટે છે. 'ભલે લાખ ખોટના ગયા પણ મોતી તો દેખ્યું?' આવા શબ્દો ઝવેરીના મોંમાંથી નીકળે? એવી રીતે 'ભલે ! અમે કાંઈ કર્યું નહીં પણ જાણ્યું તો ખરુંને ! ' આવું કહેનારને પણ 'ભલે ખોટના ગયા' એ બોલનારના જેવો મૂર્ખ જ સમજવો. જે મનુષ્ય જ્ઞાન પામશે તે સર્વવિરતિ, દેશવિરતિ, અવિરતિ વિગેરે જાણશે પણ અજ્ઞાની શું જાણશે ? આવી રીતે સ્પષ્ટપણે સંવર ને નિર્જરા માટે જેમાં જ્ઞાનની

જરૂર જણાવી છે અને સંવરનેનિર્જરા ન બનાવી શકે માટે જ અજ્ઞાનને નિંદ્યું છે, છતાં તેથી આ પઢમં નાણં ની હૂંડી સ્વીકારાવો છો પણ શરતો એકે મગજમાં રાખતા નથી.

या विद्या सा विमुक्तये के सा विद्या या विमुक्तये ?

ત્યાં જે શરતો છે તેમાં પહેલાં तओ दया ઇચ્છની શરત પહેલી છે. જ્ઞાની થાઓ એટલે સંવર નિર્જરા કરવી જ જોઈએ. તેણે દેશવિરતિ, સર્વવિરતિ મેળવવી, વિરતિ ફળને મેળવે એ જ સફળ જ્ઞાનવાળો કહેવાય. વિરતિ અને વિરતિના ધ્યેય વિના જ્ઞાન અપાય તે કન્યાની પ્રાપ્તિ વિના તેને પૈસા આપવા જેવું છે. એમ તો વ્યવહારિક જ્ઞાનદાનમાં દરેકે દરેક જીવ ભાગીદાર છે. કૂતરી પણ પોતાનાં બચ્ચાંને જ્ઞાન આપે છે. પોતાની જાતિને લાયકનું જ્ઞાન આપ્યા વિના કોઈને ચાલતું નથી. કૂતરી કરડવાનું કે ભસવાનું શીખવે તે પણ જ્ઞાન જ છે ને ! ચોરો પોતાની ટોળીમાં કોઈને ક્યારે લાવે ? પેલો ચોરી કરવામાં પ્રવીણ થાય ત્યારેને ! ત્યારે એ ચોરો પણ જ્ઞાનદાતા ખરા એમકે ? જાનવરો, ચોરો, જુગારી એ બધાને જ્ઞાનદાતા ગણાવા તૈયાર છો ? અરે! વેશ્યા પણ પોતાની છોકરીને એ અધમમાર્ગે ઉતારતાં પહેલાં કેટલી તૈયાર કરે છે ! ત્યારે એનું પણ કલ્યાણ થવાનું ? તમારે ઘેર મુનીમ રાખો છો તે આંટીઘૂંટીમાં સમજે તેને કે સીધા માણસનેય ? સરકારના વહીવટદારો તમારા ચોપડા તપાસે તો પણ રહે ન લાગે એવા મુનીમને તમે રાખો છો ત્યારે તમે પણ આંટીઘૂંટીના જ્ઞાનદાતા ખરાને ? યાદ રાખો કે શાસ્ત્રકારો આવા આશ્રવને બંધના કારણોને દેવામાં જ્ઞાનદાન ગણાતા નથી.

જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત, અગર પુણ્ય પાપ મળી નવ, એ તત્ત્વોનું જે જ્ઞાન કરાવવું તેનું નામ જ્ઞાનદાન છે. તે સિવાયના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. સમ્યગ્જ્ઞાન તો હજી આગળ છે. એ જીવાજીવાદિકનું જ્ઞાન શ્રદ્ધાપૂર્વકનું હોય તો તે સમ્યગ્જ્ઞાન છે. આ વાત લક્ષમાં લેશો તો ભગવાન હેમચંદ્રસૂરિએ જે જ્ઞાનદાનનું લક્ષણ બાંધ્યું છે તે બરાબર ખ્યાલમાં આવશે.

दानं धर्मानभिज्ञेभ्यो वाचनादेशनादिना । धर्मसाधनदानं च, ज्ञानदानमितीरितं ॥ १ ॥

ધર્મને ન જાણનારાને વંચાવવા વડે કે દેશના વડે જીવાદિક પદાર્થોનું જ્ઞાન કરાવવું તે જ્ઞાનદાન તેમજ તેવું જ્ઞાન થવાનાં સાધનો આપવાં તે જ્ઞાનદાન કહેવાય, તે જ જ્ઞાનદાન કે જે જીવાદિકને જણાવનાર શાસ્ત્ર માટે ઉપયોગી હોય. 'या विद्या सा विमुक्तये' એ મિથ્યાત્વીનું વાક્ય છે, અને सा विद्या या विमुक्तये એ સમકિતીનું વાક્ય છે, જગતના જ્ઞાનમાત્ર, વિદ્યામાત્ર, તમામ કેળવણી એ બધું મોક્ષ માટે થાય છે આ વચનને કોઈપણ જૈનશાસનને અનુકૂળ કહી શકે ? નહીં જ ! सा विद्या या विमुक्तये એટલે તે જ જ્ઞાન કે મોક્ષ માટે થાય. અક્ષરમાં ફરક નથી, પણ સ્થાનમાં ફરક છે. એક મનુષ્ય ખાસડાં માથે ઘાલી પગમાં ટોપી રાખી બજારમાં ચાલવા લાગે તો તેને હસો છો શાથી ? પગ પણ ઉઘાડા નથી, માથું પણ ખુલ્લું નથી, છતાં એને મૂર્ખો કેમ કહો છો ? એ જ કારણ કે એણે માથાનું પગે લગાડયું. તેવી રીતે 'विमुक्तये'ની સાથે જોઈતું હતું તે 'विद्या'ની સાથે મૂક્યું આટલો જ ફરક છે.

શ્રી ઉત્તરાધ્યયનજીમાં કહ્યું છે કે જે જ્ઞાન સંસારને માટે થાય તેને અવિદ્યા કહેવી. જગતની વિદ્યા તે અવિદ્યા છે, અને કર્મની ઉત્પત્તિનાં સાધનરૂપ છે. ચોર વિગેરે લોકો એવી કળા શીખવે છે કે જેવી કળા સરકાર પણ શીખવી શકતી નથી તો શું ચોરો પાસે જ ખરેખર મોક્ષની વિદ્યા શીખી શકાય ? માટે તેનું જ નામ જ્ઞાન કે વિદ્યા કે જે મોક્ષને માટે જ થાય.

या विद्या सा विमुक्तये લ્યો તો જ્ઞાન અજ્ઞાનનો ભેદ ક્યાં રહ્યો ? લોકોત્તરજ્ઞાન, લૌકિકજ્ઞાન, આશ્રવ ને સંવરનું જ્ઞાન એ વિગેરેમાં ભેદ ક્યાં રહ્યો ? 'या विद्या सा विमुक्तये' એવું કહેનારા ચોર કે જુગારીબજાર અથવા વેશ્યાબજારના નાયક પણ કેમ ન બને ?

પાઘડી શાહુકારને કામની પણ ખવીસને નકામી, તેમ જ્ઞાન ઉપયોગી છે પણ કોને ?

જીવાજીવાદિ પદાર્થો જાણવા માત્રથી સરતું નથી, પણ જાણીને તેનાથી આરાધન કરવાની જરૂર છે. આરાધના કરો, જ્ઞાનનું બહુમાન કરો તે બધા નીચલાં પગથીયાં છે, રાજમાર્ગમાંથી બારણા આગળ આવી ઓટલે ચડવાનાં પગથિયાં છે, પણ મેડાની વાર છે. તેવા જ્ઞાનને શીખો કે જેથી ઓટલે ચઢો ને મેડો મળે. નૌકારવાળી ગણવી વિગેરે આરાધન નકામું નથી. રસ્તા ઉપરથી ઓટલા પાસે આવવાનું છે, પણ ઓટલો મળવા માત્રથી મેડે ચઢી ગયો એમ માનનારો ભૂલ કરે છે. જે ઓટલા આગળનો ભાગ તથા તે ઉપરના ભાગમાં ફરક ન સમજે તે મૂર્ખ છે. શીખવું તે જ ઉપર આવવા જેવું છે. એમ ગણે તે પગથિયાં ખસેડી નાંખીને ચઢવા માગે તેના જેવો મૂર્ખ કહેવાય. જ્ઞાન શીખવવામાં પગથિયાંરૂપ વિનય છે. વિનય ન હોય તો ચઢવાનું સાધન નથી. જ્ઞાન એ સર્વગુણોનું મૂળ છે. જ્ઞાન સ્વતંત્ર આરાધ્ય નથી પણ એ પરાધીન છે. જ્ઞાન જો જ્ઞાન માટે શીખવાનું હોય તો તમે નીસરણી ચઢયા તેના પગથિયાં ગણ્યાં છે ? જો જ્ઞાન જ્ઞાન માટે જ હોય તો પગથિયાં જરૂર ગણ્યાં હોત. હેય તથા ઉપદેયના વિભાગ પાડવામાં કામ લાગી અસારથી છોડાવે ને સારને મેળવવામાં ઉપયોગ લાગે તે પૂરતું જ જ્ઞાન ઉપયોગી છે. જેમ ખવીસને (માથુ ન હોવાથી) પાઘડી નકામી છે તેમ જેને મોક્ષ માર્ગે પ્રવર્તવું નથી, સંવર નિર્જરા આદરવાં નથી, આશ્રવ તથા બંધ છોડવા નથી તેને સર્વગુણના મૂળરૂપ જ્ઞાન શીખીને શું કામ છે ? પાઘડી નકામી નથી પણ ખવીસને નકામી છે, તેમ જ્ઞાન નકામું નથી પણ જેને બંધ, નિર્જરા મોક્ષ વિગેરેનો વિવેક કરવો નથી તેને માટે નિરૂપયોગી છે. સર્વગુણોના મૂળરૂપ જે જ્ઞાન તે વિનયથી શીખવું જોઈએ. જ્ઞાનપદની આરાધના એટલે નવપદમાંના સાતમા પદની આરાધના થઈ. હવે એનું ફળ શું ? ज्ञानस्य फलं विरतिः જ્ઞાનનું ફલ વિરતિ છે-ચારિત્ર છે, તત્સંબંધી હવે પછી અગ્રે વર્તમાન.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન.

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક-આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલ પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૨૩૬- આજની દુનિયાને યુક્તિ પુરસ્સર, ચાલુ દૃષ્ટાંતથી વૈરાગ્યનું ફળદાયકપણું શા માટે સમજાવાય છે?

સમાધાન- જુના અપ્રસિદ્ધ દૃષ્ટાન્તો કરતાં વર્તમાન પ્રસિદ્ધ દૃષ્ટાન્તો અસરકારક નીવડે છે માટે ચાલુ દૃષ્ટાન્તોથી વૈરાગ્યનું ફળ ને સ્વરૂપ સમજવામાં ફાયદો છે. જેમ કહેવાય કે હાલની સ્વદેશી ચળવળનું જરા અવલોકન કરો ! પરદેશી ચીજનો બોયકોટ શા માટે છે એ વિચારો ! આનું ઊંડું રહસ્ય સમજશો તો માલમ પડશે કે પરદેશી માલ દેખીતો સારો, આંખને આનંદજનક, મનને મોહક અને દરેક ઈંદ્રિયને પ્રિયંકર હોવા છતાં પણ પરિણામે બંધનની બેડીરૂપ તથા દેશને દારિદ્રરૂપી દાવાનળમાં હોમી દેનાર હોવાથી તેનો લોકો ત્યાગ કરે છે તેવી રીતે વિષય, કષાય દેખીતા આનંદજનક લાગે પણ પરિણામે ગાઢ બંધનરૂપ છે અને તેમાં ફસાયલો આત્મા અનાદિકાલથી તેનો ગુલામ બનેલો છે. જો એ વસ્તુસ્થિતિ સમજાય તો વિષયાદિ પરિણામે દારૂણ હોવાથી ત્યાજ્ય લાગે અને મોક્ષ (સ્વસ્થાન) તરફ આત્મા સ્હેજે આકર્ષાય. દારૂણ પરિણામદાયક પદાર્થો તરફ વૈરાગ્ય હોવો જોઇએ તે થાય એમાં આશ્ચર્ય શું ?

પ્રશ્ન ૨૩૭- આજના જમાનામાં, 'મુંબઇ સમાચાર' આદિ વર્તમાનપત્રો વાંચવાથી સાધુઓને શો લાભ?

સમાધાન- સમ્યગ્દૃષ્ટિ આત્મા મિથ્યાત્વીના રચેલા કે લખેલા પુસ્તક, લેખ વિગેરેને વાંચી વિચારીને સમ્યગ્રૂપે પરિણમાવે છે. ઈ.સ. ૧૯૧૪ની લડાઇમાં સંધી કરી જર્મન સરકારે જણાવ્યું કે 'અમારાં ક્રોડો શસ્ત્રો તમારે હાથ આવશે, કુનેહથી તમામ કિલ્લાઓ કબજે કરશો, અમારું સર્વ લશ્કર તમે નાશ કરશો, ધન, માલ મિલકત, ખજાનો વિગેરે લૂટી લેશો પણ જેના બદનમાં જર્મન દેશનું લોહી વહી રહ્યું છે તેવા એકેએક (બચ્ચાંથી માંડીને મોટા સુધી) જર્મન પાસે એક શસ્ત્ર હજી સુધી અખંડિત છે અને રહેશે. તે હથિયારને કોઇ લઇ શક્યું નથી અને લઇ શકશે પણ નહીં. તે

શસ્ત્ર કયું "દુશ્મન પ્રત્યે ધિક્કારની નજર" આ ઉપરથી અમે તમને એ કહેવા માગીએ કે જે નિર્માલ્ય છે, નાશવંત છે, જન્મતાં સાથે આવેલ નથી, મરતાં સાથે લઇ જવાય તેમ નથી અને વચલા કાળમાં (જન્મ-મરણના મધ્ય કાળમાં) પણ નિયમિત રહેશે તેવો વિશ્વાસ પણ નથી એવા આ નશ્વર ને કટુ પરિણામી પદાર્થો માટે શૌર્ય કેળવી ધિક્કાર રાખવો શક્ય શું નથી ? તેમજ જે દુષ્ટ કર્મ રાજાએ ભવ્યોની અનંત અવ્યાહત મિલ્કતની બરબાદી કરી તે (કર્મ) તરફ ધિક્કારની નજર કેમ ન રાખીએ? સંસારરસિક જીવોને આ રીતે દુન્યવી તાજાં દૃષ્ટાંતોથી ધાર્મિક પ્રસંગોની ઘટના સમજાવાય તો જલદી અસર કરે તે હેતુથી વર્તમાનપત્રાદિનાં વાંચનો થાય તો ક્ષંતવ્ય છે.

પ્રશ્ન ૨૩૮- ધર્મી અને ધર્મનાં સાધન માટે આટલા બધા બંદોબસ્ત શા માટે ? એના માટે જીવનાં જોખમ સુધીનાં તોફાન શા માટે ?

સમાધાન- દુનિયામાં પણ કીંમતી ચીજો અને તેના માલિકોની રક્ષા માટે જ જબરજસ્ત તિજોરીઓ અને પૂરતો ચોકી પહેરો રખાય છે. ધૂળ, ઢેફાં, પથરા માટે કે કંગાલો માટે કશુંયે હોતું નથી. શું ધર્મી તથા ધર્મનાં સાધનો ઓછાં કીંમતી છે !

પ્રશ્ન ૨૩૯- આ જીવે મોક્ષના ધ્યેય વિનાનાં અનંતા દ્રવ્યચારિત્ર કર્યા તે ભાવચારિત્રનું કારણ કેવી રીતે ગણાય ? કેમકે અભવ્યને અનંતા તેવાં ચરિત્રો છતાં ભાવચારિત્ર થતું નથી.

સમાધાન- ભવ્યમાં યોગ્યતા હોવાથી તેવા દ્રવ્યચારિત્રો પણ ભાવચારિત્રનું કારણ ગણાય એમ શ્રી પંચવસ્તુમાં સ્પષ્ટ જણાવેલ છે.

પ્રશ્ન ૨૪૦- જેમ પ્રભુની પૂજા કરતાં શ્રાવક સર્વવિરતિનું ધ્યેય રાખે ને એ વાસ્તવિક દ્રવ્યપૂજા કહેવાય, તેમ જે ચારિત્રમાં ઉપયોગ રહિત ક્રિયા સંવરની થાય તે ભાવચારિત્રને લાવી આપનારી હોવાથી દ્રવ્યચારિત્ર ગણી શકાય કે નહીં ? અર્થાત્ તે ભાવચારિત્રના કારણ સિવાયનાં ચારિત્ર તો અભવીની પેઠે અપ્રધાન દ્રવ્ય ગણાય કે નહીં ?

સમાધાન- સ્વરૂપે અપ્રધાન છતાં યોગ્યતા હોવાથી તે ચારિત્રો ભાવચારિત્રનું કારણ બને. રેતને મળેલી ઘાણી આદિની સામગ્રી તેલ ન નિપજાવે તો પણ તે જ સામગ્રી તલને મળે તો તેલ ન નિપજાવે તેમ નહીં. અર્થાત્ ભવ્યજીવન તેવા ચારિત્રમાં દ્રવ્યશબ્દ કારણને કહેનાર ગણાય અને અભવ્યમાં તે દ્રવ્યશબ્દ માત્ર અપ્રધાન અર્થ વાળો ગણાય.

પ્રશ્ન ૨૪૧- અભવીના ધ્યેય જેવું ધ્યેય રાખી ચારિત્ર પાળે તે ભવિને દ્રવ્યચારિત્ર (ભાવનું કારણ થનાર) ગણાય કે જેમાં કર્મક્ષયનો મુદ્દો આવે તે જ દ્રવ્યચારિત્ર ગણાય ?

સમાધાન- મોક્ષના મુદ્દાવાળું તો ભાવચારિત્ર કહેવાય, પણ પૌદ્ગલિક ઇચ્છાદિના ધ્યેયવાળું તે દ્રવ્યચારિત્ર અને તેવું ચારિત્ર પણ ભવ્યને ભાવચારિત્ર લાવી આપનાર થાય.

પ્રશ્ન ૨૪૨- શું દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ તથા ધર્મકથાનુયોગ એ ત્રણે અનુયોગો ચરણકરણાનુયોગ માટે છે?

સમાધાન - હા, આ કથન આચારાંગના પ્રથમ ભાગમાં છે, અને એ ગાથા ઓઘનિર્યુક્તિમાં છે. વાસ્તવિક રીતિએ એ બિના માનવામાં બીજો કંઈ વિરોધ નથી.

પ્રશ્ન ૨૪૩- દ્રવ્યાનુયોગ માટે ક્યા ગ્રંથો વાંચવા જોઈએ; રીતસરનો અભ્યાસ કરનારે ક્યા ક્રમે તેના ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ ?

સમાધાન- જીવને કર્મો આદિની અપેક્ષાએ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ ને પદાર્થસિદ્ધિની અપેક્ષાએ રત્નાકરાવતારિકા, અનેકાંતજયપતાકા, સંમતિતર્ક વગેરે.

પ્રશ્ન ૨૪૪- ખરતર ગચ્છની માન્યતામાં ક્યો મતભેદ છે કે જેથી તેમની તપાગચ્છવાળા ને બીજા ગચ્છવાળાની સાથે ભિન્નતા ગણે છે ?

સમાધાન- ગર્ભાપહારને કલ્યાણક માનવું, માસકલ્પનો વિચ્છેદ માનવો શ્રાવકપ્રતિમાનો વિચ્છેદ માનવો, ષષ્ઠાદિપચ્ચખ્ખાણનો અભાવ માનવો શ્રાવિકા પ્રભુની અંગ પૂજા ન કરે આદિ ઘણી માન્યતાઓ જુદી છે ને તેથી ભિન્નતા છે.

પ્રશ્ન ૨૪૫- જૈનદર્શનની શૈલી મુજબ તે દ્રવ્યાનુયોગને અનુસારે ષડ્દ્રવ્યાદિ બરાબર માને તો તેને સમ્યગ્દૃષ્ટિ કહી શકાય કે નહીં ? આચરણાની ભિન્નતા તો ગચ્છે ગચ્છે દૃષ્ટિગોચર થાય.

સમાધાન- એક અક્ષર કે પદ પણ (સિદ્ધાન્તાનુસાર) ન માનવું તે મિથ્યાત્વ ગણાય, માન્યતા અને આચરણા સાથે અત્રે સંબંધ નથી.

પ્રશ્ન ૨૪૬- ગચ્છો તો ઘણા સંભળાય છે. ક્યા આરાધક ? કયા વિરાધક ?

સમાધાન- આજ્ઞા સાપેક્ષ આચાર ને સત્યપ્રરૂપણા હોય ત્યાં આરાધકપણું છે.

પ્રશ્ન ૨૪૭- શ્રી વીરપ્રભુ તો પરણેલા છે છતાં એમના માટે કુમારાવસ્થા કેમ જણાવી છે ?

સમાધાન- રાજ્ય પામ્યા સિવાયની અવસ્થાને રાજ્યરહિત કુમારાવસ્થા (પ્રથમવય) કહેવાય છે. અર્થાત્ જે વિવાહિત તીર્થંકરોમાં કુમાર અવસ્થા વર્ણવેલી છે તે આ પ્રમાણે માની શકાય છે.

પ્રશ્ન ૨૪૮- દ્રવ્યાનુયોગ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું સચોટ સાધન ક્યા કારણે ?

સમાધાન- જીવાજીવાદિતત્ત્વોની યથાસ્થિત શ્રદ્ધા એ અનુયોગદ્વારા થતા જ્ઞાનથી થાય છે. માટે દ્રવ્યાનુયોગના જ્ઞાનને સમ્યગ્દર્શનનું સચોટ સાધન માની શકાય.

પ્રશ્ન ૨૪૯- દ્રવ્યગુણપર્યાય નામના રાસના રચનાર કોણ ?

સમાધાન- ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી શ્રીમદ્યશોવિજયજી મહારાજજી.

પ્રશ્ન ૨૫૦- રજા વગરની દીક્ષા સાધુ આપે તો મોટી ઉંમરના માટે નિષ્ફેટિકા દોષ નથી, પણ તેને સંસાર છોડવામાં પડતી મુશ્કેલીઓમાં સાધુ આદેશાદિ આપી બધી પંચાતોમાં પડે તો તેમાં દોષ લાગે કે નહીં ?

સમાધાન- દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, સુચ્છિન્ને અને સુહડે એ બે પદોની વ્યાખ્યાથી તથા મૃષાવાદનો કલ્પ જોવાથી પણ જણાશે કે પંચાત વગર ન બને તેવી દીક્ષાના પ્રસંગે સાધુને અલિપ્તપણે તેમાં પ્રવર્તવું પડે તો કલ્પાચરણા ગણાય પણ દોષ ન ગણાય.

પ્રશ્ન ૨૫૧- દેરાસર જેવી બાબતોમાં પણ માત્ર ઉપદેશ અપાય, કે આદેશ અપાય ખરો ?

સમાધાન- કારણસર તેમાં પણ કરવું કરાવવું પડે છે અને અનુમોદવું તો હંમેશાં છે. પણ વગર કારણે તો મુખ્ય માર્ગ કરવાનો હોય ને તે મુખ્ય માર્ગ તો ઉપદેશમાં જ છે.

પ્રશ્ન ૨૫૨- સ્વદયા સિવાય પરદયા કરવાની જૈનદર્શનમાં મનાઈ છે તો બીજાને છ કાયના કુટામાંથી છોડવવાના બહાને પોતાના વ્રતમાં ખામી લાગે તેમાં સ્વદયા ચુકાય કે નહીં?

સમાધાન- ચારિત્રમાં મદદગાર થનાર સ્વદયાથી ચુકે નહીં, અપવાદરૂપ દીક્ષાથી પણ કાંઈ પોતાના વ્રતમાં ખામી લાગતી નથી, કર્મબંધનથી નિરપેક્ષપણું હોય ત્યાં સ્વદયાનો લોપ થાય છે.

પ્રશ્ન ૨૫૩- સાધુ તો શાસ્ત્રની આજ્ઞા મુજબ માત્ર ઉપદેશને જ વળગી રહેને ?

સમાધાન- સમજુ શ્રાવકો હોય ત્યાં એમ જ બને, અણસમજુ શ્રાવકોને માર્ગે લાવવા માટે પણ અનેક વિધાનો છે.

પ્રશ્ન ૨૫૪- દેરાસર, જીર્ણોદ્ધાર, ઉપધાન, સર્વવિરતિ આદિ માટે આદેશની પ્રવૃત્તિમાં પડનાર સાધુને બંધ થોડો અને નિર્જરા વધારે કે કેમ ?

સમાધાન- કથંચિત્ પ્રમાદ આદિથી દોષ લાગે તો દોષ માનવો. થોડો બંધ અને ઘણી નિર્જરાએ પક્ષ જ તત્ત્વથી નકામો છે; નહીં તો નદી ઉતરવાની આજ્ઞા કરનારનું શું થાય ? સ્વરૂપ હિંસાથી સકષાયિને થયેલું કર્મ તત્કાલ પણ શુભભાવનાથી નિર્જરિત થાય છે.

પ્રશ્ન ૨૫૫- નલિનીગુલ્મ વિમાન કયા દેવલોકમાં છે ?

સમાધાન- પ્રાયઃ સૌધર્મદેવલોકમાં છે. સેનપ્રશ્નમાં જોવાથી માલુમ પડશે.

પ્રશ્ન ૨૫૬- વિહારમાં પાણી તથા વનસ્પતિવાળા બે માર્ગ આવે તેમાં સાધુ કયા માર્ગે વિહરે ?

સમાધાન- વનસ્પતિ કરતાં પાણીમાં વધારે વિરાધના છે. એમ ધારી પાણીવાળે માર્ગે ન જાય.

પ્રશ્ન ૨૫૭- તત્ત્વાર્થસૂત્ર અધ્યાય બીજાને ચૌદમા સૂત્રમાં તેઉકાય તથા વાઉકાયને સ્થાવર ન ગણતાં ત્રસ કેમ ગણ્યા ?

સમાધાન- તેઉ ને વાયુ એ બે ચાલવારૂપ ગતિની અપેક્ષાએ ગતિસત્ર કહેવાય ને શક્તિરૂપ લબ્ધિની અપેક્ષાએ લબ્ધિત્રસ પણ ગણાય, તેથી શ્રીઆચારાંગવૃત્તિ ને તત્ત્વાર્થમાં વિરોધ નહીં આવે.

પ્રશ્ન ૨૫૮- શું મિથ્યાદૃષ્ટિ નારકીઓ કરતાં સમ્યગ્દૃષ્ટિનારકીઓને વધુ વેદન હોઈ શકે ?

સમાધાન- હા, શ્રી ભગવતીજી સૂત્રના પ્રથમશતકના બીજા ઉદ્દેશામાં "तत्थ णं जे ते सन्निभूया ते णं महावेअणा, तत्थ णं जे ते असन्निभूया ते णं अप्पवेअणतरागा" નરકમાં જે નારકીઓ સમ્યગ્દર્શનવાળા છે તેઓ વસ્તુસ્વરૂપની સાચી સમજણથી ગયો ભવ હારિ ગયા તેના પશ્ચાતાપવાળા હોઈ મહાવેદનાવાળા છે, અને જેઓ સમ્યગ્દર્શન રહિત-મિથ્યાત્વી છે તેઓ તો અણસમજવાળા હોવાથી માત્ર કાયિક અલ્પવેદનાવાળા છે.

પ્રશ્ન ૨૫૯- દેશ ભૂખે કેમ મરે છે ?

સમાધાન- એમાં એમ કહેવાય કે ધર્મની અપેક્ષાએ પૂછો છો કે દેશની અપેક્ષાએ ? દેશની અપેક્ષાએ પૂછાતું હોય તો આળસથી ભૂખે મરે છે, કારણ કે ઉદ્યમનો અભાવ છે; ધર્મની અપેક્ષાએ તપાદિ ધર્મમાં તેની ગણતરી છે પણ ખાવાની ઇચ્છા છતાં ભૂખે મરવાનું તો પાપના ઉદયથી છે.

પ્રશ્ન ૨૬૦- ઉદ્યમ કરવા છતાં ધારવા પ્રમાણે ઉદ્યોગ ક્યાં મળે છે ?

સમાધાન- કેટલાકો કહે છે કે ઉદ્યોગની ખામી નથી પણ ઉદ્યમની ખામી છે. જરા ગણિતનો અભ્યાસ કરો ! પ્રથમના કાલમાં મજુરને રોજ રૂા..... મળતું ત્યારે આજના મજુરને રોજ રૂા.....મળે છે. ખામી શાની છે ?

પ્રશ્ન ૨૬૧- જૈનોમાં ચોવીસ તીર્થંકર, વૈષ્ણવાદિમાં ચોવીસ અવતાર, બૌદ્ધમાં ચોવીસ બોધિસત્વો આનો હેતુ શો ?

સમાધાન- ઉત્સર્પિણી કે અવસર્પિણીમાં શ્રીજિનેશ્વરમહારાજ જેવા ત્રણ લોકના નાથને જન્મવા લાયકનો સાતગ્રહ ઊંચાવાળો સમય ચોવીસ જ વખત હોય ને તેથી જ દરેક ઉત્સર્પિણીને અવસર્પિણીમાં ચોવીસ ચોવીસ જ તીર્થંકરો થાય. જૈનોને ચોવીશ તીર્થંકરોને માનતા દેખીને બીજાઓએ તેનું અનુકરણ કર્યું હોય તે સંભવે છે. કારણ કે તેઓએ તેવાઓના જન્મમાં તેવા ગ્રહોની ઉચ્ચતા વગેરે કારણો માન્યાં નથી. વળી વૈષ્ણવાદિઓએ શ્રી જિનેશ્વરોને અવતાર માન્યા છે માટે પણ તેઓની તે માન્યતા જૈનોને અનુસરીને છે. ખરી રીતે તો અનુયોગના મુદ્દા પ્રમાણે શ્રી કૃષ્ણજી વગેરે ઐતિહાસિક પુરુષો હતા ને પાછળથી અવતારી પુરુષ તરીકે મનાયા છે. એમ હોવાથી તો પછી ચોવીશ અવતારોની કલ્પના કેવલ અનુકરણવાલી જ છે એમ માનવું પડે ને બૌદ્ધો તો શ્રીપાર્શ્વનાથજીના તીર્થમાંથી જુદા પડ્યા છે તેથી ચોવીશી માને તેમાં શી નવાઈ ?

પ્રશ્ન ૨૬૨- સૌ કોઈ પોતાના મતમાંજ સત્યધર્મ જણાવે છે તો સત્ય ધર્મ કયો માનવો ?

સમાધાન- દુનિયામાં કીંમતી ચીજની જ નકલો થાય છે, સુવર્ણના સ્થળે પીંચગોલ્ડાદિ થયા, પણ પિત્તલની નકલ થઈ ? જવાબમાં ના કહેવી પડશે. ઈમિટેશન પથ્થરને ખરો હીરો મનાવવા પ્રયત્ન થયો, પણ પથ્થરની નકલનો પ્રયત્ન કોઈ કરશે નહીં. સાચા હીરાની કિંમત તો સાચા ઝવેરીઓ જ કરશે અને તેમની કદર પણ ઝવેરી બજારમાં જ થશે, રખડતાઓ કાંઈ સાચા માલ કે સાચા માલધણીને પીછાણી શકશે નહીં ? સાચો ધર્મ

પાળવા માટે શુદ્ધ પુરુષને સંયમધર ગુરુની સેવના કરો !

પ્રશ્ન ૨૬૩- ધર્મ પર સામાન્ય આક્ષેપ થતાં જ બખાળા શા માટે ? ત્યાંયે ધીરજ કેમ નહીં ?

સમાધાન- ધીરજ ધીરજના સ્થાને હોય. પાઈના પદાર્થમાં, રૂપિયાના માલમાં, હજારના હવેલી બંગલામાં, કરોડોની કીર્તિના નાશપ્રસંગમાં અને કુટુંબ, ભાઈ, ભાંડુ, માબાપ અને શરીર પરત્વે લાભ પ્રત્યે પ્રેમાળ રહેનારા તેના નાશના પ્રસંગમાં ધીરજ રાખનારા જવલ્લે જ મળશે; આવા નાશવંત પદાર્થોને અંગે પણ જો ધીરજ ન રાખી શકાય તો અવિનશ્વર એવા ધર્મ પર આક્ષેપ થાય ત્યારે ધીરજ રાખવા કહેવું યોગ્ય છે ?

ધર્મને ધર્મ સ્વરૂપમાં અને અધર્મી પર આક્રમણ વગર અધર્મને અધર્મ સ્વરૂપમાં પ્રકાશ કરવો તે વસ્તુતઃ આક્ષેપ જ નથી.

પ્રશ્ન ૨૬૪- યથાપ્રવૃત્તિનો વાસ્તવિક અર્થ શો ? ને તેવી પ્રવૃત્તિવાળા કે અજ્ઞાનજીવોનું મિથ્યાત્વ શી રીતે વૃદ્ધિ પામ્યા કરે છે ?

સમાધાન- અનાભોગ આચાર, અનેક ઉપયોગ પ્રવર્તન, શૂન્ય પ્રવૃત્તિવાળી વસ્તુતઃ શાસ્ત્ર વિહિત ધ્યેય વગરની કર્મ ક્ષયવાળી પ્રવૃત્તિ તે જ યથા પ્રવૃત્તિ. અસંખ્યાત પ્રદેશી આત્માને સ્વપ્નમાં પણ રસોળી ગડગુમડને પોષવાની લગીરે ઇચ્છા નથી, તેને પોષવા સંબંધી વચન પણ ઉચ્ચારતો નથી અને તેનાં પોષણ માટે કાંઈ પોતાની કાયાની પ્રવૃત્તિ નથી, છતાં જેમ શરીરની તુષ્ટી પુષ્ટી માટે લેવાતા ખોરાકથી બનતા રસમાંથી રસોળીનું પોષણ થયાં કરે છે, તેમ મિથ્યાત્વ એ પણ આત્માનો વિકાર છે. એને વધારવાનાં વિચાર, વચન અને વર્તન ન હોવા છતાંયે તે તે વખતે વધ્યાં જ કરે છે.

પ્રશ્ન ૨૬૫- કોઈ મનુષ્ય મોક્ષના ધ્યેયવગર સર્વજ્ઞભાષિત કંઈ અનુષ્ઠાન કરે તો કેટલું કર્મ તૂટે ?

સમાધાન- સર્વજ્ઞભાષિત અનુષ્ઠાન લાલચથી, અજ્ઞાતાવસ્થામાં અગર ગમે તે ઈરાદે કરે પણ કરવાના પ્રથમ સમયમાં અગણોતર કોડાકોડી જેટલી મોહનીય કર્મની પ્રકૃતિ ખપ્યા વિના તેવું આચરણ પણ થતું નથી. પાંચ રૂપિયાની લાલચવાળો હરકોઈ નવકારનું પદ બોલે તો તે વખતે એની પણ તેટલી કર્મની સ્થિતિ ખપેલી છે. એમ શાસ્ત્ર અને અનુભવથી સમજી શકાય તેમ છે.

પ્રશ્ન ૨૬૬- રાષ્ટ્રહિત અને સમાજહિતને સાચવીને ખરો ધર્મ જળવાય તો આજનો બધો કંકાસ શમી જાય ખરો કે નહીં ?

સમાધાન- ના ! , શમે નહીં, પરંતુ વાસ્તવિક કલેશ દાવાનળનો દાહ વધારે વધે. રાષ્ટ્રહિત માટે આજે ધર્મને તિલાંજલિ અપાઈ છે. સમાજ કે રાષ્ટ્રહિત માટે ધર્મને ધક્કો મારવો એ મનુષ્યની મુર્ખાઈ છે. રાષ્ટ્ર અને સમાજ કર્મ બંધનોનાં કારણો છે. જ્યારે શુદ્ધ ધર્મ સંવર ને નિર્જરારૂપ હોય છે, તેથી હેય ને ઉપાદેય તરીકે વિભાગ કરવો જ પડશે.

પ્રશ્ન ૨૬૭- पौरजनस्य शांतिर्भवतु એવો પાઠ મોટી શાંતિમાં છે. તો તમે ધર્મને આગળ કેમ કરો છો ?

સમાધાન- મહાનુભાવ ! પ્રથમનું પદ श्रमणसंघस्य शांतिर्भवतु એ કેમ વિસરી ગયા ? જો લક્ષ્યમાં લેશો તો સમજાશે કે તે ઉદ્દેશથી જ બીજી શાંતિઓ જણાવી છે.

પ્રશ્ન ૨૬૮- તમારે રોટલાની ચિંતા ખરી કે નહીં ?

સમાધાન- રાજાને રોટલા કે રહેઠાણ વિગેરેની ચિંતા ખરી ? નહીં જ ! તે પુણ્યવાનને બધી અનુકૂળતા તેની પ્રજાને સેવકો સેવાધર્મ સમજી પૂરી પાડી દે, તેવી રીતે સાધુ મહાત્માઓના પ્રબળ પુણ્ય પ્રભાવે શ્રાવકોનાં હૃદયો ઉપાસનામાં તત્પર રહે છે.

પ્રશ્ન ૨૬૯- સાધુજીવનથી પતિત થનારની કઈ ગતિ ? અને તે ક્યાં જણાવેલ છે ?

સમાધાન- પતિત કંડરીક સાતમી નરકે ગયા. જુઓ, ઉત્તરાધ્યયન સ. ૧૦-પા. ૩૩૧ તથા દશવૈકાલિકની ચૂલિકામાં પણ પતિતની નરકગતિ જણાવેલી છે.

પ્રશ્ન ૨૭૦- સમાધિયોગથી ભ્રષ્ટ થયેલ સાધુઓની શી દશા ?

સમાધાન- તેવાઓ હલકી જાતિના દેવલોકમાં જાય, ઘણો જ સંસાર ભમે, અને તેવા બહુલકર્મીઓને ફરીથી ધર્મની પ્રાપ્તિ દુર્લભ થઈ જાય. ઉ. અ. ૮ પા. ૨૯૫-૨૯૬ ગા. ૧૪-૧૫

પ્રશ્ન ૨૭૧- પોષહવ્રતધારી ગૃહસ્થની સરખામણી સાધુ સાથે થઈ શકે કે કેમ ?

સમાધાન- ના, કારણ કે અનુમોદનાનો અંશથી થતો આશ્રવ એ પણ નાનો સૂનો નથી; રાસભની તુલના ગજરાજ સાથે ન જ કરાય. તેવા મહિને મહિને દશલાખ ગાયોનું દાન દેનાર હોય તેનાથી પણ સાધુનું સંયમ શ્રેષ્ઠ છે. ઉ. અ. ૯. પા. ૩૦૬ થી ૩૧૪. ગા. ૪૦.

પ્રશ્ન ૨૭૨- સર્વવિરતિમાર્ગ અને તેની મુખ્યતાવાળા જૈનદર્શનને નિર્ગ્રંથ પ્રવચન તરીકે કયા સૂત્રમાં ગણાવ્યા છે ?

સમાધાન- શ્રમણસૂત્ર તથા સૂત્રકૃતાંગસૂત્રના બીજા સ્કંધના ક્રિયાસ્થાન અધ્યયનમાં તેનો ઉલ્લેખ છે. इणमेव निग्गंथे-पावयणे इत्यादि. શ્રી ઉપાસકદશાંગમાં આનંદક શ્રાવકના અધિકારે પણ તે જ કહ્યું છે !

પ્રશ્ન ૨૭૩- વિરતિ વગેરેથી ત્યાગ કરીને ફેર પુત્ર, પિતા, બંધુ, સ્ત્રી પ્રત્યે પ્રેમથી અને ધન વિગેરે તરફ લલચાઈને તે નાશવંત પદાર્થો લેવા જાય તેને વાતા શી તરીકે દોષિત કહ્યા છે તે કથન ક્યા શાસ્ત્રમાં છે ?

સમાધાન- સ્ત્રી ધનાદિ તજીને તેને ફેર લેવા જનારાને તો વમેલું ખાવાને તૈયાર થનાર કૂતરા જેવા શાસ્ત્રકારોએ કથન કરેલા છે. ઉત્તરાધ્યયન. અ. ૧૦ પા. ૩૩૯ ગા. ૩૦.

પ્રશ્ન ૨૭૪- નરકની વેદનાઓ ભય માટે દર્શાવાય છે કે શાસ્ત્રમાં તેનું વાસ્તવિક કથન છે ?

સમાધાન- નરકની અસહ્ય વેદનાઓને બતાવાય તેવા દુઃખદ પ્રસંગો સંસારમાં જડતા નથી જેથી અત્યંત ભયાનક બનાવો દર્શાવીને બતાવાય છે ને તેથી તે સ્થાને છે; જુઓ. ઉત્ત. અ.

૧૯. પા. ૪૫૮. ગા. ૪૪ થી ૭૪. સુત્રકૃતાંગ. અધ્ય. ૫ પહેલાં ઉદ્દેશ. ગાથા-૩ પા-૧૪૦

પ્રશ્ન ૨૭૫- વિરાધક સાધુની દશા અત્યંત ખરાબ છે એવું કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન- ઉત્તરાધ્યયન અ. ૨૦. ગા. ૩૯-૫૦

પ્રશ્ન ૨૭૬- વ્યાજ વટાવથી ધંધા કરનારાઓ રૂપિયા બીજાને દે છે તે પણ લેવા માટે આપે છે તેમ સાધુ મહારાજને અપાતું દાન પણ મેળવવા માટે એમ ખરૂં કે નહીં ?

સમાધાન- આણાહારી પદ લેવા માટે તે દાન દેવાય છે તેમાં વાંધો નથી, અને તેથી જ ગૃહસ્થ રોટલીનો ટુકડો, કે પાણીનું પવાલું સરખું સાધુને દે છે તે અણાહારી પદ માટે જ. અણાહારી પદના અપૂર્વમાલથી તે બેનશીબ છે જેથી મુનિમહાત્માઓ પાસે આવા દાન દ્વારા તે માલ ગૃહસ્થ માગે છે અને સાધુ મહારાજના ધ્યેયને અને તેઓને દાનદેવાથી તેમાં થતી મદદથી થતા તેના અનુમોદનથી તે ધ્યેય મળવાનું સમજનાર માણસો પછીથી તે મળે તેના સાટા તરીકે દાન આપી કબૂલાત કરે છે. જેમ કરોડોના સોદા કરનારને બે પાંચ રૂપિયા સાટામાં આપવા પડે છે અને પછી મુદત પાકે બધો માલ મળે છે તેમ અહીં પણ સમજવું.

પ્રશ્ન ૨૭૭- હાલના ઝઘડાની જડ શી ?

સમાધાન- પાશ્ચાત્ય કેળવણી લીધેલા કહેવાતા શિક્ષિતો પોતાના તે શિક્ષણમાત્રથી જૈન કોમમાં અગ્રણી ગણાવવા માંગે છે. પણ જૈન કોમ સન અને ત્યાગ સાથેના ધર્તી શ્રદ્ધાવાળા જ્ઞાનને માનનારી હોવાથી તે કહેવાતા શિક્ષિતોને તેમના ધાર્યા પ્રમાણે માન આપતી નથી. તેથી તે શિક્ષિતો સાધુઓની સંસ્થા અને ત્યાગના વિરોધી બને છે, ને તેથી ત્યાગ અને ભોગના વિરુદ્ધપણાથી ઝઘડો જામ્યો છે એમ ઘણાઓનું વક્તવ્ય છે.

* * *

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે.
(સંગ્રાહક ચંદ્રસાગર)

૨૭૨ મોક્ષ અને મોક્ષના ઉપાયની માન્યતા આવે ત્યારે જ જૈનદર્શનનું આસ્તિક્ય આવ્યું ગણાય.

૨૭૩ આસ્તિક્યતા અંગિકાર કરનાર સમ્યગ્દૃષ્ટિના સુધામંય સદ્વિચારોથી સૃષ્ટિમાં સર્વત્ર શાંતિ છે.

૨૭૪ પેટપાલનનું જે પોષણ કરનાર ને શ્રદ્ધાને સડાવનાર સંસ્થાઓને એથી જે પોલાણ પડે તે પરવડતી નથી.

૨૭૫ સંસાર રસિક જીવોથી પેટલાદપુરીના રક્ષણ માટે રાત દિવસ, ધર્મઅધર્મ, ને દેવગુરુધર્મ પ્રાયઃ શુદ્ધ દૃષ્ટિથી જોવાતાં નથી.

૨૭૬ આત્મપુરીની અખંડ જમાવટ માટે સંવર કાર્યમાં સતત્ પ્રયત્ન કરો ને સાથે જ નિર્જરાનું નિરંતર સેવન કરો.

૨૭૭ જ્યાં સુધી મોક્ષ માર્ગની સર્વ મુરાદો બર લાવવા માટે સર્વ સમર્પણીય છે, એ વિચારાતું નથી ત્યાં જૈન દર્શનમાં એકી અવાજે પંકાયેલ સમ્યગ્દર્શનની ગેરહાજરી છે.

૨૭૮ નાશવંત પદાર્થમાં કારમી મમતાનું યથાર્થ સ્વરૂપ સમજનાર સમ્યગ્દૃષ્ટિ સર્વત્ર સુવાસનાના નિઝરણાં અસ્ખલિત ઝરાવે છે !

૨૭૯ આસ્તિક જીવો શત્રુને પણ મિત્ર બનાવે છે.

૨૮૦ ઘુવડ દિવસે આંધળો, કાગડો રાત્રે આંધળો પણ કામાંધ તો કાયમ (રાત્રિ દિવસ) આંધળો છે. વસ્તુતઃ સાચું સ્વરૂપ દેખી શકતો જ નથી.

૨૮૧ કુલાંગાર કામાંધો જગતમાં કાળો કેર વર્તાવે, છતાં તેમાં જો કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય તો તે અંતઅવસ્થાએ પાપકર્મથી ગોશાળાની જેમ પાછો હઠે છે ને સન્માર્ગ તથા સન્માર્ગવાળાની જાહેર રીતે અનુમોદના કરે છે.

૨૮૨ નાશવંત કાર્યવાહીમાં નિષ્ણાતો સ્ત્રી મમત્વ આગળ પિતૃમમત્વ, ભ્રાતૃમમત્વ, માતૃમમત્વાદિ સર્વ મમત્વને તુચ્છ ગણે છે. પણ ધર્મનિષ્ણાતો ધર્મની આરાધના કરવામાં તન મન ને ધન તથા કુટુંબકબીલાદિ યાવત્ રાજાપણું ને દેવપણું પણ તુચ્છ ગણે.

૨૮૩ મોક્ષનાં સાધ્યરૂપ સોંય સમ્યગ્દૃષ્ટિના હૃદય રૂપયંત્રના મધ્યમાંથી ખસે જ નહીં.

૨૮૪ મોક્ષાર્થી સિવાય સાચા સુખનો અર્થી જગતભરમાં કોઈ નથી.

૨૮૫ અનાદિકાલના નિગોદીઆ, સંસારની રમત રમી આવેલા મિથ્યાત્વીઓ, અને સમકિતથી પતિત થઈ ગયેલા કંઈક જીવો સાધારણ સ્થાનમાં (અનંતકાયના) સાધારણ દશાને અનુભવે છે એ ભુલવા જેવું નથી.

૨૮૬ ભવિષ્યમાં પવિત્ર પરિણામ અને પવિત્ર પ્રવૃત્તિથી પતન થશે, ઉત્સૂત્રની પ્રરૂપણા કરી અનેકોને ઉન્માર્ગગામી બનાવશે એવું જાણવા છતાં તેવા મરીચિને પ્રભુમાર્ગમાં સર્વ વિરતિનું સમર્પણ ભગવાન શ્રી ઋષભદેવજીએ કર્યું છે.

૨૮૭ ભવરોગ નિવારણ એવા પ્રભુને દેખવા માત્રથી રજોહરણ મૂકી, ચાલી જનાર હાલિક મેલીને ચાલી ગયો એ વિચારને સ્થાન આપવા પહેલાં મહાન લાભ મેળવી ગયો છે એ શ્રી વીરવિભુનું વાક્ય યાદ રાખો !

૨૮૮ દેવાદારો દેવાની નોંધમાં પોતાની સ્ત્રીનું ભરણપોષણ નોંધાવતા નથી અર્થાત્ પુરૂષ સાથે સ્ત્રી સર્વ સંયોગોમાં સામેલ છે. એવો સર્વ સામાન્ય સિદ્ધાંત જ્યારે આજે પણ જગત કબુલ કરે છે-તો દીક્ષિત થનારા સ્ત્રી આદિના ભરણપોષણના દેવાદાર છે એમ શું જોઈને તે બોલી શકે છે ?

૨૮૯ આર્યાવર્તની આર્ય મહિલાઓની, ધણીના સુખે સુખી અને ધણીના દુઃખે દુઃખી એ અચળ નિયમ જાળવવાની જાહેરાત વિવેકીઓની નજર બહાર ન હોય.

૨૯૦ જાલીમ જૂલમગારો અને ન્યાયની સત્તાને ઓળંગનાર રાજસત્તાઓએ પણ દીક્ષામાં લેશભર અનર્થ નથી બલ્કે તે પારમેશ્વરી પ્રવ્રજ્યામાં દેશ, રાજ્ય અને પ્રજાનું એકાંતે હિત છે એવો એકરાર અનેક વખત જાહેર કર્યો છે. ને તેથી અંગતદ્વેષ સિવાય કોઈપણ મનુષ્ય તે પવિત્ર દીક્ષામાં પ્રતિબંધ કરે નહીં.

* * *

સમાલોચના.

(નોંધઃ- દૈનિક, સામાહિક, પાક્ષિક, માસિક પત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ પાક્ષિક ને અંગે કરેલ પ્રશ્નો, આક્ષેપો, અને જિજ્ઞાસાના સમાધાનો અત્રે છે.) (તંત્રી)

૧. આ ભવમાં પણ લોકોત્તર કાર્ય માટે તપ જપ કરવામાં અડચણ નથી; નિષ્ફળ થવામાં તે મંત્રનું પદ કે આમ્નાય અને વિધિની ખાત્રી ધ્યાનમાં રહેશે તો શ્રદ્ધામાં અડચણ નહીં આવે.

૨. જેઓને સુદેવાદિની મોક્ષનાં કારણપણે શ્રદ્ધા હોય નહીં તેઓ જો આ લોકના ફળ માટે જ સુદેવાદિને માને તો અર્થદીપિકા વગેરેમાં મિથ્યાત્વ જણાવેલ છે.

૩. શ્રી ઋષભદેવજી મહારાજના નવ્વાણું પુત્રોની સ્તૂપોનો લેખ આવશ્યકમાં છે.

૪. સરસ્વતીને આરાધનારે મંત્ર આમ્નાયને વિધિ વિગેરે બરોબર જોવાં ને નિશ્ચિત કરવાં જોઈએ.

૫. પુણીયાશેઠની પહેલી અવસ્થાને સામાયિકની અપૂર્વતા સાથે સંબંધ નથી.

૬. ગુરુણીજી એકલી શ્રાવિકાઓ આગળ વ્યાખ્યાન વાંચે તેમાં અડચણ નથી. શ્રાવકો સન્મુખ વાંચવું શોભે નહીં.

૭. ઉપધાનમાં એકાસણા વિગેરેને સ્થાને આયંબિલ વિગેરે કરે તેથી ગણે છે. શાસ્ત્રના લેખથી વિરુદ્ધ લાગતું નથી.

૮. વિમાનોમાં શાશ્વતી શ્રી જિનમૂર્તિઓ જ છે. વિમાનનો માલિક મિથ્યાત્વી હોય તોપણ પૂજા કરે.

૯. છતી શક્તિ પણ ધર્મકાર્યમાં ન ફોરવાય તે પણ આલોચનાદિ યોગ્ય તો છે જ.

૧૦. 'મુઠિસહિય' પચ્ચખ્ખાણ સાથે લેવાતું હોવાથી આગળનું ને તે બન્ને પચ્ચખ્ખાણ તેના કાલ ઉલ્લંઘન છતાં પણ થઈ શકે.

૧૧. સમુદ્રની વેલાથી થતી જીવવિરાધનાનું કર્મ તેમાં સંબંધવાળા બધા બધા જીવોને લાગે.

૧૨. આત્માના કલ્યાણ માટે કરેલા સ્તોત્રોથી કોઈ લૌકિક સિદ્ધિ મેળવે તેમાં સ્તોત્રકારને દોષ નથી. (ટપાલ.)

૧૩. સાત રાતદિવસ ચાર માસને છ માસની પરીક્ષા વડી દીક્ષાને અંગે જ પંચવસ્તુમાં કહી છે.

૧૪. પુરાણ અને શ્રાદ્ધને છોડીને જ ચોમાસામાં દીક્ષાનો નિષેધ છે. અપવાદે તો તે સિવાયને પણ દીક્ષા દેવાની શાસ્ત્રકારની રજા છે. કોઈ પણ પુરાણ અને શ્રાદ્ધને ઉદ્દેશીને નિષેધ કરે નહીં. સામાન્ય નિષેધ કરે તો વિશેષ વિધિને બાધ આવે નહીં.

૧૫. દીક્ષા પહેલાં છ માસની કે ઓછા વત્તા કાલની પરીક્ષા લેવાના પ્રકારનું વિધાન કોઈ પણ શાસ્ત્રમાં નથી. પંચવસ્તુમાં પ્રવચનવિધિથી જે પરીક્ષા કહી છે તે દીક્ષા પછી લેવાની છે. એ જાણવાના અર્થીઓએ આચાર પ્રકલ્પમાં દીક્ષાને વડી દીક્ષાનો વિધિ જોવો.

૧૬. દીક્ષા પહેલાં પરીક્ષા માનનારા **'सावद्यपरिहारेण' 'स्वचर्याप्रदर्शनादिना' 'अब्भुवगयं' 'अपि' 'पुणो' 'पवयणविहोअे'** વિગેરેનો વિચાર કરતા નથી. (પ્રબુદ્ધ.)

૧૭. સમ્યક્ત્વવાળા શ્રાવકોને માટે **इणमेव निग्गंथे पावयणे अट्ठे १ परमट्ठे २ सेसे अणट्ठे ३** આવું શ્રી સૂત્રકૃતાંગનું સ્પષ્ટ વાક્ય અર્થ પરમાર્થ અને અનર્થના પગથીયાને સૂચવનાર છે.

૧૮. લોક-પ્ર-સર્ગ-૮ શ્લોક-૧૭ અંડગોલિકો ગુફામાં રહેનારા મનુષ્યો છે. અને તે અંડગોલિકોને સ્ત્રીઓમાં આસક્ત માન્યા છે.

૧૯. લોક-પ્ર-સર્ગ-૮ શ્લોક ૨૩ બે ત્રણ દિવસ તે મનુષ્યો મદ્યમાંસ ખાતા સુખે રહે છે. એમ કહ્યું છે. (સમય.)

૨૦. સૂક્ષ્મનિગોદમાં વ્યવહારમાં આવી ગયેલા વ્યવહાર રશિયા પણ અનંતા છે.

૨૧. વ્યવહાર રાશિમાં આવે ને સમ્યક્ત્વ પામે તે જ ભવ્ય છે એમ નથી. કારણ કે બધા ભવ્યોને સમ્યક્ત્વ થાય અથવા સમ્યક્ત્વ પામે તેટલા જ ભવ્ય કહેવાય એવું જૈનદર્શનને માન્ય નથી.

૨૨. સિધ્ધભગવાનૂના અનંતા જીવો જ્યોતમાં જ્યોત સમાય તેમ એક ક્ષેત્રે રહી શકે છે.

૨૩. પંચસૂત્રીમાં દુઃખ આદિ અને અલ્પઆયુષ્યનું જે ખોટું કથન છે તે માતપિતાના ધર્મ માટે નથી, પણ પોતાને ચારિત્રની રજા મળવા માટે છે, વળી ત્યાં 'પ્રતિબોધ' શબ્દ સંયમ લેવાનાજ અર્થમાં છે.

૨૪. 'સમુદાયે કરેલાં કર્મ સમુદાયે ફળે છે ને તેથી સમુદાયનો સંબંધ સારું રહે છે' એ કથન માબાપને સાથે સાધુપણું લેવા માટે સમજાવવા સારું છે.

૨૫. **'अद्धाण'** શબ્દનો અર્થ જૈનશાસ્ત્રને જાણનારા 'જંગલ' એવો કરે છે. 'અધ્ધાણ'ની જગા પર **अट्ठाण** એવો પાઠ કરવો તે ભૂલ છે.

૨૬. અસંમત દીક્ષાને વિષમય કહેનારા રીતિની અયોગ્યતાને વસ્તુમાં નાંખી દઈ મોટી ભૂલ કરે છે, શું તેઓ માતાપિતાની રજા વિના થયેલ લગ્નને ગેરકાયદેસર માને છે ? અથવા તેવા લગ્નથી થયેલા સંતાનને વારસદાર ગણતા નથી ? શાસ્ત્રમાં બાલ, વૃધ્ધ, ચોર અને નિષ્ફેટિકાથી લીધેલ દીક્ષાવાલાને સાધુ, આચાર્ય, યુગપ્રધાન અને મોક્ષગામી માન્યા છે. આમ છતાં જેઓ દીક્ષા વસ્તુને જ અયોગ્ય ગણે તેઓની દાનત સાધુસંસ્થાનો નાશ કરવાની છે એમ સ્પષ્ટ થાય છે.

(જૈ. ધ. પ્ર.)

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્રસાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

સબલ શત્રુના સપાટામાં

ચાર ગતિરૂપ સંસારમાં મુશ્કેલીથી મળેલ માનવજીવનની આજે આ આત્માએ કિંમત આંકી નથી અને તેથી મનુષ્ય જન્મમાં કરવા લાયક કંઈ કીંમતી કાર્યો રહી ગયા છે ! અને નહીં કરવા લાયક કાર્યો (અકાર્યો) જોરશોરથી થઈ ગયાં છે. વસ્તુતઃ આજે આવશ્યક કર્તવ્યો પ્રત્યે જેટલા બેદરકાર છીએ તેથી વધુ આજે અનાવશ્યક કર્તવ્યો પ્રત્યે વધુ ઉદ્યમી બન્યા છીએ.

આવશ્યક અને અનાવશ્યક કાર્યોનો વિવેક કરીએ છીએ ત્યારે આત્માને માલુમ પડે છે કે આજદીન સુધી વાસ્તવિક ઉદ્યમ આવશ્યક કર્તવ્ય માટે થયો જ નથી બલ્કે અનાવશ્યક કાર્યના અંધારકૂપમાં આત્મા અંધ બની અટવાયા કરે છે.

કારણ અનાવશ્યક કર્તવ્યોમાં અંધ બનીને આજે જે કાર્યવાહી ધમધોકાર શરૂ થઈ રહી છે તેનું મુખ્ય કારણ જન્મતાં જ આ જીવે નાશવંત પદાર્થોની પ્રાપ્તિનું શિક્ષણ, તે મળેલ પદાર્થોનું સંરક્ષણ કરવાનું શિક્ષણ, નાશ થાય તો બળાપો કરવાનું શિક્ષણ, અને આવે તો હર્ષથી ઉભરાઈ જવાનું શિક્ષણ જે મેળવેલું છે તે જ છે, અર્થાત્ જન્મતાં આદ્યાપિ પર્યંત જોયું, જાણ્યું, સાંભળ્યું અને અનુભવ્યું એ સાદું શિક્ષણ પણ પરિણામે ભયંકર છે. એ ભયંકર ટેવથી ટેવાઈ ગેયલાને આવશ્યક કર્તવ્ય પ્રત્યેની પિછાણ સરખી પણ થઈ નથી.

દોસ્ત થઈ દુશ્મનની ગરજ સારનાર કર્મની ક્રોડો ઉપાસનામાં આજે આત્મા ચૈતન્યવંત છતાં અધમ કાર્યવાહીથી જડ બન્યો છે અને તેથી ભૂખના દુઃખને શાંત કરનાર ભોજન તે સુખ, દારિદ્રને દૂર કરનાર પૈસા પેદા કરવા તે સુખ, વંધ્યત્વથી દીન બનેલાને પુત્ર પ્રાપ્તિ થવી તે સુખ, આવા અનેક કાલ્પનિક સળગતા સુખોમાં આ આત્માનું આત્મતત્ત્વ આવિર્ભાવ પામવાને બદલે રોકાઈ રહેલ છે, બલ્કે આત્માને વાસ્તવિક સુખનું હજી સુધી સ્વપ્ન પણ આવ્યું નથી. સાચા સુખને રોકનાર જો કોઈપણ હોય તો તે કર્મની કઠિનતા છે, અને તેથી વસ્તુતઃ કર્મ સિવાય જગતભરમાં શત્રુ પણ નથી અને એ સબલ શત્રુના સપાટામાંથી સદંતર છટકવા માટે આવશ્યકાદિ અનેકવિધ અનુષ્ઠાનોની આરાધના કલ્યાણાકાંક્ષી આત્માઓ માટે આ પ્રભુ શાસનમાં આશીર્વાદરૂપ છે.

ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

જૈનો અને ત્યાગ

શ્રી સિદ્ધચક્ર

પ્રથમ વર્ષ અંક ૧૦ મો.	મુંબઈ, તા. ૨૪-૨-૩૩, શુક્રવાર મહા - વદ - ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो-
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः **श्रीसिद्धचक्रांगिनः** ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

જૈનો અને ત્યાગ ..... પાનું-૨૧૭
આગમોદ્ધારકની અમોઘ દેશના ..... પાનું-૨૨૪
સાગર સમાધાન ..... પાનું-૨૩૫
સુધા-સાગર ..... પાનું-૨૩૮
સમાલોચના ..... પાનું-૨૪૦

વૈરાગ્યમેવાભયમ્ ॥

શાર્દુલવિક્રીડિત છંદ.

ભોગો રોગસ્વરૂપ છે ભવભર્યા, દેખાવમાં ઇષ્ટ છે,
વાધે તેમ અનેક વ્યાધિ વધતા, પ્રાંતે[૧] મહા કિલષ્ટ છે;
દ્રવ્યે ભૂપ, કુટુંબ, ચોર, જલ ને, અગ્નિ વિગેરે ભયો,
કાયાને ભય કાળનો પ્રતિપળે, છાયા સ્વરૂપે રહ્યો. ૧.
વ્યાપારે નુકશાન કીર્તિ ભય છે, બટ્ટોજ સટ્ટા વિષે,
લાગે કંઈ કલંક શ્રેષ્ઠ કુલને, સંગ-પ્રસંગો મિષે;
આહારે અપચો અતિશય પીણે પાછું વળે પેખીએ,
વ્હેવારે વ્યવહારની ઉણપના, વાંધા પડે દેખીએ ૨.
આશાના અવલંબને નિરવધિ, નિઃશ્વાસ નંખાય છે,
હાંસીમાં ભય ક્લેશ, ભે[૨] વિરહનો, સંયોગ સંખાય છે;
મૌને દીન મધુર વાણીં વદતાં, વાતૂલ[૩] અંકાય છે,
રાગે બંધન, દ્વેષ અગ્નિ સમ છે, પ્રત્યક્ષ પંકાય છે. ૩.
પાતાલે નરલોક સ્વર્ગ વિભવે, સામ્રાજ્ય સત્તા વિષે,
ઉલ્કાપાત અનેક એકસરખા[૪], સર્વત્ર સત્તા મિષે;
લેપાતાં લપડાક લાખ લખીં લો, નિર્લેપ આનંદમાં,
મ્હાલે નિર્ભય નિત્ય, સૂત્ર સમજો **વૈરાગ્યમેવાભયમ્**

ભીખાભાઈ છગનલાલ શાહ.

---

૧ પરિણામે. ૨ ભય, ૩ વાયડો, બહુબોલો, બટકબોલો. ૪ એકસરખી રીતિએ અર્થાત્ કાયમ ચાલુ.

સિદ્ધચક્ર.

(પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૧૦ મો	મુંબઈ, તા. ૨૪-૨-૩૩, શુક્રવાર. મહા-વદ-૦))	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

જૈનો અને ત્યાગ !

ત્યાગની સર્વોપરિ શ્રેષ્ઠતા સ્વભાવતઃ સિદ્ધ છે, પ્રસિદ્ધ છે, જગતભરમાં મચી રહેલા કલહમાં કારણભૂત ત્યાગનો અભાવ, માટે રાગદ્વેષનો સદ્‌ભાવ છે. ચિત્ર વિચિત્ર દુઃખના અંબાર એ વિવિધ પ્રકારનાં રાગદ્વેષનાં સંભારણાં છે. જ્યાં રાગ ત્યાં ભય નિશ્ચિત છે. ભર્તૃહરિને અનુભવને અંતે કબુલ કરવું પડ્યું કે **वैराग्यमेवाभयम्.** વસ્તુતઃ પ્રાણીમાત્રને માટે ત્યાગ એ વિધિના લેખની જેમ લલાટે લખાયેલો જ છે, પણ ત્યાગ ત્યાગમાંયે ફરક છે ને ! બલિહારી પ્રતિજ્ઞાથી સ્વીકારાયેલા - સહર્ષ અંગીકાર કરાયેલા ત્યાગની છે. મરણ કે વિયોગથી થતો ફરજિયાત ત્યાગ એ ત્યાગ નથી કેમ કે ત્યાંથી દુઃખના મૂળ કારણભૂત રાગ ખસ્યો

નથી, ત્યાગ કરવો પડ્યો છે પણ હૃદયમાં વસ્યો નથી. જ્યારે હૃદયથી વધાવાયેલા ત્યાગમાં રાગના રામ રમી ગયા છે અર્થાત્ રાગ રાખ (ભસ્મીભૂત) થયો છે. રાગ ગયો એટલે રોગ ગયો. ત્યાગ આવ્યો એટલે તંદુરસ્તી આવી. વિશુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની ચાવી મળી, કહો કે આત્મરમણતાની અભિલાષા માત્ર ફળી !

ભલે ડાહી ડાહી વાતો બધા કરે, પણ ત્યાગ કરવો (આચરવો) એ સહજ નથી. આત્મા અનાદિકાલથી, મોહરાજાએ જગતભરમાં ફેલાવેલા **अहं** અને **मम** મંત્રોની માયામાં એટલો મુઝાયો છે. પૌદ્ગલિક (૫૨) પદાર્થોની પાછળ એટલો પાગલ બન્યો છે કે એને પોતાના પાગલપણાનું ભાન થવું પણ મુશ્કેલ છે, ત્યાગની ભાવના થવી તો અતિ મુશ્કેલ છે ત્યાં ત્યાગના સ્વીકારની તો વાત જ શી? દુનિયાની સુલેહ શાંતિ માટે પણ રાજ્યને કાયદા ઘડવા પડ્યા છે. એ કાયદા એટલે શું ? વિચારશો તો જણાશે કે હાજત બહારની અમર્યાદાના ત્યાગ માટે જ એ કાયદા છે. દુનિયાની સુલેહ શાંતિ પણ તે ત્યાગને જ આભારી છે. એ કાયદાઓનું જેટલું પાલન તેટલી સુલેહશાંતિની હયાતી, અને જેટલું ઉલ્લંઘન તેટલી સુલેહશાંતિમાં [illegible]ના કાયદાઓ છતાં કાયદાનો ભંગ કરવાથી સજાનો ભય પ્રત્યક્ષ છતાં પણ ગુન્હાઓ બન્યા કરે છે તેથી સ્પષ્ટ થાય છે કે હાજત બહારની અમર્યાદાનો ત્યાગ પણ મુશ્કેલ છે. તો ઉચ્ચ કોટિના ત્યાગના સ્વીકાર તથા પાલનની મુશ્કેલીમાં પૂછવું જ શું !

ત્યાગ મુશ્કેલ છે છતાં પણ દુઃખથી છૂટવાની તથા શાશ્વત્ સુખ મેળવવાની અભિલાષા ધરાવનારાઓને એના વિના સિદ્ધિ નથી. જેના વિના છૂટકો જ નથી તે મુશ્કેલ હોય તો પણ તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કર્યે જ છૂટકો! મુશ્કેલ ત્યાગ પણ તથા વિધ સંસ્કારોથી સહેલાઈથી પ્રાપ્ય બની શકે છે પણ શરત એક કે-મરજી હોય તો માર્ગ થાય.' જેમ જૂનામાં જૂના (લાંબા કાળના) દર્દથી પીડાતો દર્દી પણ જો સદ્વૈદ્યને શરણે જાય, તેના કથનાનુસાર અનુપાન યુક્ત ઔષધ લે, પરહેજી પાળે તો તે તંદુરસ્ત બની શકે છે તેમજ રાગદ્વેષરૂપી અતિજૂના-અરે ! કાલજૂના રોગથી પીડાતાઓ પણ પ્રયત્ન કરે તો ત્યાગરૂપ અમોઘ ઔષધથી પોતાના વ્યાધિનું નિવારણ કરી શકે છે. આવા ઉચ્ચ ત્યાગનો જેમ સત્કાર, સ્વીકાર, પ્રચાર તેમ પ્રજામાં, રાજ્યમાં, દેશમાં, જગતભરમાં આનંદ, સુખ, શાંતિમય સામ્રાજ્યની સ્થાપનાનાં મૂલો સિંચાયાં સમજવાં.

સંસ્કાર માત્ર મુખ્યતયા રોજના રીતરિવાજ, સામાજિક પ્રણાલિકાઓ, પ્રચલિત સાહિત્ય, તથા ધાર્મિક અનુષ્ઠાનોને આભારી છે. જ્યારે આ વાત તરફ નજર કરીશું ત્યારે એ કબુલ જ કરવું પડશે કે કેવળ ત્યાગોત્પાદક, ત્યાગપોષક, ત્યાગપ્રચારક અનુષ્ઠાનો હોય તો તે જૈનોમાં જ છે. જૈનદર્શન એટલે ત્યાગદર્શન કહો કે સર્વોપરી ત્યાગદર્શન, જૈનોના દેવ પણ સર્વથા ત્યાગી, ગુરુ પણ સર્વથા ત્યાગી અને જૈન ધર્મનાં અનુષ્ઠાન માત્ર કે વ્રતાદિ માત્રમાં કેવળ ત્યાગ, ત્યાગને

ત્યાગ જ દ્રષ્ટિગોચર થાય છે. જૈનોનાં સાહિત્યમાં મુક્ત કંઠે પ્રશંસા ત્યાગની જ છે, ત્યાગનાં જ વર્ણનો ઠાંસી ઠાંસીને એમાં ભર્યાં છે !!!

જૈનોના દેવ (તારક દેવાધિદેવ) તે છે કે જેઓની સેવામાં જન્મથી જ દેવતાઓ અને ઇંદ્રગણ હોય છે છતાં પણ દુન્યવી ભોગોપભોગથી તેઓ સદંતર નિર્લેપ હોય છે, અને છેલ્લે તેઓ પોતાના વિશાળ રાજ્યનો, તથા કુટુંબપરિવારનો પરિત્યાગ કરી, ત્યાગી બને છે. શરીર પરત્વે પણ કેવળ નિઃસ્પૃહ બની ઉગ્ર તપશ્ચર્યા-ઉગ્ર ત્યાગ આદરે છે જેને પરિણામે દેવત્વ પ્રાપ્ત કરે છે (કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ આત્મીય દિવ્ય ઋદ્ધિ સંપ્રાપ્ત કરે છે.) રાગીઓને સદાય રોવાનું હોય છે અને ત્યાગીઓના ચરણે લક્ષ્મી આવીને સ્વયમ્ આળોટે છે. તેરમા તીર્થેશ શ્રી વિમલનાથ ભગવાનની સ્તવના કરતાં શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે :-

ચરણ કમલ કમલા વસેરે, નિર્મલ થીર પદ દેખ,
સમલ અથીર પદ પરિહરીરે, પંકજ પામર પેખ.

દેવાધિદેવ શ્રી તીર્થંકરદેવની સેવામાં કરોડો દેવતાઓ કાયમ હાજર રહે છે. ડગલે ને પગલે ચાલતી વખતે દેવતાઓ સુવર્ણકમળ સ્થાપે છે અર્થાત્ પ્રભુને જમીન પર પગ પણ મૂકવાનો વખત આવવા દેતા નથી અને સમોસરણ રચે છે. અષ્ટમહાપ્રાતિહાર્ય એ પરમતારકની સેવામાં ચોવીસે કલાક વિદ્યમાન જ હોય છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ, દીવ્ય પૌદ્ગલિક સામગ્રીની સેવાના સદ્ભાવમાં પણ શ્રી જિનેશ્વરદેવ કેવળ નિર્લેપ હોય છે માટે જ તેઓ **વીતરાગ** કહેવાય છે. રાગ એ જ સંસારનું બીજ છે. રાગદ્વેષરૂપી સંસારનાં બીજ જેઓનાં બળી જાય છે તે ઉત્તમ આત્માઓ, ત્રિલોક પૂજ્ય દેવત્વને પામી સિદ્ધિનાં શાશ્વત્ સુખનું સંપાદન કરે છે. જૈનો દેવમૂર્તિને પૂજે છે તે પણ વીતરાગ સ્વરૂપે જ જો કે ભક્તિ તથા પ્રેમોલ્લાસ માટે અંગરચના રચે છે, શ્રેષ્ઠ સુગંધિ તથા કીંમતી દ્રવ્યોથી પૂજા મહાપૂજાદિ કરે છે પણ તે તમામ મૂળ વીતરાગ સ્વરૂપને અવલંબીને જ તથા પોતાથી પણ દિનપ્રતિદિન ત્યાગ વધારે કેળવાય તે માટે જ કરે છે કેમકે ત્યાગ વિના, દ્રવ્યાદિની મૂર્ચ્છા ઉતર્યા વિના એ પ્રભુની આજ્ઞામાં રક્તપણું બની શકતું નથી. જૈનેતરોમાં પણ દેવપૂજામાં બેશક ભક્તિ તથા પ્રેમપૂર્વક દ્રવ્ય ત્યાગ પુષ્કળ થાય છે. (ત્યાગના સ્વીકાર વિના કોઈપણ પ્રકારના ધર્મની આરાધના કે નીતિનું રક્ષણ સંભવિત જ-શક્ય જ નથી) પણ ત્યાં દેવનું વીતરાગ સ્વરૂપ માનવામાં આવતું નથી તેમજ એ પૂજનાદિના બદલામાં સ્પષ્ટ તથા જે ઇચ્છા વિગેરે હોય છે તેમાં પણ ત્યાગનું નામનિશાન હોતું નથી પણ સ્વર્ગ કે તેવા દુન્યવી પદાર્થોની પ્રાપ્તિ દ્વારા કેવળ રાગની જ પુષ્ટિ હોય છે, ઇતરમાં સરાગદેવની રાગમય ક્રિયાઓનો 'લીલા' એ શબ્દથી બચાવ કરવામાં આવે છે જ્યારે જૈન દર્શનની માન્યતા એવી છે કે રાગદ્વેષના સર્વથા ક્ષય વિના દેવત્વ પ્રાપ્ત થતું જ નથી. યતઃ

દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ.

શ્રીમદ્ આનંદઘનજી.

મોટાની વાતો મોટા જાણે, દેવગુરુ કહે તે સાંભળવું પણ એમની કરણી તરફ ન જોવું એવી પોલ જૈન દર્શનમાં નથી. પ્રભુએ કહ્યું તે કરવું પણ કર્યું તે નહીં કરવું એમ નથી. સામર્થ્યના અભાવે ન થઈ શકે તે વાત જુદી પણ એ કરણીય છે તે તો કરણીય જ. રાઈપ્રતિક્રમણના તપચિંતામણિના કાયોત્સર્ગમાં 'વીર ભગવાને છ માસનો તપ કર્યો હતો, જીવ ! શું કરી શકીશ ? એ રીતે ચિંતવવામાં આવતી ભાવના પણ એ જ વાત પુરવાર કરે છે. ઇતરની દેવમૂર્તિના સ્વરૂપમાં અને તીર્થંકર દેવની મૂર્તિના સ્વરૂપમાં રહેલ રાગ તથા વિરાગનું અંતર પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. અન્ય દેવોની મૂર્તિ હથિયાર, માળા, સ્ત્રી વિગેરે રાગદ્વેષ તથા અજ્ઞાનની સામગ્રી સંયુક્ત છે, તથા અપૂર્ણતાની પ્રતીતિ કરાવે છે. જ્યારે જૈનોના તીર્થંકર દેવોની મૂર્તિ વીતરાગપણું તથા સંપૂર્ણ દેવત્વને દર્શાવે છે. યતઃ

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं
वदनकमलमंकः कामिनी संग शून्यः
करयुगमपियत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगतिदेवो, वीतरागस्त्वमेवः।

જૈનોના ગુરુ પણ ત્યાગી હોય છે. જિંદગીભરને માટે કંચન-કામિનીનો ત્યાગ કરી ઘરથી નીકળીને પાંચ મહાવ્રત ઉચ્ચરી તેનું તેઓ કાયમ પાલન કરે છે. કંચન-કામિની યાને રમા રામાની જ આ જગતમાં રામાયણ છે. કહેવત છે કે, 'જર, જમીન, જોરુ એ ત્રણ કજીયાનાં છોરું.' આથી એક વાત સિદ્ધ છે કે ક્લેશનું વાસ્તવિક નિવારણ ઇચ્છનારાઓએ કંચન-કામિનીનો ત્યાગ કર્યે જ છૂટકો એટલે કે ગૃહત્યાગ કર્યે જ છૂટકો. ઇતરમાં ગૃહસ્થાશ્રમ પણ આવશ્યક મનાય છે. જ્યારે જૈનદર્શનમાં એથી જુદું જ છે. **પોતાનાથી બાલ્યવયમાં સંયમ ન સ્વીકારાયા માટે પશ્ચાતાપ કરી જેમ બને તેમ સંસારથી જલદી નીકળવાનું જૈન દર્શનનું ફરમાન છે, અર્થાત્ બાલ્યવયથી જ ત્યાગ આચરવાનો આદેશ છે.**

જૈનોના ગુરુઓ એક ફૂટી કોડી પણ પાસે રાખતા નથી, વાહનનો ઉપયોગ કરતા નથી, સંયમનિર્વાહ પૂરતી ભિક્ષાના આધારે દેહ દ્વારા જ્ઞાનધ્યાનાદિમાં નિમગ્ન રહેવા ઉપરાંત કર્મ નિર્જરાર્થે તેઓ વિવિધ પ્રકારની તપશ્ચર્યા, ઉગ્રઅભિગ્રહો આદિ કરે છે. આવા મહર્ષિઓના પાત્રમાં સૂઝતા (નિર્દોષ) આહારાદિના દાનથી જૈનો પોતાનો નિસ્તાર માને છે (આ દાનને જૈનદર્શન સુપાત્રદાન ગણે છે) તે તેમનામાં રહેલા તીવ્ર ત્યાગને જ આભારી છે. જૈનો તેઓનો પ્રવેશ મહોત્સવાદિ અતિ આડંબરથી કરે છે. તેઓની બેઠક આસપાસ કીંમતી જરીયાન

ચંદરવાઓ બાંધી ભક્તિ કરે છે પણ તે તમામ ગુરુના ત્યાગને જ આભારી છે. તેમજ જૈનો પોતે પણ ત્યાગના અભિલાષી છે માટે જ જેને જે વસ્તુ જોઈએ તેણે તે વસ્તુ ધરાવનારનાં સન્માન કરવાં જ જોઈએ. ઇતરો ગુરુઓને ચરણે ધનના ઢગલા ધરે છે, જ્યારે જૈનો સંયમપોષણાર્થે ગુરુની ભક્તિમાં ગમે તેટલો દ્રવ્યવ્યય કરે પણ ગુરુને પોતાને અલંકાર પહેરાવી ત્યાગને વિકૃત કરતા નથી, અર્થાત્ કહેવાનું તાત્પર્ય એ છે કે જૈનોના દેવ, ગુરુ ત્યાગી છે, એમના સત્કાર સન્માન, પૂજનાદિ પણ ત્યાગને આભારી છે, ત્યાગ માટે છે તથા ત્યાગનું સ્વરૂપ સાચવીને છે.

જગતના સમગ્ર વિવેકી ગણાતા મનુષ્યો જેઓ જૈનો હોય કે જૈનેતરો હોય તે સર્વ જૈનોના સાધુઓ માટે ઇતર સર્વ ધર્મના ગુરુઓ કરતાં અધિક ત્યાગ તથા સુંદર ત્યાગની મુક્તકંઠે પ્રશંસા કરે છે તે વાત દરેક સુજ્ઞને વિદિત છે પણ જેમ નિર્મલકલાના સમુદાયેપૂર્ણ એવા પૂર્ણિમાના ચંદ્રમાં ચિહ્નરૂપે રહેલ શ્યામરત્નના પણ મૃગને ભોળી જનતા કલંકરૂપે ગણે છે તેવી રીતે કેટલાક અજ્ઞાન અને અસત્યવાદિ પ્રચારકોના છાપાની દેવડીએ દેવાતી દોટના પ્રભાવે કેટલાક મુગ્ધ મનુષ્યો તેઓશ્રીના ત્યાગને દૂષિત ગણી ભોગ પિપાસાની તૃપ્તિમાં તલ્લીન થયેલાને શુદ્ધ સાધુઓથી અગ્રકોટીમાં લઈ જવા તત્પર થાય છે પણ તેઓને તેવા છાપાઓની છેતરપિંડીથી સાવચેત થવા અને શુદ્ધ સાધુઓના સમાગમથી કે શાસ્ત્રોના સાચા અર્થોથી પરિચિત થવાની સૂચના કરવા સિવાય આ પ્રસંગે વધુ કહેવું ઉચિત નથી.

જૈન દર્શનનાં અનુષ્ઠાનમાત્ર ત્યાગથી ઓતપ્રોત છે જ્યારે ઇતરના અનુષ્ઠાનોમાં ત્યાગની ગંધ પણ હોતી નથી, બલ્કે રાગભોગનાં જ સત્કાર સન્માન હોય છે. બાલજીવોને સમજાવવા ધર્મની સમજણ અનેક પ્રકારે આપવામાં આવી છે. દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારે પણ ધર્મ કહ્યો છે. તેમાં દાનમાં દ્રવ્યનો ત્યાગ છે. દ્રવ્યની મૂર્છા ઉતાર્યા વિના દ્રવ્યનો ત્યાગ થતો નથી, શીલ (બ્રહ્મચર્ય) પાલનમાં વિષયનો ત્યાગ છે, તપમાં આહાર તથા રસનો ત્યાગ (રસત્યાગ માટે ખાસ તપ આયંબિલ છે અને તેમાં પ્રગતિમાન થવા માટે વર્ધમાન આયંબિલ તપ છે) છે તથા સુંદર ભાવનામાં મલીન ભાવોનો ત્યાગ છે. આ બાબતમાં જે ત્યાગ છે તે પણ ત્યાગને માટે જ, જ્યારે ઇતરમાં તેમ નથી.ત્યાં પણ દાન, શીલ, તપ વિગેરે છે ખરા પણ તેના સ્વરૂપ, પ્રકાર તથા ધ્યેયમાં તથા જૈનોના દાનાદિના સ્વરૂપાદિમાં આસમાન જમીનનું અંતર છે. બીજે દાન પણ ઘણું મળવા માટે છે, શીલ તથા તપ પણ શરીર સ્વાસ્થ્ય, સૌંદર્ય, સ્વર્ગસંપત્તિ, અપ્સરાદિની પ્રાપ્તિ માટે છે. જૈનોના તપમાં રસનો ત્યાગ જ હોય છે ત્યારે બીજે રસગૃદ્ધિની વૃદ્ધિ હોય છે.

નિરંતર પ્રભુપૂજન, સામાયિક, વ્યાખ્યાનશ્રવણ પૌષધ, ભાવના, પ્રભાવના, તીર્થયાત્રા, રથયાત્રા, સ્વામિવાત્સલ્ય, સંઘ કાઢવો તે, જ્ઞાનપૂજન, સુપાત્રદાન, અભયદાન, અમારિપડહ, શાંતિસ્નાત્ર, અષ્ટાન્હિકા મહોત્સવ, પ્રતિક્રમણ, બારવ્રત અગર ઓછા, યાવત્ એકવ્રતનો સ્વીકાર, તેટલાય સામાર્થ્યના અભાવે સમ્યક્ત્વનો સ્વીકાર વિગેરે વિગેરે જૈનોમાં ચાલુ હોય છે કે જે ક્રિયાઓ ત્યાગનું જ વાતાવરણ કેળવે છે. જૈન દર્શનની નાનામાં નાની ક્રિયા પણ સર્વવિરતિના (સર્વ ત્યાગના) ધ્યેયવાળી હોય છે. જે ક્રિયામાં આ ધ્યેય નથી તે ક્રિયા જૈન દર્શનની જ નથી. જુદી જુદી તિથિએ તપ કરવા, રોજ ચૌદ નિયમો ધારવા, અમુક ન ખાવું, વિગેરે વિગેરે ત્યાગ કેળવવાની વિવિધ ક્રિયાઓ રોજના રિવાજરૂપે જૈનોના એકેએક ઘેર વિદ્યમાન છે. જૈનો સંસારને કારાગાર માને છે, ગૃહસ્થાશ્રમને દુર્ગતિનો પ્રતિનિધિ માને છે અને તેથી પોતાને ત્યાં આવતા સાંસારિક (લગ્નાદિ) પ્રસંગોએ પણ ત્યાગના ધ્યેયને નહીં ભૂલવા માટે ધાર્મિક પ્રસંગો (અઠ્ઠાઈ ઉત્સવાદિ) ને સંયોજે છે.

ફરીને સ્મરણ કરાવીએ કે જૈનદર્શન એટલે સર્વોપરી ત્યાગદર્શન, ત્યાગ માટે જૈનદર્શન મુસ્તાક છે, ગૌરવભર્યું છે. જો કે જૈનદર્શન રાગને અનિષ્ઠ માને છે છતાંય ત્યાગને માટે થતા રાગને પ્રશસ્ત ગણે છે જ્યારે રાગ માટે થતા ત્યાગને પણ વખોડે છે. જૈનોના પાંચે પરમેષ્ઠિ પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય છે કે જેઓ તમામ સર્વથા ત્યાગી છે. એક પણ રાગીને જૈનદર્શને પૂજ્યપદમાં, સત્કાર સન્માનના સ્થાનમાં સ્થાન આપ્યું નથી. જૈનો એટલે ત્યાગમાર્ગના પરમ અનુયાયીઓ.

અહિંસા પરમો ધર્મ એ જૈનદર્શનનું પરમસૂત્ર છે. જૈનેતરો પણ એકી અવાજે એ કબુલ કરે છે કે **ન હિંસ્યાત્ સર્વાણિભૂતાનીત્યેતં વિધિ મક્ષરશો જૈના અનુસરન્તિ** ।

આ રીતિએ અહિંસાનું પાલન વિશુદ્ધ ત્યાગથી જ બની શકે છે. વિશુદ્ધ ત્યાગ એટલા જ માટે કહેવો પડે છે કે ત્યાગ ત્યાગ માટે હોવો જોઈએ. રાગ માટે (દુન્યવી પદાર્થોની પ્રાપ્તિ માટે) થતા ત્યાગથી પણ વસ્તુતઃ અહિંસાનું પાલન થતું નથી. અહિંસાની ઉદ્ઘોષણા છતાંયે જ્યાં હિંસા દેખાય છે તેનું કારણ ત્યાં અહિંસાની ઉદ્ઘોષણા ત્યાગ માટે નથી પણ રાગ માટે છે. રાગને જ માટે અહિંસા જેવા શ્રેષ્ઠ તત્ત્વને શસ્ત્ર બનાવવું એ તો ત્યાગનો પરમ વિદ્રોહ છે !

ત્યાગમાર્ગનું ઉંચામાં ઉંચું સ્વરૂપ ભાગવતી દીક્ષા જ છે કેમકે સર્વત્યાગ ત્યાં જ વિદ્યમાન છે. પૂજ્ય પરમેષ્ઠિ પંચક દીક્ષિત જ હોય છે. દીક્ષા યાને ઉત્તમ પ્રકારના ત્યાગમાર્ગ પરત્વે આવતા આક્રમણોથી ઇતરો ન ભડકે અને જૈનો ભડકે એ સ્વાભાવિક છે, કેમકે ઇતરને દરેક ધર્મકાર્યમાં ગૃહસ્થોથી ચાલી શકે છે પણ જૈનોને કોઈપણ ધર્મક્રિયામાં દીક્ષિત વિના ચાલતું નથી. ત્યાગમાર્ગને જરા પણ આંચ આવે તેમાં જૈનોનું તો સર્વસ્વ લૂટાય છે ! ત્યાગમાર્ગની વિદ્યમાનતામાં જ જૈનો પોતાનું અને જગતનું કલ્યાણ માને છે એટલે જ તેઓ ત્યાગમાર્ગને તથા ત્યાગીઓને પૂજે છે અને તેઓની સેવા, સંરક્ષણાદિ માટે તનતોડ મહેનત કરે છે. જૈનોને પોતાનું બીજું બધું જાય તે પાલવે તેમ છે પણ ત્યાગના કિલ્લાની એક કાંકરી પણ ખરે તે પરવડે તેમ નથી અને માટે જ તો કેટલાક વર્તમાન વાયરાથી વ્યામોહિત થઈ વિરુદ્ધ વર્તનારા, ત્યાગની સામે મોરચા માંડનારા ઘરનાઓનો પણ ત્યાગના સાચા અનુયાયીઓ (જૈનો)ને પુરતો સામનો કરવો પડ્યો છે એ સુપ્રસિદ્ધ છે. ત્યાગમાર્ગની વચ્ચે રાજ્યની ડખલગીરી પણ પ્રભુમાર્ગથી અજાણ વર્ગને આભારી છે છતાંયે એ વાત એટલી જ સુનિશ્ચિત છે કે ત્યાગમાર્ગના સંરક્ષણ તથા વિજય માટે ત્યાગમાર્ગના અનુયાયીઓ (જૈનો) પોતાથી બનતું બધું જ કર્યા વિના રહેશે નહીં કેમકે ત્યાગ એ જ જૈનોનું જીવન છે !

* * *

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

સમ્યક્-ચારિત્ર

૨મા તથા રામાના રટણમાં રસિક બનેલાઓને નિર્ગ્રંથ પ્રવચનની કિંમત નથી !!!
જ્ઞાન દ્રવ્યનો ઉપયોગ દુન્યવી જ્ઞાનમાં (સ્કોલરશીપ-વિગેરેમાં) થઈ શકે જ નહીં
'કરવું પડે છે' અને 'કરવું જોઈએ' એ બે વચ્ચે મહદંતર છે
સર્વ વિરતિનો સ્વાંગ સજ્યાવતર મનઃપર્યવજ્ઞાન
આવિર્ભાવ થતું નથી તેનું કારણ શું ?

(નોંધઃ-મુંબઈ પાયધુનીપર, શ્રી ગોડીજી મહારાજજીના ઉપાશ્રયમાં ગયા વર્ષના ચૈત્ર માસમાં નવપદની આરાધના પ્રસંગે પૂ. આગમોદ્ધારકદેવે આપેલી આ દેશના રોચક, માનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ ઉત્પન્ન કરનારી હોવાથી અત્રે અપાય છે.....તંત્રી.)

असुह किरियाण चाओ, सुहासु किरियासु जाय अपमाओ।
तं चारित्तं ऊत्तम गुण जुत्तं पालह निरुत्तं ॥

દેવતત્ત્વતો આદર્શ છે, ગુરુતત્ત્વ શિક્ષકના સ્થાને છે.

શાસ્ત્રકાર મહારાજ શ્રીમદ્ રત્નશેખરસૂરીજી મહારાજ ભવ્યજીવોના ઉપકારાર્થે શ્રીપાલ ભૂપાલના ચરિત્રમાં શ્રીનવપદોનું વર્ણન કરતાં પ્રથમ દેવતત્ત્વમાં અરિહંત અને સિદ્ધપદનું સ્વરૂપ સમજાવી ગયા; દેવતત્ત્વ કેવલ આદર્શ તરીકે હોય છે. પ્લાન કે નકશા વિગેરેની નકલ કરનાર તે પ્લાન કે નકશાને દૃષ્ટિ સમક્ષ જરૂર રાખે છે, પણ એટલા માત્રથી અશિક્ષિતોથી શું નકલ થઈ શકે ? કોપી લખવાનો જેણે મહાવરો (અભ્યાસ) કર્યો નથી તે સુંદર અક્ષરોને દેખવા માત્રથી સારા અક્ષરો લખી શકે ખરો? નહીં જ ! જો એમ થતું હોય તો મિસ્ત્રી કે માસ્તર (શિક્ષક)ની જરૂર શી ? નિશાળો પણ નકામી જ ગણાય ! તેવી રીતે દેવતત્ત્વ (અરિહંત અને સિદ્ધ) પણ છાપેલા મનોહર પ્લાન, અક્ષર કે નકશા સમાન છે. એ આદર્શતત્ત્વ જોઈને આત્મા આકર્ષાયો, પોતાને વીતરાગ, કૈવલ્યસ્વરૂપ તથા અનંતસુખનો ભોક્તા બનાવવાનું મન થયું આગળ વધી નિર્ણય પણ થયો, એ નિશ્ચય સુદૃઢ થયો છતાં આચાર્યાદિ (આચાર્ય; ઉપાધ્યાય અને સાધુ) ગુરુતત્વ ન હોય તો જેમ અભણને પ્લાનાદિ માત્ર જોવાના જ છે તેમ દેવતત્ત્વ માત્ર જોવા પૂરતું જ ઉપયોગી છે. જો ગુરુતત્ત્વ પરત્વે આદરવાળા ન થઈએ તો આપણી દશા પણ તેવી જ થાય. જેઓ શાળામાં ન જાય તેઓ મોટા મોટા મનોરથો ભલે કરે પણ તેમને માટે પ્લાન, નકશો વિગેરે માત્ર દેખવાના જ રહે; પણ તેની પ્રતિકૃતિ કરવાની કલા તેઓ પ્રાપ્ત કરી શકતા નથી; સારા અક્ષરો, સુંદર પ્લાન વિગેરે બધાને ગમે છે ખરા પણ ગમવા માત્રથી તે બનાવવા રૂપ ઈષ્ટસિધ્ધિ

થતી નથી, શિક્ષકની પાસે વિનયપૂર્વક શિક્ષણ લેવાથી જ તે શિક્ષા પ્રાપ્ત થાય છે, તેવી રીતે જગતના તમામ જીવોને આદર્શ દેવતત્ત્વ જોઈ પોતાનું તેવું શુદ્ધ સ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટાવવાની જિજ્ઞાસા થાય છે, પણ આચાર્યાદિ ગુરુતત્ત્વને આધીન રહેવામાં ન આવે, તેઓની શિક્ષાનુસાર વર્તવામાં ન આવે, તો એ જિજ્ઞાસા-એ મનના મનોરથ મનમાં જ રહે છે, આટલા જ માટે શાસ્ત્રકારોએ આચાર્યાદિ ત્રણને ગુરુતત્ત્વ તરીકે શિક્ષકના સ્થાને દાખલ કરેલા છે.

દુન્યવી પદાર્થોની પ્રાપ્તિને ધ્યેય માનનાર વિદ્યાર્થીઓ આ શાળાના શિક્ષણને લાયક નથી

દેવતત્ત્વથી અરિહંત અને સિદ્ધ તથા ગુરુતત્ત્વથી આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ રીતિએ પાંચે પરમેષ્ઠિ આવી ગયા. આપણે એ જોઈ ગયા કે ગુણી એ ગુણને આભારી છે; હવે ધર્મતત્ત્વમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર પદોને અંગે વિચારીએ. પ્લાન વિગેરે સુંદરમાં સુંદર હોય, લાગણીવાળા પ્રવીણ શિક્ષકો પણ હોય છતાં વિદ્યાર્થી જ એદી હોય, હાથમાં કલમ જ પકડે નહીં તો શું થાય ? શીખનારે (વિદ્યાર્થીએ શીખવું જ છે એટલો નિર્ણય તો અવશ્ય કરવો જોઈએ અને એવા શીખનારે રમતમાત્રમાંથી પોતાનું મન ખીંચીને શીખવામાં જ સ્થાપન કરવું જોઈએ. દૃષ્ટિ આંકમાં જ, અક્ષરમાં જ, નકશામાં જ, પ્લાનમાં જ કે પુસ્તકમાં જ રાખવી જોઈએ. તેવી રીતે અહીં પણ આચાર્યાદિ (ગુરુતત્ત્વરૂપ) શિક્ષકો પાસે, દેવતત્ત્વના આદર્શ તત્ત્વને પ્રગટ કરવામાં તેવું જ વર્તન, તેવી જ ત્રણે યોગોની એકાગ્રતા જોઈએ. આદર્શને જ પરિપૂર્ણપણે ધ્યેય માનવું જોઈએ, જ્યાં સુધી બીજા પદાર્થોને ધ્યેય મનાય ત્યાં સુધી આદર્શ સ્વરૂપની પ્રાપ્તિના મનોરથો ફળી શકે નહીં. આટલા જ માટે શાસ્ત્રકારોએ પ્રવર્તનમય ચાર ગુણોને અંગે પહેલાં દર્શનપદની યોજના કરી છે. જેવી રીતે અભ્યાસમાં જ ચિત્ત ચોંટાડનાર વિદ્યાર્થી લાયક તથા આડા અવળા ડાફોળિયાં મારનાર વિદ્યાર્થી નાલાયક ગણાય છે તેવી રીતે દેવત્ત્વના સ્વરૂપને પ્રાપ્ત કરવાનો નિર્ધાર કરનાર જ અત્રે આરાધનાની શિક્ષણ પદ્ધતિમાં લાયક ગણાય છે, વિષય, કષાય, આરંભ, સમારંભ, પરિગ્રહોમાંથી ચિત્ત નહીં ખસેડનાર લાયક ગણાતો નથી. આંબલી-પીપળીની રમતો રમતા કે ધૂળમાં આળોટતા લંગોટીયા છોકરાઓ ગમે તેટલા મોટા થયા હોય છતાં કાંઈ માસ્તરો (શિક્ષકો) તેઓને ત્યાં શીખવવા જતા નથી, અર્થાત્ તેઓ શિક્ષણને માટે સ્વયમ્ નાલાયક ઠરે છે, તેવી રીતે અહીં પણ જેઓનું ધ્યેય મોક્ષ ન હોય, તેમજ મોક્ષ વિના ઇતર (દુન્યવી) પદાર્થોને જેઓ ધ્યેય માનતા હોય, તેઓ આ શાળાના શિક્ષણને લાયક નથી.

વિદ્યાર્થીએ કરવી જોઈતી ફરજિયાત પ્રતિજ્ઞા.

આથી હવે શીખનારે એ ધ્યાન રાખવું કે તેણે પોતાના મનથી આ નિશ્ચય તો કરવો જ પડશે કે **'इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसे अणट्ठे'** શ્રી જિનેશ્વર મહારાજ પ્રણીત આ ત્યાગમય શાસન તે જ અર્થ તે જ પરમાર્થ અને એ સિવાયના જગતભરના [illegible]સમ પદાર્થો અનર્થમય છે,

જૈનશાસનમાં પ્રવેશ કરનારે આ પ્રતિજ્ઞા અવશ્યમેવ કરવી જોઈએ. કદી પોતાના બાપના પંદરના પૈસાથી ખોલવામાં આવેલી તથા ચલાવાતી સ્કુલ હોય છતાં તે વિદ્યાર્થી પણ જો ભણવામાં લક્ષ્ય ન રાખે, અને ડાફોળિયાં માર્યા કરે તો તેને પણ બહાર કાઢી મૂકવામાં આવે છે. તેવી રીતે ઉપરોક્ત પ્રતિજ્ઞા વગરનાને આ જૈનશાસનમાં-પ્રભુપ્રણીત શાસનમાં રહેવાનો લેશ માત્ર પણ હક નથી. સમ્યક્ત્વ પ્રાપ્તિની સાથે જ ચતુર્થ ગુણસ્થાનકથી જ આ પ્રતિજ્ઞા હોવી જોઈએ. પ્રદેશી રાજા, કૃષ્ણજી તથા શ્રેણિક રાજાએ પણ સ્પષ્ટતયા આ પ્રતિજ્ઞા પ્રારંભમાં જ કબૂલી છે. એ પ્રતિજ્ઞા કબુલેલી એટલું જ નહીં પણ જાહેર કરી છે.

'કરવું જોઈએ' કે કરવું પડે છે ? આ બે માન્યતા વચ્ચે મહદંતર છે !!!

આજે કેટલાકો દેશવિરતિધર આનંદ કામદેવાદિ શ્રાવકોના દ્રષ્ટાંતથી બોલી રહ્યા છે કે તેવાઓ પણ ખેતી કરતા હતા, હળ ફેરવાવતા હતા, હજારો ગાયો વિગેરે રાખતા હતા અને પુષ્કળ વ્યાપાર ખેડતા હતા. અર્થાત્ આનન્દ કામદેવાદિના તે કર્મોદયથી અરૂચિપૂર્વકના કાર્યોને વિધેય તરીકે મનાવવા તૈયાર થાય છે, જો કે આનંદ કામદેવાદિ આરંભ સમારંભ કરતા વિષય પ્રવૃત્તિથી નિવૃત્ત ન્હોતા એ વાત બધી સાચી, પણ ત્યાં એક જ મુદ્દો વિચારણીય છે કે આ બધું તેઓ કરવા લાયક (કર્તવ્ય) ધારીને કરતા હતા કે કરવું પડે છે એમ (વેઠ) ધારીને કરતા હતા ? વિદ્યાર્થી ગોખવા-અભ્યાસ કરવા બેઠો હોય અગર રંગ પીંછી વિગેરે સામગ્રી લઈને નકશો ચીતરવા બેઠો હોય એવામાં એને તૃષા લાગી અથવા પેશાબ વિગેરેની હાજત થઈ, તે વખતે પાણી પીવા વગેરેનું બધું એ કરે છે પણ જરા એને પૂછો કે તેના મનમાં શું છે, ? કરવું પડે છે માટે કરે છે, તૃષા સહન થતી નથી અથવા હાજત રોકી શકાતી નથી માટે જ એ ઊઠે છે, બાકી એના હૃદયના ખૂણે પણ ત્યાંથી ખસવાનું મન હોતું નથી. તેવી રીતે આનંદાદિ શ્રાવકે જે જે કાંઈ આરંભાદિમય કાર્ય કર્યું છે તે કરવું પડે છે માટે કર્યું છે, એમ સ્પષ્ટ જણાવ્યું છે, અને માટે જ વ્રતો ઉચ્ચારતાં 'કરવું પડે છે' એમ કહીને-એ દ્રષ્ટિએ છૂટ રાખી છે, આજકાલ સમાજમાં પડેલાં બે વિભાગો, શાસનપ્રેમી અને સુધારકો (તેવી સંજ્ઞાથી ઓળખાતા) વચ્ચે ભેદ અહીં જ છે. આરંભાદિકમાં થતી પ્રવૃત્તિને શાસનપ્રેમી વર્ગ જ્યારે 'કરવી પડે છે' એમ માને છે, ત્યારે સુધારકવર્ગ 'કરવી જોઈએ' એમ માને છે. 'કરવું પડે છે' અને 'કરવું જોઈએ' આ ધ્યેય વચ્ચે મહદંતર છે.

આનંદાદિ શ્રાદ્ધવર્યો કેટલા રંગ ભીના હશે તેનો ખ્યાલ કરો !!!

બારવ્રત ઉચ્ચારતાં પહેલાં આનંદાદિ શું બોલે છે તે ધ્યાનમાં લ્યો ! **सद्दहामि ण मंते निग्गथं पावयणं पत्तियामि णं मंते निग्गंथ पावयणं, रोणमिणं मंते निग्गथं पावयणं** આ વાક્યો ધ્યાનમાં રાખજો, શ્રદ્ધા, પછી પ્રતીતિ અને પછી રૂચિ; શ્રદ્ધા કોની ? નિર્ગ્રંથ પ્રવચની જ શ્રદ્ધા! , વાહ! શ્રદ્ધા તો થઈ, પણ તે વચનમાત્રની કે અંતઃકરણની ? સમજણપૂર્વકની કે સમજણ વગરની ? એટલા જ માટે શ્રદ્ધા પછી પ્રતીતિ કહી. તત્ત્વ આ જ છે, ધ્યેય આ જ છે, કલ્યાણનો માર્ગ આજ છે, આવી પ્રતીતિ થયા પછી 'એ ક્યારે મેળવું ?' એમ થાય (એ ભાવના થાય) એનું નામ રૂચિ. આવી રૂચિવાળો જ્યાં સુધી એ ન મળે ત્યાં સુધી પોતાના જન્મને નિષ્ફળ માને. જે વસ્તુને સારી (શ્રેષ્ઠ) ગણીને પોતે મેળવવા

માગે તેને મેળવવાનો માર્ગ બીજો કોઈ નહીં, પણ તે શ્રેષ્ઠ વસ્તુને મેળવનારનો આદર સત્કાર કરવો તે છે. આનંદ શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ એ ત્રણે સ્પષ્ટતયા જણાવીને વળી મુક્તકંઠે તે નિર્ગ્રંથ પ્રવચનને આદરનારાઓની પ્રશંસા કરતાં કહે છે કે - પ્રશંસે છે કે - **धन्ना णं राईसर० जे णं देवाणुप्पियणं अंतिए मुंडेभवित्ता अगारीओ अणगारिय पव्वइए, अहंणं मंते । नो संच्चारामि तहीन्तोरे अहण्णं भंते !** વગેરે 'તે રાજામહારાજાઓ, યુવરાજો, શ્રેષ્ઠિવર્યો, સેનાપતિઓ, સાર્થવાહો વિગેરેને ધન્ય છે કે જેઓએ ઘરબાર છોડીને હે પ્રભો ! આપની પાસે પ્રવ્રજ્યા અંગિકાર કરી છે. મારી તો તાકાત નથી, માટે મને દેશવિરતિ આપો.' આનંદ શ્રાવક કેટલો રંગભીનો હશે, તેનો ખ્યાલ કરો ! આપણે શાબાશી કોને દઈએ ?, રમા રામામાં રાચ્યા, માચ્યા રહેનારને, કે એમને ? કાલનો ગરીબ આજે સાધુપણું સ્વીકારે એ શાથી ખટકે છે ? 'કાલના ગરીબને, ગઈ કાલના નોકરને આજે નમસ્કાર કેમ કરીએ ?' આવી ક્ષુદ્ર ભાવનાથી ને જો એમ હોય તો એ ભાવના પરમ પાપોદયથી છે તેણે અંગીકાર કરેલા નિર્ગ્રંથ માર્ગની કિંમત તો નથીને ? દીક્ષિત થનારો પ્રથમ ગણ (પૂર્વાવસ્થામાં પણ) ધનિક હોવો જોઈએ એવું માનો છો ? જો એમ ન હોય તો પ્રથમની નિર્ધન દશાને કેમ યાદ કરો છો ? આ સભામાં બેઠેલા ઘણા તો બ્રિટિશ રાજ્યની રૈયત છે છતાં એ વાત કોઈથી અજાણી નથી હાલના ગાયકવાડ સરકાર સયાજીરાવ રાજા ક્યારે થયા ? કમલા નામના ગામમાં ઢોર ચારતાં ચારતાં પુણ્યોદયે વડોદરાની ગાદીએ રાજા થયા, ત્યારે તેઓને સલામ ભરતાં શું કોઈ ગાયકવાડી રૈયતને શરમ આવે છે, નહીં ! ગરીબની છોકરી મોટા શેઠને ત્યાં આવી કે તરત જ એને 'શેઠાણી' કહેતાં ને તે પ્રમાણે આદરસત્કાર કરતાં તમારામાંથી કોણ અચકાઓ છો ? કોઈ નહીં ?, એમ શાથી ?, રમા તથા રામાના રટણમાં પડેલાને એ પૂર્વની અવસ્થા કરતાં રમારામાની કિંમત છે, તેઓની માત્ર નિર્ગ્રંથ પ્રવચનની કિંમત નથી ! પણ જેઓને શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ આ ત્રણ વસ્તુનો નિર્ધાર છે, તે નિર્ધારવાળાને જ શ્રાવક કહેવરાવવાનો હક છે. આનો અર્થ એ નથી કે આ સ્થિતિ વિના પણ જેઓ શ્રાવક ધર્મને અંગે જે આચરણ કરતા હોય તે મૂકી દેવું, કારણ કે દ્રવ્યથી આચરણ કરેલી વિરતિ પણ ભવિષ્યમાં ફલપ્રદ છે. **એકડો કરવા માટે ખીચેલા ખોટા લીટા પણ પરિણામે સાચા એકડાને લાવનાર-બલ્કે શીખવનાર છે.**

લીટા નકામા ભલે ન હોય, પણ એ લીટાને એકડો કહેવા કોઈ તૈયાર થાય નહીં; તેવી રીતે इणमेव

આ માન્યતા જેના અંતઃકરણમાં ન ઠસી હોય, તથા નિર્ગ્રંથ પ્રવચન પોતાથી અંગિકાર નથી કરાયું તેમાં પોતાની વીર્યોલ્લાસની ખામીથી રહેલી અશક્તિ અને અપ્રત્યાખ્યાની મોહ આદિથી વિષયાદિમાં થતી આસક્તિ કારણભૂત છે એમ જેઓ માનતા નથી તેઓ શ્રાવકો નથી. આ ત્રણ વસ્તુની માન્યતા નિશ્ચિત ન હોય ત્યાં સુધી દેવ ગુરૂની ભક્તિ વિગેરે એકડાને લીટી થાય તેમ લીટાના સ્થાનમાં છે, અને એ જ્યારે અંતઃકરણમાં રમે ત્યારે તે પરિસ્થિતિ એકડાનું સ્થાન પામે છે.

જ્ઞાન કોને કહેવું ?

હવે નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ, એ જ પરમાર્થ તથા શેષ અનર્થ એવી શ્રદ્ધાવાળા પણ જો જ્ઞાન ન મેળવે તો સાધ્યને સાધી શકતા નથી, માટે દર્શન પછી જ્ઞાનની જરૂરિયાત જણાવી. દર્શનરૂપ રત્નદીપકને મનભવનમાં ધારણ કરવાનું છે જ્યારે જ્ઞાનને ધારણ કરીને બેસવાનું નથી, પણ શીખવાનું

છે. જ્ઞાન કોને કહેવું ? જીવાદિક પદાર્થોનું જાણપણું મેળવવું (શીખવા) તેનું નામ જ્ઞાન. આ સિવાયના આરંભ પરિગ્રહને પોષનાર શિક્ષણને આ જ્ઞાનપદમાં સ્થાન નથી, નહીં તો ચોર, જુગારી વિગેરેના આગેવાનો કાંઈ અજ્ઞાન નથી હોતા, પણ તેઓ ન્યાયાધીશોને પણ આંટી ખવડાવે તેવા જબરદસ્ત જ્ઞાનવાળા હોય છે ! नमो नाणस्स એ પદથી શું ચોરાદિકના આગેવાનોને પણ નમસ્કાર થઈ ગયો ?, નહીં ! કારણ કે 'જ્ઞાન' શબ્દ જ્ઞાન, વિજ્ઞાન, કલા, શિક્ષણ વિગેરે તમામમાં રાખીએ તો એ બધાને નમસ્કાર થઈ જાય, પણ એમ નથી. ત્યારે જ્ઞાન કોને ગણવામાં આવ્યું ? सा विद्या या विमुक्तये તે જ વિદ્યા, તે જ જ્ઞાન કે જે મોક્ષને માટે ઉપયોગી હોય. કલ્પસૂત્રમાંનું એક દૃષ્ટાંત યાદ હશે કે એક બાપ પોતાના પુત્રને વડીલની સામે નહીં બોલવાની શીખામણ આપે છે. કઈ ?, 'વડીલની સામે ન બોલવું' એ આ શિક્ષા સૂત્રનો પેલો ઉલ્લંઠ પુત્ર કેવો ઉપયોગ કરે છે ?, માબાપ બહાર જાય છે ત્યારે તે નાદાન છોકરો ઘર વાસી સાંકળ દઈને પોતે નિરાંતે અંદર બેસે છે, આવ્યા પછી માબાપ ખૂબ સાંકળ ખખડાવે છે ઉઘાડવા બૂમો પાડે છે તથા કમાડ ઉઘાડવા પેલાને અનેક પ્રકારે કરગરે છે, પણ 'વડીલની સામે ન બોલવું' આ શિક્ષાસૂત્રનો અમલ (?) કરનાર એ છોકરો હસ્યા જ કરે છે?, આવા મૂર્ખાઓ કે ઉલ્લંઠો કદી જ્ઞાની કહેવાય કે ? વળી, મોક્ષ શબ્દ કર્મક્ષયના અર્થમાં છે. કેદમાં પડેલો ચોર કલા 'વાપરી છૂટી જાય, ઠગબાજી કરી કોઈ ગુનેગાર ન્યાયાધીશના પંજામાંથી છૂટી જાય' તો શું તે જ્ઞાની ગણાશે?, અહીં 'મુક્તિ' શબ્દ નથી, પણ 'વિમુક્તિ' શબ્દ છે. विशेषेण अपुनर्भावे न मुक्तिः, ફરીને મુક્તિ માટે પ્રયત્ન ન કરવો પડે તેવી મુક્તિ તે વિમુક્તિઃ આવી વિમુક્તિ અપાવે તે જ જ્ઞાન, અને તેવા જ્ઞાનને અંગે જ नमो नाणस्स એ આરાધ્ય પદ છે. એ ઉપરથી શ્રાવક સંઘે જે શ્રાવકોને યોગ્ય ને ધર્મી ગણી પોતાના આગેવાન નીમ્યા છે તેઓ જો મોક્ષને ઉપયોગી એવા જ્ઞાનના ઉત્થાન સહાય અને વૃદ્ધિ માટે એકઠા થયેલ જ્ઞાન દ્રવ્યમાંથી આરંભ પરિગ્રહને વિષય કષાયને પોષનાર કેળવણી માટે સ્કોલર શીપ આપે, ચોપડીઓ અપાવે તો તેઓ જ્ઞાનદ્રવ્યના ભક્ષક જ બને છે ને તેવા જ્ઞાનદ્રવ્યના ભક્ષક શ્રાવકો અથવા તેમાં મદદગાર થનાર કે તેવું કાર્ય કરવા ઉપદેશ દેનાર સાધુઓ કઈ ગતિમાં જશે તે સહેજે સમજાય તેવું છે.

જ્ઞાનને જ્ઞાન તરીકે આરાધવાનું નથી પણ આરાધનાના સાધન તરીકે આરાધવાનું છે.

મોક્ષમાર્ગ માટે ઉપયોગી તે જ જ્ઞાન. તેના નામે લીધેલા પૈસાનો ઉપયોગ દુનિયાદારીના જ્ઞાનમાં કરવો તે જ્ઞાનદ્રવ્યનું ભક્ષણ નહીં તો બીજું શું ? હૂંડીમાં 'નામ મેળવીને આપજો' એમ લખો છો કે 'ઠામઠેકાણું ચોક્કસ કરી આપજો' એમ લખો છો ? મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવળ આ પાંચે પ્રકાર જ્ઞાનના છે. જ્ઞાન તે જ કે જે મોક્ષમાર્ગ માટે ઉપયોગી હોય, તેથી જ જ્ઞાનપદને દર્શનપદની પછી લીધું છે, નહીં તો જીવાદિકનું જ્ઞાન તો પ્રથમ થાય છે અને શ્રદ્ધા તો તે પછી થાય છે. એ હિસાબે જ્ઞાનપદ જ પહેલું પહેલું મ્હેલત, તત્ત્વાર્થકાર ભગવાન ઉમાસ્વાતિજી પણ 'सम्यग्दर्शन' એમાં શ્રદ્ધાને પહેલી ન્હેલી ન મ્હેલત, પણ મોક્ષના ધ્યેયવાળાનું, એટલે એવી શ્રદ્ધાવાળાનું જ્ઞાન જ, જ્ઞાન મનાય છે. જ્ઞાન થયા પછી પણ જૈનશાસનમાં સ્વતંત્ર આરાધ્ય તરીકે તેને સ્થાન નથી. છાપરે રહેલાં નળિયાં ગણો તો પણ ગણનારને જ્ઞાન તો થાય છે, છતાં કેમ નથી ગણતા ?, એક જ કારણ કે એ જ્ઞાનનો ઉપયોગ શો ? અરે ! આજના શિક્ષણને અંગે પણ વ્યવહારને ઉપયોગી જ્ઞાન અપાતું

નથી એવો વાંધો લેવાયો છે તે શાથી ? જ્ઞાન ભણવું તે ઉપયોગમાં લાવવાને માટે છે. જેમ દુનિયાના જ્ઞાનને માટે એ કાયદો છે. તેમ જૈનશાસનમાં પણ જ્ઞાનને જ્ઞાન તરીકે આરાધવાનું નથી. પણ આરાધનાના સાધન તરીકે જ આરાધવાનું છે. એથી જ ચૌદ વિદ્યાના પારગામી બ્રાહ્મણને હાથ ન જોડાય, પણ અષ્ટ પ્રવચન માતા જાણે તેવા શ્રમણ ભગવાનને દરેક સમ્યક્ત્વવાન્ દેવતા અને મનુષ્યથી હાથ જોડાય છે, તમે સાધુઓને નમો છો અને એ જ સાધુઓને ભણાવનાર પણ્ડિતોને નમસ્કાર કરતા નથી તેનું કારણ શું ? એ પણ્ડિતોને જ્ઞાન છે પણ તેમને મળેલું તે જ્ઞાન આરાધનામાં ઉપયોગી નથી, માટે એમને નમસ્કાર કરતા નથી. જ્ઞાન થોડું હોય તે ચાલી શકે, પણ આરાધના વગરનું જ્ઞાન ગમે તેટલું હોય તો તે ઉપયોગી નથી માટે જૈનશાસનમાં આરાધ્ય થતું નથી. ઝાંખું દેખનાર હોય તેને ઝાંખો દીવો પણ માર્ગ દેખાડનાર થાય, પણ આંધળાને કરોડો દીવા શા કામના ? જેમ પ્રવૃત્તિમાં કામ ન લાગતા હોવાથી એને એ તમામ દીપકો નિરૂપયોગી છે. તેવી રીતે અહીં વ્રત પચ્ચખ્ખાણમાં જોડાયેલા કે જોડાતાનું થોડું જ્ઞાન પણ ઉપયોગી છે, પણ અવિરતિનું જબરદસ્ત જ્ઞાન પણ નિરૂપયોગી છે. અષ્ટપ્રવચનમાતા માત્રને જાણનાર વિરતિવાળો આરાધ્ય છે, જ્યારે ચૌદે વિદ્યાનો જાણકાર અચારિત્રી અનારાધ્ય છે; આથી જેમ દીવો દીવા તરીકે ઉપયોગી નથી. પણ દેખવાના સાધન તરીકે ઉપયોગી છે. તેમ જ્ઞાન પણ જ્ઞાન તરીકે ઉપયોગી નથી, પણ પ્રવર્તનના સાધન તરીકે જ ઉપયોગી છે. જો કે દીવા વગર ન ચાલે એ વાત ચોક્કસ. ચારિત્ર ચાહે તેવું જબ્બર હોય પણ જ્ઞાન વગર સર્વથા ચાલે નહીં તે કબૂલ પણ જેમ આંખવાળાને દીવા વિના ન દેખાય એ ચોક્કસ છતાં આંખ વિનાનાને દીવા ઉપયોગી થતા નથી એ તો ચોક્કસ જ છે.

અનંતા જૂઠ્ઠા ચારિત્ર વગર સાચા ચારિત્રની પ્રાપ્તિ થતી નથી.

ચારિત્ર મળવું મુશ્કેલ છે, જ્યારે જ્ઞાન પ્રાપ્ત થવું તદ્દન સહેલું છે, કારણ કે જ્ઞાનમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ જ્ઞાન પામવા માટે એક જ સમય પુરતો છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ એક જ સમયમાં થાય છે, જ્યારે ચારિત્રની પ્રાપ્તિ માટે અનંતાભવો જોઈએ છે. અક્ષર સારા કયા એ જાણવા માટે પા સેકંડ બસ છે, પણ સારા અક્ષર લાવવા માટે હજારો કલાકનો અભ્યાસ જોઈએ, તેવી રીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ એક જ સમયે થાય છે. બારમા ગુણસ્થાન કે જઘન્યથી જ્ઞાન અષ્ટ પ્રવચન માતાનું હોય છે, અને તેરમા ગુણસ્થાનકના પ્રારંભમાં સર્વજ્ઞોને સંપૂર્ણ લોકાલોકનું જ્ઞાન થાય છે, ત્યારે સંપૂર્ણ જ્ઞાન મેળવવામાં એક જ સમય બસ છે એ સિદ્ધ થયું. પણ ચારિત્રને અંગે એ નિયમ નથી. દુનિયાદારીમાં જેમ સેંકડો વખત ખોટા લીટા કર્યા વગર સાચો એકડો થનાર નથી, તેમ અનંતી વખત ખોટાં ચારિત્ર કર્યા સિવાય સાચા ચારિત્રની પ્રાપ્તિ કોઈને નથી, અનંતા ખોટા ચારિત્ર કર્યા વગરનો પ્રથમથી જ સાચું ચારિત્ર આચારનાર કોઈ છે જ નહીં. અત્ર મરૂદેવા માતાના દ્રષ્ટાંતથી તમને જરૂર શંકા થશે, કેમકે તેઓ મરૂદેવાના ભવ પહેલાં પોતે મનુષ્ય થયા પણ નથી, અરે ! વિકલેંદ્રિય પણ થયા નથી, એકદમ અનાદિ વનસ્પતિમાંથી આવીને મરૂદેવામાતાનો ભવ લીધો છે ને તે જ ભવે મોક્ષે ગયા છે. તો તેમને પ્રથમ જ સાચું ચારિત્ર પ્રાપ્ત થયું, માટે અનંતા ખોટા ચારિત્ર વગર સાચા ચારિત્રની પ્રાપ્તિ ન જ થાય, એ નિયમ પર કૂચડો ફેરવવો પડશે, આવી શંકા જરૂર થશે ! પણ તીર્થંકરો પુરુષવેદે જ હોય એવો નિયમ છતાં શ્રી મલ્લીનાથજી સ્ત્રી વેદે તીર્થંકર થયા માટે તીર્થંકરો પણ સ્ત્રી અને પુરુષ બેય થાય એમ કહી શકાશે? મલ્લીનાથ સ્ત્રી વેદે તીર્થંકર થયાં એને આશ્ચર્ય ગણવામાં આવ્યું છે. અનંતીઉત્સર્પિણી અવસર્પિણીએ આવાં અચ્છેરાં (આશ્ચર્યો) થાય છે, ને તેથી તીર્થંકર ભગવાનો પુરુષવેદે જ થાય એ નિયમ

ઉપર કૂચડો ફેરવવો પડતો નથી અને તેથી એમાં નિયમને કુચડો ફેરવવા જેવું કાંઈ નથી, એમ નિઃશંકપણે કહીયે છીએ.

આજના લોકો, જે થોડું બને તેને અપવાદમાં લઈ જાય છે. અપવાદનો અર્થ શો ? સાધુની સંખ્યા સૌથી ઓછી માટે સાધુ બધા અપવાદ ? તેમાં પણ કેવળી ઓછા માટે એ કેવળીઓ પણ અપવાદ? તીર્થંકર તો એક જ (તે તીર્થમાં) હોય માટે એ તો મોટો અપવાદ ! ! એમ જ ને ? અપવાદને [illegible] સમજો ! જ્યાં ઉત્સર્ગનો બાધ હોય તેનું નામ અપવાદ છે. બાલદીક્ષાને આજે અપવાદ ગણવામાં આવે છે, પણ એમાં અપવાદ શાથી ? દેવલોકમાં પણ સમ્યગ્દૃષ્ટિ દેવો પોતે પૂર્વભવમાં બાલ્યવયમાં સંયમ ન લીધું તે માટે હૃદયમાં બળ્યા કરે છે. એવી બાલદીક્ષાને અપવાદરૂપ શી રીતે કહેવાય ? અહીં તો અનંતા દ્રવ્ય એટલે ખોટાં ચારિત્રની પ્રાપ્તિના જોરે જ ભાવ એટલે સાચાં ચારિત્ર હોય એવો શ્રી હરિભદ્રસૂરિજીએ પંચ વસ્તુમાં જણાવેલા મુખ્ય નિયમને અનંતાકાળે બનતા આશ્ચર્યરૂપ થતા બનાવો બાધક નથી, માટે મરૂદેવાનું દૃષ્ટાંત, અનંતા ખોટા ચારિત્ર વગર સાચા ચારિત્રની પ્રાપ્તિ ન થાય એ નિયમને લેશ પણ બાધક નથી.

પ્રયત્ન મોહક્ષયનો છે, જ્ઞાન તેનું સાધન છે.

ક્લિષ્ટ કર્મના ઉદયથી ખંડિત થાય તે દ્રવ્ય ચારિત્ર છે. અનંતા દ્રવ્ય ચારિત્ર આવી જાય પછી જ ભાવચરિત્ર આવે છે એ નિયમમાં મરૂદેવામાતાનું દૃષ્ટાંત આશ્ચર્યરૂપ છે. આ વાતની પ્રતીતિ કરવા ઇચ્છનારે શ્રીહરિભદ્રસુરિ કૃત પંચવસ્તુ ગ્રંથ જોઈ લેવો, એમાં સ્પષ્ટ કથન છે કે અનંતાં દ્રવ્ય ચારિત્ર એ જ ભાવચરિત્રનું કારણ છે; પગથિયાં ચઢવાં જ જોઈએ. ભાવચારિત્રના ઉમેદવારે દ્રવ્યચારિત્રમાં પણ પ્રવેશ કરવો જ જોઈએ. આ આત્મા અનંતી વખત નવગ્રૈવેયક સુધી ગયો છે તે શાથી? નવગ્રૈવેયકમાં કોણ જાય ? દ્રવ્યથી પણ સાધુ હોય તે જ જાય ! આથી એ નક્કી થયું કે આ જીવે અનંતી વખત દ્રવ્યચારિત્ર અંગિકાર કરેલ છે. અનંતી વખત દ્રવ્યચારિત્ર થયા બાદ જ ભાવચારિત્ર ઉદય આવે છે. આથી એ પણ સમજાશે કે ચારિત્ર અનંતભાવે પ્રાપ્ય છે, અને જ્ઞાન એક સમયમાં પ્રાપ્ય છે. જૈનશાસન ચારિત્રને મકાન તરીકે માને છે. ત્યારે જ્ઞાનને એ મકાનને ઓળખાવનાર ધ્વજ તરીકે માને છે. પહેલાં ક્ષપકશ્રેણી પૂરી થયા બાદ જ્ઞાનના ઘરની કે ચારિત્રના ઘરની ? ચારિત્રના ઘરની ! ક્ષપકશ્રેણી પૂરી થયા બાદ જ્ઞાનાવરણીયની પાંચે પ્રકૃત્તિઓ ઉદયમાં હોય છે. તે મોહનીયની એક પણ પ્રકૃત્તિ હોતી નથી. ક્ષપકશ્રેણીએ મોહનીય કર્મને તોડ્યું. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એ તો ઉદયમાં પડેલા જ છે-રહેલા જ છે, પણ મોહનીય તૂટ્યું, વર્તન સુધર્યું પછી બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તમે છદ્મસ્થને એટલે કે કેવળજ્ઞાન નહીં પામેલાને વિતરાગ માનો છો પણ અવિતરાગને કેવલી માનો છો ? ના ! એનું એક જ કારણ કે ઉત્કૃષ્ટ ચારિત્રની પ્રાપ્તિ તથા પાલન વિના સર્વજ્ઞપણું પમાય જ નહીં. સર્વજ્ઞપણું ન હોય છતાં ઉત્કૃષ્ટ ચારિત્ર હોઈ શકે છે. આથી ઉત્કૃષ્ટચારિત્ર હોય તો જ કેવળજ્ઞાન થાય એ નિયમ ખરો, પણ ઉત્કૃષ્ટ જ્ઞાન થયું હોય તો જ ઉત્કૃષ્ટ ચારિત્ર થાય તેવો નિયમ નથી. જૈનશાસનનું ધ્યેય ચારિત્ર છે, જ્યારે જ્ઞાન એ, તે ચારિત્રરૂપે ધ્યેયનું સાધન છે. કેવળજ્ઞાન માટે શ્રેણી માની નથી, કેમકે મોહનો ક્ષય થયો એટલે એ ઉત્કૃષ્ટ પણ જ્ઞાન તો જરૂર આવી મળવાનું. પ્રયત્ન મોહક્ષયનો આવશ્યક છે, ને એ શ્રેણિ પ્રબંધ દ્વારા સમજી શકાય છે.

'જ્ઞાનહીન ક્રિયા ખધોત જેવી અને ક્રિયાહીન જ્ઞાન સૂર્ય જેવું' એ કથનનું રહસ્ય

આ પ્રકારે ચારિત્રની ઉત્કૃષ્ટતા તથા જ્ઞાનની ગૌણતા સાંભળીને એવું કહેનારા નીકળશે કે અજ્ઞાનીના ચારિત્રની કિંમત શી ? જ્ઞાન વગરનો ચારિત્રી અને ચારિત્ર વગરનો જ્ઞાની એ બેમાં અધિકતા

કોની ? ચારિત્ર વગરના જ્ઞાનની જ અધિકતા છે, જ્ઞાન વગરના ચારિત્રની અધિકતા નથી જ એ તેઓનું વચન વ્યાજબી છે. ખોટું નથી, પણ વિચારીને સમજવા જેવું છે. ઉપાધ્યાયજી મહારાજ પણ ફરમાવે છે કે -

क्रियाहीनं च यद्ज्ञानं, ज्ञानहीना च या किया ।
अनयोरन्तरंदृष्टं, भानुखद्योतयोरिव ॥

જ્ઞાનહીન એવી જે ક્રિયા તે ખદ્યોત જેવી છે, જ્યારે ક્રિયાહીન જ્ઞાન એ સૂર્ય જેવું છે. આ કથન યથાર્થ રીતિએ સમજવાની જરૂર છે. અહીં વર્તન (ચારિત્ર) કોનું લીધું ? જેઓ શ્રદ્ધા વગરના જૈનદર્શનની ક્રિયાથી નિરાળા (જૂદા) છે, પંચાગ્નિ તપ વિગેરે કષ્ટ ક્રિયા કરનારા છે તેઓનું ચારિત્ર એટલે ક્રિયા લીધી તેને અજ્ઞાનવશાત્ હોવાથી ખદ્યોતસમાન છે, તથા ચારિત્રની તીવ્ર ભાવના છતાં કર્મસંયોગવસાત્ ચારિત્ર લઈ શક્યા નથી, તેવા પુણ્યાત્માઓ ભાવનાએ ચઢ્યા, શ્રેણીની ટોચે આવ્યા, યાવત્ કેવળ જ્ઞાન પામ્યા; કહો ! તે વખતે ક્રિયા કઈ છે ? ક્રિયા વગરનું આવું ત્યાગની ભાવનાવાળું આદરવાળું જ્ઞાન તે જ સૂર્યસમાન છે. આરિસાભુવનમાં કેવળ જ્ઞાન પ્રાપ્ત કરનાર ભરત મહારાજા કેવા છે ? સંપૂર્ણજ્ઞાની ! ક્રિયા વગરના જ્ઞાની ! શ્રદ્ધાહીન, પંચાગ્નિતપ કરનાર અજ્ઞાની તથા આવા ક્રિયા રહિત જ્ઞાની વચ્ચે ખદ્યોત તથા સૂર્યના પ્રકાશ વચ્ચે હોય તેવું અંતર હોય તેમાં નવાઈ શી ? જો આવું સમાધાન ન હોય તો અગીતાર્થમાં સાધુપણું મનાત નહીં ! જો અજ્ઞાનીની ક્રિયા ખદ્યોત જેવી ગણાતી હોત તો ગીતાર્થની નિશ્રામાં રહેલા અગીતાર્થ સાધુમાં સાધુપણું મનાત જ નહીં ! જૈનશાસનની ક્રિયા પ્રાપ્ત કરનારા-આચરનારા અજ્ઞાની કહેવાય જ નહીં. જેઓ જીવાદિક તત્ત્વોની શ્રદ્ધા વગરના હોઈ પંચાગ્નિ તપ વિગેરે કાયક્લેશમય ક્રિયા કરનારા છે તેઓ જ અજ્ઞાની ગણાય છે. અત્ર વળી એ પ્રશ્ન થશે કે ગોશાળો, જમાલિ વિગેરેના સાધુગણની ક્રિયા તો જૈનશાસનની હતી તો તેમને શામાં ગણવા? પણ તેઓનાં જ્ઞાન તથા શ્રદ્ધા એ જૈનશાસનની શૈલી પ્રમાણેનાં નથી, માટે તેમને પણ પેલા બાળતપસ્વીઓના ભાઈઓ જ ગણી લેવામાં હરકત નથી ! આથી આ શાસનમાં અગીતાર્થનું સાધુપણું માન્યું છે, પણ અવિરતિ એવા જ્ઞાનીમાં સાધુપણું માન્યું નથી, આ શાસન જ્ઞાન વગર કથંચિત્ કોઈકમાં ચલાવી શકે છે, પણ ક્રિયા વગર તો કોઈ સ્થાને ચલાવી શકતું નથી.

જ્ઞાન ભાડે મળે છે, ચારિત્ર ભાડે મળી શકતું નથી.

જ્ઞાન, અક્કલ બુદ્ધિ વિગેરે ભાડે, પણ મળી શકે છે પણ વર્તન ભાડે મળી શકતું નથી. તમારી પાસે દ્રવ્ય હોય તો બેરીસ્ટર, સોલિસિટર વિગેરેની બુદ્ધિ તમને મળી શકે, તમારા ઉપયોગમાં આવી શકે, પણ નાણાં તો તમારાં પોતાનાં જ જોઈએ. એ રીતે જ્ઞાન પારકું પણ કામ લાગે છે, પણ ચારિત્ર પારકું કામ લાગતું નથી. એ તો આત્માને પોતાનું જ જોઈએ. દુનિયામાં બુદ્ધિનો ઉપયોગ કમાઈ કરવામાં છે તેવી રીતે અહીં પણ જ્ઞાનનો ઉપયોગ ચારિત્ર પાલન માટે જ છે. ચારિત્ર પાલન વગરનું જ્ઞાન તે કમાણી વગરની બુદ્ધિ જેવું માથાફોડના ફળવાળું છે. શાસ્ત્રકાર કહે છે કે-

जहाखरो चंदणभारवाही भारस्स भागी नवु चंदणस्स ।
एवं सु नाणी चरणेण हीणो नाणस्स भागी नवु सोग्गईए ॥ १ ॥

કાષ્ઠ બાવળનું હોય કે ચંદનનું હોય, ગધેડાને તો તે બધું સરખું જ છે, એ તો બિચારો માત્ર બોજો ઉઠાવનાર જ છે, તેવી રીતે જ્ઞાન ગમે તે શીખો, વૈદક, જ્યોતિષ, ગણિત વિગેરે કોઈપણ જ્ઞાન વિજ્ઞાન શીખો અરે ! કદાચ ભગવાનના શાસનનું જ્ઞાન શીખો, પણ જો આચરણ ન હોય તો

તેવા જ્ઞાનીને શાસ્ત્રોમાં ગધેડા જેવો ગણવામાં આવ્યો છે. ચંદનનું કાષ્ઠ તોલમાં ભારે હોય છે તેથી તેને વહન કરનાર ગધેડો દુર્બળ હોય છે, તેવી રીતે જૈનશાસનના જ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ છે, તે પામીને યદિ ચારિત્ર પાલન ન થાય તો તે જ્ઞાની દુર્બળ ગધેડા જેવો છે. દર્શન તથા જ્ઞાન, ચારિત્રની અભિલાષામાં રહે છે. જો એ અભિલાષા ન હોય તો નથી દર્શન કે નથી જ્ઞાન એ હકીકત શાસ્ત્ર સમજનારાઓથી અજાણી નથી.

ચારિત્ર કોને કહેવું ?

હવે ચારિત્ર કહેવું કોને ? ને એ ચારિત્ર જ્ઞેય (જાણવા લાયક), હેય (છોડવા લાયક) કે ઉપાદેય (આદરવા લાયક) છે ?, ચારિત્ર ઉપાદેય છે. જો કે સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન તથા ચારિત્રની કિંમત નથી, તથાપિ સમ્યગ્દર્શન સંયુક્ત જ્ઞાન છતાંયે ચારિત્ર વિના મુક્તિ થવાની નથી; અર્થાત્ જ્યારે ત્યારે પણ સિદ્ધિ ચારિત્રથી જ છે. જેમ પાંચ, સાત, દશ વર્ષ અભ્યાસ કરી, પરીક્ષા પસાર કરી વકીલ બેરિસ્ટરની પદવી (ડિગ્રી) મેળવ્યા પછી જિંદગીભર યુનિવર્સિટીમાં ન જાય તો પણ તે વકીલ કે બેરિસ્ટર કહેવાય છે તેમ અમુક વખત સુધી ચારિત્ર પાળ્યા પછી ગમે તેમ વર્તવાથી તે ચારિત્રવાન કહી શકાય કે નહીં ? ના ! ચારિત્રની ક્રિયા પ્રાસંગિક નથી, પણ શ્વાસ લેવાની જેમ નિત્ય ક્રિયા છે, હંમેશા કરવા લાયક છે. શ્વાસની ક્રિયા એવી નથી કે થોડો વખત લે અને વળી ન લે (લેવો મુલતવી રાખે) તો ચાલે, તેવી જ રીતે ચારિત્ર પણ જીવનભર પાલન કરવું જોઈએ.

ચારિત્ર કહેવું કોને ? શું ચારિત્રમાં ગૃહત્યાગ આવશ્યક છે ?

આત્માના કલ્યાણ માટે માબાપ સ્ત્રી પુત્રાદિ પરિવાર, ઘરબાર હાટહવેલી ખેતર પાદર વ્યાપારાદિ તમામ માટે થતી ક્રિયાનો સદંતર ત્યાગ કરવો એનુંજ નામ ચારિત્ર. મટે જ શ્રીતીર્થંકર દેવે ઘરથી બહાર નીકળીને સંયમ અંગિકાર કરેલ છે. સાધુપણું બે પ્રકારે છે. એક ઘરમાંથી નીકળવું તે તથા બીજું અણગારિતા અંગિકાર કરવી તે; શ્રી તીર્થંકરદેવ તો ગર્ભથી જ ત્રણ જ્ઞાનયુક્ત હોય છે તેઓ પણ ઘરમાં રહીને ચોખ્ખા (નિર્લેપ) રહેવાય એવું ધારી શક્યા નહીં, તો પછી આજકાલ પાદડી પંથીઓ જે રસ્તે ચાલી એવું કોઈ વિચારે તો તે પામરની દશા શી ? વળી શ્રી તીર્થંકરને પ્રવ્રજ્યા અંગિકાર કર્યા પછી જ ચોથું જ્ઞાન થાય છે. એ બિના તો સર્વને સુવિદિત છે. ભગવાન શ્રી મહાવીરદેવને એ (મનઃ પર્યવ) જ્ઞાન અઠાવીશમે વર્ષે થયું કે ત્રીશમે વર્ષે ? ઓગણત્રીશમું ને ત્રીશમું બે વર્ષ પણ સાધુપણામાં !!! અર્થાત્ સાધુપણા જેવી પરિસ્થિતિમાં રહ્યા છે ને ! છતાં મનઃપર્યવજ્ઞાન કેમ ન થયું ? ગૃહસ્થાવાસમાં ધારણ કરવામાં આવેલી એ અવસ્થા જો સાધુપણાની ગણાય તો તે જ્ઞાન અઠાવીશમે વર્ષે થવું જોઈતું હતું. ભગવાને એ બે વર્ષમાં સ્નાન સુદ્ધાં કર્યું નથી. દીક્ષાના ઉમેદવારો ઉપર ધર્મઘાતક વીતકણા વીતાડનારાઓએ આ સ્થાને બરાબર સમજવું જોઈએ કે એમના મોટા ભાઈ નંદિવર્દ્ધને સાધુપણું કેવું પાળવા દીધું છે, એ વાત જરા ધ્યાનમાં લ્યો ! રહે ઘરમાં છતાં ન્હાય નહીં. સંસાર વ્યવહારનો સદંતર ત્યાગ કરે, એક મહાન રાજકુમાર આ રીતિએ ઘરમાં રહે એ નંદિવર્દ્ધનથી શી રીતે સહન થયું હશે! નંદિવર્દ્ધનનું દૃષ્ટાંત લેનારા આ રીતિએ દીક્ષાના ઉમેદવારને બે વર્ષ તો શું તો પણ બે માસ (મહિના)

પણ નિભાવવા અર્થાત્ એ રીતિએ વર્તવા દેવા, એવી પ્રવૃત્તિની આડે લેશ નહીં આવવા એટલે જરાપણ ઉખલગીરી નહીં કરવાનો નિર્ણય કરવા તૈયાર છે ? તેમજ બે વર્ષથી વધારે તો રોકવા જ નહીં એ વાત કબૂલ રાખી છે ? મહાવીર ભગવાન જેવાને પણ મનઃપર્યવ તે બે વર્ષમાં ન જ થયું, જ્યારે ઘરથી નીકળ્યા, સાધુ થયા ત્યારે જ તે જ્ઞાન પ્રાપ્ત થયું અર્થાત્ **ગૃહવાસના કારણ માત્રથી જ આવા નિર્લેપ મહાત્માના સાધુપણાને પણ કુદરતે કબૂલ રાખ્યું નથી.** જ્યારે કુદરતે તે સાધુપણું ગૃહત્યાગથી જ કબુલ રાખ્યું ત્યારે ગૃહત્યાગ કર્યો કે તરત જ મનઃપર્યવ થયું.

તીર્યંચોને ચારિત્ર શાથી નથી માન્યું ?

'મન ચંગા તો ઘરે ગંગા' એ કથન-એ લોકોક્તિ ગૃહ ત્યાગના વિષયમાં લાગુ ન પડી શકે. કેમકે સંસારની તમામ ક્રિયા અશુભ છે. તેનો ત્યાગ પહેલો થવો જ જોઈએ. ગૃહત્યાગ એ તો ચારિત્રનો અર્ધભાગ છે. જો ગૃહત્યાગમાત્રથી જ ચારિત્ર મનાય તો **अगासओ** એટલું જ કહેવું બસ હતું. તેની સાથે **अणगारियंपव्वइए** એ કહેવાની જરૂર નહોતી. ઘર છોડવું અને સાધુપણાની સામાચારી આચરવી એ બંન્ને આવશ્યક છે, અને એમ માનીશું તો જ તિર્યંચમાં સાધુપણું નથી એ વાત માની શકાશે. તિર્યંચો જાતિસ્મરણ જ્ઞાન પામી, સર્વથા અનશન કરતાં સર્વથા પાંચે અવ્રતનો ત્યાગ કરે છે છતાં શાસ્ત્ર ત્યાં સાધુપણું માનતું નથી. શ્રેણિકના પગ નીચે ચગદાયેલ દેડકાએ એકાંતમાં જઈ પાંચે અવ્રતનો ત્યાગ કર્યો છે, છતાં શાસ્ત્રે ત્યાં સાધુપણું માન્યું નથી, કારણ કે અશુભક્રિયાનો ત્યાગ છતાં ત્યાં શુભક્રિયાનો આદર નથી. અશુભક્રિયાનો ત્યાગ થાય અને શુભક્રિયામાં અપ્રમત્તપણે વર્તાય (પ્રવૃત્તિ થાય) ત્યારે જ તેને ચારિત્ર કહેવાય.

આ તો અશુભક્રિયાના ત્યાગની તથા શુભક્રિયાના આદરની એટલે માત્ર ક્રિયાની જ વાત થઈ, ત્યારે શું ભાવનાને (ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ, સત્ય, અકિંચનત્વ, બ્રહ્મચર્ય વિગેરેને) સ્થાન નથી ? ના, એમ નહીં ! ઉત્તમ ગુણે સહિત એવું ચારિત્ર પાળવાનું સ્પષ્ટ વિધાન છે. ક્ષમાદિ દશ પ્રકારના શ્રમણધર્મ સહિત, અશુભક્રિયાના ત્યાગ તથા શુભક્રિયાના આદરરૂપ ચારિત્રનું નિરંતર પાલન કરો !!!

ચારિત્ર એ શ્વાસ લેવાની જેમ નિત્ય ક્રિયા છે.

શ્રી નવપદમાં પ્રથમનાં પાંચ પદ (અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, અને સાધુ) ધ્યાન કરવા લાયક છે, દર્શન એ રત્નદીપિકા છે, એને સુદૃઢપણે સ્થાપન કરવા યોગ્ય છે. દીપક પ્રગટાવીને સુસ્થાને સ્થાપીએ પછી તે દીપક માટે કાંઈ કરવાનું રહેતું નથી તેમ અત્રે કરવા યોગ્ય છે સાધ્યના નિશ્ચય પછી વિચારવાનું કાંઈ નથી. પણ જ્ઞાન અને ચારિત્રમાં તો દીપકના ઉદ્યોતે અન્ય કાર્યોના પ્રયત્નની માફક પ્રવૃત્તિ કરવાની છે. જેમ અમુક વિષયનો અભ્યાસ કરી પરીક્ષા પસાર કરી ડિગ્રી મેળવ્યા પછી બેસી રહેવાય છે તેમ દર્શન પ્રાપ્ત કર્યા પછી તેને સાચવી રખાય સ્થાપન કરી રખાય પણ જ્ઞાન તથા ચારિત્રમાં બેસી રહે ન ચાલે. એ કાંઈ પ્રાસંગિક ક્રિયા નથી. શ્વાસ લીધા વગર જેમ ચાલતું નથી તેમ જ્ઞાન શીખવામાં અને ચારિત્ર પાળવામાં આ જીવને યાવજ્જીવ ઉદ્યમ વિના ચાલતું નથી સતત ઉદ્યમની પરમ આવશ્યકતા છે.

અહીં કોઈને એ પ્રશ્ન થશે કે જો ચારિત્ર એ નિત્ય ક્રિયા હોય (નિત્ય પ્રવૃત્તિમય હોય) તો તે સંવર તત્ત્વમાં પાંચે ચારિત્રો ગણેલાં હોવાથી ચારિત્ર એ કેવલ સંવરરૂપ રહેશે, પણ નિર્જરારૂપ નહીં રહે ! તેના ઉત્તરમાં સમજવું કે આ ચારિત્ર સંવર તથા નિર્જરામાં રહેનારું છે. અહીં ચારિત્રપદ વ્યુત્પત્તિવાળું નહીં, પણ નિરૂક્તિવાળું સમજવું . चय તે આઠ કર્મનો સંચય તેને रिक्त એટલે ખાલી કરે તે ચારિત્ર. જો નિર્જરાને ચારિત્રમાં ન રાખો તો કર્મક્ષયનો પ્રસંગ નહીં આવે ! સંવર તથા નિર્જરા બન્નેમાં જેનો સમાસ છે તેવા ચારિત્રનું અહર્નિશ પાલન કરી આઠમા પદની આરાધના કરો !!!

પ્રશ્ન - સંવર અને નિર્જરા એ પરિણામથી થવાવાળી વસ્તુ છે. ને જો ચારિત્રના સ્વરૂપભૂત સંવર અને નિર્જરા કેવલ આત્માના પરિણામરૂપ જ વસ્તુ છે તો પછી કેવળ આત્માના તેવા પરિણામને જ ચારિત્ર કેમ ન માનવું ? પ્રશ્નનું તત્ત્વ એ જ કે આરંભપરિગ્રહ તે વિષય કષાયમાં પ્રવર્તવું નહીં તેમજ તેમાં પ્રવર્તવાનાં પરિણામો રાખવા નહીં. પણ અશુભક્રિયા જે હિંસા જુઠ ચોરી સ્ત્રીગમન અને પરિગ્રહરૂપે છે તેના ત્યાગની ને તેમાં વળી તે ત્યાગના પચ્ચખ્ખાણની શી જરૂર છે ?

જવાબ- ચોથું (મનઃપર્યવ) જ્ઞાન ચારિત્રની સાથે સંબંધ ધરાવે છે એ વાત તમારાથી અજાણી નથી, ત્યાગની ભાવના માત્રને શાસ્ત્રોમાં ચારિત્ર ગણાતું નથી. ભગવાન શ્રી મહાવીર દેવનાં જીવનમાં ત્રીશ વર્ષ ગૃહસ્થપણામાં અને બેતાલિશ વર્ષ ચારિત્રમાં શ્રી કલ્પસૂત્રમાં ભગવાન ભદ્રબાહુ સ્વામીએ જણાવ્યાં ત્યાં ગૃહવાસમાં પચ્ચખ્ખાણ કર્યા વિના પાળેલા સાધુપણાને પણ સાધુપણામાં ગણવામાં આવ્યું નથી. તે પ્રતિજ્ઞા વિનાના ત્યાગને ચારિત્ર કોઈ પણ શાસ્ત્રકારે કહ્યું નથી ને કુદરતે પણ અઠ્ઠાવીશમા વર્ષે ચારિત્રની સાથે જ સંબંધ ધરાવતું એવું મનઃપર્યાય જ્ઞાન પણ શ્રી તીર્થંકર દેવ સરખા પરમપવિત્ર ભાવનાવાળા ને ત્યાગવૃત્તિવાળાને પણ ઉપજાવ્યું નહીં. એ ઉપરથી સ્પષ્ટપણે સમજાશે કે પ્રતિજ્ઞા કરવાપૂર્વકનો જ ત્યાગ એ ચરિત્રગુણ છે..

આઠમા ચારિત્રપદની આરાધનાને અંગે **नमो चारित्तस्स** એ પદનું ગુણણું, ખમાસમણાં વિગેરે ક્રિયા માત્ર ઓટલાનાં પગથિયાં ચઢવા જેવી ઉપયોગી છે જ્યારે ચારિત્રનું પાલન તો મેડાના (સીડીના) પગથીયાં ચઢવા જેવું અત્યંતોપયોગી છે. ચારિત્ર અંગિકાર કર્યું એટલે આત્મા મોક્ષમાર્ગે ચાલવા લાગ્યો. પ્રવ્રજ્યા અંગિકાર કરી એટલે પરમપદના પુનિતપંથે પ્રયાણ કરવા લાગ્યો એ વાત ખરી પણ પરમપદની પ્રાપ્તિનો મનોરથ ફળે ક્યારે ? સુધારનારના હાથમાં મોતી આવ્યું, તેણે તેજાબ વિગેરે મસાલાની શીશીમાં નાંખ્યું, પણ એ મોતીનું ખરાબ પડ ઊતરે નહીં ત્યાં સુધી તેની કિંમત અંકાય (થાય) નહીં. તેવી રીતે આત્મા ચારિત્રરૂપી મશાલાની શીશીમાં પડ્યો પણ મેલું પડ ઉખડે નહીં અર્થાત્ કર્મક્ષય થાય નહીં ત્યાં સુધી આત્મા નિર્મળ થાય નહીં. ને તે કર્મસમૂહરૂપ ખરાબ પડને ઉખેડનાર તપ છે. તેનું સ્વરૂપ તથા આરાધના કેમ થાય વિગેરે અગ્રેવર્તમાન.

* * *

શ્રી शंखेश्वरपार्श्वनाथाय नमः

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૨૭૮- પ્રશસ્ત કષાયોથી થતી પ્રવૃત્તિથી જે કર્મબંધ થાય તે પુણ્યનો કે કાંઈક પાપનો પણ ખરો?

સમાધાન- શુદ્ધ લાગણીથી ગુણ અને ગુણી ઉપર રાગ તે પ્રશસ્તરાગ તથા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ ઉપર રોષ તે પ્રશસ્તદ્વેષ ગણવો અને તેની ન્યૂનાધિકતાએ ન્યૂનાધિક નિર્જરા સાથે સંબંધ છે. અવગુણી ઉપર દ્વેષનો નિર્જરા સાથે સંબંધ નથી. તેવામાં માધ્યસ્થ્યની જરૂર છે. યોગશાસ્ત્ર પ્રકાશ. ૪ શ્લોક **क्रूर कर्मसुनिरशंकं देवता गुरुनिन्दिषु आत्मशंसिषुयोपेक्षा तन्माध्यस्थ्यमुदीरितं ॥ १ ॥** જો કે ઉપમિતિમાં **कुध्यन्ति सामाचारी विलोपेषु रुष्यन्ति प्रत्यनीकेषु** આવાં વાક્યો દેખીને પ્રત્યનીકો ઉપર કરાતા ક્રોધ અને રોષને સારાં કહેનારાઓએ સમજવું જોઈએ કે કોપ કરવાનું લેવું હોય તો **कुद्ध्रुहेर्ष्यासूयार्थैःर्यं प्रतिकोंपः** એ સૂત્રથી સંપ્રદાન સંજ્ઞા થઈને ચતુર્થી વિભક્તિ થાય પણ સમમી થાય નહીં. તેથી પ્રીતિ છોડવારૂપ અને ઓલંભારૂપ ક્રોધરોષ લેવા યોગ્ય છે. ભગવન મહાવીરે ગોશાળાના તેજોલેશ્યાના પ્રસંગે શ્રમણો સ્થવિરો ને અર્હંતોને અનન્તગુણી તેજોલેશ્યાવાળા છતાં તેનો પ્રયોગ ન કરવામાં ક્ષાન્તિક્ષમ એટલે ક્ષમા સહન કરનાર ગણ્યા છે. સુમંગલ સાધુએ ગોશાળા (વિમલવાહન) ને બાળ્યો ત્યાં પણ આલોચન પ્રતિક્રમણ જણાવ્યાં છે. દારૂ પીનારી, ગોહત્યા કરાવી માંસ ખાનારી અને નાસ્તિકની લાઈને જઈ સામાયિક પૌષધને ભંગાવનાર સ્ત્રીને સાતમે દિવસે રોગથી મરીને નરકે જવાનું સાચેસાચું કહેનારને આલોચના પ્રાયશ્ચિત ભગવાને કરાવ્યાં છે.

પ્રશ્ન ૨૭૯- શ્રી જીનમૂર્તિ તોડવા તૈયાર થયેલ વ્યક્તિને સમજાવવા છતાં નહી રોકાય અને ફક્ત મૂર્તિનો બચાવ કરવાના જ ઉદ્દેશથી બળ વાપરતાં, મૂર્તિ તોડવા તૈયાર થયેલાનો પ્રાણ જાય તો તે પ્રવૃત્તિથી જે કાંઈ કર્મબંધન થાય તે પુણ્યનો કે પાપનો ?

સમાધાન- લાગણીથી બળ વપરાયા વિના ન રહી શકે પણ તેની પ્રબળતામાં નિર્જરાની પ્રબળતા મનાય નહીં

પ્રશ્ન ૨૮૦- શ્રી જીનેશ્વરદેવની પૂજા કરતાં અપકાય વનસ્પતિકાયના જીવની હિંસા થાય છે. તો તેવી પ્રવૃત્તિથી જે કાંઈ કર્મબંધ થાય તે પુણ્યનો કે પાપનો ?

સમાધાન- તેની શુભ ભાવનાથી તે આરંભજન્ય કર્મ નાશ પામવાનું શાસ્ત્રકાર કહે છે.

પ્રશ્ન ૨૮૧- પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કેવી પ્રવૃત્તિથી પડે ?

સમાધાન- જીવદયા (૧) વૈરાગ્ય (૨) વિધિથી ગુરુ પૂજન (૩) અને શુદ્ધશીલ (૪) થી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ છે,

પ્રશ્ન ૨૮૨- જૈન ધર્મ અનુસાર અહિંસા, હિંસાની વ્યાખ્યા શું ? સંસારિક કોઈપણ ઇચ્છા વિના ફક્ત સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના માટે જયણાપૂર્વક થતી ધાર્મિક ક્રિયાઓમાં હિંસા જેવું સાધારણ દૃષ્ટિએ લાગતું હોય ત્યાં હિંસા છે કે અહિંસા ? જેમકે પ્રભુ પૂજા, પ્રતિમા રક્ષણ વિગેરે.

સમાધાન- ત્યાં સ્વરૂપ હિંસા ગણાય છે પણ તે પૂજાદિની પ્રવૃત્તિ સ્વર્ગાદિ આપે પણ વિરાધનાને સ્વર્ગનું કારણ માનતા નથી.

પ્રશ્ન ૨૮૩- બાલદીક્ષા માટેના ત્રણ મતોમાં જન્મથી આઠ વર્ષ પછીની દીક્ષાનો એકલો પક્ષ લેવાય તો નવ વર્ષે કેવળજ્ઞાન, મોક્ષ અને અનુત્તર વિમાનમાં જઘન્ય વયના દીક્ષિતનો બાર માસના પર્યાય વિના ન થતું હોવાથી વાંધો આવે કારણ કે ગર્ભનું પોણું વર્ષ જન્મનાં આઠ અને દીક્ષાનું એક એમ પોણી દશ વર્ષ થાય જન્માષ્ટમ લઈને જન્મથી સાત થયે દીક્ષા માનીએ તો બાર મહિને કેવળ આદિ થવામાં ગર્ભનું પોણું, જન્મથી સાત અને એક વર્ષનો પર્યાય ગણીએ એટલે પોણા નવે કેવળ થાય તો નવ વર્ષે કેવળાદિ કહેવાય પણ ગર્ભથી આઠમા વર્ષ વાળાને દીક્ષા આપવાનો પાઠ નિશીથ ચૂર્ણિ, પ્રવચન સારોધ્ધાર ટીકા ને ટીપ્પણ ને ધર્મસંગ્રહાદિનાં જ છે કે તે ઉંમરે લીધેલ દીક્ષાવાળાને ગર્ભથી આયુષ્ય ગણાય છે તેથી આઠના આયુષ્યે કોઈ સ્થાને કેવળજ્ઞાન થવાનું કહ્યું છે ?

સમાધાન- બૃહત્ સંગ્રહણીની વૃત્તિ અને લોકપ્રકાશમાં કંઈક અધિક આઠ વર્ષે કેવળજ્ઞાન માનેલું છે તે ગર્ભથી આઠમા વર્ષવાળાને એટલે જન્મથી સવા છ વાળાને દીક્ષા માને અને એક વર્ષનો પર્યાય માને એટલે ગર્ભથી આઠ પૂરા થયા પછી કેવળજ્ઞાન એમ સ્પષ્ટ છે, વળી શ્રી ગુણસ્થાન ક્રમારોહમાં સ્પષ્ટ જણાવે છે કે **उत्कृष्टतो डष्टवर्षोनं, पूर्वकोटीप्रमाणकं, कालं या बन्महापीठे केवली विहरत्यलं** ॥१॥ એ શ્લોકથી પણ સાબિત થાય છે કે ગર્ભથી સાત થયે લીધેલ દીક્ષાવાળો બાર માસે કેવળજ્ઞાન પામે એટલે કે આઠ વર્ષે કેવળજ્ઞાન બને એમાં નવાઈ નથી. ન થઈ શકે તો પણ ગર્ભાષ્ટમનો અર્થ જન્મથી સવાસાત એટલે ગર્ભાષ્ટ માનીએ તો નવ વર્ષ પછી જ કેવળજ્ઞાન થાય. અહીં જણાવેલ આઠ વર્ષનું કેવળજ્ઞાન તો ઘટે જ નહીં.

પ્રશ્ન ૨૮૪- અસર્વજ્ઞ એવા શ્રી ગૌતમસ્વામીજી વીરપ્રભુને સંશયમાત્ર જાણવાથી સર્વજ્ઞ તરીકે કઈ રીતે કહી શક્યા ?

સમાધાન- સ્થાલીપુલાક ન્યાયે જેમ હાંલ્લીમાં રહેલો એક દાણો તપાસવાથી હાંલ્લીમાં રહેલા સર્વ દાણા પાકી ગયા છે એમ જણાય છે તેવી રીતે અમૂર્ત એવા પરસ્પર વિરુધ્ધ શ્રુતિજ્ઞાન સંબંધીજ્ઞાન અને તેનાથી થયેલ સંશયજ્ઞાન અને શંકાનું સમાધાન આપે તો સર્વજ્ઞ માનું

એવા પ્રકારના નિર્ણયવાળા શ્રી ગૌતમસ્વામીએ ભગવાનના મુખથી સમાધાન સાંભળી શંકા દૂર કરી. અર્થાત્ સોનું ચાંદી ખરીદનારા ચોક્સી બન્યા પછી જ કંઈ સોનું ચાંદી ખરીદતા નથી. હીરા, પન્ના, માણેક આદિ અમૂલ્ય ઝવેરાત ખરીદનારા પણ ઝવેરી બન્યા પછી જ તે ઝવેરાત ખરીદે છે એમ નથી પણ જગજાહેર ઝવેરાત પરીક્ષક ઝવેરીના વિશ્વાસ અનુસાર આજે લેવડદેવડનું કામકાજ ધમધોકાર કરે છે, તેવી રીતે અસર્વજ્ઞ છતાં સર્વજ્ઞપણાનો ડોળ કરનાર શ્રી ગૌતમસ્વામી સંશય નાશ પામ્યા પછી, પોતાના અમૂર્તસંશયજ્ઞાનથી શ્રી વીરને સર્વજ્ઞ તરીકે કબૂલ કરે તેમાં નવાઈ જેવું નથી.

પ્રશ્ન ૨૮૫- તામલીતાપસે રસ (છ વિગય) વગરની કરેલી તપશ્ચર્યાને આયંબીલમાં ગણાય કે નહીં?

સમાધાન- ના ! મહાનુભાવ ! ફક્ત વિગઈ વગરનો લુખ્ખો આહાર માત્ર તે આચામામ્લ નથી પણ નિરસ આહારની સાથે જીવાદિકની વિરાધનાનો પણ અભાવ હોવો જોઈએ જો એમ નહીં માનીએ તો લુખ્ખું અનાજ ખાવાપીવાવાળા જગતના કંઈ જીવોને આચામામ્લના તપસ્વીઓ ગણવા પડે !

પ્રશ્ન ૨૮૬- શાસ્ત્રમાં લવસત્તમ દેવને સાતલવ આયુષ્ય બાકી અને સાથે છઠ્ઠ તપ બાકી જણાવે છે એનું રહસ્ય શું ?

સમાધાન- જેવી રીતે તેવા પુરુષને સાતલવ પ્રમાણ આયુષ્યનાં દળિયાં હોય અને જેટલાં કર્મક્ષપાવે તેવી રીતે તેટલાં કર્મની નિર્જરા કરવા માટે છઠ્ઠ તપ જેટલું બાકી રહે છે અર્થાત્ આયુષ્ય ઓછું હોવાથી તે શું કરે એમ એકલું નહીં પણ નિર્જરા કરાવી આપે તેવો છઠ્ઠનો સંયોગ હોય તો ઠીક તેથી છઠ્ઠનું વિધાન છે.

પ્રશ્ન ૨૮૭- બૌદ્ધ દર્શનમાં ગોશાળાની વાત આવે છે તેવી દિગંબરમાં સામાન્યતઃ પણ નથી તેનું કારણ શું ?

સમાધાન- દિગંબરોએ ઉપકરણને અધિકરણ માનવાના આગ્રહમાં જઈ બધા આગમોનો વિચ્છેદ માની લીધો અને માત્ર અન્યાન્ય આચાર્યે કરેલા ગ્રંથો માની લીધા અને તેથી જે ગોશાળાની હકીકત જૈનશાસનની માફક જ ગોશાળાની અધમસ્થિતિને દેખાડનાર બોદ્ધોમાં પણ સામાગ્ઝ ફલસુત્તઆદિમાં હોવાથી સત્ય હોવા છતાં દિગંબરો અસલનાં સૂત્રોને ન માનનારા હોવાથી ન માને તેમાં આશ્ચર્ય શું ?

પ્રશ્ન ૨૮૮- સમવસરણ પ્રભુ માટે દેવો બનાવે છે તો એવી વિરાધનામાં બેસીને અનુમતિ કેમ આપે છે ?

સમાધાન- પ્રથમ સકષાયવાળાને અનુમતિ દોષ લાગે અને પાપ બંધાય તેમ શ્રી કેવળીને ક્ષીણકષાય હોવાથી દોષ કે પાપ લાગે કેમ ? ખરી રીતે તો લોકોને ધર્મના પ્રતિબોધ આદિને માટે ધર્મભૂમિરૂપ સમવસરણમાં દેવો દ્વારા થતી હિંસામાં ભગવાન કોઈપણ પ્રકારે દોષપાત્ર નથી. અને તેથી સુશ્રાવિકા રેવતીએ કરેલ આધાકર્મી એવા પાકને લેવાની ના કહી શુદ્ધપાક મંગાવનાર ભગવાને પણ સમવસરણનો નિષેધ ન કરતાં અનુસેવન કર્યું. આ ઉપરથી હિંસાના નામે શ્રીજિનપૂજાને છોડાવનારાઓએ વિચારીને સન્માર્ગ આદરવા જેવું છે.

* * *

સુધા-સાગર

(નોંધ:-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૨૯૧ દીક્ષાના પ્રસંગને યેનકેન પ્રકારેણ વિરૂદ્ધપણે ચિતરનારાઓ જો એને બારીકાઈથી તપાસે તો એ વિરોધીના હૃદયમાંથી પણ વિરોધ વિસર્જન થાય છે એ જ દીક્ષાની મહત્તા છે. જો કે તેઓ પદ્ધતિની કલ્પેલી અયોગ્યતાનો આરોપ વસ્તુમાં કહી વસ્તુને અયોગ્ય માનવા લલચાય છે પણ ખરેખર તેઓ હિમાલય જેવી મોટી ભૂલ કરે છે.

૨૯૨ અગ્નિમાં પતંગિયાની જેમ સંસાર દાવાનલમાં વિષયાંધોની દશા દયાજનક છે.

૨૯૩ વિષયમાં અંધ બનેલા પામરો સ્ત્રીમાં પણ અસાધારણ રાગી બને છે. મહાસતી પતિભક્તિ પરાયણ વિદુષી મૃગાવતી પર મમત્વ રાખનાર ચંડપ્રદ્યોત રાજા અપકીર્તિના અગ્નિમાં હોમાઈ ગયો એ શું સ્ત્રી સંબંધી સ્નેહરાગની પરાકાષ્ઠા નથી ?

૨૯૪ અન્યાયમાં અંધ બનેલા આત્માઓને નહીં આદરવા જેવું કશું હોતું જ નથી !

૨૯૫ ધર્મ, ધર્મી અને ધર્મસાધનો પર ભયંકર આક્રમણ લાવનારા અને અનેકાનેક જુલ્મી દુષ્પ્રવૃત્તિઓ સેવનારાઓ કર્મની કારમી ભાવિ કાર્યવાહીથી તદ્દન બેદરકાર હોય છે.

૨૯૬ ગુન્હાના બચાવ માટે અજ્ઞાનને આજની દુનિયા પણ અંગીકાર કરતી નથી.

૨૯૭ જડ પદાર્થોની જંજીરોમાં જકડાયેલાઓ મહા મિથ્યાત્વમાં મૂર્ચ્છિત બની, અનેકનાં આત્મકલ્યાણને રૂંધવા મથે છે બલ્કે આજે જગતમાં જબરો શોરબકોર તેઓ જ મચાવે છે.

૨૯૮ અર્થકામની કાર્યવાહીમાં મસ્ત બનેલાઓ પાસે વૈરાગ્યવાન આત્માઓના વૈરાગ્યની કિંમત કરાવવી તે દેવાળિયા પાસે શાહુકારની કિંમત કરાવવા જેવું છે.

૨૯૯ આજના કહેવાતા ધર્મી અજ્ઞાન, કદાગ્રહ કે દૃષ્ટિરાગથી ધોળે દહાડે ધાડ પાડનારા ધાડ પાડુઓની પેઠે ધર્મવૃક્ષના મૂળમાં કુઠારાઘાત કરે છે; કારણ કે ધર્મને ધર્મ તરીકે પીછાણ્યો કે લીધો નથી.

૩૦૦ કલ્યાણમાર્ગમાં રક્ત બનેલા કલ્યાણાકાંક્ષી આત્માઓ મોહથી મુગ્ધ બનેલાઓના કૃત્રિમ રૂદનો અને ભાવિ ઉપસર્ગોની લેશભર દરકાર કરતા નથી.

૩૦૧ અવિરતિના દરિયામાંથી નીકળનારને જે પાછો ખીંચે તે નર મગરમત્સ્યથી કેટલો ઓછો ગણાય ?

૩૦૨ અન્યાય અને અનીતિની અજબ કાર્યવાહી કરનારાઓ આજે ન્યાય અને નીતિનું મૂળ કાઢવા માટે મનુષ્યપણું મૂકી રાક્ષસપણું અંગીકૃત કરે છે.

૩૦૩ હથિયારથી ઘવાયેલા જાનવર ઉપર જેટલી દયા હોય છે તેના સોમા ભાગ જેટલી દયા કર્મથી ઘવાયેલાને છોડાવવામાં જેઓને ન હોય તે જૈન શી રીતે કહેવાય ?

૩૦૪ સિંહના પંજામાંથી શિયાળ અને બિલાડીના પંજામાંથી ઉંદરનું છૂટવું હજી સહેલું છે પણ સંસારીના સાણસામાં સપડાયેલા આત્માર્થીઓનું છૂટવું તે કોડોગણું મુશ્કેલ છે.

૩૦૫ પોતાનાથી ઉદરપૂરણ કરનાર માલિકના કબજામાંથી ઢોરને છૂટવામાં જે મુશ્કેલી છે તેના કરતાં પોષનાર કુટુંબિયોના કબજામાંથી વૈરાગ્યવાનોને છૂટવામાં વધારે મુશ્કેલી છે.

૩૦૬ નિર્મલ દયાના નિર્ઝણામાં જેઓએ સ્નાન કર્યું નથી અને સંવરની સુગંધ પામ્યા નથી તેઓ નાશવંત પદાર્થોની ગેરહાજરીમાં કેમ ન મુંઝાય ?

૩૦૭ મહાન આત્માઓની મોટી મુરાદો વગર વિલંબે ફળે છે.

૩૦૮ સંયમ માટે સર્વ કાંઈ કરી છૂટનારા અવિરતીઓ પણ સર્વજ્ઞશાસનમાં સર્વવિરતિપદને લાયક છે.

૩૦૯ એકલું સમ્યક્ત્વ પણ ભયંકર ભવ દાવાનલને હોલવી શકે છે.

૩૧૦ પતન થવાના ભય માત્રથી પાવન થવાનો પરમ પવિત્ર માર્ગ બંધ કરવા મથવું તે મૂર્ખતાની પરાકાષ્ઠા છે.

૩૧૧ રંડાપાનો ભય માથે છતાં લગ્નના લ્હાવા લેવાય, અને બાળમરણોની મોટી સંખ્યા દેખાતાં છતાં, જન્મતી વખત જમના દ્વાર દેખવા જેવું દુઃખ નજરોનજર દેખતાં છતાં પણ જન્મને નહીં રોકતાં, તેની જોશભેર વૃદ્ધિ કરવાની હિમાયત કરનારા કોઈ પતિત કે અનાચારીના નામે, અખિલ વિશ્વને પરમ આશીર્વાદરૂપ સાધુ સંસ્થાની ઉત્પત્તિની આડે આવનારાઓ અક્કલરહિત થઈ પોતાનું અહિતપોતાના હાથે કરે છે.

* * *

સમાલોચના.

(નોંધઃ-દૈનિક, સામાહિક, પાક્ષિક, માસિક પત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો, આક્ષેપો અને જિજ્ઞાસાના સમાધાનો અત્રે છે.)

૧. શાસન કે સાધુનો પ્રત્યનીક હોય તેના પણ મરણને અનુમોદવું તે સાવદ્ય (પાપ) વચન છે એવો ઉલ્લેખ શ્રી ઉત્તરાધ્યયન ૧ અધ્યયન અને દશવૈકાલિકા અધ્યયન ૭ ની અંદર છે.

૨. દશવૈકાલિકનો ઉદ્ધાર વિકાલે થયો છે એમાં વિકાલનો અર્થ અકાલવેળા કરનારાઓએ સમજવું કે ત્રીજી પોરસી પૂરી થતાંના વખતનું નામ વિકાલ છે.

૩. સામાયિકના અનુક્રમે અનુયોગ કરવાનો અનિદ્રેશ છે. ભગવાન શય્યંભવે ઉદ્ધાર કરતાં દશવૈકાલિકના ઉદ્ધારની પહેલાં સામાયિકાદિની વ્યાખ્યા કરી હતી ને પછી ઉચર્યું એમ કહેવું તે અજ્ઞાન ગણાય. (ચિત્રમય.)

૪. મૂઠ્ઠસહિય પચ્ચખ્ખાણ નવકાર ગણીને પારવાની જરૂર ખરી જ.

૫. લુખી નીવી કરનારે લીલોતરી શાક, સુકો મેવો વાપરવાં ઠીક નહીં; અજમો, ધાણાજીરૂં, મરી, તજ, લવિંગ ઇત્યાદિ કોઈક સ્થળે વપરાય છે.

૬. પ્રતિક્રમણ પૂરું થયા પછી સામાયિક પારવાના આદેશની જેમ સામાયિક લેવાનો આદેશ માગી સામાયિક લેવાય.

૭. દૂધ બે વખત ઉકાળીને પીવામાં તેમાં ઓછીવત્તી વસ્તુ નખાતી હોય તો તે ચૌદ નિયમને અંગે જૂદા દ્રવ્ય ગણાય.

* * *

પૂજ્યપાદ આગમોદ્ધારકના અગમ્ય અનુભવથી આવિર્ભાવ પામેલું

દીક્ષાનું સુંદર-સ્વરૂપ

વાંચનાર, વિચારનાર અને મનન કરનારને, અખિલ વિશ્વમાં આશીર્વાદ રૂપ દીક્ષા પ્રત્યે હાર્દિક પ્રેમ જાગ્યા વગર રહેતો જ નથી એ જ આ ગ્રંથની અપૂર્વતા છે.

કિંમત રૂપિયો એકઃ પોસ્ટ અલગ.

મળવાનું ઠેકાણું.

શ્રી હર્ષ પુષ્પામૃત ગ્રંથમાળા

માંડવીની પોળ નાગજીભૂદરની પોળ,

અમદાવાદ

નવા ગ્રાહક થનારને સૂચના

પહેલા અંકની નકલો સીલકમાં નથી, બીજા અંકની નકલો ઘણી થોડી છે.

મુનિમહારાજાઓને વિનંતિ - આપશ્રીના વિહારને અંગે આપને મળતું સિદ્ધચક્ર જ્યાં જોઈએ ત્યાં મોકલવા લખી જણાવવું.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં શા. મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

પૂનિત પ્રણાલિકાથી તદ્દન અજાણ !!!

દરમાંથી દોડધામ કરી મૂકનારા ઉંદરો પાછળ પડેલ બિલાડીના ટોળાથી રક્ષણ કરનારને જુલ્મી કહેવો, ઝાડપાન અને પાણીથી નિર્વાહ કરનાર પ્રાણીઓ પર કારમી ક્રૂરતાનો કોપ વરસાવનાર કેસરીસિંહના પંજામાંથી તેમને (પ્રાણીઓને) મુકાવનારને પાપી કહેવા, પૌષ્ટિક પદાર્થોને સમર્પણ કરનાર ગરીબડી ગાયો પર કારમી છૂરી ચલાવનાર કસાઈની કારમી કિલ્લેબંધી દીવાલોને જમીનદોસ્ત કરનારને જાલીમ જુલ્મગાર કહી દેવો એ જેટલું ભયંકર નથી તેથી કંઈગુણું, સંસારીઓ, સંસાર સાધન પ્રાપ્તિ માટેની દોડધામ, પ્રવૃત્તિ અને સંસાર વૃદ્ધિની સલાહોની સેંકડો સતામણીમાંથી પલાયન થનાર સંયમીઓ અગર પલાયન થવાની ઈચ્છાવાળા સંયમ અભિલાષીઓની પાછળ પડેલા કારમી કાર્યવાહી કરનાર કુટુંબ આદિના કારમા ઘેરામાંથી બચાવનાર, અખિલ વિશ્વને પરમ આશીર્વાદ રૂપ સર્વમાન્ય એવી સાધુસંસ્થાને દુગંછનીય વિશેષણોથી નવાજવી તે અત્યંત ભયાનક અને પાપવર્દ્ધક છે એ વિવેકીઓએ ભૂલવા જેવું નથી !!!

જે દેવાધિદેવનાં તમે દર્શન, વંદન, પૂજન કરો છો, જે શાસન સંરક્ષક સાધુઓની તમે સેવના કરો છો અને જે દાન, શિયળ, તપ, ભાવાદિ ધર્માનુષ્ઠાનોની પાછળ તમે તમારાં તન, મન, ધન સમર્પણ કરો છો છતાં તમે તે ત્રણ તત્ત્વો જગતમાં ક્યા મુદ્દાથી અસ્ખલિત અસ્તિત્વ ભોગવે છે તે જાણ્યું નથી; જાણો છો છતાં હૃદયમાં ધારણા કરી રાખ્યું નથી, ધારણ કર્યું છતાં અમલમાં મૂક્યું નથી અર્થાત્ એ ત્રણ તત્વને પરમાર્થથી પીછાણ્યા નથી અને નહીં પીછાણનારાઓનું ત્રણ તત્વ પર આપત્તિના વાદળ વરસાવવામાં કમીના ના રાખે તે અવસરે વિવેકીઓ શું મૌન રહી શકે ? વિચારાય તો સમજાય તેમ છે કે એ એ જ દેવાધિદેવો છે કે જેમણે ધન, કણ, કંચન, કામિની, કુટુંબ, દેશ, પુરજન છોડ્યા, એ જ દેવાધિદેવ છે કે જેણે એક લાખ બાણું હજારની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસાવ્યો, એ જ એ દેવાધિદેવ છે કે જેણે સિંચાણાના સપાટામાંથી પારેવાને બચાવવા શરીર સમર્પણ કર્યું, એ જ દેવાધિદેવ છે કે જેણે પોતાની માતાને હજાર વર્ષ સુધી રોવરાવીને આંધળાં કર્યા. આ બધું તપાસશો તો સમજાશે કે કોલાહોળ, રડારોળ અને સામાન્ય બીનાઓને નવાજુના વાઘા પહેરાવી વિશુદ્ધ વાતાવરણને કલંકિત કરનારાઓ બધા પ્રભુ માર્ગની પૂનિત પ્રણાલિકાથી તદ્દન અજાણ છે.

ચંદ્રસા૦

REGISTERED NO. B. 3047.

પારમેશ્વરી પ્રવ્રજ્યા



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૧૧ મો.	મુંબઈ, તા. ૧૨-૩-૩૩, રવિવાર ફાગણ શુકલ પૂર્ણિમા	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

પારમેશ્વરી પ્રવ્રજ્યા.....પાનું-૨૪૧
આગમોદ્ધારકની અમોઘ દેશના.....પાનું-૨૪૭
સ્વાલોચના.....પાનું-૨૫૪
સાગર સમાધાન.....પાનું-૨૫૫
સુધા-સાગર.....પાનું-૨૬૨

દીક્ષા વિના સિદ્ધિના !

શાર્દૂલવિક્રિડિત છંદ.

શાસ્ત્રે સ્પષ્ટ વિધાન સિદ્ધિ સુખનું, "દીક્ષા વિના સિદ્ધિના!"
સંસારે નહીં સાર, હોય છુટવું, સિદ્ધિ ન દીક્ષા વિના !
તિર્યંચે સુર નારકી ગતિ વિષે, સ્વપ્નેય ના સાંપડે,
ઝંખે દેવ, મનુષ્ય જન્મ, તરવા, ઉદ્ધાર દીક્ષા વડે. ૧
આવ્યો માનવજન્મ દુર્લભ તથા, આયુષ્ય વ્હેતો ઝરો,
માટે શ્રી ભગવાન વીર વદતા, "ભવ્યો ! પ્રમોદે ઉરે! !"
"હે ગોયમ્ ! સમય-પ્રમાદ કર મા! સંપ્રાપ્ત સંયોગથી,"
"સાધી લે શિવ સાધના ઝડપથી, શાંતિ શિવે શાશ્વતી."૨
દીક્ષા એકજ માર્ગ મુક્તિ ગમને, પ્રેમે નમે દેવતા,
શાઠ્યાઓ શિર ઠીલ વ્યર્થ કરશે ! આરાધ્યને સેવતાં;
આજે, કાલ, ભવાંતરે અગર જો, દીક્ષા વિના સિદ્ધિના,
એવો કોણ ગમાર આળ કરે ? સંપ્રાપ્ત સામગ્રીમાં ! ૩
સદ્‌ભાગ્યે શુભ દેહ દેશ કુલનેં, તત્ત્વત્રયી સાંપડી,
તોયે રત્નત્રયી સુસાધન વિષે, માયા મદિરા નડી;
વારંવાર ન જાય દેહ નરનો, તો સર્વ ક્યાંથી મળે ?
ભોગારા રડનાર દુર્ગતિ વિષે, ભાંખ્યો ન ટાળ્યા ટળે. ૪
દીક્ષા ભાગવતી પ્રસિદ્ધ જગમાં, એકાન્ત કલ્યાણ કે,
અંગીકાર કરાય બે શિશુ વયે, તો સ્થૈર્ય નિશ્ચિત છે;
જે જે ધર્મ પ્રભાવકો પ્રગટતા, દીક્ષિત તે શૈશવે,
આ વિશ્વે પણ બાલ્યકાલ વરખ્યો, વિજ્ઞાનધારી થવે. ૫
ત્યાગી શુદ્ધ વિશુદ્ધને નહીં નડે, ભૂપાલના કાયદા,
આની આલમ મુક્તકંઠ વદતી, જેના જગે ફાયદા;
છે લોકોત્તર માર્ગ આ પુનિતમાં, કાંટા પરે કંદકો,
આનંદે ઝિરે વિરાગી; પણ તે, સ્વાર્પે શિરે સંકટો. ૬

ભીખાભાઈ છગનલાલ શાહ.

સિદ્ધચક્ર.

(પાક્ષિક)

: : ઉદ્દેશ : :

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।

आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,

આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. **"આગમોદ્ધારક."**

પ્રથમ વર્ષ અંક ૧૧ મો	મુંબઈ, તા. ૧૨-૩-૩૩, રવિવાર. ફાગણ-શુક્લ પૂર્ણિમા	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

પારમેશ્વરી પ્રવ્રજ્યા

દરેક પ્રાણીઓ સુખના જ અભિલાષી છે; તેમાં પણ દુઃખ મિશ્રિત, અલ્પ, પણ નહીં પરંતુ ચિરસ્થાયી (મળ્યા પછી નહીં જ જનારું) સુખના અભિલાષી છે ! આવું સુખ સંસારમાં રહીને ઘણાઓને મેળવવાનું મુકરર હોવાથી, સંસાર એ શી વસ્તુ છે એ પણ આપણે વિચારવું જ રહ્યું ! સંસાર તરફ નજર નાખીએ તો તેમાં તેવું સુખ અંશે પણ લભ્ય નથી, એ વાત જીવોના ઉત્પત્તિ અને નાશના નિવાસસ્થાનોની વિકાળ વિષમતાના વિસ્તારથી સમજતાં સહેજે માલૂમ પડે તેમ છે. દેવ, મનુજ, તિર્યંચ અને નારકી એ ચારે ગતિ, એ જ અનાદિ કાળથી રખડનારા આત્માનાં સ્થાનો છે. નારકીના જીવો દુઃખથી એટલા તો સંતપ્ત છે કે એને ત્યાંથી ઉપાડી મૃત્યુ લોકમાં લાવી બેરના ધગધગતા અંગારામાંયે સુવાડવામાં આવે તો પરમ

શાંતિથી નિદ્રા લે. એ પારાવાર દુઃખથી છૂટવા (મરણ સ્વરૂપે મરણ વ્હાલું નહીં છતાં) તેઓ હરપળે મરણને ઇચ્છે છે આમ છતાં પણ ધાર્યું તો મરણ તે મેળવી શકતા નથી, એના જેવું બીજું દુઃખ ક્યું હોઈ શકે ? તિર્યંચ યોનિમાં પણ પરવશતાને પરિણામે ઇચ્છાનું રૂંધન, પરનો સહેવો પડતો ભયંકર અને અનિચ્છિત ત્રાસ અને એથી આત્માને ઊપજતા સંતાપજનક સંકટોથી પણ કોણ અજાણ છે ! પોદ્‌ગલિક સામગ્રીની પ્રાપ્તિ બેશક મનુષ્ય યોનિમાં છે, પણ.તે અઢળક રિદ્ધિમાન દેવોની સામગ્રી પાસે તો તુચ્છ જ છે. આ લોકમાં પણ એક બીજા એક બીજાથી ન્યુનાધિક છે. સારાની સામા ન થવાના કોડો (મનોરથો) મરણ પર્યંત મનમાં જ રહી જાય એ પણ ઓછું દુઃખ તો નથી જ ! દેવ યોનિમાં તો એવા સુખનો સુમાર નથી, છતાંયે એને પણ એ જ દુઃખ છે કે આ સુખો પણ શાશ્વત તો નથી જ, વળી છે તેટલા પણ એ રંગ અને રાગથી ભરેલા દેવોને પણ સંતાપ અને કદર્થનાથી તો મુક્ત જ નથી ! ક્યાંથી હોય ? શાશ્વત સુખ તો સિદ્ધિસ્થાન (મોક્ષ) સિવાય બીજે ક્યાંય જ નથી ! એ શાશ્વત સુખના સાધકોએ તેને સહેલાઈથી મેળવી આપે તેવા ઉત્તમ સાધન (સિદ્ધચક્ર) ની સાધના અવશ્યમેવ કરવી જોઈએ ! એ પરમ તત્ત્વની જૈન દર્શનમાં એટલી તો સુપ્રસિદ્ધિ છે કે જૈન દર્શનાનુયાયિઓમાંનું નાનું પણ બચ્ચું એનાથી અજાણ હોતું નથી. સિદ્ધચક્રજી કહો કે નવપદજી કહો, નવપદજીમાં પ્રથમના પાંચ પદ તે પાંચે પરમેષ્ઠિઓ અને પછીના ચાર તે ગુણો છે. ગુણી ગુણ વગરના હોઈ શકે જ નહીં, એટલે કે એ પાંચે પરમેષ્ઠિઓમાં એ ચારે ગુણો વિદ્યમાન છે.

આ સ્થળે અમો વાંચકવૃંદનું ખાસ ધ્યાન ખેંચવા માગીએ છીએ કે એ પાંચે પરમેષ્ઠિઓ **સંસારી નથી, પણ સંસારનો સર્વથા પરિત્યાગ કરી દીક્ષિત જ બનેલા પરમતારક મહાત્માઓ** છે. ગુણોમાં પણ પહેલો ગુણ સમ્યગ્‌દર્શન એ રત્ન દીપક છે વસ્તુનું યથાર્થ દર્શન કરાવનાર એ સમ્યગ્‌દર્શન છે, જ્યારે બીજો જ્ઞાનગુણ એ હેય અને ઉપાદેયનો વિવેક કરાવે છે. આટલું થયા છતાં પણ જો આચરણ ન થાય તો દર્શનથી દેખાયલો અને જ્ઞાનથી જણાયલો લાભ પણ સાચા અને ચિરસ્થાયી સુખને મેળવી આપવા તો અસમર્થ જ છે; અર્થાત્ કહીએ કે સુખનો માર્ગ દર્શન બતાવે, જ્ઞાન તે માર્ગને અંગે વિશેષ અજવાળું પાડનારી સમજણ આપે ! પણ અવ્યાબાધ અખંડ એવા સુખને તો ત્રીજો ગુણ ચારિત્ર જ અપાવે ! અનાદિકાલથી આત્મા કર્મના બોજાથી દબાયલો છે એની કોણ ના કહે તેમ છે ? તેથી છુટવા માટે સૌથી પહેલાં તો આવતાં નવાં કર્મોને રોકવા જોઈએ ! નવા ને આવતાં રોકવા એનું નામ સંવર છે; અને એ સર્વથા તો સર્વ સંવર રૂપ દીક્ષાના પાલનથી જ રોકાય છે. ચારિત્ર ગ્રહણ કર્યા પછી પણ તપ દ્વારા જુનાં કર્મોને બાળીને ભસ્મીભૂત કરવામાં આવે છે. ચોથા ગુણ રૂપ એ તપપદ અનાદિના કર્મોને તીવ્ર પણે તપાવવામાં આત્માના એક સમર્થ અને પરમ વિશ્વાસુ મિત્રની ગરજ સારે છે. આપણે ઉપર જોઈ ગયા કે આ ચારે ગુણોના માલીક પરમેષ્ઠીઓ છે. આથી એ સ્પષ્ટ સમજાશે કે સર્વ વિરતિ રૂપ પરમ શુદ્ધાચરણ વડે કર્મમાત્રનો સર્વથા

નાશ કર્યા પછી જ આત્મા વિશુદ્ધ બની, અખંડ અને ચિરસ્થાયી અવ્યાબાધ સુખરૂપ સિદ્ધિસ્થળને સંપ્રાપ્ત કરે છે. એટલે કે શાશ્વત સુખનો સ્વામી બને છે. આથી એ પણ સહજ સિદ્ધ છે કે વિશુદ્ધ સુખને ઈચ્છનારાઓ જો તેના સાચા જ જિજ્ઞાસુ હોય તો એમણે તેવા અખંડ સુખને પણ અલ્પકાળમાં જ મેળવી આપનારી ભાગવતી દીક્ષાને સર્વ પ્રમાદનો સત્વર ત્યાગ કરી અંગિકાર કરવી ઘટે ! સંયમ કહો; સર્વ વિરતિ કહો, પારમેશ્વરી પ્રવ્રજ્યા કહો કે ભાગવતી દીક્ષા કહો એ સર્વ એકનું એક જ છે.

જૈન દર્શન ભાગવતી દીક્ષાથી ભિન્ન નથી અને એથી તો જૈન દર્શનમાં, શાસ્ત્રમાં તેમજ કથાઓમાં જ્યાં દેખો ત્યાં એ પવિત્ર ભાગવતી દીક્ષાથી કલ્યાણનાં વર્ણનો જગા જગાએ ઠાંસી ઠાંસીને ભર્યા છે ! આથી, જૈન શાસ્ત્રોમાં ભાગવતી દીક્ષાના ધ્યેય વિના બીજો ઉપદેશ જ નથી, એમ કહેનારા ભાગ્યવાનોનું હર વખતે બોલવું પરમ સત્ય છે. એ વાત પણ સહેજે સમજાશે. એને આદરવામાં અસમર્થ (અશક્ત) એવા આત્માઓ માટે પણ (એટલે કે તે બાપડા ધર્મવિહોણા ન રહી જાય માટે પણ) પરમકૃપાળુ શાસ્ત્રકાર મહર્ષિઓએ દેશવિરતિ, સમ્યક્ત્વ પ્રભુપૂજનાદિ અસંખ્યેય આરાધનના યોગો બતાવેલા છે. યોગો દરેક આદરવા યોગ્ય છે, છતાંયે અશક્તિએ, પણ તમારા આત્માના હિતની ખાતર અનુકૂળ પડતો કોઈ એક પણ યોગ આરાધોપણ કદીયે વિરાધક બની દુર્ગતિમાં ધકેલી દગો દેનારા દુષ્ટ આલંબનોને તો અડકશો જ નહીં ! આ એ તારક મહર્ષિઓની પરમ ભાવના ! એ યોગમાં પણ તપાસીએ તો ખુલ્લું જ છે કે એનું અશક્તિએ આરાધન કરનારાઓએ પણ ધ્યેય તો મોક્ષને અપાવનાર સર્વ વિરતિનું જ રાખવાનું હોય છે. સર્વ વિરતિ વિના શાશ્વત સુખની પ્રાપ્તિ નથી નથી તે નથી જ !!! સર્વ વિરતિને સર્વથા સેવન કરનારા ભાગ્યવાનો સિવાય કોઈને એ શાશ્વત્ સુખની પ્રાપ્તિ અસંભવિત છે. આત્માને અવ્યાબાધ પદે પહોંચાડી ચિરસ્થાયી સુખ સમર્પનારી તે એ એક જ 'ભાગવતી દીક્ષા' છે. એથી તો ખરેખર ! જગતભરના તમામ જંતુઓની એ કલ્યાણ પ્રદાતા માતા છે ! આવી પવિત્ર અને સ્વપર કલ્યાણકારી તારક દીક્ષાને આપણે અવ્યાબાધ ઈચ્છીએ, (ટકાવીએ) એમાં મનુષ્યત્વતાની એ સાચી ફરજ સિવાય અધિક કશુંયે કરતા જ નથી. આથી એ પણ સ્પષ્ટ છે કે ભયંકર ભવાટવીમાં ભયભીતપણે ભમતા ભવ્ય આત્માઓને એ એક જ શરણ ભૂત છે. સર્વથા ભયમુક્ત બનાવનારી અને એકાંતે નિર્ભયસ્થાનને આપનારી એ ભાગવતી દીક્ષા તેથી તો વિજયવંતી છે ! અરે ! તે જ ભવમાં પોતાની સિદ્ધિ (મુક્તિ) નિશ્ચિત ! તો પણ એ શાસન સંસ્થાપક તીર્થંકર દેવોએ એને સ્વયં અંગીકાર કરી ઉત્કૃષ્ટ

પણે પાળેલી છે. તેનાથી ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન રૂપ પરમ ફળને પામ્યા પછી તો એને કલ્યાણની નિકટ સંબંધીની જાણી સ્પષ્ટ પણે જગતને ઉપદેશીને તીર્થંકર દેવોએ છૂટે હાથે વહેંચેલી છે. એવી પરમ પવિત્ર અને અખિલ વિશ્વનાયે જીવોને અભય આપનારી એ દીક્ષાનો વિજય પણ કેમ ન હોય ? આધિને અટકાવનારી, વ્યાધિને વિદારનારી, અને એ બન્નેની જનની જે ઉપાધિ-તેને જડમૂળથી ઉચ્છેદનારી, સંતાપ માત્રને શમાવનારી તથા મદોન્મત્ત અને ક્રૂર એવા કર્મ રાજાને નિમેષમાત્રમાં નમાવનારી એ પરમ પવિત્ર ભાગવતી દીક્ષાનો વિજય અને વિજય વિજય જ હોય ! દેવોને પણ શીર સાવંદ્ય એવી એ વિજયવંતી પારમેશ્વરી પ્રવ્રજ્યા સદાકાળ વિજયનો હો ! આ તારક દીક્ષાદેવીને મનુષ્ય ભવમાં જ સાધી શકાય તેમ હોવાથી અનેક સૂર અસૂરો પણ એ મનુષ્ય ભવની પ્રાપ્તિ માટે તો તલસ્યા જ કરે છે. મનુષ્ય ભવની મહત્તા પણ જ્ઞાની મહાત્માઓ આટલા માટે જ ગાય છે. દેવોની સ્થિતિ વિચારો ખૂબ ખૂબ વિચારો કે પોદ્‌ગલિક સુખ સંજોગ સામગ્રીની સ્વર્ગમાં તો ન્યુનતા જ નથી. ત્યાં એને તારક શાસનમાં સાધવા લાયક સાધ્યની પરમ સાધના જ અશક્ય છે એને પરિણામે જ દેવોની મનુષ્ય ભવની યાચના છે! ...થી એ ખુલ્લું જ છે કે દેવોની મનુષ્ય ભવ માટેની માંગણી પણ એ પરમ પવિત્ર પારમેશ્વરી પ્રવ્રજ્યા માટે જ છે. આ સીધી અને સહેલી વાત જેને ન સમજાય તેણે પોતાને કમનસીબ માનવા સિવાય બીજો રસ્તો જ નથી. આ વાત બાજુએ રાખી-એ સદ્‌વસ્તુને યથાર્થ સ્વરૂપે સમજેલા જે મુમુક્ષુ મનુષ્યો એ દીક્ષા દેવીને જ ચરણે પોતાનું જીવન સમર્પે એ જોઈ કોને આનંદ ન થાય !!!

પાપની પરાકાષ્ઠાએ પહોંચેલાઓએ પણ પુણ્યોદયે પરિસ્થિતિનું ભાન થવાથી પારમેશ્વરી પ્રવ્રજ્યા લીધા પછી જ પરમપદની પ્રાપ્તિ કરી છે. ભયંકર પાપોનું પ્રાયશ્ચિત તે એક જ પારમેશ્વરી પ્રવ્રજ્યા છે.

યતઃ

એવા પણ બહુ પાપથી, ઉદ્ધરવા દીએ હથ્થ,
પ્રવ્રજ્યા જિનરાજની, છે એક શુદ્ધ સમથ્થ. (શ્રીપાળ રાસ.)

જેઓને ગર્ભ, જન્મ, ત્રાસ, મરણ વિગેરે ન ગમતું હોય તેઓએ બીજા પ્રાણીનાં ગર્ભ, જન્મ, ત્રાસ તથા મરણનાં કારણભૂત પોતે ન જ થવું એ સીધો અને સાદો ન્યાય છે. એ ન્યાયનું સંપૂર્ણ પાલન એજ પ્રભુએ પ્રરૂપેલી પારમેશ્વરી પ્રવ્રજ્યા યાને ભાગવતી દીક્ષા! દુન્યવી એકે એક પદાર્થની પાછળ પડછાયાની જેમ ભય ઉભેલો જ છે. **भोगे रोग भयं, कुलेच्युति भयं, वित्तेनृपालाद्‌भयं** વિગેરે ભિન્ન ભિન્ન સ્થાનમાં રહેલા ભયોને કહેનાર રાજયોગી ભર્તુહરીએ જણાવી દીધું કે **वैराग्यमेवाभयम्** । અભયરૂપ માત્ર વૈરાગ્ય છે. આ વૈરાગનો

નિર્વાહ ભાગવતી દીક્ષા વિના બીજે ક્યાં થાય ? સંસારમાં તો ડગલે ને પગલે રાગદ્વેષના ઝઘડા છે, ક્ષણે ક્ષણે સ્ખલના છે. સંસાર એટલે ભયંકર દાવાનળ ! એ દાવાનળમાંથી ઉતરવાનો એક જ આરો છે અને તે સંસારનો સર્વથા પરિત્યાગ એટલે કે ભાગવતી દીક્ષા ! સંસારમાં સારનો અંશ પણ નથી માટે દરેક જ્ઞાની મહાત્મા પોતાના પ્રવચનના પ્રારંભમાં જ **असारोऽयंसंसारः** એવી ઉદ્‌ઘોષણા કરે છે. સંસારમાં રહેનાર ભયમુક્ત થઈ શકે શી રીતે ? કેમકે જીવનનિર્વાહ માટેની પ્રવૃત્તિ તથા ચાલુ અભ્યાસને લીધે વિષય કષાયાદિમાં રમણતા તેમજ કુટુંબકબીલો વિગેરેને લઈને ઈહલૌકિક ભયો વધતા જ જાય છે જ્યારે પ્રવ્રજિત પુણ્યાત્માની પરિસ્થિતિ જ તે છે કે જ્યાં ભયની સંભાવના જ નથી. યતઃ

धैर्यंयस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी ।
सत्यं सूनुरयं दयाचभगिनी भ्राता मनः संयमः ॥
शय्याभूमितलं दिशोऽपिवसनं ज्ञानामृतं भोजन ।
मेते यस्य कुटुम्बिनो वद सखे । कस्माद्‌भयं योगिनः ॥ १ ॥

ધૈર્ય જેનો પિતા છે, ક્ષમા જેની માતા છે, ચિરશાંતિ જેની ગૃહિણી છે, સત્ય જેનો પુત્ર છે, દયા જેની બહેન છે, મનઃસંયમ જેનો ભાઈ છે, ભૂમિતલ જેની શય્યા છે, દિશા જેનાં વસ્ત્રો છે અને જ્ઞાનામૃતનું જે ભોજન આરોગે છે, હે સખે ! કહે કે આવા કુટુંબ વચ્ચે રહેનાર યોગીને ભય હોય જ ક્યાંથી ?

પ્રાણી માત્રને અભયદાન દેવું, સર્વથા જુઠું ન બોલવું, ચોરી, મૈથુન તથા પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો, આ પાંચે મહાવ્રતોથી યાવજજીવ પાવન કરાવનારી સ્વ-પર કલ્યાણ, અશાંતિ, ઉત્પાતો વિગેરે તો ત્યાં જ હોય કે જ્યાં રાગનાં સન્માન હોય. ભાગવતી દીક્ષા લેનાર તો રાગને ઠોકરે મારીને આવે છે. કંચન અને કામિની એ બે જ ક્લેશનાં કારમા કારણ છે, કહેવત પણ છે કે 'જર, જમીન, જોરૂ, એ ત્રણ કજીયાનાં છોરૂં' પણ દીક્ષા લેનાર ભાગ્યવાન તો ધન માલ મિલકત કુટુંબકબીલો, વાડી, વજીફા અને વૈભવાદિ સર્વસ્વને સદાને માટે તિલાંજલિ આપીને સર્વથા ત્યાગી બને છે અને આગળ વધીને શરીર પરત્વે પણ વધુ ને વધુ નિઃસ્પૃહ બને શરીર નિઃસ્પૃહતાના યોગે મહાન તપશ્ચર્યાઓ કરી કઠીનમાં કઠીન કર્મોને ભસ્મીભૂત કરે છે. આવી તપશ્ચર્યા પણ સાધ્ય ક્યારે ? સર્વવિરતિનો સ્વીકાર હોય ત્યારે ! આ રીતિએ દીક્ષિત પુણ્યાત્માઓ અભ્યાસ દ્વારા પ્રાંતે પરમત્યાગી થઈ પરમપદને અવશ્યમેવ પ્રાપ્ત કરે છે. પુરુષાર્થ હંમેશાં સુખ માટે હોય, સુખ, શાશ્વત્ સુખ મોક્ષમાં જ છે, અને મોક્ષની સાધના ભાગવતી દીક્ષા એ જ સાચો પુરુષાર્થ છે.

જૈન દર્શનનો મૂળભૂત સિદ્ધાંત જ ત્યાગ છે. ત્યાગનું સર્વાંશે પાલન ભાગવતી દીક્ષામાં જ છે. દીક્ષા એજ જૈન શાસનનું લક્ષ્યબિંદુ છે બલકે જૈન શાસનમાં દીક્ષાનાં ઠામઠામ યશોગાન છે!!! ત્યાગ સિવાય જૈન દર્શનમાં બીજું નથી જ ! આથી તો પૂજ્ય પંચ પરમેષ્ઠિ પદમાં સ્થાન

પણ ત્યાગીઓનો જ છે.

ઉપર જણાવેલા પંચમહાવ્રતનું જીવનપર્યંત પાલન કરવાની પ્રતિજ્ઞા કરી દીક્ષા લેનાર, પોતે તો દુન્યવી દોષોથી બચે છે જ પણ પોતાની પાસે આવનારાઓને પણ સન્માર્ગ-પ્રેરણા વડે તેવા દોષોથી અવશ્ય બચાવે છે અર્થાત્ ભાગવતી દીક્ષા જેમ પોતાને શાંતિપ્રદ છે. જે ગુનાઓ રાજ્યના કાયદાથી પણ અટકતા નથી તે ગુનાઓ આવા ત્યાગી મહાત્માઓના સામાન્ય ઉપદેશથી પણ આપોઆપ અટકી જાય છે.

ભરતચક્રીએ છ ખંડ સાધ્યા પછી પોતાના અઠ્ઠાણું ભાઈઓને પોતાનું સાર્વ ભૌમત્વ સ્વીકારવા સંદેશ પાઠવ્યો અર્થાત્ તેઓને પોતાની સેવામાં બોલાવ્યા. એ અઠ્ઠાણુંયે ભાઈઓ 'હવે શું કરવું ?' એ પૂછવા પિતાજી (શ્રી ઋષભદેવજી ભગવાન) પાસે આવ્યા. 'હવે શું કરવું?' એ પ્રશ્નમાં એમણે કયા ઉત્તરની આશા રાખી હશે ? 'પિતાજી કોઈપણ રીતે આવા અતિલોભી ભરતને સમજાવે;' આ જ ભાવના હતી કે બીજી? 'અમારે ભરત સામે લઢવું કે નહીં ?' આ જ પ્રશ્ન હતો, પ્રશ્ન આ પણ પિતાએ પ્રત્યુત્તરમાં પ્રવ્રજ્યા જ આપી કે બીજું કાંઈ ? પ્રભુએ શું કહ્યું ? યુદ્ધ ? યુદ્ધ કોની સાથે ? યુદ્ધ તો શત્રુ સાથે હોય અને કર્મ વિના બીજો શત્રુ કયો ? યુદ્ધ જ કરવું હોય તો આવો સંવેગની સમરાંગણ ભૂમિ પર ! ખરેખર! જૈન દર્શનમાં શત્રુ કર્મને જ માનવામાં આવેલ છે અને એ માટે જ ઘાતીકર્મનો સર્વથા સંહાર કરનાર આત્માને 'અરિહંત' કહે છે.

પારમેશ્વરી પ્રવ્રજ્યાનું સ્વરૂપ સામાન્યતઃ દર્શાવવા પ્રયત્ન થયો છે. તેનું વાસ્તવિક સ્વરૂપ વચનાતીત છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવી દીક્ષાનો દ્રોહ એ ભયંકર આત્મદ્રોહ છે. દીક્ષા એ મોક્ષનો એક જ માર્ગ છે અને તેમાં કાંટા વેરનારા કમનસીબો પોતાનો બલ્કે જગતભરનો વિદ્રોહ કરી રહ્યા છે; દીક્ષાનો વિરોધ કરનારી ટોળકીને પણ 'દીક્ષા તો શિરસાવંદ્ય' એમ શરૂઆતમાં કબૂલવું પડે છે એ જ દીક્ષાની શ્રેષ્ઠતા છે, દીક્ષાનું એ ગૌરવ છે, દીક્ષાનો એ મહાન વિજય છે. સીધી રીતે 'દીક્ષા નથી ગમતી, દીક્ષા ન જોઈએ' એમ કહેવાથી કોઈ માને નહીં માટે તેને 'અયોગ્ય' વિશેષણ જોડી પોતાની અયોગ્યતા પુરવાર કરનાર અયોગ્યનું માનસ સહજ સમજાય તેમ છે.

ल ल ल

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

(નોંધઃ- મુંબઈ પાયધુની પર, શ્રી ગોડીજી મહારાજજીના ઉપાશ્રયમાં ગયા વર્ષના ચૈત્ર માસમાં નવપદની આરાધના પ્રસંગે પૂ. આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ દેશના રોચક, માનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ ઉત્પન્ન કરનારી હોવાથી અત્રે અપાય છે.....તંત્રી.)

સમ્યગ-તપ

અમોઘ આરાધના વગર આરાધ્ય થઈ શકાતું નથી દીક્ષાદિ શબ્દોનો સ્ફોટ-અર્થ.

કર્મક્ષયના મુદ્દાને અનુસરનારી ભાવક્રિયા છે.

દર્શનાદિ ચારથી ચૂકેલાઓનો ચારગતિમાં ચકાવો,

તીવ્ર તપ તપ્યા વગર હરકોઈની સિદ્ધિ જ નથી.

ભવસ્થિતિના પરિપાક માટે તીવ્ર તપસ્યા તપો ! !

धणकम्म वमोभरहरणं भाणुभूयंदुवाल संगधरं ।

नवरमकसायतावं चरेह सम्मं तवोकम्मं ॥ १ ॥

શું અનંતર તથા પરંપર ફળ ભેદ વિનાનું છે ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે શ્રીપાળ ચરિત્ર દ્વારા શ્રીનવપદનું સ્વરૂપ તેના આરાધનનો હેતુ, વિધિ, ફળ વિગેરે વર્ણવી રહ્યા છે.

મનુષ્ય જો કાર્યનો (પ્રવૃત્તિનો) મુદ્દો ભૂલી જાય તો 'હીરો ઘોઘે જઈ આવ્યો ને ડહેલીએ હાથ દઈ આવ્યો' એના જેવું થાય રાત્રે અગિયાર વાગે શેઠે પોતાના મોટા મુનીમને કહ્યું કે સવારે હીરાને ઘોઘે મોકલવો છે. એ વાત સૂતેલા હીરાએ સાંભળી અને તેણે મનમાં વિચાર્યું કે સવારે મને શેઠ ઘોઘે જવાનું કહેશે અને કહ્યા પછી ઘોઘે જઈશ તો જઈને આવતાં ઘણું મોડું થઈ જશે; એમ વિચારી રાત્રે ત્રણ વાગે ઊઠી એણે તો ઘોઘા તરફ ચાલવા માંડ્યું ઘોઘે પહોંચ્યો, દરવાજા ઉઘડ્યા નથી એટલે ડહેલીએ હાથ દઈને પાછો વહાણું વાતાં આવતો રહ્યો. શેઠ તો એને ઘોઘે મોકલવા માટે ખોળી રહ્યા છે, કેટલીક વારે હીરાને દેખીને શેઠે કહ્યું કે આ જ કેમ મોડો આવ્યો ? જલદી કર તને ઘોઘે મોકલવો છે, ત્યાં તો એણે કહ્યું કે-હું તો જઈનેય આવ્યો ! શેઠે કહ્યુંઃ 'ભલા આદમી પણ કર્યું શું ?' જવાબમાં બનેલી હકીકત કહી, તેવી રીતે અરિહંતાદિકનું આરાધન કરીએ, પણ આરાધનનું પ્રયોજન ભૂલી જઈએ તો

શું થાય ? ચારિત્ર પાળીએ, દેવગુરુની સેવા કરીએ, જ્ઞાન ભણીએ, સમ્યક્ત્વ નિર્મળ રાખીએ આ બધું શા માટે ?, તેમાં પહેલું ફળ કયું ? પહેલું ફળ તે જ છેલ્લું અને છેલ્લું ફળ તે જ પહેલું એમ કેમ?, જ્યાં પ્રવૃત્તિથી ફળ ભિન્ન હોય ત્યાં અનંતર ને પરંપર ફળ ભિન્ન હોય, પણ જ્યાં ફળ ભિન્ન જ ન હોય ત્યાં અનંતર કે પરંપર ફળમાં ભેદ હોય નહીં. છોડીયું સળગાવ્યું, પહેલાં નાનો અગ્નિ ન થયો, પછી વધીને મોટો થયો, પણ છોડીયું સળગાવવામાં અનંતર ને પરંપર બન્ને ફળ 'સળગવું' એ છે તેવી રીતે અહીં નવેપદમાં જે પાંચ પદો (પંચ પરમેષ્ઠિ) તેના આરાધનમાં જે અનંતર ફળ-પ્રાપ્તિ તે જ પરંપર ફળ-પ્રાપ્તિ; અને પરંપરાએ જે ફળ-પ્રાપ્તિ તે જ અનંતર ફળ-પ્રાપ્તિ છે, સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર અને તપ આ ચાર વસ્તુઓ પંચ પરમેષ્ઠિના આરાધનમાં અનંતર તથા પરંપર ફળ તરીકે છે તે તે સર્વ એક જ રૂપે છે.

કારણરૂપે જણાવ્યું અગર કાર્યરૂપે જણાવ્યું, પણ ફળ એક જ છે.

પંચપરમેષ્ઠિની જઘન્ય આરાધના કરીએ તો પણ આત્માને ફળ કયું ? સામાન્યરૂપે દર્શન મોહનીય તૂટે, જ્ઞાનવરણી, ચારિત્ર મોહનીય તથા અંતરાયતૂટે, જ્યારે આ જઘન્ય આરાધનાનું ફળ ત્યારે ઉત્કૃષ્ટ આરાધનાનું ફળ પણ સંપૂર્ણ દર્શનમોહ આદિનો ક્ષય, અને તે જ મોક્ષ, મોક્ષ એટલે આત્માનું યથાવસ્થિત સ્વરૂપ પ્રકટ થવું, આત્માને સંપૂર્ણજ્ઞાન થાય, ક્ષાયિક સમ્યક્ત્વ સાંપડે, વીતરાગપણું તથા અંતરાયરહિતપણું પ્રગટે, એટલે આ પરંપર ફળ પણ અનંતરમાં જે ફળ હતું તે જ પરંપરમાં, અને પરંપરમાં જે ફળ તે જ અનંતરમાં આથી પંચપરમેષ્ઠિમાં દર્શનાદિ ચાર પદનો સમાવેશ ફળ તરીકે કરી દીધો. નવકાર મંત્રમાં છઠ્ઠા સાતમા પદનો અર્થ વિચારો ! एसो पंचनमुक्कारो सयाव्वपावप्पणासणो। આ સ્થળે જેમ બીજાઓ કહે છે એમ જો 'પાંચ નમસ્કાર' કહેવું હોત તો ऐसो શબ્દ ન હોત પણ एसो पंचनमुक्कारा એમ કહેવું પડત. અહીં તો 'પંચનમુક્કારો' શબ્દથી 'પાંચ નમસ્કારરૂપ શ્રુતસ્કંધ' એમ કહેવું છે, ને તેથી 'આ પંચ નમસ્કાર નામનો શ્રુતસ્કંધ સર્વ પાપને નાશ કરનાર છે' એવો એ છઠ્ઠા સાતમા પદનો અર્થ છે. દર્શનાદિ ચારે પણ અંશે કે સર્વથા પાપનો નાશ થવાથી અગર સામાન્યથી કે સર્વથા સમ્યક્ત્વાદિ ગુણો પ્રકટ થાય તે વસ્તુ નવપદમાં કાર્યરૂપે જણાવી, જ્યારે નવકારમાં કારણ તરીકે જણાવી, દર્શન એ આત્માનો સ્વભાવ છે, એને રોકનાર જે મિથ્યાત્વરૂપ મોહજાળ તે પાપ છે, જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, એને રોકનાર જ્ઞાનાવરણીય એ પણ પાપ રૂપ છે, અનંતવીર્ય એ આત્માનો સ્વભાવ છે એને રોકનાર અંતરાય પણ પાપ સ્વરૂપ છે, ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે એને રોકનાર ચારિત્ર મોહનીય પાપ છે. જે જે પાપનો ક્ષય થાય એટલે તે તે ગુણો આપોઆપ પ્રગટ થવાના ! નમસ્કાર તો દુર્જનને પણ કરાય છે, પણ તે સૌજન્યનો નહીં. અરિહંત યદ્યપિ ત્રણ જગતના નાથ છે, માનનીય છે, પણ એમની એ અનન્ય પ્રભુતા આપણને નમસ્કાર-દ્વારાએ જ ફાયદો કરે છે. જેઓ અરિહંતને આરાધતા નથી તેઓનું અરિહંતની સત્તા માત્રથી કલ્યાણ થતું નથી, એમ સિદ્ધ ભગવાન આચાર્ય મહારાજ ઉપાધ્યાયજી અને સાધુ મહારાજા પણ આરાધનાથી જ ફળ દે છે એમને નમસ્કાર કરવામાં આ રીતિએ જ અરિહંતાદિકથી અધિકતા હોવાથી नमो શબ્દ સર્વપદોમાં પહેલાં મુક્યો. આ નમસ્કાર માત્ર પણ સર્વપાપના નાશને અંગે છે. માટે જ કહ્યું કે 'सव्वपावप्पणासणो એટલે સર્વ પાપનો નાશ કરનાર છે.' આ પાંચ નમસ્કાર રૂપી શ્રુતસ્કંધ સર્વ પાપનો નાશ કરનાર છે. વિચારો કે પાપનો નાશ

થવાથી ગુણો કેમ ન પ્રકટે ? અને જ્યારે આત્માના સ્વરૂપપણે રહેલ દર્શનાદિ ગુણો પ્રગટ થવા માટે પાપનો ક્ષય નમસ્કારમંત્રમાં જણાવ્યો તો તેમાં કારણરૂપે દર્શનાદિ ચારે પદનો સમાવેશ થયો કે નહીં? આવરણરૂપ પાપનો નાશ થાય અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ન થાય એમ જૈન શાસન માનતું નથી. નમસ્કારમાં અનંતર ફળ તરીકે સર્વ પાપનો નાશ જણાવ્યો; પછી. 'मंगलाणंचसव्वेसिं पढमंहवइ मंगलं' 'સર્વ મંગલોમાં એ પ્રથમ મંગલ છેઃ સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ કયું ? ભાવ મંગલ. ભાવ મંગલ એટલે આત્માના સમ્યગ્ દર્શનાદિ ગુણો, ને એ જ પ્રથમ મંગલ નવકારના ચાર પદો કારણ તરીકે મંગલ તરીકે દર્શનાદિ જણાવેલ છે, પણ જગતના જે જીવો કારણરૂપે કહેલું નહીં સમજી શકે તેવાને માટે આરાધ્યરૂપે કહો ! અથવા આરાધનાના કારણ કે ફલરૂપે કહો ! સમ્યગ્દર્શનાદિ ચાર ગુણો અહીં નવપદમાં સ્પષ્ટપણે કહ્યાં છે.

જૈન શાસનમાં શત્રુ તરીકે માત્ર કર્મને જ માનવામાં આવેલ છે.

આથી એ નક્કી થયું કે પંચપરમેષ્ઠિની ભક્તિ તે કેવળ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના ધ્યેયથી જ કરવાની છે; જૈન શાસનમાં પાપના ક્ષયથી મળવા લાયક અનુપમ પદાર્થો હોય તો આ ચાર જ. મંગલમાં મંગલ કોઈ પણ હોય તો આ ચાર જ. આ ઉપરથી જૈનોની પરિભાષાનો અર્થ નિયમિત થાય છે, જેમ **नमो अरिहंताणं** એનો સીધો નિરૂક્ત અર્થ કેટલો ? શત્રુને હણનારાને નમસ્કાર થાઓ ! હવે શત્રુ કયા ?, બે વ્યક્તિનું નામ પુરુષોત્તમ હોય. હવે 'પુરુષોત્તમ' એમ પોકારી બોલાવતાં કયો પુરુષોત્તમ બોલે ? જે ઘરવાળા તરફથી પુરુષોત્તમને બોલાવવામાં આવ્યો હોય તે ઘરવાળો અગર જેનો કાગળ આવ્યો હોય તે. તેવી રીતે અહીં શત્રુ કોણ? જૈન શાસનમાં કર્મ સિવાય કોઈને શત્રુ ગણવામાં આવેલ નથી. ત્યારે વળી પ્રશ્ન થશે કે **नमो कम्महंताणं** કેમ ન કહ્યું? પણ એમ **कम्महंताणं** કહીને કર્મને હણનારાને નમસ્કાર થાઓ એમ કહેવાથી તે કર્મને હણ્યું તે ઈષ્ટ છે કે અનિષ્ટ ? તેનો ખુલાસો થાય નહીં. વળી **कम्मारिहंताणं** કહીને કર્મરૂપી શત્રુને હણનારાને નમસ્કાર થાઓ એમ કહેવાથી 'કર્મના શત્રુને હણનારો' એવો અર્થ પણ થઈ જાય. ત્યારે કદાચ એમ કહેવામાં આવે કે, **नमो कम्महंताणं** એમ કહીને પૂર્વે વિશેષણ મૂકવામાં આવે તો ચોખ્ખો અર્થ થાય કે શત્રુભૂત કર્મોને હણનારાઓને નમસ્કાર થાઓ, વાત ઠીક છે પણ આમ કહેનારાએ વિચારવું જોઈએ કે વિશેષણ ક્યાં વપરાય ? અરિભૂત કર્મ ત્યારે જ કહેવાય કે જ્યારે કર્મ બે પ્રકારનાં હોય. કોઈક મિત્રરૂપ ને કોઈક શત્રુરૂપ, પણ કોઈ કર્મ મિત્રરૂપ છે જ નહીં. જૈન શાસનમાં તો કર્મ શત્રુ જ છે ને કર્મ જ શત્રુ સ્વરૂપે પ્રસિદ્ધ છે. અર્થાત્ કર્મ મિત્ર નથી ને કર્મ વિના કોઈ શત્રુ નથી. આમ હોવાથી વિશેષણ જોડવાની જરૂર નથી.

હવે કદાચ કોઈ કહે કે જે પદાર્થનો સ્વભાવ જાણવામાં ન આવ્યો હોય તેવા સ્વભાવને પ્રગટ કરવા (જણાવવા) માટે પણ વિશેષણ મુકાય છે. જેમકે **परमाणुरप्रदेशः** (१) **परमाणु=परमाणुरप्रदेशः** જેનો વિભાગ ન હોય તે પરમાણુ શું કોઈ પણ પરમાણુ બે વિભાગવાળા છે ? જો નથી તો પછી (૧) **परमाणुरप्रदेशः** કેમ કહ્યું ? ઉત્તર એ જ અપાય કે પરમાણુના સ્વભાવને જણાવવા માટે એમ કહ્યું; માટે તેવી રીતે અહીં પણ કર્મનો સ્વભાવ જણાવવા માટે 'અરિ' વિશેષણ મુકાય તો વાંધો શો ?, વાત ખરી! પણ જ્યાં પદાર્થનો સ્વભાવ પ્રગટ કરવો હોય ત્યાં વિશેષણ કરતાં વિશેષ્યરૂપ પદાર્થ એ જ મુખ્ય હોવો જોઈએ જેમ 'परमाणुरप्रदेशः' એ જગા પર અપ્રદેશનો સંબંધ હોવાથી પરમાણુની મુખ્યતા છે.

પરમાણુપદ ક્રિયાની સાથે સંબંધવાળું હોવાથી મુખ્યતાવાળું છે. અહીં કર્મપદ જુદું મુખ્ય નથી, અહીં હણવારૂપ ક્રિયાની સાથે અન્વયવાળું છે. કર્મનો અરિ શબ્દ સાથે સમાસ કરીને ક્રિયાપદ સાથે પદ કહેવું હોય ત્યાં સ્વરૂપદર્શક વિશેષણ જોડી ન શકાય માટે તેમ ન બોલી શકાય એટલે નમો અરિહંતાણં એમ જ બોલાશે. જૈન શાસનમાં આદિથી અંત પર્યંત શત્રુ તરીકે કર્મ જ મનાય છે. કર્મ સિવાય કોઈ શત્રુ નથી. કર્મ કહો કે શત્રુ કહો, બંને સરખા હોવાથી નમો અરિહંતાણં કહી કર્મરૂપી શત્રુ લીધા. ખરી રીતે આ શબ્દાર્થ જ નથી. અરિ એટલે શત્રુ હંત એટલે હણનાર એ તો નિષ્કૃત; છે શબ્દની અંદરથી અક્ષર કે એક ભાગ લઈ જે અર્થ કરાય તે નિરૂક્ત અર્થ છે..જેમ 'દી' એટલે કલ્યાણને દે અને 'ક્ષા' એટલે ઉપદ્રવને ખપાવે માટે દીક્ષા શબ્દ નિરૂક્ત અર્થ થયો. તેમજ જે સમ્યગ્ દર્શનાદિ ગુણો પ્રાપ્ત કરવાના રસ્તા 'શાસ્' એટલે બતાવે અને પ્રાપ્ત થયેલા ના 'ત્ર' એટલે રક્ષણના રસ્તા બતાવે એનું નામ શાસ્ત્ર એ પણ નિરૂક્ત અર્થ જ છે, હવે જેને શાસ્ત્રને અભરાઈએ મૂકવાનું તથા બાળવાનું સૂઝે તેને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થયેલા છે એમ શી રીતે મનાય ? આવાઓને શાસ્ત્ર નકામા જ લાગે. બોરાં લેવા નીકળેલાને ઝવેરી મળે તોયે તેને તો એ ઝવેરી નકામો જ લાગે. જે આરંભાદિમાં પડેલા હોય તેવાને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરાવનાર તથા રક્ષણ કરાવનાર શાસ્ત્ર નકામા લાગે તેમાં નવાઈ શી ? બોરાં લેવા નીકળનાર જો સમજુ હોય તો સામે મળેલા ઝવેરીને એમ કહે કે તારી પાસેનો માલ છે તો કિંમતી, પણ તે ખરીદવાની મારી તાકાત નથી, પણ જો તે અક્કલહીન હોય તો એને તો ઝવેરી સામે મળ્યો હોય તો પણ ખોટો લાગે. તેવી રીતે આરંભાદિકમાં આસક્ત પણ બે પ્રકારના છે. કેટલાક આસક્ત ખરા, પણ સમ્યગ્દર્શન સંયુક્ત હોવાથી સમજે કે-'ખરો માર્ગ તો ધર્મને જ છે, પણ તે હું આચરી શકતો નથી' પણ જે આસક્તો મિથ્યાત્વયુક્ત હોય તેમને તો ધર્મ અને ધર્મ બતાવનાર શાસ્ત્ર પણ કડવું ઝેર જેવું જ લાગે. આરસી પોતે ચીજ સારી છે, પણ નાકકટ્ટાને દેખાડીએ તો એને તો એ ફોડવાનું જ મન થાય. વાંદરા પાસે ચાટલું મૂકો તો એ તો ચાટલાંને જ ચપેટા મારે; કારણ કે એને દાંતીયાની ટેવ એટલે પોતાના દાંતીયા ચાટલામાંથી પોતાને જ સામા દેખાય તેવી રીતે જે મિથ્યાત્વી છતાં આરંભાદિકમાં આસક્ત હોય તે તો તે પાપોને જ તત્ત્વ ગણે, તેવાને આગમ બતાવો તો આગમને ધોલ ન મારે તો બીજું શું કરે ? ને તે મિથ્યાત્વ મોહમાં ગાઢ આસક્ત બનેલાને શાસ્ત્ર બતાવો એટલે એને બાળી નાખવાનું કહે તેમાં નવાઈ શી ?

ભાવક્રિયા તે જ કે જે કર્મક્ષયના મુદ્દાથી કરાતી હોય.

શાસ્ત્ર કોનું નામ ? શાસ્ત્રકારે સાફ જણાવ્યું છે કે-

સમ્યગ્ દર્શનાદિ નવા પ્રાપ્ત કરવાના રસ્તા થયા હોય તેના રક્ષણના ઉપાય બતાવે તે શાસ્ત્ર. આ નિરૂક્તિ અર્થ. તેવી રીતે કર્મરૂપી શત્રુને હણે તે અરિહંત એ નિરૂક્તિનો અર્થ. શબ્દાર્થ કે વ્યુત્પત્યર્થ નહીંઃ વ્યુત્પત્તિ અર્થ તો અર્હંતિ દેવતાઓએ કરેલ અશોકાદિ અષ્ટમહાપ્રાતિહાર્યરૂપ પૂજાને લાયક જેઓ થાય તેઓનું નામ અર્હંતિ; શાસ્ત્રકારો પણ જણાવે છે કે 'અર્હન્તિ દેવાદિકૃતામષ્ટ પ્રતિહાર્યપૂજા મિતિ અર્હન્ત' દેવ આદિની કરેલી આઠ અશોકાદિ પ્રતિહાર્યરૂપી પૂજાને જે લાયક તે અર્હન્ કહેવાય છે. આ

સ્થાને પણ દાધારંગા વ્યાકરણ ભણેલાની શી દશા થાય તે વિચારજો ! કેમ કે અર્હંતિ પદનો પૂજે છે એવો અર્થ થાય, તો અર્હંતિ એટલે પૂજનારો અર્હન્ કહેવાવો જોઈએ અર્હ ધાતુથી વર્તમાન કાળનો પ્રત્યય લાવો ત્યારે અર્હન્ શબ્દ બને, અને એ રીતે તો 'પૂજા કરનારો' એવો અર્થવાળો અર્હન્ શબ્દ થાય; દાધારંગાની દશા આ ! જેમ गच्छति એટલે જનારો તે गौ, पचति એટલે રાંધનારો તે पाचक એવી રીતે અર્હન્ એટલે પૂજનારો, આવી વ્યાખ્યા દાધારંગા વ્યાકરણ ભણેલા કરે પણ સત્ય રીતે તો અર્હ ધાતુથી अतृश् લવાયને તે ત્યારે જ લાયક કે જ્યારે સ્તવવા લાયક અર્થ લાવવો હોય કારણ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યજી કહે છે કે 'सुरद्विषार्हः सत्रिशत्रुस्तुत्ये' આ ઉપરથી સ્પષ્ટ થયું કે પૂજાને જે લાયક છે તેઓને જ અરિહંત કહી શકાય આ પૂજાર્થના 'અર્હ' ધાતુથી થતો અર્થ કેમ છુપાઈ ગયો છે ? દરેક સ્થળે કર્મને હણનાર અરિહંત કહેવાય છે, પણ 'પૂજાને લાયક' આ અર્થ કેમ વધારે બોલવામાં નથી આવતો ? આના જવાબમાં એટલું જ જણાવવાનું કે આ અર્થ ઘણા ભાગે ભાષાન્તર કરનારા લઈ બેઠા છે, શાસ્ત્રકારો પહેલા અર્થ તો અશોકાદિ પ્રાતિહાર્યની પૂજાને લાયક તે અર્હન એમ કહે છે; ચાહે નવકાર અર્થમાં કે નમુત્થુણં ના અર્થમાં લ્યો પણ બધી જગા પર શબ્દાર્થ તરીકે પૂજાને લાયક હોય તેનું નામ જ અર્હન જણાવ્યું છે. કદાચ કોઈ કહે કે અર્હન નો એ અર્થ ભલે થાય પણ અમારે તો અહિં અરિહંત શબ્દ છે, પ્રાકૃત વ્યાકરણને ન ભણનાર આ અર્ધદગ્ધો ગણાય કેમ કે પ્રાકૃતમાં ચોખ્ખું સૂત્ર છે કે 'उच्चार्हति' એટલે 'અર્હત્ શબ્દના સંયુક્ત વ્યજનમાં પહેલાં વ્યંજનમાં અ, ઈ, ઉ ત્રણે દાખલ થાય. એકજ અર્હત શબ્દથી 'અરૂહંત, અરિહંત અરહંત' ત્રણે શબ્દ સિદ્ધ થાય; જે દેવ પૂજાને લાયક તે અરિહંત કહેવાય છતાં નિરૂક્તિથી કર્મ શત્રુને હણનાર તે અરિહંત કહેવાય. શત્રુ શબ્દથી જૈનશાસનને માનનારો કોઈ પણ મનુષ્ય કર્મ જ સમજે, કર્મને હણવાં એ જ ધ્યેય રાખે તો તે મનુષ્ય ભાવ નમસ્કારવાળો ગણાય એ ઉપરથી દરેક ક્રિયા ભાવથી કોને ગણવી ? કર્મક્ષયના મુદ્દાથી જે ક્રિયા કરાય તેનું નામ ભાવક્રિયા. કર્મક્ષયના મુદ્દા વગર તેનું નામ દ્રવ્યક્રિયા ભાવક્રિયાનો મુદ્દો ક્યાં ? કર્મક્ષય ! જૈનશાસનમાં તમામ ક્રિયાઓમાં એક જ કર્મક્ષયનો મુદ્દો છે, અને આ મુદ્દાવાળાને સમ્યગ્દર્શનાદિ ચારગુણોની પ્રાપ્તિ થાય નવકારમાં આ ચારનું કારણ તરીકે ફળ જણાવ્યું જ્યારે નવપદમાં કાર્ય તરીકે ફલ જણાવ્યું છે. સમ્યગ્દર્શનાદિ ચારે ફળ છે. અરિહંતાદિ પાંચેનું આરાધન પણ સમ્યગ્દર્શનાદિ ચાર માટે છે ત્રણે તરફથી એક પોઈંટ (મુદ્દા) પર આવ્યા, અરિહંતાદિને આરાધવા શા માટે ? એમનામાં સમ્યગ્દર્શનાદિ છે માટે અત્યારે મેળવવું છે શું ? સમ્યગ્દર્શનાદિ, ચાર મળ્યા પછી હવે શા માટે ઉદ્યમ કરો છો? પરમ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરવા માટે!

જો સમ્યગ્દર્શનાદિ ચારને ચૂક્યા તો ચકરાવે ચડ્યા !

આરાધ્યમાં કારણ ચાર, આરાધવામાં અનંતર તેમજ પરંપર હેતુ પણ આ ચાર માટે આ ચારથી જો ચૂક્યા તો ચક્કરમાં ગયા. પાંચે પરમેષ્ઠિની આરાધના કરવામાં પણ જો આ ચારને ચૂક્યા તો એ આરાધના પણ દ્રવ્ય આરાધના જાણવી ભાવ આરાધનાની જડ આ ચાર (સમ્યગ્દર્શનાદિ) છે, નવકારમાં કર્મક્ષયનો મુદ્દો હતો પણ અહીં સાધ્યની સિદ્ધિ રૂપે મુદ્દો સ્પષ્ટપણે જણાવ્યો છે. આ વિચારથી નવકારમાં અને નવપદમાં લગીર પણ ફરક પડશે નહીં, ત્યાં નવકારમાં જ્યારે પાપનો નાશ અને

મંગળની પ્રાપ્તિ રૂપ ફળ કહ્યાં ત્યારે અહીં તે સાક્ષાત્ કહ્યા. આપણે એ ચારને જ ધર્મ કહીએ છીએ.

તીર્થંકરની પૂજામાં, તેમનામાં રહેલા ગુણોનું બહુમાન થાય છે માટે આટલી છજીવનિકાયની વિરાધના થતાં પણ લાભ માનીએ છીએ. તમે સાધુની સામા જાઓ છોને ! રસ્તામાં કોઈ જીવની વિરાધના નહીં થતી હોય ? તે લાભ શામાં માન્યો ? સાધુના જ્ઞાન દર્શન ચારિત્ર ગુણોના અનુમોદનમાં-ભક્તિમાં ! (સભામાંથી-પ્રત્યક્ષથી નુકસાન છે.) જૈન તો પ્રત્યક્ષ પરોક્ષ બન્ને પર ધ્યાન આપે ઈન્દ્રિય પ્રત્યક્ષ કરતાં અતીન્દ્રિય પ્રત્યક્ષ અનંન્તગુણું હોય છે ને અતીન્દ્રિય જ્ઞાનીનું કથન તે આપણને પરોક્ષ પ્રમાણ છે, માટે પરોક્ષને આધારે જ આરાધના છે. સાધર્મીને પાણી પાઓ ત્યાં દેખાવમાં અપકાયની વિરાધના થઈ, પણ સાધર્મીની ભક્તિ થઈ એમાં કલ્યાણ માન્યું, વારૂ ! શ્રી સિદ્ધાચલજી ઉપર કુંડો મિથ્યાત્વીઓએ કરાવ્યા કે શ્રાવકોએ ? જો તે શ્રાવકોએ કરાવ્યા તો તે દુર્ગતિ ધારીને કે સદ્ગતિ ધારીને ? એ કુંડોમાં હમેશાં જીવો ઉત્પન્ન થવાના, મરવાના તો ખરા જ ને ! લીલજૂલ થવાની જ ! શ્રાવકોની સાથે બીજા લોકો પણ એ કુંડનો ઉપયોગ કરવાના તીર્થમાં આવું કરાવનારની ત્યારે શી ગતિ ? તીર્થસ્થાને કરેલું પાપ તો વળી વજ્રલેપ સમાન ગણાયને ! પણ ત્યાં બુદ્ધિ એ છે કે પોતાના સમ્યગ્દર્શન જ્ઞાનવાળા ભાઈઓને લગીર પણ દુઃખ થવું જોઈએ નહીં ! ગુરુની સામે જવામાં તેમજ સાધર્મિકના સન્માન વિગેરેમાં થતા આરંભને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિલાભમાં આત્માને નુકસાનકારક ન ગણ્યો ને ઉડાવી દીધો. શ્રી અરિહંતની ભક્તિમાં પણ કરીએ બધું પણ જો સમ્યગ્દર્શનનો સૂસવાટો સરખોયે ન હોય તો વલે શી ? ધર્મ વધે કે નહીં ? પણ 'શ્રાવકો વધારો' આવું માત્ર કહેનારા કઈ રીતે માર્ગમાં આવવાના ? શ્રાવકને દરેક ક્રિયામાં ધ્યેય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું હોવું જોઈએ. ભક્તિમાં ઉદ્દેશ્ય રૂપ આ જ હોવું જોઈએ. આ ચાર પદ (દર્શનાદિ) ને ધર્મ કહીએ છીએ. દાન, શીલ, તપ, ભાવ એ ચાર પ્રવૃત્તિમય હોવાથી કારણરૂપે છે, ધ્યેયરૂપે નથી, જ્યારે દર્શનાદિ ચાર આત્મસ્વરૂપ હોવાથી ધ્યેયરૂપે છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર સાંપડ્યા છતાં તપ વિના 'ગઢવી ઘેરના ઘેર જ !

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મળ્યાં પણ ચોથું જો તપ નામનું પદ ન મળે તો 'ગઢવી ઘેરના ઘેર' એવું થાય. શ્રી તીર્થંકર મહારાજે દીક્ષા લીધી તે વખતે તેમનામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હતાં કે નહીં ? પણ તપસ્યામાં સાડી બાર વર્ષ કેમ પસાર થયાં ? શ્રી ઋષભદેવજી ભગવાનને કેવળ જ્ઞાનની પ્રાપ્તિમાં દીક્ષા પછી હજાર વર્ષ સુધી રાહ કોની જોવાઈ ? કદાચ કહેશો કે ભવસ્થિતિ નહોતી પાકી, પણ ભવસ્થિતિ પાકે કોનાથી ? જો માત્ર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી જ તે પાકતી હોય તો દીક્ષાની સાથે મનઃપર્યવજ્ઞાનની માફક કેવળજ્ઞાન થવું જોઈએ પણ તે નથી થયું, કારણ કે તપનો તડાકો લાગ્યો નથી. અર્થાત્ તીવ્ર તપ વગર કૈવલ્યાદિ ઓળખાતા નથી. ચારિત્ર શબ્દથી ચારિત્રમોહનીયના ક્ષયોપશમાદિ જન્ય જે ગુણો તે લઈએ છીએ, પણ આશ્રવદ્વારોનો રોધ એ જ ચારિત્ર એવો અર્થ લઈએ તો મોક્ષ સુધી ફાવશે. ક્ષાયિકદર્શન, જ્ઞાન, ચારિત્ર કેવળીને થયાં છે છતાં મોક્ષ કેમ નથી થતો ? ત્યાં

ચારિત્ર શબ્દનો અર્થ સર્વ આશ્રવનારોધ સુધી લેવો. અશુભ ક્રિયાનો ત્યાગ ને શુભમાં પ્રવૃત્તિ તે ચારિત્ર લઈએ તો કેવળી ભગવાનને દર્શન, જ્ઞાન, ચારિત્ર પૂર્ણપણે પ્રાપ્ત થયા છતાં અધુરાપણું તપના તડાકાનું જ છે. કેવળજ્ઞાનીને પણ મોક્ષ મેળવવામાં તપનો તડાકો બાકી છે, શુકલધ્યાન એ તપમાં છે. એ શુકલધ્યાનનો ત્રીજો ચોથો પાયો આવ્યો કે તરત મોક્ષ !, જો કે પાંચ આશ્રવ તથા કષાય રોકાય તે ચારિત્ર કહેવાય પણ અહીં લીધેલ જોગરૂપ આશ્રવનો રોધ ક્યા ચારિત્રમાં ? સામાયિક, છેદોપસ્થાપનીય પરિહારવિશુદ્ધિ સૂક્ષ્મસંપરાય કે યથાખ્યાતમાં ?, એ યોગના આશ્રવને રોકવો જેટલો બાકી રહ્યો તેટલા પૂરતો સંવર બાકી યોગ રોકાઈ જાય ત્યારે પછી જ ચોથો પાયો આવે.

ઘોર અંધકારને (કર્મતિમિરને) દૂર કરવામાં તપરૂપ અદ્વિતીય સૂર્ય જ સમર્થ છે.

વર્તન વગરનું એકલું સમ્યગ્દર્શન દરિદ્રીના મનોરથ જેવું છે, કૂવાની છાંયડી જેવું છે, સમ્યગ્જ્ઞાન તો ગોખલામાં પડેલા દીવા જેવું છે, સમ્યક્ ચારિત્રથી બારણાં બંધ થવાથી નવો કચરો આવતો બંધ થયો, પણ આવેલા-એકઠા થયેલા કચરાને કાઢવાની તાકાત એ ત્રણેમાં એકકેની નથી. એ તાકાત તો તપમાં જ છે. એ કચરો દૂર કરવાનું ઔષધ કેવળ તપ જ છે. એક કેવળી કેવળજ્ઞાન પામી અંતર્મુહૂર્તમાં મોક્ષે જાય, બીજા દેશોને ક્રોડ વર્ષ પછી મોક્ષે જાય, તેમાં કારણ કોણ ? ઉપર મુજબ મોક્ષ તથા કેવળજ્ઞાનનું મુખ્ય કારણ તપ ગણાયું ને તે વ્યાજબી જ છે. આ જીવને સજ્જડ કર્મો વળગેલા છે, અને તેનો નાશ કરવા માટે તપની જરૂર કર્મવાળા સર્વ જીવોને છે આ ઉપરથી હવે બૌધ્ધે કરેલી મશ્કરી ધ્યાનમાં લેજો ! આપણા સાધુઓ આતાપના કરતા હતા, ત્યાં બૌધ્ધે પૂછ્યું કે 'આ શું કરો છ ? સાધુએ કહ્યું-'અમે તપશ્ચર્યા કરીએ છીએ. ફરી પૂછ્યું', કોના કહેવાથી તપ કરો છો ? ઉત્તરમાં જણાવ્યું કે ભગવાન શ્રી મહાવીરદેવે એ ફરમાવી છે' તેમણે આ તપસ્યા શા માટે કહી છે ?; ઉત્તર મળ્યો કે 'તેઓશ્રીએ કર્મના ક્ષય માટે આ તપસ્યા ફરમાવી છે.' આ સીધી વાતમાં જે સમજુ હોય તેને આડા જવાનું કારણ નહોતું; પણ કોયલો ગમે તેટલો સાબુથી ધોવાય પણ ઊજળો ન થાય, તેમ મિથ્યાત્વ મોહનીયવાળા જીવો ગમે તેટલું સારું દેખે તો પણ ઊજળા ન થાય, તેમ મિથ્યાત્વ મોહનીયવાળા જીવો ગમે તેટલું સારું દેખે તો પણ તે સારાપણાથી તેનાં આત્માને ફાયદો ન થાય. આથી તે બૌદ્ધોએ કહ્યું કે-'જૈનોમાં શું બધા પાપી જ જન્મે છે કે જેથી તીર્થંકરોને પાપક્ષય કરવાના ઉપાય બતાવવા પડ્યાં?' ખુલ્લી વાત છે કે જેઓને સર્વજ્ઞપણું નથી આવ્યું, ત્યાં સુધી તે બધાને પાપનો ઉદય છે જ. પણ એ બુદ્ધને તપનો તડાકો ન ફાવ્યો, તેથી તતડી ગયો, ને તેથી તપ કરનારને એ પાપી કહેવા લાગ્યો! બુદ્ધ ચરિત્ર લખતાં અશ્વઘોષ જણાવે છે કે-'પહેલાં બુધ્ધે ઘણી તપશ્ચર્યા કરી, એનું શરીર લાકડી જેવું થઈ ગયું. જ્યારે તે નિરંજના નદીને કાંઠે આવ્યો, ત્યાં અનો વિચાર પલટાયો હવે એને તપ દુઃખરૂપ લાગ્યું; પછી એણે નદીમાં ડૂબકી મારી નદીમાં સ્નાન કર્યું. આથી એની સાથે રહેનારા

પાંચ સાધુઓએ એને છોડી (તજી) દીધો. આવી રીતે બીજાઓ પણ તપથી કંટાળીને તપસ્વીઓની નિંદા જ કરે, પણ કર્મક્ષયના અર્થિઓને તો તપસ્યા સિવાય કર્મક્ષયનું પ્રબળ સાધન જ નથી કેટલાક એમ કહે છે કે-'અમારા આત્મામાં કર્મ છે કે નહીં તે અમને માલૂમ કે તમને ?' ઊંઘી જાય તે વખત અંધારું છે એ માલુમ છે ? જેમ અંધારાના પુદ્‌ગલો ઉલેચાતા નથી તેવી રીતે કર્મના પુદ્‌ગલો ચૂર્ણ પરિણામવાળા લાગેલા છે; તે ઘોર અંધારાને સૂર્યનું બિંબ ક્ષણમાં દૂર કરે છે. હજારો દીપકોથી તે દૂર નહીં થાય દર્શન એ રત્નદીપક છે, જ્ઞાન પ્રકાશક છે, ચારિત્ર એટલે અશુભથી નિવૃત્તિને શુભની પ્રવૃત્તિ રૂપ સ્થાન છે પણ જુના કર્મ દૂર કરવામાં સમર્થ માત્ર તપ જ છે. ઘોર તિમિર દૂર કરનાર સૂર્ય સમાન તો માત્ર તપ જ છે. સૂર્ય બાર સંક્રાંતિમાં ફરતો હોવાથી જેમ બાર રૂપે માનવામાં આવ્યો છે, તેવી રીતે તપ પણ બાર ભેદ રૂપી બાર અંગને ધારણ કરનારો છે. સૂર્યમાં મોટો અવગુણ છે, જે ચીજ તેના સંજોગમાં આવે તેને તે ઠારે નહીં પણ તપાવે પણ તપશ્ચર્યારૂપ સૂર્ય કે જે અનશન આદિ બાર ભેદરૂપ ધારણ કરનારો છે તે તો કષાયરૂપ તાપને ખસેડી નાખે છે. આવા તપને તમે હમેશાં આચરો ! આખો દસ્તાવેજ લખો પણ સહી કરાવતાં ભૂલે તેમ તપરૂપ દસ્તાવેજમાં નિષ્કષાયપણારૂપ સહીને ભૂલશો નહીં! કષાયરૂપ તાપ વગરનો જ તપ કર્મ ક્ષય માટે કરો, તેમાં અકષાયતારૂપ સહી કરાવવી ભૂલશો નહીં! ક્રોધાદિકષાયો જે, રોકવા છતાં જો જો! નિયાણામાં ફસાઈ જતા નહીં ! જો તેમાં ફસાઈ ગયા તો પણ સહી વગરનો દસ્તાવેજ સમજજો ઐહિક ઇચ્છા વગર, નિયાણા વગર પારલૌકિક પણ પૌદ્‌ગલિક સુખની ઇચ્છા વગર સૂર્ય જેવા તપનું આચરણ કરો !

એવી રીતે શ્રી નવેપદનું આરાધન તલ્લીનપણે કરનાર મુમુક્ષુઓ શાશ્વત સુખને સહેલાઈથી પામશે.

સમાલોચના

(નોંધઃ- દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક પત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો, આક્ષેપો, અને જિજ્ઞાસાના સમાધાનો અત્રે છે.)

આચાર પ્રકલ્પ એ નીશીથસૂત્રનું બીજું નામ છે, તેમાં અગ્યારમે ઉદ્દેશે દીક્ષા અને વડી દીક્ષાનો અધિકાર છે; તેમાં દીક્ષાને અંગે ૧ ગોચરી, ૨ અચિત્ત ભોજન, ૩ અસ્નાન, ૪ ભૂમિશય્યા, ૫ કેશલોચનો અંગિકાર છે બાકી છકાય જીવની રક્ષા વિગેરેની પરીક્ષા દીક્ષા પછી અને વડી દીક્ષા પહેલાં જણાવેલી છે.

વસુદેવ હિંડી કરતાં જુદા રૂપે શ્રી નેમિચરિત્રમાં શ્રી કૃષ્ણ મહારાજના પાંચ ભવ કહ્યા છે.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન.

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૨૮૯- જાનુ પ્રમાણ ફૂલો ચારે બાજુ હોય તે પર થઈને ભગવાન તથા સાધુ શું સમવસરણમાં બેસતા હશે?

સમાધાન- જેમ સંયમના રક્ષણ માટે વિહારમાં કે ગુરુવંદનાદિ માટે જવામાં નદી આદિ ઊતરવાનું થાય છે તેમ સમવસરણમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની અત્યંત વૃદ્ધિ હોવાથી અને આજાનુપુષ્પ સિવાયની કોઈ જગ્યા આખી સમવસરણ ભૂમિમાં ન હોવાથી ભગવાન જિનેશ્વરની દેશના સાંભળવા સાધુઓ બેસે તેમાં આશ્ચર્ય શું ?

પ્રશ્ન ૨૯૦- કેવળી ભગવંતો સમવસરણમાં પ્રભુને વંદન કરતા નથી છતાં પ્રદક્ષિણા ફરે તેનું કારણ શું ?

સમાધાન- જેમ તીર્થંકર મહારાજા ધર્મપીઠને પ્રદક્ષિણા કરીને સિંહાસન ઉપર બેસે છે તેમ કેવળી ભગવંતો પણ માત્ર રીતિને માન આપવાને જ ભગવાન જેમાં બિરાજમાન છે તે ધર્મપીઠને પ્રદક્ષિણા કરીને સમવસરણમાં બેસે છે.

પ્રશ્ન ૨૯૧- તે કેવળી ભગવંતો શું સાંભળવા આવે છે ?

સમાધાન- કેવળી ભગવંતો સમવસરણમાં કંઈ સાંભળવા આવતા નથી, કારણ કે તે ભગવંતો પણ શ્રી જિનેશ્વર મહારાજની માફક જ્ઞાનપૂર્ણ અને અતીન્દ્રિય છે. માત્ર કલ્પ તરીકે તેઓનું સમવસરણમાં આવવું અને બેસવું વિગેરે થાય છે.

પ્રશ્ન ૨૯૨- સમોસરણની રચનાભૂમિથી કેટલેક દૂરથી સાધુઓ આવે અને તે ફરજિયાત કે મરજિયાત ?

સમાધાન- શ્રી જીનેશ્વર મહારાજના વખતમાં સામાન્ય વિહારક્રમ બાર યોજનને ગણાતો હોવાથી સમવસરણ ભૂમિથી બાર યોજનની અંદર રહેલા સાધુઓને જો પ્હેલાં સમવસરણમાં ન આવ્યા હોય તો ફરજિયાત આવવાનું હોય છે ને તેમ છતાં ન આવે તો પ્રાયશ્ચિત જણાવેલ છે. પહેલાં આવેલા લોકો તો ઉમંગથી જ આવે, તેમાં પ્રાયશ્ચિતને સ્થાન ન હોય તેમાં નવાઈ નથી.

પ્રશ્ન ૨૯૩- ગર્ભાપહારની વાત દિગંબરો કેમ માનતા નથી ?

સમાધાન- દિગંબરો ચાલુ આગમોને જ માનતાં નથી તો એ એક ગર્ભાપહારની વાત ન માને તેમાં નવાઈ નથી.

પ્રશ્ન ૨૯૪- રિવાજ અગર રૂઢિની અયોગ્યતા એ શું વસ્તુના વાસ્તવિકસ્વરૂપને અયોગ્યતાના સ્વરૂપમાં સ્પર્શન કરતી નથી ?

સમાધાન- ના ! રિવાજની અયોગ્યતાનું અવલોકન કરીને વસ્તુના વાસ્તવિક સ્વરૂપને નહીં પીછાણનારા વસ્તુને અયોગ્ય કહેવામાં હિમાલય જેવી મહાન, ગંભીર, અને અનર્થકારી ભૂલ કરે છે. રિવાજ અને વસ્તુ એ બે તદ્દન અલગ છે. આ ભૂલ સુધારવા માટે સદ્‌ગુરુઓની શુશ્રૂષાદિ કરવા યોગ્ય છે. જેમ દેવદત્તના વેવિશાળ વિષ્ણુદત્તને ત્યાં થયા, લગ્ન થયા બાદ વિષ્ણુદત્તના ઘેરથી કન્યાને વળાવવા માટે જે રીત રીવાજ કરવા જોઈએ તે તે કન્યાના માબાપે કર્યા નહીં અને કન્યા ઊઠીને દેવદત્તને ત્યાં ચાલી ગઈ, અગર દેવદત્ત પોતાના સાસરેથી લગ્નને અનુસરતી રીતભાત થયા વગર તે સ્ત્રી લઈ આવ્યો અને તે સ્ત્રી પોતાનું ઘર માંડીને રહી. આ દૃષ્ટાંતમાં લગ્નને અનુસરતી રીતભાત અયુક્ત કહી શકશો, પણ લગ્ન અયોગ્ય છે એમ કહેવા કે તે રીતભાત બરોબર થઈ નથી માટે લગ્ન તોડી નાખો અગર લગ્ન ગેરકાયદેસર છે એમ કહેવાને જગતભરમાં કોઈ પણ સમજુ મનુષ્ય તૈયાર થશે નહીં. તેવી રીતે દીક્ષાદિવસ્તુઓ અયોગ્ય નથી. તેની રીતિ કદાચ અયોગ્ય કહી શકો તો તે જુદી વાત છે. દૃષ્ટાંત તરીકે આર્યરક્ષિતસૂરીશ્વરજીની થયેલ દીક્ષામાં આચાર્યને શિષ્યનિષ્ફેટિકા દોષ કહ્યો પણ તે દીક્ષાને અયોગ્ય કહી નહીં તેમજ તે આર્યરક્ષિતજીને સૂરીપુરંદર, પૂર્વધર ભગવાન તરીકે વંદનનમસ્કાર કર્યા નથી એમ નથી પણ તે દીક્ષાથી પ્રભુ શાસનની વૃદ્ધિ થઈ એમ માન્યું છે. અન્યથા તે આર્યરક્ષિતજીને મુનિ, આચાર્ય કે યુગપ્રધાન તરીકે કોઈ માનત નહીં. તેવી જ રીતે તેમના પિતાશ્રીજીને વૃદ્ધાવસ્થાએ દીક્ષા આપીઃ દીક્ષાની વય ઉલ્લંઘન થઈ હતી માટે તેમાં પણ રીતિ અયોગ્ય કહેવાય, પણ તે દીક્ષા અયોગ્ય કહેવાય એમ નથી. પાંચસેં ચોરોને દીક્ષા આપવામાં આવી તે પણ રીતિ અયોગ્ય કદાચ કહેવાય, પણ દીક્ષા અયોગ્ય કહેવાય જ નહીં. આ ઉપરથી આજે દીક્ષા જેવી પરમ પાવન વસ્તુને અયોગ્ય કહેતાં વિચારવાનું છે કે રીતભાત અગર રીવાજ અયોગ્ય કહેવાય અને તે ક્ષમ્ય પણ કદાચ ગણાય પણ **દીક્ષા અયોગ્ય છે એવું કથન કોઈ પણ સ્થળે કર્યું નથી માટે રીતિની અયોગ્યતા માત્રથી દીક્ષાને અયોગ્ય કહેનારા પોતાની ભૂલને સુધારી કલ્યાણ-માર્ગ પ્રત્યે આદરવાળા થાય તો જૈનજનતા કલ્યાણને રસ્તે જલદી આવે.**

પ્રશ્ન ૨૯૫- શ્રાદ્ધાનુસારિ જીવો અને તર્કાનુસારિ જીવોને સમજાવવાની રીતભાત એકસરખી રાખી શકાય કે નહીં ?

સમાધાન- એક સરખી રીતભાત રાખવામાં શાસ્ત્રકારોએ પરમાર્થથી એક સરખો લાભ દેખ્યો નથી જેથી શ્રદ્ધાનુસારિ જીવોના પ્રશ્નના સમાધાન શાસ્ત્રની રીતિ-નીતિ દાખલા દલીલ પુરસ્સર અપાય અને તર્કાનુસારી ઇતર દર્શનકાર બલ્કે શાસ્ત્ર પરત્વે અશ્રદ્ધાળુ જીવોને તેના શાસ્ત્ર પ્રમાણે અગર તે સમજી શકે તેવી બહારની દલીલો, રીતિનીતિ વિગેરેથી સમજાવવામાં આવે.

પ્રશ્ન ૨૯૬- દીક્ષા લેનારને રોકવામાં અગર દીક્ષા લીધેલી હોય તેને દીક્ષા છોડાવવામાં બળાત્કાર વાપરનાર મહામોહનીય કર્મ બાંધે કે જે કર્મ ગણધરાદિક મહાપુરુષોની હત્યા કરવા જેવું અધમ પરિણામવાળું થાય એમ સંભળાય છે તો તત્સંબંધી શાસ્ત્રકારો શું કહે છે?

સમાધાન- શ્રી સમવાયાંગ સૂત્ર પાનું ૫૩ પુંઠી બીજી લીટી ૨૫ થી શરૂઃ-

बहुजनस्य पञ्चषादीनां लोकानां नेतारं नायकं द्वीप इव द्वीपः संसारसागरगतानामाश्वासस्थानं अथवा दीप इव दीपोऽज्ञानान्धकारावृतबुद्धिदृष्टिप्रसराणां शरीरिणां हेयोपादेयवस्तुस्तोमप्रकाशकत्वात् तं, अत एव त्राणं-आपद्रक्षणं प्राणिनमेतादृशं यादृशा गणधरादयो भवन्ति, नवरं प्रावचनिकादिपुरुषं हत्वा महामोहं प्रकारोतीति सप्तदशं १७ । उपस्थितं प्रव्रज्यायां-प्रविव्रजिषुमित्यर्थः प्रतिविरतं सावद्ययोगेभ्यो निवृत्त प्रव्रजितमेवेत्यर्थः संयतं साधुं सुतपस्विनं तपांसि कृतवन्तं, शोभनं वा तपःश्रितं-आश्रितं, क्वचित् जे भिक्खुं जगजीवणं तिपाठः, तत्र जगन्ति-जंगमानि अहिंसकत्वेन जीवयतीति जगज्जीवनस्तं, विविधैः प्रकारैः रुपक्रम्याक्रम्य व्यपक्रम्य बलादित्यर्थः धर्मात्-श्रुतचारित्रलक्षणादभंशयति यः स महामोहं प्रकरोतीति अष्टादशं १८ ।

બહુજન એટલે ઘણા પાંચ છ આદિ લોકોના (સાધુના) નેતા=નાયક સંસારસમુદ્રમાં પડેલાને આશ્વાસ સ્થાન રૂપ, દ્વીપની જેમ દ્વીપ જેવા, અથવા દીપકની જેમ એટલે જેમ દીપક, અજ્ઞાનરૂપ અંધકારથી અવરાઈ ગયેલ છે બુદ્ધિરૂપી દૃષ્ટિના પ્રસારો જેના એવા, શરીરધારીઓને હેય ઉપાદેય વસ્તુના પ્રકાશ કરનાર હોવાથી, તં=તેમને, આ કારણથી જ ત્રાણ એટલે આપત્કાલમાં પ્રાણીઓનું આવું રક્ષણ કરનાર એવા જેમ ગણધરો આદિ છે. અર્થાત્ પ્રવચનના માલિકને હણીને મહામોહ બાંધે છે. ॥૧૭॥ એવી જ રીતે પ્રવ્રજ્યા પામતો અને પ્રવ્રજ્યા પામવાની ઇચ્છાવાળો પ્રતિવિરત એટલે સાવદ્યયોગોથી વિરામ પામેલો જે સાધુ સતુ પસ્વિનં તપ કરવાવાળો અથવા સારા તપનો આશ્રય કરવાવાળો, જે ભિક્ષુક જગતને અહિંસકપણાથી જીવાડે છે અર્થાત્ જગતને જીવનરૂપ, તેને વિવિધ પ્રકારે બળાત્કારથી એટલે મારે કુટે અથવા ઉપકરણાદિનો નાશ કરીને કે કોઈ પણ પ્રકારે ધર્માત્-શ્રુતચારિત્રલક્ષણ ધર્મથી ભ્રષ્ટ કરે છે તે અઢારમું મહામોહસ્થાન બાંધે છે. ॥૧૮॥

ઉપર પ્રમાણે ચારિત્ર લેનારને કે ચારિત્ર લીધું હોય તેને બળાત્કારથી ચારિત્રથી ચુકવે તેને મહામોહનીય કર્મ બંધાય અને તેથી વર્તમાનના સમ્યક્ત્વાદિ અને ભવિષ્યના સમ્યક્ત્વાદિના લાભનો નાશ થાય એમ સ્પષ્ટ સમજાય છે. શ્રેણિકે અભયકુમારને અને ભરત મહારાજે સુંદરીને દીક્ષામાં રોક્યાં છે પણ ત્યાં બળાત્કાર કર્યો હોય એમ જણાયું નથી. સામાન્ય સ્વજન સ્નેહાદિ ત્યાં કારણ હોય એમ જણાય છે.

પ્રશ્ન ૨૯૭- ઉપધાનમાં પ્રવેશ અને તેની સમાપ્તિ અવસરે માળમાં બોલાતાં ઘીની ઊપજ જ્ઞાનખાતામાં નહીં લઈ જતાં દેવદ્રવ્યમાં કેમ લઈ જવાય છે ?

સમાધાન- ઉપધાન એ જ્ઞાનારાધન અનુષ્ઠાન છે અને તેથી જ્ઞાનખાતામાં જઈ શકે એમ માનતા હો પણ ઉપધાનમાં પ્રવેશથી માંડીને પહેરવા સુધી બધી ક્રિયા સમવસરણ રૂપ નંદી આગળ થાય છે. ક્રિયાઓ પ્રભુ સન્મુખ થતી હોવાથી તે ઊપજ દેવદ્રવ્યમાં લઈ જવી જોઈએ.

પ્રશ્ન ૨૯૮- સ્વપ્નાની ઊપજ ને તેનું ઘી દેવદ્રવ્ય ખાતામાં લઈ જવાની શરૂઆત અમુક વખતથી થઈ છે તો ફેરફાર કેમ ન થઈ શકે ?

સમાધાન- અર્હત્ પરમાત્માની માતાએ સ્વપ્ના દેખ્યાં હતાં એટલે વસ્તુતઃ તેની સર્વ ઉપજ દેવદ્રવ્યમાં જ જવી જોઈએ અર્થાત્ દેવાધિદેવને ઉદ્દેશીને જ આ ઊપજ છે. ધ્યાનમાં રાખવું કે ચ્યવન જન્મ દીક્ષા એ કલ્યાણકો પણ શ્રીઅરિહંત ભગવાનનાં જ છે. ઇંદ્રાદિકોએ શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ પણ ગર્ભાવતારથી જ કરી છે. ચૌદ સ્વરૂપનું દર્શન પણ અર્હદ્ ભગવાન કુખે આવે ત્યારે જ તેઓની માતાને થાય છે. ત્રણ જગતમાં અજવાળું પણ તે ત્રણે કલ્યાણકોમાં થાય છે. માટે ધર્મિષ્ઠોને ભગવાન ગર્ભાવસ્થાથી જ ગણવાના છે.

પ્રશ્ન ૨૯૯- કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીજીએ રચેલા યોગશાસ્ત્રમાં 'जिनो देवो गुरवो यत्र साधवः' ઇત્યાદિ કથનથી પાપસ્થાનકમાં પડેલા શ્રાવકની પ્રશંસા કરી છે, તો તે સાધુથી શું કરી શકાય ?

સમાધાન- યોગશાસ્ત્રમાં શ્રાવકની વાસ્તવિક ચર્યા દેવગુરુની શ્રદ્ધાને અંગે કરી છે. માટે કોઈ પણ જાતનો દોષ ગુણની પ્રશંસા કરવામાં લાગતો જ નથી. ખુદ તીર્થંકર મહારાજે પણ સુલસા રેવતી આદિ શ્રાવિકાઓ અને કામદેવાદિ શ્રાવકોના વ્રત નિયમાદિકમાં અતુલ ધૈર્યતા રૂપ ગુણની પ્રશંસા બાર પર્ષદા વચ્ચે કરી છે, અર્થાત્ ગુણપ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓએ તો જેનામાં નાનામાં નાનો અણું જેટલો પણ જો ગુણ જાણતા હોય તો તેની પ્રશંસા કરવા ચૂકવું જ નહીં, પણ ધ્યાનમાં રાખવું કે મિથ્યાદૃષ્ટિ તો કોઈ દિવસ પ્રશંસા પાત્ર બને નહીં.

પ્રશ્ન ૩૦૦- ચારિત્રની શ્રદ્ધા વગરના જીવને સમ્યક્ત્વ હોઈ શકે ખરું ? જે વર્તમાન સાધુઓને ન માને તે પરમેષ્ઠિને માનનારો કહેવાય ?

સમાધાન- ના ! ચારિત્રની સમ્યક્ શ્રદ્ધા જેને ન હોય તેને સમ્યક્ત્વ સંભવે જ નહીં. ને ભગવાન મહાવીરે પાંચમાં આરામાં એકવીશ હજાર વર્ષ સુધી શાસનને ચારિત્ર કહ્યાં છે માટે વર્તમાન સાધુઓને ન માનનાર પરમેષ્ઠિને માનનાર ગણાય નહીં, સાધુ સંયમના અર્થી હોવા જ જોઈએ.

પ્રશ્ન ૩૦૧- તીર્થંકર નામકર્મ બંધાય ક્યારે અને નિકાચિત ક્યારે થાય ? તે તીર્થંકર નામકર્મની સ્થિતિ કેટલી?

સમાધાન- તીર્થંકર નામકર્મ ઉત્કૃષ્ઠથી અન્તઃ કોટાકોટિ સાગરોપમ બંધાય, અને તીર્થંકર નામકર્મ નિકાચિત તો તીર્થંકરપણાથી પહેલાંના ત્રીજે જ ભવે થાય. તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટથી સ્થિતિ અન્તઃ કોટાકોટિની (એક કોડાકોડિ સાગરોપમથી કંઈક ન્યુન) છે.

પ્રશ્ન ૩૦૨- તીર્થંકર નામકર્મ બંધાયા પછી એ જીવ તિર્યંચમાં જાય કે નહીં ? ને સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય કે નહીં ?

સમાધાન- તીર્થંકર નામકર્મ બંધાયા પછી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ મિથ્યાત્વ ભાવને પણ પામે, તિર્યંચમાં પણ જાય પણ તીર્થંકર નામકર્મનો ઉદય તો વર્તતો જ હોય; તીર્થંકર નામકર્મ ઉદયવાળો જીવ અર્થાત્ ચારે ગતિમાં ઉત્તમ સ્થાનોમાં વર્તતો હોય છે. પણ તે નિકાચીત જો કર્યું હોય તો મનુષ્ય, નરક અને દેવગતિ સિવાય અન્યગતિમાં જાય જ નહીં.

પ્રશ્ન ૩૦૩- સાચા વૈરાગ્યનાં પણ દુઃખગર્ભિતને નામે આજે બણગાં ફૂંકાય છે માટે દુઃખગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ શું છે ?

સમાધાન- કોઈ બાઈનો ધણી મરી જાય ત્યારે તે ઘરેણાં પહેરે નહીં, શારીરિક શુશ્રુષા કરે નહીં, ખાવા પીવાની સુંદરમાં સુંદર વસ્તુઓનો ભોગવટો કરે નહીં, વર્ષો સુધી ખુણામાં બેસી રહે, રાત દિવસ દુઃખમાં ગુજારે; તે જ રીતે સ્ત્રી અગર તેના સંબંધી પાછળ પુરુષ પણ પોતાને યોગ્ય સારી સારી વસ્તુઓનો ત્યાગ કરે, સદા ઉદ્વેગવાળો જ રહે, વેપાર ધંધો કરે નહીં, આ તમામ દુઃખગર્ભિત વૈરાગ્ય ! સાંસારિક આવા વૈરાગ્યથી થતો ત્યાગ તે પણ દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય કારણ કે નાશ પામેલા પદાર્થ પ્રત્યે હૃદયમાં પૂર્ણ પ્રેમ છે. **विगतो रागोऽस्येति विरागः तस्यभावो वैराग्य** સાંસારિક કંઈ કારણ બનવા માત્રથી જે ધર્મ સાધનારો વૈરાગ્ય થાય તેને જ જો સાચો વૈરાગ્ય નથી એમ ગણવામાં આવે તો **विगंतोरागो** ઇત્યાદિ વૈરાગ્ય શબ્દની વ્યુત્પત્તિ ઘટે જ નહીં; અર્થાત્ દુઃખમૂલક અને દુઃખદાયક એવા સંસારથી કાંઈ પણ નિમિત્ત પામીને થતા વૈરાગ્યથી લેવાતી પ્રવ્રજ્યામાં સંસાર પ્રત્યેની લાલસા ચારિત્ર દ્વારાએ સફળ કરવાની હોતી નથી જેથી તે દુઃખગર્ભિત વૈરાગ્ય નથી, પણ કર્મક્ષય કે મોક્ષપ્રાપ્તિની ભાવનાથી તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

પ્રશ્ન ૩૦૪- કયા મુદ્દાએ દુનિયાનો ત્યાગ કરે તો મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય ?

સમાધાન- દેવલોક, રાજામહારાજાપણું, ચક્રવર્તિ વાસુદેવાદિપણું, આદિની ઇચ્છાએ જે સંસારનો ત્યાગ કરી પંચાગ્નિ કષ્ટ કરનારા, જંગલમાં તાપસપણું સ્વીકારીને, નાગરિક સંસર્ગ છોડી દેનારા, પૌદ્ગલિક ઇચ્છાવાળાઓનો વૈરાગ્ય તે મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય.

પ્રશ્ન ૩૦૫- પૂજારી, વિગેરેને ફળ નૈવેદ્યાદિ અપાય તેમાં દેવદ્રવ્યનો દોષ લાગે નહીં ?

સમાધાન- પૂજારી, માલી વિગેરેને મહેનતની નોકરી તરીકે આપવામાં આવે તો દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે નહીં; પણ જો મંદિરમાં કામ કરતો ન હોય અને માત્ર લાજ શરમથી આપવામાં આવે તો પૂજારી વિગેરે અને આપનાર અગર વહીવટ કરનાર બન્નેને અનુક્રમે એકને દેવદ્રવ્યના ભક્ષણનો અને એકને દેવદ્રવ્યના વિનાશની ઉપેક્ષાનો દોષ લાગે છે.

પ્રશ્ન ૩૦૬- જેમ તીર્થંકરોને દીક્ષાની સાથે મનઃપર્યવ જ્ઞાન થાય તેવી રીતે બીજાને દીક્ષાની સાથે મનઃપર્યવજ્ઞાન થાય ખરું ?

સમાધાન- તીર્થંકરોને દીક્ષાની સાથે જ ચોથું જ્ઞાન થાય એવો નિયમ છે તેવી રીતે બીજાને દીક્ષાની

સાથે અન્ય કોઈ જીવને મનઃપર્યવ થઈ જાય એવો નિયમ કોઈ પણ ગ્રંથમાં નથી, પણ કોઈને થાય જ નહીં એમ કહેવાય નહીં. કારણ કે ચારિત્રને મનઃપર્યવને એકીકાલે પ્રાપ્તિ પણ આવશ્યકાદિમાં કહી છે.

પ્રશ્ન ૩૦૭- કષાય, હિંસા તથા મૃષાવાદને ક્યારે ગણી શકાય ?

સમાધાન- જે કષાય ધર્મની ધગશથી દેવ, ગુરુ અને ધર્મ (શાસન) ઉપર થતા આક્રમણોને અટકાવવા બલ્કે દેવાદિને બચાવવા થાય તે સારા પરિણામ સંબંધવાળો હોવાથી ખુશીથી પ્રસસ્ત કષાય ગણી શકાય. તેવી જ રીતે જિનપૂજા આદિકમાં પાણી આદિકના જીવોની જે હિંસા થાય છે તે પણ જિનેશ્વર મહારાજની પૂજા સર્વત્યાગ (ચારિત્ર)ના મુદ્દાએ કરાતી હોવાથી દેખીતી હિંસા છે છતાં પણ પ્રશસ્ત હિંસા ગણાય. મૃગ આદિકને બચાવવા માટે જે મૃષાવાદ બોલાય તે પ્રશસ્ત મૃષાવાદ ગણાય. પણ ધ્યાનમાં રાખવું કે જેમ લાગણીને નિર્જરા સાથે ન્યૂનાધિકપણે સંબંધ છે તેમ આ પ્રાસંગિક કષાય હિંસાને મૃષાવાદની સાથે ન્યૂનાધિકપણે નિર્જરા સાથે સંબંધ નથી.

પ્રશ્ન ૩૦૮- ક્ષાયિક સમ્યક્ત્વવાળો જ જઘન્યથી કેટલે ભવે મોક્ષે જાય ?

સમાધાન- ગુણસ્થાનક્રમારોહ ગ્રંથમાં પણ લખે છે કે જઘન્યથી ક્ષાયિક સમ્યક્ત્વવાળો તે ભવે મોક્ષે જાય ને ઉત્કૃષ્ઠથી જુગલિયામાં જાય તો ચોથે ભવે, ને દેવ ગતી કે નરકમાં જાય તો ત્રીજે ભવે નરકમાં જાય.

પ્રશ્ન ૩૦૯- અખિલ વિશ્વના લોકો મરણથી ડરે છે આ કહેવત સાચી છે ?

સમાધાન- દુનિયાના તમામ લોકો મરણથી ડરે જ છે એ વાત પ્રાયઃસાચી છે, અને પાયા વગરની પણ છે, કારણ કે એક મરણથી બચવા માટે મરણનો ડર ચાલુ છે, અને અનેક પ્રકારનાં આરંભ સમારંભ સાચાં જુઠાં, ચોરી વિગેરે બધા પાપોથી અનંત મરણ કરવાં પડે છે તેવાં કારણો કમર કસીને કર્યે જાય છે, તેથી મરણનો ડર નામ માત્ર છે. એ મરણ વધુ કરવાની વાતની ખબર જ નહીં હોય, પણ જો કોઈ સમજાવે તો પણ કાન આડા હાથ દે ! ! અને સમજેલાઓ મરણની પરંપરા વધે તેવી કાર્યવાહી ધપાવ્યે જ જાય છે, તેથી એક મરણને માટે અનન્તા મરણને એકઠા કરનારા દુનિયાનાં લોકો મરણથી ડરે છે એ કહેવત નામ માત્રથી અંગીકૃત કરેલી છે. તત્વથી વર્તમાન ભવના જ મરણથી ડરે છે.

પ્રશ્ન ૩૧૦- જગતના જીવોએ મરણની બાબતમાં 'ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લા' મૂક્યા છે તે કેવી રીતે ?

સમાધાન- એ કથન પણ અહીં જ લાગુ થાય છે. એક આ ભવના મરણથી બચવા માટે અનેક પ્રકારનાં સાધનો અને તૈયારીઓ લોકોથી રખાય, જ્યારે ભાવિનાં અનન્ત મરણોથી

બચવા માટે શું કરવું એનો સ્વપ્નમાંયે વિચાર સરખો પણ ન થાય તો ત્યાં 'ખાળે ડુચા અને દરવાજા ખુલ્લા' જેવું નહીં તો બીજું શું ?

પ્રશ્ન ૩૧૧- ધર્મ કરવા માટે મળેલી સામગ્રીનો ઉપયોગ નહીં કરતાં 'આવતા ભવમાં ધર્મ કરીશું' એવી ઇચ્છા રાખવી એ બિના ધર્મશાસ્ત્ર અને નીતિથી સંગત છે કે વિરુદ્ધ ?

સમાધાન- પ્રાપ્ત થયેલી ઉત્તમ સામગ્રીનો ઉપયોગ કરવા ઉજમાલ થાય નહીં અને ધર્મ કરવાની ઇચ્છા આવતા ભવમાં ધરાવે એ ઇચ્છા જ નીતિ અને ધર્મથી વિરુદ્ધ છે, કારણ કે નીતિકારો પણ કહે છે.

ધ્રુવાણિ પરિત્યજ્ય, અધ્રુવં પરિષેવ ।

ધ્રુવાણિ તસ્ય નશ્યન્તિ, અધ્રુવં નષ્ટમેવચ ॥

જે નિશ્ચિત વસ્તુ (ધર્મ) ચાલુ ભવમાં સ્થિર એવાને છોડી દઈને અનિશ્ચિત વસ્તુઓને સેવે છે અર્થાત્ ભવિષ્યમાં ધર્મ કરીશું એ ઇચ્છાથી નાશ પામનારી પૌદ્‌ગલિક અસ્થિર વસ્તુઓમાં રાચ્યો માચ્યો રહે છે તે ખરેખર આ ભવમાં કરવાના ધર્મથી અને ભવિષ્યમાં આરાધના વિના ધર્મ મળશે કે નહીં એનો નિશ્ચય ન હોવાથી બંન્નેથી ભ્રષ્ટ થાય.

પ્રશ્ન ૩૧૨ જિન કેટલા પ્રકારના છે ?

સમાધાન- જિન ચાર પ્રકારના છે ૧. પ્રથમ શ્રુતજિન તે દશ પૂર્વધરથી ચૌદ પૂર્વધર સુધીના મુનિઓ, ૨ દ્વિતીય અવધિજિન તે અવધિજ્ઞાનવાળા મુનીશ્વરો વગેરે ૩ તૃતીય મનઃપર્યવજિન તે વિપુલરૂજુમતિ મનઃ પર્યવજ્ઞાનના ધારક, વિશુદ્ધ ચારિત્રધર શ્રમણ નિર્ગ્રંથો, ૪ ચતુર્થ કેવળીજિન તે સામાન્ય કેવલીઓ કહેવાય.

પ્રશ્ન ૩૧૩- તીર્થંકરો જિનેશ્વર શા માટે કહેવાય છે ?

સમાધાન- **जिनानाम जिनेषु वा ईश्वरः इति जिनेश्वरः**) ચાર પ્રકારના જિનોમાં ચોત્રીશ અતિશયને પાંત્રીશ ગુણયુક્તવાણીવાળા હોવાથી ઇશ્વર તે જિનેશ્વર કહેવાય.

* * *

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી. આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે.

સંગ્રાહક ચંદ્રસાગર)

૩૧૨ વિધવા અને મરણના પ્રમાણની સાથે પતિત સાધુઓના આંકડાની સરખામણી કરનાર શાણા સજ્જનો હાલની દીક્ષાપ્રવૃત્તિમાં અટકાવવા જેવું લેશભર નથી એમ હૃદયથી કબૂલ કરે છે.

૩૧૩ "તૂટતું એવું વ્રત પણ ભવિષ્યમાં ભાવ પ્રત્યાખ્યાનનું કારણ છે," એ અક્ષરો વિવેકીઓએ પોતાના હૃદયપટ પર આલેખવા જોઈએ.

૩૧૪ "વ્રત ન લે તે પાપી અને વ્રત લઈને ભાંગે તે મહાપાપી" આવું કથન વ્રત નહીં કરવાની પુષ્ટિ માટે નથી પણ લીધેલાં વ્રતો શુદ્ધ બુદ્ધિથી પાલન કરવા માટે છે.

૩૧૫ વ્રતની તદ્ન વંચિત રહેનારા તેમજ કર્મસંયોગે વ્રતાદિકથી પતિત થનાર આત્માઓને વ્રતારૂઢ કરવાનું કાર્ય ન કરતાં હલકા પાડવાનું સાહસ કરનારાઓ પ્રભુમાર્ગથી સદંતર અજાણ છે.

૩૧૬ "વિશ્વસાઘાતી તે પાપી" આ કહેવતને કથન કરનારાઓ, સંવે પરમાર્થથી પીછાણી શકતા નથી.

૩૧૭ "વિશ્વાસઘાતી મહા પાપી" આ કહેવતને અનુસરી બિલકુલ કોઈને વિશ્વાસ આપવો જ નહીં એવી કાર્યવાહી કરનારો જગતમાં શોધ્યો પણ જડશે નહીં.

૩૧૮ અધર્મે વળેલા આત્માઓ લોકોત્તર સમાજના શ્રેષ્ઠ નાવને નિહાળી શકતા નથી.

૩૧૯ સમજણપૂર્વકનાં સ્નેહલગ્નો તોડનારા અને જોડનારા, સમજણપૂર્વક ભાગીદારી કરીને સેંકડો નાસીપાસીનો સૂર કાઢનારા સંયમના અસ્ખલિત માર્ગની આડે પતનના નામે આવે છે તેઓ વાસ્તવિક વ્યવહારુ રીતિ નીતિને પણ જાણી શકતા નથી.

૩૨૦ પડવાની બીકે નહીં જ ચઢનારા કલ્યાણ સ્થાનમાં નહીં હોવાથી વંધ્યાપુત્રવત્ છે.

૩૨૧ હિતકારી કાર્યોમાં મમત્વભાવ પ્રવેશ કરે ત્યારે તે જ કાર્યો અનર્થકારી લાગે છે બલ્કે જીવન પર્યંત ખટકે છે.

૩૨૨ યોગી અને ભોગીના ભેદ નહીં સમજનારા સ્વ-પર હિત બગાડે છે.

૩૨૩ અવ્યસ્થિત વાતાવરણને અવ્યાબાધ રાખવા માટે પ્રબળ પ્રયત્ન કરનારાઓ ત્યાગીના વ્યવસ્થિત બંધારણનો વિનાશ કરે છે. જ્યાં સ્નેહનાં ઝરણાં હશે ત્યાં જ વેરના વારિપ્રવાહો અસ્ખલિત વહન કરશે એ ભૂલવા જેવું નથી.

૩૨૪ ક્ષુદ્રજીવી અત્માઓને આત્માર્થીઓના માર્ગ સામે આંગળી ચીંધવાનો અધિકાર પણ નથી.

૩૨૫ મર્યાદા બાંધવાને બહાને ફાવે તેમ બોલવા અને લખવા ટેવાયેલાઓએ આજે વાતાવરણને વિષમય બનાવ્યું છે.

૩૨૬ દીક્ષાનો પ્રસંગ પ્રાયઃ મોહમાં મશગુલ બનેલા માનવોને પરિણામે મૂંઝવણમાં મૂકનારો બને છે

૩૨૭ વર્તમાનમાં નુકસાન છતાં પણ ભવિષ્યમાં ફાયદાકારક નીવડશે એવું પરિણામધારી કાર્ય કરનારાઓ દીક્ષાના પ્રસંગને પૂરો અવલોકન કરે તો આજે વિરોધનું નામનિશાન ન રહે, અર્થાત ત્રણલોકમાં કલ્યાણદાયી દીક્ષાપ્રસંગ છે.

૩૨૮ તિજોરી તોડવા બેઠેલા ચોરો પર ધસવું એ ભયંકર લાગે છે પણ તિજોરીનો માલ બચે તે તમને કેટલું ભદ્રંકર લાગે છે ?

૩૨૯ વર્તમાનમાં ભૂલ દેખીને માતા કાંકરી અગર મ્હેણું મારે પણ તે ભવિષ્યમાં લાભદાયી છે એવું આજ્ઞાંકિત પુત્રપુત્રીઓ સ્વીકારે છે.

૩૩૦ ભવિષ્યમાં થનારી ભયંકર ભૂલોથી બચાવવા માટે વર્તમાનમાં વડેરાઓ તમારા પ્રત્યે વાગ્બાણ વરસાવે છે.

૩૩૧ શાસનમાં સર્વમાન્ય થયેલા અમૂલ્ય કોહિનૂરની ગણતરીમાં ગણાયેલા કંઈક પુણ્યાત્માઓ અમોઘ આરાધના કરતાં કરતાં તેઓની વૃતો કર્મવશાત્ તૂટી ગયાં અને તેઓ દુર્ગતિમાં ગયા પણ વસ્તુતઃ તે માતાનો માર છે; બલ્કે તેવાં તૂટતાં વ્રતો પણ દ્રવ્યવ્રત છતાં ભાવપ્રત્યાખ્યાનના કારણભૂત બને છે.

૩૩૨ વ્રત લઈને ભાંગનારા કેટલાક ભવ સુધી રખડવાના છે એ વાત નિઃસંશય છે, પણ એક વાર લીધેલ વૃત એટલે સુધાપાન તે ભાવિમાં જરૂર કલ્યાણ કરનાર નિવડશે.

૩૩૩ સમ્યક્ત્વની ફરસના માત્રથી પડેલા, સમ્યક્ત્વ સહિત જ્ઞાનથી પડેલા, સમ્યક્ત્વ સહિત જ્ઞાનચારિત્રથી પડેલા, સમ્યક્ત્વ નહીં પામેલા અને અનાદિ અનંતકાલથી નિગોદમાં રહેલા આ બધા જીવો નિગોદના સ્થાનમાં આહારદિ સ્થિતિ એક સરખી ભોગવે છે.

૩૩૪ અવસ્થા પૂર્ણ થયા બાદ સમ્યક્ત્વાદિ સામગ્રી ગુમાવીને આવેલા ભાગ્યવાન જીવોને અન્ય નિગોદીઆ જીવો કરતાં મોક્ષને અનુકૂળ સાધનો સુલભતાથી સહેજે પ્રાપ્ત થાય છે, બલ્કે અલ્પકાળે મોક્ષે જાય છે.

૩૩૫ એકવાર લીધેલા વ્રતના પ્રભાવે ચારગતિરૂપ સંસારભવ ભ્રમણ અર્ધપુદ્ગલ પરાવર્તમાં તો જરૂર બંધ થાય છે.

૩૩૬ માતાના મારથી વર્તમાનમાં નુકશાન પણ ભવિષ્યમાં ફાયદો. તેવી જ રીતે વ્રતથી પડેલો દુર્ગતિ આદિ દુઃખ ભોગવે પણ અંતે અર્ધપુદ્ગલ પરાવર્તની જ તેનો ઉદ્ધાર જરૂર થવાનો તે વાત નિઃસંદેહ છે.

૩૩૭ વ્રત લઈને ભંગ ન જ થાય તે માટે પૂરતા સાવચેત રહેવું કારણ કે પરિણામે દુર્ગતિ છે છતાં કર્મવશાત્ પડી જવાય તોએ અર્ધપુદ્ગલ પરાવર્તની જ ચિંતા. પણ વ્રત લીધા પછી "પડી જવાય તો મહાપાપી થવાય" તેવા ભય માત્રથી વ્રત નહીં લેવાની વાતો કરનારાઓને તો અનંતોકાલ સંસારમાં જ ભટકવાનું છે.

૩૩૮ વ્રતની વિરાધનાના અંગે મંગુ આચાર્ય અનાર્યમાં ઉત્પન્ન થાય, અને અંતે તેજ વ્રતના પ્રભાવે સદ્ગતિ પણ પામ્યા.

૩૩૯ કર્મવશાત્ તૂટતું એવું વ્રત પણ ભવિષ્યમાં ભાવપ્રત્યાખ્યાનનું પરમ કારણ થાય છે.

૩૪૦ ભાંગી તૂટી લાકડી પણ હાંલ્લા ફોડવાનું કામ કરે છે, ખોડી બિલાડી પણ અપશુકન કર્યા વિના રહેતી નથી. તેમજ કર્મવશાત્ ખંડિત થયેલું વ્રત પણ કર્મનું નિકંદન કરવામાં કારણભૂત છે.

૩૪૧ પીળું તેટલું સોનું નહીં તેમ અગ્નિ પાસે પડી રહેલ પીત્તળ પણ સોનું નહીં પણ અગ્નિ પડે છતાં પોતાનો રંગ પલટે નહીં તે જ સુવર્ણ તેવી રીતે ધર્મી પણ અનેકાનેક વિકટ પ્રસંગમાં પણ ધર્મરંગથી વિમુખ ન બને.

* * *

શ્રી સિદ્ધચક્રની સાધના !!!

(લેખક-રા. ચુનીલાલ. છાવણીવાળા.)

સંસારના સાણસામાંથી સદંતર છૂટવું હોય તો **શ્રી સિદ્ધચક્રની સાધના કરો !**

સંસારરૂપી શૂળીમાં વારંવાર વિંધાવાની વિષમ વેદનાથી વિમુકત થવું હોય તો **શ્રી સિદ્ધચક્રની સાધના કરવામાં થતા પ્રમાદને પરિહરો !**

સંસારરૂપી ભયંકર દાવાનળથી ઉગરવાનો આરો (શરણ) એકજ **શ્રી સિદ્ધચક્રની સાધના છે.**

સર્વાંગસુંદર સિદ્ધિસંપ્રાપ્તિ કરવાનું સર્વોત્કૃષ્ટ સાધન **શ્રી સિદ્ધચક્રની સાધના જ છે.**

શ્રી સિદ્ધચક્રની સાધના વક્રગતિથી બચાવી જીવ માટે શિવ (સિદ્ધિ) પુનઃ ગવનાર્થે નિષ્કંટક સીધી સડક સંયોજે છે; માર્ગમાં વિશ્રામ (સદ્ગતિ), તત્ર જોઈ તો સરંજામ (સાનુકુલ સામ્રગી) આદિની સારસંભાળ પણ એ જ રાખે છે અર્થાત્ શ્રી સિદ્ધચક્રનો સાધક સંસારમાં પણ ઈહલૌકિક કલેશને લેશ પણ અનુભવ્યા વિના તે સુખની વાનગી ચાખે છે કે જે શાશ્વત સખુનો છેલ્લે પોતે અધિકારી (ભોકતા) બને છે.

સુખનો વીમો ઉતરાવવા જગતમાં સદ્ધરમાં સદ્ધર સ્થળ એક જ **શ્રી સિદ્ધચક્ર જ છે! લવાજમ માત્ર અસ્ખલિત સાધના જ છે!**

રાગદ્વષને દફે (નિર્મૂળ) કરનાર, ચાર ગતિના ચકકરનો ચૂરો કરનારા, ભવશ્રૃંખલાને શીર્ણવિશીર્ણ કરનાર **શ્રી સિદ્ધચક્રની સાધનામાં ક્ષણની પણ સ્ખલના ક્ષંતવ્ય નથીઃ યતઃક્ષણ લાખેણી જાય.**

કહે છે કે અખતરાઓનો આ જમાનો છે; ભલા ભાઈ! અનાદિકાલથી અખતરાઓ તો ચાલુ જ છેને ! અનંત અખતરાઓ (દરેક) અનંતવાર કરવા છતાં અંત આવ્યો ? ચાલુ અથડામણી એ અખતરઓને જ આભારી છે. એ તે અખતરા કે ખતરા ? એક વાર **શ્રી સિદ્ધચક્રની સાધનાનો અખતરો કરી-તો જો !**

શ્રી સિદ્ધચક્રની સાધનામાં સમર્પાયેલો સમયજ સફળ છે; નાણું અને નારીના નાટકમાં નિર્ગમન થતું જીવન નિષ્ફળ છે.

સ્નેહ અને સગાઈઓના સંબંધ સંકડો, સહસ્ત્ર, સુમાર વિનાના, કહો કે સંખ્યાતીત સાંધ્યા પણ સારમાં શું ? ૦ (શૂન્ય) માત્ર શૂન્ય જ નહીં પણ સંખ્યાતીત સંકટ કંટકોની કાયમની કદર્થના ! એક વાર **શ્રી સિદ્ધચક્રથી સ્નેહ સાંધી તો જો!**

વિદ્યાઓ, મંત્રો વિગેરે ઘણા સાધ્યા, 'માથા સાટે માલ' એમ માની ભૂતાવલનો ભય વ્હોરી શ્મશાનમાં જઈને સાધ્યા પણ સાધ્યું શું ? સ્મશાનની રાખ ? સંસારમાં સાધવા યોગ્ય **શ્રી સિદ્ધચક્ર જ છે.** એમાં માથું મેલવાની મૂર્ખાઈ નથી પણ શિર શરીર વિગેરે સર્વ સલામત રહેવા સાથે **માલ મળે છે; મેળવવાનું મન થાય છે? તો કર સાધના! !**

દામ પાછળ દીવાનો થયો, રમા અને રામા બન્ને પાછળ રખવાયો થયો, પૌદ્ગણિક પદાર્થો માત્ર પાછળ પાગલ થયો, વિષયો માટે વિહલ થયો, મહદાશ્ચર્ય તો એ કે આ તમામ ને પ્રગતિના પ્રયત્નો માન્ય ! પ્રગતિ પ્રગટી ? પીલવાનાં પ્રત્યક્ષ પરિણામ છતાંયે તેમાં પ્રગતિની માન્યતા એ જ પાગલપણાની પરકાષ્ઠા ? પ્રગતિજ પ્રાપ્ત કરવી હોય તો પ્રાતઃ સ્મરણીય પરમેષ્ઠી પંચકને પ્રેમથી (અવંચક ભાવે) પૂજ, જેમાં શ્રી પરમેષ્ઠિ પંચક તથા દર્શનાદિ ચતુષ્ટ વિરાજમાન છે એવા **શ્રી સિદ્ધચક્રની સાધના કર!**

સાંચુ સ્વરાજય શ્રી સિદ્ધચક્રની સાધનામાંજ છે.

સુજ્ઞેષુ કિં બહુના ! અસાર સંસારમાં સારભુત એક જ **શ્રી સિદ્ધચક્રની સાધના છે !** મળેલી સામગ્રીઓની સફલતા એમાં જ છે!

નવપદજીની નિત્ય આરાધના એ જ **શ્રી સિદ્ધચક્રની સાધના છે,** એમાં જ તત્ત્વત્રયીની ઉપાસના છે.

પાંચે પરમેષ્ઠી સર્વવિરતિધર છે. સર્વવિરતિનાં સત્કાર સન્માન એ **શ્રી સિદ્ધચક્રની સાધના છે,** સર્વવિરતિની ઉપેક્ષા, વિરોધ વિગેરે **શ્રી સિદ્ધચક્રની વિરાધના છે.**

આનંદને અનુભવવો છે ? સ્વરૂપાનંદસાગરમાં ઝીલવું છે ? ભયંકર ભવાટવીના પરિભ્રમણને ટાળવું છે ? તો સો વાતની એક વાત કે એકાંત સ્વ-પર કલ્યાણપ્રદ, શાશ્વત્ પદપ્રદાયક **શ્રી સિદ્ધચક્રની સાધનામાં ઓતપ્રોત થવું!!!**

મશહૂર ઝવેરી !!!

રત્નાકર શબ્દ સાંભળીને રત્નના અર્થીઓ સમુદ્રની સપાટી પર સ્હેલ કરવા નીકળે, ચોવીશ કલાક ફરે, અને સમુદ્ર તરફ ધારી ધારીને એકીટસે જોયા કરે છતાં રત્નનો અર્થી અમૂલ્ય રત્નો પ્રાપ્ત કરી શકતોજ નથી તેવીજ રીતે અનંત અપૂર્વ રત્નોથી ભરપુર એવું દુર્લભ આ માનવ-જીવન છે એ શબ્દ શ્રવણ માત્રથી શરીર સુશ્રુષામાં પડેલાઓ, જીવન નિર્વાહના સાધનમાં જીવન શ્રેય માનવાવાળાઓ, ચોવીશે કલાક સારીયે જિંદગીમાં કાયા, કુટુંબ, કામિની, કંચન અને કીર્તિની પાછળ કારમી કાર્યવાહી કરનારાઓ, સૃષ્ટિમાં કુન્હેબાજના અણઘટતા ઈલ્કાબોથી મશહૂર બનેલાઓ શરીર તરફ, શરીરની પાંચ ઇંદ્રીયો તરફ, શરીરના કરોડો રૂવાંટા તરફ બલ્કે શરીરની સારીયે રચનાનું નિરીક્ષણ નિરંતર કરે છતાં એ અદૃશ્ય અરૂપી અનંત રત્નોથી ભરપુર અનુપમ નિધાન પામતા નથી, પામ્યા નથી અને પામશે પણ નહીં જ.

એ પ્રાપ્તિ માટે તો જેમ સમુદ્રમાંથી રત્ન પ્રાપ્ત કરનારાઓ હજારો માઈલ ઉંડાણમાં જવાનું પસંદ કરે, ઝેરી જાનવરના ઝપાટામાંથી બચી જવાની ઝંખનાઓ કરે, મોતના પંજામાંથી પંસાર થવા માટે શ્વાસ રૂંધન, અને વધુ પાણી પીવાઈ ન જવા, તેવી અનેક જીવલેણ ક્રિયાઓ કળા કૌશલ્યતા પૂર્વક પૂરી કરે, પરિણામે નાશવંત પથ્થર માટે પ્રાણ પાથરવાની તૈયારીઓ કરે, અરબસ્તાન વિગેરે દરિયાઈ સ્થાન પર ધન-માલ મિલકત આપીને પણ તે રત્નોની પ્રાપ્તિ માટે અનેકના જીવને જોખમમાં મુકાય તેવી કારમી ક્રિયાઓ કરે અને કરાવે બલ્કે એ કારમી ક્રિયાઓ કરનારા અને કારમી ક્રિયાઓ કરાવનારાઓ પ્રત્યે કોટિશઃ ધન્યવાદ વરસાદ વરસાવે તેવાઓ આજે અવિનાશી અમૂલ્ય અનુપમ રત્નોની પ્રાપ્તિ ત પાછળ થતી કલ્યાણકારી કાર્યવાહી માટે કારમો કોલાહલ કેમ મચાવે છે ? વિશ્વમાં વિશિષ્ટ વાત્સલ્યતા ભાવ સીંચવામાં અદ્વિતીય હેતુભૂત સુધાસ્રાવી ચંદ્રકાન્ત સમ ચારિત્ર રત્નની પાછળ પાપમય પ્રચંડ પોકારની પડઘમ કેમ બજાવે છે ? વર્તમાન પત્રોદ્વારા ખોટા અહેવાલો જગત સમક્ષ પ્રગટ કરી-કરાવી જનતાના જીવનને વિષમય બનાવવાનું સાહસ કેમ ખેડે છે ? પાઠશાળામાં પોષાતા, કોલેજમાં કેળવાતા અને સ્કુલોમાં શિક્ષણ સંપાદન કરતા વિદ્યાર્થીઓ વિદ્યા બદલે વિષ પ્રાપ્ત કરી પરમપદ પ્રાપિતના પૂનિત માર્ગથી પરાઙ્મુખ થાય છે છતાં મુંગે મોઢે કેમ સહન કરે છે ? વિગેરે વિગેરે અનેકાનેક વિચારણીય પ્રસંગનું નિરીક્ષણ કરીએ છીએ, ત્યારે સહેજે સમજાય તેમ છે કે પથ્થર અને ઝવેરાત પારખનાર ઝવેરીઓ વસુધા પર વિરલા જ છે !!!

દુનિયાનું નાશવંત ઝવેરાત જોવું, જાણવું અને જાણ્યા પછી મેળવવું જેટલું મુશ્કેલ છે તેના કરતાં કંઈક ગુણું અવિનાશી ઝવેરાત જોવું, જાણવું અને પ્રાપ્ત કરવું તે અત્યુત્કટ મુશ્કેલ છે. ઘૃતનો અર્થી દૂધનું દહીં, દહીંનું માખણ, અને માખણનું ઘી કરવામાં લેશભર કમી ના રાખે, રત્નનો અર્થી દરિયાને ડોળવાનું, પાણીમાં ડૂબકીઓ મારવાનું, શ્વાસનું રૂંધન કરવાનું, ઝેરી જાનવરોથી ભાગતા ફરવાનું અને પોતાની સર્વ શક્તિનો વ્યય કરીને પણ નાશવંત રત્ન મેળવવાનું કાર્ય કરે, તેવી રીતે અવિનાશી રત્નનો અર્થી કણના કોડો ઢગલા સડી જાય, કોડોના પરિવારવાળું બહોળું કુટુંબ કકળી ઊઠે, કંચનના કોડો કોઠાર પડ્યા રહે, કોડો કામિનીઓ કરૂણ રૂદન કરે અને કીર્તિના કોડો કોટડાના કણીએ કણીયા જમીન દોસ્ત થઈ જાય તો પણ તે યેનકેન પ્રકારેણ અવિનાશી રત્નો મેળવી અખંડ અવ્યાબાધ સુખ સંપાદન કરી અવિચ્છિન્ન પ્રભાવશાળી શાસનમાં ઝળહળતા શાસન ઝવેરીના બિરૂદને ધારણ કરી દેશોદેશ વિહરી, પૃથ્વીતળને પાવન કરે છે.

ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

શ્રી વર્ધમાન તપની વિશિષ્ટતા!



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૧૨ મો.	મુંબઈ, તા. ૨૬-૩-૩૩, રવિવાર ફાગણ વદ ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः **श्रीसिद्धचक्रांगिनः** ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

શા કારણે આ કાયદો ?

હરિગીત છંદ

શાળા અને ગુરુકુળ વિષે છે સગીર વયનો બાધ ના !
નાટક, સીનેમા, સર્કસે પણ કુમળી વગનો બાધ ના ! !
જ્યાં જિંદગીના જોખમો ત્યાં સગીર વય સ્વીકાર્ય છે !
દીક્ષા વિષે એ વયતણો વાંધો હહા શું થાય છે !!! ૧
લુચ્ચા લફંગા ચોર અધમો ને જુગારી છે ઘણા,
વળી જેલ જઈ આવેલનાં દૃષ્ટાંત રેકર્ડે ઘણા,
એવાં ભયંકર સ્થળ ઉછરતાં કુમળી વય નાં સાચવી,
ઉદ્ધારવા કંઈ ના કરે ! આવા સુધારક રાજવી ! ! ૨
નિજ તાતને મરવાની પણ નોટીસ દે જે કારણે,
એ ચિત્ર દોર્યું સાક્ષરે, પ્રતિબંધ નહીં તે બારણે
પ્રતિબંધ કેવળ ત્યાગ કેરા પુનિત પંથે જોઈએ !
બલીહારી (?) એવી બુદ્ધિની ! વીસમી સદી અવલોકીએ ! ૩
નિજ દેશ હિત મિષ લાઠી ખાવા કે જવા કારાગૃહે,
કાનૂન-સવિનય(?)-ભંગમાં વય એકની 'ના' ના કહે !
દીક્ષા વિષે વય માત્રમાં વાંધા નજરમાં તરવેર !
જે નજરમાં કમળો થયો ત્યાં શ્વેત પણ પીળું અરે ! ! ૪
"વટલો ભલે ! કરજો પ્રપંચો લાખ પણ સૌ કાયદે! "
"વર્તોસ્વચ્છંદે છટ છે ! પણ શરત ! ના બેકાયદે ! ! "
'દીક્ષિત થનારા તો બધા ઉપદેશ દેશે ત્યાગનો! "
"માટે સતાવો સાધુને ઉચ્છેદ કરવા માર્ગનો ! ! " ૫
આવી ભયંકર ભાવનાનુરૂપ તોફાનો ઘણા,
તોફાનીં ટોળાંએ કર્યાં જસ ફટિલતામાં શી મણા! !
હાર્યા અરે હડધૂત થઈ, કે' છે કરોને કાયદો !
સગીર હિત કે સ્વાર્થ હિત (?) શા કારણે આ કાયદો ? ૬
સાત વર્ષે કાયદો અપરાધી જનને લેખવે,
ત્યાં ધારિ સમજતા ન્યાયકર્તા બંદિખાનામાં ઠવે,
બાર વર્ષે અર્ધ ટીકીટે જાય રેલ્વે ટ્રેનમાં
શિક્ષા કરે ત્યાં ન્યાય શી વળી ધારિ સમજણ ધ્યાનમાં ૭
પૂછયા વિના નિજ વડિલને પણ જાય બાળક સાથમાં
તો કાયદો લાગે દિવાની માત્ર લેવે બાથમાં
મા બાપ તો નિજ ધર્મમાં યોજે યદા નિજ પુત્રને
ફોજદારી બને એ શું શોભશે નય સૂત્રને ? ૮

- ભીખાભાઈ છગનલાલ શાહ.

આર્યસંસ્કાર વિહોણી કેળવણીના પરિણામે પોતાના બાપને એક સપુત (?) બેટાએ મરવાની [illegible] ભાઈએ 'મોહિનિચંદ્ર'માં દોર્યું છે. જે કારણે આવું બને તેના બારણે

સિદ્ધચક્ર.
(પાક્ષિક)

::: ઉદ્દેશ :::

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૧૨ મો	મુંબઇ, તા. ૨૬-૩-૩૩, રવિવાર. ફાગણ-વદ ૦))	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

શ્રી વર્ધમાન તપની વિશિષ્ટતા !

શ્રી જીનેશ્વર દેવ પ્રરૂપિત જૈન દર્શન એટલે સર્વોત્કૃષ્ટ ત્યાગ દર્શન ! મુક્તિના અર્થી મનુષ્ય માત્રનો બંધનનાં કારણોનો ત્યાગ કર્યા વિના છૂટકો જ નથી. માયાનાં બંધન અનેક પ્રકારનાં છે. અનાદિકાલથી અદ્યાપિ પર્યંત આત્માની અથડામણ એને જ આભારી છે. ખાવું પીવું અને વિષયોમાં મશગુલ રહેવું, એને અંગે કષાયોના નશાથી ચકચૂર બનવું અને પરિણામે ભયંકર ભવાટવીમાં પરિભ્રમણ કરવું ! આ પ્રવૃત્તિ ચાલું રહે ત્યાં સુધી મુક્તિ મળે ક્યાંથી ? પ્રાપ્ત કરવું છે અણાહારીપદ અને પ્રવૃત્તિ ચાલુ રાખવી છે આહાર લેવાની, રસ લોલુપ્ય સેવવાની ? જૈન દર્શન સાફ સાફ ફરમાવે છે કે ખાતાંપીતાં, અમનચમન ઉડાવતાં મુક્તિ નહીં જ મળે ! પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ પણ સ્વ-રચિત પૂજામાં તત્પ્રસંગે કહે છે કે :-

ખાવત પીવત મોક્ષ જે માને તે સીરદાર બહુ જટમાં
તપ કરીએ સમતા રાખી ઘટમાં-

શ્રી નવપદજીમાં પ્રથમ પાંચ પદે બિરાજમાન શ્રી પંચપરમેષ્ઠિ છે, કે જેનાથી પછીના ચાર પદ અભિન્ન છે, કેમકે ગુણ વિના ગુણી હોઈ શકે નહીં. પછીના ચાર પદ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ છે.

સમ્યગ્‌દર્શન વિનાનાં જ્ઞાન, ચારિત્ર અને તપ મિથ્યા છે, એ વિનાનાં તેઓ મુક્તિને માટે નથી થતા બલ્કે સંસારને માટે થાય છે અને માટે જ એ શુદ્ધ સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ પછી તો અનાદિકાલથી રખડી રહેલા, ચારે ગતિના ચક્કરમાં ઊંચે નીચે આડે અવળે પટકાઈ રહેલા જીવનો સંસાર મર્યાદિત થઈ જાય છે કેમકે સમ્યગ્‌દર્શન સંયુક્ત જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણેય સમ્યક્ છે, આ બધીયે વાત ખરી પણ આવા સમ્યગ્‌દર્શને પણ કર્યું શું ? માત્ર સંસારમર્યાદિત કર્યો ! પણ પછી ?

વળી, જ્ઞાન પણ કાંઈ ઓછું ઉપયોગી નથી. જ્ઞેય, હેય, અને ઉપાદેય જણાવનાર સમ્યક્‌જ્ઞાન જ છે, આમ જાણ્યું તો ખરું પણ વર્તન વિના કાંઈ વળે ? દુનિયાદારીમાં પણ જોઈએ છીએ કે હુન્નર આદિ સારી રીતે જાણવા છતાં તેનો ઉપયોગ ન કરનાર એદીઓ ભૂખે મરે છે ! જ્ઞાની તેનું જ નામ કે જે જાણે તેનો અમલ કરે : **ज्ञानस्य फलं विरती** જ્ઞાનનું ફળ જ વ્રત છે, અર્થાત્ ચરિત્ર છે.

દર્શન હોય, જ્ઞાન હોય પણ ચારિત્ર ન હોય તો મનમાં પરણ્યા અને મનમાં રાંડ્યા, એ કહેવત જેવું થાય! વેઢા ઉપર નફાના આંકડા મૂકનારા વાયડાઓ તો જગતમાં ઘણાએ છે પણ નફો તો તે જ ગાંઠે બાંધે કે જે વેપાર ખેડે; ચારિત્ર કહો, સંયમ કહો, સર્વવિરતિ પારમેશ્વરી પ્રવ્રજ્યા કે ભાગવતી દીક્ષા જે કહો તે પણ એના વિના કાર્યસિદ્ધિ નથી. મનુષ્ય જીવન વિના ચારિત્ર નથી. શ્રી નવપદજીમાં વિરાજમાન પાંચે પરમેષ્ઠી સર્વવિરતિ છે. ગર્ભથી જ મતિ શ્રુત, અવધિ ઊંચા પ્રકારના જ્ઞાન ધરાવનાર તથા પોતાની તદ્‌ભવે મુક્તિ નિશ્ચિત જાણનાર શ્રીતીર્થંકર દેવાધિદેવોએ પણ ચારિત્રનો સ્વીકાર કર્યો જ છે. ચોથું મનઃપર્યવ જ્ઞાન ચારિત્ર અંગીકાર કર્યા પછી જ પ્રગટે છે. આત્માને સંસારમાં રખડાવનાર હોય તો કર્મજ છે. આત્મા કર્મના ભારોભાર લદાયેલો છે એટલે એમાંથી છૂટવાને માટે પ્રથમ આવશ્યક એ છે કે નવાં કર્મોના ભારથી બચવું. ચારિત્ર જ એ કામ બરાબર કરે છે અર્થાત્ કર્મને આવવાનાં દ્વાર તમામ તે જ બંધ કરે છે.

પણ આટલેથી પતતું નથી. અત્યાર સુધી એકઠો કરેલ કર્મનો ગંજાવર જથ્થો, નથી તો દર્શનથી દૂર થાય તેમ, નથી તો જ્ઞાનથી ગળી જાય તેમ, કે નથી ચારિત્રથી એનો ચૂરો થાય તેમ ! કર્મના એ ગાઢ સમૂહને બાળીને ભસ્મીભૂત કરવાનું અનન્ય સામર્થ્ય માત્ર તપમાં જ છે શ્રી તીર્થંકર દેવે ચારિત્ર લીધું પણ તપ કરવા જ ને ? અર્થાત્ યથાર્થ તપ ચારિત્ર જીવનમાં સુસાધ્ય છે. ચારિત્ર લીધા પછી શ્રી તીર્થંકરદેવને મનઃપર્યવજ્ઞાન પ્રગટ્યું એ વાત

ખરી, પણ કેવળજ્ઞાન, કેવળદર્શન ક્યારે પ્રગટ્યાં ? એ ત્રિજગનાથે પણ પરમ તપ આદર્યો ત્યારે ! કેવળજ્ઞાન કેવળ દર્શન યથાખ્યાત ચારિત્રને પ્રગટાવનાર તપ પોતે જ છે.

આત્માનો સ્વભાવ અણહારી છે છતાં અનાદિથી આહારમાં રચ્યોપચ્યો રહેવાથી જ એ અથડાઈ રહ્યો છે. એ અથડામણી ટાળવા સારું સંસ્કારના પરિવર્તનની પરમ આવશ્યકતા છે. અર્થાત્ આત્માએ કમસર તપનો અભ્યાસ કરવાની જરૂર છે. આયંબિલ તપ એ જૈનદર્શનમાં સુપ્રસિદ્ધ તપ છે. ઉપવાસમાં જ્યારે આહારનો સર્વથા ત્યાગ છે જ્યારે આયંબિલમાં આહાર લેવાનો છે, પણ તે કેવો ? વીગઈ તેમજ મસાલાઓ વગરનો ! અર્થાત્ નિરસ આહાર લેવાનો છે, એક દૃષ્ટિએ રસવૃદ્ધિ ટાળવા માટે અમોઘ તપ આયંબિલ જ છે. ઘણી વખત એવું પણ જોવામાં આવે છે કે કેટલાકો ઉપવાસો કરશે પણ આયંબિલ કરતાં અચકાશે; અને એનું કારણ રસલૌલુપ્ય !

વર્ષમાં છ અઠ્ઠાઈઓમાં બે શાશ્વતી અઠ્ઠાઈ (ચૈત્ર તથા આસોની)ની આરાધના આયંબિલ તપથી જ થાય છે.

કર્મક્ષયાર્થે જૈનદર્શનમાં જોકે અનેક વિધ તપ કરવાના પ્રકારો કહ્યા છે પણ તેમાં શ્રી વર્ધમાન આયંબિલ તપની ખરેખર વિશિષ્ટતા છે કેમકે બીજા તપો ક્વચિત્ કરવાનાં હોય છે જ્યારે આ શ્રી વર્ધમાન તપ કરવાની યોજના જ નિરાળી છે. બીજાં તપનાં પારણે વાપરવાનું હોય છે જ્યારે વર્ધમાન તપના પારણે ઉપવાસ હોય છે.

પ્રથમ એક આયંબિલ, પછી ઉપવાસ, બે આયંબિલ પછી ઉપવાસ એમ પ્રારંભમાં પાંચ આયંબિલને એક ઉપવાસ તો આ તપનો પાયો નાંખનારે આ તપનો જીવનમાં પ્રારંભ કરનારે લાગટ કરવા જ જોઈએ, તપની પૂર્ણાહુતિ તો સો આયંબિલ અને એક ઉપવાસે થાય છે. જો અસ્ખલિતપણે આ તપ કરવામાં આવે તો ચૌદ વર્ષ ત્રણ માસ અને વીશ દિવસે પૂર્ણ થાય છે કાયમ નિરસ આહાર લેવાથી જીવની અનાદિકાળની રસવૃદ્ધિ ઊડી જાય છે, આથી એ તપના સંસ્કાર ભવાન્તરમાં પણ આત્માનિ સન્મુખ જ રહે છે. તે તપના પ્રભાવે થતા કર્મક્ષયથી દર્શન તથા જ્ઞાનની પણ શુદ્ધિ થાય છે અને એને લીધે ચારિત્રની આડે આવતાં અંતરાયો પણ સહેજે તૂટે છે. આ તપને અંગે શ્રી જિનેશ્વરદેવની પૂજા, પ્રતિક્રમણ, પડિલેહણ દેવવંદનાદિ પણ ચાલુ હોય છે એટલે કહોને કે જીવનનું પરિવર્તન કાર્ય ધમધોકાર ચાલે છે! કહે છે કે પરિવર્તનની આવશ્યકતા છે. વાત પણ ખરી છે. આત્મા બહુ ભટક્યો, હવેય પરિવર્તન ન ઈચ્છે ? શ્રી વર્ધમાન આચામામ્લ તપ ખરેખર અદ્‌ભુત પરિવર્તન પ્રગટાવે છે.

જૈનોની વસ્તીવાળાં મુખ્ય શહેરોમાં વર્ધમાન તપખાતું હોય છે ત્યાં વર્ધમાન તપની ઓળી આદરનારા પુણ્યાત્માઓ ખરેખર એ પરિવર્તનના પરમાણુઓનો અમોઘ પ્રચાર કરી રહ્યા છે.

શ્રી વર્ધમાન આચામામ્લ તપથી સંસ્કારમાં કેટલું પ્રબળ અને પ્રગતિમાન પરિવર્તન થાય છે. એ ઘણાએ પુણ્યવાન આત્માઓએ એને સેવતાં સેવતાં ચારિત્રને મેળવીને પ્રત્યક્ષ અનુભવ્યું છે ! શ્રી વર્ધમાન તપને આરાધનાર ટોળીમાંથી સારી સંખ્યામાં દીક્ષિત થયેલાઓ આજે પૃથ્વીતલને પાવન કરી રહેલ છે. આહાર લેતા અણાહારી બનાતું નથી એ સિધ્ધ હોવા છતાં પણ એ જ અણાહારી પદની સાધના, આહાર લેવાની ઈચ્છાવાળાઓ પણ એ મહામંગળકારી શ્રી વર્ધમાન આચામામ્લ તપને સેવીને પણ ક્રમે સાધી શકે છે. એ તો એ તપનો પ્રગટ પ્રભાવ છે આવા ઉત્તમ તપના (મનુષ્યભવ પામ્યા બાદ) આરાધનથી કયો મુમુક્ષુ વિમુખ રહે ?

મહા પરાક્રમી પાંડવોએ પણ પોતાના પૂર્વભવમાં આ તપની આરાધના કરી હતી.

મગધ દેશના પરમ પરાક્રમી રાજા શ્રેણિકની મહાસેન કૃષ્ણાએ પણ આ તપને આદર્યો હતો. શ્રી ચંદ્રકુમાર પણ આ તપના જ આરાધક હતા. શાસ્ત્રમાં એવા દૃષ્ટાંતો પારાવાર છે. અસ્તુ ! એકવાર જિંદગીના મોટા ભાગ પર્યંત ચાલતા, આવી સુંદર યોજનાવાળા આ તપનો આદર થાય તો ખચિત માનો કે બેડો પાર છે !

જેનો પાયો નંખાય એ મકાન વહેલું મોડું ચણાવાનું જ; એ જ રીતે આ તપનો પાયો પાંચ ઓળી (લાગટ) કરવાથી નંખાય છે. પાયો નાંખી જુઓ એટલો સ્વાદ તો ચાખી જુઓ.

શ્રી વર્ધમાન સ્વામીના વિજયવંતા શાસનમાં, આગળ વધવું હોય, પ્રગતિની જ અપેક્ષા હોય તો શ્રી વર્ધમાન તપની આરાધના શરૂ કરો !

દૈવવશાત્ દિલ ડગુમગુ થતું હોય તો છેવટ અવારનવાર જેમ બને તેમ વધારે સંખ્યામાં આયંબિલ કરવાનો અભ્યાસ જરૂર પાડવો કે જે અભ્યાસ શ્રી વર્ધમાન તપ કરવાની સ્વયમ્ પ્રેરણા કરશે.

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

(નોંધઃ- શ્રી છાયાપુરીના ઉપાશ્રયમાં ચાલુ વર્ષના ફાગણ માસમાં પ્રવેશ મહોત્સવ પ્રસંગે પૂ. આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ દેશના રોચક, મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ ઉત્પન્ન કરનારી હોવાથી અત્રે અપાય છે.....તંત્રી.)

ધર્મનું ફલ-સ્વરૂપ અને હેતુઓ

બાલ દીક્ષિતમાં શાસ્ત્રકાર મહારાજાએ કેવી સમજ સૃષ્ટિ સમક્ષ મૂકી છે ?

બાલ મનકમુનિની દીક્ષાનો અનુપમ પ્રસંગ.

ધર્મના હેતુ, સાધુ-ભક્તિ, મૈત્રીભાવના, અને મમત્વનો ત્યાગ.

ભોગી ભરમાવે છે કે ત્યાગી ?

साधु सेवा सदाभक्तया मैत्री सत्त्वेषु भावतः ।

आत्मीय गृह मोक्षश्च धर्महेतु प्रसाधनः ॥ १ ॥

દુનિયાના તમામ જીવો ધર્મી કહેવડાવવા ઇચ્છે છે.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં થકી જણાવે છે કે આ જગતમાં ધર્મ એ સર્વ આસ્તિકોને ઇષ્ટ છે. કોઈપણ આસ્તિકને ધર્મ અનિષ્ટ નથી. શાથી ? જગતમાં નિયમ છે કે જે વસ્તુ ઇષ્ટ હોય તેના જુઠા શબ્દો પણ સારા લાગે છે. એક ચપટી લોટને માટે બ્રાહ્મણ બાઈને કહે છે કે અખંડ સૌભાગ્યવતી થાઓ, ભાઈને કહે કે દીકરાના ઘેર દીકરા હોજો. જો કે બ્રાહ્મણના કહેવાથી કાંઈ થવાનું નથી પણ છતાં મન ખુશી થાય છે અને લડતાં-ઝઘડતાં કોઈ ગાળો દે અને તે ગાળ સાંભળનાર એટલું તો જરૂર માને છે કે તેના કહેવાથી કાંઈ થવાનું નથી, તેણે ગાળમાં ચહાય જો કહ્યું, પણ થવાનું નથી એ ચોક્કસ સમજે છે છતાં આંખો લાલ કેમ થાય છે ? તેનું કારણ એ જ છે કે મનગમતા પદાર્થના જુઠા શબ્દો પણ વહાલા અને અનિષ્ટ પદાર્થના સાચા શબ્દો પણ અળખામણા લાગે છે. તેવી રીતે એક મનુષ્ય ધર્મ કરતો હોય, કે ન કરતો હોય ધર્મ તેના દિલમાં વસ્યો હોય કે નહીં પણ ધર્માત્મા કહ્યો કે તે ખુશ થઈ જશે. બીજો માણસ ધર્મિષ્ઠ હોય ધર્માત્મા હોય પણ પાંચ માણસોએ મળી પાપી કહ્યો કે નાખુશ થાય છે. જો કે ધર્માત્મા કહેવાથી ધર્માત્મા કે પાપી કહેવાથી પાપી થઈ જતો નથી છતાં ધર્મી કહેતાં ખુશ અને પાપી કહેતાં નાખુશ કેમ ? કહો કે ધર્મ ઇષ્ટ છે અને પાપ આપણને તથા સાંભળનારને પણ અનિષ્ટ છે.

ધર્મ ઈષ્ટ હોવા છતાં અધર્મે દુનિયામાં કેમ ચાલે છે ?

આ ઉપરથી આર્ય પ્રજામાં મનુષ્ય માત્રને ધર્મ વહાલો એ વાત ચોક્કસ છે તો જગતમાં ધર્મને નામે અધર્મ ચાલે છે કેમ ? સર્વ ઠેકાણે ધર્મ પ્રવર્તવો જોઈએ. આપણે જોઈ ગયા તેમ આર્ય પ્રજાને ધર્મ વહાલો અને અધર્મ અળખામણો છે માટે અધર્મને પણ અધર્મને નામે નથી લેતા પણ ધર્મને નામે ચલાવાય છે. દૃષ્ટાંત તરીકે નાના બચ્ચાઓ દૂધ શરીરને પોષણ કરનાર સાંભળી, દૂધ માટે રડે છે પણ તેનું સ્વરૂપ તેને માલમ નહીં હોવાથી ખરસાડી, થુરીયા કે આકડાના દૂધનો પ્યાલો ભરેલો હોય તે પીવા લાગે છે. તે દૂધ સમજીને પીએ છે પણ પરિણામ શું ? હેરાનગતી કે બીજું કાંઈ ! દૂધ નામ પકડ્યું પણ તેનો મુદ્દો વિચાર્યો નથી, તેથી પરિણામે નુકસાન કરનાર આંકડા, થુરીયાનું દુધ પીવે છે, તેવી રીતે તેણે ધર્મને પકડ્યો પણ તેના હેતુ ફલ અને સ્વરૂપને સમજ્યો નથી. તે મનુષ્ય ધર્મ ધર્મ પોકારીને લેવા જાય તેના હાથમાં શું આવે ? દૂધ પોકારીને દૂધ ઓળખ્યા સિવાય લેવા જાય તેવી રીતે ધર્મના હેતુ ફળ-સ્વરૂપ નથી સમજતો તે ધર્મ શું કરી શકે ?

ધર્મનું ફળ શું ?

હવે ફળથી આપણે વિચાર કરીએ. બધી પ્રવૃત્તિ ફલને ઉદ્દેશીને જ થાય છે. ફળ બે પ્રકારનું હોય છે. (૧) પરંપર (૨) અને અનંતર ધર્મનું પરંપર ફળ મોક્ષ છે. કર્મક્ષય, સંવર, નિર્જરા, મોક્ષ એ બધાં પરંપર ફળ ધર્મનાં છે. અનંતર ફળ ક્યું ? ધનની ઈચ્છાવાળાને ધન, સુખની ઈચ્છાવાળાને સુખ દે છે. દેવલોકની પ્રાપ્તિ આદિ અનંતર ફળ છે. બાળજીવોને આ ફળ તરફ લક્ષ્ય રહે તેથી શ્રી શય્યંભવસૂરિ મહારાજ પોતાના પુત્ર શિષ્ય મનકમુનિ આઠ વર્ષના બાળકને આરાધના કરાવવા સારું દશવૈકાલિકની રચનામાં ધર્મના ફળ તરીકે **देवावितं नमंसंति जस्स धम्मे सया मणे.**

મનકમુનિનો દીક્ષા પ્રસંગ.

અહીં બાલમુની મનકનો દીક્ષા પ્રસંગ બહુ સમજવા જેવો છે. આઠ વર્ષની વયે દીક્ષા થાય છે. આઠ વર્ષના બાળકને સાધુપણું કોણે લેવરાવ્યું તે વિચારો. માતાને ઠગી પોતાના ગામથી સાઈઠ માઈલ દૂર છોકરો ગયો. છોકરો રાજગૃહથી ભાગલપુર ગયો. જેઓએ આ યાત્રા કરી હશે તેને માલુમ હશે કે બન્ને વચ્ચે અંતર ૬૦ માઈલ છે.

ભોગી ભરમાવે છે કે ત્યાગી ?

બાળક પોતાની માતાને પૂછે છે કે, મારો બાપ ક્યાં ? તેની માતા ધર્મદ્વેષી બની છે, અને કહે છે કે લુચ્ચા-ધુતારા સાધુએ તારા બાપને ભોળવ્યો છે. આ શબ્દો શય્યંભવની સ્ત્રીના છે. લુચ્ચા-ધુતારા સાધુઓએ ભરમાવીને તારા બાપને સાધુ ક્યો છે. ધ્યાન રાખજો કે સંસારના પિપાસુઓ ત્યાગ ત્રીસ વર્ષે અંગીકાર કરે તેને પણ ભરમાવ્યો જ ગણે. શય્યંભવસૂરિની ઉમ્મર ત્રીસ વર્ષની છે તો પણ ભરમાવ્યાનું કહે છે અને તે પણ દીક્ષા થઈ ગયા પછી આઠ વર્ષની મુદતે-શય્યંભવસૂરિની દીક્ષા વખતે મનકજી ગર્ભમાં હતા. પછી જન્મ થયો છે. દીક્ષા લીધા પછી આઠ વર્ષ થયાં છતાં રોષ શમાયો નથી.

તેથી છોકરાને આવા શબ્દો કહે છે. અહીં વિચારવાનું છે કે ભોગી ભૂરમાવે છે કે ત્યાગી ? આઠ વર્ષના છોકરાને કેવા ખોટા સંસ્કાર તેની માતા નાંખે છે.

પણ જેનું ભવિષ્ય ઝળકતું હોય તેને પથ્થર વાગે તોએ રસોળી ફૂટે. વાગ્યો તો પથ્થર પણ રસોળી ફૂટી ગઈ. અહીં પણ માતાએ તો ગાળો દઈ વાત કરી પણ છોકરાનું ભવિષ્ય ઝળકતું છે તેથી છોકરાને તો બાપે કર્યું તેમ કરવાનો વિચાર થયો. માતાને કહ્યા સિવાય નીકળી ગયો. આચાર્ય મહારાજ છે તે ગામ આવે છે. આચાર્ય મહારાજ બહાર જાય છે ત્યાં તે મળ્યો. સાધુ દેખી મનક પૂછે છે. પૂર્વ સંસ્કારને લીધે અવ્યક્ત પ્રેમ થાય છે. સંસ્કાર શું કામ કરે છે તે વિચારો. કોઈને લાખ આપવાના, કોઈને પાઈ પણ ન આપવાની વૃત્તિ તમોને થાય છે. પારકા છોકરાને દત્તક લેવાય છે. પોતાના દીકરાને બીજે દત્તક અપાય છે. આ બધા પૂર્વ સંસ્કારને લીધે છે નહિતર હેતુ ક્યો ?

હાલના વડોદરા નરેશ ક્યાં, જમનાબાઈને કહેવા આવ્યા હતા કે મને દત્તક લેજો. જમનાબાઈ તેમને ક્યાં ઓળખવા ગયાં હતાં. માબાપનો હક્ક ન હોય તો સોંપ્યા શી રીતે ? કારણ કે આ હકીકત તેમની ૧૬ વર્ષની અવસ્થા પહેલાંની છે. કહો કે પૂર્વભવના સંસ્કારની જુદી વાત છે.

અહીં આચાર્ય કે છોકરો સંસારીપણે પિતા પુત્રનો સંબંધ હોવા છતાં એક એકને ઓળખતા નથી. છોકરાએ વંદન કર્યું. આચાર્ય મહારાજે નામ, ગામ, ક્યાંથી આવ્યો. કોનો છોકરો વિગેરે પૂછયું. છોકરાએ ગામનું નામ, શય્યંભવ ભટનો દીકરો વિગેરે કહ્યું અને પૂછે છે કે તમે તેમને ઓળખો છો? મારે તેમની પાસે દીક્ષા લેવી છે.

મનકમુનિની દીક્ષામાં શિષ્ય ચોરી કેમ નહીં ?

આચાર્યે કહ્યું કે અમે બંને દોસ્ત છીએ. સાથે રહીએ છીએ અને એક જ છીએ. તારે દીક્ષા લેવી હોય તો મારી પાસે લે. છોકરાએ દીક્ષા લીધી. અહીં શિષ્ય નિષ્ફેટિકા કેમ ન ગણી ? બાપ તો સાધુ અવસ્થામાં છે એટલે હક્ક ગણાય નહીં. અને માતા તો તદન વિરુદ્ધ છે તેથી છાનો ભાગી આવ્યો છે. અહીં ખુલાસો એ છે કે શય્યંભવસૂરિએ કુટુંબ આદિ ત્રિવિધે ત્રિવિધે વોસરાવ્યું હતું પણ સ્ત્રીએ અને કુટુંબે શય્યંભવને વોસરાવ્યા નહોતા. જો વોસરાવ્યા હોત તો શય્યંભવની સ્ત્રી સોહાગણનો વેષ રાખત નહીં. શાસ્ત્રકાર મહારાજ લખે છે કે સોહાગણનો વેષ શાને અંગે ? સ્વામીને અંગે એટલે તેના કુટુંબને શય્યંભવનું સ્વામીપણું માન્ય છે અને જીવતા હોવાથી સ્વામીને પાછા લાવવાની સ્ત્રીને જે આશા તેને અંગે સૌભાગ્ય વેશ રાખે છે. એટલે કુટુંબે શય્યંભવસૂરિનું સ્વામીપણું માન્ય રાખેલ હોવાથી શિષ્ય ચોરી નથી. શય્યંભવસૂરિ મનકને તેની માતાની રજા લેવા પણ મોકલતા નથી. ભલે માલિક છે અને તેની માતાને એકનો એક આધાર છે. તેની માતા પતિ વગરની બની છે અને પુત્ર વગરની થશે તેનો વિચાર નથી કરતાં.

પ્રશ્ન. શય્યંભવસૂરિ સિવાય બીજાએ દીક્ષા આપી હોત તો નિષ્ફેટીકા દોષ લાગત ?

ઉ. જરૂર લાગે, આ ઠેકાણે શય્યંભવસૂરિ આજની પેઠેના વિચારોવાળા નથી, તેમજ માતાની દયા ચીંતવતા નથી. તેથી તેમને વિચાર શૂન્ય કે કેવા કહેવા ? જે માતાને એકને એક પુત્ર ઉપર જીવન છે તેને નિરાધાર કરવી. શય્યંભવસૂરિની પોતાની ૩૦ વર્ષની દીક્ષા માટે લુચ્ચા ધુર્ત સાધુએ ભરમાવાનું કહેનારી સ્ત્રી આઠ વર્ષના પોતાના એકના એક પુત્રને તો રજા શાની જ આપે !

મારું મારા બાપનું અને તારામાં મારો ભાગ તેવો આજનો ન્યાય છે.

જ્યાં શાસ્ત્રકાર મહારાજાઓ કુટુંબની રજા ઉપર નિયત થતા નથી ત્યાં આજકાલ શ્રાવકો કહે છે કે અમારી રજા લો. જો તમે તમારાં પુત્રપુત્રીને અમારી રજા સિવાય પરણાવવા નહીં તેવું કબુલ કરવા તૈયાર હો તો આ માગણી હજુએ વાસ્તવિક છે. "આ તો મારું મારા બાપનું અને તારામાં મારો ભાગ." અમારા કામમાં તમને ગુરુને ન પૂછીએ અને અમે ચેલા, પણ તમારા કામમાં અમારી રજાની જરૂર. વિચારો, રજા શી રીતે મળે. જે બિચારા ભોગના કચરામાં ખૂંચેલા, રમા અને રામામાં આસક્ત થયેલા, નામ અને નાક માટે સર્વસ્વ હોમનારા, આવી સ્થિતિના મનુષ્યોની રજા ત્યાગ માર્ગ માટે શી રીતે હોઈ શકે ?

આઠ વર્ષ પહેલાંના બાળકની દીક્ષાની મનાઈ કયા કારણે ?

વળી, કેટલાક તો સગીરની દીક્ષામાં દેનાર અતિશય જ્ઞાનીને ઉપયોગ મૂકનારા હોવા જોઈએ, કે જેનું ભવિષ્ય મહાન થવાનું હોય, તો તેવાને જોઈને આપે. પણ આ ક્યાં ? માબાપ સિવાય એકલા ચાર કે પાંચ વર્ષના બાળકને દીક્ષા આપવાની હોય કે જેની પલેજ માતાની માફક કરવી પડે. શાસ્ત્રકારે ક્યાં કારણો કહ્યાં છે ? જેવાં કે દોડાદોડ કરે, છ કાયની, વિરાધના કરે, એક ઠેકાણે બેસી ન રહે, રોકવા જાઓ તો રોવા બેસે; માતાની પેઠે. ઠલ્લા માત્રાનું સંભાળવું પડે, તેને પકડી રાખવો પડે. ત્યારે લોકો બંદીખાનું કહે તે કારણો કહ્યાં. પણ જ્યાં છોકરો સંસ્કારવાળો હોય. એકલો રહી શકે તેવો હોય ત્યાં બંદીખાનું ન કહેવાય પણ જેઓને શાસ્ત્રની આગળ પાછળની પંક્તિ ઈરાદાપૂર્વક જોવી નથી તેઓ સામાન્ય જનતાને આડે રસ્તે દોરવા મન માન્યુ બોલે.

નિમિત્ત, અતિશય જોવાનું પણ ક્યાં ?

શાસ્ત્રકાર મહારાજા આઠ વર્ષ પછીની દીક્ષામાં નિમિત્ત જોવાનું કહેતા નથી. તે પહેલાં અગર ૭૦ વર્ષની ઉંમર ઉપરાંત જોવાની જરૂર બળાત્કારે રાખવો પડતો હોય ત્યાં ઉપયોગની જરૂર. અહીં શય્યંભવસૂરિ મહારાજા ચૌદપૂર્વી હતાં છતાં ઉપયોગ દીક્ષા આપ્યા પહેલાં મૂકતા નથી.

પ્રશ્ન. શા ઉપરથી જાણી શકાય કે ઉપયોગ નહીં મૂક્યો હોય ?

ઉત્તર. આ પ્રશ્નનો જવાબ તેમાંથી જ નીકળે છે. દીક્ષા દીધા પછી આયુષ્ય તપાસ્યું ત્યારે માલુમ પડ્યું કે છ મહિનાનું આયુષ્ય બાકી છે. એટલે દીક્ષા આપતાં પહેલાં ઉપયોગ મૂક્યો જ નથી.

શય્યંભવ સૂરિએ અનંતરફળ કેમ બતાવ્યું ?

આયુષ્ય છ મહિનાનું દેખી આરાધના માટે દશવૈકાલીકસૂત્ર કહ્યું, અને બાળકને સમજવા માટે ધર્મનું અનંતર ફળ જણાવ્યું અને અહીં પ્રશ્ન થશે કે શય્યંભવસૂરિ મહારાજાએ અનંતર ફળ કેમ બતાવ્યું ? આત્મ ગુણની પ્રાપ્તિ સંવર-નિર્જરા-કર્મક્ષય. મોક્ષ ન બતાવતાં. જેનું મન ધર્મમાં રક્ત છે. તેને દેવતાઓ પણ નમે છે તેમ બતાવ્યું તેનું કારણ એક જ છે કે બાળજીવને માટે તાત્કાલિક ફળ બતાવીને પણ ધર્મમાં જોડવા જોઈએ.

૧૬ વર્ષ પહેલાં અણસમજુ કેવી રીતે ?

પ્રશ્ન. માટે જ અમે કહીએ છીએ કે, અજ્ઞાન અવસ્થામાં બાળક મોક્ષ વધારે સમજી ન શકે માટે અણસમજુને દીક્ષા ન આપો.

ઉત્તર. બાળક અણસમજુ છે જ નહીં-જે સંસારની રમતગમત, ગમે તે ખાવું, પીવું, સ્વતંત્ર હરવું, ફરવું છોડી ચારિત્ર્ય લેવા પ્રેરાય છે તે અણસમજુ ગણાય જ કેમ ? ૧૬ વર્ષ સુધી જેઓ બાળકને અણસમજુ માનતા હોય તેમણે પ્રથમ તો ૭ વર્ષની વયે ફોજદારી ગુનાની શિક્ષા રદ કરવી, કરાવવી જોઈએ સમજણ સિવાય શિક્ષા શાની ? ૧૪ વર્ષની ઉંમરે છોકરો માતાપિતાની રજા સિવાય રાજીખુશીથી દીક્ષા લે અગર ઘરેથી ચાલ્યો જાય ત્યાં ફોજદારી ચાલું કાયદા પ્રમાણે ન ચાલે. દીવાની કોર્ટ રાહે કબજો લેવો હોય તો વાલી લઈ શકે પણ ફોજદારી ન ચાલે; માબાપ રાજીખુશીથી તેની ઇચ્છાથી ધર્મમાં જોડે ત્યાં ફોજદારી ગુનો. આ ક્યાંનો ન્યાય ? તપાસો.

બાળકમાં કેવી સમજણ શાસ્ત્રકારોએ ગણી છે ?

શાસ્ત્રકાર મહારાજાએ આઠ વર્ષે સમજણ હોવાનું લખ્યું તે સમજણ કઈ ? આઠ વર્ષના બાળકમાં જે સ્વાભાવિક સમજણ હોય તે જ લેવાની છે. આપણે અહીં મત મતાંતરને નહીં અડતાં સામાન્ય વાત એક પક્ષની આઠ વર્ષની માન્યતા લઈને કરીએ છીએ.

શાસ્ત્રકાર મહારાજાએ તમારી કલ્પેલી સમજણ લીધી નથી. પણ ઉંમરના યોગે જે સમજણ હોય તે જ લીધી. માટે જ શય્યંભવસૂરિ મહારાજે ધર્મનું પરંપર ફળ મોક્ષ ન કહેતાં અહીં અનંતર ફળ કીધું. એટલે બાળ જીવોમાં આઠ વર્ષની ઉંમરે જે જાતની સમજણ હોય તે સમજી તેમના ઉપકાર માટે અનંતર ફળ લીધું.

અનંતર ફળ તરીકે ધર્મનું ફળ, દેવતાઓ નમે છે વિગેરે કહી મહત્તા ધર્મની કહી. પણ અંકુરાનું અનંતર ફળ શું ? થડીયું પણ તેનો ઉપયોગ શો ? ખરું ફળ શું ? ઝાડનું ફળ કેરી વિગેરે આવે તે જ, તેવી રીતે તાત્વિક ફળ ધર્મનું શું ? પરંપર ફળ મોક્ષ બતાવ્યું. આવી રીતે બન્ને પ્રકારના ધર્મના ફળ બતાવ્યાં.

હવે ધર્મનું સ્વરૂપ શું ? ધર્મ કોને કહેવો તો અહિંસા, સંયમ, તપયુક્ત હોય તે જ ધર્મ કહેવાય.

તેના હેતુઓ ક્યા ? વાસ્તવિક હેતુ આત્માનો ક્ષયોપશમ પણ તે અભ્યંતર છે. બાહ્ય હેતુ કયા ? (૧) હંમેશાં ભક્તિપૂર્વક સાધુસેવા. (૨) સર્વ પ્રાણી તરફ મૈત્રી ભાવના. (૩) મમત્વનો ત્યાગ.

સાધુ સેવા શા માટે ?

જેને ચોકસી થવું હોય તેણે ચોકસીને ત્યાં, ઝવેરી થનાર ઈચ્છનારે ઝવેરીને ત્યાં વર્ષોના વર્ષ અભ્યાસ કરવો જોઈએ. મોક્ષ માર્ગના અધિકારી બનવું હોય તો મોક્ષ માર્ગના આરાધક એવા સાધુ પુરુષોની હંમેશાં ભક્તિપૂર્વક સેવા કરવી જોઈએ. આટલાથી પતી જાય છે ? તો કહે ના. આગળ વધવામાં પાછળ ન હઠાય તેની કાળજી હોવી જોઈએ. તેવી રીતે પ્રથમના કર્મ કાઢવા માટે સાધુની ભક્તિ કરવી પણ નવાં કર્મ રોકી શકાય નહીં તો આગળ વધતા પાછળ હલ્લો કાયમ રહે છે માટે નવાં કર્મને રોકવા માટે સર્વ પ્રાણીઓમાં મૈત્રી ભાવના કહી.

મમત્વનો ત્યાગ જરૂરી છે.

આ બે કર્મ કર્યા છતાં જેમ ગધેડાને વરઘોડાના મોખરે રાખી સોના રૂપાના ઘરેણાથી શણગારીએ તો વળે શું ? તેવી રીતે અહીં પણ પરિણામની શુદ્ધિ ન હોય તો સાધુમૈત્રી ભાવના રાખી છતાં આત્માનો દહાડો વળે નહીં. હું અને મારાપણું અહં અને મમ આ જરૂર છોડવાં જોઈએ. સાધુ, સેવા, મૈત્રી-ભાવના છે પણ મમત્વભાવ ઘટાડવાને અંગે છે એટલે દિવસે દિવસે મમત્વભાવ ઘટવો જોઈએ. આ ત્રણ વસ્તુ બને તો ધર્મના હેતુ થાય. તેમ શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે. તે ન બને ત્યાં સુધી ધર્મનું ફળ ક્ષયોપશમ વિગેરે બની શકે નહીં,

ધર્મનું પરંપર ફળ મોક્ષ અને અનંતર ફલ રિદ્ધિ સિદ્ધિ દેવલોક તે ધર્મ જેને કરવો હોય તેણે આ ત્રણ હેતુ આરાધવા જરૂરી છે. જે મનુષ્ય આ પ્રમાણે હેતુઓને સમજી આરાધન કરશે તે આ ભવ, પરભવ સુખ સામગ્રી પામી પરંપરાએ મુક્તિપદને પામશે.

(પૂજ્યપાદ શાસન સંરક્ષક આગમોદ્ધારક આચાર્યદેવેશ મુંબઈથી વિહાર કરી ફાગણ વદ ૨ ના રોજ છાણી પધારેલ છે. તે પ્રસંગે અપાયેલ વ્યાખ્યાન અત્રે અપાય છે.)

संयमात्मा श्रयेच्छुध्धोपयोगं पितरंनिजम्

धृतिमम्बां च पितरौ तन्मां विसृजतं ध्रुवम्

"અમે સંસારી છીએ" એમ કહી સંસારીઓ પાપ કર્મનો બચાવ કરે છે.

ઘર છોડ્યા વગર સાધુપણું શાસ્ત્રકારોએ અને કુદરતે પણ સ્વીકાર્યું જ નથી.

પરિણામ-પ્રવૃત્તિ અને પ્રતિજ્ઞાનું પારમાર્થિક અવલોકન.

જીવ રખડે છે શાથી ?

શાસ્ત્રકાર મહારાજા મહોપાધ્યાય શ્રીમાન્ ન્યાયાચાર્ય યશોવિજયજી મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે આગળ સૂચવી ગયા કે આ જીવ અનાદિકાળથી રખડ્યા કરે છે. કોઈ વ્યક્તિ રખડવા ઈચ્છે છે ? ના. કોઈ પણ વ્યક્તિ સંસારમાં રખડવા ઈચ્છતો નથી, રખડવાનું સારું જાણી રખડવા માગતો હોય તેમ કોઈ જીવ નથી. તો પછી રખડવું બને છે શાથી ? પ્રથમ તો રખડવું કહેવાય કોને?

સ્થાન સ્થાન ફરવું અને તેમાં લાભ કાંઈ પણ ન મેળવે તેવાને રખડતો કહેવાય, અને તે જણાવવા માટે સંસાર શબ્દ રાખ્યો.

સંસાર એટલે શું ?

સંસાર શબ્દ સૃ ધાતુ ઉપરથી છે. સૃ ધાતુ સરકવું કે ખસવું ના અર્થમાં છે. સમ્ અત્યંત અનાદિકાલથી જ્યાં સરકવું રહેલું છે, સ્થિર થઈ કોઈ જગા પર બેઠો નથી. જગતના સર્વ સ્થાનોમાં એક સ્થિર સ્થાન નથી.

કોઈપણ જગા પર સંસાર માટે આપણે સ્થિર નહીં કારણ આપણે સ્વાધીનપણે રહેનારા નથી. બીજાના હુકમને આધીન રહેનારા છીએ. જ્યાં હુકમ માન્યો એટલે આપણે પણ પલટવાનું. અધિકારી મદાન્ધ હોય, સત્તાના જોરે હોય ત્યારે હું જ છું એવું માને, પણ કાલે અધિકારી તરીકે ફરી જાય તો કશી ગણતરીમાં નથી. તેમ આ જીવ દરેક જગાએ અધિકારી તરીકે ગયો. મારો હુકમ, હું જ કર્તા, હું જ માલિક, મારી ચીજ પણ ખબર નથી કે તું રાજા તરીકે નથી. અધિકારી તરીકે છે. અધિકારી ચાહે જેટલું મારું માને પણ પારકા હુકમથી રહ્યો છે. આ જીવ દરેક ઠેકાણે રહ્યો તે પોતાની સત્તાથી રહ્યો જ નથી. પણ હુકમથી રહ્યો છે. હુકમ કોનો ? કર્મ રાજાએ જેટલી સ્થિતિ તમારા માટે નિયમિત કરી તેટલી જ રહે. આયુષ્ય પૂરું થાય એટલે દેવતા દેવભવમાં રહેવા માંગે તો પણ રહી શકે નહીં. અધિકારી હજુ સત્તા પાસે પાંચ દિવસ વધુ માગી શકે, પણ આ જીવને મુદત માગવાનો હક્ક નહીં. ૩૩ સાગરોપમ રહ્યો હોય પણ પછી સમય વધારે માગે તો પણ મળે નહીં. કારણ તેનું એક જ છે કે આ સત્તાધીશ એવો છે કોઈનું કાંઈ સાંભળે જ નહીં. આવા સજ્જડ હુકમમાં અનાદિથી રખડ્યા કરે છે. આપણને સંસારી શબ્દ વાપરતા વિચાર થતો નથી. સંસારી શબ્દનો અર્થ રખડુપણું.

સંસાર શબ્દને નામે આ જીવ પાપનો બચાવ કરે છે.

સંસાર શબ્દ આપણને મોંઢેથી બોલતાં અડચણ આવતી નથી. પણ કેટલીક વખત બચાવની ઢાળ કરીએ છીએ, પાપ કેમ કરો છો ? તેના જવાબમાં અમે તો સંસારી છીએ. સંસારીપણું એટલે બચવાની ઢાલ. જેમ ગુનેગાર નસો સાબિત કરવા માગે તે ગુનાની શિક્ષાથી બચી જવા માટે તેવી રીતે આપણે સંસારી શબ્દ હલકો છતાં બચાવમાં રાખ્યો. વિષય કષાયોના બચાવ કરવા માટે સંસારી શબ્દ આગળ ધરાય છે. ખાનદાન મનુષ્ય ચાહે જેટલા ગુનામાં આવ્યો હોય તે નસામાં આવ્યો એમ કહી છુટવા નહીં માગે. તે તો વિચારવાનો કે હું આવા ઊંચા કુલનો આ પદાર્થની છાયામાં નહીં જનારો મારાથી નસો એ શબ્દથી તેવો બચાવ નહીં કરે. તેવી રીતે મિથ્યાત્વી આત્માઓને સંસારના અધમ કાર્યો કરતાં તે બચાવ કરે પણ કુલીન મનુષ્યોથી જેમ નસાના બહાનાથી ગુનાનો બચાવ ન થાય તેવી રીતે સમ્યક્‌દ્રષ્ટી જીવો સંસારી છીએ તેમ કહી પાપનો બચાવ નહીં કરે, પણ પોતાની ન્યુનતા કબૂલ કરે.

કર્મની સત્તા કઠીન ખરી પણ કોને ?

કર્મની સત્તા કઠીન ખરી પણ સમ્યક્‌દ્રષ્ટી તો વિચારે કે મારી આત્મશક્તિની અપેક્ષાએ પુળો પણ નથી. ગલીઆ બળદ જેવો થયેલો અફીણીયા ગરાસીયા ધાડ આવે તે વખતે શૂરાતનવાળો

પણ ધાડ ગયા પછી મડદાલ. તેવી રીતે આ મારો આત્મા મડદાલ સ્થિતિમાં છે. ધાડપાડુઓને જે સાફ કરી નાખે તેટલી તાકાતવાળો ગરાસીયો પણ વ્યસનને વશ ખાટલામાં પડી રહે તેવી રીતે વીર્યોલ્લાસ વગરનો આત્મા અફીણીયા ગરાસીયાની માફક પડી રહ્યો છે. કાચી બે ઘડીમાં ત્રણ જગતના જીવોના કર્મ બાળી નાખે તે તાકાત આત્માની છે. આ સ્થિતિ છતાં અફીણીયો એદી થઈને બેસી રહ્યો છે.

સમ્યક્‌દ્રષ્ટીને આત્માની શક્તિનો આવતો ખ્યાલ.

આથી એ સમજવાનું છે કે આ આત્માની એટલી શક્તિ છે કે ત્રણ જગતના કર્મ બાળીને ભસ્મ કરી નાંખે તેવો જોરાવર આત્મા કર્મનો કિંકર થઈને બેઠો છે. પણ આ સમજણ કોને આવે ? જેને વસ્તુ સમજાઈ હોય તેવા સમ્યક્‌દ્રષ્ટિને જ. સમ્યક્‌દ્રષ્ટિ સંસારનું સ્વરૂપ સાંભળી ધ્રુજી ઊઠે છે જાનવર બકરી પણ કસાઈનો હાથ દેખીને થરથરે છે. જાનવર પણ નિર્ભયતા અને ભયાનકતા બે વસ્તુને સમજી શકે છે. જ્યારે આ જીવ ભયાનક શબ્દ 'સંસારી'ને પાપકર્મ કરવાના બચાવમાં વાપરે છે. સંસારી એટલે રખડવું એ શબ્દ સાંભળતા સાથે રૂંવાડાં ઊભાં થવાં જોઈએ. હું ભટકતો, રખડતો, એ ખ્યાલ આવી જાય તો જ આત્મા સંસારના પાપકર્મોથી સાવધાન થાય. પણ આપણે તો સાવધાનતાના બદલે કોઈ આરંભ કષાય પરિગ્રહ માટે શિખામણ દે તો સંસારીની ઢાલ બચાવમાં ધારીએ છીએ, સમ્યક્‌દ્રષ્ટી ચક્રવર્તીઓ રિદ્ધિ સિદ્ધિનો ભોગવટો કરતા છતાં, તેમાં મશગુલ થવામાં અનર્થ માને છે તે અનર્થ ટાળવા માટે હજારો નોકરો રાખે છે.

પ્રશ્નઃ- સંસારી ન કહીએ અને ગૃહસ્થી કહીએ તો ?

ઉત્તરઃ- ગૃહસ્થી એટલે ઘરમાં રહેનાર-ઘર એટલે આઠે કર્મ લાગવાનો સંચો. તીર્થંકરની દીક્ષામાં બે વાક્યો જુદાં બોલવાં પડે છે.

દ્રવ્યથી એટલે બાહ્ય ઘર છોડ્યા સિવાય તીર્થંકરોને પણ સાધુ પણું શાસ્ત્રકારે માન્યું નથી.

તીર્થંકર ભગવાનની દીક્ષામાં પ્રથમ ઘરથી નીકળ્યા અને પછી સાધુપણું પામ્યા. તેમાં ઘરથી નીકળવાનું કહેવાની શી જરૂર હતી ? ખરેખર અષ્ટકર્મનો સંચો જ ઘર છે. તેમાંથી ન નીકળે ત્યાં સુધી તીર્થંકર પણ સાધુપણું ન મેળવી શકે. મહાવીર પ્રભુ ૨૮ વરસ સંસારમાં પરોવાયા પણ બે વર્ષ તો સચીત્તાદિનો ત્યાગ કરી આરંભ પરિગ્રહથી નિરાળા છે ને ? રાજ્યરિદ્ધિનો પણ ત્યાગ છે. ખોરાકમાં પણ નિયમ-સ્નાનબંધ મારે, માટે કરો તે મારે ન ખાવું. અચિત પાણી પીવું, બોલો આમાં ભાવ ચારિત્ર્યની ખામી છે ? કાઉસગ્ગ ધ્યાનમાં વિધુ માલીએ મૂર્તિ ભરાવી તે ગૃહસ્થપણામાં પ્રભુ કાઉસગ્ગમાં છે. પરિણામ અને પ્રવૃત્તિ બન્ને ત્યાગના છે છતાં તેને શાસ્ત્રકાર મહારાજે સાધુપણું ન ગણ્યું. કુદરતે જો સાધુપણું ગણ્યું હોત તો તરત મનઃપર્યવ જ્ઞાન થઈ જાત. શાસ્ત્રકારે પણ ૨૮ વરસ ઘરવાસ ન કહ્યા પણ ૩૦ વર્ષ ગૃહવાસ, ૧૨ વર્ષ છદ્મસ્થના કહ્યાં પણ ૧૪નો ન કહ્યો, આ શાને લીધે ? આઠ કર્મના સંચારૂપી ઘરમાંથી ન નીકળે ત્યાં સુધી સાધુપણું નહીં. ત્રણ જ્ઞાનના ધણી એવા મહાવીર પ્રભુને પણ ઘરમાં રહીને કર્મક્ષય કરવો મુશ્કેલ જણાય તો પછી આપણા જેવા માટે શું તે વિચારો આથી સમ્યક્‌દ્રષ્ટીથી પણ એમ તો ન જ બોલાય કે વૈરાગ્યભાવના સર્વ વીરતિ નથી તો શું થઈ ગયું પણ સમ્યક્‌ત્વ ભાવના છે એટલે બસ થયું.

(ચાલુ)

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન.

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૩૧૪- સાધુએ સાધર્મિક વાત્સલ્યમાં વહોરવા જવું કે નહીં ? સંખડી દોષ ક્યારે લાગે ?

સમાધાન- સાધુને સાધર્મિક વાત્સલ્યમાં વહોરવા જવું કલ્પે નહીં, કારણ કે શ્રી સેન પ્રશ્નમાં લખે છે કે, સાધર્મિક વાત્સલ્યમાં વહોરવા જવાથી સંખડી દોષ લાગે; તેમાં ખુલાસો પણ છે કે જ્યાં ૩૦-૪૦ માણસ જમતા હોય ને સાધર્મિક વાત્સલ્ય હોય કે જમણવાર હોય, ત્યાં વહોરવા જવું સાધુને કલ્પે નહીં. તીર્થના સંઘાદિમાં પણ અન્ય સ્થાને વ્હોરાય છે.

પ્રશ્ન ૩૧૫- આત્માના શુભ અને શુદ્ધ પરિણામમાં તફાવત શો ?

સમાધાન- આત્માના જે અધ્યવસાયથી પુણ્ય બંધ થાય તે શુભ પરિણામ, અને જે અધ્યવસાયથી આત્મીયગુણોની વિશુદ્ધિ થાય, આત્મા નિર્મલ થતો જાય તે શુદ્ધ પરિણામ. શુભ પરિણામ પુણ્યબંધ કરે છે ત્યારે શુદ્ધ પરિણામ ગુણોનો આવિર્ભાવ કરે છે આટલો જ તફાવત છે, શુભ પરિણામે નિર્જરા થવાનો નિયમ નહીં, પણ શુદ્ધ પરિણામે પુણ્યબંધ તો થાય જ.

પ્રશ્ન ૩૧૬- હિંસા, જુઠા, અદત્ત, મૈથુન અને પરિગ્રહ એ પાંચે આશ્રવોની નિન્દા, કરેલ પાપોનું સ્મરણ કરીને થાય કે નહીં ?

સમાધાન- શાસ્ત્રકારો કહે છે કે પહેલાં આચરેલ હિંસા, જુઠ, ચોરી અને પરિગ્રહ એ ચાર આશ્રવોના સ્મરણ કરીને પણ જરૂર નિન્દા કરવી કહી, પણ મૈથુન (ચોથા આશ્રવની)ની સ્મરણ કરીને નિન્દા કરવાની સાફ સાફ (સ્પષ્ટતયા મનાઈ) કરી છે, પહેલાંની રતિક્રીડા સ્મરણ કરીને જો મૈથુનની નિન્દા કરે તો સંયમથી ભ્રષ્ટ થાય. વિષયરૂપ વિષના સ્મરણ માત્રથી આત્માના જ્ઞાનાદિ પ્રાણોનો તત્કાળ નાશ થાય છે, એથી તો શાસ્ત્રકારોને કહેવું પડે છે કે "प्राग्रतिस्मृतिवर्जनं" બ્રહ્મચર્યની ગુપ્તિવાળાએ પૂર્વે આચરેલ વિષયોની નિન્દા કરવા માટે પણ પહેલાંની રતિક્રીડાનું સ્મરણ વર્જવું.

પ્રશ્ન ૩૧૭- તીર્થંકરને વંદના કરવાનું કોઈ છદ્મસ્થ કેવળીને કહે એ દૂષણ કે ભૂષણ ? તે માટે કોઈ દાખલો છે ?

સમાધાન- કોઈ પણ છદ્મસ્થ, તીર્થંકરને વંદના કરવા માટે સામાન્ય કેવળીને કહે તો પ્રાયશ્ચિત્તનો ભાગી થાય તો પછી ભૂષણ તો હોય જ શાનું ? શ્રી ગૌતમસ્વામીજીએ કેવળી થયેલા તાપસોને શ્રી મહાવીરભગવાનને વંદના કરવાનું કહ્યું તે વખતે ભગવાને કહ્યું કે-'હે ગૌતમ ! કેવળીની આશાતના ન કર ! ' આશાતના થયાનું સાંભળી ગૌતમ સ્વામીજીએ મિથ્યાદુષ્કૃત દીધો એ પ્રસિદ્ધ છે.

પ્રશ્ન ૩૧૮- ક્ષાયિક ભાવનો ધર્મ આવ્યા પછી ક્ષાયોપશમિક ભાવના ધર્મનું શું થાય ?

સમાધાન- ક્ષાયિકભાવનો ધર્મ આવ્યા પછી ક્ષાયોપશમિક ભાવના ધર્મને છોડી જ દેવા પડે ! તે માટે શાસ્ત્રમાં પણ કહેલું છે કે-

धर्मास्त्याज्याः सुसंगोत्थाः, क्षायोपशमिका अपि । प्राप्य चन्दनगंधाभं, धर्मः संन्यासमुत्तमं ॥ १॥

અર્થ- ક્ષાયોપશમિક એવા સારા સંગથી થયેલા ધર્મો પણ ઉત્તમ ચંદનની ગંધ જેવા ઉત્તમ (ક્ષાયિક) ધર્મસંન્યાસને પામીને છોડવાલાયક થાય છે.

પ્રશ્ન ૩૧૯- વિનય વિના પાળેલી અહિંસા અને કથન કરેલ સત્ય મોક્ષ આપી શકે કે નહીં ?

સમાધાન- ના, વિનયરહિતપણે કરેલી અહિંસા તથા કથન કરેલું સત્ય કોઈપણ દિવસ મોક્ષ તો આપે જ નહીં, પણ માત્ર પૌદ્‌ગલિક સુખોને આપે છે. અરિહંતાદિકના કથનની સત્યતા ને તેની મોક્ષહેતુતા માની વિનયવાન્ બને તે જ મોક્ષ પામે.

પ્રશ્ન ૩૨૦- તીર્થંકર નામકર્મ શી રીતે વેદાય ? ને જો દેશના દેવાથી તીર્થંકર નામકર્મ ખપે છે તો, તીર્થંકરની દેશના પર ઉપકાર કરનારી છે એમ કહેવાય છે શા માટે ?

સમાધાન- "अगिलाई धम्मदेसणाईहिं તીર્થંકર નામકર્મ અગ્લાનિએ ધર્મદેશના દેવા આદિથી વેદાય. તીર્થંકરની દેશના પોતાના આત્માના એકપણ ગુણમાં લગીર પણ વધારો કરતી નહીં હોવાથી તીર્થંકરની દેશના પર ઉપકારિણી કહેવાય છે.

પ્રશ્ન ૩૨૧- કર્મની ૧૫૮ પ્રકૃતિઓમાં બંધમાં અને ઉદયમાં શુભ કઈ ?

સમાધાન- કર્મની ૧૫૮ પ્રકૃતિઓમાં તીર્થંકર નામકર્મ ૧ આહારશરીર ૨ અને અહારક અંગોપાંગ ૩ એ ત્રણપ્રકૃતિઓ બંધમાં અને ઉદયમાં શુભ છે; બીજી બધી પ્રકૃતિઓ ઉદયમાં કેટલીક શુભ અને અશુભ છે. પણ બંધ વખતે તે બધી ઔદયિક ભાવથી બંધાય છે ને જિનનામ તથા આહારક દ્વિક તો સમ્યક્ત્વ ને સંયમથી બંધાય છે ને પરોપકારે વેદાય છે.

પ્રશ્ન ૩૨૨- જગતમાં એવું કોઈ સ્થાન છે કે જ્યાં એક પણ વખત આ જીવે જન્મ મરણ ન કરેલ હોય?

સમાધાન- ત્રણે જગતમાં વાલના અગ્રભાગ જેટલું પણ કોઈ સ્થાન નથી કે જ્યાં આ જીવે અનન્તી વખત જન્મ મરણ કરેલ ન હોય.

પ્રશ્ન ૩૨૩- દ્રવ્યચારિત્ર આપ્યા વગર ભાવચારિત્રની પ્રાપ્તિ સીધી થાય છે કે નહીં ? ભાવચારિત્રની પ્રાપ્તિનું કારણ કયું ?

સમાધાન- સંવેગ શિરોમણી શ્રીમદ્ હરીભદ્રસૂરીશ્વરજી શ્રી પંચવસ્તુ નામના ગ્રંથમાં જણાવે છે કે- અનન્તી વખત દ્રવ્યચારિત્ર આવે ત્યારે ભાવચારિત્ર આવે છે. દુનિયામાં છોકરો ઊભો થતાં શીખે ક્યારે? સો વખત ગબડે, પડે, ટીચાય, ઢીંચણે લોહી નીકળે, ત્યારે જ, તેમજ નિશાળે મોકલેલો રમતિયાળ છોકરો સાચો એકડો ક્યારે શીખે ? કેટલીએ વખત એકડાની જગ્યાએ ખોટા લીટા કરે, ત્યારે સાચો એકડો કરે. જેમ બાળકોને ઊભું રહેતાં શીખવામાં ભોંય પડવું, ટીચાવું વિગેરે થાય તોપણ તેવું વર્તન કારણ છે, જેમ સાચો એકડો શીખવામાં ખોટા લીટા કારણ છે. તેવી જ રીતે એક વખતના ભાવચારિત્રનું કારણ પણ અનન્તી વખતમાં દ્રવ્યચારિત્રો છે, દ્રવ્યચારિત્ર પહેલાં કોઈ પણ વખત લીધું ન હોય અને ભાવચારિત્ર આવી જાય તે તો મરૂદેવા આદિકની માફક આશ્ચર્યરૂપ છે એ વાત પહેલાંના પ્રશ્નોત્તરોમાં કહેવાઈ ગયેલ છે.

પ્રશ્ન ૩૨૪- અવધિજ્ઞાનનું લક્ષણ શું ?

સમાધાન- બાહ્યપદાર્થો દૂર પ્રદેશમાં રહેલા હોય છતાં જે એકલા જ્ઞાન દ્વારાએ જાણી શકીએ તે જ અવધિજ્ઞાનઃ અવધિજ્ઞાન એ આત્માના ક્ષયોપશમથી થાય છે, ઇંદ્રિયને અગોચર છે, માટે તેનું બાહ્યચિહ્ન હોય નહીં.

પ્રશ્ન ૩૨૫- અનન્ત વખતની કરેલી દ્રવ્યક્રિયા આત્મગુણોત્પત્તિની અપેક્ષાએ સાર્થક કોની ? અને નિરર્થક કોની ?

સમાધાન- અભવ્યોએ કરેલી અનન્તીએ વખતની દ્રવ્યક્રિયા નિરર્થક છે, પણ ભવ્યાત્માએ કરેલી અનન્તી વખતની ચારિત્રની ક્રિયા, અનેકો વખત કરતાં કરતાં કોઈ અશુભ કર્મના ઉદયથી તૂટી જાય તોપણ ભાવપ્રત્યાખ્યાન (ભાવથી ચારિત્ર)નું કારણ બન્યા વિના રહેતી જ નથી, કારણ કે શાસ્ત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં લખે છે "**बाध्यमानमपि भवेद् भावप्रत्याख्यानस्य कारणं**"

પ્રશ્ન ૩૨૬- અવંતીસુકુમાલે નલીનીગુલ્મ વિમાને જવાની ઇચ્છાએ પ્રવજ્યા લીધી તે વખતે સમ્યક્ત્વ ખરું ?

સમાધાન- તે વખતે સમકિત હતું જ નહીં એમ તો કહી શકાય નહીં કારણ કે જૈનશાસનમાં આશંસામાત્રથી સમ્યક્ત્વનો પ્રતિષેધ (નિષેધ) કોઈપણ જગા પર છે જ નહીં. પ્રવ્રજ્યાને મોક્ષનું કારણ માને છે કે નહીં તે જોવું.

પ્રશ્ન ૩૨૭- આશંસા એટલે શું ? અને નિયાણું એટલે શું ?

સમાધાન- ધર્મની ક્રિયા કરતાં પહેલાં જે પૌદ્ગલિક સુખ (દેવતાનું, ચક્રવર્તિપણાનું. રાજાપણાનું સુખ)ની ઇચ્છા થાય અને તે ઇચ્છાથી જ ધર્માનુષ્ઠાન કરાય તે આશંસા કહેવાય. ધર્માનુષ્ઠાન કર્યા પછી ફલ તરીકે જે પૌદ્ગલિક વસ્તુઓ ઇચ્છાય (અર્થાત્ ધર્માનુષ્ઠાન વેચીને સાંસારીક સુખોની ઇચ્છા) તે નિયાણું કહેવાય.

પ્રશ્ન ૩૨૮- સમ્યગ્દૃષ્ટિ જીવ નિયાણું કરે કે નહીં ? નિયાણું કરે તો સમકિત રહે કે નહીં ?

સમાધાન- જીવ જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે સંસારમાં થતી આત્માની દુર્દશા લક્ષ સમક્ષ ખડી થાય છે એટલે દુનિયાના (દેવતા તથા મનુષ્યના) ઉત્કૃષ્ટનાં સુખોમાં પણ તે રતિ વગરનો હોય છે અર્થાત્ વૈરાગ્યવાન્ હોય છે તો પછી અનુપમ મોક્ષને આપનારી એવી ધર્મક્રિયાને વેચીને સાંસારિક સુખો ઇચ્છે એ બનવું જ અશક્ય છે, છતાં પણ કોઈ નિયાણું કરે તેથી તે સમ્યક્ત્વ વગરનો છે એમ કોઈપણ શાસ્ત્રના તેવા પુરાવા વગર કહી શકાય જ નહીં, કારણ કે નિયાણું કરનારમાં સમકિત નથી આ વાત તો કોઈપણ શાસ્ત્રમાં ખાસ લખાણ તરીકે છે નહીં. નવ જાતના નિયાણામાં પણ બધામાં સમ્યક્ત્વનો અભાવ જણાવ્યો નથી, તેમજ સંલેખનામાં નિયાણાને વ્રતના ભંગાભંગરૂપ અતિચાર ગણ્યો છે. નિયાણું મોક્ષમાર્ગના તો વિઘ્નરૂપ છે.

પ્રશ્ન ૩૨૯- તમામ જીવો ચારિત્ર લઈને નવ ગ્રૈવેયકમાં કેટલી વખત ગયા છે ? ને એ પાઠ ક્યા શાસ્ત્રમાં છે?

સમાધાન- अ णा ओहेऽणन्ता વગેરે પાઠો પંચસૂત્રીવૃત્તિને શ્રીભગવતીજીઆદિમાં તે વિષયના સ્પષ્ટ પાઠો છે. પણ તે પાઠો વ્યવહાર રાશિમાં આવ્યા પછી જેઓને અનન્તોકાલ થઈ ગયો હોય તેવા જીવોને આશ્રયી સમજવા.

પ્રશ્ન ૩૩૦- પંચમકાલના ભવ્યાત્માઓ માટે મોક્ષનાં દ્વાર શું બંધ છે ?

સમાધાન- આ પંચમકાલને માટે તો શું પણ કોઈપણ કાલને માટે મોક્ષનાં દ્વાર ભવ્યાત્માઓ માટે કોઈએ બંધ કરેલાં નથી, પણ પંચમકાલમાં (પાંચમા આરામાં) કોઈપણ જીવ કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા, અને અનન્તવીર્ય પ્રાપ્ત કરી શકે તેવી યોગ્યતા છે નહીં, તેથી મોક્ષે જાય (જઈ શકે) નહીં, એ અપેક્ષાએ પાંચમા આરામાં મોક્ષનાં દ્વાર બંધ છે એમ કહેવાય છે.

પ્રશ્ન ૩૩૧- કેટલાકો એમ કહે છે કે વારંવાર આગમો વાંચવાથી ફાયદો શો ?

સમાધાન- વારંવાર આગમો વાંચવાથી શું ફાયદો એમ કહેવું ઘણું જ ભૂલ ભરેલું છે, કારણ કે એકની એક વસ્તુ બીજી વખત, ત્રીજી વખત વાંચવામાં આવે તો ઊંડું ઊંડું રહસ્ય નીકળે. જેમ મોતીનો વેપારી દરરોજ ગંઠેવારો (મોતીની પોટલી) ખોલીને બેસે અને મોતીને તપાસે તેમાં કીંમતી મોતી પારખે અને લાભ ગણે, તાત્પર્ય સારો લાભ મેળવે. એ બધું પરિણામ શાનું ? ફક્ત ગંઠેવારો ખોલવાનું જ છે, તેમ શાસ્ત્રને વારંવાર ઉથલાવીને વાંચનાર મનન કરનાર અપૂર્વજ્ઞાન મેળવી શકે, માટે હમેશાં શાસ્ત્રાભ્યાસમાં ને શાસ્ત્રાર્થ વિચારણામાં આગળ વધું એ જ યોગ્ય છે.

પ્રશ્ન ૩૩૨- સ્વાધ્યાયથી આત્માને કયા કયા લાભ થાય ?

સમાધાન- શ્રી જિનેશ્વર મહારાજના શાસનમાં અસંખ્ય યોગોમાં સ્વાધ્યાય એ પરમ તપ છે. સ્વાધ્યાય કરવાથી આત્માની પરિણતિ ઘણી સુંદર રહે છે. પ્રશસ્ત ધ્યાનમાં અને વૈરાગ્ય ભાવની પુષ્ટીમાં સ્વાધ્યાય પરમ કારણ છે.

પ્રશ્ન ૩૩૩- શ્રુતકેવળી, અવધિજ્ઞાની અને મનઃ પર્યવજ્ઞાની પરમાણું દેખી શકે કે નહીં ?

સમાધાન- શ્રુત, તથા મનઃપર્યવજ્ઞાનવાળા પરમાણુ જોઈ શકે નહીં, પણ કેવળી જોઈ શકે. અથવા પરમાવધિજ્ઞાન કે જેના ઉત્પન્ન થયા પછી કાચી બે ઘડીમાં કેવળજ્ઞાન થાય છે તેથી પણ પરમાણુને જાણી શકાય છે.

પ્રશ્ન ૩૩૪- શાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં અજીર્ણ કહ્યાં છે તે ક્યાં ?

સમાધાન- જ્ઞાનનું અજીર્ણ અહંકાર (સ્થૂલીભદ્રજીની પેઠે) તપનું અજીર્ણ ક્રોધઅગ્નિમાં (અગ્નિ શર્માની પેઠે) ક્રિયાનું અજીર્ણ ઈર્ષ્યા (કુસુમપુરમાં રહેલ સંવેગીમુનિની પેઠે).

પ્રશ્ન ૩૩૫- આ અવસર્પિણીમાં દશ આશ્ચર્યો થયાં કલ્પસૂત્રાદિમાં કહેવાય છે, અને બીજા પણ મરૂદેવીના મોક્ષ જેવા આશ્ચર્યરૂપે જણાતા કેટલાયેક દાખલા બન્યા છે, પણ એવું આશ્ચર્ય કોઈ કાળે થાય ખરું કે સર્વજ્ઞ થયા વગર કોઈ મોક્ષે જાય ?

સમાધાન- કેટલીક બાબતો આશ્ચર્યરૂપે અનન્તકાળે કોઈક વખત બને ! પણ એવો બનાવ તો અનન્તી ઉત્સર્પિણીના ભૂતકાળમાં બન્યો નથી, વર્તમાનમાં બનતો નથી અને ભવિષ્યકાળમાં બનશે પણ નહીં કે સર્વજ્ઞ થયા વગર કોઈ પણ જીવ મોક્ષે જાય ! !

પ્રશ્ન ૩૩૬- ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ વધારેમાં વધારે કેટલા ભવે મોક્ષે જાય ?

સમાધાન- જો દેવ ને નરકમાં જાય તો ક્ષાયિક સમ્યક્ત્વવાળાને ત્રણ ભવ અને અસંખ્યઆયુષ્યવાળા જુગલિયામાં જાય તો ચાર ભવ થાય શ્રી કૃષ્ણમહારાજને પાંચ ભવ કહે છે.

પ્રશ્ન ૩૩૭- 'જેમ તે ભૂલ્યોરે મૃગકસ્તૂરીઓ, લેવા મૃગમદગંધ' ઈત્યાદિક ગાથામાં કહે છે કે કસ્તુરીઓ મૃગ પોતે કસ્તુરી?ની સુગંધ મેલવવા માટે ચારે બાજુ દોડે છેઃ કસ્તુરી તો પોતાની ડૂંટીમાં જ રહેલી છે તો ભટકવાનું કારણ શું ?

સમાધાન- જે વખતે કસ્તુરીઓમૃગ શ્વાસ લે તે વખતે શ્વાસ દ્વારાએ ડૂંટીમાંથી ગંધ નીકળે, તે બહાર નીકળીને પાછી પવન દ્વારાએ નાકમાં પેસે છે. એ સુગંધને બહારથી આવતી ધારીને કસ્તુરીઓમૃગ, કસ્તુરીની ગંધ લેવા દોડાદોડ કરે છે. તે માત્ર ભટકવા સંબંધમાં ઘટના છે.

પ્રશ્ન ૩૩૮- જેમ પરમેશ્વર પુણ્યના કાર્યોમાં કારણભૂત છે તેમ પાપમય કાર્યોમાં કારણભૂત ખરો કે નહીં ?

સમાધાન- ના, પરમેશ્વર શુભકાર્યોમાં કારણભૂત છે, પણ અશુભ કાર્યોમાં કિંચિત્ પણ કારણભૂત છે જ નહીં. જેમ સૂર્યનું અજવાળું, કાંટા કાંકરાથી બચાવે અને ચોખ્ખો માર્ગ બતાવે તેમાં સૂર્યનું અજવાળું કારણરૂપ છે, પણ કોઈક બેવકૂફ માણસ જાણી જોઈને આંખો મીંચીને ચાલે અથવા અંધ હોય કે અંધારામાં ચાલે અને તેથી કાંટા, ખાડા કે ટેકરાથી નુકસાન થાય એમાં કાંઈ સૂર્ય એ નુકસાનનું કારણ નથી, તેવીજ રીતે પરમેશ્વર પણ સૂર્યની માફક જ સર્વ વસ્તુ પ્રકાશક હોવાથી પુણ્યનાં કાર્યોમાં કારણ બને છે અને પાપનાં કાર્યોમાં લગીર પણ કારણરૂપ બનતા નથી.

સંવેગની સમરાંગણ ભૂમિ યાને સમરાદિત્ય ચરિત્ર

અનુવાદક :- "મહોદય"

શ્લોક. आदिबोधिदमर्हन्तं वृषभंकनकमभमू प्रणौतियदनुध्यानं स्तंभनं मोहमुपतेः ?

અર્થ અનંતી ચોવીશીને વિષે. ઓ ચોવીશીમાં પ્રથમ બોધના દાતાર પ્રભુ. અરિહંત, કે જેણે રાગદ્વેષને સંપૂર્ણ રીતે જીત્યા છે એવા અને સૂવર્ણ સરખી છે કાન્તિ જેની એવા અને જેનું ધ્યાન મહ મોહરાયને (કે જે દુઃખ જ આપે છે સંસારમાં રખડપટ્ટી કરાવે છે.) સ્તંભાવી દીધેલ છે. એવી શ્રી. પ્રથમ તીર્થંકર પ્રથમ પૃથ્વીના નાથ પ્રથમ નિરૂપરિગ્રહ કે'તાં ત્યાગી પંચમહાવ્રતધારી એવા શ્રી. ઋષભદેવ ભગવાનને (સહર્ષ) વંદન પ્રણામ કરું છું.

વિવેચન આદિ. શરૂઆત, એટલે અનંતી ચોવીશીને વિષે. ચર્તુગતિરૂપ સંસારમાં વિષય. કષાયથી પીડાતા જીવોને મોક્ષ-સુખ-સમર્પણ કરનાર સ્યાદ્વાદ શૈલીથી પ્રરૂપણ કરનાર જૈન શાસનના સ્થાપક ચોવિશ તીર્થંકરો થાય છે. તેમા આ અવસર્પિણી કાળમાં યુગલીક જીવોને ધર્મનો બોધ કરનાર શ્રી ઋષભદેવ ભગવાનને નમસ્કાર કરી શ્રી પદ્યુમ્ન સૂરીશ્વરજી મહારાજા ધર્મકથાનુયોગમાં વૈરાગ્ય રસથી ભરપૂર સમરાદિત્ય ચરિત્રની રચના કરતાં પ્રથમ બીજા ત્રેવીશ તીર્થંકર ત્થા ગૌતમસ્વામી મહારાજ આદિ ગણધરદેવની સ્તુતિ કરતાં જણાવે છે કે

૧૬. શાંતિનાથ પ્રભુની સ્તુતિ

સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન, કુંથુનાથ ભગવાન ને અરનાથ ભગવાન એ ત્રણ જે ચક્રવર્તી હતા. છતાં પણ જેઓ સંસારને અસાર તથા દુઃખમય લક્ષ્મીને ચંચળ તરીકે જાણી તેનો ત્યાગ કરી. પંચમહાવ્રતરૂપ તથા સર્વસાવદ્યના પરિહારરૂપ ચારિત્ર અંગીકાર કરી અનેક તપશ્ચર્યાથી સકલ કર્મના ક્ષયથી કેવળ જ્ઞાન ને પ્રાપ્ત કર્યું તે તીર્થંકરોને હું નમસ્કાર કરું છું.

૨૨. નેમિનાથ પ્રભુની સ્તુતિ

જેને વશ આખુંએ જગત થઈ ગયું છે તે કામને જેણે બાલપણે જય કર્યો તે બાળ બ્રહ્મચારી ભગવાન નેમિનાથ પ્રભુને નમસ્કાર કરું છું.

૨૩. પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ

અશ્વસેન રાજાના પુત્ર ને વામાદેવીના નંદનરૂપ ભગવાન ત્રેવીશમાં તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરૂં છું કે જેમનો મહિમા ત્રણ જગતમાં પ્રસિદ્ધ તથા જેમની મૂર્તિ સર્વત્ર દેખાય છે.

૨૪. મહાવીર પ્રભુની સ્તુતિ

ચરમ તીર્થંકર આસનોપકારી એવા વીરપ્રભુને વંદન કરું છું કે જેમનું શાસન વર્તમાન કાલે જયવંતુ વર્તે છે બાકીના અજતનાથ ભગવાન આદિ ૧૭ તીર્થંકરને હું વંદન કરૂં છું.

વીર પ્રભુના મુખથી નીકળેલી ત્રીપદીરૂપ ગૌને ચરાવામાં ગોપસમાન શ્રીમદ્ ગૌતમસ્વામીજી મહારાજને નમું છું. તથા સુધર્માસ્વામીજી મહારાજ જંબુસ્વામીજી મહારાજ છશ્રુતકેવલિ ચૌદપૂર્વ તમારી લક્ષ્મીને માટે થાઓ. વજ્રસ્વામી મહારાજ કે જે છ મહિનાની અંદર ચારિત્ર અંગિકાર કરવાની ભાવનાવાળા હતા તેમને હું વંદન કરું. જેમના કથનને અનુસરીને હું આ ચરિત્ર કહું છું તે યાકિની પુત્ર શ્રીમદ્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજને વંદન હો તથા અજ્ઞાન તિમિરભાસ્કર સમાન શ્રીમદ્ સિદ્ધસેન દિવાકર સૂરીજીને વંદુ છું કે જેમના ઉદયે બડબડ કરતા વાદીરૂપ ઘુવડોને આંધળા બનાવી દીધા છે. શ્રીમદ્ દેવસૂરીજીના શિષ્યનો કુમારપાલ નરેશને પ્રતિબોધ પમાડી અઢાર દેશમાં અહિંસાનો વિજયધ્વજ ફરકાવ્યો તે કલીકાલ સર્વજ્ઞ ભગવાન સાડા ત્રણ કરોડ શ્લોકના પ્રણેતા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી મહારાજને વંદન હો, વંદન હો ॥ ૨૦ ॥ શ્રી દેવાનન્દ સૂરીજી મહારાજને નમસ્કાર હો કે જેમના પ્રતાપથી આ બાલચાપલ કરું છું. ॥૨૧॥ તેમના શીષ્ય શ્રીમદ્ કનકપ્રભુ ગુરુને વંદન કરું છું શ્રીમદ્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજે બનાવેલ વૈરાગ્ય રસથી ભરપૂર માગધી ભાષામાં સમરાદિત્ય ચરિત્ર ઘણું જ વિસ્તાર હોવાથી અલ્પમતીવાન્ જીવોના બોધને માટે સંક્ષેપથી હું કહું છું.

સમરાદિત્ય ચરિત્ર પ્રારંભ પ્રથમ ભવ વર્ણન.

તેમાં પ્રથમ સમરાદિત્ય કેવલીના નવભવના નામ કહે છે. આ આખા એ ચરિત્રની અંદર પરસ્પર સંબંધી હોવા છતાં પણ વૈર કેવું કેવું છે. જ્યારે એક બાજુ એક આત્મા પોતાની સજ્જનતા દાખવે છે ત્યારે બીજી બાજુ બીજો આત્મા પોતાની દુર્જનતા દાખવે છે તેનો ખ્યાલ કરવા નવ ભવનો ખ્યાલ પ્રથમ કરાવે છે.

૧	પહેલા ભવે	ગુણસેન રાજા	ને	અગ્નિશર્મા બ્રાહ્મણ
૨	બીજે ભવે	સિંહ નામે પિતા	ને	આનંદ નામે પુત્ર
૩	ત્રીજે ભવે	શિખી નામે પુત્ર	ને	જાલીની નામે માતા
૪	ચોથે ભવે	ધન નામે પતિ	ને	ધનશ્રી નામે પત્ની
૫	પાંચમે ભવે	જય નામે ભાઈ	ને	વિજય નામે ભાઈ (બે સગ્ગા ભાઈ)
૬	છઠ્ઠા ભવે	ધરણ નામે પતિ	ને	લક્ષ્મી નામે પત્ની
૭	સાતમે ભવે	સેન નામે કાકાના દીકરાના ભાઈ	ને	વિસેન નામે ભાઈ
૮	આઠમે ભવે	ગુણચંદ્ર નામે રાજપુત્ર	ને	વાનમંતર નામે વિદ્યાધર
૯	નવમે ભવે	સમરાદીત્ય નામે રાજપુત્ર	ને	ગિરિસેન નામે ચણ્ડાલ

આ નવ ભવ તો મનુષ્યના જ. દેવભવ તો જુદા રહ્યા તેમાં ગુણસેન રાજા મુક્તી જાય છે ને બીજો અગ્નિશર્મા બ્રાહ્મણ અનંત ભવ રખડ્યો તપના પારણાના ભંગથી એ બેને વૈરની વૃદ્ધિ થઈ. સજ્જનોને અનેક કથાઓ સારી ઈષ્ટ છે તેમાંયે સમરાદિત્ય સમાન સંવેગના તરંગ સમાન કોઈ ચારિત્ર નથી. પૂર્વાચાર્યોએ મોક્ષનો અભિલાષ તેને સંવેગ કહ્યો છે. આ ચરિત્ર સંક્ષેપથી કહીશ તે ધ્યાનપૂર્વક સાંભળજો. પ્રથમ ભવ પ્રારંભ જેની મધ્યે લાખ જોજન પ્રમાણ વાલો મેરુ પર્વત છે. લાખ જોજનવાલા લવણ સમુદ્રથી વીંટાયેલ જંબુ નામનો દ્વીપ છે તે જંબુદ્વીપમાં પશ્ચિમ વિદેહમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર છે. તે નગરની અંદર પૂર્ણચંદ્ર નામનો શરદ્ ઋતુના પૂર્ણચન્દ્ર જેવા મુખવાલો રાજા છે, તે રાજાને કુમુદીની નામની સ્ત્રી છે, તેને ગુણશેન નામનો એક સુંદર પુત્ર છે. તે ગુણસુંદર નામના પુત્રને પૂર્ણચન્દ્ર રાજાએ રાજ્યભાર સોંપી સુખ ભોગવતો રહે છે ને તે ગુણસેન રાજા પણ બાલ્યભાવ ને કૌતુક જોવાનો અભિલાષી હોવાથી કુબડા ઠુંઠા એવા ગરીબ માણસો પાસે નૃત્યગીત, વાજિંત્ર વિગેરે રાજ્યસભામાં દરરોજ કારવી કૌતુક દેખતો હતો. હવે આ બાજુ એજ નગરમાં લોકોને માન્ય છ અંગનો જાણકાર સ્વભાવથી સંતોષી યજ્ઞદત્ત નામા પુરોહિત રહેતો હતો. તે પુરોહિતને સોમદેવા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ દુષ્કર્મથી કુરૂપી ત્રિકોણ મસ્તકવાળો, પીળી આંખોવાળો, ચીબડા નાકવાળો, સર્પના બીલ જેવા કાનવાળો, લાંબા દાંતવાળો, ટુંકા ઓઠવાળો, વાંકી ડોકવાળો, અલ્પ છાતીવાળો, ટુંકા હાથ ને મોટા પેટવાળો એવો અગ્નિશર્મા નામનો પુત્ર હતો. તે અગ્નિશર્માને તે રાજકુંવર નિત્યે નગરમાં અનેક રીતે કનડી આનંદ વિનોદ કરતો. કોઈ દિવસ તેને ગધેડે બેસાડી ધુળ ઉડાડે એવી એવી અનેક ક્રીડાથી તેને સંતાપતો. એ પ્રમાણે અનેક વિંટબનાથી કંટાળેલો તે અગ્નિશર્મા એક દિન વિચાર કરવા લાગ્યો કે અહો હું કેવો પાપી છું મેં પૂર્વભવે કાંઈ તપ કર્યું નથી તેથી આવો હું દુઃખી થાઉં છું. હવે આ ભવે પણ તપ તપું તો ભવાન્તરમાં દુઃખી ન થાઉં એમ વિચારી તે વૈરાગ્ય સહિત ગામ બહાર જવા નીકળે છે.

(અપૂર્ણ)

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૩૪૨ પોતે પોતાના સ્વ સ્વરૂપને ઓળખી શક્યો નહી તેથી જ આ આત્મા રખડ્યો છે.

૩૪૨ જીવને રખડપટ્ટીનો ભયંકર રોગ લાગુ પડ્યો છે.

૩૪૪ સંસાર રોગ નિવારણ ઔષધ જે દવાખાનામાં મળે તે દવાખાના તરફ કૂચ કરો !

૩૪૫ શારીરિક દરદોમાં દવા દાક્તર અને દવાખાનાની જરૂર, આર્થિક દરદોમાં વેપારી વેપાર અને બજારની જરૂર, નૈતિક દરદોમાં શિક્ષક શિક્ષણ અને શાળાની જરૂર સ્વીકારનારાઓએ આત્મિક રોગ નિવારણ માટે ધર્મ-ધર્મગુરુ અને ધર્મસ્થાનની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારી છે.

૩૪૬ ધર્મસ્થાનરૂપ દવાખાનામાં પ્રવેશક દરદીને જે તે દવા ન અપાય ?

૩૪૭ ધર્મ એ અમૃત છે, અમૃતનો ઉપયોગ છૂટે હાથે કરનાર દાનેશ્વરીઓની પ્રભુ શાસનમાં જરૂરિયાત છે.

૩૪૮ જિનેશ્વરનું વચન અમૃત સરખું છે છતાં અધિકારી અનધિકારી તપાસવાની ખાસ આવશ્યકતા છે.

૩૪૯ અમૃત જીવતાંને ફાયદો કરે પણ મરેલાંને ફાયદો ન કરે અર્થાત્ અમૃત (ધર્મ) ચૈતન્ય વંતને ફાયદો કરે જડને ફાયદો ન કરે.

૩૫૦ અમૃત (ધર્મ) જીવન ટકાવનાર, સુંદર બનાવનાર, નવપલ્લવિત રાખનાર છે, પણ નવું જીવન ઉત્પન્ન કરનાર નથી. જીવન ન હોય તો નવું જીવન ન કરે અર્થાત્ જીવ જીવન જાગતું જીવતું હોય ત્યાં જ ધર્મ રૂપ અમૃત કાર્ય કરે છે.

૩૫૧ જીન વચન અમૃત પાન જેવું છે.

૩૫૨ દશ પ્રાણમાં પરોવાયેલો જીવ જડ જીવન જીવે છે. અર્થાત્ જીવ-જીવન જીવી શકતો નથી.

૩૫૩ આત્માની અનંત શક્તિ હોવા છતાં આ આત્મા ઇંદ્રિયો વગર સ્પર્શ, રસ, ગંધ, દેખાવ અને શબ્દ સરખો પણ સાંભળી શકતો નથી; છતાં અનંત શક્તિના આવિર્ભાવ માટે ઉદ્યમી થવાતું નથી.

૩૫૪ ચક્રવર્તીની રિદ્ધિ અને પાઈને જેટલું આંતરું છે એના કરતાં આ જીવે જે રિદ્ધિ ગુમાવી છે તેનું અનંત ગુણ આંતરું છે માટે સત્વરે સફળ માર્ગે પ્રયાણ કરો.

૩૫૫ સર્વ સાવદ્ય પાપમય પ્રવૃતિના ત્યાગ માત્રથી સાધુપણું આવી જતું નથી.

૩૫૬ સર્વ સાવદ્ય ત્યાગ અને રત્નત્રયીને વિકાસાવનાર દશવિધ વાલ સમાચારીના સેવન વગર વસ્તુતઃ સાધુપણું નથી.

૩૫૭ અવધિજ્ઞાની તિર્યંચો અંતિમ અવસ્થાએ સર્વ સાવદ્યના ત્યાગ માટે પ્રતિજ્ઞા કરે છે તેટલા માત્રથી શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં સાધુ તરીકે સ્વીકાર્યા નથી.

૩૫૮ પ્રતિક્રમણ પ્રતિલેખનાદિ ક્રિયાઓને બાજુ પર મૂકી અધ્યાત્મનો આડંબર કરાવવાળા વેશધારી સાધુઓને વિતરાગ પ્રણિત શાસનમાં સાધુ તરીકે જીવવાનો હક્ક નથી.

૩૫૯ આત્માને અવિરતિ=ત્યાગ તરફ અણગમોએ એક અદૃશ્ય, અગમ્ય, ગહન ગાંઠ દિન પ્રતિદિન સમયે સમયે પાપથી પુષ્ટ થાય છે.

૩૬૦ પાપ કરવાની ઈચ્છા ન હોય, પાપ વધે તે માટે પ્રવૃત્તિ પણ ન હોય, પાપ કરવા સંબંધી લેશભર વિચાર-વચન ન હોય, પાપ પ્રત્યે પ્રીતિ પણ ન હોય; છતાં અવિરતિનું પાપ લાગ્યા કરે છે એ અવશ્યમેવ વિચારણીય છે.

૩૬૧ અવિરતિની અદૃશ્ય ગાંઠનું ઓપરેશન સામાયિક દ્વારાએ સત્વર કરો.

૩૬૨ સામાયિકમાં પ્રથમ પ્રતિજ્ઞા એટલે અવિરતિ પાપ ગાંઠનું ઓપરેશન, અને દર્શનાદિની આરાધના રૂપ બીજી પ્રતિજ્ઞા રૂઝ લાવનાર છે; અર્થાત્ સામાયિક આત્માને અપૂર્વ આરોગ્ય લાભ સંપાદન કરાવનાર છે.

૩૬૩ ભવિષ્યના ભરોસે રહેનારાઓ દ્રવ્યચારિત્રમાં દિલ પરોવતા નથી, અને તેવાઓ ચઢિયાતા જ્ઞાન દર્શન ચારિત્ર કઈ કિંમતે પામશે તે વિચારણીય છે.

૩૬૪ પ્રાપ્ત થયેલી રત્નત્રયીનો ઉપયોગ નહીં કરનારા આગળ વધી શકતા નથી.

૩૬૫ મળેલાં બળ વીર્ય ગોપવવાં તે જ અતિચાર છે.

૩૬૬ વીર્યાચારમાં વિચક્ષણ બનેલાંઓ રત્નત્રયીમાં ઉદ્યમવંત હોય છે.

૩૬૭ યાવજજીવ રત્નત્રયી આરાધન કરવાની પ્રતિજ્ઞાવાન 'ઇચ્છા મુજબ કરીશ' એ વચન ઉચ્ચારી શકતાં જ નથી.

૩૬૮ પ્રતિજ્ઞાનું પ્રતિક્ષણ પર્યાલોચન કરો.

૩૬૯ ઝવેરીનો બચ્ચો હીરાને હીરો કહે તેટલા માત્રથી તે ઝવેરી થઈ જતો નથી, તેવી રીતે ઇતરદર્શનકારો જીવને જીવ કહી દે તેથી સમકિતી થઈ જતાં નથી.

૩૭૦ આસ્તિક અને સમકિતીમાં મહદંતર છે.

૩૭૧ કર્મના કલંજણમાં ખૂંચેલો આત્મા કલંજણમાં નહીં ખૂંચતાં બહાર નીકળે છે એ જ આત્માની અનંત શક્તિનું અલૌકિક સામર્થ્ય છે.

૩૭૨ આત્માની શક્તિ આવિર્ભાવ થયેલી છે એવા કેવળી ભગવંતોને કર્મ અર્પણ કરી શકતું નથી.

૩૭૩ સંપૂર્ણ શક્તિવાળા સર્વજ્ઞને ત્રણ જગતના સામટા કર્મ મળીને હલ્લો કરે તોપણ રંચ માત્ર હઠાવી શકતા નથી.

૩૭૪ કર્મ કરવા જતાં નથી, કર્મ સંભારતા નથી એવા ભર નિદ્રામાં પડેલાઓ પણ સાત આઠ કર્મ બાંધે છે એવો કર્મ-હલ્લો છે.

૩૭૫ ભંગદરવાળો ભયભીત બને, રસીની ઇચ્છા ન કરે છતાં રસી રોજની રોજ નવી થાય અને નીકળે તે પ્રસંગ વિચાર્યો છે ?

૩૭૬ નાશવંત શરીરમાં ભગંદરાદિ વિકાર થયા પછી પૌષ્ટિક ખોરાકો પણ રસી રૂપે પરિણમે છે.

૩૭૭ અવિરતિના વિકારથી વિહ્વળ બનેલા આત્માઓ પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિઓનો સત્વર નાશ કરે છે.

૩૭૮ દૂધસાગર આદિ રસમય પદાર્થો વાપરનારે વિચારવું જોઈએ કે કોઈ જગા પર વિકાર તો નથી? વિકાર હશે તો વિગયો વિકારની વૃદ્ધિ કરશે.

૩૭૯ જ્ઞાનાવરણીયાદિ ગુમડાંને સંવર લોશનથી સારું કરો, નિર્જરાથી ગડગુમડની જડને બાળી નાંખો.

૩૮૦ કેવળી મહારાજના ચાર ગુમડા સંવરલોશનથી સાફ થયાં, નિર્જરાથી જડ ભસ્મીભૂત થઈ અને રૂઝ આવી ગઈ બાકીનાં ચાર રૂઝાવાની તૈયારીમાં છે.

૩૮૧ આત્માએ પરમાત્મા બનવું હોય તો સ્વસ્વરૂપમાં રમણતા કરવી.

૩૮૨ સામાયિકની બાધા એ સજા નથી પણ સાજા કરવાની રામબાણ દવા છે.

૩૮૩ લેવા લાયક વસ્તુ કોઈપણ ભોગે લેવામાં હાની નથી.

૩૮૪ સંયમ, પૌષધ, પ્રતિક્રમણ ઉપાદેય હોવા છતાં ઉપાદેય તરીકે સ્વીકાર્યા જ નથી.

* * *

વિષયાનુક્રમ

શ્રી વર્ધમાન તપની વિશિરૂટતા.....પાનું-૨૬૫

આગમોદ્ધારકની અમોઘ દેશના.....પાનું-૨૬૯

સાગર સમાધાન.....પાનું-૨૭૭

સંવેગની સમરાંગણ ભુમિ.....પાનું-૨૮૨

સુધા-સાગર.....પાનું-૨૮૫

લેખકોને સૂચના.

આથી દરેક લેખકોને આમંત્રણ આપીએ છીએ કે તેઓ શ્રી નવપદજીના સંબંધમાં એટલે નવે પદો સુરક્ષિત રાખવા અને તેના પ્રત્યે સન્માન તેમજ પૂજ્યભાવ વધારવાને અંગે જે કાંઈપણ લખાણો એક બાજુ સૌમ્ય અને રસમય ભાષામાં સારા અક્ષરે શાહીથી લખીને મોકલાવશે તો તે સહર્ષ સ્વીકારી યોગ્ય જગ્યાએ જલદી પ્રગટ કરવા ઘટતું કરવામાં આવશે.

તા. ક. પ્રશ્નકારો પણ શ્રી નવપદજીના સંબંધમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પત્રદ્વારાએ લખી મોકળશે તો સમાધાન મેળવી શાસનના હીત ખાતર પ્રગટ કરવામાં આવશે.

તંત્રી.

તમોને શાની જરૂર છે !!!

જૈનધર્મનાં પ્રાચીન અને અર્વાચીન જૈન સાહિત્યની જરૂર છે ? તો તુરત નીચેના સરનામે પત્રવ્યવહારથી પૂછો-

દેવચંદ લાલભાઈ. જૈન પુ. ફંડ ગોપીપુરા સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

શાસ્ત્ર સંમત દીક્ષામાં પણ અપાયલા ભોગ.

સમાજના સંરક્ષણની વાહિયાત વાતો કરનારા, અંદરથી સમાજને સડાવવાની અનેકાઅનેક કાર્યની પ્રવૃત્તિ રાખવાળા, મોઢેથી દીક્ષાની હિતૈષિતા જણાવતા અને દીક્ષાના કટ્ટર દુશ્મનો અભયકુમારની દીક્ષાને આજના સમયમાં કઈ રીતિયે ચિતરે તે વિચારવા જેવું છે !!! કારણ કે વિશ્વવંદ્ય વિભુવીરના વિસ્તાર પામેલા શાસનમાં અદ્યાપિ પર્યંત એક પણ માની લીધેલ અનિર્વચનીય નાશવંત નુકસાનવાળી દીક્ષા ચારે બુદ્ધિના નિધાન સમ્યક્ત્વદાતા અભયકુમારના જેવી હજુ સુધી થઈ નથી !!!

જે દીક્ષાના થયા પછી દેશના કરોડો મનુષ્ય માર્યા ગયા, જે દીક્ષાથી અઢારગણ રાજા અને રાજ્યો રણાંગણમાં રગદોળાઈ ગયા, જે દીક્ષાથી સમ્યક્ત્વ શિરોમણી વ્રતધારી ચતુર ચેડા મહારાજાનું હૃદય ચીરાઈ ગયું અને તે વાવમાં પડીને મરી ગયા, જે દીક્ષાથી રથમુશલ અને મહાશીલા કંટક સરખા યુદ્ધો શાસ્ત્રમાં પ્રસિદ્ધિને પામ્યાં, આ બધા વિનાશના વાયરાના કારણની જડ અભયકુમારની દીક્ષા; છતાં એ કલ્યાણકારી દીક્ષાની અટકાયત કરનારા ભગવાન વીર કે બુદ્ધિનિધાન અભયકુમાર થયા નહીં, તેમજ ભગવાન ગૌતમાદિ ગણધરો પણ ન થયા, આજના ધર્મધ્વંસક અને દીક્ષાના દુશ્મનો જો તે વખતે હાજર હોત તો કીડીઓના દરની જેમ તે સમયમાં પણ જરૂર ઉભરાત !!!

વર્તમાન સમયમાં દીક્ષાની અટકાયત કરનારાઓના હાથમાં દીક્ષા માટે સત્તા અને સલાહનું મળવું વાંદરાના હાથમાં દારૂ ને તલવાર મળવા જેવું છે.

ના કહેવામાં જેને લેશભર નુકશાન જવાનું નથી, ભાવિ નુકશાનની માલમ નથી તેવાઓની હા અગર ના પર દોડધામ કરનારા મૂર્ખ શિરોમણી છે, બલ્કે તેવાઓની જૈન શાસનમાં ફુટી કોડીની પણ કિંમત નથી.

એક દીક્ષાની પાછળ આટલું વિપત્તિનું વિષમ વાદળ તૂટી પડશે, અગર વર્તમાનમાં વિષમ વાયરા વાશે એવું જાણીને વિપત્તિઓના વારિધિની દરકાર કર્યા વગર પ્રભુ મહાવીર દેવે અભયકુમારને દીક્ષા આપી છે, તો પછી ભયંકર બનાવો બનશે અગર ભયંકર બનાવો નહીં બને બલ્કે તે વાતની અમને માલમ નથી તો પછી અનેક આફતો ભવિષ્યમાં આવી પડશે, તે સંભવ માત્રથી માની દીક્ષામાં સબુરી કરવી તે દીક્ષાની શ્રેયસ્કરતા અને કલ્યાણ હેતુતાની માન્યતાથી દૂર રહેલાને જ ઘટે.

REGISTERED NO. B. 3047.

સમ્યગ્-દર્શન



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૧૩ મો.	મુંબઈ, તા. ૧૦-૪-૩૩, સોમવાર ચૈત્ર - સુદ - ૧૫	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषोऽनन्यः
सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

સમ્યગ્-દર્શન.....પાનું-૨૮૯

આગમોદ્ધારકની અમોઘ દેશના.....પાનું-૨૯૬

સાગર સમાધાન.....પાનું-૩૦૫

સંવેગની સમરાંગણ ભૂમિ.....પાનું-૩૦૯

સુધા-સાગર.....પાનું-૩૧૨

આનંદ-સાગર-ધર્મ-સાધનામાં ઘટે ના વાયદા !!!

(હરિગીત છંદ)

નરદેહ ઉત્તમદેશ કુલ સંયોગ સાનુકુલ મળ્યા,
પંચેંદ્રિ પૂરી પ્રાપ્ત થઈ મનના મનોરથ સૌ ફળ્યા;
લક્ષ્મી મળી સુખસાધનો આવી મળ્યા સૌ સામટા,
તોય સાધે ધર્મને ! શાને કરે છે વાયદા ? ૧

જે ધર્મયોગે લાડૉ વાડૉ ગાડી લીલાલ્હેર છે,
તે ધર્મને વિસરી જવો એ નક્કીં કાળો કે'ર છે;
છે વિશ્વમાં પણ લુણહરામી કાજ કપરા કાયદા,
ઉપકારીં કેરી સાધનામાં વ્યર્થશાને વાયદા ? ૨

ક્ષમક્ષણ ઘટે આયુષ્ય ભમતો કાળ શિરપર સર્વદા, !
'હુંહું' અને 'મારૂં બધું', ત્યાં ભાનભૂલ્યો સર્વથા;
ધન ધાન્ય સુતને સુંદરી પરિવાર દેહ અલાયદા,
આખર શરણ છે ધર્મનું, શ્યા વાયદામાં ફાયદા ? ૩

ચૂક્યો જીવન તો, વાત ચડશે વાયદાના ચોપડે,
નર દેહ પણ દુર્લભ ઘણો તો સર્વ ક્યાંથી સાંપડે ?
જે જે મળ્યું તસ સદુપયોગે સાધીં લેને ફાયદા,
વાતે બનીને વાયડો શિદ વ્યર્થ કરતો વાયદા ? ૪

સાધન થતું ના ધર્મનું એ જીવન એળે જાય છે,
આયુષ્ય-શુભ ઓછું થઈને અશુભનું બંધાય છે;
સ્વર્ગાદિ સદ્ગતિ સાચવી દે સિદ્ધિ શાશ્વત્ સુખપ્રદા,
તે ધર્મની આરાધનામાં મૂર્ખ કરશે વાયદા ! ૫

ચોમેર હોળી સળગતી ચારે ગતિના ચોકમાં,
મરણ જન્મ જરા વિડંબન પોક થોકેથોકમાં;
બચવું ચહેતો ધર્મ કર, કપરા કરમના કાયદા,
આનંદ-સાગર-ધર્મ-સાધનમાં ઘટેના વાયદા !!! ૬

ભીખાભાઈ છગનલાલ શાહ.

સિદ્ધચક્ર.

(પાક્ષિક)

::: ઉદ્દેશ :::

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૧૩ મો | મુંબઈ, તા. ૧૦-૪-૩૩, સોમવાર. ચૈત્ર-સુદ ૧૫ | વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

સમ્યગ્-દર્શન

ભાવ-પ્રાણના નાશથી ભડકવું-તેનું નામ સમ્યક્ત્વ.
દ્રવ્યદયાના ભોગે ભાવ દયાનું સેવન-જરૂરી છે.
દ્રવ્યદયા-મહેતલ અને ભાવદયા-માફીનું આંતરિક સ્વરૂપ.
લોકોત્તર જૈન-શાસનથી બહાર કોણ ?
ભાવદયાના ભોગે દ્રવ્યદયાની વકીલાત એ ઘોર મિથ્યાત્વ છે.

सव्वन्नुपणीयागंम पयडिय तत्तत्थ सद्दहणरुवं ।
दंसण रयण पईवं निच्चं धारेह मणभवणे ॥

સમકિતી ભડકે ક્યાં ?

શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ શ્રીપાલ ચરિત્રની રચનાદ્વારા ભવ્ય જીવોને નવપદજીની આરાધના કરવા પ્રેરી રહ્યા છે. કથાનુયોગમાંની કથાના બે વિભાગ હોય. (૧) રસકથા,

(૨) તત્ત્વકથા શ્રીપાલચરિત્રમાં રિદ્ધિસિદ્ધિ મળવી, ધવલશેઠ તરફથી ઉપસ્થિત થતી આફતો અને ચમત્કારિક પ્રસંગોમાંથી આકસ્મિક થતો બચાવ, ધવલશેઠના દશહજાર સુભટથી જે કાર્ય ન થયું તે શ્રીપાળે પોતાના સ્વપરાક્રમથી કર્યું, મધ્ય સમુદ્રે ધવલશેઠે નાખી દેવા છતાં મગરમત્સ્ય મળવો અને સહીસલામત કિનારે આવવું, સૂર્યની છાયાનું ન પલટાવું અર્થાત્ સૂતેલા શ્રીપાળના શરીર ઉપરથી છાયાનું નહીં ખસવું, દેવતાઓએ બંધ કરેલ દ્વારો દૃષ્ટિ માત્રથી ઊઘડી જવાં. આ બધો વિભાગ રસકથામાં સમાય છે. જ્યારે નવપદનું સ્વરૂપ, અને તેના આરાધનની વિધિ વિગેરે વિભાગ તત્ત્વકથામાં સમાય છે. નવપદનાં ગુણોમાં લીન થતાં જીવજીવન આવિર્ભાવ પામે છે.

જીવનના બે પ્રકાર (૧) જડજીવન, અને (૨) જીવજીવન. દશ પૈકી પ્રાણ ધારણ કરે અને તે દ્વારાએ જે જીવે તે જડજીવન પ્રાણધારણ કરે તે જીવ એમ જ વ્યાખ્યા લઈએ તો સિદ્ધમહારાજ શું અજીવ છે ? કેમકે તેમને એકપણ પ્રાણ નથી, એકેઇંદ્રિય નથી. ઇંદ્રિયો આદિ પ્રાણો તે દ્રવ્ય પ્રાણ છે પણ ભાવ પ્રાણ નહીં. દ્રવ્ય પ્રાણવાળું જીવન એ જ જડજીવન. તેની રક્ષા દરેક ભવમાં દરેક પ્રાણી કરે છે. પોતાનાં શ્વાસોશ્વાસ, આયુષ્ય બળની રક્ષામાં દરેક પ્રાણી તૈયાર છે. દ્રવ્યપ્રાણના નાશથી થતાં મરણના ડરથી સમ્યક્ત્વ શી રીતે મનાય ? એ પ્રાણના નાશથી તો પ્રાણીમાત્ર ડરે છે ? કોણ નથી ડરતું ? ભાવ પ્રાણના નાશથી ભડકવું તેનું નામ સમ્યક્ત્વ.

જીવજીવન કયું ?

અઘાતી પાપોના ઉદયથી ડરો છો પણ ઘાતી પાપનાં પરિણામનો વિચાર કદી કર્યો? નિગોદીયા કરતાં દ્રવ્યપ્રાણોથી વધ્યા એ કબુલ પણ ભાવપ્રાણોમાં કેટલા વધ્યા તે કદી વિચાર્યું? બીજ વાવ્યા સિવાય અનાજ ઊગે નહીં તેમજ આત્માને કેવળજ્ઞાન સ્વરૂપ સમજો નહીં ત્યાં સુધી તે પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય જ શી રીતે ? સામાન્યતઃ જીવતત્ત્વ માનવાથી કાંઈ સમકિત હોતું નથી. મિથ્યાત્વીઓ પણ જીવને તો માને છે. તમે પણ એ જ રીતિએ માત્ર જીવ માનીને બેસી રહો તેથી કાંઈ વળે નહીં. જગતના સર્વજીવો કેવળજ્ઞાન સ્વરૂપી છે એમ જાણો, માનો તો પોતાના આત્માનાં પણ કેવળજ્ઞાન હોવાનું જ્ઞાન, (ભાન) થાય તેનું નામ સમ્યક્ત્વ. એક લક્ષાધિપતિ વેપારી પોતાના ચોપડામાં લાખ રૂપિયાની રકમ ખતવવી જ ભૂલી ગયો. એ શેઠને જ્યારે એ રકમ જડી આવે ત્યારે તેને કેટલો આનંદ થાય ? જો કે રકમ જડવાથી તે જ વખતે તે રકમ હાથમાં આવી ગઈ એવું નથી છતાંયે એ રકમ 'છે' એટલું તો નક્કી થયું ને ! તે જ રીતે જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય અને પોતાના આત્મામાં કેવળજ્ઞાન છે એમ માલૂમ પડે ત્યારે તે જીવના આનંદની સીમા હોય ? નહીં જ !

દ્રવ્યદયાના ભોગે ભાવદયા સંરક્ષણ રત્નત્રયી માટે જ છે.

અસત્ કલ્પનાએ વિચારો કે અખૂટ સંપત્તિનો સ્વામી, છ ખંડનો માલિક, નવે નિધાનનો ભોક્તા ચક્રવર્તી પણ તથા પ્રકારના કર્મવશાત્ પાઈની ભાજી પણ ન લાવી શકે તેવો ભિખારી થાય તો એ કેટલો ઝૂરે ? એ રીતે અનંત જ્ઞાનાદિ ધનના માલિક આત્માઓ આધુનિક (ચાલુ) સ્થિતિ તો વિચારો ! થોડું ઘણું જાણવું તે પણ કર્મરાજાએ ઇંદ્રિયો આપી હોય તો જ જાણી શકે છે. ઇંદ્રિયો એ પણ કર્મરાજાના રીસીવરો છે. પોતાની આટલી પરાધિનતાનું જ્યારે ભાન થાય ત્યારે એ સમકિતી આત્મા કેટલો ઝૂરે ? મિથ્યાદ્રષ્ટિઓ તો આત્માને કેવળજ્ઞાનમય માનતા નથી પણ સમકિતીને તો એ ભાન થયું છે એટલે એ સારી રીતે સમજે છે કે પાંચ ઇંદ્રિયો દ્વારાની પ્રવૃત્તિ એ તો ગુલામીનો ધંધો છે. એ પોતાનો સ્વતંત્ર ધંધો નથી. પોતાનો સ્વતંત્ર ધંધો તો જીવજીવન છે. આ જીવજીવન લક્ષ્યમાં લેવાય તો જ લાભ થાય. પાંચે ઇંદ્રિયો, ત્રણ બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય દ્વારા જીવન એ જડજીવન છે. સ્વરૂપ જીવન તો **સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તથા તપ દ્વારા જીવાતું જીવન તે જીવજીવન છે.**

આપણા આત્માને ભાવપ્રાણના રસ્તે જોડવાની જરૂર જણાય તો નવપદજીની આરાધના એ જ સાધન છે. નવપદો સિવાય ભાવપ્રાણ ટકે નહીં. ભાવપ્રાણને ટકાવવા દ્રવ્ય પ્રાણનો ભોગ આપવો પડે. **દ્રવ્યપ્રાણના ભોગે ભાવપ્રાણ પ્રગટ કરવાના તથા સંરક્ષવાના છે. દ્રવ્યદયાના ભોગે ભાવદયા સાચવવાની છે.** શ્રી તીર્થંકર ભગવાને પાણીની દયા માટે તૃષિત સાધુઓના પ્રાણની પણ દરકાર ન કરી, અર્થાત્ સાધુઓના પ્રાણ જવા દીધા પણ પાણી પીવા દીધું નહીં. છ કાયમાંથી એકપણ કાયની વિરાધના થવા દેવી નહીં એ જ નિયમ. એ તારક દેવે દ્રવ્યદયાના ભોગે ભાવદયાનું રક્ષણ કર્યું.

માત્ર લોટો પાણી પીવાથી તરસ છીપે પણ તેમ ન થવા દેનાર એ જ તીર્થંકર દેવો પોતાના પૂજનમાં દરિયાના દરિયા જેટલું પાણી ઢળે છે તેમાં લાભ શી રીતે બતાવે છે ? કળશોના કળશોથી અભિષેક કરનાર ઇંદ્રોને રોક્યા કેમ નહીં ? કદાચ કહેશો કે વય નાની હતી તો દીક્ષા વખતે થતા ઉત્સવને કેમ ન અટકાવ્યા ! કદાચ કહેશો કે ત્યારે પણ હતા તો છદ્મસ્થ ! અરે ! કેવળજ્ઞાન થયા પછી સમવસરણમાં બેસે છે ત્યારે દેવતાઓ એક જોજનમાં એવો વાયરો વિકૂર્વે છે કે લાકડાં, ઝાડ, પાંદડાં વિગેરે સાફ થાય છે. તે વાયરો વિકૂર્વવામાં હિંસા ખરી કે નહીં ? જોજન ભૂમિમાં દેવો પાણીનો છંટકાવ કરે છે, ત્યાં સમોસરણ રચે છે તો તે સમોસરણ ઉપર ભગવાન બેઠા કેમ ? સાધુ માટે કરેલ સામાન્ય ઓટલા ઉપર પણ જો સાધુ બેસે તો દોષિત થાય તો ભગવાન સમોસરણમાં શું જોઈને બેઠા ? આ બધી બાબત તરફ પ્રભુએ દુર્લક્ષ્ય કેમ કર્યું ? પ્રભુ નિર્વાણ પામે છે ત્યારે ગણધરો હયાત હોય છે, તેઓ પણ પ્રભુના શરીરને હંસશાટક પહેરાવે છે, પાલખીમાં બેસાડે છે, દાહ દેવરાવે

છે તો તેઓ પણ આવું દુર્લક્ષ્ય કેમ કરે છે ? જો આ બધું માત્ર પોતાનાં પૂજનાર્થે જ હોય તો તો કહેવું જ પડશે કે તેઓ ભયંકર જૂલમ આચરે છે પણ તેમ નથી. પૃથ્વીકાય અપકાય વિગેરેનું રક્ષણ સાધુઓના પ્રાણના ભોગે કરવામાં આવ્યું તે જેમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર માટે છે એવું આપણે ઉપર જોઈ ગયા એ બધું દુર્લક્ષ્ય પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર માટે જ છે. આ બધા દુર્લક્ષ્યોમાં પરમ ઉપકારી જ્ઞાનીઓનું એક જ ધ્યેય છે કે ભવ્ય જીવો ક્રમસર પણ કોઈપણ રીતે સર્વવિરતિ પ્રાપ્ત કરે.

દ્રવ્યદયા મહેતલ છે, ભાવદયા માફી છે.

જ્યારે સીતા દીક્ષા લેવા ગયાં ત્યારે તદ્ભવ મોક્ષગામી શ્રી રામચંદ્ર સરખા શલાકા પુરુષ પણ મૂર્ચ્છા પામી ગયા. શીત ઉપચારોથી ચેતનામાં આવ્યા બાદ પણ 'જ્યાં હોય ત્યાંથી સીતાને પકડી લાવો, લોચ કરીને બેઠેલ હોય તો પણ પકડી લાવો' વિગેરે ફરમાનો છોડે છે, ધનુષ્ય બાણ ધારણ કરી ધમપછાડા કરે છે. શલાકા પુરુષના આવા ધમપછાડા જોઈને પણ જયભૂષણ કેવળી સીતાને દીક્ષા દેવામાં જરા પણ ગભરાતા નથી. ભાવપ્રાણથી વિભૂષિત બનેલ જીવન પર જેઓ નિર્ભર છે તેઓ ભાવદયાને અગ્રપદ આપ્યા વિના રહેતા નથી. આખા જગતની દ્રવ્ય દયાના ભોગનો ભાવદયા પાસે હિસાબ નથી. દ્રવ્યદયા તથા ભાવદયાનું સ્વરૂપ સમજો ! દ્રવ્ય દયા મહેતલ (મુદત)રૂપ છે. લાખ રૂપિયાનો લેણદાર લેણું વસૂલ લેવા આવ્યો હોય ત્યારે કોઈ વચ્ચે પડીને અમુક મુદત ઠરાવે અગર કાંધા કરી આપે એનો અર્થ દેવાદાર દેવાથી મુક્ત થયો એમ નહીં પણ જરૂર અમુક મુદત સુધીનો દિલાસો મળ્યો. તેવી રીતે કોઈને દુઃખી દેખી તમે તેના દુઃખનો નાશ કરો છો તે માત્ર દુઃખરૂપ દેવાના ભરણાની મુદતને આધી ઠેલો છે અર્થાત્ એ દ્રવ્ય દયા માફીરૂપ નથી પણ મહેતલરૂપ છે. દ્રવ્ય દયાથી સામાના કર્મનો નાશ થતો નથી. અમેરિકા પોતાના લેણાને અંગે છ, બાર મહિનાની મુદત વધારી દેવાદાર દેશોને રાહત આપે છે ને ! આવી મુદત તે દેવાદાર દેશને ટકાવનાર થઈ પડે છે બલ્કે તે મુદતથી સ્થિતિમાં સુધારો વધારો પણ કરી શકાય. જો આ રીતે મુદત ન અપાય તો દેશ ડૂબી પણ જાય. મુદત (મહેતલ)ની પ્રથા હલકી કે વિસાત વગરની છે એમ ન માનશો ! દ્રવ્યદયા પણ તેવી જ રીતે કિંમતી છે પણ જેમ મુદત કરતાં માફી વધારે કિંમતી છે તેમ દ્રવ્યદયા કરતાં ભાવદયા વધારે કિંમતી છે. માફીમાં તો દેવું માફ જ થાય છે જ્યારે મુદતમાં દેવું ભરવાનું ઊભું જ છે. ભાવદયામાં તો કર્મનાં બંધનો તોડવાનાં છે જ્યારે દ્રવ્યદયામાં તો તે કર્મો આગળ પણ ભોગવવાનાં તો છે જ. તમે ગાય, બકરાં વિગેરેને છોડાવ્યા, અભયદાન દીધું એટલે મોતથી સદંતર બચાવ્યા એમ નહીં પણ મોતમાં મહેતલ નાંખી. એ દ્રવ્યદયાથી વર્તમાનનું દુઃખ ગયું. મહેતલ પણ કાંઈ ઓછી કિંમતી ચીજ નથી. પ્રદેશી રાજા નાસ્તિકપણામાં મર્યો હોત તો શું થાત ? સમજ્યા પછી મર્યો તો એનો ભવ સુધર્યો ! જ્યારે દ્રવ્યદયાએ મહેતલ છે ત્યારે ભાવદયા એ કર્મથી છૂટાછેડા કરાવનાર છે.

દ્રવ્યદયાની મહત્તા દેખાડીને ભાવદયા ઉઠાવનારા ભયંકર ખૂની છે.

શ્રી તીર્થંકરદેવના પૂજન વિગેરે આરાધનથી જીવજીવન ઉત્પન્ન થાય છે. પોતાના શરીરમાં રોગ દેખતાની સાથે ચક્રવર્તી (સનત્ કુમારચક્રી) જ્યારે ભિક્ષુક (સાધુ) બને છે ત્યારે એક લાખ બાણું હજાર સ્ત્રીઓ શું કરતી હશે ? જીવજીવનના પ્રસંગે જડજીવનની કિંમત કોડીની નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં નમિરાજર્ષિનો વૃત્તાંત યાદ છે ને ! નમિરાજર્ષિને પ્રભુ માર્ગનો પુજારી ઇંદ્ર શું કહે છે ? **सुव्वंति दारुण सद्दा पासाएसु गिहेसु अ** હે નમે ! તમારી મિથિલા નગરીના રાજમહેલોમાં અને નગરી નિવાસીઓ સામાન્ય લોકોના ઘરોમાં રોકકળના ભયંકર શબ્દો તમારી દીક્ષાને લીધે સંભળાય છે એટલે કે આખું નગર રોકકળાટ કરે છે માટે તમારી દીક્ષા બંધ થવી જોઈએ.

એના ઉત્તર નમિરાજર્ષિ જણાવે છે કે **मिहिलाए चेइए रम्मे एएकंदंतिमो खगा** આ મિથિલા નગરીના કુક્ષિત નામનો બગીચો જે ફૂલફૂલોએ કરીને મનોહર છે તેમાંથી વાયરો સુગંધ લઈ જાય છે ત્યારે આ પંખીઓ ઘણો કકળાટ કરે છે. એટલે કે
અર્થ:-

બગીચામાં પવન આવતાં પક્ષીઓ કકળાટ કરી મૂકે તેની પવનને દરકાર હોય? નહીં ! પોતાના હિતની સાધનામાં સ્વાર્થીઓ પ્રત્યે જોવાનું નથી. દારૂ પીનારા દારૂ છોડે તેમાં દારૂના પીઠાવાળા-દારૂની દુકાનવાળા રૂએ જ. એ રોદણાં તરફ જોવાય ખરું ? શુભ પંથે સંચરનારાઓથી અશુભપંથના ઉપાસકોની દરકાર રખાય નહીં. જ્યારે ભાવદયા પર લક્ષ્ય રાખીએ ત્યારે જો ભાવદયા એટલે જીવજીવન ધ્યાનમાં ન લઈએ તો એ લક્ષ્ય ટકી શકશે નહીં. સમ્યક્ત્વની કિંમત સમજાશે નહીં. સમ્યક્ત્વ સચવાશે નહીં. આટલા આરંભ સમારંભે દેહરાં કેમ બંધાવો છો ? ભાવપૂજામાં દ્રવ્યદયાનો આટલો ભોગ રહેલો જ છે. ચારિત્રની ચારિત્રની અપેક્ષાએ દ્રવ્યદયાનો ભોગ મનમાં આવે તો કહેવું જ પડે છે કે તેને રત્નત્રયીની કિંમત જ નથી. દ્રવ્યદયાની મહત્તા દેખાડીને ભાવદયાને ઉઠાવનારા ભયંકર ખૂની છે. ચોમાસું હોય, રસ્તામાં લીલફૂલ હોય, દેહરે દર્શન કરવા જાઓ, પૂજા કરવા જાઓ, ગુરુને વાંદવા તથા વ્યાખ્યાન સાંભળવા જાઓ તો તેથી લાભ છે કે નુકસાન ? લાભ જ છે. અનુષ્ઠાન વિગેરે તો દૂર રહ્યાં પણ ભગવાનની પૂજા, બહુમાન, સત્કારાદિ માટે દ્રવ્યદયાનો ભોગ દેવો સ્થાને છે તો પછી મહાપુરૂષના માર્ગે ચાલવામાં દ્રવ્યદયાનો ભોગ દેવાય તેમાં તમને આશ્ચર્ય શું થાય છે ? 'મારું સ્વરૂપ શું છે, મારે શું કરવું જોઈએ?' વિગેરે વિચાર્યું ? જીવજીવનના અર્થી ન બનો ત્યાં સુધી સમ્યક્ત્વ ક્યાં છે ?

સમ્યગ્‌દર્શન વિનાના, દેશનિકાલ થયેલાઓ છે.

સુલસે હિંસાનો ત્યાગ કર્યો તે સારો કે ખોટો ? કુટુંબીઓએ તો કલ્પાંત કર્યો જ હતો ને ! સ્થૂળહિંસા ન કરવા ખાતર કુટુંબીઓનો કલ્પાંત સહન કર્યો, રાજા હરિશ્ચંદ્રે સત્ય વચનની ખાતર રાણી તથા કુંવરને બીજે વેચ્યાં તે પણ સહન કર્યું, અરે ! પોતે પણ વેચાયો ! પતિનું વચન પાળવાની ખાતર રાણી બીજે ઘેર વેચાઈ, એને કંઈ નહીં લાગ્યું હોય? બાપે જેનું વચન નહીં સાંભળવા પ્રતિજ્ઞા લેવરાવી હતી, એવા રોહિણીયા ચોરે, બાપની પ્રતિજ્ઞા પર પાણી ફેરવ્યું, કારણ તે માર્ગે પસાર થતાં, પગમાં વાગેલા કાંટાને દૂર કરતાં ભગવાન શ્રી મહાવીર દેવનું એક વચન શ્રવણ થઈ ગયું. જે વચનનું શ્રવણ થયું તેનું આચરણ પણ થયું અને પ્રત્યક્ષ લાભ થયો, પ્રાંતે મહાલાભ થયો. લોકોત્તર માર્ગની પ્રાપ્તિ વખતે લૌકિક માર્ગની કિંમત નથી. લોકોત્તર માર્ગની આચરણામાં જિનેશ્વરની ભક્તિ (દ્રવ્યથી) પણ હિસાબમાં નથી. કોઈએ નિયમ રાખ્યો હોય કે પૂજા કર્યા વગર પાણી પણ પીવું નહીં. અમુક જ ગુરુને વંદન કર્યા વગર અને દાન દીધા વગર જમવું નહીં, હવે શું તેનાથી દીક્ષા ન લઈ શકાય? લેવાય, કારણ કે દીક્ષાને અંગે એ નિયમોની કિંમત નથી.


વેશ્યાની છોકરીએ મૈથનુનો ત્યાગ કર્યો. હવે એનું કુટુંબ ઓછું બળે ? કહેવું પડશે કે કુટુંબ કકળે, છતાં ટેક રાખે તો એ છોકરી આરાધક દેશવિરતિને અંગે એકેએક વ્રતમાં, તેવા પ્રસંગે કુટુંબીઓને ગણકારવામાં આવ્યા નથી તો પંચમહાવ્રતમાં શી રીતે ગણકારાય?

શ્રી નવપદજીમાં દેવતત્ત્વમાં અરિહંત ભગવંત (સાકાર) તથા શ્રી સિદ્ધ ભગવંત (નિરાકાર) દેવ છે, ગુરુતત્ત્વમાં આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ છે; તથા ધર્મમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ છે. આ ચારમાં પ્રથમ દર્શન છે.

ભણો કે ન ભણો તે ક્ષંતવ્ય, ચારિત્ર લો કે ન લો તે ક્ષંતવ્ય, તપ કરો કે ન કરો તે ક્ષંતવ્ય પણ પદાર્થની ઓળખાણ તો પ્રભુ માર્ગના પૂજારીને યથાર્થ જોઈએ. જ્ઞાન, ચારિત્ર કે તપ ઓછું વત્તું હોય તે ચાલે પણ જડજીવન અને જીવજીવનનું સ્વરૂપ, તારાતમ્યતા વિગેરે સમજતા નથી તેઓ અમારા દેશથી (લોકોત્તર દેશ-જૈનશાસન)થી બહાર છે.

સમ્યગ્‌દર્શન વગર ઉત્પન્ન થયેલ જ્ઞાન તે અજ્ઞાન છે. જ્ઞાન ચાહે તેટલું હોય પણ તેની ગણત્રી સમ્યગ્‌દર્શન પછી છે. જેઓ દ્રવ્યદયા અને ભાવદયા, જડજીવન અને જીવજીવનના ભેદ સમજી ન શકે તે બધા દેશનિકાલની સજા પામેલા છે. અર્થાત્ (લોકોત્તર-શાસન)થી બહાર છે. સમ્યક્ત્વરૂપી રત્નદીપકને મનભવનમાં સ્થાપો અને સંરક્ષો.

દ્રવ્યપ્રાણની કિંમત, જડજીવનની કિંમત આપણા અનુભવથી કરી શકીએ તેમ છીએ પણ ભાવપ્રાણાદિની કિમતમાં આપણો અનુભવ કામનો નથી અને વળી તેની કિંમત તો આપણા હાથમાં નથી. સમ્યક્ત્વ એ રત્નદીપક છે. બીજા દીવામાં પેટ્રોલ, તાર, દીવેટ, દીવેલ વિગેરે સાધનો જોઈએ પણ માણિક્ય અજવાળું કરે તો તે પ્રકાશ સ્વભાવિક છે. તેવી રીતે સમ્યક્ત્વરૂપી રત્નદીપક હંમેશાં ધારણ કરો ! સમ્યગ્દર્શન એ આત્માનો ગુણરૂપી દીવો છે. સર્વજ્ઞોએ કથન કરેલા આગમો પર શ્રદ્ધા એ સમ્યક્ત્વ ઝવેરાતની જેને પારખ નથી તેવો ઝવેરી બજારમાં જઈનેય શું ઉકાળે ? મિથ્યાત્વથી મુંઝાયેલા, પુદ્ગલના સંગી, આગમોને અભરાઈએ મૂકો એમ બોલનારાઓ આવાઓએ પોતાની અક્કલનેજ અભરાઈએ મૂકેલ છે તે બિચારા આગમને શું સમજે ? જે આગમની દૃષ્ટિને સમજે તે જ આગમને સમજે. સર્વજ્ઞે કથન કરેલા આગમે પ્રગટ કરેલ નિરૂપણની સદ્દહણા તે સમ્યક્ત્વ આવા રત્નદીપકને મનભવનમાં સ્થાપો અને સંરક્ષો.



શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

(નોંધઃ- શ્રી ઘાટકોપરીના ઉપાશ્રયમાં ચાલુ વર્ષના માગશર માસમાં ઉપધાન મહોત્સવ પ્રસંગે પૂ. આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ દેશના રોચક, મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ ઉત્પન્ન કરનારી સારભૂત અવતરણારૂપ હોવાથી અત્રે અપાય છે.....તંત્રી.)

ધર્મ શ્રવણની પ્રાપ્તિ થાય એ જ આર્ય ક્ષેત્ર છે.

ભાવના પાંચ પ્રકારોનું પાવનમય સ્વરૂપ.

વહેતી નદીના પાણી જેવી ચાલુ જિંદગી.

રાણીપણામાં દાસીપણું અને દાસીપણામાં રાણીપણાનો દૃઢ નિશ્ચય.

આર્ય ક્ષેત્રની વિશિરૂષ્ટતા શાને આભારી છે ?

एवं सद्वृत्तयुक्तेन येनशास्त्रमुदाहृतम् ।
शिववर्त्मपरंज्योतिस्त्री कोटीदोषवर्जितम् ॥

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ભવ્યજીવોના ઉપકાર માટે આગળ સૂચવી ગયા કે દેશના આર્ય અને અનાર્ય એવા બે વિભાગ પાડીએ ત્યારે અનાર્ય દેશ તેને જ કહીએ કે જેમાં 'ધર્મ' એવા અક્ષરો સ્વપ્ને પણ હોય નહીં. અનાર્યની અધમતા રિદ્ધિ સમૃદ્ધિના અભાવને અંગે કે શરીરની સુંદરતાના અભાવને અંગે નથી પણ ધર્મના અભાવને અંગે છે. તત્ત્વાર્થકારે મનુષ્યના બે ભેદ જણાવ્યા છે. આર્ય અને મલેચ્છ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજ ત્યાં સુધી કહે છે કે ચાહે જેટલી મનોવાંછિત રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ હોય પણ જ્યાં ધર્મની પ્રાપ્તિ ન હોય તો તે અનાર્ય કહેવાય, દેવકુરૂ ઉત્તરકુરૂ ક્ષેત્રના જુગલીયાઓની ત્રણ પલ્યોપમની તો જીંદગી છે, જ્યારે આપણી જીંદગી વધારેમાં વધારે સો વર્ષની છે; અસંખ્યાત વર્ષોનું એક પલ્યોપમ થાય તેવા ત્રણ પલ્યોપમનું એમનું આયુષ્ય છે. આપણે પ્રયત્ન કરીએ ત્યારે ભોગનાં સાધન મળે, પેટ પૂરતું અન્ન, ઘરનાં તમામનું ભરણ પોષણ, આ બધા માટે મહેનત કરવાની, આપણે માથું ફોડીને શીરો ખાવાનો છે, કમાવાની પારાવાર મહેનત કરીએ ત્યારે નામનું સુખ મેળવીએ, અર્થાત્ દુઃખના કિલ્લા વચ્ચે સુખનું બિન્દુ છે. દ્રવ્યાદિક જાય તો ક્લેશ, આવે તો ક્લેશ આમાંનું જુગલીયાને કાંઈ નથી. ખાવા માટે એને ખેતીની મહેનત નથી કે અલંકાર માટે ખાણ ખોદવાની મહેનત નથી. ખાન પાન તેમજ વસ્ત્રાલંકારાદિ સર્વ કલ્પવૃક્ષ પાસેથી ઇચ્છાનુસાર મળી જાય છે. આજની દુનિયા જે ઉત્કર્ષ માગી રહી છે તેને આનાથી ક્યો વધારે ઉત્કર્ષ મળવાનો ? ત્રણ પલ્યોપમ

જેવા લાંબા જીવનમાં વૃદ્ધત્વનું તો નામ પણ નથી, જ્યાં સુખનાં સાધનો લેશ પણ મહેનત વગર મળે છે, જ્યાં પરસ્પર ક્લેશ નથી, કોઈ કોઈને ઉત્પાત કરતો નથી, કોઈ કોઈની ચીજ લેતો નથી. જ્યાં આવું લાંબું જીવન છે અને ઉપર જણાવ્યા મુજબ સુખનાં વિપુલ સાધનો વગર આયાસે મળે છે, વિના વિઘ્ને ભોગો ભોગવાય છે તે તમામ ક્ષેત્રોને (દેવકુરૂ ઉત્તરકુરૂ વિગેરે છપ્પન અંતરદ્વીપને) શાસ્ત્રકારો અનાર્ય ક્ષેત્ર કહે છે. ત્યારે એ પણ સિદ્ધ થયું કે સુખનાં સાધનો મફત મળે તે ઉપર આર્યની વિશિષ્ટતા નથી. આર્યની વિશિષ્ટતા ધર્મની પ્રવૃત્તિમાં છે. જ્યાં જ્યાં ધર્મની પ્રવૃત્તિ છે તે તે ક્ષેત્રોને આર્ય ગણ્યા છે અને જ્યાં 'ધર્મ' એવા અક્ષરો સ્વપ્નેય નથી તેને અનાર્ય ગણ્યા છે.

જ્યાં 'ધર્મ' અક્ષર સંભળાય એ આર્ય ક્ષેત્ર; એ ન સંભળાય તે અનાર્ય ક્ષેત્ર.

શાસ્ત્રકારે રિદ્ધિમાન અને રિદ્ધિરહિત, લાંબા આયુષ્યવાળા અને ટૂંકા આયુષ્યવાળા, સુખ તથા ભોગના સાધનવાળા અને વગરના, પરસ્પર અપહારનો ભય ધરાવતા અને નહીં ધરાવતાં એવા વિભાગો કેમ ન કર્યા ? શાસ્ત્રકારો જે પ્રરૂપણા કરે છે તે જગતના પદાર્થો દેખાડવા માટે કરતા નથી. તેઓનું ધ્યેય નિરંતર મોક્ષમાર્ગ તરફ જ-આત્માના એકાંત કલ્યાણ પ્રત્યે જ હોય છે અને તેથી આર્ય અને અનાર્ય એવા વિભાગ કર્યા. રિદ્ધિ, સમૃદ્ધિ આદિ ભેદ પાડયા પણ તે આર્ય અનાર્યનો ભેદ પડયા પછી આર્યક્ષેત્રમાં આવ્યા છતાં આર્યત્વ ન હોય ત્યાં સુધી દીર્ઘ જીવન હોય, વિપુલરિદ્ધિ હોય, પારાવાર પરિવાર હોય, સ્વસ્થ અને સુંદર શરીર હોય છતાં તે તમામ ગણતરીમાં નથી- મુખ્યતાએ આર્ય અને અનાર્ય એ બે વિભાગ (ભેદ) લીધાં પછી જ્ઞાન, દર્શન, ક્ષેત્ર, શિલ્પાદિ આર્ય એ પ્રકારે ભેદો કહ્યા; પણ મુખ્યતા જ્યાં આગળ ધર્મ જણાય તે આર્ય અને સ્વપ્ને પણ ધર્મ ન જણાય તે અનાર્ય કયો ધર્મ તે કાંઈ નહીં! માત્ર 'ધર્મ' એવા અક્ષર જોઈએ. પછી ભલે તે કુધર્મ હો કે સુધર્મ હો ! ધર્મ માત્ર લક્ષ્યમાં જોઈએ. વર્ષ દોઢ વર્ષનો છોકરો કાચના હીરાને હીરો કહેતાં શીખ્યો નથી, એતો જ્યારે પાંચ વર્ષ લગભગનો થાય ત્યારે હીરો કહે છે. તે જ રીતિએ કુધર્મ સમજવા માટે પણ કંઈક આગળ વધવાની જરૂર છે. અભવ્ય જીવને કુદેવાદિને માનવાનું હોતું નથી પણ એક વાત ઉંડાણમાં લઈ જવી છે. કુદેવાદિને તે માને શા માટે ? મોક્ષ મેળવવાની બુદ્ધિથી, અભવ્યને તો મોક્ષની શ્રદ્ધા હોય નહીં માટે સમ્યક્ત્વ થયા પછી અર્ધપુદ્ગલ પરાવર્તથી વધારે સંસાર નહીં અને મોક્ષના વિચાર આવવા, તેની ઇચ્છા થવી, તેનાં કારણો મેળવવા તેમાં ચડતી દશા હોય, 'હીરો' શબ્દ સાંભળી તે 'તે સારો છે, મેળવવો જોઈએ' એ બુદ્ધિ પાંચ વર્ષના છોકરામાં આવી ગઈ, જો કે પામવાની હજી વાર છે પણ વર્ષના બાળક કરતાં તે કાંઇક આગળ વધ્યો છે. જ્યાં 'ધર્મ' એવા અક્ષરો સ્વપ્નગોચર પણ ન હોય તે ક્ષેત્ર અનાર્ય કહેવાય, ત્યારે શું આર્યક્ષેત્રોમાં 'ધર્મ' અક્ષર બધા જાણતા જ હોય ? જો બધા ધર્મ સમજતા હોય તેવો નિયમ રહેવાનો નથી તો તેને આર્યક્ષેત્ર કેમ કહેવું ? આ શંકાના સમાધાનમાં સમજવાનું કે જ્યાંથી હીરા ઘણા નીકળતા હોય, જોડે પથરા નીકળતા હોય તો પણ તે ખાણ કોની કહેવાય ? હીરાની જ. ભલે સાથે માટી પણ નીકળે છે, પણ સોનું નીકળતું હોવાથી એ ખાણ સોનાની જ કહેવાય. તેમ જ્યાં ધર્મની પ્રવૃત્તિ હોય તે ક્ષેત્રમાં બીજા ધર્મ વગરના હોય તો પણ મુખ્યતાએ તે આર્યક્ષેત્ર કહેવાય, શાસ્ત્રકારોએ આર્ય અને મલેચ્છ એવા વિભાગો શરીરના રંગની અપેક્ષાએ નથી કર્યા. ઉપકારી શાસ્ત્રકારો શાસ્ત્રો શા માટે રચે છે ? લોકોને કેવળ ધર્મમાર્ગે જોડવા; જો તેમ ન હોય તો તેમને બોલવાનું કાંઇ કારણ નહોતું.

જે સંસારને અસાર જાણ્યો, દુઃખનું સ્થાન જાણ્યો તેની સાથે ભેળાવાનું એમને કામ શું ? પોતે જે વસ્તુને છોડીને ચાલી નીકળ્યા તેમાં ફસેલાની સાથે એમને સંબંધ શા માટે ? કેવળ પરમાર્થ ! કેવળ કરૂણા!! કાંઠે બેઠેલાઓએ વહેતાને બહાર કાઢવામાં-તેને બચાવી લેવામાં પોતાનો પુરુષાર્થ ફોરવવો જોઈએ.

ભાવનું સ્વરૂપ.

તે શુભ ભાવનો ભેદ ગણ્યો. શુભ ભાવ પાંચ પ્રકારનો ગણ્યો છે. શાસ્ત્રકાર કહે છે કે જો હૃદયના ઉલ્લાસને તેવો ભાવ ગણો તો કયા ધર્મવાળાને પોતાનો ધર્મમાં ભાવ નથી ? વૈષ્ણવ ભાઈઓ પોતાનાં ઘરો (સર્વસ્વ) અર્પણ કરી દે છે. ઇતરજનો ભાવ (ઉલ્લાસ) વગરના નથી. જેઓ કરોડોની સખાવતો કરે છે તે શું હૃદયના ભાવ વિના ? ભાવ વિના કોઈ ધર્માનુયોગી ભોગ આપતો નથી. ભોગ ઉલ્લાસથી જ અપાય છે પણ શાસ્ત્રકારો એને ભાવ ગણતા નથી. શાહુકારી દાખવનારો કોઇપણ ભોગે શાહુકારી દાખવે છે તેમ ચોરી કરનારો કોઈ પણ ભોગે ચોરી કરે છે તો તે દરેક શું ભાવવાળા સમજવા? નહીં ! ભાવના ઉલ્લાસ માત્રથી ધર્મ સમજશો નહીં. હૃદયનો ઉલ્લાસ એ ભાવ એમ નથી. ભાવ કોનું નામ ? ભાવના પાંચ પ્રકાર છે, અને એ પાંચ પ્રકાર જાણ્યા પછી વિચારજો કે કયો ભાવ આવ્યો છે? ભાવશૂન્ય ક્રિયા ફલતી નથી તે કયો ભાવ ? દરેક વખતે ઉમળકા વગર ઉત્કૃષ્ટ ભાવવાળું કાર્ય કરે તે હૃદયથી ભાવથી જ કરે છે પણ ભાવ કયો ? પ્રણિધાનઃ ઉત્તમ વસ્તુને ઉત્તમ તરીકે જાણો અને અધમ વસ્તુને અધમ તરીકે જાણો તથા એવો નિયમ કરો કે હરકોઈ ભોગે ઉત્તમ વસ્તુ કરવી જોઈએ તથા અધમ વસ્તુ કોઇપણ ભોગે કરવાની નથી. હેય (છોડવાલાયક) શું તથા ઉપાદેય (આદરણીય) શું તેનો નિશ્ચય કરવો. હેયને સ્વપ્ને પણ ઉપાદેય ગણાય નહીં !

સમ્યક્ત્વનાં ત્રણ પગથિયાં.

સમ્યક્ત્વનાં ત્રણ પગથીયાં કયાં ?

इणमेव निग्गंथ्थे पावयणे अट्ठ परमट्ठे सेसे अनट्ठे

સમ્યક્ત્વ પામનારો પહેલા કયા વિચારમાં આવે ? હજી સમ્યક્ત્વ પામ્યો નથી. હજુ માત્ર ધર્મીના સંસર્ગમાં આવ્યો જેથી તેને ધર્મનું કાર્ય કરવાનો વિચાર થાય; એને એમ થાય કે દુનિયા માટે આટલું કરું તો આટલું આમાં પણ કરું. આવી સ્થિતિ થાય ત્યારે પહેલું પગથિયું આવ્યું. નિર્ગ્રંથ પ્રવચનને અર્થ ગણે ત્યારે તો હજી પહેલું પગથિયું સમજવું પણ હજી તો એ સોનું તથા પિત્તલ સરખા ભાવે લે છે તેનું શું ? અલબત્ત ! સોનું ન લે તેના કરતાં એ સારો પણ બુદ્ધિમાનની અપેક્ષાએ એ કેવો ગણાય ? દુનિયાના પદાર્થો પ્રત્યે જેટલો રાગ તેટલો દેવાદિ પ્રત્યે રાગ તો હજી 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા' વાળો ન્યાય ત્યાં રહ્યો છે; છતાં 'ન મામા કરતાં કે'ણો મામો સારો', પણ તેય કયાં છે ? પાંચ રૂપિયા ગયેલા મળે તેમાં અને અવિરતિમાંથી વિરતિ મળી તેમાં-આ બેના આનંદમાં કેટલો ફરક પડે છે ? હજી ત્યાં સરખો આનંદ નથી એટલે સમજાશે કે આ જીવ હજી પહેલા પગથીયે પણ આવ્યો નથી. સમ્યક્ત્વના ત્રણ પગથિયામાં બીજું પગથિયું **પરમટ્ઠે** છે. શ્રી જીનેશ્વરદેવે પ્રરૂપેલ ત્યાગમય પ્રવચન પરમાર્થ છે એવું મન્તવ્ય તે બીજું પગથિયું છે. બીજા પગથિયાવાળો દુનિયાને (દુન્યવી પદાર્થોને) કાચના હીરા તુલ્ય

માને જ્યોર ધર્મને સાચો હીરો માને છે. ઝવેરીનો છોકરો સાચા મોતી કે સાચા હીરાને સમજવા (પારખવા) લાગ્યો કે તરત જ કલ્ચર મોતી કે કાચના નંગને ફેંકી દે છે. સાચા હીરાની કણી આગળ ખોટા હીરાની પેટીની પણ કિંમત નથી.

જીંદગી વહેતી નદીના પાણી જેવી છે.

જીંદગી વહેતી નદીના પાણી જેવી છે. એક નદી ઉપર એક કૂતરો બેઠો હતો ત્યાં ગાય પાણી પીવા આવી એટલે કૂતરો ભસવા લાગ્યો. આથી કોઈ જોનારે કહ્યું, 'આ શી સ્થિતિ ! ગંજીનો કૂતરો ગાયને ખડ ખાવા ન દે ત્યાં તો તેના માલિકનું લૂણ ખાધું તેથી તેનો હક સાચવે છે પણ આ વહેતા પાણીને પીવા દેવામાં વાંધો શો ? ગાયને પાણી પીવા ન દે તેથી વધવાનું નથી કે પીવા દેવાથી ઘટવાનું નથી. પાણી તો ખળખળ કરતું દરિયા તરફ વહી જ રહ્યું છે ! આવી જ રીતે આપણું આયુષ્ય પણ ઘટના પાણી માફક વહી રહ્યું છે. ચાહે તો ધર્મમાં જોડો અગર ન જોડો તો પણ એ તો વહેવાનું છે. ક્ષણે ક્ષણે જીંદગી ઘટવાની છે. ધર્મ કરો કે ન કરો તેથી જીંદગી વધવા ઘટવાની નથી. જીવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષાદિ તત્ત્વોની માન્યતામાં જુદા જુદા મતો છે, એમાં મતભેદ છે પણ મોતને અંગે (મોત છે એમ માનવામાં) જગતભરમાં બે મત નથી. મરણ નહીં માનનારો કોઈ નાસ્તિક નથી. જીંદગી ફના થવાની છે એ તો સૌ (બધા) એક સરખી રીતે કબૂલે છે. જેમ ઘાટનું પાણી સદુપયોગમાં લ્યો અગર ન લ્યો તો પણ ખારા પાણીમાં ભળીને ખારું થવાનુંજ તેમ જીંદગી સાચવીએ તો પણ ફના થવાની છે આ વાત જાણવા છતાં જીવન પ્રત્યે જેટલો પ્યાર થાય છે તેટલો ધર્મ પ્રત્યે થતો નથી કારણ કે હજી આ જીવ પરમકુમાં બીજે પગથિયે આવ્યો નથી. શરીર, કુટુંબ, રિદ્ધિ વિગેરે જીવને છોડે કે જીવ એ તમામને છોડે ? વસ્તુતઃ છૂટવાનું છે એમાં ફરક નથી. આયુષ્ય ક્રમે ક્ષય પામે છે. મરવું કોઈને ગમતું નથી. જીવ માત્ર જીવવાની આશા રાખે છે પણ એમ આશા રાખવાથી જીવન મળી જતું નથી.

ધક્કો ખાઈને નીકળવા કરતાં રાજીનામું આપવું એ શ્રેષ્ઠ છે.

એક શેઠને વધારે નોકર રાખવા પાલવતા નથી. આ પરિસ્થિતિમાં એક નોકર પોતાની મેળે રાજીનામું આપે છે જ્યારે બીજો નોકર એવો છે કે ધક્કો મારીને કાઢે ત્યારે જ નીકળે. વાહ ! બીજી દુકાને આ બેમાં કયા નોકરની કિંમત થાય ? ધક્કો ખાઈને નીકળેલાની કે માનભેર રાજીનામા પૂર્વક નીકળેલાની ? આ રીતિએ આપણે માટે પણ બે રસ્તા છે. કાં તો રાજીનામું દઈ દો, નહીં તો ધક્કો મારીને કાઢવાના જ છે. ધન, માલ, મિલકત કુટુંબાદિના ખાસડાનાં તો દરેક ભવમાં ખાધાં છે, માથાની તાલ સાજી રહી નથી, શ્રી સર્વજ્ઞ વચનરૂપી લાકડીનું આલંબન મળ્યું છે માટે રાજીનામું આપી દેવું એ જ બુદ્ધિમાનોનું કર્તવ્ય છે. હોશિયાર નોકર રાજીનામું આપે તેથી પોતાને માથે આવી પડનાર બોજાથી ડરીને શેઠ તો બુમબરાડા મારે પણ નોકરે શેઠના બુમબરાડા જોવા કે પોતાની હાલત જોવી ? જેનામાં પોતાનો સ્વાર્થ છે તેના રાજીનામાથી કોઈ રાજી નથી. સૌ (દરેક) સામાને ખાસડાં ખાતાં મોકલવામાં રાજી છે. રહેવાનું સ્થિર નથી, કોઇ કોઇને ઘેર ચોંટી રહેલો જ નથી. ચાહે તો ઊભા પગે નીકળો ચાહે તો આડા પગે નીકળો પણ નીકળવાનું ચોક્કસ છે. ઊભા પગે નીકળવાનું એટલે ત્યાગી થવું. એ રીતે નહીં નીકળાય તો અંતે આડા પગે તો નીકળવાનું જ છે.

લક્ષ્મીની પ્રાપ્તિ એ લાભાંતરના ક્ષયોપશમનો ઘાટ છે, ત્યાં જીવ રૂપી કૂતરો બેઠો છે જેમ પેલા કૂતરાને ઘાટનું પાણી ગાય પીએ તે ખમાતું નથી તેમ આ જીવ-શ્વાનને ધર્મમાં દ્રવ્ય-વ્યય થાય તે ખમાતું નથી. પેલા કૂતરાને જેમ પેલું પાણી સમુદ્રમાં જાય તેની ચિંતા નથી તેમ આ કૂતરાને પણ આ દ્રવ્યનો ઉપયોગ દુનિયામાં ગમે ત્યાં થાય તેની ચિંતા નથી. ઘોડે ચડવાથી પગ તૂટે એ વિચાર નથી, વિચાર માત્ર ધર્મને અંગે પ્રવૃત્તિ કરવામાં છે.

છોકરીને અંગે વર્તનની વિચિત્રતા શાથી ?

અનંતી જીંદગી ગઈ તેમાં શું મેળવ્યું ? જીંદગીને કયા કાંટે તોળાવવી છે ? જીંદગીનો ઉપયોગ જો ધર્મમાં થાય તો તે હીરાના કાંટે તોળાઈ ગણાય ? હજી હીરાનો કાંટો સમજવામાં આવ્યો નથી ! ! ધન માલ દુન્યવી કાર્યોમાં વપરાય ત્યાં વાંધો નથી, માત્ર ધર્મ માર્ગે વપરાય તે પોષાતું નથી !!! આ કઈ દશા ? પેટમાં (ગર્ભમાં) છોકરો આવે કે છોકરી આવે, બંન્નેને નવ માસ વેંઢારવાના (રાખવાના) છે. કાંઇ ફરક છે ? વારૂ ! જન્મની વેદના પણ બેયની સરખી છે, દૂધ પાવું, ઉછેરવાં, વિગેરેમાં પણ કાંઇ ફરક નહીં ! છતાં ઢોલ વગાડીને છોકરીને પારકે ઘેર કાઢી મૂકો છો તેનું કારણ શું ? લગ્ન થયા બાદ છોકરીનું જીવન પલટાય છે, સંબંધ પલટાય છે. પરણી કે તરત બાપના ઘરને પીયર કહે છે અને સાસરાના ઘરને પોતાનું ઘર ગણે છે. ત્યાં જતાં 'મારે ઘેર જાઉં છું' એમ કહે છે અને માબાપ પણ 'જા તારે ઘેર ! ' એમ જ બોલે છે, પરણ્યા પહેલાં પોતાના નામની સાથે પિતાનું નામ લખાવે છે પણ પછી 'ફલાણાની ઓરત' એમ લખાય છે. વળી બાપ પોતાની મરજીથી આપે ગમે તેટલું પણ કાયદાથી છોકરીનો કોડીનો હક નથી તેનું કારણ શું ? આ ફરક શાથી ? લોકસંજ્ઞાથી તમારા મગજમાં એ ઘૂસ્યું છે-જચ્યું છે-ઠસ્યું છે કે છોકરી એટલે પારકું ધન ! વિવાહ થયો કે તરત ગોળ ધાણા વહેંચાય છે ! હજી વરના મા બાપ વહેંચે તે ઠીક પણ કન્યાના મા બાપ શા ઉપર વહેંચે છે ? માંડવો, ધામધૂમ, જમણવાર, આ તમામ કન્યાનાં મા બાપ શા ઉપર કરે છે ? એક જ કારણ કે છોકરી પારકું ધન આ સંસ્કાર એવો ગાઢ થયો છે કે તેથી વળાવવાથી હલકા થવાય એમ માની બેઠા છો; પણ સમ્યગ્દૃષ્ટિની માન્યતા કઈ હોય ? પોતાને ઘેર જન્મનાર છોકરો કે છોકરી ધર્મ લેવા જન્મેલ છે એ જ માન્યતા હોય.

કૃષ્ણજી ધર્મની પ્રેરણા પરાણે કેમ કરતા હતા !!!

વગર વિચાર્યે થાય ત્યાં આડંબર થાય એ બને પણ ભવાંતરથી જ્યાં આ ભાવના છે કે ચક્રવર્તિપણું ન જોઈએ, જ્યાં જૈનધર્મથી આત્મા વાસિત રહે એવી ગુલામીપણું ભલે મળે ! આવા સંસ્કારયોગે જીવ ભવાંતરથી તલસતો તમારે ત્યાં આવ્યો, તમે શી દશા કરી ? ડુંગરની ટોચથી એક મનુષ્ય 'અગાધ પાણી છે એમ ધારી તરસ મટાડવા માટે નીચે ઊતર્યો પણ જ્યાં ચાંગળું પાણી લીધું કે તે ખારું નીકળે તો નિરાશાનો કાંઇ પાર ? શ્રાવક કુળમાં ધર્મ પમાય એવી ભવાંતરની વાસનાએ અહિં આવ્યા બાદ વૈચિત્ર્ય દેખે એની હાલત કઇ ? શ્રી કૃષ્ણ જેવા, પરાણે ધર્મમાં કેમ જોડતા હતા તે આથી માલુમ પડશે. માતા પોતાની કન્યાને પિતા પાસે (કૃષ્ણ પાસે) શા માટે મોકલે છે ? સારા વર સાથે સંબંધ સાંધી આપે (પરણાવે) એ જ ઉદ્દેશ છે ને ! ત્યાં શ્રી કૃષ્ણ મહારાજ પૂછે છે કે-'રાણી

થવું છે કે દાસી ?' આ પ્રશ્ન દુનિયાદારીનો છે એમ લાગશે પણ આ પ્રશ્ન જ નકામો છે. નાના છોકરાને પૂછીએ કે 'ડાહ્યા થવું છે કે ગાંડા ?' તો શું કહેવાનો ? કૃષ્ણજી ઉંમરલાયક છોકરીને પૂછે છે કે 'રાણી થવું છે કે દાસી ?' અર્થાત્ સાધ્વી થવામાં જ રાણીપણું છે અને રાજાની રાણી બનવામાં દાસીપણું છે. જેમ દવાખાને આવેલ દર્દી દર્દ સાંભળી મોં બગાડે, દવાની કડવાશને અંગે દાક્તરને ગાળ પણ દે પણ દાક્તરનું કામ એક જ કે દર્દીને નિરોગી બનાવવો. તેમ ભવાભિનંદીઓ ગમે તેવો પ્રલાપ કરે પણ ધર્મિષ્ઠોનું ધ્યેય તો તેઓના હિતનું જ હોવું જોઈએ. સોળ હજાર મુકુટબદ્ધ રાજાની સભામાં શ્રીકૃષ્ણ પોતાની વર વરવાને આવેલ પુત્રીઓને આ પ્રશ્ન કરે છે ! આ પ્રશ્ન સૂચક છે જે ઉત્તર જોઈએ છે તે જ એમાંથી મળવાનો. દાસી થવાનું કોણ કહે ? સૌ (દરેક) રાણી થવાનું જ કહે ! અને એ જ મુજબ પેલી કન્યાઓ રાણી થવાનું કહે છે. કૃષ્ણજી રાણી થવાના શબ્દોને ક્યાં લઈ જાય છે ? તરત આદેશ કરે છે કે 'રાણી થવું હોય તો ભગવાન શ્રી નેમિનાથજી મહારાજ પાસે દીક્ષા લ્યો ! ' પોતાની જ પુત્રીઓને આવો આદેશ કરનાર, પરાણે આવી પ્રેરણા કરનાર, એ પિતાને રૂંઆડે રૂંઆડે ત્યાગ ધર્મ કેવો વસ્યો હશે ! એ ત્યાગ ધર્મ પ્રત્યે કેટલું બહુમાન હશે ! કૃષ્ણ, શ્રેણિક વિગેરે કે જેઓ રાણી માટે યુધ્ધો કરતા, ચોરી-હરણાદિ કરતા છતાં એ રાણીઓ પ્રવજ્યા લેવા તૈયાર થાય એટલે ખલાસ ! એમાં આડા તો પડે શાના ! પણ પોતે જ પૂર ઠાઠમાઠથી પ્રવજ્યા અપાવતા. એક રાણી લાવવા માટે શ્રેણિકે વિશાળા નગરી સુધી સુરંગ ખોદાવી છે, અભયકુમાર સરખો (રાજ્યનો આધાર) વેષ પલટાવી પર રાજ્યમાં રહેલ છે, એ રીતિએ રાજપુત્રીનું (ચેલ્લણાનું) હરણ કર્યું છે. એ યુદ્ધમાં સુલસાના બત્રીશ પુત્રો (મહા સુભટો) મરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આવા નૃપતિઓ પણ પ્રવ્રજ્યાની વાત આવી, ધર્મારાધનની વાત આવી એટલે ચૂપ થઈ જતા. પોતાની માતાની દિલગીરી દુર કરવા દેવતાના આરાધનથી મેળવેલા ભાઈ (ગજસુકુમાલ) ને કૃષ્ણજી શી રીતે દીક્ષા અપાવી શક્યા હશે ! કહો કે પરમટ્ઠે નું બીજું પગથિયું આવ્યું ત્યારે !

મિલકત તે કહેવાય કે જે સાથે લઈ જઈ શકાય.

દેશી સ્ટેટમાં એ નિયમ છે કે ત્યાં કમાયેલી મિલકત બીજે લઈ જવાતી નથી, જ્યારે સાર્વભૌમ સત્તાની રૈયત પોતાની મિલકત બીજે લઈ જઈ શકે છે; તેવી રીતે આ આત્મા પોતાના જીવનમાં જે ધર્મ પ્રવૃત્તિ કરે, પુણ્ય સંચય કરે, કર્મો નિર્જરે એ તમામ મિલકતને પરલોકમાં લઈ જઈ શકે છે અર્થાત્ આ મિલકત સાર્વભૌમસત્તામાં કમાવાતી મિલકત જેવી છે જ્યારે આ આત્મા આ ભવચક્રને અંગે શરીર, કુટુંબ, ધન વિગેરે મેળવે છે, વધારે છે તે મિલકત દેશી સ્ટેટમાં કમાવાતી મિલકત જેવી છે અર્થાત્ સાથે લઈ જઈ શકાતી નથી. બીજા પગથિયાવાળાની વિચારણા કઈ હોય ? શરીર, કુટુંબ, સંપતિ વિગેરે પુણ્યોદયે મળેલા પદાર્થો માત્ર આ એક ભવ પૂરતા છે જ્યારે ધર્મ ભવે ભવે સુખ દેનાર છે માટે આ ત્યાગમય નિર્ગ્રંથ પ્રવચન (જૈન શાસન) એ પરમાર્થ છે.

નરકગતિમાં સમકિતી જીવો વધારે દુઃખી શાથી છે ?

આટલે આવ્યા પછી સમકિત આવ્યું ? ના ! હજી સુધી મિત્રોને મિત્રો ગણ્યા પણ શત્રુને શત્રુ સમજ્યા નહીં. શત્રુને મિત્રની કોટિમાં (પંક્તિમાં) બેસાડયા (ગણ્યા) માટે ધર્મને અર્થ તથા પરમાર્થ ગણવા છતાંયે સમ્યક્ત્વ છેટું (દૂર) છે. સેસે અનટ્ઠે નિર્ગ્રંથ પ્રવચન સિવાય દુનિયાના પદાર્થ માત્ર અનર્થરૂપ છેઃ નિરર્થક છે એટલું જ માત્ર નહીં પણ અનર્થકર છે, અનર્થ રૂપ છે, આ ત્રીજી પગથિયું! આ સ્થિતિ સંપ્રાપ્ત થાય ત્યારે પહેલો ભાવ આવ્યો. 'ભાવ ! ભાવ ! એમ બધા પોકારીએ છીએ પણ ભાવનું સ્વરૂપ સમજવું જોઈએ. જો હૃદયના ઉમળકાને ભાવ કહો તો કયો મનુષ્ય ધર્મભાવ વગરનો ફરે છે ? જેઓ પોતાની જીંદગીના ભોગ આપે છે તે હૃદયના ઉમળકા વગર નથી આપતા, પણ અહીં તમારે કયો ભાવ લેવો છે ? પહેલાં હેયને હેય તરીકે નિશ્ચિત કરો, ઉપાદેયને ઉપાદેય તરીકે નિશ્ચિત કરો. હેય ઉપાદેયનો નિશ્ચય કરો તેમાં જે ભાવ થાય તે પહેલો ભાવ. આ થયા છતાં પણ દરિદ્રીના મનોરથ શા કામના ? નારકીઓમાં ઘણાંયે એ રીતે બળી રહ્યા છે. નારકી જીવોમાં સમકિતી જીવો આથી જ વધારે દુઃખી છે, કારણ કે એને હૃદયની બળતરા છે. અણસમજુને લોકો વચ્ચે નાગો કરો તેમાં તેને દુઃખ થતું નથી પણ સમજુને ઉપયોગની લગીર શૂન્યતા થાય તો પ્રાણ જવા જેવું થાય છે. નર્કગતિમાં મિથ્યાત્વીને કાંઈ થતું નથી સમકિતીને તો કાયમ એ બળતરા થાય છે કે અમૃતનો આસ્વાદ સ્વાધિન છતાં મૂત્રનાં 'કુંડામાં મોં ઘાલ્યું ! ધર્મ એ અમૃત છે જ્યારે પાપ એ મૂત્ર છે. આબરૂની જરા ઊણપ થવાના પ્રસંગે આબરૂદારની છાતીના પાટીયાં ભીંસાઈ જાય છે પણ આબરૂ વગરનાને કશું થતું નથી. નરકમાં સમકિતીને પૂર્વભવે મોક્ષના સાધનરૂપ મનુષ્યભવથી મોક્ષ અગર દેવલોક મેળવવાને બદલે નરકમાં આવ્યો એ માટે પારાવાર પશ્ચાતાપ થાય છે. એ એક જ છતાં ભયંકર ભૂલનો પશ્ચાતાપ ચાલુ હોય છે. માટે નારકી જીવોમાં સમકિતીને વધારે દુઃખી કહ્યા છે.

નરકગતિમાં વધારે જ્ઞાન કેમ ?

પ્રશ્ન- નરક ગતિ હલકી છતાં ત્યાં જ્ઞાન વધારે કેમ ?

સમાધાન- પકડાયેલા ગુનેગારોની માવજત સરકારને કરવી પડે છે. ગુનેગારને ગુનાની સજા ભોગવવી જોઈએ, માટે સરકાર ડાક્ટર લાવી પછી ફાંસી દે છે. મુદ્દો એ છે કે સમજણે કરેલા ગુનાની સજા સમજણમાં કરવાની છે. પાપ કરનારમાં વધારેમાં વધારે જ્ઞાન કેટલા ? કેવળી પાપ બાંધે જ નહીં તેમ તેમને પુણ્ય પણ ટકતું નથી. મનઃપર્યવજ્ઞાનવાળા અપ્રમાદી સાધુને અંગે પણ પાપનો પ્રશ્ન નથી. મતિ, શ્રુત, અવધિકે વિભંગ, આ ત્રણ જ્ઞાનમાં કરેલા પાપની સજા ભોગવતી વખતે તેટલા પૂરતી (ત્રણ જ્ઞાન જેટલી) તો સાવચેતી જોઈએને ! સાવચેતીથી કરેલા ખૂનને અંગે ક્લોરોફોર્મ સુંઘાડી ફાંસી દેવામાં આવતી નથી. ઊલટો જો ખૂની બેભાન થયો હોય તો તેને ભાનમાં લાવીને પછી સજા કરે છે. જો કે અત્યારે અવધિજ્ઞાનનો વિચ્છેદ નથી પણ માનવાને અવકાશ નથી. હોય એમ માની શકીએ પણ છે એવું માનીએ ક્યારે ? પરીક્ષામાં પસાર થાય ત્યારે ! જેઓ નર્કથી શાસ્ત્રાર્થ સંગત કરે છે તેઓને આપણે આ યુક્તિથી કહીએ છીએ કે સજા વખતે સાવચેતી જોઈએ માટે નારકીને ત્રણ જ્ઞાન નિયમિત છે. સમ્યગ્દૃષ્ટિ

તેમજ મિથ્યાદૃષ્ટિ બન્નેને નારકીમાં ક્ષેત્ર વેદના સમાન છે. પરમાધામીકૃત તથા પરસ્પરકૃત દુઃખ સમ્યગ્દૃષ્ટિને ઓછાં છે પણ પશ્ચાતાપનું દુઃખ એવું જબરદસ્ત છે કે ન પૂછો વાત !!! દુનિયાદારીમાં દેખાય છે કે ભાણામાં પાંચે પકવાન પડેલા છે પણ જમતી વખતેય આબરૂ જવાનું દુઃખ એના હૃદયમાં કેવું હોય છે ! પોતે મનુષ્યભવ હારી ગયો, ધર્મ ન આરાધી શક્યો, ઊલટો નર્કમાં આવ્યો એના પશ્ચાતાપનું દુઃખ સમ્યગદૃષ્ટિ નારકીને એટલું બધું હોય છે કે તેની પાસે બીજા દુઃખો કાંઈ હિસાબમાં નથી ! જ્યારે નારકીને આટલું દુઃખ થાય તો તેના મનોરથ કેવા હોવા જોઈએ ! કારણ કે મનોરથ વગર આટલું થાય નહીં ! પણ દરિદ્રીના મનોરથ કૂવાની છાંયડી જેવા હોય છે. તિર્યંચની ગતિમાં, પોતાને ધર્મ હારી ગયેલો દેખીને તત્કાળ અનશન કરે તો તેના ભાવના કયા પ્રકારની હોય ? ચંડકોશીઆ સર્પની વાત તો દરેક પર્યુષણા પર્વમાં સાંભળો છો, વિચારો કે પાછલો ભવ હારી ગયો એ જાણીને, જે સાપ જરા દબાણ સહન ન કરી શેક તેણે છોકરાઓના પથરા ખાઈને ઊંધું માથું (દરમાં) ઘાલી પારાવાર વેદના સહન કરી એ સ્વભાવ કેવો પલટાવ્યો હશે ! પોતાની દૃષ્ટિ માત્રથી ઝાડ બીડને બાળી નાખે એવો ક્રોધી સર્પ પોતાની દૃષ્ટિથી કોઇ મરે નહીં આવી ભાવનાથી દરમાં મોં ઘાલી પડયો રહે એ કેટલું હૃદય-પરિવર્તન ! જીવનનો કેવો પલટો ! જે નાગ આખા વનમાં મનુષ્યની ગંધ પણ સહન કરતો નથી તેને રબારણો ઘી ચોપડે એ શી રીતે સહ્યું હશે ! દેહમાં કીડી આરપાર નીકળે છે એ દશા સાપના ભવમાં સહન (સમભાવે) થવી કેટલી મુશ્કેલ! માત્ર બે ચટકામાં આપણી કેવી દશા થાય છે ! તીર્થંકરના માત્ર 'બુઝ્ઝ ! ' એટલા વચનથી એ ભયંકર દૃષ્ટિવિષ ચંડકૌશિક સર્પને-એ કાળા નાગને જાતિ સ્મરણ જ્ઞાન થયું. હવે જો માત્ર સમ્યગદર્શન, જ્ઞાન કે-વિરતિથી સાફલ્ય હોય તો તે તિર્યંચમાં પણ છે. તિર્યંચનો ભવ સફળ કેમ નહીં ? મનુષ્યનો ભવ મોક્ષની નીસરણી ગણાય તેનું એક જ કારણ છે કે સેસને અનર્થ ગણીએ તેમ છોડી પણ શકીએ છીએ.

(૧) નિશ્ચય (૨) પ્રવૃત્તિ (૩) વિઘ્નજય (૪) સિદ્ધિ (૫) વિનિયોગઃ ભાવના આ પાંચ પ્રકાર.

બીજો ભાવ પ્રવૃત્તિરૂપ છે. પણ પ્રવૃત્તિ કરનારે એક વાત ધ્યાનમાં રાખવી કે એક ડગલું ઉપાડો તો છાતીએ જોર આવવાનું. ઊંચે ચડવાના પ્રયાસમાં છાતીએ જોર ન આવે એ બને નહીં. મોક્ષ માર્ગના પ્રયાસમાં ખીલી ખટકો ન થાય એ જૈન શાસનમાં બનવાનું નથી. એ તો આત્માએ એ પ્રવાસ આદર્યો છે કે ઘરના હિતૈષી ગણાતાઓ શત્રુ થઇ આડે આવવાના છે. દુનિયાદારીમાં જેમ દેખાય છે કે છોકરી સાસરે જાય તેમ સંબંધીઓ રૂએ છે તેમ અહિં પણ સમજવાનું. જે છોકરી ભાઇભાંડુના આંસુ તરફ નજર કરે તે સાસરે જઇ શકે નહીં; જે એ તરફ ન જુએ તે જ સાસરે જઇ શકે તેવી રીતે સ્વસ્વરૂપમાં જવા ઉજમાળ થયેલો આત્મા સંબંધીના આંસુઓ તરફ નજર પણ કરતો નથી; જે એ તરફ જુએ તે આગળ વધી શકે નહીં એ માર્ગમાં ડગલે ને પગલે વિઘ્ન છે; કહો કે વિઘ્ન પરંપરા છે

હુકમનામાની બજવણી ક્યાં થાય ? કમાનારને ત્યાં થાય; દેવાળીયા કે ભીખારચોટને ત્યાં ન થાય. આ આત્મા આત્મ સ્વરૂપને ઝંખે, તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે, તે માટે તૈયાર થાય તે વખતે એને માલદાર થયો દેખી કર્મરાજા હુકમનામાંઓ બજાવે છે માટે તે વખતે તો કોથળીઓ તૈયાર રાખવાની છે. છતે નાણે જે હુકમનામાની રકમ ન દે તેને ચોકીએ જઈને બેસવું પડે તેમ આ આત્મા અઢળક રિધ્ધિવાળો છે. છતી શક્તિએ યોગ્ય રસ્તે ન પ્રવર્તે તો દુર્ગતિરૂપી ચોકીની બેડીઓ તૈયાર છે. કહેવાનો મુદ્દો એ કે વિઘ્નોને જીતવા, વીર્યોલ્લાસ ફોરવવું. પહેલો ભાવ હેયપાદેયનો નિશ્ચય, બીજો ભાવ પ્રવૃત્તિ, ત્રીજો ભાવ વિધિજય આટલું થયા પછી પણ કરેલી મહેનત માટીમાં ન મળે તેવી સાવચેતી જોઈએ. એક મુનિને કાઉસ્સગ્ગમાં અવધિજ્ઞાન થયું પણ ઇંદ્ર-ઇંદ્રાણીનાં રીસામણાં-મનામણાં દેખી હસવું આવતાં તે ચાલ્યું ગયું; માટે ચોથો ભાવ સિધ્ધિ. સિધ્ધિને અંગે એક તસુ પણ પાછા હઠવું નહીં.

પાંચમો ભાવ વિનિયોગ.

હવે ખાવાનો સ્વાદ ક્યારે ? માત્ર પોતે ખાય તેટલા માત્રથી નથી પણ બીજાને ખવરાવવાથી સાચો સ્વાદ. ખરો આહ્લાદ છે. પોતાને મળેલું બીજાને આપવામાં જ પરમ સ્વાદ છે; માટે શાસ્ત્રકારોએ ધર્મની અપેક્ષાએ આર્ય અનાર્ય એવા બે વિભાગ પાડ્યા. જ્યાં 'ધર્મ' અક્ષર સંભળાય તે આર્ય ક્ષેત્ર અને 'ધર્મ' અક્ષર ન સંભળાય તે અનાર્ય ક્ષેત્ર. આ વિભાગ દરેકને ધર્મની પ્રવૃત્તિ માટે સૂચક છે. તે ધર્મ નામ માત્ર ન જોઈએ પણ વસ્તુ રૂપે જોઈએ. શ્રી સર્વજ્ઞે કહેલો ધર્મ વસ્તુ ધર્મ છે, તેના કહેનાર તીર્થંકર છે. પ્રભુશાસનમાં પામેલાઓ બીજાને પમાડવાની અનેકવિધ કાર્યવાહી કરે છે તે વિનિયોગની સાર્થકતા છે.

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન.

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૩૩૯- એક માણસ અગ્નિને સળગાવે (પ્રગટાવે) અને બીજો સળગતા અગ્નિને ઓલવી નાંખે. એ બેમાં વિશેષ કર્મ કોણ બાંધે ?

સમાધાન- શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં અગ્નિકાયનો અધિકાર ચાલ્યો છે, ત્યાં શ્રી ગૌતમસ્વામિ મહારાજે શ્રી વીરભગવાનને પૂછેલા આવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં પ્રભુએ ફરમાવ્યું છે કે અગ્નિ સળગાવનાર કર્મ વધારે બાંધે, કારણ શું ? અગ્નિ બુઝાવનાર હતો તો તે વખતે જ પૃથ્વ્યાદિકની હિંસા કરે છે માટે કર્મ ઓછું બાંધે છે પણ અગ્નિ સળગાવનારને તો સળગાવવાના વખતથી માંડીને યાવત્ અગ્નિનું શમન ન થાય ત્યાં સુધી છએ કાયની હિંસા થતી હોવાથી તે ઘણું પાપ બાંધે છે.

પ્રશ્ન ૩૪૦- નિર્જરાના પ્રકાર કેટલા અને તે નિર્જરા આત્માને કર્મોથી શી રીતે અલગ કરે ?

સમાધાન- નિર્જરા બે પ્રકારની છે, એક સકામ નિર્જરા. બીજી અકામ નિર્જરા. "ज्ञेया सकाम यतीनाम् अकामात्वन्यदेहीनाम्" ચારિત્રધર મુનિઓને સકામ નિર્જરા હોય છે. જ્યારે બીજા પ્રાણીઓને તો "कम्माणां फलवत् पाको यदुपायात् खतोऽपिच." કર્મોની પરિપકવતા થવાથી અથવા તો એવા ઉપાયો દ્વારાએ થવાવાલી નિર્જરા છે તે અકામ નિર્જરા છેઃ सदोषमपि दीप्तेन सुवर्णं वह्निना यथा तपोग्निना तप्यमानास्तथा । जीवो विशुध्यति ॥ १ ॥ જેમ માટીથી લિપ્ત એવું પણ સોનું દેદિપ્યમાન અગ્નિના સંસર્ગથી શુદ્ધ સુવર્ણ થાય છે, તેમ કર્મથી લિપ્ત એવો આત્મા તપશ્ચર્યારૂપી અગ્નિના તાપથી કર્મો અલગ કરીને સુવર્ણની માફક શુદ્ધ સ્વરૂપમય થાય છે.

પ્રશ્ન ૩૪૧- संवरात् मोक्षाय यतितव्यं એમ શાસ્ત્રકાર કહે છે પણ સંવર એટલે શું ?

સમાધાન- મુખ્યતાએ તો આશ્રવનો રોધ તે સંવર કહેવાય તે સંવરના ભેદો બે છે એક તો દ્રવ્યસંવર અને બીજો ભાવસંવર यः कर्मपुद्गलादानच्छेदः स द्रव्यसंवरः । भवहेतुक्रियात्यागः स पुर्नभाव त्यागः ॥ १ ॥ જે કર્મ પુદ્ગલોને અગ્રહણ (નહીં ગ્રહણ કરવું) તે, દ્રવ્યસંવર અને સંસારમાં રખડાવી મારનાર એવી પાપમય પ્રવૃત્તિઓને મન વચન કાયાથી (ત્રિકરણયોગે) ત્યજી દેવી (છોડી દેવી) તે ભાવસંવર છે.

પ્રશ્ન ૩૪૨- આશ્રવો કોને કહેવાય ? મન વચન કાયાની કઈ પ્રવૃત્તિથી શુભ આશ્રવ આવે અને કઈ પ્રવૃત્તિથી અશુભ આશ્રવ આવે ?

સમાધાન- मनोवाक्काय कर्माणि योगाः कर्म शुभाशुभं यदाश्रवन्तिजंतुनामाश्रवास्तेन कीर्तिताः ॥ १ ॥ મન, વચન, અને કાયા દ્વારાએ જે શુભ અથવા તો અશુભ કર્મોને જે પ્રાણીઓ એકઠા કરે તે આશ્રવ કહેવાય છે, मैत्र्यादिवासिंचेतः कर्मसूते शुभात्मकम् कषाय विषयाक्रन्तं वितनोत्यशुभं पुनः ॥ १ ॥ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવના યુક્ત ચિત્તવાળો પ્રાણી કરે તો શુભ આશ્રવનો સંગ્રહ કરે અને ચાર કષાયો અને પાંચે ઇંદ્રિયોની અંદર તલ્લીન ચિત્તવાળો અશુભ કર્મોને વિસ્તારે છે.

"शुभार्जनाय निर्मिथ्यं श्रुतज्ञानाश्रितंवचः । विपरीतं पुनर्ज्ञेयाम् शुभार्जनहेतवे"॥ १ ॥ સાચું વચન અને શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રને અનુસરતું, પણ પરસ્પર વિરુદ્ધ અને અસંબદ્ધ નહીં, એવું વચન બોલવાથી શુભ આશ્રવ અને એનાથી વિપરીત એટલે જેમ તેમ જૂઠું બોલવું, શાસ્ત્રના યથાર્થ અભ્યાસ વિના યદ્વાતદ્વા પ્રજલ્પવાદ કરવો એ બધું અશુભ આશ્રવના હેતુભૂત છે.

शरीरेणसुगुप्तोन्न शरीरी चिनुते शुभम् । सततारंभिणाजंतुद्यातकेनाऽशुभं पुनः

શરીરથી સુગુપ્ત પ્રાણી શુભ કર્મોને એકઠાં કરે છે અને તેનાથી વિરુદ્ધ એટલે નિરંતર સતત (અહર્નિશ) આરંભમાં જ મન, વચન, કાયાના યોગોને પ્રવર્તાવનારો અનેક જીવોના ઘાતમાં જ ઉદ્યત પ્રાણી અશુભ કર્મના આશ્રવને ઉપાર્જન કરે છે.

પ્રશ્ન ૩૪૩- જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહનીય કર્મોના આશ્રવ શી રીતે આવે છે ?

સમાધાન- આ કર્મોના શુભાશુભ આશ્રવોના વિભાગ નીચે પ્રમાણે છે.

૧. જ્ઞાન ભણતાને વિઘ્ન કરવું, શાસ્ત્રીય પદાર્થોને ઓળવી રાખવા, જ્ઞાન અને જ્ઞાનીઓની આશાતના કરવી, ઉપઘાત કરવો અને જ્ઞાની મહાત્મા ઉપર માત્સર્ય રાખવું. આ તમામ જ્ઞાનાવરણીયના આશ્રવો અશુભ છે અર્થાત્ જ્ઞાનાવરણીયના આશ્રવો અશુભજ હોય.

૨. દર્શનાવરણીયનાં આશ્રવો નિદ્રા આદિક પ્રમાદોનું આસેવન કરવાથી થાય છે તે સર્વ અશુભ આશ્રવ જ છે.

૩. દેવપૂજા, ગુરુસેવા, સુપાત્રમાં દાન, જીવોની દયા, ક્રોધાભાવરૂપ ક્ષમા, સરાગસંયમ, દેશવિરતિસંયમ, અકામનિર્જરા (અજ્ઞાની જીવોને થતી), શૌચ (પવિત્રતા), બાલતપ (વગર સમજે કરાતી તપશ્ચર્યા), આ વેદનીય કર્મનાં શુભ આશ્રવો છે; દુઃખ, શોક, પ્રાણીઓની હિંસા, રૂદન, રમત વિગેરે પોતે કરે અથવા બીજાને કરે તથા કરાવે વિગેરે વેદનીય કર્મના અશુભ આશ્રવો છે.

૪. કેવળજ્ઞાની, શાસ્ત્ર, ચતુર્વિધસંઘ, તથા ધર્મના અવર્ણવાદ બોલવાથી, ઉપદ્રવ વિગેરે કરવાથી મોહનીય કર્મનાં આશ્રવો આવે છે અને તે અશુભ છે.

પ્રશ્ન ૩૪૪- જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મોના શુભ આશ્રવો હોય કે નહીં?

સમાધાન- ન હોય, કારણ કે જ્ઞાન વિગેરે તો આત્માના મૂળ ગુણો છે જ્યારે આશ્રવો તો પૌદ્ગલિક છે; જ્ઞાનાવરણીય વિગેરે તો પોતે જ આશ્રવરૂપ છે, આત્માના મૂલગુણનો ઘાત કરનાર છે. એ ચારે ઘાતી કર્મોનો નાશ થવાથી તો અનન્ત જ્ઞાન, અનન્ત દર્શન, વીતરાગતા, અને અનંત વીર્યરૂપ આત્મીય ગુણોનો આવિર્ભાવ થાય છે માટે આ ચાર કર્મોના શુભ આશ્રવ હોય જ નહીં.

પ્રશ્ન ૩૪૫- પુંડરીક રાજાએ કંડરીકને ગૃહસ્થવેષ આપી પોતે સાધુપણું સ્વીકાર્યું: એમને સાધુપણું તોડાવવાનો દોષ લાગ્યો કે નહીં ?

સમાધાન- રાજ્યની ઇચ્છાવાળા કંડરીક મુનિ જ્યારે જ્યારે આવ્યા છે ત્યારે ત્યારે પહેલાં તો બે ત્રણ વખત પુંડરીકે એમને સ્થિર કર્યા છે. છેલ્લી વખતે કંડરીક આવી ગામ બહાર ઊતર્યાના સમાચાર જાણી પુંડરીક રાજા ત્યાં આવ્યા તો કંડરીકને લીલોતરી ઉપર બેઠેલા અર્થાત્ સાધુત્વથી ખસી ગયેલા (ચ્યુત થયેલા) જોયા અને હવે એ સ્થિર થાય એવું જ નથી એમ ધારી પોતે રાજધુરાને છોડી કંડરીકના સાધુવેષને સ્વીકારી લીધો. અત્રે પુંડરીકને કંડરીકને સાધુપણાથી ખસેડવાનો દોષ બિલકુલ નહીં કારણ કે કંડરીકના આચાર વિચારથી, બોલવા ચાલવાથી તે સાધુપણામાં હવે ટકે તેમ નથી, સાધુપણું છોડવાનો જ છે એમ નિશ્ચય થવાથી પોતે સાધુવેષ સ્વીકાર્યો છે અને કંડરીકને (તેની પોતાની તે ઇચ્છા હોવાથી) રાજ્ય આપ્યું છે માટે સાધુપણાથી ખસેડવાનો લેશ પણ દોષ પુંડરીકને છે જ નહીં.

પ્રશ્ન ૩૪૬- દેશના દેવાને અધિકારી કોણ ?

સમાધાન- ધર્મોપદેશ દેવાનો અધિકાર શાસ્ત્રકારોએ, સર્વથા ત્રિવિધ ત્રિવિધ વોસીરાવ્યો છે સંસાર જેમણે એવા મુનિઓને જ સમર્પ્યો છે. મુનિ પણ યોગ્ય સ્થાને દેશના આપે તો જ સ્વ-પર ઉપકારી થાય કેમકે "यद्भाषितं मुनीन्द्रैः पापं खलु देशना प्रस्थाने । उन्मार्गनयनं भवगहने दारुण विपाकं" ॥ १ ॥ બાળબુદ્ધિ, મધ્યમબુદ્ધિ અને તિક્ષ્ણબુદ્ધિ જીવોને તપાસ્યા વગર, જો બાળબુદ્ધિવાળાને લાયક દેશના તીક્ષ્ણ બુદ્ધિવાળાને આપવામાં આવે, તીક્ષ્ણ બુદ્ધિવાળાને લાયક દેશના મધ્ય બુદ્ધિવાળાને આપવામાં આવે તો પરસ્પર યોગ્ય સ્થાનાભાવે, તે દેશના છે છતાં પણ તે દેશનાને શાસ્ત્રકારોએ પાપમય દેશના અને ભવાટવીમાં ભયંકર વિપાક (દુઃખ) ને આપનારી દેશના છે. તત્ત્વ એ છે કે સંસારથી ઉદ્ધાર કરનારાની દેશના પણ અસ્થાને દેવામાં આવે તો સંસારમાં ડુબાડનારી થાય છે.

પ્રશ્ન ૩૪૭- કેટલાકો કહે છે કે નવકારમંત્ર ગણવા કરતાં એ ટુંક અક્ષરોમાં જો ॐ नमो पार्श्वनाथाय। ઇત્યાદિ જો ગણવામાં આવે, જાપ કરવામાં આવે તો આ ભવમાં ને પરભવમાં મહાઋદ્ધિ સિધ્ધિને આપનારો થાય. આવું કહેવું એ શું મંત્રાધિરાજ નવકારમંત્રની તથા શાસ્ત્રની અવગણના નથી ?

સમાધાન- શાસ્ત્રકારોએ જગા જગા પર નવકારમંત્ર ગણવાનું કહ્યું છે એનું કારણ એવું છે કે નવકારમંત્ર અનાદિ અનન્ત છે, શાશ્વતો છે: એ નવકારમંત્રનો જો સારો સંસ્કાર આત્મામાં પડી જાય તો શ્રી જિનેશ્વર દેવના ધર્મની પ્રાપ્તિ થાય એનાં કંઈ દાખલા નવકાર

મંત્રના છંદ વિગેરેથી મોજુદ છે પણ ૐ ગણો એમ કહેનારા ખરેખર શાસ્ત્રની અને ચૌદપૂર્વના સારભૂત એવા નવકાર મહામંત્રની અવગણના કરનાર હોવાથી મહામિથ્યાદૃષ્ટિ છે કારણ કે શ્રી સિધ્ધસેન દિવાકર જેવા મહાસમર્થ આચાર્યને પણ નવકાર મંત્ર સંસ્કૃત ભાષામાં ટૂંકા રૂપે અને પ્રાકૃત બનાવવાનો વિચાર માત્ર થયો તેથી તેમને પારાંચિત્ નામનું પ્રાયશ્ચિત આવ્યું તો પછી મહામંગલમય નવકારમંત્રને ઉત્થાપીને તેને ઠેકાણે ૐ નમો ગણવાનો ઉપદેશ કરનારાને કેટલું પ્રાયશ્ચિત છે તે સ્વયં સમજાઇ જાય તેવું છે.

પ્રશ્ન ૩૪૮- ત્યારે હેમચંદ્રસૂરીશ્વરજીએ યોગ શાસ્ત્રમાં ૐકાર જપવાનું કેમ કહ્યું છે ?

સમાધાન- કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરીજીએ યોગશાસ્ત્રમાં ઓમ્કાર પૂર્વક નવકાર જપવાનું તેઓને કહ્યું છે કે જેઓને ઐહિક સુખની ઇચ્છા હોય; પણ જેમને મોક્ષની જ ઇચ્છા હોય તેમને માટે ઓંકારની જરૂર છે નહીં: **मंत्रप्रणवपूर्वोऽयं फलमैहिकमिच्छुभि, ध्येयः प्रणवहिनस्तु निर्वाणपद कांक्षिमिः ॥ १ ॥** પ્રણવ એટલે ઓંકારપૂર્વક આ લોકના સુખની ઇચ્છાવાળાએ નવકાર આદિકનો જાપ કરવો પણ નિર્વાણ સુખની ઇચ્છાવાળાએ તો ઓંકારપૂર્વક ગણવાની જરૂર છે જ નહીં.

પ્રશ્ન ૩૪૯- જ્ઞાનદાન કોનું નામ ?

સમાધાન- અજ્ઞાન જીવોને જીવ, અજીવનું સ્વરૂપ, આશ્રવ તથા સંવરના કારણો, બંધ તથા નિર્જરાના સાધનો તથા મોક્ષના ઉપાયોનું જ્ઞાન આપવામાં આવે તેને જ્ઞાનદાન કહેવાય. કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી લખે છે કેઃ **ज्ञानं धर्मानभिज्ञेभ्यः** । ધર્મને નહીં સમજનારાઓને જે જ્ઞાન આપવામાં આવે તે જ્ઞાનદાન કહેવાય. તે સિવાયનું સોલિસિટર અથવા બેરિસ્ટર સુધીનું અથવા તેવી જ સ્થિતિ સુધીનું વ્યવહારીક જ્ઞાન દેવાય તેને જ્ઞાનદાન તો કહી શકાય જ નહીં, કારણ કે વ્યવહારિક જ્ઞાન વસ્તુતઃ સાચું જ્ઞાન નહીં હોવાથી ખરેખર અજ્ઞાનદાન જ કહેવાય છે. કારણ કે તે સંસારમાં ડુબાડવાનું પરમ કારણ છે.

પ્રશ્ન ૩૫૦- આ જીવ સુખમાં રાજી અને દુઃખમાં નારાજ કેમ થાય છે ?

સમાધાન- આ જીવ સુખના અને દુઃખનાં કારણોમાં જતો નથી માટે જ એની એ દશા છે. સુખ ભોગવવામાં જીવ પોતાની કર્મની શુભ પ્રકૃત્તિમાં પણ નુકશાન કરે છે. જીવ જ્યારે દુઃખ ભોગવવાને તૈયાર થાય ત્યારે કર્મની અશુભ પ્રકૃતિઓ તોડે છે તેથી દિનપ્રતિદિન તે હલકો થાય.

પ્રશ્ન ૩૫૧- દિવસ કેટલી ઘડી ચઢ્યો અથવા કેટલી ઘડી બાકી રહ્યો એવું જૈન શાસ્ત્રમાં ક્યાંય વિધાન છે ?

સમાધાન- યતિદિનચર્યા નામના ગ્રંથમાં, સાધુઓએ પોરિસિ ક્યારે ભણાવવી વિગેરે અધિકાર જ્યાં ચાલ્યો ત્યાં જણાવ્યું છે કે પોતાના શરીરની છાયા પગલાંથી માપવી. તે જેટલાં પગલાં થાય તેમાં સાતની સંખ્યા ઉમેરવી. આવેલા સરવાળાની સંખ્યા વડે ૨૮૯ (બસે નેંવ્યાશી) ને ભાગવા. આવેલા ભાગાકારમાંથી બે બાદ કરી, તે બાદબાકીના અર્ધ કરવા. તે જે સંખ્યા આવે તેટલી ઘડી દિવસ ચઢયો અને બપોર પછી તેટલી ઘડી દિવસ બાકી રહ્યો એમ સમજવું.

ઉદાહરણ- છાયાના માપના પગલા ૧૦+ ૭=૧૭ ૨૮૯÷૧૭ +=૧૫॥ અર્ધ ૭॥ માટે ૭॥ ઘડી એટલે ત્રણ કલાક ભાગાકારમાં વધેલી શેષ તે પળો સમજવી. એક મિનિટની પળ ૨॥ (અઢી) થાય છે.

સંવેગની સમરાંગણ ભૂમિ યાને સમરાદિત્ય ચરિત્ર

અનુવાદક :– "મહોદયસા૦"

શ્લોક इत्थं विडम्बमानोऽयं चिरं चित्ते व्याचिन्तयत्
मम प्राग्भव दुःकर्म प्रभवोऽयं पराभवः ॥ ६० ॥

(ગતાંકથી ચાલુ)

તાપસ વેષ ધારણ.

એ પ્રમાણે અગ્નિશર્મા દુઃખથી પીડાઇ એક દિવસ વિચાર કરવા લાગ્યો કે-"પૂર્વભવે કાંઇ મેં તપશ્ચર્યાદિક સુકૃત કર્યા નહીં હોય કે જેથી આ ભવમાં હું દુઃખી થાઉં છું, માટે હવે પણ એવા સુકૃત કરું કે જેથી આવતે ભવ દુઃખી ન થાઉં" આ પ્રસંગ ઉપરથી વિચારવાનું છે કે કર્મસત્તા અને પરભવ માન્યા વિના કોઈને છૂટકો નથી જૈન હોય, મુસલમાન હોય, કે ગમે તે ધર્મને માનનાર હોય તે દરેકે દરેક પરભવને કર્મસત્તા માને છે, ફક્ત ન માનતા હોય તો એક નાસ્તિક જ, કર્મ અને પરભવ ઈત્યાદિક વસ્તુઓને માનતા નથી, તેઓ પણ જો એક સત્ય દલીલથી વિચારે તો તેઓને પણ તે કર્માદિ માન્યા વિના છૂટકો નથી ને તે દલીલ.....

क्ष्माभृडंककयोर्मनीषिजयोः सहुपनीरुपयोः श्रीमद् दुर्गतयोर्बलाबलवतोर्नीरोग रोगार्त्तयोः ॥
सौभाग्यासु भगत्वसंगमजुषोस्तुलयेऽपि नृत्वेऽन्तरंयत्तत्कर्मनिबन्धनं भवति नो जीवं विना युक्तिमत् ॥ १ ॥

અર્થ- નાસ્તિકને ઉત્તર તું કર્મ સત્તા નથી માનતો એક રાજા એક ભિખારી, એક બુદ્ધિવાન, ને એક મૂર્ખ, એક રૂપનો ભંડાર ને એક રૂપ વગરનો, એક શ્રીમાન્ એક દરિદ્રી એક બળવાન, ને એક નિર્બળ એક રોગીને એક નિરોગી, દરેકમાં મનુષ્યપણું સરખું હોવા છતાં આટલું બધું અંતર શાથી ! ત્યારે કહો કે કર્મસતા માન્યા વગર નાસ્તિકોનો પણ છુટકો નથી, ચાલો આ વિચાર કરી તે અગ્નિશમાં વૈરાગ્ય સહીત ગામ બહાર નીકળી તે સંગપરિતોષ નામના તપોવનમાં ગયો, તેમાં પ્રવેશ કરી ધર્મધ્યાનમાં તત્પર આર્જવકૌન્ડિય નામના તાપસપતિને તેણે છેટેથી જોયા ને જોઈને હર્ષપૂર્વક પંચાંગ ભૂમિ અડાડીને તે ઋષિને તેણે વંદન કર્યું, મુનિ પણ ધ્યાન મુકી સ્વાગત પ્રશ્ન પૂર્વક તેને બેસવા એક આસન આપ્યું તે પણ હર્ષપૂર્વક તેના ઉપર બેઠો, પછી મુનિએ પૂછયું કે, ભાઇ ક્યાંથી આવ્યા ને કોણ છો ? એ પૂછવાથી અગ્નિશર્મા એ પોતાનો બધોએ વૃત્તાંત જણાવ્યો, ત્યારે કુલપતિએ કહ્યું કે- કલેશરૂપ તાપથી કંટાળેલા આત્માઓ માટે તપોવન સુંદર છે, માટે તમે આવ્યા તે બહુ સારું કર્યું, તે પછી અગ્નિશર્માએ કહ્યું કે-હે ભગવાન જો હું યોગ્ય હોઉં તો મુજને વ્રત આપો! ત્યારે કુલપતિએ પણ તેને યોગ્ય જાણી પોતાની વિધિ મુજબ તાપસ વેષ સમર્પણ કર્યો.

અભિગ્રહ ધારણ ને રાજાનું આવાગમન

એ પ્રમાણે તાપસ વેષ લીધા પછી તરત તે અગ્નિશર્માએ કુલપતિ પાસે આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો કે "યાવત્ જીંદગી પર્યન્ત એક એક મહિનાના ઉપવાસ કરવા પારણે એક ઘર જાવું ને ત્યાં મળે તો લેવું નહીંતર બીજે ઘર ન જતાં બીજા મહિનાના ઉપવાસ કરવા." આવી ઘોર પ્રતિજ્ઞાનું પાલન તે તાપસ ન કરતા લાખ પૂર્વ વીતી ગયા.

હવે આ બાજુ પિતાની આજ્ઞાથી ગુણસેન રાજા વસંત-સેના નામની કન્યા સાથે પરણ્યો પિતાની આજ્ઞાની અવજ્ઞા ન થાય એ ભયથી પોતે રાજ્ય લક્ષ્મીને લીધી એટલે ગુણસેન કુમાર ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો રાજા બન્યો, તેના પિતા પૂર્ણચન્દ્ર રાજા પુત્રને રાજ્ય આપી પોતાની રાણી કુમુદિનીની સાથે વનવાસ અંગિકાર કર્યો.

હવે ગુણસેન રાજા એક દિવસ દિગ્યાત્રા કરતો વસંતપુર નગરની અંદર આવ્યો ને રાજા વિમાનચ્છન્દક નામના મહેલમાં ઉતર્યો તે નગરના લોકોએ યથાયોગ્ય ઘણો સત્કાર કરી રાત્રે નાટક ઈત્યાદિક વડે આખોએ દિવસ તેને આનંદમાં નિર્ગમન કરાવ્યો.

બીજા દિવસે પ્રાતઃકાળના કૃત્ય સમાપ્ત કરી તે રાજા ઘોડા ઉપર બેસી બહાર ગયો ને બહાર જઈ ઘણા જ ઘોડા દોડાવ્યા ત્યાર બાદ થાકી ગયેલ તે રાજા સહસ્રામ્ર નામના ઉદ્યાનમાં ગયો. તેવામાં જ બે તાપસકુમારો ત્યાં આવ્યા. વાચક વર્ગને ધ્યાન હશે કે અગ્નિશર્મા તાપસ વસંતપુર નગરના નજીકના ઉદ્યાનમાં તપ તપે છે. તે જ ઉદ્યાન આ છે.. તે બે તાપસ કુમારોને પોતાનાં સિદ્ધાંતની મુજબનો આશીર્વાદ આપી આસન ઉપર બેસાડી કહ્યું કે હે રાજન્ આ તપોવનથી અમારા કુલપતિ ગુરુ આપને શરીર પ્રવૃત્તિ આદિ પૂછવા બોલાવે છે એ સાંભળી હર્ષને કૌતુકથી તપોવનમાં તે રાજા ગયો ને તાપસોથી પરવરેલા એવા કુલપતિને જોયા પછી રાજા ધર્મવાર્તાથી થોડો કાલ નિર્ગમન કરી ભક્તિથી ઘણા જ હર્ષપૂર્વક બોલ્યો. કે તમને હે ભગવાન ધન્ય છે તમે સ્પૃહા વગરના છો ને મુનિઓને મોકલી મારા શરીરની પ્રવૃત્તિ જાળવવાની ઇચ્છાવાળા છો. ધન્ય છે. આપને માટે મારી એક વિનતી સ્વીકારો, કે મારે ઘેર પારણું કરી મને અનુગ્રહ કરો ત્યારે કુલપતિએ કહ્યું કે આશ્રમવાસિ તાપસોને વર્ણાશ્રમના ગુરુ (એટલે રાજાની) એટલે તમારી પ્રવૃત્તિ જાણવી જોઈએ અમારે તમારા ઘેર આહાર લેવા આવવાનું કબુલ છે. પણ એક અગ્નિશર્મા નામે અહી તાપસ છે. તે માસોપવાસ કરે છે. ને પારણે પ્રથમ ઘેર મળે તો લે છે નહિતર બીજા માસોપવાસ કરે છે. માટે તે મુનિ સિવાય બીજા ભિક્ષા લેવા આવશે પણ એ તાપસ નહી આવી શકે એ પ્રમાણે કુલપતિના કહી રહ્યા પછી રાજાએ પૂછયું કે એ મુનિ કયાં છે ? ત્યારે કહ્યું કે તેમની સુંદર શાળાની શ્રેણીમાં ધ્યાનમાં રહ્યા છતાં તપ તપે છે. તે પછી રાજા ત્યાં આગળ જઈ ધ્યાનમાં રહેલ તે અગ્નિશર્મા નામના મુનિને આનંદ સહિત વંદન કર્યુ. આશીર્વાદ જેમણે દીધો છે એવા તે મુનિને તે ગુણસેન રાજાએ પૂછયું કે ભગવન્ આવી યૌવન વયમાં તપ અંગિકાર કરવાનું કારણ શું ? ત્યારે તેના ઉત્તરમાં મુની એ કહ્યું કે દુઃખ દારિદ્ર પરાભવ ઈત્યાદિક અનેક કારણો ને મારો કલ્યાણ મિત્ર ગુણસેન કુમાર આ વ્રત અંગિકાર કરવામાં કારણભૂત છે પોતાનું નામ સાંભળી ચકિત થઇ રાજા બોલ્યો કે મુનીજી એ કોણ ગુણસેન-કુમાર તમારો કલ્યાણ

મિત્ર કોણ હતો ને દુઃખ દારિદ્રયાદિ દુઃખો કેવી રીતે હતા એ મુજને કૃપા કરી જણાવો.

પારણાનું આમંત્રણ ને તેને માટે તાપસનું આવવું.

ત્યારે મુનીએ કહ્યું કે હે રાજન્ ઉત્તમ પુરુષો જે હોય છે તે તો સ્વયમેવ ધર્મને અંગીકાર કરે છે. મધ્યમ પુરુષો કોઈનાથી પ્રેરાઈને ધર્મ અંગીકાર કરે છે. ને અધમ પુરુષો તો કોઈ પ્રકારે ધર્મને પણ નથી અંગિકાર કરતા, જે માણસ ગમે તે ઉપાયે ધર્મમાં જોડે તે કલ્યાણ મિત્ર કહેવાય. કારણ કે સંસાર રૂપ કૂવામાંથી કાઢે તે જ મિત્ર ખરો કહેવાય. આજ વસ્તુનું પ્રતિપાદન કરતા જૈનશાસન કહે છે ધર્મની આરાધના કરવામાં સહાય કરે તે જ વાસ્તવિક રીતે માતા, પિતા, સ્ત્રી, બંધવ છે. વળી મિત્ર પણ તે જ કહેવાય પણ જે માતાપિતા સંસારરૂપ સાગરને તરવામાં સ્ટીમર સમાન ધર્મની આરાધના કરતા રોકે તે ખરેખર માતાપિતા જ નથી કારણ માતાપિતા એકાંતે હિતૈષી જ હોય ને ધર્મની આરાધના કરવાથી સંસારસાગરનો પાર પામી આત્મા મુક્તિ પામે તેમાં જ ખરેખર હિત છે, તેથી જ માતાપિતા સંસાર સાગરના પાર પામતા પુત્રને પોતાના સ્વાર્થની ખાતર અટકાવે નહીં ને પુત્રે પણ સમજવું જોઈએ. "અનાદી કાળ માતા, પિતા, પુત્ર, બંધને સકલ પરિજન આ આત્માએ કર્યા ને ભવોભવ રોવડાવ્યા ત્યારે એ માતાપિતાને રોવડાવવા ન પડે. ને જન્મમરણનો ભય મટી જાય માટે ચારિત્ર અંગિકાર કરી મુક્તિપદ પામું. ભલે એ એક ભવે પોતાને મોહ હોવાથી રુદન આવી જાય પણ એ મોહનો ઉછાળો જ્યાં સુધી હશે ત્યાં સુધી જ પછી તો સુજ્ઞ હોવાથી પોતે અનાદિકાળનો સંબંધ જાણી તે પણ ચારિત્ર અંગિકાર કરશે." એ પ્રાસંગિક થોડું કહ્યું. ત્યારબાદ રાજાના પૂછવાથી અગ્નિશર્માએ પોતાને વૈરાગ્ય થવાનું કારણ જણાવ્યું એટલે પોતાનું ચરિત્ર કહ્યું તે સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે "અહો મેં આ મહાત્માને દુઃખ દીધું છે છતાં પણ મને ધર્મમાં જોડનાર તરીકે માને છે હું તો પાપાત્મા છું" એમ વિચારી કહ્યું કે "મહાત્મન્ તે જ પાપી ગુણસેન હું છું કે જેણે તમને દુઃખ દીધું હતું" ત્યારે મુનીએ કહ્યું કે હે મહારાજ આપ ગુણસેન રાજા છો કે જેના યોગ વડે હું આ તાપસ દીક્ષારૂપ લક્ષ્મીને પામ્યો.

"રાજાએ કહ્યું કે", મુનીઓ સદાએ પ્રિય બોલનાર હોય છે કારણ કે કોઈ દિવસ ચંદ્ર અંગારાની વૃષ્ટિ કરે ખરો. બસ હવે મેં પહેલા આપને બાલ ચેષ્ટિત કર્યું તે માફ કરો ને કહો કે આપનો પારણાનો દિવસ ક્યારે છે ? ત્યારે મુનિએ કહ્યું કે-"આજથી પાંચ દિવસ પછી પારણું છે", ત્યારે રાજાએ કહ્યું કે ભગવન મારી ઉપર ઘણો જ પ્રસાદ કર્યો. .

* * *

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૩૮૫ સિદ્ધચક્રમાં જાતિવાદનું જયવંતપણું છે કારણ વ્યક્તિવાદ કાયમી નથી યાદ રાખો કે ગુણીની પૂજ્યતા ગુણને આભારી છે માટે ગુણના પુજારી-બનો.

૩૮૬ કોઈપણ આરાધ્ય શ્રી નવપદજીથી અલગ નથી.

૩૮૭ જગત એ જ કર્મની વિચિત્રતાનું પ્રદર્શન છે. કર્મને ચૂરવા માટે જ સર્વવિરતિની સાધનારૂપ સમર્થ સાધન શ્રી જૈનદર્શનમાં જયવંત વર્તે છે.

૩૮૮ નમો અરિહંતાણં એ જાપ તો શ્રાવકના શ્વાસોશ્વાસમાં ચાલતો હોય.

૩૮૯ તમારાથી ન બને તે તમારી પારાવાર નબળાઈ છે. નબળાઈના બચાવ ખાતર દોષને ગુણરૂપ ગણાવવા ખાતર શાસ્ત્રને બદનામ કરો નહીં !

૩૯૦ કોઇ હિંદીએ અમુકનાં ખૂન કર્યા તેથી એમ કહેવું કે હિંદીઓ ખૂની છે તે શું ન્યાય યુકત છે ? તાત્પર્ય કે અમુક વ્યક્તિના દોષ-દર્શન માત્રથી સમગ્ર જાતિરૂપ સંસ્થાને દૂષિત કરો નહીં !!!

૩૯૧ આગમરૂપી આરિસામાં આત્માને અવલોકનાર વિશુદ્ધ સ્વરૂપ નિહાળી શકે છે.

૩૯૨ શાસ્ત્રોમાં ફેરફાર કરવાનો બકવાદ કરવો એ અનન્ત જ્ઞાનીઓની ભયંકર આશાતના છે અને તેથી એવો બકવાદ કરનારાઓને બોધિ બીજ દુર્લભ થાય તેમાં નવાઇ શી ?

૩૯૩ વર્તમાનમાં દેવતત્વની પ્રરૂપણા ગુરુતત્વને આભારી છે.

૩૯૪ જમાના પ્રમાણેનું વર્તન એ ધર્મ નથી. જમાનો ફરે છે પણ ધર્મ ફરી શકતો નથી, જમાનાનું શરણ નહીં સ્વીકારનારાઓ ધર્મમાં સુદૃઢ રહીને જ કલ્યાણ સાધે છે.

૩૯૫ જ્ઞાન ભાડે મળે છે પણ ચારિત્ર ભાડે મળતું નથી.

૩૯૬ "ભટકતી જાત" એકાદ માસ અહીં અને છ માસ બીજે, એમ વારંવાર ઉચાળા જ ભરે ! એ જ ન્યાય સંસારી ભટકતી જાતમાં છે.

૩૯૭ ભવિતવ્યતા તો ઉદ્યમની એક ગુલામડી બલ્કે ચાકરડી જ છે.

REGISTERED NO. B. 3047.

ધર્મનાં ચિન્હો !!!



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૧૪ મો.	મુંબઈ, તા. ૨૪-૪-૩૩, સોમવાર ચૈત્ર - વદ - ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

ધર્મના ચિન્હો !!! ..... પાનું-૩૧૩
આગમોદ્ધારકની અમોઘ દેશના.....પાનું-૩૧૭
સાગર સમાધાન.....પાનું-૩૨૪
સુધા-સાગર.....પાનું-૩૨૮
સંવેગની સમરાંગણ ભૂમિ.....પાનું-૩૩૨
સમાલોચના.....પાનું-૩૩૬

સાધન મળ્યાં તો સાધી લે !
માનવ જીવન આરાધી લે !!

(હરિગીત)

આત્મા અનાદિકાલથી રખડી રહ્યો સંસારમાં !
શા કારણે એ શોધવાની લેશ પણ દરકાર ક્યાં ?
રખડી રહ્યાનું ભાન પણ છે કે નહિ એ પ્રશ્ન છે,
સંસાર કેરા કાર્યમાં લયલીન ત્યાં ક્યાં પ્રશ્ન એ ? ૧
ધન ધાન્ય ધરણી ધામ ધીંગાણા વિષે મશગુલ છે,
પરિવાર સુત પત્નિ વિગેરે સ્વાર્થ કાજ પ્રફુલ્લ છે,
સંસાર કેવળ દુઃખમય છે, કોઈનું છે, કોઈના !
માનવજીવન પુણ્યે મળ્યું, જ્યાં સાધ્ય સિદ્ધિ-સાધના. ૨
ક્ષણ જાય સોનેરી ગુમાવે જીવન વ્હેતું પૂર છે,
[1]મરવું છે નક્કી માનવી ! આયુષ્ય ક્ષણ ભંગુર છે,
મનના મનોરથ મન રહી, વળશે ન પશ્ચાતાપથી,
આખર શરણ જો ધર્મનું, વંચિત કયમ તસજાપથી[2]! ૩
બાજી ગઈ જ્યાં હાથથી પછી બોલવું શા કામનું ?
તિર્યંચ નર્કનિગોદમાં ના સ્વપ્ન પણ આરામનું !
સુખશાંતિ શાશ્વત્ પ્રાપ્તિનાં સાધન મળ્યાં તો સાધી લે.
આનંદ-સાગર ધર્મથી માનવજીવન આરાધી લે. ૪

ભીખાભાઈ છગનલાલ શાહ.

---

૧. સાક્ષર ડાહ્યાભાઈ કહે છે :-

મરવું છે નક્કી માનવી ફોગટ પડો છો પાપમાં,
સમજુ થઈ શીદ ઉતરો સંસારના સંતાપમાં,
બાંધે હવામાં બાપડા, પાપી બરફના માળીઆં,
કાળનો ઉકળાટ થાતાં, હાય વ્હેતાં ચાલીઆં.

૨. આખરે (મરણ વખતે) પાસે બેઠેલાઓ પણ ધર્મને જ ભળાવે છે તો પછી એના જાપથી અત્યારથી જ વંચિત શા માટે રહેવું ?



સિદ્ધચક્ર.



(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

દુષ્કર્મસાનુભિદ્વજ્ર સર્વસંપત્તિસાધક ।
આગમોપનિષદ્‌ભૂત સિદ્ધચક્રં સદાઽઽદ્રિયે ॥ ૧ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. આગમોદ્ધારક.

પ્રથમ વર્ષે અંક ૧૪ મો
મુંબઇ, તા. ૨૪-૪-૩૬, સોમવાર, ચૈત્ર-વદ ૦)).
વીર સંવત ૨૪૫૯
વિક્રમ ,, ૧૯૮૯

ધર્મનાં ચિન્હો !!!

શું લેવા દેવાનાં કાટલાં જુદાં ?

ધર્મ-પ્રતીતિના માપક યંત્રથી આત્માને તપાસો.

(નોંધ:- મુંબઇ મધ્યે લાલબાગના જૈન ઉપાશ્રયમાં પ્રાતઃસ્મરણીય શાસન પ્રભાવક સમર્થ સંરક્ષક તીર્થોદ્ધારક રાજપ્રતિબોધક સકળશાસ્ત્ર પારંગત આગમના અબંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્‌ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી શ્રી આગમોદ્ધારક ફંડ તરફથી આગમોનું સંશોધન તથા સંપાદન કરવા માટે ખાસ નિમાયેલા પંડિતોની સહાયતાથી આગમોના ગુજરાતી ભાષાંતરો અને ટીકાનુવાદો વિગેરે પ્રસિદ્ધ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્યમાં ઉપયોગી થવા માટે ઉપરોક્ત ફંડ તરફથી ધર્મ-પ્રતીતિના માપક યંત્રો તૈયાર કરાવવામાં આવ્યાં છે. તે યંત્રોની ખાસ પરીક્ષા કરવા માટે તા. ૨૪-૪-૩૬ સોમવારે સાંજના ૪ વાગે ઉપાશ્રયમાં ખાસ મેળાવડો કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે પ્રમુખસ્થાનેથી આગમોદ્ધારકશ્રીએ આપેલું ભાષણ નીચે પ્રમાણે છે.)

लिङ्गानि धर्म सिध्धेः प्रायेण जनप्रियत्वचं॥ (षोडक).

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીમદ્‌ હરિભદ્રસૂરીજી મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે

ધર્મોપદેશ દેતાં થકાં પ્રથમ જણાવી ગયા કે ધર્મની વાસના આર્યક્ષેત્રમાં રહેલી છે. જ્યાં સ્વપ્ને પણ ધર્મના અક્ષરો ન મળે તેવા ક્ષેત્રનું નામ વ્યવહારથી અનાર્યક્ષેત્ર કહેવામાં આવે છે. ધર્મમાં પ્રવૃત્તિમાન થવાની ઈચ્છા અને તે ઈચ્છાને સફળ કરવાનાં અનેકવિધ સાધનો આર્યક્ષેત્રમાં સ્વાભાવિક હોય છે. આર્યક્ષેત્રનો મનુષ્ય ધર્મ કરવામાં પોતાની સફળતા માને છે. આર્યોમાં એ સંસ્કાર પહેલાંથી જ હોય છે કે આ મનુષ્યજીવનમાં કંઈ ધર્મ કરીશું તો જ જીંદગી સફળ બનશે.

आहारनिद्राभयमैथुनंच એ શ્લોકમાં સર્વ પ્રકારના જીવની સામાન્ય સ્થિતિ સંજ્ઞાને અનુસરતા સ્વરૂપમાં વર્ણવેલી છે- આર્યોનું એ મંતવ્ય છે કે આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચારે તો મનુષ્ય તથા પશુમાં સરખાં છે એટલે કે મનુષ્ય જીવનની સફળતા આ ચારની પ્રવૃત્તિમાં નથી પણ ધર્મમાં પ્રવૃત્તિ કરવામાં છે. આર્યોમાં રહેલા આ સહજ મંતવ્યથી દરેક પોતાને ધર્મી ગણાવા તૈયાર રહે છે, પોતાને જો કોઈ ધર્મી કહે તો ખુશખુશ થાય છે. કારણ કે આર્યક્ષેત્રમાં ધર્મને ઊંચામાં ઊંચી ચીજ ગણવામાં આવેલી છે. અર્થાત્ મનપસંદ ચીજના સારા યા નરસા શબ્દો શ્રવણેંદ્રિયને સાંભળવા અત્યંત મધુર લાગે છે.

અનાદિ સંસ્કારનો પ્રત્યક્ષ પ્રભાવ !

જે ધર્મ મનુષ્ય જીવનને સફળ કરે તેવો ધર્મ આપણાથી થયો કે નહિ તે આપણે પારખી શકતા નથી, અને જ્યારે હેય ઉપાદેય વગરની સ્થિતિ હોય તો ઘાંચીનો બળદ ફર્યા કરે તેવો ઉદ્યમ ગણાય; વસ્તુતઃ એ આંધળીયા ઉદ્યમમાં આત્માનું વળે નહિં. ધર્મ કરીએ પણ આત્મામાં ધર્મનો અંકુરો, થડ, ડાળી, પાંદડાં, ફુલ કે ફળ શું થયું તે જણાય નહિ, ધર્મ કેટલો થયો, કેટલો ન થયો, કેવો થયો વિગેરેની સમજ ન પડે તો ધર્મ માટેનો પણ તેવો ઉદ્યમ આત્માને શી રીતે આગળ વધારી શકે ? ધર્મ એ બાહ્યરૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દવાળી ચીજ નથી કે જેથી થયેલો કે ન થયેલો જાણી શકાય. અર્થાત્ ધર્મ એ ઈંદ્રિયો દ્વારા દેખી કે જાણી શકાય તેમ નથી, છતાં ધર્મને ન જ જાણી શકાય તેમ પણ નથી.

શાસ્ત્રકારો કહે છે કે કેટલાક પદાર્થો સાક્ષાત્ જણાય ત્યારે કેટલાક પદાર્થો તેના ચિન્હો-દ્વારાએ જણાય છે. ચુલાની પાસે હોઈએ તો અગ્નિ સાક્ષાત્ દેખીએ છીએ જ્યારે ચૂલો ન દેખાય તેમ દૂર હોઈએ, બહારના ભાગમાં હોઈએ તો પણ ધુમાડા દ્વારાએ અગ્નિ હોવાનું જાણી શકીએ છીએ. જ્ઞાની પુરુષો દરેકના ચિન્હોથી થતા ધર્મને જાણી શકે છે. આપણે ધર્મને સાક્ષાત્ ન જાણી શકીએ પણ તેના ચિન્હોદ્વારાએ જાંણી શકીએ. વૃક્ષનું થડ, ડાળ, પાંદડું, ફુલ, ફળ એ બધું બહાર જણાય પણ તે બધાનો આધાર તેનું મૂળ છે, કે જે બહાર જણાતું નથી. થડ, ડાળી, તથા પાંદડાંના પ્રમાણ ઉપરથી જમીનમાં

દટાયેલું, ઝાડનું મૂળ કેટલું ઊંડું ગયું છે તે પણ સમજી શકીએ છીએ. અનુમાન કરી શકીએ છીએ તેમ આત્મામાં રહેલો ધર્મ થડ, ડાળાં વિગેરેની જેમ બહાર દેખાતાં ચિન્હોથી જાણી શકાય તેમ છે. શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી-ડાળાં પાંખડા વિગેરે દ્વારાએ ધર્મ તપાસવાનું, (આત્મામાં ધર્મ છે કે નહિ તે નિહાળવાનું) કહે છે તે ડાળાં, પાંખડાં કયાં ? ઔદાર્ય દાક્ષિણ્ય વિગેરે; આ જગતમાં અનાદિકાલથી આ આત્માને 'અહીંથી લઉં કે તહિંથી લઉં' એવો સંસ્કાર પડેલો છે. બે ત્રણ વર્ષનું બચ્ચું હાથમાં રૂપિયો લઈ માલ લેવા જાય તોયે તેને કોઈ આપે નહિં છતાં તેના હાથમાંથી રૂપિયો લ્યો તો ખરા !! એ રૂપિયો છોડાવવો સહેલો નથી; ઘણો મુશ્કેલ છે. રૂપિયા માટે (રૂપિયો ન છોડવા માટે) વલુરા ભરે, બચકાં ભરે, પગ પછાડે, ચીસો નાંખેઃ બધુંયે કરે પણ રૂપિયો છોડે નહિ; હા ! રોતાં રોતાં થાકે, સુએ, ઊંઘી જાય પછી રૂપિયો કે ઢબુ જે હોય તે એના હાથમાંથી લઈ લ્યો તેનું તેને ભાન નથી, જાગ્યા પછી તે રૂપિયા કે પૈસાને સંભારતું પણ નથી. બાલ્યવયમાં રૂપિયો છૂટતો નથી એટલે કે એવા તીવ્ર લોભના અનાદિ સંસ્કારનો પ્રત્યક્ષ પ્રભાવ છે.

ધર્મનું પહેલું ચિહ્ન ! ઔદાર્ય !

હવે 'લ'ની જગ્યાએ 'દ' મૂકો; અર્થાત્ 'લઉં' ને સ્થાને 'દઉં' આવી ભાવનાથી ભરપૂર બનો, લેવા દેવાના કાટલા જુદા રાખવાનું કાર્ય મનુષ્યોને ન શોભે ? આવો સંસ્કાર થાય, વધે, જાગે તો માનો એમાં કલ્યાણ. ધર્મનો એ પ્રથમ અંકુરો. દેવાની ભાવનામાં કલ્યાણની બુદ્ધિ કેટલી ? એ બુદ્ધિનું જેટલું પ્રમાણ તેટલો ધર્મ. દેવાની ભાવનાને બદલે લેવાનું તથા સંઘરવાનું મન તેટલી કલ્યાણ બુદ્ધિ ઓછી, તેટલો ધર્મ ઓછો. ધર્મનું પહેલું ચિહ્ન ઔદાર્ય. દેવામાં કલ્યાણ બુદ્ધિ માને પછી દે પોતાની શક્તિ પ્રમાણે દાનને ધર્મનું ચિહ્ન ન કહ્યું પણ ઔદાર્યને ચિહ્ન કહ્યું. કારણ કે દેવાનો આધાર તો શક્તિ પર અવલંબેલો છે. ઔદાર્યની ભાવના છતાં પ્રવૃત્તિ બધાની સરખી થવી મુશ્કેલ છે, તેમજ જગતમાં બધા કાર્યમાં બધાની તેવી ભાવનાવાળાની બુદ્ધિ સરખી ચાલે તેમ નથી. ઘણા છોકરાને માબાપ દોરીને, રોવડાવીને, ટાંગાટોળી કરીને નિશાળે લઈ જાય છે. રમત છોડવી પડે છે તે છોકરાને આકરું લાગે છે તેવી રીતે આ જીવને સ્વાર્થ છોડવો અને પરમાર્થ આગળ કરવો તે પણ ઘણું જ આકરું લાગે છે.

ધર્મનાં ચાર ચિહ્નો ! ! !

છોકરાં નિશાળે માબાપનાં કહેવાને અંગે જાય છે. તેમ ધર્મના તમામ રસ્તા આપણે સમજી ગયા હોઈએ એવું બને નહિ. પહેલ વહેલાં આપણે અજ્ઞાન હોઈએ તો કઈ રીતિએ ધર્મ કરવો ? છતાં ધર્મિષ્ઠોના કહેવાથી ધર્મ કરાય, તેમને ધર્મ કરવાનું ના કહેતાં મનમાં સંકોચ થાય તેનું નામ

પુણ્ય, પાપને પાપ, આશ્રવને આશ્રવ, બંધનને બંધ, સંવરને સંવર, નિર્જરાને નિર્જરા, મોક્ષને મોક્ષ સમજી શકે છે. નિર્મળ બોધમાં કોઈની સાક્ષી લેવી પડે તેમ નથી. આત્મામાં ધર્મ થયો છે કે નહિ તે જાણવાનાં, તેની સિદ્ધિનાં, પ્રતીતિનાં આ ચિહ્નો છે. આ ચિહ્નો તરફ દિલ ન લાગતું હોય ત્યાં આત્મામાં ધર્મ થયો નથી એમ સમજવું. ધર્મનું ફળ 'શિવ-કલ્યાણ' છે પણ એ ચિન્હ નિશ્ચયનું. માટે, વ્યવહારે આ ચિહ્નો જરૂરી. ચિહ્ન વગર માનવીને ઓળખી ન શકાય. ચિહ્ન વગર ચીજ ન પરખાય. ચિહ્ન વગર ચીજ ન મળે. ચિહ્ન વગર ચીજ ન ઓળખ

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

બોધ:-ગુજરી ગયા, લાલવાડીના જૈન ઉપાશ્રયમાં પ્રાત:સ્મરણીય શાસન પ્રભાવક સમર્થ સંરક્ષક તીર્થોદ્ધારક રાજપ્રતિબોધક સકળશાસ્ત્રનૈ પારગત આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી [ ] આત્મામાં [ ] ઉત્તમ [ ] [ ] [ ]

છે ! ઈચ્છા સદ્‌ગતિની છતાં તેનાં કારણો ન મેળવીએ તો તે ક્યાંથી મળે ? કારણો મળે ? સદ્‌ગતિની ઈચ્છા છતાંયે કારણો મેળવીએ દુર્ગતિનાં તો સદ્‌ગતિ ક્યાંથી મળે ? દુર્ગતિ જ મળે.

મનુષ્ય દેહ શાથી મળ્યો ?

કેટલાયે જીવો કાગડા, કૂતરાં, બિલાડાં, પાડા, બળદ, કીડી, મંકોડી, ફળફૂલ વિગેરેના અવતાર (યોનિ) માં છે. એ જીવો મનુષ્ય ન થયા અને આપણે થયા તેનું કારણ શું ? જેવા જીવ આપણે છીએ તેવા તેઓ પણ જીવજ છે ને ! છતાં આપણને મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમજાત, કુલ વિગેરે બધું મળ્યું અને એ જીવોને મનુષ્યપણું પણ ન મળ્યું તેમાં કાંઇ કારણ તો ખરું કે નહિ ? એ જીવોએ મનુષ્યપણું પામવા યોગ્ય કારણો મેળવ્યા નહિ તેથી તેઓ મનુષ્ય ન થયા અને આપણે તેવાં કારણો મેળવ્યા માટે મનુષ્ય થયા; આ પેઢી (મનુષ્યપણાની) કઈ સિલકથી ઊભી કરી ? મનુષ્યપણાની ગતિ, આયુષ્ય, પંચેંદ્રિયપણું વિગેરે જ્યારે નીપજાવ્યાં (ઊભાં કર્યા) ત્યારે આ પેઢી ઊભી થઈ. અત્રે આવ્યા પહેલાં આપણે માબાપને કે માબાપ આપણને ઓળખતા નહોતા. જ્યાં આપણે જન્મ લીધો છે ત્યાં શું માબાપ વિગેરે પસંદ કરીને આપણે આવ્યા છીએ ? કે આપણને માબાપે પસંદ કર્યા છે ? મનુષ્યપણાની ગતિ આયુષ્ય બાંધ્યાં તેથી મનુષ્ય માતાની કુખે અવતર્યા. જેવાં કર્મ તેવાં ગતિ આદિ સમજવાં. 'કર્મ કર્મ' એવા શબ્દો પોકારીએ પણ એનું સ્વરૂપ, પ્રકાર, પરિણામાદિ ન જાણીએ તો શું વળે ? સારાં કર્મોથી સારી ગતિ આદિ, નઠારાં કર્મોથી નઠારી ગતિ આદિ માટે કર્મ પકડીને લવાય કે કાઢી મૂકાય તેવી ચીજ નથી. મનુષ્યપણાનું કર્મ લાવ્યું (પકડીને) આવતું નથી કે કાઢયું જતું નથી, તો તેને લાવવાનો અગર કાઢવાનો વિચાર નકામો છે. પણ કેટલીક વખત એમ બને છે કે કારણોને લાવવાની તથા કાઢવાની શક્તિ આપણી હોય છે. દીવાના અજવાળાને મુઠી ભરીને કે ઘડામાં ભરીને આપણે લાવી શકતા નથી કે સુપડાથી કે સાવરણીથી કાઢી શકતા નથી, છતાં પણ અજવાળું લાવવાનાં તથા કાઢવાનાં કારણો આપણા હાથમાં છે. જ્યારે જ્યારે અજવાળાની જરૂર પડે ત્યારે ત્યારે દીવો કરીએ અને ન જોઈએ ત્યારે ઓલવી નાખીએઃ તેવી રીતે પુણ્ય પાપ લાવી કે કાઢી શકીએ તેમ નથી પણ તેનાં કારણ તરીકેની પ્રવૃત્તિ કરીએ તો પુણ્ય પાપ આપોઆપ આવે અને ચાલ્યાં જાય. જેમ દીવો કરવાથી તથા ઓલવવાથી અજવાળું તથા અંધારું આપોઆપ આવે અને ચાલ્યા જાય છે.

સ્વરૂપ અને સંપત્તિનો ખ્યાલ છે ?

મનુષ્યભવરૂપી આ પેઢીમાં, થેલીમાં સિલક શી છે ? આયુષ્યની અપેક્ષાએ શી સ્થિતિ છે? એક શેઠનો છોકરો છત્રીસહજાર રૂપિયા લઈ પરદેશ ગયો અને ત્યાં તેણે તે સિલીકથી પેઢી ખોલી, મુનીમ રાખ્યો, પેઢી મુનીમ ને સોંપી, કેટલેક દિવસે તેના ગામનો એક ગૃહસ્થ આવ્યો, પેલા શેઠના છોકરાને પૂછયું કે-'ભાઈ ! પેઢી કેમ ચાલે છે ?' તેણે કહ્યું, 'મુનિમ ચલાવે છે.' શેઠે શિખામણ આપી કે 'હાથનું બાળ્યું ને પરનું સમાર્યું !' માટે તારે કાંઈ ધ્યાન રાખવું જોઈએ. આથી શેઠનો છોકરો દુકાન પ્રત્યે પોતે ધરાવેલી બેદરકારી માટે શરમાયો અને ચોપડા લઈ વહીવટ જોવા બેઠો. તે જોતા તેને માલૂમ પડયું કે આઠ હજાર રૂપીઆ તો એવા ઈસમો (આશામીઓ) ને ધીરવામાં આવ્યા છે કે જેનું નામ નિશાન નથી. અઢારથી વીસ હજારનું લેણું, દેણદાર કબુલે છે પણ સિલકમાં (ઘેર) તેટલાં નળિયાં

પણ નથી. હવે બાકીના આઠ હજાર રૂપિયા જેઓની પાસે લેણા છે તેઓ છે સદ્ધર પણ એક રહે ઘાટકોપર તો એક રહે પરેલ ત્યારે એક રહે પાલવા બંદર. રૂપિયો ખર્ચે ત્યારે રૂપિયો આવે એ પાલવે ? વિચારો કે આ વેપારીની વલે શી ? એજ રીતે મનુષ્યભવ ધારણ કરનાર જીવ (આ વેપારી) વધારેમાં વધારે છત્રીસહજારની મુડી લઈ આવ્યો છે. એને સમજણો થતાં અઠાર વીસ વર્ષ પસાર થઈ જાય છે. પોતાની સિલકનું ભાન થવામાં તેટલો વખત પસાર થાય છે. પચાસ સાઠ વર્ષની વય પછી ધાર્મિક જ્ઞાન મેળવવાનું મન થાય પણ પછી મળવું ઘણું મુશ્કેલ છે. દુનિયાદારી (કક્કા) નું જ્ઞાન પણ બાળપણામાં મળ્યું. જો તે વયમાં ન ભણ્યો અને વય વધી ગઈ તો આવતી જીંદગીએ એ વાત ગઈ ! રીઢા ઘડે કાંઠા ચઢે ?-ન ચઢે.

જેમાં આ જીવ રાત્રીદિવસ તલ્લીન છે તેવી દુનિયાદારીના જ્ઞાનને મેળવવા પણ પચાસ વર્ષ પછી કોઈ તૈયાર થતો નથી (કેમકે પછી જ્ઞાન પ્રાપ્ત થવું મુશ્કેલ છે) તો તે વયે ધાર્મિક જ્ઞાન મેળવવા માગે તો ક્યાંથી જ પ્રાપ્ત થાય ? હવે રહ્યા વીસથી ત્રીસ. એક દિવસે બે દિવસનું આયુષ્ય કોઈ ભોગવી શકતો નથી, એક ભોગવાય ત્યારે બીજું મળે. પાંચમનું આયુષ્ય ભોગવાય ત્યારે છઠનું આયુષ્ય મળે. છત્રીસ હજારના માલનું શું થાય છે તેનું કાંઈ ભાન છે ? દારૂડીઓ જેમ મૂર્છા ખાઈને પડી રહ્યો હોય, તેને જગતનું ભાન હોતું નથી તેમ આ આત્માને પણ પોતાનું, પોતે કોણ છે તે પોતાની પરિસ્થિતિનું, તેમજ પોતે ક્યાં અને શાથી પડ્યો એનું ભાન જ નથી. મોહ મદિરાના છાકમાં છકેલા આ જીવને પોતાના સ્વરૂપનો તથા પોતાની સંપત્તિનો ખ્યાલ જ નથી.

ખરેખરી (મોટામાં મોટી) ખામી !

દુનિયામાં આંખ એ રતન ગણાય છે. આંખ ખરી ઉપયોગી ચીજ છે છતાં એ આંખમાં રહેલી એક મોટામાં મોટી બદી આપણા ખ્યાલમાં નથી. આંખ આખા જગતને દેખે, પાટડો, બારી, જાળી, ગોખલા બધું દેખે, પણ પોતાને ન દેખે. તેવી રીતે આ જીવ મોહમાયાની મદિરામાં એવો મસ્ત બન્યો છે કે બાલપણમાં મા, બાપ, ભાઈ વિગેરેને દેખે છે, રમતો થયો એટલે ગોઠીયાને દેખે છે, ભણતો થયો એટલે વિદ્યાર્થીને દેખે છે, પરણ્યો એટલે સ્ત્રીને દેખે છે અને પરિવારવાળો થયો એટલે પુત્રપુત્રી વિગેરેને દેખે છે અને છેલ્લે મરણ વખતે શરીરને (જડજીવનને) ઝંખે છે પણ પળવાર પછી જીવ પોતાને નથી દેખતો કે નથી ઝંખતો આ આત્માએ આખી જિંદગી બીજું બધું તપાસ્યું પણ પોતાને ક્યારે તપાસ્યો? 'હું કોણ, મારૂં શું થશે ? શું લઈને આવ્યો હતો ? શું મેળવ્યું ? શું ગુમાવ્યું ? શી દશા ? આ દશા શાથી ? એવું ક્યારે વિચાર્યું ?

ઉંદાઉ માણસ કોથળી સામે જોતો નથી, એ તો ખરચે જ જાય છેઃ છેવટે કોથળી ખાલી થયેથી ટાંટીયા ઘસવા વખત આવે છે. તેવી રીતે આ જીવ પણ આયુષ્યને ભોગવે જ જાય છે. વેડફે જ જાય છે પણ નવી આવકનો વિચાર સરખોયે કરતો નથી. દુનિયામાં જે માત્ર ખર્ચવાનીજ વાતો કરે છે અને આવકની વાતો નથી કરતો તે છેલછબીલા જેવો ગણાય છે. આ જીવની પણ એજ દશા છે. આવી દશાવાળીને આવક ગમતી નથી એમ નહિ પણ આવકના રસ્તાયે સૂઝવા તો જોઈએને ! તેમ મનુષ્યપણામાંયે જીવનને પુણ્યના રસ્તા સૂઝવા તો જોઈએને ! પુણ્યના રસ્તા બહારથી લાવવાના નથી પણ પોતાના આત્મામાં જ છે. કસ્તુરીઓ મૃગ પોતાની ડૂંટીમાં રહેલી કસ્તુરીની ગંધથી તે લેવાને

બહાર ઘોટા મૂકે છે પણ બહાર હોય તો સર્વને નિરાશ થઈને જવું પડે છે, વળી બંધ આવે છે, વળી ફરી ઘોટ મૂકે છે, તેવી જ રીતે મનુષ્યની પુણ્યપ્રકૃતિ બાંધવાની તાકાત પોતાની પાસે જ છે; કાંઈ બીજા પાસેથી લાવવાની નથી. જૈનેતરોમાં તો એવી માન્યતા છે કે ઈશ્વર ધારે તો પોતાની મરજી મુજબની ગતિમાં જીવને મોકલે પણ જૈનદર્શનમાં એવી માન્યતા નથી. ગતિની પ્રાપ્તિ કર્મને આધારે જ છે; કરેલા કર્મોની જવાબદારી જોખમદારી જીવને પોતાને જ શિરે છે.

ઈશ્વરનો ઉપદેશ શી રીતે ઉપકારક ગણી શકાય ?

તમારામાં (જૈનદર્શનમાં) ઈશ્વર પ્રસન્ન થઈને દેવલોક આપવાનો નથી. જ્યારે ઈશ્વર દેવલોક આપવાનો નથી તો તેની ભક્તિ શા માટે કરવી ? આવી શંકા બાળકને થાય એ સ્વાભાવિક છે માટે તેને ઉપાલંભ આપવાનો નથી પણ એ શંકાનું સમાધાન કરવું જોઈએ. નાના બાળકોને જ્યાં સુધી તેના સંસ્કાર દૃઢ. સુદૃઢ ન થાય ત્યાં સુધી માબાપે ઉત્તર દેવાની છટ રાખવી જોઈએ. ચાલતાં ચાલતાં એક મનુષ્યને વિચાર થયો કે, પદાર્થ જોનારને તો આંખ છે તો અજવાળાનું કામ શું? અજવાળું અછતા પદાર્થને બતાવવાનું નથી કે છતા પદાર્થને ઓળખવાનું નથી તો અજવાળાની જરૂર શી ? આ શંકાનું સમાધાન પણ સ્પષ્ટ છે કે જોનારને આંખ એ વાત ખરી, જે પદાર્થ જોવો છે તે એ વાત ખરી પણ અજવાળાની મદદ જરૂર જોઈએ. આંખ ચોખ્ખી હોય, પદાર્થ પણ સાફ હોય છતાં અજવાળા વિના દેખાય નહિ તેમ સ્વર્ગાદિનાં કારણો પણ આપણને પરમોપકારી ઉપદેશ રૂપ પ્રકાશથી જ માલૂમ પડે છે. જેમ પદાર્થના અવલોકનમાં પ્રકાશ આવશ્યક છે તેમજ સ્વર્ગ, મુક્તિ આદિના કારણો બતાવવામાં, સંવર નિર્જરાપુણ્યના ઉપાય બતાવવામાં શ્રી જિનેશ્વરદેવનો ઉપદેશ પરમ આવશ્યક છે. અહીં વળી શંકાને સ્થાન છે કે અજવાળાથી જેમ સારા પદાર્થો દેખાય તેમજ ખરાબ પણ દેખાયને ? શ્રી જિનેશ્વરદેવનો ઉપદેશ સ્વર્ગાદિનાં કારણો બતાવે તેમજ નરકાદિનાં પણ બતાવે ને ? વાત ખરી પણ કાંટો વાગવામાં અજવાળું કારણભૂત નથી માત્ર ચાલવું એ જ કારણભૂત છે અર્થાત્ કાંટાથી બચવું હોય તો અજવાળું જ કામનું છે. અજવાળું કાંટાથી બચવાનું છે તેવી રીતે આ જીવ પોતાની મતિકલ્પના મુજબ, બોધમાં પોતાની મેળે જ ખોટો નાખેલો છે, તેમાં એને કાંઈ ફેરવવું પડતું નથી. જગતમાં કરોડો નિશાળો, શિક્ષકો અને પુસ્તકો છે, કોઈ લુચ્ચાઈ કરતાં શીખે છે, તો દુનિયામાં લુચ્ચાઈ વિગેરે ભારોભાર ભર્યું દેખાય છે. કહો કે કેમ કોઈને શીખવું પડે છે. આપણને અનીતિ કરતો દેખવાથી જીવને અનીતિ ઝટ ચોટે (વળગે) છે; નીતિ કરનારને દેખવાથી નીતિ ચોટતી નથી. તાત્પર્ય એ છે કે ઠગલે ઠગલે ખિંચાવાનું છે, અટકવાનું આપણા અજવાળાની મદદથી જોઈએ તો જ દોષોપમાં પ્રવર્તવું, ધર્મમાં ખોટકાઓ એ તો ઠગલે પ્રગટે છે. મુખ્ય નિર્જરા તથા મોક્ષ માર્ગના આકર્ષણ જ ખરેખર ખિલે છે. કોઈને સાંભળીને કરતો જોઈને દેખીને નિર્ણય થયા ? કોઈને નહિ જેને ચાર ગતિ સ્વરૂપ સંસાર ખરેખર તપ્ત લોહના ગોળા જેવો લાગ્યો છે અને મોક્ષ એ શીતલ જળ જેવો લાગ્યો છે તેને જ મોક્ષ માર્ગ આકર્ષે છે. અપલક્ષણોમાં તમને તપ્ત લોહનું દેવું પડતું નથી જ્યારે સુલક્ષણો તરફ નીતરતું દેવતા છતાં આવતાં નથી ? અપલક્ષણો તરફ તો પાણીના રેલાની જેમ પ્રવાહ (ગતિ) સહેલ જ છે. આત્મ પરિણતિ વિષય કષાય તરફ તો સો તૈયાર જ છે !

શ્રી જિનેશ્વરદેવોની ભક્તિનું વિધાન શા માટે છે?

આ જીવ વગર ઉપદેશે અપારમા અથડાવાની ધમાલ તો ચાલુ કરી રહેલો છે, એની વલે શી? અને બસ માત્ર આવું પીવું, ખાવું ભોગવવું વિગેરે દુનિયાદારીની જે પ્રવૃત્તિ સૂઝે છે પણ પોતે કોણ, પોતાની દશા કઇ, તેવી દશા શાથી, એ ક્રમ દૂર થાય વિગેરે વિચાર આ જીવને કયારે આવ્યો? આ વિચાર જ્યારે આવે ત્યારે તે ભાવદયા સમજવી. ભાવદયા અને દ્રવ્યદયામાં મોટો ફરક છે દ્રવ્યદયા સમજુ અને અણસમજુ બન્ને કરી શકે છે. કોઇને વાગ્યું હોય તો તે જોઇને મુસલમાનને પણ દયા આવશે. દ્રવ્યદયાના વિચારો તો કસાઇમાં પણ છે. પણ આત્માના વિચારો કયા? બાબે પૂર્યા અને દરવાજા બુલ્લા! અર્થાત્ પાઠીમાં બચાવ માટે પરાધીનું પાણી કરનાર આ આત્મા છે. એ જીવમના બચાવ માટે આટલો ઉદ્યમ, સતત ઉદ્યમ છતાં અનંતા જન્મમરણના કારણોથી કંટાળતાયે નથી! સૌ જીવવા ઇચ્છે છે; મરણથી બધા ડરે છે પણ તે ચાલુ મરણથી. બાકી તો અનેક મરણોની સામગ્રી તૈયાર કરે છે. મોહનીય કર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે તેમાં કેટલા વર્ષ જોઇએ? તેત્રીશ સાગરોપમે એક મરણ તો થોકબંધ જ છે. સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધી થવાવાળા જન્મ મરણનો પાર નથી. દેવ, ગુરુ, ધર્મ એ ત્રણ તત્વ સિવાય બીજો વિચાર મનમાં લાવે નહિ પણ તે કયારે? સીત્તેર સાગરોપમના મરણથી ડર્યો ત્યારે? ભાવદયા એ જ. આ બીચારા જ્ઞાનાવરણીયાદિ કર્મના ઝપાટામાં પડેલા છે તેમાંથી બચે કેમ તેવો વિચાર તે ભાવદયા. પણ જે પોતાનું શરીર જ ઠેબે તે બારકું શી રીતે ઠેબે? પોતાની સ્થિતિનો જેને ખ્યાલ નથી તે બારકી સ્થિતિ શી રીતે જોઇ શકે? એ ભાવદયા આવવી બહુ મુશ્કેલ છે. આ ભાવદયા જ્યાં સુધી આવે ત્યાં સુધી બાબે ડૂચા અને દરવાજા બુલ્લા જેવી દશા છે. એકેક આ ભિક્ષા મરણથી બચતા રહે છે પણ અનંતાભવનો ડર નથી! જ્યાં સુધી આ સંબંધી વિચાર નથી તો પ્રવૃત્તિ તો થાય જ શી રીતે? શ્રી જિનેશ્વરદેવનો ધર્મ પામેલો જીવ જાણે કે ન જાણે તોયે તેની ધર્મપ્રવૃત્તિ તો ચાલુ જ છે. સંસાર વૃદ્ધિના, સંસારના અંતના, કર્મ બાંધવાના તથા છોડવાના વિગેરે ઇત્યાદિ ઈશ્વર ભતૃપ્રે છે તેથી તેમનો ઉપકાર છે. તેમને પૂજવા, આરાધવાનું એ એકજ કારણ છે. દીવામાં તેલ પુરો એટલે દીવો શું કરે છે? એ કાંઇ કચરો કાઢે છે? ના. પણ દીવાના પ્રતાપે કચરો કાઢી શકીએ, દીવો ધારણી શકીએ અને સોનું રૂપું જોઇ શકીએ દીવો સુલ થયો એટલે દીવા તથા ગાયમાં સાચાં અને કટકીમાં મોતીમાં સોના રૂપા અને પિત્તળ કલાઇમાં ફરક કયો? પદાર્થ દીવાથી જોઇ શકીએ છીએ માટે તેમાં તેલ પૂરીને દીવો કરીએ. જો દીવો ન હોય તો અંધારામાં ખોળું અને કાળું બધુંયે સરખું છે. તેમ શ્રી જિનેશ્વરદેવનો ઉપદેશ ન મળ્યો હોત તો કર્મના તથા મોક્ષના કારણોનો ભેદ સમજાત જ કયાંથી? આ જ કારણે શ્રી જિનેશ્વરદેવની ભક્તિરૂપી દીપક પ્રદીપ્ત (જાજ્વલ્યમાન) રાખવો પડે. શ્રી જિનેશ્વરદેવની ભક્તિનું વિધાન એટલા માટે જ છે.

મનુષ્યભવ કેટલો દુર્લભ છે?

પ્રાપ્તિ કરેલા કર્મોનુસારે જ મળવાની છે જો આપણે કૃત્યો નઠારાં કરીએ તો સદ્ગતિએ મોકલવાની ઈશ્વરની તાકાત નથી. સદ્ગતિ સુકૃતિ સારાં નરસાં કર્મોને આભારી છે. નરભવરૂપી પેઢીમાં ધર્મોપકાર વેપાર ચલાવીએ છીએ. આ પેઢીમાં ત્રણ રકમો જમા છે ૧. પ્રગટ તણ કસાઓ ૨. વાનરૂઢ ૩. મક્ષિકમ ગુણોઅ આ ત્રણ પૈકી સ્વભાવે પાતળા કષાયો એ એક રકમ જેના કષાયો પાતળા હતા

તે જ મનુષ્યપણામાં આવેલા છે. ત્યારે પ્રશ્ન થશે કે એકેંદ્રિય માત્રને કષાયો પાતળા છે તો તે મનુષ્ય કેમ નથી થતા ? માટે આગળ બીજી રકમ દાનરૂચિપણાની જણાવી; દાન દેવું અને દાનની રૂચિ એ; બેમાં આકાશપાતાયળ જેટલો ફરક છે. ભરાવા આવનારી ટીપમાં પોતે જાણે કે અમુકે બે હજાર ભર્યા છે માટે પોતાએ પણ તેટલાં ભરવા પડશે એટલે આખી દુનિયાની પીંજણ પીંજી તેટલા તો ન જ આપે. પંદરસે રૂપિયે પતે એટલે પાંચસો બચ્યા એમ પોતે માને. અહીં જરૂર એણે દાન તો દીધું પણ ભાવના ક્યાં ? દાનની રૂચિ ત્યાં નથી. આ રીતિએ દીધેલા દાનથી મનુષ્યપણું ન મળે. આવાના 'પાંચસે બચ્યા' એ શબ્દ પર વિચારીએ તો આપેલા પન્નરસેં એળે ગયા ! દાનરૂચિવાળો તો એમ માને કે સંસારરૂપી હોળીમાં બધું સળગી તો રહ્યું છે તેમાંથી કાઢયું એટલું બચ્યું ! દીધું (દાન) એટલું બચાવ્યું ! પાતળા કષાયોવાળા હોય, દાનરૂચિ ધરાવનારો હોય પણ તેવોએ લુચ્ચો નિંદાખોર, નિર્લજજ વિગેરે ન હોવો જોઈએ. એવા અવગુણી હોય તે મનુષ્યપણું ન બાંધે. લજજા દાક્ષિણ્યવાદી સદ્‌ગુણ સંપન્ન હોય તે મનુષ્યપણું મેળવી શકે છે.

મનુષ્યભવ દુર્લભ છે એ સમજવું મુશ્કેલ નથી. એક રાજાએ એક વખત પ્રધાન સાથે વિચાર કર્યો કે આ રીતિએ પ્રજાને લૂંટીને ધન ભેગું કરવું એ ઠીક નહિ. પ્રધાને સલાહ આપી કે પ્રજાની મૂડી જાણી રાખવી, જેથી આપણને ખપ પડે ત્યારે કામ આવે. રાજાએ પૂછયું, 'પણ પારકી મૂડી જાણવી શી રીતે ? એમ કાંઈ કોઈ પોતાની મૂડી આવીને જણાવી જાય ખરા ?' પ્રધાને એક આબાદ યુક્તિ બતાવી કે જેથી પ્રજા પોતાની મેળે જ આવીને પોતાની મૂડી નોંધાવી જાય. કીંમતી જરિયાન વાવટા કરાવવામાં આવ્યા અને રાજ્ય તરફથી જાહેર કરવામાં આવ્યું કે કોટીધ્વજને તે વાવટો આપવામાં આવશે અને દરબારમાં તેમની બેઠક આગળ રહેશે. આથી લોકો લલચાણા. પોતાની મૂડી બતાવીને વાવટો લાવવા લાગ્યા. એક અનુભવી શેઠે વિચાર્યું કે જરૂરી દાળમાં કાળું છે. એ કુલણજી ન બન્યો, કોટિધ્વજ ન ગણાયો, વાવટો ન લાવ્યો અને દરબાર વખતે પોતાની બેઠક પાછળ ગઈ તેની દરકાર કરી નહિ. આ વાત પોતાના ઘરના જુવાનીયાઓ (જુવાન છોકરાઓને)ને ગમી નહિ, પણ પોતાનું નહિ ચાલવાથી પરાણે મૌન રહ્યા. એક વખત મોકો (પ્રસંગ) એવો બન્યો કે કામ આવી પડવાથી શેઠ દેશાંતર ગયાઃ છોકરાઓ એ તકે વાવટો લેવા લલચાણા. વાવટો ત્યારે જ મળે કે નગદ કરોડ ભેગા કરવા જ જોઈએ એટલે પોતાને ત્યાંનો કીમતી માલ સસ્તે વેચીને પણ તાબડતોબ કોડ ભેગા કર્યા, દરબારને દેખાડીને વાવટો લાવ્યા અને કોટિધ્વજ ગણાયા. શેઠ ઘેર આવ્યા, બનેલા બનાવથી માહિતગાર થયા, દિલગીર થયા. છોકરાઓને ઉપાલંભ આપીને કાઢી મૂક્યા, જણાવ્યું કેઃ 'નાદાન છોકરાઓ ! તમે વીસ કરોડની કિંમતના હીરા માણેક રત્નો વિગેરેને પાણીના મૂલ્યે કાઢી નાખ્યાઃ જાઓ એ લઈને આવો, પછી ઘરમાં પેસાશે !' બાપે આ છોકરાઓને કાઢી મુકયા. હવે એ છોકરાઓ વેડફાઈ ગયેલો વીસ કરોડનો એ ઝવેરાતનો માલ પાછો ક્યાંથી લાવે ? શાસ્ત્રકાર કહે છે કે દેવનું આરાધન કરે, દેવ સંતુષ્ટ થાય તો હજી દેવતાઈ ચમત્કારથી બને પણ આ મનુષ્યભવ મળવો ઘણો જ મુશ્કેલ છે. ગયેલો મનુષ્યભવ અપાવવાની તાકાત દેવતામાં પણ નથી. આહાર, શરીર, ઇંદ્રિયો, વિષયો, વિષયોનાં સાધનો અને આબરૂ આ છ વાતમાં જો મનુષ્યભવ હારી ગયા તો ફરી દેવ સહાયે પણ એ મળી શકે તેમ નથી. જો દેવતામાં એ સામર્થ્ય હોય તો એ દેવો પોતે એકેંદ્રિયમાં શું કામ જાય ?

તે જ જ્ઞાની કે જેના આત્મામાં જ્ઞાન પરિણમ્યું છે, અને પોતે તરી બીજાને તારવાને જ સમર્થ છે.

દેવતાથી પણ ન અપાવી શકાય તેવી દુર્લભ મનુષ્યભવથી કાર્ય કરવાનું એ વિચાર્યું ? આ ચાલુ પંચાત તો દરેક ભવમાં કરી છે. સ્થાનના, ધનમાલનાં, કુટુંબ કબીલાનાં રક્ષણ તો ભવે ભવે ઘણાંએ કર્યાં. તિર્યંચના ભવમાં પણ એ તો કર્યું, આ ભવમાં વધારે શું કર્યું ? આહાર, શરીર, ઇંદ્રિયો વિષયો એ તો ત્યાં પણ હતા. સંસારસમુદ્રથી ઉદ્ધરવાનો માર્ગ તો કેવળ અહીંજ મેળવી શકો છો. એ માર્ગ શી રીતે પ્રાપ્ત કરાય ? પહેલાં તો જડ ચેતનનો વિભાગ કરવાનું જ્ઞાન મેળવો. પોતાનું મનપસંદ જ્ઞાન ન સમજવું. આથી પુસ્તકના જ્ઞાનનો અનાદર કરવાનું કહેતો નથી. ફોનોગ્રાફમાં લખાયેલાં સ્તવનો, ચૈત્યવંદનો, પદો એ કોનું કલ્યાણ કરે ? એમાં ફોનોગ્રાફને કાંઇ લેવાદેવા નથી કેમકે એ જડ છે. તેમ' આ આત્મા જડ ચેતનના વિભાગમાં ન આવે, કર્મબંધન તથા કર્મના અંતના ભેદને ન જાણે, સંસાર અને મોક્ષના સ્વરૂપનું અંતર ન અવલોકે ત્યાં સુધી તેનું જ્ઞાન ફોનોગ્રાફની પ્લેટ જેવું છે. આત્મામાં જ્ઞાન પરિણમ્યું હોય તે કઇ સ્થિતિમાં હોય ! અગ્નિથી દઝાય એવું સમજયા તો સ્વપ્નમાંયે અગ્નિ દેખો તો તેમાં હાથ ઘાલો છો ? નહીં ! અગ્નિથી દઝાય એ વાત રૂંઆડે રૂંઆડે સજજડ થઈ ગઈ છે. વગર વિચારે પણ એનો ડર લાગે છે. અગ્નિ નો તો અંશેયે, અનુભવ છે પણ સર્પ સામો આવે ત્યારે તેના મોંમાં અંગૂઠો ઘાલો છો ? અનુભવ નથી પણ સાંભળવા માત્રથી જીવને એટલી તીવ્ર અસર થઈ છે કે સ્વપ્નમાં યે તે સાપના મોંમાં અંગુઠો ઘાલતો નથી. સ્વપ્નમાં સાપ આવ્યો, શરીરને વીંટાયો એવું દેખાય તે વખતે ભય હાડોહાડ વ્યાપે છે. એ મનુષ્ય એ વખતે કદી જાગૃત થાય તો તે વખત (જાગૃતાવસ્થામાં) ત્યાં કાંઇ સર્પ નથી પણ છતાંયે તેની છાતી ધડકે છે, અંગ ધ્રૂજે છે, સ્વર વિચિત્ર થઈ જાય છે. સ્વપ્નના આવા દૃશ્યની જો આટલી અસર થાય છે તો જેણે શાસ્ત્રદ્વારા પાપનાં ફળ શ્રવણ કર્યા છે, દેખ્યાં છે (શાસ્ત્ર પર અટલ શ્રદ્ધા છે, શાસ્ત્રમાં આત્મા-પરિણત છે), તે પાપથી કેમ ધ્રૂજે નહિ ? અવશ્યમેવ ધ્રૂજે અને ધ્રૂજે જ ! જેટલો ધ્રૂજારો ઓછો તેટલી શ્રદ્ધા ઓછી ! તદ્દન નાનું બાલક સાપથી પણ ડરતું નથી કારણ કે તેને સાપના નુકસાનની ખબર નથી તેમ જેને પાપની ખરી શ્રદ્ધા થઇ ન હોય તેને પાપનો ધ્રૂજારો ક્યાંથી હોય ? જેને સાપના ડરની માલુમ છે તે મોટા સાપથી પણ ડરી જાય છે, 'સાપ નીકળ્યો' એ શબ્દ શ્રવણ માત્રથી ચમકે છે, તેમ પાપ તથા તેના ફળની માહિતીવાળો, 'પાપ' શબ્દથી પણ ધ્રૂજી ઊઠે ! આના બદલે પરિસ્થિતિ શી છે તે વિચારો ! પાપનો ડર તો નહિ પણ પાપમાં પ્રવર્તન છતાંયે 'અમે કેવું કર્યું ?' આવું ગુમાન ! પાપની પ્રેમપૂર્વક પ્રશંસા ! અરે ! પાપને પાપ ગણાવનારની પણ મશ્કરી કરે ! આવો પોથાં જ્ઞાની પણ શા કામનો ? શ્રી જિનેશ્વરદેવ પાપની આ દશા બતાવે છે આ જાણીએ છતાં પાપમાં રાચીએ, પાપની દુગંછા ન કરીએ એ દશા કઇ ? જ્ઞાની તે કે જેના આત્મામાં જ્ઞાન પરિણમ્યું હોય.

ધુમાડાના ગોટાથી જેમ અગ્નિનું અનુમાન થાય તેમ ક્રિયામાં પ્રવૃત્તિના આધારે ત્યાં જ્ઞાન હોવાનું મનાય. જે ક્રિયામાં તત્પર હોય તે જ્ઞાની; નહિ તો એ દુનિયાદારીના વકીલ. સજા થાય તો આરોપીને થાય, આરોપી છૂટી જાય તો કાળું મોં ફરિયાદીનું થાય પણ વકીલને કાંઇ લેવા દેવા નહિ, તેવી રીતે માત્ર વાયડી વાતો કરનારા, કોરી લુખ્ખી દલીલો કરનારા પણ પોતાના આત્માને ક્રિયામાં નહિ જોડનારા એ વસ્તુતઃ જ્ઞાની નથી. આત્માની પરિણતિએ જ્ઞાન પ્રાપ્ત કરનાર જ્ઞાની સંસારના મોહથી વિરમેલ હોય છે, જિતેન્દ્રિય હોય છે, સંવરનિર્જરાને ભાવિત કરનારો હોય છે. તથા આત્માને યાવત્ મોક્ષે પહોંચાડનારો હોય છે. આવો જ્ઞાની, આવો મહાપુરુષ હોય તે જ સંસારસમુદ્રથી તરી શકે છે અને બીજાને તારવાને સમર્થ થાય છે.

સાગર સમાધાન.

સમાધાનકર્તા પરમપૂજ્ય સ્વર્ગસ્થ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયસાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના
પ્રશિષ્યરત્ન પરમપૂજ્ય મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ

પ્રશ્ન ૧૫૨ - પદાર્થની ઉત્તમતા હોય તો પછી દૃષ્ટાંતની આવશ્યકતા શી ?

સમાધાન - દૃષ્ટાન્તદ્વારા જે ઉત્તમ પદાર્થોની જે અસર થાય છે તે અસર પદાર્થની ખૂબ મોટી ઉત્તમતા છતાંય થતી નથી માટે દૃષ્ટાંતની પૂરપૂરી જરૂરીયાત છે.

પ્રશ્ન ૧૫૩ - પુરૂષને ધર્મ પ્રાપ્તિ થાય, વિષયથી તે વિરકત બનીને વૈરાગી થાય અને તેથી તે પુરૂષ સ્ત્રીના વિષયની પિપાસા પૂરી ન પાડે તે કારણથી સ્ત્રી ઉન્માર્ગે જાય, વ્યભિચારિણી થાય તો તે પાપ તે પુરૂષને લાગે કે નહિ ?

સમાધાન - આવા પુરૂષને આ દોષનો લેશ પણ લાગે નહિ. પ્રદેશી રાજાને કેશી સ્વામીની સૂર્યકાન્તા રાણીના કારણે રાજાને કેશી સ્વામીની તે રાણી પ્રત્યે પ્રસિદ્ધ થયેલ દ્વેષ

પ્રશ્ન ૬૦૦ ... વિના ... સાધુ વેષ ... વિના ... સાધુપણાની ...
... ક્રિયાકલાપ ... ગણાય કે નહિ ? ...

સમાધાન - વ્રતોચ્ચારણ કર્યા વગર કેવળ સાધુપણાનું અનુષ્ઠાન સાધુપણામાં ગણાય નહિ કેમકે શ્રી ... વર્ધમાનસ્વામિ બે વર્ષ ઘરમાં રહ્યા ને દીક્ષા વખતે શરીર શુશ્રુષાનો સર્વથા ત્યાગ કર્યો હતો. ... પર્યુષણા કલ્પ સૂત્રમાં તેઓશ્રીના જન્મમહોત્સવ પ્રસંગે પૂજાનું કહ્યું છે તો પણ તેઓશ્રી ... દોષરહિત ... છતાં ... સાધુવેષ ... સાધુપણામાં ગણાઈ નથી અને તેથી જ એમને મનઃપર્યવ જ્ઞાન થયું ... અને ગૃહસ્થપણાનો ૨૮ વર્ષ ... પણ ૩૦ ત્રીસ વરસનો ગણ્યો છે.

પ્રશ્ન ૬૦૧ - ... સાધુપણામાં ... જેઓને કેવળજ્ઞાન થયું હોય એવા ... વંદન કરવા લાયક છે કે નહિ ?

સમાધાન - ભાવનામાં આરૂઢ થવાથી ગૃહસ્થપણાનો ... થયા ... ત્યાં સુધી તે ... સાધુપણું ... અંગીકાર કરે ત્યાં સુધી તે તે વંદના કરવા લાયક નહિ. શ્રી ભરતમહારાજને કેવળજ્ઞાન થયું પણ આવેલા સૌધર્મેન્દ્રે વિનંતિ કરીને એ જ કહ્યું કે આ વેષ અંગીકાર કરો, પછી વંદના કરે.

પ્રશ્ન ૬૦૨ - ... કયા દેવતાઓમાંથી ... થઈ શકે ?

સમાધાન - અનુત્તર દેવલોક સિવાયના દેવલોકમાંથી ... થઈ શકે.

પ્રશ્ન ૬૦૩ - અસ્પૃશ્ય જાતિવાળો ... ધર્મકાર્યમાં ... ?

સમાધાન - ધર્મભાવિક હોય તે ધર્મના અનુષ્ઠાન માન આપે એમાં નવાઈ શી ? ઉપદેશ તરંગિણીમાં ... છે કે કોઈક ... શ્રી સિદ્ધાચલજીના સંઘ ... પણ અસ્પૃશ્ય દોષના કારણે ... પગથીયે પણ ... ચઢવા પણ ... પ્રદક્ષિણા કરીને પાછો ...

પ્રશ્ન ૬૦૧ - મુખ્ય રીતિએ મનુષ્યપણું ... ?

સમાધાન - શાસ્ત્રકાર કહે છે ચવઇ તનુ કસાઓ, સ્વભાવિક ... કષાયો ... દાનરુઇ ... રુચિ અર્થાત્ જેટલું દેવાય ... એવી ... હોવી, ...

પ્રશ્ન ૬૦૨ - સાધુના પરિચયથી કોઇ હલુ કર્મીજીવ વિરાગી થાય ... ઢુંઢિયાદિના લોકો કહે છે કે સાધુનો ... ?

સમાધાન - સાધુમાં રહેલા ... ત્યાગની છાયા ... વિરાગી થાય છે. ... ત્યાગની છાયાને જે લોકો ... સમજી ... સિવાય સુસાધુ ... કરે નહિ.

પ્રશ્ન ૬૦૩ - પૌદ્ગલિક ઇચ્છાએ ધર્મ કરવાનું કહે તો સાધુના મહાવ્રત રહે કે નહિ ?

સમાધાન - મહાવ્રતધારીઓએ હિંસાદિક પાંચે આશ્રવો ત્રિવિધ ત્રિવિધ વોસિરાવવા લાયક છે જ્યારે ધન પુત્ર સ્ત્રી આદિ મેળવવા માટે પણ ધર્મ કરવાનું કહે તો દુનિયાદારીની બધી અનુમોદના લાગે તો પછી મહાવ્રત રહે કેવી રીતે ? ન જ રહે.

પ્રશ્ન ૩૬૪ - धर्मस्वर्गापि वर्गदः એવું કહેનાર શાસ્ત્રકારનાં મહાવ્રત રહે કે તૂટે ?

સમાધાન - ધર્મ, સ્વર્ગ અને મોક્ષને આપનારો છે માટે ધર્મ જરૂર કરવો જ જોઈએ એમ કહેવાથી શાસ્ત્ર કારનું મોક્ષ તરફ દુર્લક્ષ્ય ન હોવાથી મહાવ્રત તૂટે નહિ.

પ્રશ્ન ૩૬૫ - આર્યક્ષેત્ર કોને કહેવાય ?

સમાધાન - શ્રી તીર્થંકરદેવ તથા ચક્રવર્તી આદિ ઉત્તમ પુરૂષોનો જન્મ જે ભૂમિમાં થાય તે ભૂમિમાં જન્મેલ જીવો તે આર્યક્ષેત્ર કહેવાય છે. એટલું જ નહીં પણ જ્યાં ધર્મ એવા શબ્દ સંભળાય તે પણ આર્યક્ષેત્ર કહેવાય છે.

પ્રશ્ન ૩૬૬ - આવશ્યક કેટલા પ્રકારનાં છે ?

સમાધાન - અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યક ત્રણ પ્રકારનાં કહ્યાં છે. (૧) લોકોત્તર આવશ્યક, (૨) લૌકિક આવશ્યક અને (૩) મિથ્યાત્વ આવશ્યક, સામાયિક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગાદિ જે કરાય તે લોકોત્તર આવશ્યક કહેવાય. ભારત, રામાયણ આદિક ગ્રંથો જ્યારે ઐતેહાસિક હતા ત્યારે તે લૌકિક આવશ્યક અને તે ગ્રંથોમાં કહેલા રામ વિગેરેને અવતારી પુરુષ તરીકેની માન્યતા તે મિથ્યાત્વ આવશ્યક.

પ્રશ્ન ૩૬૭ - ભરત મહારાજાના રસોડામાં જમનારા શ્રાવકો કઇ શરતો પાળતા હતા ?

સમાધાન - (૧) બનતાં સુધી સર્વથા બ્રહ્મચર્ય પાળવું.
(૨) યદિ ન પાળે તો પોતાનાં પુત્રપુત્રીઓને સાધુ સાધ્વીને સોંપવા.
(૩) પોતાનાં બાળબચ્ચાં દીક્ષા લે તે માટે મહેનત કરવી.
(૪) દીક્ષા ન લેતો સમ્યક્ત્વ મૂલ બારવ્રતો પાળવાં ખાસ કરીને આ ચાર નિયમો હતા.

પ્રશ્ન ૩૬૮ - સમ્યક્ત્વ પામતી વખતે જીવ કેટલી નિર્જરા કરે ?

સમાધાન - સર્વવિરતિમાં રહેલ સાધુ જે નિર્જરા કરે તેના કરતાં અસંખ્યાત ગુણી નિર્જરા કરે.

પ્રશ્ન ૩૬૯ - ગોશાળો તીર્થંકરને માનતો હતો કે કેમ ?

સમાધાન - માનતો હતો. તીર્થંકરથી શાસન પ્રવર્તે છે એમ માનતો હોવાથી જ પોતાને ચોવીસમો તીર્થંકર જણાવતો હતો.

પ્રશ્ન ૩૭૦ - ધર્મ જોવામાં બારિક બુદ્ધિ જોઈએ એ કથનનું રહસ્ય શું ?

સમાધાન - શ્રીતીર્થંકર આદિકની હયાતિમાં ઢંક જેવા શ્રાવકો પણ ધર્મને બારીક બુદ્ધિથી સમજનાર હતા તેથી જ સુદર્શના (જમાલીની સ્ત્રી-જે સાધ્વી થઇ હતી) ને ઠેકાણે લાવી શક્યા તો પછી આ પંચમકાલે તીર્થંકર, કેવલી, પૂર્વધર વિગેરેનો વિરહ એમાં જો બારીક બુદ્ધિ ન વપરાય તો બુરી દશા જ થાય, માટે શ્રી હરિભદ્રસૂરીજી તો લખે છે કે સૂક્ષ્મ બુદ્ધિ

જો ન હોય તો કરાતી ધર્મક્રિયા તે ધર્મનો નાશ કરનારી જ બને માટે બારીક બુદ્ધિની જરૂર છે.

પ્રશ્ન ૩૭૧ - અંતરમુહૂર્ત કરેલ ધર્મ કેટલું સુખ આપે છે ?

સમાધાન - અંતરમુહૂર્ત કરેલ ધર્માનુષ્ઠાન જો ઉત્કૃષ્ટ પરિણામે કર્યા હોય તો અનંતકાળનું અનંતદર્શન, વીતરાગતા તથા અનંતવીર્યાદિ આપે એટલે બાધા રહિત અનંત ચતુષ્ટય રૂપ સમૃદ્ધિએ અનંતકાલનું સુખ આપે.

પ્રશ્ન ૩૭૨ - ચારિત્રહિન (ગૃહસ્થ) શ્રુતજ્ઞાની પરમગુરુ તરીકે માનવા લાયક ખરો કે નહિ ?

સમાધાન - શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજ દશ વૈકાલિકની ટીકામાં લખે છે કે **चारित्रेणविहिनः श्रुतवानपि नोपजीव्यतेसद्भिः शीतलजलपरिपूर्णः कुलजैश्चण्डालकूप इव॥**

અર્થ - જો ચારિત્રહીન શ્રુતવાળો પણ હોય તો તે ઉત્તમ પુરૂષોએ સેવા કરવા લાયક નથી જેમ ઠંડા પાણીએ કાંઠા સુધી ભરેલો ચંડાળનો કુવો ઉત્તમ કુલમાં ઉપજેલ પુરુષો માટે ગમે તેવી તૃષા લાગી હોય છતાં પણ વર્જય છે. ત્રિદંડીના વેષમાં રહેલ અને સાધુપણાનો ઉપદેશ કરી, પ્રતિબોધી સાધુઓને શિષ્યો સોંપનાર મરીચિ અને દરરોજ દશ દશ માણસોને પ્રતિબોધ કરનાર, વેશ્યાને ઘેર રહેલ નંદીષેણજીની માફક ભલે ગૃહસ્થ શ્રુતજ્ઞાનવાળો હોય છતાં ગુરુ તરીકે સ્વીકાર્ય નથી.

પ્રશ્ન ૩૭૩ - ઋજુવાલુકા નદી જ્યાં વીર ભગવાનને કેવળજ્ઞાન થયું ત્યાંથી પાવાપુરી કેટલી થાય?

સમાધાન - ઋજુવાલુકા નદીથી પાવાપુરી બાર જોજન થાય છે.

પ્રશ્ન ૩૭૪ - સામાન્ય કેવળીને પણ કેવળજ્ઞાન તો છે છતાં તે તીર્થંકર કેમ ન કહેવાય ?

સમાધાન - સામાન્ય કેવળી લોકોલોકના ભાવને જાણે છે પણ કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરના ઉપદેશથી, **उप्पन्नइवा, धुवेइवा, विगमेइवाना** ત્રણ પદો સાંભળવા માત્રથી બીજબુદ્ધિના સ્વામી શ્રીગણધરદેવો ચૌદપૂર્વ અને બાર અંગ રચે છે તે બધો પ્રભાવ શ્રી તીર્થંકરનામ કર્મનો જ છે. આવા નામ કર્મનો ઉદય સામાન્ય કેવલિને નથી માટે તે તીર્થંકર કહેવાય નહિ.

પ્રશ્ન ૩૭૫ - **उपन्नेइवा, धुवेइवा, विगमेइवा**, એ ત્રિપદી સામાન્ય કેવલી બોલે તો ગણધરો ચૌદપૂર્વ અને બાર અંગને રચી શકે કે નહિ ?

ઉત્તર - ના ! સામાન્ય કેવળીએ કહેલી ત્રિપદીથી ગણધરોને તેવા પ્રકારના ક્ષયોપશમ જ ન થાય તેથી તેવી રચના થઇ શકે નહિ.

પ્રશ્ન ૩૭૬ - શ્રીતીર્થંકરની દેશનામાં કોડો જીવોની શંકાનાં સમાધાનો એકી સાથે કેવી રીતે થતાં હશે?

સમાધાન - દેવાધિદેવ શ્રી તીર્થંકરદેવનો પ્રભાવ જ અચિંતનીય છે. શ્રી તીર્થંકરદેવનું જેવું વચન દેશનામાં નીકળવાનું હોય તેવી જ શંકાઓ કોડો શ્રોતાઓને થાય અને તે શંકાઓનો ખુલાસો દેશનામાં વ્યક્ત થતી વાણીથી આપોઆપ થઈ જ જાય. સામાન્ય કેવલીની દેશનામાં તે તાકાત છે જ નહિં.

સુધા-સાગર

વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત કરવા માટે સમર્થ છે. શ્રી ગુરુ સત્રે અપાય છે.

(સંગ્રાહક : ચંદ્રસાગર)

૪૦૬ પ્રશસ્ત રાગ, પ્રશસ્ત દ્વેષ અને પ્રશસ્ત મોહ કર્મનિર્જરાનું કારણ છે, જ્યારે અપ્રશસ્ત રાગ વગેરે કર્મબંધનું કારણ છે.

૪૦૭ ધર્મી અને ધર્મ પ્રત્યે રાગ, અને અધર્મ પ્રત્યે દ્વેષ કેળવો પણ અધર્મી પ્રત્યે લેવલેશ દ્વેષ કેળવો નહિ બલ્કે ઉપેક્ષા કરો; કારણ કે અધર્મી પ્રત્યે દ્વેષ કેળવવાથી આત્મા મલીન થાય છે.

૪૦૮ વર્તમાન તીર્થ વિદ્યમાન મુનિવરોથી જ વિભૂષિત છે.

૪૧૦ આત્મગુણની વૃદ્ધિ હાનિનો હિસાબ રાખવા, બલકે સ્મરણ પથમાં રાખવા નોંધપોથી રાખી છે?

૪૧૧ અનાદિ કાળની પરંપરાનું કારણ અનિષ્ટ સંયોગો છે. આપણે અનિષ્ટ સંયોગોની સામે ઘસારો કરો?

૪૧૩ કર્મ શબ્દનો અર્થ માત્ર ક્રિયા એવો અર્થ નાસ્તિકો પણ માને છે.

૪૧૪ જેટલા અંશે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ તેટલા અંશે કર્મનો બંધ છે.

૪૧૫ મિથ્યાત્વાદિ કરણે જીવરૂપ કર્તાએ જે બનાવાય તેનું નામ કર્મ

૪૧૬ ભવનું કારણ કર્મ અને કર્મબંધનનું કારણ મિથ્યાત્વાદિ છે.

૪૧૭ બીજાઓને ચડતા દેખી ઓવારે નાહકમાં જજર વાધુઓ છીએ ચડનારાઓના શૌર્ય તરફ જરા સરખીયે નથી થતી એનું કારણ શીખ્યા ? ચરતુત: નિર્મળ ભુજદંડ નિસરણી ચઢતાં ઊતરતાં પણ શીખ્યા નથી.

૪૧૯ દુનિયાદારીની તમામ ક્રિયા કરતાં, કોઈને અંગે આધી પાછી કરતાં, પોતાનો આત્મા ભારે થતો જાય છે એવું ભાન ક્યારે થયું ?

૪૨૦ બંધ અને આશ્રવ વખતે ચીરાડો પડયો ?

૪૨૧ નીસરણીના પગથીયાં જેટલાં ચઢીએ તેટલો મેડો નજીક આવવાનો તેમજ દ્રવ્યાનુષ્ઠાન જેમ જેમ કરીએ તેમ તેમ ભાવાનુષ્ઠાન નજીક આવવાનું જ છે.

૪૨૨ ક્રોધ, માન, માયા, લોભના ફલરૂપે જેઓએ હિંસા કરી, જુઠું બોલ્યા ચોરી કરી, વિષયો સેવ્યા તેઓ નરકમાં ગયા છે એ પ્રસંગો ભૂલવા જેવા નથી.

૪૨૩ ખરેખર ! તીવ્ર પાપમય કટુરસને પોષનાર હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ જ છે. એ પાંચનો ત્યાગ કરનાર દુનિયામાં થઈ રહેલ દારૂણ કાર્યવાહીરૂપ દાવાનળમાં સર્વથા જે અણી શુદ્ધ સલામત છે તે છેલ્લે મોક્ષનો અધિકારી છે.

૪૨૪ આઠ કર્મમાંથી એક પણ કર્મની સત્તા છઠે ગુણઠાણે ઉઠી ગઈ નથી, માટે સાધુપણામાં સાવચેત રહો ?

૪૨૫ લોકોત્તર માર્ગની સાધના લૌકિક દૃષ્ટિને વળગી રહો ત્યાં સુધી નહિ થાય.

૪૨૬ દ્રવ્યદયા કરતાં ભાવદયા અતિવિશિષ્ટ છે. દ્રવ્યદયાના ભોગે પણ ભાવદયાનું સંરક્ષણ પરમ આવશ્યક છે. ભાવદયાના ભોગે દ્રવ્યદયાની વકીલાત એ ઘોર મિથ્યાત્વ છે.

૪૨૭ સંવર અને નિર્જરા વખતે આનંદ આવ્યો ?

૪૨૮ લોકોત્તર માર્ગની સાધના લૌકિક દૃષ્ટિને વળગી રહો ત્યાં સુધી નહિ થાય.

૪૨૯ દ્રવ્યદયા કરતાં ભાવદયા અતિ વિશિષ્ટ છે. દ્રવ્યદયાના ભોગે પણ ભાવદયાનું સંરક્ષણ પરમ આવશ્યક છે. ભાવદયાના ભોગે દ્રવ્યદયાની વકીલાત એ ઘોર મિથ્યાત્વ છે.

૪૩૦ પાંચે ઇંદ્રિયોના વિષયો એ શલ્ય છે. દાંતમાં જરા તણખલું રહી જાય તોયે સળવળાટ થયા કરે અને કાઢવામાં ન આવે તો અવાળુ પણ આવી જાય. સમકિતીને તો વિષયો રૂપી શલ્ય સાલે જ. જેઓને એ શલ્યનો સળવળાટ ન થાય તેઓને તેનાથી ઉત્પન્ન થતી વેદના ભોગવવી જ રહી.

૪૩૧ લૌકિક દૃષ્ટિ કૂવાના ચણતર જેવી છે, લોકોત્તર દૃષ્ટિ મહેલના ચણતર જેવી છે. કૂવો ચણનાર (ખોદનાર) નીચે નીચે ઉતરે છે જ્યારે મહેલ ચણનાર ઊંચે ઊંચે ચઢે છે.

૪૩૨ લૌકિક દૃષ્ટિમાં જેમ આગળ વધો તેમ અપૂર્ણતા ભાસે છે. દશ મળ્યા પછી સોની ઈચ્છા થઈ એટલે દશ તો મળ્યા પણ નેવુનો ખાડો રહ્યો, સો મળ્યા પછી હજારની ઈચ્છા થઈ એટલે નવસોનો ખાડો રહ્યો એમ જેમ જેમ વધો તેમ તેમ ખાડો પણ મોટો થતો જાય છે.

૪૩૩ વિકથા એ અનર્થ દંડ છે.

૪૩૪ કોઈપણ પ્રકારે નહિ દંડાવું એ ડાહ્યાનું કામ છે. ન છૂટકે, સકારણ દંડાવું પડે એ જુદી વાત છે પણ વિના કારણે (અનર્થ દંડે) દંડાવું એ મૂર્ખાઈ નહિ તો બીજું શું ?

૪૩૫ વિષયની અને તેના સાધનોની પ્રાપ્તિની ઇચ્છા તે આર્તધ્યાન અને પ્રાપ્ત થયેલાની રક્ષણ બુદ્ધિ તે રૌદ્રધ્યાન.

૪૩૬ અર્થ અને કામનું પોષણ એ મર્કટને મદિરા (વાંદરાને દારૂ) પાવા જેવું છે.

૪૩૭ અનંત ઉપકારીઓએ વસ્તુતઃ ધર્મ અને મોક્ષ એ બે જ પુરૂષાર્થ માન્યા છે, અર્થ તથા કામને પુરુષાર્થ માનેલ નથી.

૪૩૮ વામામાર્ગી અનાચાર સેવે છે તે કઇ બુદ્ધિથી ? મુસલમાન બકરી મારે છે તે કઇ બુદ્ધિથી? બ્રાહ્મણો યજ્ઞમાં પશુ હોમે છે તે કઇ બુદ્ધિથી ? કદાચ કહેશો કે ધર્મથી-પણ વસ્તુતઃ ધર્મ નથી. અર્થાત્ ધર્મના મર્મ સમજવા માટે સદ્‌ગુરૂનો સમાગમ કરો.

૪૩૯ જમાનો ફરે ત્યારે સાધન ફરે કે સાધ્ય ? સાધન ફરે તો ફરે; સાધ્ય કદી ફરતું નથી. સાધન ફરે એટલે પણ સા'યની અનુકૂળતા વધારનારો તેમાં ફેરફાર થાય.

૪૪૦ ચોર, લુટારા આવે ત્યારે ઘરધણી આંધળો, બહેરો, લુલો થશે કે ઊંઘશે અગર તેવો ડોળ કરશે તો તેનો માલ લૂંટાશે તેમ શાસનને કિંમતિ સમજનારાઓ શાસન પર આક્રમણ આવે ત્યારે મૌન રહેતો પરિણામ અત્યંત શોચનીય આવે એમાં નવાઈ શી ?

૪૪૧ પારસીઓએ કેવળ ધર્મને માટે પોતાના આખા દેશનો ત્યાગ કર્યો; વ્હાલો દેશ કે ધર્મ ?

૪૪૨ જમાનો ફરે તેમ જો ધર્મ ફરતો હોય તો આરા છ (કાળ-પરિમાણ) માત્ર ધર્મવાળા થઇ જાય. કોઇપણ કાળ ધર્મ વિનાનો હોય જ ક્યાંથી ?

૪૪૩ નારકી તથા દેવતાઓ પ્રાપ્ત સમયાનુસાર વર્તે છે માટે તેમના વર્તનને ધર્મ કહી દેવો?

૪૪૪ જમાનો જે કાર્ય કરે તેની સામે ધર્મીએ કટિબદ્ધ થવાનું કે તેના ગુલામ થવાનું ?

૪૪૫ શિયાળાના જમાને ટાઢ મોકલી, ઉનાળાના જમાને લૂ લગાડી, ચોમાસાના જમાને શરદી કરી. આ ટાઢ, આ તાપ, આ શરદીની સામે બચાવો કર્યા કે નહિ ? ત્યારે માત્ર ધર્મ સંરક્ષણમાં, ધર્મ પ્રવર્તનમાં જ જમાનો નડે છે એમ ? જમાનો નડે છે કે બીજું કાંઈ ? શું નડે છે તે શોધો ! સાચી ઇચ્છાથી શોધશો તો જરૂર જડશે, અને સાચી વસ્તુ હાથ આવ્યા પછી ખાતરી થશે કે **જમાનો એ જુલ્મ વરસાવનાર છે.**

૪૪૬ દીક્ષાને અંગે દુનિયાદારીના ગુલામોની રજા લેવાની હોય ખરી ? કદી નહિ !

૪૪૭ જેને ભવની ભાવટ ભાગવી હોય તેણે ભાગવતી દીક્ષા લેવી જ જોઇએ.

૪૪૮ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં તથા તેના સાધનોમાં જ્યાં સુધી રાજી રહીશું ત્યાં સુધી રમતિયાળ છોકરાને નિશાળ તથા શિક્ષકની જેમ લોકોત્તર શિક્ષા ભયંકર જ લાગવાની !

૪૪૯ દુનિયાદારીમાં રાચેલા માચેલાને શાસ્ત્ર શ્રવણ પણ ભય ઉપજાવે (કેમકે તેમાં નારકી તથા તિર્યંચ ગતિનાં દુઃખોના વર્ણનપૂર્વક મળેલાને તજવાનો ઉપદેશ હોય) તો પછી (ઉપદેશક પરત્વે પ્રીતિ થવી, શાસ્ત્ર પર શ્રદ્ધા થવી તથા તદનુસાર વર્તવું એ કેટલાં ભયંકર લાગે તે વિચારો!!!)

૪૫૦ અગ્નિ, સર્પ વિગેરે કે જેઓ શરીરને જ નુકસાન કરી શકે છે તેમને દૂરથી જોઇને ચમકે છે પણ આત્માને અત્યંત નુકશાન કરનાર વિષયોના ભોગવટાથી કદી ચમકયો ? મખમલની શય્યાનો સ્પર્શ કરતાં 'હાશ' થાય છે પણ 'હાય !' એમ થયું ?

૪૫૧ છોકરાને નિશાળ પર અપ્રીતિ હોવાથી 'ક્યારે છુટાય' એવી ભાવના થયા કરે છે તેમજ પૂજા, વ્યાખ્યાનદિમાં જ્યારે તેવી ભાવના થાય તો તે અનુષ્ઠાન પર પ્રતીતિ છે એમ બોલવા છતાં પ્રીતિ નથી એ થોડું આશ્ચર્ય છે !

૪૫૨ સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાન શ્રવણ, પૂજા વિગેરેમાં જરા વધારે વખત થતાં 'મોડું થયું' એમ બોલીએ છીએ પણ વાતોના તડાકા મારવામાં, પલાંઠી વાળીને નિરાતે ઝાપટવા વિગેરેની વિકાર વર્ધક પ્રવૃત્તિમાં વખતની કિંમત કરી ?

૪૫૩ શરીરરૂપી લંગોટીઓ મિત્ર આત્માને ધર્માનુષ્ઠાનમાં સ્થિર રહેવા દેતો નથી. એ લંગોટીઆ મિત્રની દોસ્તી તોડ્યા વિના લોક સંજ્ઞા કદી ખરાબ લાગવાની નથી.

૪૫૪ જેમ નીશાળે જતા છોકરાને જ્યારે ભણવાનો રસ લાગે સારા માર્ક મેળવવાની તથા ઉંચો નંબર રાખવાની ચીવટ જાગે ત્યારે ધૂળમાં રમતા દોસ્તો તેડવા આવે તો પણ તે તેની દરકાર કરતો નથી તેમ આ આત્મા પણ સતત્ અભ્યાસ દ્વારા પોતાનાં સ્વરૂપ, પરિણતિ, કર્મના બંધ તથા નિર્જરા વિગેરના વિચારમાં નિમગ્ન બનશે ત્યારે તે કદી પણ શરીર વિગેરે પરવસ્તુની પરવા કરશે નહિ.



સંવેગની સમરાંગણ ભૂમિ યાને સમરાદિત્ય ચરિત્ર

અનુવાદક :- "મહોદયસા૦"

ગતાંકથી ચાલુ

अथाग्निशर्मा संप्राप्तः सौधं पारणवासरे

शिरोर्त्ति र्दिवसे तत्रातीवतीव्रास्ति भूपतेः ॥११४॥

સાચી સ્વતંત્રતા કોનું નામ.

આપણે જોઈ ગયા કે શ્રી ગુણસેન રાજા દિગ્યાત્રાએ નીકળેલ છે. ને તે દિગ્યાત્રા કરતાં કરતાં વસંતપુરમાં આવે છે. ને આ જ નગરના ઉદ્યાનમાં જે અગ્નિશર્મા તાપસ છે કે જે અગ્નિશર્માને પોતે ઘણીજ વિડંબના કરી છે. એક દિવસ તે રાજા અશ્વક્રીડા કરવા આ ઉદ્યાનમાં આવે છે ને ત્યાં તાપસ સાથે વાર્તાલાપ કરે છે. એ બધું આપણે જોઈ આવ્યા. હવે ત્યાર પછી પોતાને ઘેર પારણું કરવાનું આદરપૂર્વક આમંત્રણ આપી તે રાજા ચાલ્યો જાય છે. આ પ્રસંગ ઉપરથી આપણે સમજવાનું છે. કે, એક મિથ્યાદ્રષ્ટિ આત્માને પણ તપ અને ત્યાગ વૃત્તિમાં કેટલું બહુમાન છે. હજી ગુણસેન રાજા કાંઈ સમ્યગ્દર્શનને પામેલ નથી મિથ્યા દર્શનમાં છે. છતાં પણ તપશ્ચર્યા આદિક અસાધારણ ગુણ દેખીને કેટલો આનંદ લાગે છે. ખરેખરે ! મુક્તિ માર્ગની સન્મુખ થતાં આત્માઓની જ્યારે આ દશા હોય તો પછી જૈનદર્શનને પામેલ મુક્તિમાર્ગની આરાધાના કરવામાં ઉદ્યત એવા આત્માઓની તો કેટલી ઉચ્ચદશા હોય ? તે વિચારો ! ! ! અસ્તુ ! !

હવે પારણાના દિવસે અગ્નિશર્મા પારણું કરવા નિમિત્તે રાજાને ઘેર આવે છે. પરંતુ કર્મવશાત્ અચાનક રાજાના મસ્તકમાં પીડા ઉત્પન્ન થાય છે.

સાચી સ્વતંત્રતા કોનું નામ.

"આ ઉપરથી રાજા જેવા પણ સ્વતંત્ર તો નથી જ. દુનિયામાં પૈસાદાર અને શ્રીમંતો માને કે અમે સ્વતંત્ર ! અમે સ્વતંત્ર પણ એ જ સ્વતંત્રતાનો જો દીર્ઘદ્રષ્ટિથી વિચારે તો માલૂમ પડે કે પોતે સ્વતંત્ર કેટલા છે સ્વતંત્ર શામાં ? ખાવામાં, પીવામાં, ઓઢવામાં; હરવાફરવામાં, શામાં પોતે સ્વતંત્ર છો એ તો વિચારો ? ખાવામાં, સ્વતંત્ર છો ? પાંચ ડિગ્રી તાવ આવી ઊભો રહે ને પછી સારામાં સારી રસોઈ પણ ઝેર લાગે, કેમ ભાઈ ! કહેતા હતાને અમે સ્વતંત્ર છીએ તો પછી તમને ભાવે છે અને ખાતા કેમ નથી ? પ્રત્યક્ષ રીતે દુનિયામાં સર્વ લોક પરતંત્ર દેખાયા છતાં પરતંત્રતાના અનુભવ કરતા છતાં એ માન્યતા કેમ મરી જતી નથી ? અમે સ્વતંત્ર છીએ એવું પોકારનારા મહિને પચીસ કે રૂા. પચાસ રૂપિયાની ખાતર અભણમાં અભણ શેઠની સેવા કરનારા એલ.એલ.બી.નું જ્ઞાન ધરાવનારા નથી દેખાતા? ત્યાં કેમ એમ અભિમાન નથી આવતું કે હું એલ.એલ.બી. મનુષ્યોની નજરે થયેલો ને, મૂર્ખ જેવા શેઠને સલામ ભરું અને શેઠજી શેઠજી કેમ કહું ત્યાં તો એવા નમ્રતાના ગુણો દેખાડે કે જાણે જન્મથી જ સાથે ન લાવ્યા હોય ! તેવી રીતે તેને શિખવાડવું, એ ન પડે કે ભાઈ પોલીસ કે શેઠ આવે તો આમ

સલામ ભરવી, ઉભા થવું એવા અનેક વિધિ વિનયના ગુણો, એ આત્માને શિખવાડવાએ નથી પડતા. જ્યાં દેવગુરુની આરાધનામાં એ આત્માઓને શરમ આવે છે. આનું કારણ એ જ કે એ આત્માઓએ મોક્ષને સાધ્ય તરીકે સ્વીકાર્યું નથી ને એ (એટલે મુક્તિપદ) સાધ્ય તરીકે સ્વીકારાય નહીં ત્યાં સુધી જૈનદર્શનની પ્રાપ્તિ દેવગુરુ ધર્મની આરાધના યથાર્થ ફળને આપનારી ન થાય માટે પ્રથમ તો મુક્તિપદ એ એક જ આ અખિલ વિશ્વમાં સાધ્ય છે. એવી માન્યતા થઈ જવી જ જોઈએ એ સ્વીકાર્યા વગર સાચી સ્વતંત્રતા સાંપડવી મુશ્કેલ છે.

મુક્તિ એ જ સાધ્ય.

જ્યાં સુધી એ માન્યતા પરિપક્વ ન થાય ત્યાં સુધી આત્મા સંપૂર્ણ રીતે કર્મમુકત ન બની શકે. જેમ વેપારીનું ધ્યેય કમાવવાનું ન બંધાય ત્યાં સુધી તે વણિકને ખોટ અને નફાનું ભાન પણ ન જ રહે. માટે પ્રથમ મુક્તિ એજ સાધ્ય. આવા પ્રકારની નિશ્ચલ માન્યતા થવી જોઈયે. ચાલો આપણે જોયું કે દુનિયામાં કોઈપણ આત્મા સ્વતંત્ર તો છે જ નહીં. પછી ચાહ્ય તો ઈંદ્ર હોય, ચક્રવર્તી હોય, કે મોટો વાઈસરોય હોય પણ જ્યાં સુધી પરતંત્ર હોય ત્યાં સુધી તે આત્માને આપણે સુખી પણ કેમ કહીએ. તેથી એ જ વસ્તુનું પ્રતિપાદન કરતા વીર પરમાત્માના શાસનને શોભાવનાર ન્યાયાચાર્ય ન્યાય વિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ જણાવે છેઃ-

परस्पृहा महादुःखं निस्पृहत्वं महासुखं॥ एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः॥ ८॥

सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोप्यहो॥ भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरंजनः ॥ ८॥

અર્થઃ-શાસ્ત્રકારો દુઃખ ને સુખની વ્યાખ્યા કરતા કહે છે-પરવસ્તુની ઈચ્છા તે મહાદુઃખને ઈચ્છારહિત તે મહાસુખ આ ટૂંકામાં ટૂંકું સુખદુઃખનું લક્ષણ છે. કોઈપણ વસ્તુની ઈચ્છા માત્ર દુઃખ છે. ત્યારે આ ઉપરથી સાબિત થયું છે ખાવામાં પણ સુખ નથીને ? જો ખાવામાં સુખ હોય તો બરોબર ધરાઈને બેઠા હોય ને તમારી આગળ કોઈ ઈષ્ટમાં ઈષ્ટ વસ્તુ લાવીને મૂકે તો તમે ખાવ ખરા ? કેમ જો ખાવામાં જ સુખ હોય તો ખાવાનું મળતાં સુખ થવું જોઈએને. ત્યારે કહો કે ખાવામાં સુખ નથી પણ તૃપ્તિમાં જ સુખ છે. જો ખાધે તૃપ્તિ થતી હોય સાંજે ખાધા છતાં સવારના પ્હોરમાં જ પાછું ખાવાનું કેમ. એ ઉપરથી સાબિત થયું કે ખાધે તૃપ્તિ થતી જ નથી. ચાલો હવે સુખી કોણ તે જોઈએ. વિષયથી અતૃપ્ત એવા ઇંદ્ર-વાસુદેવ જેવાએ સુખી નથી પણ દુનિયામાં એક મુની જ કે જે જ્ઞાનથી તૃપ્ત થયેલ સચ્ચિન્દાવત મય તે જ સુખી છે. રાજા મહારાજા જેવા પણ સુખી નથી. કારણ કે મારું ને તારું એમાં જ મૂંઝાઈ રહેલ રાજા ઈંદ્રાદિ કો પણ હું ન્યૂન એમજ જોનારા હોવાથી દુઃખી છે એક મારાપણાની ખાતર બીજાનું ગમે તે થઈ જાય તેની પણ પરવા નહીં રાખનાર સુખી કઈ રીતે થાય તે ખ્યાલમાં આવતું નથી. તેની આ દુર્દશા છે. ઈંદ્ર જેવા પણ કર્મરાજાને વશ પડેલ છે. કર્મરાજાની આગળ ચક્રવર્ત્યાદીકોનું પણ ચાલતું નથી ? ? ચાલો. અહીં આ રાજાને પણ કર્મ વશે. મુનિના ! ! પારણાના દિવસે મસ્તકમાં અચાનક વેદના ઉત્પન્ન થઈ.

તાપસનું પારણું ન થવું ને રાજાને થયેલ પશ્ચાત્તાપ

રાજાના મસ્તકમાં પીડા ઉત્પન્ન થવાના યોગે શું બન્યું તે વસ્તુનું પ્રતિપાદન કરતા ચરિત્રકાર શ્રીમદ્ પ્રદ્યુમ્ન સૂરીશ્વરજી મહારાજ જણાવે છે કેઃ-

किंकर्त्तव्यविमूढाश्चाभूवन्मत्रिमहत्तमाः॥ सर्वमन्तपुरंचासीद्वाष्पक्लिन्नविलोचनं॥११६॥

कालंकियन्तमप्येवंविधे नीत्वानृपालये॥ अकृतप्रतिपत्तिः सोऽग्निशर्मा निर्गतस्ततः॥११८॥

વિવેચન....શું કરવું કારણ કે અનેક વૈદ્યોએ અનેક ઉપચાર કર્યા છતાં રાજાના મસ્તકની પીડાનો નાશ ન થયો તેથી મહાન મંત્રીઓ વિચારમૂઢ થઈ ગયા. સકળ અંતઃપુર શોકમય બની ગયું એ શોકમગ્ન બનવાના પ્રતાપે અગ્નિશર્મા તાપસની કોઈએ પણ તપાસ કે ખબર અંતર ન પૂછી તેથી કેટલો કાલ ઊભો રહી તાપસ પારણું કર્યા વિના જ પાછો ચાલ્યો ગયો.

જ્યારે અગ્નિશર્મા તાપસ રાજમહેલમાંથી નીકળી તપોવનમાં આવ્યો ત્યારે તેનું મુખ મ્લાન જોઈ તાપસોએ પૂછયું કે..હે મુનિ તમારું પારણું ગુણસેન રાજાના ઘેર ન થયું ? ત્યારે મુનિએ કહ્યું કે પારણા માટે હું રાજાના ઘેર ગયો હતો. પણ રાજાના શરીરે અશાતા હતી. તેથી રાજકુલ શોકમાં હતું ને તેથી મારું પારણું રાજાના ઘેર ન થયું. તાપસોએ કહ્યું કે सत्यमेव બરોબર છે. રાજાના શરીરે અશાંતિ હોવી જોઈએ. કારણ કે જો એમ ન હોય તો આપણા કુલપતિ પણ પારણું કર્યા વિના કેમ આવે?

ખરેખર. રાજાનો તમારા ઉપર ઘણો પ્રેમ છે. તમારા ગુણોની પ્રશંસા કુલપતિની આગળ ઘણી જ કરતા હતા કારણ કે સજ્જનો નિત્ય ગુણાનુરાગી જ હોય છે. ને એટલા જ માટે શાસ્ત્રમાં ગુણીને નિર્ગુણીનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે?-

स्वश्लाधा परनिन्दा च लक्षणंनिर्गुणात्मानां॥ परश्लाधा स्वनिन्दाच लक्षणंसद्गुणात्मनां॥ १॥

વિવેચન- પોતાની પ્રશંસાને પારકાની નિંદા કરવી તે નિર્ગુણીનું લક્ષણ છે ને પરપ્રશંસા ને પોતાની નિન્દા કરવી તે સદ્‌ગુણી આત્માનું લક્ષણ છે ને દરેકે દરેક આત્માએ ગુણાનુરાગી બનવું જોઈએ. પણ દ્રષ્ટિરાગી ન બનવું જોઈએ. કારણ કે દૃષ્ટીરાગ મહાન અનર્થ કરી દુષ્ટમાં દુષ્ટ શત્રુ છે. માટે બનતા પ્રયાસે સજ્જનોએ દ્રષ્ટીરાગને દૂર રાખવો જોઈએ. ત્યારે મુનિએ કહ્યું-અસ્તુ. "જે થાય તે સારાને માટે; એમ કહી બીજા મહિનાના ઉપવાસ ધારણ કરી મુનિ ધ્યાનમાં રહે છે.

પુનઃ પ્રાર્થના ને સ્વીકાર.

હવે આ બાજુ રાજાએ મસ્તકની પીડા ઘણા ઉપાયે શાંત થયા પછી પોતાના પરિવારજનોને પૂછયું કે "કોઈ મહાત્મા અહીં આવ્યા હતા, ત્યારે કોઈએ કહ્યું કે એક મુનિ આવ્યા હતા પણ આપની પીડાના દુઃખથી સકલ રાજકુલ વ્યાકુળ હોવાથી કોઈએ તેમનો માન સત્કાર ન કરવાથી તે મુનિ થોડીવાર ઉભા રહી ચાલ્યા ગયા" તે સાંભળી રાજા એકદમ વિલાપ કરવા લાગ્યો કે "અહો હું કેટલો પુણ્યહીન છું કે જેથી કલ્પવૃક્ષ ઘેર આંગણે આવ્યા છતાં પણ ફલ લીધા વિના કાઢી મૂક્યું તેવી જ રીતે મહાપુરુષોનું પારણું પુણ્યનું કારણ છે ને તે મારા જેવા પાપાત્માને પુણ્ય વારણ થયું કારણ કે આંગણે પારણું કરવા આવ્યા છતાં એ મુનિ મારા શરીરના કારણે પાછા ચાલ્યા ગયાં ને બીજું માસખમણ થશે અહો હું કેટલો બધો પાપાત્મા છું." "આ વસ્તુસ્થિતિ શું સુચવે છે ? તે વિચારો માણસ માત્ર ભૂલને પાત્ર" છદ્મસ્થ અવસ્થામાં હોઈ શકે પણ ભૂલનો પશ્ચાતાપ થયો તે જ આત્મોન્નતિનું કારણ છે.

એ પ્રમાણે વિલાપ રાજા બીજે દિવસ સવારમાં તે તપોવનમાં ગયો. કુલપતિને વંદન કરી લજ્જાથી નીચું મુખ કરી ઉદ્વિગ્ન હોય તેવી રીતે બેઠો તેના મુખના ભાવ જાણી મુનિએ કહ્યું કે રાજા આજે ઉદાસ કેમ દેખાઓ છો ? જે દુઃખ હોય તે કહો ?

ત્યારે રાજાએ કહ્યું કે 'મુનિરાજ બીજું તો કંઈ કારણ નથી મુખ્ય કારણ તો એ છે કે મારે ઘેર અગ્નિશર્મા મુનિ પારણું કરવા આવ્યા છતાં પણ તે મુનિનું પારણું મારા શરીરના કારણે ન થયું ને બીજું માસખમણ થયું તેથી હું ઉદ્વિગ્ન છું.'' કુલપતિએ કહ્યું....હે રાજન્ ફોગટ ખેદ શા માટે કરો છો ? મુનિઓને તો ભિક્ષા મળે તો ભલે અને ન મળે તો તપોવૃદ્ધિ જ હોય એટલે એમાં કાંઇ ખેદ કરવા જેવું નથી. અહીંયાં વિચારવાનું છે કે આવું કીધા છતાં પણ રાજા લુખી ભાવનાવાળો નથી બુંદીકોટાની ભાવના જેમ લોકમાં નીંદનીય છે તેવી રીતે એવી ભાવના કાંઇ આત્માને હિતકર નથી. અહીં રાજાને પશ્ચાત્તાપ ઘણો જ થાય છે. આંતરિક પશ્ચાત્તાપ હોવાના યોગે જ્યાં સુધી મુનિ બીજીવાર પારણું ન કરે ત્યાં સુધી શાંતિ ન થાય એટલે કહે છે કે...આ ખેદ તે મુનિના પારણાં કર્યા સિવાય શાંતિ પામે તેમ નથી. ત્યારે કુલપતિએ અગ્નિશર્માને બોલાવીને કહ્યું કે...હે વત્સ તું મહાવ્રતધારી છું તારો અભિગ્રહ પણ બહુ આકરો છે કે જેથી તું રાજાના ઘેર પારણું કર્યા વિના જ ચાલ્યો આવ્યો તેથી આ રાજા હૃદયમાં ઘણો જ દુઃખી થાય છે. માટે આવતું પારણું આ રાજાને ઘેર કરવાનું તું સ્વીકાર કે જેથી આ રાજાનું હૃદય શાંત થાય ?

ત્યારે મુનિએ કહ્યું...કે..ભલે એમ થાઓ ! એ પ્રમાણે મુનિએ પારણાનો સ્વીકાર કર્યો અહીં ધ્યાનમાં રાખવાનું છે કે જો આ તપશ્ચર્યા જૈનદર્શનના આચાર મુજબની હોત તો આગળ વૈરનો પ્રસંગ આવશે તે ન આવત. બીજું અહીંયાં મુનિએ પારણાનો સ્વીકાર કર્યો તે ન કરત કારણ કે જૈનમુનિ કદાચિત્ એમ કહે જ નહીં...અમુક દિવસે હું તારે ઘેર પારણું કરવા આવીશ ને એ વસ્તુના અભાવ હોવાથી જ પારણાનો સ્વીકાર ને વૈરનું કારણ બન્યું.

યુદ્ધપ્રયાણ અને પારણા માટે આગમન

ત્યાર પછી રાજા આનંદ પામી ઘેર આવ્યો મુનિના પારણાનો દિવસ ગણતો શુભ ધ્યાનમાં રહેતો એકમાસ વિતી ગયો ગુણસેન રાજાને આંગળીથી ગણતા પારણાનો દિવસ સાર મૂહુર્તની પેઠે આવ્યો. આ બાજુ અગ્નિશર્મા તાપસ કુલપતિની આજ્ઞા મેળવી પારણું કરવા રાજાના મહેલ સન્મુખ આવવા નીકળ્યો તેવામાં રાજાની પાસે એક માણસ પારણાના દિવસે જ આવી કહેવા લાગ્યો કે-હે રાજન્ રામસેન પર્વતની નજીક રહેલી આપની સેનાને માનભંગ નામના રાજાએ જ ઘેરી લીધી છે. તે સાંભળી રાજા એકદમ ક્રોધાયમાન થઇ યુદ્ધને માટે તૈયાર થવાનું કહ્યું. પ્રયાણની દુંદભિ વગડાવી હાથી ઘોડા પાયદળ રથ વિગેરે દરેક સામગ્રી જલદી કરાવી હાથી શણગારાવી વાજિંત્રના નાદ સાથે અકાલના મેઘ જેવી તેની સેના તૈયાર થઇ ગઇ. ત્યારબાદ રાજા રથમાં બેઠો ત્યારબાદ જયનાદની આ ઘોષણ મંગલપાઠકો બોલવા લાગ્યા તેવામાં જ અગ્નિશર્મા પારણું કરવા બે મહિનાના અંતે આવે છે. રાજમંદિરમાં પેઠા છતાં પણ લોકોએ નહીં ઓળખેલ તે તાપસ હાથી ઘોડાની ઘણી જ ભીડમાંથી કેટલો કાલ ઊભા રહી ત્યાંથી પારણું કર્યા વિના જ ચાલ્યો ગયો. આ બાજુ શુભમુહૂર્તે મુહૂર્તના જાણકારોએ પ્રયાણ કરવાનું ત્યારે રાજાએ કહ્યું કે-આજે અગ્નિશર્મા તાપસનો પારણાનો દિવસ છે માટે તે બે માસખમણના પારણાંવાળા મુનિને આવવા દો પછી તેમને પારણું કરાવી નમી કરી પછી યુધ્ધ માટે હું જઇશ'' ત્યારે કોઇએ કહ્યું- હે પ્રભુ તે તો આવીને ચાલ્યા ગયા હું માનું છું કે હજી નગરમાંથી બહાર નીકળતાં હશે. નગર બહાર નહીં ગયા હોય.

તે સાંભળી રાજા એકદમ રથને પાછો વાળી મુનિની પાછળ ગયો ને તેમને રથમાંથી ઉતરી વંદન કર્યું. પગે લાગીને રાજાએ કહ્યું કે મહામુનિ મારા ઘર પ્રત્યે પાછા વળો હું આટલો કાળ આપને માટે ઉભો છું. માટે આપ પાછા પધારો ત્યારે અગ્નિશર્માએ કહ્યું કે હે રાજન્ લાભાલાભમાં સમચિત્તવાળા તપસ્વીઓ પોતાની પ્રતિજ્ઞા મુકતા નથી. રાજાએ કહ્યું કે હે ભગવન્ મારા પ્રમાદના આચરણથી હું ઘણોજ લજ્જા પામ્યો છું તમારા દેહની પીડા કરતાં મારા મનની પીડા અધિક છે ત્યાર મુનિએ વિચાર્યું કે મારાં પારણાં સિવાય બીજો કોઈ આના દુઃખની શાંતિનો ઉપાય નથી. એમ વિચારી કહ્યું કે હે રાજન્ તમે ફોગટ ખેદ ન કરો એક માસ પૂર્ણ થયે છતે હું પારણું તમારે ઘેર કરીશ. તેમની વાણીથી અત્યંત સંતોષ પામી રાજાએ કહ્યું કે ભગવન્ હવે આપ તપોવને પધારો. હું કુલપતિને મુખ દેખાડવા અશક્ત છું એમ કહી મુનિને તપોવનમાં મોકલી રાજાએ પોતાના સૈન્યને શત્રુ પ્રત્યે મોકલ્યું. આ બાજુ અગ્નિશર્માએ ગુરુને સર્વ વાત નિવેદન કરી તપસ્યામાં રહેતા એક માસનો કાળ વ્યતીત કર્યો.

પુત્ર જન્મોત્સવ

મુનિના પારણાના દિવસે જ વસંતસેના રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મના સમાચાર પ્રતિહારીના મુખથી સાંભળીને અત્યંત આનંદિત થયો ને તે આનંદ થવાના યોગે આખા એ નગરની અંદર રાજપુત્રના જન્મની વર્ધાપના કરાવી. હવે આગળ શું થાય તે હવે પછી.

સમાલોચના.

(નોંધઃ- દૈનિક સાપ્તાહિક, પાક્ષિક, માસિક પત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ પાક્ષિક ને અંગે કરેલ પ્રશ્નો, આક્ષેપો, અને જિજ્ઞાસાના સમાધાનો અત્રે છે.)

૧ જૈનસમાજમાં ચાલતા મતભેદનું નિરાકરણ કરવા હરકોઈ, સાચા સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકો દરેક પલે ઇંતેજાર જ છે. હરકોઈ ધર્મ કે સમાજમાં મતભેદ ઉભા નથી થતા કે ચર્ચાઓ થતી જ નથી એમ તો નહીં જ. પૂર્વકાળમાં પણ અંદર અંદર મતભેદ પડી વાદવિવાદો અને ચર્ચાઓ થતી હતી અને દરેક પોતપોતાના મતો જનતા આગળ મુકતા ત્યારે ડાહ્યો સમાજ પક્ષને વળગવા ન જતાં સર્વજ્ઞસિદ્ધાંત અને તેને જ અનુસરતા યુક્તિવાદ ઉપર ઢળી શાસ્ત્ર વિરૂદ્ધ ભલભલા સમર્થ વિદ્વાનને પણ શાસન બહાર ફેંકી દેતો અને તેથી જ દરેક વખતે જૈનશાસનની અખંડ પ્રણાલિકા અત્યાર સુધી કાયમ રહી છે. અત્યારે એ સ્થિતિમાં પરિવર્તન છે, છતાં પણ ચાલી રહેલા મતભેદનું નિરાકરણ કરવા **શ્રી દેશવિરતિ સમાજ અને સોસાયટીએ** અનેક વખત પ્રયત્નો કર્યા છે. છેવટે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સુધારક વિચારોવાલા આગેવાનોના હાથમાં હથિયાર બની ધર્મ વિરુદ્ધ કાર્યમાં પ્રવર્તી અને તેથી અનેક સ્થલના શ્રી સંઘોએ તેનો સુરત અને અમદાવાદમાં બહિષ્કાર કર્યો ને યુવકસંઘને તેના શાસ્ત્ર અને શાસન વિરુદ્ધના લખાણ આદિથી અમાન્ય કરેલ છતાં તે બન્નેને પણ સીધે રસ્તે લાવવા પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજે વઢવાણથી પ્રયત્ન કર્યો. પણ શાસનરસિકો સિવાયનો વર્ગ શાસ્ત્ર નિરપેક્ષપણે પોતાના વિચારો સમાજ ઉપર ઠોકી બેસાડવા માગે ત્યાં શું થાય ?

જૈન સમાજમાં ચાલી રહેલા મતભેદો દૂર થાય તેવી રીતની જરૂરીયાત કોણ નહીં સ્વીકારે? પણ જરૂરીયાતની સાથે જ પ્રભુ મહાવીરના અમોઘ સિદ્ધાંતને માન આપવાનું શ્રી. સંઘની દરેક વ્યક્તિના હૃદયમાં હોવું જ જોઈએ. અમે એમ કહેવા જરૂર હિમ્મત કરીએ છીએ કે બહિષ્કાર કરેલી અને અમાન્ય થયેલી એવી કો૦ યુ૦ની સંસ્થાએ દીક્ષા અને સત્તાના પ્રશ્નનો આગમો કબુલ કરીને તેને આધારે જ તેનો નિકાલ લાવવા કબુલ કર્યો હોત તો વઢવાણથી પં. નો કરેલો પ્રયાસ સફળ થયો હોત અને મતભેદ અત્યાર સુધી રહ્યો પણ ન હોત. હજી પણ તે રસ્તે સમાધાન થવું અશકય નથી.

૨ મતભેદને નિવારવાનો વ્યવહારિક ઉપાય ઉભયપક્ષે શાસ્ત્રાધારે નિર્ણય કરવો અને તે નિર્ણય કરવા માટે પ્રયત્ન કરતા સુધીમાં બન્ને પક્ષોએ ચાલુ રિવાજ પ્રમાણે વર્ત્તવું અને કોઈ પણ પક્ષને કોઇએ પણ પોતાના મત પ્રમાણે વર્તવા બળાત્કાર ન કરવો એ છે.

૩ છાપાઓ વિગેરેના પ્રચારથી અસત્ય અને અસભ્ય આક્ષેપો કરવામાં આવે છે તે બંધ થાય એટલે બન્ને પક્ષોએ કોઈ કોઇને માટે અસત્ય કે અસભ્ય આક્ષેપ ભરેલાં લખાણો લખવાં નહિં ને સમાધાનીના જલદી પ્રયત્નો શરૂ કરવા, તો જૈન શાસનની હેલના દેખાય છે તે સ્હેજે બંધ થાય.

૪ સાધુસંમેલન ભરવા માટે અત્યાર સુધીમાં શાસનપ્રેમીઓ તરફથી અનેક વખત પ્રયત્ન થયા છતાં વાતાવરણ કલુષિત હોવાથી તેની શક્યતા જણાતી નથી તો ઉપર મુજબનું વાતાવરણ થયે સાધુ સંમેલન માટે મુસીબત નડશે નહીં.


૫ કોન્ફરન્સ અને યુવકસંઘ હાલની ચાલુ ચર્ચાઓમાં ઊતરવાનું મોકુફ રાખે તો શાસન ઉપરના થતા આક્રમણના બચાવમાં શ્રી-દેશવિરતિ સમાજ તથા યંગમેન જૈન સોસાયટીને ઊભું રહેવું પડે છે તે પણ બંધ થાય એટલે આ ચારે સંસ્થાઓ સાધુ સંમેલન માટે કટી બદ્ધ થાય તો આચાર્ય શ્રી વિજયનેમીસૂરીશ્વરજી કે આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી ખુશીથી સંમેલન ભરી શકે ને શાન્તિથી તે કાર્ય કરી શકે.

૬ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ હંમેશાં શાસન જેવા બજાવવા તૈયાર છે, આ પત્રનો ઉદ્દેશ વ્યક્તિરાગ કે પક્ષ પોષવાનો નથી. પણ શાસ્ત્રસિદ્ધાંત મુજબ સાચા જૈનતત્ત્વોનું રાગી આખું જગત બને એ જ આ સમિતિનું ધ્યેય છે. તો પછી જૈનસમાજમાં રહેલી વ્યક્તિ કોઈપણ પક્ષ કે ઝઘડાનો ભોગ ન થઈ પડે. ને વીતરાગ દેવનું શાસન આનંદભરી રીતે આરાધી શકે તેવી બાબતોમાં સહાય કરવા ખડે પગે તૈયાર હોય તેમાં નવાઇ નથી. (જાગૃતિ પત્ર)

તા૦ક:-સમિતિ પર પૂછવામાં આવતા ટપાલદ્વારાએ ખુલાસો પુછનાર ધણીને પરભારો જવાબ નહિ આપતાં વાંચકના લાભની ખાતર અત્રે સમાલોચનાના વિભાગમાં અપાય છે.....તંત્રી:

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

વાલીના જન્મસિદ્ધ હક્ક પર ત્રાપ મારનાર



ધાર્મિક કે અધાર્મિક, સામાજિક કે નૈતિક, આર્થિક કે શારીરિક કાર્યોમાં પોતાની માલ મિલકત સર્વથા વાપરવાને વાલી સ્વતંત્ર, સગીરનું દેશમાં, નાતજાતમાં અને સમાજમાં ભાવિ હિત જળવાય તે હેતુથી હરકોઈ હુન્નરઉદ્યોગમાં સગીરોને જોડવાને વાલી સ્વતંત્ર, પરાયી લક્ષ્મીનો લ્હાવો લેવા સગીરોને દત્તક લેવરાવવામાં વાલી સ્વતંત્ર. દત્તક દીધા પછી કંઈક દત્તક થનારાઓની લક્ષ્મી ચાલી જાય અને સગીર ભીખ માંગતા થઈ જાય તેવું બને છતાં સગીરોને દત્તક દેવાના વિધાનમાં વાલી સ્વતંત્ર, લગ્નગ્રંથીના લહાવા લેવા માટે સગીર બાળક-બાલિકાના વિવાહ કરવામાં વાલી સ્વતંત્ર, સગીરોને હુક્કો, બીડી, દારૂ પીવરાવવામાં, રંડીબાજ બનાવવામાં અનેક વ્યસનો સેવરાવવામાં, જીવન મરણ જેવા સરઘસના પ્રસંગમાં તરવા માટે નદી-નાળા-તળાવ અને બાથરૂમોમાં મોકલાવવામાં, લોકરંજન માટે વાંસ ઉપર ચઢી મદારીઓ બનાવવામાં વાલી હરહંમેશ સ્વતંત્ર છે.

અર્થાત્ નાશવંત પદાર્થોમાં નિષ્ણાત થવા માટે વાલીઓ સગીરો માટે સર્વત્ર સર્વથા સ્વતંત્ર છે, પણ આજની ડાહી, શાણી સરકાર તરફથી બહાર પડતો ભયંકર મોગલાઈને પણ ભુલાવે તેવો મુસદ્દો વાલીના જન્મસિદ્ધ હક પર ત્રાપ મારી સાચી સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે સર્વજ્ઞ સ્થાપિત સર્વવિરતી સંસ્થામાં સમર્પણ કરવા પુનિત પંથે ઉદ્યમી થયેલ વાલીઓ સર્વથા સર્વદા પરતંત્ર છે, એવું જાહેર કરી પરાધીનતાના પિંજરામાં પૂરવા પોતાની મુરાદ બર લાવવા અનેકવિધ પ્રયત્ન સેવે છે; એ જૈન નામ ધારિયોને પણ હવે અક્ષમ્ય લાગ્યું છે.

વસ્તુતઃ સગીરનું પારમાર્થિક હિત અને સાચી સ્વતંત્રતા લુંટનારો અને વાલીના જન્મસિદ્ધ હક્ક પર ત્રાપ મારનારો મોગલાઈને પણ ભુલાવે તેવો આ મુસદ્દો કાયદા રૂપે બહાર પડે તે જૈનધર્મિ માત્રને પ્રાણઘાતક લાગે છે, કારણ કે જે મુસદ્દા પ્રત્યે પ્રજાકીય વિરોધ દિન પ્રતિદિન દેખાય છે તે મુસદ્દો કાયદા રુપે જગતમાં જીવી શકતો જ નથી, બલકે જીવવાનો હક ધરાવી શકતો નથી.

- ચંદ્રસા૦

REGISTERED NO. B. 3047.

ઓળખો બરાબર ઓળખો !!!



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૧૫ મો.	મુંબઈ, તા. ૯-૫-૩૩, મંગળવાર વૈશાખ સુદ ૧૫	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી –

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

ઓળખો બરાબર ઓળખો ..... પાનું-૩૩૭
આગમોદ્ધારકની અમોઘ દેશના ..... પાનું-૩૪૩

દીક્ષા નિયામક નિબંધ બાબત

ખાસ - સૂચના

પૂ. શાસન સંરક્ષક આગમોદ્ધારક આચાર્ય દેવના વાસ્તવિક આશયને આવિર્ભાવ કરનારી દેશના, સાગર સમાધાન અને સુધા-સાગરનું સારભૂત અવતરણ અત્રે પ્રગટ કરતાં પ્રમાદથી, પ્રેસ અને દ્રષ્ટિ દોષથી જે ઉક્તિઓ વિરૂદ્ધ આશયને પેદા કરનારી થાય તે સારૂ તે પરમોપકારી પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવની અમે ક્ષમા યાચીએ છીએ, - અને જેઓને જે સ્થાને શંકા થતી હોય તેઓએ તે સ્થાન માટે વિગતવાર ખુલાસો મેળવવા વાચકવૃંદને આગ્રહપૂર્વક વિનંતી છે.

- તંત્રી

સિદ્ધચક્ર.

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમ**ની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ | ક્રાળણવં ,૬૬-૪-૬ .ાા ,ઉમ્ગું | વીર સંવત્ ૨૪૫૯
અંક ૧૫ મો | ૪૧ ૩૬૬ ખ્ગાદ્ધ | વિક્રમ ,, ૧૯૮૯

ઓળખો બરાબર ઓળખો ! !



જમાનો ઓળખો ! બસ ! જમાનો ઓળખો ! ! ધર્મ વિગેરેની વાહિયાત વાતો જવા દ્યો ! જમાનો એ જ ધર્મ ! જમાનો કહે એ જ ધર્મ ! આવો પ્રજલ્પવાદ જ્યારે ને ત્યારે જ્યાં ને ત્યાં કરનારાઓ એટલે કે આ રીતિએ વારંવાર જમાનો ઓળખાવવાને આતુર જમાનાવાદીઓને ઓળખવાની જરૂર છે. પૃથ્વી રત્નવતી છે એટલે પરમાર્થી પુરુષો તો મળ્યા હશે પણ ખરેખર ! આવા પરમાર્થીઓ (?) તો સ્વપ્નેય નહિ મળ્યા હોય ! વાટે ને ઘાટ, ડગલે ને પગલે, ચોરે ને ચૌટે, પૂછે કે વણ પૂછીએ, વગર પૂછીએ જમાનો ઓળખાવવાની આવી જહેમત ઉઠાવવી એ કાંઇ જેવો તેવો પરમાર્થ છે !

'જમાનો ઓળખો ! બસ ! જમાનો ઓળખો !' આવી બુલંદ બાંગ પોકારનારાઓ કહે છે શું ? આ રહ્યું નીચે નમૂનારૂપ થોડુંક ! વાંચો, વિચારો અને તેઓને ઓળખો ! બરાબર ઓળખો ! !

જમાનાવાદીઓની બુલંદ બાંગ !

"બસ ! જમાનો ઓળખો ! હવે જુગજૂની વાતો નહિ ચાલે ! જમાનો આગળ વધે છે! જમાનાની સાથે કૂચ નહિ કરનારાઓ કચરાઈ જશે ! આખું જગત કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે ત્યારે ધર્મની વાહ્યાત વાતોથી, એ જરીપુરાણ, ગપગોળાઓથી ભરેલા અને જેમાં કેવળ વૈરાગ્યનીજ વાયડી વાતો ભરી છે તેવા શાસ્ત્રના થોથાં પોથાં પર આધાર રાખી આંધળાં, લૂલા, પાંગળા, ઠુંઠા બનવું એ શું ઉચિત છે ? હજારો વર્ષ પહેલાંના રચાયેલાં શાસ્ત્રો આ જમાનામાં શી રીતે બંધ બેસતા થઇ શકે ? અંધશ્રદ્ધાની પણ હદ હોય છે ! આવી અંધશ્રદ્ધા ? તેને તિલાંજલિ આપો. આ જમાનો તો બુદ્ધિવાદનો છે, અંતરનાદનો છે ? જે વાત બુદ્ધિમાં ન બેસ, જે વાત અંતરમાં ન પેસે તે માનવાની મૂર્ખતા આ વીસમી સદીના જાગતી જ્યોતના જમાનમાં ક્ષણભર પણ નહિ નભે ! કાટ ખાધેલાં એ શાસ્ત્રો હવે અભરાઈએ ચઢાવો. હવે તો નવસર્જન થાય છે. 'જુનું એટલું સોનું' એમ કહેનારાઓ તો ઘેલા છે ઘેલા ! ! ! જુના બંધારણો, રીતરિવાજો, પોથાં થોથાંઓ ભસ્મીભૂત કરો ! સ્વતંત્રતાના જમાનામાં પરતંત્રતા શી રીતે પડાવે ? 'જી-હા ના જમાના ગયા ! આ તો વિજ્ઞાનનો જમાનો છે વિજ્ઞાનનો ! કેવળજ્ઞાન કોણે જોયું ? જો એ સાચું હોય તો કેવળજ્ઞાનીએ આજના એરોપ્લેન, ઇલેકિટ્રક વિગેરેનું વર્ણન કેમ ન કર્યું ? જુઓ આજની દુનિયા અખતરાઓથી નવી નવી શોધો કરે છે ! ગયો વખત મળતો નથી. આવા ગોલ્ડન ટાઇમ (સોનેરી સમય)ને પ્રગતિ કરવામાં કે જનસેવામાં ન રોકતાં એ પૂજા, એ સામાયિક, એ પ્રતિક્રમણ, પારણે લાડવા ખાવા માટે થતા એ પૌષધ વિગેરેમાં ક્યાં સુધી રોકશો ? એ કોરી ક્રિયાઓમાં ધર્મ કહ્યો કોણે ? આજે લાખો લોકો બેકાર છે ત્યારેય શું અનુષ્ઠાનોનાં નામો દ્રવ્યનો ધુમાડો કરવાનું ચાલુ રાખશો ? અને દેવમંદિરોમાં પડેલી મિલકત શા કામની છે ? એ મિલકત મૂકનાર પણ મનુષ્યો છે. એ મિલકત માનવદેવો માટે કામ ન આવે તો શા કામની ? દયા; અહિંસા રહ્યા ક્યાં ? સાચા દેવ તો મનુષ્યો છે જે પ્રત્યક્ષ દેખાય છે. એ દેવને મૂકીને કલ્પિત દેવની પૂજા ક્યાં સુધી કરશો? ગુરૂ એટલે ? બસ ! એ વેષધારીઓનું નામ નહિ લ્યો ! લોકોનાં છોકરાંને નસાડનાર, ભગાડનાર તેઓ માટે તો જેલના સળીઆ જ યોગ્ય છે. શ્રાવકનું ખાવું, પીવું, તેઓનાં પર જીવન નિભાવવું છતાં જેઓ સમાજસેવામાં ફાળો ન આપે તેઓ ગુરુ શાના ? અને ધર્મ કે જે જુને ચીલે ચાલવું એનું નામ ધર્મ નથી ! ધર્મ એ તો મનુષ્યે કરેલી કલ્પના છે. દેવમંદિરોના હારદોર ખડકલા ક્યાં સુધી ખડકશો? કલાવિહીન મૂર્તિઓની સંખ્યા ક્યાં સુધી વધારશો ? કેટલું કહેવું ? જમાનાનું કાંઇ ભાન છે ? જમાનો ક્યાં છે અને તમે ક્યાં છો ? વીસમી સદીમાં ચૌદમી સદીનાં જીવન ના જીવાય ! વળી દીક્ષા ! દીક્ષા સાચી પણ એ જમાના ગયા ! દીક્ષા પીળાં કપડામાં નથી પણ જનસેવામાં છે ! સ્વર્ગ, મોક્ષ વિગેરેનાં પ્રલોભનથી કાચી વયનાને મૂડી નાખનારાઓ, પરણેલાને પણ પીળાં પહેરાવી દેનારાઓ અને તેમ કરી કંઈના સંસારનું સત્યાનાશ વાળનારા પઠાણોને કયાં સુધી પોષશો ? આમ તો સમાજ નભે શી રીતે?

અને સંસાર ! સંસારનું થાય શું ? ભલા ! સંસારથી નાસનારાને શૂરવીર કહ્યા કોણે ? સંસારમાં રહો અને સંસારને જ સ્વર્ગ બનાવો ! આજે વાતચીતમાં બાધા અપાય ! એ બાધાના બખેડા શા ? તેમાં પણ વાતવાતમાં જેને તેને બ્રહ્મચર્યની બાધા ! જૈનોની વસ્તી વધે શી રીતે ? વળી બ્રહ્મચર્ય એટલે શું? અરરર ! એ તો કુદરત સામે બળવો ! બેશક ! જમાનો બળવાખોર ખરો ! નવસૃષ્ટિ સર્જકોએ બળવાખોર થઈને પણ જૂની સૃષ્ટિ (જૂની પ્રણાલિકા)નો નાશ કરવો જ ઘટે, તીર્થંકરો પણ બળવાખોર જ હતા ને! પણ અરરર ! બધેય બળવો પણ કુદરત સામે બળવો ? થાય ? વળી, દયાધર્મની વાતો કરનારાઓ, પોસામાં પગલે પગલે પુંજનારાઓને પેલી બિચારી વિધવાઓની દયા કેમ નથી આવતી ? ફરજીયાત બ્રહ્મચર્ય પળાવવાના જમાના ગયા ! પુનર્લગ્ન તો મહા પુણ્ય છે. જમાનો ઓળખો જરા ! વિધવાઓને સુખી કરો, પુનર્લગ્ન-વર્ણાંતર લગ્નનાં દ્વાર ખુલ્લાં મૂકો, દીક્ષાનાં દ્વાર બંધ કરો-નાબૂદ કરો, ન માનનારા સાધુઓની સાનભાન ઠેકાણે લાવો ! જે જમાનામાં ઐકયની આવશ્યકતા છે ત્યાં વળી તીર્થના ઝઘડા શા ? એવાં તીર્થો તો અનેક ઉત્પન્ન કરીશું ! તીર્થ માટે દ્રવ્યના ધોધ ! છે કે નહિ કોઈ પૂછનાર ? હવેના નૂતન લોહીવાળા યુવકો આ સહી શકે શી રીતે ? અને અસ્પૃશ્યતા ? એ વળી કયું ભૂત ? ઊંચનીચના ભેદ શા ? જમાનો સમાનવાદનો છે; ન જોઈએ, ન જોઈએ, જ્ઞાતિબંધન, ધર્મબંધન; ટુંકામાં બંધન શા માટે ? **बाबा वाक्य प्रमाणम्** ના જમાના ગયા ! હવે તો સ્ત્રી સ્વાતંત્ર્યની સદી છે. **बाबा** નું સ્થાન **बीबी** અને પછી **बेबी (Baby)** એ લીધું છે. આવી અનેક પ્રકારની વાણીએ વિષમય વાતાવરણને જન્મ આપ્યો છે. **बीबी** વાક્ય તરફ અવગણના કરવી એ ભયંકર પાતક છે ! બસ ! ઓળખો! જમાનો ઓળખો ! જમાનો શું કહે છે તે જરા સમજો ! !

જમાનો ઓળખાવવા ઊતરી પડેલાઓના ઢંગધડા વગરના ચિત્રવિચિત્ર બકવાદોમાંથી આ તો નજીવી વાનગી (નમુનો) છે. નમુનાના આધારે માલ ઓળખી શકાય તેમ છે. નીકળતા સુર તાલને ઓળખાવી શકે છે. અધમમાં અધમ મનોવૃત્તિ અને ભયંકર કૂટ ભેદી પ્રવૃત્તિઓ માટે પંકાઈ ગયેલા (Certified) ખરેખર તેઓ જમાનો ઓળખાવવામાં પોતાની જાતને પણ સાથે સાથે ઓળખાવવાનો મહાન પરોપકાર કરે છે. માટે જ કહીએ છીએ કે, ઓળખો ! બરાબર ઓળખો ! ! જમાનાને તથા જમાનો ઓળખાવનારાને એટલે કે જમાનાના નામે યથેચ્છ બોલનારાઓને બરાબર ઓળખો ! !

વાતવાતમાં પોતાની જાતે બની બેઠેલા જમાનાના એ વિલક્ષણ વકીલો, 'જમાનો આમ કહે છે. જમાનો તેમ કહે છે' એ રીતિએ બોલવાની કળામાં પાવરધા છે. શાસ્ત્રના રચનારાઓને જમાનાથી અજ્ઞાત માનનારા આ બુદ્ધિના બારદાનો બીજાઓને બળાત્કારે તેમ મનાવવાની ભયંકર ધૃષ્ટતા આચરે છે. ઘાતિકર્મક્ષય થવાથી જેમને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત થયું છે તેવા સર્વજ્ઞ દેવની વાણીરૂપ

પરમતારક શાસ્ત્ર વિકાલાબાધિત હોય છે પણ કેટલાક બિચારા કમનસીબોને જ્ઞાનીના કેવલજ્ઞાનમાં જ શંકા હોય ત્યાં થાય શું ? અસાધ્ય વ્યાધિગ્રસ્ત દર્દી માટે ધન્વંતરી પણ હાથ જ ખંખેરે છે !

શાસ્ત્રને અભરાઈએ મૂકવાની અથવા ભસ્મીભૂત કરવાની ઉચ્છૃંખલ વાતો કરનારાઓ એવા પાજી હોય છે કે 'શાસ્ત્ર માનીએ છીએ' એમ કહેવાની બાજી બિછાવતાં પણ અચકાતાં નથી. ભેદ નીતિએ શાસ્ત્રને શસ્ત્ર બનાવી તેનો કાતિલ ઉપયોગ ઈરાદાપૂર્વક કરવામાં લેશ પણ આંચકો ખાતા નથી, ઘણી વખત તેઓ કહે છે કે- 'શાસ્ત્ર પણ દ્રવ્ય, ક્ષેત્રકાલ અને ભાવ જોવાનું કહે છે!' પણ બાપુ! જરા ધીરો ! ઉછળતા લોહીને ખાળીને જરા ધીરો થા ! કબુલ છે ! એ વાતની ના કહી કોણે ? શાસ્ત્ર રચનાર સર્વજ્ઞ હતા, શાસ્ત્રાજ્ઞાનીઓ તે શાસ્ત્રો દ્રવ્યકાળ ભાવની રીતિ ને અનુલક્ષીને રચાયેલા છે એટલું સમજવાની સામાન્ય બુદ્ધિ (Common Sense) પણ આ જાગતા જમાનામાં પણ નબળી સાંપડી એ કમનસીબનો દોષ દેવો કોને ! આત્મકલ્યાણ સાધવીને અર્થાત્ [illegible]ધનાર્થે એટલે કે સાચી પ્રગતિ અર્થે એકે વાતની ના નથી પણ વસ્તુના વિનાશ માટે કુચકદમ કરતા દા[illegible]ઓની પાછળ એક પગલું પણ ભરવાની મના છે. બેશક ! સામર્થ્ય હોય તો તેઓના જ ભલા માટે [illegible]ને પણ રોકવાની ખાસ આજ્ઞા છે.

કેવળ જડવાદનું ડીંડીમ વગાડનારા તેઓ ડગલે ને પગલે ધર્મ, ધર્માનુષ્ઠાન, તીર્થ, સાધુ, દીક્ષા વિગેરે પરત્વે જ આક્રમણ કરે છે. ધર્મીઓને સત્સંગથી ખસેડવા ધર્મ પ્રવચનો અટકાવવા, સત્સાહિત્ય સંહારવા, અસત્ સાહિત્ય પ્રચારવા આવાઓ આકાશ પાતાળ એક કરે છે. પોતાના જેવી જમાત વધારવાના તેઓના મનોરથ તેમની પાસે આ બધા નાચરંગ કરાવે છે. જમાનાના નામે તેઓ જે કહે છે તે એ જ છે કે 'બસ ! અમારી સ્વચ્છંદતા માટે ચૂપ થઈ જાઓ ! ફાવે તેમ નાચવા દ્યો કૂદવા દ્યો, તેમાં તમે તાલીઓ પાડો, અમે કહીએ તે માનો અને તેમ વર્તો તો જ જમાનો ઓળખ્યો કહેવાશે, ઉચ્છૃંખલતાથી ભરેલા આ બિચારાઓ પોતાનું તે જ સારું માને છે પણ સારું તે પોતાનું માને તો કાંઇ વાંધો છે ? એક સાક્ષર કહે છે કે-

મારું તે સારું માને મૂરખજન, સારું પોતાનું સમજે પંડિતજન

એ યાદ રહેવું જોઇએ કે અનાચાર આચરવાનું, અભક્ષ્ય ભક્ષણ કરવાનું, અપેય પીવાનું, અગમ્ય ગમન કરવાનું જમાનો કદી પણ કહેતો નથી. જમાનાવાદીઓ કહે છે કે જમાનો પરિવર્તનનો છે ! વાત સાવ સાચી છે પણ પળે પળે જમાનામાં થતાં પરિવર્તનો તેઓની કાચી (નાદાન) બુદ્ધિમાં દેખાય છે ક્યાં ? માટે તે શાસ્ત્ર ફરમાવે છે કે-પદાર્થ માત્ર પરિવર્તનશીલ છે, અને તેથી આત્માએ પૌદ્ગલિક પદાર્થોમાં નહિ મુઝાતાં, સવેળા પોતાનું સાચું સ્વરૂપ સંપ્રાપ્ત કરવા પ્રયત્નશીલ થવું. આંધળા

અંતરનાદની મોરલીએ નાચનારાઓનું મંતવ્ય તો 'આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા' એ છે એટલે તેઓને પરિવર્તન પણ પ્રલયનાં ગમે છે' પરભવ, નર્કાદિ દુર્ગતિ વિગેરે આવાઓ માનવા તૈયાર નથી પણ આ લોકમાંયે સંયોગનો વિયોગ, આધિ, વ્યાધિ, ઉપાધિ, ત્રાસ, છેલ્લે મરણ તો પ્રત્યક્ષ છે ને !

જેનો જન્મ તેનું મરણ પણ મરણ પછી જન્મ એ નિશ્ચિત જ નથી. કારણ જ્યારે જડ જીવનનો સર્વથા નાશ થાય, અને જીવ જીવન સર્વથા પ્રાપ્ત થાય ત્યાર પછી મરણ નથી. મુક્તિને પ્રાપ્ત થયેલા આત્માને ફરી અવતરવું પડે એવી માન્યતા જૈનદર્શનમાં નથી.

જેમ દરેક જમાનામાં સોનું તે સોનું અને પિત્તળ તે પિત્તળ, હીરો તે હીરો અને કાચ તે કાચ, કાંદો તે કાંદો અને કસ્તુરી તે કસ્તુરી, અમૃત તે અમૃત અને વિષ તે વિષ છે; તેમ જમાનામાત્રમાં ધર્મ તે ધર્મ જ છે અને અધર્મ તે અધર્મ જ છે. સત્ય તથા અસત્યના સ્વરૂપને જમાનાની અસર નથી.

"સાચને ને જુઠને નથીરે જમાનાની અસર" પોતાની નિર્બળતાનો આરોપ જમાનાના શિરે ઢોળવો હરગીજ ઉચિત નથી; આવાઓને એ જ સાક્ષર ઉપદેશે છે કે-

ડગીમગી જઈ મૂરખ માનવ આકીન મૂકતા
ચપટી ચણે રાચી અમૃત પાન થુંકતા.

ધર્મના ભોગે અર્થ કામની સિદ્ધિ સાધવામાં પાગલ બનેલાઓની નજરે આ બધું દેખાય ક્યાંથી ?

જો જમાનાની પાછળ ઘસડાવું હોય તો તો न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः વિગેરે સૂત્રોનાં અસ્તિત્વ જ ન હોત. આવેલી આફતોમાં પણ અડગ રહી ધર્મ-સંરક્ષણ મહાપુરુષોનાં જ દરેક જમાને યશોગાન ગાયાં છે. ઈતિહાસમાં સુવર્ણાક્ષરે તેઓનાં જીવન લખાયાં છે. જો સગવડીયા રીતિએ ચાલવું એ જ ધર્મ મનાય તો પછી નીતિ, ન્યાય, ધર્મ, કાનુન, કાયદા વિગેરેની જરૂર રહી ક્યાં ? અને ખરેખર ? કેવળ નિરં- બનવા ઈચ્છતા જમાનાવાદીઓને આ બધું જોઈતું પણ નથી. તેઓ વાતવાતમાં દરેક દરેક ઉલ્કાપાતના પ્રારંભમાં જમાનાને આગળ ધરે છે પણ જમાનોયે એવો માથાનો છે કે એ નાલાયકોના દોષ પોતાના શિરે એક પણ ક્ષણ નીભાવી લેવાની ઉદારતા બતાવતો નથી. જમાનો તો ઊલટો એવા દંભીઓને હડધૂત કરી તેમની પૂરી ફજેતી લૂંટાવે છે.

ખરેખરે ! આવાઓને અવળું સૂઝે એમાં નવાઈ શી ? પ્રલય-પંથે જ પ્રયાણ કરવા ઇચ્છનારાઓને પુનિતપંથની પ્રણાલિકાઓ ન જ રૂચે ! અને તેથીજ તેઓ સત્ તત્ત્વો, સત્સંગ વિગેરે

પર પ્રહાર ચાલુ રાખે છે. સત્થી દૂર રહેનારા અસત્ આચરે છે અને પરિણામે પતન પામે છે. એ કથન સુપ્રસિદ્ધ છે. સાક્ષર પણ જણાવે છે કે.

જગરાય જ્યારે રૂઠે, સત્સંગત પહેલાં તૂટે,
મળી લબાડ લોકો લૂટે, ચંડાળ ડુક્કર ચૂંથે

ઓળખો ! બરાબર ઓળખો ! ! આ જમાનાવાદીઓ પણ આ બધું ઈંદંતૃતીયં માત્ર ધર્મને અંગે જ આચરે છે બાકી પોતાના દુન્યવી વ્યવહારોમાં તેઓ કેટલા સ્વતંત્ર છે, અંતર અવાજને કેટલું માન આપનારા છે, અન્યનું કેટલું ભલું કરી નાખનારા છે વિગેરે બિના જનતાથી જરા પણ છૂપી નથી.

તત્ત્વજ્ઞાની મહર્ષિઓ તો કહે છે કે ધર્મની સાધનાની ઉત્તમ સામગ્રીઓ મળી તેના જેવો વળી બીજો જમાનો કયો ? જે જમાનો પોતાના આત્માને ન ફળે તે શા કામનો ? જે જમાનો ઊલટું નિકંદન વાળે તેનાથી સર્યું ! સાચી પ્રગતિ પણ ધર્મસાધના વિના કયાં છે ? દેખાતી દુન્યવિ પ્રગતિ તથા તેની સલામતી પણ ધર્મને જ આભારી છે. ધર્મવિધ્વસંકોને આ વાત કેમ નહિ સમજાતી હોય ! ! !

જમાનો પ્રગતિનો છે એ વાત સાચી, માટે જ સાચી પ્રગતિ સાધી લેવી એ જ જમાનાની સાચી ઓળખાણ છે. જમાનાના શિર વ્યર્થ દોષારોપણ કરનારા સ્વચ્છંદી દોષનાં પૂતળાંઓને બરાબર ઓળખી તેવાઓથી સલામત રહેવું એ જ જમાનાની સાચી ઓળખાણ છે. માટે જ જમાનો ઓળખો બરાબર ઓળખો ! ! !

જમાનો તો મજાનો છે, સાધી લ્યો, સ્વહિત, પરહિત સધાય તેટલું સાધી લ્યો ! સાધી શકો તો દરેક જમાનો મજાનો છે, સામગ્રી સંયુક્ત દરેક જમાનો સિદ્ધિનો ખજાનો છે પણ ન સાધો તો એ જ જમાનો ભયંકર સજાનો છે ! ! !

ઓળખો ! જમાનો ઓળખો ! તમે જો જમાનો નહિ ઓળખો (નહીં સાધો) તો યાદ રાખો કે જમાનો તમને બરાબર ઓળખશે ! ત્યાં પોપાબાઈના રાજ્ય નથી. ઉચ્ચજીવનમાં સ્વચ્છંદી વર્તન પણ કાયદેથી ચલાવ્યું હતું એવો બચાવ બચાવી શકે તેમ નથી. જમાનો ઓળખાવનારને પણ બરાબર ઓળખો ! આત્માને (પોતાને) ઓળખો ! આગળ વધવાની સાચી કળાને-સાચી પ્રગતિને બરાબર ઓળખો! જડવાદના અખતરા (ખતરા)માં અટવાતા ના ! ચેતનવાદથી ચસકતા ના ! અને માટે જ છેલ્લે-

ઓળખો ! બરાબર ઓળખો ! !

* * *

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

[નોંધઃ-શ્રી ઘાટકોપર મધ્યેના ઉપાશ્રયમાં શ્રી ઉપધાન મહોત્સવ પ્રસંગે પ્રાતઃસ્મરણીય શાસનપ્રભાવક શાસન સંરક્ષક તીર્થોદ્ધારક શૈલાણા નરેશ પ્રતિબોધક સકલશાસ્ત્ર પારંગત આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ અમોઘ દેશનાનું અવતરણ સારભૂત રોચક અને મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ આર્વિભાવ કરનાર હોવાથી અત્રે અપાય છે.....તંત્રી.]

સાચા જુઠા શબ્દની અપૂર્વ શક્તિ ! ! !

એકના પૂજનમાં અનંતાઓનું પૂજન

એકની આશાતનામાં અનંતાઓની આશાતના.

માનવ જીવનની એક મિનિટમાં બે ક્રોડ પલ્યોપમની સરખામણી.

લગ્નગ્રંથીના ઉમેદવારો જીવનપર્યંત કેદની જવાબદારી ઉઠાવે છે ! ! !

ધૂળની કિંમત છે પણ ધરખમ જીંદગીની કિંમત નથી ! ! !

તરણ તારણ તીર્થંકરદેવના વિરહકાળમાં તીર્થંકર નામ કર્મની ઉપાર્જના.

પ્રભુ પ્રણિત કલ્યાણ માર્ગમાં કથની કરણીનું એકીકરણ.

સમ્યકૃત્વ અને સર્વવિરતિનું અલૌકિક આંતરૂં.

एवं सद्वृत्त युक्तेन येनशास्त्रमुदाहतं ।
शिववर्त्म परंज्योतिस्त्रिकोटि दोषवर्जितं॥ ५॥

જુઠ્ઠા શબ્દોમાં સારાપણું અને સાચા શબ્દોમાં નરસાપણું.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી ભગવાન ભવ્યજીવોના ઉપકાર માટે પહેલાં જણાવી ગયા કે આ જગતમાં દરેક મનુષ્ય ધર્મને કિંમતી ગણે છે. કિંમતી વસ્તુના શબ્દો જુઠા પણ સારા લાગ છે અને જે વસ્તુ પરત્વે અપ્રીતિ હોય તેના સાવ સાચા શબ્દો પણ કાનને અપ્રીતિ ઉપજાવે છે.

દુનિયાએ જીંદગી, ધનધાન્ય, માલમિલકત, કુટુંબકબીલાને ઈષ્ટ ગણેલાં છે અને તેના અભાવને અનિષ્ટ ગણેલ છે તેથી એક ચપટી લોટના બદલામાં બ્રાહ્મણ આશીર્વાદ દે કે 'ધન્ય ધાન્યવાળા

થાઓ ! પુત્ર પરિવારવાળા થાઓ ! ઘણું જીવો ! ! ! ત્યારે આશીર્વાદ શ્રવણ કરનાર લોટ દેનારનું મન પણ ખુશી થાય છે; જો કે કોઈના કહેવાથી આશીર્વાદનું સફળપણું થવાનું નથી અને લાંબું જીવાતું યે નથી; તેમજ કોઇના કહેવાથી તમ થઈ જાય એવી જગતમાં કોઇની માન્યતા પણ નથી. ક્રોધમાં આવીને કોઈ ગાળ દે, શ્રાપ દે તો તે મુજબ કાંઇ થઈ જાય છે એમ નથી છતાંયે સાંભળનારને આવેશ જરૂર આવે છે. આશીર્વાદને અંગે રાજીપો અને શ્રાપ કે ગાળને અંગે ઈતરાજી થાય છે. એ શબ્દોમાં છુપાયેલી વિલક્ષણ શક્તિ અજબ અને આશ્ચર્યજનક છે ! ! !

ધર્મલાભ ! આશીર્વાદનું નિયમન કેમ ?

શાસ્ત્રકારોએ આશીર્વાદમાં 'ધર્મલાભ' શબ્દ કેમ રાખ્યો ? એ એક જ અસાધરણ આશીર્વાદ કેમ રાખ્યો ? તમે વંદન કરો તોયે 'ધર્મલાભ' આહાર વહોરાવો, પાણી વહોરાવો, રસોઇ, પુસ્તક, ઔષધાદિ વહોરાવો ત્યારેય દરેકે દરેક વખતે 'ધર્મલાભ'.

જે કાંઇ ચીજ લેવાની છે તે સાધુએ પણ સંયમના સાધન તરીકે લેવાની છે અને શ્રાવકે પણ સંયમના સાધન તરીકે આપવાની છે. સાધુઓ ફક્ત ધર્મવ્યવહારને અંગે જ પ્રવૃત્તિવાળા છે, તેઓએ ધર્મ ને જ જીવન સમર્પ્યું છે એટલે ધર્મ સિવાય બીજી પ્રવૃત્તિ છે નહિ એટલે તેઓ બીજો કયો આશીર્વાદ આપે ? જેનું પરિણામ નરસું હોય અને જો તે વર્તમાનમાં સુંદર દેખાય તો પણ તેને સુજ્ઞજન વખાણે નહિ. કોઇને ખસ થઈ હોય તેને ખણવું એટલું બધું સારું લાગે છે કે તેને બીજા ગમે તેવા મીઠાશવાળા પદાર્થો આપો છતાંયે ખણવાની પ્રવૃત્તિ પહેલી કરશે, છતાં એ ખણનાર, ખણવામાં પૂરી મોજ માનવા છતાંયે પોતે સારું કરે છે એમ માનતો નથી, માને છે ખોટું તો પણ તે વખતે તેનો હાથ પકડીને રાખી તો જુઓ ! એને ખણતો અટકાવી તો જુઓ ! ખસવાળો જેમ ખણવામાં મસ્ત છે તેમ દુનિયાના જીવો આરંભ સમારંભ માટે અહોનીશ તલપાપડ થઇ રહ્યા છે, તેમાં તલ્લીન બન્યા છે તેથી ખસવાળાને જેમ કોઇ રોકે તો તે અનિષ્ટ માને તેમ આરંભાદિક પ્રવૃત્તિમાં રાચી રહેલા એવા કોઇપણ જીવને કોઇ રોકે તેમાં અનિષ્ટ માને છે. ખસ થાય ત્યારે છોકરો રોક્યો ન રહે તે માટે તમે તેના હાથે લુગડાં બાંધો છે, કહો ! તમે તેના હિતૈષી કે વૈરી ? ખણવાથી તમે તેને રોકો છો તેથી તેનું મન કેટલું દુઃખાય છે. અરે ! તમે તે બિચારાના નખ કાઢી નાખીને તેને સુખના સાધન રહિત બનાવો છોને ! મા બાપ આવો અંતરાય કરે ! કહો કે તે વખતે તો છોકરાને ખણવાથી સુખ લાગે છે પણ તેના દુઃખદ પરિણામને તમે જાણો છો (છોકરો નથી જાણતો) તેથી જ તમે રોકો છો. એ અજ્ઞસમજુ હોઇ ખણવામાં મોજ માને પણ સમજુ મા બાપ કદી ખણવામાં અગર ખણવાના સાધન પૂરાં પાડવામાં ફાયદો ગણે ? નહિ જ!

જેના પરિણામમાં નુકસાન હોય તે વર્તમાનમાં સારું લાગે તો પણ હિતૈષી હોય તે તો તેને રોક્યા વિના રહે જ નહિ. શાસ્ત્રકારો આશીર્વાદમાં કદી પણ ધન, કુટુંબ, આરોગ્ય, લક્ષ્મી, વૈભવવાળા થવાનું કહેતા નથી તેનું કારણ સ્પષ્ટ છે. જગતને ભલે ખાવું પીવું મોજમજા માલમિલકત વિગેરે ઇષ્ટ લાગે છે પણ શાસ્ત્રકાર તેનું અનિષ્ટ ભયંકર પરિણામ પ્રત્યક્ષ દેખે છે એટલે તેવો આશીર્વાદ શી રીતે આપે ? અર્થાત્ ન જ આપે. વસ્તુઃ ધર્મલાભ આશીર્વાદ એ ઉભય લોક હિતકારી વચન હોવાથી શાસ્ત્રકારોએ તે આપવાનું નિયમન કર્યું છે.

મોક્ષમાં સુખ શી રીતે માનવું !

કેટલાકો એમ વિચારે છે કે મોક્ષમાં નથી ખાવા પીવાનું કે નથી હરવા ફરવાનું તો પછી ત્યાં જઈને શું કરવું ? આવાઓને મોક્ષના સુખનો તથા સંસારના દુઃખનો ખ્યાલ છે એમ કોણ કહેશે ! જેને ખસ થઈ હોય તે છોકરો, પોતાને માબાપ વિગેરે ખણવા નહિ દે તેમ ચોરીથી ખણવા માટે પણ નજરથી દૂર થાય એવું ઈચ્છે છે અને તે વખતે માબાપ પણ ગમતા નથી. ખણવામાં જો મોજ મનાય છે તો નવેસર ખસ ઉત્પન્ન થાય તેવી દવા પીવા કોઈ તૈયાર છે ? ના ! દવા તો ખસવાળો પણ ખસ મટાડવાની જ માગે છે. ખસ ન હોય તો ખસ કરવાની અથવા થયેલી ખસને ખણવાની મોજ માટે કાયમ રાખવાની દવા કોઈ માંગતું નથી. દવા કરવાથી ખસ જશે એટલે ખણવાની મોજ જશે એમ તો કોઈ મૂર્ખ પણ વિચારતો નથી. જડમૂળમાંથી ખસ કાઢવા ખસ-નાશક દવા ન પીવાની મૂર્ખાઈ કોઈ પણ કરતો નથી ! તેવી રીતે જેઓ એમ કહેતા હોય કે 'મોક્ષમાં શું સુખ ? ખાવું પીવું કાંઈયે છે ?' આવું બોલનારાએ ખાનપાનાદિ શું છે તેની તપાસ કરી ? જો ખાવામાં જ સુખ હોય તો 'ખા-ખા' કેમ કરતા નથી ? શેર, બશેર, પાંચશેર ખાઈને પણ અટકવું કેમ પડે છે ? માનવું જ પડશે કે ખાવામાં સુખ નથી. ખાવામાં જે સુખ ભાસે છે તે ખાડો પૂરવા પૂરતું છે. ભૂખ લાગી એ દુઃખ ઊભું થયું. ભૂખનું દુઃખ દૂર કરવું એનું નામ સુખ, વસ્તુતઃ એ સુખ નથી હવે જ્યાં ખાડો પડે જ નહિ ત્યાં દુઃખ જ ક્યાં છે ? એટલે દુઃખને કાઢવા-હડસેલવા રૂપ કલ્પિત સુખ એને ક્યાં લેવું છે ? પીવામાં પણ એ જ પરિસ્થિતિ ! ગળું સુકું હતું, અંદર ગરમી હતી ત્યાં સુધી જ પીવાનું સુખ પછી પીતાં પણ અટકવું જ પડે છે. મોક્ષમાં ન ભૂખ, ન તૃષા ! ! ઓઢવા પહેરવા વિગેરેમાં પણ તેમજ સમજી લેવું. 'ખસની ચળ ખસેડવી તેનું નામ સુખ ! જેટલી ચળ તેટલું વલુરવું તે સુખ માન્યું, તેવી રીતે જગતમાં પણ તૃષ્ણારૂપ ખસની ચળ મટાડવા તેટલું તેટલું મેળવવાના ધમપછાડામાં સુખ માનવામાં આવે છે, પણ તેથી સુખ ક્યાં છે ? એ સુખ જ ભાવિના ભયંકર દુઃખ લાવવા માટે છે. ખસવાળાએ જો ખણ્યું તો ખણવાની ક્ષણવારની મોજ તો માણી પણ પછી બળવાનું, ચળ વધુ આવવાની, વધુ ખણજ ખણવાનું, લોહી નીકળવાનું અને જરૂર ઘારાં તથા ચાંદા પડવાનાં ! અને પછી એની દવા મળવી મુશ્કેલ ! ! તેવી રીતે મનુષ્યભવમાં વિષયોમાં મ્હાલવાથી ઘારાં પડવાનાં તે ક્યાં ? નર્ક અને તિર્યંચગતિની પ્રાપ્તિરૂપ ઘારાં પડશે ! તે ક્યારે મટે? એની દવા શી ? કેમકે મનુષ્યગતિ સિવાય કોઈ પણ ગતિમાં દુર્ગતિરૂપ ઘારાં રૂઝાવવાનું બીજું સ્થાન નથી, કારણકે વસ્તુતઃ **ધર્મ રૂપ દવા મનુષ્ય ગતિમાં મળે છે.**

દુર્લભતા અને સુલભતા.

'दुल्लहो खलु माणुसे भवे' મનુષ્ય ભવ મળવો દુર્લભ છે. અહીં કોઈ શંકા કરે કે ત્યારે શું દેવનો ભવ મળવો રહેલો છે ? દેવનો ભવ તો મનુષ્ય ભવ માટેની પુણ્યાઈ કરતાં કંઈક ગુણી અધિક પુણ્યાઈ હોય ત્યારે જ મળે છે. શ્રી તીર્થંકરો, ગણધરો વિગેરે ઉપદેષ્ટાઓ મનુષ્ય ભવ પામેલા હતા અને તેથી સૌ પોત પોતાનું વખાણે છે, અર્થાત્ તેથી જ મનુષ્ય ભવ દુર્લભ કહ્યા એવી શંકાઓ શંકાકારો કહે છે. મહાનુભાવ ! દેવતાનો ભવ વધારે પુણ્યાઈથી મળે તે વાત ખરી પણ મનુષ્યભવને વખાણવાનું કારણ કયું છે તે સમજો ! પુણ્યોદયની દૃષ્ટિએ એની પ્રશંસા નથી, એની દુર્લભતા તે માટે નથી કહી પણ **ધર્મસાધન એ મનુષ્યભવનો જીવનસિદ્ધ હક છે.** જ્યારે અન્યગતિમાં ધર્મ સાધનનો વસ્તુતઃ હક નથી એ જ કારણે **'दुल्लहो खलुमाणुसे भवे'** એમ કહેવું પડયું. અન્ય ગતિના જીવો ધારે તો પણ

ધર્મસાધન લભ્ય નથી એટલે હક નથી એ સ્પષ્ટ થાય છે. મનુષ્યભવનો તે જીવનસિધ્ધ હક છે. પ્રમાદી, મૂર્ખ, વિલાસી પોતાનો હક ન મેળવે, ન વસુલ કરે ત્યાં શો ઉપાય ? **મોક્ષના ત્રણ રસ્તા છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરિત્ર. તેમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો ચારે ગતિમાં** છે. નારકીમાંયે તેવા જીવો અસંખ્યાતા છે, અને દેવલોકમાં પણ અસંખ્યાતા છે. તિર્યંચમાં દેશવિરતિરૂપ ચારિત્ર પણ છે. **'गृहस्थाश्रम समोधर्मो न भुतो न भविष्यतिय'** ગૃહસ્થાશ્રમ સરખો ધર્મ થયો નથી અને થવાનો નથી, વ્રત ગ્રહણ કરવામાં કાયર લોકો આવું મન્તવ્ય ઉચ્ચારે છે પણ તેવી માન્યતાવાળાઓએ વિચારવું જોઈએ કે દેશવિરતિપણાનો ધર્મ તિર્યંચોમાં પણ રહેલો છે. તિર્યંચના ભવમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા અણુવ્રતરૂપ ચારિત્ર છતાં શાસ્ત્રે તેની પણ દુર્લભતા કહી નથી. ઊંડા ઊતરી જોઈએ તો ધર્મ સાધનને લાયક મનુષ્યભવ છે અર્થાત્-સંપૂર્ણ ધર્મને લાયક મનુષ્યભવ દેવતાના ભવ કરતાં પામવો વધારે દુર્લભ છે અને પામ્યા પછી ધર્મ માર્ગે સમર્પણ કરવો તે જ શ્રેયકર છે.

સ્થાન થોડા અને ઉમેદવાર ઘણા તે જ વસ્તુ દુર્લભ !

દેવતાનો ભવ પામવો સહેલો છે. નારકી વિકલેંદ્રિય. એકેંદ્રિય દેવતા થાય નહિ તેમજ દેવતા ચ્યવીને દેવતા થાય નહિ. ફક્ત સંજ્ઞા પંચેંદ્રિય દેવતાની ગતિને લાયક છે. સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચ જ માત્ર દેવતાની ગતિને લાયક છે, તાત્પર્ય કે દેવતાના સ્થાનક તો ઘણાં છે પણ ઉમેદવાર થોડા છે. જ્યારે મનુષ્યગતિમાં સ્થાન થોડા અને ઉમેદવાર ઘણા છે કેમકે નારકી વિકલેંદ્રિય, એકેંદ્રિયાદિ બધા જીવો ઉમેદવાર છે અને તે મનુષ્ય થાય. જેના ઉમેદવાર ઘણા હોય અને સ્થાન થોડા હોય તે મુશ્કેલ (દુર્લભ) કે જેમાં ઉમેદવાર થોડા અને સ્થાન વધારે તે મળવું મુશ્કેલ (દુર્લભ) ? દેવતાપણું તો પરાણે પણ મળે છે, બીજો પરાણે મેળવવા માગે તો મેળવી દે, પણ મનુષ્યપણું પરાણે મેળવવા માગે તો પણ મેળવાતું જ નથી. દેવતાપણું એ અકામનિર્જરાથી પણ મેળવાય છે, કેમકે અકામનિર્જરામાં કર્મ ભોગવતાં દુઃખો પરાણે ભોગવાય છે. જે દુઃખો પોતાની ઇચ્છાએ ભોગવાય ત્યાં અકામનિર્જરા નથી પણ સકામનિર્જરા છે. બીજાઓ હેરાન કરે તે દ્વારાએ અકામ નિર્જરા થાય તેથી દેવપણું મેળવી શકાય પણ મનુષ્યપણું અકામ નિર્જરાથી નથી મળતું. **જગતભરમાં જ્યાં જ્યાં મનુષ્યપણું, દ્રષ્ટિગોચર થાય ત્યાં ત્યાં સમજવું જરૂરી છે કે પૂર્વ અવસ્થામાં પ્રકૃતિએ પાતળા કષાય કર્યા હોય, દાનરૂચીથી રંગાયો હોય, મધ્યમ ગુણોમાં ભીંજાયો હોય ત્યારે મનુષ્યપણાને યોગ્ય આયુષ્ય બંધાય અને મનુષ્યપણું મળે છે. પાતળા કષાયો આદિ વિના મનુષ્યપણાનું આયુષ્ય બંધાતું જ નથી ! ! !**

કયા કારણે મનુષ્યભવ મળે ?

મનુષ્યજીવન બાહ્ય સંયોગોને આધીન છે. અનુકૂળ હવા ખોરાક વિગેરે મળે તો જ જીવી શકાય. બાહ્ય સામગ્રી મેળવવા પુરતું કર્મમંદ થવું જોઈએ. મનુષ્યપણું બાંધ્યા પછી આયુષ્ય ભોગવવાનું છે; તેવો મનુષ્યપણામાં અનુકૂળ સંજોગ ક્યાંથી મળશે ? **'दानेन भोगानाप्नोति'** માટે મનુષ્યપણામાં દાનની જરૂર પડશે. મનુષ્યપણામાં અમુક જવાબદારીનાં જોતરાં ગળે વળગવાનાં છે. જે પોતે સમજી છે, ઉપદેશ સાંભળે છે તેવાને અંગે આ કહેવાય છે. સ્વાભાવિક ક્ષયોપશમ થવો જોઈએ; મનુષ્યપણામાં પામવા લાયક તો પામવું જોઈશેને ? બીજે દાનનાં સાધનો નથી તેથી દાનની પ્રવૃત્તિ કરે પણ નહિ પણ દાનાંતરાયનો ક્ષયોપશમ થવો જોઈએ, નહિ તો અહીં લાભાંતરાયના ક્ષયોપશમનાં સાધન મેળવશે ક્યાંથી ? મનુષ્યપણું મુખ્યતાએ વિવેકને આધીન છે. પાતળા કષાય કરવા, દાનરૂચિવાળા થવું, અને

મધ્યમગુણો એ ત્રણ કારણ અંગિકાર કરવા તે પોતાના વિવેકનું કામ છે. દેવતાપણું તો અકામ નિર્જરાથી પણ મળી જાય છે. આટલું છતાં દેવપણું મુશ્કેલીથી મળે તેની સાથે શાસ્ત્રકારને લેવાદેવા નથી: શાસ્ત્રકારે મનુષ્યપણાને એટલા માટે જ મુશ્કેલ કહ્યું છે કે ધર્મ સાધનનું સ્થાન હોય તો મનુષ્યપણું છે માટે તે ફરી ફરીને મળવું મુશ્કેલ છે. શ્રી તીર્થંકરદેવે મનુષ્ય ભવને દશ દૃષ્ટાંતે દુર્લભ કહેલ છે તે આટલા માટે જ. કાંઇ વિષય કષાય માટે મનુષ્યભવને દુર્લભ કહ્યો નથી. એના એ જ દશ દૃષ્ટાંતે ઉત્તમકુળ, આર્યક્ષેત્ર બધું દુર્લભ કહ્યું છે. ધર્મનું સાધન મનુષ્યગતિ સિવાય બીજી ગતિમાં બનતું જ નથી, માટે શાસ્ત્રકારે મનુષ્યગતિએ દુર્લભતા ઉપદેશી છે શાસ્ત્રકારે દેવતાના ભવોને સારા ગણ્યા, ત્યાંની સુખ સમૃદ્ધિ વિગેરે બધાનું વર્ણન કર્યું પણ દેવતાના ભવને દુર્લભ કહ્યો નહિ.

બેદરકાર દર્દી માટે વૈદ્ય જવાબદાર નથી !

ખસની ચળમાં માત્ર ખણાયા જ કરે અને દવા ન લાગે તો ધારું પડી જવાનું. દેવતાનો ભવ ઘારાં પાડનારો છે અને ધર્મીવિહોણો (ધર્મની પ્રાપ્તિ વિનાનો) મનુષ્યભવ પણ ઘારાં પાડનારો છે. તેથી શાસ્ત્રકારોએ રિદ્ધિસિદ્ધિના લાભનો આશીર્વાદ ન આપતાં ધર્મલાભનો આશીર્વાદ રાખ્યો છે. સામા પાસે લીધેલું દાન પણ ધર્મની સાધનામાં સહાયક છે માટે ધર્મલાભ જ એ વચન ન્યાયસંગત છે. 'ધનવાળા, પુત્રવાળા, વિગેરે થવાનો આશીર્વાદ આપ્યો પણ તેમ ન થાય તો ? કહેનાર મૃષાવાદી ! 'ચિરંજીવ'નો આશીર્વાદ દીધો અને સામો તરત મરી જાય તો ! આશીર્વાદ દેનારો મૃષાવાદી થાય ! છોકરાને ખસ ન હોય તો માબાપ ખસ ઊભી કરતા નથી. ખણવાની મોજ માટે ખસ ઊભી કરવાનું કોઇ ઇચ્છતું નથી તેમ દુનિયાદારીએ માનેલા સુખને માટે શાસ્ત્રકારો વિષય કષાયનો ઉપદેશ આપતા નથી. આશીર્વાદ, દેનારો આશીર્વાદ દે છે તેમ થાય છે એમ નક્કી નથી. આપણને કોઇ આશીર્વાદ દે ત્યારે આપણે હર્ષ પામીએ છીએ અને કોઇ ગાળ દે તો તપી જઇએ છીએ. જો કે જાણીએ છીએ આ બન્ને ખોટા છે છતાં ખુશ નાખુશ કેમ થઇએ છીએ ? આશીર્વાદ પર પ્રીતિ અને ગાળ પર અપ્રીતિ છે. **જે વસ્તુ વહાલી હોય તેના ખોટા શબ્દો વહાલા લાગે છે અને અળખામણી વસ્તુના ખોટા યા બનાવટી શબ્દો પણ અળખામણા લાગે છે.** તેથી આર્યક્ષેત્રમાં ધર્મપદાર્થને બધા સારો ગણે છે. કોઇ માણસ ધર્મ ન કરતો હોય તેને બીજો માણસ ધર્મિષ્ઠ કહે તો તે ખુશ થાય છે. એક મનુષ્ય પૂરેપૂરો ધર્મ કરતો હોય છતાં તેને કોઇ પાપી કહેતો તે નાખુશ થાય છે. બોલેલું બધું સાચું પડે છે એમ નથી પણ પ્રિય વસ્તુના અંગેના જુઠા શબ્દો પણ પ્રિય લાગે છે. આર્યક્ષેત્રમાં સામાન્યથી દરેકને ધર્મપરત્વે પ્રીતિ છે પણ 'ધર્મ' એ શબ્દની પ્રીતિએ કામ ન થાય. જેમ 'દુઃખ જાય, રોગ જાય,' એવા જાપથી દુઃખ કે રોગ જતાં નથી પણ રોગ તથા દુઃખને કાઢવા પ્રયત્નો કરવા પડે છે તેવી રીતે 'ધર્મ, ધર્મ' ના પોકારથી ધર્મ થવાનો નથી, અધર્મનો નાશ થવાના પોકાર માત્રથી અધર્મ નાશ પામવાનો નથી. જેમ ખસ કાઢવા ઇચ્છનારે વૈદ્યે કહ્યા મુજબ વર્તવું જોઇએ, દવા લેવી જોઇએ, કુપથ્ય ઢાળવું જોઇએ આ તે જ કરે કે જે વૈદ્ય ઉપર વિશ્વાસ રાખે ! અહીં પણ અનાદિના ભયંકર ચેપી કર્મરોગને ટાળવા ધર્મ ઔષધ આપનાર જો કોઇ મહાન વૈદ્ય હોય તો એક જ શ્રી તીર્થંકરદેવ છે. અહીં કોઇ પ્રશ્ન કરે કે ત્યારે એ દેવાધિ દેવ-એ પરમવૈદ્ય આખા જગતના રોગો કેમ ટાળતા નથી ? જો બીજા તરે એમાં જ તેઓનું કર્તવ્ય સમાય તો જગતનો ઉદ્ધાર થાય તેવું તેઓ કેમ નથી કરતા ? આખા જગતનું અંધારું ટળે તે માટે જ સૂર્યનો ઉદય છે એ વાત ખરી છે પણ સૂર્યોદય થયા છતાં જે મનુષ્ય આંખો ન ઉઘાડે તેનું અંધારું શી રીતે જાય ? સૂર્યોદય થયા છતાં, આંખો ઉઘાડી રાખ્યાં છતાં, ત્યાગ કરવા લાયક સ્થાનને

ત જે નહીં અને સ્વીકારવાલાયક સ્થાનને તે સ્વીકારે નહીં તેની અથડામણ શી રીતે ટળે બલ્કે આસ્તિક કે નાસ્તિક હો તો તેવાઓના ઉધ્ધાર કરવાને અજવાળું તો પણ અસમર્થ જ છે.

આસ્તિક નહિ તે નાસ્તિક એમ નહિ !

જગતમાં આસ્તિક માત્રે દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણે તત્ત્વોને માન્યાં છે. આસ્તિક ગણાવાતો કોઈ પણ મત એવો નથી કે જેમાં આ ત્રણે તત્ત્વો ન હોય. આ તત્ત્વોમાં આધાર કોણ તથા આધેય કોણ ? આધારના સંરક્ષણની પ્રથમ જરૂર છે. જો આધારની રક્ષાનો પ્રબંધ ન હોય, અને કદાચ રક્ષાનો પ્રબંધ છતાં સુંદર તથા સુદ્રઢ ન હોય તો આધેય મેળવવા છતાંયે તે ટકી શકે નહિ. આ ત્રણ તત્ત્વોમાં પરસ્પર આધાર આધેય કોણ છે તે વિચારવું આવશ્યક છે. આસ્તિક માત્ર ભવાંતર માનનારા હોય છે. જીવ ન માને તે નાસ્તિક આવું કથન દુનિયામાં પ્રચલિત છતાં શાસ્ત્રકારોએ તત્સંબંધી વધારે સ્પષ્ટ કર્યું કે **नास्ति परलोकादिरितिमतिंरस्य स नास्तिक** જે પરલોક વિગેરેને ન માને તે નાસ્તિક. 'આસ્તિક નહિ તે નાસ્તિક' આવી વ્યાખ્યા કોઈ પણ વ્યાકરણ શાસ્ત્રકાર માનતા નથી કે જો એમ કહીએ તો અજીવ પણ નાસ્તિકની કોટીમાં ગણાય. જીવ પરલોક, પુણ્ય પાપાદિને માને છે તે આસ્તિક. જડ પદાર્થ આ બધાને (જીવ, પરલોક, પુણ્યાદિ) માનતો નથી તો તેને આસ્તિક કહેવો ? ન જ, કહેવો. આટલા માટે 'આસ્તિક નહિ' ને નાસ્તિક' આવી વ્યાખ્યા ન રાખતાં 'પરલોક વિગેરે નથી' આવી બુધ્ધિવાળો તે જ નાસ્તિક કહેવાય એમ વ્યાખ્યા રાખી. આસ્તિક નાસ્તિક બંન્નેને સ્વતંત્ર સિધ્ધ કરવા પડયા. જાનવરો જડ નથી પણ ચેતન છે, તેમને જીવ, પરલોક, પુણ્ય પાપાદિનો વિચાર નથી તો તેમને નાસ્તિક માનવા ? જેની બુધ્ધિમાં પરલોક છે કે નથી એ બાબતનો વિચાર નથી તેમની તો એકેમાં ગણત્રી નથી. જાનવરો તો માત્ર જન્મ જ પૂરો કરે છે. તે જન્મમાં તેઓ પોતાનો માલિક જે ખોરાક આપે તે ખાય, તેનું કામ કરે, પોતાનાં સંતાનનું પાલન કરે અને આયુષ્ય પૂર્ણ થયે જીંદગી પૂરી કરી ચાલતા થાય. તેવી રીતે જ મનુષ્યોને પરભવનો ખ્યાલ ન હોય તેઓ પણ એ રીતે જાનવરની જેમ જીંદગી પૂરી કરે છે. જન્મવું, ખાવું પીવું, વેપાર કે નોકરી કરવી, કુટુંબનું પોષણ કરવું, જીંદગી પુરી કરી આયુષ્ય ખતમ થયે ચાલ્યા જવું એટલું જ થાય તો પછી મનુષ્યે પશુની માફક જીંદગી પૂરી કરી એમ કહેવામાં જરાયે ખોટું નથી.

વિષયોનું વિવેકીપણું પશુભવમાં પણ છે.

કદાચ કોઈ કહેશે કે જાનવરને વિવેક નથી; ઊંડા ઊતરી વિચારશો તો જરૂર જણાશે કે ઇંદ્રિયોના વિષયોનો વિવેક જાનવરને પણ છે. જાનવર પાસે તમે પાણીનું અને મૂતરનું કુંડું મૂકો, તે પાણીનું કુંડું ખાલી કરશે (પીશે) અને મૂતરના કુંડાને પડી રહેવા દેશે. તમાકુના ખેતરને વાડ ભરવી (કરવી) પડતી નથી. કેમકે એને કોઈ જાનવર ખાતું નથી એટલે કે શું ખાવા લાયક તથા શું નહિ ખાવા લાયક, શું પેય તથા અપેય તેનો વિવેક જાનવરને પણ છે. ઠંડીના દિવસમાં છાંયેથી તડકે જવાનો તથા ગરમીના દિવસોમાં તડકેથી છાંયે જવાનો વિવેક પણ જાનવરમાં છે. અનુકૂળ મધુરો શબ્દ, સ્વર સાંભળીને તે છેટેથી નજીક આવે છે જ્યારે ભયંકર શબ્દ સાંભળીને તે (જાનવર) નાસી જાય છે. ઇંદ્રિય સંબંધી વિષયોના સારા નરસાપણાનો વિવેક તો જાનવરોમાં પણ રહેલો છે એટલું જ નહિ પણ કેટલાક ગુણોમાં તો મનુષ્યથી પણ જાનવર તે વિષય વિવેકની બાબતમાં ચઢીયાતા છે. ગમે તેટલે દૂર સાકર હોય તો પણ કીડીને તે તરત માલુમ પડે છે. ગંધને ગ્રહણ કરવાની કીડીની શક્તિ અતિ તીવ્ર છે. કૂતરાઓ પણ ગંધને આધારે ચાલે છે. મનુષ્યો ભૂલા પડે છે પણ કૂતરાઓ ભૂલા પડતા નથી. અરધા ગાઉ ઉપર મનુષ્યોનો પગરવ થતો જાણી કૂતરાઓ ભસવા માંડે છે. મતલબ કે ઇંદ્રિયોના વિષયોના

વિવેકમાં જાનવર મનુષ્યથી ઊતરતા નથી. જો મનુષ્ય માત્ર વિષયોમાં જ જીંદગી પૂરી કરે તો મનુષ્ય અને પશુમાં ફરક શો ?

જો વિષયોની રમણતા એ જ વિવેક ગણાતો હોય તો મનુષ્યભવ પુરો કરનારા મનુષ્યો કરતાં જાનવરો ઘણાં સારાં, કેમક જાનવરની (તિર્યંચની) ગતિ પાપના ઉદયે મળી છે. અને એ ગતિનું જીવન જેટલું જીવાયું તેટલું પાપનું ફળ ભોગવી હલકા થવાય છે. મનુષ્યભવ તો પુણ્યથી મળ્યો છે એટલે દુર્લભ એવા મનુષ્ય ભવમાં ચોખ્ખો ખાડો જ ખોદાય છે, કેમકે ક્ષણેક્ષણે મનુષ્યભવનું આયુષ્ય અને પુણ્યપ્રકૃત્તિઓ ક્ષય પામે છે. જેમ ઉંમર વધે છે તેમ મનુષ્ય માને છે કે મોટા થવાય છે પણ તત્ત્વથી તો મોટા મટી છોટા થવાય છે અર્થાત્ આવરદા ઘટે છે અને મોત નજીક આવે છે. મહામહેનતે મેળવેલું માનવ જીવન વેડફી નંખાય છે ! ! !

મનુષ્ય જિંદગીની કિંમતનો ખ્યાલ છે ?

આ માનવ જીવનરૂપ અમુલ્ય થેલીમાંથી જે ખૂટી રહ્યું છે તેનો વિચાર કયે દિવસે આવ્યો? જાનવરની તો દુઃખમય જિંદગી એટલે પાપનું ફળ અતિ પરાધીનપણે ભોગવવાની જીંદગી, એટલે તેના જીંદગી સંબંધીને વિચાર ન આવે પણ મનુષ્યની જીંદગી માટેય વિચાર સરખોયે નહિ ? આપણી મનુષ્યની મોંઘી જીંદગીની એક મિનિટ દેવતાના બે ક્રોડ પલ્યોપમ બરાબર છે.

સામયિક વ્રતની પૂજામાં શું બોલો છો ? એક સામાયિક કરનારો દેવતાનું કેટલું આયુષ્ય બાંધે છે ?

'લાખ ઓગણસાઠ બાણું ક્રોડી, પચવીસ સહસ નવસેં' જોડી પચવીસ પલ્યોપમ માહેરું' (૯૨૫૯૨૫૯૨૫ પલ્યોપમ) એટલું દેવતાનું આયુષ્ય માત્ર અડતાલીસ મિનિટના એક સામાયિકમાં બંધાય છે. એક મિનિટમાં લગભગ બે ક્રોડ પલ્યોપમનું દેવાયું બંધાય છે. માનવજીવનની એક મિનિટ કેટલી કીંમતી છે ? આવી જીંદગીની કિંમત ન હોય એ કેટલું દુઃખદાયક છે ? મોતીના ઢગલા ઉપર નાનો છોકરો બેસે તો શું કરે ? એને બિચારાને મોતીની કિંમતની ખબર નથી એટલે તે ઢગલા પર મારું. અને સ્થંડીલ કરે, વધુમાં તે ઢગલામાંથી એક મુઠો આમ ફેંકે તો બીજો મુઠો તેમ. ફેંકે પણ કરે શું ? મોતીની ફેંકાફેંક, એ બચ્ચાને બેવકૂફ કહેતાં પહેલાં આપણે શું કરી રહ્યા છીએ એ કદી વિચાર્યું ? કહેવું પડશે કે નહિ. કાલ સવારથી આજ સવાર સુધી ફક્ત એક દિવસના ચોવીસ કલાકની જીંદગી માટે વિચાર કરીએ તો માલમ પડશે કે મોંઘી માનવ જીંદગી વ્યર્થ ગઈ, વિચારો કે એટલી જીંદગીમાં મેળવ્યું શું ? અરે ન મેળવ્યું હોય તો શાથી મેળવાય ? મેળવ્યું કે ઊલટું ખોયું ? જન્મતા સાથે લાવ્યા નથી, મરતા સાથે લઈ જવાના નથી, પણ જન્મ અને મરણની મધ્ય જીંદગીમાં રહે તેનો ભરોસો પણ નથી એવા હીરા, મોતી, સોના, ચાંદી, લોઢા, ધૂળમાટી વિગેરેની કિંમત છે પણ જીંદગીની કિંમત નથી ! બાઈઓ વાસણ માંજવા માટે ધોળી માટી ભેગી કરે છે, અને ભાઈઓ ચોપડાના અક્ષર ન ભુલાય તે માટે કાળી રેતી એકઠી કરે છેઃ આમાંથી કદાચ કોઈ જરા તે લે અગર નાખી દે તો તેમાંયે તરત નુકસાન ગણીને હાથથી ઈન્સાફ ચુકાવો છો અગર લડવા લાગો છો. ચોવીસ કલાકની અમૂલ્ય જીંદગી નકામી ગઈ તેને અંગે કદી લેશ પણ આવેશ આવ્યો ? નહિ. ત્યારે જવાહીર કરતાં કંઈક ગુણી માનવ જીંદગી ધૂળ રેતી કરતાંયે હલકી ગણી છે. ભલે તમે બોલવામાં 'કીમતી, અમુલ્ય, અને સોનેરી' વિશેષણોનો લેબલો દ્વારાએ બધુંયે કહી દો છો, પણ વર્તનથી કેવી ગણો છો. તે તમે

તમારા હૃદયમાં વિચારો. ધૂળ તથા જીંદગી માટેના વતનની તુલના કરો ? દીવા જેવી વાત છે કે જીંદગીને ધૂળ જેવીયે ગણતા નથી. જરા જેટલી ધુળ કે રેતી જાય છે ત્યાં ચિત્તમાં ચમકો છો પણ આવી દુર્લભ જીંદગીના દિવસો, મહિનાઓ, વર્ષો ગયાં તેય હજુ કાળજામાં ખટકયા ખરા ? નહિ ! કહો કે ધુળની કિંમત છે પણ જીંદગીની કિંમત નથી ! ! જીંદગીની કિંમત નથી એટલે અમૂલ્ય છે એમ અર્થ તો મજાનો છે પણ તે અર્થ ને અનુસરવાની વાત વિસારે પડી છે. તમને તો જીંદગીની કિંમત લેશ પણ નથી માટે તેનો ખ્યાલ સરખોયે નથી ! ! ! તેથી જ જીંદગી ધૂળધાણી મળે છે તેનો અફસોસ પણ નથી જ.

મોક્ષ માર્ગને ગીરો મૂકીને ખરીદાયેલી દેવતાની જીંદગી.

મનુષ્યની જિંદગી એ મોક્ષની સીડી છે. દેવતાની જીંદગી મોક્ષની સીઢી નથી પણ ભોગનો ભૂખરી વેલુથી બનેલો થાંભલો છે. મોક્ષ માર્ગને ઘરેણે મુકીને દેવતાની જીંદગી લેવાયેલી (ખરીદાયેલી) છે. જ્યાં સુધી ગીરવે મુકાયેલી ચીજ છોડાય નહિ ત્યાં સુધી તે ચીજ અગર રકમ કે મકાનની વ્યવસ્થા કરી શકાતી નથી. મોક્ષ માર્ગને ગીરો (ઘરેણે) મુક્યા સિવાય કોઈથી દેવગતિમાં જઈ શકાતું નથી. આ તો ઈચ્છા નહિ છતાં સહી થઇ ગયાં જેવું છે. જે કાર્ય મનુષ્ય અંતર્મુહૂર્તમાં કરી શકે છે તે કાર્ય દેવતા તેત્રીસ સાગરોપમે પણ કરી શકે નહિ. સંખ્યાતા સાગરોપમની સ્થિતિને મનુષ્ય અંતર્મુહૂર્તમાત્રમાં ખપાવે જ્યારે દેવતા નવ પલ્યોપમ જેટલી સ્થિતિ પણ ઓછી કરે નહિં. પગથિયાંઓમાં પહેલું પગથિયું સમ્યક્ત્વ છે, પછી દેશવિરતિ છે, પછી સર્વવિરતી છે. સમ્યક્ત્વથી દેશવિરતિને પગથિયાંઓમાં પહેલું પગથિયું સમ્યક્ત્વ છે, પછી દેશવિરતિ છે, પછી સર્વવિરતિ છે. સમ્યક્ત્વથી દેશવિરતિને નવ પલ્યોપમ છેટું (અંતરે) છે. સંખ્યાતા સાગરોપમનું અંતર છતાં મનુષ્ય જો તીવ્ર પરિણામવાળો થાય તો અંતર્મુહૂર્તમાં પહેલેથી ચૌદમે ગુણસ્થાનકે પહોંચે છે, સમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે સંખ્યાતા સાગરોપમની કર્મ સ્થિતિ તોડી નાખે છે. ઈન્દ્રભૂતિ મહાવીર ભગવાન પાસે આવે છે ત્યારે, પ્રભુના સમવસરણનાં પગથિએ પગ મૂકે છે ત્યાં સુધી મિથ્યાત્વી છે; ભગવાન કહે છે કે પ્રશ્ન પૂછે છે ત્યાં સુધી મિથ્યાત્વી છે. સમકિતી તો ત્યારે થયા કે જ્યારે ભગવાનનું કહ્યું પરિણમ્યું ત્યારે. તેમને (ઈંદ્રભુતિને) સમકિત પ્રાપ્તિ અને દીક્ષા વચ્ચે અંતર માત્ર અંતર્મુહૂર્તનું છે. મનુષ્ય અંતર્મુહૂર્તમાં એટલું અંતર તોડી શકે છે જ્યારે દેવતા ૯ પલ્યોપમ એટલું અંતર તોડવા પણ સમર્થ નથી, અર્થાત્ મનુષ્યની જીંદગીમાં જે કાર્ય બે ઘડીમાં થાય છે તે દેવતાની તેત્રીસ સાગરોપમની જીંદગીમાં થતું નથી.

સંસાર અનાદિથી ચાલે છે પણ કોઈ કાળે કોઈ દેવતા મોક્ષે ગયો નથી, જતો નથી અને જશે પણ નહિં. મોક્ષે મનુષ્યો જ ગયા છે, તેઓ જ જાય છે અને જશે માટે જ મનુષ્યભવને મોક્ષની સીડી કહી છે. દેવતાના ભવનું સુખ એટલે મોક્ષને ગીરવી મૂકીને મેળવેલું સુખ ! ઘેંસ રાંધતાં તેમાં જે ગંઠાઈ જાય પછી તેને ગમે તેટલું હલાવો તો પણ તે ગાંઠો કદી સીઝે નહિ, તેમ દેવતાનો ભવ પણ મોક્ષની વચ્ચે ગાંઠારૂપ છે. પુણ્યથી મળેલા દેવતાના ભવના ભોગવટામાં તેના બદલે નવું મેળવી શકાતું નથી. જ્યારે મનુષ્યભવના નિર્ગમનમાં, જીવનવહનમાં, આયુષ્યના ભોગવટામાં મનુષ્ય ધારે અને કાર્યવાહી કરતાં આવડે તો જે ધારે તે મેળવી શકે છે. આવી અતિકીંમતી જીંદગી તદ્દન એળે કેમ જાય છે તેનો વિચાર સરખો પણ આવતો નથી ! મોટા થયા એમ ગણતરી ગણીએ છીએ પણ મળ્યું શું (મેળવ્યું શું) ગયું શું (ગુમાવ્યું શું) તે વિચારતા નથી. હલકો કોણ ? મોક્ષનું સબલ કારણ હસ્તગત

થયાં છતાં મોક્ષ પ્રાપ્તિના કારણો મેળવે નહિ, તે કારણો મળ્યા છતાં કેળવે નહિ, વેડફી નાખે તે મનુષ્ય છતાં અધમકોટિનો મનુષ્ય ગણાય છે. પણ પાપ પ્રકૃત્તિ વશ થઇ અધમ કાર્ય કરી હલકો થાય તે તેવો અધમ ગણી શકાતો કે કહી શકાતો નથી. કેવળ પુણ્યનો ભોગવટો કરવો એટલે નુકશાન જ કે બીજું કાંઇ ? આવા મનુષ્યભવમાં પણ જો કેવળ આરંભાદિકમાં લીન રહેવામાં આવે તો આવી અમોઘ જીંદગીથી મેળવ્યું શું ? 'ક્યાંથી આવ્યો, ક્યાં જઈશ, કઈ મૂડી ખોઈ, કઈ મૂડી કમાયો' આવો વિચાર બેશક જાનવરને થતા નથી પણ મનુષ્યને થાય છે જો મનુષ્ય પણ તેવો વિચારો ન કરે તો પછી મનુષ્યમાં અને જાનવરમાં ફેર શો ? નિતિકારો પણ येषां न विद्या न तपो न दानं ઇત્યાદિ, શ્લોકોના અસ્ખલિત વારિપ્રવાહથી વાંચક વર્ગને ઠામઠામ નવપલ્લાંવત ન કરે છે.

મનુષ્યને વિષયો મોંઘા છે ! જ્યારે પશુને તદ્દન સોંઘા છે !

જો ઇંદ્રિયોના વિષયોની રમણતાને વિવેક ગણવો હોય તો જાનવરથી તમારામાં કાંઇ વધારે નથી. ઊલટું તે વિષયો તો તમને મોંઘા પડે છે માટે તમને જાનવર નહિ બનાવતાં મનુષ્યભવ આપવા ખાતર વિધાતાને ઉપાલંભ અગર શ્રાપ આપવો જોઇએ ! વિષયો તમને કેમ મોંઘા પડે છે એ વિચારો! સ્પર્શેંદ્રિય વિષયમાં જાનવરને પણ સ્ત્રી સમાગમ છે, તમારે પણ છે. પરિણામની અપેક્ષાએ વાત જુદી છે બાકી તો તમારે વિષય નથી; વિષ છે. તમારે પહેલાં વેવિશાળ તથા લગ્ન કરવું પડે અને તેમાં પણ ખર્ચ કરવો પડે અને પરણ્યા પછી ભરણપોષણની જવાબદારી કાયમની વળગે છે. જાનવરને આવું કાંઇ છે ? બિલકુલ નહિ ! તમારે શિર ભરણપોષણની જવાબદારી ક્યાં સુધી ? જીંદગી સુધી ! કેદમાં સડો છતાંયે તે જવાબદારીઓમાંથી છૂટા થઇ શકતા નથી. કાયદો કહે છે કે 'ધણીએ સ્ત્રીનું ભરણપોષણ કરવું, જો ન કરે તો કોર્ટ હુકમનામું કરે, છતાં ધણી પૈસા ન ભરે તો સ્ત્રી ધણીને કેદમાં બેસાડે ક્યાં સુધી પૈસા ન ભરે ત્યાં સુધી ? અથવા જીંદગીના છેડા સુધી ! દીક્ષાને અંગે વાત વાતમાં 'સમજ્યા નથી' એમ કહેનારાઓ બલ્કે પરણીને પૂરો પસ્તાવો કરનારાઓ ભરણ પોષણની જવાબદારી કેટલા સમજ્યા છે એ જણાવશે ? પરણવામાં જીંદગી સુધી કેદની જવાબદારી છે એવું કેટલા સમજે છે ? કેટલા પરણાવનારે પોતાના છોકરાને આ વાત સમજાવી છે? પરણવામાં સ્ત્રીના તથા સંતતિના ભરણ પોષણની તમામ જવાબદારી રહેલી છે. માત્ર ભરણપોષણની જ જવાબદારી છે એમ નહિ પણ માંદગી આવેથી દવાની, સારવારની પણ જવાબદારી એટલી જ છે. આટલી જવાબદારી શિરપર વહોરો ત્યારે સ્પર્શેંદ્રિયનાં સુખ મળે જ્યારે જાનવરને જવાબદારી જરાયે નથી. કંદોઈની દુકાને કાંઈ ખાઇને પૈસા ન આપો તો તે તમને કોર્ટે દોરી જાય, પણ કીડી, મંકોડા વિગેરે રોજ કેટલીએ મીઠાઈ ખાઈ જાય છે તેને કોર્ટમાં કોણ દોરે છે ? બગીચાઓમાં ભમરાઓ છૂટથી ફરી શકે છે, અરે ! ફૂલનો રસ ચૂસી શકે છે, રાજમહેલમાં ભમરાઓ, પક્ષીઓ છૂટથી ફરી શકે છે, તથા રાજાની રાણીને પણ જોઇ શકે છે, જ્યારે મનુષ્યો માટે તો ત્યાં આડો પડદો છે. બલ્કે ભૈયા, અને ચોકી પહેરા છે એ રાણીનાં ગાયનો કબુતર. મેના, પોપટ, ચકલી વિગેરે સાંભળી શકે છે પણ તમે (મનુષ્ય) સાંભળી શકાતા નથી. તાત્પર્ય એ છે કે પાંચ ઈન્દ્રિયોના વિષયો તો પશુપક્ષીએ સોંઘા છે; મનુષ્યને તો મોંઘા છે. મહામુશ્કેલીએ મળે તેવા છે, માટે વિષય માટે જીવન વેડફી નાંખવું એ માનવ જીવન જીવનાર માટે લેશભર હિતાવહ નથી.

દેવ, ગુરુ, ધર્મ એ તત્ત્વોમાં મુખ્યતા કોની ?

શાસ્ત્રકારે મનુષ્યપણું કયા વિવેકને અંગે ઉત્તમ ગણ્યું છે તે વિચારો ! પોતે કોણ, ક્યાંથી આવ્યો, ક્યાં જવું પડશે, પહેલાં કઈ દશા હતી, હાલ કઈ દશા પ્રાપ્ત થઈ છે હવે કઈ દશા પ્રાપ્ત કરવી છે અને તે કેવી રીતે મેળવાય વિગેરે જે વિચારે અને તે વિચારીને વર્તનમાં મૂકવા કટિબદ્ધ થવાપૂર્વકના

વિવેકને અંગે મનુષ્યપણાને શ્રેષ્ઠ કહેવામાં આવ્યું છે. મનુષ્યોમાં આસ્તિક નાસ્તિકનો વિભાગ આથી જ થયો છે. કોઈપણ આસ્તિકમતવાળો ગયા કે આવતા ભવની માન્યતા વગરનો હોતો જ નથી એ મૂળ વાત આપણે આથી નક્કી કરી શક્યા. ગયા ભવના સંસ્કારવાળો ન હોય તો પણ ગુરુતત્વની આરાધના તથા ધર્મતત્વની આરાધના થાય પણ દેવ તત્વની વાંસ્તવિક આરાધના ગયા ભવના સંસ્કાર વિના કરાય નહિ, દેવથી જ દેવપણાની શરૂઆત થાય તેવો નિયમ નથી. તીર્થંકર મહારાજ વિદ્યમાન ન હોય ત્યારે પણ તીર્થંકર નામ કર્મ બાંધી શકાય છે તે ગુરુને જ આધારે; ગુરુથી ઉપદેશ મળે તો ધર્મ પામે.' વીસ સ્થાનકની આરાધના કરવાની બુદ્ધિ જાગે તથા આખા જગતને તારવાની બુધ્ધિ થાય." વિગેરે અનેક લાભો ગુરુ દ્વારાએ થાય છે આપણે ડૂબી રહ્યા છીએ એવું ભાન ચોવીસ કલાકમાં ક્યારે આવ્યું ? અને જો ન આવ્યું તો આપણે તરીએ એ વિચાર ક્યાંથી આવે ? જ્યારે પોતા માટે આ વિચાર ન આવે તો આખું જગત ડૂબી રહ્યું છે તથા તેને તારીએ તેવો વિચાર તો આવે જ શાને ? આ આત્મા મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિ અગાધ જળમાં ડૂબી રહ્યા છે તે વિચાર આવ્યો ? આત્મા ઉપર આઠે કરમનાં આઠે પડ વળી ગયાં છે. પોતે ડૂબે અને પરને તારે એવી ચીજ પ્રાયઃ જગતમાં તો નથી. પોતે તરે બીજાને ન તારે એવી ચીજ દડા સરખી છે તેમ પોતાના આત્માને ડૂબતો બચાવીએ નહિ અને બીજાને તારવાની વાતો કરીએ તે બને નહિ. પોતે અને આખું જગત ડૂબી રહેલ છે, અને આખા જગતને કેમ તારું આવી ભાવનાવાળો આત્મા તીર્થંકર થાય છે. હવે એનાથી ઊતરતી ભાવના એ કે આખા જગત ને તારવાની શક્તિ પોતામાં નથી પણ કુટુંબને તારું આવી ભાવનાવાળો આત્મા ગણધર થાય છે. પણ આજકાલ તો એ સ્થિતિ છે કે 'મહાજન મારા માથ પર પણ ખીલી મારી ખસે નહિ" "દેવ તરણતારણ, ગુરુ ભવભય નિવારણ તથા ધર્મ સંસાર સમુદ્રમાં જહાજ આ બધું કબુલ ! કબુલ ! કહો એટલી વાર કબુલ ! ! પણ કુટુંબ, સ્ત્રી, પુત્ર, પુત્રી, વહુ વિગેરે પરિવાર રૂપ એક પણ ખીલી ખસેડવાની અર્થાત્ આમાંથી કોઈના ઉદ્ધારની વાત કરવી નહિ !' આજે આ ભાવનાથી ભરેલા જીવો છે કે નહિ તે માટે તમારા હૃદયને પુછી જુઓ ! આપણાં છોકરાંને દેવગુરુ ઓળખાવીએ છીએ, દેરે ઉપાશ્રયે મોકલીએ છીએ, સામાયિકાદિ કરાવીએ પ્રતિકમણ અને પોસહાદિ કરાવીએ છીએ પણ આ બધામાં ભાવના કઈ ? આ બધા દ્વારા સર્વવિરતિ પમાડવાની ભાવના હોવી જોઈએ પણ છે કઈ ? 'ત્યાગને રસ્તે કોઈ જવો જોઈએ નહિ ઘરમાં રહીને બધું કરોઃ' આ ભાવના છે કે નહિ ? દેવ, ગુરુ, ધર્મને શ્રેષ્ઠ તરીકે, પરમતારક તરીકે ઓળખાવ્યા એ વાત ખરી પણ પોતાના કુટુંબને ત્યાગી કરવાની, મિથ્યાત્વાદિ કર્મનાં કારણોથી બચાવવાની ભાવના આવી ? આ તો એક જ વાત કે દેવાદિ દેવ એ બધું ખરું પણ મારા સંસારની એક પણ ખીલીને સહેજ પણ હલાવવી નહિ ! શાસન એટલે ત્યાગમય પ્રવૃત્તિની અસ્ખલિત સ્થિતિ, આખા જગતને ત્યાગમય બનાવવાની ભાવનાવાળો તીર્થંકર થાય; તે ન થાય તો કુટુંબને તારવાની ભાવનાવાળો ગણધર થાય; માટે ગુરુત્વ ઉપર જ દેવતત્વની જડ રહી. વળી શ્રી તીર્થંકરે પણ પહેલા ભવમાં ધર્મ કર્યો હતો તેથી જ વર્તમાન ભવમાં તીર્થંકર થયા માટે દેવતત્વનો આધાર ગુરુતત્વ તથા ધર્મતત્વ ઉપર રાખવો જોઈએ. આવું એકાંતે સમર્થન કરનારાએ જાણવું જોઈએ કે ગુરુતત્વ તથા ધર્મતત્વ પ્રગટાવ્યા કોણે ? ગુરુ તથા ધર્મ તત્વનો આધાર દેવતત્વ પર જ છે. આપણે ગુરુ કોને માનીએ છીએ ? શ્રી તીર્થંકર દેવના વચનાનુસાર ચાલે તેને જ ગુરુ માનીએ તો હવે બે તત્વમાં મૂળ કોણ ? દેવ કે ગુરુ ? કહેવું પડશે કે દેવ ! !

ધર્મતત્ત્વનો આધાર, શાસ્ત્રની ઉત્પત્તિ વિગેરે અગ્ર વર્તમાન.

(ટાઈટલ પેજ ચોથાનું અનુસંધાન)

આજનો મુસદ્દો મોગલાઈ સદીઓની પાપમય પુરાતની પિછાણ કરાવે છે.

આજનો મુસદ્દો પ્રજાનું જેમાં હીત નથી, રાજાનું જેમાં શ્રેય નથી, પ્રજા-રાજાને યત્કિંચિત્ જેમાં લાભ પણ નથી છતાં નુકસાનના નિઃસીમ ધોધમાર નિરંકુશ પ્રવાહ છોડવા કટિબદ્ધ થયો છે.

આજનો મુસદ્દો મરણ પ્રમાણ દેખી જન્મ પ્રમાણ ઘટાડવા ઘેલો બની ઉતાવળો થયો છે.

આજનો મુસદ્દો હિમાદ્રિની ઉન્નતતાને જમીનદોસ્ત કરનાર ગાંગહસ્તીની જેમ હતાશ થાય છે એટલું પણ વિચારતાં નથી.

આજનો મુસદ્દો એટલે પરમ પાવનમય અને પરમ આશીર્વાદરૂપ જગતભરને કલ્યાણકારક દિવ્ય દિક્ષા ઉપર અણઘટતું નિયમન ! ! !

ચંદ્રસા૦

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

આજનો - મુસદ્દો.

આજનો મુસદ્દો પ્રભુ મહાવીરની પૂનિત સર્વમાન્ય સંસ્થાને જમીનદોસ્ત કરવાની ઉમેદ રાખે છે.

આજનો મુસદ્દો વાલીની વાસ્તવિક સમજણને સમજણ તરીકે સ્વીકારવાની સદંતર ના પાડે છે !

આજનો મુસદ્દો ગાલી પ્રદાનમાં ફોજદારી અને મારામારીમાં દિવાનીની રાહતે ન્યાય લેવા જેવી જંગલી જાહેરાત કરે છે !!!

આજનો મુસદ્દો સગીરને શયતાન કહેવા તૈયાર છે પણ શાણો અને સમજુ માનવા તૈયાર નથી તો પછી કહેવા કહેવરાવવાની વાતોનાં તો વ્હાણાં વાયા છે.

આજનો મુસદ્દો રેલ્વેના ટ્રાફિક મેનેજરો, વડી સરકારના ધારાશાસ્ત્રીઓ, કોલેજોના પ્રીન્સીપાલ અને સમગ્ર આર્યાવર્તના હિંદુ શાસ્ત્રકારોના અનુભવની અવગણના કરીને આજે અવનવા બોધપાઠ સમજાવવાનાં સ્વપ્નાં સેવે છે.

આજનો મુસદ્દો પૂર્વભવ, કુળસંસ્કાર, સદાચાર અને સત્સંગના પાવનમય પરિણામ સામે પથ્થરબંધી દિવાલો ઉભી કરે છે.

આજનો મુસદ્દો હિંસા જુઠ ચોરી વ્યાભિચારાદિક પ્રવૃત્તિ અપનાવવા માટે કમ્મર કસે છે. બલ્કે તેવી પ્રવૃત્તિથી થતા ગુન્હા રોકવાના સાધનોને નાશ કરવા મથે છે.

આજનો મુસદ્દો ઘડનારા તેજ છે કે જેણે વીતરાગ અને વૈરાગ્યનો વાસ્તવિક પરમાર્થ પણ પિછાણ્યો નથી.

[જુઓ ટાઈટલ પાનું ત્રીજું]

REGISTERED NO. B. 3047.

અમોઘ દેશના



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૧૬ મો.	મુંબઈ, તા. ૨૪-૫-૩૩, બુધવાર વૈશાખ વદ ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી –

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

આગમોદ્ધારકની અમોઘ દેશના ..... પાનું-૩૫૩

સાગર સમાધાન ..... પાનું-૩૬૨

સુધા-સાગર ..... પાનું-૩૬૬

સંવેગની સમરાંગણ ભૂમિ ..... પાનું-૩૭૦

श्रीशंखश्वरपार्श्वनाथाय नमः

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

નોંધઃ- શ્રી ઘાટકોપર મધ્યેના ઉપાશ્રયમાં શ્રી ઉપધાન મહોત્સવ પ્રસંગ પ્રાતઃસ્મરણીય શાસનપ્રભાવક શાસન સંરક્ષક તીર્થોદ્ધારક શૈલાણા નરેશ પ્રતિબોધક સકલશાસ્ત્ર પારંગત આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ અમોઘ દેશનાનું અવતરણ સારભૂત રોચક અને મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ આર્વિભાવ કરનાર હોવાથી અત્રે અપાય છે.....તંત્રી.]

પ્રથમ વર્ષ અંક ૧૬ મો	મુંબઇ, તા. ૨૪-૫-૩૩, બુધવાર વૈશાખ વદ ૦))	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

આત્માની માલિકીની અને કબજાની ચીજ ધર્મ.

છાપ મારનારા ચાલાક અને ચકોર છે.

આંબો એ વૃક્ષ પણ વૃક્ષ એ આંબો નહિ ! ! !

લુંટારાઓની છુટ્ટે હાથે લુંટ ! ! ! અને શાસન ભક્તોની

આડકતરી મદદ ! ! ! તોલ કયા કાંટે થાય તે વિચારો ! ! !

एवं सद्वृत्त युक्तेन येनशास्त्रामुदाहृतं।
शिववर्त्म परंज्योतिस्त्रिकोटि दोषवर्जितं ॥ ५॥

આંબો એ વૃક્ષ પણ વૃક્ષ એ આંબો નહિ ! ! !

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં થકાં અનેક વખત સૂચવી ગયા કે ધર્મ એ આત્માની માલીકીની અને કબજાની ચીજ છે છતાં તેનો સદુપયોગ દુરૂપયોગ કે અનુપયોગ કયા કયા પરિણામને નિપજાવે છે, તેનો ઉપયોગ કેવી કેવી રીતે કરવાનો છે તે સમજમાં આવ્યું નથી. અથવા સમજમાં આવ્યા છતાં તેનો યોગ્ય ઉપયોગ કરાતો નથી. આત્માને પોતાની માલિકી ને કબજાનો ધર્મ છતાં તેને વ્યવસ્થા કરવાનો હક્ક મળતો નથી, તેથી જ આ આત્માને બોલવું પડે છે કે "जीण पन्नत्तंतत्तं" કેવળી ભગવંત પ્રરૂપતિ ધર્મ, અનંતજ્ઞાની પ્રરૂપિત શાસ્ત્ર તત્ત્વ છે જે રૂપે હોય તે રૂપે જ હોવાનું. જીનેશ્વરના કહેવાથી ધર્મ ન હોય તે ધર્મ બની જવાનો નથી. તત્વ ન હોય તે તત્વ બનવાનું નથી, જે ધર્મ હોય તે અધર્મ થઇ જવાનો નથી. કેવળીએ ન કહ્યું હોય કેવળીના કથનને

અનુસરતું ન હોય, તત્ત્વરૂપ ન હોય, શાસન માટે હિતકારી ન હોય તો તે વસ્તુતઃ ધર્મ, તત્વ, કે વાસ્તવિક સિદ્ધાંત નથી, છતાં સ્થાન સ્થાન પર "जीण पन्नत्तं"ની પછી છાપ શા માટે મારવી ? કઈ છાપ ? જીનેશ્વરે કહેલું તત્વ આ છાપ શા માટે મારવી ? ચાર્ટર બેંકમાં સોનાની લગડીઓ પર જે છાપ પડે છે તે છાપ જે સોના પર ન પડે તેટલા માત્રથી દુનિયામાં બાકી રહેલ સોનાને શું સોનું નહિ કહેવું ? શું ચાર્ટર બેંકની છાપ જે તે પિત્તળ ઉપર છાપ મારી શું સોનું કરી દે છે ? છાપ શા માટે જોવાય છે ? છાપથી કંઈ પિત્તળને સોનું ગણી લેતા નથી, તો પછી ચારટર બેંકની છાપનું સોનું એમ કેમ બોલો છો ? કહો અગર જરૂર કહેવું પડશે કે એનો અર્થ એક જ છે કે એ બેંક ચોખ્ખા સોના સિવાય છાપ લગાડે નહીં. જગત ભરમાં રહેલા બધા સોનાને છાપ લગાડે તેમ નથી પણ છાપ લગાડે તો જરૂર તે બેંક ચોખ્ખી સોનાને જ છાપ લગાડે છે એવી તેની (બેંકની) જગમશહુર જાહેરાત છે. ચાર્ટર બેંકની છાપ ન હોય તો સો ટચનું સોનું નહિ. ચાર્ટર બેંકની છાપનો નિયમ ચોખ્ખા સોના ઉપર છાપ. સર્વત્ર ચોખ્ખા સોના ઉપર છાપ હોય તેમ નહિ. જેમ અમૃતફળ સમર્પક આંબો એ વૃક્ષ પણ વસુધા પરના સર્વ વૃક્ષ એ આંબો નહિ એ અચળ નિયમ સ્વીકાર્યા વગર છૂટકો જ નથી. જેમ આંબાને વૃક્ષ જ કહીએ પણ વૃક્ષ માત્રને આંબો કહેવાની તાકાત બુદ્ધિમાન ધરાવી શકતો નથી.

જેવું બોલે તેવું કરે

ચાર્ટર બેંકની છાપ પડે તેથી ચોખ્ખું સોનું કહીએ, પણ છાપ ન હોય તેથી સોનું નહિ એમ કહેવાય નહિ, કારણકે બંને બાજુનો નિયમ નથી. આથી ચારટર બેંકની છાપ હોય ત્યાં ચોખ્ખું સોનું હોય છે પણ ચોખ્ખું સોનું હોય ત્યાં ચાર્ટર બેંકની છાપ હોવી જોઈએ તે નિયમ નથી. પ્રભુ માર્ગમાં બંને પ્રકારનું અવધારણ કરવાના અવિચળ નિયમ છે. જીનેશ્વરે કહેલો હોય તે ધર્મ જ હોય, અને તે ધર્મ જીનેશ્વરે કહેલો જ હોય. જે અતિતાદિ પદાર્થોને જણાવનાર વાક્યો તે જીનેશ્વરે જ કહેલા જ છે એમ એક બાજુ અવધારણ કરવાનો નિયમ હતો જ નહિ. પણ બંને બાજુ અવધારણ કરવાનો નિયમ હતો. ધર્મ હોય તે જ જીનેશ્વરો કહે અને જીનેશ્વરો કહે તે ધર્મ જ હોય આ ઉપરથી જીનેશ્વરના કથનમાં બંને બાજુ અવધારણપૂર્વકનો નિયમ. તત્વ શાસન અને ધર્મ વગેરેમાં બંને બાજુ અવધારણ પૂર્વકનો નિયમ હોવાથી કથની અને કરણીમાં ભેદ પડતા નથી. સર્વજ્ઞપણું શાથી જાણ્યું ? કોઇ પણ જીવની હિંસાદિ કરનારા ન હોય, અને તે જ પ્રમાણે કહેનારા હોય. જીનેશ્વરોને સર્વજ્ઞ જાણવામાં બીજો નિયમ કયો રાખ્યો ? જેવું કહેવાવાળા તેવું જ કરનારા "जाहावाइ तहाकारि" જેવું બોલે તેવું જ કરે.

અહીં જરા શાંતિથી વિચાર કરવાનો છે કે જીનેશ્વરો ક્ષાયિક ભાવમાં હોય તેથી ક્ષાયિક ભાવને લાયકનું કથન વર્તન કરે. એટલે જગતવંદ્ય તીર્થંકર દેવો તેમને અંગે જેવું કહે તેવું જ કરે, અને જેવું કરે તેવું જ કહે, અઢારે દોષ રહિત તીર્થંકર. દેશના પણ અઢાર દોષના પરિહારની દે, પોતે ક્ષાયિક ભાવમાં ભીંજાયેલા હોવાથી ક્ષાયિક ભાવને લાયકનું વર્તન કહે અને કરે તેથી તેમને તેમ થવામાં અડચણ આવતી નથી; પણ આપણે ક્ષાયોપશમિકભાવને અંગે જે વર્તન કરીએ છીએ તે કહેલું કરીએ છીએ કે કહ્યા વગરનું ? ક્ષાયિક ભાવમાં "યથાવાદી તથાકારી" એ માનવામાં અડચણ નથી, પણ ક્ષાયોપશમિક

ભાવનું વર્તન ગુરુ પાસે વ્રતનિયમ લેવું આ તીર્થંકરોએ કહ્યું કે તમે તમારી મેળે કરો છો, જો તીર્થંકરોએ દેશના દ્વારાએ કહ્યું હોય તો તે તીર્થંકરોએ ગુરુ પાસે વ્રતનિયમ ક્યાં લીધાં છે ? તેવી રીતે ગચ્છમાં ગુરુકુળ વાસ કરવો જોઈએ તે પણ કયાં કર્યો છે. આ વાત તીર્થંકરોએ કહેલી હોય તો તે તીર્થંકરોએ ગુરુકુળ વાસ કયાં કર્યો છે ? વિનય ધર્મનું મૂળ છે તો તેમણે વિનય કોનો કર્યો છે ? વૈયાવચ્ચથી પાતિકની પરંપરા તૂટે છે અને ક્ષાત્યાદિ શક્તિઓ આવિર્ભાવ પામે છે, અપ્પડિવાઇ ગુણ છે છતાં એ વૈયાવચ્ચની વિધિપૂર્વક પાલના તેઓશ્રીએ કયાં કરી ! આ બધા પ્રશ્નોના સમાધાનમાં સમજવું જોઈએ કે અનેક ભવમાં તે તે કમાણી થઇ ગઇ છે પ્રોફેસર નવડાની નવીનતા બનાવે તે વખત તે ક્યાં જાણી આવ્યા, કયા મહેતા પાસે ભણી આવ્યા એ પ્રશ્નની જેમ અસ્થાને છે.

તોલ કયા કાંટે થાય ?

જે બિમાર સાધુની માવજત કરે છે. બિમાર એટલે જગતની રોગી ન લેવા પણ બિમાર સાધુ લેવા. જગતના રોગી લેવામાં અડચણ શી ? સાધુઓએ ધર્મલાભને અંગે લીધેલી ચીજ તે અધર્મ કે ધર્માધર્મમાં વર્તી રહ્યા હોય તેવાઓને દઈ શકાય જ નહિ. ટ્રસ્ટ ડીડ મુજબ ટ્રસ્ટી રકમ વાપરી શકે છે, ટ્રસ્ટ ડીડમાં સુધારો વધારો કરવાનો હક ટ્રસ્ટીને નથી, જગતમાં રહેલા જીવો સાવદ્યના ત્યાગ વગરના હોય ને તે જીવોની સાવદ્યના ત્યાગવાળો પોષણ કરે ત્યારે પોતાનો સાવદ્ય-ત્યાગ ત્રિવિધ ટકે નહિ તે વિચાર જો. માંદા માણસને સારું ઔષધ કડવું લાગે છે, તેમ આ સીધી હકીકત ઊંધા માર્ગે ચાલનારને અવળી પડે છે. સાધુએ અસંજત એવા વેશધારીને ન દેવું તેમનું પોષણ ન કરવું ને લેવડ દેવડ કરે તો સુવિહિત સાધુને પાપ છે. તો પછી શ્રાવકને દેવામાં પાપ કેમ ન ગણવું ? આ બાળ ગોપાળ સર્વ માન્ય સાધુની સર્વ સાવદ્યના ત્યાગના પ્રતિજ્ઞા સમજી શક્યા નથી કારણકે જો સમજ્યા હોત તો તેવાઓ સર્વ-વિરતિ ધરા અને શ્રાવકો એ બંનેને એક માર્ગે ગણના કરવાની ધૃષ્ટતા કરત જ નહિ. એમને જ પુછીએ કે સાધુઓ ઘણા પ્રમાણમાં છે અને એક સ્થાને ચોમાસુ રહ્યા છે. એક મકાનમાં બધા સાધુઓનો સમાવેશ થતો નથી. તેવી કેટલાક બીજા મકાનમાં રહ્યા છે. વ્યાખ્યાન ટાઈમ થયો એટલે વરસતા વરસાદે શ્રાવક વ્યાખ્યાને આવે છે. તેને લાભ છે કે નુકશાન ? સભામાંથી તેમાં શ્રાવકને લાભ છે. સામા ઉપાશ્રયથી સાધુ વરસતે વરસાદે સાંભળવા આવે તો લાભ ખરો કે ? (સભામાંથી) પચીસ ડગલાંથી આવે લાભ કેમ નહિ ? શ્રાવકને આવતાં લાભ તો સાધુને પણ લાભ હોવો જ જોઈએ. સાધુ શ્રાવકનો એક રસ્તો માનવાવાળાઓ તો અહીં સાધુને લાભમાનો નહિતર શ્રાવકને નુકસાન થાય છે એમ માનો આવી દલીલો કરે છે. હવે એક મનુષ્ય પોતાના ઘેરથી વરસાદ વરસતાં વ્યાખ્યાન શ્રવણાદિ માટે ઉપાશ્રયે આવે છે અને એક વેપાર માટે જાય છે. આ મનુષ્યને બન્ને કાર્યમાં શું હિંસા સરખી છે ? ના જે વ્યાખ્યાનાદિ સાંભળવા આવે છે તે અને શાક લેવા જાય, વેપાર કરવા જાય, ઉઘરાણી કરવા જાય, તે બધા કાર્યમાં શું હિંસા સરખી છે ? કદી એ કાર્ય કરનારાં રસ્તામાં કાળ ધર્મપામી જાય તો સરખી ગતિએ જશેને? ના. જે લોકો પૂજા આટલી ઉંમર કરી ધોળ્યું શું આમ કહેનારને કહેવું પડશે કે આટલા વર્ષ વાસ્તવિક લાભ મેળવવો જોઈએ તે મેળવ્યો નહિ તે અપેક્ષાએ કાન ફોડયા અને ગુરુનાં ગળ્યાં સુકવ્યાં એ કહેવાય નહિ. પૂજા પ્રભાવનાદિ કરવાથી શું વળ્યું તે બતાવો ? એવા પ્રશ્નકારને કહેવું પડશે કે જો ધર્મ બતાવતાની વસ્તુ નથી તો તે પૂજા કરતાં શું વળ્યું એમ શી રીતે બોલે છે ! તરણતારણ તારણહાર તીર્થંકરદેવની પૂજામાં થતી હિંસા તને નડે છે અને તારા માટે થતી હિંસા તને નડતી નથી. કારણ ઝવેરાત અને પથ્થરના તોલ કયા કાંટે થાય તેનું પણ ભાન નથી.

ભગવાનની ભવ્યતા.

કદાચ તમે કહેશો કે દીક્ષાના વરઘોડામાં શું કલ્યાણ છે ? કહેશો કે નથી તો તે વરઘોડામાં ન જવાની બાધા કેમ ન આપી ? કેમ ? "એ તો માંકો" અર્થાત્ તમારો પોતાનો પ્રસંગ છે. છેવટે તમારો સાધુ મરી જાય તે વખતે માંડવી કાઢો છો તે માંડવી પ્રસંગે નહિ જવાની બાધા આપી ? એ આરંભ નજરે આવે છે તો તેની બાધા કેમ નથી આપી ? એથી આગળ જ્યાં તમે જાવ ત્યાં હજારો શ્રાવકો એકઠા થાય છે ત્યાં ભટ્ટીઓ સળગે છે તેને રાંધવું નહિ એવી બાધા આપી ? એક જ વસ્તુ અડે કે મને ગોરી ગાયને અડે. મારી એક પણ ચીજ હિંસા કે વગર હિંસા હોય તેમાં ઓછી કરવાની નથી. આવી આવી કંઈક બિનાઓ આજના સુધરેલા ઊંધા સ્વરૂપે સમજે છે અને સમજની ધૂનમાં અન્યને સમજાવીને શું કહે છે કે ધાડ પાડવી તો સર્વજ્ઞને ઘેર ! ! તમારી તિજોરી ખોલી કોઈ આપી દે તો ત્યાં સાત ભૈયા અને સો પોલીસ પણ પૂનિત સંસ્થાઓ એટલે બોડી બ્રાહ્મણીનું ખેતર અને તેવું ખેતર ખોળવું અને લુંટારાએ છૂટે હાથે લુંટવું કારણ મૌન ભગવાન બોલે કે ચાલે નહિ. એ તીર્થંકરદેવ ખુદને તમે ઉઠાવી ફેંકી દો તો પણ એ કંઈ બોલવાના નથી. જે પોતાનું રક્ષણ નહિ કરે તે તમારું શું રક્ષણ કરશે ? આમ બોલનારા આર્યસમાજીઓ છે. બલ્કે આર્યસમાજના વિચારોથી રંગાયેલા છે. મૂર્તિ ઉપર ઉંદર દોડી રહ્યા છે, કબુતર ચાંચ મારી રહ્યા છે. એવા દેવો જો પોતાનું રક્ષણ કરી શકતા નથી તો તમારું શું રક્ષણ કરશે ? પણ પ્રશ્નના જવાબમાં કહેજો કે જો તમારા સાધુ ઉપર કૂતરું કરડવા આવે તો તારા સંતો શું કરે ? લાકડી લે કે પથ્થરો લે ? કદાચ લાકડી પથ્થરો લે તો એને તું સંત માને ખરો કે ? જે પોતે કુતરા બલાડાથી પોતાનો બચાવ કરતા નથી તે સંત તારું કલ્યાણ શી રીતે કરશે? આવા સમાધાનના જવાબમાં એ કદાગ્રહી થઈ જાય છે એવું બોલાય છે પણ યુક્તિહિન બોલું છું તેનું ભાવ તેઓને રહેતું નથી. અમે માનીએ છીએ કે ખુદ ભગવાન હોય તેને કોઈ ચાહ્ય જેવો ઉપદ્રવ કરે અને જો તે સહન કરે તો સહન કરવાની ઉચ્ચતમ શક્તિને લીધે જ અમે તો ભગવાન માનીએ છીએ, દુર્જનના દંડિકા ખાય છતાં દુર્જનનું લેશ પણ બુરું ન ચિંતવે તેને લીધે જ અમે ભગવાન માનીએ છીએ. વસ્તુતઃ ભગવાનની ભવ્યતા પામરો પીછાણી શકતા નથી.

ટ્રસ્ટની રૂએ ટ્રસ્ટની ફરજ

ચાલો મૂળ વાતમાં આવો. ભગવાનની મૂર્તિને ખુદને ઉઠાવીને બીજે મુકી દોતો પણ તે બોલનારી નથી. એટલે સુધારક લુંટારૂએ દેવ દ્રવ્યમાં લૂંટ ચલાવી, કારણ માલિક બોલતા નથી, બીજાને બોલતાં ચૂપ કરવા, અમે ધારીએ તેમ થાય, તે સારું આ બધું તોફાન છે. તમે દેવદ્રવ્યના ટ્રસ્ટી હતા, નહિ કે માલિક ? તેમાં ટ્રસ્ટીને ગેરવ્યવસ્થા કરવાનો હક્ક નથી અને કદાચ ગેરવ્યવસ્થા કરે તો તે દંડાય અને સજામાં સડવું પડે. આ દેવદ્રવ્યનું ટ્રસ્ટ થયેલું છે. આ ટ્રસ્ટથી જે વિરુદ્ધ વ્યવસ્થા કરે તે ચાહ્ય સાધુ સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા હોય તે દંડાવા લાયક છે. તમે ટ્રસ્ટને અભરાઈએ મૂક્યું છે, તે ટ્રસ્ટને ફાડી નાખે બાળી નાખે છતાં શાસનની નોંધમાં તે બિનગુનેગાર નથી. જ્યાં સુધી દાનત સાફ હોય, તાવડીના તળીયા જેવી ન હોય ત્યાં સુધી ટ્રસ્ટી ટ્રસ્ટને ઈજા કરે નહિ. ટ્રસ્ટી સુધારકોને ટ્રસ્ટ નડે છે તેને ઉડાવવા માટે ટ્રસ્ટને

અભરાઈએ મૂકો. એ શાસ્ત્રને આધારે આવેલું દેવદ્રવ્ય તે તો લેવું છે ને ટ્રસ્ટ માનવું નથી. ટ્રસ્ટને આધારે આવેલી રકમ તમે કેમ વસૂલ કરો છો ? વસૂલ કરવામાં ગોટાળા કરવાનું કામ બેઈમાન સિવાય કોઈથી પણ બની શકે નહિ.

એ ભગવાનના આગમ રૂપી ટ્રસ્ટને ફેંકી દેવા માગે છે ને તેને આધારે આવેલી રકમો ઓઈયાં કરવા માગે છે. તેમાં આજે શાસન પ્રેમીઓ આડકતરી રીતે મદદ આપે છે કઈ રીતે શાસન પ્રેમીઓ મદદ આપે છે તે સમજો રાજીનામાને નામે લુંટારાને ધર્મીઓ મદદ દઈ રહ્યા છે. લુંટવાને માટે કટિબદ્ધ થયેલા તે લેભાગુઓ છે તમે લુગડાં ખંખેરવા તૈયાર થાવ છો, પણ સમજજો કે તમારા જેવા પાંચ સાત સદગૃહસ્થો નીકળી જાય તો એ લેભાગુઓને દિવાળી થાય જ્યાં સુધી ધર્મિષ્ઠ લોકો સર્વોત્તમ કલ્યાણ-પ્રદ સંસ્થાઓમાં મેમ્બર ટ્રસ્ટી તરીકે છે. ત્યાં સુધી હંમેશાં તમે એ શબ્દ કાઢો છો કે "આપણે તો હવે ખસી જવું છે" આ શબ્દો તમારા જેવા કુળવાનને ન શોભે, પ્રભુત પુણ્ય સંજોગે સાંપડેલી કાર્યવાહી નજીવા શબ્દ માત્રથી હાથમાંથી સરી પડે નહિ એ માટે કાળજી રાખજો. દેવ દ્રવ્યનું રક્ષણ તીર્થનું રક્ષણ તેનું નામ ભાંજગડ, ટંટો, બખેડો. પાડોશીની સાથે વેંત જગ્યાની તકરાર હોય તેમાં બખેડો ટંટો નથી લાગતો એ તમારા જેવા વિચારકોના મુખમાં આ શબ્દો શોભતા નથી.

આડકતરી મદદ

ઘરમાં પહેલું રાજીનામું દે પછી અહીં ધર્મસ્થાનમાં રાજીનામું દે. ઘરમાં કશી પંચાતમાં હું નહિ પડું, ઘર અને દુકાનને વોસરાવે પછી અહીં રાજીનામું દે તે કદાચ હક્કથી છે એમ માની લઈએ પણ ત્યાં તો છેલ્લા ડચકા સુધી સંભાળવું છે. ધર્માદા ખાતાના અંગે આ ટંટો બખેડો કોણ કહે ? વસ્તુ ન સમજે તે.

આ લુંટારુ સુધારકોને શાસનપ્રેમીઓ તરફથી આડકતરી મદદ કે બીજું કંઈ ? ચૌદની લડાઈમાં ઈરાને સીધી મદદ નથી કરી પણ હું તારા લશ્કરને જવામાં આડો નહિ પડું, એ મદદ જબરદસ્ત છે. જો સામા પક્ષને એટલી આડકતરી મદદ મળી ન હોત તો આટલી લડાઈ લંબાઈ તે લંબાત જ નહિ બેલ્જિયમ કબુલ કરે છે કે હું આડો નહિ આવું, તો પાંચ વર્ષ લડાઈ લંબાવવાની જરૂર ન હતી. **ધર્માદા ખાતાના આબરૂદાર ટ્રસ્ટીઓ રાજીનામું દેવા તૈયાર થાય તે સુધારક લુટારૂને મદદ કરનાર છે.** તમારા ઘરે તે ધાડ પાડી શકતા નથી, પણ ભગવાનને ઘેર હાથ નાખવામાં આ રીતે ફાવી જાય છે. પૂર્વે આપણે કહી ગયા કે પોતાના ખાવામાં, પીવામાં, ભક્તોમાં, દીક્ષામાં, મરણમાં, તેમાં હિંસાના બાને કશો નિષધ કર્યો નહિ પણ નિષેધ માત્ર ભગવાનની પૂજામાં શ્રાવક પુજન કરે ને સાધુ પૂજન ન કરે, જો પૂજામાં લાભ છે તો સાધુ નથી કરતાં છતાં તેમને નુકસાન નહિ અને શ્રાવક પૂજન ન કરે તો પૂજાનો લાભ જાય અને નુકસાન મેળવે તે શી રીતે ? રોગી સમાધાનમાં ઔષધ ખાય તેથી નિરોગીએ ખાવું એ નિયમ નથી.

તો સાધુ વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા કેમ ન આવ્યા ? ને શ્રાવકને સાંભળવા આવવામાં લાભ કેમ ગણ્યો ? સાધુ શ્રાવકના રસ્તા જુદા છે કે નહિ તે તપાસી લો. અર્થાત્ પાપ પંકથી ખરડાયેલા પ્રક્ષાલન કરે અને તે સિવાયના ન કરે તેમાં આશ્ચર્ય જેવું નથી ! ! !

શાસનની મહત્તા.

શ્રમણ નિર્ગ્રંથ મહાત્માઓને સ્નિગ્ધ એવો યત્કિંચિત્ દૂષિત આહાર વોહરાવે તો શું ફળ મળે ? અલ્પ પાપ અને બહુ નિર્જરા. સચિત વોહરાવે તોપણ ઘણી નિર્જરા અને થોડું પાપ, બેતાલીસ દોષવાળું વહોરાવે તો પણ ઘણી નિર્જરા અને અલ્પ પાપ તારે સાધુને નદીમાંથી લોટો ભરી પાણી વહોરાવેતો લાભ થશે ને ? છુટા શ્રાવકને ઘણી નિર્જરામાની શકાય, પણ પ્રતિજ્ઞાવાળા સાધુને લેશ પણ નિર્જરા નથી પણ બંધ છે. સાધુ શ્રાવકના રસ્તા જુદા થયા કે નહિ ? દીક્ષામાં સાધુ ઢોલ વગાડે તો લાભ માનીશને ? તમારે ત્યાં તો એક રસ્તા રાખવા છે ને ? ભગવાનની પૂજાની વાત આવે તો આમાં શો લાભ ? અહીં સાધુને અંગે જે વાત છે તે સાધુને સર્વ સાવદ્યનો ત્યાગ હોવાથી તે ગ્રહસ્થની વૈયાવચ્ચ કરી શકે નહિ. ગૃહસ્થનું વૈયાવચ્ચ ન કરવું ! "गिहिणो वेयावडीयं" ગૃહસ્થને અંગે આ પ્રસંગ નથી. નહિ તો વૈયાવડીયં એકલું જ લખતે. અર્થાત્ સાધુએ ગૃહસ્થનું વૈયાવચ્ચ કરવું ઉચીત નથી તેથી એ શબ્દ મુક્યો છે. ગૃહસ્થનું વૈયાવચ્ચ કરવું કોઈપણ પ્રકારે લાયક નથી. એ બિમાર સુવિહિત સાધુની માવજત બધાએ કરવી જોઈએ જે કરે તે જ મને માનનાર સમજવો એવું આગમમાં સ્થાન સ્થાન પર લખે છે. આમાં કયો બિમાર લેવો ? અહીં સાધુ જે બિમાર પડ્યો હોય તેની જે ચાકરી કરે તે જ તીર્થંકરને માનનારો. જે ભગવાનને માને તે બિમાર સાધુની જરૂર વૈયાવચ્ચ કરે આ તીર્થંકરે કહ્યું તો તેમણે કેટલાક સાધુની વૈયાવચ્ચ કરી ? તો કરણી કથની કયાં ? યથાવાદી તથા કારી તે તમારો નિયમ અહીં ખસી જાય છે ? ગુરુ પાસે દીક્ષા લીધી નથી ગુરુકુળવાસ નથી કર્યો ? પર્યાયથી વૃદ્ધોની વૈયાવચ્ચ વિનયાદિ પણ કર્યા નથી તો કથની કરણી રહી કયાં ?

એક માણસ ઠાણા જવા નીકળ્યો તે શારીરિક શક્તિવાળો છે વગર વિસામે ઠાણે ગયો અને તે કહે કે સંપૂર્ણ શક્તિનું કાર્ય કર્યું ? જરૂર તે કહેશે કે શક્તિવાળાએ વગર વિસામે ઠાણે જવું જોઈએ, અને ત્યારબાદ પછી પ્રસંગોપાત ન બની શકે તે મનુષ્યને અશક્ત ખામીવાળો દેખ્યો તેને અંગે કહ્યું કે હું આવી રીતે ગયો હતો છતાં તારી શક્તિ ન હોય અને તું ન પહોંચે તો વચનાં વિસામો કરી બીજે દહાડે જરૂર પહોંચજે. આવી રીતે વિસામા માટે સ્થાન જુદું બતાવ્યું તેથી કહે જુદું કરે જુદું એમ ગણી શકાય ખરું ! (સભામાંથી) ના, જી. મૂળ વાત તો વગર વિસામે ઠાણે જવું જ જોઈએ, અને ન જઈ શકે તેને માટે વિસામાની સગવડ બતાવી નહિતર અશક્ત માણસ ઠાણે જવાનો વિચાર કરે જ નહિ. જેઓ તેવા જ્ઞાનવાળા, પવિત્ર સંસ્કારવાળા, નિશ્ચય સ્વરૂપવાળા તેઓ તો તીર્થંકરોની પેઠે પ્રત્યેક બુદ્ધ અગર સ્વયંબુદ્ધની પેઠે ગચ્છવાસમાં ન રહે. વિનય વૈયાવચ્ચ ન કરે, ગુરુકુળવાસમાં ન રહે તો પણ બેડો પાર કરી શકે છે; પણ તેવી વાસના વગરના આત્મા કે જેઓ જબરદસ્ત નથી તેવાએ તો ગુરૂ પાસે રહેવું જ જોઈએ. "વૈયાવચ્ચ વિનય કરી કર્મ ખપાવવા એમ કહેવું તેમાં કરણીય બધુ પણ શક્તિ અનુસાર કરવું અને તેથી કથનીમાં ફેર પડયો એમ કહી શકાય જ નહિ. શક્તિ સંપન્નનું કર્તવ્ય કહ્યું અને કથન મુજબ કરી બતાવ્યું. શક્તિ હિન પણ માટે બીજા ઉપાય બતાવ્યા તેથી

"યથાવાદી તથાકારી"માં કશી અડચણ આવતી નથી. તત્વ, ધર્મ, અને શાસનને જીનેશ્વરને ભરોસે જ માનીએ છીએ. જો જીનેશ્વર કહે નહિ તો ધર્મ અધર્મનો ભેગો ભાંગડો વટાઇ જાય અગર ધર્મનું અધર્મરૂપે પ્રવર્તન થઇ જાય ? ત્યારે અહીં જે જે કલ્યાણ કરનારું છે તે તે જીનેશ્વર કહે છે અર્થાત્ જે જે કલ્યાણ કરનારું હોય તે જીનેશ્વર જ કહે છે. ચાર્ટર બેંકની છાપ જેવું ન રાખો જ્યાં ચોખ્ખું હોય ત્યાં એમ નહિ તે અવધારણની બન્ને ઢાલ તપાસો. જે જે જીનેશ્વરે કહેલું છે તે ધર્મ તરીકે સાચું જ છે. ઉભય નિર્ણય સ્વરૂપે કહેલું તે તત્વ, ધર્મ અને શાસનરૂપ છે અને તે બધું કહેલું છે, અને તેથી "जीण पन्नतं तत्तं" "केवली पडिपुन्नं" આવી માન્યતાનો આધાર રાખીએ છીએ. એવી માન્યતાવાળાનું વચન અધર્મને ધર્મરૂપ યા ધર્મને અધર્મરૂપે બનાવતું નથી. તો પછી તે શા માટે કહેવું ? કેવળીએ કહેલો ધર્મ, તત્વ, શાસન શા માટે કહેવું ? જે ધર્મ તત્વ શાસનમાં ઓતપ્રોત છે તે છે જ. એટલા માટે જ કહેવું અને તેથી જ શાસનની મહત્તા છે.

ત્રણ વસ્તુ

આપણે ઓળખવાની તાકાત ત્રણે વસ્તુ માટે ધરાવતા નથી. અને એ ત્રણ ધર્મ, તત્વ અને શાસન ને ઓળખવાની તાકાત આપણામાં નથી. જેમ સોનું ન પારખી શકે તેણે કસોટીનો પથ્થર ન લેતાં સીધી ચાર્ટર બેંકની છાપ જોઇ લેવી. આપણે કેવળ જ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન, અવધિ જ્ઞાન અને ચૌદ પૂર્વનું પણ જ્ઞાન થયું નથી, ત્યાં સુધી સ્વતંત્ર ધર્મ, તત્વ, અને શાસનને પારખી શકીએ એવા નથી. કહો ! હવે વસ્તુ કયા ભરોસે લેવી ? સોનું લેવું છે ને પારખવાની તાકાત નથી તો સીધી છાપ જોઇએ છીએ. એક પક્ષનો નિયમ કરનાર વસ્તુની છાપ જોઇ લઇ લો છો. ઉભયપક્ષનો નિશ્ચય કરનાર જે ચોખ્ખું તત્વ ધર્મ અને શાસન તે ઉપર જૈનની છાપ જીનેશ્વર કથિત તે ધર્મ, તત્વ, અને શાસન ગણાય અને જ્યાં ધર્મ તત્વ અને શાસન છે ત્યાં જીનેશ્વર કથન ઉભય પક્ષનો નિયમ સ્વીકારનાર પ્રભુ માર્ગમાં આ ત્રણ વસ્તુ તત્વ ધર્મ અને શાસન છે.

ન કર્યો તે અધર્મ

જીનેશ્વરે કહેલા જૈન શાસનમાં ધર્મ અને તત્વમાં બે પ્રકારનો નિયમ છે. આ ચોખ્ખું છે આજ ચોખ્ખું છ. એવામાં છાપને આધારે છોડે એમાં નવાઇ શી ! આપણા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉપર છાપ છે. આપણી માલિકીનો કબજાનો આ ધર્મ છે. પણ પરીક્ષા કર્યા વગર આપણા માલને શુદ્ધ કરવા દોરાઇએ તે અસ્થાને છે, માલિકીનો છે. છતાં વાસ્તવિક તેનો સદુપયોગાદિ કાર્યવાહીઓ આપણે સમજી શક્યા નથી. સદુપયોગ કરવાનો દુરૂપયોગ રોકવાનો એ વિગેરે સમજી શકીએ તો જ લાભ થાય. અહીં જેમ ચાર્ટર બેંક માટીમાં મળેલું સોનું ખાણમાંથી કાઢયું પણ શોધવાની રીતિએ શોધીને ચોખ્ખું કર્યું ને પછી છાપ લગાડી. આપણી આ ખાણમાં સોનું તૈયાર છે. માત્ર ચાર્ટર બેંકની રીતિનો અમલ કરીએ તો ચોખ્ખું સોનું બનાવી શકીએ. રીતિ કઇ ? બીજાં બધાં કાર્યો કરતાં એની પાછળ લક્ષ્યપૂર્વક

મંડવું જોઇએ. તીર્થંકરો સંપૂર્ણ જ્ઞાન દર્શન વિતરાગપણું કેવી રીતે મેળવી શક્યા ? તે રીતિ ધ્યાનમાં લો આપણે ધર્મ કરવાનો સામાયિક પૌષધ પૂજા પ્રભાવના કરવાના પણ કર્યું ત્યાં સુધી કર્યું અને લગીર સાંસારિક કામ પડયું ત્યાં ખસેડતાં વાર નથી. "નાહ્યા તેટલું પુન્ય, કર્યો તેટલો ધર્મ" આ કથનીમાં જૈન શ્રધ્ધા અને અન્યોની શ્રદ્ધામાં ફરક છે. જૈન શાસનમાં તો ન કર્યો તેટલો અધર્મ અને બીજામાં કર્યો તેટલો ધર્મ પણ ન કર્યો તે સંબંધમાં કંઇ નહિ આત્માને સર્વજ્ઞ પણે વિતરાગ સ્વરૂપપણે માનીએ છીએ તે માન્યા પછી જેટલું પ્રગટ કરીએ તેટલી આપણી ખાત્રી છે. તમે લાખ રૂપિયા ધીર્યા હોય તેમાંથી પચીસ હજાર પત્યા અને પંચોતેર હજાર બાકી રહ્યા તો પચીસ હજાર કમાયા ગણો છો ? શું વટાવ ખાતે જમે કર્યા છે ? ના ત્યારે એના ખાતામાં જમા કર્યા છે ? ત્યારે એના ખાતામાં જમે કરવા પડે. લાખ માંગતા હતા તેમાંથી પચીસ હજાર આવ્યા તો પંચોતેર હજાર રહ્યા તો કઇ રીતે ખાતું ખેંચો છો ! જે લોકો આત્માને જડ સ્વરૂપ માને તેમને જેટલું જ્ઞાન થયું તેટલો લાભમાં, અને વધ્યું નહિં તેની ચિંતા નહિ, પણ તમે તો જ્યોતિ સ્વરૂપ માનનારા જમે કરો પણ ખાતું શાનું ખેંચો ! આવેલી રકમનું કે બાકી રહેલી રકમનું ? બાકી રહેલાનું ખેંચાય. તમને નહિ મળેલા ગુણો એ કેમ ખેંચતા નથી, એ લેવા માટે તાલાવેલી કેમ લાગતી નથી ? હજુ તમારું લક્ષ્ય સર્વ ગુણવાળો વિતરાગ સ્વરૂપવાળો હું છું એ તરફ દોરાયું જ નથી. તે વીસ કલાક અવિરતિમાં રહ્યા છીએ એ વિચાર આવતો નથી, ખામી દેખો. સો રકમ વ્યાજબી લખી હોય, પણ એક જ રકમ ગેરવ્યાજબી લખી હોય તો સો સીરપાવ પામતો કે એકનો દંડ પામશો ? ખોટી એક પણ રકમ ચોપડામાં હોય તે શાહુકારને શોભે નહિ. તેમાં એક પણ સંસારનું કારણ રહે ત્યાં સુધી આ આત્માને શોભે નહિ," નાહ્યા એટલું પુન્ય કર્યો તેટલો ધર્મ" એ શબ્દ ગોખી ન રાખો. આ શબ્દ આપણે ઘેર ન શોભે. તમારે ઘેર લહેણું બાકી કાઢો આપેલું બારોબાર કાઢો. મારે નથી થયું, નથી મળ્યું એ નુકસાન. તેથી માલમ પડશે કે ચાર શ્રાવકો કાળા મહેલમાં રહ્યા છે છતાં રાજગૃહી નગરીમાં અધર્મિ કેમ ગણાવે છે ? પોણી ઓગણીસ વસાની જીવદયા હજી બાકી છે સવા વસો જ થયો છે. આરંભ પરિગ્રહ વિષય કષાય કેટલા મને ડુબાડી રહ્યા છે. તેવાઓ પોતાને અધર્મી ગણાવે તેમાં કંઇ નવાઇ નથી.

કથની કરણી ભિન્ન છે ત્યાં જ લીલાના પડદા છે.

પૂર્વે આપણે કથની કરણી વિચારી ગયાં. શ્રી તીર્થંકરદેવના વચન પ્રમાણે ચાલે તે ગુરુ ! શ્રી તીર્થંકરદેવની કથની કરણી એક છે. અન્ય મતમાં ઇશ્વરની કથની કરણીને જુદાં માન્યા છે. જ્યાં કથની તથા કરણી ભિન્ન છે ત્યાં લીલાના પડદા નાંખવા પડે છે. બાળકના નામે જાદવકુળનો બચાવ તેથી જ કરવો પડે છે. શ્રી તીર્થંકરદેવના માર્ગમાં કથની કરણી જુદી નથી. તીર્થંકર કરણી કરે, એનું ફલ બેસે ત્યાં સુધી કહે પણ નહિ, પોતાની આચરણા અખતરારૂપ હોય ત્યાં સુધી બોલે નહિ પણ પ્રયોગ સિધ્ધ થયો, કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે જગતને કહે છે કે કર્મક્ષય કરવો

હોય તો આ ચારિત્ર લ્યો ! ! તીર્થંકર મહારાજાએ કર્યું અને તે જ પ્રમાણે કરવાનું કહ્યું. તે પ્રમાણે વર્તે તે ગુરુ. ગુરુતત્વને ધર્મતત્વનો આધાર પણ દેવતત્વ પર છે.

આપણે વ્યક્તિના પૂજારી નથી પણ ગુણના પૂજારી છીએ

આસ્તિક માત્ર દેવાદિ ત્રણે તત્વોને માને છે. બત્રીસ પૈકી એકે અષ્ટકમાં 'શ્રી ઋષભાદિ નામવાળું અષ્ટક ન રાખતાં 'મહાદેવ' અષ્ટક કેમ રાખ્યું ? એનું કારણ એ જ કે આપણે શ્રી ઋષભદેવને શ્રી ઋષભદેવ તરીકે કે શ્રી મહાવીરદેવને શ્રી મહાવીર તરીકે પૂજતા નથી પણ તેઓએ ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન ઉપજાવી જગતના ઉદ્ધાર માટે ઉપદેશ આપ્યો તે તરીકે તેમને પૂજીએ છીએ. એકની પૂજામાં અનંતાની પૂજા, અને એકની આશાતનામાં અનંતાની આશાતના શાથી ! આથી જ ! અહીં વ્યક્તિ રૂપે પૂજન નથી. સરકારનો પટો ધરાવનાર એક સિપાઈના અપમાનથી સરકારની સમગ્ર શહેનશાહતનું અપમાન થાય છે. એટલે તે કેસ સીપાઈના અપમાનનો ચાલતો નથી પણ સરકારના અપમાનનો ચાલે છે. તેવી જ રીતે શ્રી રીખદેવજી તથા શ્રી મહાવીરદેવને આપણે શ્રી રીખવદેવ તથા શ્રી મહાવીરદેવ તરીકે નથી માનતા પણ તીર્થંકર તરીકે માનીએ છીએ. વ્યક્તિનું પૂજન તે જાતિ માટે છે. વ્યક્તિની મુખ્યતા નહિં રાખતા જાતિમાં ગુણની મુખ્યતા રાખેલી હોવાથી એકની પૂજામાં સર્વની પૂજા છે, એકની આશાતનામાં સર્વની આશાતના છે. આપણે વ્યક્તિના રોગી નથી પણ ગુણના રાગી છીએ. આ શ્લોક દ્વારાએ શાસ્ત્રની વિશિષ્ટ વ્યસ્થિત ઉત્પતિ કેવી રીતે આવિર્ભાવ પામી, તે શાસ્ત્ર ત્રણ કોટિ વિશુદ્ધ છે અને આથી મહાદેવ અષ્ટકની મહત્ત્વત્તા મધુરપણે ગાયી છે તે યથાર્થ છે, લાભદાયી છે બલ્કે જગતના જીવો માટે પરમ આશીર્વાદ રૂપ ભાવ પ્રવર્ધક છે.



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્ત્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક-આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્ર દ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૩૭૭- સૌધર્મ દેવલોક મનુષ્યલોકથી કેટલે છેટે છે ?

સમાધાન- અસંખ્યાત ક્રોડાક્રોડ યોજન.

પ્રશ્ન ૩૭૮- અભિગમ શ્રાવકો પોતાનાં છોકરાંઓને સાધુ સાધ્વીને સોંપતા હતા આ અધિકાર શેમાં છે?

સમાધાન- શ્રી આવશ્યક ચૂર્ણિમાં છે.

પ્રશ્ન ૩૭૯- જઘન્યથી કેટલી ઉંમરવાળો અનુત્તર વિમાનમાં જાય ?

સમાધાન- જઘન્યથી ગર્ભથી નવવર્ષની વયવાળો જીવ અનુત્તર વિમાનમાં જાય.

પ્રશ્ન ૩૮૦- શાસ્ત્રમાં ચિંતા કેટલાં પ્રકારની કહી છે.

સમાધાન- **उत्तमाहिआत्मचिंता मोहचिंता च मध्यमा।**
अधमा कामचिंताच्च, परचिंताऽधमाधम॥ १॥
ચિંતા ચાર પ્રકારની છે. પહેલી આત્મચિંતા ઉત્તમ છે, બીજી મોહચિંતા મધ્યમ છે, ત્રીજી કામચિંતા અધમ છે અને ચોથી પારકી ચિંતા એ અધમાધમ છે.

પ્રશ્ન ૩૮૧- દેવતા ક્યારે આહાર કરે ?

સમાધાન- **मनोभक्षिणो देवाः** દેવતાઓ મનોભક્ષી છે. આહારની ઇચ્છા થવા માત્રથી તેઓ ધરાઇ જાય છે.

પ્રશ્ન ૩૮૨- બાદરહિંસાનો ત્યાગ કર્યા વિના સૂક્ષ્મહિંસાનો ત્યાગ કરી શકાય ?

સમાધાન- ના, ત્રસની હિંસાથી વિરમ્યા વિના સ્થાવરની હિંસાથી વિરમવાની વાતો કરવી એ દુનિયાને છેતરવાનો જ ધંધો છે. જેમ કોઇ માણસ કહે કે મારે દિવસે ન ખાવું, (એટલે કે રાત્રે ખાવું) તેવા પચ્ચખ્ખાણ આપો અગર કોઇ મુસલમાન અનાજ ન ખાવું અને

માંસ ખાવું તેવા પચ્ચખ્ખાણ માગે તો તેવા પચ્ચખ્ખાણ અપાય જ નહિ. કારણ કે રાત્રિભોજનનો ત્યાગ કર્યા વિના દિવસે ખાવાના પચ્ચખ્ખાણ અને માંસનો ત્યાગ કર્યા વિના અનાજ ખાવાનાં કરેલાં પચ્ચખ્ખાણ તે પચ્ચખ્ખાણ નથી પણ ધર્મનો ઉચ્છેદ કરનારાં જ પચ્ચખ્ખાણ છે, તેવી રીતે ત્રસની હિંસા છોડયા વગર સ્થાવર સૂક્ષ્મનો ત્યાગ પણ તેવો જ સમજવો.

પ્રશ્ન ૩૮૩- દુઃખી જીવોને દેખીને જેને દયા ન આવે તેનામાં સમ્યક્ત્વ હોય ખરું ?

સમાધાન- ના, દુઃખથી રીબાતા પ્રાણીઓને દેખી જેને દયા ન આવે તેનામાં સમ્યક્ત્વ હોય જ નહિં.

પ્રશ્ન ૩૮૪- શ્રી તીર્થંકરનો જીવ અવધિ તથા મનઃપર્યવજ્ઞાન વગરનો હોય ખરો ?

સમાધાન- ના ! શ્રી તીર્થંકરનો જીવ દીક્ષા લીધા પહેલાં અવધિ જ્ઞાનવાળો જ હોય અને દીક્ષા લીધા પછી મનઃપર્યવજ્ઞાનવાળો જ હોય.

પ્રશ્ન ૩૮૫- સંયમના ભોગે અહિંસા કરવા લાયક ખરી કે નહિ ?

સમાધાન- સંયમના ભોગે અહિંસા કરવા લાયક છે જ નહિ; જો તેમ હોય તો નદી આદિકમાં સાધુઓથી ઊતરી શકાય જ નહિ. ગ્લાનાદિકને માટે વરસતા વર્ષાદમાં ગોચરી લાવી શકાય જ નહિ.

પ્રશ્ન ૩૮૬- ભાવદયા વિના આવેલો સંસારનો કંટાળો તે નિર્વેદ કહેવાય કે નહિ ?

સમાધાન- ભાવદયા વગરનો આવેલો સંસારનો કંટાળો તે નિર્વેદ કહેવાય નહિ, પણ રાજા, ચક્રવર્તી વાસુદેવ, પ્રતિ વાસુદેવપણાનાં તથા દેવતાઈ સુખ વિગેરે, સંસારમાં ઉચ્ચમાં ઉચ્ચ સુખનાં સ્થાન મળે તો પણ જેને ઉદ્વેગ જ રહ્યા કરે, આધિ વ્યાધિ ઉપાધિ જેને ડગલેને પગલે કાંટાની માફક ચાલ્યા કરે અને દુઃખની ખાણરૂપ સંસારથી ક્યારે છુટાય આવી ભાવદયા આવે ત્યારે જ નિર્વેદ કહેવાય.

પ્રશ્ન ૩૮૭- કયા ગુણો ફરસે ત્યારે સમ્યગ્દ્રષ્ટિ મનાય ?

સમાધાન- પંચાશક સૂત્રમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કહે છે **शुश्रुषादि गुण स्पर्शाः**
સાંભળવાની ઈચ્છા આદિગુણોને ફરસનારો જે આત્મા તે સમ્યગ્દ્રષ્ટિ છે.

પ્રશ્ન ૩૮૮- કઈ કરણીથી શ્રાવક કહેવાય ?

સમાધાન- **संपत्त दंसगाइ** ઈત્યાદિ સમ્યગ્દર્શનાદિ પામ્યો હોય, ઉત્કૃષ્ટ આચાર વિગેરેને સાંભળે અને કેવલ વિરતિ એજ ધર્મ એમ માને તે શ્રાવક કહેવાય.

પ્રશ્ન ૩૮૯- મોક્ષની બુદ્ધિએ ભાવ સાધુપણું આવ્યું એમ જણાવવાની નિશાની કંઈ છે ?

સમાધાન- હા, છે ! આ સર્વોત્કૃષ્ટ જૈન શાસન એ જ અર્થ છે એટલું જ નહિ પણ એ શાસન જ પરમાર્થ (પરમોત્કૃષ્ટ અર્થ) છે આવી માન્યતા થયા પછી બાકીની બધી દુનિયાદારીની વસ્તુઓને અનર્થકર, આત્માને ડુબાવનાર માનો. આ ત્રણ (અર્થ, પરમાર્થ અને અનર્થરૂપ) પ્રકારની બુદ્ધિ મુખ્ય હોય અને સાધુપણું પળાતું હોય તો તે જ ભાવ સાધુપણાની નિશાની છે.

પ્રશ્ન ૩૯૦- પહેલાં પ્રીતિ થાય કે પ્રતીતિ ?

સમાધાન- પહેલાં પ્રીતિ થાય અને પછી પ્રતીતિ થાય છે.

પ્રશ્ન ૩૯૧- શ્રધ્ધામાં શક્તિની ખામી ચાલી શકે ?

સમાધાન- બિલકુલ નહિ ! હજી આચરણમાં શક્તિની ખામી નભી શકે છે, પણ દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વની શ્રદ્ધામાં શક્તિની ખામી લેશ પણ ચાલી શકે જ નહિ.

પ્રશ્ન ૩૯૨- શાસ્ત્રમાં અનાર્યનું લક્ષણ કંઇ છે ?

સમાધાન- હા, જેને સ્વપ્નમાં 'ધર્મ' આવા શબ્દો સાંભળવામાં ન આવે તે અનાર્ય છે એમ શાસ્ત્રકાર કહે છે.

પ્રશ્ન ૩૯૩- ધર્મની કિંમત સમજાણી ક્યારે કહેવાય ?

સમાધાન- જ્યારે પોતાની ભૂલને મોટું રૂપ અપાય ત્યારે જ ધર્મની કિંમત સમજાણી છે એમ કહી શકાય.

પ્રશ્ન ૩૯૪- શ્રી જિનેશ્વરો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો, પ્રતિ વાસુદેવોના જીવો મનુષ્ય ગતિ તથા તિર્યંચ ગતિમાંથી આવીને તે તે પદવીધર થઇ શકે છે ?

સમાધાન- ના ! તે જીવો દેવલોક અગર નરક ગતિમાંથી જ આવેલા હોય છે.

પ્રશ્ન ૩૯૫- કઇ નરકથી નીકળીને ચક્રવર્તી થાય ?

સમાધાન- પ્રથમ નરકથી જ નીકળીને ચક્રી થાય છે.

પ્રશ્ન ૩૯૬- વાસુદેવ, બળદેવ અને તીર્થંકરો કઇ નરકમાંથી નીકળીને થાય ?

સમાધાન- **द्वाभ्यामेवहरि बलास्त्रिभ्य एवतीर्थपाः**॥ પહેલાંની બે નરકોમાંથી નીકળીને વાસુદેવ અને બલદેવ થાય અને પહેલાંની ત્રણ નરકમાંથી નીકળીને તીર્થંકર થાય.

પ્રશ્ન ૩૯૭- બલદેવ અને ચક્રવર્તિ કયા દેવતા થઇ શકે ?

સમાધાન- **चतुर्विधा-सुराश्चयुत्वा, भवन्ति बल चक्रिण** ॥ ચારે પ્રકારના દેવતાઓ બલદેવ ચક્રવર્તિ થઇ શકે.

પ્રશ્ન ૩૯૮- કયા દેવતાઓ તીર્થંકર થઇ શકે ?

સમાધાન- **जिना वैमानिक एव** ॥ દેવતાઓમાં વૈમાનિક દેવતા જ તીર્થંકર થઇ-શકે.

પ્રશ્ન ૩૯૯- દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનનું સમવસરણ જ્યાં પહેલાં થયું હોય ત્યાં ફરી સમવસરણ થાય કે નહિ?

સમાધાન- પહેલાં જ્યાં સમવસરણ થયું હોય ત્યાં થાય જ એવો નિયમ નથી, પણ જ્યાં પહેલાં સમવસરણ ન થયું હોય ત્યાં તો થાય જ એવો નિયમ છે.

પ્રશ્ન ૪૦૦- શ્રી તીર્થંકર દેવ કેટલા જોજનમાં હોય તો સાધુ સાધ્વીએ વાંચવા જવું જ પડે ?

સમાધાન- આવશ્યક સૂત્રની ટીકામાં લખે છે કે-બાર યોજન છેટે રહેલા તીર્થંકર દેવનાં દર્શન જો પોતે ન કર્યા હોય તો તે સાધુ સાધ્વીએ સમવસરણમાં જરૂર જવું જોઈએ. ન જાય તો પ્રાયશ્ચિતક આવે.

પ્રશ્ન ૪૦૧- રોચક સમ્યક્ત્વ ક્યારે કહેવાય ?

સમાધાન- જ્યારે જિનેશ્વર કથિત તત્ત્વોમાં વાસ્તવિક રૂચિ હોય ત્યારે તેને રોચક સમકિત કહેવાય છે.

પ્રશ્ન ૪૦૨- કારક સમ્યક્ત્વનું લક્ષણ શું ?

સમાધાન- શાસ્ત્રમાં કહેલા સદનુષ્ઠાનોની જેવી રૂચી તેવી જ ક્રીયા તેનું નામ કારક સમ્યક્ત્વ અને તે અપ્રમત્ત ગુણસ્થાનકે હોય છે.

પ્રશ્ન ૪૦૩- દીપક સમ્યક્ત્વ શું કામ કરે અને એ કોને હોય ?

સમાધાન- દીપક સમ્યક્ત્વ દીવાનું કામ કરે એટલે દીવો જેમ જેવી વસ્તુ હોય તેવી રીતે બીજાને બતાવી દે. પણ પોતે તો દેખે નહિ દીપક સમકિતવાળો શાસ્ત્રમાં જેવી રીતની વસ્તુ સ્થિતિ વિગેરે હોય તે કહે ને બીજાઓને શ્રદ્ધાવાળા કરે પણ પોતાના આત્મામાં વસ્તુ તત્વની શ્રદ્ધાનું શુન્યપણું હોવાથી અંધારું હોય અને એ દીપક સમકિત અભવ્ય મિથ્યાદૃષ્ટિને હોય છે.

પ્રશ્ન ૪૦૪- શું દીપક સમ્યક્ત્વનું પણ દેવાળું હોઈ શકે ખરું ?

સમાધાન- હા ! કમલપ્રભા નામના આચાર્ય (જે પાછળથી સાવદ્યાચાર્ય કહેવાણા) કે જેઓ ચૈત્ય વાસીઓને માન્ય હતા, ને તે માટે તેઓએ પ્રસંગોપાત નિર્ણય માટે બોલાવ્યા. બધા ચૈત્ય વાસી વિગેરે સામા ગયા ત્યાં-ચૈત્ય વાસીની (યતિની) નો સંઘટ્ટો થયો; પછી સભામાં બધાએ પૂછયું કે ચૈત્ય પૂજા વધે કે સાધુપણું ? એ આચાર્યે જણાવ્યું કે : 'સાધુપણા કરતાં ચૈત્ય પૂજા કોઈ દિવસ પણ વધી શકે જ નહિ.'' આ રીતે ચોખ્ખો નિડરપણે શાસ્ત્રસિદ્ધ જવાબ દીધો. વળી તેઓશ્રીને માટે એક ચૈત્ય કરવાની વિનંતિના ઉત્તરમાં જણાવ્યું કે તમે કરવા ધારેલ દરેક જિન ચૈત્ય છે છતાં સાવદ્ય એટલે પાપનું સ્થાનક છે. આવા મોટા મુશ્કેલીના પ્રસંગમાં આટલો શાસ્ત્રસિદ્ધ જવાબ આપવાથી તીર્થંકરનામ કર્મ બાંધ્યું: પછી ચૈત્યવાસીઓએ પુછયું : 'પહેલાં જે સાધ્વી પગે પડી હતી અને જે સંઘટ્ટો થયો હતો તેનું કેમ ? આમ ચૈત્યવાસીઓએ પુછ્યું ત્યારે પોતાની ખામીને છુપાવવા માટે કહ્યું: ''ભાઈ ! આ જૈન-દર્શન સ્યાદ્વાદ છે; સંઘટ્ટો થાય પણ ખરો ને ન પણ થાય. આટલું શાસ્ત્ર વિરુદ્ધ કહેવાથી તીર્થંકર નામ કર્મનાં દળીયાં વિખરાઈ ગયાં અને કંઈ ચોવીશીઓ સુધી સંસારમાં રખડવું પડ્યું એટલે કે દીપક સમકિતવાળા મિથ્યાત્વિપણામાં રહ્યા છતાં સાચી પ્રરૂપણા કરે, પણ પ્રસંગ પડે પલટાઈ જનારા આવા સૂત્ર વિરુદ્ધ ભાષણ કરનારા તો તે સૂત્ર વિરુદ્ધ ભાષણ વખતે જ એલફેલ બોલી નાંખે છે; કારણ કે દીપક સમ્યક્ત્વમાં પણ દેવાળું હોય છે.

પ્રશ્ન ૪૦૫- ચૈત્યવાસી સાધુઓ જે દહેરામાં પૂજા વગેરે કરતા હોય તે દહેરાં શું સાવદ્ય ગણાય?

સમાધાન- હા, તેવાં દહેરાં સાવદ્ય કહેવાય; જે માટે શ્રી મહાનિશીથ સૂત્રમાં કથન છે.

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી કેટલાક ઉધ્ધૃત કરેલ સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૪૫૪ ઇંદ્રિયોના વિષય માત્રના હુકમો તો શરીરની ઓફીસ (કાર્યાલય) માંથી છુટે છે; જ્યારે આત્માની ઓફીસમાંથી તો માત્ર તેની ડીલીવરી થાય છે.

૪૫૫ આયુષ્ય ખતમ થયે આત્માને એક ક્ષણ પણ રાખવા તૈયાર નથી તેવા કૃતઘ્ન મિત્રરૂપ શરીર માટે પાયમાલ થનાર આત્માની મૂર્ખાઈ ખરેખર શોચનીય છે !

૪૫૬ શ્રીજીનેશ્વર મહારાજની વાણી સિવાય કોઇ પણ આત્મા સાચી સ્વતંત્રતા હાથ કરી શકતો નથી.

૪૫૭ શ્રીજીનેશ્વર મહારાજને બળવાખોર કહે, શ્રીજિનઆગમને અભરાઇએ મુકવાનું કહે તેને પ્રભુના શાસનમાં ભક્ત તરીકે ગણાવવાનો હક છે જ ક્યાં ? એ તો સ્વયમ્ ભ્રષ્ટ છે ! એવાઓ ને તો શ્રીજિનેશ્વરના શાસનનું ખૂન જ કરવું છે ! ! !

૪૫૮ પ્રભુભક્તિમાં ઓતપ્રોત થયેલા પુણ્યાત્માઓએ ત્યાં સુધી કહ્યું છે કે 'હે ભગવન્ ! અમારે મોક્ષ પણ નથી જોઇતો વસ્તુતઃ તારી ભક્તિ જોઇએ છે. આવા ભક્તોને મોક્ષ જ છે અર્થાત્ ભક્તિ મોક્ષ અપાવે છે.

૪૫૯ અશાતા વેદનીયના ઉદય પ્રસંગે સમકિતીની ત્યાં નોબત વાગવી જોઇએ.

૪૬૦ આ જીવને પૌદ્ગાલિક પ્રેમનું વ્યસન અનાદિપરંપરાથી વળગાડની (ભૂતની) જેમ વળગ્યું છે.

૪૬૧ વિયોગોનાં કારણો એ પહેલાંના કર્મો છે.

૪૬૨ શરીર નાશવંત છે માટે કાયમ રહેવાનું નથી, આયુષ્ય ક્ષણભંગુર છે, મળેલા સંયોગોનો વિયોગ જરૂર છે, પરિવાર વિગેરે પણ પંખીના મેળા જેવું છે. અને રાખવા ઇચ્છા છતાં પણ રહેતું નથી આ બધાને માટે ફોગટ પાપ કેમ ?

૪૬૩ સ્વતંત્રતાની વાતો કરનારા ત્યાગના ઉમેદવારોની આડે દીવાલો ચણે તો એમના જેવા સાચી સ્વતંત્રતાનો નાશ કરનાર જાલીમ જુલમગાર બીજા કોણ ?

૪૬૪ આપણે પાપની સજાને નથી ઇચ્છતા છતાં પાપને ઇચ્છીએ છીએ એથી જ પાપની સજા ચાલુ છે ! ભૂતકાળમાં હતી અને ભવિષ્યકાળમાં રહેશે, માટે પાપનો પલ્લો છોડો ! ! !

૪૬૫ આહાર છે ત્યાં સુધી જ શરીર છે, શરીર છે ત્યાં સુધી દુઃખની લેવડ દેવડ કરવી પડશે.

૪૬૬ શરીર, ઇંદ્રિયો, વિષયો અને સાધનો વિગેરે મોટાં બારકસોનું મૂળ માત્ર આહારની ઇચ્છા છે.

૪૬૭ ઇંદ્રિયો અને તેના વિષયોના સાધનોની પ્રાપ્તિના પ્રયત્નોમાં આગળ વધવું એને આજની દુનિયા પ્રગતિ, ઉન્નતિ, ઉત્ક્રાંતિ વિગેરે શબ્દોથી સંબોધે છે, જ્યારે શાસ્ત્રકાર મહારાજા તો જડ પદાર્થમાં રાચ્યા રહેવાની પાજીબાજીમાં જરા પણ રાજી નહિ થતાં, તેનાથી સંદતર ફારગ થવા ફરમાવે છે. એટલું જ નહિ પણ જડ પદાર્થમાં જોખમ ખેડનારા પૂનિત પ્રગતિના રોધક છે.

૪૬૮ ધાડપાડુનું નિર્બલપણું જગતને આશીર્વાદરૂપ છે, ધાડપાડુનું બલ જગત માટે શ્રાપ સમાન છે તેવીજ રીતે ધર્મિષ્ઠોનાં બલ, બુદ્ધિ, આરોગ્યતા, ઉદ્યમ વિગેરે **આશીર્વાદરૂપ સારાં અને અધર્મીઓનાં શ્રાપરૂપ ખોટાં !**

૪૬૯ **ઉન્માર્ગે થતો ઉદ્યમ જીવને મોક્ષથી વધારે દૂર ફેંકી દે છે.**

૪૭૦ ઇંદ્રિયોના વિષયોમાં અલમસ્ત જીવો આત્મહિતનાં નાશ માટે ભયંકર બળવાખોરો છે.

૪૭૧ પોતાને કીડી, માખી જેવા નાના જંતુથી લેશ પણ કલેશ થવો જોઇએ નહિ અને પોતે સેંકડો હજારો જીવોનો કચ્ચરઘાણ કાઢે તેની પરવા નહિ આ રીતે લેવા દેવાનાં ટાટલાં જુદા રાખનાર શું ઓછી સજાને પાત્ર છે ?

૪૭૨ શ્રી સમરાદિત્ય ચરિત્ર જેવી **સંવેગરંગની** ભૂમિ પ્રાયઃ બીજા કોઇ ચરિત્રમાં નથી.

૪૭૩ વેરની પરંપરા વડવૃક્ષની જેમ વિસ્તરે છે માટે વેરના બીજને વાવશો જ નહિ.

૪૭૪ મુક્તિ પામેલો જીવ ફરીને સંસારમાં આવતો જ નથી; ફરીને સંસારમાં આવે તેને મુક્તિ કઇ રીતિએ કહી શકાય ?

૪૭૫ સંવરના સત્તાવન ભેદમાંથી એક પણ ભેદમાં દેશવિરતિને સ્થાન નથી, અર્થાત્ દેશવિરતિ એ વિધેય તરીકે નથી. સર્વવિરતિના અસામર્થ્યે દેશવિરતિ છે. ચુકતે દેવું ન ભરી શકનારા માટે દયાની ખાતર કાંધા તો છે, બાકી કાંધાથી દેવું ચૂકવવું એવો કાયદો નથી, અર્થાત્ સિદ્ધિનો રાજમાર્ગ સર્વવિરતિ છે.

૪૭૬ ન્યાય જેટલી મહેનતથી મેળવેલી મીલ્કત હોય છતાં તેને છોડતાં સમયથી વધુવાર લાગતી નથી.

૪૭૭ સ્થાવર જંગમ મિલકતની માલિકી સમય માત્રમાં તૂટે છે-એક જ સમયમાં મીંડું વળે છે તે ભૂલવા જેવું નથી.

૪૭૮ આખી જીંદગીની મહેનત બલ્કે અનંતકાળના અનંતાભવોની મહેનત એકજ સમયમાં નાશ પામે છે છતાં એક જીવવિરામ પામતો નથી જ્યારે બીજો જીવ એકજ સમયની મહેનત કાંઈપણ કાળે નાશ પામે નહિ એવી માન્યતા ધરાવી ઉદ્યમી થઈ પગભર થતો આગળ વધે છે આ બે કાર્યવાહીમાંથી સારી લાગે તે આદરો.

૪૭૯ શાણા વેપારી વધુ લાભ તરફ ઢળે તેવાઓને લાભદાયી કાર્યવાહી ચીંધવામાં જરાયે અહીત નથી.

૪૮૦ દ્વાદશ ગુણસ્થાનની પૂર્ણાહુતિમાં મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવજ્ઞાન હોય કિંવા ન પણ હોય અને ત્રયોદશની પ્રાપ્તિના પ્રથમ સમયમાં કેવળજ્ઞાન છે માટે કલ્યાણ માર્ગે સંચરો.

૪૮૧ મોહમાં મુંઝાયેલા જીવનું ધ્યેય નક્કી થતું નથી.

૪૮૨ મારે શું કર્તવ્ય જોઈએ છે એ પ્રથમ વિચારો ?

૪૮૩ વરસે વરસે ખોટ જાય તો તિજોરીનું તળિયું કાણું થાય એ વાત યાદ છે ને તો ચાલુ જીંદગી નફામાં છે કે ખોટમાં ?

૪૮૪ જાણીબુઝીને ખોટના વેપારમાં પ્રવૃત્તિ કરનારા આત્માઓ આજે ઘણા છે.

૪૮૫ આત્માને પૂછો કે કાળજું છે કે નહિ ? વસ્તુતઃ નથી કારણ કે અનંતી વખતની મહેનત નકામી ગઈ છતાં તેને તે જ રસ્તે ફેર ફેર નકામી મહેનત કેમ કરીએ છીએ.

૪૮૬ મોતની માન્યતાવાળા કાંઈ નાસ્તિક નથી.

૪૮૭ કોડની સંખ્યાને ભણવી, જાણવી અને માનવી જેટલી સ્હેલી છે તેટલી મેળવવામાં સહેલાઈ નથી.

૪૮૭/૧ ભણવું, ગણવું જાણવું અને માનવું જેટલું સ્હેલું છે. તેથી કંઈક ગુંગું વર્તનમાં મુકવું મુશ્કેલ છે.

૪૮૮ વીતરાગપણું આવ્યા સિવાય સર્વજ્ઞપણું સીધી રીતે આવતું નથી.

૪૮૯ જૈન શાસન વીતરાગપણું પ્રાપ્ત કરાવવા માટે જ જન્મ્યું છે.

૪૯૦ સર્વજ્ઞપણું વીતરાગપણાની વાંસે પડેલું છે.

૪૯૧ સર્વજ્ઞપણાનો ઉદ્યમ પ્રભુ શાસનમાં નથી.

૪૯૨ સર્વજ્ઞપણું એ ધ્યેય નથી પણ વીતરાગપણું તે જ ધ્યેય છે.

૪૯૩ વીતરાગપણાને ન પમાડે તે જ્ઞાન નહિ પણ અજ્ઞાન.

૪૯૪ આખા જગતને વીતરાગ માર્ગ દર્શક હોવાથી ગણધર ભગવંતોની પ્રભુ શાસનમાં પરમ અધિકતા છે.

૪૯૫ વીતરાગ માર્ગની અવિચ્છિન્ન પ્રણાલિકાને અસ્ખલિત વહન કરાવવામાં ગણધર ભગવંતો જે પ્રયાસ કરે છે તેટલો પ્રયાસ કેવળી ભગવંતોનો નથી અને તેથી જ સમવસરણમાં તેમનું સ્થાન તીર્થંકર ભગવંત પછી બીજું જ છે.

૪૯૬ સર્વજ્ઞપણું એક સમયમાં મળે તેમ વીતરાગપણું અનંતા જન્મોની મહેનતે મળે છે.

૪૯૭ ખોટા લીટાના પ્રતાપે સાચા એકડા શીખે એ વાત કબુલ છે તો પછી દ્રવ્યચરિત્રના પ્રતાપે પ્રભાવ ચારિત્ર મળે છે એ વાત કેમ સ્વીકારાતી નથી. કલ્યાણકારી માર્ગમાં મુંઝાયેલા મુસાફરને યોગ્ય માર્ગસૂચક સલાહ આપનારાઓની આજે જરૂર છે.

૪૯૮ ખોટા ચરિત્ર વગરનો સાચો ચારિત્રીયો શોધ્યો પણ જડશે નહિ.

૪૯૯ દ્રવ્યચારિત્ર વગર નિર્દૂષીત ભાવ ચારિત્ર શ્રી મરૂદેવાને પ્રાપ્ત થયું તેને શાસ્ત્રકારો આશ્ચર્ય કહે છે.

૫૦૦ ઘઉમાંથી કાંકરી, ગામની સીમમાંથી દાણો, વીણવાનો નથી પણ જગતભરની સીમમાંથી એક જ દાણાની જેમ અનંતા દ્રવ્યચારિત્રે એક ભાવચારિત્ર.

૫૦૧ એક નિગોદના અનંતમાં ભાગે રહેલા સિદ્ધાંત એક નિગોદ જેટલા ખોટા દ્રવ્યચારિત્રો ઊભા કર્યા ! ! !



સંવેગની સમરાંગણ ભૂમિ યાને સમરાદિત્ય ચરિત્ર

અનુવાદકઃ-"મહોદયસા૦"

इतश्च गुरुनिर्देशादग्निशर्मा तपोधनः। आगच्छन्मुच्छ्रिताने कपताक पुरमैक्षत ॥ १८२॥

(ગતાંકથી ચાલુ)

ગયે અંકે આપણે જોઇ ગયા કે, રાજાને ઘેર મુનિના પારણાના દિવસે જ પુત્ર જન્મ થયો છે ને તેથી તે હર્ષથી આખાએ નગરમાં તેની વધામણી રાજાએ ફેલાવી. પછી બંધીજનોને છોડી મુકી વાજીંત્રનાદથી આખાયે નગરને આનંદિત બનાવ્યું. આ બાજુ ગુરુની આજ્ઞા લઇને પારણું કરવા રાજાને ઘેર આવતા એવા અગ્નિશર્માએ આખાયે નગરને ધ્વજાપતાકાથી સુશોભિત જોઇને વિચાર કરવા માંડયો. કે અહો મારા પારણાના દિવસે રાજાએ નગરને કેટલું સુશોભિત બનાવી દીધું છે. અહો મારા ઉપર રાજાની કેટલી બધી ભક્તિ છે. એમ વિચાર કરતો કરતો તપસ્યાથી શરીર સુકાઈ ગયેલું હોવા છતાં પણ હર્ષથી પ્રમોદિત તે મુનિએ ગુણસેન રાજાના મંદિરમાં પ્રવેશ કર્યો.

પુત્ર જન્મના હર્ષથી નાટ્યાદિક જોવામાં આખુંએ રાજકુલ એકચિત્ત બનેલું હોવાથી કોઈએ સામુંએ ન જોયું તો પછી પારણાની તો વાત જ ક્યાં ? તાપસ ત્રણ ત્રણ મહિનાના ઉપવાસ હોવાથી ક્ષુધાથી બહુ પીડા પામેલ ક્રોધમાંને ક્રોધમાં તરત જ નગરની બહાર નીકળી ગયો.

અગ્નિશર્માનો દારૂણ દ્વેષ.

નગરની બહાર નીકળતાં તે અગ્નિશર્માના મુખ ઉપર ક્રોધાગ્નિથી રક્તતા આવી ગઈ હતી. તથા મુખ ઉપર તપસ્યાના લીધે કૃષ્ણતા પણ હતી. જે અગ્નિશર્મા નગરની અંદર પ્રવેશ કરતાં આનંદી હતો. તે જ અત્યારે નિરૂત્સાહી બની ગયો હતો. આખાયે શરીર ઉપર રક્તતા કૃષ્ણતા પિંગતા-શ્વેતતા.....એ પંચરંગીપણું થઈ ગયું ને ક્રોધાગ્નિમાં ચાલતા ચાલતા વિચાર કરવા લાગ્યો કે "આ રાજ દુરાત્મા છે મારો બાલ્યકાલથી જ વૈરી છે" કે જેથી હજી પણ પારણું કરાવવાના બહાને ત્રણ ત્રણ વખત પાછા કાઢી મને દુઃખી કરે છે" એ પ્રમાણે તે અજ્ઞાન દોષથી ક્ષુધા વેદનીયને લીધે ક્રોધમાં આવી જઈ આ પ્રમાણે નિયાણું કર્યું કે "હું આ રાજાનો ભવોભવ મારનારો થાઉં."

આવા પ્રકારનું ભયંકરમાં ભયંકર નિયાણું બાંધ્યું. ભાગ્યશાળીઓ ! વિચાર કરો કે આ સ્થળે જો જૈનશાસનનો આચાર તથા તપ હોત તો કદિ આ સ્થિતિ આવી શકત જ નહીં કારણ કે જૈન મુનિથી કદિ પણ એમ કહી શકાય જ નહીં કે હું તારે ઘેર અમુક દિવસે પારણું કરવા આવીશ એ વસ્તુ આપણે આગળ [illegible] કહી ગયા છીએ તેમ કરવાથી શું થાય છે ? તેનો આપણે પ્રથમ ખ્યાલ કરાવીએ એક વસ્તુ [illegible] છે કે એના ઘરે જતાં ભિક્ષા પ્રાપ્ત ન થઈ તો આર્તધ્યાનનો પ્રસંગ બીજું રાજા એના

નિમિતે એ દિવસે જે આરંભ સમારંભ કરે એ દરેકનું પાપબંધન હવે આપણે તપ-સંબંધી કાંઇક વિચારીએ પ્રથમ તપ કોને કહેવાય ? એકલા ભુખ્યા રહેવા માત્રથી જ તપ ન કહેવાય પણ આત્મકલ્યાણની દૃષ્ટિએ કર્મક્ષયને માટે જ તપ કરવાનો છે. નહિ કે ઐહિક યા આમુષ્મિક પૌદ્‌ગલિક પદાર્થની પ્રાપ્તિ માટે. બીજુ અનાદિ કાલથી જે આત્માને આહારની વાસના છે તે વાસના ઘટાડવા માટે અનાદિ કાલથી જે આત્માએ ભવ કર્યા તે ભવોની આદિમાં પ્રથમ સમયે તૈજસ શરીરની ભટ્ટી સળગતી હોવાથી આહાર લીધો ને તે આહાર ઠેઠ મરણ પર્યંત પણ ચાલુ ને ચાલુ જ રહ્યો ફક્ત વિગ્રહ ગતિમાં એકથી ત્રણ સમય સિવાય આહાર વગરનો હોય છે બાકી એક સમય માત્ર પણ નથી. ત્યારે એ અનાદિકાલની જે આહાર વાસના છે તે ઘટાડવા માટે તપનો આદર કરવો જરૂરી છે. જે તપની અંદર દુર્ધ્યાન થાય તે તપ વસ્તુતઃ નહિ પણ કષ્ટક્રિયા કહેવાય. એ જ વસ્તુ જણાવતાં ન્યાયાચાર્ય ન્યાયવિશારદ શ્રીમદ્ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જ્ઞાનસારમાં જણાવે છેઃ

तदेवहितपः कार्यं दुर्ध्यानंयत्र नोभवेत् ॥ हीयंते न योगाणि क्षीयंतेनेंद्रियाणि च ॥७॥३१ અષ્ટક.

અર્થ-તે જ તપ કરવો કે જ્યાં આત્માનેદુર્ધ્યાન-ન થાય, મનવચકાયના યોગો જેમાં ક્ષયન થાય અને ઇન્દ્રિયો જેમાં ક્ષયન પામે. તેવો જ તપ કરવો જોઇએ.

અસ્તુ. ચાલો આગળ, જેણે નિયાણાથી તપને વેચી દીધું છે એવો તે અગ્નિશર્મા-આમ્રવાડીમાં જઇ ત્યાં પથ્થરની શિલા ઉપર બેસી નિયાણાને નિકાચતો દૃઢ કરતો રાજા ઉપર વારંવાર રોષને સંભારતો ચારે પ્રકારના આહાર (અસન, પાન, ખાદીમ, સ્વાદિમ) નો ત્યાગ કરી રહે છે. એવામાં બીજા તાપસોએ. મ્લાનમુખવાલા-અગ્નિશર્માને પારણું નહીં થવાનું કારણ પૂછયું ત્યારે તાપસે-પૂર્વે માર્ગમાં ચિંતવેલું. સર્વ નિયાણા સબંધી વૃત્તાંત કહ્યું તે સાંભળી તાપસોએ કહ્યું કે તમારા જેવા તપસ્વિજનમાં આ સંભવિત નથી" એમ કહી તેઓએ કુલપતિને આ. સર્વવૃત્તાંત જણાવ્યો. ત્યારબાદ કુલપતિ તે સાંભળી શાંત કરવા આવે છે.

રાજાનું સ્વનગરે આગમન.

એ પ્રમાણે કુલપતિ અગ્નિશર્માનો કોધ શાંત પાડવા આવે છે. આવ્યા બાદ અગ્નિશર્માને કહ્યું કે આમાં કોધ કરવા જેવું નથી તે તો રાજાનો પ્રમાદ છે. "ત્યારે અગ્નિશર્મા કોધમાં ને કોધમાં બોલ્યો કે આમાં રાજાનોય પ્રમાદ નથી. હું જ એવો મૂર્ખ છુ કે-વારંવાર એ જ ઘેર જાઉં છું, એ ઘર જ નિમિત્ત છે. મેં એ ઘરનો આહાર છોડી દીધો છે હવે કંઇ કહેવા જેવું નથી ત્યારે કુલપતિએ કહ્યું; રાજાની ઉપર કોપ કરવો યુક્ત નથી." ત્યાર બાદ કુલપતિએ પોતાના શિષ્યને બોલાવી તાપસના મકાને અગ્નિશર્માને પહોંચાડયો.

હવે આ બાજુ પુત્ર જન્મોત્સવના આનંદમાં મગ્ન થયેલ રાજાને પારણાનો દિવસ સ્મૃતિમાં આવવાથી તુર્ત પ્રતિહારીને પૂછયું. ત્યારે પ્રતિહારે કહ્યું "તપસ્વી તો આવીને પારણું કર્યા વિના જ ચાલ્યા ગયા." એ સાંભળી રાજા મનમાં ઘણો જ દુઃખી થતો. પોતાનાં મુખને દેખાડવા અશક્ત તે રાજાએ પોતાના

સોમદેવ નામના પુરોહિતને તપોવનમાં મોકલ્યો. તે પણ ત્યાં જઈને તે (અગ્નિશર્મા) મુનિને ઘાસના સંસ્તારક ઉપર બેઠેલા જોઈ કહ્યું કે ભગવન્ આપનું શરીર ક્ષીણ કેમ દેખાય છે ? ત્યારે મુનિએ કહ્યું કે બીજા મુનિ પાસેથી પૂછી લો બ્રાહ્મણ કહે શું ? આપના જેવાને પણ આ નગરમાંથી આહાર નથી મળતો? ત્યારે તે મુનિ બોલ્યા કે બરોબર છે. એક ગુણસેન રાજા વિના સર્વે ઘેર મળે છે. બ્રાહ્મણ કહે કે હે ભગવન્ તે ધર્મપરાયણ રાજા કદી એવું અકૃત્ય કરે ખરો ત્યારે મુનિએ કહ્યું, મહાન ધર્મિષ્ઠ ગણાતો **ઋષિ હત્યા કરનાર રાજા છે.**" પછી સોમદેવે પણ મુનિને ક્રોધી જાણી બીજા મુનિને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે તે મુનિ રાજા ઉપર કોપાયમાન થયા છે ને તેથી અનશન અંગિકાર કર્યું છે." આ બધો વૃત્તાંત સોમદેવ પુરોહિતે રાજા પાસે જઈ કહી તે રાજા શુદ્ધ આશયવાલો ખમાવવા માટે યતિને નમસ્કાર કરવા સપરિવાર સાથે આવ્યો ત્યારે કોઈ તાપસે જઈ અગ્નિશર્માને રાજાના આગમનની વાત કહી. અગ્નિશર્માએ પણ પોતાના ગુરુને બોલાવી નિષ્ઠુર વચનથી કહ્યું કે અકારણ શત્રુ એવા એ રાજાનું મુખ જોવાને અશક્ત છું. માટે કંઈક કહી છેટેથી જ તે પાપરૂપ રાજાને કાઢી મૂકો ગુરુએ તેને કષાયવાલો જાણી મૂકી દઈ (એટલે ત્યાંથી ઊઠી) રાજાની પાસે કુલપતિ આવ્યા. રાજા પણ નમસ્કાર કરી ત્યાં બેઠો. પછી કુલપતિએ કહ્યું કે રાજન્ સ્ત્રી પરિવાર સાથે તમારે આટલા સુધી આવવું અનુચિત છે. રાજાએ કહ્યું કે ઋષિઘાતથી વળી વધારે શું અનુચિત છે. કે જેથી જે તે ઉપાયે હું ઋષિને શાંત કરું. અથવા તો કહેવાથી શું ? મને તે મુની દેખાડો કે જેથી જેમની પાસે હું પાપ આલોચું ત્યારે કુલપતિએ કહ્યું કે રાજન્ કાંઈ તમારા લીધે આહારનો ત્યાગ મુનીએ કર્યો નથી. પરંતુ છેલ્લી ઘડી હોવાથી ત્યાગ કર્યો છે.

પૂર્વના તપને તે ઋષિ હમણાં ક્રોધાગ્નિ વડે નાશ કરે છે માટે તમારે ને તેમાંયે સ્ત્રી પરિવાર સહિત જવું યુક્ત નથી. જો તમારે ઘણી જ વેદના કરવાની ઉત્કંઠા હોય તો જાઓ ! પણ જવું ઠીક નથી માટે નગરમાં જઈ ફરી આવજો." એ પ્રમાણે કુલપતિના આદેશને ગ્રહણ કરી. તે રાજા નમસ્કાર કરી નગરમાં ચાલ્યો ગયો.

અગ્નિશર્માના મનનો ભાવ કોઈક તાપસે રાજાને કહ્યો. રાજા તે સાંભળી વિચાર કરવા લાગ્યો કે અહીં રહેવું યોગ્ય નથી. તાપસનો ભય હોવાથી મારા મૂળ નગરે (એટલે ક્ષિતિપ્રતિષ્ઠિત નગર) હવે મારે જવું જોઈએ એમ વિચારી મુહૂર્તિઆને બોલાવી મુહૂર્ત બીજા નગરે જવાનું પૂછ્યું ત્યારે મુહૂર્ત બીજા દિવસ સવારનું કહ્યું ત્યારે રાજાએ એકદમ તૈયાર કરી નગરે જવા નીકળ્યો. એક માસમાં પોતાના નગરે રાજા પહોંચ્યો.

વિજયસેન સૂરી

રાજા આવી સર્વતોભદ્ર નામના મહેલમાં ઊતર્યા તે દિવસે અનેક મુનિથી યુક્ત દ્વાદશ અંગના જાણકાર ચાર જ્ઞાનને ધારણ કરનાર વિજયસેનનામાં સૂરીશ્વરજી પધાર્યા.

આ બાજુ અસ્થાને રહેલ ગુણસેન રાજાએ પ્રસ્તારમાં જ ધર્મવાર્તા કરતો હતો શી ધર્મવાર્તા તે કહે છે-કે કોઈએ કોઈ મહામુનિ માર્ગમાં જોયા છે ?

ત્યારે કલ્યાણક નામના પુરુષે સર્વ ગુણોથી વિભુષિત એવા વિજયસેન નામના કે જે પૂર્વાવસ્થામાં ગંધાર નગરના રાજા સમરસેનના પૌત્ર હતા તે સૂરિને મેં આજે જ અશોકદત્ત શ્રેષ્ઠિના અશોક વનમાં દીઠા છે. રાજાએ કહ્યું હવે સવારે જોઈશું સવારે મુનિને વાંદવા જઈશું હવે પછી મુનિ પોતાનું ચરિત્ર કેવી રીતે કહે છે તે જુઓ.

अथ प्रातः कृत प्रातः कृत्य कृत्यविदांवरः ॥ कद्याने शिष्यताराढ्य तमुनीन्दु मवैक्षत ॥२३७॥

સૂરિશ્વરજીએ દીધેલી દેશના

આપણે પ્રથમ જોઈ ગયા કે અગ્નિશર્માએ ક્રોધમાં આવી એક દ્વેષની ખાતર તમને નિયાણામાં વેચી દીધું. ગુણસેન રાજા પણ પારણું મુનિને ન થયું ને પોતાને કારણે મુનિને દુઃખ થયું તેથી મિથ્યાદ્રષ્ટિ હોવા છતાં પણ હૃદયની અંદર ઘણો પશ્ચાતાપ કરવા લાગ્યો. ત્યાં પણ એકલો ખાલી પશ્ચાતાપ નહીં પણ તેની સાથે તેવા પ્રકારના પશ્ચાતાપની ક્રિયા (આલોચન) મિથ્યદુષ્કૃત (દેવા રૂપ) હોય ત્યારે તે પશ્ચાતાપ કહેવાય તેવા પ્રકારનું અહીં પણ એ જ રીતે રાજા મુનિને ખમાવવા જાય છે. ને ત્યાં શું થયું ? એ સર્વ જોઈ રહ્યા છીએ.

ઉપર આપણે વિજયસેન સૂરીશ્વરજી મહારાજના ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આગમન સુધીનો અધિકાર જોઈ ગયા ત્યારબાદ પ્રાતઃકાલે રાજા મુનિને વાંદવા ગયો ને ત્યાં આગળ જઈ મુનિને વાંદી આ પ્રમાણે પ્રશ્ન પૂછયો કે...હે ભગવન્ આપને આ યૌવન વયે વ્રત ગ્રહણ કરવાનું કારણ શું ? આનો ઉત્તર મુનિવર કેવો આપે છે એ પહેલાં આપણે આ વિષય ઉપર વિચાર કરીએ કે....અનેક સમૃદ્ધિનો માલિક રાજા હોવા છતાં પણ કેટલા નમ્રભાવે પ્રશ્ન પૂછે છે એ વસ્તુ વિચારો ? ત્યારે આજકાલની કઈ દશા છે. એક લાખ કે કરોડની મિલકત થઈ એટલામાં તો અભિમાન તો એટલું આવી જાય. ભોંય પર પગ મુકવો એ મુશ્કેલ ત્યારે જે વસ્તુનું કાર્ય સાધવું હોય તેના માટે ચાહે પછી પૌદ્‌ગલિક હોય વા આત્મીક હોય. પ્રયત્નશીલ તો દરેકે દરેક પ્રાણીએ બનવું તો જોઈએ જ. કારણ અર્થના અર્થીઓ અર્થ માટે પ્રયત્ન કરે. કામાર્થીઓ કામને માટે ઉદ્યમવંત બને ધર્માર્થી પુણ્યાત્માઓ ધર્મને માટે પ્રયાસ કરે એ સ્વાભાવિક છે. આ ત્રણમાં પ્રથમના બે તો પૌદ્‌ગલિક છે ને એક આત્મિક છે ને સ્થિર છે. અર્થને કામ એ જીવને આ ગતિ છોડ્યા પછી સાથે આવનાર નથી આ જીવનમાં સ્થિર નથી ત્યારે જે વસ્તુને સાથે લાવ્યા નથી સાથે લઈ જવાની નથી ને આ જીવનમાં પણ જેનું ઠેકાણું નથી. એવી વસ્તુ ઉપર ચોંટયા રહેવું, એ વસ્તુને પ્રાપ્ત કરવા આખીએ જીંદગીનો વીમો ઉતારી દેવો તેના જેવી બીજી કઈ મૂર્ખતા કહેવાય ?

ત્યારે જે વસ્તુ સ્થિર છે એકાંતે આત્માને કલ્યાણકારી છે. ભવાંતરમાં પણ આત્મા સાથે આવી સુખ આપે છે તે વસ્તુ પ્રત્યે તેની આરાધનામાં તેને પ્રાપ્ત કરવામાં બેદરકારી રહે તે તો ખરેખર સુખની ઈચ્છા ધરાવીને દુઃખને આમંત્રણ આપવા જેવું છે.

આચાર્ય મહારાજે કહેલું પોતાનું વૃત્તાંત.

અસ્તુ ચાલો હવે રાજાના પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય મહારાજે કહ્યું કે હે રાજન્ આ સંસાર આખોએ નિર્વેદનું કારણ છે. આ સંસારની અંદર દુર્લભમાં દુર્લભ મનુષ્યજન્મ છે તે દુર્લભ મનુષ્યજન્મ પામી ધર્મની આરાધના ન કરતાં ભોગની સામગ્રીમાં રાચા માચ્યા રહેવું. એ સજ્જનોને કોઇપણ રીતિએ યુક્ત નથી એટલા જ માટે મેં આ ચારિત્ર અંગીકાર્યું છે તેમાં કોઇપણ બાહ્ય નિમિત્ત આશ્રી, લીધું હોય તો પણ આ સંસારમાં એવી કોઇ ચીજ નથી કે જેને જોઇ વૈરાગ્ય ન થાય, નિર્વેદ એટલે શું ? એ સમજવું પડશે ને ? નિર્વેદ એટલે વૈરાગ્ય તે વૈરાગ્ય ત્રણ પ્રકારે. ૧. દુઃખગર્ભિત. ૨. મોહગર્ભિત ને ત્રીજો ૩. જ્ઞાનગર્ભિત કોને કહેવાય ? દુઃખથી પીડાઇને ચારિત્ર પાલન કરવાની બુદ્ધિઓ નહીં પણ આ દુઃખમાંથી મુક્ત થવા ચારિત્ર અંગિકાર કરી લે પણ ભાવના તો એ જ કે-થોડા કાળથી પછી ચારિત્ર મૂકી ઘેર આવતા રહીશું જેમ ઐતાર્ય મુનિની હત્યા કરનાર સોની. શ્રેણીક રાજા જૈન ધર્મનો રાગી હોવાથી હું જો ચારિત્ર લઈ લઉં તો રાજા મારા કુટુંબને મારું નહીં." એમ વિચારી ચારિત્ર લીધું પણ કાંઇ તે વખતે સંસાર ખોટો છે ને આ ચારિત્રને હીતકારી છે એ વિચારે ચારિત્ર નહીં લીધેલું ત્યારે તે વખતે (ચારિત્ર અંગિકાર કરતી વખતે) અને (સોનીને) દુઃખગર્ભિત વૈરાગ્ય પછી સદ્‌ગુરૂની ઉપાસનાથી તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થયો; ત્યારે આનું નામ દુઃખગર્ભિત પણ આજકાલના નવયુવકો જે વ્યાખ્યા બાંધે છે કે – બૈરી ન મળી ને દીક્ષા લીધી પૈસા કમાવવાની તાકાત નહોતી માટે દીક્ષા લીધી. ઇત્યાદિક બાહ્ય નિમિત્ત દેખી એ દુઃખગર્ભિત વૈરાગ્ય કહી દે છે. પણ એમને સમજવું જોઇએ કે, ચાહ્ય તેવા બાહ્ય નિમિત્ત પામીને આત્મકલ્યાણની બુદ્ધિએ કર્મક્ષયને માટે ગ્રહણ કારાયેલ દીક્ષા જ્ઞાનગર્ભિત વૈરાગ્યયુક્ત જ કહેવામાં વાંધો નથી.

આચાર્ય દેવે પોતાનું ચરિત્ર કહેવા પ્રારંભ કર્યો.

હ રાજન્ આ મહાવિદેહ ક્ષેત્રમાં આ વિજયમાં ગંધાર નામનો દેશ છે. તે દેશમાં ગંધાર નામનું નગર છે તે નગરમાં હું રહેતો હતો. વળી તે જ નગરમાં સોમવસુ નામનો પુરોહિત રહે છે તેને વિભાવસુ નામનો પુત્ર છે ને વિભાવસુ મારો મિત્ર હતો તેના ઉપર મારો એટલો બધો સ્નેહ હતો કે એના વિના એક ક્ષણભર પણ રહી શકતો નહિ.

મિત્રનું મરણ ને રાજાને થયેલ વૈરાગ્ય

એક દિવસ તે વિભાવસુને અસાધ્ય રોગ ઉત્પન્ન થયો. અનેક ઉપચાર કર્યા છતાં પણ તે રોગ શાંતિને ન પામ્યો. ને તે રોગના નિમિત્તે મારો મિત્ર વિભાવસુ મરણને શરણ થઇ ગયો. મહાનુભવો. આ સ્થળે આપણે વિચારવાનું કે જે મિત્ર જેના વિના એક ક્ષણભર પણ રહી શકતો નહોતો અને સંકટમાં પણ પ્રાણ સમર્પવા સુધીની ભીડ ભરતો હતો તે જ મિત્ર મરણને વશ થતાં પણ અટકાવી શકે નહિ તે નિઃસંદેહ વાત છે.

અસ્તુઃ ચાલો તેના વિયોગને નહીં સહી શકતો એવો હું કોઈ પણ સ્થાને પ્રેમને ન પામ્યો એટલે કંઈ પણ કાર્યની અંદર પ્રીતિ થતી નહીં એ પ્રમાણે દુઃખમાં રહેતા કેટલા દિવસ વીતી ગયા બાદ ચાર ચારણ મુનિઓ ગંધાર પર્વતની ગુફામાં ચોમાસું રહ્યા છે તે સમાચાર સાંભળી મિત્ર વિયોગથી દુઃખી હોવા છતાં પણ હું આનંદિત થયો, કારણ કે મુનિઓ દુઃખથી પિડીત થયેલ આત્માઓને શાંતિ આપનારા હોય છે.

પછી જલદી મુનિ પાસે જઈ વંદન કરી યથાયોગ્ય સ્થાને બેઠો મુનિરાજે પણ ધર્મલાભ આપી વૈરાગ્યકારી સમ્યક્ત્વ ઉપાર્જન કર્યું, ત્યારબાદ ચાતુર્માસમાં હું નિત્યે મુનિની પાસે જઈ ધર્મ સાંભળતો હતો.

મુનિને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ

એક દિવસ હું પ્રાતઃકાળે મુનિને વાંદવા અર્થે કિંચિત્ અંધકારના સમયે જતો હતો. માર્ગની અંદર અસંભવિત ચકચકાટ ઉદ્યોત (પ્રકાશ) થતો જોયો કર્ણે જયધ્વનિ સાંભળી આશ્ચર્યસહિત જેટલામાં ગુફા સમીપે પહોંચવા આવ્યો તેવામાં પુષ્પની વૃષ્ટિ થતી જોઈ.

જોયા બાદ નિશ્ચય કર્યો કે મુનિને કૈવલ્યજ્ઞાન થયું છે પછી રત્નસિંહાસન ઉપર વિરાજમાન થયેલ કેવલિ ભગવાનની પાસે જઈ વંદન કર્યું યથાયોગ્ય સ્થાને બેઠા પછી મેં ભગવંતને પુછયું કે હે ભગવન મારો મિત્ર (વિભાવસુ) મરીને કયાં ઉત્પન્ન થયો હશે ? તથા મારો એના પર શા કારણે અત્યંત સ્નેહ હતો ?

ત્યારે કેવળી ભગવાને કહ્યું-"તે મરીને આ જ નગરમાં ઉષદત્ત નામના ધોબીની મધુપિંગલા નામની કૂતરીની કુક્ષે કુતરા તરીકે ઉત્પન્ન થયો છે. ને તે હાલ સંમર્દની નામની નદીના કાંઠે ગધેડાના પગથી પ્રહાર કરાયેલો ને ભૂખ્યો દુઃખ ભોગવે છે. તમારેને એને પ્રેમનું કારણ આ પ્રમાણે છે. ભાવાન્તરમાં તમે પુષ્પપુર નગરમાં કુસુમસાર નામે શેઠ હતા ને વિભાવસુ તમારી શ્રી કાન્તા નામે પત્ની હતી. ને તમારો પરસ્પર ઘણો પ્રેમ હતો તે પ્રેમ હજી પણ શાંત થતો નથી" એમ કહી કેવળજ્ઞાની મહારાજ મૌન રહયા ત્યારબાદ મેં મિત્ર પણાના સ્નેહને લીધે તે કુતરાને મંગાવી દેખ્યો તે કેવળી ભગવાનના કથન પ્રમાણે જ હતો, તે કુતરો ડોક ઊંચી કરતો ને આંખમાંથી અતસારતો હતો તે દેખી મેં કૈવલ્યજ્ઞાની મહારાજને પૂછયું કે **किमिदं वर्तते** આ શું છે.

ત્યારે કેવળીભગવાને કહ્યું કે-એ પૂર્વનો સ્નેહ છે. પછી મેં પૂછયું કે-ભગવાન કયા કાર્યનો આ વિપાક હશે ? કેવળી મહારાજાએ કહ્યું કે-એ જાતિમદનાં વિપાક છે. તે આ પ્રમાણે

આ કુતરાના પહેલા ભવે એટલે મારા મિત્રપણામાં આ વિભાવસુ પુરોહિત પુત્ર હતો ને તે જાતિ કુલ ઐશ્વર્ય ગર્વ ઈત્યાદી મદથી ભરપૂર હતો, તે એક દિવસ વસંતઋતુમાં કીડા કરવા સકળ પરિજન સાથે ઉદ્યાનમાં ગયો તે દિવસે આખાએ નગરના લોકો પોત પોતાના પરિજન સાથે લઈ ઉદ્યાનમાં આવી કીડા કરતા હતા. તેવામાં જે સ્થાને વિભાવસુ પોતાના પરિજન સાથે કીડા કરે છે તેની નજીક એક ધોબી લોકની ટોળી રમવા આવી હતી. વિભાવસુ અભિમાનમાં આવી બોલ્યો.....રે. નીચ લોકો તમે અમારી નજીક કેમ આવ્યા ? એમ કહી માનમાં આવી જઇ તેણે તે લોકોને ખુબ માર્યા અને તેનો મુખ્ય નાયક જે ઉષદત્ત તેને પકડી કેદમાં નાખ્યો પછી લોકોના ઘણું કહેવાથી તેને છોડી મૂક્યો ત્યાં આગળ તારા મિત્રે. નીચ ગોત્ર બાંધવા સાથે તિર્યંચ ગતિ તિર્યંચ આયુને તિર્યંચ આનુપર્વા એ ચાર કર્મનો બંધ કર્યો.

આઠ મદનું વિશેષ સ્વરૂપ.

અત્ર મદનું સ્વરૂપ વિચારવા જેવું છે મદ આઠ પ્રકાર થાય છે તેથી આત્મા. અશુભ કર્મ બાંધે છે તે આઠ મદના નામ આ પ્રમાણે ૧ જાતિ મદ. ૨ કુલમદ ૩ બલ મદ. ૪ ઋદ્ધિમદ ૫ વિદ્યામદ ૬ લોભમદ. ૭ તપ મદ. ૮ રૂપ મદ. એ મદથી આત્મા કેવા પ્રકારે દુર્મતીમાં પડે છે તે જાણવા હવે પછીનો અંક જુઓ.



આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કન્નપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

સ્વાભાવિક છે ! ! !



મુસદ્દાને યેનકેન પ્રકારેણ પસાર કરવાની તાલાવેલીમાં ન્યાય-નીતિને નિહાળાય જ નહિ એ સ્વાભાવિક છે.

સગીરોનું લવલેશ હિત નથી બલ્કે પારાવાર અહિત છે એવું જાહેર પ્રજા અનુભવીને પ્રચંડ પોકાર ચાલુ રાખે તે સ્વાભાવિક છે.

અન્યાયની છુરીથી ન્યાય-નિતિનું છેદન ભેદન કરનાર મુસદ્દો સામે પ્રચંડ વિરોધ ઊઠે તે સ્વાભાવિક છે.

આર્યરાજ્યનીતિને ન છાજે તેવી રીતે ન્યાયના બહાના હેઠળ અન્યાયનું અવલોકન કરાવનારા રાજ્ય કારભારીઓ તરફ જાહેર પ્રજા હશે તે સ્વાભાવિક છે.

સમિતિનો રિપોર્ટ સર્વાંગે ખોટો અને અધુરો હોવા છતાં તેના ભરોસે ભૂલા પડેલાઓની ભયંકર ભૂલ માટે સમગ્ર જનની દયા ખાય તે સ્વાભાવિક છે.

બાળ દીક્ષિતો સિવાય પ્રભુમાર્ગની અવિછિન્ન પ્રણાલિકાને પગભર કરી શકનાર કોઈ નથી એવું જાણ્યા છતાં, સાંભળ્યા છતાં એને અનુભવ્યાં છતાં બાળદીક્ષા દફનાવવા તૈયાર થયેલાઓની પીઠ થાબડનારાઓ ઘોર પાપની ઉપાર્જના કરે તે સ્વાભાવિક છે.

મુસદ્દાની મુર્ખાઈ પર કલ્યાણકાંક્ષી આત્માઓ આંસુ ઢાલે તે પણ સ્વાભાવિક છે.

મુસદ્દાની તરફેણ કરવાવાળા ઘણા છે એવું જાહેર કરતા પહેલાં વિરોધ કરનારાઓની સંખ્યા વિશેષ છે અને એ વિશેષ સંખ્યા જાહેર કરવાથી પાપનો ઘડો જાહેર સૃષ્ટિમાં ફુટી જશે એવી બીકથી બાવરા બનેલાઓ સાચી બિના પ્રગટ ન કરી શકે તે સ્વાભાવિક છે.

અન્યાયની પરંપરાને જન્મ આપનાર જોહુકમી પ્રત્યે પ્રભુમાર્ગના રસિકોની અવિચળ આરાધના અને અડગ આત્મનિર્ણય પ્રત્યે વાસ્તવિક પ્રેમના ઝરણાં ઝરે સ્વાભાવિક છે.

સામુદાયિક કર્મના નિવારણાર્થે જગતભરને શાંતિ આપવા ઉપવાસાદિક આત્મશુધ્ધિના મહાન્ સૂત્રોરૂપ સુધાવૃષ્ટિથી પ્રચંડપુરમાં જડવાદની જવલંત માન્યતાઓ અવશ્યમેવ બુઝાઈ જાય એ સ્વાભાવિક છે.

દિવ્ય આત્મશક્તિનાં અલૌકિક અજવાળા જડવાદના ગાઢા અંધકારને દૂર કરે એ સ્વાભાવિક છે.

ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

અલૌકિક દીપક !!!



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૧૭ મો.	મુંબઈ, તા. ૨૨-૬-૩૩, ગુરૂવાર જેષ્ઠ - વદ - ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી –

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

અલૌકિક દીપક..... ૩૭૭

સુધા-સાગર..... ૩૮૫

આગમોદ્ધારકની અમોઘ દેશના..... ૩૮૮

સાગર સમાધાન..... ૩૯૯

અગત્યનો સુધારો

ગતાંકમાં પાન નં. ૩૪૭માં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય ? એમ જે છપાયેલ છે તેને બદલે દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય ? તેમ સમજવું. તંત્રી.

બહાર પડી ચૂકી

શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિ કે જે શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કરતાં પ્રાચીન અને પૂર્વધર આચાર્ય મહારાજજીની કરેલી છે, અને પૂ. આગમોદ્ધારક દેવે સંશોધન કરેલી છે. કિમત રૂ. ૪-૦-૦ છે અને પોસ્ટ જુદું.

મંગાવનારે શ્રી સુરત જૈનાનન્દ પુસ્તકાલય એ સરનામેથી મંગાવવી. નકલો થોડી છે માટે સિલકમાં હશે ત્યાં સુધી મોકલાશે.

તા. ક. આગમોદય સમિતિ, શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ અને શ્રી ઋષભદેવજી કેશરીમલજી તરફથી છપાયેલાં ગ્રંથો પણ અહિંથી મળી શકશે.

વ્યવસ્થાપક જૈન આનંદ પુસ્તકાલય. ગોપીપુરા-સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

શ્રી સિદ્ધચક્ર.

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૧૭ મો	મુંબઈ, તા. ૨૨-૬-૩૩, ગુરૂવાર. જેઠ-વદ ૦))	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

નોંધ:-શ્રી છાયાપુરી મધેના વિશાળ ઉપાશ્રયમાં પ્રાતઃ સ્મરણીય શાસન પ્રભાવક, શાસન સંરક્ષક, તીર્થોદ્ધારક, સકળશાસ્ત્ર પારંગત શૈલાણા નરેશ પ્રતિબોધક, આગમ-જ્ઞાનદાતા-આગમના અખંડ અભ્યાસી, આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ અમોઘ દેશનાનું સારભૂત અવતરણ રોચક, અભિનવ જ્ઞાન સંપાદક, અને મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ આવિર્ભાવ કરનાર હોવાથી અત્રે અપાય છે.

દેવની ઉત્પત્તિ વગર ગુરૂધર્માદિક તત્વોના સદ્ભાવ સૃષ્ટિમાં પણ નથી જ.

શત્રુઓને જીતવાની એક સરખી પદ્ધતિ સ્વીકારનારા

દેવાધિદેવરૂપી દીપકમાં રહેલું અલૌકિક સામર્થ્ય.

અલૌકિક-દીપક.

यस्य चाराधनोपायः, सदाज्ञाभ्यास एवहि ।
यथाशक्ति विधानेन, नियमात् स फलप्रदः ॥६॥

અનાદિનો જૈનમત.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજજી ભવ્યજીવોના હિતને માટે શ્રી અષ્ટકજી નામના પ્રકરણની રચના કરતાં શ્રી મહાદેવ નામના પ્રથમ અષ્ટકમાં જણાવે છે કે જગતમાં દરેકે દરેક મતની પ્રવૃત્તિ, તે તે મતનું ધ્યેય વિગેરે તે તે મતના અધિષ્ઠાતાને અવલંબીને હોય છે.

વિષ્ણુદેવને માનનારા વૈષ્ણવ, શિવ નામના દેવને માનનારા શૈવ અને કબીરને માનનારા કબીરપંથી છે. તેવી રીતે આપણે પણ જિન દેવને માનનારા હોવાથી જૈન કહેવાઈએ છીએ, આ તેમજ અનેક મતોના નામ દેવને આશ્રીને પડેલાં હોય છે. અને તે વર્તમાનમાં પ્રાયઃ બધાને અનુભવ ગમ્ય છે. દેવના દેવત્વને લક્ષીને પૂજન, નમન, વંદન શરૂ રહે છે. તે તે મતની માન્યતાઓ અગર મુરાદો તે તે મતના અધિષ્ઠાતા દેવો તરફથી પ્રસિદ્ધ થયેલી હોય છે. આથી કોઈપણ મતને તપાસતાં પહેલાં તેમાં ત્રણ તત્વ માલમ પડે છે અને તે ત્રણ તત્ત્વ **૧. દેવ, ૨. ગુરુ અને ત્રીજો ધર્મ.**

શંકા- દેવ તત્ત્વ આધારે જ મતની ઉત્પતિ હોવા છતાં ઉત્પાદક લાંબો કાળ જીવતો નથી, અને સંચાલક ગુરુવર્યોથી તે મત લાંબો કાળ ટકી શકે છે, હયાતિ ભોગવી શકે છે, તો પછી તે ગુરુઓના નામની તે ધર્મ અને ધર્મીઓ કેમ ઓળખાતા નથી ?

સમાધાન-પ્રથમ તો મતની ઉત્પત્તિ દેવથી છે એટલે ઉત્પત્તિ અને સ્થાપનાના હિસાબે પ્રથમના નામથી ચાલે છે, પ્રથમના જેવી પ્રભાવિકતા પ્રાયઃ બીજામાં હોતી નથી.

વિશેષમાં કોઈપણ જગા પર ધર્મતત્ત્વ ચાલ્યું અને પછી દેવ થયા અને ગુરુ થયા એમ નથી. તેમજ કોઈપણ જગા પર પ્રથમ ગુરુતત્વ ચાલ્યું અને પછી દેવતત્વ અને ધર્મતત્વ ચાલ્યું એવું પ્રાયઃ બન્યું નથી બનતું નથી અને બનશે પણ નહિ. અને આપણા જૈન-મતમાં પણ જગતવંદ્ય જિનેશ્વરની ઉત્પત્તિ વગર ગુરુતત્ત્વ તથા ધર્મતત્ત્વની ઉત્પત્તિ નથી.

ફરક એટલો છે કે આપણે આપણા મતને અનાદિપણે માનીએ છીએ જ્યારે બીજાઓ અનાદિ માનતા નથી, કદાચ માનવા જાય તો પણ આદિ તરીકેની માન્યતા સ્વીકારવી પડે છે. આપણો મત જાતિને અવલંબીને પ્રવર્તેલો છે, અને બીજાઓના મત વ્યક્તિને અવલંબીને પ્રવર્તેલો છે. વ્યક્તિની અપેક્ષાએ વિષ્ણુને માનનારા વૈષ્ણવો, શિવના અનુયાયીઓ શૈવો વિગેરે. જેવી રીતે બધા મત વ્યક્તિની જોખમદારી પર છે, અને તેને વ્યક્તિનું અનાદિપણું નથી બલકે આદિપણું હોવાથી તે તે મતો આદિપણાને અંગિકાર કરે છે; અર્થાત્ જગતભરનાં બધા મતો આદિપણાનો સ્હેજે સ્વીકાર કરે છે. જેમ વિષ્ણુની ઉત્પત્તિ પછી વૈષ્ણવ વિગેરે વિગેરે અનેક પુરાવાથી આદિપણું સિદ્ધ કરવામાં વધુ દલીલ-યુક્તિઓની જરૂર નથી; પણ જૈન મત આદિપણાને સ્વીકારતો નથી, બલ્કે કાંઈપણ દલીલથી આદિપણાની સિદ્ધિ થતી નથી.

અનાદિકાળનો જૈન મત છે, અને કોઈપણ વ્યક્તિ મુખ્ય સંચાલક તરીકે હોવા છતાં દરેકે દરેક તીર્થંકરના સમયમાં બધાએ જૈન તરીકે મશહૂર છે, હતા અને રહેશે અને અનાદિપણાની સાક્ષી જૈન શબ્દ પૂરતો હતો, પૂરે છે અને પૂરશે તેમાં શંકાને લેશભર સ્થાન નથી.

જીતવાની એકસરખી પદ્ધતિ.

વ્યક્તિઓનો સ્થાપેલો ધર્મ, વ્યક્તિઓએ કહેલો ધર્મ વ્યક્તિઓએ ચલાવેલો ધર્મ તે તે

વ્યક્તિના જન્મ પછી જ હોય છે, અને તે વ્યક્તિ અનાદિનો હોય પણ નહિ અને તેથી જ તેને કથન કરેલો ધર્મ પણ અનાદિનો હોય જ નહીં. આ બિનાને આપણે પૂર્વે વિસ્તારથી વિચારી ગયા, હવે અહીં જૈન શાસનમાં શ્રી ઋષભમત, શ્રી શાંતિમત, શ્રી પાર્શ્વમત, અને શ્રી વીરમત એવા નામથી મત ચાલ્યા નથી.

પ્રશ્ન - વીર શાસન-કહેવાય છે ને ?

સમાધાન - વીર શાસનને સેવવાવાળા ને શ્રી ઋષભદેવનના અનુયાયી નહીં એમ કહી શકાય જ નહીં, જેમ વિષ્ણુના અનુયાયી તે શૈવ નહીં તેવી રીતે અહીં શ્રી વીરપ્રભુનાં અનુયાયી હોય તે એકલા પ્રભુ વીરને જ માને એમ નહિ પણ ભૂતકાળનાં તીર્થંકરો અને વર્તમાનકાળના વિહરમાનો તથા ભવિષ્યકાળમાં થનારા બધાના અનુયાયી ગણાય, અને તેથી ભૂત-વર્તમાન અને ભવિષ્યકાળમાં તે કોઈપણ તીર્થંકરના શાસનમાં આરાધના કરનાર વ્યક્તિ તે જૈન તરીકે ગણી શકાશે. અર્થાત્ આથી તમારા પ્રશ્નનો ઉકેલ સહેલાઈથી આવી ગયો અને તે સમજાઈ ગયો કે પ્રભુ મહાવીરે આચ્છાદિત થયેલું તત્વ પ્રકાશિત કર્યું તેથી વીરશાસનના અનુયાયીઓ જેવા પ્રભુ મહાવીર દેવને માને પૂજે તેવી રીતે સઘળા તીર્થંકરોને માને અને પૂજે છે. વીરશાસન એટલે જૈન શાસન કહેવામાં લેશભર દોષ નથી. વસ્તુતઃ વીરશાસન=જૈનશાસન.

આ બાબતની વધુ સાક્ષી શ્રી પંચમંગળ મહાશ્રુત સ્કંધ શ્રી નવકાર મંત્ર પૂરે છે, અને શ્રી નવકાર મહામંત્રમાં એ ખુબી છે કે ત્યાં પ્રથમ પદમાં નમો અરિહંતાણં કીધું પણ ત્યાં નમો વદ્ધમાણસ્સ નમો ઋષભસ્સ પૂ. ગુરુપદના સ્થાને નમો ગોયમસ્સ નમો જંબુસ્સ ઈત્યાદિ નામો ન રાખ્યાં, આ નામો નહીં રાખવાનું કારણ વિચારાય તો સહજે સમજાઈ જાય તેમ છે કે પ્રભુમાર્ગમાં વ્યક્તિની એટલી બધી વિશિષ્ટતા નથી કે જેટલી વિશિષ્ટતા જાતિની છે. વ્યક્તિના સંબંધે રાગવાળા થવું એ પણ એક વિષ છે. વ્યક્તિનો રાગી નિરાગી બનવા જતાં રાગી બની જવાનો સંભવ છે, તેની જાતિની અધિકતા ગણી અને જાતિમાં પણ ગુણને લીધે જ અધિકતા છે.

આ વ્યક્તિનું શાસન નથી, જીન એ જાતિવાચક નામ છે. વ્યક્તિવાચક જિન શબ્દ નથી. જિન એટલે રાગદ્વેષને જીતનાર, એવો કોઈપણ કાળ નથી જે કાળમાં રાગદ્વેષ જીતાતા ન હોય. અનાદિ કાળથી રાગદ્વેષ જીતવાની એક સરખી પદ્ધતિ આવી છે; હતી, અને છે. શ્રી ઋષભદેવથી, શ્રી મહાવીરદેવ સુધીના બધાએ વ્યક્તિગત તીર્થંકરો ખરા પણ તે બધાની ગણના નમો અરિહંતાણું જાતિવાચકપદમાં અંતર્ગત છે. અનાદિકાળમાં રાગદ્વેષને જીતનારા એકલા પ્રભુમહાવીર હતા. પ્રભુ ઋષભદેવ હતા એમ નહિ પણ પૂર્વે ઘણા હતા વર્તમાનમાં વિદ્યમાન છે અને ભવિષ્યમાં જીતનારા થશે અને બધાની રાગદ્વેષ જીતવાની પદ્ધતિ એક સરખી છે.

એક દેવદીપક.

અનાદિનું તીર્થ હોવા છતાં રાગદ્વેષ જીતવાની પ્રવૃત્તિ પૂ. તીર્થંકરો જન્મે અને જન્મ્યા બાદ દીક્ષા લઈ ઉગ્ર તપશ્ચર્યાનું સેવન કરી કેવલ્ય જ્ઞાન પામી તીર્થ સ્થાપે ત્યારે, ત્યાર બાદ રાગદ્વેષ જીતવાની

પ્રવૃત્તિ શરૂ થાય. અર્થાત્ શાસન સંચાલક ગણધરોની સ્થાપના, અને સાથે સાથે દ્વાદશાંગી તથા સાધુ સાધ્વી-શ્રાવક શ્રાવિકા ચતુર્વિધ સંઘની સ્થાપના.

તીર્થંકરો તીર્થ સ્થાપે નહીં ત્યાં સુધી ન તો ગુરુતત્વ અને ન તો ધર્મતત્વ. આ બે મહાન તત્વમાંનું એકે તત્વ હોતું નથી.

શ્રી ઋષભદેવજી પહેલાં દેવ-કે ગુરુતત્વ હોતું જ નહીં. આ ઉપરથી એક નિયમ થયો કે **દેવની ઉત્પતિ વગર ગુરુ-ધર્મ તત્વોનો સૃષ્ટિમાં સદ્ભાવ હોતો જ નથી. અને દેવો ગુરુતત્વ તથા ધર્મતત્વને પ્રગટાવે છે. એટલે એક દેવ દીપક અનેક દીપકો પ્રગટાવી શકે છે.**

કલ્યાણ કુંચી.

દરેક તત્વની માન્યતા અને મતની મશહુરતા દેવના નામે ચઢે તેનું કારણ એ જ છે કે પહેલી હયાતિ ધર્મ તથા ગુરુતત્વની હોતી નથી, ધર્મની સિદ્ધિ, તે ધર્મમાં રહેલી વિશિષ્ટતા, તે ધર્મમાં રહેલી લાભહાનિ વિચારવા પહેલાં પ્રથમ તકે તે તે ધર્મના સંચાલક-ઉત્પાદક તરીકે તે ધર્મનું દેવ તત્વ વિચારવા લાયક છે અને તેથી જ જૈન શાસનના શણગાર રૂપ ચૌદશો ચુમ્માલીશ ગ્રંથોની રચના કરનાર મહર્ષિ અહીં પ્રથમ દેવાધિદેવ એવા મહાદેવ અષ્ટકમાં દેવ તત્વની વિચારણા કરે છે, અને તેઓશ્રી એવાં અનુપમ લક્ષણનું નિરૂપણ કરે છે કે તે નિર્દુષ્ટ લક્ષણ દ્વારાએ લક્ષ્યને લેવાની, ઓળખવાની, સેવવાની અને તેમના પગલે યથાશક્તિ સમગ્ર જીવન સમર્પણ કરવાની કલ્યાણકુંચી બતાવે છે તે વિચારીએ.

વધુ શું કર્યું ?

દેવે કહ્યું કે કર્યું ? એ પ્રશ્નને અત્રે પ્રથમ અવકાશ છે. જિન પન્નત્તં એટલે શું ? સભામાંથી-કેવળીઓએ કહેલો ધર્મ ! કરેલો ધર્મ નહિ-એમ કહી શકીએ ખરાં કે નહિ ?

ના, જી. (સભામાંથી.) તમે સર્વ જાણો છો કે ધર્મની વિશિષ્ટ આચરણા કર્યા વગર કેવળજ્ઞાની થવાતું નથી, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની યથાસ્થિત આરાધના કર્યા વગર કોઇ પણ કેવળી થઇ ગયા, થશે અગર થાય છે એવું તો બન્યું નથી બનતું નથી અને બનશે પણ નહિં જ.

કેવળીનો કરેલો=બનાવેલો ધર્મ એ પણ કહી શકતાં નથી તેમજ કેવળીએ કહેલો એ પણ કહી શકતાં નથી ત્યારે શંકા થશે કે કહેવું શું ?

કરેલો એટલે બનાવેલો કહેવામાં અડચણ તે, અને "કહેલો" કહેવામાં પણ અડચણ છે પણ એ 'કરેલો' અગર 'કહેલો' એ બે શબ્દોનું ઊંડું રહસ્ય સમજાય અને લક્ષ્ય પૂર્વક બોલાય તો તે બે શબ્દો ઉચ્ચારવામાં વાંધો નથી. આ વાતનો ખુલાસો આગળ પર વિસ્તારથી થવાનો છે એટલે આપણે તે આગળ વિચારીશું. કેવળીના થવા પહેલાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ આદિ સેવનથી પાપ થતું હતું કે નહિ ? ક્રોધાદિ કષાયો કરવાથી પાપ બંધાતું હતું કે નહિ ? તેમજ કેવળીના

ઉપદેશ વગર પૂર્વે કહેલાં પાપો રોકાતા હતાં કે નહિ અગર સંજોગવશાત્ રોકવાનો ઉદ્યમ થતો હતો કે નહિ? કહેવું પડશે કે પૂર્વે (કેવળીના પહેલા) પાપ બંધાતા હતા અને તે પાપ છૂટવાના સાધનોનું સેવન પણ થતું હતું. જો પાપનું થવું અને પાપનું રોકાવું તો પ્રથમ પણ હતું તો તીર્થંકરોએ વધુ શું કર્યું ?

જેમ કાયદો બંધાયા પછી કાયદા વિરુદ્ધ જનારને ગુનેગાર ગણવા અને કાયદાને માન આપનારને શાબાશી અને શિરપાવ આપવો એ વ્યાજબી ગણાય તેવી રીતે જીનેશ્વર મહારાજના સિદ્ધાંતની હયાતિમાં થયેલાં પાપ ગુનાઓ તે પાપ ગણવા અને તેથી તે જ ગુનેગારો પાપી છે તે સિવાયના ગુનેગારો નહિ; તેમજ જીનપ્રજ્ઞિત સિદ્ધાંતો પ્રરૂપાયા પછી જે સેવન કરે તે ધન્યવાદને પાત્ર અને તેઓ જ પુણ્ય મેળવી શકે અને નિર્જરા કરી શકે પણ જિનેશ્વર સિદ્ધાંતના વિરહ કાળમાં કરેલાં પુણ્ય પાપ અગર નિર્જરા પામવાના કાર્યો તે હિસાબમાં ન ગણવા એમ તો તમે માનતા નથી. બલ્કે તીર્થંકર દેવ વિદ્યમાન હોય કે ન પણ હોય તો પણ જાણતા અજાણતા સેવેલાં હિંસાદિ પાપો તે પુણ્યરૂપ કોઈ કાળમાં થયા નથી થતા નથી અને થશે નહિં એવું સર્વ કાળ માટે એક સરખો સિદ્ધાંત છે તો તીર્થંકરોએ તીર્થ સ્થાપીને કર્યું શું ???

કારણ તીર્થંકર તીર્થ સ્થાપીને એમ કહેતા નથી કે પહેલાં જેણે હિંસા કરી તેને હિંસાના પાપની ફિકર નથી. હવે કરશે તેને જ પાપ લાગશે એવું તો તેઓ કહેતા નથી. જેમ નાતવાળા એક કાયદો કરે અને જાહેર કરે કે આજદીન સુધી જેટલા ગુના થયા તે બધા માફ હવે આ કાયદા વિરુદ્ધ કરશે તે ગુનેગાર ગણાશે તેવી રીતે આ શાસનમાં નથી તો પછી તીર્થંકરોએ સિદ્ધાંતની પ્રરૂપણા કરીને વધુ શું કર્યું !!!

સિદ્ધાંતને વ્યવહારુ બનાવો ! ! !

જીનેશ્વરદેવોની ઉત્પત્તિના પહેલા કાળમાં પણ હિંસામાં પાપ હતું અને પાપનું રોકાણ પણ હતું તો પછી જીનેશ્વરોએ કર્યું શું ? એ પ્રશ્નના સમાધાનમાં સમજવું જરૂરી છે કે લાખ રૂપિયાનો હીરો અંધારામાં પડયો હતો કોઈએ દેખ્યો નથી ! અજવાળાનો આવિર્ભાવ થતાં બધાએ હીરો દેખ્યો ! ! અજવાળાએ હીરો દેખાડયો છે પણ બનાવ્યો નથી. વસ્તુતઃ અજવાળું હાથ ઝાલીને હીરો દેખાડતું નથી. પણ અજવાળાના અવલંબનથી અવની પર પડેલો હીરો દેખી શક્યા. અત્યાર સુધી જે પ્રવૃત્તિ થતી હતી, તે પ્રવૃત્તિને જોશભેર કરનારાંઓ પણ જાણતા નહોતા કે આ પ્રવૃત્તિથી પાપ થાય છે કે પુણ્ય ! આ પ્રવૃત્તિથી કર્મ બંધાય છે કે કર્મ રોકાય છે ? આ ઉપરથી એ માનવું પડશે કે પાપને પાપ તરીકે માનવું સ્વીકારવું અને તે પાપ હેય કોટીમાં હોવાથી તે પાપથી વિરામ પામવાના પૂનિત માર્ગે આવવાનું મન થવું, સંવર-નિર્જરાદિ કાર્યોને તે સ્વરૂપે માનવા અને સ્વીકારવા તે તીર્થંકરદેવોના ઉપદેશ રૂપ અજવાળા વગર સત્ય પદાર્થોની સેવના બની શકે જ નહીં. સાપ, વીંછી અને નોળીયા પડેલા હોય છતાં કોઈ દેખી શકતું નથી પણ કોઈ દીપક કરે અને તે દીપકના અજવાળાથી સાપ-વીંછી નોળીઆ વિગેરે ઝેરી જાનવરો દેખાય. અર્થાત્ દીપકના અજવાળાએ સાપ વિગેરે ઝેરી જાનવરો દેખાડયા આથી દીપકના અજવાળાનો એટલે દીપકના કરનારનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો જ છે.

જગતભરમાં સ્વભાવે મોક્ષના કારણો અને સંસારના કારણો નિયમીત હતાં છતાં જીનેશ્વર જાહેર કર્યા આથી જ જિનેશ્વરોનાં કથનને 'जिन पन्नतं' કહીએ છીએ.

જિનેશ્વરોએ કંઈ નવાં પોતાના ઘરનાં તત્વો જણાવ્યાં નથી પણ દુનિયામાં જે સ્વરૂપે તત્વો હતાં તે જ સ્વરૂપે તે તત્વોને તત્વ-અતત્વ વિભાગમાં વહેંચી જાહેર કર્યા.

જીનેશ્વરોએ ઉપદેશ દ્વારા એ આખા જગતને ગુનેગાર ગણ્યું. ઘણાંને પાપી માનવા મનાવવાની જાહેરાત કરી અને થોડાને પાપ વગરના માનવા મનાવવાની જાહેરાત કરી. એક અપેક્ષાએ તો તીર્થંકરોએ તો ઉપદેશ દ્વારાએ ઘણાંને ગુનેગાર અને થોડા બલ્કે તદ્દન અલ્પ સંખ્યાને બિનગુનેગાર તરીકે જાહેર કર્યા તમે કહેશો કે ઉપદેશે તો ગજબ કર્યો. આ બધા એક સરખી કોટીમા ગણાતા હતા તેમાં તીર્થંકરના ઉપદેશે તો ઉત્પાત મચાવ્યો.

પ્રભુ માર્ગની પ્રણાલિકાને નહિ પિછાણનારાઓ આજે પ્રભુ મહાવીરના સિદ્ધાંતને હસે છે, અને તેઓ આજે એ જ કહી રહ્યા છે કે તીર્થંકરના ઉપદેશે તો ઉત્પાત મચાવ્યો છે, કારણ કે એ બે હજાર વર્ષની વાતોને પ્રતિપાદન કરનાર સિદ્ધાંતો આજની વિસમી સદીમાં અમને અને અમારી પ્રજા માટે કેવળ વસમાં છે માટે આજની જનતા લાભ લઈ શકે તેવાં તે સિદ્ધાંતો વ્યવહારુ બનાવો !!!

શાસનની જવાબદારી

તીર્થંકરોએ એ ઉપદેશ દીધો ત્યારથી ઘણા ગુન્હેગાર અને થોડા ગુન્હેગાર આવો હિસાબ ક્યારે ગણીએ કે તે ઉપદેશમાં કથન થતું હોય કે "આ સિધ્ધાંત જાહેર થયાંના પૂર્વકાળમાં જે જે પાપ થયું હોય તે પાપ નહીં, હવે કરશે તેને જ પાપ લાગશે" આવું અગર આવા પ્રકારનું ધ્વનિત પ્રભુ-ઉપદેશમાંથી થતું હોય તો જ તમારી માની લીધેલી ત્રિરાશી ખરી પડે. પણ તેમ તો છે જ નહિ. તીર્થંકરના સિધ્ધાંતો ત્રિકાળાબાધિત છે અને તેથી તે સિદ્ધાંતો સદાકાળ એક સરખા રૂપે અવાજ કરી રહ્યા છે કે હમણાં પાપ કરો, પૂર્વે કરો કે ભવિષ્યમાં કરો પણ પાપ તે પાપ અને પુણ્ય તે પુણ્ય રૂપે જ રહેશે. તેમજ પાપને હમણાં રોકો પૂર્વે રોકો કે ભવિષ્યમાં રોકો તે લાભદાયી જ છે. આ ઉપરથી સિદ્ધાંતો એટલા બધા વ્યવહારૂ છે કે એકવીશ હજાર વર્ષમાં કોઈપણ પ્રાણી લાભ પામ્યા વગર રહે જ નહિ.

જૈન શાસન એટલે વસ્તુત-જીવાદિતત્વોને શીખવનાર વિશિષ્ટ શાસન અથવા
शासयति जीवाजीवादि पदार्थान् इति शासनम् शास्यते अनेन इति शासनं.

દીપકની ફરજ અજવાળું કરવાની છે, તેમ જિનેશ્વરોની ફરજ કથન કરવાની છે. કથન કર્યું એટલે જવાબદારી પૂરી થઈ. જેમ દીવો સાપને દેખાડી દે પછી બચવાનું કામ તમારું પોતાનું, તેવી રીતે શાસનનું કામ સત્ય પદાર્થ બતાવી દે સત્ય પદાર્થની પ્રરૂપણા કરી એટલે શાસનની જવાબદારી પૂરી થઈ.

સહકાર વગર સિધ્ધ કર્યું.

શંકા - જીવાજીવાદિ પદાર્થ કહેવામાં શ્રી તીર્થંકરો અને સામાન્ય કેવળીઓ એક સરખા છે, છતાં તીર્થંકરના નામે શાસન કેમ ચઢયું ? જગતના તમામ ભાવ બન્ને એક સરખા જાણે છે, બન્નેમાંથી કોઈ એક પણ પદાર્થને ઓછો વત્તો જાણી શકતા નથી છતાં ફરક કેમ? અને જો ફરક નહોય તો કેવળી શાસન ? સર્વજ્ઞ શાસન ! એમ કહો.

સમાધાન - ગુણોની અપેક્ષાએ કેવળી શાસન, સર્વજ્ઞ શાસન કહી દઈએ એટલે કેવળજ્ઞાનની

વિશિષ્ટતાના અંગે કહી દઈએ તે વાત જુદી છે પણ સર્વજ્ઞ શાસન કહેવામાં એ મુદ્દો એ છે કે શ્રી તીર્થંકરોમાં રહેલું સર્વજ્ઞપણું સ્વીકારીને સામાન્યમાં વિશેષનો આરોપ કરીએ છીએ. સર્વજ્ઞ શબ્દ સામાન્ય હોવા છતાં આવી જગા વિશેષ્ય રૂપે વપરાય છે. તમારા પ્રશ્નનું એ સમાધાન છે કે જેમ એક અંધારી ગુફામાં ભરચક માનવ મેદની ઉભરાઇ રહી છે. તે ગુફામાં અત્યંત ગાઢ અંધારું હોવાથી પરસ્પર એક બીજાને જોઇ શકતા નથી.

અંધારું હોવાથી રસ્તો જડતો નથી, કોઈ એક મનુષ્યે દીવાસળી સળગાવીને કાકડો કર્યો અને તે કાકડાથી બીજાઓએ કાકડા કર્યા. અજવાળું એકદમ પ્રસરવા માંડયું. રસ્તો હાથ લાગવાથી બધા પોતપોતાના ઈષ્ટ સાથે મળવા ઉતાવળા થયા.

દરેકના કાકડામાં ફરક નથી છતાં શિરપાવ કોને આપ્યા ? ધવલ મંગળ કોના ગવાય ? કહેવું પડશે કે પ્રથમ દીવાસળી સળગાવી કાકડો કરનારનાં.

તેવીજ રીતે શ્રી તીર્થંકર દેવો સ્વયં સંબુદ્ધ, પોતાની મેળે બોધ પામનારા, સંસારના સમસ્ત પદાર્થને અસાર જાણનારા, જાણીને છોડવાવાળા, અને છોડ્યા પછી પણ કેવળ જ્યોત પ્રગટ ન થાય ત્યાં સુધી પોતાના ભાવમાં મસ્ત રહેવાવાળા, સ્વયં આત્મબળે ઘાતી કર્મનો કચ્ચરઘાણ કાઢી કેવળ જ્યોત પ્રકટાવનારા અને તેજ કેવળજ્યોતના અવલંબને બીજાઓએ કેવળજ્યોતિ પ્રગટાવી. આથી તો આ શાસનમાં ધવલમંગળ પ્રથમ જ્યોત પ્રગટાવનારનાં જ ગવાય છે. નમુત્થુણં રહેલ સ્વયં સંબુધાણમાં એ પદ. આ વાતને બરાબર સ્ફુટ કરે છે. તીર્થંકરો બધા સ્વયંબુદ્ધ હોય પણ કેવળીઓ બધા સ્વયંબુદ્ધ ન હોય.

આ જગતરૂપ અંધેર ગુફામાં આથડીયા મારનાર જીવોની મૂંઝવણ ટાળનાર તીર્થસ્થાપક તીર્થંકરો છે, અને એ તીર્થંકરો કેવળ જ્યોત પ્રગટ કરવામાં કેટલી જહેતમ ઉઠાવે છે તે તેમના જીવન પ્રસંગો વાંચનારાઓ અને વિચારનારાઓ સહેજે સમજી શકે તેમ છે પોતાના જ્ઞાનબળથી જ સંસારનો ત્યાગ કર્યો, ધર્મ પાળ્યો, ચારિત્ર લીધું, ચારિત્ર પાળ્યું અને કોઈના પણ સહકાર વગર સાધ્યને સિદ્ધ કર્યું !!!

દેવાધિદેવની વિશિષ્ટતા

પોતાની મેળે તત્વને ધારણ કરે, તત્ત્વ પ્રમાણે પોતાને ફળ મળે ત્યાં સુધી સુદૃઢ રહે, અને બીજાઓ તો તેમના અવલંબને તત્ત્વમાં સ્થિર રહે, તત્ત્વમાં ડામાડોળ થવાની તૈયારી થતાં ધર્મ સાંભળે, સહાય લે અર્થાત્ બીજાઓ ઉદ્યમ કરીને કેવળજ્ઞાન પામે છે. તે હિસાબે તીર્થંકરો અને સામાન્ય કેવળીઓ ભલે બન્ને સરખાં હોય છતાં પ્રથમના જેટલા તે ઉપકારી નથી જ જૈનશાસન જેવી ચીજનો જન્મ, તેમાં ચારિત્રની કાર્યવાહી, શ્રેણી માંડવી, કેવળજ્ઞાન પામવું એ બધું તીર્થંકરની ઉત્પત્તિ વગર સંભવી શકતું નથી.

પ્રશ્ન - અતીર્થ સિધ્ધ એ તો તીર્થંકરથી વધુ ઉપકારી ખરા કે નહિ ?

સમાધાન - આકસ્મિક સંયોગે જાતિ સ્મરણથી જ્ઞાન પામે, તીર્થવિચ્છેદ થયું હોય અગર તીર્થની હયાતિ ન હોય તે વખતે સિદ્ધિ પામનારા અતીર્થ સિધ્ધો કહી શકાય. અને તેઓ કોઈના સહકાર વગર સિદ્ધિ પામે છે એ વાત ખરી પણ તે પ્રથમના કાકડા સળગાવનારા જેવા

નહિ અર્થાત્ તેમની સિદ્ધિથી બીજાઓ સિધ્ધ થઇ શકે તેવી પ્રણાલિકા ચાલતી નથી. તેથી તે વીજળીના ઝબકારા જેવા, કારણ કે વીજળીના ઝબકારાનો પણ પ્રકાશ તો થાય પણ તે બીજા દીપક કરવામાં ઉપયોગી ન નીવડે એટલે તે કેવળજ્ઞાન પામીને બીજાને પમાડે તેવી જોગવાઇ કરવાની શક્તિ તેઓમાં નથી.

પ્રશ્ન - અતીર્થસિદ્ધ ઉપદેશ દે કે નહિ ?

સમાધાન - ના, તીર્થ સ્થાપના વગર ઉપદેશની રીતિનીતિ હોતી નથી.

પ્રશ્ન - તીર્થંકરો ઉપદેશ વગર સ્વયંબળે દીક્ષા લે છે પણ લોકાંતિકો આવે છે તેનું શું ?

સમાધાન - શેઠે ચાલવા માંડયું અને નોકરે કહ્યું કે "પધારો ! અગર પધાર્યા" ! ! ! તેના જેવું છે. જેમ તમારે ઘેર મહેમાન આવ્યા તે વખતે તમે કહો કે પધારો એવું કહેવા ઉપરથી નોકરના કહેવા માત્રથી શેઠ અને તમારા કહેવા માત્રથી મેહમાન પધાર્યા નથી. તેવી જ રીતે સ્વયંજ્ઞાનબળે ઘરમાંથી નીકળવાની તૈયારી વખતે જ લોકાંતિકદેવો પોતાનો કલ્પ ફક્ત સાચવે છે. અર્થાત્ લોકાંતિક કહે તો જ ભગવાન દીક્ષા લે એવું નથી જ.

"પુવ્વિં તે" પૂર્વે તે ભગવાનને અનુત્તર જ્ઞાન હતું અને હમણાં પણ છે. અને રહેશે બલ્કે તેથી પણ વધશે. આથી જ શાસ્ત્રકારો કહે છે કે તીર્થંકરોને પોતાને પોતાની મેળે જ કરવું જ પડે છે **અર્થાત્ સ્વશક્તિથી સ્વાલંબનથી જ તીર્થંકરો કૈવલ્ય દશા પ્રાપ્ત કરે છે.**

ગાઢ અંધકાર વખતે સ્પર્શ-રસ ગંધ અને શબ્દ એ ચારે વિષય કરવાની તાકાત ઇંદ્રિયોની છે. પાંચમી ઇંદ્રિય ચક્ષુ હયાત છે. પણ અંધકારના પ્રબળ પ્રભાવે રૂપનો સાક્ષાત્કાર તે ઉપર્યુક્ત ઇંદ્રિય કરી શકતી નથી. તેવી રીતે પાંચ રસની પૂરી મજા હોય સૃષ્ટિમાં સર્વ પદાર્થોની હયાતિ હોય છતાં પણ **તીર્થંકરોની ઉત્પત્તિ સિવાયના બીજા કોઇપણ પદાર્થને પદાર્થના સ્વરૂપમાં જાણી શકતા જ નથી.**

આત્મિક દૃષ્ટિએ

ત્રણ પલ્યોપમના આયુષ્ય ઘટી ઘટીને ઘટી ગયાં એટલે તીર્થંકરો જન્મ્યા, યુગલા ધર્મ વિચ્છેદ થવાની તૈયારીમાં તીર્થંકરો જન્મ્યા, રસ ગંધ સ્પર્શાદિ વિષયમાં દિનપ્રતિદિન ઓછાશ થવાની તૈયારીમાં તીર્થંકરો જન્મ્યા, મન માગ્યું આપનાર કલ્પવૃક્ષો પણ અદશ્ય થયા અને તે વખતે તીર્થંકરોના પગલાં થયાં. ખરેખરે ! ઉંડાણથી વિચાર ન કરો તો તમે તરત કહેવાને લલચાશો કે તીર્થંકરો સુખ સાહ્યબીના સંપૂર્ણ સાધનોની ગેરહાજરીમાં જન્મ્યા ! ! ! બલ્કે દુઃખને પગલે તીર્થંકરો જન્મ્યા ! ! !

આવું કહેતાં પહેલાં આંધળાનું દ્રષ્ટાંત અહીં બંધ બેસતું થશે કારણકે શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શ એ પાંચ વિષયો મોજુદ છે પણ આંખ વગર આંધળાને જેમ પોતાની જીંદગી ઝેર જેવી લાગે છે તેવી જ રીતે દુનિયાની સામગ્રી ભરપટ્ટે હોય છતાં સમજુ માણસો જાણતા હતા કે વિવેકરૂપી નેત્ર ન મળેતો અઢાર ક્રોડા ક્રોડ સાગરોપમનો કાળ એ બધો અંધાપો. આંધળાનો અંધાપો અને તેને અંગે તેનો બળાપો. આપણી દૃષ્ટિએ વિચારશો તો માલમ પડશે કે આંખ વગરનું જીવન અકારું છે તેવી જ રીતે આત્મિક દૃષ્ટિએ વિચારશો તો માલમ પડશે કે દેવતાનો ભવ એ પણ આત્મશક્તિના આવિર્ભાવ માટે અંધાપા રૂપ છે. (અપૂર્ણ)

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી ઉધ્ધૃત કરેલ કેટલાક સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૫૦૨ સલાહના સ્થાનરૂપ શ્રાવક સંસ્થામાંથી નીકળેલા સત્તાના સૂરે આજે શાસનમાં બે વિભાગ પાડયા છે.

૫૦૩ સત્તાના સ્વરૂપમાં રહેલી સલાહ, સલાહ સ્વરૂપે પ્રગટ થશે તે દિવસે વિભાગ-ભાગલાનું નામ નિશાન પણ નહી રહે ! ! !

૫૦૪ દીક્ષાની અટકાયત કરનારાઓના હાથમાં સત્તા સોંપવી તે નાશની નોબત વગાડવા જેવું છે.

૫૦૫ ના કહેવામાં જેને લેશભર નુકસાન જવાનું નથી, જેને ભાવિ-વર્તમાનના નુકશાનની માલમ નથી તેવાઓની હા અગર ના પર દોડધામ કરવી તે મૂર્ખાની અવધિ છે ! ! !

૫૦૬ સર્વસ્વના ભોગે પણ તત્ત્વ ઉપર તો સમકિતીને અરૂચી ન જ થાય.

૫૦૭ ભયંકર જુલ્મમાં દીક્ષા ઉપર અરૂચી ન થાય તે સાધુત્વ પ્રત્યે કેટલો રંગાયો હશે ?

૫૦૮ દુઃખ ગર્ભિત વૈરાગ્યવાનને સાધુપણામાં સ્થિર રહેવાની સૂચના માત્ર શ્રેણિક કરે છે. પણ જમાઈના ખૂની પ્રત્યે વેરની વસુલાત કરતો નથી. કારણ સમ્યક્ત્વની અપૂર્વતા અઘટિત કાર્ય કરાવી શકતી નથી.

૫૦૯ અન્યાયથી અગર ન્યાયથી મહાવીરનો ધ્વજ (રજોહરણ) આવ્યો તેનો વાંકો વાળ પણ મારી રાજધાનીમાં ન થાય એટલું જ નહિ પણ મારાથી સાંભળ્યું પણ જાય નહિ.

૫૧૦ દુનિયાદારીનાં દુઃખો એ પણ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યને જગાડનાર છે.

૫૧૧ દુનિયાદારીનાં દુઃખોથી ત્રાસ પામીને કલ્યાણ માર્ગે સંચરનારાઓ પણ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યવાનો છે એવું બોલતાં શીખો.

૫૧૨ દુઃખથી દુભાયેલાઓને દેખીને દુઃખ ગર્ભિત વૈરાગ્યવાન કહેવા લલચાઓ નહીં કારણ કે તે વાણી વિલાસરૂપ લાલચની પાછળ લખલૂંટ ચારિત્રાવર્ણી આદિ કર્મના બંધનો છે.

૫૧૩ ત્યાગ માર્ગમાંથી ભોગ માર્ગ પ્રત્યે ઈચ્છા પૂર્વક જનારાઓને પણ પરાણે યુક્તિ-પ્રયુક્તિપૂર્વક રોકવાનું વિધાન જૈનશાસ્ત્રકાર કહે છે.

૫૧૪ અસીલની અરજી વગર ન્યાય મંદિરના ન્યાયાધીશો ધ્યાન આપતા નથી, પણ આ સર્વજ્ઞ સ્થાપિત નિર્મળ ન્યાયમંદિરની ન્યાય નીતિ એથી તદ્દન ન્યારી છે.

૫૧૫ પ્રભુ માર્ગની પાટ પરંપરાએ આવનારાઓએ પ્રભુમાર્ગની પ્રણાલિકાને આધીન થવું એ જ જરૂરી છે.

૫૧૬ ઉન્માર્ગમાં ધસી પડતાં હરકોઇ જીવને ધર્મીજીવે સ્થિર કરવા માટે તન-મન-ધનથી ઉદ્યમ કરવો જરૂરી છે.

૫૧૭ વગર ઈચ્છાએ, વિરુદ્ધ ઈચ્છાએ, અજ્ઞાનતાથી, બળાત્કારથી કરાતો ધર્મ દુર્ગતિથી બચાવે જ્યારે સમજીને હર્ષપૂર્વક ધર્મનું સેવન કરનારાઓને મનગમતું મેળવી આપે તેમાં તો નવાઈ નથી; માટે હરકોઇ અવસ્થામાં ધર્મનું સેવન જરૂરી છે ! ! !

૫૧૮ અભયકુમારની દીક્ષાને લીધે રાજગૃહમાં વિનાશી વાયરા વાયા છતાં શાસ્ત્રકારોએ તે દીક્ષાના યશોગાન ગાયાં છે ! ! ! માટે જ ભાવદયાની ભવ્યતાનું અવલંબન કરો.

૫૧૯ હૈયામાં હોળી અને હાથમાં કળશ રાખનારા અભવ્ય આત્માઓ પણ કંઈકને પ્રભુ માર્ગમાં સ્થિર કરે છે. ખરેખર ! પ્રભુ માર્ગનો પરમાર્થ પામવો મુશ્કેલ છે ! ! !

૫૨૦ દુઃખગર્ભિત વૈરાગ્યવાનોનેય શાસ્ત્રકાર મહર્ષિઓ પણ વંદન નમસ્કાર કરે અને વિસમી સદીના વાચાળ મનુષ્યો દૂર ભાગે એ કર્મની કઠિનતા નહિ તો બીજું શું ?

૫૨૧ નજીવા નુકશાનની નોંધ દેખાડવા માત્રથી દીક્ષા અકર્તવ્ય કોટિમાં મુકી શકાતી નથી, કારણ કે દીક્ષાની પાછળ થયેલ પારાવાર નાશવંત પદાર્થોના નુકસાનની ગણતરી જૈનશાસને સ્વીકારી નથી અર્થાત્ યેન કેન પ્રકારેણ દીક્ષા એ કર્તવ્ય કોટીમાં મૂકવા લાયક છે એ કબુલ કર્યા વગર છુટકો જ નથી.

૫૨૨ નાપાસ થવા માત્રથી ગળે ફાંસો ખાનાર છોકરાનો બાપ ડાહી દુનિયામાં ગુન્હેગાર નથી, તો પછી પાસ થવાની પૂરી કબુલાતની પંથે ચાલનારનું કુટુંબ લેનારની પ્રવૃત્તિમાં સંભવ માત્ર લાગે તેથી દીક્ષા જેવું પવિત્ર અને પ્રધાનકાર્ય રોકી શકતું નથી એવો શાસ્ત્રસિદ્ધ નિયમ હોવા છતાં લેનાર કરતાં નહિ લેનારાઓનો બળાપો તે પણ કઠણ કર્મનું દિગ્દર્શન નહિ તો બીજું શું ?

૫૨૩ દીક્ષાના પરિણામવાળા હોય તેને દીક્ષા આપવા સિવાય તેની પાછળના કુટુંબનું શું થશે તે જોવાનું કામ ગુરુઓનું નથી જ ! ! !

૫૨૪ ન સાંભળી શકાય, ન લખી શકાય, ન કથન કરી શકાય તેવા પ્રકારની હિલચાલ પૂજ્ય સાધુ સંસ્થા પાસે કરાવવાની ઉમેદ રાખે છે, બલ્કે તે માટે અનેક વિધ તરંગો ઉઠાવે છે, પણ તેવાઓના મુડદાલ મનોરથો વંધ્યા વનિતાઓની જેમ કોઈપણ કાળે ફળિભૂત થવાનાં નથી, થયા નથી અને થશે પણ નહિ માટે પાપમય પ્રવૃત્તિનો પવન ફુંકાય તે વખતે પ્રભુ માર્ગના પૂજારીઓએ પોતાના કાર્યમાં ઉદ્યમવંત રહેવું.

૫૨૫ પરિણામથી પતિત થયેલા અને ચારિત્રથી ચૂકેલા પ્રત્યે પાટુ મારવાનું કામ પ્રભુ શાસનના પૂજારીઓ કરે નહિ, પ્રભુ માર્ગથી પડતા પ્રત્યે વૈરાગ્યાદિ આલંબનો ટેકારૂપે ધરવા તે જ ઉચીત છે.

૫૨૬ ધર્મ સારહોણં પદના પરમાર્થને આજનો જૈન સમાજ પિછાણી શકે તો સંગઠ્ઠન સહેજે થવા સંભવ છે.

૫૨૭ શાસનપતિના અભિગ્રહનું શાસ્ત્રદૃષ્ટિએ અવલોકન નહિ કરનારાઓએ આજે સમાજમાં ઉત્પાત મચાવ્યો છે.

૫૨૮ આગળ વાંચે અને પાછળ ભૂલે એવાઓ શાસ્ત્ર વચનને સંગત કરી શકતા નથી.

૫૨૯ મોહના ઉદયથી કરેલ અભિગ્રહ એ કર્મોદય છે અને કર્મોદયના દરેકે દરેક કાર્યને અનુસરવા માટે શાસ્ત્રકાર કોઈ પણ શાસ્ત્રમાં સંમતિ, અગર ભલામણ પણ કરતા નથી.

૫૩૦ તે કાળમાં સંમતિ વગર દીક્ષા થતી હતી, એ જ વાતને અભિગ્રહ ચરિતાર્થ કરે છે.



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

શમરસનો વ્હેતો ઝરો

[નોંધઃ-શ્રી છાયાપુરી મધ્યેના ઉપાશ્રયમાં જ્યેષ્ઠ માસની પંચમીના દિવસે પ્રાતઃસ્મરણીય શાસનપ્રભાવક શાસન સંરક્ષક તીર્થોદ્ધારક શૈલાણા નરેશ પ્રતિબોધક સકળશાસ્ત્ર પારંગત આગમજ્ઞાનદાતા આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ દેશનાનું અવતરણ સારભૂત રોચક અને મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ આવિર્ભાવ કરનાર હોવાથી અત્રે અપાય છે.....તંત્રી]

ભાવદયાની ભાગોળમાં ભવ્યાત્માઓ ! ! !

નિર્વેદના નિસાસામાં સંવેગના સૂરની ગેરહાજરી ! ! !

ભવભ્રમણનું મુખ્ય કારણ ! ! !

જ્ઞાનની પરિપાક દશામાં સમતાનો સાક્ષાત્કાર ! ! !

ભાવદયા વગર ભગવંતનું શાસન જુલ્મગાર ઠરે છે ! ! !

મોક્ષ કબાલાના સાટે દયાળુઓનાં દાન ! ! !

દીધા વગર મનગમતું મેળવી આપનાર ! ! !

વિશ્વાસપાત્ર જૈનકુળમાં વૃદ્ધિ પામેલો વિશ્વાસઘાત.

विकल्प विषयोत्तीर्णः, स्वभावालंबनः सदा।

ज्ञानस्य परिपाकोयः, सशमः परिकीर्तितः ॥१॥

નિત્યતાનું કારણ.

શાસનપ્રભાવક ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજજી જ્ઞાનસાર નામના પ્રકરણને કરતાં થકાં અનેક વખત સૂચવી ગયા કે આ જીવ અનાદિથી રખડયો છે, રખડવાનું કારણ શું ? વગર કારણે રખડતાં હોય તો રખડપટ્ટી દૂર કરવા સંબંધીનો વિચાર નકામો છે. જે વસ્તુ અવશ્યમેવ બનવાવાળી હોય તેનો નાશ થતો નથી, પણ જે વસ્તુ અમુક કારણથી બનવાવાળી હોય તેનો જ નાશ થઈ શકે છે. જે વસ્તુ કારણ વગર બનવાવાળી હોય તેનો નાશ ત્રણ કાળમાં થઈ શકતો જ નથી !!!

જીવાસ્તિકાયાદિ છ દ્રવ્યો નિત્ય માનીએ છીએ, તેનું કારણ ફક્ત એક જ છે કે તે કશા કારણથી બનેલાં જ નથી. છ દ્રવ્યો કોઈ કારણથી બનેલાં નથી માટે તે બધા નિત્ય છે. કોઈપણ કારણથી ન બને તે નિત્ય છે અને તેનો નાશ થતો નથી અને કોઈ કરી શકતો પણ નથી. અનાદિકાળથી આત્માનું રખડવું વગર કારણે છે કે સકારણે તે તપાસવું પ્રથમ જરૂરી છે.

સંસારમાં રખડવાનું કાંઈ કારણ હોય તો જ આ આત્મા રખડે છે અને તે કારણને નાશ કરવાના યોગ્ય કારણ મળે તો જ રખડપટ્ટીનો નાશ થઈ જાય. આત્મા કોઈ કારણથી રખડે છે એ વાત સાચી છે, અને તેથી મોક્ષ પામ્યા એવું કહી શકાય છે. ભૂતકાળમાં મોક્ષ પામ્યા, ભવિષ્યકાળમાં મોક્ષ પામશે અને વર્તમાનમાં મોક્ષ પામે છે.

જૈન આસ્તિક્ય

આ ઉપરથી આત્માનું રખડવું કારણસર છે અને તેથી રખડવું તથા તેના કારણ નાશ પામે છે. આથી સ્પષ્ટ થાય છે કે મોક્ષ નામનું તત્વ જે જુદું માન્યું છે તે પણ સકારણ છે. જીવનું વાસ્તવિક સ્વરૂપ એટલે મોક્ષ અને જીવ માન્યો એટલે શું મોક્ષ મનાઈ ગયો ? જેમ સોનું માને તેને પીળાશ જુદી માનવી પડતી નથી. તેમજ જીવ સ્વરૂપ માને તેને મોક્ષ માનવાની જરૂર નથી એવું કહેશો તે કામ નહિ આવે. આત્માસંબંધી ધાર્મિક પ્રવૃત્તિ કોઈપણ માનો તે બધી મોક્ષ પર અવલંબેલી છે, જીવનું અનાદિથી રખડવાનું મટી શકે છે, તે રખટપટ્ટી મટાડવાના ઉપાયો છે, અનાદિ જીવોએ એ રખડવું મટાડયું છે સ્વર્ગ-નર્ક-પુણ્ય-પાપ અને જીવ માનો તો લૌકિક આસ્તિક્યથી જૈન દર્શનકારનું આસ્તિક્ય આગળ વધે છે. અર્થાત્ છ સ્થાનક માને ત્યારે ૧ જીવ, ૨ જીવ નિત્ય ૩ કર્તા, ૪ ભોક્તા, ૫ મોક્ષ, અને ૬ મોક્ષના ઉપાયો આ છ સ્થાનક વિશેષ માનવાથી જૈનદર્શનનું આસ્તિક્ય આવી શકે છે. જીવને માનવા માત્રથી, પુણ્ય પાપ ભાવ માનવા માત્રથી સ્વર્ગ નર્ક માનવા માત્રથી જૈન દર્શનનું આસ્તિક્ય નથી.

શમ રસમાં ઝીલે.

આસ્તિક ગણાવવામાં છ સ્થાન સ્વીકારવા પડશે. પદાર્થનું સ્વરૂપ જણાય અને તેમાં લાભ સમજાય એટલે તે લેવાની ઈચ્છા થાય છે. લેવાની ઈચ્છાના કારણે પદાર્થનું સુંદરપણું જાણવું તે અને છોડવામાં પદાર્થનું અસુંદરપણું જાણવું તે જ ગ્રહણ કરવાપણું અને છોડવાપણું છે. આ જ કારણથી માનવાની જરૂર પડે છે કે સમ્યક્ત્વની જડમાં પહેલું લક્ષણ આસ્તિક્યતા થવી જોઈએ.

જૈન દર્શનની આસ્તિકતા થયા વગર બીજા અનુકંપા નિર્વેદ સંવેગ અને સમ લક્ષણ પણ કામકરી શકતાં નથી. કહેવાની રીતિએ મુખ્ય તરીકે સમથીગૌણ સંવેગ, સંવેગથી નિર્વેદ ગૌણ, અને નિર્વેદથી અનુકંપા ગૌણ અનુકંપાથી આસ્તિક્યતા ગૌણ, અર્થાત્ મુખ્ય ગૌણ તરીકે તે શાસ્ત્રકથન અનુક્રમે છે; પણ ઉત્પત્તિની અપેક્ષાએ પશ્ચાનુપૂર્વીએ એટલે પહેલી આસ્તિક્યતા આવે પછી,

અનુકંપા આવે પછી નિર્વેદ આવે પછી સંવેગ આવે અને પછી શમ રસમાં ઝીલે.

તેજસ્વી કોણ ?

દુનિયામાં દયા પામવાવાળા જીવો ઘણા છે દ્રવ્ય દયાના સાગર સમાન વિશેષણમાં ખપી શકે તેવાં ઘણા છે, બલ્કે બચ્ચાંને દુઃખી દેખી હરકોઇ રડે છે અને કકળે છે તો પછી માણસમાં દ્રવ્ય દયા હોય તેમાં નવાઈ જ નથી. સામાન્યથી દ્રવ્યદયા જગતમાં પ્રસરેલી છે. પણ દ્રવ્યદયાથી કંઈક ગુણી લાભદાયી ભાવદયા લાવવા માટે જૈન દર્શનનું ચારિત્ર આવવું જોઈએ-અર્થાત્ ભાવદયાના નિર્ઝરણાં ઝરાવવા માટે જૈન દર્શન જગતમાં જન્મ્યું છે.

દ્રવ્યદયા અને ભાવદયા આ બંન્નેમાં તેજસ્વી કોણ ? જૈનશાસનમાં પ્રશ્ન કરવાનો હક સર્વને એક સરખો છે. શ્રી મહાવીર મહારાજા સરખા કથક અને ગૌતમ સ્વામી સરખા પ્રશ્નકાર. કદાચ તમે કહેશો કે સ્વયંશાસ્ત્ર રચનારા, ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વી પ્રશ્નકાર અને જવાબ આપનાર કેવળ જ્ઞાની કેવળ દર્શી હોય ત્યાં શું જોઈને પ્રશ્ન કરતો હશે. પ્રશ્નને સ્થાન જ ક્યાં છે ? ભગવતી આદિ સૂત્રમાં ઠામ ઠામ પર से केणट्ठे. ઇત્યાદિ આ ઉપરથી સમજી શકશો કે તત્વબુદ્ધિથી, જીજ્ઞાસા વૃત્તિથી, લોકના ઉપકાર માટે પ્રશ્ન પૂછવાની હરકોઈને છૂટ છે. પ્રશ્નકાર તરીકે તમો ખુશીથી પૂછી શકશો કે ભાવદયા અને દ્રવ્ય દયામાં ફેર શો ?

ભાવદયાનો ભાવવાહી ભરમ.

દ્રવ્યદયા કોને કહેવાય દ્રવ્યદયા તે જ કે જે કર્મથી આવી પડેલા દુઃખો દેખીને તેને ટાળવાનું મન થાય, ટાળવાના પ્રયત્નો થાય, અને તે દુઃખો સર્વથા દૂર કરાય તે દ્રવ્યદયા ! તમે કદાચ કહેશો કે દુઃખ દુર કરવા માટે થતી દયા તે ભાવદયા કહેવી જોઈએ. કારણ કે દુઃખ એ ગુણ હોય તો તે ગુણ ભાવ પ્રધાન છે માટે તેને ભાવદયા કહેવી જોઈએ. અગર દ્રવ્ય એટલે પદાર્થ અને પદાર્થની દયા એટલે દ્રવ્યદયા હોવી જોઈએ તે તો નથી. ભાવ અને દ્રવ્ય શબ્દ અહીં પણ પ્રધાન તથા ગૌણની અપેક્ષાએ છે. આ વસ્તુ જ્યારે સમજશો ત્યારે માલમ પડશે કે તીર્થંકરોએ લોચ, વિહારને ચોવિહાર વિગેરે, કેટલું સહન કરવાનું કહ્યું તે દુઃખના દરિયા ખડા કર્યા નથી ? ભૂખ લાગી હોય ત્યાં ભૂખ્યા રહો, તરસ્યા થયા હો તો તરસ્યા રહે ! અર્થાત્ દ્રવ્યદયામાં દીન થયેલા અને કંગાળ બનેલાને તે દુઃખમાંથી છૂટવાનું ન કીધું. ભૂખ લાગે તો બીજાને ખવડાવો પણ તમે ભૂખ્યા રહો, રોગ આવે તો રોગની દવા ન કરો પણ સહન કરો, દુઃખનો દરિયો સામે જઈને લાવવાનો કીધો, આવેલો હોય તો વારવાની મના કરી, અંત અવસ્થામાં પણ સંલેક્ષણા કરી કાળધર્મ પામવા જણાવ્યું. ભાવદયાને જો ન સમજીએ તો તીર્થંકરોનું આ કલ્યાણકારી કથન કાંતો જુલ્મી ગણીએ, પાણી હોય તો પીશો નહિ, ખાવાનું હોય તો ખાશો નહિ, હજામ હોય છતાં વાળ ઉખેડી નાંખજો. ભગવાન કેવા ! શરણે આવેલા પર દુઃખના દરિયા ઠલવે, મંગળ માનનારા, ચાર શરણ સ્વીકારનારાને આમ તરછોડે તેવાઓને ઉપકારી કઈ રીતે માની શકાય ? કહે છે કે દુઃખના સામા પૂરે સામી છાતીએ જવામાં જ તમારું હીત છે બલ્કે જીવવાની પણ ઈચ્છા કરશો નહિ. આના જેવું બીજું ઘાતકીપણું કયું ? આ બધી વાતનો ખુલાસામાં તો તેઓ ભાવદયા જ ભારપૂર્વક સમજાવે છે. માબાપ પોતાના એકના એક છોકરાને દેશપાર, દરિયાપાર મોકલે મરણ જીવનના જોખમ ખેડે, શા સારુ? પૈસાના લાભથી ! દયા ખાઈને માબાપે છોકરાંઓને

ઘેર કેટલાએ રાખ્યા ? ખાવા પીવાનું દુઃખ વેપારી વેપારમાં ગણતો નથી. ટાઢમાં, તડકામાં, ચોમાસામાં, રાત્રે અગર દિવસમાં, યુદ્ધમાં, દરિયાપાર મોકલવામાં પૈસાનો અર્થી બાપ હિત સમજે છે અને તે બાપ હિતસ્વી કહેવાય છે. સંસારના નાશવંત લાભ માટે જીવલેણ દુઃખો ભોગવો છો અને છોકરાં પાસે જોરજુલમથી ભોગવાવરાવો છો. ભાવિ લાભ એટલે એક ભવના લાભ માટે નિશાળ ગયેલા છોકરાને ન આવડે તો સોટીના માર તમે ખવરાવો છો, ઘડિયા પૂછો ને જવાબ ન આપે તો ત્રણ ધોલ ઠોકો છો. નિશાળમાં નપાસ થાય અને બળાપો કરી દરિયામાં ઝંપાપાત પણ તમે કરાવો છો. **તમે એક 'નિર્વાહ' શબ્દ આગળ બધી જુલ્મી કાર્યવાહીને લાભદાયી માની છે.** નિર્વાહ આદિ લાભ કાર્યોની નજર જો તમોને ખસી જાય તો તમો કાંઈ પણ દોડધામ ન કરો, તેવી રીતે **ભાવદયાનું તત્વ ખસી જાય તો જૈન ધર્મ જુલ્મગાર લાગે.** ચાર છ વર્ષના છોકરાં ચોવિહાર કરે તરફડે તે તમે પંપાળીને સમજાવીને પણ ચોવિહાર કરો કરાવો, છોકરાંને થાબડીને પહાડ પર ચાલીને જાત્રા કરાવો અને લાભ મનાવો હજુ આગળ ચાલો પૂજામાં મંદિર અને મૂર્તિ એટલે પૃથ્વી કાયની હિંસા, કળશ વખતે પાણીની હિંસા, ચામર વીંજો એટલે વાપરવાની હિંસા, ધુપ કરો એટલે અગ્નિ કાયની હિંસા, અને પૂજામાં ફળ વનસ્પતિકાયની હિંસા કરો, અસંખ્યાત અગ્નિ વાયુ વનસ્પતિ જીવો મારીએ છીએ. **જ્યાં સુધી જિનેશ્વર માર્ગના ભાવદયાના ભવ્ય પાયાને નિહાળનારા નહિ થાઓ ત્યાં સુધી પ્રભુમાર્ગની બધી કાર્યવાહી અનર્થમય લાગશે. બલ્કે જુલ્મ કાર્યવાહી લાગશે.** નિર્વાહ, બુધ્ધિમાં વધવાપણું વિગેરે માનવાથી નિશાળે છોકરાં જાય, માર ખાય છતાં, મા બાપને, ઉપકારી માને, એક ભવમાં નિર્વાહ માટે ઉપકારી માની શકીએ તો પછી ભવોભવના નિર્વાહના સાધન મેળવી આપે બેડા પાર કરાવી શકે તેનો ઉપકાર કેમ ભૂલી શકીએ ! ! ! ભાવદયાના ભાવવાહી ભરમ ભગવંતો જ ભાળી શકે છે. ભવ્યો સ્વીકારી શકે છે. ભાવદયાનું ભેદી સ્વરૂપ પિછાણ્યા વગર જૈન દર્શનમાં દ્રવ્યદયાની ફૂટી કોડીની પણ કિંમત નથી.

પરમાર્થતા.

કોળી, નાળી, અને ભીલના છોકરાંઓ ન ભણ્યા હોય તે ચાલે ! મજુરી કરશું ! એમ પણ કહી દે, પણ વાણીયાના છોકરાને તે ન શોભે; તેવી રીતે પ્રભુ માર્ગમાં ભાવદયા ન સમજે તે પૂજામાં પાપ માને, સાધુને બિચારા કહે, વિગેરે વિગેરે આત્મઘાતક પ્રવૃત્તિ મન-વચન-કાયાથી કરવા લલચાય તે નિશંક છે. દ્રવ્યદયા બધી અપ્રધાન છે, ભાવ દયા વગરની દ્રવ્યદયા વસ્તુતઃ કામની નથી. બલ્કે ભાવદયા વગરની દ્રવ્યદયા જૈન શાસનમાં જાગતી જીવતી રહી શકતી નથી.

દ્રવ્યદયા=મહેતલ અને ભાવદયા=માફી.

કોઇ પાસે આપણા પાંચસો રૂપિયા લેણા છે, મુદ્દત થઈ ગઈ પછી તેને કહે કે પાંચ દિવસ પછી આપજે. એટલે હાલ આપવાના નથી પણ વાયદે આપવાના છે. તેવી રીતે દ્રવ્ય દયા મહેતલ છે. એક દુઃખી મનુષ્યનું દુઃખ દુર કરવા પ્રયત્ન કર્યો, દુઃખ દૂર પણ કર્યું પણ દુઃખ સર્વથા જતું નથી, **દ્રવ્યદયા કરનારો દુઃખની મર્યાદાનો ફેરફાર કરી શકે છે પણ સર્વથા દુઃખ નાશ કરી શકતો નથી.** ભૂખ્યાને અન્ન આપીને ભૂખરહિત કર્યો પણ તેથી અશાતા વેદનીય આદિકર્મની પરંપરા તોડી શકાતી નથી. દ્રવ્ય દયાને અંગે **માત્ર મહેતલ મળે છે, પણ માફી મળતી જ નથી** ભાવ દયા એટલે દુઃખ આવ્યું હોય તેનો નાશ અને ભવિષ્યમાં ફરી ઉત્પન્ન ન થાય તે માટે તૈયારી કરવી તે છે. દ્રવ્યદયા એટલે કાંટો ખાંડવો અને ભાવદયા એટલે બાવલીઓ મૂળમાંથી ઉખેડવો. કાંટાને ખાંડવા માત્રથી

કાંટા વાગવાનું બંધ ન થાય, દ્રવ્યદયા એટલે આવેલી અશાતાને અમુક મુદત સુધી રોકવી. દ્રવ્યદયા અને ભાવદયાના ભેદને સમજનારા આત્માઓ જ પ્રભુ શાસનની પરમાર્થતા પામી શક્યા છે. કોઈના પણ બે મત નથી.

આરંભ કરીને પણ કરાતી પૂજા તે ભાવદયાનું કારણ હોવાથી આદરવા લાયક છે. દુઃખ વેઠીને પણ સેવન કરાતો સંયમ તે મોક્ષ માટે છે. વર્તમાનકાળના દુઃખનાશનો ઉપાય તો દુનિયામાં છે. અને તે માટે દુનિયા ખડેપગે ઊભી છે. ભાવદયામાં જનારા ભવ્યજીવો હોઈ શકે, દ્રવ્યદયામાં ભવ્ય અને અભવ્ય બંન્ને હોય પણ ભાવદયામાં ફક્ત એકલા ભવ્યજીવો ભવ્ય પરિણામવાળા રહી શકે છે. આથી પ્રભુ માર્ગમાં પ્રતિપાદિત કરેલી ભાવદયાને અંગે પહેલું લક્ષણ આસ્તિક્યતા આવવું જોઈએ, જ્યાં સુધી આસ્તિક્તાનું અંધારું હોય ત્યાં સુધી ભાવદયારૂપી ભાનુના ભવ્ય કિરણો સ્ફુરાયમાન થતા નથી. તમારા હાથમાં રહેલી પૂજાની થાળીમાંથી ફૂલ કોઈ લઈ લે, અગ્નિ આપે નહિ કે જેથી તમે ધૂપ ન કરી શકો, કળશ, ધૂપ ધાણું, અને ફૂલ ફળની રકાબી લઈ લે તો તે બધા તમારા ઉપર દ્રવ્યદયા કરનારા ખરાકે નહિ ? દ્રવ્યદયા તે જ કર્તવ્ય છે કે ભાવ દયાનો ભોગ જેમાં હોય નહિ. આખરે લઈ લે તો પણ ભાવદયામાં વાંધો આવે તેવી રીતે ? બીજાએ પણ સમજવું કે ચોવિહારવાળો આળોટતો હોય અને તેને પાણી લાવી આપે તે દયાળુ અને ચોવિહાર જાણીને પાણી ન દે તે ઘાતકી માનશો કે ? સભામાંથી નાજી.

દ્રવ્યદયા તે જ ઉપાદેય છે. કે જે ભાવદયાને બાધાકારી ન હોય. અર્થાત્ દ્રવ્યદયાના ભોગે ભાવદયા થાય પણ ભાવદયાના ભોગે દ્રવ્યદયા તો થાય જ નહિ, આજની વીસમી સદીમાં એક પક્ષ દ્રવ્યદયાના રક્ષણ માટે ભાવદયાનો ભોગ આપો, અને બીજો પક્ષ ભાવદયાના રક્ષણ માટે દ્રવ્યદયાનો ભોગ આપો આવા પ્રકારની ચાલુ કાળમાં બે પક્ષની માન્યતા છે. શાંતિથી વિચારવાવાળા ને વસ્તુતત્વ સમજાય તેમ છે. ભાવદયા ધ્યેય તરીકે ન હોય તો પ્રભુ માર્ગની બધી કરણી નકામી જેવી લાગશે ? સાધુઓ પણ અનશન, લોચ, વિગેરે માટે ઉપદેશ આપે છે ? કહેવું જ પડશે કે ભાવદયાના ભવ્ય લાભ આગળ દ્રવ્યદયાના લાભની ગણતરી જ નથી. આ ઉપરથી ભાવદયાનો ભોગ ન થાય તેવી દ્રવ્યદયા કરવા માટે કોઈના પણ બે મત જ નથી.

ભાવદયાની ભાગોળ.

તમારા કુટુંબને તમે જેવી રીતે પોષો છો તેવી રીતે મિથ્યાત્વીઓ શું નથી પોષતા ? કહેવું પડશે કે પાળે છે. વાઘ સરખાં ક્રૂર જાનવરો પણ પોતાનાં બચ્ચાંને પાળે છે તેવી રીતે આપણે આપણાં છોકરાને પણ પાળીએ છીએ તેમાં નવાઈ નથી. પણ વસ્તુતઃ જૈનદર્શનના વિવેકને સમજો તો ભાવદયામાં જરૂર જવા જેવું છે. એટલે મારું કુટુંબ કર્મના સંકજામાંથી ખસી જાય કીચડમાં પડતું બંધ ક્યારે થાય? એ ઈચ્છા ન થાય ત્યાં સુધી તમો ભાવદયામાં આવ્યા જ નથી. પ્રાચીન કાળમાં ભરત રાજાનો મરીચિ પુત્ર ભરતરાજાને અળખામણો હશે ! છોકરાં તેઓને વ્હાલાં હશે કે નહિ ? કહેવુંજ પડશે કે વ્હાલ કરતાં મુખ્યતત્વ સમજતાં હતાં કે આતો મુસાફર મળ્યો છે, માટે મુસાફરીમાં ભેગાં મળેલા પર ઉપકાર કરવો તે જ આવશ્યક છે. દર્પણ ચોખ્ખું રાખો તો જ મોઢું ચોખ્ખું દેખશો. નિર્મળ દર્પણ સિવાય મોઢું ચોખ્ખું હશે તો પણ દેખાશે નહિ. મેલા દર્પણમાં ચોખ્ખું મોઢું પણ મેલું દેખાશે. વગર વાવ્યા ઊગતું

હોય તો આત્મામાં વાવ્યા વગર ઊગે, પણ તેમ તો થતું નથી. જે હિત તમો કરવા માંગો છો તે તમારું પ્રથમ કરો અને ત્યારબાદ બીજા માટે પણ કરવા તૈયાર થાઓ સ્વદયા વગર વાસ્તવિક પરહીત કરી શકવાના નથી. **સમકીતનું ધ્યેય ભાવદયાના ભવ્ય નગરમાં પેસવું છે, છતાં ભાવદયાની ભાગોળ સરખીયે દેખી નથી.** મોક્ષના કબાલાના સાટે લોટી પાણી અને રોટલીનો ટુકડો બસ છે. શ્રાવક મોક્ષનો સોદો કરે છે એ દાતાઓએ સમજવું જરૂરી.

સભામાંથી દાન-દીર્ઘ આયુષ્યનું કારણ અને દેવલોકનું કારણ છે. છતાં મોક્ષનો સોદો છે તે શી રીતે ?

સમકીત વગરના જીવ માટે દીર્ઘાયુષ્ય અને દેવલોકનું કારણ ખરું પણ સમકીતવાળાનું સુંદર પરિણામ પૂર્વકનું દાન એકાંતે નિર્જરા કરાવે. આ બિના શ્રી ભગવતી સૂત્રમાં જયાદાન સંબંધી પૃચ્છા ચાલી છે, ત્યાં સંયતને એષણીય વહોવરાવતા એકાંતથી નિર્જરા કરે. એકાંત નિર્જરા કેમ ? તો ત્યાં એ પણ સ્પષ્ટ છે કે **સમકીત પરિણામમાં વર્તતો જીવદાન આપી રહ્યા છે તે એકાંતે નિર્જરા કરી રહ્યો છે અને તેથી તે મોક્ષ માર્ગ સાધી રહ્યો છે અર્થાત્ તે સમકિતના પરિણામમાં હું દાન આપી ઉપયોગી કેવી રીતે થાઉં મારો આત્મા મદદગાર કેમ થાય ! એ ભાવનાથી ભરપૂર બનેલો દાતા દાન આપે છે સમકિતીની દ્રષ્ટિની મોક્ષમાં બેઠેલી હોય તેથી દાન તે મોક્ષ માર્ગનો કબાલો છે.**

દીધા વગર મેળવ્યું :-

સંયમ મને મળે, મોક્ષ મને મળે, હાલ સંયમ નથી મેળવી શકતો, માટે દાન આપીને મદદગાર બનું, દાન આપી કૃતાર્થ થાઉં એટલે સંયમીઓને મદદ આપીને ભાવિમાં સંયમમોક્ષ મળે તેવા પરિણામવાળો તે માટે આવી દ્રષ્ટિએ દાન દેનારા તે સમકિત દ્રષ્ટિઓ જ છે અને તે ભવ્યો તે દાન આપે છે. સુપાત્રને આપે, દેવાની વસ્તુ શુધ્ધ હોય છતાં પણ જો ઉપલી દ્રષ્ટિ ન હોય તો એકાંત નિર્જરા નથી. જીરણ શેઠે કોડીની વસ્તુ આપી નથી, અને અભિનવ શેઠે પારણાને યોગ્ય વસ્તુ આપેલી છે છતાં જીરણશેઠ શાસ્ત્રમાં ગવાયા અને નવીન શેઠનું તેવું નામ મશહુર ન થયું. નવીન શેઠને સોનાનો ઢગલા અને નહિ આપનાર જીરણ શેઠને દેવલોક બારમો. સુપાત્રપણામાં અને દેવાયોગ્ય દ્રવ્યમાં અધુરાપણું નથી. પણ દાતારના પરિણામમાં શુદ્ધતા નથી. પરિણામવાળો બારમો દેવલોક પામે તે પણ પરિણામે અટકી ગયો, જો ન અટક્યો હોત તો કેવળજ્ઞાન. દાનને કેવળજ્ઞાનને સંબંધ શો ? એક ચીજ થાળીમાં પડી હતી અને પાતરામાં પડી તેમાં ફેર શો ? વગર દીધે સોદો સહી. **દીધા વગર દારિદ્ર ફીટાડવાની તાકાત પરિણામમાં છે.** મહાવીર મહારાજાને આપ્યું નથી, મહાવીર મહારાજાએ સ્વયં લીધું નથી છતાં બારમો દેવલોક એ વિશુદ્ધ પરિણામની નિસરણી નિહાળો. **દીધા વગર મેળવવાની કળા પરિણામ પાસે છે.**

પ્રશ્ન - નવીનને બીજું પુણ્ય થયું હશે ?

સમાધાન - ના, તીર્થંકરત્વ પ્રત્યેની બુદ્ધિની તો વાત દૂર છે પણ સાધુત્વપણાની બુદ્ધિ સરખીયે નથી પછી પુણ્ય ક્યાંથી ?

પ્રશ્ન - ધનાશાલિભદ્રે કયા પરિણામે દીધું હશે ?

સમાધાન - સાધુસંત છે તે પરિણામની ધારાથી દીધું છે તેથી ઉત્કૃષ્ટ પુણ્યાનું બંધી પુણ્ય પામ્યા છે.

પ્રશ્ન - અભિનવનને પુણ્યાનુબંધી પુણ્ય ખરું કે નહિ ?

સમાધાન - ના, એક માંગણ આવ્યો છે. તેને દેવું જોઈએ તેથી આપ્યું છે બીજી કંઇ ચિંતા નથી.

પ્રશ્ન - ભગવાન ઉત્કૃષ્ટ ભાવનાવાળાને ઘરે કેમ ન ગયા ?

સમાધાન - ત્રિકાળદર્શીએ તેમાં લાભ દેખ્યો હશે એમ માની લો ! કારણ ભગવાને જોયું હશે, જાને કે જીરણ શેઠની ભાવના તે નિમિત્તે કદાચ એમ વધાવાની હશે. ખરેખર ! આવા પ્રશ્નોની પરંપરા પ્રશ્નકારોની શ્રદ્ધાનું ઉંડાણ અવલોકાય છે.

પ્રશ્ન - નવિન શેઠે સામાન્ય સાધુને વહોરાવ્યું હોત તો શું ફળ થાત ?

સમાધાન - ઉચિતતા, જશ કીર્તિ વિગેરે વિગેરે. પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્તિમાં પરિણામને સંબંધ છે.

પ્રશ્ન - અનુકંપાથી દેનારને લાભ ખરો કે નહિ ?

સમાધાન - તેમાં તો ફેર રહે છે કારણ તેમાં તો અનુકંપાના પરિણામ છે.

ચાલો મૂળ વાતમાં કે જીરણ શેઠે કઈ નિસરણી માંડેલી કે જેના પરિણામની પ્રકૃષ્ટ [illegible]ાં બારમો દેવલોક ! ! ! દાન દેવાવાળો સાટુ કરે છે શાનું ? ઘરબાર કુટુંબ કબીલા છટકી જા[illegible]તે માટે આપું છું. એવી ભાવના આવે છે ? છુટ્ટી જાય એ સારું છે એવી ભાવના પણ જ્યાં નથી ત્યાં પછી આપું તો છુટ્ટી જાય માટે આપ્યા જ કરો એ ભાવના આવે શી રીતે ? ? ? એવા વિચાર વગર આત્મા પામી શકવાનો નથી. નિસરણી તમે કઈ ગોઠવી છે. દીધું હશે તો પામશું અર્થાત્ લેવાની નિસરણી એટલે અસંયમની નિસરણીને છાંડો અને સંયમની નિસરણી માંડો. અસંયમની નિસરણી પર ચડાય નહિ પણ જરૂર પડવાનું થાય.

ઉપાસના કરો.

ભગવાનને શા માટે પૂજો છો ?

છત્ર કુંડલ અને રાજઋદ્ધિ હતી માટે પૂજો છો ? સભામાંથી નહિ !!! નહિ !!!

તેઓ જો રાજઋદ્ધિવાળા હોય તો આજે જ અમે પૂજવા તૈયાર નથી. ફક્ત મૂર્તિ એટલે પૂતળાં. પૂતળાં શા માટે કહું છું ? દ્રવ્ય પર જરા વિચાર સરણીમાં અનાદર લાવવા માટે. શ્રી શાન્તિનાથ શ્રી કુથુનાથ શ્રી અરનાથ છ ખંડની માલિકી ધરાવતા હોય એક લાખ બાણુ હજાર રાણી આદિ સમગ્ર રિદ્ધિયુક્ત હોય તો અમે પૂજવા તૈયાર નથી. ફક્ત સંસારનો પાર કેમ પામવો તેનો ઉપાય બતાવ્યો, તેઓ પાર ઊતર્યા છે અને જગતમાં તેમની પાર પામવા સંબંધના ઉપદેશની ઊંડી અસરો આજે પણ સ્ફુરાયમાન છે તેથી તો તે દેવાધિ દેવોને માનીએ છીએ, વંદન પૂજન કરીએ છીએ, એમના પ્રતિબિંબને ત્યાગની મૂર્તિ તરીકે પૂજીએ છીએ, પથ્થરના કકડામાંથી મૂર્તિ શલાટ પાસે

બનાવરાવી અને આપણે પ્રતિષ્ઠિત કરી પણ તે શાને માટે ? એક જ મુદ્દાથી કે તે યોગમાર્ગના નેતા છે, ત્યાગમય જીવન ઝળહળતી સ્વરૂપ મૂર્તિ છે. તેટલા માટે જ હું પૂજા કરું છું. ત્યાગ ધ્યેય પ્રધાન પ્રભુ માર્ગમાં સર્વ ક્રિયાઓ છે. માટે જ ભાવદયા દેવીની ભાવપૂર્વક ઉપાસના કરો ! ! !

ગુણઠાણાની ગહનતા.

ફલાણા દાવામાં હુકમનામું થઇ જાય, ફલાણા કેસમાં ફાવટ થઇ જાય તેવા ઇરાદાથી પૂજનારા પ્રભુ માર્ગના ધ્યેયને ચૂકે છે.

પ્રશ્ન - દાગીનાથી ભક્તિ શી ?

સમાધાન - દાગીના મેળવવા માટે દાગીના પહેરાવતા નથી પણ દેવાધિદેવને દાગીના વિગેરેથી પૂજીએ છીએ, તે ભાવદયાના લક્ષ્યથી પૂજીએ છીએ. ભાવદયાને સમજી શક્યો હોય તે જ ભાવદયાનું ફળ લઇ શકે છે. પણ અભવ્ય ભાવદયામાં આવી શકે જ નહિ. આપણા કુટુંબ માટે ધનનો કેવો વિચાર કરીએ છીએ. જો કે પુત્રાદિને આપ્યા પછી તેની શી દશા થશે ! એ તો આપણે અનુભવીએ છીએ. અભવ્યો પણ કુટુંબકબીલા માટે પૈસા માલ મિલકત વધારવા માંગે છે. ફલાણી જગાએ જવાથી કામ થશે એટલે ભવાંતરથી જે જીવો આવે છે તે તમારે ઘેર ત્યાગના ધ્યેયથી આવે છે. તેવાઓના વિશ્વાસઘાત કરવાનું કામ તમે આજે ઉપાડી લીધું છે ! ! ! તમારું દરિદ્રીકુલ તે ભવ્યાત્માઓ શા માટે કબુલ કરે છે ? ફક્ત તમારે ત્યાંથી ધર્મ પામવા માટે હું ચક્રવર્તી પણ ન થાઉં એવી ભાવનાપૂર્વક આવે છે. તમે સંસારની કુંડીના કક્કડા જેવા છો. કારણ કે માલમિલકતમાં, શરીરમાં, નિરોગીપણામાં બીજાઓ ધ્યાન દે તેમ તમો પણ દો છો. તમારે ત્યાં ભવાંતરથી તે જીવો કયા ભરોસે આવે છે ? ત્યાગ પામીશ. ત્યાગ પામવાના સાધનો છે એમ ધારી આવે છે ત્યાગ પણ ચૂકી જાય તેવા રસ્તા તમે ગોઠવો છો. તમારા સરકલમાં રહીને ત્યાગ કરે તો ઇષ્ટ તે સિવાય અનિષ્ટ-જુઠ-ચોરી, હિંસાબંધ કરાવવા માગો તે બધું કયાં સુધી ? સંસારના સરકલનું રક્ષણ કરે ત્યાં સુધી. મહાજન મારા માથા પર પણ ખીલી મારી ખસે નહિ. સંસાર ચોપાટના ચાર ખૂણા અખંડ રહે તે સિવાય મારે પાલવે નહિ; ચોપાટનો ખૂણો ખસેડે તે દેવ ન જોઇએ, તેવા ગુરુ અને ધર્મ પણ ન જોઇએ. જગતભરના જીવો ત્યાગ માર્ગે જાઓ, અને જાય તે માટે જે રાજી છે તેવાઓને ચોથે પાંચમે કહી શકાય ત્યાગમાર્ગ પણ જાય તે સારું ન મનાય ત્યાં ચોથાના ચોક ન પુરાય. અર્થાત્ ત્યાગના ધ્યેય વગરની પોસહાદિ ક્રિયા કરે છતાં તે પહેલે ગુણઠાણે છે એમ કહેવું પડશે. ભોગની ભાવનાવાળા બધા પહેલે જ છે. ગુણગણાની ગહનતા ગુરુગમ વગર સમજાતી નથી.

ભાવદયાની ગેરહાજરી.

પ્રશ્ન - સમાધિમરણ કરાવે માટે છોકરાંને દીક્ષા આપવી નથી ! એમ કહે તો ?

સમાધાન - પુત્ર સમાધિ કરાવે એવું ક્યાંથી લાવ્યા ? છોકરો તો ધર્મ સંભળાવશે કે કર્મ સંભળાવશે, એ જરા શાંતિથી વિચારો તો મારે સમાધાન પણ નહિ આપવું પડે. પ્રતિક્રમણ, સામાયિક, પૂજા ઉપધાન કરતાં શીખવો ત્યાં સુધી મહારાજ આવ્યા તે સારું થયું પણ ચોપાટ અણી શુદ્ધ રહે ત્યાં સુધી પણ જો તેમાં જરાક આઘીપાછી થાય ચતુર્થવ્રતાદિ લેવા તૈયાર થાય પછી જુઓ ! ! ! એ ભાવના કેમ નથી આવતી કે હું તો ન તૈયાર થયા પ[illegible]ો તૈયાર થયો તે સારું થયું, મારું કુળ ઉધર્યું એ કલ્પના આવવી મુશ્કેલ છે જીરણ શેઠના ફળનો ઈચ્છા થાય છે [illegible]તાં તેમની નિસરણી જુદી હતી એ કેમ લક્ષમાં આવતું નથી ? કહો કે આપણી નિસરણી જુદી છે જે જીવોને પોતાના આશ્રિતોને ધર્મ માર્ગે જોડવાની બુદ્ધિ નથી તે બધા વિશ્વાસ ઘાતી છે

જે જીવ જગતના સર્વ સાનુકૂળ સંજોગને લાત મારીને તમારે ત્યાં તમારા કુળમાં આવે છે તેવા સગીરોના વિશ્વાસના આજે તમે ઘાત કર્યો છે. શ્રાવક, જૈનકુળ વિગેરે વિશેષણની જાહેરાત કરનારા આજે વિશ્વાસઘાત કરે છે એ વાડ ચીભડાં ગળે છે તેના જેવું છે. છોકરાં કહે છે કે મા-મા હું માંદો પડ્યો હતો તે વખત તેં કીધું હતું કે જો તું સાજો થાય તો હું આભ જેસી રોટી ચડાઉં. સાજો થયાં છતાં રોટી કેમ ચડાવતી નથી ? બેટા ! ખુદા આભ જેસા તવા ભેજ જબ મેં રોટી કરકે ચડાઉં, આભ જેવો તવો મોકલે ત્યારે ખુદા રોટી મેળવે. માટે રોટી લેવી હોય તો ખુદાએ તેવો તવો મોકલવો જોઈએ ત્યારે તે મુસલમાન બાઈ કહે કે બેટા ! ખુદાને મેં ફોસલાવ્યા હતા. ખુદાને ફોસલાવવાવાળા પણ જન્મે છે ! ! ! તેવી રીતે આપણે પણ ત્યાગમાં કલ્યાણ, સંયમમાં કલ્યાણ પણ એ બધું કહેવાનું પણ કરવાનું નહિ. ભોગની છાયા પડી ન પડી એટલામાં તો સગીરોને જબરજસ્તીથી ભોગના સંસ્કાર આપી દઈએ છીએ આનું કારણ શું ? ત્યાગના સંસ્કાર અને કલ્યાણ દ્રષ્ટિ ખસી ગઈ છે તેથી જ ! છોકરાં ન હોય તો શું વિચારો છો ? હોય તો ભગવાનના શાસનની સેવામાં સમર્પણ કરું અને જન્મે એટલે ? બીજી જ આભિલાષા. આજે ભાવદયા નાસી ગઈ છે.

ભવ્ય મનોરથો

ભાવદયાની ગેરહાજરીમાં આજે આ બધુ તોફાન મચી રહ્યું છે ! ! !

ચારેગતિના સંકંજામાંથી કેમ છુટી જવાય સંપૂર્ણ ગુણ કેવી રીતે પ્રગટ કરાય કર્મની જાળમાં ન સપડાઈએ એ બધા ભાવદયાળુંના ભવ્ય મનોરથો છે.

જૈન તેનું નામ કે જે ભાવદયાને અગ્ર પદ આપે. દ્રવ્યદયા તે જ કે જે ભાવદયાનો ભોગ ન લે, અને તે જ દ્રવ્યદયા પણ તે કર્તવ્યરૂપ છે કે જે ભાવદયાને આંચકો ન આપે અને આથી કુટુંબ સંભાળવું, ઘર સાચવવું તે આર્તધ્યાન અને દેરાસરો સાચવવાં તે ધર્મધ્યાન, દેરાની છાપ મારવા માત્રથી ધર્મધ્યાન નથી થયું પણ જિનેશ્વરની આ ત્યાગ મૂર્તિ દેખીને હું ત્યાગી થાઉં બીજા દેખીને પણ તે જ રસ્તે જાય આવી ભાવના વાળાઓની ભાવના ધર્મ ધ્યાનમાં છે આ ધ્યેય કેટલામાં છે.

મંદિર ચણાવવું, મૂર્તિ બનાવવી તે નકામી નથી કારણ લીટા કાઢે તે વખત નકામું નથી. પણ કહેવાય લીટા. એવા લીટા કાઢનારને નામું કરનારો ન કહેવાય. જો કે નામું કરનારાઓ પણ લીટા વગર નામું કરવાવાળા થયા નથી. લીટાને લીટા સ્વરૂપે, હિસાબને હિસાબ સ્વરૂપે અને નામાને

નામાસ્વરૂપે ઓળખો ! ! !

કંટાળો શો ?

ભવ્ય મનોરથવાળાને પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ સમજવું પડશે.

ત્યાગમય ભાવના આવિર્ભાવ કરનાર મંદિર, મૂર્તિ અને આકાર સંપન્ન મુનિવરોની અખંડ અવ્યાબાધ રહો ! ! ! આ બધાં ત્યાગના બગીચા છે. આત્માને અખંડ શાંતિ સંપાદન કરવાના પરમધામો છે. સમજો કે કુટુંબોના માણસોને તમારે ઘેર તે જ માટે નોતર્યા છે કે ત્યાગ કરો ! ત્યાગ કરો! બલ્કે ત્યાગની ભાવના કેળવો ! ! ! एगंसो निज्जाराकरेइ એકાંત નિર્જરા કોણ કરાવે ? ઉપર પ્રમાણે પ્રજ્ઞિપાદન પૂર્વક ભાવનાવાળું દાન હોય તો જ ભાવદયા આવે ત્યારે ચાર ગતિમાંથી કંટાળો આવે. ચાર ગતિનો કંટાળો તેનું નામ નિર્વેદ છે. શું નિર્વેદનો અર્થ બે ગતિનો કંટાળો એમ કરવો છે ? દેવરિધ્ધિ અને વૈમાનિકદેવની સાહિબી ઉપર કંટાળો શી રીતે આવશે. જ્યારે ફૂટા હાંલ્લા, ભાંગીતૂટી ઝૂંપડી છોડવાનું મન નથી થતું તો પછી ઉચ્ચ પદવીઓમાં તો તમારું થાય શું ? કહેનારા દિવાના થાય પણ સાંભળનારા દિવાના ન થાય. એ ન્યાય નસેનસે તપાસજો કે આજની દુનિયાથી તમને કંટાળો ન લાગે પછી વૈજ્ઞાનિક દેવતાના ભવમાં તમને કંટાળો શો ?

મન ગમતાં લક્ષણો.

ભોગલાલસાની તીવ્ર ઇચ્છા રાખવાવાળાને મનુષ્યગતિ કંટાળારૂપ લાગે કેવી રીતે ? ચાલુ મનુષ્યભવ જેલ સમાન નથી લાગતો તેને આવતો ભવ જેલ સમાન શી રીતે લાગશે ? અને જેલ સમાન નહિ લાગે તો પછી દેવલોકમાં શી રીતે કંટાળો માનશો ? સીમમાં ખેતર નથી અને ગામમાં ઘર નથી, શરીરપર પુરાં લુગડાં નથી, પેટ પૂરતું અન્ન નથી છતાં મનુષ્યગતિ પર પણ કંટાળો આવતો નથી. સમજી રાખજો કે આજના રાજ્યોમાં તમો જે ગામમાં ઘર ચણો છો અને જેમાં રહો છો ત્યાં સુધી રહો પણ જાઓ ત્યારે મુકીને જાઓ. જેમ પાલીતાણા વિગેરે ગામમાં ખોરડાં ઝૂંપડાં પણ તમારાં નથી. તમે ધર્મને શાસ્ત્રકારોને ઠગો છો, લેવા દેવાનાં કાટલાં જુદાં રાખ્યાં છે. ત્યાગને મુખેથી વખાણો પણ કરવાનો વખત આવે ત્યારે ડુબકી મારી જાઓ.

સભામાંથી.

પ્રશ્ન-આચાર્યના ગોઠવેલા શબ્દો બોલીએ છીએ.

સમાધાન-આચાર્યના ગોઠવેલા છે તે શબ્દો બોલતાં નથી તે બોલો તો તે શાસ્ત્ર રીવાજને અંગિકાર કરવો પડે પરણવા જાઓ ત્યારે વરરાજાને શીખવાડીને માંડવાપર મા મોકલે પણ નાક ખીંચે તો ખસે નહિ અને કન્યા લાવે, પણ તમે તો અવસરે ભાગી જાઓ છો આથી કહેવું પડશે કે તમે કહેવાથી કરતા નથી, પણ ફાવટથી કરો છો; અને તમારે તેમ માનવું પડશે. **નિર્વેદના ઝેરી ઝોકાં હોય ત્યાં સંવેગના સૂર નીકળે ક્યાંથી ?** સમ્યક્ત્વના આચારથી પરાઙ મુખ થયાની જેમ તમારી પ્રવૃત્તિ શરૂ છે પછી મોક્ષ સિવાય તમો માંગતા નથી એ શા ઉપરથી માનવું, કારણ કે સમકીતના લક્ષણપૂર્વકની ક્રિયાઓ પૈકી એક ક્રિયા તમારામાં નથી. તમારે સમકીતના કેવા લક્ષણ પાડવા છે અનુકંપા ચાલુ જીવનમાં કંઇ હેરાનગીત ન થાય નિર્વેદમાં નારકી અને તિર્યંચ ગતિના દુઃખોથી કંટાળો આવે, આસ્તિકતા પુણ્ય બંધાય તે સારું પાપ ન બંધાય આવી રીતના મનગમતા લક્ષણ સિવાય બીજા લક્ષણ

રાખવાં ઇચ્છા નથી અને તે મનગમતાં લક્ષણમાં લક્ષ્યબદ્ધ થયા છો.

શમનું સુંદર સ્વરૂપ

શમ જેટલો બનેલો શ્રેષ્ઠ. કષાયનો મંદ ભાવ તે જ શ્રેષ્ઠ શમ ચાર ચોકડીમાંથી જેટલું ઉપશમે તેટલું જ કલ્યાણ સમ્યક્ત્વના લક્ષણ વિચારશો તો માલમ પડશે કે તેમાં તો ફક્ત મોક્ષ અને મોક્ષ મેળવવાના ઉપાયો જરૂરી રૂપ દર્શાવ્યા છે. આસ્તિકના માનવામાં મોક્ષ તત્વ લાવવું પડશે. મૂળ વાતમાં આવો ભવભ્રમણના કારણો ખોળો ? કારણો બાંધ્યા વગર નાશ કઈ રીતે કરશો ? ભવભ્રમણનું ખરું કારણ શું ? કષાય સિવાય ભવભ્રમણનું કારણ નથી. કષાય સિવાય કર્મબંધન કરાવનાર જગતમાં કોઈ ચીજ નથી !!!

પ્રશ્ન-કર્મબંધના કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એમ ચાર છે છતાં તમે એક કારણ કેમ કહો છો ?

સમાધાન-હા, મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ ખરાં. પણ યોગથી કાંઈ ભવભ્રમણ થતું નથી. ત્યારે સંસારમાં રખડાવે એવાં ફક્ત ત્રણ કારણો રહ્યાં પણ જ્યાં ત્રણ રહ્યાં ત્યાં તમો એકલા કષાય છે એમ કેવી રીતે કહો છો ? મિથ્યાત્વ અને અવિરતિ કયાં ગયા ? વાત ખરી પણ વિચારશો તો માલમ પડશે કે તે બંન્ને કષાયના સગાં છે. કષાયના પેટા વિભાગો છે. જુદા જુદા વિભાગ જણાવવા માટે છે બાકી કષાય સિવાય જગતમાં કોઈ ચીજ કર્મબંધને કરાવનાર નથી सिज्झंति मूलाइ पुण भवस्स આ શાસ્ત્રના વાક્યો પણ યથાયોગ્ય બેસશે. ચાર કષાયો સંસારના મુળને સિંચે છે. જ્યારે કષાય ન હોય તો મિથ્યાત્વ અને અવિરતિ પણ ન હોય કાસદીઆએ આવીને કીધું કે તૈયાર થાઓ એક રાજ્યનું સૈન્ય તમારા પર ચઢી આવે છે, તે લશ્કર સીમાડામાં આવ્યું છે, સીમમાં પેઠું, બ્હોંતેર કીલ્લાઓ લીધા વિગેરે. આપેલા સમાચારમાં આ કહે છે કે, મને માલમ છે" તેવી રીતે આ આત્માને શાસ્ત્રકાર વારંવાર કહે છે કે કષાય આવા છે છતાં જાણીએ છીએ "માનીએ છીએ" એવું વારંવાર બોલીએ તે વાસ્તવિક ઉચીત નથી તે આ કષાયોના કટકે જ સમ્યક્ત્વ સર્વવિરતિ, વિતરાગપણાને ધક્કો લગાડ્યો છે માટે બેસી રહે વળવાનું નથી. માટે સજ્જ થાઓ. કારણ સબુરી બાઈની દુનિયામાં સમતા રાખવાનું બધાં કહે છે સબુરીમાં બ્હોતેર કિલ્લા ગયા તેવી રીતે તમારી અનંતશક્તિ પણ આચ્છાદિત થઈ ગઈ છે. પણ તે શમ કર્યો ? શમ એટલે જ્ઞાનની બીજી દશા એટલે જ્ઞાનની પરિપાકદશા. દુનિયાદારીના સંકલ્પ વિકલ્પોથી તરી ગયેલો હોય તે સ્વભાવથી જ્ઞાન દર્શનરૂપ આલંબન કરનારો હોય જ્ઞાનની પરિપાક દશા પામેલો હોય તે શમના સુંદર ગાન શાસ્ત્રકારો આ પ્રમાણે કરે છે.

૧ વિકલ્પ વિષયોથી ઉત્તીર્ણ થયેલો હોય.

૨ સ્વભાવનું અવલંબન કરનારો હોય.

૩ જ્ઞાનની પરિપક્વ દશા પામેલો હોય આવા ત્રણ ગુણથી અલંકૃત થયેલ શમ છે કે જે શમ હૃદયની જ્વાળાને શાંત કરનાર છે. તે શમ અગર સમતાનું સર્વાંશે સેવન કરશે. તેઓ આ ભવ પર ભવને વિષે કલ્યાણની પરંપરા પામી સિદ્ધિના સુખો ભોગવવા માટે શાશ્વત ધામમાં બિરાજમાન થશે.

सर्वमंगल मांगल्यं सर्व कल्याण कारणं, प्रधान सर्वधर्माणां जैनं जयति शासनं॥

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્ત્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.
પ્રશ્નકાર - ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)
સંચયકાર - પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૪૦૬ - ધર્મની દેવલોક જેટલી કિંમત કરે તેને મિથ્યાત્વ લાગે ?

સમાધાન - હા.

પ્રશ્ન ૪૦૭ - મનક મુનિને દીક્ષા આપનાર ચૌદ પૂર્વી છે અને તેથી તેઓએ જ્ઞાનનાં ઉપયોગ દઈને દીક્ષા આપી હશે પણ તમે આજે મનક મુનિના નામે તેવી બાળ દીક્ષાઓ આપવા તૈયાર થાઓ છો તેનું શું ?

સમાધાન - ભાગ્યવાન ! જ્ઞાનનો ઉપયોગ દીક્ષા આપતાં પહેલાં મૂક્યો જ નથી, "છ માસનું આયુષ્ય છે માટે તે પણ પામી જાય" એમ વિચારી પૂર્વમાંથી ઉધ્ધૃત કરી દશવૈકાલિક તેના (મનકના) ઉદ્ધાર માટે રચ્યું. શાસ્ત્રમાં આ બિના અને પ્રસંગ વિવેક પુરસ્સર વાંચવાથી માલમ પડે તેમ છે કે, દીક્ષા આપતા પહેલા ચૌદ પૂર્વધર શય્યંભવસૂરીશ્વરજીએ જ્ઞાનનો ઉપયોગ મૂક્યો જ નથી.

પ્રશ્ન ૪૦૮ - તમારામાં અને અમારામાં ફક્ત કપડાનો જ ફેર છે ખરો કે નહિ ?

સમાધાન - વેષનો ફેર છે પણ તે બિનાને અલગ કરવા માત્રથી તમારા પર સાધુપણાનો આરોપ થઈ શકતો નથી. વસ્તુતઃ વિષયની ગહન ગુલામી તમે મુંગે મોઢે ઉપાડી લીધી છે અને અમે વિષયને હસ્તે મોઢે હાંકી કાઢયા છે. જો આ તફાવત નીકળી જાય તો તમારામાં અને અમારામાં જ ફેર જ નથી.

પ્રશ્ન ૪૦૯ - દશવૈકાલિકના પ્રથમ અધ્યનમાં ધર્મનું ફળ જણાવતાં "देवावित्तं नमंसंति ભાવાર્થઃ-દેવો પણ તેને પૂજે છે" આ શબ્દો લખવા માત્રથી ધર્મ કિંમત ઘટાડી છે શું એમ નથી લાગતું?

સમાધાન - ના, કારણ કે દશવૈકાલિકની રચના શા હેતુએ થયેલી છે એ વાત ધ્યાનમાં લેશો તો પ્રશ્ન ઉઠશે જ નહિ. અર્થાત્ તે શબ્દોથી આઠ વર્ષના બાળકને દેવોના આગમન પુજન, સત્કાર આદિ લાભ દેખાડવાળાએ ધર્મમાં સ્થિર કરે છે આ ઉપરથી દેવોનું આગમન તે કાળમાં હતું એમ સાબીત થાય છે.

પ્રશ્ન ૪૧૦ - આજે પાશ્ચામાત્ય સંસ્કારમાં અમે કેમ તણાઇ જઇએ છીએ ? અને તેનું કારણ શું ?

સમાધાન - પ્રાચીનકાળમાં જીવાદિનવ તત્વ-દેવગુરુ અને ધર્મનું સ્વરૂપ, દર્શન પૂજન, આદિ ક્રિયાથી વાસિત થયા બાદ આર્થિક આદિ શિક્ષણ આપતાં એટલે મોટા પ્રમાણમાં ધાર્મિક જ્ઞાન અને ઘરમાં રાત્રે વડરાઓ ગુરુ સમાગમથી મળેલા જ્ઞાનની ગોઠડી સમસ્ત કુટુંબ આગળ કરતા હતા અને તેથી આખું ઘર ધર્મ રંગથી રંગાયેલું રહેતું હતું અને પછી સંસાર કાર્યમાં પડે તો પણ કુમળી વયમાં જામેલાં સંસ્કારથી કંઈ પણ આત્મિક ગેરલાભ થતોજ નહોતો.

આજે આપણે ત્યાં એ પ્રણાલિકા પ્રાયઃ ઘસાઈ ગઈ છે અને મુસલમાન કોમમાં એ પ્રણાલિકા પગભર છે તેથી પ્રાયઃ કોઇ મુસલમાન મેજિસ્ટ્રેટ થયેલો હોય છતાં ચાલુ કોર્ટે નમાજ પઢયા વગર રહેશે નહિ એટલે બચપણમાં કુરાન ભણ્યા વગરનો કોઇપણ મુસલમાન હશે જ નહિ આ દ્રષ્ટાંતથી એટલો ધડો લેવાનો છે કે વર્તમાનમાં નાના બચ્ચાને ધર્મના વાસ્તવિક જ્ઞાનથી રંગી નાંખવા જોઈએ. અને જો બાળપણમાં ધાર્મિક સંસ્કાર આપવાનું કાર્ય માબાપ ઉપાડી લેતો આજે જૈન સમાજમાં ઉગતી વયના બાળકો ભાવિમાં સાધુ સંસ્થાના પ્રાણભૂત તેમજ શ્રાવક સમાજમાં પણ પરમ શ્રાવક બની જૈન ધર્મને દીપાવી શકે. બચપણમાં સંસ્કાર બિલકુલ બગડવા જ ન જોઈએ તે માટે સંપૂર્ણ કાળજી રાખવાની જરૂર છે.

પ્રશ્ન ૪૧૧ - શાસ્ત્રકારોએ ચારિત્ર અવસ્થાની ગણતરી ક્યારથી ગણી છે ?

સમાધાન - ઘર-કુટુંબ છોડીને સર્વ સાવદ્યના ત્યાગ અને દર્શનાદિ રત્નત્રયીની આરાધના રૂપ પ્રતિજ્ઞા અંગીકાર કરે ત્યારે. અન્યથા એ વાત સ્વીકારીએ તો પરિણામ ચારિત્રના વર્તે તેને ચારિત્ર આવી ગયું છે એમ માનવું પડે. જેમ ગૃહસ્થાવાસમાં રહેલા પ્રભુ મહાવીર સાધુ વેષ વગર ઉત્તમ સાધુ ચર્યાને યોગ્ય આચારને પાળતા હતા તે વખત ચારિત્ર માનવું પડશે, અને માનીએતો તે જ વખતે મનઃપર્યવ આવવું જોઈએ પણ મનઃપર્યવજ્ઞાન તો તે વખતે આવ્યું નથી. આ ઉપરથી ઉત્કૃષ્ટ કોટિના અધ્યવસાયથી વિભૂષિત થયેલા આત્માઓના ચારિત્ર પર્યાય પણ પ્રભુમાર્ગની પ્રણાલિકાને સ્વીકાર્યા વગર સિદ્ધાંતકાર મંજુર રાખતા નથી.

પ્રશ્ન ૪૧૧ - પુરુષાર્થ એટલે શું ?

સમાધાન - પુરુષાણં અર્થઃ-પુરુષોની ઇચ્છા તેનું નામ પુરૂષાર્થ એટલે જગતના તમામ જીવોનું ચાર પ્રકારે વર્ગીકરણ થઇ શકે છે અને તે ચાર પ્રકાર ધર્મ-અર્થ કામ અને મોક્ષ અર્થાત્ કેટલાક જીવો ધર્મની ઇચ્છાવાળા, કેટલાક જીવો અર્થની ઇચ્છાવાળા, કેટલાક જીવો મોક્ષની ઇચ્છાવાળા આથી જગતમાં આ ચાર પ્રકારની ઇચ્છાવાળા જીવો દૃષ્ટિગોચર થશે અને વર્ગીકરણની અપેક્ષાએ આ ચાર પુરુષાર્થ.

આગમોદ્ધારક એટલે શું ?

આગમોદ્ધારક એટલે જૈન શાસનના જીવન રૂપ જવાહીરને જગત સમક્ષ જાહેર કરનાર જગમશહુર ઝવેરી યા એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે જૈન શાસનના પ્રાણભૂત હસ્ત લિખીત સિદ્ધાંત-સમૂહનો યથાસ્થિત ઉદ્ધાર કરી પૂર્વાચાર્યોની પૂનિત કાર્યવાહીનું સ્મરણ કરાવનાર એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે જૈન શાસનનો સંચાલક સાધુ સમુદાય પૂર્વના હસ્ત લિખીત ગહન ગ્રંથોનું અવલોકન કરવાને અશક્ત બન્યો તે જ અરસામાં તે જ ગ્રંથોને તે જ અવસ્થામાં શુદ્ધિ પૂર્વક મુદ્રિત કરી ચતુર્વિધ સંઘ ઉપર મહાન ઉપકાર કરનાર અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે પૂ. ગણધર ભગવંત ગુમ્ફિત આગમના ઊંડાં રહસ્યો સમજાવવા માટે જગત હિતકારી અસ્ખલિત અમોઘ વાંચનારૂપ વૃષ્ટિ વરસાવનાર વીર-ધીર એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે આગમાબ્ધિમાંથી દેશના રૂપ અમૃતદ્વારાએ મોહથી મૂર્છિત થયેલ પ્રાણીઓને નવજીવન સમર્પક એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે જગતભરનું દારિદ્ર મટાડવા માટે અનેકાનેક અમુલ્ય રત્નોથી ભરપૂર દ્વાદશાંગી રૂપ પૂનિત પેટીનું દર્શન કરાવનાર એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે આગમજ્ઞાનથી ઉત્પન્ન થતા આનંદ રૂપ જલથી ભરપૂર સાગરનો સાક્ષાત્કાર કરાવનાર આનંદસાગર યાને એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે શૈલાણા નરેશને આગમના ઊંડા રહસ્ય સમજાવી જીવદયા પ્રતિપાલક બનાવનાર એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

આગમોદ્ધારક એટલે શાસન પર આવતાં અનેક આક્રમણો સામે અભેદી દિવાલ સમાન સ્વભાવ છે જેનો એવા એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.

ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

આજ્ઞાભ્યાસનું બખ્તર !!!



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૧૮ મો.	મુંબઈ, તા. ૨૩-૬-૩૩, શુક્રવાર જ્યેષ્ઠ વદ - ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

આજ્ઞાભ્યાસનું બખ્તર..... પાનું-૪૦૧

શાશ્વત સંસ્થા..... પાનું-૪૧૦

સાગર સમાધાન..... પાનું-૪૨૧

માનવંતા ગ્રાહકો માટે

અગત્યની સૂચના

અંક ૧૭મો તા. ૮-૬-૩૩ ગુરૂવાર, જ્યેષ્ઠ સુદ ૧૫ માં ગણવો.

અને

અંક ૧૮મો તા. ૨૩-૬-૩૩ શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૦)) ગણવો.

તા. ક:-અનિવાર્ય સંજોગને લીધે અંક પ્રગટ થવામાં વધુ વખત લાગ્યો છે તે માટે વાંચકોની ક્ષમા યાચીયે છીએ. તંત્રી.

બહાર પડી ચૂકી

શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિ કે જે શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કરતાં પણ પ્રાચીન અને પૂર્વધર આચાર્ય મહારાજજીની કરેલી છે, અને પૂ. આગમોદ્ધારક આચાર્યદેવે સંશોધન કરેલી છે. કિંમત રૂા. ૪-૦-૦ છે અને પોસ્ટ જુદું.

મંગાવનારે શ્રી સુરત જૈનાનન્દ પુસ્તકાલય એ સરનામેથી મંગાવવી. નકલો થોડી છે માટે સિલકમાં હશે ત્યાં સુધી મોકલાશે.

તા. ક. આગમોદય સમિતિ, શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર અને શ્રી ઋષભદેવજી કેશરીમલજી તરફથી છપાયેલા ગ્રંથો પણ આહેંથી મળી શકશે.

વ્યવસ્થાપક જૈન આનંદ પુસ્તકાલય. ગોપીપુરા-સુરત.

શ્રી સિદ્ધચક્ર.

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥.

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્ર સમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ
અંક ૧૮ મો

મુંબઈ, તા. ૨૩-૬-૩૩, શુક્રવાર.
જ્યેષ્ઠ-વદ ૦))

વીર સંવત્ ૨૪૫૯
વિક્રમ ,, ૧૯૮૯

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः

"આગમોદ્ધારકની અમોઘ દેશના."

(**નોંધ**:-શ્રી છાયાપુરી મધ્યેના વિશાળ ઉપાશ્રયમાં પ્રાતઃસ્મરણીય શાસન-પ્રભાવક, શાસન-સંરક્ષક, તીર્થોદ્ધારક, સકળશાસ્ત્ર-પારંગત શૈલાણા-નરેશ પ્રતિબોધક, **આગમ-જ્ઞાનદાતા આગમના-અખંડ અભ્યાસી, આગમોદ્ધારક આચાર્યદેવે** આપેલી આ અમોઘ દેશનાનું સારભૂત અવતરણ રોચક, અભિનવ જ્ઞાન સંપાદક, અને મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ આવિર્ભાવ કરનાર હોવાથી અત્રે અપાય છે. **તંત્રી.**)

(ગતાંકથી ચાલુ)

દોષને દૂર કરનાર દેવો અને ઢાંકનારા ભક્તો ! ! !
દૂષણની ભૂષણરૂપે માન્યતા અને સમાનતાનું સોમલ.
દોષના દાહ વગર આત્મકલ્યાણ નથી ! !
અભવ્યના પરિણામને અનુસરનારાઓનું અવલોકન.
આજ્ઞાભ્યાસરૂપ બખ્તરધારીઓ આરાધક છે ! ! !

મૂળ સિદ્ધાંતરૂપ -

દેવતાના ભવમાં ક્ષાયક આદિ દર્શન હોય, અવધિ આદિ જ્ઞાન નિયમિત હોય છતાં દેવતાનો

ભવ એક અપેક્ષા એ આંધળાના ભવ જેવો છે. જેમ આંખ વગર આંધળાને જીંદગી આકારી લાગે છે તેવી રીતે ચારિત્ર્યની લહેજત વગર દેવભવ આકારો લાગે છે. ત્યાગની વિશિષ્ટતા નહિ વિચારવાને તીર્થંકરને તીર્થંકર તરીકે માનવાના હક જ નથી.

ધન, માલ, મિલકત, કુટુંબ, કબીલા, છોકરાં, છૈયાં વિગેરે તે બધું તીર્થંકરો આપતા નથી. છતાં પૂજન, સેવન અને વંદનાદિ જે કાર્ય કરીએ છીએ તે ફક્ત તેઓ ત્યાગના સમર્થક છે.

તીર્થંકરોના ઉપકાર ત્યાગના હિસાબે છે. તીર્થંકરો સ્વયં ત્યાગી બને છે અને સંસર્ગમાં આવેલાને ત્યાગી બનાવે છે. તમને કોઇ પૂછશે કે તીર્થંકરને શા માટે માનો છો ? જવાબમાં એ જ કહેજો અને એ ગોખી રાખજો કે "ત્યાગમાર્ગના અપૂર્વ દર્શન કરાવ્યાં તેથી."

તીર્થંકરોની અધિકતા ત્યાગને આભારી છે. પૂજક પણ એ જ વિચારે કે મને સંપૂર્ણ ત્યાગી બનાવી પૂજ્ય બનાવે, વંદક પણ એ જ ઈચ્છે કે મને તે વિશ્વ વંદનીય બનાવે, સેવક પણ એ જ અભિલાષે કે મને તે સેવ્યની સુખમય કોટિમાં મૂકે. આ બધી વિચારણા ત્યાગના મૂળ સિદ્ધાંતરૂપ શાસનને અવલંબેલી છે.

દૂષણની ભૂષણરૂપે માન્યતા.

ત્યાગની તિક્ષ્ણતા જેના હૃદયમાં ઝળહળી નથી તે પ્રભુ શાસનના પરમાર્થને પીછાણી શક્યો જ નથી એમ કહેવામાં લેશભર અતિશયોક્તિ નથી.

વિતરાગ વચનને વર્ષાવનાર વક્તા પાસે આવનાર શ્રોતાઓએ પણ એ જ વિચારવું જોઇએ કે પ્રભુ માર્ગનો ત્યાગ મારામાં કેમ આવતો નથી. હૃદયમાં એ જ હરદમ વિચારવું જોઇએ કે મને હજુ ત્યાગ ભાવના જોઇએ તેવા પ્રમાણમાં કેમ સ્ફુરાયમાન થતી નથી. ત્યાગની ભાવનાથી હું ભીંજાઉં નહિ ત્યાં સુધી મારી પૂજા તે પૂજા નથી એમ કેમ વિચારાતું નથી ?

પૂજ્ય બનવાની પ્રૌઢ ભાવના હરેકને આવે છે પણ તે પૂજ્યતા પામવાના પ્રૌઢ સંસ્કારો ગુરુ ચરણ સેવાના અભિલાષીઓ પામે છે, કારણ કે એ સુંદર સંસ્કારોને સુદૃઢ બનાવવાનું ઉચ્ચ કોટીનું જ્ઞાન પરોપકારી ગુરુઓ આગમ દ્વારાઓએ સંપાદન કરેલું હોય છે, અને પોતાના સંસર્ગમાં આવનારને તે જ્ઞાનથી નવપલ્લવિત કરે છે.

ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવક સાધુપદ પ્રત્યે જેટલો વિનય બહુમાન ધરાવે છે, તેટલો વિનય બહુમાન તે સાધુ થયા પછી ધરાવી શકતો નથી; કારણ ઘણા છે. છતાં તે પૈકી એક કારણ વિચારીએ સમાનતાનું સોમલ એટલું હાડોહાડ વ્યાપેલું હોય છે કે હૃદયમાં હરપળે લાંબા પર્યાયવાળા પૂ. આચાર્યો, ઉપાધ્યાયો અને સ્થવીરોને એક સરખી કોટીમાં ગણવાની ધૃષ્ટતા અંગિકાર કરે છે, એટલે સાધુ થયા બાદ તે હૃદયમાં વિચારે છે કે મારા કરતાં બધા વધુ શું કરે છે ! ! !

હવે ચાલો મૂળ વાતમાં ત્યાગને માટે ભવોભવ જીવન સમર્પણ કરવાવાળા ત્યાગને ફળીભૂત કરનારા, ત્યાગનું ડિંડિમ વગાડનારા આ જ મહાપુરુષ ! એ જ માટે આ મહાપુરુષની હું પૂજા કરું છું.

દીવાનો ઉપયોગ અંધારાના નાશને માટે છે, જેને અંધારાનો નાશ કરવો નથી તેને દીવો કરે શું ?

આ વાત તમને ગળથૂથીમાં પાવામાં આવી છે; તમને સમજાવવામાં આવ્યું છે કે અઢાર દોષરહિત દેવ.

આત્માને પૂછો કે એ અઢાર દોષ આ આત્મામાં રહેલા છે તે દોષ છે કે ગુણ ? પ્રથમ પોતાના દોષનો જવાબ માંગો.

કયા રૂપે તીર્થંકરદેવને માનો છો અને પૂજો છો ? દૂષણ તપાસતાં શીખો ? દૂષણને ભૂષણરૂપે માનવાની અને મનાવવાની મહાન ગંભીર ભૂલને આજે ભૂલી જાઓ દૂષણને દૂષણરૂપે નહીં માનતાં ભૂષણરૂપે કેમ માનો છો ?

ગોખ્યાં કરો ! ! !

દૂષણને દૂષણરૂપે સ્વીકાર્યા વગર દૂષણને દૂર કરવારૂપ દાહ આત્મામાં થશે નહીં. દૂષણ પ્રત્યે દાહ લાવ્યા વગર સાચી ઠંડક થવાની નથી. એ અઢાર દોષ ભવોભવ ભટકાવનાર છે એ સમજતાં શીખો. એ દોષો દોષરૂપે હજુ સુધી સંસાર રોગમાં રિબાતા રોગી આત્માને લાગ્યાં જ નથી. દોષ એ ભટકાવનાર છે બલ્કે આત્મહીત બગાડનાર છે. રોગ થયો છે એવું રોગીને ભાન નથી. વૈદ્યને ઘેર દોડધામ કરનારા રોગીને રોગની વાસ્તવિક ભયંકરતા હજુ સુધી ભાસી નથી. એ દેવાધિદેવ દોષને દૂર કરનારા ત્યારે આપણે એ દોષોને ઢાંકનારા તમારા આત્મામાં દોષને દોષરૂપે દેખતાં થાઓ. અઢાર દોષથી આપણે હેરાન થઈએ છીએ એ તો માનતા થાઓ. પૂજ્ય અને પૂજકમાં લાખ ગાડા અંતર છે પારકા ઘેર મુનિમગીરી કરનારા મુનીમની જેવી દશા આપણી છે. હૂંડી અને પૈસાની લેવડદેવડ મુનીમની પોતાની નથી; પણ શેઠના હિસાબે છે. શેઠનાં હિસાબે થતી હૂંડી, ખત પૈસાની લેવડદેવડ પોતાના હિસાબે માને તે મુનિમ નથી. તેમજ મુનિમની ધારણાપૂર્વક આપણે પણ અઢાર દોષ દેવના હિસાબે માનીએ છીએ. આપણે કંઈ લેવા દેવા નથી. એ અઢાર દોષ આપણા હિસાબે નથી. અને એ દોષમાં આપણે તો જોખમ કંઈ ગણ્યું પણ નથી.

દોષની ભયંકરતા સ્વીકારીને દોષની ભયંકરતા વધે છે અને તેના જોખમદાર આપણે પોતે છીએ તે સમજતાં થાઓ. **દોષની ભયંકરતા નહીં છોડું તો રખડ્યા કરીશ એ ગોખ્યાં કરો.**

આપણે તો કુદેવ-અને દેવના ચોપડાનું નામું મુનેમની પેઠે કરીએ છીએ આ આત્મામાં અઢાર દોષનું નામ પણ નથી લખતા.

સમકિતી. મિથ્યાત્વી ભવિ અભવિના ફરક કયાં પડે છે ? "અઢાર દોષ રહિત હોય તે દેવ અને અઢાર દોષ હોય તે કુદેવ" બધા એ બિના બોલે પણ તેથી સમકિતી અગર મિથ્યાત્વી થઈ જવાતું નથી. મને અને આખા જગતને અઢાર દોષો હેરાન કરી રહ્યા છે, આ મહાપુરુષે ટાળ્યા છે અને એ ટાળવા માટે આ જ શાસન જન્મ પામ્યું છે.

અઢાર દોષરહિત દેવ બોલીએ છીએ. દોષને દોષ કહો છો તે સાચાયે નથી કે ખોટાયે નથી. સાચા મનથી ન બોલે તેને દોષનો દાહ ન હોય.

ઉત્તમત્તા હૃદયમાં વસી નથી.

દોષ રહિતની ઉત્તમતા અને દોષ સહિતની અધમતા વિચારો ! દોષના દાહવાળો સમકિતી નવપૂર્વ ભણવાવાળો સમકિતી કેમ નહિ ? તો કે તે અભવ્યને ઘર દોષનો દાહ નથી.

બધું કરે ક્રોડ પૂર્વ સુધી ચારિત્ર પાળે અને દેશવિરતિ પાળે એ કેમ બનતું હશે ?

પ્ર. ક્રોડપૂરવ દેશવિરતિ અને સર્વચારિત્ર પાળે અને લુખા કેમ ?

સં. ચોપડ્યા મૂશ્કેલ. કારણ ભુખ્યા રહેવું મુશ્કેલ નથી. દોષનો દાહ થવો એ જ મુશ્કેલ.

સમકીતના સાચા સૂરમાં મન મણિધર ડોલે છે

આપણને વીંછી કરડે, પછી બીજાને કરડે, આપણને ન કરડયો હોય અને બીજાને કરડે પછી આ બે વખતનો ચમકારો તપાસો ! હેરાનગતિનો ખ્યાલ તપાસો. ન કરડ્યા વાળાને ઉપર ઉપરથી તેને કુદાકુદ દેખાય પણ પ્રથમ કરડયા વાળાના અનુભવના વિચારમાં ઘણું જ અંતર ! ! !

અઢાર દોષનો દાહ ન થાય ત્યાં સુધી તીર્થંકરની ઉત્તમતા હૃદયમાં વસતી નથી.

દોષ દાહ જરૂર થશે.

જીવાજીવાદિક તત્ત્વોની વાતો કરો, પ્રકૃતિઓ ગણો પણ આત્માને પૂછો કે આશ્રવ અને બંધનો દાહ દીલમાં છે ? એ તપાસો ? આશ્રવ અને બંધનો દાહ ! ! ! મુનિમગીરીના ચોપડા શાસ્ત્રકાર આમ કહે છે, શાસ્ત્રકારે આમ જણાવ્યું છે, આમ પ્રકાશ્યું છે પણ આપણે કંઈ લેવા દેવા નથી, તારું આમ થાય છે, તારું આમ થઈ રહ્યું છે એ બોલતાં શીખો. આત્મા પર જોખમદારી લાવો. પાંચ ઇંદ્રિયો, પાંચ અવ્રતો, અને ચારકષાયો કર્મના ઢગલા કરી રહ્યા છે. હવે મારું શું થશે ? વકીલ અસીલની જોખમદારી જેવું અહીં નથી. અસીલના લાભમાં હુકમનામું થાય અગર ડીક્રી થાય તેમાં વકીલનો વાંકો વાળ થતો નથી. શાસ્ત્રકાર તરફ જોખમદારીનું નામું શું ? જિનપન્નતં. અમારે કહેવું નથી ! જિનેશ્વરે કહેલું છે. શું ત્યારે અમારે મુનીમગીરી કર્યા જ કરવી ? હા.

કેમ પાલવશે ?

જિનેશ્વરે કહેલું કે વાસ્તવિક છે. જિનેશ્વરે જે વચન ઉચ્ચાર્યાં તે આત્માને જકડવાવાળા છે, ઘેરવાવાળા છે એમ ન બોલો. જિનપન્નતં કહેવું એ જોખમદારીમાં ઉતારવા માટે નહિ. આવું આચર્યું, ઉપદેશ્યું અને અમારા જાણવામાં આવે તેથી. જિનપન્નતં. શબ્દ જોખમદારી ઉતારવા માટે નથી. સારા-નઠારાનાં ઈલ્કાબ આપવા માટે તે નથી. જગતને જણાવ્યું છે એમ બોલતાં પહેલાં મારા આત્માની વાત કરી છે વૈદ્યે રોગ પારખ્યો અને દવા પણ આપી છતાં હું હીણભાગી દવા લઈ શકતો નથી આત્માનો રોગ પારખ્યો છે. રોગ કયો ? ભવમાં ભટકવું. વૈદ્ય-દાકતરને ત્યાં જનાર નિયમિત દવા કરી ન પાળે તેવા દરદી હાંસીપાત્ર ઠરે તેમાં નવાઈ જેવું નથી.

આ ત્રણ લોકના પ્રસિદ્ધ વૈદે દવા નક્કી કરી એમણે આપણને દવા આપી પણ આપણે દવા કરવી જ નથી-

ભગવાન પાસે જાઓ છો ત્યાં તમે કેવાં વિશેષણોથી વધાવો છો ! **तिन्नाणंतारयाणं बुद्धाणंबोहयाणं मुत्ताणं मोअगाणं** ધર્મનો સાર બતાવી દીધો અને તમે તે સાર સ્વીકાર્યો છે.

નાડી બતાવી, રોગ જાણીને, દવા લઈએ દવા કરીએ નહિ, ચરી પાળીએ નહિ અને રોગ મટયો નહિ એમ બૂમ મારીએ શી રીતે મટે ? નાડી બતાવવી છે, રોગ જાણવો છે, દવા કરવી નથી અને વૈદને ગાળો દેવી છે અને ફરિયાદ કરવી છે તે કેમ પાલવશે ! ! !

ઉત્તમ પરિણામનો ઘડો.

સમકીત હોય ત્યારે જ દોષનો દાહ.

" ન " ત્યારે જ દોષનો દાહ હોતો નથી.

પૂર્વના જ્ઞાન નિષ્ફળ જાય, લાંબા આયુષ્ય એળે જાય, એ બધું કયા કારણે ? દોષના દાહ દિલમાં ન લાવ્યા તેથી. નવ પૂર્વ ભણો, ચારિત્રનું પરિપાલન કરો, પણ દોષદાહ વગર દિ નહિ વળે.

પ્ર. અનંતી વખત કર્યું તોએ વળ્યું નથી તો પછી શું વળશે ?

સ. અનંતી વખત દોષદાહ વગરનું થયું છે, એટલે દોષદાહ ન થાય તો છોડવા માટે આ કહેવાતું નથી. દોષના દાહવાળા પરિણામ ન આવતાં હોય તો લાવો. છોકરાને મનગમતાં બોર ન મળે તો પાંચ પકવાનની થાળીને લાત મારે કારણ બન્નેમાં ફેર સમજતો નથી તેવી રીતે પુદ્ગલમાં પલોટાઈ ગયો છે. આ આત્મા દોષનો દાહ જેવાં ઉત્તમ પરિણામ ઉત્પન્ન કરવા જતાં પુદ્ગલ પથરા માટે ઉત્તમ પરિણામના ઘડાને ઊંધા વાળે છે. ભણવું, ગણવું, પડિક્કમણા, પૂજા શા કામના છે એવું બોલનારા ધૂળમાં લોટવાવાળા છે, મળેલી પકવાનની થાળી બાજુ પર રાખીને બોરની વાત કરો તે નહિ ચાલે ! ! !

હિંસા પ્રવૃત્તિ, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ રાખવા રખાવવાનો ઉપદેશ શાસ્ત્રમાં હોય જ

નહિ, પણ તેથી વિરામ પામવાના ઉપદેશ હોય દાહ ન થાય તેટલા માત્રથી ક્રિયા ખસેડવાની જરૂર હોતી નથી.

પ્રશ્ન. અનંતી વખત કર્યું તેમાં કાંઈ વળ્યું નહિ ? હવે શું વળશે ?

સમાધાન. સેંકડો વખત લીટા કરે તે નકામા માનો છો, પણ એકડો કરે તે વખતે સો લીટા ૧૦૦ લાભરૂપ ગણાશે. આ દ્રવ્ય ક્રિયાઓ કરતાં પણ ભાવ ક્રિયારૂપ દોષ પ્રત્યે દાહ જરૂર થશે.

અભવ્યના પરિણામનો હાયડો.

અરે ! તમે વ્યાખ્યાન સાંભળવાનું રાખો છો, અને આવ્યાં છો તો દોષ દાહ સાંભળશો. સાંભળતાં સાંભળતાં કોઈ વખતે દોષદાહ થશે, લીટા પણ એકડાનું કારણ છે તે રોકાય જ નહિ !!!

છોકરો લીટા કરે છે છતાં તમે પાટી ખેંચી ખરી કે નહિ ? લીટા એકડો લાવશે એ તમારા મનમાં નક્કી થયું છે.

પ્રશ્ન. ફળવાળી થશે ત્યારે સફળ માનશું તેવી રીતે દોષદાહવાળી પ્રવૃત્તિ થશે ત્યારે સફળ માનશું તે સિવાય નિષ્ફળ માનવામાં વાંધો શો ?

સમાધાન. ૧૦૦ પગથીયા નિસરણીમાં એક-બે-પાંચ-દશ એંશીમાં પગથીયે પહોંચીએ છતાં માળ દેખાય નહિ, અને ૯૦ પગથીયામાં છે. દેખાય નહિ. દેખાવાની અપેક્ષાએ બધી જગ્યાએ સરખું છે, નેવું સુધી ચઢવાની ક્રિયા કરી ન હોત તો આગળ શી રીતે વધત !

આથી દ્રવ્ય ચારિત્રરૂપ લીટાઓ તે ભાવચારિત્રના એકડા માટે છે.

અભવ્યોએ અનંતા દ્રવ્ય ચારિત્ર કર્યા, આંધળાએ દશ વરસ લીટા કર્યા એકડા ન આવ્યાં તેમ દેખતાંએ લીટા કરવા જ નહિ એવો સિદ્ધાંત ન થાય. દેખતાં એવાં ભવ્યોને દ્રવ્ય ચારિત્ર લેતાં રોકી શકાય નહિ વાંઝણીનો સંસાર નકામો જાય વાંઝણી હતી તેથી નકામો ગયો, તેવી રીતે અભવ્યનો પ્રયત્ન અફળ જાય તે મોક્ષ અપેક્ષાએ. વાંઝણી હાયપીટ કરે પણ સોહભાગણ સ્ત્રી હાયપીટ ન કરે.

મારા દ્રવ્યચારિત્ર નકામાં જાય છે તે વાંઝણીના ઉદ્‌ગારો છે. અભવ્ય સિવાય બીજા કોઈના દ્રવ્ય ચારિત્ર નકામાં જતા નથી. ભવ્યનાં દ્રવ્યચારિત્ર નકામાં જ નથી તો પછી મારું ચારિત્ર નકામું એમ નહિ ગણ. શ્રાવકની કરણી, સાધુની કરણી દ્રવ્ય ચારિત્ર નકામી જાય છે એવું બોલનારા હાથે કરીને અભવ્યના પરિણામનો હાયડો ગળે વળગાડે છે.

મોટો તફાવત.

ભાવ ચારિત્ર કર્યું નથી તે માટે ઉત્સાહ અપાય એ વાત જુદી છે, પણ દ્રવ્યચારિત્રની નિષ્ફળતા માનવા મનાવવામાં ગંભીર ભૂલ થાય છે.

ધર્મ સંગ્રહમાં જુઠ બોલે તો પાપ લાગે, વિશ્વાસઘાત વિગેરે જુઠાણાં બોલે તો પાપ લાગે, બ્રહ્મઘ્ન બ્રહ્મહત્યા કરનારો છું એમ બોલે તો પાપ લાગે જો કે તે વચન કોઈનો જન્મ-મર્મ કર્મને નુકશાન કરનાર નથી.

પ્રશ્ન : બ્રહ્મઘ્ન કહેવાવાળાએ સાચું કીધું કે જુઠું ?

સમાધાન : જુઠું સ્વરૂપ અને તત્સંબંધી. તે પણ જુઠ જુઠનું લક્ષણ અસત્ અભિધાન ઈતિ; અસત્ય અભિધાન હોય ને તે બોલવું તે જ જુઠ. અહિત અભિધાન લઘુતા માટે બોલાય તે વાત જુદી, દોષની અપેક્ષાએ બોલાય તે જુદી વાત છે આ દોષ રહે છે માટે નકામું. નિંદારૂપે થાય તે પણ આપેક્ષિક રહેવું જોઈએ.

દ્રવ્ય અનુષ્ઠાન દોષના દાહ વગરનું થાય તો પણ નિરર્થક નથી !

હવે દલીલથી વિચારીએ દોષના દાહ વગર શ્રાવકપણા અને સાધુપણા કર્યા તેમાં મળ્યું કે નહિ ? બોલો તમે છોડયાં તેટલાં પાપથી બચ્યાં કે નહિ ? જો બચ્યાં તો નિષ્ફળ કેમ ? દોષદાહના ફળના હિસાબે ઓછું મળ્યું કહો પણ નિષ્ફળ તો ન કહો.

પાપ રોકાયું એટલું જ નહિ, પણ સદ્‌ગતિ આદિ લાભો મળે. અનંતી વખત ચારિત્ર કર્યાં શ્રાવકપણાં કર્યાં, દ્રવ્યચારિત્રથી દેવગતિ આદિ મળે અભવ્યને મોક્ષનો ફાયદો ન મળે પણ સદ્‌ગતિ આદિ તો મળે અને પાપથી રોકાણ થાય અભવ્ય પાપમાં પ્રવર્ત્યો હોય અને પાપમાં ન પ્રવર્તતો હોય તો તે બન્નેમાં તફાવત શું થાય ?

દોષદાહ પ્રકરણ-મોક્ષ હિસાબે મોટો તફાવત.

બે ફાયદા, સદ્‌ગતિ મળી દૂરગતિ રોકાય, દ્રવ્યથી લાભ હવે ભવ્યની બાબતમાં આપણે વિચારીએ બે ફાયદા તો ઉપરના અભવ્યને પણ થાય. આ તો સારી સ્થિતિમાં આવ્યા છે જો ભવ્ય ધર્મ નહિ કરે તો શું સાધુપણું કરશે કે ઘરબાર કરશે. હવે વિચારો કે અનંતી વખત બાયડી છોકરાનું કર્યું તે વધારે કે ચારિત્રનું ? તે અનંતી વખત ! વધારે અનંતા અને અનંતી વખત ખાસડાં ખાધા છતાં ત્યાં જ પાછું મન થાય છે અને અનંતા અનંતી વખત લાભ મળ્યાં છતાં આ થતું નથી તેનું કારણ શું?

અનંતા વખતમાં ખાસડાં અને પરમાધમીની વેદના ભોગવી છતાં તેમાં કંટાળો નહિ અને ધર્મ કરવાથી દેવગતિ મળી છતાં દૂરગતિ કા રૂપ તે કાર્ય કરવાનું કેમ મન થતું નથી. વગર દોષના દાહે, દાન, શીયળ, તપ, ભાવ નહિ કરવા કહેવું તે પણ મુર્ખાઈ છે. દોષના દાહ વગર એ બનતું કેમ હશે. એ પણ વિચારી ગયા કે અભવ્યો પણ એ સ્થિતિમાં કેમ સ્થિતિ ગુજારતા હશે તે દોષ દાહ પ્રકરણ સમજવાથી સહેજે સમજાશે.

દેવના નામે પ્રવૃત્તિ

તીર્થંકર ભગવાનના પૂજકોએ પણ વિચારવાનું જરૂરી છે. અંતઃકરણમાં દોષની દાહ સ્થિતિ આવવી જોઈએ. અઢાર દોષ રહિત દેવ અને તે દોષવાળા કુદેવ ગણવા, મારે કંઈ લાગતું વળગતું નથી એમ નહિ.

ઉપદેશ વગર તત્ત્વ સમજાતું નથી દોષનો દાહ વાસ્તવિક થતો નથી તેના ઉપાય અમલમાં મુકાતા નથી અને તે ઉપદેશક જો કોઈપણ હોય તો તે તીર્થંકર દેવ ! શાસનમાં તીર્થંકરનું સ્થાન અદ્વિતીય માલમ પડશે.

તીર્થંકરે ધર્મ કરેલો, બનાવેલો નથી પણ કહેલો છે અને તે ધર્મ પણ હંમેશનો કહેવામાં લેશભર અતિશયોક્તિ નથી ! ! ! બીજા મતમાં આ જગત કર્યું કરેલું છે. એ મતાવલંબી ઓને પૂછજો કે જુઠ, ચોરી અને પાપ તે તમારા ઈશ્વર પહેલાં કે પછી ? જો પહેલાં જુઠ ચોરી હતા પાપ હતા, અને રોકવાનાં સાધન હતાં તો તો કર્યું શું અને કહેશો કે પહેલાં નહોતાં તે.

ઈશ્વર જેવો કુભાંડી કોણ ?

મુસલમાન જીવ જેવા નાના જીવ અને માંકણની ક્રીડા કરે છે. શિકાર કરનાર શિકારની ક્રીડામાં જંગલી રાક્ષસી ગણાય તો અનંતના શિકાર કરવાની તમારી ઈશ્વરની ક્રીડા અને લીલા કેવી!

આ બધાં અનંતા મરે છે, જન્મે છે દુઃખ ભોગવે છે તો તમારા ઈશ્વરને માટે ગણવું શું? જૈન-ધર્મ નવો બનાવતા નથી પણ વસ્તુતત્ત્વની પ્રરૂપણા કરે છે ! અને જાહેર કરે છે દેવતત્ત્વને અને તેથી દેવના નામે જ પ્રવૃત્તિ હોય તેમાં નવાઈ નથી.

ભાંજગડ માનવી પડશે.

દેવતત્વ માનનારાને પોતાના દેવને નિર્દોષ માનવા પડે છે. આદર્શચારિત્ર કયાં માનો ! (સભામાંથી) દેવમાં.

દેવને નિર્દોષ માનવા પડે છે.

ગુરુદેવના આદર્શ ચરિત્ર અનુસારે ચાલવાવાળા અને ધર્મ તે દેવનું આદર્શ ચારિત્ર

ગુરુ અને ધર્મ તે બધું દેવ ઉપર નિર્ભર છે. આદર્શ ચરિત્ર તે ધર્મ.

આ ઉપરથી દેવતત્વની જરૂર છે સુરિ પુરંદર શ્રી હરિભદ્રસૂરીએ શ્રી મહાદેવનું અષ્ટક કર્યું. બીજાની અપેક્ષાએ દેવ તો એક સ્વરૂપે હોય તમારી અપેક્ષાએ એક સ્વરૂપવાળા નથી. સંસારમાં માન્યા અને મોક્ષમાં પણ દેવ માન્યા. અરિહંત અને સિદ્ધમાં પણ દેવતત્વ માનો છો. જ્યારે તમારા દેવમાં એક સરખું સ્વરૂપ રહ્યું જ નહિ. બીજા કરતાં તમારે ત્યાં બે વિભાગ હવે તો તમારે ભાંજગડ માનવી પડશે.

આજ્ઞાભ્યાસનું બખ્તર.

સાકારમાં શી રીતે આરાધો અને નિરાકારમાં શી રીતે આરાધો ?

તમારે બે વિભાગ કરવા પડશે. નિરંજન થયા હોય કે આકાર હોય તો પૂજા એક સરખી અને તેથીજ **यस्यज्ञाराधनोपायः**

જે દેવને યા જે જિનેશ્વરને પૂજીએ છીએ. પૂજન એટલે આજ્ઞા અભ્યાસ તેની આજ્ઞા પ્રમાણે વર્તવું સંસારમાં હોય અને તે શરીરધારી હોય કે ન શરીર ધારણ કરે તો પણ અમારે પૂજન વંદનમાં અડચણ જ નથી. આજ્ઞા કોઈ વખત ખરી કે ?

ના, તે માટે સર્વદા એમ કહ્યું એટલે સદા સર્વદા. કરેલાનું કરવું ન હોય તો કાલે ખાધું હતું આજે કેમ નહિ ? જુદી ભૂખ લાગીને ખાવું નવું, કર્મથી બચવા માટે આજ્ઞા આરાધન કર્મના હલ્લા વખતે આજ્ઞા અભ્યાસના બખ્તરની જરૂર કર્મથી બચવા માટે ગુણો પ્રગટ કરવા માટે આજ્ઞાનો અભ્યાસ છે ક્યાં સુધી તેમની સ્થિતિ ન મળે ત્યાં સુધી.

આરાધનનું યથાસ્થિત ફળ.

દાવાનળમાં કમળ વાવ્યું ? થાય શું ? તેવી રીતે તમે મોટામાં મોટા પાપોમાંથી નીકળો નહિ અર્થાત્ લોભ હાસ્યરતિ વિગેરેમાંથી નીકળો નહિ ત્યાં સુધી તમારા વિચારાદિ કમળ જેવાં સુંદર છે છતાં દાવાનળ હોલાય પછી લાભ. જ્યાં સુધી તમે અકષાયી ન થાઓ ત્યાં સુધી તે ક્રિયા ફળિભુત થવાની નથી એવું કહેનારાને કહે છે કે.

પાણી ઉનામણો ઉકળતો હોય તો ઉનામણમાં પડેલો પૈસો ગરમ થશે, પણ ધાતુપણું છોડશે નહિ. શરીર પર ફોલ્લા થાય તેવી રીતે ધાતુ પર કંઈ નહિ. ધાતુનો એવો વિચિત્ર સ્વભાવ છે કે ત્યાં ફોલ્લો થાય જ નહિ તેવી રીતે જીનની આજ્ઞામાં એવી તાકાત છે કે ચાહ્ય જેવી અવિરતિ-અવૃતો હોય છતાં સામાન્ય અસર થાય પણ વિશેષ અસર કરી શકે જ નહિ. ઉનામણામાં પડેલા પૈસાની જેવી તાકાત છે તે કરતાં આજ્ઞા અભ્યાસની તાકાત અજબ છે. ગરમ પૈસા થાય અતિચાર લાગે દૂષિત થાય પૈસા પણું ફરે નહિ તેવી રીતે જે સ્વરૂપમાં આજ્ઞા આવી હોય તો પણ પલટે જ નહિ યથાશક્તિ સંપૂર્ણ થશે તો જ ફાયદો થશે. શક્તિ પ્રમાણે કર્યા જાઓ તો જરૂર ફળ દેનારા થશે. ફળપ્રદ જેઓ દેવતત્વનું આરાધન કરશે તેઓ તો ઉત્તમ ફળને પ્રાપ્ત કરી કલ્યાણના ભાગીદાર બનશે **सर्वमंगलं** સંપૂર્ણ.



શાશ્વત સંસ્થા અને વડોદરા સરકાર.

[નોંધઃ-શાસન સંરક્ષક શૈલાણા નરેશ પ્રતિબોધક પૂજ્યપાદ શ્રી આગમોદ્ધારક આચાર્યશ્રીએ પોતાના બહોળા શિષ્ય પરિવાર સહિત મુંબઈથી વિહાર કરી શાશ્વત સંસ્થાના સાચા સિદ્ધાંતનો નાશ કરવા માટે મુસદ્દો રજુ કરનાર વડોદરા સરકાર સાથે પત્ર વ્યવહારાદિ કરી કટોકટીના મામલામાં પણ કેવા પ્રકારની શાસન સેવા બજાવી છે, અને વડોદરા-સરકારે પણ નીતિ-ન્યાયના બહાના હેઠળ અન્યાયની પરંપરાને જન્મ આપવાની કેવી વિચિત્ર તૈયારી કરી છે તે વાંચકવૃંદની જાણ માટે અત્રે આપીએ છીએ. તંત્રી.]

નં. એન ૧૧૫-૫૦૫/૩૨-૩૩

બરોડા

૧૨ ફેબ્રુઆરી ૧૯૩૩

ચંદ્રસાગર, ભુલેશ્વર લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઈ.

વ્હાલા સાહેબ,

જૈન દીક્ષા નિબંધ સંબંધીના આપના તારની પહોંચ સ્વીકારું છું, અને તે તાર ધ્યાનમાં લેવાને માટે ન્યાયમંત્રી સાહેબને વડોદરા મોકલવામાં આવ્યો છે.

આપનો વિશ્વાસુ;

(સહી)

આસિસ્ટંટ સેક્રેટરી.

જુઓ પરિશિષ્ટ નં. ૧

તા. ક:-ઉપરનો જવાબ જે તારના જવાબ અંગે આવેલ છે તે તારની કોપી નહિ મળવાને અભાવે અત્રે આપી નથી.....તંત્રી.

પરિશિષ્ટ નં. ૧

No. N. 115-505

32-33

BARODA.

12th February 1933

To,

ChandraSagar Esqr.,

Bhuleshwar, Lalbag, Jain Upashraya,

BOMBAY.

Dear Sir,

I am directed to acknowledge receipt of your wirte about Jain Diksha Nibandh and te inform you that the same has been sent to the Legal Remembrancer, Baroda, for consideration.

Yours truly,

(Signature)

Asstt. Secretary.

જુઓ પરિશિષ્ટ નં. ૨

હીઝ હાઈનેસ મહારાજ સાહેબ,

તારનો ઉત્તર ન મળવાથી આજ્ઞા પત્રિકામાં પ્રસિદ્ધ થયેલ દિક્ષાને અંગે પૂજ્ય આચાર્ય દેવ સાગરાનંદ સૂરિશ્વરજી આપને રૂબરૂ ખુલાસો કરવા આજ રોજ વિહાર કરીને આવે છે. કાઉન્સીલ ઉતાવળ ન કરે.

ચંદ્રસાગર.

પરિશિષ્ટ નં. ૨

His Highness Maharaja Saheb,

BARODA.

After waiting for your Highness' reply to his telegram in accordance with the statement published in Agnapatrika regarding Diksha Bill Revered Acharya Shri Sagaranand Suriswarji started walking for Baroda to submit his views personally to your Highness. Earnestly Request your Highness prevent Council hurrying through Bill pending his arrival.

ChandraSagar.

જુઓ પરિશિષ્ટ નં. ૩

ન્યાયમંત્રી,

વફાદાર કોમને ઉશ્કેરનાર, પવિત્ર માર્ગને બગાડનાર, અન્યાય અધર્મને ફેલાવનાર, ફરજીયાત વ્યભિચારને જન્મ આપનાર અને સગીરનું હિત સારી ઢબે બગાડવા સાથે લાયકોને બંડખોર બનાવનાર દિક્ષાનો કાયદો થવામાં સાધુઓને જોખમદાર ગણ્યા છે, તો તેઓને સાંભળવાની જરૂર હોવાથી શ્રીમંત સરકારને રૂબરૂ મળવા અમારા આચાર્ય દેવ પૂજ્યપાદ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજીએ આજરોજ તારથી જણાવ્યું છે અને ત્યાં આવવા માટે આજ રોજ તેઓએ વિહાર કર્યો છે તો શ્રીમંત સરકારની મુલાકાત થતાં સુધી આપ કાયદો કરતાં અટકો તો વધુ સારું છે.

ચંદ્રસાગર.

પરિશિષ્ટ નં. ૩

Nyaymantri,

BARODA

Our Acharyadeva Revered Shri Sagaranand Surishwarji has today telegraphed His Highness that he would like interview Srimant

Maharaja Saheb in order that he may submit his views regarding the Diksha Pratibandh Bill in which Sadhus have been considered responsible and which is calculated if passed alienate loyal subjects hamper sacred path, speard injustice and irreligion, ruin prospects of minors and drive into rebellion lawabiding citizens. Acharyadeva started walking for Baroda to-day. I request you to postpone legislation pending his interview with His Highness.

ChandraSagar.

જુઓ પરિશિષ્ટ નં. ૪.

વડોદરા ૨-૩-૩૩

ન્યાયમંત્રી

અગાઉ તારથી જણાવ્યા મુજબ પૂજ્યપાદ આચાર્યદેવ મુંબઈથી પાદવિહાર કરી સુરત પધાર્યા છે, ને થોડી મુદતમાં તમારી તરફ (વડોદરા) દીક્ષા બાબતનો ખુલાસો કરવા આવે છે.

ચંદ્રસાગર ઠે. જૈન આનંદ પુસ્તકાલય
ગોપીપુરા-સુરત.

પરિશિષ્ટ નં. ૪

2-3-33
BARODA.

Nyaymantri,

In continuation to previous telegram form Bombay, Acharya Shree Sagranandsuriji reached Surat on foot arriving Baroda on foot, shortly, in connection with Diksha Pratibandh Bill.

Chandra Sagar.
C/o Jain Anand Pustakalaya,
Gopipura, SURAT.

જુઓ પરિશિષ્ટ નં. ૫

A ૧૩૩/૩૩

૩૨-૩૩

હજુર સેન્ટ્રલ ઓફીસ,
વડોદરા, ફેબ્રુઆરી ૧૯૩૩

તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૯૩૩ના તારના સંબંધમાં હીઝ હોલીનેસ ચંદ્રસાગરને જણાવવામાં આવે છે કે હીઝ એક્સેલેન્સી તા. ૨૦ મી માર્ચ ૧૯૩૩ ના રોજ ઓફીસમાં બપોરે બે વાગે ડેપ્યુટેશનને

મળવાની મહેરબાની કરશે.

કે. આર. અંજારીયા.
દીવાનના ચીફ આસીસ્ટન્ટને માટે.

ઉપરનો પત્ર નીચેના સરનામે વડોદરાથી રવાના કરવામાં આવ્યો હતો.

હીઝ હોલીનેસ ચંદ્રસાગર.
ભુલેશ્વર, લાલબાગ.
જૈન ઉપાશ્રય, મુંબાઇ.

પરિશિષ્ટ નં. ૫

No. 133/3

32-33
Huzur Central Office,
BARODA. February - 933.

Memo:-

With reference to the telegram dated 15th February 1933 His Holiness Chandrasagar is informed that His Excellency will be pleased to receive the deputation on 20th March 1933. at 2 p.m. in Office.

K. R. Anjaria.
For : Chief Assistant to the Ministers.

To,

His Holiness Chandra Sagar,
Bhuleshwar, Lalbag, Jain Upashrya,
BOMBAY.

જુઓ પરિશિષ્ટ નં. ૬

જૈન પ્રજા કમીટી મહેસાણા,

બદામીની સમાલોચનાની વેંચણી બંધ કરો, હકીકત રૂબરૂમાં સમજો.

આનંદસાગર.

પરિશિષ્ટ નં ૬

Jain Praja Committee,

Meshana.

Stop distributing samalochna of Badami, Explanation in presence.

Anand Sagar.

(લખી મોકલેલો પત્ર)

વડોદરા, ફા. વ. ૮ ૧૯ મી માર્ચ.

નેક નામદાર દિવાન સાહેબ, વડોદરા રાજ્ય.

ધર્મલાભ પૂર્વક જણાવવાનું કે તા. ૨૦મી માર્ચ સોમવારના રોજ બપોરે બે વાગે ખુલાસા માટે આગમોદ્ધારક પૂજ્યપાદ ગુરૂદેવ આચાર્ય મહારાજ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી આપની મુલાકાતે પધારશે. તેઓથી પ્રાકૃત-સંસ્કૃત-ગુજરાતી અને હિંદિ બોલી શકે છે. જો આપને તેની અનુકૂળતા હોય તો દ્વૈભાષિક લાવવાની જરૂર નહિ. અન્યથા તેને સાથે લાવવાને ગોઠવણ કરાય. સર્વને ધર્મલાભ તા સદર.

પ્રત્યુત્તર ઉપરના સરનામે જણાવશો.

લી. ચંદ્રસાગરના ધર્મલાભ.

જુઓ પરિશિષ્ટ નં. ૭

વડોદરા.

સાહેબ,

દીવાન સાહેબ, પોતાની ઓફીસમાં તમોને તા. ૨૦ મી માર્ચે મળવાને બદલે તા. ૨૧ મી માર્ચ ૧૯૩૩ મળશે.

તમારો

૧૯ મી માર્ચ ૧૯૩૩ કે. આર. અંજારીઆ.

BARODA

પરિશિષ્ટ નં. ૭

Sir,

H. E. The Dewan Saheb will see you on 21st March 1933 in office instead of on 20th March.

Yours truly,

K. R. Anjaria.

19th March 1933

છાયાપુરી, ફા. વ. ૧૦ ૨૧ મી માર્ચ.

શ્રીમાન્ દીવાન સાહેબ,

ધર્મલાભ સાથે જણાવવાનું કે પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ મુંબઈથી વિહાર કરી હમણાં થોડા દિવસથી અહીં પધાર્યા છે.

ચીટ્ઠીથી માલમ પડયું કે ગઈ કાલની તા. ૨૦મીને બદલે આજ તા. ૨૧ મીએ ખુલાસો સાંભળવા નિયત કર્યું છે, પણ આજ ત્યાં આવવામાં પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવને મુશ્કેલી છે; માટે તા. ૨૨ મી માર્ચ અથવા આપને અનુકૂળ તારીખ હોય ત્યારે આવવાનું રાખવામાં આવે.

સર્વને ધર્મલાભ.

લી. ચંદ્રસાગરના ધર્મલાભ.

છાયાપુરી ફાગણ વદ ૧૩, ૨૪ મી માર્ચ.
શ્રી સ્થળ વડોદરા.

શ્રીમાન દીવાન સાહેબ,

ધર્મલાભ સાથે જણાવવાનું કે આપે તા. ૨૦મીના બદલે તા. ૨૧મી માર્ચ આ૦ શ્રી નો ખુલાસો સાંભળવાનું રાખ્યું હતું પણ તે દિવસે પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવને આવવાની અનુકુલતા ન લાગવાથી તા. ૨૨ અગર બીજો કોઇ દિવસ મુકરર કરવાનું પત્રદ્વારા તા. ૨૧ મીએ જણાવેલ છતાં તારીખ મુકરર થઇ આવી નથી તે મુકરર કરી લખશો.

૧૩૩/૭
હુજૂર મધ્યવર્તી કચેરી,
વડોદરા તા. ૨૮-૩-૩૩

૨ા. ચંદ્રસાગર,

શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજને નેક નામદાર દિવાન સાહેબને મલવું છે તે બાબત તારીખ નક્કી કરી મોકલવા આપના તા. ૨૧મી માર્ચ ૧૯૩૩ના પત્ર સંબંધે જણાવવાનું કે બુધવાર તા. ૨૯-૩-૩૩ના રોજ બપોરે એક વાગે તેઓશ્રી નેક નામદાર દિવાન સાહેબને કચેરીમાં તેમની રૂમમા મળે.

લી. આપનો
કે. આર. અંજારીઆ.
મુખ્ય તંત્રી મદદનીશ વતી.

વડોદરા તા. ૨૯-૩-૩૩.

વ્હાલા સાહેબ,

આજે દીવાન સાહેબ ઓફીસે તદ્દન આવવાના નહિં હોવાથી, હું જણાવવાને દિલગીર છું કે આજે ડેપ્યુટેશનને દીવાન સાહેબ મલી શકશે નહિં. આવતી કાલે બપોરે એક વાગે ઓફીસમાં તેઓશ્રી ડેપ્યુટેશનની મુલાકાત લેશે. મોડું જણાવવાને માટે હું દીલગીર છું.

તમારો વિશ્વાસુ
કે. આર. અંજારીઆ.

BARODA
29/3

Dear Sir,

Regret to-day that it will not be convenient for H. E. Dewan Saheb to meet his deputations today as he is not Comming to office atall.

He will: however meet the deputation tomorrow at 1 P.M. in office.

I regret to have informe you late.

Yours truly,
K. R. Anjaria.

જુઓ પરિશિષ્ટ નં. ૮.

દીવાનની મુલાકાત પ્રસંગે પૂ. આગમોદ્ધારક દેવે રજુ કરેલા ૧૪ મુદ્દાઓ.

૧. જૈન દીક્ષા એટલે શું ?
૨. દીક્ષા એ તદ્દન ધાર્મિક પ્રશ્ન છે.
૩. ધાર્મિક બાબતમાં કાયદાની બિન દખલગીરી.
૪. દીક્ષા એ સર્વ રીતે ઉપકારી જ છે.
૫. જૈન સગીરોના સંસ્કાર અને વાતાવરણ.
૬. દીક્ષાને લગતી જૈન શાસ્ત્રની આજ્ઞાઓ.
૭. કાયદો સગીરને બિન સમજદાર માનતો નથી.
૮. વાલીના હકો.
૯. ભરણ પોષણનો પ્રશ્ન.
૧૦. સોળ વર્ષની ઉંમરનાને સ્વતંત્ર રીતે વર્તવાની સંપૂર્ણ છૂટ.
૧૧. કમીટીનો રિપોર્ટ.
૧૨. કરવા ધારેલા દીક્ષાના કાયદાની ખરાબ અસરો.
૧૩. જ્ઞાન કરતાં ચારિત્રની ઉત્તમતા.
૧૪. કયા સંયોગોમાં દીક્ષાનો ખરડો અસ્તિત્વમાં આવ્યો.

POINTS FOR DISCUSSION.

પરિશિષ્ટ નં. ૯

(1) What is Jain Dixa.
(2) Dixa is absolutely a religious question.
(3) Non-interfernce of Law in religion.
(4) Dixa is universally beneficial.
(5) Enviromants and sankaras of Jain minors.
(6) Commands of holy Jain Sastras regarding Dixa.
(7) Law does not accept non-existance of understanding in minors
(8) Rights of guardians.
(9) Rights of maintence.

(10) Rights of full freedom of action as regards adults overaixteen.

(11) Repsot of Committee.

(12) Evil effects of proposed Dixa Legislation.

(13) Superiority of character over knowledge.

(14) Circumstances under which Dixa Bill come into existance.

નોંધ:- મુલાકાતને દિવસે ત્રીસ પાંત્રીસ સ્થાન પરના સંભાવિત ગૃહસ્થો પર તાર કરેલા તે પૈકી ઘણાઓએ હાજરી આપી હતી. હાજરી નહિ આપનારાઓએ તારથી સંમતિ અને ગેરહાજરી માટે દિલગીરી જણાવી હતી. તારથી વિગતવાર સંમતિ તથા સુચના અને ગેરહાજરીથી દિલગીરી બતાવનાર પૈકી એક રાજનગરના નગરશેઠ કસ્તુરભાઈ મણીભાઈ પ્રેમાભાઈ નીચે મુજબ પૂજ્યપાદશ્રીને લખી જણાવે છે કે,

જુઓ પરિશિષ્ટ નં. ૧૦.

દીલગીર છું આવી શકતો નથી. નીચેના મુદ્દાઓ ભારપૂર્વક સમજાવો.

૧ ચાલુ કાયદો મનુષ્ય સ્વભાવથી વિરૂદ્ધ કોઈપણ ધાર્મિક કૃત્ય અટકાવવા માટે તદ્દન સંપૂર્ણ છે.

૨ ધાર્મિક વિષયોમાં સારી સરકારવાળા રાજ્યને વચ્ચે આવવું ઈચ્છવા જોગ નથી.

૩ કોમી ધાર્મિક ઝઘડામાં રાજ્યે વચ્ચે આવવું અયોગ્ય છે.

૪ ધર્મ એ માન્યતાની વસ્તુ છે અને એક સુધરેલા રાજ્યે ધર્મની બાબતોમાં દરજ પાડનારા કાયદા પસાર કરવા યોગ્ય નથી.

૫ ધાર્મિક કેળવણી, ધાર્મિક જીવન અને ધાર્મિક લાગણીઓ સામાજીક કેળવણી, જીવન અને લાગણીઓ કરતાં હંમેશા ચઢીયાતા છે.

નગરશેઠ કસ્તુરભાઈ.

પરિશિષ્ટ નં. ૧૦

AHMEDABAD
30-3-33

To,

Shree Sagaranandsuriji
C/o Jain Upasray, Kothipole,
BARODA.

Sorry cannot come stress these points.

(1) The present law is quite sufficent against any religious action of an inhuman nature.

(2) Interference in religious matters by a well governed state is not desirable.

(3) It is unworthy of a state to interfere in a communial religious dispute.

(4) Religion is a matter of belief and it is not befitting and enlightened state to pass laws enforcing matters of religion.

(5) Religious education religious life and religious tendencies are always superior to secular education life and tendencies.

Nagersheth Kasturbhai.

શ્રીમંત સરકાર સંયાજીરાવ ગાયકવાડ બરોડા સ્ટેટ મહાબળેશ્વર,

ધર્મલાભ સં. દીક્ષા નિયામક નિબંધ અનર્થકારક, ધર્મને વ્યાઘાત કરનારો, વાલીના વ્યાજબી હક્કો પડાવી લેનાર, અને દીક્ષામાંથી પાછા જનારના હક્કો ચાલુ છે એમ જૈનસમાજ માને છે અને હક્કો આપે છે છતાં તે સત્યને ના કબુલ કરે છે.

મુસદ્દામાં સગીર દીક્ષાની પદ્ધતી શોચનીય હોઇ બંધ કરવા પાત્ર છે એમ આપ શ્રીમંતને જણાયાનું જાહેર કર્યું છે.

દીવાન સાહેબની સાથે વિચારોની આપ લે ચાલુ છે છતાં આપનો વિચારજ કાયદો કરવાનો છે તેથી ખુદ આપની રૂબરૂ ખુલાસો કરવાની જરૂર હતી, અમારા ગુરૂદેવ પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીએ શિષ્યમંડળ સાથે મુંબઈથી આ તરફ પાદવિહાર કર્યો, અને તારથી આપ શ્રીમંતની મુલાકાતની માંગણી કરી.

વળી આપ શ્રીમંતે ચાણશમા, જગુદન અને અમદાવાદ પણ જૈનાચાર્યો અને જૈન સાધુઓને સાંભળવાનું જાહેર કરેલું છતાં આપની સ્વારી રૂબરૂ ખુલાસો સાંભળ્યા સિવાય અહીંથી રવાના થઈ છે.

આ સંજોગોમાં ધારાસભામાં મુસદ્દો ન્યાયમંત્રી તરફથી રજુ થવાનો છે તે ભયંકર અન્યાય છે.

આપ શ્રીમંતનો મુસદ્દામાં જાહેર થયેલો બાળદિક્ષા વિરૂદ્ધનો અભિપ્રાય ખેંચી લેવાય નહીં ત્યાં સુધી ધારાસભાના સભાસદો નિબંધના તરફેણમાં જ મત આપવા પ્રેરાય એ સ્વાભાવિક છે, અને તેથી અમોને ન્યાય મળી શકેજ નહીં.

આપ શ્રીમંતની રૂબરૂ ખુલાસો થાય અને આપનો અભિપ્રાય પાછો ખેંચી લેવાય નહીં ત્યાં સુધી ખરડો ધારાસભામાં રજુ થવો જોઇએ જ નહીં.

ચંદ્રસાગર.

Shrimant Sarkar Sayajirao Gaikwad of Baroda.
MAHAEBLESHWAR.

Dharmlabh, Sanyas Dixa Niyamak bill is harmful cutting root of Jain religion and interfering the guardians rights. Jain community believes and maintains rights over property of those who return from Sanyasta. This truth is ignored by the bill. The preamble declares that your Highness is

of opinion that initiation of minors is deplorable.

Negotiations with his Excellency is going on, but your Highness' view is to pass an act and so submission of our views to your Highness was quite necessary and hence our Revered Acharya Agmodharak Sagranand Surishwarji with his disciples left Bombay on foot for Baroda for this very purpose at telegraphed to your Highness seeking personal interview.

Your highness declared to grant an interview to Jain Acharyas and Sadhus at Chanasma, Jagudan & Ahmedabad at the request of Jain people, but we find your Highness has left Baroda without granting such a interview. It is sheer injustice that the bill should be put in Dharasabha under these circumstances by Nyayamantri.

Unless your Highness withdraws opinion against minor's initiation notified in the draft, members of the Assembly would naturally vote in favour of the act and so we have no chance of getting impartial opinion.

Bill should not be placed before Assembly until interview is granted as well your Highness' opinion is withdrawm,

Chandrasagar.

છાયાપુરી જૈન ઉપાશ્રય, ચંદ્રસાગર વદ.

નકલ

શ્રીમાન્ ન્યાયમંત્રી સાહેબ,

ધર્મલાભ સાથે જણાવવાનું કે સમિતિએ કરેલા રીપોર્ટ ઉપર તમે તથા તમારી ધારાસભા આધાર રાખે તે સ્વાભાવિક છે, ને તેથી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજીને ચોક્કસ શંકા રહે છે કે તમો તથા તમારી ધારાસભા તે ઉપર આધાર રાખીને અવળે રસ્તે દોરાશો. તેમાં લખેલી હકીકતમાંનો ઘણો ભાગ આધાર રાખવા લાયક નથી અને તેનાં કારણો નીચે મુજબ છે.

૧. કેટલીક શાસ્ત્રીય હકીકતો અધિકાર સમજ્યા વગર રીપોર્ટમાં નાંખી છે.

૨. કેટલીક હકીકત પ્રકરણના એક ભાગને જ માત્ર ઉપલકથી પકડીને આખું પ્રકરણ તપાસ્યા વિના આપી છે.

૩. કેટલાંક દૃષ્ટાંતો હકીકતથી વિરુદ્ધ સગીર દીક્ષા ન થયામાં આપ્યા છે.

૪. કેટલાક દૃષ્ટાંતો હકીકતથી વિરુદ્ધ સગીર દીક્ષામાં આપ્યાં છે.

૫. વડી ધારાસભાના ખરડાનો અભિપ્રાય વિરૂદ્ધ જણાવ્યો છે.

૬. મનુષ્ય હરણના કાયદાની અપૂર્ણતા જણાવી છે.

૭. શ્રાવક સંઘ અનાચારને ચલાવી લે છે એવું જે જણાવ્યું છે તે ખોટું છે.

૮. મતભેદથી વચમાં પડી કાયદો કરવાની જરૂર ગણી છે તે.

૯. કૌટિલ્યનું સૂત્ર સપરિગ્રહ પાખંડી માટે છતાં નિશ્ચિતને લગાડવા માગ્યું છે.

૧૦. મૂળ મુસદ્દાના મુદ્દાથી બહાર જઈને તે લખ્યો છે.

૧૧. ચાલુ કાયદાને ઠોકરે મારેલો છે.

૧૨. જૈન કુલના પરિચય જાણ્યા વિના તેનો સિદ્ધાંત કરે છે.

૧૩. સર્વધર્મદ માન્ય દીક્ષા કે સંન્યાસ વખતનો સાંસારિક કાર્યક્રમ જાણ્યા વિના તે લખ્યો છે.

૧૪. ધર્મને સમાજનો ખ્યાલ કર્યા વિના તે લખ્યો છે.

આ વિગેરે વિરુદ્ધ બાબતોનું સ્પષ્ટીકરણથી આપને અને ધારાસભાને જાણવા માટે જણાવવું ઉચિત છે કે શ્રીમાન્ દિવાન સાહેબને જણાવવું ઉચીત છે ?

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવે તા. ૩૦-૩-૩૩ના રોજ ધારાસભાના હોલમાં મુલાકાત લતાં તેઓશ્રી તરફથી શ્રીમાન્ દિવાન સભા ૧૪ મુદ્દા રજુ કરવામાં આવ્યા ને તેને લગતા કેટલાક મુદ્દા ઉપર અગત્યની ચર્ચા થઈ એટલે તેઓશ્રીએ (શ્રીમાન્ દિવાન સાહેબે) ૧૪ મુદ્દા ઉપર સવિસ્તૃત લખાણ મોકલવા સૂચવ્યું છે. તેથી ઉપરની બિના તેઓશ્રી ઉપર લખી મોકલવી કે તમારા ઉપર લખી મોકલવી ? શ્રીમાન્ દિવાન સાહેબે ટુંક દિવસમાં તે સ્પષ્ટીકરણ મોકલવા જણાવેલું હોવાથી આ બાબત જલ્દીથી ખુલાસો થવો જરૂરી છે. એજ દા. પોતે.

તા. ક:-આ સિવાય ચૌદ મુદ્દા પર લંબાણથી લખી મોકલવા જણાવેલ તે લખી મોકલ્યું છે અને વાંચકવૃંદ માટે અગાઉ અંકમાં પ્રગટ કરેલ છે. ન્યાય તોલવો હોય તો લખાણ માંગે તેવી રીતે વાંચે વિચાર અને ન્યાય આપે પણ વાંચ્યા વિચાર્યા વગર જો હુકમી કરવી હોય ત્યાં નિરૂપાય છીએ. આ સિવાય દીક્ષા નિયામક નામધારી સમિતિએ કરેલ રીપોર્ટ કેવી રીતે ઉંધે માર્ગે દોરનાર છે તેની સમાલોચના પૂ. આગમોદ્ધારક દેવે કરેલી છે તે પણ પ્રસંગે જાહેર સમાજના લાભ માટે ટૂંક મુદતમાં પ્રગટ કરાવાશે.....તંત્રી.

ચંદ્રસાગર છાયાપુરી જૈન ઉપાશ્રય ચૈત્ર સુદ ૧૩

શ્રીમાન્ દિવાન સાહેબ,

શ્રી સ્થલ વડોદરા.

ધર્મલાભ પૂર્વક જણાવવાનું કે આપને આપેલા ચૌદ મુદ્દા ઉપર અમારા પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવે લખાણ લખવું શરૂ કરેલ છે. વાલીના હક્કો, દીક્ષાની ધાર્મિકતા અને બાલદીક્ષાની યોગ્યતા એ ત્રણ બાબતો ઉપર (૪૭) સુડતાલીસ પેરેગ્રાફ લખાયા છે, બાકીના મુદ્દાને અનુસરતું લખાણ ચાલુ છે, તો લખાણ મોકલતા દિવસો વધારે થશે. આઠ દિવસથી વધુ દિવસ થવા વકી હોવાથી આ ચૂકતા મોકલી છે, દા. પોતે.

તા. ક:-આ સંબંધમાં ઉપયોગી આગમ સાહિત્ય વાંચકની જાણ માટે ટુંક મુદતમાં અપાશે. તંત્રી.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્ત્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક-આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૪૧૩- પુરૂષાર્થ માત્ર સેવનીય ખરો કે નહિ ?

સમાધાન- નહિ, કારણ કે ઇચ્છા માત્ર સેવન કરવી, વા ઇચ્છાને આધીન થવું જ જોઇએ એવો સિદ્ધાંત કોઇ પણ મતાનુયાયી સ્વીકારી શકતો નથી. અર્થાત્ વર્ગીકરણ કરેલ વસ્તુઓ સ્વિકારરૂપ નથી. જેમ કષાયની અપેક્ષાએ વર્ગીકરણમાં ચાર પ્રકારના જીવો. જગતમાં ચાર કષાયવાળા જીવો છે. વિગેરે

પ્રશ્ન ૪૧૪- પુરૂષાર્થ ચેકડી બેને સેવવાં અને બેને તજવાં અર્થાત્ મનગમતાં લેવાં અને અણગમતાંને ધકેલવાં એ શું તમારો સિદ્ધાંત છે ?

સમાધાન- ના, દરેક દરેક પુરૂષાર્થમાં કેટલો લાભ કેટલી હાનિ છે તે વિવેક પુરસ્સર તપાસવા. બુદ્ધિપૂર્વક વિચારશો તો માલમ પડશે કે બેને સેવવાં તે ઇષ્ટ છે અને બેનાં તો સ્વપ્નાં પણ ન સેવવાં તેજ હિતાવહ છે.

પ્રશ્ન ૪૧૫- ચારમાં સેવવાં લાયક કયાં ?

સમાધાન- ધર્મ અને મોક્ષ.

પ્રશ્ન ૪૧૬- એ ચારે પુરૂષાર્થનું વાસ્તવિક સ્વરૂપ શું ?

સમાધાન- બાહ્યસુખના સાધન તેનું નામ અર્થ, બાહ્ય સુખનો ભોગવટો તેનું નામ કામ, વાસ્તવિક સુખનાં સાધન તેનું નામ ધર્મ, અને વાસ્તવિક સુખનો ભોગવટો તેનું નામ-મોક્ષ. ઉપરના ચારે વર્ગને અનુસરતી ઇચ્છા તેનું નામ પુરુષાર્થ જેમકે-અર્થ પુરુષાર્થ વિગેરે.

પ્રશ્ન ૪૧૭- "નહિ સેવવાલાયકનાં સ્વપ્નાં પણ સેવવાં નહિ" એ જે તમે વારંવાર કહો છો તો શું તે સંબંધીના સ્વપ્ન સેવવામાં અને ઇચ્છા કરવામાં પણ કર્મબંધ થાય છે ?

સમાધાન- હા, નહિ સેવવા લાયક એવા અર્થ-અને કામ એ પુરૂષાર્થ એવાં છે કે સાધન અને સાધન દ્વારાએ થતો ઉપભોગ બાજુએ રાખીએ તોપણ સાધન મેળવવાની ઇચ્છા પણ એવી જબરદસ્તી છે કે આત્માને ડુબાડનાર છે. જેને માટે બ્રહ્મદત્ત ચક્રવર્તીના પૂર્વભવની ચર્યાનું

અવલોકન કરશો તો માલમ પડશે કે તે ભવમાં તેણે માસક્ષમણની તપસ્યા કરેલી છે, ચક્રવર્તીની સ્ત્રી વંદન કરવા આવેલી છે, એ તપસ્યા વેચીને સ્ત્રીરત્ન મેળવવાની મન=કામના નિયાણું કરાવી સાતમી નરકની સામગ્રી ભેગી કરાવી આપે છે. નથી તો તે ભવમાં સ્ત્રીરત્ન મળ્યું, કે નથી તો તે ભવમાં સ્ત્રીરત્નનો ભોગવટો કર્યો!!! ખરેખર ! અર્થ કામની સાંકળમાં સંકળાયલો જ સડે છે, એટલું જ નહિ પણ તે સાંકળમાં માની લીધેલા સુખની ઈચ્છા કરવી તે પણ આત્માર્થીઓ માટે અત્યુત્કટ ભયંકર છે!!!

પ્રશ્ન ૪૧૮- મોક્ષનું સ્વરૂપ એકસરખું છે છતાં સિદ્ધનાં પંદર ભેદ કેમ ?

સમાધાન- મોક્ષ પામવાની તૈયારી અગર પામતી વખતની દશામાં આ જીવ કઈ સ્થિતિમાં હતો તેની ઝાંખી માટે પંદર વેદનું વિધાન છે. વસ્તુતઃ તે પંદર ભેદ પૈકી એકજ ભેદમાં એટલી બધી વિશિષ્ટતા દર્શાવી છે કે જેમાં સમગ્ર જૈન શાસનની પારમાર્થિકતા સમજાઈ જાય છે. પંદર ભેદમાં એક સ્વલીંગ ભેદ છે. સ્વ એટલે શું ? સ્વ એટલે પોતાનું. અર્થાત્ આત્માનું વાસ્તવિકલીંગ=પ્રભુમાર્ગમાં યથાસ્થિત વર્ણવેલી પ્રવજ્યા ગ્રહણ કરવી તે.

પ્રશ્ન ૪૧૯- પ્રભુ પૂજનમાં પ્રક્ષાલન માટે કાચું પાણી વપરાય છે. તેને બદલે ઉકાળેલું પાણી કેમ વપરાય છે ?

સમાધાન- શ્રી તીર્થંકર મહારાજના જન્માભિષેક વખતે યોજનો પ્રમાણના કરોડો કલશોથી કરેલો અભિષેક સચિત્ત પાણીનો હતો ને દીક્ષા અભિષેક વખતે પણ તેવો જ અભિષેક કરવા માટે શ્રી જિનપૂજામાં અચિત્ત જલ વપરાતું નથી. તેમજ અચિત્ત જલનો અભિષેક કરવાથી સમગ્રની વિરાધના થાય અને સચિત્ત જલથી અભિષેક કરતાં કેટલાકની વિરાધના ન પણ થાય.

જેઓને સચિત્તને અડવાનો નિયમ હોય તેને સચિત્તની અભિષેક કરવાનો હોતો નથી.

પ્રશ્ન ૪૨૦- હરકોઈ વસ્તુ સંબંધી અભિપ્રાય આપવાનો હક કોને હોય ?

સમાધાન- વસ્તુ સ્વરૂપના જ્ઞાન વગર અભિપ્રાય આપવો તે અભિપ્રાય નથી પણ લવારો છે. હમણા થોડા વખત પરની તમને ખબર હશે કે ઇંગ્લિશ ભાષાના અણજાણ એવા એક જુરરે હા ભણવા માત્રથી કેટલું નુકશાન વેઠયું હતું.

પ્રશ્ન ૪૨૧- છ માસની પરીક્ષા શાસ્ત્રમાં છે એ વાત ખરી છે ?

સમાધાન- હા, પણ એ પરીક્ષા હરેક આત્માને માટે નથી.

પ્રશ્ન ૪૨૨- સાધુની પરીક્ષા કરવાનું કામ શ્રાવકો કરે કે નહિ ?

સમાધાન- બાળવર્ગનો વિદ્યાર્થી સાતમી ચોપડીવાળાની પરીક્ષા કરી શકતો નથી.

પ્રશ્ન ૪૨૩- પૂર્વકાળમાં સાધુઓ જંગલમાં રહેતા હતા એ વાત સાચી છે ?

સમાધાન- જગતવંદ્ય તીર્થંકરો જંગલમાં રહેતા જ નહોતા, તેમજ તે દેવાધિદેવો વસતીમાં રહ્યા છે તેની સાક્ષી અનેક સ્થળોએ આગમમાં છે જેમ જયંતિ શ્રાવિકા શય્યાતરી હતી.

પ્રશ્ન ૪૨૪- સ્વરૂપ સમજ્યા વગર હા ભણે તો વાંધો શો ?

સમાધાન- સ્વરૂપનો અજાણ સોનાને પિત્તળ કહે પિત્તળને સોનું કહે તો વાંધો શો ? અર્થાત્ વાંધો છે.

પ્રશ્ન ૪૨૫- સ્વરૂપ સમજ્યા વગર જ્ઞાની ઉપર વિશ્વાસ રાખવો તે શું ઉચીત નથી ?

સમાધાન- જે જ્ઞાની ઉપર વિશ્વાસ રાખીએ તે સ્વરૂપ સમજે છે એવો નિર્ધાર હોવાથી તે જ્ઞાની ઉપર વિશ્વાસ રાખવામાં લવલેશ વાંધો નથી. જેમ જગમશહૂર ચાર્ટર બેંક સો ટચ સોના ઉપર જ પોતાની છાપ મારે છે.

પ્રશ્ન ૪૨૬- દેવવંદન માળામાં ચૈત્રીના દેવવંદનમાં શ્રી જ્ઞાનવિમલસૂરિજી "દશ વીસ ત્રીસ ચાલીસ પસાસ." આ પ્રમાણે પાંચ જોડામાં પાંચવાર ચડતા ચડતા લાવ્યા છે તો તે કોઇ શાસ્ત્રમાં છે કે પોતાની ઈચ્છાનુસાર છે ?

સમાધાન- તે બિના શ્રી શત્રુજય કલ્પમાં છે.

પ્રશ્ન ૪૨૭- કૃષ્ણ મહારાજ ક્ષાયક સમ્યકૃત્વના માલિક હોવા છતાં બલભદ્રને અહીં મોકલી મિથ્યાત્વની વૃદ્ધિ કેમ કરાવી ? ક્ષાયક સમકિતી મિથ્યાત્વની વૃદ્ધિ કરાવે ખરા ?

સમાધાન- દેખાવ માટે એટલે નરક સંબંધી પીડા વગેરે દેખીને શત્રુઓ રાજી થતા હતા તેથી શત્રુઓને અંગે બલભદ્ર પાસે મિથ્યાત્વીની વૃદ્ધિ, કરાવી હતી.

પ્રશ્ન ૪૨૮- વંદન લેતાં બીજી વાર આવસ્સહીઆએ નહિ બોલવું તેનું કારણ શું ? આવસ્સહીઆએ એનો અર્થ તો વંદારૂ = વૃત્તિમાં અવશ્યકાર્ય, વિ.જે. ક્રિયા તે હેતુ વડે આસેવાના ઈત્યાદિક છે તો તે બીજી વાર વાંદણામાં આવસ્સહીઆએ કહેવામાં શી હરકત છે ?

સમાધાન- કારણ પુરસ્સર નીકળવાનું હોવાથી, અને બીજી વખત અવગ્રહમાં રહેવાનું હોવાથી આવસ્સીહાએ પદ ન કહેવાનું ફરમાન ઉચીત જ છે.

પ્રશ્ન ૪૨૯- ચોલપટ્ટા આગરણ એમ જે બતાવ્યું છે તો ગૃહસ્થ આવે તો ચોલપટ્ટો ઉભો થઈને પણ લે તે પચ્ચખ્ખાણ ન ભાંગે એ અર્થ પ્રમાણે મુનિઓ આહાર કરતાં નગ્ન રહેતા હશે કે કેમ ? અથવા ચોલપટ્ટા આગાર કયા ઉપયોગમાં લેવો ?

સમાધાન- અપ્રાવરણના અભિગ્રહવાળા માટે આ "ચોલપટ્ટા આગાર" ઉપયોગમાં લેવાનો છે.

પ્રશ્ન ૪૩૦- ઉપવાસના પચ્ચખ્ખાણમાં સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠ અને એકાસણાદિમાં ઉગ્ગએ સૂરે એ બેમાં ફેરશો ?

સમાધાન- સૂર્ય-ઉદય પહેલાં જે પચ્ચખ્ખાણ ધારી શકાય તેમાં "ઉગ્ગએ સૂરે" અને સૂર્ય ઉદય પછી પણ ધારી શકાય તેમાં "સૂરે ઉગ્ગએ" કહેવાય છે.

પ્રશ્ન ૪૩૧- દિવસના પૌષધમાં ઓછામાં ઓછું પચ્ચખ્ખાણ એકાસણું કરવાની પ્રવૃત્તિ છે છતાં કદાચ કોઇ બેસણું કરે તો તેનાથી પૌષધ થાય કે નહિ ?

સમાધાન- તેને (તપસ્યા) લીધે જો પૌષધ રોકાય તો જ કરાવાય છે.

પ્રશ્ન ૪૩૨- સાંજે પૌષધ કરનારને ઓછામાં ઓછું એકાસણું જોઇએ કે બેસણું, અગર છુટો હોય અને પૌષધ કરે તો પણ ચાલે ? શાસ્ત્રમર્યાદા શી છે ?

સમાધાન- છુટો ન હોવો જોઈએ એવી શાસ્ત્ર મર્યાદા છે.

પ્રશ્ન ૪૩૩- સામાયિક લીધા પછી બે ઘડી બેસવું પડે છે પરંતુ કદાચ કોઈને બે કલાક બેસવું હોય ને એકજ સામાયિકથી જ ચલાવવું હોય તો ચાલી શકે કે નહિ ?

સમાધાન- ચાલી શકે અને કરેમિભંતેમાં "જાવ સાહુ"નો પાઠ અંગીકાર કરે.

પ્રશ્ન ૪૩૪- ધારણા વગર ત્રણ કલાક બેસી રહે તો ચાલી શકે ?

સમાધાન- ના; પાપમય કાર્ય પરિહરવાની અને રત્નત્રયી આરાધવાની પ્રતિજ્ઞા તો થવી જ જોઈએ.

પ્રશ્ન ૪૩૫- પોસહ લીધા પછી સામાયિક શા માટે ઉચ્ચરાવાય છે ?

સમાધાન- સામાયિકના લાભથી વંચિત ન રહે તે માટે.

પ્રશ્ન ૪૩૬- પોસહમાં તમામ પાપકાર્ય બંધ થાય છે છતાં સામાયિક ઉચ્ચરવાની જરૂર શી ?

સમાધાન- એક જ અનુષ્ઠાનમાં બે વ્રતની સાથે આરાધના કરવાની જોગવાઇ શાસ્ત્રકારે રાખી છે.

પ્રશ્ન ૪૩૭- દ્વારિકાનો દાહ કરનાર દ્વિપાયન ઋષિ ઓગણીસમો તીર્થંકર સમજવો કે કેમ ? તીર્થંકર થવાના હોય તે પણ શું આવું પાપ કરે કે કેમ ?

સમાધાન- તીર્થંકર થવાના છે તે ઉપર્યુક્ત દ્વિપાયન નહિ પણ બીજા દ્વિપાયન છે, પ્રાતઃ તીર્થંકરો તેવા પાપ કરવાવાળા હોતા નથી.

પ્રશ્ન ૪૩૮- આવતી ચોવીશીમાં શ્રી આણંદ શ્રાવકનો જીવ આઠમા પેઢાલ તીર્થંકરે થશે એવું જે લખ્યું છે તે આણદાંદિ દશ શ્રાવકો તો દેવલોકમાં ચાર પલ્યોપમનું આયુષ્ય પૂરું કરી મહાવિદેહમાં અવતરી દિક્ષા લઇ મોક્ષે જશે એમ જણાવ્યું છે તો પછી તીર્થંકર થશે તે આણંદ કયા ?

સમાધાન- દશ શ્રાવક પૈકીના આણંદ શ્રાવક તીર્થંકર થવાના નથી.

પ્રશ્ન ૪૩૯- દેવના મનુષ્યની સ્ત્રી સાથ સંજોગ કરી ઔદારિક પુદ્ગલો પરિણમાવી. ગર્ભ ઉત્પન્ન કરી શકે કે કેમ ?

સમાધાન- ઔદારિક પુદ્ગલો લઇ તે કાર્ય કરવાની તાકાત તે દેવોમાં છે.

પ્રશ્ન ૪૪૦- વાસુદેવની બોંતેર હજાર સ્ત્રીઓ અને સુબાહુ કુમારને પાંચસો સ્ત્રીઓનો ભોગવટો કરનાર તે પુરુષો તમામ વૈક્રિય લબ્ધીવાળા પ્રાયઃ નહોતા તો પછી તમામ સ્ત્રીઓ પાસે કેવી રીતે જઇ શકે ? વાસુદેવ માટે તો ભારે ? આશ્ચર્ય છે તેનું કેમ.

સમાધાન- ઉપરની બિનામાં વાસુદેવ નહિં પણ વસુદેવ છે; તપથી જેમ લબ્ધિ થાય છે તેમ તપથી શક્તિ થાય તો આશ્ચર્ય શું ?

જીવનને જીવી જાણનારા !!!

નાગરિકો વગરનું સર્વ સમૃદ્ધિથી ભરપુર નગર તે નગર નથી પણ સૂનું શ્મશાન અગર ભયંકર વેરાન છે, જીવ વગરનું સુંદર લાવણ્યમય સર્વ ઈંદ્રિયોથી સંપૂર્ણ શરીર તે મનુષ્ય ? ના, ના, મનુષ્ય નહિ પણ મશાણમાં જવા લાયક મડદું, પર્વત પરથી નીકળતો નિરંકુશ પાણીનો પ્રવાહ ગામ, નગર, મહેલ, મનુષ્ય વિગેરેને જમીનદોસ્ત કરનાર તે જીવન પ્રવાહ નહિ પણ પ્રચંડ પ્રલયકાળ છે, તેવી રીતે આત્મિક શારીરિક અને આર્થિક શક્તિનો વ્યય કરીને વધારેલો અને વર્તમાનમાં વૃદ્ધિ પામતો વિદ્યાભ્યાસ વિવેક અને વિશુદ્ધ વર્તનથી વિમુખ રહેલો હોય તો તે વાસ્તવિક વિદ્યાભ્યાસ નથી પણ વગર નોંતરેલો વિનાશકાળ છે !!!

જગત્પ્રસિદ્ધી પામેલ વિવિધ વિદ્યાઓ, વિશાળ વિજ્ઞાનો અને કોડો કળાઓનું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થયું બલ્કે અપ્રસિદ્ધ એવા યંત્ર મંત્ર અને તંત્રના અનેકવિધ પ્રયોગોના તીક્ષ્ણ જ્ઞાનમાં નિષ્ણાત થયેલ વિવેક અને વર્તનથી વિમુખ થયેલા કેળવાયેલા કુનેહબાજો પણ ડગલે અને પગલે પરાજયની પરંપરા પામ્યા, પામે છે અને પામશે તે સર્વને અનુભવ ગમ્ય છે.

જે સુખની પાછળ દુઃખ ડોકીયા કરે-તે-સુખ નહી પણ દુઃખ, જે યશની પાછળ અપ-યશ આંટા મારે-એ-યશ નહી પણ અપયશ, જે ઉદયની પાછળ અસ્તની અણધારી આફતો ઉભરાય તે એ ઉદય નહિ પણ અસ્ત, તેવી જ રીતે જે વિજયની પાછળ વગર વિલંબે પરાજયનાં પનોતાં પગલાં પધારે એ વિજય નહી પણ પરાજય, માટે વસ્તુતઃ વિજય વરમાળને વરેલા વિદ્યાભ્યાસીઓએ વિતરાગ પ્રણિત વિવેકી વર્તનની પ્રાથમિક પ્રાપ્તિથી પરિસમાપ્તિ સુધી તદનુસાર પરિશીલન અને સંરક્ષણ કઈ હદમાં મુકવા જોઈએ; કે જે પ્રભુમાર્ગ પ્રણિત વિવેક અને વર્તનદ્વારાએ વિજયની વિવિધ પરંપરાઓને પ્રાપ્ત કરી સર્વદા સર્વત્ર સ્થાને અસ્ખલિતપણે વિજયના વધામણાંથી વશીકરણ કરે.

વિશુદ્ધ વિદ્વાન વસુધાને વિવેક વાયરાથી વાસિત થયેલું અને વિશુદ્ધ વર્ત્તનના વારિ પ્રવાહથી વિમળ થયેલા જીવનને જીવી જાણનારા પુણ્યાત્માઓની આજે પ્રભુ શાસનના સમર્થ સંચાલકો સુવર્ણાક્ષરે નોંધ લેશે.

ચંદ્રસા.

સમાલોચના

નોંધઃ-દૈનિક સાપ્તાહિક, પાક્ષિક, માસિક પત્રો તથા ટપાલ વિગેરે દ્વારા આ ચાલુ પાક્ષિક ને અંગે કરેલ પ્રશ્નો, આક્ષેપો, અને જિજ્ઞાસાના સમાધાનો અત્રે છે.

તમારા પ્રશ્નનો જવાબ નીચે મુજબ છે.

૧ શ્રી ઉત્તરાધ્યયનના ૨૩ માં અધ્યયનમાં જ વેષની વાતમાં બન્ને પક્ષકારોએ મહત્તા સ્વીકારી છે, અને તેઓમાં અચેલક ચેલકપણાનો જ માત્ર વિવાદ હતો; અર્થાત્ સમ્યગ્દર્શનાદિ અને મોક્ષ કહેનારાઓએ જ મોક્ષનો રાજમાર્ગ સમ્યગ્ દર્શનાદિ સાથેનો સાધુવેષ જ માનેલ છે એ વાત વિચારવાથી વેષની વાતમાં તમોને થતી વિડંબના શમી જશે.

૨ તમને ખબર નહિ હોય કે ગૃહસ્થ અન અન્ય લિંગવાળાને જે મોક્ષ ગણ્યો છે તે આકસ્મિક સંયોગ, વર્તન વિચારમાં આસ્માન જમીનનું અંતર, એ બેને આભારી હોવા સાથે માત્ર ટુંક સમયને માટે ન હોઈ તેમજ વધુ ટાઈમ થાય તો સાધુવેષ લેવો પડે એવું દરેક જૈન શાસ્ત્રકારોએ મુખ્યમાર્ગે સંસાર ત્યાગવાળા સાધુલિંગથી મોક્ષ માન્યો છે.

૩. મોક્ષ પ્રાપ્તિની સાથે ઉચ્ચતર સદ્ગતિને પ્રાપ્ત કરવાનો અધિકાર પણ ગુણસંપન્ન એવા સાધુવેષવાળાઓએ હસ્તગત કર્યો છે.

૪ એટલું તો તમારે જરૂર માનવું પડશે કે ગૃહસ્થનું જીવન અને ગૃહસ્થનો વેષ સાચી સાધુતાને પૂરેપૂરો બાધક છે. કદાચ તેમ માનવા ન દોરાઈએ તો પણ તે સાધુતાના સાધકો તો નથી જ. જ્યારે સાધુપણાનો વેષ સાચી સાધુતાને કાંઈપણ અંશે બાધક ન થતાં સંપૂર્ણ રીતે સાધક જ છે અને જો એમ છે તો પછી સાધુતાના અર્થિને સાધુવેષ જરૂર લેવાલાયક છે એમ કહેવામાં જ ડહાપણ છે.

૫ તમારું આ સ્થાને એ હકીકત ઉપર ધ્યાન ખેંચવું જરૂરી છે કે ભગવાન મહાવીરે અઠ્ઠાવીસ વર્ષ થયા પછી બે વર્ષ ત્યાગ કર્યા વિના ઊંચી ભાવના અને ઉચ્ચ વર્તન રાખ્યું છતાં શાસ્ત્રકારોએ તે વર્ષો સાધુપણાના હિસાબમાં ન ગણ્યાં. કુદરતથી સાધુપણાની સાથે થનાર મનઃપર્યાય જ્ઞાન પણ ન જ થયું. એ વાત જો તમે સમજ્યા હોત તો સાધુતાના ચિહ્નરૂપ સાધુના વેષ કે તેના ત્યાગ અને જ્ઞાનની કિંમત બરોબર જ કરત.

૬ શાસનપ્રેમી લોકોને સત્યની પ્રીતિને ગવેષણા છે તેનો હજારમો ભાગ પણ સુધારકના નામ સગવડીઓ પંથ સાચવી શાસન અને તેના સેવકોને ખોટી અને અધમ રીતે અસભ્યતા અને અસત્ય રસ્તે સતાવનારાઓમાં જણાવ્યો નથી, જણાતો નથી અને જણાવવાનો સંભવ પણ નથી. જો આ વાત ખોટી કરવા તમે સુધારકોના અત્યાર સુધીના લેખોની સત્યતા સાબિત કરી આપવા જોખમદારી લઈ આવતો હો તો ખરેખર ખાસ ખુશીનો પાર રહેશે નહિ.

૭ વડોદરાનો મુસદ્દો વાંચવાને તસ્દી ન લીધી હોય તો તસ્દી લઈને વાંચી જોવાની જરૂર છે અને બરોબર ધ્યાન દઈને વાંચવાથી તમને માલમ પડશે કે તે મુસદ્દો નાટકીયાના વેષને રોકતો કે શિક્ષાપાત્ર ઠરાવતો નથી પણ જેથી સંસાર ત્યાગ થાય અને ધર્મ ધ્યાનમાં રહેવાને પ્રતિજ્ઞા થાય એવા વેષવાળી દીક્ષાને જ રોકે છે.

આ હકીકત વિચારતાં જો તમો પ્રભુ મહાવીરના માર્ગને ઓળખો તો સમાલોચક પ્રયત્નની સફળતા ગણે. (રાજનગર-પત્ર.)

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

REGISTERED NO. B. 3047.

સૂર્યપૂરમાં સુધાવૃષ્ટિ !!!



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૧૯ મો.	મુંબઇ, તા. ૭-૭-૩૩, શુક્રવાર અષાઢ - સુદ - ૧૫))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भवितः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

સૂર્યપૂરમાં સુધાવૃષ્ટિ ..... પાનું-૪૨૫
અમોઘ અમીવૃષ્ટિ ..... પાનું-૪૩૨
સંવેગની સમરાંગણ ભૂમિ ..... પાનું-૪૩૫
સાગર સમાધાન ..... પાનું-૪૪૧
સુધા સાગર ..... પાનું-૪૪૫

બહાર પડી ચૂકી

શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિ કે જે શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કરતાં પણ પ્રાચીન અને પૂર્વધર આચાર્ય મહારાજજીની કરેલી છે, અને પૂ. આગમોદ્ધારક આચાર્યદેવે સંશોધન કરેલી છે. કિંમત રૂા. ૪-૦-૦ છે અને પોસ્ટ જુદું.

મંગાવનારે **શ્રી સુરત જૈનાનન્દ પુસ્તકાલય** એ સરનામેથી મંગાવવી. નકલો થોડી છે માટે સિલકમાં હશે ત્યાં સુધી મોકલાશે.

તા.ક. આગમોદય સમિતિ, શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ અને શ્રી ઋષભદેવજી કેશરીમલજી તરફથી છપાયેલાં ગ્રંથો પણ અહિંથી મળી શકશે.

વ્યવસ્થાપક જૈન આનંદ પુસ્તકાલય. ગોપીપુરા-સુરત.

તૈયાર છે. તૈયાર છે. તૈયાર છે.

પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન.

વિજય લક્ષ્મીસૂરીકૃત

સંશોધક :- આગમોદ્ધારક.

મળવાનું ઠેકાણું :- શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
લાલબાગ ભૂલેશ્વર, મુંબઈ નં. ૪.

કિંમત : ૦-૪-૦ (.....પોસ્ટેજ જુદું.

શ્રી સિદ્ધચક્ર.

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ
અંક ૧૯ મો

મુંબઈ, તા. ૭-૭-૩૩, શુક્રવાર.
અષાઢ સુદ ૧૫

વીર સંવત્ ૨૪૫૯
વિક્રમ ,, ૧૯૮૯

સૂર્યપૂરમાં સુધાવૃષ્ટિ.

ઠામ ઠામ અમોઘ અમીવૃષ્ટિ.

દર્શનાર્થે ઉભરાતો માનવ મહાસાગર.

પ્રાતઃસ્મરણીય, શાસન-પ્રભાવક, શાસન-સંરક્ષક, તીર્થોદ્ધારક, સકળ શાસ્ત્રપારંગત, શૈલાણા-નરેશ પ્રતિબોધક, આગમ-જ્ઞાન દાતા આગમના અખંડ-અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવના દર્શનાર્થે સુરતના સંભાવિત શ્રાવક શ્રાવિકાના સમુદાય આજે (જેઠ સુદ ૧૩) સ્ટેશન પર ટોળે ટોળે મળી એકઠાં થયેલ હતાં. ધવળ-મંગળગીત, ગહુલી આદિના વધામણાં લેતાં હરીપુરનાં સંભાવિત ગૃહસ્થોની માંગણીથી પૂ. આગમોદ્ધારદેવેશ હરીપુરાના ઉપાશ્રયે પધાર્યા હતા અને નીચે મુજબ દેશના આપી હતી.

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥ १ ॥

શાસ્ત્રકાર ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીજી ભવ્ય જીવોના હિતને માટે ધર્મોપદેશ દેતાં જણાવે છે કે આ સંસારમાં તરણ તારણહાર ચીજ એક જ છે અને તે ધર્મ, ધર્મ એ નથી તો ખાવાની ચીજ નથી પીવાની ચીજ, નથી ઓઢવાની ચીજ ત્યારે ધર્મ એ છે શું ?

દુર્ગતિમાંથી પડતા જીવોને ધારણ કરી સદ્‌ગતિમાં સ્થાપન કરવાનું સામર્થ્ય જો કોઈમાં પણ હોય તો તે ધર્મ.

તે ધર્મ તીર્થંકરદેવના વચન અનુસરતો હોય, કશ, છેદ અને તાપ આદિથી વિશુધ્ધ અને મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત હોય તે ધર્મ કહેવાય છે. તે ધર્મની સિદ્ધિમાં અનેક દાખલા, દલીલ, હેતુ, યુક્તિ પુરસ્સરની સિદ્ધિ વિસ્તારપૂર્વક કથન કરી હતી, પણ સ્થળ સંકોચને લીધે અમે તે અત્રે આપી નથી.

ઉપર મુજબ દેશના પૂરી થયા બાદ આવેલ શ્રોતાઓને પ્રભાવના આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રભુ મહાવીરદેવના જયનાદ સાથે સર્વ સામૈયામાં આગળ ચાલ્યા.

હરીપુરાથી નવાપુરા એક સરખી રીતે શણગારવામાં આવ્યા હતાં. જેમાં નીચેના એક પછી એક સ્વાગત-તોરણોરૂપે દૃષ્ટિગોચર થતાં હતાં, સ્વાગતના તોરણો રંગબેરંગી અને એટલાં બધાં હતાં કે આકાશ અવલોકન મુશ્કેલ હતું.

૧. શાસનનાં સાચા સમ્રાટ, નિર્મળતર ચારિત્ર સંપન્ન, શાસન માન્ય, પરમતારક શાસન-શિરતા જ પૂજ્યપાદ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વર જયવંતા વર્તો.

૨. શાસન-સંરક્ષક દિવ્યજ્યોતિર્મયી કુમતભંજક, પરમગુરૂદેવ, વર્તમાન શ્રુતના માલીક આચાર્ય મહારાજાધિરાજને કોટીશઃ વંદન હો.

૩. ભવ્યનેત્રામૃતાંજન નાસ્તિકમત-ખંડક શાસન-શિરતાજ જગત્રયવ્યાપી યશવર્તી પરમતારક આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજધિરાજ જયવંતા વર્તો.

૪. સકલશાસ્ત્ર-પારંગત, જૈનાગમ-રહસ્યવેદી, વાદીગજ-કેશરી, સૂરીપુંગવ, તીર્થરક્ષક, મહાન જૈનાચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી ચીરંકાલ જયવંતા વર્તો.

૫. જંગમકલ્પતરૂ, પરમપ્રતાપી સ્વનામ-ધન્ય, સ્યાદ્વાદ-સિદ્ધાંત-સુધાસ્ત્રાવી, પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી જયવંતા વર્તો.

૬. આત્મિક સ્વરાજ્યના સેનાનાયક શાસન સમ્રાટ પરમપ્રતાપી સ્વનામ ધન્ય પૂજ્યપાદ આચાર્ય ભગવાન ચીરંકાલ જયવંતા વર્તો.

૭. વીસમી સદીના જડવાદના જમાનામાં સમયધર્મની ઘેલછાનો મદ ઉતારનાર, આત્મવાદની પ્રરૂપણા કરનાર શાસન સંરક્ષક પૂજયપાદ આગમોદ્ધારક આચાર્ય ભગવાન શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી ભલે પધારો.

૮. પધારો જૈન શાસનના અનુપમ ઉન્નતિકારક સૂરીશ્વર સ્નેહથી કરશું અમે સૌ આપને વંદન !!!

૯. શૈલાના-નરેશ, પ્રતિબોધક, પવિત્રાગમ-વાંચના-દાતા, માલવદેશોદ્ધારક, સકલશાસ્ત્ર-પારંગત જૈનાગમ-રહસ્યવેદી, વાદીગજ-કેશરી, સૂરીપુંગવ આચાર્ય ભગવાન શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી ભલે પધારો.

૧૦. જડવાદના જમાનામાં સમય ધર્મની ઘેલછાનો મદ ઉતારનાર, સદ્ધર્મ-સચોટ પ્રરૂપક, શાસનના શીરતાજ, નિર્મલતરચારિત્ર સંપન્ન, તત્વ-મહોદધી આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી ભલે પધારો.

૧૧. પવિત્રાગમ-વાંચનદાતા, વાદીમદ અમોઘ મોગર, શાસનમાં અજોડ સુભટ, આગમનાં અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્ય ભગવાન શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજીને કોટીશઃ વંદન હો.

દર્શનાર્થે તેમજ જોવાને ઉત્સુક બનેલો ઉભરાતો માનવ મહાસાગર, વોલંટીઅરકોરનું બેંડ, ઠામ ઠામ ગહુંલી, ચોખા, શ્રીફળ અને રૂપાં-સોનાના ફુલોની વૃષ્ટિ તેમજ-નવી ઢબના વાવટાઓ, તોરણો, આકર્ષક કમાનોથી અપૂર્વ રીતે નવાપુરાને નવીનપુરી બનાવી દીધી હતી.

નવાપુરાના ભાઈઓ તરફથી શ્રીફળની પ્રભાવનાં તેમજ સાકરનાં પાણી પાવામાં આવ્યા હતાં. નવાપુરાના શાસનરસિક ભાઈઓની ઉછળતી ઉર્મીનું વર્ણન કરવું અશક્ય હતું. એટલામાં ગોપીપુરાથી અનેક ભવ્ય સાંબેલા સાથે સરઘસ નવાપુરે આવી પહોંચ્યું. ડંકા, નિશાન, ઘોડેસ્વાર, વોલન્ટીઅર કોર તથા અનેક સાંબેલાઓથી સજજ થઈ સરઘસ મેઈનરોડ આવી પહોંચ્યું. માનવમેદનીથી રસ્તો ઉભરાઈ ગયો અને વાહનોનો વહેવાર બંધ કરવો પડ્યો. નવાપુરામાં પ્રવેશ કરતાં જ શાસનરસિક આત્માઓની ગહુંલીઓની શરૂઆત થઈ ચુકી જે વખતનો દેખાવ વર્ણવ્યો જાય નહિં તેવો હતો. તેમાં વળી અધિક આશ્ચર્ય કરતો એક દેખાવ તો સહુનું ધ્યાન ખેંચતો હતો. શ્રી આચાર્ય ભગવાનની અમોઘ દેશનાના પ્રતાપથી પ્રતિબોધ પામેલા જાણીતા ક્ષત્રી-કુલનાં વખારિયા કુટુંબના નબીરા ભાઈ શ્રી જેકીસનભાઈ લલ્લુભાઈ વખારિયા પોતે જાતે પૂ. શ્રી આચાર્યદેવની ગંહુલી કરવાને આવ્યા. તે વખતના દેખાવે સહુને ધ્યાનાસ્થ બનાવી દીધો હતો. ભાઈ શ્રી જેકીસનભાઈએ આચાર્ય ભગવાનની ગંહુલી સોનાની ગિની મુકીને કરી હતી, તેમજ મોતીના હીરા તેમજ માણેકથી વધાવીને શ્રી આચાર્યદેવનું પૂજન કર્યું હતું તે દેખાવ સહુને અજબ આકર્ષક હતો. ત્યાંથી અનેક ગંહુલીઓથી સ્વાગત કરાતાં સૂરીસમ્રાટ નવાપુરાને ઉપાશ્રયે પધાર્યા હતા. જ્યાં અમૃતમય દેશના આપી.

નવાપુરાને ઉપાશ્રયે આવતાં તે પરાના સંભાવિત ગૃહસ્થો શ્રવણના અભિલાષી હોવાથી તે ઉપાશ્રયમાં નીચે મુજબ દેશના દીધી હતી.

વેદની એ ટુંક નંબરના ચશ્મા.

હૃદયભેદક દુઃખની ઉત્પત્તિ ક્યાંથી ?

શરીરરૂપ ગુન્હેગારને તપસ્યારૂપ સજા કરનાર સાત્વિક આત્મા.

आत्माज्ञानं भवं दुखमात्मज्ञानेन हन्यते। तपसाप्यात्म विज्ञानं हीनेच्छत्तुं न शक्यते॥

આત્મરૂપ મૃગ કસ્તુરીઓ.

શાસ્ત્રકાર મહારાજા કળિકાળ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના હિત માટે શાસ્ત્રની રચના કરતાં જણાવે છે કે-આ જીવ અનાદિકાળથી રખડે છે અને સર્વ જીવો એક જ વસ્તુની ઇચ્છા કરી રહ્યા છે. એકેન્દ્રી, બેઇંદ્રી, તેઇંદ્રી, ચૌરેન્દ્રી અને પંચેન્દ્રી સુધીના સઘળા જીવોની એક જ ઈચ્છા છે અને તે એ જ કે સુખ !!!

"मुंडे मुंडे मतिर्भिन्ना" મસ્તકે મસ્તકે જુદી જુદી મતિ છે, પણ આ વિષયમાં મતિભિન્નવાળો કોઇ જીવ જગતમાં નથી. ચારેગતિના જીવો, યા પાંચે જાતિના જીવોને એક જ વિષયમાં એક સરખી ઇચ્છા છે. બાળ યા વૃદ્ધને આ એક જ ઇચ્છા એક સરખી છે. એક વાત ધ્યાનમાં રાખો-કસ્તુરીયા મૃગની નાભિમાં કસ્તુરીની સુગંધ અને કસ્તુરી પણ છે. શ્વાસ દ્વારાએ સુગંધ બહાર નીકળે છે અને પવન દ્વારાએ અંદર પેસે છે. જે બાજુની હવા જોરથી ફુકાય તે બાજુ તે સુગંધની લાલચથી દોડે છે. તે સમજે છે કે આ બાજુથી સુગંધ આવે છે, પણ પોતાની ડૂંટીમાંથી આવે છે તે તેને માલમ નથી.

તેવી જ રીતે આ આત્મારૂપી મૃગ કસ્તુરીઓ સુખરૂપ સુગંધ રસથી ભરપૂર ભરેલો છે. આ આત્મા સુખમય નહોત તો સિદ્ધ અવસ્થામાં સુખનો વખત જ નથી. શાસ્ત્રકારોએ અનંત અવ્યાબાદ સુખ સિદ્ધપણામાં છે અને તે શાસ્ત્રમાં વખાણ્યું છે; અને યુક્તિ યુક્ત પણ સિદ્ધ છે.

તે શાશ્વતસુખ પાંચ-ઇંદ્રિય પૈકી એકે ઇંદ્રિયથી વિષય ગમ્ય નથી. ત્યારે તે સુખ કયું ? અને તે સુખ અનુભવાય શાથી ? આત્માનું સ્વાભાવિક સુખ સિદ્ધ છે, અને તેથી જ સિધ્ધિમાં પણ સુખ માની શક્યા. આ આત્મારૂપ મૃગ કસ્તુરીયામાં સુખરૂપ કસ્તુરી રહેલી છે.

સુખ સ્વભાવ.

ભ્રમિત મૃગ હવામાંથી કસ્તુરીની ગંધ દેખતો હતો તેવી રીતે આ આત્મા પણ પુદ્ગલરૂપ પવનથી પ્રેરાયેલી જડમાંથી સુખનો પિપાસુ બન્યો હતો અને છે. જડમાં સુખ નથી, પણ જડદ્વારાએ સુખ માની બેઠા છે. આત્માનો સંપૂર્ણ સુખ સ્વભાવ હોવા છતાં આત્મા ભ્રમિત બન્યો છે. આત્માના ગુણો અંતરાયાદિ કર્મોએ રોક્યા છે. સુખને રોકનાર કોઈ કર્મ સુખાવરણી સુખાન્તરાય કર્મ છે ? (સભામાંથી) નહિ. આત્માનો જ્ઞાન-સ્વભાવ રોકનાર જ્ઞાનાવર્ણી, દર્શનસ્વભાવ રોકનાર દર્શનાવર્ણી ઇત્યાદિ પણ સુખને રોકનાર કોણ ? આઠમા કર્મમાં કર્મ અગર કર્મની ઉત્તર પ્રકૃત્તિમાં એકે પ્રકૃત્તિ સુખાવરણીય નથી. જો રોકનાર કર્મ સાબિત નહિં કરી શકો તો સુખ સ્વભાવ આત્માનો નથી એમ કબુલ કરવું પડશે. કાં તો સુખાવરણીય કર્મમાંનો અને કાંતો સુખસ્વભાવ આત્માનો નથી એમ માનો?

ટુંકા નંબર ચશ્મા.

કાગળીયાના કાન ન કપાય, તેમ શંકાકારના મોં પણ બંધ ન થાય. પ્રશ્નકાર તો એ જ ઉચ્ચારે કે વસ્તુતત્ત્વ સમજાવવું હોય તો સમાધાન આપો. કહો ! સુખ સ્વભાવને રોકનાર કોણ ? એનો સંતોષકારક જવાબ આપો.

આચ્છાદક આચ્છાદકના રૂપમાં પણ હોય અને આચ્છાદક અભિવ્યંજકના રૂપમાં પણ હોય.

ટુંકા નંબરનાં ચશ્મા પહેર્યા તેથી ખુલ્લી આંખે જે પૂર્વે દેખતા હતા તે કરતાં ટુંકું દેખવા માંડયું. નંબર પ્રમાણે દૃષ્ટિ અંકુશમાં આવી.

એક જબરજસ્ત માણસના હાથમાં સોય આપી અને લાકડું ભેદવા આપ્યું. હવે શું તે માણસમાં શક્તિ નથી ? એમ તો ન કહેવાય, પણ ખરી રીતે તો સાધન સાનુકૂળ નથી; તેવી રીતે આત્મા અનંત સુખમય હોવા છતાં નિર્બળ સાધનરૂપ શાતાવેદનીને લીધે સુખ ભોગવીએ છીએ. શાતાવેદની દ્વારાએ તે પ્રમાણમાં થતું સુખ ભોગવી શકીએ. **કોઈપણ ગતિનો જીવ કોઈપણ ગતિમાં વેદની સિવાય સુખ ભોગવતો જ નથી. વેદની એ ટુંકા નંબરનાં ચશ્મા, સોય જેવી ભેદનારી ચીજ એ પણ સબળના હાથમાં નિર્માલ્ય સાધન છે.** નંબરનાં ચશ્મા દૃષ્ટિને રોકનારી ચીજ નથી, સોય એ શક્તિને ભેદનારી ચીજ નથી, છતાં ચશ્મા અને સોય પ્રમાણમાં ભેદી શકે અને દેખી શકે છે તેવી રીતે આત્માની અનંતી શક્તિ હોવા છતાં **શાતાવેદની એટલે ટુંકા નંબરના ચશ્મા દ્વારાએ સુખ અલ્પવેદી રહ્યો છે.**

પલટન સ્વભાવ.

શાતાવેદની બાંધી હોય અને તે શાતાવેદની જેટલી ઉદયમાં આવે તેટલું જ સુખ વેદાય. તીવ્ર, અલ્પ, અલ્પતરપ્રમાણ પણ વંદનીના બંધ અનુસારે છે. ચશ્માનો સ્વભાવ જોવાનો નથી પણ આત્માનો ને આંખનો સ્વભાવ છે. સોયનો સ્વભાવ ભેદવાનો નથી પણ તે આત્મા શરીરના અંગોપાંગરૂપ હસ્ત વડે ભેદી શકે છે.

બાહ્ય પદાર્થો અગર શાતાવેદનીને સુખ-સ્વભાવ જ નથી. સુખ ભલે આવે પણ દુઃખ ક્યાંથી નીકળ્યું ? સુખમાં અધિકતા અગર ન્યુનતા ભલે થાઓ પણ દુઃખ કેમ આવે ?

મહાનુભાવ ! દીવાનો સ્વભાવ શુદ્ધ પ્રકાશમાન હોય છતાં ચારે બાજુ કાચ લાલ લીલા હોય તો લાલ લીલી જ્યોત દીવાની કે કાચની ?

દીવો ન હોય અને કાચ હોય તો રંગ શાથી ? કાચમાં રહેલા રંગને જ્યોતિ અનુસરી, તેવી રીતે આ આત્માને અશાતાના પડલ ઘેરાઈ જાય ત્યારે સુખ પલટીને દુઃખ થાય તેમાં નવાઈ નથી પુદ્ગલોનો પલટન સ્વભાવ અજબ છે !

ચૈતન્યનું સામ્રાજ્ય કઈ જગા પર ?

દીવાની જ્યોતમાં લાલ, લીલા, પીળા કાળાપણું નથી પણ કાચને લીધે છે, તેવી રીતે આત્મા સુખવેદન સ્વરૂપ છે છતાં અશાતારૂપ કાચના પડળ વળે ત્યારે દુઃખ વેદે છે.

જ્યોત લાલ પીળા રૂપ નથી તેમ આત્મા પણ દુઃખવેદન રૂપ નથી.

સુખ એ આત્માનું ઘર છે અને દુઃખ એ આત્માના ઘરનું નથી. જેમ જ્યોતમાં લાલ લીલાપણું જ્યોતના ઘરનું નથી, પણ કાચના ઘરનું છે.

આ જીવને ઉદ્યમ શા માટે કરવાનો કહ્યો ?

જ્યોતના અસલ રૂપને જોવાના અભિલાષીઓ બીજા કાચરૂપ પડલ ખસેડવા પડશે. જ્યોતના રૂપને ફેરફાર કરનારા કાળા-ધોળા કાચ એ અનુભવ સિદ્ધ છે.

આત્માના અજ્ઞાનથી આ દુઃખ થયેલું છે, કારણ પોતે પોતાનું સ્વરૂપ પીછાણ્યું નથી. આવેલા નોકરને માલિક બનાવનારાઓ નોકરને નોકર સ્વરૂપે પીછાણી શકતા નથી.

તમારો રાખેલો, તમારો વધારેલો, તમારો પોષેલો છતાં શેઠની હાલત શી ? દુનિયા તપાસતી નથી અને અક્કલનો કુટેલો શેઠ પણ તપાસતો નથી. દુનિયા ભલે તમારા શરીરરૂપ નોકરની સાથે ભલે પ્રવૃત્તિ કરે પણ તમે કેમ ભોળા બન્યા છો ? આ નોકર અને અધિકારી વર્ગ તમારા આત્મિક રાજ્યનો કબજો લઈ બેઠા છે. ગીરવી મુકાયેલામાં તમારી ગરદન રેંસાઈ જશે, એ બિના જગ જાહેર છતાં આત્મારૂપ રાજા આંખો મીંચીને સહી કરે છે.

આ જગત ભલે જડને ઝંખે પણ તું ચેતન થઈ જડને જુએ અને જડને ઝંખે તો પછી ચૈતન્યનું સામ્રાજ્ય કઈ જગા પર ? મોક્ષમાં (સભામાંથી)

આ ચાર ગતિમાં જે દુઃખો ભોગવવાં પડે છે તે બધાનું કારણ આત્માએ આત્માના સ્વરૂપે ઓળખ્યો નથી.

દુઃખનાશક આત્મજ્ઞાન.

ભૂલથી થયેલું નુકશાન બે પ્રકારનું છે ૧. એક નુકશાન જેમ મકાનમાં આગ લાગીને નાશ પામ્યું, જાણ્યા પછી ભૂલ સુધારો તો કાંઈ વળે નહિ. ૨. બીજુ નુકશાન એક ચીજ નાશ પામી છે, અર્થાત્ ઢંકાઈ ગઈ છે. એવી ચીજમાં થયેલી ભૂલ તેનો સુધારો થઈ શકે છે. ભૂલ સુધારો તો દુઃખ વેદન બંધ થઈ જાય આત્માને થયેલું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે.

જેટલો કાળ સંસારમાં કાઢો છો, તેમાં તેટલો તમારો કાળ નકામો જાય છે. એ વાત તમારી જાણ બહાર ન હોય.

જે નોકર કબજો લઈ બેઠો હોય તેનો ઘડો ઘાટ કરીએ તો રાજ્ય આપણા હાથમાં. નોકરનો ઘાટ કરવામાં તૈયાર થયેલો માલિક જાગતો ન હોય તો બીજો બદમાશ ઘૂસે. નોકરનો ઘાટઘડવો એટલે શરીરને તપસ્યામાં ઉતારો. શરીરને કહો કે તું સજા ભોગવ અને તે સજા પણ હું દઉં. ગુનેગાર શરીર અને સજા દેનાર હું દુનિયાદારીથી આવેલાં દુઃખો ભોગવો તે પારકી કરેલી સજા અને આત્મજ્ઞાનથી રંગાઈને તપસ્યા કરો તો આપણી દીધેલી સજા. આત્મજ્ઞાનથી રંગાયલો આત્મા હોય તો જરૂર શરીર રૂપ ગુનેગારને સજા કરે. આત્મજ્ઞાનથી દુઃખ હણવાના અમોઘ ઉપાયને હસ્તગત કરશે તે જીવો આ ભવ પર ભવરૂપ કલ્યાણ મંગલિક માળા વિસ્તારને પામી સિદ્ધિના સુખો ભોગવવા શાશ્વત ધામમાં બિરાજમાન થશે. સર્વ મંગલ.

પ્રાસંગિક નોંધ.

મેઈનરોડ ઉપરથી આવતા આજુબાજુની લાઈનો માણસોથી ચિકાર ભરાઈ ગઈ હતી ત્યાંથી નાણાવટ આગળ આવતાં શાસન રસિકોની પ્રાણપ્રિય સોસાયટી આગળ શ્રી આચાર્યશ્રીનું સ્વાગતબોર્ડોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાં આગળ પણ શાકરનાં પાણી હતા. ત્યાંથી આગળ આવતાં વડાચૌટા આગળ પધાર્યા ત્યાંની શોભા પણ અપૂર્વ હતી. આખોએ લત્તો રેશમી અને જરીની સાડીઓથી ભરી દીધો હતો. ત્યાં પણ સાકરનાં પાણી થયાં હતાં. ત્યાં કલ્યાણ પાર્શ્વનાથને દહેરે આચાર્ય દેવ દર્શન કરીને આગળ ચાલતા રસ્તામાં નગરશેઠ વિગેરે પણ આવી પહોંચ્યા હતા અને સાજનનો ઠાઠ અપૂર્વ હતો. શહેરનાં તેમજ બહારના તમામ સંભાવિત ગૃહસ્થો નજરે પડતા હતા. નગરશેઠ તથા માજી સબજજ સુરચંદભાઈ બદામીઃ તેમજ મંગળભાઈ વાડીવાલા શેઠ, નવલચંદ ખીમચંદ, શેઠ નેમચંદ નાથાભાઈ, શેઠ મોતીચંદ ગુલાબચંદ, શેઠ ખીમચંદ કલ્યાણચંદ, શેઠ પોપટભાઈ ધારશી (જામનગર) બુહારીથી ઝવેરચંદ પન્નાજી, કસ્તુરચંદ ચોકસી, એડવોકેટ વકીલ અમીચંદ ગોવિંદજી શાહ, ચંદુભાઈ ચીંમનલાલ, ચુનીભાઈ બાલુભાઈ, ચુનીભાઈ મંછુભાઈ, રૂપચંદ ઘેલાભાઈ, ઉત્તમભાઈ વિગેરે અનેક સંભવિત ગૃહસ્થોની હાજરી તેમજ બહારગામથી પણ અનેક ભક્તો આવી પહોંચ્યા હતા. ત્યાંથી આગળ ચાલતાં ગોપીપરા આવી પહોંચ્યા. આજે ગોપીપુરા સુરત એટલે શ્રી આચાર્યદેવનું પાયતખ્ત અને ગોપીપુરા તે મુખ્ય કચેરી; એટલે ગોપીપુરે મુખ્ય કચેરીએ પધારતાં સૂરીસમ્રાટનું સ્વાગત કરવા અનેક કમાનો અને રંગબેરંગી વાવટા તોરણો અનેક સાડી બસમાઓ તથા પરવાલાના તોરણો તથા અપૂર્વ સ્વાગત બોર્ડોના શણગારથી આખુંએ ગોપીપુરા તથા ઓસવાળ મોહલ્લો વિદ્યાધરોની વિલાસી નગરીની જેમ અપુર્વ બની ગયો હતો. જ્યાં શાકરનાં પાણી પણ રાખવામાં આવ્યા હતા. ત્યાંથી વાડીને ઉપાશ્રયે પધારતાં ઉભા રહેવાનીએ જગ્યા ન મળે અર્થાત્ ઉપાશ્રયની બહાર લોકોને ઉભા રહેવું પડ્યું હતું. ત્યારબાદ આચાર્યશ્રીએ અમોઘ દેશનાનું પાન કરાવ્યું હતું. ત્યારબાદ શ્રીફળની પ્રભાવના થઈ હતી. આશરે પચીશસો શ્રીફળ ખપ્યાં હતાં. આવી રીતે શ્રી આચાર્ય દેવનું પાયતત સુરત શહેરમાં અપૂર્વ રીતે પ્રવેશ થયો હતો.

* * *

અમોઘ અમીવૃષ્ટિ !

ગોપીપુરામાં ગણધર ગુમ્ફિત સુધા છંટકાવ ! ! !

શ્રવણ કરવાની સમર્થ રીતિ.

શ્રુતના બે પ્રવાહ-૧ બંધપ્રવાહ અને ૨ સતત્પ્રવાહ.

વફાદારીને વળગી રહેવા માટે પણ પ્રભુપૂજન કરવું તે ન્યાયયુક્ત છે.

अर्च्यचनादर्हतां (रुहतां) मनःप्रसादस्तस्समाधिश्च ॥
तस्मादपि निःश्रेयस मतो हि तत्पूजनं न्याय्यं ॥

તત્ત્વ=પરમાર્થ.



સ્તતત્ત્વોનો અનુપમ સંગ્રહ કરનાર ભગવાન ઉમાસ્વાતિ વાચકજી મહારાજ ભવ્ય જીવના હિત માટે ઉપદેશ આપતાં પ્રથમ સૂચવી ગયા કે તત્ત્વ એટલે શું ?

तस्य भावं तत्त्वं એ માનીએ તો દરેક પદાર્થો તત્વરૂપ થઈ જાય. તદ્ધિતની અપેક્ષાએ ન રાખતાં તત્ત્વ એટલે પરમાર્થ અર્થ રાખીએ તો જ તત્ત્વની યથાર્થતા હાથ આવે. તત્ત્વ એટલે પરમાર્થ અર્થ કરતાં પહેલાં, પરમાર્થને, પિછાણવાની જરૂર છે.

સ્પર્શ-રસ-ઘ્રાણ અને ચક્ષુ એ ચારે ઇંદ્રિયો પૈકી એકે ઇંદ્રિયોનો વિષય નથી કે તે તત્ત્વના પરમાર્થને પીછાણી શકે ! ભલે બીજા પદાર્થો ગમ્ય કરી શકીએ પણ તત્ત્વનો પરમાર્થ તે ઇંદ્રિયદ્વારાએ પરખી શકતા નથી.

सोश्रा जाणइ कल्लाणं એ પંક્તિનો પરમાર્થ પીછાણવો હોય તો ચાર ઇંદ્રિય માંહેલી કોઈપણ ઇંદ્રિયનો વિષય તે પરમાર્થને પીછાણી શકતો નથી અર્થાત્ કલ્યાણ જેવી ચીજને જાણવામાં ચાર ઇંદ્રિયોની ચાલાકી ચાલતી નથી.

સમર્થ રીતિ.

શાસ્ત્રકાર ભારપૂર્વક જણાવે છે કે સાંભળનારો કલ્યાણને જાણે, પાપને જાણે, અને ઊભયંપિ અર્થાત્ અંશે કલ્યાણ અને પાપરૂપ ઉભય સ્વરૂપ દેશવિરતિપણું શ્રાવકપણું પણ જાણે એટલે શ્રોત્રેંદ્રિયનો વિષય તત્ત્વ=પરમાર્થ પિછાણવાનો છે.

શંકા-કારણ કે મિથ્યાત્વ, અવિરતિ કષાયાદિ અનાદિથી પ્રવર્તેલા છે. અર્થાત્ પાપ અનાદિથી પ્રવર્તેલા છે શ્રોત્ર વગર પણ જાણી શકીએ છીએ એમ કહેવામાં વાંધો શો ?

સમાધાન-પ્રવર્તન અને શ્રવણ એ ચીજ જૂઠી છે. પાપ પ્રવર્તનમાં સાંભળવાની જરૂર નથી પણ પાપને પાપ તરીકે જાણવું તેમાં તો સાંભળવાની જરૂર છે અર્થાત્ શ્રોત્રનું કામ છે.

શંકા-કોઈને વગર સાંભળે કલ્યાણ થાય તો તમને વાંધો છે ?

સમાધાન-ના, સાંભળીને જ જાણે એમ નહિ, પણ કલ્યાણમાં કલ્યાણ સ્વરૂપ માનીને પ્રવૃત્તિ ત્યારે જ થાય કે તેનું યથાર્થ સ્વરૂપ સાંભળ્યું હોય તો જ બને. બાકી સાંભળ્યા વગર આભમાં બાથ ભરવા જેવી કંઈક વખત કલ્યાણ પ્રવૃત્તિઓ થઈ પણ વાસ્તવિક લાભ ન થયો.

અજ્ઞાની માણસને હેયાદિ અને અતિંદ્રીય વસ્તુ જાણવી હોય તો જાણવામાં શ્રવણ એક બળવત્તર સાધન છે. અતિંદ્રીય પદાર્થોનું જ્ઞાન શ્રવણદ્વારાએ થઈ શકે છે.

શંકા-પુસ્તકો દેખીને કલ્યાણ જણાય તે ચક્ષુનો વિષય ખરો કે નહિ ? અને તેમ હોય તો ચક્ષુને કેમ ન ગણી ?

સમાધાન-ચક્ષુથી કલ્યાણ જણાતું નથી અને જો તેમ થતું હોય **दट्ठुं जाणइ कल्लाणं** કહેવું પડે પણ તેમ તો કોઈ ઠેકાણે કીધું નથી. હજુ આગળ ચાલો. ચાર ઘાતી કર્મનો કચ્ચરઘાણ કાઢીને લોકાલોક પ્રકાશક એવું કેવળજ્ઞાન પામ્યા ત્યારે ઉપદેશ આપ્યો અને તે ઉપદેશ ગણધર ભગવંતોએ ઝીલ્યો અને તે દેશના દ્વારાએ સંભળાવીને તે વચન સુધાથી જગતભરના લોકને પાવન કર્યા. ત્યાર બાદ સ્મૃતિ ઢીલી પડી એટલે શાસન પ્રભાવક પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ ભાવિ પ્રજાના હિતાર્થે સર્વ આગમ પુસ્તકારૂઢ કર્યાં. એટલે મૂળ તપાસીએ તો શ્રવણની પરંપરાનો પ્રકૃષ્ટ લાભ અવિચ્છિન્ન માલમ પડશે.

આ ઉપરથી એક નિયમ માલમ પડે છે કે જગતભરનું કલ્યાણ કરવાને પુસ્તક લખવાની રીતિ પહેલાં બહુમાનપૂર્વક સાંભળવાની રીતિ સમર્થ હતી.

શ્રુત પ્રવાહ

તત્ત્વને જાણનારા મહાપુરુષો જે તત્વનો ઉપદેશ આપે તે જ પ્રમાણે તત્વને તત્વ સ્વરૂપે જાણવું અને જાણ્યા બાદ હેય ઉપાદેય વિભાગમાં વ્હેંચવું એ જ શ્રવણનો યથાર્થ લાભ છે.

શંકા-સાંભળવાની સમર્થરીતિ પ્રાથમિક માનશો તો કોઈને કોઈ પ્રથમ જ્ઞાની માનવો પડશે. કે નહિ ? અને તેમ થાય તો અનવસ્થાદોષ લાગુ પડશે કે નહિ ?

સમાધાન-ના, કારણ કે એ દોષ આપણે ત્યાં લાગુ નહિ પડે કારણ કે આપણે ત્યાં અનાદિનું બંધારણ છે તેથી દોષ ટકી શકતો નથી, પરંતુ અનાદિ નહિ સ્વીકારનારાઓને તે દોષ જરૂર લાગુ પડશે.

પ્રવાહ બે પ્રકારનો છે એક બંધનો પ્રવાહ અને એક સતત્ પ્રવાહ. તે બે પ્રવાહ પૈકી પ્રથમનો પ્રવાહ જંબુદ્વીપના ભરત ઐરવત આદિ ક્ષેત્રમાં છે. બીજો પ્રવાહ મહાવિદેહ ક્ષેત્રમાં છે જેમ પાણીનો

પ્રવાહ બાંધ્યો હોય, ત્યાં બાંધ્યો દેખાય પણ આગળ ચાલુ હોય તેવી રીતે અહીં તીર્થંકરો થાય શાસન ચાલે પ્રવાહ ચાલુ રહે અને પછી યુગ-પ્રધાન શ્રી દુપ્પસહ સૂરીશ્વરજીના અરસામાં આ શ્રુત પ્રવાહ બંધ થશે પણ પાછો કાળક્રમે પ્રથમ શ્રી તીર્થંકર દેવ પદ્મ નાભ તીર્થંકર થશે તે વખતે પ્રવાહ પાછો ચાલુ થશે; અર્થાત્ રોકાયો પણ પાછો અસલ સ્થિતિમાં શરૂ થયો. બીજો શ્રુત પ્રવાહ તો મહાવિદેહમાં સતત્ ચાલે છે અને તે બિના વિસ્તારથી શાસ્ત્ર સિદ્ધાંતોમાં મશહુર છે. પાણીનો પ્રવાહ ધરતીમાં રહે છે. તેવી રીતે શ્રુત પ્રવાહ હોય છે પણ પૃથ્વી પર પ્રગટ કરનાર તે તીર્થંકર દેવ છે. એ શ્રુત પ્રવાહને ખુલ્લો કરનાર જો કોઈ પણ હોય તો તે જગતવંદ્ય શ્રી તીર્થંકર દેવો જ છે. તીર્થંકરોનું ઉપકારીપણું માલમ પડશે ત્યારેજ તેમની અને તેમના શ્રુત પ્રવાહની કિંમત હૃદયમાં અંકાશે ભુતકાળમાં જેણે જેણે કલ્યાણ સાધ્યું, ભવિષ્યમાં સાધશે અને વર્તમાનમાં સાધે છે તે બધું શ્રુત પ્રવાહને આભારી છે.

ચીલે ચઢેલું ગાડું.

શાસ્ત્રકારો તીર્થંકરદેવના પૂજનને કરનારો પૂજક કલ્યાણનો ભાગીદાર બને છે.

જેને સંસારમાં ઉગવારૂપ ફણગાને ફગાવી નાંખ્યા છે, કારણ ફણગા ક્યારે ઊગે ? બીજ પાણી અને ધૂળ હોય ત્યારે અર્થાત્ ઉગવારૂપ બીજ નથી, તૃષ્ણારૂપી પાણી નથી અને અજ્ઞાનરૂપ ધૂળ પણ નથી, અને તેથી જ શ્રી તીર્થંકર દેવનું નામ અરિહંત છે તે ઉપરની બિના ધ્યાનમાં લેવાથી તે વાત સમજાશે.

પૂજન એ પૂજકની પ્રસન્નતા વધારે છે અને અંતે પૂજ્યની નજીક પૂજકને પહોંચાડવામાં તે પ્રસન્નતા પ્રબળ સાધનરૂપ નીવડે છે.

આપણે એક ગુણવાનનો સંજોગ મળે તો કેટલો આનંદ થાય તો પછી સર્વગુણ સંપન્ન સર્વજ્ઞદેવનો સમાગમ થાય અને તે સમાગમમાં રહીને ગુણ ગ્રહણ કરતાં આવડે તો તેના આનંદની અવધિ અનિર્વચનીય છે. એમ કહી દેવામાં લેશભર અતિશયોક્તિ નથી જ.

જેમ જેમ વિતરાગના પૂજનમાં આદર બહુમાન વધે છે તેમ તેમ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિગુણો વધુ વધુ પ્રમાણમાં ખીલતા જાય છે. અર્થાત્ **સંસારમાર્ગમાં ભૂલું પડેલું ગાડું (મનુષ્ય જીવનરૂપ) ચીલે ચઢાવવું હોય તો પ્રભુપૂજનમાં કમ્મર કસો, ચીલે ચઢેલું ગાડું મોડું વહેલે મોક્ષે જ જશે તે નિઃસંદેહ છે.**

सव्वाणि ठाणाणि असासयाणि જગતમાં બધા સ્થાનો શાશ્વત છે. સ્થાન મેળવી મેળવીને મુકવાના પણ મોક્ષ સ્થાન એ તો મળ્યું તે મળ્યું. **સર્વકાળના કલ્યાણનું કેન્દ્રસ્થાન-મોક્ષ છે.**

સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિપૂર્ણતાનો ભોગવટો મોક્ષમાં છે. તે સ્થાન પ્રાપ્તિ માટે મનુષ્ય જીવનમાં પ્રભુ પૂજન પ્રત્યે આદરવાળા થવું જોઈએ. શ્રી ઉમાસ્વાતિ વાચકજી મહારાજ તો કહે છે કે ગુણીના ગુણ પ્રત્યે બહુમાનવાળા થાઓ તો કલ્યાણ છે, અરે ! કદાચ તેમ ન કરો તો પણ પૂજન કરવું ન્યાયયુક્ત છે.

સૃષ્ટિમાં જે કાંઇ લાભ પામવાલાયક છે તે સારૂ. અગર જે લાભ પામ્યો છે તેના રક્ષણ સારું, અગર ઉપકારીનો ઉપકાર ન ભુલાય તે સારું, અને છેવટમાં વફાદારીને વળગી રહેવા માટે પણ પૂજન કરવું તે ન્યાયયુક્ત જ છે. આ સમજીને જેઓ પ્રભુ પૂજનમાં વધુ ઉજમાળ થશે તે આ ભવ પરભવને વિષે કલ્યાણ માંગલિક માળા પ્રાપ્ત કરી સિદ્ધિના સુખના ભાગીદાર બનશે. સર્વમંગલ માંગલ્ય.

★ ★ ★

સંવેગની સમરાંગણ ભૂમિ યાને સમરાદિત્ય ચરિત્ર

અનુવાદકઃ-"મહોદયસા૦"

इति श्रुत्वा मया पृष्टः भाविनस्तद्भवान् विभुः॥
उच्चेऽस्मिन् रजकस्यैवः, गृहेऽसौ भविता खरः॥२७६॥

પૂર્વે આપણે મદનું સ્વરૂપ વિચારતા મદના નામ જણાવી ગયા છીએ, હવે તે મદના પરિણામે આત્મા કેવા અશુભ કર્મ ઉપાર્જન કરે છે તે ઉદાહરણથી સમજી શકાય માટે સામાન્ય તે ઉદાહરણ જોઈએ.

૧ પહેલા જાતિમદ ઉપર.....હરિકેશિમુનિએ પૂર્વભવમાં બ્રાહ્મણપણે પોતાના જાતિ ઉપરના અભિમાનથી કોઈક માસક્ષમણના પારણે ગોચરી નીકળેલ મુનિને કુમાર્ગ (કાંટા વિગરે ઉપદ્રવવાળો) બતાવ્યો તેથી ચંડાલ કુળમાં ઉત્પન્ન થયા પરંતુ પૂર્વભવમાં કરેલથી પશ્ચાત્તાપ થવાથી ચારિત્ર અંગીકાર કરી આત્મસાધન કરી શકયા.

૨ બીજા કુલમદ ઉપર.....ચરમ તીર્થંકર આસન્નોપકારી વીર ભગવાને પૂર્વભવમાં મરીચિભવે જે કુલમદ કર્યો તે આજ્ઞાલબ્ધ જાણે છે.

૩ ત્રીજા બલમદમાં શ્રેણિક મહારાજાએ શિકાર કરતાં પોતાના બલની પ્રશંસા કરી તેથી ક્ષાયિક સમ્યક્ત્વવાન્ હોવા છતાં પણ નરકે ગયા.

૪ ચોથા રૂપમદમાં સનત્કુમાર ચક્રવર્તિનું ઉદાહરણ એક વખતનું ઇંદ્રથી પણ વખાણ થાય તે રૂપ હોવા છતાં એક ક્ષણમાં સાતસો રોગ થઈ ગયા; છતાં પણ શાંતિને ક્ષમાપૂર્વક ઉપચાર કરતાં સહન કરી લીધા.

૫ પાંચમા તપમદમાં કુરગડુ મુનિઓ પૂર્વભવમાં રાજપુત્ર થઈ દીક્ષા અંગીકાર કરી અનેક ઘોર તપશ્ચર્યા કરતાં એક દિવસ અભિમાનમાં આવી મદ કર્યો કે, હું કેટલો બધો તપ કરું છું. તે મદના પ્રતાપે પર્વતિથિમાં ઘણી તપની ઈચ્છા હોવા છતાં તપ નહોતા કરી શકતા.

૬ છઠ્ઠા ઋષિ મદમાં દશાર્ણભદ્ર રાજર્ષિએ પોતાની ઋદ્ધિની પ્રશંસા કરી.

૭ સાતમા વિદ્યામદમાં શ્રી સ્થૂલિભદ્રજીએ વિદ્યાના બલે સિંહનું રૂપ કરી મદ કર્યો તે સહુ જાણે છે.

૮ આઠમા લાભમદમાં સુભૂમ ચક્રવર્તિ ધાતકી ખંડના ભરત સાધવાનો વધારે લોભ કરવા જતાં દરિયામાં પડી મરી નરકે ગયા.

અસ્તુ. પછી મેં (વિજયસેનસૂરી) તે કૂતરાના ભાવિ ભવ માટે પૂછયું ત્યારે કેવલિ ભગવાને કહ્યું=તે મરી એ જ ધોબીને ઘેર ગધેડો થશે ૧. ભવે. ને ત્યાંથી ઉષદત્ત ધોબીના માતૃદત્ત નામે અંત્યજની સ્ત્રી અનધિકેની કુક્ષીમાં નપુંસકપણે ઉત્પન્ન થશે ૨. ભવ ત્યાં સિંહ વડે હણાઈ મરી ને તે જ અંત્યજને ઘેર પુત્રીપણે ઉત્પન્ન થશે ૩. ભવ ત્યાં પણ સર્પ કરડવાથી મરી તે જ ધોબીની દાસીની કુક્ષીએ પુત્ર

થઇ જતી અગ્નિ વડે બળી મરી જશે ત્યાંથી તે જ દાસીના પેટે પુત્રી રૂપે ૫. ભવ થશે ને ત્યાં રોગથી હાથી વડે હણાઇ ઉષદત્તની સ્ત્રી જે કાલંજની નામની તેની પુત્રી રૂપે ઉત્પન્ન થશે. ૬. ભવ તે ત્યાં ગર્ભવંતી થકી મરી જશે. ત્યાંથી મરી તે ઉષદત્તના પુત્રપણે ઉત્પન્ન થઈ નદીના કાંઠે ખેલતો ઉષદત્ત વડે કદર્થાતો (પીડાતો) જલમાં (પાણીમાં) પેસી જશે.

ત્યારે મેં પૂછયું કે=ભગવન્ તેનો મોક્ષ થશે કે નહિ કેવલિ ભગવાને કહ્યું કે=તે પાણીમાં ડૂબી ને મરી જશે અને પછી મરી વ્યંતર દેવ થશે; ને ત્યાં આગળ આનંદ નામે તીર્થંકર ભગવાન પાસે સમ્યક્ત્વ પામી સંખ્યાતીત ભવે એક મહાન્ રાજા થઇ વૈરાગ્ય પામી દીક્ષા લઇ મુક્તિ જશે. એ સાંભળી ઇન્દ્રદત્ત ગણધર પાસે મેં દીક્ષા અંગીકાર કરી, હે રાજન્ આપ મારું નિર્વેદનું કારણ છે.

સૂરીવરનો ઉપદેશ

હે રાજન્, જીનેશ્વર ભગવાને કહેલ ધર્મની અંદર કોણ પ્રમાદ કરે. હવે તે ધર્મનું સ્વરૂપ સાંભળો-હે ભવ્યજનો ! જ્યાં જન્મ નથી, જરા નથી, મૃત્યુ નથી, રોગ નથી. અને જ્યાંથી ફરી આવવાનું નથી. તે મોક્ષ પદને તમે શાશ્વત જાણો તે મોક્ષ પદનો ઉપાય સર્વજ્ઞદેવોએ એવા ધર્મ કહેલો છે. તે ધર્મ બે પ્રકારનો છે એક ૧. શ્રમણ ધર્મ ૨. શ્રાવક ધર્મ તેમાં પ્રથમનો ધર્મ સાધુધર્મ તે દશ પ્રકારનો કહેલો છે તે આ પ્રમાણે ૧. દયા ૨. સત્ય ૩. અસ્તેય ૪. બ્રહ્મ ૫. ત્યાગ ૬. તપ ૭. ક્ષમા ૮. માર્દવ ૯. આર્જવ અને ૧૦. શૌચ એ દશ પ્રકારે સાધુ ધર્મ છે.

મહાનુભાવો અત્રે વિચાર કરો કે આજકાલ કેટલાકો કહે છે તે "એકલા ત્યાગનો ઉપદેશ શું આપ્યા કરો છો" પણ આજ પ્રસંગે વિચારો કે મુનિરાજ ધર્મના બે પ્રકારમાં સાધુધર્મને પ્રથમ કહે છે. મુનિથી બીજો કયો ઉપદેશ અપાય ? લાડી વાડી ગાડીનો ? નહિં જ. કારણ કે તેમાં તો તમે સદા રહેલા છો તેનો ત્યાગ કરવાનો ઉપદેશ અપાય. જૈન શાસન ત્યાગ પ્રધાન છે એ સર્વ આ બાલવૃદ્ધ જાણે છે, છતાં પણ ત્યાગનો ઉપદેશ શા માટે ? એવા પ્રકારનો કોલાહલ કેમ કરાય છે ? જે મુનિઓ સંસારની દરેક ઉપાધિથી મુક્ત થઇ એક જ મુક્તિમાર્ગની આરાધના કરવા સદાયે, ઉદ્યત રહે છે, ને બીજા જીવોને પણ એ માર્ગ તરફ પ્રેરવા સદાયે ઉપદેશ આપે છે. તે મુનિઓ પાસે બીજી વસ્તુની ઇચ્છા રાખવી તે ખરેખર ઝવેરી પાસે ગાંધીની ચીજ માંગવા સદશ છે. તીર્થંકરદેવો પાસે આવીને પણ પુત્ર વિગેર ધનની બાહ્યને પૌદ્ગલિક ચીજની પ્રાર્થના કરવી તે ખરેખર પીતાના ઘેર ઉગેલ કલ્પદ્રુમને ઉખેડી ધંતૂરાને વાવવા સરખું છે, કારણ કે જે તીર્થંકરદેવ પાસે અનંત અક્ષય ને અવ્યાબાધ મુક્ત સુખ આપવાની શક્તિ છે તે દેવની પાસે જઈ તુચ્છમાં તુચ્છ જે વસ્તુ પોતાની પાસે હતી. છતાં પણ જેને પોતે ઠોકરે મારી ચાલી નીકળ્યા તે ભોગ (પૌદ્ગલીક સુખ)ની તેમની પાસે પ્રાર્થના કરવા તે સજ્જનને ઉચિત નથી.

અસ્તુ. આગળ ચાલો લોકમાં સૂર્યને દશ ઘોડાવાળો કહે છે ત્યારે અહીં મુનિને સૂર્યની ઉપમા આપતાં શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમદ્ પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે:-

तमंस्तति हृतः साधुधर्मस्य दशवाजिनः। तएतेन्यक्कृत स्वर्गवाजिनो दुशवाजिनः। ॥२८९॥

અર્થ:=અંધકારના સમૂહને હણનાર સાધુધર્મના આ દશ સૂર્યને જેમ ઘોડા હોય તેમ આ પણ ના હોય ?

હવે બીજો શ્રાવક ધર્મ તે બાર પ્રકારનો છે. તે ધર્મ ચારિત્ર ધર્મ અંગીકાર કરવાને અશક્ત એવા આત્માને ચારિત્ર ગ્રહણ કરવામાં પુષ્ટ કરે છે.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે ચારિત્ર કરતાં ઘેર રહીને પણ આમ કરીએ તો ચાલે? એટલા માટે તો ચારિત્રકાર." દીક્ષિત થવાને અશક્ત હોય એટલો બધો સંસારથી વિરક્ત ન થયો હોય તો સંસારમાં રહ્યા છતાં પણ શ્રાવક ધર્મનું પાલન કરી ચારિત્ર ગ્રહણ કરવાની ભાવના યુક્ત રહેતાં છતાં આત્મકલ્યાણ સાધી શકે" એમ ફરમાવે છે પણ એમ નથી કહેતા કે સંસારમાં રહીને પણ શક્તિ હોવા છતાં પણ દીક્ષા ન લે તે દીક્ષા લેવાથી શું વિશેષ છે, કયાં સંસારમાં રહી ધર્મ થતો નથી.

શાસ્ત્રકાર ભગવાન તો એ જ ફરમાવે છે કે શ્રાવક નિત્યે પ્રભાતમાં એ જ વિચારે કે "संयम कबही मिले" એ જ ભાવના રોમે રોમમાં જ વિકસ્વર હોય, ને એ આત્માને એમ વિચાર આવે ખરો કે સંયમથી શું વિશેષ છે, વેષ પહેર્યા માત્રથી શું થવાનું છે, સંસારમાં રહીને પણ ક્યાં કેવળજ્ઞાન થયું નથી. કુર્માપુત્ર, ઋષિ વિગેરે કેવળજ્ઞાન થયા છતાં ક્યાં સંસારમાં નથી રહ્યા, સમ્યગ્દૃષ્ટિ આત્માને આવા વિચાર આવે ખરા કે ?

અસ્તુ: ચાલો શ્રાવક ધર્મના બાર ભેદ છે. તે આ પ્રમાણે=૫-અણુવ્રત ૩-ગુણવ્રત ને ૪-શિક્ષાવ્રત આ બારૂ ભેદ છે.

બાર વ્રતનું સ્વરૂપ

હે રાજન્ ૧ પ્રાણાતિપાત વિરમણ ૨ મૃષાવાદ વિરમણ ૩ અદત્તાદાન વિરમણ ૪ મૈથુન વિરમણ ૫ પરિગ્રહ વિરમણ આ પાંચ-વ્રત શ્રાવકની અંદર સર્વથા શક્ય નથી તો પણ થોડો ત્યાગ કરતાં હોવાથી તેને અણુવ્રત કહેવાય.

હવે ત્રણ ગુણવ્રત કહે છે. ૬ દિગ્વિરમણવ્રત ૭ ભોગોપભોગ વિરમણવ્રત ૮ અનર્થદંડ વિરમણવ્રત.

શિક્ષાવ્રત ચાર છે. તે આ ૯ સામાયિક. ૧૦ દેશાવગાશિક. ૧૧ પૌષધાવ્રત ને ૧૨ અતિથિ સંવિભાગવ્રત આ બારે શ્રાવકના વ્રત છે.

तच्च जीवादि तत्वौघे, जिनोक्ते रुचिरुच्यते ॥ स्वभावा दुवदेशाद्वासुगुरोः साप्रजायते ॥२८६ ॥

ગુણસેન રાજાએ કરેલી સ્તુતિ.

વિજયસેન સૂરીશ્વરજી મહારાજે ગુણસેનરાજા આગળ ઉપદેશ આપતાં જણાવ્યું કે, ધર્મ બે પ્રકારે છે યતિધર્મ ને શ્રાવકધર્મ તેમાં યતિધર્મનું સ્વરૂપને શ્રાવકધર્મના પ્રકાર વિગેરે આપણે જોઈ આવ્યા. હવે જણાવે છે કે આ બે ધર્મનો આધાર સમ્યગ્દર્શન ઉપર છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ જણાવતાં કહે છે-તીર્થંકરદેવોએ કહેલ જીવાદિ તત્ત્વની અંદર શ્રદ્ધા તે સમ્યક્ત્વ કહીએ. તે સમ્યક્ત્વ સ્વભાવિક ને

ગુરૂના ઉપદેશથી થાય છે. સ્વાભાવિક સમ્યક્ત્વ તે અનાદિકાળથી જીવને સંસાર સમુદ્રમાં રખડાય રખડયા નદી-ઘોલના ન્યાયે એવા શુદ્ધ પરિણામે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તે સ્વાભાવિક સમ્યક્ત્વ કહીએ. જ્યારે ગુરૂના ઉપદેશથી સંસારની ભયંકરતા જાણે ને મોક્ષમાર્ગનું ધ્યેય જીનેશ્વર ભગવાને કહેલા તત્વોમાં શ્રદ્ધા થાય જે પ્રાયે બહુલ જીવોને આ બીજા પ્રકારથી સમ્યક્ત્વ થાય છે, તેથી જ જ્ઞાની ગુરૂનો ઉપદેશ શ્રવણ એ ભવી આત્માને પરમ હીતકારી છે. એટલે જ્યાં જ્યાં જીનેશ્વર ભગવાનની સ્યાદ્વાદ ભવવિનાસીની વાણી સાંભળવાનો પ્રસંગ મળે ત્યાં ત્યાં સંસારથી ઉગરવાને ઇચ્છતો આત્મા પ્રમાદ છોડીને તૈયાર જ હોય. આ સમ્યક્ત્વનો મહિમા 'પૃથ્વીતલમાં કોણ ગાઈ શકે ? કે જેના વિના અતિ દુષ્કરમાં દુષ્કરજ્ઞાનને ચારિત્ર એ અલ્પફળવાળા બની જાય છે.

દુર્ભેદ એવી જે અનાદિકાલની ગ્રન્થી તેનો ભેદ કરવાથી આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. ત્યારબાદ ઉત્તરોત્તર શ્રાદ્ધત્વને શ્રમણત્વ પ્રાપ્ત કરી ક્ષપક શ્રેણીએ આરૂઢ થઈ કેવળજ્ઞાન પામી ઉત્તમોત્તમ પૂર્વે વર્ણવેલ એવા મોક્ષપદને પામે છે.

આ પ્રમાણે સૂરીશ્વરની દેશના સાંભળ્યા બાદ ગુણસેન રાજા હાથ જોડી કહેવા લાગ્યો કે =હે ભગવાન હું ભાગ્યશાળી છું. આપની અમૃતમય દેશના સાંભળી મારા કર્ણ ખરેખર પવિત્ર થયા છે કૃપા કરીને મને 'સમ્યક્ત્વ મૂલ બાર વ્રત." આપો, તે સાંભળી ગુરૂદેવે પણ વિધિ સહિત તેને વ્રત ઉચ્ચરાવ્યા. ત્યારબાદ રાજા સૂરીવરને નમસ્કાર કરી પોતાના પરિવાર સહિત નગરની અંદર પ્રવેશ કરી. ભોજન ઈત્યાદિક ક્રિયા કરી.

ફરી પાછા સંધ્યાકાલે (સાંજના વખતે) પણ મુનિવર પાસે જઈ ઉપદેશ સાંભળવા લાગ્યો એ પ્રમાણે દરરોજ બેય વખત ઉપદેશ રસાયન સાંભળતા આ પ્રમાણે તે રાજાના ત્રીસ દિવસ શ્રાવકપણામાં નિશ્ચલ રીતે નિર્ગમન થયા.

ગુણસેન રાજાને થયેલ વૈરાગ્ય

માસકલ્પ પૂરો થયે છતે સૂરીશ્વર. તે નગરથી વિહાર કરી ગયા. હવે આ બાજુ મુનિવરને ગયે કેટલા દિવસ થયે છતે એક દિવસ રાજા પોતાના પ્રાસાદ ઉપર બેઠેલ છે તે વખતે શો બનાવ બન્યો કે જેના પ્રતાપે રાજાને વૈરાગ્ય થાય છે. તે જણાવતાં ચરિત્રકાર શ્રીમદ્ પ્રદ્યુમ્ન સૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે=

हाहाकाररवा पूर्णं, परिदेवितगर्भितम्॥ डामरं डिंडिमध्वानं शुश्राव श्रुतिदुःश्रवम्॥३१४॥

અર્થ=દિગ્યાત્રા કરવામાં નિત્ય ઉદ્યત એવા યમરાજની જીવલોક શત્રુ પ્રત્યે જાણે પ્રયાણના ઢક્કાજ ન હોય તેવી ને ભવરૂપ જે રાક્ષસનો અટ્ટહાસ ન હોય તેવી રીતે હાહાકાર અવાજથી ભરપુર કાનને ન સંભળાય તેવો ભયંકર અવાજ સાંભળ્યો. રાજાએ તે જ ક્ષણે ચાર પુરૂષે ઉપાડેલ પોતાના ડિંડિમને સ્વજનોથી રોવાતા એવા એક શબ (મડદું) જોયું આ જોતાંની સાથે રાજા સંસારની અનિત્ય ભાવનામાં આરૂઢ થયા ગુણસેન રાજા આ સંસારને ઇન્દ્રજાલ સરખો માનતો વિચાર કરે છે કે-

ધન્ય છે તે મુનિઓને કે જેઓ ત્રૈલોક્યના બન્ધુ સમાન જિનેશ્વર દેવના શાસનને પામીને સર્વવિરતિ એટલે પંચ મહાવ્રત પાલન કરવામાં ઉદ્યત છે અને સર્વ દોષથી રહિત ભિક્ષા પ્રાપ્ત કરી સંયમનો નિર્વાહ કરનારા છે આઠ પ્રવચન માતાનું નિત્યે પાલન કરનારા છે તે ચાર પ્રકારના અભિગ્રહ ને તપને ધારણ કરનારા છે. વળી અઢાર હજાર શીલાંગ રથના ભારને ધારવાવાલા અને પ્રથમ રૂપ અમૃતથી ભરપુર હોઈ પૃથ્વી તલ ઉપર વિચરી ભવ્ય જીવોને પ્રતિબોધ કરે છે. અન્તે તીર્થંકર દેવોએ કથિત કરેલ માર્ગે પાદપોપગમન અનશન અંગીકાર કરી ચાર શરણના સ્વીકાર પૂર્વક દેહને છોડે છે તે મુનિવરોને ધન્ય છે ! ! !

તેવી રીતે હું પણ ભવરૂપ સમુદ્રને પાર ઉતારનાર વિજયસેન નામ ગુરૂવરની પાસે જઈ તેમની પાસે ચારિત્ર અંગીકાર કરી પૂર્વવિધિએ હું પણ દેહનો ત્યાગ કરીશ એમ વિચાર કરી રાજાએ પોતાના સુબુદ્ધિ આદિક મંત્રીને બોલાવી પોતાનો અભિપ્રાય તેમને જણાવ્યો. મંત્રીઓ પણ રાજાના અભિપ્રાયને સંમત થયા. તે દિવસથી જિનમંદિરની અંદર અષ્ટાન્હિકા મહોત્સવનો પ્રારંભ કરાવરાવ્યો, દીન-ગરીબને દાન દઈ કુટુંબીજન તથા નાગરિક લોકોને સન્માન કરી પોતાના મોટા પુત્ર જે ચંદ્રસેન કુમાર તેમને રાજ્ય ઉપર બેસાડી શુભભાવના ભાવતો એટલે હું સવારે ગુરુ પાસે જઈ વ્રત ગ્રહણ કરીશ એ પ્રમાણે વિચારતો રાત્રે કાઉસ્સગ્ગ ધ્યાને પોતાનાં મંદિરમાં રહ્યો.

અગ્નિશર્મા દેવનો ઉપસર્ગને પ્રથમ ભવની સમાપ્તિ

આ બાજુ અગ્નિશર્મા નિયાણું કરવાથી અનશન કરી કાલ કરીને દશભુવનપતીમાંના વિદ્યુત્કુમાર ભુવનમાં દોઢ પલ્યોપમના આયુષ્યવાળો દેવ તરીકે ઉત્પન્ન થયો.

વિભંગજ્ઞાનથી પોતાનો પૂર્વભવનો સર્વ વૃત્તાંત જાણી ગુણસેન રાજાને કે જે ભાવથી ચારિત્રને પામેલ હાલ કાયોત્સર્ગમાં રહેલ છે તેને ઉપસર્ગ કરવા આવ્યો અને ઘણા ક્રોધથી ધમધમેલો એવા આ અગ્નિશર્માના જીવે રાજાને પ્રતિમારૂપે કાઉસગ્ગ ધ્યાનમાં ગુણસેન રાજાને જોવા પૂર્વ દિશાના પ્રચંડ તાપવાળા સૂર્યથી તપી ગયેલી ધુળનો આ ધુળદેવે રાજા ઉપર વરસાદ વરસાવ્યો. તપેલી રેતીથી ન સહન થાયે એવી રીતે બળતા છતાં આવા ઉપસર્ગમાં પણ સાત્ત્વિક શિરોમણી ગુણસેન ભૂપતિ વિચાર કરે છે===કે શારીરિકને માનસિક દુઃખથી ભરપૂર એવા સંસારમાં દુઃખ પામવું સુલભ છે. પણ ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. હું ભાગ્યશાળી છું. કે જેથી આ અનાદિકાલથી સંસાર સાગરમાં મેં ક્રોડોએ ભવે દુર્લભ એવું ધર્મચિંતામણી પ્રાપ્ત કર્યુ. ધર્મના પ્રભાવે કોઈપણ કાલે આત્મા દુર્ગતિમાં જતો નથી મારા અનેક ભવોમાં આ ભવ સફળ થયો એટલે આ દુઃખ તો મારે આનંદનો વિષય છે પણ દુઃખ એટલું જ થાય છે કે અગ્નિશર્માએ મારા નિમિતે નિયાણું બાંધી કર્મ ઉપાર્જન કર્યું અને સંસાર વધાર્યો વિચારો પુણ્યવાન્ આત્માઓની ભાવના કેવા પ્રકારના હોય છે દરેક પ્રાણીઓમાં મેં હાલ મૈત્રી અંગીકાર કરી છે ને તેમાંયે પહેલાં મારાથી પરાભવ કરાયેલ અગ્નિશર્માની અંદર વિશેષે કરી મૈંત્રી ધારણ કરૂં છું,

આવી શુભભાવના ભાવતાં પાપી અગ્નિશર્મા દેવથી હણાયેલ ગુણસેન રાજા મરીને સૌધર્મ દેવલોકમાં ચંદ્રાનન નામના વિમાનમાં એક સાગરોપમની સ્થિતિવાળા દેવતા થયો ને ક્ષણવારમાં જ દિવ્ય દેહનો ધારણ કરનાર દેવ પ્રગટ થયા.

પ્રથમ ભવનો ઉપસંહાર.

અજ્ઞાનને જ્ઞાન ભેદથી અગ્નિશર્મા એ ભુવનપતિ થયો ને ગુણસેન રાજા ગૃહસ્થ હોવા છતાં પણ દેવલોકે ગયો.

અગ્નિશર્મા ક્રોડ ક્રોડ પૂર્વ વર્ષ સુધી માસખમણને પારણે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા કર્યા છતાં અજ્ઞાનકષ્ટ હોવાને લીધે સમ્યક્‌દર્શનના અભાવે કઈગણું બાહ્ય તપ કર્યા છતાં પણ ભવ ભ્રમણ સિવાય બીજું કાંઇ જ ફળ મળતું નથી. અહીંયાં ક્રિયા વાંજણી નથી ભુવનપતિ દેવલોકમાં ગયેલ છે. તે અજ્ઞાન કષ્ટવાલી તપશ્ચર્યાને જ આભારી છે તપનું અજીર્ણ ક્રોધ તે આ અગ્નિશર્માનું દૃષ્ટાંત આપણને બરાબર સાક્ષી પુરે છે. સારી વસ્તુ પણ યોગ્ય રીતે ન સેવાય તો અનર્થકારી નિવડે છે એટલે વસ્તુ ખોટી નથી. આજે તો વસ્તુની આરાધનારની ખામી કે દંભના લીધે તત્ત્વ ઉપર ઘા કરનારાઓએ આ વસ્તુ ખુબ વિચારવાની છે. વારંવાર ભુલ થવા છતાં પણ સરળ સ્વભાવી ગુણસેનરાજા ધર્મ પામે છે. શુભ ભાવનામાં ઉપસર્ગને પણ સહન કરવા તૈયાર બને છે. સમ્યક્‌ત્વ ગુણ પામેલા આત્મા અને નહીં પામેલ આત્માની આવા પ્રસંગે જ કસોટી થાય છે. પોતાના માન-પાન ખાતર ધર્મ કરનાર આત્મા જે દિવસે પોતાનું માન-પાન નહીં સચવાય જે દિવસે ધર્મને કયા ખૂણામાં ફગાવી દેશે તે કલ્પવું અશક્ય છે. એવાઓ પોતાના આત્માનું કે નાયક હોય તો બીજાઓનું પણ ભલું કરી શકતા નથી. અગ્નિશર્માને પણ વૈરાગ્ય આવેલ પણ તે વૈરાગ્ય આત્મબુદ્ધિએ નથી. પણ પોતાના પરાભવને અંગે છે અને તે પૌદ્‌ગલિક વાસનાઓ જ તેને ભવ ભ્રમણનિ કરાવનાર બલ્કે નિયાણું કરાવનાર બને છે. વળી તેવા વૈરાગ્યથી સંસાર છોડનાર પણ જો જૈન દર્શનના ગીતાર્થની નિશ્રાએ હોત તો દુષ્ટવાસના નીકળવાનો સંભવ રહેત જે પ્રસંગ આત્મધ્યાન અને નિયાણું કરવાનો આવ્યો તે જૈન સાધુના આચાર વિચાર મુજબ આવેજ નહીં. અને એટલા જ માટે ગીતાર્થની નિશ્રાએ અજ્ઞાનીને પણ સાધુપણું અને મોક્ષ માર્ગનો આરાધક ગણાવેલ છે.

ગુણસેનરાજા ધર્મનું સ્વરૂપ જ્ઞાની ગુરુ પાસેથી બરાબર સમજેલ છે. માટે જ ઉપસર્ગના ટાઈમમાં પણ ચિત્તની સ્વાસ્થ્યતા રાખી શકે છે. માટે આરાધક બનનાર આત્માએ જ્ઞાનીની નિશ્રાએ આત્મકલ્યાણની દ્રષ્ટિએ યથાશકિત ધર્મ કાર્ય તત્પર રહી અનાદિકાલથી આત્માને હેરાન કરનારા વિષય કષાયરૂપી શત્રુઓને જીતવા તત્પર બનવું જોઈએ. હવે બીજા ભવમાં વિના કારણે શત્રુ બનેલો અગ્નિશર્મા-ગુણસેન રાજાને હેરાન કરી પોતે પાપકર્મથી ભારે બનતો જાય છે અને પુણ્યાવન એવો ગુણસેન રાજાનો જીવ સમભાવે સહન કરી ઉત્તરોત્તર સાચા સુખને મેળવે છે તે બીજા ભવોમાં આપણે જોઈશું.-

इति श्री प्रद्युनाचार्य विरचित समरादित्य संक्षेपे गुणसेन अग्निशर्माख्यः प्रथमभवः समाप्तः



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

પ્રશ્ન ૪૪૧- તીર્થંકરનું ફેરવ્યું ફરે છે કે નહિ ?

સમાધાન- ના, ફરતું જ નથી. જો ફેરવ્યું ફરતું હોય તો અધર્મ રહે જ નહિ, કારણ કે ધર્મના સ્વરૂપમાં તીર્થંકરોથી પણ પલટો થઈ શકતો જ નથી. ધર્મને અધર્મ બનાવવાની અને અધર્મને ધર્મ બનાવવાની તાકાત તીર્થંકરોમાં પણ નથી.

પ્રશ્ન ૪૪૨- "આસવા તે પરિસવા અને પરિસવા તે આસવા" અર્થાત્ નિર્જરાના કારણ તે બંધના કારણ અને બંધના કારણ તે નિર્જરાના કારણ બને છે તો પછી ધર્મ અધર્મ રૂપ કેમ ન થાય ?

સમાધાન- મહાનુભાવ ! "બંધના કારણ તે જ નિર્જરાના કારણ" એ જ શબ્દો પકડી લઈ એ તો જગતમાં બંધ જેવો પદાર્થ નહિ રહે, અને તે નહિ રહે એટલે બંધના કારણ પણ શી રીતે બોલી શકાય ! અને તે જ પ્રમાણે નિર્જરા પદાર્થ પણ નહિ રહે, અને નિર્જરાતત્વ ન માનીએ તો નિર્જરાના કારણ એ પણ કેમ કહેવાય ! ત્યારે "આસવા તેને પરિસવા" ઇત્યાદિનો પરમાર્થ ખોટો છે ? એમ તમારા દિલમાં થશે પણ તેનો પરમાર્થ જુદો છે. એ સૂત્ર કહેવાની મતલબ એ છે કે જેમ એક વૈદ્યને ઘેર ભીલ આવ્યો, અને તે બોલ્યો અરે ! ભુંડા વૈદ્ય તારૂં નખ્ખોદ જાય કે મારી આંખો જાય છે જલ્દી દવા બતાવને !!!

વૈદ્ય કોઇ બીજા કાર્યમાં ગુંથાયેલ હોવાથી, તેમજ તે વૈદ્ય કામમાં અકળાયેલ હોવાથી અને ભીલની ગાળો સાંભળીને ગુસ્સે થયેલો હોવાથી કહી દીધું કે જા ! થોરીયાનું દુધ આંખે લગાવ. જાડી બુદ્ધિના ધણી ભીલે થોરીયો કાપીને દુધ આંખમાં લગાડયું. આંખો મટી ગઇ અને આંખો સાજી થઇ અને તેના બદલામાં ભેટમાં કેરીનો ટોપલો ભરીને વૈદ્યને ઘેર ગયો. કેરીઓ આપી અને બનેલી હકીકત પણ કહી. વૈદ્ય વિચારમાં પડ્યો કે થોરીયાનું દૂધ અને તે દૂધથી આંખ સાજી બને શી રીતે ? તેથી તે નિર્ણય કરીને તે ભીલ સાથે કાપી લાવેલા થોરીયાનું સ્થાન જોવા ગયા. થોરીયો ઘીની બરણીમાં ઉગેલો હોવાથી વિચાર્યું કે થોરીયાની ગરમી ઘીએ હરી લીધી. આ ઉપરથી આંખની દવા થોરીયાનું દૂધ

જ છે એમ કહેવાય નહિ. મુખ્ય સ્વભાવે થોરીયાનું દૂધ અંધાપો જ કરે, પણ ઘીનો સંજોગ મળે તો દવા રૂપ પણ થાય; તેવી રીતે મુખ્યતાએ કર્મ બંધનના કારણ કર્મ બંધ કરે પણ બંધના કારણોની સાથે પરિણતિની શુદ્ધિ મળે તો જરૂર નિર્જરા થાય. નિર્જરાના કારણ જોડે બંધની પરિણતી ભરી હોય તો સજ્જડ કરાવે અને બંધના કારણ જોડે નિર્જરાની પરિણતી ભળી હોય તો સજ્જડ નિર્જરા કરાવે.

પ્રશ્ન ૪૪૩- સયોગી કેવળી મોક્ષે જાય ?

સમાધાન- ના, ત્રણે કાળમાં સયોગી કેવળી મોક્ષે જતા નથી, ગયા નથી અને જશે પણ નહિ. આંખની પાંપણ હાલે ત્યાંસુધી એકવિધ બંધક, છ સાત કે અષ્ટકવિધ બંધ હોય છે; અર્થાત્ આંખની પાંપણ હાલે ત્યાં સુધી કર્મની આવક ચાલુ છે.

પ્રશ્ન ૪૪૪- સમકીતી, ભવ્યો, દેશવિરતિ, સર્વવિરતિ મોક્ષે જાય ?

સમાધાન- હા, જાય. શું ત્યારે સમકિતી અને ભવ્યો, દેશવિરતિ, અને સર્વવિરતિઓ, સયોગી કેવળીઓ કરતા વધારે ઉચ્ચ કોટીના છે ? એ બિના તમારા મનમાં આવશે તો તેમ નથી પણ સમકિતી, ભવ્ય, દેશવિરતિ, સર્વવિરતિ માટે જે નિયમ બાંધીએ છીએ તે તે ની અંતિમ અવસ્થાને ધ્યાનમાં લઈને મોક્ષનો ઉપચાર કરીએ છીએ, અને સયોગી અવસ્થામાં ના કહીએ છીએ તે તેમની વર્તમાન અવસ્થા ધ્યાનમાં લઈને વિચારણા કરીએ છીએ.

પ્રશ્ન ૪૪૫- ચોથા ગુણઠાણાવાળો મોક્ષે જાય !

સમાધાન- ના, ચોથા ગુણઠાણે રહ્યા છતાં મોક્ષે જાય નહિ.

પ્રશ્ન ૪૪૬- સયોગી અવસ્થામાં બંધ છે તો સયોગી થવાનો વખત શી રીતે આવે ?

સમાધાન- તે ગુણઠાણામાં તે યોગોથી બંધ છે તે અલ્પ છે પણ નિર્જરાનો નિર્મળ ઝરો વહે છે, તેથી શુદ્ધિ બહુ જોર શોરથી થાય છે. તેર ગુણઠાણામાં એવા એક પણ સમય નથી કે જે નિર્જરા અને બંધ વગરનો હોય ! વિ. નિર્જરાના પૂર પ્રવાહથી સયોગી અવસ્થામાંથી ખસી અયોગી થઈ શકે તે માનવા ! લેશ પણ અડચણ નથી.

પ્રશ્ન ૪૪૭- ચૌદમા ગુણઠાણામાં બંધ નહિ અને નિર્જરા ઘણી એ વાત ખરી છે ?

સમાધાન- હા. ગુણઠાણું નિર્જરાથી ભરપૂર છે. અને અંતમા (પાંચ હ્રસ્વાક્ષરમાં) મોક્ષ.

પ્રશ્ન ૪૪૮- ઉપસર્ગ એ બંધનું કારણ અને નિર્જરાનું કારણ શી રીતે ?

સમાધાન- ઉપસર્ગ એ નિર્જરાનું કારણ શ્રી વીરદેવને થયું અને તે જ ઉપસર્ગ સંગમને બંધના કારણ રૂપ થયો, જે કરણી સમકિતીને નિર્જરા રૂપ થાય તે જ કરણી પ્રત્યે રોષવાળા મિથ્યાત્વીને બંધનું કારણ થાય-અર્થાત્ ઉપસર્ગની જેવી ચીજ બંધ અને નિર્જરાનું કારણરૂપે પરિણામે છે; તે પવિત્રા પવિત્ર પરિણામને આધીન છે.

પ્રશ્ન ૪૪૯- બંધનું કારણ તે નિર્જરાનું કારણ ન થાય અને નિર્જરાનું કારણ તે બંધનું કારણ ન થાય તે શી રીતે ?

સમાધાન- કર્મબંધ કરવાના પરિણામરૂપ પરિણતીની અપેક્ષાએ નિર્જરાનાં કારણો તે બંધરૂપ થઈ જાય, અને નિર્જરાની પરિણતિની અપેક્ષાએ બંધના કારણો નિર્જરારૂપ થઈ જાય.

પ્રશ્ન ૪૫૦- અણસણ અને જિનકલ્પઆદિ હાલ છે કે નહિ ?

સમાધાન- નથી; ના કહેવામાં નકારના બે પ્રકાર છે ૧. કરવાની શક્તિ હોય કરો છતાં થાય નહિ. ૨. શક્તિ ન હોય અને તેથી ન થાય તે શક્તિ નથી તેથી થાય નહિ, પણ શક્તી હોય અને કરે તો શાસ્ત્રકારને અડચણ આવે છે એમ નથી. અર્થાત્ અણસણ જિનકલ્પ, કેવળજ્ઞાન આદિ કરવાની શક્તિ આત્મામાં છે. ચક્રવર્તી નથી એટલે ચક્રવર્તીના ભાગ્યવાળો હાલ કોઇ નથી તેથી ચક્રવર્તી નથી. જેમ મોક્ષ નથી, કેવળજ્ઞાન નથી અને તે પામવા બેસો, મોક્ષ પામવા માટે પ્રયત્ન કરો તો શાસ્ત્રકાર હાથ રોકતા નથી.

પ્રશ્ન ૪૫૧- દિગંબરો જિનકલ્પી ખરા કે નહિ ?

સમાધાન- ના, સ્થંડિલની શંકા થઈ શુદ્ધ જગ્યા ન મળે તો પાછા આવે, બીજા દિવસે શુદ્ધ જગ્યા ન મળે તો પાછા આવે એવી રીતે છ માસ સુધી શુદ્ધ જગ્યા ન મળે તો સ્થંડિલ કર્યા વગર જિનકલ્પીઓ પાછા આવે એવી રીતે હાલ તે દિગંબરો રહી શકતા નથી.

ચોથો પહોર બેસી ગયો હોય તો ચોથે પહોરે કાંટા પર પગ આવે તે વખતે કાંટાપર પગ મૂકી કાઉસગ્ગ ધ્યાનમાં બીજા દિવસના બપોરના બાર વાગ્યા સુધી તે જિનકલ્પીઓ સ્થિર રહે છે. અને ખરી રીતે, જ્યાં દિગંબર સાધુઓ નાગા ફરે છે ત્યાં રહે છે, અને ત્યાં દિગંબર શ્રાવકો આજુબાજુ લાકડાં સળગાવે છે; લાકડાં સળગાવતાં પગ પણ દાજી જાય છે એવી વાતો પણ પ્રથમે સાંભળવામાં આવી છે. અર્થાત્ સ્થવિર કલ્પીના સામાન્ય આચાર પણ પાળી શકવાને શક્તિહીન એવાઓને જિનકલ્પી કહી દેવાં તે કેવળ મૂર્ખાઇ છે.

પ્રશ્ન ૪૫૨- જમાના પ્રમાણે વર્તવું કે જમાનાની સામે વર્તવું ?

સમાધાન- તમારા હિસાબે પણ જમાનાની સામે વર્તવું કારણકે શિયાળાના જમાનાએ ટાઢ મોકલી છતાં પટારામાંથી શાલ, દુશાલા કેમ કાઢો છો ? ઉનાળાએ ગરમી મોકલી છતાં બુટ-છત્રી કેમ વાપરો છો ? તમે તમારી શારીરિક સ્થિતિના બચાવ માટે જમાનાની સામે ધસો છો એ તમારી કરણી જમાના સામે ધસવાની કબુલાત કરે છે. શિયાળા અને ચોમાસામાં ગરમ કપડાં શા માટે પહેરો છો ? તમો જમાનાની સામે ધસો છો, કે જમાનાને અનુકૂળ વર્તો છો ? એ તમારા વર્તનને પૂછી જુઓ. શરીર રક્ષણના ધ્યેયને અનુસરીને જમાનાની સામે ધસો છો. જો આ નિયમ તમારે કબુલ છે તો પછી ધર્મના સંરક્ષણ માટે અધર્મની સામે ધસતાં કેમ કંપો છો ! ! !

પ્રશ્ન ૪૫૩- આ તો તમે ઋતુકાળની વાત કરી ?

સમાધાન- ઋતુ એ કાળવાચક છે બીજી કોઈ ચીજ છે ? જમાનો એટલે તમારે કાળ કહેવું છે કે બીજું કંઈ ? અને જમાનો એટલે જો મગજનો પવન કહેવો હોય તો તમારી વાત તમે જાણો.

પ્રશ્ન ૪૫૪- પોતાની સગવડ ખાતર મિથ્યાત્વીઓ વનસ્પતિ-કાયમાં જીવ છે પણ તે જીવોને વસ્તુતઃ સુખદુઃખ નથી એ બિના ખરી છે ?

સમાધાન- ન્યાયની અદાલતમાં ધનવાન કે નિર્ધન, મૂર્ખ કે બુધ્ધિમાન, બાલ્ય કે વૃધ્ધ, કુટુંબવાળો છે કે વગર કુટુંબવાળો, રોગી છે કે નિરોગી, એવો પ્રકાર તે ન્યાય જોઈ શકતો નથી, તેવી રીતે ધર્મના સ્વરૂપને, પુણ્યના સ્વરૂપને, પાપના સ્વરૂપને વાસ્તવિક રીતે ન્યાયની તુલનાથી તોલો, અર્થાત્ પરિણતિરૂપ તુલનાથી તોલો તો માલમ પડશે કે તમારો આત્મા સુખ દુઃખ અનુભવે છે; તેમ તે વનસ્પતિના જીવો પણ અનુભવે છે.

ચક્વર્તીપણું	હોવાથી	પાપ	માફ	થતું	નથી.	પંચેન્દ્રીયપણું	હોવાથી	પાપ	માફ	થતું	નથી.
ગરીબપણું	”	”	”	”	”	ચૌરેન્દ્રીયપણું	”	”	”	”	”
બુધ્ધિમાનપણું	”	”	”	”	”	તેરેન્દ્રીયપણું	”	”	”	”	”
ચોથો આરો	”	”	”	”	”	બેઈંન્દ્રીયપણું	”	”	”	”	”
પાંચમો આરો	”	”	”	”	”	એકેન્દ્રીયપણું	”	”	”	”	”

અર્થાત્ ન્યાયાસને બેઠેલો ન્યાયાધીશ ઈતર સંજોગો પર ધ્યાન આપતા નથી. સગવડ ખાતર વનસ્પતિકાયમાં જીવ છે પણ સુખ દુઃખની લાગણી નથી એવું કહેવું તે તદ્દન ગેરવ્યાજબી છે.

પ્રશ્ન ૪૫૫- ધર્મ કહેલો કે કરેલો ?

સમાધાન- કરેલો નથી, અર્થાત્ નવો બનાવ્યો નથી. વસ્તુત : ઉપદેશ દ્વારાએ ધર્મ કથન કરેલો છે. દેશ ભેદે ધર્મ તે અધર્મ રૂપ થઇ જતો નથી, કાળ ભેદે ધર્મ તે અધર્મ રૂપ થઇ જતો નથી, દ્રવ્ય ભેદે ધર્મ તે અધર્મ રૂપ થઈ જતો નથી, આથી અનાદિ કાળથી એક સરખી પ્રરૂપણા રૂપે ધર્મ ચાલ્યો આવેલો છે. તેથી જ જિનપન્નતં એટલે જિનેશ્વર પ્રરૂપેલો ધર્મ છે પણ નવીન કરેલા નથી.

પ્રશ્ન ૪૫૬- નિત્યતામાં તમે બે સ્થાન કહો છો અને સર્વસ્થાન અશાશ્વત કહો છો તે શી રીતે ?

સમાધાન- મહાનુભાવ ! મધ્યસ્થાનો અશાશ્વત છે તે અપેક્ષાએ સર્વસ્થાન અશાશ્વત છે; બાકી અનાદિનું એકેન્દ્રિય સ્થાન નિત્ય છે અને સિદ્ધનું સ્થાન પણ નિત્ય છે.

સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી ઉધ્ધૃત કરેલ કેટલાક સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક : ચંદ્રસાગર)

૫૩૧ સર્વવિરતિ=કલ્યાણ, અવિરતિ=પાપ અને દેશવિરતિ=ઉભય (કલ્યાણ+ પાપ) ત્રણ માર્ગનું યથાસ્થિત સ્વરૂપ સમજી ડાહ્યો વેપારી લાભદાયી માર્ગને સ્વીકાર્યા વગર રહેતો નથી.

૫૩૨ શ્રાવક શ્રાવિકાની ગેરહાજરીમાં પણ સાધુપણાનો સ્વીકાર શાસ્ત્રકારો કરે છે, પણ વીસમી સદીના નામધારી વિવેકીઓને એ અમૃત જેવી વાત પણ વિષ જેવી લાગે છે.

૫૩૩ શ્રાવક શ્રાવિકાની હયાતિ હોય તો જ સાધુ થઈ શકે એમ માનનારાઓએ અતીર્થ સિદ્ધ નામના ભેદ ઉપર હડતાળ મૂકવી પડશે એ વિચાર્યું છે ?

૫૩૪ જમાના પ્રમાણેનું વર્તન એ ધર્મ નથી પણ હળાહળ વિષ છે.

૫૩૫ અનાદિકાળના જુઠ્ઠા દસ્તાવેજ પર સહી કરનારને પ્રભુ આગમની અલૌકિક વાતો ગમતી નથી એ પણ એક કમનશીબી છે.

૫૩૬ ધર્માસ્તિકાયાદિકને આત્મા સાથે સીધો સંબંધ હોય કે ન હોય પણ તે આત્માને વાસ્તવિક ઉપયોગી નથી.

૫૩૭ જેનાથી અનર્થની ઉત્પત્તિ થતી હોય તે છોડવા લાયક છે અને જેનાથી અનર્થની ઉત્પત્તિ ન હોય તે છોડવા લાયક નથી.

૫૩૮ નિશ્ચય નયની અપેક્ષાએ આદરવા લાયક અને છોડવા લાયક એમ બે પ્રકારના પદાર્થો છે, અને વ્યવહારના અપેક્ષા લઈએ તો જાણવા લાયક એવો ત્રીજો પ્રકાર ગણી શકાય છે.

૫૩૯ છોડવા લાયક, અને આદરવા લાયક પદાર્થોમાં પણ જ્ઞેયપણું રહેલું છે.

૫૪૦ "उभयंपि जाणइ सोच्चा" એ પદાર્થનો પરમાર્થ જાણનારા સર્વવિરતિના સર્વોત્તમ માર્ગને સહેલાઈથી સમજી શકે છે.

૫૪૧ બૌદ્ધમતમાં જ્ઞેય અને અજ્ઞેય બે, વિભાગ માનેલા છે એ માન્યતાનો અસર્વજ્ઞપણાને સ્વીકાર કરે છે.

૫૪૨ ઇષ્ટ દેખવું અને અનિષ્યને ન દેખવું એવા પ્રકારનું બૌદ્ધમતમાં મનાયેલું આત્મજ્ઞાન જૈન શાસનમાં નથી.

૫૪૩ દ્રષ્ટિવાળાની મરજી દેખીને દ્રષ્ટિ પ્રવર્તતી નથી, કારણ કે દીવો દીવો કરનારની મરજી જોઇને પ્રવર્તતો નથી.

૫૪૪ પાંચે ચારિત્રમાં સામાયિક એટલે સમતાભાવ એક સરખો રહેલો છે.

૫૪૫ શત્રુ તરીકે જૈન શાસનમાં કુટીલ કર્મરાજા પ્રસિદ્ધ છે.

૫૪૬ સમતાભાવ એ જ સામાયિક છે.

૫૪૭ જે વિષય કષાયમાં તણાઈ જતાં હતાં અને રાગદ્વેષના રંગરાગમાં તણાઇ જતાં હતાં તેના માટે સમતા ભાવરૂપ સામાયિક એ અવશ્યમેવ આદરણીય છે.

૫૪૮ આશ્રવના કાર્યોમાં જે મનપ્રવર્તતું હોય, તથા કર્મબંધન કરવા તત્પર થતું હોય તેથી બચવા માટે સમતાભાવ એ પરમ સાધન છે.

૫૪૯ સમતાની સડકથી વિમુખ થયેલાના મનમાં તીર્થંકરદેવો રાગી અને દ્વેષી છે એવા વિચારો ઘોળાયા કરે છે.

૫૫૦ ચક્રવર્તીના ચોપડામાં હાર શબ્દ હોતો જ નથી, છતાં તે ચક્રવર્તીઓ 'હાર' શબ્દ હસ્તે મોંઢે હરદમ સાંભળે છે.

૫૫૧ હારેલા કેસમાં હાર સાંભળતાં હાયવોય થાય તેવાઓ આજે વાસ્તવિક "હાર" શબ્દ સાંભળી શકતા નથી એ ખરેખર કમનસીબી છે.

૫૫૨ ધર્મકાર્યથી કાયર બનેલાઓ જ "અમે સંસારી છીએ" એવા પ્રકારની ઢાલ ધરી બચાવ કરે છે. ખરેખર ! તે આત્માઓને ધર્મની વાસ્તવિક કિંમત આંકી નથી.

૫૫૩ આંખ આખા જગતને જુએ છે પણ પોતાની આંખમાં રહેલ એબને જોઇ શકતી નથી, તેવી રીતે આત્માને પરપંચાત કરવાની એવી ટેવ પડેલી છે કે તે પોતાની પંચાત પ્રબલ પ્રયત્ને પણ કરી શકતો નથી.

૫૫૪ જીવનના કયા વિભાગમાં આત્માનું અવલોકન કરવાના છો ?

૫૫૫ જ્યાં તરનારા ડૂબે ત્યાં તે તરનારને પલ્લે પડનારાઓનું શું થાય ?

૫૫૬ અભાગિણી આંખના અવગુણમાં આત્મા આગ્રહી બન્યો છે અને તેથી જ આત્મા નિર્મળ છતાં એબવાળો છે.

૫૫૭ વિવેકને વેચી ખાનારા મનુષ્યો જાનવરથી પણ હલકી કોટીના છે.

૫૫૮ સાનુકૂળ સંજોગ સામગ્રી હોવા છતાં અભાગી આત્મા બેનશીબ રહે છે.

૫૫૯ બાળ વર્ગની અવગણના કરનારાને આજે પ્રોફેસરો જોઈએ છીએ ! ખરેખર ! મૂળ વગર ફળ ફુલની પ્રાપ્તિ જ નથી તો પછી બાળ વર્ગ વગર ઊંચી કક્ષાએ પહોંચવાવાળા પ્રોફેસરો મળે ક્યાંથી ! ! !

૫૬૦ આત્માને ઓળખવાથી ફાયદો શો ? એ પ્રશ્ન કરનારના જવાબમાં એટલું પ્રશ્ન રૂપે કહેવું બસ છે કે હીરાને હીરા તરીકે અને કાંટાને કાંટા તરીકે ઓળખવાથી ફાયદો શો ?

૫૬૧ હીરાને હીરા તરીકે માનવાથી હીરાનું તેજ વધી જતું નથી, તેમ તે હીરાનું તેજ ઘટી જતું નથી. હીરાને હીરા તરીકે માનનારો મહાન લાભ પામી શકે છે તે આજની ડાહી દુનિયાની જાણ બહાર નથી.

૫૬૨ જાણવાથી સારી યા નરસી પ્રવૃત્તિ તરફ અનુક્રમે ઉપાદેયતા અને હેયતા સહેજે સ્ફુરે છે.

૫૬૩ જીવે જીવને જાણ્યો નથી, તેથી જ ચારગતિની રખડપટ્ટી ચાલુ છે.

૫૬૪ આંધળો આંગણું દેખી શકતો નથી તેમ અજ્ઞાની આત્મા આત્મભાવને અવલોકી શકતો નથી.

૫૬૫ હું ભટકું છું, મારું ભટકવું દૂર થાય ઈત્યાદિ વિચારો ભાગ્યશાળીને આવે છે.

૫૬૬ સંગ્રહણીના અસાધારણ રોગમાં સપડાયેલ સગીરને રોગની ભયંકરતા સમજાતી નથી.

૫૬૭ મને સંગ્રહણી થઈ છે એ શબ્દ જેમ અણસમજુ સગીર બોલી શકે છે, તેવી રીતે અમે સંસારી છીએ એવું આજે અણસમજુઓ બોલે છે.

૫૬૮ સંગ્રહણી શબ્દ બોલતાં અણસમજુ સગીરના હૃદયમાં ચીરાડો પડતી નથી, તેવી રીતે અણસમજુ માણસના હૃદયમાં સંસારી શબ્દ બોલતાં પણ ચીરાડો પડતી નથી.

૫૬૯ સંગ્રહણી સમાન રાજરોગની ભયંકરતા કરતાં કંઇ ગુણી સંસાર રોગની ભયંકરતાએ ભવ્યાત્માઓ નીરખી શકે છે.

૫૭૦ સંસાર ઉદાસીન આત્માઓ સંસારરૂપ સંગ્રહણી રોગને સમજી શકે છે.

૫૭૧ શુદ્ધ દેવાદિને શુદ્ધ દેવાદિપણે માનવા માત્રથી સમકીત ચાલ્યું જતું નથી તેમ સમકિત આવી જતું પણ નથી.

૫૭૨ કુદેવાદિનું કુદેવાદિપણે માનવા માત્રથી મિથ્યાત્વ છે ! એ પણ વાક્ય અસંગત્ છે.

૫૭૩ કુળપરંપરાએ અભવ્યો પણ શુદ્ધ દેવાદિને શુદ્ધ દેવાદિપણે અને કુદેવાદિને કુદેવાદિપણે માને છે તેટલા માત્રથી સમકિત આવી જતું નથી.

૫૭૪ કુળની પરંપરાના કિલ્લામાં પડેલાઓ આજે શુદ્ધ દેવાદિને શુદ્ધ દેવાદિપણે સમજવાની પણ દરકાર કરતા નથી.

૫૭૫ ભોગના પિપાસુઓ ભટકતી જાતિમાં છે.

શ્રી સિદ્ધચક્રાય નમઃ

શ્રી નવપદ આરાધક સમાજ

દર વર્ષે નવનવીન તીર્થભૂમીનાં દર્શન કરવાં હોય, સર્વજ્ઞ કથિત અનુષ્ઠાનોમાં અમોઘ આનંદ લેવો હોય, ચતુર્વિધ સંઘના દર્શન સમાગમથી પાવન થવું હોય, અને આત્મોન્નતિના અનેકવિધ માર્ગમાં ગમન કરી કૃતાર્થ થવું હોય; તો ઉપરની સંસ્થાને તન મન, ધનથી મદદ કરવી એ આવશ્યક જ છે. એ શબ્દો તમારાં ક્ષણભંગુર જીવનમાં ક્ષણે ક્ષણે સ્મરણ થવાં જ જોઈએ.

ઑ. સેક્રેટરીઓ.
ઠે. શ્રી મુંબઈ વર્ધમાન તપ આયંબીલ ખાતું
લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

શાસન-પ્રભાવના

શ્રી મુંબઈ વર્ધમાન તપ આયંબીલ ખાતું

ઠે. લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

જગતભરમાં જૈનવસ્તીવાળા પ્રદેશમાં આચામામ્લનો (આયંબીલ) પ્રચાર થવો જોઈએ; અને તે માટે દરેક સ્થળે આચામામ્લ (આયંબીલ) ની સગવડ સાચવનારાં ખાતાં ખોલવાની ખાસ જરૂર છે. ગામ પરગામથી આર્થિક મદદ મળે તો ખાતાં ખોલાય તેવી રૂપરેખાની અરજીઓ ઉપર અરજીઓ આવે છે; જેથી ઉપરની રચનાને પગભર બનાવવા માટે ધનવાનોએ ધનથી ધરખમ લાભ લેવો જરૂરી છે.

આ ઉપરની સંસ્થા વાર્ષિક ખર્ચને પૂરી પહોંચી વળતી નથી. છતાં નવીન ખાતાં ઉઘડે અને પગભર થાય તે માટે બનતું કરે છે, પણ સાથે ધનવાનો ધનથી, અને બુદ્ધિવાનો બુદ્ધિબળથી ઉદ્યમ કરે તો જ જરૂર આ કાર્ય પાર પડે.

વધુ ખુલાસા માટે સંસ્થાના કાર્યવાહકને મળો અગર પત્રથી પુછો.

લી.
ઑ. સેક્રટરીઓ

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

પ્રભુ માર્ગના પૂજારીઓ ! ! !

પ્રભુ માર્ગના પૂજારીઓ સત્યના ભોગે શાંતિને ઈચ્છતા જ નથી ! ! !

પ્રભુ માર્ગના પૂજારીઓ શાંતિના ભોગે પણ સત્યની સેવનમાં

સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર છે ! ! !

પ્રભુ માર્ગના પૂજારીઓની હરકોઈ પ્રવૃતિ આગમ-વિરૂદ્ધ ન જ

હોય ! ! !

પ્રભુ માર્ગના પૂજારીઓ આગમને અવલંબીને જ શાસનનો અભ્યુ-

દય ઈચ્છે છે ! ! !

પ્રભુ માર્ગના પૂજારીઓ પરમાર્હત્ કુમારપાળની કાર્યદક્ષતા,

વસ્તુપાળના વર્તનની વિશિષ્ટતા અને

પરમવિદુષી મયણા સુંદરીની ધૈર્યતાનું

અનુકરણ કરવાને આજે ખડે પગે

તૈયાર છે ! ! !

પ્રભુ માર્ગના પૂજારીઓ પ્રભુ માર્ગ પોષક હોય પણ શોષક તો

ન જ હોય.

પ્રભુ માર્ગના પૂજારીઓએ આગમ અનુસાર સેવના કરનાર સેંકડોની
સુવર્ણાક્ષરે નોંધ લીધી છે.

ચંદ્રસા૦

REGISTERED NO. B. 3047.

ચાતુર્માસ અને આપણી ફરજ



શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૨૦ મો.	મુંબઈ, તા. ૨૨-૭-૩૩, શનિવાર અષાઢ વદ - ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

વિષયાનુક્રમ

ચાતુર્માસ અને આપણી ફરજ..... પાનું-૪૪૯

આગમોદ્ધારકની અમોઘ દેશના..... પાનું-૪૫૧

સાગર સમાધાન..... પાનું-૪૬૦

સુધા સાગર..... પાનું-૪૬૮

સાધુસંસ્થા ગુણ પ્રશંસા

(સવૈયા)

જૈનધર્મની જીવન પ્રભાને કોણે જગભર વિસ્તારી ?
કોણે મોક્ષતણાં અમૃતને દીધાં પૃથ્વીતલમાં ધારી ?
કોણે ત્યાગ તણી પ્રતિમાને નિજ જીવતરમાં ધારી છે ?
કોણે આ પૃથ્વીને નિજના તપતેજે શણગારી છે.
ધન્ય ! ધન્ય ! એ સાધુસંઘને વંદન આ જગ સદા કરે,
ભિષણ અહા ! આ ભવસાગરને તે જીવ તરીને મોક્ષ વરે.

હિંસાના હીમગીરીને ભેદી સત્યધર્મને પ્રકટાવ્યો ?
સ્યાદવાદ સુરતરૂના કણને દિવ્ય ભૂમિપથમાં વાવ્યો ?
ન્યાય નીતિની ભવ્ય ધ્વજાને કોણે નિજકરમાં ધારી ?
કોણે ધર્મતણી રક્ષાને કરી સદા જીવથી પ્યારી ?
ધન્ય ! ધન્ય ! એ સાધુસંઘને વંદન આ જગ સદા કરે,
ભિષણ અહા ! આ ભવસાગરને તે જીવ તરીને મોક્ષ વરે.

આ અમૃતફળને દેનારા સંઘતણો જે દ્વેષ કરે,
કોણ હશે એવો પામર જે સુધા દેખીને ડર્યા કરે ?
જે જન આ મધુરસ દેનારા વૃક્ષતણો પણ નાશ ચહે,
તે નિજ કાયાના પરિશ્રમને વિશ્વસકલમાં વ્યર્થ વહે !
ધન્ય ! ધન્ય ! એ સાધુસંઘને વંદન આ જગ સદા કરે,
ભિષણ અહા ! આ ભવસાગરને તે જીવ તરીને મોક્ષ વરે.

શ્રી સિદ્ધચક્ર.

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થઃ- દુષ્કર્મોને ભેદવામાં વજસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ
અંક ૨૦ મો

મુંબઈ, તા. ૨૨-૭-૩૩, શનિવાર.
અષાઢ-વદ ૦))

વીર સંવત્ ૨૪૫૯
વિક્રમ ,, ૧૯૮૯

ચાતુર્માસ અને આપણી ફરજ ! ! !

રાજસત્તાનું પોતાનું બળ ચાલે છે, તે જેટલું તેની શક્તિને અવલંબીને હોય છે; તેટલું જ તેના વિશાળ પ્રોપેગેન્ડાને પણ આભારી છે. એક સામાન્ય ગામડામાં રહેતા ગામડીયાને પણ એ શક્તિની પ્રચંડતાનો ખ્યાલ હોય છે અને તે સામાન્ય ગામડીયો પણ એ રાજસત્તાના ધુરંધરો હજારો કે લાખો ગાઉ દૂર હોવા છતાં, તેમને નમે છે. એ સઘળું થવામાં એકજ વસ્તુ કારણ ભૂત છે અને તે વસ્તુ તે એ છે કે **એ રાજસત્તાના ધુરંધરોનું પોતાની સત્તાને ગૌરવશીલ રાખવા માટેનું એક ધારૂં કાર્ય. રાજસત્તાની ગૌરવશીલતા પોષવાની પાછળ લેવાતો પરિશ્રમ આમ અનન્ય હોય છે. એ પરિશ્રમ કરતાં ધર્મસત્તાના ગૌરવને અખંડિત રાખવા માટે લેવાનારો પરિશ્રમ પણ ઓછો ન** હોવો જોઈએ-ઓછો ન હોઈ શકે.

રાજસત્તાને અને ધર્મસત્તાને જ્યારે ન્યાયના અખંડ અને અભંગ ત્રાજવામાં નાંખીને તોળીએ છીએ, ત્યારે હંમેશાં ધર્મસત્તાનું ત્રાજવું નમી જાય છે. તેના ગૌરવ તરફ સહૃદય આપણા નયનો ખેંચાય છે અને એ ગૌરવને આપણું હૈયું ભાવભીની આંખે નમી પડે છે. એક તરફ અમુક એક સંસ્થા કે મંડળનો સ્વાર્થ છે, બીજી તરફ સ્વાર્થ તદ્દન પ્રજાળી નાંખવામાં આવ્યો છે. એક તરફ પોતાના વચનો મનાવવા પહેલી સૂચના, પછી આગ્રહ, પછી આજ્ઞા અને પછી દંડ યોજાય છે, બીજી તરફ સનાતન સત્યો, તે

કોઈ સ્વીકારો કે ના સ્વીકારો તેની પરવા વિના માત્ર રજુ કરવામાં જ આવે છે. એક તરફ ધારાના ગુણગાન ગવાય છે, બીજી તરફ માત્ર જીવદયાના વાતાવરણનું રાજ્ય વિસ્તરે છે. આ છે ધર્મ સત્તાની ગૌરવશીલતા ! આ છે તેની મહાનતા ! ! અને આ છે તેની ઉત્તમતા ! ! ! આવી ધર્મસત્તા એટલે ધર્મનું વાતાવરણ સંસારમાં પ્રવર્તાવવાને માટે આપણે હિમાલયો તોડી નાંખીએ, સમુદ્ર સુકવી નાંખીએ કે બીજી કોઈ અશક્ય ઘટના સિદ્ધ કરીએ; તે પણ ઓછી છે. હવે આપણે વિચારીએ કે એ ધર્મનું વાતાવરણ ભૂમિતળમાં ઉતારવા આપણા શા પ્રયત્નો છે-શા પ્રયત્નો હોવા જોઈએ ? !

આ સંબંધમાં ચતુર્વિધસંઘની એટલે સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા એની ફરજ કાંઈ ઓછી નથી. હવે ચાતુર્માસનો આરંભ થઈ ગયો છે સાધુ મહારાજો અને સાધ્વીજીઓની સ્થીરતા જ્યાં ત્યાં નિશ્ચિંત થઈ ગઇ છે. આ સંજોગોમાં ધર્મનું વાતાવરણ આપણે સમસ્ત ભારતવર્ષમાં એવી રીતે જાગૃત કરી દઇએ, એવી રીતે પ્રસારી દઇએ કે એકવાર ફરી જૈનદર્શનની નામનાથી અને તેના સત્ય સિદ્ધાંતોની સુવાસથી જગતનો પ્રાણીવર્ગ પ્રફૂલ્લિત બની રહે, જૈનદર્શનના વિશાળ કમળાકરમાં ઊગેલા કમળસમાન આગમોનો પરાગ સર્વત્ર પ્રસરી રહે, અને જૈનત્વની દિગ્વિજયી છાયામાં જૈન જૈનેતરોને મીઠો વિશ્રામ મળતાં તેઓ પોતાના જીવનના અહોભાગ્ય નિરખી શકે. પણ એ બને શી રીતે ?

એનો એક જ માર્ગ હોય. જૈનદર્શને ચાતુર્માસ માટે શ્રાવક શ્રાવિકાઓ માટે જે ધર્મકાર્યો યોજ્યા છે, તેને બની શકતી શક્તિએ એકેએક જૈન ગૃહસ્થ અને જૈનસન્નારી ઉંચકી લે. સ્થળે સ્થળે નિવાસ કરી રહેલા સાધુજી મહારાજા અને સાધ્વીજી મહારાજાઓ ધર્મ દેશનાની ભવ્ય ઘોષણાથી સમગ્ર સ્થાનને ગરજાવી મૂકે અને તે એવી રીતે ગરજાવી મૂકે કે તેની સુવાસ દૂર દૂર ફેલાઈ જે સ્થળે સાધુમહારાજો કિંવા સાધ્વીજી મહારાજોનો નિવાસ ના હોય ત્યાંના પણ હજારો માનવજીવો ટોળેટોળા સાધુજી મહારાજાઓ પાસે ધર્મદેશના શ્રવણ કરવા ધસી આવે અને એ ધર્મદેશનામાંથી દરેક ભવ્યજીવ પોતાની બુદ્ધિશક્તિ પ્રમાણેનો લાભ ઉઠાવી પોતાનું જીવન સાર્થક કરે. સમાજમાં ધર્મને નામે શિથિલતાઓ ભરાઇ છે, જમાનાવાદને નામે અંધકારવાદ સમાજમાં ઘુસ્યો છે, બ્રહ્મચર્યની મહત્તાના યશોગાનને બદલે તેના ભંગમાં જ આનંદ માનવાની ઘોષણા સંભળાય છે અને કર્મનો નાશ કરવાની વાતોને ઠામે પ્રતિપળે કર્મસંચય વધારવાની જ લગની પ્રવર્તમાન થતી જાય છે. એ ભયંકર ભાવનાના નાળાં, એ વિષતૂલ્ય વાતાવરણનો કાદવ અને એ અનાર્ય જનતાને શોભતો અનર્થવાદ સઘળાંને પ્રજાળીને-સઘળાના પ્રભાવને નિર્મૂળ કરીને ત્યાં એક ધર્મનું જ સુંદરતમ સામ્રાજ્ય પ્રવર્તાવવાની ચાતુર્માસ એ સોનેરી તક છે. અધર્મના દૂત સમાન કહેવાતા પ્રગતિમાન વિચારોના મિથ્યાપણાને તોડવા એકેએક સાધુજી મહારાજ પોતાના શબ્દે શબ્દનો ઉપયોગ કરે અને એ ભવ્ય દેશનાને શ્રાવક શ્રાવિકાગણ ઝીલી લઈ તેની મધુરતાનો પરાગ, એ બાબત પરત્વે-ધાર્મિક કાર્યો પરત્વે ઉદાસિનતા ધરાવતાઓના પણ હૈયામાં ફોરવી દઈ ચાતુર્માસ સફળ કરે એ જરૂરનું છે.

જે ધર્મે જગતને અભયદાન આપ્યું છે, જે ધર્મે માત્ર સઘળા ઐહિક કાર્યોને તેના સાચા સ્વરૂપમાં જણાવી તેની પાર્થિવતા-ક્ષણભંગુરતાના ડંકા વગાડયા છે અને જે ધર્મે આત્માની અમરતાના અમૃત અવનિને સમજાવ્યાં છે; તે ધર્મની રક્ષા માટે તેના અનુયાયી તરીકે આટલું કરવાની શું આપણી ફરજ છે ? અને એ ફરજ ચૂકે તે ? કહેવું જ જોઈએ, કે એ ફરજ ચૂકનારનું જૈનસમાજમાં સ્થાન છે એમ કહેવું તે પણ બેશક અયોગ્ય છે.

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

"આગમોદ્ધારકની અમોઘ દેશના"

(નોંધઃ-શ્રી સૂર્યપૂર મધ્યેના વિશાળ ઉપાશ્રયમાં પ્રાતઃસ્મરણીય શાસન-પ્રભાવક, શાસન-સંરક્ષક, તીર્થોદ્ધારક, સકળશાસ્ત્ર-પારંગત શૈલાણા-નરેશ પ્રતિબોધક, આગમ-જ્ઞાનદાતા આગમના-અખંડ અભ્યાસી, આગમોદ્ધારક આચાર્યદેવે આપેલી આ અમોઘ દેશનાનું સારભૂત અવતરણ રોચક, અભિનવ જ્ઞાન સંપાદક, અને મનનીય તેમજ આરાધકોની આરાધનામાં અનેરો ઉત્સાહ આવિર્ભાવ કરનાર હોવાથી અત્રે અપાય છે. તંત્રી.)

મનઃ કલ્પિત મોતીના ચોક પૂરનારને પણ સાચા કરી આપનાર જૈનશાસન !

મોક્ષની શંકાવાળાને પણ મોક્ષ આપવાની પ્રતિજ્ઞા કરનાર ઉદાર-શાસન ! !

શંકાશીલ ભવ્યોનું ભવ્ય પ્રદર્શન ! ! !

મોક્ષ પ્રાપ્તિનું મુખ્ય કારણ ભવ્યત્વપણું.

પૃથ્વી-પાણી આદિ જીવોની પરાધીનતા કરતાં મનુષ્યો પરાધીનતાના-

પિંજરામાં પુરાયેલા છે ! ! !

અધમની ગુલામગીરીમાં ગુંગળાયલાઓ ઉત્તમની આધીનતા સ્વીકારી શકતા નથી !!!

ભવ્યત્વપણું-એ જ અવંધ્ય બીજ.

द्रव्यतोभावतश्चैव, प्रत्याख्यानं द्विधामत्तम्।
अपेक्षादिकृतं ह्याद्यमतोन्यश्चरमं मतम् ॥१॥

ભવ્ય જીવ કોણ ?

શાસ્ત્રકાર મહારાજ ભગવાનશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે શ્રીઅષ્ટકજીપ્રકરણ રચતાં આગળ જણાવે છે, કે આ સંસારમાં આ જીવો અનાદિકાળથી રખડે છે, એ જીવને મોક્ષ પ્રાપ્તિ કરાવવામાં મુખ્ય કારણ શું ? ઉત્તર એ જ છે કે ભવ્યપણું ! પ્રથમ ભવ્યપણું જોઈએ. મોક્ષ એ પણ ઉત્તમોત્તમ વસ્તુ છે એ ઉત્તમોત્તમ મોક્ષ પ્રાપ્ત કરવા માટે પોતાના આત્માને ભવ્યપણાની પ્રાપ્તિ થઈ ચુકી છે, તેવું દર્શાવનારું શું કાંઈ ચિહ્ન છે ? હા ! એ ચિન્હ તે મોક્ષની અભિલાષા. માટે જ શાસ્ત્રકારોએ નિયમ માન્યો છે કેઃ-

"જેને મોક્ષની અભિલાષા થાય, તે જીવ ખરેખર ભવ્ય જીવ છે !"

ભવ્યત્વ નહિ તો મોક્ષ પણ નહિ જ ?

બીજા દાર્શનિકો કહેતા હતા કે મોક્ષને પામવા માટે દેવોને માનવા, તેમની સેવા પૂજા કરવી, જ્ઞાન, મેળવવું અને વૃત વગેરે કરવા જોઈએ. આ સઘળી ક્રિયાઓ શા માટે કરવાની છે ? જવાબ એ છે કે મોક્ષને પામવા માટે. પણ તે પહેલાં ભવ્ય જીવને જ મોક્ષ મળે છે-ભવ્ય જીવ એકલો જ મોક્ષનો અધિકારી છે, તે વાત નક્કી થવાની જરૂર છે. એ નક્કી થવું જ જોઈએ કે ભવ્ય જીવને જ મોક્ષ મળે છે, બીજાને નહિ, જે જીવ ભવ્ય નથી, તેને મોક્ષ પણ નથી જ ! જ્ઞાન મેળવવું, સર્વ વિરતિપદ ગ્રહણ કરવું; તપસ્યા, તપ, જપ, કરવા; વિનય વૈયાવચ્ચ વગેરે આદરપૂર્વક સેવવાં એ સઘળાનું ફળ મોક્ષપણું છે. પણ તે સઘળાને પાળવા છતાં એ, તે સઘળાનું ફળ મોક્ષપણું: તે મળે ક્યારે ? જીવમાં ભવ્યપણું હોય તો જ! નહિ તો નહિ જ ! ! જ્ઞાન, જપ, તપ, વિનય, સર્વ વિરતિ એ સઘળી ચીજો એવી નથી કે જે આત્માને સ્વતંત્ર રીતે જ મોક્ષ આપી શકે. કોઇ એમ શંકા કરશે કે ભવ્યપણું જેમ મોક્ષ મેળવવામાં કારણભૂત છે, તે જ રીતે જ્ઞાન વગેરે પણ મોક્ષ મેળવવામાં કારણભૂત છે; તો પછી તે ચીજ-જેવાં કે જ્ઞાન તપ વગેરે પણ-શા માટે મોક્ષ આપનારા છે, એમ ન ગણવું જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તર જરૂર સમજવા જેવો છે.

અંકુરનું મુખ્ય કારણ કોણ ? "બીજ."

એક ઉદાહરણ-દૃષ્ટાંત-દાખલો લ્યો. ખેડૂત જમીનમાં બીજ નાંખે છે, બીજમાંથી અંકુરો થાય છે. એ અંકુર ઉગવામાં કારણભૂત વસ્તુઓ કઈ કઈ છે ? બીજ, માટી, હવા એ સઘળી વસ્તુઓ કારણભૂત છે. પણ એ કારણોની સહાય વડે જે અંકુર ઊગે છે. તે અંકુરને આપણે માટીઅંકુર, જલઅંકુર, હવાઅંકુર કહેતા નથી; ઉગી શકે જ નહિ. તે ઊગાડવામાં બીજ માટી, પાણી, હવા એ સઘળા કારણભૂત છે. પણ મુખ્ય કારણ શું છે ? બીજ છે ! બીજ પોતે જ અંકુરસ્વરૂપ છે અને તે અનુકૂળ કારણો મળતાં પોતાની મેળે જ અંકુર રૂપ બને છે. માટે જ **અંકુરનું મુખ્ય કારણ તે બીજ છે અને માટી પાણી હવા એ બધાં સહકારી કારણો છે અથવા ઉપકારણો છે.**

મોક્ષનું બીજ તે જ "ભવ્યત્વ."

એ જ ઉદાહરણ અહીં પણ આબાદ રીતે લાગુ પડે છે. ત્યાં જેમ બીજ મુખ્ય છે, તેમ અહીં મોક્ષ માટેનું બીજ તે જ ભવ્યપણું મુખ્ય છે; અને ત્યાં જેમ માટી, પાણી, હવા ઇત્યાદિ છે, તેમ અહીં જ્ઞાન, ચારિત્ર, તપસ્યા, તપ, વિનય આદિ છે. એટલે આ સઘળા મોક્ષ મેળવી આપનારા મદદનીશ કારણો અથવા સહકારી કારણો છે. મોક્ષ મેળવવા માટેનું મુખ્ય કારણ તો જીવનું ભવ્યપણું જ છે. ભવ્યપણારૂપી બીજ હોય; તો જ જ્ઞાન, ચારિત્ર, તપસ્યા, તપ આદિની સહાયતાથી તેનું ફળ મોક્ષ એ મળી શકે છે. જો બીજ ન હોય તો માટી, પાણી, હવા વગેરે મળ્યા છતાં અંકુરો ઉગતો નથી, તે જ પ્રમાણે જો ભવ્યપણું ન હોય એવા આત્માએ નવ પૂર્વજ્ઞાન લીધું હોય, પ્રતિમાઓ વહન કરી હોય, શુકલ લેશ્યાના પરિણામવાળું અખંડ ચારિત્ર પાળ્યું હોય તો પણ તેને મોક્ષ મળી શકતો નથી એ સિદ્ધ છે, કારણ કે મોક્ષનું મુખ્ય કારણ ભવ્યપણું છે. તપસ્યામાં બે ચાર છ મહિના ગાળે, મહિનાના મહિના તપ કરે, વિનય વૈયાવચ્ચ કરે, બધું કરે; પણ જ્યાં ભવ્યત્વરૂપી બીજ નથી, ત્યાં તે બીજનું ફળ મોક્ષ

નહિ જ હોય એ ખુલ્લું છે. તાત્પર્ય એ છે કે મોક્ષ થવામાં મુખ્ય કારણ તો જીવનું ભવ્યત્વ જ છે, તે જ બીજ છે અને જ્ઞાન, તપ આદિ તો તેના મદદ કરતા છે.

અંકુર પરથી બીજની પરીક્ષા.

હવે એ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે આત્મામાં ભવ્યપણું છે એમ જાણવું કેવી રીતે ? એવી કઈ નિશાની છે કે જે આત્મામાં ભવ્યપણું છે એ દર્શાવી આપે છે ? સાંભળો; અંકુર ઉગે છે તેથી આપણે જાણીએ છીએ કે ફલાણો દાણો વાવ્યો હતો તે જ પ્રમાણે મોક્ષ થાય, ત્યારે જ આપણે જાણી શકીએ છીએ; કે એ આત્મામાં ભવ્યપણું હતું. આત્માની અંદર જ્યારે ભવ્યપણું જણાય છે. ત્યારે તે આત્માનો મોક્ષ થવાનો જ છે; એવો નિશ્ચય થાય છે. આ નહિ થાય ત્યાં સુધી મોક્ષની આશાએ જે ઉદ્યમ કરીએ છીએ. તે બધો આંધળાની ઇંટ જેવો પરિણમે છે. આ પ્રમાણે જેઓ કહેતા હતા, તેમની મતલબ શી હતી ? તેઓ કઈ મતલબથી આ પ્રમાણે કહી રહ્યા હતા ? તે હવે તપાસો. જૈનશાસ્ત્ર એમ માને છે કે કેટલાક જીવો ભવ્ય છે અને કેટલાક અભવ્ય છે. જ્યારે બીજાઓ એમ માને છે કે સર્વે જીવો મોક્ષે જવાના છે. બીજો પક્ષ જેઓ માને છે, તેમની એ માન્યતા કેવી મિથ્યા છે તે જુઓ. તેઓ એમ કહે છે, કે સઘળા જીવો મોક્ષે જવાના છે; પણ તરતજ બીજી વાત રજુ કરે છે કે મનુષ્ય શરીરમાંના જીવ સિવાય બીજા જીવો મોક્ષે જઇ શકવાના નથી ! જો તેમની એ માન્યતા છે કે "મનુષ્ય સિવાય બીજો મોક્ષે જઈ ન શકે," તો સહેજે સાબિત થાય છે કે તેમનો "સઘળા જીવો મોક્ષે જવાના છે" એ પૂર્વપક્ષ ખોટો છે અને તેથી તેઓ સીધી રીતે જ જુઠા છે.

મનુષ્યની પરાધિનતા.

સર્વ જીવોને મોક્ષ માનો. પણ વળી મનુષ્યજીવ સિવાય બીજા જીવને મોક્ષ નહિ એ બે પરસ્પર વિરોધી વસ્તુ બને શી રીતે ? મનુષ્યનું જીવન તો હંમેશાં પરાવલંબી છે. પૃથ્વી ! પૃથ્વી, એ મનુષ્ય વગર જીવી શકે છે. મનુષ્ય હોય તો જ પૃથ્વીકાય-અપકાય જીવો જીવી શકે, અને નહિ તો મરી જાય એમ નથી. તેઉકાય-વાયુકાયને માટે પણ તેમજ મનુષ્ય ન હોય તો તેઉકાય અને વાયુકાયના જીવો પણ મરી જાય એમ નથી. આ બધા ઉપરથી એક વાત સાબીત થાય છે કે મનુષ્યની હૈયાતીનો સંબંધ બીજા જીવો સાથે છે. મનુષ્ય જરા વિચાર કરે કે, હું જગતમાં નહિ હોઉં તો નુકશાન કોને ? તારા (મનુષ્યના) નહિ હોવાથી કોઈની પણ જીંદગીનું નુકશાન નથી. પૃથ્વી, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિ, બે, ત્રણ, કે ચાર ઈંદ્રિયોવાળા પ્રાણીઓમાં કોઈને પણ મનુષ્ય ન હોય તો કોઈપણ જાતનું નુકસાન નથી. ત્યારે મનુષ્યનું જીવન કઈ દશાનું ? જો આધારરૂપ પૃથ્વી ન મળે તો મનુષ્ય ગબડી પડે ! પાણી ન મળે તો મનુષ્ય મરી જાય ! તે જ-અગ્નિ ન હોય તો મનુષ્ય આંધળો બને ! વનસ્પતિ ન હોય તો મનુષ્ય ભૂખે મરે ! હવે વિચાર કરો કે મનુષ્યનું જીવન કેટલું બધું પરાધિન છે ! આજના જમાનામાં પોકળ સ્વતંત્રતાવાદી ઘણા મળશે, પણ કોઈ એવો સ્વતંત્રતાવાદી નીકળ્યો છે કે જેણે એમ કહ્યું હોય કે મારે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કોઈને આધીન રહેવું નથી, હું એ બધા વિના ચલાવી લઈશ ! આજે તો ઉત્તમ ચીજની આધીનતામાં રહેવું નથી પણ અધમ ચીજની ગુલામગીરી કાલાવાલાપૂર્વક કબુલ રાખવામાં આવે છે ! અગ્નિ

મનુષ્યને તાબે નથી, વનસ્પતિ આદી અધમ ચીજ તેની ગુલામીમાં માણસ રહે છે,-અરે તેના વડે જ માણસનું જીવન ટકેલું છે, અને આ રીતે અધમ જીવોની ગુલામીમાં રહેનારા માણસને સ્વાતંત્ર્ય લેવું છે ! સ્વતંત્ર કોનાથી થવાનું હોય ? અધમ વસ્તુથી ! તેને બદલે આજે શું થાય છે ? પુણ્યશાળી જીવોથી, ધર્મથી માબાપથી, બુદ્ધિશાળી જીવોથી, આજે તો સ્વતંત્ર બનવાની વાતો થાય છે !!! મનુષ્ય, પૃથ્વી આદી અધમ સ્થિતિમાં રહેલાથી જ્યારે સ્વતંત્ર બની શકતો નથી ત્યારે તે મનુષ્ય જ મોક્ષે જઈ શકે અને બીજા જીવો મોક્ષે ન જઈ શકે એમ કહેવું તે મિથ્યા છે. મનુષ્ય સિવાય મોક્ષ નથી, અને મનુષ્ય તો પૂરેપૂરો પરાવલંબી છે તો પછી બધા જીવો મોક્ષે જવાના છે એમ બોલી જ કેમ શકાય ? મૂંગો કહે કે "હું મૂંગો છું !" તો તમે શું કહો ? વદતો વ્યાઘાત જ કે કાંઇ બીજું ! જો મૂંગો પોતાનું મૂંગાપણું બતાવવાને પણ કહે કે, "હું મૂંગો છું." તો ખલાસ ! ! તે પોતે જુઠો છે એમ તેની બોલી જ સાબિત કરે છે. તે જ પ્રમાણે મનુષ્યનું જીવન પણ એકેંન્દ્રીયાદિ વગર રહી શકે નહિ એ સ્પષ્ટ છે, તો પછી સઘળા જીવો મોક્ષે જવાના છે એ વાત ત્યાંને ત્યાં જ જુઠી થાય છે.

ભવ્યપણું પારખે કોણ ?

જૈન શાસ્ત્ર કહે છે કે કેટલાક જીવો મોક્ષે જવાને લાયક છે, કેટલાક નાલાયક છે. જે લાયક છે તે ભવ્ય છે, નાલાયક છે તે અભવ્ય છે, એ ભવ્યાભવ્યના નિર્ણય વગર ધર્મ કરવો તે આંધળે બહેરું કુટાવા જેવું છે. ત્યારે હવે આગળ વધો; આ જીવે પહેલાં નિર્ણય કરવાનો હતો કે હું ભવ્ય છું કે નહિ. જો હું ભવ્ય હોઉં તો જ્ઞાનાદિક માટે જે ઉદ્યમ કરું તે સફળ થશે, પણ કદાચ હું અભવ્ય હોઉં તો જ્ઞાનાદિક માટે કરેલો ઉદ્યમ નકામો જાય, આ શંકા એની ખસવાની નહિ, માટે જ્યારે પોતાના ભવ્યપણાની ખાતરી થાય ત્યારે જ જીવ ડગલું ભરે ભવ્યપણાનો નિર્ણય થયા વિના જીવ જે ડગલું ભરે તે આંધળે બહેરું કુટાયા જેવું થાય. તમે કબુલ કરો છો કે કયા જીવમાં ભવ્યપણું રહેલું છે અને કયા જીવમાં અભવ્યપણું રહેલ છે; તે માત્ર કેવળી જાણે છે, બીજો નહિ.

કેવળી શી રીતે થયા ?

ભવ્યાભવ્યપણું એ પારિણામિક ભાવ છે. જીવપણું, અજીવપણું, ભવ્યપણું. એ પણ પારિણામિકભાવ છે. જે જીવને જાણે છે, તે જ માણસ જીવના પારિણામિક ભાવ ભવ્યપણું, અભવ્યપણું વગેરે પણ જાણી શકે છે. જેમ જે માણસ ઘડિયાળને જ જોઇ શકતો નથી, તે ઘડિયાળમાં કેટલા વાગેલા છે તે કહી શકતો નથી. તે જ પ્રમાણે જે જીવ જીવને ઓળખી શકેલો નથી, તે જીવના પારિણામિક ભાવને પણ જાણી શકે જ નહિ એ સ્પષ્ટ છે.

જીવ-શુદ્ધ સ્વરૂપવાળા જીવને કેવળજ્ઞાની સિવાય બીજો કોઇ જાણી શકે નહિ તો પછી જીવના સ્વભાવને પણ બીજો કોણ જાણી શકે ? કેવળી તમારા જીવને જુએ, તેમાં રહેલું ભવ્યપણું જુએ અને તમોને કહે કે તમો ભવ્ય છો; તો તમારે જ્ઞાનાદિક માટે ઉદ્યમ કરવો, નહિ તો નહિ; એટલે પરિણામ શું આવશે તેનો ખ્યાલ કરો. કેવળી તમો ભવ્ય જીવ છો એમ ન કહે, ત્યાં સુધી શું તમારે જ્ઞાનાદિક માટે ઉદ્યમ ન કરવો ? તમારા જીવને ભવ્ય અભવ્ય જાણી શકનાર કેવળી કેવળી શી રીતે થયા ? તો કહેશો કે જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ બધામાં ઉદ્યમ કરવાથી ! તોએ કેવળીઓએ ઉદ્યમ શા આધારે કર્યો ?

તમારું ભવ્યપણું તમે જાણી શકો છો ?

તેને તેના જીવનું ભવ્ય અભવ્યપણું કોણે કહ્યું ? માનો કે તેને કોઈ બીજા કેવળીએ કેવળ જ્ઞાનપૂર્વે "તું ભવ્ય છે" એમ કહ્યું હોય. તો એ બીજા કેવળીને "તું ભવ્ય છે" એમ કોણે કહ્યું ? અને આ વિચારશ્રેણી આગળ લંબાવી જુઓ. પરિણામ એ આવે છે કે તીર્થંકરનું થવું, તીર્થની શરૂઆત એ સઘળું જ ઊડી જાય છે. કેવળીપણું ધર્મપ્રવૃત્તિએ કેવળી વગર સંભવે નહિ. કેવળીની પાછળ કોઈ કેવળી હાજર હોવો જ જોઈએ. આ વસ્તુમાં વિચ્છેદવાળું કેવળીપણું ન ચાલે. કેવળીનો કોઈ કાળે વિચ્છેદ ન માનવો અને માન્યો તો ધર્મ ઊડી ગયો. કેવળજ્ઞાનીની સતત્ સત્તા માનવી પડે અને તે ન હોય તો ધર્મનો છેડો છે. આત્માના ભવ્ય અભવ્યપણાના વિભાગ પાડ્યા, પણ છતાં આ ભવ્ય અને આ અભવ્ય એવો કેવળી સિવાય નિર્ણય મળે નહિ અને નિર્ણય મળે નહિ ત્યાં સુધી ધર્મપ્રવૃતિ કરવી એ આંધળેબહેરું કુટાવા જેવું નકામું છે. એટલે ખલાસ ! સઘળી ધર્મપ્રવૃત્તિ અને મોક્ષમાર્ગ જ બંધ થઈ જાય ! ત્યારે હવે માર્ગ શો ? અહીં જ સમજવાનું છે. જૈનદર્શન કહે છે કે જીવમાં રહેલું ભવ્યાભવ્યપણું કેવળી સિવાય નહિ જાણી શકાય એ વાત તદ્દન સાચી, પરંતુ પરજીવોનું ભવ્યાભવ્યપણું માત્ર કેવળી જ જાણી શકે છે, પોતપોતાના આત્મામાં ભવ્યપણું છે કે નહિ એ તો દરેક માણસ પોતે સમજી જ શકે છે.

જે મોક્ષ ઇચ્છે છે તે ભવ્ય.

જેને મોક્ષની ઇચ્છા છે તે સઘળા જીવો ભવ્ય છે પણ એ મોક્ષ તે કયો ? એકલો તમોએ માની લીધેલો ગમે તે મોક્ષ ઇચ્છવો જોઈએ તેમ નહિ, અનંત કલ્યાણરૂપ અને સંસારની ઉપાધિ વિનાનો જે મોક્ષ-તે મોક્ષ જે ઇચ્છે છે, તે પણ ભવ્ય જીવ છે.

બનાવટી સોનૈયો હોય તો પણ તેની માગણી કોણ કરે ? અર્થી ! અર્થી એની માંગણી કરે, પણ એ બિચારાનું આગળ નસીબ નથી, કારણ કે તે જે સોનૈયો માંગે છે તે બનાવટી છે. તે જ પ્રમાણે સાચો મોક્ષ જૈન શાસનમાં જ હોય તો પણ અન્ય દર્શનમાં રહેલો ખોટો મોક્ષ તેને પણ ઇચ્છે કોણ ? અર્થા ! અન્યમતની અપેક્ષામાં પણ મોક્ષ માનનારા ભવ્યપણે નિશ્ચિત થવામાં અડચણ નથી. માર્ગાનુસારી જીવો દરેક પોતપોતાના મતમાં જુદા જુદા રૂપમાં મોક્ષમાં માનનારા હોય છે અને જુદી જુદી ક્રિયાઓ કરે છે. ઉપદેશ-રત્નાકરમાં ખુલ્લું કહ્યું છે કે ચાહે જૈનમતમાં હો ચાહે અજૈનમતમાં હો પણ જેઓ મોક્ષની ઇચ્છાવાળા છે તેઓ સઘળા જ ભવ્ય જીવો છે.

"ચરમ-પુદ્ગલપરાવર્તી એટલે શું ?"

જે કોઈ પણ મતમાં રહેલો જીવ સંસારને અસાર માને અને મોક્ષ પરમ કલ્યાણકારક ચીજ છે, એમ માને-અલબત્ત એ મોક્ષ કેવો છે, તેનું સ્વરૂપ કેવું છે, તેની ચર્ચામાં ન ઊતરે-તો તે જીવ જરૂર ભવ્ય છે. આ સ્થિતિને અંગે શાસ્ત્રકારોએ ભવ્ય કરતા ચઢીયાતો ઈલ્કાબ યોજ્યો છે. આ પુદ્ગલપરાવર્ત સંસાર કહીએ છીએ આ જીવે અનંતા પુદ્ગલપરાવર્ત કર્યા છે. પણ જેને હવે એક જ-એક જ પુદ્ગલપરાવર્તમાં મોક્ષે જવાનું છે, તે "ચરમપુદ્ગલપરાવર્તી" છે. જેને મોક્ષની ઇચ્છા થઈ તેને એક

પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર હોય નહિ ક્રિયાવાદી શુકલપક્ષી છે. તેને પણ અર્ધ પુદ્ગલ પરાવર્તથી વધારે સંસાર નહિ જ હોય. જેમ સમ્યક્ત્વવાળાને અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર છે, તેમ શુકલપક્ષીને પણ અર્ધપુદ્ગલપરાવર્ત બાકી રહ્યો છે, તે શુકલપક્ષી છે. તો હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે સમ્યક્ત્વવાળો અને શુકલપક્ષી એ બેમાં ફેર શો ? સમ્યક્ત્વવાળાને કાંઈક ન્યુન અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર છે અને શુકલપક્ષીને પણ તેમજ છે. પણ તે છતાં એ બેની વચ્ચે મોટો ફરક છે. સમ્યક્ત્વવાળાને જે અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર કહ્યો તે હજારમાં લાખમાં અસંખ્યાત જીવોમાં એક બે જીવોને માટે છે ! અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર કયા સમકિતીને હોય ?

જગતમાં તમો મોટામાં મોટી આશાતના કલ્પો અસંભવિત હોય તેવી પણ આશાતના તમારી કલ્પનામાં ખડી કરો. તેવી આશાતના ધ્યાનમાં આવે તેટલીવાર કલ્પો. તો આશાતના ભોગવતો ભોગવતો સમ્યક્ત્વધારી અર્ધપુદ્ગલ પરાવર્તથી વધારે કાળ સંસારમાં રખડે નહિ.

પતિત અને પ્રત્યનિક

સમ્યક્ત્વને અંગે કહેલો અર્ધપુદ્ગલપરાવર્ત એ છેલ્લામાં છેલ્લી કોટી છે, જ્યારે શુકલપક્ષને અંગે કહેલો કાળ એ પહેલામાં પહેલી કોટી છે. ગમે તે જીવ પછી ચાહે તો તે એકેંદ્રિયમાં હોય, નિગોદમાં પડયો હોય, કે શ્રી મરૂદેવો સરખા અનાદિ નિગોદસ્થાનમાંથી નીકળી સીધા મોક્ષે જવાવાળા હોય, તો એ પણ તેમનો મોક્ષે જવા પહેલાનો અર્ધપુદ્ગલપરાવર્ત કાળ લઈએ ત્યારથી શુકલપક્ષ શરૂ થઈ ગયો. આવું જ્ઞાનીની દૃષ્ટિએ નક્કી થાય તો તે કાળ શુકલપક્ષ છે. અર્ધપુદ્ગલપરાવર્ત બાકી હોય ત્યારથી શુકલપક્ષા શરૂ થાય. હવે એક બીજું કારણ સમજો. સમ્યક્ત્વવાળાને અર્ધપુદ્ગલપરાવર્ત સુધી રખડવાનું કોઈકને જ થાય. તેનું કારણ ધ્યાનમાં લો. **સમ્યક્ત્વની જઘન્ય આરાધના આઠ ભવમાં મોક્ષ આપનારી હોય, ઉત્કૃષ્ટ આરાધના તદ્ભવમાં મોક્ષ આપનારી હોય અને મધ્યમ આરાધના પાંચ ભવમાં મોક્ષ આપનારી હોય. તો પછી અર્ધપુદ્ગલપરાવર્ત કાળ ક્યાંથી ભરવો-ક્યાંથી પૂરો કરવો ?** આપણે આઠ ભવ કલ્પો. તો પણ ૩૩ ના ૮ (૩૩x૮=૨૬૪) ૨૬૪ સાગરોપમ જેટલો કાળ થયો, જ્યારે અર્ધપુદ્ગલપરાવર્ત કાળમાં તો અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી, એક ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં તો ૨૦ કોડાકોડ સાગરોપમ; એવી અનંત અવસર્પિણી, ઉત્સર્પિણી કાળ ! એ કાળ લાવવો ક્યાંથી ? જઘન્ય આરાધના પછી પતિત થાય તે ઠીક, પણ પ્રત્યનિક થાય તો ? હવે પતિત અને પ્રત્યનિકના અર્થ સમજો બે ભાગીયાઓ હોય તે જુદા પડી ફારગતિ કરે તે પતિ. પણ જટીયા ઉખેડ લડે તે પ્રત્યનિક. જે પતિત થાય તે ભાગીદાર સાથે ભાગીદારી માનતો બંધ થાય પ્રત્યનિક થાય તે ભાગીદારથી છુટો થઈ તેને તોડવા મથે. તોડવા ન ફરતો હોય તો આઠભવમાં મોક્ષ. આતો સમ્યક્ત્વ પામ્યા પછી તોડવા ફરે, મૂળ ઉત્પાદકની જીંદગી ઉપર હલ્લો કરવા તૈયાર થાય, બની શકે તેટલા હલ્લા કરે; આવું કરનારો અર્ધપુદ્ગલપરાવર્તથી વધારે સંસારમાં ફરે નહિ. કેટલાકના મુદ્દા પ્રમાણે છેલ્લા પુદ્ગલપરાવર્તવાળાને શુકલપાક્ષિક કહે છે. મોક્ષનો વિચાર થયો એટલે એક પુદ્ગલપરાવર્તથી વધારે સંસાર રખડવાનો નથી. જે માટે શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ ઉપદેશપદમાં જણાવ્યું છે કેઃ-

"मुख्खसओ विनन्नत्थ"

જૈનશાસન એવી જાતનું કલ્પવૃક્ષ છે કે મનમાં પૂરેલા મોતીના ચોક સાચા કરવાની તેનામાં તાકાત છે. દુનિયાના વ્યવહારમાં મનથી મોતીના ચોક પૂરવાથી કંઈ ન વળે, અહીં મનમાં મોતીના ચોક પૂરો તે સાચા કરી દેવાની પૂરી તૈયારી છે. તમારો વિચાર થાય એટલે તમોને મોક્ષ દેવા તમારી સાથે આ શાસન બંધાય છે. હવે સાચા મોતીના ચોક મળી જાય, તો મનમાં મોતીના ચોક પૂરવામાં અડચણ શી ? મનમાં મોતીના ચોક પૂરો તે પણ સાચા કરી આપવાની આ શાસનને પ્રતિજ્ઞા છે. પણ વાંધો ત્યાં છે કે હજી આ મન મોક્ષની માન્યતારૂપ મોતીના ચોક મનમાં પૂરતું નથી.

આઠ ભવમાં જ મોક્ષ.

પ્રશ્નઃ-આ જીવે અનંતી વખતે ચારિત્ર લીધા તે વખતે મોક્ષ માનેલો કે નહિ ?

ઉત્તરઃ-મોક્ષની ધારણાએ ચારિત્ર લીધું જ નથી. શાસ્ત્રકારોએ કહ્યું છે કે અનંતી વખતે લેવાયેલું ચારિત્ર તે દ્રવ્યચારિત્ર છે. ભાવચારિત્ર અનંતી વખતે આવવાનું શાસ્ત્રકારોએ કહ્યું જ નથી. ચારિત્રમાં વધારેમાં વધારે આઠ ભવ. ભાવચારિત્ર હોય તો તે આઠભવમાં તો મોક્ષ મેળવી જ દેવાનું. અનંતચારિત્ર થયા તે સઘળા દ્રવ્યચારિત્ર. તે ચારિત્ર દેવલોક મેળવવા માટે દેવલોક મેળવવા માટે, માનપુજા માટે, સત્કાર માટે, સન્માન માટે, જે ચારિત્ર લેવાય છે, તે દ્રવ્યચારિત્ર છે. આવા અનંતાચારિત્ર મોક્ષ આપી શકે નહિ. જે બીડમાં-જે ખેતરમાં દાણો વાવ્યો નથી, તે બીડમાં સોએ વરસ ઘાસ જ થાય. ધાન્ય નહિ જ ઊગે. કારણ કે ધાન્યનો દાણો વાવ્યો નથી. તેમ અનંતા ચારિત્ર કર્યા, વરસાદ આવ્યો, પણ બીજ-મોક્ષરૂપી બીજ ન વાવ્યું એટલે ધાન્ય નહિ ઊગ્યું. જે ચારિત્રમાં દેવલોકના મનુષ્યલોકના સુખની ઈચ્છા નથી. તેવું કેવળ કલ્યાણની ભાવનાવાળું એક જ ચારિત્ર બસ છે. કલ્યાણની ભાવના રહી હોય તો એ સંસાર નિર્વેદ થયો. ચારિત્ર બગડયું તે દેવલોકાદિકની ઈચ્છાએ. અનંતા ચારિત્રો જે બગડયા, તે દેવલોકાદિના સુખોએ બગાડયા. કર્મક્ષય કે ફક્ત આત્મકલ્યાણની ભાવનાવાળું ચારિત્ર કંઈપણ બગાડતું નથી. એવા ચારિત્ર અનંતી વખત થઈ શકતા નથી. માર્ગાનુસારીપણું દરેક મતમાં માનીએ છીએ. માર્ગાનુસારીપણું તે તેમના મતના મોક્ષને અનુસરીને હોય. જુઠી મહોરની ઈચ્છા પણ મહોરના અર્થીને થાય. મોક્ષની ઈચ્છાએ ચારિત્ર થયેલા જ નથી. જો મોક્ષની ઈચ્છા થાય તો તે દ્રવ્ય ચારિત્ર કહેવાય જ નહિ. સતીને નામે સ્ત્રીઓ બળી મરતી હતી, પણ તે શાને અંગે ? મારા કુટુંબમાં હું સતી ગણાઈશ એવા લોભથી, પછી તેનું જીવન ગમે તેવું હોય. તો પછી માનપૂજાને માટે ધર્મની ક્રિયાઓ તીવ્ર હોય તેમાં અસંભવીત શું છે ? જે શાસ્ત્રકારો અનંતા ચારિત્ર કહે છે, તે જ શાસ્ત્રકારો જણાવે છે કે એ ચારિત્રો દેવલોકાદિકની ઈચ્છાએ ચારિત્ર લેવાય તે ચારિત્ર છે.

ચારિત્રના ભેદ.

અભવ્ય આત્માઓએ અનંતાચારિત્રો લીધા છે, તેને પણ દ્રવ્ય-ચારિત્ર્ય કહે છે. આવા ચારિત્રવાળાના મનમાં સંસારથી જુદા સ્વભાવવાળો મોક્ષ છે, તે મને મળો એવી ઇચ્છા હોય જ નહિ. પાંચ પાંચ વરસના ગાળામાં રમતા છોકરા મારી આબરૂ વધે કે ઘટે એ જોતા નથી, તે જ પ્રમાણે અભવ્યોને સંસારથી જુદા રૂપનો મોક્ષ મને મળો એવી ઇચ્છા થતી નથી. ભાવચારિત્ર લીધા પછી વિરાધનામાં આવી જાય તો અથવા પ્રત્યનીકપણામાં જાય તો રસ્તો નથી. પ્રત્યનીકપણું થયું, તો ફરી ચારિત્ર મળવું મુશ્કેલ છે. મરીચીએ પહેલવહેલું ચારિત્ર લીધું તે આત્મકલ્યાણની ઇચ્છાએ. ચક્રવર્તીની રાજગાદી છોડી દીધી અને સાધુપણું લીધું. પણ જે વખતે પ્રત્યનિક થયા તે વખતે શું ? પ્રત્યનિક થયા તે વખતે ભાવચારિત્રનું બીજ નાશ પામે છે.

મનમાં મોતીના ચોક પૂરો તે પણ સાચા થાય છે.

હવે મૂળ વાતમાં આવો. જૈન શાસનરૂપી કલ્પવૃક્ષ તમારા મનમાં મોતીના ચોક પુરો તેને સાચા કરી દે છે. પણ આ કલ્પવૃક્ષ તો એવું છે કે સાચા મોતી માંગો તો સાચા મોતી પણ આપે અને ખાંસડા માંગો તો ખાસડા પણ આપે. ઉત્તમ ફળ કલ્પો તો ઉત્તમ ફળ આપે, અધમફળ કલ્પો તો અધમ ફળ પણ આપે, ઉપાધિથી જુદો મોક્ષ નામનો પદાર્થ તમે માનીલો તો સાચો મોક્ષ તમને મેળવી દેવો એ આ શાસનની ફરજ થઇ પડી છે. જેમ હુંડીની જુદી જુદી મુદત હોય છે, તેમ મોક્ષની પણ જુદી જુદી મુદત છે. તમે તત્વની પ્રતીતિ કરી મોક્ષની ઇચ્છા રાખો તો અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષ. તમારા નિર્વાહને ચલાવી શકે, તે સિવાય બિનજરૂરી પાપો છે તે બધાને વોસરાવો તો આઠભવની મુદત. એવા રૂપમાં આવો કે ભલે મારૂં જીવન અને મારા જીવનના સાધનો રહેવાના હોય તો રહે અને જવાના હોય તો જાય, પણ મારે તો મોક્ષ, મોક્ષ અને મોક્ષ જોઇએ જ, અને તેને અંગે પ્રવૃત્તિ કરવી જ જોઇએ. તે દૃષ્ટિએ સઘળા પાપોની પ્રવૃત્તિ બંધ કરો. હિંસાદિક પાંચ હથિયારો ઉપર જોર રાખીને કર્મ રાજા રાજ્ય કરી રહ્યો છે, આ પાંચ હથિયારો બુઠ્ઠા કરે, તેને ત્રણ ચોકડી ઊડી ગઇ, એક ચોકડી બાકી રહી ! તે એકાવતારી ગણાય, જો મનને પણ આંચકો ન આવવા દો, બીજા કશામાં (શબ્દાદિકમાં) મન ન જાય, એક જ પરિણતિમાં આવી જાય, કદાચ મોક્ષમાં ન રહે, પણ બીજા કશામાં મન ન જાય, તો તે જ ભવે મોક્ષ ! મોક્ષની આવી તરત મુદતની હુંડી નક્કી કરો, કે પછી વધારેમાં વધારે લાંબી મુદતની હૂંડી નક્કી કરો, તે તમારા પોતાના હાથમાં છે. માત્ર ઇચ્છા કરો તો એક પુદ્ગલપરાવર્તમાં જ મોક્ષ. એ લાંબામાં લાંબી મોક્ષ સંબંધી હૂંડી છે.

મોક્ષની શંકા પણ મોક્ષ આપે છે.

હજી એથી આગળ વધો. શાસ્ત્રકારો તો એમ પણ કહે છે કે મને મોક્ષ મળશે કે નહિ મળે એવી શંકા કરે તો પણ આ શાસન તમોને મોક્ષ આપવા બંધાય છે, પણ તે મોક્ષ ક્યારે મળે એ નક્કી નહિ. શંકા કોને થાય ? ચાંદીને જાણતો નથી, ચાંદી છે એમ માનતો નથી, ચાંદી સારી ચીજ

છે એમ માનતો નથી. તેને એવી શંકા થાય કે આ તે ચાંદી છે કે છીપોલી છે ? વસ્તુની સિદ્ધ તો માનવી જ પડશે. "મોક્ષ" એ સત્ય છે અને એ જ કલ્યાણ પ્રદ છે, એમ માનવું તો પડશે જ. પછી તેવું માન્યા પછી એ મોક્ષ મને મળશે કે નહિ મળે એવી જે શંકા કરે છે તેને આ શાસન મોક્ષ મેળવી આપવાની પ્રતિજ્ઞા કરે છે.

પણ આવી શંકાઓ કોને હોય ? અભવ્ય જીવોને કે ભવ્ય જીવોને ? હું મોક્ષ લાયક હોઈશ કે નહિ, એ શંકા અભવ્યને હોતી નથી, પ્રાપ્તિની શંકા કોને થાય ? પદાર્થને જાણે. જાણ્યા પછી માને. માન્યા પછી ઈષ્ટ ગણે ઈષ્ટ ગણ્યા પછી એ પદાર્થ ન મળે તો ઠીક નહિ, મળે તો જ ઠીક એવી ધારણા થાય. એ ધારણામાં આ સંજોગો ન મળવાના છે, મળવાના સંજોગો તો આવા હોય એમ જુએ. પોતાના ન મળવાના સંજોગો ઉપર મુખ્ય મદાર ન બાંધે, મળવાના સંજોગો ઉપર નજર જાય, ત્યારે જ શંકા થાય કે મને મોક્ષ મળશે કે નહિ ? આ શંકાના સ્થાનવાળાને શાસ્ત્રકારો મોક્ષે જવાને લાયક ભવ્ય જીવ ગણે છે.

કેવળી હોય તે ભવ્યઅભવ્યપણું જાણે છે તેથી તે જીવનું ભવ્યપણું જણાવે તો જ મોક્ષ માટે પ્રવૃત્તિ કરવી અને તે પહેલાંની પ્રવૃત્તિ નિષ્ફળ છે એ શંકા આ રીતે ઉડી જાય છે. પરજીવમાં રહેલું ભવ્યાભવ્યપણું તો સાક્ષાત્ કેવળી જાણીને કહી શકે છે, બીજો તે જાણી શકે નહિ, પણ પોતાનો જીવ ભવ્ય છે કે નહિ તે વાત મોક્ષની ઈચ્છા દ્વારાએ જીવ પોતે નક્કી કરી શકે છે, અને એ માર્ગે પ્રવૃત્તિ કરી શકે છે, બીજાની અંદર પણ રહેલું ભવ્યપણું તીર્થંકરના કુળમાં ઉત્પત્તિ, શત્રુંજય તીર્થે જવું ઇત્યાદિક કારણોથી નિશ્ચિત થઇ શકે છે પણ તેની અહીં વિશેષ, ઉપયોગીતા નથી, ઉપયોગીતા તો માત્ર પોતાને મોક્ષની ઈચ્છા થવાથી પોતાનું ભવ્યપણું નિશ્ચિત કરે અને તેથી જ નિઃશકપણે મોક્ષ સાંધવા માટે મોક્ષના કારણોમાં યથાસ્થિત પ્રવૃત્તિ કરે તેની જ છે. સર્વમંગલ.



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી, આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજજી.

(ના. વડોદરા સરકારની ધારાસભામાં સરકારે પ્રેરેલો **આર્યભાવના વિનાશક દીક્ષાસંહારક** કાયદો ધારાસભામાં અને જનતામાં ચર્ચાઇ રહેલો હતો. એવા કઠિન સમયમાં પૂ. આચાર્ય સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજા સાહેબે દીક્ષા સંબંધીનો જૈનાજૈન જનતાનો ભ્રમ ભાંગવાના ઉદેશથી દીક્ષા સંબંધી શંકાઓ પૂછવાનું જાહેર પ્રજાને જણાવેલું હતું. જનતા તરફથી એ સંબંધીના પ્રશ્નો જાહેર રીતે પૂછાયા હતા અને આચાર્યદેવે પોતાની અમોઘ સુધાવર્ષિણી શૈલીમાં તે પ્રશ્નોના સરળ અને સુંદર ઉત્તરો આપ્યા હતા. આચાર્યદેવના એ ઉત્તરો સાંભળ્યા પછી કેટલાય કટ્ટરમાં કટ્ટર દીક્ષા વિરોધીઓ પણ પોતાનો દીક્ષા વિરોધ મૂકી દઇ આચાર્યદેવશ્રીના વિચારો જોડે સહમત થયા હતા એ પ્રશ્નોત્તરો અત્યંત ઉપકારક હોઇ તે અત્રે આપવામાં આવે છે અને તેનું પૂરેપૂરું મનન કરવાની તંત્રી વાંચકોને વિનંતી કરે છે.) **તંત્રીઃ-સિદ્ધચક્ર.**

પ્રશ્ન ૪૫૭- થોડા દિવસ પૂર્વે વડોદરા શહેરમાં જાહેર હસ્તપત્રિકાઓ વહેંચવામાં આવી છે અને તેમાં જણાવવામાં આવ્યું છે કે બીજા જૈન આચાર્યો અને આપની વચ્ચે દીક્ષાની વયના સંબંધમાં ભારેમાં ભારે મતભેદ છે, તો પછી એ સ્થિતિમાં આપને સાચા ગણવા કે બીજાને ?

સમાધાન- તમારી શંકાનો ઉત્તર એ છે કે આ હેન્ડ બીલો જે તમો વડોદરામાં વહેંચાયેલા જણાવો છો તે હેંડબીલો તો જૈનસાધુઓ અને જૈનોને માંહોમાંહે લડાવી મારી તેનો જગતને તમાશો બતાવવાનો એક પ્રયત્ન છે. કોઈપણ આચાર્યે એવું જાહેર કર્યું હોય તો તે મને બતાવો કેઃ- "કોઈપણ સંજોગોમાં, કોઈપણ સ્થળે, કોઈ પણ કારણ છતાં આઠ વર્ષથી ઓછી વયવાળા બાળકને દીક્ષા ન જ આપી શકાય." અર્થાત્ જૈનાચાર્યોમાં માંહોમાંહે મતભેદ છે એ વાત અંદર અંદર મતભેદ પડાવવાની બાજી છે. પંચાગીશાસ્ત્રો બધાના એક જ છે. માટે આવી ચાલબાજીનો કોઈએ ભોગ થવું નહિ. બન્ને પક્ષ જન્માષ્ટમ અને ગર્ભાષ્ટમ એ બંને વાતને કબૂલ કરે છે. તેમજ અષ્ટ અને અષ્ટમનો ભેદ સમજે

છે કોઈએ પણ કોઈપણ વાતને ખંડિત કરેલી જ નથી.

પ્રશ્ન ૪૫૮- શ્રી કુર્માપુત્રને કેવળજ્ઞાન થયું હતું તે છતાં તેઓ સંસારમાં રહ્યા હતા તેનું કારણ શું?

સમાધાન- શ્રી કુર્માપુત્રને કેવળજ્ઞાન થયા છતાં તેઓ સંસારમાં રહ્યા હતા તેનું કારણ એક હતું કે તેઓ માતાપિતાની દીક્ષા થવાના હિતની ખાતર-માતાપિતાને પ્રતિબોધવા માટે સંસારમાં રહ્યા હતા, અર્થાત્ એ તેમનું વ્યક્તિગત અને વિશેષ સંજોગો વચ્ચેનું કાર્ય હતું. આ રીતે એક વ્યક્તિનું વ્યક્તિગત અને વિશેષ સંજોગો વચ્ચેનું કાર્ય તે કાંઈ આખા જગતને માટે અનુસરવાનું ઉદાહરણ છે એમ ન જ કહી શકાય. મેલેરીયા તાવથી પીડાતા દરદીને કવચિત્ દાક્તર ઈન્જેક્શન કે કોઈ રીતે સોમલ આપે તો શું એમ સિદ્ધાંત બાંધી શકાય ખરો કે તાવ આવે તો સોમલ ખાવો ? તે જ પ્રમાણે આ ઉદાહરણ પણ સમજવાનું છે. કેવળજ્ઞાન એટલે જગતના સર્વભાવો જાણવાનું જ્ઞાન.

કેવળી તો પોતે જે પ્રમાણે ફળ દેખે તે પ્રમાણે જ કરે.

શ્રી સીમંધર સ્વામીને પૂછવામાં આવે છે કે કોઇ ભરતક્ષેત્રમાં તીર્થંકર કેવળી છે કે નહિ? જવાબ મળે છે કે, "ના ! પણ ગૃહસ્થાશ્રમમાં કુર્માપુત્ર છે." આ "ના !" કહેવાનું કારણ વિચારો. આ ઉત્તર ઉપરથી શ્રી સીમંધર સ્વામી પણ ગૃહસ્થાશ્રમમાં હોવાને લીધે વ્યવહારિક રીતે કુર્માપુત્રની કેવલિતાની ના પાડે છે. માબાપને ખાતર કેવળીએ ફાયદો દેખી સંસારમાં રહેવાનું રાખ્યું છે તે કાંઇ આદર્શ ગણી શકાય નહિ. એવો જ બીજો દાખલો લ્યો. તિર્યંચને પ્રતિબોધવા માટે શ્રી મુનિસુવ્રતસ્વામી સાઠ યોજન વિહાર કરીને આવે છે. તે દૃષ્ટાંતને આદર્શ માની અમે રોજ ૬૦ જોજન વિહાર કરી શકીએ ? કહેવું પડશે નહિ જ, ને રાતે વિહાર કરીએ નહિ જ. અમોને ૬ માસ લાગે ને દિવસે જ વિહાર કરાય, કુર્માપુત્ર માતાપિતાને દીક્ષા આપવાને માટે જ ઘરમાં રોકાય છે તો પછી કીંમત કોની ઘરમાં રહ્યા તેની કે દીક્ષાની ?

પ્રશ્ન ૪૫૯- ઘરમાં રહ્યા તો ખરા જ ને; એટલે રહ્યા તે સાહુંને ?

સમાધાન- અલબત્ત ! તેઓ કેવળી હોવાથી નિશ્ચિંતપણે એમ જાણતા હતા કે તેમના માતાપિતાને તેમણે પ્રતિબોધવાના ને દીક્ષા આપવાની છે એટલા જ કારણથી તેઓ રહ્યા હતા ! આ રહેવામાં પણ મહત્તા તો દીક્ષાની જ છે.

પ્રશ્ન ૪૬૦- નાગીલાના પતિને દીક્ષા આપી તેમાં આપનો શો અભિપ્રાય છે ? એ દીક્ષા તો ખરાબ કહેવાય જ કે નહીં ?

સમાધાન- અમારો પોતાનો અભિપ્રાય કોઈપણ શાસ્ત્રીય બાબતમાં કામ ન જ આવે. શાસ્ત્રનો અભિપ્રાય તે જ પ્રમાણ. ભવદેવને વૈરાગ્ય નહોતો. તેને તે છતાં દીક્ષા આપી હતી જે દીક્ષા માટે શ્રી અવધિજ્ઞાની સાગરચંદ્રજીએ કહ્યું છે કે હિતૈષી એવા તમારા ભાઈએ (મેં) તમને પહેલા ભવમાં દીક્ષા અપાવી હતી. આવી બિના પરિશિષ્ટ પર્વમાં સ્પષ્ટપણે છે.

જ્યાં સાગરચંદ્ર જેવા અવધિજ્ઞાની પણ કહે છે કે તને મેં પરાણે દીક્ષા આપી હતી તે પણ તારા પરલોકની હિતબુદ્ધિએ જ આપી હતી. ભવદેવની સ્ત્રી પણ એ જ કહે છે કે તમારા ભાઈએ તમારું હિત કર્યું છે. આ દીક્ષાને પણ અયોગ્ય કહે તે ભવદેવની સ્ત્રી નાગીલા કરતાં પણ હલકા જ હોઈ શકે.

પ્રશ્ન ૪૬૧- શાસ્ત્રો લખાયા ક્યારે ?

સમાધાન- પાંચમા આરામાં ભગવાન શ્રી મહાવીરદેવ પછી હજાર વર્ષે.

પ્રશ્ન ૪૬૨- આજ્ઞા કયા આરામાં હતી ?

સમાધાન- ચોથા આરામાં આજ્ઞાઓ પરંપરાએ મોઢે ચાલતી હતી. તે ઉપર જણાવેલા કાળમાં લખવામાં આવી. આ સઘળી સ્થિતિમાં તત્વમાં કાંઈપણ ભેદ ન હતો. જો તત્વમાં ભેદ હોત તો આપણે નિષ્કંટક ન રહ્યા હોત. કારણ કે જૈનદર્શન સામે અન્ય દર્શનીઓનો વિરોધ મજબુત હતો.

પ્રશ્ન ૪૬૩- તત્વમાં ફેરફાર ન કરતાં સમયોચિત ફેરફારો કરવા એમાં ખોટું શું છે ?

સમાધાન- તત્વને કાયમ રાખીને ફેરફારો જરૂર થઈ શકે છે, પણ તે ફેરફારો એવા જ હોવા જોઈએ કે જે તત્વના પોષક હોય; તત્વનો નાશ કરનારા નહિ જ.

પ્રશ્ન ૪૬૪- ચોથો આરો અને પાંચમો આરો એમાં ફેર તો ખરો જ ને !

સમાધાન- ફેર તો ખરો જ, પણ તે માત્ર કાળનો. પાપ પુણ્ય આદિ તત્વો અને તેના કારણોમાં ફેર ખચીત નહીં.

પ્રશ્ન ૪૬૫- કાળને દ્રવ્ય ગણ્યું છે તો તે કથનાનુસાર દ્રવ્યની અસર થાયને ?

સમાધાન- કાળની ક્રિયા જીવ અજીવ ઉપર થાય છે પણ તે કઇ ક્રિયા ? વર્તના, પર્યાય, પરિવર્તન વિગેરે કાર્યવાહી થાય, પણ ધર્મને પોષક વસ્તુઓનો નાશ કરવાનો કે પલટાવવાનો સ્વભાવ કાળનો છે એ નિયમ છે જ નહિ.

પ્રશ્ન ૪૬૬- તીર્થંકરો અમુક જ સમયમાં થાય છે તેનું કારણ શું ?

સમાધાન- મધ્યમ કાળમાં અગ્નિ આદિથી સંયમસાધક પ્રાસુક પદાર્થો હોય છે. અત્યારે પણ જ્યારે ઘી જેવા એકાંત સ્નિગ્ધ પદાર્થો હોય છે તેમાં અગ્નિ સળગતો નથી. રૂ જેવા લુખા પદાર્થના સહકારથી તે સળગે છે. એટલે પહેલો, બીજો અને ત્રીજો આરો એ અત્યંત એકાંત સ્નિગ્ધ પદાર્થોનો યુગ છે. તેથી એ સમયમાં અગ્નિ સળગી શકે નહિ. અગ્નિ સળગવાના સમય પરજ પ્રાસુક અન્નાદિની પ્રાપ્તિ સંભવતિ થાય છે, તેથી જ તે જ વખતે સંયમની યોગ્યતા, અને તેને લીધે જ તેવા ચોથા આરા જેવા કાલમાં જ તીર્થંકરો હોય એ વ્યાજબી જ છે.

પ્રશ્ન ૪૬૭- પાંચમા આરાનો કાળ એ બીજા ચાર આરાઓના કાળ કરતા મુકાબલે ખરાબ કાળ છે એ કાળમાં જીવન કનિષ્ટ થશે અને તેથી સાધુપણું આવતાં વાર લાગશે એમ કહે છે તે સાચું છે ?

સમાધાન- નહિં જ ! શાસ્ત્રકારોએ તો દરેક કાળમાં દીક્ષા માટેનો સમય એક જ સરખો જન્માષ્ટ કે ગર્ભાષ્ટમથી રાખેલો છે.

પ્રશ્ન ૪૬૮- દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ અને કાળની દ્રષ્ટિએ વિચારવાનું ખરું કે નહિ ?

સમાધાન- અલબત્ત એ દ્રષ્ટિએ વિચાર કરવામાં આવે જ છે.

પ્રશ્ન ૪૬૯- દીક્ષાનો કાળ દરેક આરામાં જુદો જુદો હોય ખરોને ?

સમાધાન- કોડપૂર્વનું આયુષ્ય છે; તેમાં દીક્ષાનો કાળ છેવટનો જન્મ આઠને ગર્ભાષ્ટમ વર્ષનો રાખેલો છે; તો હવે એ હિસાબે મનુષ્યનું જીવન જ્યારે સો વર્ષનું છે ત્યારે તો તમારી ગણત્રીએ દીક્ષાનો કાળ પૂરા એક દિવસનો પણ થાય નહીં.

પ્રશ્ન ૪૭૦- દ્રવ્ય, ક્ષેત્ર, અને કાળની દ્રષ્ટિએ જોવાનું જૈનશાસ્ત્રમાં કહ્યું છે ?

સમાધાન- હા, પણ ધર્મને દ્રવ્ય, ક્ષેત્ર, કે કાળની અસર પહોંચી શકતી જ નથી. એ કોઈ પણ ચીજ ધર્મને બાધ નહિ કરી શકે અને કોઇ પણ રીતે જો ધર્મને કોઇપણ વસ્તુથી હાની થવાનો સંભવ હોય તો એ સંકટ સાધુએ સહન કરી લઇ ધર્મને બચાવી લેવો જોઇએ. દ્રવ્યાદિને બહાને પણ ધર્મનો ત્યાગ કરવો જોઇએ નહિ.

પ્રશ્ન ૪૭૧- વ્યવહાર ધર્મમાં અમુક વ્યવહાર અમુક સમયે જ કરવાનો હોય છે, તો તે પ્રમાણ દીક્ષાને પણ કેમ લાગુ પડે છે ?

સમાધાન- શાસ્ત્રાકરો સ્પષ્ટ જણાવે છે કે તીર્થ જ્યાં સુધી પ્રવર્તે છે ત્યાં સુધી જન્મથી આઠ વર્ષે અને ગર્ભાષ્ટમે પણ દીક્ષા આપી શકાય છે. શાસ્ત્રના બીજા નિયમોના પાલનપૂર્વક દીક્ષા આપી શકાય. તે પણ વયનો નિયમ જાતિ સ્મરણ-અવધિજ્ઞાન કે કુળ સંસ્કારથી તેવી સમજણ ન મળી હોય તેવાને માટે છે.

પ્રશ્ન ૪૭૨- કયા સૂત્રમાં આપ જણાવો છો તેવું વિધાન છે ?

સમાધાન- નિશીથચૂર્ણી ખંડ બીજો, પત્ર ૨૮.

પ્રશ્ન ૪૭૩- તીર્થંકર દેવોનું જીવન ઘડા લાયક એટલે કે તે બીજા માણસોને માટે અનુકરણ કરવાલાયક ખરું કે નહિ ?

સમાધાન- તીર્થંકર દેવોનું જીવન બીજા જીવોને માટે જરૂર અનુકરણ કરવા લાયક છે જ, એમાં જરા પણ શંકા નથી. પરંતુ અહીં એ વાત યાદ રાખવાની ખાસ જરૂર છે કે એમનું સઘળું જીવન

એટલે કે જીવનની સઘળી અવસ્થાઓ અનુકરણ કરવાલાયક નથી જ. તીર્થંકરો જે ઉપદેશ, આજ્ઞા વગેરે આપે છે તે સંયમ લઈને કેવળીદશાને પામ્યા પછી જ આપે છે. ગૃહસ્થાશ્રમને જ તેમણે ઉત્તમ માન્યો હોત તો પછી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંયમ શા માટે લેત ? એના ઉપરથી જ માલમ પડી આવે છે કે તીર્થંકરોએ પણ સંસાર કરતા સંયમ જ સારો માન્યો છે. આથી સાબિત થાય છે કે તીર્થંકરદેવોનું ગૃહસ્થાશ્રમનું જીવન અનુકરણ કરવા યોગ્ય છે એમ માની લેવાનું નથી. તેમણે પણ ઘર એ સાવદ્ય માન્યું છે અને તેથી જ તે છોડી દીધું છે. ઉપાધ્યાય શ્રીયશોવિજયજીએ પણ બાવીસ તીર્થંકરના ઘર વાસને રાગમય જણાવી સજઝાયમાં હેય તરીકે જણાવેલ છે.

પ્રશ્ન ૪૭૪- તીર્થંકરદેવોએ ગૃહસ્થાશ્રમમાં અને સંયમ લીધા પછી જુદી જુદી આચરણાઓ કરી છે, તે બંન્ને આચરણાઓ આચરવા લાયક તો ખરી જ ને ? ગૃહસ્થાશ્રમપણ ખોટો તો નથી જ ને?

સમાધાન- ગૃહસ્થાશ્રમ એ સાવદ્ય હોવાથી ખોટો છે એ સિદ્ધાંત છે; એટલે ગૃહસ્થાશ્રમનું અનુકરણ મોક્ષ માટે તો નહિ જ. મોક્ષ મેળવવાને માટે ગૃહસ્થાશ્રમ જરૂરી છે એમ કહી શકાય નહિ.

પ્રશ્ન ૪૭૫- ગૃહસ્થ એટલે સંસારી માણસ મોક્ષ મેળવી શકે છે, ને જો ગૃહસ્થ પણ મોક્ષ મેળવી શકે છે તો પછી સંયમની શી જરૂર છે ?

સમાધાન- ગૃહસ્થપણાનો ત્યાગ જરૂરી છે એવું ન માનનારને મોક્ષ નથી એમ બેશક કહી શકાય છે. જે આરંભ સમારંભનો ત્યાગ કરે છે તેને જ મોક્ષ મળે છે; અને ગૃહસ્થ આરંભ સમારંભનો ત્યાગ તે કરવા તપાસવું ધારે; કરતો ને કરવા ધારતો નથી તેને મોક્ષ પણ નહિ જ મળી શકે એમ કહેવાને વાંધો નથી.

પ્રશ્ન ૪૭૬- બહારથી ત્યાગ કર્યા વિના ત્યાગી જેવો થાય એટલે કે સંસારમાં રહે ખરો; પણ રાગદ્વેષાદિને જીતી લે. તે (રાગદ્વેષ) વિનાનો થાય અને મન જીતે તો તેને મોક્ષ મળે ખરો કે નહિ ?

સમાધાન- એ રીતે મોક્ષ નહિ મળી શકે. સંસારમાં રહીને મન જીતી શકે એ બનવું સહેલું નથી. વળી જે સંસારમાં છે તે આરંભ સમારંભનાં કાર્યોને છોડી શકે જ નહિ અને જ્યાં સુધી આરંભ સમારંભનાં કાર્યો ન છોડે ત્યાં સુધી મોક્ષ કદી પણ મળી શકે જ નહિ. એ શાસ્ત્રીય મુખ્ય પ્રરૂપણા છે.

પ્રશ્ન ૪૭૭- જેને ત્યાગ શું તેનો વાસ્તવિક ખ્યાલ નથી, તેવો બાળક સંસાર છોડે એમ કહેવું શું અયોગ્ય નથી, ? વાસ્તવિક ત્યાગ આવે ત્યારે જ દીક્ષા લઈ શકાયને ?

સમાધાન- એ સઘળી વાતો સંસ્કારપરત્વે છે. આપણામાંથી ઘણા પચાસ વર્ષના થશે તો પણ તરી

શકવાના નથી, જ્યારે ખારવાનો પાંચ વર્ષનો છોકરો પણ તરતાં જાણે છે તેનું શું ? જૈનકુળમાં સંસ્કાર જ એવા હોય છે કે તે બાળક હોય તો પણ એમ સમજી શકે છે કે મારાથી દીક્ષા લીધા પછી માતાપિતા પાસે નહિ જવાય, નાટક સિનેમા નહિ જોવાય, કાચા પાણીને નહિ અડાય. આ વસ્તુ સઘળા બાળકો જાણે છે અને એ જાણીને જેઓ તેને ત્યાગે છે તેનામાં વાસ્તવિક ત્યાગ નથી એમ કેમ કહેવાય ?

પ્રશ્ન ૪૭૮- આ બધો જે ત્યાગ છે તે હાર્દિક ત્યાગ તો નથી જ ને ? તે માત્ર ગાડરીયા પ્રવાહ જેવો છે. એમ શું નથી લાગતું ?

સમાધાન- આ સઘળો ત્યાગ બાળક સમજે છે, એટલે તે હાર્દિક ત્યાગ જરૂર હોઈ શકે ! સમજપૂર્વકના ત્યાગને તે હાર્દિક નથી એમ કહેવાનું કાંઈ કારણ જ નથી.

પ્રશ્ન ૪૭૯- બાળકને માબાપ દીક્ષા લેવાની રજા આપે બાળક દીક્ષા લેવાની હા કહે, આટલા ઉપરથી શું તે બાળકને દીક્ષા આપી દેવી અને તે હાર્દિક ત્યાગ માનવો એ શું યોગ્ય છે ?

સમાધાન- પાંચસો છોકરાને ભેગા કરો અને પછી તેમાંથી સઘળાને પૂછો કે તમારે દીક્ષા લેવી છે ? ઘણા મોટા ભાગના છોકરાઓનો જવાબ એ મળશે કે "ના." ત્યાગમાં છોકરાઓ સમજતા ન હોય તો પછી મોટા ભાગના છોકરા ના શાથી કહે છે વારું ? જો તેમનામાં સમજપણું ન હોય તો તેઓ ના ન કહે. જો ના કહેનારા મોટા ભાગના છોકરાઓનું ના કહેવાપણું કબુલ હોય, તો એનો અર્થ એ છે કે એવા છોકરાઓને પણ સમજણ છે. તો પછી તેમાંથી બેચાર છોકરા સમજણપૂર્વક ત્યાગ લેવાને તૈયાર થાય તેને એમ શી રીતે કહી શકાય કે તેનામાં સમજણ નથી ? એટલે ઉપર જણાવ્યા પ્રમાણેની દીક્ષા તે શાસ્ત્રોક્ત દીક્ષા છે.

પ્રશ્ન ૪૮૦- પણ બાળક-છોકરો લાલચ ખાતર હા પાડી દે તો શું ?

સમાધાન- જો લાલચ હોય તો પેલા પાંચસોએ પાંચસો સઘળા શા માટે હા ન પાડે ? અને સાધુપણામાં તો લાલચ નથી, તેમાં તો તમારા હિસાબે સંકટ છે-આચાર વિચારો પાળવાનાં છે એ વાત એકે એક જૈન બાળક જાણે છે.

પ્રશ્ન ૪૮૧- બાળક બધું હા કહેશે, પણ પંચમહાવ્રતની પ્રતિજ્ઞા લે તે સમયનું શું ? સ્ત્રી શું છે ? સંસારીઓને માટે સ્ત્રીનું સુખ એ શી વસ્તુ છે એ જાણ્યા વિના બાળક તે સંબંધીનું વ્રત ઉચારે એ યોગ્ય છે ?

સમાધાન- એ તો ઊલટું વિશેષ સારું છે. બાળક જે બાબત સમજતો જ નથી, તે બાબતનો ત્યાગ; એ તો તેને આનંદ છે. તેથી તો ઉલટું તે ચારિત્ર વધારે સારી રીતે પાળી શકશે. ત્યાજય વસ્તુઓનો અનુભવ કરવો જ જોઈએ એવો નિયમ છે જ નહિ.

પ્રશ્ન ૪૮૨- છ વર્ષનો નાનો બાળક જે સ્ત્રી પુરુષના વ્યવહાર સમજતો નથી, તેને પરસ્ત્રીના ત્યાગની બાધા આપી શકાય ?

સમાધાન- સાંભળીને કે કોઇ હેતુથી બાળકો સાત વ્યસનોનો ત્યાગ કરે તે યોગ્ય છે ને તેવું શાસ્ત્રકારોએ ચોખ્ખું કહ્યું પણ છે. આ પ્રશ્નનું સમાધાન ઘણી વખત આપેલ છે. વધુ ખુલાસા માટે પ્રવચન સારોદ્ધાર નિશીથચૂર્ણી વગેરેમાં તે પ્રમાણ સાફ છે. વયને જોવું.

પ્રશ્ન ૪૮૩- દીક્ષાની યોગ્યતા તરીકે દીક્ષા માટે વિવેક બુદ્ધિ હોવી જોઇએ, એ ખરું છે ?

સમાધાન- પાપનું કાર્ય ન કરવુ પાપના ત્યાગની વિવેક બુદ્ધિ હોવી જોઇએ.

પ્રશ્ન ૪૮૪- આવી વિવેક બુદ્ધિ બાળકોમાં હોય છે ?

સમાધાન- અનુભવથી જાણી શકાય છે કે બાળકોમાં આવી વિવેક બુદ્ધિ હોઇ શકે છે અસંભવિત તો નથી જ.

પ્રશ્ન ૪૮૫- દીક્ષાનો અને તેની વયનો પ્રશ્ન અત્યારે ભારે ચર્ચાસ્પદ બન્યો છે. એ સંજોગોમાં જો આપનો પક્ષ સાચો છે, તો પછી આપ જાહેર રીતે તેની ચર્ચા કેમ કરતા નથી ? અને મધ્યસ્થ નીમીને આ બાબત શા માટે પતાવાતી નથી ?

સમાધાન- જાહેર રીતે ચર્ચા કરવાને માટે જ અમે જાહેરને સૂચના કરી છે કે અમુક દિવસોમાં આ વિષયમાં શંકા ધરાવનારો ગમે તે માણસ આવે અને પોતાની શંકા પૂછી તેનો ખુલાસો મેળવે. દીક્ષા સંબંધમાં અમે અમારો નિર્ણય બહાર પાડ્યો છે. હવે જે પક્ષ કે સમુદાયને અમારો નિર્ણય માન્ય નહિ હોય, તેમણે પોતાના તરફથી શંકા સમાધાનનો ક્રમબહાર પાડવો જોઇએ. પછી ભલે તટસ્થ નીમી ખુલાસો થાય. અમે જાહેર કર્યું છે કે ૮ થી ૧૬ વર્ષના બાળકને તેની ઇચ્છા અને તેના વાલીઓની સંમતિથી દીક્ષા આપી શકાય, અને સોળ કરતાં વધારે ઉંમર થઇ એટલે દીક્ષાર્થીની ઇચ્છા હોય તો તેને દીક્ષા આપી શકાય, પછી ભલે તેના કુટુંબીઓનો વિરોધ હોય ! અમારે આ વાત શાસ્ત્ર દ્વારાએ સાબિત કરવાની છે અને તેમ કરવા અમે તૈયાર છીએ. તે જ પ્રમાણે આ સિદ્ધાંતના વિરોધીઓ પોતે જે વાત રજુ કરે, તે તેમણે શાસ્ત્રદ્વારાએ સાબિત કરવાની છે.

આ બાબતમાં એવી પ્રતિજ્ઞા જાહેર રીતે થવી જોઇએ કે જો અમે અમારી વાત એટલે અમોએ જણાવેલો સિદ્ધાંત શાસ્ત્રથી સાબિત ન કરી શકીએ, તો અમારે અમારો મત ફેરવવો; અને પ્રતિપક્ષીઓ જો તેમની વાત સાબિત ન કરી શકે અથવા અમારી શાસ્ત્ર સંગત વાત તોડી ન શકે તો તેમણે પોતાનો મત ફેરવવો. આવી પ્રથમ પ્રતિજ્ઞા થવી જોઇએ. પછી તટસ્થ નીમીને જ્યાં જ્યાં વિરોધ જણાય તેવા તત્વોનું નિરાકરણ કરવા અનેક વખત આગળ પણ આહ્વાનો થયા છે અને હજી પણ આહ્વાત કરીએ છીએ. શાસ્ત્રોના અમે જે અર્થ કરેલા છે તે યોગ્ય નથી એમ કોઇ કહેતું હોય, તો ત્યાં તટસ્થની જરૂર; જ્યાં શાસ્ત્રના સંખ્યાબંધ પુરાવા હોય, ત્યાં તટસ્થની જરૂર શી ? છતાં તો અમોએ અમારું મંતવ્ય જાહેર રીતે જણાવેલું છે. જેમને એ ખોટું લાગતું હોય તેમણે રૂબરૂ આવીને જણાવવું જોઇએ કે આ વાત શાસ્ત્રાધારે ખોટી છે.

પ્રશ્ન ૪૮૬- પ્રવચન સારોદ્ધારમાં બાળને દીક્ષા ન આપી શકાય તેમ જણાવેલ છે, તો અહીં બાળનો અર્થ શો ?

સમાધાન- પ્રવચન સારોદ્ધાર મૂળની અંદર અઢાર દોષો જણાવ્યા છે, તેમાં ટીકાકારે બાળની વ્યાખ્યા કરતા પણ જઘને ગર્ભાષયનું માન જણાવ્યું છે. ન્યાયશાસ્ત્રને દોષ માટે બાળ કોણ કહી શકાય ? વ્યાકરણમાં નિષ્ણાત હોય, પણ ન્યાયની એક લીટી પણ ભણ્યો ન હોય; તે ન્યાયશાસ્ત્રને માટે બાળક છે. ભાષાનો ધુરંધર પંડિત હોય, પણ જૈનશાસ્ત્રો જાણતો ન હોય; તો તે જૈનશાસ્ત્રોના અધ્યયન માટે બાળક છે. તે જ પ્રમાણે પ્રવચન સારોદ્ધારમાં દીક્ષા માટે આઠ વર્ષથી ઓછી ઉંમર હોય તેમજ ગર્ભથી સાત પુરાં ન થયાં હોય ત્યાં સુધી બાળક ન ગણી અયોગ્ય ગણેલો છે.

પ્રશ્ન ૪૮૭- એ આઠ વર્ષ તે ગર્ભથી કે જન્મથી.

સમાધાન- અહીં આઠ વર્ષ જન્મથી કહેલ છે, કેમકે તેની નીચે સર્વવિરતિ કે દેશવિરતિની પ્રાપ્તિ પ્રાયઃ હોતી નથી. સાથે જ જણાવ્યું છે કે ગર્ભથી સાત પૂરાં થઈને આઠમું લાગે નહિ ત્યાં સુધી તેને દીક્ષાને અયોગ્ય ગણાય તેથી જન્મથી આઠ વર્ષે ગર્ભથી આઠમું લાગે ત્યારે તે બાળદોષમાં ગણાય નહિ.

પ્રશ્ન ૪૮૮- જાવસાહુ પજ્જુવાસમિ એવો પાઠ શ્રાવક સામાયિક કરતાં સર્વ સ્થાને બોલી શકે કે કોઇ નિયત સ્થાને બોલી શકે ?

સમાધાન- ઉપાશ્રયે કે કોઇ પણ સ્થાને જ્યાં સાધુમહારાજની વિદ્યમાનતા હોય ત્યાં વ્યાખ્યાદિમાં તે પાઠ બોલવાનું શાસ્ત્રીય વિધાન છે;

પ્રશ્ન ૪૮૯- શ્રાવકને સ્નાનનું વિધાન કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન- શ્રાધ્ધદિનકૃત્યમાં છે. તે આ પ્રમાણે-**फासुएणं तुं नीरेणं इयरेणं गलियेणय**-સ્નાન માટે. પ્રાસુક એવા પાણીથી અગર તે ન મળતાં ગળેલા પાણીથી સ્નાન કરવાનો વિધિ જણાવે છે. ગૃહસ્થ પોતાના સ્નાનમાં જેમ બને તેમ ઓછું જળ વાપરવાવાળો હોવાથી ત્યાં આગળ પ્રાસુકતાના અન્વેષણને સ્થાન છે. પણ અભિષેકમાં જળની અલ્પતા ઉપર ખ્યાલ નહીં રાખવાનો હોવાથી પ્રાસુકતાના અન્વેષણને સ્થાન નથી.

પ્રશ્ન ૪૯૦- અપ્રાવરણના અભિગ્રહથી શું સમજવું ?

સમાધાન- વસ્ત્ર કે કામળી કંઇપણ ઓઢવા પહેરવાને ન રાખતાં, તે ન રાખવાનો કે તે ન વાપરવાનો અભિગ્રહ કરે; તેનું નામ અપ્રાવરણ અભિગ્રહ કહેવાય છે.



સુધા-સાગર

(નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવેશ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી ઉધ્ધૃત કરેલ કેટલાક સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અત્રે અપાય છે. સંગ્રાહક ચંદ્રસાગર)

૫૭૬ કર્મસંયોગને લીધે આત્માને કર્મની પરંપરા બંધાવનાર રાગદ્વેષાદિકને છોડવા તેનું નામ સામાયિક છે.

૫૭૭ ૧. સમ્યગ્ જ્ઞાનાદિનું કાર્ય પ્રતિજ્ઞાપૂર્વક કરવું, ૨. સર્વ સાવદ્યનો ત્યાગ કરવો અને તે દરમ્યાન તેણે પોતાના ઘર સંબંધીના પણ દરેક કાર્યો વિસરી જવાં એ સામાયિકની બે પ્રતિજ્ઞા છે.

૫૭૮ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો અને રત્નત્રયીમાં ઉદ્યમ જરૂર કરવો.

૫૭૯ સુંદર પ્રવૃત્તિનું પૂર જોશથી સેવન કરો અને અસુંદર પ્રવૃત્તિઓનું ઉચ્છેદન કરો.

૫૮૦ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનો અસ્ખલિત ઉદ્યમ તે સામાયિક ચારિત્ર છે.

૫૮૧ તમે જ્યાં સુધી કર્મે બંધાયેલા છો ત્યાં સુધી તો અરિહંતાદિક નવપદોનો તમારે આદર કર્યે જ છૂટકો છે.

૫૮૨ ધરાયેલો મનુષ્ય ભોજન માગે નહિ પણ તેનું જ અનુકરણ જો ભૂખ્યો કરવા જાય તો તે જરૂર ભૂખે જ મરે !

૫૮૩ આત્મા એ જ અરિહંત છે, સિદ્ધ છે, આચાર્ય છે અને ઉપાધ્યાય પણ તે જ છે; પરંતુ આત્મા પરમેષ્ઠીભૂત હોવા છતાં બીજાને આરાધીને શું કરવું છે એવી વિચારણા કર્મક્ષય થયા વગર કરવીએ નકામી જ છે.

૫૮૪ તીર્થંકરની પૂજાનો ઉપદેશ આપનારા સાધુઓ પૂજા નથી કરતા તો તમારે પણ ન કરવી એવું કહેનારાઓ ભવ્યજીવોના ભયંકર દુશ્મન છે.

૫૮૫ જેના આરંભ પરિગ્રહાદિક છૂટ્યા નથી તેમને દ્રવ્યપૂજા અગત્યની છે.

૫૮૬ કર્મથી ભરેલા આત્માઓએ કર્મ નષ્ટ કરવાના સાધનથી કદી પણ વિમુખ થવું નહિ.

૫૮૭ જ્યાં સુધી કર્મરૂપી ઇંધનથી આત્મા બંધાયેલો છે ત્યાં સુધી અરિહંતાદિક નવપદની આરાધના અતિ અગત્યની જ છે.

૫૮૮ યાદ રાખો કે કર્મના ક્ષયથી પ્રાપ્ત થતું સર્વજ્ઞપણું પ્રાપ્ત થયા પછી જ આરાધના છૂટી જાય છે તે પહેલા કદી નહિ.

૫૮૯ અરિહંત પદનો જાપ ભક્તિ અને સ્મરણ છોડવાલાયક જ નથી.

૫૯૦ નવપદનું સ્મરણ, ધ્યાન, પૂજાદિક સઘળુંએ આત્માના કર્મરૂપી લાકડા બાળવા માટે અગ્નિ સમાન છે.

૫૯૧ જ્યાં સુધી કર્મરૂપી બળતણ બળી ગયું નથી ત્યાં સુધી ધ્યાનરૂપી અગ્નિ રહેવો જ ઘટે.

૫૯૨ પહેલવહેલું આત્મસ્વરૂપ જાણવું, સર્વ સાવદ્યનો ત્યાગ, સંવર માર્ગમાં પ્રવૃત્તિ અને કેવળજ્ઞાન મેળવવું તે બધું ધર્મપ્રવર્તક તીર્થંકરોને જ આભારી છે.

૫૯૩ આદ્ય કેવળજ્ઞાન ઉત્પન્ન કરનાર અને કેવળજ્ઞાનનો રસ્તો પ્રવર્તાવનાર તે તો એક અરિહંત ભગવાન જ છે.

૫૯૪ સાધુઓનું અસ્તિત્વ શ્રાવકોની હયાતીમાં જ હોય એવું સાધુપણું માનનારાઓએ અતીર્થ સિદ્ધ ઉપર પણ હડતાળ મૂકવી જ રહી.

૫૯૫ સાધુ સાધ્વીને દાતારની જરૂર તો ખરી જ પણ તેઓ શ્રાવક શ્રાવિકા ઉપર જ નિર્ભર છે એમ તો નહિજ.

૫૯૬ શ્રાવિકા શ્રાવકોની ગેરહાજરીમાં સાધુપણું તો હતું જ અને તે સાધુપણાને શાસ્ત્રકારોએ કબુલ કરેલું પણ છે જ.

૫૯૭ બ્રહ્મચર્યનું પાલન કરનારે નવવિધ વાડનું બરાબર પાલન કરવું જ જોઇએ.

૫૯૮ અતીર્થ સિદ્ધ તો અસંખ્યાતે એકજ હોય છે.

૫૯૯ પ્રથમ જગતમાં પ્રકાશ કરનાર, આત્મપદાર્થને બતાવનાર અને ત્યાગને ફળસહિત દેખાડનાર જો કોઈ હોય તો તે ભગવાન અરિહંતદેવ એકલા જ છે.

૬૦૦ આત્મા એ સર્વ જગતની જાણમાં આવે તેવો પદાર્થ નથી, અને તે જ પ્રમાણે આત્મજ્ઞાન એ વિષય પણ જગતના વ્યવહારનો વિષય નથી.

૬૦૧ "કાળને અનુસરતી પ્રવૃત્તિ તે ધર્મ" એવું વિધાન જૈનશાસનમાં ચાલી શકે તેમ નથી.

૬૦૨ આપણે જમાના પર ધ્યાન રાખવાનું નથી આપણે તો આત્માના સમ્યગ્‌દર્શનાદિ ગુણો કેમ વધે તેના ઉપર જ ધ્યાન આપવાનું છે.

૬૦૩ મોક્ષ માર્ગના પ્રથમ પ્રવર્તક, મોક્ષ માર્ગના પ્રથમ પ્રવાસી અને મોક્ષ માર્ગને સહેલાઈથી પ્રાપ્ત કરવાની રીતિ બતાવનાર તો ભગવાન શ્રી ઋષભદેવજી જ છે.

૬૦૪ તીર્થંકર મહારાજ તો દીપક સમાન વસ્તુને જણાવનારા હોવાથી સ્થળ, કાળ, સંજોગો કે બીજા ગમે તે કારણથી તેમની કિંમતમાં ઘટાડો થતો નથી.

૬૦૫ જગતમાં અનાદિકાળથી દોષને ગુણ માનવાની પણ પ્રવૃત્તિ થઈ ગઈ છે.

૬૦૬ જો મોતી હીરા કે ઝવેરાતની કંઈ કિંમત જ ન હોય તો પછી તેના શોધનાર વગેરેનો કોઈ ભાવ પણ નહિ જ પૂછે.

૬૦૭ શ્રી અરિહંત ભગવાન એ આત્માને વિષે હીરાને પહેલ પાડનાર, મોતીને સુધારનાર, અને સોનાનો સુંદર ઘાટ ઘડનાર છે.

૬૦૮ આત્માને સિદ્ધત્વ પર્યાયમાં લઈ જવામાં, ક્ષયોપશમભાવને સુધારવામાં અને કર્મ જેવી મલિન વસ્તુને દૂર કરવામાં અરિહંત ભગવાન એક્કા છે.

૬૦૯ જો આત્માની કિંમત કાંઈ પણ અંશે થઈ હોય તો તે ઉપરથી જ અરિહંત ભગવાનની કિંમત છે.

૬૧૦ આત્મામાં પ્રથમથી જ અનંતજ્ઞાન, અનંત દર્શન અને વિતરાગતાનો સ્વભાવ તો છે જ અને આત્માનો અનંતવીર્ય સુખસ્વભાવ પણ છે તે યથાર્થ સ્વરૂપે જણાવી પ્રકટ કરનાર અરિહંત જેવી કોઈ વ્યક્તિ ન હોત તો દરેક આત્માઓ સંસાર સાગરમાં ગોથાં ખાયા જ કરત.

૬૧૧ જીવો એ શુદ્ધ આલંબનરૂપ અરિહંત નાવના અભાવે સંસાર સમુદ્રમાં ભ્રમણ કર્યાજ કરે છે.

૬૧૨ સંસારમાંથી જેમ હીરા વગેરે ઉચ્ચ પદાર્થોની ઉત્પત્તિ થાય છે તેવી જ રીતે દુર્લભ એવા મનુષ્ય દેહમાંથી ઉત્તમ હીરા સમાન અરિહંત ભગવાન જેવી ઉચ્ચ વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે.

૬૧૩ સોનાની ખાણમાંની માટી, સમુદ્રમાં રહેલો કચરો અને હીરાની ખાણમાંના પથ્થરો અનુક્રમે સોનાની, રત્નોની અને હીરાની કિંમત અંકાતી જોઈને તેમના યોગે માટી, કચરો અને પથ્થરો એમ જ માને છે કે અમારી જ કિંમત અંકાય છે તો એ ભૂલ નહિ તો બીજું શું ?

૬૧૪ સરકવાનું, ફરવાનું, ભટકવાનું, જેમાં અનાદિ કાળથી રહેલું છે તેનું નામ તે સંસાર.

૬૧૫ ઉદ્યમ કર્યા વગર કોઈપણ આત્મા મોક્ષે ગયો છે ખરો ? નહિ જ ! ! !

૬૧૬ જો મોતી વગેરેની કાંઈ કિંમત ન હોય તો પછી તેના શોધનાર વગેરેનો કોઇ ભાવ પૂછતાજ નથી.

૬૧૭ ભવિતવ્યતા તો ઉદ્યમની એક ગુલામડી બલકે ચાકરડી જ છે.

૬૧૮ જો ભવ્યપણું પકવવું હોય તો તે શાસ્ત્રવિહિત ઉપાયોથી જ (ઉદ્યમથી જ) પરિપક્વ કરો.

૬૧૯ ભવ સ્થિતિને ભૂલા પડેલા મહાનુભાવોએ ધ્યાન રાખવું જોઈએ કે કોઈની પણ ભવસ્થિતિનો પરિપાક એમને એમ સીધી રીતે પોતાની મેળે જ થઈ જતો જ નથી, એનો ઉદ્યમ તો જાતે જ કરવો પડે છે.

૬૨૦ તમારા ભવ્યપણાને પરિપકવ કરી ભવસ્થિતિ પરિપકવ કરવી જ હોય અને તમારી ભવિતવ્યતા સુધારવી જ હોય, તો આ વસ્તુત્રયનું (રત્નત્રયનું) સેવન કરો.

૬૨૧ સમ્યક્ત્વ પામ્યા પછી અર્ધપુદ્ગલપરાવર્તથી વધારે વખત સંસારમાં ભ્રમણ કરાવે એવી કોઈપણ વર્તનની શક્તિ જ નથી.

૬૨૨ જે આત્માએ ભાવચારિત્ર ગ્રહણ કર્યું છે તેને આઠ ભવથી વધારે ભવ આ સંસારસાગરમાં રખડાવવાની ભવિતવ્યતાના પૂર્વજોમાં પણ શક્તિ નથી.

૬૨૩ ભવિષ્ય અને ભવિતવ્યતા બન્ને ઉદ્યમને આધીન છે.

૬૨૪ દુનિયામાં કલ્યાણકારક ચીજ તે દીક્ષા જ છે.

૬૨૫ કલ્યાણ અને મોક્ષનો માર્ગ દર્શાવનાર જો કોઈ પણ વસ્તુ આદરણીય હોય તો તે જગતમાં પ્રભુએ આદરેલ ફક્ત એક દીક્ષા જ છે.

૬૨૬ અચિંતિતપણે દેવગુરૂની આરાધના, અને તેનાથી વિચારની સુંદરતા પ્રાપ્ત થાય, તેમ તેવી જ રીતે રત્નત્રયીની આરાધનાને તે દ્વારા જે સુંદર વિચારની શ્રેણી અણધાર્યા સંજોગોથી મળે તે ભવિતવ્યતાને આધારે છે.

૬૨૭ હીરો ભલે અનેક આભુષણોથી ચઢીયાતો થવાને સર્જાયેલાં હોય, છતાં તે હીરો હીરારૂપે પહેલવાળો ત્યારે જ થાય છે કે જ્યારે તે કુશળ શરાણીના હાથમાં જાય છે.

૬૨૮ જેમ હીરાને પહેલ પાડનાર શરાણી એ જ ઉત્તમ કારીગર છે, તે જ પ્રમાણે આ સંસારને વિષે આત્માને પહેલ પાડનારા અરિહંત સિવાય બીજા કોઇ કારીગર જ નથી.

૬૨૯ વચનની કિંમત વક્તાની કિંમત ઉપર જ આધાર રાખે છે. .

૬૩૦ સિદ્ધ એ અરિહંતના વચનનું જ વાક્ય છે.

૬૩૧ જીનેશ્વર ભગવાનના વચનને આધારે જ જૈન ધર્મોપદેશકોનું વચન પ્રમાણ ગણાય છે, અન્યથા નહિ.

૬૩૨ શાસ્ત્ર પણ તીર્થંકર ભગવાનના વચનને આધારે જ બંધાયેલું છે.

૬૩૩ જગત ઉપર મોટામાં મોટો ઉપકાર તો ફક્ત તીર્થંકરોનો જ છે કે જેમની વાણી દ્વારાએ આખુંએ વિશ્વ સદ્‌બોધ પામે છે.

૬૩૪ જૈનશાસનમાં તો ફક્ત જીનેશ્વરના વચનાનુસાર વર્તવાવાળાને જ સ્થાન છે, બીજાને નહિ.

૬૩૫ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ; એ ત્રણે પણ તીર્થંકરોના વચન પર જ બંધાયેલા છે.

૬૩૬ વચનની પ્રમાણિકતા તો જીનેશ્વર ઉપર જ અવલંબેલી છે. જેઓ આચાર્યાદિક છે; તેઓ અરિહંત, સિદ્ધ વગેરેના સ્વરૂપને તથા ઉપકારને દર્શાવનારા ખરા, લોકોને તેઓના ભક્તિભાવમાં પ્રેરનારા પણ ખરા; પણ તેથી તેઓ (આચાર્યાદિક) અરિહંત કે સિદ્ધથી અધિક તો ગણાય જ નહિ, કારણ કે અરિહંતાદિક તેઓને આરાધ્ય છે.

૬૩૭ સુધરનાર કરતાં સુધારનારની કિંમત વધારે ગણાવી જ જોઇએ.

* * *

બહાર પડી ચૂકી

શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિ કે જે શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કરતાં પણ પ્રાચીન અને પૂર્વધર આચાર્ય મહારાજજીની કરેલી છે, અને પૂ. આગમોદ્ધારક આચાર્યદેવે સંશોધન કરેલી છે. કિંમત રૂ. ૪-૦-૦ છે અને પોસ્ટ જુદું.

મંગાવનારે શ્રી સુરત જૈનાનન્દ પુસ્તકાલય એ સરનામેથી મંગાવવી, નકલો થોડી છે માટે સિલકમાં હશે ત્યાં સુધી મોકલાશે.

તા. ક. આગમોદય સમિતિ, શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ અને શ્રી ઋષભદેવજી કેશરીમલજી તરફથી છપાયેલાં ગ્રંથો પણ અહિંથી મળી શકશે.

વ્યવસ્થાપક જૈન આનંદ પુસ્તકાલય. ગોપીપુરા-સુરત.

તૈયાર છે. તૈયાર છે. તૈયાર છે.

પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન.

વિજય લક્ષ્મીસૂરીકૃત

સંશોધકઃ-આગમોદ્ધારક.

મળવાનું ઠેકાણુંઃ-શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

લાલબાગ ભુલેશ્વર, મુંબઈ નં. ૪

[કિંમત ૦-૪-૦] [પોસ્ટેજ જુદું.

બારસા સૂત્ર સચિત્ર

શેઠ. દે. લા. જૈન. પુ. ઉ. ફંડ.

શ્રી. બારસા સૂત્ર સચિત્ર શ્રાવણ સુદી ૧૫ ઉપર બહાર પડશે.

હવેથી ગ્રાહક તરીકે એડવાન્સ લઈ નામ નોંધવામાં આવશે નહિ.

માટે કોઇએ એડવાન્સ મોકલવા નહિ.

લી. જીવણચંદ સાકરચંદ ઝવેરી.

શેઠ. દેવચંદ લાલભાઈ જૈન. પુ. ફંડ-સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રી. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

સાધુસંસ્થા - એ અમૃતનો કયારો છે.

મોહ રાજાની નિષ્ઠુર રાજ નીતિથી રેંસાઈ ગયેલાઓને, પતિત થયેલાઓને સત્વર શાંતિ આપનારી સંસ્થા તે **સાધુસંસ્થા** જ છે.

મોહ રાજાએ પ્રસરાવેલી અશાંતિથી જગતભરને ચેતાવી તેનાથી સંસારનું તારણ કરનાર શાંતિનું સામ્રાજ્ય ફેલાવનાર અને તેમાં દિન પ્રતિદિન વૃદ્ધિ કરનાર તે **સાધુસંસ્થા** જ છે.

મોહના ગુલામોની ગેબી કાર્યવાહીથી જગતભરને વ્યાખ્યાન દ્વારાએ વાકેફ કરનાર તે **સાધુસંસ્થા** જ છે.

મોહના મંત્રથી મુગ્ધ બનીને અર્થ કામની કારમી કાર્યવાહીથી કાયર બનેલાઓને ધર્મરસાયણ અર્પનાર **સાધુસંસ્થા** જ છે.

મોહરાજાએ અને તેના ગુલામોએ જગતના અજ્ઞાન જીવોને પૌદ્ગલિક વસ્તુઓ રૂપ બોર આપીને મોક્ષરૂપી કરોડોની કિંમતની કલ્લી કાઢી લીધી છે, તેની જગતમાં જાહેરાત કરનાર તે **સાધુસંસ્થા** જ છે.

મોહરાજા ઉપર પૂર્ણ વિજય મેળવેલી, જાતિ અપેક્ષો "यावच्चंद्र दिवाकरो" શાશ્વત; અને વ્યક્તિ અપેક્ષાએ પરમકૃપાળુ ભગવાન શ્રી મહાવીરદેવથી આરંભાયેલી પરમોપકારીણી **સાધુસંસ્થા** યથાકાળ પર્યંત જીવે છે, જીવી છે, અને જીવતી જ રહેશે.

જગતના અનેક પરિવર્તનો, અનેક આપત્તિઓ અને અનેક અપકારો છતાં સતત્ સંકટ વેઠીને **મોક્ષમાર્ગની મહત્તાને જીવંત રાખનાર તે સાધુસંસ્થા** જ છે.

આ ઉત્તમ એવી ભરતભૂમિમાં અનાર્યો અને યવનોના ભારે ઉલ્કાપાતો, કારમી કિકિયારીઓ અને બળવાન તોફાનોમાંથી આર્યત્વને બચાવી લેનાર તે એક **સાધુસંસ્થા** જ છે.

ભયંકર માછલાઓ, ભીષણ ખડકો, અજેય હિમગીરીઓ, અકલ્પ્ય એવા જવલંત ભુંકપોથી ભરેલા સંસાર સાગરમાંથી શાસનની નૌકાને બચાવી લેનાર તે **સાધુસંસ્થા** જ છે.

આર્યત્વનો વિનાશ ઈચ્છતી તે યવનો અને મ્લેચ્છોની તરવારો આજે નાશ પામી છે, પણ એ તરવારોને આત્માની અજેયતા વડે પ્રવાહી બનાવી દેનારી **સાધુસંસ્થા** જ હજી જીવે છે, એને માટે જ મોક્ષાભિલાષી જગત કહે છે કેઃ-

સાધુસંસ્થા એ અમૃતનો કયારો છે.

ચંદ્રસા૦

REGISTERED NO. B. 3047.

પર્વાધિરાજ પર્યુષણાપર્વ અને આપણી ફરજ



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૨૧ મો.	મુંબઈ, તા. ૫-૮-૩૩, શનિવાર શ્રાવણ સુદ ૧૫.	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽत्र भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

પર્યુષણ પર્વ પ્રશંસા.

-: સવૈયા :-

સકલ જીવનના પાપ કર્મને ક્ષણમાં ભસ્મિભૂત કરવા,
વિકલ બંધનો નિજ આત્માના પ્રલયકાળ સમ પરિહરવા,
ચિત્ત વિષે સ્થિરતા શાંતીને સદ્‌ગુણનો ઉદધી ભરવા,
ક્રમે ક્રમે દૂર્ગુણ દૂર કરતા પુણ્ય ધામ પથ સંચરવા,
જો પ્રતિવર્ષે પરમ કૃપામય પર્વ પર્યુષણ આવે છે;
જૈન હૃદયમાં દીવ્ય ભાવના તે નિશદીન પ્રકટાવે છે.

આ સંસાર ગહન દુઃખવાડી ગાઢી ઝાડી ત્યાં મોહતણી,
ગહન ગિરિ ને ઘોર ગુહાવત દળ દૂર્ગુણના દેહ ભણી,
ધાન્ય અને ધન સુખ સંતતિના મેળવવા મન યત્ન કરે,
એ યત્ને યત્ને જન જડ થઈ પાપ પંકમાં ડૂબી મરે,
એ દુઃખડાં દૂર કરવા માટે પર્વ પર્યુષણ આવે છે;
જૈન હૃદયમાં દિવ્ય ભાવના તે નિશદીન પ્રકટાવે છે.

કર્મ તણો ક્ષય કરવા માટે ધર્મ સદા દિલડે ધરવા,
મર્મ મુક્તિનો મેળવવાને આત્મ તે જ તનમાં ભરવા,
પ્રબળ હૃદયથી કરો પ્રતિજ્ઞા જીવનતણા દોષો શોધો,
કયા રોગથી માર્ગ રૂંધાતો એ રોગોને અવરોધો,
એવા પવિતર કાર્ય સાધવા પર્વ પર્યુષણ આવે છે;
જૈન હૃદયમાં દીવ્યા ભાવના તે નિશદીન પ્રકટાવે છે.

જ્યાં પ્રભુ વીરતણા ડંકાના સૂર ધીમે સાદે ગાજે,
ત્યાં આ પર્વતણી ભક્તિના છતાં, ગુંજનો જો છાજે,
ભવ્ય જીવનને આ અવસર છે દીવ્ય દિવાળીથી સારો,
એના પુણ્ય પ્રકાશે નાસે દેહ દોષના અભિહારો,
નવયુગના નવકિરણો સીંચતા પર્વ પર્યુષણ આવે છે;
જૈન હૃદયમાં દીવ્ય ભાવના તે નિશદીન પ્રકટાવે છે.

લે. શ્રી અશોક.

શ્રી સિદ્ધચક્રનો વધારો.

સંવત ૧૯૮૯

પર્યુષણા અને કલ્પ-વાયન- પ્રશ્નોત્તર



શાસ્ત્રાધારે ઉત્તર દાતા-

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ-

શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ.

પ્રકાશકઃ-
મંગલચંદ મૂળચંદ
સુરત.

પર્યુષણાદિને અંગે વિચારણા.

ગયા વીરશાસનમાં ભૂરાભાઈ કચરાભાઈએ પર્યુષણા, સંવત્સરી ને ગ્રહણને અંગે પ્રશ્નો જાહેર કર્યા છે, તેના ઉત્તર વિદ્વાન મુનિ વિગેરેની પાસે માંગ્યાં છે પણ તેના ઉત્તરો આગલા વીરશાસનમાં આવી ગયા છે માટે તે જોઈ લેવાથી સમજી શકાય તેમ છે. પણ નીચેના પ્રશ્નોના વિચારો તેઓએ અને ઉત્તર દેનારે વિચારવાના છે.

૧ વર્તમાનકાળના પૂ. આચાર્ય, પૂ. ઉપાધ્યાય, પૂ. મુનિવર્યો અત્યાર સુધી કોઈપણ ટીપ્પણાને નિયમિત માનતા હતા કે અનિયમિત પણે કોઇ વર્ષમાં કોઇને કોઈ વર્ષમાં કોઈક ટીપ્પણું માનતા હતા ?

૨ દરેક વર્ષે તિથિની વૃદ્ધિ ને હાનિમાં ટીપ્પણું નિયમિત માનતા હતા કે નહીં ?

૩ મહિનાની વૃદ્ધિમાં કયા ટીપ્પણા પ્રમાણે વર્તતા હતા ?

૪ વિહાર, પ્રવેશ, પ્રતિષ્ઠા દીક્ષા, વડી દીક્ષા આદિના મુહૂર્ત કયા ટીપ્પણા પ્રમાણે જોતા હતા ?

૫ શાસ્ત્રીયવિધિ અનુસાર કે તેનાથી અવિરુદ્ધ વર્તનમાં બહુમતિ કે અલ્પમતિ; સર્વવિરોધ કે અલ્પવિરોધને સ્થાન આપવું વ્યાજબી ગણાય ખરું કે ?

૬ ૧૯૫૩ની સાલમાં શ્રીમાન્ આત્મારામજી મહારાજે છઠ્ઠનો ક્ષય કહ્યો અને તે સંવત્સરી પહેલાં જેઠ સુદ ૮; ને દિને કાળ કરી ગયા એ વાત ખરી ?

૭ અમાવાસ્યાને દિને ક ૮ મી. ૪૮ થી ૩, કલાક અને નવ (૯) મીનીટ સુધી ગ્રહણ કહે છે, તે ખોટું છે પણ ૮-૪૮ થી ૧૧-૫૭ સુધી જ ગ્રહણ છે એ વાત સાચી છે ?

૮ ગ્રહણ પહેલાં અસ્વાધ્યાય ન હોવાથી એક વ્યાખ્યાન કરાય અને બપોરે બીજું વંચાય તો ગ્રહણકાળ નડે નહી એમ ન થાય ?

૯ ગ્રહણ પછીની અસજ્ઝાય વર્જવા માટે તે પછી બીજું વ્યાખ્યાન ન વાંચતાં બીજે દિવસે વધારે વાંચે તો મૂળ પાંચ દિવસની વાચનાને કંઈ અડચણ આવે ખરી ?

૧૦ ગ્રહણની અસજ્ઝાય જો શાસ્ત્રોક્ત છે, અને વર્જી શકાય તો શા માટે નવર્જીવી ?

૧૧ ટાઈમ્સમાં અપાતું દિનમાન ને સૂર્યોદય બરોબર મળે છે પણ કોઈપણ બીજા ગુજરાતી વગેરે પંચાંગોથી મળતાં નથી એ વાત ખરી કે ?

પુનાનું પંચાંગ જે સત્ય ગણતરી પર કરાયેલું ગણાય છે તેમાં સાતમનો ક્ષય છે. વળી યતિઓની મદદથી જોધપુરવાળા તિથિમાન આદિ કહાડતા હતા, અને તેને આખો દેશ માનતો હતો, તો હવે તેમ ન માનવાનું કયા સંઘે નક્કી કર્યું ?

૧૨ સેનપ્રશ્નમાં વાંચતી વખત ન ટાળી શકાય તેવી અસજ્ઝાયમાં કલ્પવાચનને આવશ્યક જણાવી વાંચવાની છૂટ આપી છે, પણ પહેલાથી અસજ્ઝાય હોય તો પણ અસજ્ઝાયમાં જરૂર વાંચવું એવો લેખ નથી માટે અમાવાસ્યાના ગ્રહણનો સાચો ખુલાસો થવો જરૂરી છે એમ શું નથી લાગતું?

ઉપર જણાવેલા પ્રશ્નોના ખુલાસા કોઈ વિદ્વાન મુનિરાજ તરફથી સંતોષકારક આવ્યા હશે તો વધારે ખુલાસો કરવા જિજ્ઞાસા છે.

તા. ક.- સંમેલન ભરાવવાનું થાય ને સકલ મુનિમંડળ જો અત્યારસુધી પ્રામાણિક ગણાતું (ચંડુ) પંચાંગ અપ્રમાણિક ઠરાવે ને અન્ય કોઈપણ એક પંચાંગને નિયમિત કરે તો લેખકને સાચો સંતોષ થાય. જો કે જૈનશાસ્ત્ર સાથે તો હાલના ટીપ્પણામાંથી કોઈ પણ ટીપ્પણું મળતું નથી એમ આ લેખક માને છે.

નોંધઃ-તા. ૧૭-૭-૩૩ ને સોમવારે આ લેખ રજિસ્ટરથી વીરશાસન પર મોકલ્યો હતો, તેની પહોંચ પણ બુધવારે આવી ગઈ હતી, છતાં તે શાસનપક્ષના પત્રમાં જાહેર ન થવાથી આ બિના હેન્ડબીલથી જાહેરમાં લાવવાની જરૂર પડી છે.

સત્યવસ્તુના અર્થી પત્રકારે બન્ને પક્ષની હકીકત રજુ કરવી જરૂરી હતી.

તા. ૨૨-૭-૩૩ લી૦ મંગલચંદ મુળચંદ. સુરત.

પ્રશ્ન-ભાદરવા સુદ પાંચમનો ક્ષય માની શકાય ? અને મનાય તો તે તિથિની ક્રિયા અને તપસ્યા ક્યારે કરવી ?

સમાધાન-કોઈપણ પર્વતિથિનો ક્ષય ન થાય, એવું નથી, કેમકે જો પર્વતિથિનો ક્ષય જ ન થતો હોત તો "क्षये पूर्वा तिथिः कार्या" એટલે પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિએ તે પર્વની તિથિ જે ક્ષયવાળી ગણવી, એવો પૂ. ઉમાસ્વાતિ વાચકજી મહારાજનો પ્રઘોષ શ્રાદ્ધવિધિ વિગેરેમાં હોત નહિ ! ! ! અર્થાત્ હોય તે પર્વતિથિનો ક્ષય થવો એ સંભવિત છે, પણ તે તિથિને અંગે કરાતો તપ અને ક્રિયા વિગેરે ઉડાડી દેવાય નહિ, પણ તે બધું પહેલાંની તિથિમાં કરવું પડે. ભાદરવા સુદ ૫ એ પણ એક પર્વતિથિ છે અને તેના અંગે થતી તપસ્યા અને ક્રિયા ઉડાડી શકાય જ નહિં.

હીરપ્રશ્ન પ્રથમ પ્રકાશ પાનું ૭

पर्युषणोपवासः पञ्चमीमध्ये गण्यते नवा ? इति प्रश्नोऽत्रोत्तरम्-पर्युषणोपवास षष्ठकरणसामर्थ्याभावे पञ्चमीध्ये गण्यते नान्यथेति

અર્થ-પર્યુષણા (ચોથ)નો ઉપવાસ પંચમી તપ મધ્યે ગણાય કે નહિ ? એ પ્રશ્નના સમાધાનમાં પર્યુષણાનો ઉપવાસ છઠ્ઠ કરાવના સામર્થ્યના અભાવમાંજ પંચમીમાં ગણાય તે સિવાય ગણી શકાય જ નહિ.

આવો પાઠ હોવાથી સ્પષ્ટ છે કે જ્ઞાનપંચમી કરવાવાળાઓએ ચોથ અને પાંચમનો શક્તિ હોય તો છઠ્ઠ કરવો જ જોઈએ, શક્તિ ન હોય એવાને માટે સંવત્સરી ચોથની હોવાથી તે વાર્ષિક પર્વને અંગે આપેલી છૂટ તિથિની નિરૂપિયોગિતા જણાવતી નથી.

સેનપ્રશ્ન ઉલ્લાસ ૨. પ્રશ્ન ૮૧.

येन शुक्लपञ्चम्युच्चरिता भवति स यदि पर्युषणायां द्वितीयातोऽष्टमं करोति तदैकान्तेन पञ्चम्यामेकाशनक करोति उत यथारुच्या ? इति प्रश्नोऽत्रोत्तरम् येन शुक्लपञ्चम्युच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः। अथ कदाचिद् द्वितीयातः करोति तदा पञ्चम्यामेकाशनकरणप्रतिषन्धो नास्ति, करोति तदा भव्यमिति।

ગ્રંથકાર જણાવે છે કે જેણે પંચમી ઉચ્ચરી હોય અને જો તે પર્યુષણામાં દ્વિતીયાથી અઠમ કરે તો એકાંતથી પંચમીને દિવસે એકાસણું કરે કે. રુચી અનુસાર વર્તે ? એ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે-

જેણે શુકલપંચમી ઉચ્ચરી હોય તેણે તો મુખ્યવૃત્તિથી તૃતીયા (ત્રીજથી) થી અઠમ કરવો તે જ ઉચિત છે.

વળી, કદાચિત્ તે દ્વિતીયા (બીજથી) થી અઠમ કરે ત્યારે પંચમીને દિવસે એકાસણું કરવાનો પ્રતિબંધ નથી, પણ કરે તો સુંદર છે.

આ ઉપરથી પણ સાબિત થાય છે કે જ્ઞાનપંચમી જેને ઉચ્ચરી હોય અગર જ્ઞાનપંચમીનો ઉપવાસ જે નિયમિત કરતો હોય તેને મુખ્યવૃત્તિએ ત્રીજ ચોથને પાંચમનો અઠમ કરવાનો કહ્યો છે. તે ઉપરથી પણ ભાદરવા સુદ પાંચમના ક્ષયને માની શકાય જ નહિ, ગૌણપણે પાંચમને ચોથમાં ગણવાની કહી છે તેથી પણ પાંચમની તિથિને ઉડાવી શકાય જ નહિં.

કદાચ કહેવામાં આવે કે તે પંચમીના તપને પેટે બીજથી અઠમ કરનારને એકાસણા વગેરેનો પણ નિયમ નથી એમ કહી વદમાં વાળવાનું કે એકાસણું વિગેરે કરવાનું નિયમિતપણું નથી એમ શાસ્ત્રકાર કેમ જણાવે છે? તેમાં જાણવું કે તે માત્ર સંવત્સરીનું ગૌણપણું ન થાય તેને માટે છે. આ ઉપરથી સાફ સમજી શકાય તેમ છે કે ભાદરવા સુદ પનો ક્ષય શાસ્ત્રાનુસારિજીવોથી માની શકાય જ નહિ.

પ્રશ્ન-ભાદરવા સુદ પનો જે વર્ષે ક્ષય હોય તે વર્ષે કઈ તિથિનો ક્ષય ગણવો વ્યાજબી છે?

સમાધાન-જે વર્ષે ભાદરવા સુદી પાંચમનો ક્ષય હોય તે વર્ષે ત્રીજનો ક્ષય કરી ત્રીજના દિવસે ચોથની તિથિનું કાર્ય અને ચોથના દિવસે પંચમીની તિથિનું કાર્ય કરવું તે જ વ્યાજબી છે.

કારણ કે શાસ્ત્રોમાં પૂર્ણિમાના ક્ષયે તેરસનો ક્ષય ગણવો ને તેરસના દિવસે ચૌદશની ક્રિયા તથા તે જ પ્રમાણે ચૌદશના દિવસે પૂર્ણિમાનો તપ અને ક્રિયા કરવાનું વિધાન પૂ. વિજયસેન સૂરીશ્વરજી મહારાજજી જણાવે છે.

यदा पञ्चमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते ?, पूर्णिमायां च त्रुटितायां कुतः? इति प्रश्नोऽत्रोत्तरम्-यदा पञ्चमी तिथिस्त्रुटिता भवति यदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते, पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यापीति।

અર્થ-પંચમી તિથિ ત્રુટેલી હોય ત્યારે તે તિથિસંબંધી તપ કઈ તિથિમાં કરાય છે ? અને પૂર્ણિમા તુટેલી હોય તે કઈ તિથિમાં કરાય ? એ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે-

પંચમી તિથિ ત્રુટેલી હોય ત્યારે તેનો તપ પૂર્વતિથિમાં કરાય, પૂર્ણિમા ત્રુટિ હોય તો તેનો તપ તેરસ ચૌદશમાં કરાય છે. તેરસે વિસ્મરણ થયે છતે તો પડવાને દિવસે પણ પૂર્ણિમાનો તપ કરી શકાય.

આ પ્રશ્નોત્તર ઉપરથી સ્પષ્ટ સમજાશે કે તેરસના દિવસે જ ચૌદસની ક્રિયા અને ચૌદશના દિવસે પૂર્ણિમાની ક્રિયા કરવાનું શાસ્ત્રકાર કહે છે, તેરસને દિવસે ચૌદશની ક્રિયા કે, તપ કરવામાં ભૂલ થઈ હોય તો જ તે પૂર્ણિમાનો તપ અને ક્રિયાને પડવાને દિવસે લાવવાનું કહે છે. તે ઉપરથી એમ સ્પષ્ટ માનવું પડશે કે પૂર્ણિમાની તિથિને શાસ્ત્રકારો ચૌદશમાં ભેળવી દેવા માંગતા નથી.

યાદ રાખવાની જરૂર છે કે પૂર્વકાળમાં ચૌમાસી પૂર્ણિમાની હતી, અને વર્તમાનકાળમાં તે ચૌદશની થઈ છે, તો પણ પૂર્ણિમાને ખોખું ગણીને પૂનમનો ક્ષય હોય ત્યારે અષાઢ સુદ પૂર્ણિમાની ક્રિયા અને તપ ઉડાડી દેતા નથી, પણ અષાઢ વિગેરેની સુદ ૧૩નો ક્ષય માની અષાઢ વિગેરેની સુદ ૧૩ને દિવસે અષાઢ વિગેરેની સુદ ચૌદશ માની ચોમાસી પ્રતિક્રમણ કરીએ છીએ.

દરેક ભવ્યોએ યાદ રાખવાની જરૂર છે કે પાંચમને પૂનમનો ક્ષય માનનારાઓ પાંચ અને બાર તિથિના શીલ પાળનારને શીલ પાળવાની જરૂર નથી એમ શું કહેશે ? અને શીલપાલનની જરૂર છે એમ જણાવશે તો પાંચમ અને પૂનમ પર્વતિથિની હયાતિ ગણીને જણાવશે કે ક્ષય ગણીને જણાવશે ?

પ્રશ્ન-જોધપુર, પુના, મુંબઈ, પંજાબ વિગેરેના ટીપ્પણાં શું જૈન શાસ્ત્રને અનુસરતાં છે? અને જો ન હોય તો શા માટે માનવાં ?

સમાધાન-તે ટીપ્પણાં અષાઢ અને પોષ સિવાયના પણ મહિનાઓની વૃદ્ધિ કરે છે એ વિગેરે બીજાં કંઈક કારણે તે લૌકિક ટીપ્પણાઓ જૈન શાસ્ત્રને અનુસરતાં છે એમ તો કહેવાય જ નહિ, પણ સેંકડો વર્ષોથી તે લૌકિક ટીપ્પણાં પ્રમાણે આખું શાસન પ્રવૃત્તિ કરે છે અને તેથી જ શ્રાવણ અને ભાદરવાની વૃદ્ધિ જે કેવળ લૌકિક ટીપ્પણાને આધારે જ હોય છે તેની તપાગચ્છ અને ખરતરગચ્છ વિગેરેમાં સેંકડો વર્ષથી ચર્ચા આવે છે અને બધા ગચ્છવાળા તે લૌકિક ટીપ્પણાના આધારે જ મહિનાની વૃદ્ધિ માને છે.

ચાલુ જમાનામાં પ્રતિષ્ઠા, અંજનશલાકા, દીક્ષા, વડીદીક્ષા, શાંતિસ્નાત્ર, પ્રવેશ, વિહાર વગેરે દરેક કાર્યોમાં દરેક જૈન સાધુ અને અત્રેના સારા જ્યોતિષિઓ જોધપુરી, પંચાંગને આધારે જ સાચું અને ખોટું મુહૂર્ત ગણે છે. તો પછી ભાદરવા સુદ પનો ક્ષય દેખીને પૂર્વકાળે માનેલું અને ભવિષ્યમાં માનવાનું એવું પંચાંગ છોડી દેવું એ કલ્પિત રસ્તો કહેવાય.

પ્રશ્ન-શાસ્ત્ર અને નીતિથી ભાદરવા સુદ પાંચમના ક્ષયની વખતે ભાદરવા સુદ ૩ નો ક્ષય કરવો એમ વ્યાજબી છતાં ઘણા લોકો જ્યારે જોધપુરી સિવાયના બીજા કેટલાક ટીપ્પણાથી છઠ્ઠ કે સાતમનો ક્ષય કરે તો "મહાજનો યેન ગતઃ સ પન્થાઃ" એ ન્યાયે છઠ્ઠનો ક્ષય કરે તે વ્યાજબી ખરો કે નહિ ?

સમાધાન-શાસ્ત્ર અને નીતિને અનુસરે તે જ મહાજન કહેવાય અને મોટી શાંતમાં પણ દેવેન્દ્રાદિક જેઓ તીર્થંકરોની પૂજામાં પ્રવર્તેલા છે તેઓના પંથને અનુસરવા માટે જ એ અભિષેકના પંથને મહાજનનો પંથ ગણાવેલ છે. **અજ્ઞાની ગાડરીયા ટોળાને કોઈ દિવસ કોઈપણ શાસ્ત્રકારે મહાજન કહ્યું નથી. સાચો શ્રાવક પણ ધર્મરત્ન પ્રકરણકારે તેને જ ગણ્યો છે કે જે ગાડરીયા ટોળામાં તણાય નહિ.** અને તેથી લોકોને છઠ્ઠનો ક્ષય કરતાં દેખીને છઠ્ઠનો ક્ષય માનવો તે શાસ્ત્રાનુસારિયોને ઉચિત જ નથી.

પ્રશ્ન-ભાદરવા સુદ ૩નો ક્ષય કરવાથી પર્યુષણની બધી તિથિઓ પલટાઈ જાય તેના કરતાં છઠ્ઠનો ક્ષય માનવો શું સારો નથી ?

સમાધાન-શ્રાવણ વદ-૧૨ થી તે ભાદરવા સુદ-૫ સુધીમાં કોઈપણ તિથિનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય તો તેમાં તિથિઓની પરાવૃત્તિ થાય એમ શાસ્ત્રકારો સ્પષ્ટ જણાવે છે અને તેથી જ હીર પ્રશ્ન-પ્રકાશમાં નીચે પ્રમાણે વિધાન છે.

प्रश्नोत्तर समुच्चय तृतीय प्रकाशः ७

यदा चतुर्दश्यां कल्पो वाच्यते अमावास्यादिवृद्धौ वाऽमावास्यायां प्रतिपदि वाऽकल्पो वाच्यते तदा षष्ठतपः क्व विधेयम् ? इति प्रश्नोऽत्रोत्तरम् षष्ठतपोविधाने दिननैयत्यं नास्ति इति, यथारुचि तद्विधीयतामिति कोऽत्राग्रहः ॥ ७ ॥

ચતુર્દશીમાં કલ્પસૂત્ર વંચાય અને જ્યારે અમાવાશ્યાદિવૃદ્ધિ અમાવાશ્યા હોય ત્યારે એ અગર પડવાના દિવસે કલ્પસૂત્ર વંચાય છે ત્યારે છઠ્ઠતપ ક્યારે કરવો ? એ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે - છઠ્ઠ તપના વિધાનમાં દિનનું નિયમિતપણું નથી એ હેતુથી યથારૂચી તે છઠ્ઠ તપ કરવો તેમાં આગ્રહ શો ?

કલ્પધરના દિવસને માટે ચૌદશ અમાવાશ્યા અને પડવો એ ત્રણે તિથિઓ હોય એમ સ્પષ્ટ જણાવે છે અને તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે સંવત્સરીની તિથિને તેમજ પાંચમને અનુસરીને પર્યુષણાના દિવસોની વ્યવસ્થા શાસ્ત્રકારોએ માનેલી છે. માટે તિથિના પલટાના બહાને પાંચમ જેવી તિથિનો ક્ષય માનવો કે હંમેશાં પ્રામાણિકપણે લેવાતું ટીપ્પણું છોડીને છઠ્ઠનો ક્ષય માનવો તે વ્યાજબી જ નથી.

પ્રશ્ન-શ્રાવણ વદી અમાવાશ્યાના દિવસે સૂર્યગ્રહણ હોવાથી તેની અસજ્ઝાય છે કે નહિ અને છે તો ક્યાંથી ક્યાં સુધીની અને કેટલી છે ?

સમાધાન - આવશ્યકનિર્યુક્તિ, વ્યવહાર-ભાષ્ય, અને સામાચારી વિગેરે ગ્રંથોમાં ચંદ્ર અને સૂર્ય બન્નેના ગ્રહણોની અસજ્ઝાય સ્પષ્ટપણે કહેલી છે અને ને અસજ્ઝાય જે વખતથી ગ્રહણ લાગે તે વખતથી તે અહોરાત્રનો જેટલો ભાગ બાકી હોય તે બધો અસજ્ઝાયમાં ગણાય છે.

માટે ગ્રહણની સજ્ઝાય લૌકિક છે અને જૈનોને તેની સાથે લાગતું વળગતું નથી એમ કહેનારા કાંતો શાસ્ત્રને જાણતા નથી અથવા જાણતા હોય તો શાસ્ત્રની શ્રદ્ધાવાળા નથી.

''सूरस्स पूण अहोरत्तादीए संदूसिएयरं अहोत्तर परिहरिज्जइ''

અર્થ-સૂર્યનું ગ્રહણ થયું હોય તો અહોરાત્ર આવ૦માં દૂષિત અને ઇતર (દૂષિત સિવાયનો પણ) અહોરાત્ર (સ્વાધ્યાયમાં) છોડવો જ જોઈએ.

યાદ રાખવું કે વાચના પણ સ્વાધ્યાયનો ભેદ છે અને અસ્વાધ્યાયમાં વાંચવાવાળાને

શાસ્ત્રકારો આત્મા અને સંજમની વિરાધના તેમજ જ્ઞાનાદિકની વિરાધના કરનારા તરીકે ગણાવે છે આવશ્યકવૃત્તિ-હારિભદ્રિ પા. ૭૩૧.

પ્રશ્ન-સૂર્ય કે ચંદ્ર ગ્રહણની અસજ્ઝાય જો શાસ્ત્રોક્ત છે તો પછી શ્રાવણ વદ ૦)) એ કલ્પસૂત્ર વાંચતમાં અસજ્ઝાય કેમ ન ગણવી ?

સમાધાન-ભાદરવા સુદ ૪ની સંવત્સરી નિયમિત કરી અને તેના પ્હેલાં, 'अणागयं पंचरत्तिंकड्ढिज्जइ' એ વચનથી પાંચ દિવસો કલ્પ કથનના નિયમિત રાખ્યા તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે એ કલ્પકથન નિયમિત છે અને તેથી તેમાં અસ્વાધ્યાયનો બાધ ગણવો નહિ.

કારણ કે શ્રાવણ વદી ૦)) અમાવાશ્યાએ ગ્રહણ ન જ હોય એવું આચરણા કરનાર આચાર્યથી નિયમિત થઈ શકે જ નહિ અને તે આચરણા થયા પછી પણ કલ્પનું કથન સંવચ્છરી પહેલાં પાંચ દિવસે કરવું તે હકીકત શાસ્ત્રમાં અનેક સ્થાને જણાવવામાં આવી છે, આ ઉપરથી કાળગ્રહણ વિગેરેની વિધિ કરીને કલ્પસૂત્ર વાંચનારાઓને જો અસ્વાધ્યાયની ઉપેક્ષા કરવાની જરૂર ગણાય તો પછી સભા સમક્ષ વાંચનારાઓને ગ્રહણની અસ્વાધ્યાય કલ્પકથનમાં કેમ વિઘ્નભૂત થાય.

સેન પ્રશ્નેકારે તેથી જ કલ્પસૂત્રનું અવશ્ય વાંચનીયપણું જણાવ્યું છે.

જો કે પૂ. વિજય સેનસૂરીશ્વરજી મહારાજ પોતે જ કલ્પવાંચન વખતે અસજ્ઝાય ટાળવાનું તો સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે, માટે ગ્રહણ થવા પહેલાં તે દિવસના વ્યાખ્યાનો સમાપ્ત કરે તો તે વધારે વ્યાજબી છે.

સેનપ્રશ્ન. ૩ ઉલ્લાસ. ૧૮૬ પ્રશ્ન

कल्पसूत्रे वाच्यमाने पार्श्वेऽस्वाध्यायो भवेत्दपनयनं च कर्तुं न शक्यते तदा तद्वाचनं शुद्धयति भवेतिति-? प्रश्नऽत्रोत्तरम् - पार्श्वेऽस्वाध्यायो भवति तथाप्यवश्यकरणीयत्वात्तु कल्पसूत्रवाचनं शुद्धयतीति।

સેનપ્રશ્ન-ઉલ્લાસ પ્ર. ૧૮૯ કલ્પસૂત્ર વંચાતું હોય અને બાજુમાં અસ્વાધ્યાય થાય અને તે દૂર કરવાને સમર્થ ન હોઈએ ત્યારે કલ્પસૂત્રનું વાચન શુદ્ધ છે કે નહિ ? એ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે-

અસ્વાધ્યાય છે તો પણ અવશ્ય કરણપણું હોવાથી કલ્પસુત્ર વાચન શુદ્ધ થાય છે.

ત્રીજનો ક્ષય કરનારને ગ્રહણમાં કલ્પધર નહિં કરવું પડે અને સંક્ષેપથી વાંચીને ગ્રહણ પહેલાં ત્રીજું ચોથું વ્યાખ્યાન પૂરું કરી શકાશે. અને સ્વપ્નાના ઘી વિગેરેમાં અસજ્ઝાય હશે તો તેની અડચણ રહેશે નહિ.

નોંધ-તા. ૨૨-૭-૩૩ના રોજ કાઢેલા હેન્ડબીલને અંગે મેં પૂછેલા પ્રશ્નોના અંગે કેટલાક સમાધાન શાસન પ્રભાવક પૂજ્યપાદ્ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી પાસેથી મેળવ્યા છે, તે જૈનજનતાના જાણ માટે જાહેર કર્યા છે, કોઈપણ મનુષ્યની આ બાબતમાં વધારે જિજ્ઞાસા હોય તો તેઓએ પણ પૂજ્યપાદશ્રી આચાર્યદેવ પાસે આવી ખુલાસો કરવાની જરૂર છે એમ હું માનું છું.

શાસ્ત્ર અને નીતિ પ્રમાણે ઉપરની હકીકત છતાં, અજ્ઞાનીઓના કલેશને નિવારવા ખાતર કુવૃષ્ઠિ ન્યાયને કોઈ અનુસરે તો તેમાં કંઈ આશ્ચર્ય સમજવું નહિ.

શ્રાવણ પૂર્ણિમા

પ્રકાશક

શ્રી સિદ્ધચક્ર.

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થઃ- દુષ્કર્મોને ભેદવામાં વજસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૨૧ મો	મુંબઈ, તા. ૫-૮-૩૩, શનિવાર. શ્રાવણ સુદ ૧૫	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

પર્વાધિરાજ પર્યુષણાપર્વ અને આપણી ફરજ ???

પ્રતિ દિવસે પ્રાતઃકાળમાં ઉષાના પનોતા પગલાં આવે છે. આકાશ એની રમ્યછટા ધારણ કરે છે. નભાંગણમાં વિવિધ રંગો પુરાય છે. પાછળથી દિવાકરરાજ પધારીને સમસ્ત પૃથ્વીને અજવાળે છે. જગત કોલાહલથી ગાજી ઊઠે છે. અનેક પ્રવૃત્તિઓનો પરિવાર સંસારને ભરી દે છે. જગતની એ જંજાળમાં અને કોલાહલમાં અનેક આત્માઓ એક બીજાને હાથે ત્રાસ અને સુખ અથવા ન્યાય અને અન્યાય પામે છે. સંસાર એ જાણે કોઈ કળાધરે ગોઠવેલી લાવણ્યમયી રંગભૂમિ હોય તેમ અનેક પ્રવેશો ભજવાઈ છેવટે આકાશમાં સંધ્યાની સોનેરી છાંયા પથરાય છે, અને વિશ્વ જાણે તંદ્રામાં ઘેરાતું હોય તેમ માલમ પડે છે. આવા અનેક દિવસો ઉગ્યા છે અને આથમ્યા છે, ઉગે છે અને આથમે છે, તથા ઉગશે અને આથમશે ! પણ એ અનેક દિવસોમાં એક દિવસ પણ આપણને એવો મળ્યો છે કે જ્યારે આપણે શાંત ચિત્તે બેસીને આપણી આવક-જાવકનો હિસાબ કાઢ્યો હોય ? નફાતોટાનું સરવાયું ખેંચ્યું હોય? પણ એ કઈ આવકજાવક ? અને એ કયો નફો તોટો ? એ આવકજાવક પૈસાની નહિ પણ ધર્મ અધર્મની, અને એ નફાતોટો પણ અર્થનો નહિ, પણ પાપપુણ્યનો !

નિંદ્રામાં પડેલા, મોહથી ઘેરાયેલા, માયાથી ભરેલા પ્રેમમાં પરાધીન. બનેલા સ્નેહમાં સર્વસ્વહારી ,ચુકેલા, મદથી મૂર્છા પામેલા, લોભથી લુંટાયેલા, કામથી કાયર બનેલા અને બીજા અનેક દુર્ગુણોથી બંધાયેલા આત્માને સાચું આત્મભાન કરાવનારા આવકજાવકનો હિસાબ કાઢવાની સૂચના આપનારા સોનેરી દિવસો તેને જ આપણે પર્વાધિરાજ પર્યુષણા પર્વ કહીએ છીએ. એ પર્વની મહત્તાના જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. એ પર્વની પ્રભા અને પ્રતિભા એટલા સ્વયં પ્રકાશિત છે, કે વાણીના વિલાસ વડે તેને ઓળખાવવાનું સાહસ કરવું તે પણ સૂર્યને જોવા માટે દીવાસળી સળગાવવા જેટલું અયોગ્ય છે. એ મહાપર્વ પરંપરાથી સેવાતું આવ્યું છે. ભગવાન ઋષભદેવજી મહારાજથી આ પર્વની ઉજવણી થાય છે અને તેની સાચી આરાધના દ્વારા અનેક આત્માઓ આ માયાથી સંસારની મોહજાળનો ઉચ્છેદ કરી તે પરમધામ મોક્ષને પંથે પડયા છે. ભગવાન ઋષભદેવ મહારાજા અને ભગવાનશ્રી મહાવીરદેવના સમયમાં નિયમિતપણે, અને તે સિવાયના બીજા તીર્થંકરદેવોના સમયમાં, એ પર્વ અનિયમિત રીતે પણ અસ્ખલિતતાએ આરાધાયું છે અને અનેક આત્માઓને તેણે સાચી શાંતી આપી છે.

એ પછી ઈતિહાસને પાને ભગવાન શ્રી મહાવીરદેવનો કાળ નોંધાય છે. ભગવાન શ્રી મહાવીરનો કાળ એટલે જૈનદર્શનની સોનેરી પ્રભાત ! ભારતવર્ષના અમર આત્માને, સુવર્ણ સુવાસથી યુક્ત બનેલા ત્યાગધર્મે એ યુગમાં રસી લીધો હતો, જૈન ધર્મના ગૌરવ અને કીર્તિના ડંકા ત્યારે દશ દિશાઓને ભેદીને પણ આગળ જતા, તેની સિંહગર્જનાથી અનેક કપોલકલ્પિત મતમતાંતરોની રાખ થઈ જતી, અને જ્યાં એ ઉપદેશનું વારી સિચાતું ત્યાં ધર્મપ્રવૃત્તિમય સુવર્ણવૃક્ષો ઉગી નીકળતા. એ દિવ્યજ્યોતિ સંસારને ઉજાળતી, ઉગારતી અને તેને તેની દિવ્યતાનું ભાન કરાવતી. એ યુગમાં આ પર્વાધિરાજની આરાધના પણ વ્યવસ્થિત બની હતી. તત્પશ્ચાત ભગવાન ગણધરો, સ્થવિરો અને આચાર્યો દ્વારા આ મહાપર્વની ઉજવણી ચાલુ રહી હતી. જે આજ પર્યન્ત અવ્યાહત રીતે ચાલી આવી છે અને આજે પણ લાખો જૈન હૃદય એ મહાપર્વને આવકાર આપવા સાનંદ તૈયાર રહે છે.

પણ એ મહાપર્વને આવકાર આપવો એ ઘટના સહેલી નથી. એ આવકાર ત્યારે જ સફળ થાય છે કે જ્યારે મહાપર્વ નિમિત્તે શાસ્ત્રે ઠરાવેલા કૃત્યો પ્રત્યેક જૈનને હાથે આચરવામાં આવે છે. આ મહાપર્વના પાંચ કૃત્યો છે. (૧) ચૈત્યપરિપાટી (૨) સાધર્મિકવાત્સલ્ય. (૩) સર્વસાધુવંદન (૪) વાર્ષિક આલોચના અને (૫) અટ્ઠમની તપશ્ચર્યા ! જે તીર્થંકર ભગવાનોએ મોક્ષમાર્ગની મહત્તાને આપણને સમજાવી છે અને જેમણે પંકમાં પડતી પૃથ્વીને ઉગારી તારી છે, તે મહાત્માઓની પ્રતિમાઓની આરાધના એ આપણું કર્ત્તવ્ય છે.

જે સાધુસંઘે તીર્થંકર ભગવાનોનાં અમર રસપ્રવાહને સંસારમાં વહેતો રાખ્યો છે, એ કાર્ય માટે પોતાની દેહ ખપાવી છે અને શરીરની પરવા પણ કર્યા વિના જેમણે એ પરંપરા ચાલુ રાખી છે, તેમને વંદન કરવું આવશ્યક છે. વાર્ષિક આલોચનાનો વિષય પણ ઓછો મહત્વનો નથી. વ્યવહારદૃષ્ટિએ અન્યદર્શનોને મુકાબલે આ લોકોત્તર ઘટના છે. વર્ષ દરમિયાન વ્યાપારમાં, વ્યવહારમાં, વિવિધ પ્રવૃત્તિઓમાં એક બીજાને અન્યાય આપવાના જાણે અજાણે અનેક પ્રસંગો બને છે. આવા પ્રસંગોમાં જાણે અજાણે થયેલા અન્યાયને માટે ક્ષમા માગવાનું કાર્ય આ ઉત્સવમાં કરવું અત્યંત જરૂરી છે અને સાધર્મિક વાત્સલ્ય એ તો પ્રત્યેક જૈનને માટે કેટલું જરૂરી તત્વ છે એ તો જૈન માત્ર જાણે છે. એ રીતે ચતુર્વિધ માર્ગે પવિત્ર બનેલો આત્મા અક્રમની જાજ્વલ્યમયી તપશ્ચર્યાથી વધારે પવિત્ર બને છે અને પવિત્ર બનેલો તે આત્મા નવા વર્ષમાં પ્રવેશ કરે છે. જો સમસ્ત વિશ્વના આત્માઓ આ રીતે પવિત્રતાની એરણ ઉપર ઘડાઇ ઘડાઈને તૈયાર થતા હોય તો કહેવાની જરૂર જ નથી કે સંસારમાંથી ત્રિવિધ તોફાની એની મેળે જ શમી જાય અને શાંતિ તથા આનંદના સામ્રાજ્યથી પૃથ્વી છવાઈ જાય ! પણ સંસાર તે સંસાર છે, એમાં એવું સઘળા જ આત્માઓ માટે કદીપણ નહિ જ બને એ જૈનશાસન જાણે છે અને તેથી જ જેઓ એ પરમ ધર્મની દીક્ષા પામ્યા છે, તેમનો ધર્મ છે કે તેઓ આ પર્વની આરાધના એવી સુંદર અને આકર્ષક રીતે કરી બતાવે કે જેના પ્રકાશથી અજૈન જગત પણ ઘડીભર પરમશાંતિનો આસ્વાદ અનુભવતું બની જાય ! પ્રત્યેક જૈન ભાઈબહેનની પર્યુષણા મહાપર્વને અંગેની પોતાની આ ફરજ પાર પાડે એમ અમે ઇચ્છીએ છીએ.

શ્રી સિદ્ધચક્રાય નમઃ

શ્રી નવપદ આરાધક સમાજ

દર વર્ષે નવનવીન તીર્થભૂમીનાં દર્શન કરવાં હોય, સર્વજ્ઞ કથિત અનુષ્ઠાનોમાં અમોઘ આનંદ લેવો હોય, ચતુર્વિધ સંઘના દર્શન સમાગમથી પાવન થવું હોય, અને આત્મોન્નતિના અનેકવિધ માર્ગમાં ગમન કરી કૃતાર્થ થવું હોય, તો ઉપરની સંસ્થાને તન, મન, ધનથી મદદ કરવી એ આવશ્યક જ છે. એ શબ્દો તમારાં ક્ષણભંગુર જીવનમાં ક્ષણે ક્ષણે સ્મરણ થવાં જ જોઈએ.

ઑ. સેક્રેટરીઓ.

ઠે. શ્રી મુંબઈ વર્ધમાન તપ આયંબીલ ખાતું

લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

આગમોદ્ધારકની અમોઘ દેશના.

ધર્મ એટલે શું ?

ધર્મના ફળો શું ? – ધર્મના વ્યક્ત થતાં લક્ષણો.

ધર્મ એટલે શું ?

ધર્મના ફળો શું ?-ધર્મના વ્યક્ત થતાં લક્ષણો,-દુર્ગતિમાંથી બચાવી લે તે ધર્મ છે કે સદ્ગતિ અપાવી શકે તે ધર્મ છે ?-મન, વચન અને કાયાનો યોગ છે, ત્યાં સુધી મોક્ષ નથી,-જૈન શાસન નિશ્ચય અને વ્યવહાર જુદા પાડી શકે નહિ !-વ્યવહાર નહિ, તો શાસન પણ નહિં જ !-મિથ્યાત્વ હોવા છતાં પણ ત્યાં ધર્મ શક્ય છે.-ઉનું પાણી એટલે આગ અને પાણી એ બે કટ્ટા વિરોધીઓનો સંયોગ.-મોક્ષાભિલાષી મિથ્યાત્વી પણ ભવ્ય જીવ છે.-તીર્થના શત્રુઓને પોષણ આપતા જૈનો.-દેવલોક એ ધર્મનું સર્વોત્તમ ફળ નથી.-મોક્ષ આપે તે જ નિશ્ચય ધર્મ છે.

ધર્મનું લક્ષણ શું ?

શા સ્ત્રકાર મહારાજ ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં પ્રથમ એ વાત જણાવે છે કે, શ્રી તીર્થંકર મહારાજા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની ક્રિયાનું જે નિરૂપણ કરે છે, તે કેવળ કર્મક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરવાને માટે છે, ધર્મના બે ફળ હોય છે, એક ફળ તે અભ્યુદય અને તેનું બીજું ફળ તે મોક્ષ છે. જ્યાં જ્યાં ધર્મનું લક્ષણ પૂછવામાં આવે છે, ત્યાં ત્યાં તે ત્રણ પ્રકારે કહેવાય છે. ફળ દ્વારાએ ધર્મનું લક્ષણ વ્યક્ત થાય છે. સ્વરૂપ દ્વારાએ

શાસન પ્રભાવક, સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્રાવી, આગમાભ્યાસી, સાહિત્ય સંશોધક, ગુર્જર ભાષા ભુષણ આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરિશ્વરજી મહારાજાશ્રીએ સુરત ખાતે આ વ્યાખ્યાન આપ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાન શ્રોતાઓને અત્યંત મનોવેધક, સત્યતત્વ પ્રતિપાદક, શાસ્ત્રિયતા પરિપૂર્ણ અને આત્મશક્તિ સંવર્ધક લાગ્યું હોવાથી તે વ્યાખ્યાન વાંચકોને માટે અત્રે આપવામાં આવે છે.

તંત્રી, શ્રી સિદ્ધચક્ર.

ધર્મનું લક્ષણ વ્યક્ત થાય છે અને હેતુદ્વારાએ ધર્મનું લક્ષણ વ્યક્ત થાય છે. આ વસ્તુ સ્પષ્ટ સ્વરૂપે સમજવાને તમારે અગ્નિનું ઉદાહરણ લેવું જોઈએ. અગ્નિ એટલે શું ? તમે જવાબ આપશો કે જે બાળે તે અગ્નિ ! અગ્નિનો સ્વભાવ શું છે ? બાળવું, વસ્તુ બળે છે એ અગ્નિનું ફળ છે, એટલે વસ્તુ બળી ગઈ છે, એ ફળ ઉપરથી અગ્નિનું લક્ષણ સમજાય છે. હવે બીજો પ્રકાર. અગ્નિ એટલે શું? એ જવાબ મળશે કે ઉષ્ણતા હોય તે અગ્નિ ! અગ્નિનું સ્વરૂપ શું છે ? ઉષ્ણતા. આ પ્રકારે અગ્નિના સ્વરૂપ ઉપરથી અગ્નિનું લક્ષણ વ્યક્ત થાય છે. હવે ત્રીજો પ્રકાર, અગ્નિ એટલે શું ? જવાબ મળશે કે બે ચકમકના પથ્થરોને ઘસવાથી જે ઉત્પન્ન થશે તે અગ્નિ. બે ચકમકના પથ્થરોને ઘસવા, એ હેતુરૂપે અગ્નિના લક્ષણ વ્યક્ત કરે છે. આ ત્રણ રીતે અગ્નિનું લક્ષણ વ્યક્ત થાય છે.

દુર્ગતિથી બચાવે તે ધર્મ.

તે જ રીતે ત્રણ પ્રકારે ધર્મનું લક્ષણ પણ વ્યક્ત થાય છે. ત્યારે ધર્મનું લક્ષણ શું ? ફળરૂપે ધર્મનું લક્ષણ લઈએ ત્યારે "**दुर्गति प्रपज्जंतु धारणात् धर्म उच्यते**" ઈત્યાદિ દેશના સંગ્રહમાં કહ્યા મુજબ દુર્ગતિમાં પડતા જીવને બચાવે તે ધર્મ એવું તેનું લક્ષણ વ્યક્ત થાય છે, શાસ્ત્રકારોએ કહ્યું છે કે દૂર્ગતિથી બચાવે છે તે ધર્મ છે. અહીં વિચાર કરો કે શાસ્ત્રકારોએ દુર્ગતિથી વારે તે ધર્મ એમ શા માટે કહ્યું ? ધર્મ શા માટે કહેવામાં આવે છે ? ઉત્તર મળશે કે મોક્ષને માટે જ. મોક્ષ ક્યારે થાય છે ? દુર્ગતિ સદ્ગતિ બંનેના વારણથી મોક્ષ થાય છે. એકલી દુર્ગતિને રોકી દીધી તેથી જ મોક્ષ થયો ગણાય નહિ, તે જ પ્રમાણે સંપૂર્ણ ધર્મ પણ માત્ર દુર્ગતિને રોકવાથી જ પરિણમતો નથી. ત્યારે એ પ્રશ્ન ઊભો થાય છે કે ખરો ધર્મ કઈ જગાએ માનવામાં આવ્યો છે ? કાર્ય કારણનો સંબંધ તો સઘળા જાણે છે. ખરેખરું કારણ કયાં ગણાય છે અથવા ક્યારે વ્યક્ત થાય છે તે વિચારો. કાર્ય થવાની વખતે જ ખરેખરું કારણ ગણાય છે, કોઠારમાં પડેલો દાણો એ પણ અંકુરનું કારણ છે જ. પણ અંકુરનું ખરેખરું કારણ કયું ગણાય? કોઠારમાં પડેલો દાણો ? "ના!" આવા કારણો ઉપચરિત કહેવાય છે.

અંકુરનું ખરું કારણ શું ?

બીજ ખેતી કરીને વાવવામાં આવે છે, પછી વરસાદ આવે છે અને બીજ ફૂલીને અંકુરમાં પરિવર્તન પામવાની છેલ્લી કક્ષાએ આવે છે. ત્યારે અંકુરનું ખરેખરું કારણ શું ? વવાયેલું બીજ. આ બીજ એ અંકુરનું ખરેખરું કારણ છે. એ બીજ તે અંકુરનું અનંતર કારણ (તરત ફળનારૂં) ગણાય છે. કોઠારમાં પડેલું બી પણ અંકુરનું કારણ તો છે જ, પણ વવાયેલું અને અંકુરમાં પરિવર્તન પામવાની છેલ્લી કક્ષાએ આવેલું બી તેજ અંકુરનું ખરેખરું કારણ ગણાય છે. તે જ સ્થિતિ ધર્મને વિષે છે, અને તે જ પ્રમાણે ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે ૧૪મે ગુણઠાણે ખરેખરો ધર્મ છે. ખરેખરો ધર્મ કયે સ્થાને માનવામાં આવ્યો છે ? ૧૪મે ગુણઠાણે. ત્યારે શું બાકીના ૧૩ ગુણઠાણે ધર્મ નહિ ? અને ૧૩ ગુણઠાણે ધર્મ નહિ, ત્યારે શું ત્યાં અધર્મ છે ? નહિ જ. એનો અર્થ એ છે કે ૧૪મું ગુણઠાણું એ ઉંચામાં ઉંચી કોટી છે. ચૌદમું ગુણઠાણું એ છે કે જ્યાં કર્મનો બંધ હોતો નથી, કેવળ નિર્જરા હોય છે, બલ્કે પાંચ હ્રસ્વાક્ષરમાં મોક્ષ. બાકીના તેર ગુણઠાણામાં આ સ્થિતિ નથી. ચાહે શાતા વેદની બાંધો ચાહે અશાતા વેદની બાંધો કે ચાહે તેવાં પ્રકારના કર્મ બાંધો; પણ તેરમા ગુણઠાણાના છેલ્લામાં છેલ્લા

છેડા સુધી બંધ વગરનો કોઈ હોતો નથી. માત્ર એક જ ગુણઠાણું એવું છે કે જ્યાં બંધ હોતો નથી અને એકલી નિર્જરા હોય છે. આ ગુણઠાણું ૧૪મું ગુણઠાણું છે. જો ચૌદમું ગુણઠાણું ન હોય તો આખો મોક્ષ જ ઉડી જાય છે. એ ગુણઠાણું ન હોય તો છેલ્લે બાંધેલા કર્મ તોડવાનું સ્થાન જ રહેતું નથી અને તે છતાં જો મોક્ષ માનીએ, તો એમ ઠરે છે કે આત્મા કર્મના બંધનો સહિત જ મોક્ષે જાય છે. એ વસ્તુ ચોખ્ખી જ ખોટી છે એમ એની મેળે જ જણાઈ આવે છે.

મન, વચનને કાયાનો યોગ બંધ કરો.

વળી, મોક્ષની પ્રાપ્તિ માટે અસંખ્યાત સમય માનવામાં આવ્યો છે. એ અસંખ્યાત સમય માનવાનું શું કારણ છે તે જોઈએ. મન, વચન અને કાયાનો યોગ જ્યાં સુધી પ્રવર્તે છે, ત્યાં સુધી બંધ રહિતપણું સંભવતું જ નથી. એને માટે મન, વચન અને કાયાનો યોગ બંધ કરવો જ જોઈએ. અહીં અસંખ્યાતગણા કર્મ ખપાવવાના છે. ૧૩ મે ગુણઠાણે જે ધર્મ ખપાવવાના છે તેના કરતા અહીં અસંખ્યાતગણા કર્મ ખપાવવાના છે. અહીં વિચાર, વાણી કે વર્તન કંઈપણ રહેતું નથી. સઘળા યોગ અહીં બંધ થાય છે. પહેલા ગુણઠાણાના કરતા અહીં અસંખ્યાતગણા કર્મ ખપાવવાના છે. આટલા માટે જ ગુણશ્રેણી કરવાની જરૂર પડે છે. પહેલે ગુણઠાણે થોડા, બીજે તેથી વધારે, ત્રીજે તેથી વધારે એ પ્રમાણે કર્મ ખપાવવાના હોય છે અને છેલ્લા એવા વધારે અને સખ્ત પ્રકારના કર્મ ખપાવવાના હોય છે કે જ્યાં પગથિયાં પૂરાં થાય છે.

છેલ્લી કોટીનો ધર્મ.

ચૌદમે ગુણઠાણે બધા કર્મ તોડવાના પૂરા થાય છે. આથી આ કાર્યને માટે અસંખ્યાત સમય જોઈએ તેમાં શી નવાઈ ?

અ-ઈ-ઉ-ઋ-લૃ આ પાંચ હ્રસ્વાક્ષર મધ્યમ સ્વરે બોલીએ તેટલો તદ્દન ટુંક સમય અહીં લેવાનો છે. આત્માની આ પરિણતિ તેનું જ નામ ધર્મ છે. ૧૪મા ગુણઠાણાની આ પરિણતિ તેનું જ નામ ધર્મ છે. આ વખતે સદ્ગતિ અને દુર્ગતિ બન્ને રોકાઈ જાય છે. આમ ચૌદમે ગુણઠાણે જે પરિણતિ થાય છે તે જ ધર્મ કહેવાય છે. હવે ખ્યાલ કરો કે જો ધર્મની આ જ વ્યાખ્યા છે, તો પછી "દુર્ગતિમાંથી રોકવું" એ ધર્મનું ફળ છે, એમ આગળ દર્શાવવામાં આવ્યું છે તેનું શું ? ધર્મનું એ ફળ ઢંગધડા વગરનું બની જાય છે. આપણે કહ્યું છે કે દુર્ગતિમાંથી વારે-દુર્ગતિમાં પડતા બચાવે તે ધર્મ; એ વ્યાખ્યાનું હવે શું થાય ? અહીં જ ખૂબ સમજવાની વાત છે. ચૌદમે ગુણઠાણે જે ધર્મ છે તે છેલ્લી કોટીનો ધર્મ છે. તે નિશ્ચય ધર્મ છે. એ ધર્મ ચૌદમે ગુણઠાણે જ થાય છે અને ત્યાં સદ્ગતિ કે દૂર્ગતિ બેમાંથી એકે હોતું નથી. આ નિશ્ચય ધર્મ છે. પણ નિશ્ચયને જ ધર્મ કહેવો અને વ્યવહારને ધર્મ ન કહેવો એ જૈનમતમાં ચાલે તેમ નથી જ. જો તમે જૈનમત માનતા હો, જો તમે સત્યને જ સ્વીકારતા હો; તો તમો નિશ્ચય અને વ્યવહાર એ બેને કદિપણ છૂટા પાડી શકો જ નહિ.

વ્યવહાર જાય તો શાસન જાય.

વ્યવહારનયનો વિચ્છેદ કરે એટલે વ્યવહારનય નહિ માને તો જરૂર શાસનનો નાશ થવાનો જ થવાનો.. જેઓ માત્ર નિશ્ચય નિશ્ચય જ કરતા હોય તેમણે ધ્યાનમાં રાખવાનું છે કે નિશ્ચયની જડ ક્યાં છે?

નિશ્ચયની જડ વ્યવહારમાં જ રહેલી છે. એટલેજ જો વ્યવહારનો નાશ કરો, વ્યવહારને જવા દો તો શાસનનો પણ નાશ થાય અને શાસન પણ જાય એ ચોખ્ખું જ છે. વ્યવહાર માટે વ્યવહાર જ પકડવો, પણ એ વ્યવહારને પકડતા લક્ષ્ય કયું રાખવું ? લક્ષ્ય તો નિશ્ચયનું જ રાખવું. ન્યાયાચર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીએ કહ્યું છે કે:-

"અંતરદ્રષ્ટિ હૃદયધરીજી પાળે જે વ્યવહાર."

અર્થાત્ વ્યવહાર એ ધર્મરૂપી અંકુરનો કોઠારમાં પડેલા બીજરૂપી દાણો છે. આથી સમજાશે કે વ્યવહાર એ ધર્મનું ઉપચરિત કારણ છે. ૪ થે ગુણઠાણેથી ધર્મ પરિણમે છે. ૪થા ગુણઠાણામાં જે વ્યવહાર છે તે શુદ્ધ વ્યવહાર છે. અશુદ્ધ વ્યવહાર કાંઈ બીજું જ કહે છે. શુદ્ધ વ્યવહારની અપેક્ષાએ ચોથે ગુણઠાણે ધર્મ માનવામાં આવે છે અને નિશ્ચયની અપેક્ષાએ ચૌદમે ગુણસ્થાને ધર્મ માનવામાં આવે છે.

વ્યવહારની દ્રષ્ટિએ ધર્મ ક્યારે ?

વ્યવહારની દ્રષ્ટિએ ધર્મ ક્યારે કહેવાય છે ? એ જ જવાબ છે કે જ્યારે મોક્ષની ઈચ્છા થાય છે અને આત્મા ધર્મ કરવા લાગે છે અથવા તો જૈન આચાર પાળવા લાગે છે-પછી તે આત્મા સમ્યગ્દ્રષ્ટિ હોય કે મિથ્યાદ્રષ્ટિ હોય-તો પણ ત્યાં ધર્મ કહેવામાં વાંધો નથી. મોક્ષની ઈચ્છાથી અન્ય દર્શનવાળાઓ ક્રિયા કરે છે, એમાં માર્ગાનુસારીપણું હોય તો પણ ત્યાં ધર્મ માનવામાં આવ્યો જ છે. પણ અહીં ધર્મ કઈ અપેક્ષાએ માનવામાં આવે છે ? અશુદ્ધ વ્યવહારની અપેક્ષાએ અહીં ધર્મ માનવામાં આવે છે. શુદ્ધ વ્યવહારની અપેક્ષાએ ધર્મ ૪થે ગુણસ્થાનકે છે. અને નિશ્ચયની અપેક્ષાએ ૧૪મે ગુણસ્થાનકે ધર્મ છે.

મિથ્યાત્વ સાથે ધર્મ શક્ય છે ?

હવે આપણે મૂળ બાબતનો વિચાર કરીએ પહેલે ગુણઠાણે મોક્ષની ઈચ્છાવાળાને અગર તેની ક્રિયાવાળાને ધર્મ કહ્યો છે. ચોથા ગુણસ્થાનકમાં મોક્ષ સિવાય બીજું સાધ્ય સમજવાનું નથી અને ચૌદમે ગુણસ્થાનકે તો મોક્ષનીજ તૈયારી છે. તો હવે એવો પ્રશ્ન સહેજે ઉદ્ભવે છે કે ફળ દ્વારાએ ધર્મનું લક્ષણ કયું ? મોક્ષ આપે તે ધર્મ આ વાત જ્યારે લક્ષમાં લેશો કે "મોક્ષ આપે તે ધર્મ" ત્યારે તમોને એવી શંકા સહેજે ઉદ્ભવશે કે પહેલા ગુણઠાણામાં મિથ્યાત્વ છે, તે છતાં ત્યાં ધર્મ કેમ માનવામાં આવે છે અથવા તો તેને ગુણઠાણું કેમ માનવામાં આવે છે. એ ગુણઠાણામાં છે તો મિથ્યાત્વ અને છતાં તેનું નામ ગુણસ્થાનક છે, તો પછી મિથ્યાત્વ એ સ્થાન ગુણનું કે અવગુણનું ? મિથ્યાત્વ કહો તો તેને ગુણસ્થાનક ન કહી શકો અને ગુણસ્થાનક કહો તો તેને તમો મિથ્યાત્વ ન કહી શકો ! મને જન્મ આપનારી માતા વાંઝણી છે, એમ બોલી શકાય જ નહિ. તે જ પ્રમાણે મિથ્યાત્વ હોય ત્યાં ગુણઠાણું નહિ અને ગુણઠાણું હોય ત્યાં મિથ્યાત્વ કેમ, એ શંકા સીધી રીતે જ ઉદ્ભવે છે. ત્યારે હવે આ ગુંચવાડાનો ઉકેલ શો ?

પાણીમાં અગ્નિ છે કે નહિ ?

આ ગુંચવાડાનો ઉકેલ સાંભળો. ઉનું પાણી તમો ધ્યાનમાં લો. ઉનું પાણી છે, એ અગ્નિ છે કે પાણી છે ? ! આગ અને પાણીનો વિરોધ છે કે નહિ ? ખળખળતું પાણી છે, એમાં એકલું જળરૂપપણું છે કે અગ્નિરૂપપણું છે ? ખળખળતા પાણીમાં એ બંને ચીજ છે. બંનેને વિરોધ છતાં એ બંનેનો સમાગમ ઉના પાણીમાં દેખી શકાય છે. તેમજ પહેલા ગુણસ્થાનકમાં મિથ્યાત્વની સાથે ગુણઠાણું દેખી શકીએ છીએ. ખળખળતું પાણી એ પાણી છે પણ તેમાં ઉષ્ણતા રહેલી છે. તે જ પ્રકાર અહીં સમજવાનો છે, ધારો કે મિથ્યાત્વી છે પરંતુ તેનામાં ભદ્રક ભાવ હોય તેને આપણે શું કહીશું ? મિથ્યાત્વી હોય પણ દુરાગ્રહી નહિ હોય, અનાગૃહી હોય, તેને આ સ્થિતિમાં કેવો ગુણ ગણશો ? મિથ્યાત્વ છે, એ વાત સાચી છે; પરંતુ એ મિથ્યાત્વ કાંઇ એમને એમ ખસવાનું નથી. એ તો ત્યારે ખસશે કે જ્યારે મિથ્યાત્વી આત્મા સમ્યક્ત્વ પામશે. મિથ્યાત્વી નિરાગ્રહી થયો અને તત્વની જીજ્ઞાસાએ તત્વ સાંભળવા બેઠો. તત્વ જાણ્યું એ ખરું, અને પછી એ તત્વોનો વિચાર કરવા લાગ્યો. આ વખતે શું કહેશો એ પરિસ્થિતિને શું નામ આપશો ? સમજો ત્યારે કે અહીં જ મિથ્યાત્વ છે છતાં ગુણઠાણું છે.

મિથ્યાત્વી ખરો, પણ છતાં ભવ્ય !

વ્યક્ત મિથ્યાત્વ એટલે બહાર જણાઇ આવતું મિથ્યાત્વ કુદેવાદિકને માને છે ! કુદેવાદિકને શા માટે માને છે ? જવાબ એ છે કે એની બુદ્ધિ ઉલટી છે માટે. છતાં તે મિથ્યાત્વીની ધારણા શું છે? તેની પણ ધારણા તો એ જ છે કે હું જે દેવોને માનું છું તે મને મોક્ષ આપનારા છે. તેનું પણ લક્ષ્ય તો મોક્ષનુંજ છે. મહાદેવ વગેરે દેવોની પૂજા કરે, સંન્યાસીને પૂજે, અગિયારસના ફરાળ કરે, વૃતો કરે, એ સઘળું કરે છે શા માટે ? મોક્ષને માટે કરે છે. જવાબ એ છે કે સાચા જ્ઞાનની જ્યોતિ જાગી નથી, તેથી સાચા દેવાદિની પરીક્ષા કરી શક્યો નથી, પણ આ મિથ્યાત્વીનું પણ લક્ષ્ય ક્યાં છે ? લક્ષ્ય તો માત્ર મોક્ષ થવામાંજ છે. આ મોક્ષના લક્ષ્યથી જે કુદેવાદિને પણ માને છે તે અભવ્ય નથી. આ રીતે કુદેવાદિને માનનારો પણ અભવ્ય નથી; પણ તે ક્યારે ? કે જ્યારે એ કુદેવાદિને પણ મોક્ષના કારણરૂપ માનીને સેવતો હોય તો, યાદ રાખોઃ આ ભવ્યની છાપ ક્યાં મારવામાં આવી છે ? કુદેવાદિને માનવા છતાં લક્ષ્ય મોક્ષ મેળવવાનુંજ હોય, અને એ દેવો મોક્ષ આપનારા જ છે, એમ માનીને તે દેવોને સેવતો હોય તેના ઉપર જ તે કુદેવાદિને માનનારો હોવા છતાં ભવ્યની છાપ મારવામાં આવી છે અને આવા જીવો એક પુદ્ગલ પરાવર્તમાં જરૂર મોક્ષે જનારા છે.

અહીં અને કેસરીયાજીમાં ફેર શો ?

તમે અન્ય માર્ગોને મુકાબલે આટલા ચઢયા છો. તમો શુદ્ધ દેવાદિનું આરાધન કરો છો. છતાં મોક્ષ સિવાય બીજું લક્ષ્ય પણ ન હોય અને બીજી બુદ્ધિ પણ ન હોય એવા કેટલા છે ? મોક્ષનીજ માન્યતા અને લક્ષ્યવાળાને અહીં અને કેસરીયાજીમાં ભગવાન શ્રી આદીશ્વર મહારાજમાં શો ફેર છે? અલબત્ત તીર્થની આશાએ કેસરીયાજી ગયા તેનો ફરક છે જ. જ્યાં તીર્થંકરો મોક્ષે ગયા હોય, દીક્ષા લીધી હોય જન્મ્યા હોય, કલ્યાણકનું સ્થાન હોય; એવા નવા નવા તીર્થોને લીધે, નવી નવી સામગ્રીને લીધે ભાવનાઓનું ચઢવાપણું થાય જ; એ નિર્વિવાદ છે. પણ એવા ઉલ્લાસથી એવા આશયથી-એવા હેતુથી શ્રી કેસરીયાજી જવા વાળા કેટલા છે ? તીર્થ એ નિર્જરાનું કારણ નથી એવું મારૂં કહેવાનું છે

એમ સમજવાનું નથી. પણ હું એ પૂછું છું કે માત્ર કર્મ ક્ષયના આશયથી કેસરીયાજી જવાવાળા કેટલા ? અને પૌદ્‌ગલિક લાભને માટે કેસરીયાજી જવાવાળા કેટલા ?

તીર્થ તોડનારાને પોષણ અપાય કે ?

જ્યારે સુદેવને પામેલા, ખરેખરા મોક્ષ દેનારા માર્ગમાં રહેલા તેવાઓ પણ મોક્ષદાયકપણાની બુદ્ધિ પલટી નાંખે છે; ત્યારે બીજાઓ કે જેઓ કુદેવાદિને પામેલા છે, તેમને આરાધતા તેમનામાં મોક્ષની બુદ્ધિ જ રહેશે એમ માનવું કેટલું યોગ્ય છે ? ત્યાં તો એ ભાવના ખંડિત થવાના જરૂર સંભવો છે. જે લોકોત્તર માર્ગ છે, મોક્ષ માટે જ કહેલો માર્ગ છે, મોક્ષને જ ધ્યેય તરીકે ઊંચી કોટી તરીકે માનનારો જે માર્ગ છે. તેના અનુયાયીઓની પણ આ દશા ? ! કે તીર્થોને તોડનારાને પણ આપણે પોષણ આપતા અચકાતા નથી ! અને જે મોક્ષના હેતુ તરીકે અથવા આરાધનાના સ્થાન તરીકે તીર્થને સેવનારો હોય તેને રક્ષણ નથી આપી શકાતું ! જેનું મોક્ષનુંજ ધ્યેય છે, તેનાથી સ્વપ્નામાં પણ આવી વિપરિત ઘટના બને ખરી ? એક વખત કેસરીયાજી જઈ આવ્યા અને તે વર્ષે પાંચ પંદર હજારનો નફો વધારે થયો, તો પછી અંતઃકરણને પૂછી લો. પછી એક વર્ષ પણ કેસરીયાજીની જાત્રા વિના ન જ રહે. જ્યારે શુદ્ધ દેવાદિને પામેલા, મોક્ષદાતા મનાયેલા અને ખરેખરા મોક્ષ દેવામાં સમર્થ તેવાનું આરાધન કરવા વાળાઓની પણ જ્યારે આ દશા છે, ત્યારે કુદેવાદિને શરણે રહેલાની દશાની તો વાત જ શી કરવી ? જેઓ કુદેવાદિની આરાધના કરે છે તેમનું ધ્યેય જાગતિક (દૂન્યવી) ન થઈ જાય અને મોક્ષ એ જ તેમનું ધ્યેય ટકી રહે એ કેટલું મુશ્કેલ છે ? પૂજ્યગુરુની સેવા કરતાં નિર્જરાદિ કમાણી થઈ એટલે વૈયાવચ્ચ કરનારા શિષ્ય માને છે કે મને ગૌતમસ્વામીની સેવા જેવો લાભ થયો પણ પ્રમાદવશાદિ ગુણો દેખાય ૧પા સાડા પંદર આની સ્થિતિ દેખાય એટલે તુરત ગુરુને ગોશાળા જેવા માનવા બેસી જાય. એવા આત્મા લોકોત્તર માર્ગ કેમ પામે ? આ રીતે આ લોકોત્તર માર્ગને પામેલાઓ પણ જ્યારે પોતાનું લક્ષ્ય મોક્ષ છે, એ ભાવનાથી જ સુદેવાદિને ન આરાધતા લૌકીક લાભ લેવાની દશામાં વળી જાય છે, તો જેમના દેવતા કેવળ રંગરાગ કરનારા અને ગુરુ પણ રંગરાગ કરનારા અને મોજમજામાં મસ્ત રહેનારા તેમની તે શી દશા થાય ? તેમનામાં કેવળ મોક્ષની બુદ્ધિ આવવી એ કેટલું કઠણ છે ?

બેમાં શ્રેષ્ઠ કોણ ?

પ્રશ્ન-મોક્ષની બુદ્ધિવાળો પણ કુદેવાદિને માનનારો અને દેવાદિક સુખની અપેક્ષાએ સુદેવાદિને માનનારો, એ બેમાં શાસ્ત્રિય દ્રષ્ટિએ ચઢિયાતો કોણ ?

ઉત્તર-મોક્ષની દ્રષ્ટિએ એક માણસ કુદેવાદિને આરાધે છે, પણ બીજો લૌકિક પૌદગ્લિક ફળ મેળવવા માટે સુદેવને આરાધનારો છે. આ બે માણસોમાં મોક્ષની દ્રષ્ટિએ કુધર્મને આરાધનારા કરતાં પૌદ્‌ગલિક દ્રષ્ટિએ સુદેવાદિને આરાધનારો હલકો છે, કારણ કે પૌદ્‌ગલિક દ્રષ્ટિ જ હલકી છે. એક બીજું ઉદાહરણ આપું છું. એક શ્રાવક છે. સમ્યક્‌ત્વ પાળે છે. બારવૃતને પાળે છે અને શુદ્ધવૃતવાળો પણ છે. આ શ્રાવક કાળ કરે તો કાળ કરી બારમાં દેવલોકમાં તે જાય છે. અભવ્ય જીવ મિથ્યાદ્રષ્ટિ હોય અને કદાચ તે સાધુપણું પામે તો હવે તેની શી દશા થાય તે વિચારો. તેણે સાધુપણું લીધું એ કબૂલ છે, પણ ત્યાં દ્રવ્ય સાધુપણું છે. આવો મિથ્યાદ્રષ્ટિ નવગ્રૈવયકમાં જાય ! ત્યારે બીજી તરફ બારમા દેવલોકવાળો શ્રાવક છતાં, તે બે પાંચ ભવમાં પોતાનું કામ કાઢી જશે અર્થાત્‌ બે પાંચ ભવમાં તે જરૂર

મોક્ષ પામી જશે. તે જ પ્રમાણે પૌદ્‌ગલિક ફળની આશાએ લોકોત્તર ધર્મ જેઓ કરે છે, તેઓ પૌદ્‌ગલિક સુખ જરૂર વહેલું પામે છે પણ તેના કરતાં મોક્ષદ્રષ્ટિવાળા પણ કુદેવાદિને માનનારા સારા છે. આનો અર્થ એ નથી થતો કે હું કુદેવાદિને વખાણવા બેઠો છું. હું એ જ જણાવવા બેઠો છું કે તમે લોકોત્તર ધર્મને પામ્યા છો અને તે છતાં પણ જો તમે મોક્ષદ્રષ્ટિનો સ્વીકાર નહિ કરો; તો મિથ્યાત્વી કરતાં તમારી સ્થિતિ કોઇપણ રીતે સારી થવાની નથી.

મિથ્યાત્વમાં ગુણઠાણું માન્યું કેમ ?

હવે મૂળ વાત પર પાછા આવો. મિથ્યાત્વ હોવા છતાં પણ ત્યાં જે ગુણઠાણું માન્યું છે, તેનું કારણ આ છે. માર્ગનુસારીની અપેક્ષાએ મિથ્યાત્વ હોવા છતાં પણ તે ગુણઠાણું કહેવાય છે. આથી જ આપણે એમ માનવું પડે છે કે પહેલા ગુણસ્થાનકમાં પણ ધર્મ છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ અને ગુણસ્થાનકક્રમારોહણકાર નિગોદાદિકમાં મિથ્યાત્વ માને છે, પણ કર્મ ગ્રંથકાર તેમ માનતા નથી. અશુદ્ધ વ્યવહાર નયથી પહેલે ગુણસ્થાનકે ધર્મ છે. શુદ્ધ વ્યવહારથી ચોથે ગુણસ્થાનકે ધર્મ છે અને નિશ્ચય નયથી ૧૪મે ગુણઠાણે ધર્મ છે. આથી દૂર્ગતિને રોકે તે જ ધર્મ એ સમજાય છે. પહેલે ગુણઠાણે અશુદ્ધ વ્યવહારવાળો નર્કમાં નહિ જાય. જે મોક્ષના જ લક્ષ્યવાળો છે એ ચોથે ગુણઠાણે નર્ક કે તિર્યંચમાં પણ ન જાય અને ચૌદમે ગુણઠાણે રહેલો ધર્મ ભલે સદ્‌ગતિ નહિ કરે, પણ દુર્ગતિ તો કરતો જ નથી, એ વસ્તુ માટે તો બે મત છે જ નહિ. આ રીતે પહેલે અને ચોથે ગુણઠાણે દુર્ગતિ રોકાય છે. પહેલે ચોથે અને ચૌદમે ગુણઠાણે દૂર્ગતિનું કારણ નથી અને વચમાં તો દુર્ગતિ જ નથી આથી જ એ સિદ્ધ થાય છે કે:-

"દુર્ગતિમાં પડતા બચાવે તે ધર્મ."

સદ્‌ગતિ આપે તે ધર્મ એ વ્યાખ્યા ખોટી છે.

યાદ રાખવાની વાત છે કે સદ્‌ગતિને આપે તે ધર્મ એવી ધર્મની વ્યાખ્યા શાસ્ત્રકારોએ કરી નથી. પહેલું, ચોથું અને અગિયારમું ગુણસ્થાનક અવશ્ય સદ્‌ગતિને આપે છે, પણ ૧૨, ૧૩ અને ચૌદમું ગુણસ્થાનક, એ એવા છે કે ત્યાં સદ્‌ગતિનું નામ પણ નથી. એટલા જ માટે સદ્‌ગતિને આપે તે ધર્મ એમ ન કહેતા દુર્ગતિને રોકે તે ધર્મ એમ કહ્યું છે.

હવે એક બીજી શંકા ઊભી કરવામાં આવે છે તે તપાસી જોઇએ. સદ્‌ગતિ એ પણ સારું સ્થાન છે અને મોક્ષપ્રાપ્તિ એ પણ સારું સ્થાન છે તો પછી ધર્મની એવી વ્યાખ્યા ઠરાવીએ તો શું વાંધો છે કે સારું સ્થાન પ્રાપ્ત કરાવે તે ધર્મ. આ સિદ્ધાંત-આ વ્યાખ્યા બહારથી ઠીક લાગે છે પરંતુ હવે તેમાં અંદર ઉતરો અને જુઓ. શુભ સ્થાનકને ધારણ કરનારું મિથ્યાત્વ હોય કે નહિ હોય ? તાપસની ક્રિયા કરવાથી પરિવ્રાજકની ક્રિયા કરવાથી, અકામ નિર્જરાથી, કે અગ્નિમાં બળી જવાથી જે દેહત્યાગ કરે છે તે પણ દેવલોકે જાય છે. દેવલોક મળ્યો, એટલે શુભસ્થાન ધારણ થયું કે નહિ ? શુભ સ્થાન તો મળ્યું પણ એ સ્થાન મેળવવામાં આપણી માન્યતા પ્રમાણેના વ્રત પચ્ચખ્ખાણ વગેરે કાંઇ નથી, અને તે છતાં શુભ સ્થાનક મળે છે. આ શુભ સ્થાનક મેળવી આપનારી ક્રિયાઓ મિથ્યાત્વની થઇ છે છતાં પણ ઉપરની વ્યાખ્યા માન્ય રાખતા તેને ધર્મ કહેવો પડે છે, એ દેખીતી રીતે જ ખોટું છે. જેનામાં દુર્ગતિ ન થાય તેવું હોય તે જ દુર્ગતિ થતી અટકાવે છે અને તેથી જ દુર્ગતિથી બચાવે તે જ ધર્મ એમ સ્પષ્ટ થાય

છે. ઉપર જણાવેલી ક્રિયાઓ તો દુર્ગતિ અને સદ્‌ગતિ બંન્ને દે એવી છે અને તેથી જ તે ધર્મ નથી. દુર્ગતિ નહિ આપે અને માત્ર શુભ સ્થાનક-કલ્યાણ સ્થાન મોક્ષ દે એવો તો આજ લોકોત્તર ધર્મ છે.

પુણ્યનો મેરૂ પણ આઠ સમયમાં સાફ ?

શાસ્ત્રકારોનો કહેવાનો મુદ્દો આપણે ધ્યાનમાં લેવો જોઈએ એ મુદ્દો એ છે કે પુણ્યનો મેરૂ પર્વત હોય તો પણ તે ભોગવવામાં માત્ર આઠ સમય જોઈએ. આયુષ્ય સિવાય હોય તો અનુત્તર વિમાનના સુખ કે સાતમી નરકના દુઃખ સંબંધી જે કર્મ બાંધ્યા હોય તો તે કર્મ માટે તપસ્યાની જરૂર પડતી નથી. ફક્ત ધર્મ સમુદાયનો કૂચો કરવા માટે સમુદ્‌ઘાતના આઠ સમય પુરતાં છે. ગમે એટલા ભવનું પાપ વગરનું પુણ્ય હોય તો એ પુણ્ય પાંગળું છે. પાપનો તીવ્ર ઉદય હોય તો ગુણઠાણ ચઢી શકાય નહિ. આથી જ શાસ્ત્રનાં વચનો વિચારવાની જરૂરીયાત ઊભી થાય છે. "पावाणं कम्माणं निज्धायणट्ठाए" ઈત્યાદિ વચનો વિચારતાં સહેજે માલમ પડશે, આ વચનમાં શાસ્ત્રે પણ "પાપ કર્મનો નાશ કરવા માટે" એમ કહ્યું છે, પુણ્ય કર્મનો નાશ કરવા માટે એમ જણાવ્યું નથી જેવી પાપની નિર્જરા છે તેવી જ પુણ્યની પણ નિર્જરા છે. પુણ્યના ક્ષયને માટે દેવાદિનું આરાધન કરવાનું જણાવ્યું નથી. પુણ્યનો ક્ષય કરવાને માટે દાન, તપ કે શીલની ભાવના કરવાનું હોતું નથી. પુણ્યનો ક્ષય કરવાને માટે દાન, તપ કરવા જોઈએ એમ કહીએ તો મુર્ખમાં ખપીએ. ધર્મ ક્રિયાઓથી પુણ્યનો ક્ષય કરવાનો ઉદેશ કોઈ શાસ્ત્રકારે રાખ્યો નથી. પૂણ્ય આપોઆપ પાપો ભોગવાયા એટલે તૂટી જાય છે. પેટમાંથી મળ કાઢવા માટે દીવેલ લેવું પડે છે, પણ દીવેલ કાઢવા માટે કંઈપણ લેવું પડતું નથી, તે આપોઆપ નીકળી જાય છે. તે જ પ્રમાણે પુણ્ય ગમે એટલું હોય તો પણ તે આઠ સમયમાં સફા થાય છે.

વારંવાર જન્મ કોને ?

જેના પાપસહિત પૂણ્ય છે, તેને જ આ સંસારમાં વારંવાર જન્મ લેવો પડે છે. શાતાવેદની ચાહે તેટલું હોય તો પણ તે ભવ આપી શકતું નથી આયુષ્ય એવી વસ્તુ છે કે નામવેદની અને ગોત્રનો નાશ થાય, તો પણ આયુષ્ય બાંધ્યુ તે બાંધ્યું. તે તોડવાની શક્તિ ક્ષપક શ્રેણીમાં પણ નથી. આયુષ્ય બાંધે છે કોણ તે વિચારો. આયુષ્ય વીતરાગપણામાં કોઈ દહાડો બંધાતું નથી, હંમેશાં સરાગપણામાંજ આયુષ્ય બંધાય છે. જેને પાપનો સંબંધ ન હોય તેવું પૂણ્ય સંસાર વધારતું નથી. સંસારની જડ હોય તો તે પાપ છે. દરેકે દરેક જગાપર પાપનું હેયપણું જણાવવામાં આવ્યું નથી. સ્થળે સ્થળે પાપ છોડવલાયક કહ્યું છે પણ પુણ્ય છોડવાલાયક કહ્યું નથી. આથી સ્પષ્ટ થાય છે કે ધર્મનો સ્વભાવ તે કાંઈ પૂણ્ય કે સદ્‌ગતિને વારવાનો હોય જ નહિ, માટે જ શાસ્ત્રો પણ કહે છે કે જે દુર્ગતિમાં પડતા બચાવે છે તે ધર્મ છે.

મોક્ષ આપે તે નિશ્ચય ધર્મ.

દેવતાઓ દેવલોકમાં અવતરે છે તે શાથી ? પહેલાના તપ સંયમના ફળથી તેઓ દેવલોકમાં ઉપજે છે. ૧૧મે ગુણસ્થાનકે પહોંચેલો જો કાળ કરે તો તે અનુત્તરમાં જ જાય છે. પ્રબળ પુણ્ય તે પણ સોનાની બેડી છે. પ્રબળ પુણ્યની સ્થીતીમાં પણ પૂરું બંધન છે. પુણ્ય એ પરમ શત્રુ છે. ૩૩ સાગરોપમની પુણ્યની બેડી પણ બંધન રૂપે છે, પુણ્યના ભરૂસે ભૂલનારાઓ પુણ્યના ભોગવટામાં પાપની પરંપરા બાંધે છે. પુણ્યના ભોગવટામાં લાભ નથી પણ પુણ્યોદયે જે પ્રાપ્તિ થયેલી તેના ત્યાગમાં ધર્મ છે આથી દુર્ગતિ નિવારવી તે

સાધારણ ધર્મનું લક્ષણ છે એમ કહી શકાય છે. ૧થી ૧૪ ગુણસ્થાનકનું સાધારણ લક્ષણ એ છે કે દૂર્ગતિને રોકે તે ધર્મ. પણ નિશ્ચય ધર્મ તે છે કે જે મોક્ષને અનંતર સમયમાં આપી શકે તે નિશ્ચય ધર્મ છે. ઉપચરિત વ્યવહારથી, અશુદ્ધ વ્યવહારથી ભલે ધર્મ હોય; પણ મોક્ષ દેવાનું સામર્થ્ય ધરાવી શકનાર જે કારણભૂત ધર્મ; તે ધર્મ છે. જે મોક્ષને આપે છે તે ધર્મ છે પહેલે ગુણઠાણેથી મોક્ષની જે પરિણતિ થઇ છે તે મોક્ષ દેવાની છે માટે એમ પણ કહી શકાય કે અનંતર સમયમાં મોક્ષ આપે છે તે ધર્મ. ત્યારે હવે આ બધા ધર્મ કેવા? આ સઘળા કારણ ધર્મ છે. એટલે મોક્ષનું તે કારણ છે. ચૌદમા ગુણઠાણાની છેલ્લા સમયના પહેલાના સમયનો ધર્મ તે પણ કારણ ધર્મ છે. તે જ પ્રમાણે ૪ થી ૧૨ ગુણઠાણાનો જે ધર્મ છે, તે પણ કારણ ધર્મ છે. કારણ ધર્મ તરીકે તેને ધર્મ ગણીએ એ વાસ્તવિક છે. પણ જીનેશ્વર મહારાજાએ મોક્ષ માટે જ ધર્મ કહ્યો છે માટે મોક્ષના જે પ્રાપ્ત કરાવે છે તે ઉંચામાં ઉંચી કોટીનો ધર્મ છે. આપણો તો જે મોક્ષબુદ્ધિએ થાય તેને પણ ધર્મ કહ્યો છે.

દેવલોક ધર્મનું પરમ ફળ નથી.

હવે આપણે મૂળ અધિકારમાં આવીએ. શ્રી જીનેશ્વરે મોક્ષના કારણને જ ધર્મ ગણ્યો છે. દેવલોક શાથી મળે છે ? તે પણ ધર્મથી મળે છે કે નહિ ? જરૂર મળે છે, તેની પણ કોઈ ના પાડતું જ નથી. પણ આ વેળાએ એક વાત ખ્યાલમાં રાખવાની છે. એક વસ્તુ બનતી હોય તો પણ તે ઇચ્છવી ન જોઇએ. ઉત્તમ મનુષ્ય હોય તેને માન ડગલે અને પગલે મળે છે, પણ જો તે એમ ઈચ્છે કે મને માન મળો; તો શું માનવું ? માન મળવાનું છે જ, પછી તે માંગવામાં શો વાંધો છે ? છતાં પણ જો તે માણસ માન માટે ફાંફાં મારે, તો જરૂર તેની કિંમત કોડીની પણ નહિ રહે. ધર્મથી દેવલોકાદિક મળે છે, પણ ધર્મ કરીને તેના બદલામાં દેવલોક માંગી લીધો તો તેને માટે આપણે શું કહીશું ? જેનાથી જે ફળ મળવાનું હોય છતાં એ ફળ તે પરમફળ નહિ હોય; તો તેની માંગણી કરવી એ સજ્જનને શોભા આપનારું નથી. તેમ ધર્મથી દેવલોક મળે ખરો, પરંતુ તે ધર્મનું પરમફળ ન જ હોવાથી ધર્મના બદલામાં તેની યાચના કરે તે ધર્મની વાસ્તવિક સીમાની બહાર ગયેલો જ ગણાય.

મનુષ્યનું પહેલું કર્તવ્ય શું ?

જેઓ ધર્મ કરે છે તેઓ દૂર્ગતિમાંથી નિવારણ થવાનું માંગે તેમાં દોષ નથી, મોક્ષ માગે એ તો ઉત્તમ જ છે, પણ ધર્મ કરી દેવલોક મેળવવાનું શાસ્ત્રકારો જણાવતા નથી. આ ધર્મને અંગે ધર્મ કરી તેના બદલામાં પૌદ્‌ગલિક પદાર્થોની લાલચ લગાડવાની નથી. અહીં તો પાપનો ક્ષય કરી મોક્ષ માંગવાનું ધ્યેય છે. ત્યારે એ ધર્મ શી રીતે વ્યક્ત થાય છે ? **૧ ફળની અપેક્ષાએ મોક્ષથી, ૨ હેતુની અપેક્ષાએ દાનાદિકથી, અને ૩ સ્વરૂપની અપેક્ષાએ અહિંસા, તપ, સંયમ આદિથી ધર્મ વ્યક્ત થાય છે.** આમ હેતુ ફળ અને સ્વરૂપદ્વારાએ ધર્મ કહ્યો, તેમાં મુખ્યમુદ્દો ક્યાં છે ? ફળમાં ! માટે એ ફળ એટલે મોક્ષને પ્રાપ્ત કરાવે તે ધર્મ છે. અને મોક્ષ તે છે કે જેનાથી અનાદિનું ભવભ્રમણ મટે છે. આ દ્રષ્ટિએ-મોક્ષની આશાએ ધર્મને સેવવો એ મનુષ્યનું પહેલું કર્તવ્ય છે. હવે મોક્ષ શી ચીજ છે તેનું વિસ્તારથી વર્ણન અને શાસ્ત્રકારો તેને કેવા સ્વરૂપે જણાવે છે તેનું વિવેચન આગળ કરવામાં આવશે.

સંપૂર્ણ.

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડઅભ્યાસી, આગમોદ્ધારક, આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

(ના. વડોદરા સરકારની ધારાસભામાં સરકારે પ્રેરેલો આર્યભાવનાવિનાશક દીક્ષાસંહારક કાયદો ધારાસભામાં અને જનતામાં ચર્ચાઈ રહેલો હતો, એવા કઠિન સમયમાં પૂ. આચાર્ય સાગરાનંદસૂરીશ્વરજી મહારાજા સાહેબે દીક્ષા સંબંધીનો જૈનાજૈન જનતાનો ભ્રમ ભાંગવાના ઉદ્દેશથી દીક્ષા સંબંધી શંકાઓ પૂછવાનું જાહેર પ્રજાને જણાવેલું હતું. જનતા તરફથી એ સંબંધીના પ્રશ્નો જાહેર રીતે પુછાયા હતા અને આચાર્યદેવે પોતાની અમોઘ સુધાવર્ષિણી શૈલીમાં તે પ્રશ્નોના સરળ અને સુંદર ઉત્તરો આપ્યા હતા. આચાર્યદેવના એ ઉત્તરો સાંભળ્યા પછી કેટલાય કટ્ટરમાં કટ્ટર દીક્ષા વિરોધીઓ પણ પોતાનો દીક્ષા વિરોધ મૂકી દઇ આચાર્યદેવશ્રીના વિચારો જોડે સહમત થયા હતા એ પ્રશ્નોત્તરો અત્યંત ઉપકારક હોવાથી અત્રે આપવામાં આવે છે અને તેનું પૂરેપૂરું મનન કરવાની તંત્રી વાંચકોને વિનંતી કરે છે.) તંત્રી-સિદ્ધચક્ર.

પ્રશ્ન-૪૯૧- દીક્ષા માટે બાળક અયોગ્ય છે અને મનુષ્ય સોળ વર્ષ સુધી બાળક છે, એવું શાસ્ત્રમાં જણાવેલું કહેવાય છે; તો પછી તમે શા માટે એ શાસ્ત્રને માન આપતા નથી ?

સમાધાન- જેઓ એમ કહેતા હોય કે શાસ્ત્રોમાં સોળ વર્ષ સુધીનાને બાળક ગણેલો છે, તેઓ કાં તો શાસ્ત્રો જાણતા નથી અને જો શાસ્ત્રો જાણતા હોય તો જાણીને જુંઠું બોલે છે. કોઈપણ જૈનશાસ્ત્રમાં "સોળ વર્ષ સુધીનો મનુષ્ય બાળક છે અને તેથી તે દીક્ષાને માટે નાલાયક છે" એમ કહ્યું હોય તો તેવો પાઠ જાહેર કરવાની હું ચેલેન્જ આપું છું. પ્રવચન સારોદ્ધાર, નિશીથચૂર્ણી ભાષ્ય, વ્યવહાર ભાષ્ય, આચારદિનકર, ગુરૂતત્વ નિશ્ચય, પંચવસ્તુ અને બીજી અનેક જગા ઉપર સ્પષ્ટ રીતે જણાવેલું છે કે દીક્ષા માટે આઠ વર્ષની અંદરનો બાળક તેજ બાળક છે અને તેમાં જ બાળદોષ જણાવાયો છે. સીત્તેર વર્ષનો ડોસો પોતાના ૫૦ વર્ષના છોકરાને બાળક કહે, તેથી કાંઇ એ પચાસ વર્ષનો પુરુષ બાળક ગણાતો નથી. શાસ્ત્રની મર્યાદા પ્રમાણે શ્રુત ભણેલો હોય પણ સોળ વર્ષનો નહિ હોય, તો તેને શાસ્ત્રે સ્વતંત્રપણે સમુદાય લઈને વિહાર કરવાની આજ્ઞા આપી નથી. એટલે સોળ વર્ષ અને આચારપ્રકલ્પ ભણેલા માટે વિહારની વિધિ રાખી છે. અર્થાત્

તેથી સોળ વર્ષનો બાળક કહેવાય તેવું કોઈ પણ જગા પર નથી.

પ્રશ્ન ૪૯૨- કયા શાસ્ત્રમાં આ પ્રમાણે છે તેનું પ્રમાણ આપી શકો ખરા કે ?

સમાધાન- શા માટે નહિ ? આચારાંગ સૂત્ર પૃષ્ટ ૨૧૩ (અહીં આચાર્ય મહારાજે પુસ્તકનો પાઠ કાઢી અર્થ સમજાવ્યો હતો) આ પ્રમાણે તો જે ભણેલો (ધાર્મિક ઠરાવેલા સાહિત્યો) હોય અને સોળ વર્ષનો હોય તેને સમુદાય લઈને સ્વતંત્રપણે વિહાર કરવાની આજ્ઞા આપી છે, તો પછી તેવાઓની દીક્ષા ક્યારે થાય, તેનો તમેજ વિચાર કરો !

પ્રશ્ન ૪૯૩- વ્યવહારિક કાર્યોમાં પણ સોળ વર્ષ સુધીનાને તો બાળક જ ગણવામાં આવેલો છે, તો પછી દીક્ષા જેવા મહાન કાર્યમાં પણ સોળ વર્ષનો બાળક તે બાળક નહિ ગણાય ?

સમાધાન- દીક્ષા શા માટે છે તેનો વિચાર કરો ! દીક્ષા એ સંસારમાં અથવા પાપમાં પડવા માટે છે કે તેનાથી પાછા હટવા માટે છે ?

દુનિયા તો પાપમાં ટેવાયેલી છે. એટલે તેને પાપ છોડવું એ અઘરૂં લાગે, પણ તે જ સ્થિતિ જૈનોના બાળકોની નથી. જૈનનો નાનો બાળક હોય તે પણ આયંબીલ ઉપવાસાદિ કરી શકે છે, જ્યારે અન્ય જાતિના વૃદ્ધોને જૈન પદ્ધતિનો એક અપવાસ કરવો પણ ભારે પડે છે. તે જ રીતે જૈનના બાળકને પાપનો ત્યાગ કરવો, એમાં કઠણ શું છે ? વળી વ્યવહારિક કાર્યોમાં પણ સોળ વર્ષ સુધીનાને બાળકને ગણવામાં આવ્યો છે, તે છતાં માબાપની સંમતિથી એ વ્યવહાર કરી શકે છે ને ? દુનિયાદારીમાં પણ સ્વતંત્રપણે વ્યવહારને માટે અધિકારી ગણ્યો નથી પણ માબાપની સંમતિથી ગણેલો છે. વેદાંતીઓમાં પણ જુઓ. માબાપની ઈચ્છા છોકરાને વેદપારગામી બનાવવાની હોય તો તે ઈચ્છા છોકરાની પણ ગણી લેવામાં આવે છે અને તેથી તો જનોઈ માટે ગર્ભપંચમ રાખવામાં આવ્યું છે. છોકરા-છોકરીના વિવાહલગ્નો થાય છે, તેમાં પણ માબાપની ઈચ્છાથી જ થાય છે. દત્તક અપાય છે તે પણ માબાપની ઈચ્છાથી જ અપાય છે. તો પછી આઠથી સોળ વર્ષના બાળકને પણ શા માટે માબાપની સંમતિથી દીક્ષા ન આપી શકાય ? દત્તકમાં તો આખી જીંદગીની જોખમદારી છે, અરે જીંદગીનો વીમો છે, તે છતાં તે માબાપની મંજુરીથી જ થાય છે ને.

પ્રશ્ન ૪૯૪- પણ હવે તો તેમાંએ ફેરફાર થાય છેને ? આ સુધારાના કાળમાં શું સુધારો નહિ થાય?

સમાધાન- તમે જ બતાવો કે સુધારો કયાં થયો છે ? આ જ વડોદરાની વાત લ્યો ! મહારાજ સયાજીરાવને શ્રીમતિ યમુનાબાઈ એમણે દત્તક લીધા, તે ના૦ સયાજીરાવે અને બ્રિટિશ સત્તાએ પણ કબુલ રાખ્યું જ ને ! વિવાહની વાત લ્યો માબાપ વિવાહ કરે તે શું સરકાર માન્ય નથી રાખતી ! મતલબ કે સોળ વર્ષની અંદરના બાળકોનો વ્યવહાર તેમની મરજી અને માબાપની સંમતિથી ચાલી શકે છે.

પ્રશ્ન ૪૯૫- દત્તક અને સાધુ બંને સરખાં છે ?

સમાધાન- દત્તકપણા કરતાં તો સાધુપણું એ ઊલટું સહેલી વસ્તુ છે. સગીરપણાનું એટલે સગીરનું

તો દત્તકપણામાં બેશક અહિત જ થાય છે. પચાસ લાખની પિતાની મિલકત હોય એવા કુટુંબનો છોકરો દત્તક તરીકે જાય અને ત્યાં મિલકત ઓછી હોય તો તે સગીરનું નુકસાન જ છે, જ્યારે સાધુપણામાં તેવું કાંઇ નથી.

પ્રશ્ન ૪૯૬- પણ આવા કોઇ દાખલાઓ તમો આપી શકશો ? વળી, બાળકને સાધુ બનાવવામાં વાલીની પરવાનગી યોગ્ય છે ?

સમાધાન- હા, ભાઇનો વંશ વગેરે રાખવા ખાતર આવા દાખલાઓ મારવાડ મેવાડાદિ દેશોમાં ઘણા બને છે. ગુજરાતમાં તેવા દાખલા નથી બનતા એટલે તમોને અહીં નવાઇ લાગતી હશે. દત્તક એ સંસારી વિધાન છે, તે છતાં દત્તક ગયેલાને સઘળા હક્કો છોડવા પડે છે, નામ બદલાઇ જાય છે; એટલું જ નહિ પણ ખરા બાપને ત્યાં લાખોની મિલ્કત હોય અને પોતે જે ગૃહસ્થને ત્યાં દત્તક ગયો હોય ત્યાં કદાચ દરિદ્રતા આવી હોય, તો પણ એ દરિદ્રતા સહન કરવી પડે છે અને તેનો પિતાની મિલકતમાં કાંઇ જ હક પહોંચતો નથી. આ રીતે અસહ્ય નુકસાન થાય છે. એ ભોગવવું પડે છે સગીરને, પણ ઇચ્છા તેમાં એ વાલીની જ ! હવે સાધુપણાની વાત કરો. પાપનો પ્રતિકાર કરવાનો હક દરેકને છે. જે માણસ ચોરી, લૂંટ, ધાડથી પોતાનો બચાવ ન કરી શકે. તે માણસ બીજાનો બચાવ ન જ કરી શકે. જીવ દુઃખ ક્યારે ભોગવે છે ? સમય આવે ત્યારે, બાળકને સુખદુઃખના જ્ઞાનની પૂરી સમજ નથી છતાં એની અસર તેના ઉપર થયેલી સ્પષ્ટ દેખાય છે. એને કોઇ ટાંકણી ઘોંચે તો એ રડે છે. શાંતીમાં હોય તો રમે છે. આ ઉપરથી એક વાત એ સાબીત થાય છે કે બાળક સુખદુઃખનો હલ્લો સમજી ન શકતો હોય તો પણ તે દુઃખની અસર પામી રડે છે. એ રડવા રમવામાં એ ફેર છે. ટાંકણી ઘોંચાય ત્યારે, ભૂખ લાગે ત્યારે, કોઇ ચીજ ન મળે ત્યારે કે મંકોડો કરડે ત્યારે બાળક રડે છે; પણ એ દરેક રડવામાં ફેર છે એટલેજ સાબિત થાય છે કે બાળકમાં પણ તીવ્ર-મંદ-દુઃખની લાગણી છે અને તે જન્મથી જ બેઠેલી છે. પછી ભલે તે બાળક એ સુખ દુઃખના ફાયદા ગેરફાયદા ન સમજતો હોય ! કોણે દુઃખ ઉત્પન્ન કર્યું તે ભલે એ બાળક ન જાણતો હોય. તો પણ તેને દુઃખની અસર જન્મથીજ થાય છે; અને દુઃખનો હલ્લો પણ જન્મથી જ છે. હવે દુઃખ શાથી આવે છે ? જો તમે આસ્તિક હો તો તે કબુલ કરવું જ પડશે કે જન્મતાં વાર બાળકને જે દુઃખ આવે છે તે પૂર્વ જન્મના કર્મના કારણે આવે છે અર્થાત્ પાપોથી દુઃખ પરિણમે છે. ભલે બાળક કારણ ન જાણતો હોય તો પણ તેને દુઃખ આવે છે તે કર્મના કારણથી જ. તો એ હલ્લાને રોકવો કે દૂર કરવો અને તે કયે સમયે ?

સભામાંથી- હરકોઇ સમયે.

બરાબર. ગમે તે સમયે એ દુઃખ રોકાય તો રોકવું જ જોઇએ. તે જ પ્રમાણે જેનાથી દુઃખ રોકાય તેણે પણ તે રોકવુંજ જોઇએ, પછી ભલે રોકનારને દુઃખનું જ્ઞાન અનુભવથી થયું હોય, સાંભળવાથી થયું હોય કે કોઇના કહેવાથી થયું હોય. પણ તેણે એ દુઃખને

આવતું રોકવું જ જોઇએ એ ખરૂંજ. માનો કે તમોને વીંછી કરડયો નથી, પણ તમે સાંભળ્યું છે કે વીંછીના ડંખની વેદના જ્વલંત છે. છોકરાને ખબર નથી કે વીંછી કરડે તેનું આવું દુઃખ છે, છતાં પણ તમે છોકરાને કહેશો કેઃ "ભાઇ ! વીંછીથી દૂર રહે." એ કરડશે તો અગ્નિ બળશે. પછી કોઇ વેળા છોકરો રબ્બરનો વીંછી દેખશે. તો તેથી પણ તે ડરશે જ ડરશે, વીંછી તો ખોટો છે, ત્યારે બાળક ડર્યો કેમ ? જવાબ એ છે કે આત્માની જ લાગણીથી ! અણસમજણો છતાં, એ બાળક વીંછીથી ડર્યો, તેમાં આપણે બાળકના આત્માની જ લાગણી માની છે, તો પછી તે પાપથી ડરે તો એ તે બાળક છતાં તેની આત્માની લાગણીથી જ ડરે છે એમ શા માટે નહિ માનવું ? એવી રીતે અયોગ્ય પદાર્થ તરફનો ભય જોઇ બાળક તેનાથી ખસે તો એ ખસવું તેનું પોતાનું માની તેને ખસવા દેવામાં આવે છે, તો પછી યોગ્ય વસ્તુ તરફ બાળક અનુરાગ રાખે તો એ અનુરાગ તેનો પોતાનો નથી એમ માની શા માટે તેને એ વસ્તુની પાસે જતો રોકવો? કીડી જતી હોય તો તમે તમારા નાના બાળકને પણ બહાના બતાવી તેના પર પગ મૂકતો રોકો છો ને ? જૈનોના બાળક અઢાર પાપસ્થાનક સમજે છે, તો પછી વીંછીના દ્રષ્ટાંત મુજબ શા માટે તે એ પાપસ્થાનકથી ખસી શકે નહિ ? જરૂર ખસી શકે. અને જેમ તમે બાળકને કીડી પર પગ મૂકતો, તે સમજતો નથી છતાં અટકાવો છો; તો પછી શા માટે તમો તેને પાપસ્થાનક પર જતો તેમ અટકાવી પણ ન શકો ? જરૂર અટકાવી શકો છો.

પ્રશ્ન ૪૯૭- પણ સાહેબ ! બધા ખસનારા (પાપથી ખસનારા) આવા સંસ્કારવાળા બાળકો હોય ?

સમાધાન- ૫૦૦ બાળકોમાંથી બધાજ દીક્ષા ન લે એ શું બતાવે છે ? એનો અર્થ એ જ છે કે જેનામાં આવા સંસ્કારો હશે તે જ બાળક દીક્ષા લેશે. ૫૦૦ બાળકોમાંથી જેમ બધા જ બદમાશો ન થાય એ કુદરતી છે, કદાચ થોડા જ તેવા થશે; તે જ પ્રમાણે તેમાંથી થોડાક ધર્માત્મા કે સાધુઓ થાય એ પણ કુદરતી છે. થોડા જ બાળકો દીક્ષા લે છે અને બાકીના નથી લેતા એનો અર્થ જ એ છે કે જેનામાં તેવા સંસ્કારો હોય તે જ દીક્ષા લે, બાકીના નહિ; અર્થાત્ દીક્ષા લેનારા બાળકમાં તેવા સંસ્કારો છે એ કબુલ કરવું જ પડશે.

તૈયાર છે. તૈયાર છે. તૈયાર છે.

પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન.

વિજય લક્ષ્મીસૂરીકૃત

સંશોધકઃ-આગમોદ્ધારક

મળવાનું ઠેકાણુંઃ-શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

લાલબાગ ભુલેશ્વર, મુંબઈ નં. ૪.

કિંમત ૦-૪-૦] [પોસ્ટેજ જુદું.

મહાસાગરનાં મોતી

(જૈન સાહિત્યના સત્યઘટનાત્મક ઐતિહાસિક કથાનકને આધારે રચવામાં આવેલું એક સુંદર ચિત્ર.) લેખક : માણિક્ય.

પુષ્પ ૧ લું.

ગુલાબનું ફુલ

જગત છે મોહમાં ઘેલું, ન ઝાંખી સત્યની પામે,
છતાં તે સત્યની સામે, સદા માથું નમાવે છે.
વિમલતા સત્યની જ્યારે, જગત નિરખી શકે ત્યારે,
જરૂર તે સત્યને ક્યારે, પછી શરમાઈ આવે છે.

અખૂટ સંપતિ અને સમૃદ્ધિથી શોભતી દ્વારિકા નગરી તેના તેજથી આજે અવનીની આંખોને આંજી રહી છે. તેના પ્રકાશથી દુનિયાનાં બજારો જાણે ક્ષોભ પામી જાય છે. આકાશ સાથે વાતો કરતી, તારાગણોના તેજની પોતાના ધવલ અને સુંદર મસ્તક પર ઘેરી લેતી અને એ પ્રકાશથી અનુપમ પ્રભા ઉપજાવતી ભવ્ય મહોલાતો શોભી રહી છે. ભાષામાં વર્ણવવાને શબ્દો ન હોય એવી સુંદર સામગ્રીઓથી સજજ થયેલી આ નગરી મહારાજા શ્રી કૃષ્ણની રાજધાની તરીકે જગતમાં ઓળખાય છે.

એ ભવ્ય શહેરની એક મહોલાત તરફ આપણી દ્રષ્ટિ વાળીએ. ઉષાનો આછો સોનેરી રંગ આકાશમાં પથરાઈ તેનું પરાવર્તન એ સુંદર મહોલાતો કરે છે. પ્રાતઃકાળનો મધુર પણ મંદમંદ વાયુ વાય છે. સ્વચ્છ આકાશમાં લાલ રંગની છડા કદી કદી દ્રષ્ટિએ પડે છે અને એ આકાશની હરીફાઇ કરતો મહાસાગર તેની નીચે પ્રંચડ ગતિએ ઉછાળા મારી રહ્યો છે. જાણે પ્રલયકાળ આણવા ધસી આવતો હોય તેવી ઉચ્છૃંખલતાથી ધસતો મહાસાગર દ્વારિકાના કોટ સાથે અથડાઈને ભયંકર ગર્જના કરી રહ્યો છે અને પ્રત્યેક માનવીના હૃદયમાં તે કાંઇ કાંઇ તરંગો ઉપજાવે છે, પણ તે છતાં ગર્જનાથી ત્યાંની જ એક રાજમહેલમાં બેઠેલી એક વ્યક્તિના અંતરમાં જરાય સરખી અસર થયેલી માલમ પડતી નથી.

એ વ્યક્તિ તે એક ૩૫ કિંવા ૪૦ વર્ષની સન્નારી છે. તેના સુંદર આભુષણો, શરીર પર ધારણ કરેલા કીંમતી આભરણો અને ત્યાંની અન્ય સામગ્રી પરથી સહેજે સમજાઇ આવે છે કે તે સ્થાન કોઇ મહાન ધન સમ્પન્ન વ્યાપારી, ભાયાત કિંવા રાજપુરુષનું સ્થાન છે અને તે મહિલા પણ એવી અનન્ય

સંપત્તિની સ્વામિની છે, તેની સુંદર કાંતિ, સુંદર કાંતિને પણ જીતી જાય એવી મુખ ઉપર પથરાયેલી ખાનદાનીની પ્રતિભા અને એ પ્રતિભાને પણ ઝાંખી પાડે એવું તેનું સુસભ્યવર્તન એ તે મહિલાની વિશિષ્ટતા છે. આટલી સામગ્રી-આટલો વૈભવ અને આટલું સુખ હોવા છતાં એમ લાગે છે કે તેના મુખ ઉપર કોઇક અજ્ઞાત કારણથી ઉદાસીનતા છવાયેલી છે. તેની આંખોનો સુંદર ભૂરો રંગ ઝાંખો બની ગયો છે અને તેમાં જાણે અશ્રુબિંદુઓ ઠરી ગયા હોય એમ માલમ પડે છે. જરાવાર તે રમણીયાને આ સ્થિતિમાં બેસી રહી. તત્પશ્ચાત તેણે તરત જ ઊઠીને પોતાની દાસીને આજ્ઞા કરી, 'દાસી ! જા; અને તું કાલે જેને બોલાવી લાવી હતી તેને ફરી અહીં બોલાવી લાવ !"

"આજ્ઞા !" દાસીએ ધીમે સાદે ઉત્તર આપ્યો અને તે તરત જ ત્યાંથી ચાલતી થઇ.

દાસીના ગયા પછી અહીં તે મહિલાની વ્યગ્રતામાં વધારે વધારે ઉગ્રતા ઉમેરાતી જતી હતી. તેનું હૈયું ધડકતું હતું અને તે જાણે કોઇ મુશ્કેલીમાંથી માર્ગ કાઢતી હોય-કાઢવા પ્રયત્ન કરતી હોય તેમ માલમ પડતું હતું. થોડીવારમાં તે રંગભુવનમાં કોઇનો પગરવ થતો હોય તેમ જણાયું અને તરત જ એક ભવ્ય અને પ્રતિભાસંપન્ન પુરુષ ત્યાં આવીને ઉભો રહ્યો. રાજધર્મને અનુસરીને તેણે પેલી વિચારશીલા વનિતાને પ્રણામ કર્યા અને પછી તેની આજ્ઞાની જાણે રાહ જો તો હોય તેમ ઉભો રહ્યો.

"બેસો મહાનુભાવ ! આ આસને બિરાજો !" એક સુંદર વસ્ત્રોથી વિભુષિત થયેલા આસન તરફ હાથ બતાવીને તે રમણીયે પેલા પુરુષને સૂચના કરી.

"માતાજીની શું આજ્ઞા છે !" તે પુરૂષે બેસતાં બેસતાં સામો પ્રશ્ન કર્યો. તેના એ પ્રશ્નમાં વિનય અને મર્યાદા તરવરી રહ્યાં હતાં અને તેના શબ્દે શબ્દમાંથી સભ્યતાની જાણે સરિતા વહેતી હતી.

"મહાશય ! તમે મહારાજાનું વર્તન તો જોયું છે. તમે જાણો છો કે વર્તન મને પસંદ નથી. એટલું જ નહિ પણ તેથી મારા હૃદયમાં ભારે આઘાત થાય છે. એટલા જ કારણથી મેં તમોને ગઇ કાલે એવી આજ્ઞા કરી હતી કે તમે ગમે તે પ્રકારે મહારાજાને સમજાવો અને તેમનું એ વર્તન ફરી જાય એમ કરો, આ મારી આજ્ઞાનું તમે શા માટે હજી સુધી પાલન ન કર્યું વારૂં !" તે વનિતાએ પ્રશ્ન કર્યો.

"માતાજી ! તમારી આજ્ઞા થયા પછીએ આજ્ઞાની યોગ્યા યોગ્યતા ઉપર ગઇ કાલની આખી રાત મેં વિચારણા ચલાવી છે અને તેથી મને લાગે છે કે તમારી પુત્રીઓના સંબંધમાં મહારાજાશ્રી જે વર્તન ચલાવે છે તેનું કોઇપણ પ્રકારે નિવારણ કરવાની અર્થાત્ એ વર્તન ટાળવાની આવશ્યકતા નથી!"

"તો શું તમે એમ કહેવા માંગો છો કે મારે છતી પુત્રીઓએ પુત્રી વિનાના થવું, અને રાજકુળમાં ઉછરેલી, પુષ્પનો ભાર સહન કરવાને પણ અશક્ય અને સુરપુત્રીઓ જેવી મારી છોકરીઓને મારે સંકટમય જીવનમાં સરવા દેવી અને તેમની જીંદગીનો આ રીતે અંત થવા દેવો !"

"માતાજી ! મારા કરતા બુદ્ધિમતામાં આપ શ્રેષ્ઠ છો અને તમારી એ બુદ્ધિને માટે મને ખરેખર ભારે માન છે, પરંતુ આ સંબંધમાં મારે શોકસહિત જણાવવું પડે છે કે તમારી ધારણા અહીં યુક્ત નથી. આપની સુદુહિતાઓને મહારાજ જે માર્ગે પ્રેરે છે, તે માર્ગ મહારાજા બળાત્કારે લેવડાવતા

નથી; પરંતુ પુત્રીઓની પણ તે જ માર્ગે વળવાની ઇચ્છા હોય છે અને તેને મહારાજ માત્ર પ્રોત્સાહન આપે છે, તો પછી એ કાર્યને માટે મહારાજાને પણ આપણે શો દોષ દઇ શકીએ ? વળી તમે જે જીવનને સંકટમય જીવન કહો છો તે જીવન પણ ખરેખર તેવું જ છે એનો આપની પાસે શો પુરાવો છે ? આ સઘળી સ્થિતિમાં મને લાગે છે કે મહારાજા જે માર્ગ આપની પુત્રીઓના સંબંધમાં લઇ રહ્યા છે તે જ યોગ્ય હોઇ તેમાં પ્રતિકાર કરવાની ચેષ્ટા કરવી એ આપની જ દુહિતાઓના સુખ-સૌભાગ્યનો નાશ કરવા બરાબર છે."

"વત્સ ! તમે મારી જેમ બુદ્ધિમાન અબળા કહીને પ્રશંસા કરો છો, તે જ પ્રમાણે હું પણ એમ કહી શકું છું કે તમે પણ મારાથી બુદ્ધિમાં કાંઇ ઊતરતા નથી. મહારાજાના સઘળા કાર્યનો મહાન બોજો તમારે શીરે છે, છતાં તમે તે નિરપવાદ રીતે નિભાવો છો; તમારા રાજ્યવહીવટે જનતા સુખી થવા પામી છે અને મહારાજાના રાજ્યને સુરાજ્ય એવું સાચું નામ તમે અપાવી શક્યા છો તો હું તમારી એ બુદ્ધિને જ પૂછું છું કે શું મારી પુત્રીઓને સંસારના સાચા સુખો ભોગવવાના પડતા રાખીને દીક્ષાની દુઃખદાયક અંધકાર કંદરામાં ગબડાવી દેવી એ ઉચિત છે ?" તે રમણીયે પ્રશ્ન કર્યો.

દેવી ! આપ બુદ્ધિસમ્પન્ન અને પૂણ્યશીલા છો તેમ તમારી બુદ્ધિ ધર્મકાર્યમાં પણ હંમેશ યુક્ત રહે છે; તે છતાં તમોને આવા વિચારો કેમ આવવા પામે છે તે હું સમજી શકતો નથી ! તમે સંસારના સુખોને સાચા સુખો માનો છો અને દીક્ષાને અંધકાર કંદરાની ઉપમા આપો છો એથી મને લાગે છે કે તમારી બુદ્ધિમાં કાંઇ પણ ભ્રમ ઉત્પન્ન થવા પામ્યો છે અને તેને લીધે જ તમે દીક્ષા જેવી પતિતપાવન વસ્તુ ઉપર અસત્ય આક્ષેપો કરો છો. પણ મારો તમોને એકજ પ્રશ્ન છે કે તમો જે સુખોને સાચા સુખોની ઉપમા આપો છો તે સુખો ખરેખર જ સાચા છે એની તમોને શાથી ખાતરી થવા પામી છે, તે જો આપ શ્રીમતિ મને જણાવવાની કૃપા કરશો તો તમારો મારા ઉપર ખરેખર મહાન ઉપકાર થવા પામ્યો છે એમજ હું માનીશ !" મહારાજ શ્રીકૃષ્ણચંદ્રજીના પ્રધાને મહારાણીના હૃદય ઉપર અસર કરનારા ખરેખરા શબ્દો તેમને સંભળાવી દીધા.

"પ્રધાનજી ! જે વસ્તુ પ્રત્યક્ષ આપણો આત્મા ઓળખી શકે છે, તે વસ્તુની ઓળખાણ માટે પારકાની આશા રાખવી એ ખરેખર શોચનીય છે. ખાવામાં પીવામાં, ઋતુઓના ફેરફારોનો ઉપભોગ કરવામાં અને ભોગવિલાસોમાં આત્માને જે અત્યંત આનંદની પ્રાપ્તિ થાય છે તે આનંદ આપણે સઘળા ભોગવીએ છીએ અને એ આનંદની મજા માણીએ છીએ તો પછી એ આનંદ અને એ સુખો સાચા છે એમ માનવામાં શો વાંધો આવે છે, તે હું સમજી શકતી નથી ?"

માતાજી ! આપની આ દલીલ, જરા વધારે વિચાર કરશો તો તમોને પોતાને જ ખોટી માલમ પડી આવ્યા વિના રહેવાની નથી, તમો જાણો છો કે જે વસ્તુમાં મીઠાશનો સ્વાદ છે તે વસ્તુમાં કડવાશ કદી પણ જન્મ પામી શકતી નથી, એ જ પ્રમાણે તમે જે સુખો જણાવો છો તે સુખો જો સાચાં સુખો જ હોય, તો પછી એ સુખોને પરિણામે દુઃખોની ઉત્પતિ કદી પણ સંભવી શકતી નથી. તમે ખાવાપીવામાં સાચું સુખ જણાવો છો, પરંતુ એ જ ખાવાપીવાને પરિણામે અનેક રોગો ઉત્પન્ન થાય છે અને એ રોગો ભારે દુઃખો આપે છે. ઋતુઓના ફેરફારો ઉપભોગવામાં જ તમે આનંદ માનો છો અને

તેમાં સાચું સુખ ગણો છો પરંતુ તમે જાણતા હશો કે તેમાંએ સાચાં સુખો રહેલા નથી. ઋતુઓના એ ફેરફારો આનંદ આપે છે પરંતુ એ પરિવર્તનોમાં જ્યારે અતિરેક થાય છે, ત્યારે એ ફેરફારો જ વિવિધ જાતીના રોગો અને દુઃખો ઉપજાવે છે; તે જ પ્રમાણે ભોગવિલાસો ભોગવતી વખતે તે પરમ શાંતિ આપનારા જણાય છે પણ એ જ ભોગવિલાસને પરિણામે કાયા કથળી જઈ તે રોગોને માટે દશે દરવાજા ખુલ્લા કરે છે. તો પછી તમે ખાવુંપીવું, ભોગવિલાસ અને ઋતુવિહારને સાચા સુખો કેવી રીતે કહી શકો વારું ? આ બધા ઉપરથી મારે તો એક જ અનુમાન ઉપર આવવું પડે છે કે જે સુખો શરીર વડે ભોગવાય છે તે સુખો છેવટે દુઃખો આપનારા છે અને તેથી જ એવા સુખોનો ત્યાગ કરવો એ જ વધારે યોગ્ય છે !"

"તમારી દલીલ એવી સુંદર છે કે તેને હું શબ્દો વડે તોડી શકતી નથી કિંવા તેનો કશો પ્રતિ ઉત્તર પણ આપી શકતી નથી ! પરંતુ તે જ પ્રમાણે મારૂં હૃદય પણ તમારી વાતને કબુલ રાખતું નથી ' મારે તો માત્ર એટલી જ વાત જોઈએ છે કે કોઈપણ પ્રકારે મહારાજાશ્રી મારી પુત્રીઓને સાધ્વી કરી દે છે તે ન થવું જોઈએ અને મારી આંખોને ઠારનારી મારી એ સુકોમળ દુહિતાઓ મારી દૃષ્ટિની આગળને આગળને જ રહેવી જોઈએ ! બોલો ! મારી આ વસ્તુ સિદ્ધ થઈ શકે એવો તમારી પાસે ઉપાય છે ?"

જો તમારી ઈચ્છા તમારી પુત્રીઓને તમારી નજર આગળ જ રાખવાની હોય તો તેનો માર્ગ તો સઉથી સરળ છે. તમારી સુદુહિતાઓ આત્માની અમરતાની સાધના માટે શ્રીમતિ ભાગવતિ દીક્ષાને અંગીકારે છે તે જ પ્રમાણે તમારે પણ તે પરમ કલ્યાણકારિણી શ્રીમતી દીક્ષાનો અંગીકાર કરવો જોઈએ. જો તમે એમ કરશો તો તેથી તમારી પુત્રીઓ તમારી આંખો આગળ રહી શકશે. સત્યજ્ઞાનની પ્રાપ્તિ થયા વિનાનો માણસ તમારી માંગણી પુરી કરવાનો જે કોઈ માર્ગ દર્શાવી શકે તેવો આ માર્ગ મેં તમોને દર્શાવ્યો છે. "પ્રધાને ઉત્તર આપ્યો." પ્રધાનનો ઉત્તર સાંભળીને તે રાજપત્નીના મુખ પર ક્રોધ અને ઉપહાસ બંનેની મિશ્ર છાયા જણાવા લાગી અને તે બંન્ને લાગણીનો ભાવ મુખ પર પ્રદર્શિત કરતાં તેમણે કહ્યું: "વાહ તમોએ મને જે માર્ગ સુચવ્યો છે તે માટે ખરેખર તમારો ભારે આભાર માનીશ ! કાંટાને કાંટા વડે કાઢવાનો તમારો આ માર્ગ બેશક તમારા જેવા બુદ્ધિમાનોને રૂચે એવો હશે, પરંતુ તેમને રૂચે એવો તો નથી જ !"

"તો પછી તમે એ સંબંધમાં મારી પાસે શો માર્ગ લેવડાવવા માંગો છો તે કહો ! જો તમારો માર્ગ વાસ્તવિક હશે તો હું તેનું અવલંબન કરવાની પણ ના પાડવાનો નથી !"

"અમાત્યજી ! હું તમારી પાસે જે માર્ગ લેવડાવવા માંગું છું તે માર્ગ તો એટલો જ છે કે તમારે કોઈપણ પ્રકારે મહારાજને સમજાવવા અને તેમને સમજાવીને તમારે મારી પુત્રીઓને દીક્ષાનો સ્વીકારી કરવો દેવો નહિ જો તમે આટલું કાર્ય કરવાનું માથે લેશો અને તેમાં તમોને સફળતા મળશે તો હું તમારો એ ઉપકાર ભૂલીશ નહિ અને તમે જે કોઈ ધર્મમાર્ગે એનો જે બદલો વાળવાનો કહેશો તે બદલો વાળી આપીશ."

"મહારાણીજી ! મને ક્ષમા કરશો, કારણ કે આ કાર્ય મારી શક્તિની બહારનું છે. તમો જાણો છો કે હું મહારાજ શ્રી કૃષ્ણચંદ્રજીના સામાજીક કાર્યોમાં કાંઈપણ હાથ ઘાલતો નથી ! તેમનું

રાજકીય કાર્ય જ હું સંભાળું છું અને તેમના દરેક હુકમોનું પાલન કરું છું તો પછી આ વિષય કે જે મારી કક્ષાની તદ્દન બહારનો વિષય છે અને જેમાં હુ તદ્દન અજ્ઞાન છું તેમાં હું મારી ડખલગીરી શી રીત કરી શકું ? વળી બીજી એક મહત્વની વાત તો એ છે કે મહારાજશ્રીને તમારી પુત્રીઓને દીક્ષા આપવાથી સૂચના પણ મેં કરી નથી, એટલે એ સંબંધમાં મારે વિરોધ કરવો એ પણ સર્વથા અનુચિત છે !

અમાત્યના આ વચનો સાંભળીને રાજરાણીને ભારે ખેદ અને શોક થયો, તેમજ તેમના સમગ્ર શરીરમાં ક્રોધનો અગ્નિ અવિરતપણે વ્યાપી ગયો. શરીરનું ક્ષોણિત જાણે મુખ પર કૂટી આવતું હોય તેમ મુખ રક્તરંગ ધારણ કરતું જણાયું અને એ ઉદ્વેગમાં જ તેમણે અમાત્યને ઉદ્દેશીને કહ્યું; "જાઓ અમાત્યજી ! જો, એમજ હોય; અને મારી આટલી આજ્ઞા પણ તમારે માન્ય રાખવી ન હોય, તો ફરીથી તમે તમારું મુખ પણ મને બતાવશો નહિ, તમો મારા નોકર છો, મારા પતિના લુણથી તમારો અને તમારા પરિવારનો પિંડ પોષાય છે છતાં તમો તેની પણ દરકાર કર્યા વિના મારી આજ્ઞાનું આ રીતે ઉલ્લઘંન કરો છો એ ખરેખર શરમ ભરેલું છે !

રાજ-અમાત્યે મહારાણીના આ શબ્દો શાંત ચિત્તે સાંભળી લીધા, રાજરાણીએ ધાર્યું હતું કે મારા આ કઠણ શબ્દો અમાત્યના અંતરમાં ઉદ્વેગ ઉપજાવશે અને તે જરૂર મારો તિરસ્કાર પંણ કરશે, પરંતુ તેણે જોયું કે તે જે ધારતી હતી તેમાંનું કશું પણ ત્યાં થયું નહિ માત્ર પ્રધાને કેવળ શાંત ચિત્તે પ્રશ્ન કર્યો, "ત્યારે હવે મને જવાની આજ્ઞા છે !"

"હા !" એક તુચ્છના અવાજ સંભળાયો અને તરત જ રાજસચીવ શ્રીકૃષ્ણચંદ્રના રાજમહાલયનો ત્યાગ કરીને ત્યાંથી સ્વભુવન પ્રત્યે ચાલતો થયો.

પ્રધાનની ગર્વિષ્ઠ અને મક્કમ ચાલ રાજરાણી જોઈ રહી, તેનું આ વર્તન તેને ઉદ્ધત જણાયું, અને તે એ ઉધ્ધતાઈ ઉપર ક્રોધનો વરસાદ વરસાવવા લાગી.

(અપૂર્ણ)

સુધા સાગર

[નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી. આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયગંમ દેશનામાંથી ઉધ્ધૃત કરેલ કેટલાક સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજજી પાસેથી મેળવી ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોધ છે એમ ધારી અમે અત્રે આપીએ છીએ. તંત્રી]

૬૩૮ અપૂર્ણ પણ પૂર્ણતાને શાથી પામે છે, એ ધ્યેય સમજાવવાને માટે પણ ગુરૂતત્વની ખાસ જરૂર જ છે.

૬૩૯ દેવના કહેલા તત્વ પ્રમાણે ચાલીને, એ દેવતત્વની પ્રાપ્તિ માટે તૈયાર થયેલા હોય તે જ ગુરુ છે.

૬૪૦ જેની વિતરાગપણા તરફ અને નિષ્કામપણા તરફ દ્રષ્ટિ છે, તેઓ જ એ વસ્તુને પામે છે.

૬૪૧ અરિહંતના જીવો સિદ્ધ થાય છે, પણ સિદ્ધ કદી અરિહંત થતા નથી.

૬૪૨ તીર્થંકર ભગવાન એ સંસારમાં કોઈપણ જાતના પ્રકાશની જોડે સરખાવી ન શકાય તેવા દિવ્ય દીપક છે.

૬૪૩ ભગવાન કેવા છે, એ સદા લક્ષ્યમાં રાખો, ભગવાન પોતે જેટલા જ્યોતિર્મય છે તેટલા બીજાને પણ જ્યોતિર્મય બનાવે છે.

૬૪૪ અરિહંત અને સિદ્ધનું આરાધન પોતાના જેટલું જે સામર્થ્ય બીજાને આપે છે, એથી જ કોઇ લાયક હોય તે એને ખુશીથી મેળવી શકે છે.

૬૪૫ અરિહંત અને સિદ્ધનું આરાધન કરી લાયકાત મેળવવાને અંતે અપૂર્ણ પણ પૂર્ણતાને જ પામે છે.

૬૪૬ જૈનશાસનમાં દેવપણું પણ સિદ્ધ કે અરિહંતને ત્યાં રજીસ્ટર નથી.

૬૪૭ આત્માને સો શિખામણોથી જે અસર નહિ થાય તે એક માત્ર શાસ્ત્રની દલીલથી થાય છે અને શાસ્ત્રની દલીલથી જે અસર નહિ થાય, તે અસર સર્વજ્ઞશાસ્ત્રોમાં કહેલા એક ઉદાહરણથી જ થાય છે.

૬૪૮ નિર્ગ્રંથસાધુ સિવાય તીર્થ જ નથી. તેની ઉત્પત્તિથી જ તીર્થ છે અને તીર્થ પણ સાધુ હોય ત્યાં સુધી જ. તે બંધ થાય એટલે તીર્થ પણ જરૂર બંધ થાય.

૬૪૯ **રિદ્ધિ, સિદ્ધિ, જયની પ્રાપ્તિ અને રોગનું નિવારણ એ દરેકમાં મુખ્ય ધ્યેય તરીકે તો કેવળ નવપદનું આરાધન જ છે.**

૬૫૦ શક્તિની ખામીને અંગે કદાચ લૌકિક ફળ ભલે ઈચ્છવામાં આવી જાય, છતાં લોકોત્તર લક્ષ્ય તો તે મૂળ વસ્તુ-મોક્ષ પરત્વે જ રાખવું જોઈએ.

૬૫૧ જે કોઈ મુખ્ય ફળને (મોક્ષને) સમજતા નથી અને માત્ર સમૃદ્ધિનાં જ લક્ષ્ય રાખે છે તે હીરાને બદલે કાચની ખરીદી કરનારા જેવા અજ્ઞાન છે.

૬૫૨ તપશ્ચર્યાને ધર્મરક્ષાની સાથે સીધો સંબંધ જ નથી, તપશ્ચર્યા તો કોઈ પણ વસ્તુની સાધના માટે પણ કરાય છે.

૬૫૩ લૌકિક ફળની આશાએ અન્યદેવોની આરાધના કરવી એ મિથ્યાત્વ છે.

૬૫૪ નવપદજીના આરાધનના ફળ તરીકે મુખ્ય વસ્તુ તો આત્મકલ્યાણ, મોક્ષ અને કર્મક્ષય જ છે માટે નવપદજીને આરાધના એ વસ્તુમાંથી તો કોઈ દિવસ ચિત્ત ખસવું જ ન જોઈએ.

૬૫૫ જેમ રાજાની આરાધના કરવાનો હેતુ અર્થલાભ છે, તે જ પ્રમાણે જો નવપદજીની આરાધનાનો હેતુ પણ આવો જ (અર્થલાભ) છે. એવું લક્ષમાં રાખ્યું હોય તો તે આરાધનમાં પ્રકટ લોકોત્તર મિથ્યાત્વ જ છે.

૬૫૬ જે મનુષ્ય મુખ્ય અને ગૌણ ફળને લક્ષમાં રાખે છે અને પછી પ્રવૃત્તિ કરે છે, તે જ મનુષ્ય વસ્તુ સ્થિતિને તત્વરૂપે સમજેલો અને પામેલો છે.

૬૫૭ નવપદજીમાં પણ દેવ ગુરુ અને ધર્મ એ તત્વત્રયી છે જ.

૬૫૮ જો શરીર વિનાના જ દેવ માનીએ અને સાથે શરીરવાળા દેવ હોય જ નહિ, એમ માનીએ તો આખા જગતમાં અજ્ઞાનનો અંધકાર જ વ્યાપી જાય.

૬૫૯ શરીરવાળા દેવ તે અરિહંત ભગવાન છે અને શરીર વિનાના દેવ તે સિદ્ધ ભગવાન છે.

૬૬૦ **તીર્થંકર ભગવાન શાસનના માલિક છે તે એટલા જ માટે કે તે શાસનને ઉત્પન્ન કરનારા છે, બાકી શાસનના માલિક તો વર્તમાનમાં આચાર્ય જ રહ્યા.**

૬૬૧ જીનેશ્વર મહારાજ જે વખતે મોક્ષ પામ્યા, તે વખતે શાસન આચાર્યને સોંપી દેવામાં આવ્યું છે.

૬૬૨ દ્રવ્ય ગુણપર્યાયે કરી તીર્થની માલિકી તીર્થંકરથી ગણધરો, અને ગણધરોથી આચાર્યોના હાથમાં આવી છે.

૬૬૩ શેઠ મુનીમને જે રકમ સોંપે છે, તે નહિ કે પોતાના નામ પર ચઢાવી દેવા; અથવા તે રકમ પોતાના મન ફાવે ત્યાં વાપરવા ! તે જ પ્રમાણે શાસન સોંપાયું છે તે પણ જે રીતે એને તીર્થંકરોએ સોંપ્યું તે રીતે ચલાવવાજ સોંપ્યું છે.

૬૬૪ શાસનના ભોગે સ્વમત ચલાવી શાસનની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરનાર આચાર્યનું તો મુખ પણ જોવું ન જ જોઈએ. તેવો આચાર્ય એ આચાર્ય જ નથી.

૬૬૫ જેના પાંચે આચારો પવિત્ર છે તેજ આચાર્ય છે.

૬૬૬ જ્ઞાન મેળવ્યાં છતાં તે જો દયામય ધર્મ સંયમાદિ ન મેળવે, તો તેનું કાર્ય રસોઈ કરવા વિના ચુલો સળગાવનાર જેમ વગર કારણે ધુમાડો ખાય છે તેવું મિથ્યા છે.

૬૬૭ ગમે તેવા જ્ઞાનીને પણ વૃત પચ્ચખ્ખાણ આદિ ક્રિયાઓ કરવી જ પડે છે.

૬૬૮ જેમ આંધળો માણસ દેખતાનો હાથ ઝાલીને ગામમાં પેસી શકે છે તેમ ગીતાર્થની નિશ્રામાં રહેલો અગીતાર્થ પણ ગીતાર્થના સરખું જ ફળ મેળવે છે.

૬૬૯ જ્ઞાનરૂપી દીવો કચરાને ઓળખાવે છે એ વાત સાચી છે, પણ એ કર્મરૂપી કચરો તો ત્યારે જ નીકળે છે કે જ્યારે ધર્મરૂપી ઉદ્યમ કરવામાં આવે છે.

૬૭૦ પંચ મહાવ્રતના પાલક હોય તે સુગુરુ છે અને પાંચે આશ્રવમાં પ્રવર્તેલા હોય તે કુગુરુ છે.

૬૭૧ ધર્મમાં પણ આચાર તો સર્વને મોખરે જ છે.

૬૭૨ જ્ઞાન તો કદાચ બીજાનું પણ કામ લાગી શકે, પરંતુ ક્રિયા તો પોતાનીજ જોઈએ; અર્થાત્ બીજાની ક્રિયા કામ ન જ લાગે.

૬૭૩ એકલા જ્ઞાનવાળો ભાર વહન કરનારા ગધેડાના જેવો છે, તેમ એકલો ક્રિયાને જ માનનારો મિથ્યાત્વી છે.

૬૭૪ કેવળી કથિત ક્રિયા આત્માને એકાંત લાભ આપનારી છે.



જૈન સાહિત્યના રસિકો માટે

નંબર	નામ.	અસલ કિંમત	ઘટાડેલી કિંમત
૧	પયરણસંદોહ (અનેક પૂર્વાચાર્યકૃત)	૧-૦-૦	૦-૧૨-૦
૨	પંચાશકાદિ દશના (પ્રૌઢ ગ્રંથોના) અકારાદિ	૪-૦-૦	૩-૮-૦
૩	દેશના સંગ્રહ (હિન્દી)	૦-૮-૦	૦-૬-૦
૪	મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ	૦-૧૨-૦	૦-૧૦-૦
૫	જ્યોતિષ્કકરંડક શ્રી મલયગિરિજીકૃત ટીકાયુક્ત	૩-૮-૦	૩-૦-૦
૬	પંચાસકાદિ આઠ (પ્રૌઢ) શાસ્ત્રો મૂલ	૪-૦-૦	૩-૪-૦
૭	અનુયોગદ્વારચૂર્ણિ ને હારિભદ્રીવૃત્તિ	૨-૦-૦	૧-૧૨-૦
૮	દ્રવ્યલોકપ્રકાશ	૨-૦-૦	૧-૮-૦
૯	ક્ષેત્રલોકપ્રકાશ	૨-૮-૦	૧-૧૪-૦
૧૦	પંચવસ્તુ સ્વોપજ્ઞ	૩-૦-૦	૨-૪-૦
૧૧	પ્રવચનસારોદ્ધાર-ઉતરાર્ધ	૪-૦-૦	૩-૦-૦
૧૨	યુક્તિપ્રબોધ સ્વોપજ્ઞ (ઉપાધ્યાય મેઘવિજયજીકૃત)	૧-૧૨-૦	૧-૮-૦
૧૩	પ્રત્યાખ્યાનાદિ (વિશેષણવતી ને વીશ વીશી સહિત)	૧-૪-૦	
૧૪	આવશ્યકપૂર્વાર્ધ (મલયગિરિજી કૃત)	૪-૦-૦	૩-૦-૦
૧૫	પ્રકરણસમુચ્ચય (અંગુલસપ્તતિ આદિ)	૧-૪-૦	૧-૦-૦
૧૬	અહિંસાષ્ટક સર્વજ્ઞસિદ્ધ-ઐન્દ્રસ્તુતિ	૦-૮-૦	
૧૭	નંદિચૂર્ણિ ને (હારિભદ્રીવૃત્તિ)	૧-૮-૦	૧-૪-૦
૧૮	વિશેષાવશ્યક ગાથાનુક્રમ	૦-૫-૦	૦-૩-૦
૧૯	પ્રવચનસારોદ્ધાર-પૂર્વાર્ધ	૩-૦-૦	૨-૪-૦
૨૦	પ્રવજ્યા વિધાનકુલક આદિ (ઈર્યાપથિકા ૩૬ સહિત)	૦-૬-૦	૦-૩-૦
૨૧	દશ પયન્ના છાયા સહિત	૨-૦-૦	૧-૮-૦
૨૨	વંદારૂવૃત્તિ.	૧-૪-૦	
૨૩	ઋષિભાષિત	૦-૩-૦	૦-૨-૦
૨૪	નવપદ બૃહદ્વૃત્તિ	૪-૦-૦	૩-૦-૦
૨૫	સૂક્તમુક્તાવલી	૨-૦-૦	૧-૮-૦
૨૬	નંદિઆદિ સાતના અકારાદિ ને વિષયાનુક્રમ	૨-૦-૦	૧-૮-૦
૨૭	વિચાર રત્નાકર	૩-૦-૦	૨-૪-૦
૨૮	આવશ્યક ટીપ્પણ	૧-૧૨-૦	૧-૪-૦
૨૯	શ્રીદશવૈકાલિકસૂત્રની ચૂર્ણિ	૪-૦-૦	- - -
૩૦	શ્રી પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન	૦-૪-૦	- - -
૩૧	સાધુ આવશ્યક ક્રિયાના સૂત્રો	ભેટ-પોસ્ટેજ	બીડો

તા. ક.:- ઉપરના પુસ્તકો ઘટાડેલી અને મૂળ કીંમતે આસો માસ સુધી મળશે.

મળવાનું ઠેકાણું : - શ્રી જૈન આનંદ પુસ્તકાલય, ગોપીપુરા-સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

ઝળહળતું જૈન હૃદય.

હિમાલય કે આલ્પ્સના શિખરો અતિ મનોહર છે. એ શિખરો ઉપરના લીલાંછમ વૃક્ષોના અનંતરાશી, સંસારી જીવોને માટે તેમની દૃષ્ટિએ પરમ આલ્હાદ આપનારા છે અને હૃદયને ઠારનારાં છે; પણ એ હૃદયની શાંતીની પાછળ પણ અદૃશ્યરૂપે વસેલાં સંકટોના મહાસાગર ઘૂઘવી રહેલા છે. જગતને એ ઘુઘવાટો સાંભળવાની જરૂર નથી પણ એ મહાસાગર કરાળ કાળ જેવો એવો ભયંકર છે કે તે બળાત્કારે પણ એ અવાજ જગતને સંભળાવે છે.

શિયાળો પવનની અનુપમ શાંતિને લીધે સારો લાગે છે. પણ એજ શિયાળામાં ઉઠતા અખંડ ઠંડીનાં મોજાં અને તેથી ધર્ફ આવતા બરફના પર્વતો શિયાળાને કડવો ઝેર બનાવી મૂકે છે. ઉનાળો ફળફળાદિને આપનારા મધુર સ્વાદથી પ્રિય બને છે, પણ એનો અંગારા જેવો તાપ સળગાવી મૂકે છે. ચોમાસું ઋતુની સુંદરતાથી ઓપે છે, પણ બીજી જ પળે કુદરતનાં ગાંડાં તોફાનો ચોમાસાની મધુરતાને મારી નાંખી શકે છે અને તે સમયે હિમાલય કે આલ્પ્સ જેવા પર્વતો પણ કડવા ઝેર બને છે ! !

શું ત્યારે એ પર્વતોની ગિરિમાળાની શાંતિથીએ વધારે સુંદર, અખંડ શાંતિથી યુક્ત એવો કોઇ સુંદર ગિરિરાજ છે ? હા. જૈનશાસન એ જગતના સર્વ દુઃખો, સંકટો અને યંત્રણાઓથી દૂર એવા મોક્ષસ્થાન રૂપ અતિ સુંદર ગિરિરાજને ચરણે, પ્રત્યેક ભવ્ય આત્માને પહોંચાડી શકે છે, પણ એ ગિરિરાજને સર કરવાને માટે ત્રણ પગથીયાંઓ ચઢવાનાં છે અને એ જ કઠીન ઘટના છે.

આ જીવ જેવો પ્રેમ જગતના સર્વ પદાર્થો ઉપર રાખે છે, તેવોજ પ્રેમ નિર્ગ્રંથ પ્રવચન અને જૈનશાસન પ્રત્યે રાખવાની ભૂમિકાને જ્યારે પ્રાપ્ત કરે છે, ત્યારે તે એ ગિરિરાજનું એક પગથીયું ચઢી ચૂકે છે.

તે જીવ જગતના સર્વ પદાર્થોને ભલે પ્રિય ગણતો હયો, પણ જગતના સર્વ પદાર્થો કરતાં જૈન શાસનને જે દિવસે અધિક પ્રેમથી ચ્હાવા માંડે છે, ત્યારે તે એ ગિરિરાજનું બીજું પગથીયું ચઢી ચૂકેલો છે.

અને એ જીવ જ્યારથી જગતના દ્રષ્ટિગોચર અને અદૃશ્ય એવા સર્વ પદાર્થોને મોહરાજાના અનુચરોના જાલીમ જુલ્મગારો માનીને એક શાસનને જ પરમ શાંતિ આપનારું અને અત્યંત પ્રિય ગણવા માંડે છે ત્યારે તે એ ગિરિરાજનું ત્રીજું પગથીયું ચઢે છે. એ ત્રણ પગથીયા જે ચઢે છે તેનેજ માટે મોક્ષગિરિ ઉપર ચઢવાનો મનોહર માર્ગ ખુલ્લો થાય છે અને જેને એ ત્રણે પગથીયાં ચઢવાની ખરેખરી ભાવના છે, તે જ માણસમાં-

ઝળહળતું જૈન હૃદય-

રહેલું છે; અન્યમાં રહેલા હૃદય, તે હૃદય નથી; પણ માંસના લોચા માત્ર છે.

ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

કલ્યાણકારી ક્ષમા.



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૨૨ મો.	મુંબઈ, તા. ૨૧-૮-૩૩, સોમવાર શ્રાવણ વદ ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

ક્ષમા-યાચના.

-ગઝલ-

(૧)

જગત વ્યવહારને માટે પરસ્પર પાપ કૈં કીધાં !
મીઠા વચનો રૂપી વિષને હશે અમૃત ગણી પીધાં !
કઠણ હૈયા ન પાપોના પ્રલાપોથી હશે બીધાં !
ન દિલડાં ધર્મને રસ્તે કદી ચાલ્યા હશે સીધા !

(૨)

ગણીને અન્યને શત્રુ ઉંડા કૈં વેર પાળેલાં !
અને અંતર બનાવેલા સદાએ સ્વાર્થમાં ઘેલાં !
અનીતિ લોભ લાલચના જીવનભરના થયા ચેલા !
કષાયોની કમાણીથી હશે મનડાં કીધાં મેલાં !

(૩)

નીતિ કે ધર્મ સેવાનો ન દીઠો માર્ગ મેં સસ્તો !
વળ્યો હું મોહને પંથે ન ભાળ્યો સત્યનો રસ્તો !
કઠણ વચનો કહી જગને સદા સુખથી રહ્યો હસ્તો !
પ્રપંચે પ્રાણ પાથરતો ન પાપોથી કદી ખસ્તો !

(૪)

હવે આજે બધા એ પાપથી હું ખૂબ પસ્તાઉં !
અને તેથી સકળ જગની ખરેખર ! હું ક્ષમા ચાહું !
"ક્ષમા ચાહું" કહી સહુને ભરા દિલથી પુનિત થાઉં !
વળી જૈનત્વની જગને મહત્તા એમ દર્શાઉં ! !

અશોક.

શ્રી સિદ્ધચક્ર.

(પાક્ષિક)

ઉદ્દેશ

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ અંક ૨૨ મો	મુંબઈ, તા. ૨૧-૮-૩૩, સોમવાર. શ્રાવણ વદ ૦))	વીર સંવત્ ૨૪૫૯ વિક્રમ ,, ૧૯૮૯

કલ્યાણકારી ક્ષમા.

સમસ્ત સંસારીઓ અનાદિકાળથી દુઃખ, શોક, સંતાપ વગેરેમાં ડુબેલા હતા. અનેક આધિ વ્યાધિ અને ઉપાધિ આત્માને અકળાવી રહી હતી. નાનાવિધ રોગો મનુષ્યોને ભયંકર પીડા આપી રહ્યા હતાં. દેશમાં સર્વસ્થળે ધર્મને નામે અંધકાર પ્રવર્તેલો હતો. યજ્ઞો અને પશુઓના બલિદાનથી જ સર્વકાંઇ મેળવવાની આશાએ એવા પાતકી અને ઘાતકી કાર્યો થઈ રહ્યાં હતાં. બિચારા એ નિર્દોષ પશુઓના સંકટના ચિત્કારો કાન ફાડી નાંખે એવી રીતે વાતાવરણમાં ગાજતા હતા, પરંતુ તેને કોઇ સાંભળી શકનાર મળતું નહિ, જે એ ચીસો સાંભળી શકતું, તેને હૃદય નહોતું અને તેથી એ નિરપરાધી પ્રાણીઓની દયા ખાનારું આ સમસ્ત સંસારમાં કોઇ જ નહોતું.

• ભગવાન મહાવીરે આવા કારમાં યુગમાં પવિત્ર ભારત વર્ષની ભૂમિ ઉપર ઊભા રહીને અહિંસાની મોરલી બજાવી હતી. "**સંસાર દુઃખથી ભરેલો છે અને કાયા એ તો**

રોગની જ જન્મભૂમિ છે.” એ મહાસત્ય એ યુગમાં ભગવાનશ્રી મહાવીરદેવે જ સમાજને મૂકત કંઠે કહ્યું હતું અને કિલષ્ટ કર્મોની નિર્જરા કરીને મોક્ષને પંથે પડીને શાશ્વત આનંદ ભોગવવાનો માર્ગ પણ એ જ પરોપકારી મહાત્મા એ દર્શાવ્યો હતો. ભગવાનના એ જૈનશાસનની પ્રતિભા અત્યંત વેગપૂર્વક સમસ્ત સંસારમાં ફરી વળી હતી અને એ પ્રતિભાનું શરણું લઈ અનેક આત્માઓએ અનંત અને અખંડ શાંતિ મેળવી હતી.

અને પર્યુષણા મહાપર્વ એ એજ જીનેશ્વરદેવના કલંકરહિત શાસનનું મહાપર્વ છે. પર્યુષણા મહાપર્વની મધુરતા, એની સુવાસ, એની ઉત્તમતા એ સઘળું એટલું બધું સ્વયંસિદ્ધ છે કે જેની વાત કરવી પણ વૃથા છે. દરેક ભવ્ય આત્મા એ મહાપર્વને અત્યંત પ્રેમથી આવકાર આપે છે અને તેને વધાવી લે છે પરંતુ એ મહાપર્વની ઉજવણીમાં સમાજ ઘેલો બને તે પહેલાં તેને એક ગંભીર ચેતવણી આપવી આવશ્યક છે. આ મહાપર્વ એ ખરેખરું ત્યાગની ભૂમિને વિશાળ બનાવનારું પર્વ છે, તે પાપની નિર્જરા કરાવનારું પર્વ છે, અને આત્માને ઉન્નતિને માર્ગે દોરી જવાનો આ પર્વનો હેતુ છે. અન્ય દર્શનીઓના પર્વોની માફક આ પર્વનો હેતુ જનતાને મોજશોખમાં ડુબાડી દેવાનો અને એ રીતે તેમના હાથે પાપની પરંપરા વધારવાનો નથી અને તેથી જ જૈનશાસને જે પાંચ ક્રિયાઓ આ મહાપર્વને અંગે ફરમાવી છે તે ઉપર અમે અમારા ગયા અંકમાં વાંચકોનું ધ્યાન ખેંચ્યું છે.

આજે એ જ પાંચ ક્રિયાઓ પૈકીની “પરસ્પર ક્ષમા” માગવાની વિધિ ઉપર અમે વાંચકોનું ધ્યાન ખેંચવા માંગીએ છીએ. પરસ્પર ક્ષમા માગવાની આ વિધિ અને તેને આવા મહાપર્વમાં મળેલું સ્થાન એ ખરેખર લોકોત્તર ઘટના જ છે. જૈનશાસન બંધુભાવને કેવી રીતે વધારે છે અને પરસ્પરના રાગદ્વેષનો તે ત્યાગ કેવી રીતે કરાવે છે, તેનાજ અહીં સ્પષ્ટ દર્શન થાય છે. જગતમાં જીવાત્માઓ સત્યને ભલી જઈને બાજી માંડી બેઠા છે. દરેકની ઈચ્છા એ છે કે પોતે જીતે અને પ્રતિપક્ષી હારી જાય ! આ લોભમાં ને લોભમાં વિશ્વની પવિત્ર ભૂમિ ઉપર સ્થળે સ્થળે અન્યાય અને અધર્મનું હળાહળ ઝેર પથરાઈ રહેલું છે. એક બીજા આત્માઓને છેતરવામાં આત્મા મશગુલ છે. બીજાને છેતરીને તેની પાસેથી કેમ લાભ મેળવવો એ વસ્તુ તો જાણે આત્માનો સ્વભાવ જ બની રહ્યો છે અને એ કળાને જનતાએ ઈરાદાપૂર્વક કેળવી છે. આ રોગનો પરિપાક એ થયો છે કે સ્થળે સ્થળે બે આત્માઓ વચ્ચે ઈર્ષા, અસૂયા, વૈમનસ્ય અને શત્રુતા પ્રવર્તેલા આપણે જોઈએ છીએ.

એ જ મહારોગ ઉપરનું સિદ્ધરસાયણ તે “પરસ્પરની ક્ષમા” છે. વર્ષ દરમિયાન સંસારતાપમાં મુગ્ધ બનવાથી એક બીજા પ્રત્યે ગમે તેવો સંબંધ ભલે રહ્યો હોય, પરંતુ પર્યુષણાના એ પવિત્ર દિવસે સાચો જૈન આત્મા એ બધા દ્વેષ અને વૈર; કલેશ અને સંતાપ એ બધું ભૂલી જાય છે અને પોતાના દોષની અને પોતાના ગુન્હાની શત્રુ પાસે પણ ક્ષમા વાંચ્છે છે! સંસારની પાપ બાજીને તે ભૂલી જાય છે, આત્માની સરાગદશા ઉપર તે વિજય મેળવે છે અને અત્યંત પવિત્ર થઈને આત્મસુધારણાને પંથે પડે છે, જૈનત્વની આ કેવી સુંદરતા અને

મધુરતા છે કે જ્યારે એક વખતના કટ્ટા શત્રુઓ કટ્ટર પ્રતિસ્પર્ધીઓ અને એક બીજાના લોહીના તરસ્યાઓ પણ એ દિવસે જુના દ્વેષ અને વૈર ભૂલી જઈ પરસ્પર બંધુભાવથી ભેટી શકે છે અને પરમ બંધુત્વનો સાક્ષાત્કાર કરાવે છે.

પરંતુ એ ક્ષમાવાંચ્છનાનો વિધિ "સાલ મુબારક" જેવો જન થઈ રહે અને તેવું જ સ્વરૂપ ન પામે તે આપણે જોવાનું છે. વર્ષ બદલાય છે અને નવા વર્ષનો આરંભ થાય છે ત્યારે આપણે પરસ્પર એક બીજાને "સાલ મુબારક" કહીએ છીએ, પણ એ વચનો માત્ર સામાન્ય છે. એ વચનોને ઉચ્ચારતાં આપણા હૈયામાં ભાગ્યે જ કાંઈપણ અસર થાય છે. માત્ર પોપટની માફક આ શબ્દો પણ ઉચ્ચારાય છે. પરસ્પર ક્ષમા માગવાના વિધિને પણ આપણે "સાલ મુબારક" ન બનાવવા માગતા હોઈએ, તો તેનો એકજ માર્ગ છે. આપણે પરસ્પર જે ક્ષમા માગીએ છીએ તેને માત્ર મુખના શબ્દો ન બનાવતા એ વિધિને હૈયામાં ઉતારવી જોઈએ. પરસ્પરની ક્ષમા માગતી વખતે આત્મામાં ખરેખરો એ ભાવનાનો આવિર્ભાવ થવો જોઈએ અને એટલો સમય તો આત્મા જરૂર કાચ જેવો નિર્મળ બનવો જોઈએ. જો એમ થાય તો જ એ વિધિનું સાર્થક હોઈ; તે કક્ષાએ પહોંચવાનો આપણો યત્ન હોવો જ જોઈએ.

અમે પણ આ પાક્ષિકદ્વારા ગ્રાહકોની જે સેવા કરીએ છીએ તેમાં જે કાંઈ ત્રુટી કિંવા દોષ રહી ગયો હોય તેની અમારા વાંચકો ગ્રાહકો પાસે મૂક્તકંઠે ક્ષમા માગી, અહીં વિરમીએ છીએ.

* * *

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

આગમોદ્ધારકની અમોઘ દેશના.

દેવ, ગુરુ અને ધર્મ અને તેની ઉપયોગિતા.

શું ઈશ્વર નામની કોઇ વ્યક્તિએ આ સંસાર રચ્યો છે ?-મહાદેવ જો દેવ હોય, તો તે પોતાના શત્રુને ન ઓળખી શકે ?-બાળકોને સજા કરવાનું ઈશ્વરને માટે યોગ્ય છે કે?-બાળકોને જો ઈશ્વર માંદા પાડતો હોય તો તેને દયાળુ માનશો કે ઘાતકી ?-શીખવી ન શકે તે શિક્ષક નથી-ગાળોનો જવાબ આપનારો ડાહ્યો પણ ડાહ્યો જ નથી જ ?-કર્મ પોતાની મેળે ફળ આપે છે, ઈશ્વર ફળ આપતો નથી.-કર્મ પ્રમાણે જ આત્માની ગતિ થાય છે.-દેવ અને ગુરુ, ધર્મ દર્શાવે છે માટે જ તે ઉપાસય છે - જગતને પાપનો ભય છે કે સાપનો ?-જે મનુષ્ય છે તેને સાપનો ભય ન જ હોઇ શકે, તેને તો પાપનો જ ભય હોય !-કોડી અને કોટી બંન્નેના માલિકને બંન્ને ચીજો ત્યાગવી જ પડે છે.-કંચન, કુટુંબ, કામિની અને કાયા એ ચાર સંસારના સ્થંભ છે.-નાશવંત જગતથી આત્મા જેટલો દૂર તેટલો તે મોક્ષની પાસે.-ફળનો મોહ તજો, પણ સ્વરૂપને જરૂર ઓળખો !-

સદ્‌ગુરૂ કોણ ?

શાસ્ત્રકાર મહારાજાઓ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતા જણાવી ગયા છે કે આ સંસારમાં દૂર્ગતિને રોકનારી અને સદ્‌ગતિને આપનારી એકજ ચીજ છે કે જે ચીજને આપણે ધર્મ કહીએ છીએ. ધર્મ સિવાય બીજી કોઇપણ ચીજ દૂર્ગતિને રોકી શકતી નથી, અને ધર્મ સિવાય કોઇને સદ્‌ગતિની પણ પ્રાપ્તિ થતી નથી. દેવ અને ગુરૂ એ જીવો ઉપર ઉપકાર કરનારા માનીએ છીએ. તેને પણ એટલા જ માટે માનીએ છીએ કે તેઓ ધર્મનું નિરૂપણ કરે છે અને એ ધર્મ તે પણ મોક્ષ આપનારો

શાસન પ્રભાવક, સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્રાવી, આગમાભ્યાસી, સાહિત્ય સંશોધક, ગુર્જર ભાષા ભુષણ આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરિશ્વરજી મહારાજાશ્રીએ સુરત ખાતે આ વ્યાખ્યાન આપ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાન શ્રોતાઓને અત્યંત મનોવેધક, સત્યતત્વ પ્રતિપાદક, શાસ્ત્રિયતા પરિપૂર્ણ અને આત્મશક્તિ સંવર્ધક લાગ્યું હોવાથી તે વ્યાખ્યાન વાંચકોને માટે અત્રે આપવામાં આવે છે.

તંત્રી, શ્રી સિદ્ધચક્ર.

જે ધર્મ છે તે જ ધર્મ છે. એવા ધર્મનું જે નિરૂપણ કરે છે તેમને જ આપણે સાચા દેવ અને સાચ ગુરુ માની શકીએ છીએ.

દેવોને શા માટે ભજવા જોઈએ ?

જો ધર્મ વસ્તુને આપણે દેવોના પ્રસંગમાંથી ઉડાવી દીધી હોય તો પછી એ દેવને દેવ માનવાનું આપણને માટે કશું પણ કારણ રહેવા પામતું નથી. જેને તમે દેવ માનો છો તે જીવો ઉપર ઉપકાર શો કરે છે તે સમજો. તેઓ ધર્મનું નિરૂપણ કરે છે, એ તેમનો ઉપકાર છે. પણ જો ધર્મ વસ્તુને જ ઉડાવી દો તો પછી દેવને થવાની કશી જરૂર જ રહેતી નથી. તેમની પાસે આપણે કશું સાંભળવાનું પણ રહેતું નથી અને તેમને કશું કહેવાનું પણ રહેતું જ નથી. જૈનેતરદર્શનના જેઓ અનુયાયીઓ છે. તેઓ દેવોને માનતા હતા, પરંતુ તેમનું દેવનું માનવું એ દૂન્યવી-સાંસારીક પદાર્થોને અંગેનું છે. દેવે આપણને જન્મ આપ્યો, અન્નવસ્ત્રાદિ આપ્યા, રહેવાને પૃથ્વી આપી, ઇત્યાદિ કારણોએ જૈનેતરો દેવનું અસ્તિત્વ અને તેનું વર્ચસ્વ માન્ય રાખે છે.

મહાદેવ અને ભસ્માસુર.

દેવોનું અસ્તિત્વ સાંસારીક પદાર્થોને અંગે માનવું એ વાત તાત્વિક દ્રષ્ટિએ ટકી શકે એવી નથી. જેઓ દેવનું અસ્તિત્વ માન્ય રાખે છે તેને દેવે જન્મ આપ્યો એ વાત ભલે તેઓ કબૂલ રાખે, પરંતુ જે દેવનું અસ્તિત્વ માન્ય રાખતો નથી તેને જન્મ કોણે આપ્યો ? આ પ્રશ્ન, દેવોનું અસ્તિત્વ દુન્યવી પદાર્થોને અંગે માનનારાને ગૂંચવી નાખે છે, વળી મહાદેવ જેવા અજ્ઞાનીને દેવ માનવો તે પણ કેટલી વિચિત્ર વાત છે ! ભસ્માસુરની પુરાણોમાં જે કથા છે, તેનો સારાંશ નીચે પ્રમાણેનો છે. એક અસુર તપશ્ચર્યા કરતો હતો. પરંતુ આ તપશ્ચર્યા તરફ મહાદેવનું લક્ષ સરખું પણ હતું નહિ છેવટે પાર્વતીએ મહાદેવને કહ્યું કે; "હે પતિ ! એ જે માંગે છે તે આપીને એની આશા પૂરી કરો !" આરંભમાં તો પાર્વતીને મહાદેવે ના કહી અને જણાવ્યું કે એ વરદાનવાળો થાય તેના કરતા વરદાન વિનાનો સારો છે. પણ પાર્વતીએ ઘણો આગ્રહ કર્યો, ત્યારે વરદાન આપવાને વિચારે મહાદેવ, પાર્વતિને લઈને તે અસુર પાસે ગયો. અસુર પાર્વતીના સૌંદર્યથી મોહ પામ્યો, તેણે વિચાર કર્યો કે કોઈપણ ઉપાયે મહાદેવનો સંહાર કરી નાંખવો જોઈએ કે જેથી તેની પત્ની પાર્વતીને હું લઈ શકું. આ વિચારે તે અસુરે મહાદેવ પાસે વરદાન માગ્યું કે મને એવું કંકણ આપો કે તે જેના શીર ઉપર મૂકું તે બળી જાય ! મહાદેવે આ વરદાન માંગતાં જ તે આપી દીધું ! તે અસુરને જેવું વરદાન મળ્યું કે તરત જ તે એ કંકણ મહાદેવના શીર ઉપર જ મૂકવાને માટે દોડ્યો ! પાર્વતી ભય પામીને આગળ નાઠી, મહાદેવ તેની પાછળ નાઠો અને ભસ્માસુર તેની પાછળ ગયો ! આ રીતે તેઓ બ્રહ્મા પાસે ગયા ! આખરે બ્રહ્માએ તે અસુરનો હાથ બાળી નાંખ્યો એટલે તે અસુર રાખનો ઢગલો બનીને નીચે પડ્યો. આ કારણથી તે અસુર ભસ્માસુર કહેવાયો.

"મહાદેવ" ને ભવિષ્યકાળનું જ્ઞાન ન હતું.

આ ઉપરથી જણાય છે કે મહાદેવને ભવિષ્યકાળનું જ્ઞાન ન હતું. હવે વિચારો કે જો

મનુષ્યને જન્મ મહાદેવે આપ્યો, તો મહાદેવને બચાવનારને જન્મ કોણે આપ્યો ? પરમેશ્વરનું ખંડન કરનારા, તેમને માનનારાઓનો નાશ કરનારા અને પરમેશ્વરની સામે વિરોધ કરનારા એ સઘળાને જન્મ કોણે આપ્યો ? વળી ઈશ્વરે જન્મ આપ્યો તો પછી ગર્ભવાસ કોણે આપ્યો ? આ સઘળા પ્રશ્નો એવાં છે, કે જે ઈશ્વરને જે સ્વરૂપમાં અન્ય દર્શનીઓ માને છે, તે સ્વરૂપને ખોટું ઠરાવે છે. બીજો પ્રશ્ન એ છે કે ઈશ્વરને કેવો માનવો ? દયાળું કે ઘાતકી ? તમે જાણો છો કે નાના બાળકને કોઇ રાજ્ય પણ સજા કરતું નથી. દુનિયાના રાજ્યો પણ બાળકોને નિર્દોષ ગણે છે. હવે જો મનુષ્યને જન્મ આપનારો ઈશ્વર હોય, તો મનુષ્યને મૃત્યુ આપનારો પણ ઈશ્વર જ હોવો જોઈએ. ત્યારે ત્રણ ચાર મહિનાના નાના નાના બાળકોને અનેક રોગોથી પીડાવીને મોત કોણ ઈશ્વર આપે છે ? અને જો એમજ હોય તો તે એ ઈશ્વર ઘાતકી ઠરતો નથી ?

"ઈશ્વર" દયાળુ છે કે નિર્દય ?

કોઇ એમ કહેશે કે જેમ એક માણસ બીજા માણસ પરત્વે ગુન્હો કરે છે, તેમ બાળકે ઈશ્વર પ્રત્યે એવા કર્મો કર્યાં હશે તેથી ઈશ્વર તેને સજા રૂપે મૃત્યુ આપે છે. પરંતુ સામાન્ય બુદ્ધિ વડે માનતા એ દલીલ પણ યુક્તિયુક્ત માલમ પડતી નથી. એક બાળક મોટા માણસને એક ગાળ આપે, તો પણ મોટો માણસ એ ગાળને ધ્યાનમાં લઈને તે બાળકને સજા કરતો હોય તો એ સજા કરનારની કેવી સ્થિતિ માનવી જોઈએ, તેનો ખ્યાલ કરો. બાળક ઉપર તેને મૃત્યુ પમાડવા જેટલું જોર કરનારને ખરેખર કેવો માનવો જોઈએ તે દરેકે વિચારી લેવું ઘટે છે.

શિક્ષક મૂર્ખ કે શિષ્ય ?

વળી એક બીજો વિચાર પણ ધ્યાનમાં લેવા જેવો છે. એક સામાન્ય ઉદાહરણ લ્યો ! એક શાળામાં પાંચ, દસ, પંદર શિક્ષકો હોય અને તેમાં એક શિક્ષકના હાથ નીચેના વિદ્યાર્થીઓ હંમેશા નાપાસ થયાજ કરતા હોય, તો આપણે તે બાળકનો દોષ નથી કાઢી શકતા, પણ એમાં વધારે દોષ તે શિક્ષકનો માનીએ છીએ, અને તેથી એમ જ સાબીત થાય છે કે તે શિક્ષકમાં જ શિક્ષકપણાની જોઈએ તેટલી લાયકાત નથી ! પાંચ દસ વર્ષમાં છોકરાને શીખવી ના શકનારા શિક્ષકને નાલાયક માનવામાં આવે છે; તો પછી ઈશ્વર તો અનાદિ કાળથી મનુષ્યોને સંસારમાં રખડાવ્યા જ કરે છે. આમ હજારો વર્ષો થયા છતાં જે ઈશ્વર મનુષ્યને મોક્ષની લાયકાત નથી આપી શક્યો તે ઈશ્વરને પણ કેવો માનવો?

ગાંડો અને ડાહ્યો એક સપાટીએ

ત્રીજી વાત એ છે કે જે માણસે ગુનો નથી કર્યો તેને શિક્ષા ન કરવી એમાં દયા નથી પરંતુ જે માણસે ગુનો કર્યો હોય; તે છતાં પણ તેને સજા ન કરવી એનું નામ જ દયા છે. જ્ઞાની આગળ અજ્ઞાની ગમે તેવાં તોફાનો કરે છે, તોપણ જ્ઞાની તો અજ્ઞાનીને માફી જ આપે છે. ડાહ્યો માણસ દારૂડીયો ગમે તેવો બકવાદ કરે તો પણ તે બકવાદ તરફ ધ્યાન આપતો નથી. ગાંડો માણસ રસ્તામાં રખડતો

હોય અને તે ત્યાંથી પસાર થતા શાહુકારને ચોર, દેવાળીયો કિંવા લુચ્ચો કહે, તો પણ શાહુકાર તે પાગલ ઉપર બદનક્ષીની ફરિયાદ માંડતો નથી. સારાંશ એ છે કે અજ્ઞાની વાંક કરે છે, તો પણ જ્ઞાની એ વાંકની ક્ષમા આપે છે. જીવ અજ્ઞાની છે; ઈશ્વર જ્ઞાની છે. તો પછી જીવ ભૂલ કરે, તો પણ જ્ઞાની ઈશ્વરે તો એ ભૂલની સજારૂપ રોગ, મોત કે દુઃખ તેને ન આપતા તેને ક્ષમા આપવી જોઈએ. પણ તેમ ન કરતા ઈશ્વર તો અજ્ઞાની જીવને દુઃખ, રોગ, જન્મ, મરણ આપ્યે જ જાય છે; તો પછી ઈશ્વરને દયાળુ પણ કેમ કહેવાય ? ગાંડો ગાળો આપે અને ડાહ્યો તેને મારવા દોડે, તો એ ડાહ્યો પણ ગાંડો જ ઠરે છે અર્થાત્ ઈશ્વર પણ જો અજ્ઞાની જીવોને સજા કરે તો પછી એનું દયામયપણું જરૂર નાશ પામે છે.

પરમેશ્વરનો પક્ષપાત

હવે ઈશ્વરની નિષ્પક્ષપાત વૃત્તિની ખબર લો. ઈશ્વરવાદીઓ એમ કહે છે કે ઈશ્વર તો નિષ્પક્ષપાતી છે અને તેણે જ જગતના સઘળા પશુ, પક્ષી, પ્રાણી, પદાર્થો આદિ બનાવ્યા છે. વારૂ, હવે એ નિષ્પક્ષપાત વૃત્તિને જુઓ. પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરે જીવો છે અને મનુષ્ય, પશુ, પક્ષી વગેરે પણ જીવો છે. બધા જીવો ઈશ્વરે જ નિર્માણ કર્યા છે. છતાં પહેલા ત્રણને ભોગ્ય બનાવી દીધા અને બીજા ત્રણને ભોકતા બનાવી દીધા. હવે સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન ઉભો થાય છે કે જો ઈશ્વરે જ સઘળા જીવો પેદા કીધા તો માણસે જ શું ઈશ્વરનું સારું કર્યું કે તેને તેણે સર્વશ્રેષ્ઠ કર્યો ? અમૂક જીવોને ભોકતા કર્યા અને અમૂક જીવોને ભોગ્ય કર્યા. આ ઉપરથી જણાય છે કે જગતને પેદા કરનારા ઈશ્વરને આપણે પક્ષપાત વિનાનો પણ નથી માની શકતા.

ફળદાતા કોણ કર્મ કે ઈશ્વર ?

હવે કર્મનો સિદ્ધાંત તપાસી જોઈએ. આત્મા કર્મનું ફળ ભોગવે છે તે ફળ ઈશ્વર આપે છે કે કર્મમાં જ ફળ આપવાની કોઈ શક્તિ રહેલી છે ? જગતના સઘળા ન્યાયાધીશો શિક્ષા કરનારા અને તે ભોગવાવનારા જ હોય છે. એ હિસાબે જગતમાં આત્માને અંગે પણ જે અધમ કાર્યો કરનારા છે તેને અંગે શિક્ષા દેવી અને તે ભોગવાવી એને માટે કોઈ વ્યક્તિ જરૂર હોવી જ જોઈએ. વારું જગતમાં ન્યાય આપવો એને ઈશ્વરી કાર્ય માનવામાં આવે છે અને જો એ ઈશ્વરી કામજ છે, તો પછી ન્યાય આપનારા અને તેનું પાલન કરનારા રાજા, પ્રધાનો, ન્યાયાધીશો એમણે શા માટે સંન્યાસ લેવો જોઈએ? કિંવા તેમણે શા માટે નીતિમય જીવન પણ ગાળવું જોઈએ ? ગુન્હાની બાબતમાં જગતમાં સજા ભોગવાવી એ ઈશ્વરી કામ માનીએ, પરંતુ ઘણી વખત આપણે પ્રત્યક્ષ જગતમાં જોઈએ છીએ કે બિનગુનેગાર માર્યો જાય છે અને ગુન્હેગાર છૂટી જાય છે ! તો આ અન્યાય મટાડવાની ઈશ્વરની ફરજ ખરી કે નહિ ? એ વખતે ઈશ્વર ક્યાં સૂઈ જાય છે ? વારું; મનુષ્ય ગુન્હો કરે બીજાનું ખૂન કરે કિંવા એવા જ કાર્યો કરે તો તેને એ કાર્યોને અંગે સજાનો નિયમ છે પરંતુ જંગલમાં પશુઓનું શું ? મહાસાગરમાં રહેતા માછલાઓનું શું ? એક પશુ બીજાને મારી નાંખે છે. એક માછલું બીજા માછલાને મારી નાંખે છે. ત્યારે શું ઈશ્વરના ન્યાયી રાજમાં આ સઘળા જીવોને અન્યાય કરવાનો ઈજારો મળેલો છે ?

૧ ખૂનનો બદલો ફાંસી તો ૧૦૦ ખૂનનો બદલો શું ?

જગતના વ્યવહારોમાં સંસારની રાજસત્તાઓ જે રાજાઓ કરે છે તે તેમના રાજ્યની રક્ષા

અને પ્રજાની ઉન્નતિને માટે છે ! એક માણસ છે. તે માણસ બીજા કોઈ એક માણસનું ખૂન કરે છે. આ ખૂનીને શિક્ષા શી થશે ? મોતની ! પણ એજ માણસે ૧૦૦ ખૂન કર્યા ! હવે શિક્ષા શી થશે ? તો પણ ફાંસી ! ! એક ખૂનનો બદલો પણ ફાંસી અને ૧૦૦ ખૂનનો બદલો પણ ફાંસી ! ! ! આ માણસ ૧ ગુનો કરે અને ૧૦૦ ગુના કરે તો પણ શું તે સરખું જ ! નહીં જ ! ! ! પણ કરે શું ? આ બાબતમાં જગતની સત્તાઓનો કશો ઉપાય નથી ! જગતની સત્તાઓએ સજા શા માટે રાખી છે ? માત્ર પ્રજાને વ્યવસ્થિત રાખવા કે જેથી વેપાર ધંધાનો વિકાસ થાય, અર્થની પ્રાપ્તિ થાય અને દેશ આબાદ બને.

ઈશ્વરમાં ફળ આપવાની શક્તિ જ નથી.

ખરી રીતે તો પદાર્થમાં જ ગુણ આપવાની શક્તિ તો રહેલી જ છે. કોઈએ હરડે ખાધી અને રેચ લાગ્યો, તો રેચ કોણે લગાડયો, હરડે એ કે કોઈ બીજાએ ? એક માણસે ઝેર લીધું અને તે મરી ગયો, એને કોણે માર્યો ? ઝેર વડે મરી ગયો કે બીજા કોઈએ મારી નાંખ્યો ? સાકરનો સ્વભાવ મીઠાશ છે. અફીણનો સ્વભાવ કડવાશનો અને મોત આપવાનો છે અને હરડેનો સ્વભાવ રેચ લાગવાનો છે. અર્થાત્ દરેક પદાર્થોમાં જેવો સ્વભાવ રહેલો છે, તેવાં તેવાં કામો થાય છે એ જ પ્રમાણે આત્મામાં લાગેલા પુણ્ય પાપ પોતપોતાના ગુણ અને સ્વભાવ પ્રમાણે ઉત્તમ કિંવા અધમ કામો કરે છે. આ રીતે પુણ્ય પાપ વગેરેને લીધે ફળ મળતું હોવા છતાં એમ જ માની લઈએ કે ઈશ્વર જ ફળ આપે છે તો તે ચોખ્ખો દુરાગૃહ જ છે અને છતાં જો ઈશ્વર જ કર્તાહર્તા છે અને સઘળા ફળોનો આપનાર છે એમ પણ માની લઈએ તો પછી કર્મની અને તેની મહત્તાની જરૂર જ ક્યાં રહેવા પામે છે ?

ફળનો પિતા કર્મ છે.

સાકરમાં મીઠાશનો ગુણ છે અને અફીણમાં કડવાશનો ગુણ છે. તો હવે એ સાકર અને અફીણ એનો વિવેક કોણ કરશે ? જે વિવેકી હશે તે જ બન્ને વસ્તુને પારખી શકશે. બેમાંથી એક ચીજનું ગ્રહણ કરશે અને બીજાનો ત્યાગ કરશે. તે જ પ્રમાણે સમજણવાળો આત્મા પુણ્ય અને પાપનો પણ જરૂર વિવેક કરશે જ કરશે જગતમાં યશ, અપયશ કેવી રીતે મળે છે તે વિચારો. તમે સારૂં કામ કરશો, તો યશ મળશે અને ખરાબ કામ કરશો તો અપયશ મળશે ! એ યશ અને અપયશ કોને લીધે મળે છે ? એ કામોમાં યશ કિંવા અપયશ આપવાનો સ્વભાવ જ રહ્યો છે તેને લીધે.

કોનો વાંક ?

હવે બીજી એક વસ્તુ ઉપર આવીએ પુણ્ય અને પાપ બન્ને જગતમાં થાય છે અને તેનું ફળ ઈશ્વર આપે છે એ તો હશે, પરંતુ પાપનું ફળ પણ પરમેશ્વર આપે છે. ત્યારે આત્માએ પાપ કર્યું ત્યારે એ પરમેશ્વર ક્યાં ગયો હતો ? મનુષ્યો જો ઈશ્વરના બાળક હોય તો તેમને દુઃખમાં પડતા બચાવવા માટે પાપકર્મથી અટકાવવા સારૂ કામ કરવાની ઈશ્વર પિતાની ફરજ નથી ? એક પિતા છે અને એક તેનો પુત્ર છે. પુત્ર નાદાન છે. અને તે સર્પ કિંવા વીંછીને પકડવા જાય છે. તો પેલો પિતા શું બાળકને સર્પ કરડવા દેશે કે ? નહિ જ. બાળકને સર્પડંશમાંથી બચાવવા માબાપ દોડી જશે. અને બાળકને બચાવી

લેશે. તો પછી પરમપિતા ઈશ્વર કે જેના હાથમાં અનાદિકાળથી આપણું આધિપત્ય છે. તે જો તેના બાળકોને પાપથી ન રોકે અને તેમને હિતના માર્ગમાં ન મૂકે તો પછી તે ઈશ્વર જ કેમ કહી શકાય? ઈશ્વર જો આપણા ઉપર સત્તા ધરાવતો હોય અને તેજ પાપ પુણ્યના ફળો આપતો હોય તો પછી એ ઈશ્વરે આપણને આજ સુધી હિતના માર્ગમાં ન મૂક્યા તે માટે એ ઈશ્વરને શું કહીશું વારું ?

કર્મ ફળ આપે છે, ઈશ્વર નહિ !

સામાન્ય વાત વિચારો; જે માબાપ પોતાના બાળકને ભણાવતા નથી તે માબાપોને આપણે તે બાળકોના દુશ્મન માનીએ છીએ. તો પછી પરમેશ્વર કે જે આપણો અનંતકાળથી પિતા છે. તે અનંતયુગ ગયા તો પણ આપણને ભણાવે નહિ અને જ્ઞાની નહિ બનાવે, તો એવા પિતાને તે શું કહેવું? કોઇ એમ કહેશે કે દરેકના કર્મ પ્રમાણે ઈશ્વર તેમને યથાઘટિત સ્થાન આપે છે તો એ માન્યતા પણ બરાબર યા યુક્તિયુક્ત નથી. એ રીતે પોતપોતાનાં કર્મો પ્રમાણે ઈશ્વર એકને રાજા, બીજાને રાણી, ત્રીજાને પ્રધાન અને ચોથાને રસોઇઓ બનાવીને સંસારની રંગભૂમિ ઉપર મોકલે છે એમ માનવું પડે! નાટક રચવાનો ધંધો નાટકીયાનો છે, તો આ સંસાર રંગભૂમિનું નાટક રચનાર ઈશ્વર પણ નાટકીયો ઠરે છે. બીજું એ પણ વિચારવા જેવું છે કે ઈશ્વર દરેકને તેના કર્મ પ્રમાણેનું ફળ આપતો હોય તો પછી ઈશ્વર તો માત્ર એક વ્યવસ્થાપક જ બની જાય છે અને મહત્તા તો કર્મની જ વધી પડે છે ! આમ બધી રીતે તપાસી જોતાં ઈશ્વર જ કર્મ ભોગવાવે છે એ માન્યતા આધાર વિનાની ઠરે છે. પણ ત્યારે આધારવાળું શું ? તેનો જવાબ શોધી કાઢવો જોઇએ.

જેવાં કર્મો તેવીજ દશા.

એનો જવાબ જૈનશાસ્ત્રનું તત્વજ્ઞાન અથવા જેને તમે આજે "ફીલોસોફી" કહો છો તે આપે છે. જૈન ફીલોસોફી એમ કહે છે કે જીવજંતુ, માણસ, પશુપક્ષી, એ બધાં પોતપોતાના કર્મો પ્રમાણે જ સારી નરસી દશા ભોગવી રહ્યા છે અને આપણે જે પુણ્ય કે પાપ કર્યું છે, તેના ફળ રૂપે જ સારી યા નરસી અથવા અનુકૂળ અથવા પ્રતિકૂળ અવસ્થાઓ આપણે ભોગવીએ છીએ. મરચું ખાઇએ તો કુદરતી જ છે કે તેથી મોઢામાં અગ્નિ બળશે. આ કુદરતી છે. તેમાં એમ માની લઇએ કે ઈશ્વરે અગ્નિ બળાવ્યો, તો એ મૂર્ખાઈ નથી તે બીજું શું ! શરદી અને ઉષ્ણતા પોતપોતાના સ્વભાવ પ્રમાણે જ કામ કરે છે. માણસ વિચારે કે શરદી સળેખમ થવા દેવો નથી પરંતુ જો તે જ માણસ સાકરનું પાણી બનાવી પીએ તો ? તો તો જરૂર સળેખમ થવાનો જ ! કારણ કે સાકરનો સ્વભાવ જ સળેખમ કરવાનો છે. તે જ પ્રમાણે બાંધેલા પાપ પુણ્યના ફળો પણ સ્વાભાવિક રીતે જ પાપ પુણ્યના પુદ્ગલોના સ્વભાવાનુસાર ભોગવવા પડે છે.

ઈશ્વરની ફરજ શું ?

વળી, મગનભાઇ કર્મ કરે અને છગનભાઇને શિક્ષા થાય કે ઇનામ મળે એ પણ બનતું નથી. જે આત્મા કર્મ કરે છે તે જ તેના ફળો ભોગવે છે. ઈશ્વરનું કાર્ય માત્ર એકજ છે અને તે એ કે દુનિયાને ધર્મ જણાવવો. સૂર્ય અજવાળું કરે છે, એ અજવાળાનો લાભ લઇ એક માણસ રસ્તે ચાલતા કુવામાં પડતો નથી. બીજો માણસ રસ્તે ચાલતા આંખો મીંચીને ચાલે છે અને કુવામાં પડે છે. આ કુવામાં

પડવા માટે શું સૂર્ય દોષપાત્ર છે ? એજ પ્રમાણે દેવે તો દયાથી ધર્મનો ઉપદેશ કહ્યો છે. તે સાંભળે અને જે તેનો અમલ ન કરે તેને આપણે કેવો જાણવો ? તમે દેવોને દેવલોક દેનાર કે મોક્ષ દેનાર કહો છો પરંતુ તેને નરક દેનાર, નિગોદ દેનાર કેમ કહેતા નથી ? અજવાળું તો કૂવામાં પડતા બચાવે જ છે તે કુવામાં પાડતું તો નથી જ. અજવાળું ન હોય તો કુવામાં, ખાડામાં, કાંટામાં પડવાનો સંભવ તો ખરો જ! પણ એમાંથી બચી જવાય તે શાથી ? અજવાળાથી જ.

દેવને માનવાનું બીજ ધર્મમાં છે.

એ જ પ્રમાણે દેવના ઉપદેશ વગર જીવો પાપ કરી કરીને નર્કનિગોદમાં રખડતા હતા, દેવે ધર્મનો ઉપદેશ કર્યો, ધર્મનું જીવોએ આલંબન કર્યું, તેથી જીવો એ ધર્મના આલંબનના પરિણામે દેવલોક અને મોક્ષ મેળવવાને સદભાગ્યશાળી થયા છે માટે જ દેવને જ દેવલોક દેનાર અને મોક્ષ દેનાર માનીએ છીએ. પરંતુ તેને નર્કનિગાદ દેનાર માનતા જ નથી. કાંટા સ્વાભાવિક રીતે જ વાગી રહ્યા હતા. તેમાંથી બચી ગયા એ દેવને પ્રતાપે બન્યું છે. શિક્ષકે તમોને ભણાવ્યા તેથી તમો શાણા અને કમાઉ થયા, તો એ સ્થિતિ માટે માસ્તરનો પ્રભાવ ગણાય કે નહિ ગણાય ? તમોને સુધાર્યા કોણે ? શિક્ષકે ! પણ જે ન સુધર્યા અને મૂર્ખ રહ્યા, અજ્ઞાની રહ્યા તેમને અજ્ઞાની કોણે બનાવ્યા ? શું માસ્તરે અજ્ઞાની બનાવ્યા? ના ! માસ્તર ન હોય તો પણ દૂર્જનતા, અજ્ઞાનતા રહેલી જ છે. તે જ પ્રમાણે અહીં પરમેશ્વર દેવલોક કે મોક્ષ દેનારા ગણાય છે. તેથી **धम्म दयाणं** વગેરે કહીએ છીએ, જેમ અજવાળાનું કાર્ય કાંટાને દેખાડવાનું છે તેમ અહીં પરમેશ્વરનું કાર્ય હોય તો તે જગતને ધર્મોપદેશ આપવાનું છે. અધર્મથી પાપથી બચાવવા માટે દેવનો ઉપકાર હોઈ શકે આથી સાબિત થાય છે કે **પરમેશ્વરને માનવાની જડ એનું બીજ ધર્મમાં રહેલું છે. જો ધર્મ જેવી ચીજ ન હોય તો દેવને માનવાની જરૂર જ નથી,**

'ગુરુ' પૂજવા યોગ્ય કેમ ?

એ જ પ્રમાણે 'ગુરુ'ને ગુરુ તરીકે પૂજ્ય પણ શા માટે માનો છો ? દુનિયાદારીની દ્રષ્ટિથી તો ગુરૂએ તમોને માનવા જોઈએ ! દાતારને યાચક ભજે કે યાચકને દાતાર ભજે ? માંગણ અને શેઠ એ બેમાં ઉત્તમ શેઠ ! માંગણ ઉત્તમ નથી જ ! ! તમે ખાવાનું જમવાનું, વસ્ત્રો, મકાન વગેરે ગુરૂને આપો છો એટલે જગતની દ્રષ્ટિએ તમે દાતાર ઠરો છો એટલે અમે યાચક ઠરીએ છીએ. તો પછી દાતારો યાચકને પૂજ્ય શા માટે ગણે છે ? શેઠ યાચકની સેવા કેમ કરે છે ! બાળકને ભણાવવા માટે શિક્ષક રાખીએ, શિક્ષકને પગાર આપીએ, મકાન આપીએ, સઘળું આપીએ અને છતાં મુરબ્બી કોણ ? માસ્તર! બાળકોને બહાર ફરવા માસ્તર સાથે મોકલો તો ગાડી ઘોડા પણ તમે આપો છતાં પહેલી સલામ પણ તમેજ કરો ! આ સઘળુ શા માટે ? શિક્ષક બાળકને દુનિયાદારીમાં લાવવાનું જ્ઞાન આપે છે માટે, તમારું બધું ગૌણ થઈ જાય છે અને માસ્તરની મહત્તા વધે છે. દુનિયાદારીનું જ્ઞાન આપનારાની આટલી બધી કિંમત છે તો પછી જે **આત્માને આત્મપદની પ્રાપ્તિ કરાવનારૂં જ્ઞાન આપે છે તેની કિંમત અને મહત્તાનું શું પૂછવું ?**

વ્યાખ્યાનની ફી લેવાય છે કે ?

ગુરુને તમે જે આપો છો અને ગુરુ જે ગ્રહણ કરે છે તે સઘળું સેવાને પેટે ગ્રહણ કરતા

નથી ! વ્યાખ્યાનમાં આવનારા પાસે વ્યાખ્યાનની ફી લેવામાં આવતી નથી ! ઉપદેશ અને તમે ગુરુને જે કાંઇ આપો છો તેમાં જરાએ સંબંધ નથી. ધર્મોપદેશ આપવામાં આવે છે, તેનો ઉદ્દેશ તો એટલો જ છે કે આત્માનો ઉદ્ધાર થાય, આથી જ જે સાધુ દુનિયાની કોઇપણ આશા વગર સાટા બદલા વગર જે માત્ર સાધુપણાની ફરજ તરીકે જ નિસ્વાર્થી ધર્મોપદેશ આપે છે તેને જ જૈન શાસનમાં જૈન સાધુ તરીકે સ્થાન પામવાનો અધિકાર છે, અન્યને નહિ. તમે ઉપદેશ આપો છો માટે અમે તમોને અન્નવસ્ત્ર આપીએ છીએ અથવા તમે અન્ન-વસ્ત્ર આપો છો તેવા અમે તમોને ધર્મોપદેશ આપીએ છીએ આમ કહેનારને જૈનશાસનમાં ઊભા રહેવાનો જરાએ હક નથી.

જ્ઞાની આત્માને સાધુની જરૂર છે કે ?

તમોને મેં શિક્ષકનું ઉદાહરણ આપ્યું છે પણ તે સર્વાંગે લગાડવાનું નથી જ. માસ્તરને શા માટે રાખો છો ? બાળકના દુર્ગુણ જવા અને તેનું દુન્યવી અજ્ઞાન ટાળવા. આ દુર્ગુણ અને અજ્ઞાન ગયા એટલે પછી બાળકને જ્ઞાની અને સદ્‌ગુણીમાં મનાવવાનો પ્રયત્ન થાય છે તે જ પ્રમાણે અહીં સાધુઓથી ધર્મોપદેશ સાંભળી આત્મા કાંઇક જ્ઞાનવંત થયો એટલે આત્માને મોટા તરીકે મનાવવાનો અહીં આદેશ નથી. આત્મામાં ધર્મની લગની લાગી તો પછી કર્તવ્ય એ છે કે માત્ર મોક્ષની ઇચ્છાએ ધર્મની સાધના કરવી. સાટા બદલા વગર જગતના કોઇ પદાર્થની આશા વગર જેઓ ધર્મોપદેશ આપે છે તેઓ જ મુધાજીવી એટલે બદલા વગર ફોગટ જીવનારા કહેવાય છે. એ જ કારણથી ગીતાર્થની એટલે સૂત્ર અને તેના અર્થની સંપૂર્ણ જ્ઞાતાની સાથે દાનનો કે ભક્તિનો સંબંધ રાખવામાં આવતો નથી. नमोलोएसव्वसाहूणं આ વાક્યથી તમે સઘળા સાધુઓને નમસ્કાર કરો છો. પછી એ સાધુઓ ભલે ભણેલા હોય કે અભણ હોય, તપસ્વી હોય કે આહાર લેનારા હોય, સ્થવીર કલ્પી એટલે શાસ્ત્રમાં સ્થવીર માટે કહેલા આચારો પ્રમાણે ચાલનાર હોય કે જીનકલ્પી એટલે શ્રી જીનેશ્વર ભગવાનના જેવું આચરણ કરવાવાળા હોય, એ સઘળા ભેદો નમસ્કાર સાથે સંબંધ ધરાવતા નથી. તે જ પ્રમાણે દાન વગેરે સાથે પણ તેનો સંબંધ નથી. માત્ર તેઓ મોક્ષને સાધે છે, તે પૂરતો જ નમસ્કાર વિષયે તેમની સાથે સંબંધ છે. અને તેથી જ તેમની (સાધુઓની) સેવા કરવી તેમને દાન આપવું એને શાસ્ત્રે શાસ્ત્ર સિદ્ધ વસ્તુ માની છે. ગુરુને પણ માનીએ છીએ તે આ રીતે ધર્મને અંગે ! જો ધર્મ જ ન હોય તો એ દિવસ આવે કે તમો પલંગ ઉપર ફૂલની પથારીમાં સુતા હો અને ગુરુ તમારા ચર્ણ દબાવતા હોય ! !

દેવ, ગુરુને શા માટે માનવા ?

ગુરુની સેવાનું ફળ શું છે ? ધર્મ દેવગુરુને શા માટે માનવાના છે ? તે માત્ર ધર્મને અંગે, ધર્મને માટે અને ધર્મદ્વારાએ જ માનવાના છે. ધર્મ એવી જબરદસ્ત વસ્તુ છે કે તેવી જબરદસ્ત વસ્તુ ત્રણે લોકેમાં બીજી એક માન્ય રાખવામાં આવી નથી. દુર્ગતિ ટાળી સદ્‌ગતિ મેળવી આપનારો તે ફક્ત ધર્મ જ છે. માતા, પિતા, સ્ત્રી, પુત્ર, ધન, માલ મિલ્કત એ કોઇપણ વસ્તુ આત્માને ભવિષ્યની અધોગતિથી બચાવી શકે એમ નથી જ. અજ્ઞાન એ મોટામાં મોટું પાપ છે. "अज्ञानं खलु कष्टं" એ વાક્ય સમજવા જેવું છે. કોધાદિક પાપો મોટામાં મોટા છે, પણ તેનાથી એ મોટામાં મોટું પાપ એ અજ્ઞાન છે. હિતકારી શું છે અને અહિતકારી શું છે, એ કોણ જાણે છે ? જ્ઞાની તે જાણી શકે છે. કોઇ માણસ

હિતાહિત જાણવા માટે જ્ઞાન મેળવે છે, પરંતુ જ્ઞાન મળ્યા પછી એ રાગદ્વેષવાળો થાય છે, તો શું એ માણસે મેળવેલું જ્ઞાન તે જ્ઞાન કહી શકાય ? નહિ જ.

સૂર્ય અને અંધારું સાથે રહી શકે ?

સૂર્ય ઉગ્યો છતાં અંધારું રહે એમ કોણ માની શકશે ? સૂર્યોદય થયો તો અંધકાર જવો જ જોઈએ. તે જ પ્રમાણે જ્યારે વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થાય તો એ જ્ઞાનનું એ પરિણામ આવવું જ જોઈએ કે વર્તન સુધરવું જ ઘટે, જ્ઞાન થયા પછી રાગદ્વેષવાળા થઈએ તો એ જ્ઞાન તે જ્ઞાન જ ન કહેવાય! આપણને પુણ્ય પાપનું જ્ઞાન થાય છે, પણ તે કેવું છે ? એ આપણું જ્ઞાન ફોનોગ્રાફની ચૂડી જેવું છે. તમે ધર્મના વ્યાખ્યાનની ચુડી મુકો કે તમારા દુશ્મનને ગાળો આપવાની ચૂડી મૂકો; ફોનોગ્રાફ તો તમે જે કહેશો તે બોલી જશે ! તેને ચિંતા નથી કે ગાળો આપવાથી ફલાણાભાઈ બદનક્ષીનો દાવો માંડશશ્ચ ! આપણે પણ એ ફોનોગ્રાફની ચૂડી જેવા બન્યા છીએ. હૃદયમાં અસરનો છાંટો પણ નહિ, છતાં ફોનોગ્રાફ ધર્મનું વ્યાખ્યાન આપી જાય છે !

સાપ ભયંકર છે કે પાપ ?

હવે બીજી વાત ! સાપનું ઉદાહરણ લ્યો. સાપ કરડે છે તો એનું પરિણામ શું ? સાપ એક ભવનો નાશ કરે છે પણ પાપ તો ભવોભવનો નાશ કરે છે. જીવ અને જીવનનો પણ તે નાશ કરી નાંખે છે ત્યારે સાપનો ભય છે છતાં પાપનો ભય નથી ! આનું કારણ શું છે ? એનું કારણ એ છે કે પાપનો ભય તમારામાં છે ખરો પણ તે અપૂર્ણ છે, બનાવટી છે. એ ભય ઉંડાણનો કિંવા અતંરનો નથી. કુંચી લગાડી કે તાળું ખુલી જ જાય, તેવો પાપનો ભય તમારામાં નથી જ. ઠીક; તમે ઊંઘમાં છો, સૂતા છો. મગજ તંન્દ્રામાં પડે છે અને તમોને એક સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં સાપ દેખાય છે. સાપ તમારી પાસે આવે છે. તમોને વીંટાય છે કરડવા મુખ ઉંચુ કરે છે. એટલામાં તમે જાગો છો. ખબર પડે છે કે સાપ એ તે માત્ર સ્વપ્નું જ હતું. બીજું કાંઈ ન હતું છતાં પણ પા કલાક સુધી તમારી છાતી ધડકશે ! હૃદયમાં થડકો જોરથી થશે, ઝપાટાબંધ રૂધીર ફરવા લાગશે, અને બીજાને તમે તમારા સ્વપ્નની વાત કહેશો તો ત્યાં પણ તમારો સ્વર તેવો જ ભયકંપિત બની જશે.

સાપનો ભય છે. પાપનો નથી !

હવે ધારો કે બીજી જ પળે તમોને સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં તમે ચોરી કરો છો, જુઠું બોલો છો, અથવા અબ્રહ્મચર્ય સેવો છો અને તરત જાગો છો ! જાગ્યા પછી મૂકો તમારી છાતીએ હાથ! સાપનું સ્વપ્ન આવ્યું અને જે વેદના અનુભવી તેનો હજારમો ભાગ પણ આ વખતે નહિ હોય ! કદાચ બહુ થાય અને મિત્રને એ સ્વપ્નની વાત કહો, તો કૃત્રિમ રીતે સ્વર બગાડો, ઢોંગ કરી બતાવો, પણ હૃદયમાં શું ? કાંઇ નહિ ! ! સાપ દેખીને જેવી અસર થાય તેવી પાપ કરવા છતાં પણ થતી જ નથી! તો પછી બોલો ભય કોનો ? પાપનો કે સાપનો ? એના ઉપરથી એક જ અનુમાન નીકળે છે કે પાપના ભયનો જેવો સંસ્કાર પેસવો જોઈએ તેવો પેઠો નથી. જો સાચા સ્વરૂપમાં તમે પાપનો ભય પામ્યા હો, તો તો જરૂર સાપ કરતા પાપની અસર જ વધારે તીવ્ર થાય એમાં જરા સરખો શક નથી.

સાપનો ભય મૂકો, પણ પાપનો ભય રાખો !

એ પગથીયેથી જ્યારે તમો ઊંચે ચઢશો ત્યારે સાપનો ભય નહિ લાગશે પરંતુ પાપનો ભય જ લાગશે, કોઈ સાક્ષાત્ અગ્નિ માથે મૂકશે તો પણ પછી તેનો ભય પણ લાગવા પામશે નહિ અને કોઈ અજબ પ્રકારનું બળ આત્મામાં ઉભું થશે આવા દૈવી બળની પ્રાપ્તિ નહિ કરશો, ત્યાં સુધી ચોરાશીના ચક્રમાં રખડવાનું તો છે જ ! ખંધક મુનીનું જ એક દૃષ્ટાંત લઈએ.

ખંધક મુનિ મહાસમર્થ આદર્શ તપસ્વી અને વિદ્વાન હતા. તેમને ૫૦૦ શિષ્યો હતા. કોઈ એક નગરીમાં તેઓ જઈ ચઢ્યા એ વેળાએ ત્યાંના રાજાના પ્રધાનની સલાહથી રાજાએ થોડા સમયને માટે રાજતંત્ર પ્રધાનને સોંપી દીધું; પરિણામ એ આવ્યું કે પ્રધાને ખંધક મુનિ અને તેના શિષ્યોને અવળી ઘાણીએ પીલાવીને મારી નાંખ્યાં, આ સ્થિતિ જોતાં છતાં મહામુનિ ખંધકને ક્ષોભ ન થયો; આવી પરમ સ્થિતિને તમે શું કરશો ?

તમારી સ્થિતિ વિચારો.

શીર ઉપર અંગારા વરસતા હોય તે છતાં શરીરનો વાળ સરખો પણ ફરકવા ન દેવો ! નહિ જ ફરકે, શરીરની ચામડી ઉતારે તો પણ ચિત્ત જરાએ ચંચળ ન બને ! એ સ્થિતિ ક્યાં અને આજની આપણી હાલત ક્યાં તેનો વિચાર કરો. હું તમોને આજને આજ એ સ્થિતિ પ્રાપ્ત કરી લેવાનું કહેતો નથી કહું તો પણ તમે એ ઉપદેશ અમલમાં લાવી શકો એ સ્થિતિ નથી. હું તો કેવળ ધર્મ ભાવનાથી પ્રેરાઈને જ તમોને-મનુષ્ય માત્રને એટલું જ કહું છું કે હે ભાગ્યવાન આત્માઓ ! તમે જેટલો ભય સાપનો રાખો છો તેટલો જ ભય પાપનો પણ રાખતા થાઓ તો આજને માટે તેટલું જ બસ છે !

સત્ય ધર્મને પામવાનું ફળ શું ?

અહીં આપણે આજે કઈ દશામાં છીએ તેનો વિચાર કરો. આપણે સત્ય ધર્મને પામ્યા છીએ જૈનશાસનમાં જન્મ્યા છીએ અને પરલોકની ઈચ્છાવાળા થયા છીએ આ સઘળું તમોને જ્ઞાન આપવામાં આવે છે ત્યારે જ તમે સમજી શકો છો. એ ધર્મથી યુક્ત એવું જ્ઞાન તમોને મળે નહિ, ત્યાં સુધી દુર્ગતિ રોકી શકાય જ નહિ. માટે જ શાસ્ત્રકાર મહારાજાઓ ફરમાવે છે કે દુર્ગતિને રોકનારો ધર્મ છે. અનિષ્ટનું નિવારણ કરવાનું કામ ધર્મનું છે, એવાં પ્રકારના શાસ્ત્રવચનથી ધર્મની વ્યાખ્યા પુરી થતી નથી. આટલાથી જ ધર્મ પુરો થાય છે, એમ માની લેશો નહિ. પરંતુ એ સ્પષ્ટ છે કે ભવિષ્યમાં સદ્ગતિ આપનારો હોય તો તે ધર્મ છે. જગતમાં જે વસ્તુ જે વખતે હોય તે વસ્તુ તે વખતે કામ કરી શકે છે. કંચન, કુટુંબ, કામિની અને કાયા એ ચાર ચીજ જગતના થાંભલા છે. જગતના વ્યવહારના થાંભલા આ ચાર જ ચીજ છે અને આ ચાર થાંભલા કેવા છે ? કાચી માટીના જ ! શરદી થાય-પાણી લાગે તેટલામાં આ થાંભલા ધસી પડે એવા છે. કાચી માટીના થાંભલા હોય તે પણ એકાદ ચોમાસું કદાચ ચાલેય ખરા! પણ આ ભૂખરી માટી તો એવી છે કે તે તૂટી જ પડવાની.

કોડી અને કોટી બન્ને તજવાના જ છે !

મનુષ્ય કોડીવાળો હોય, શુભોદયે વ્યાપાર ઉદ્યોગમાં વધતો જાય અને કોટીવાળો થાય !

પણ એ કોડીવાળામાંથી કોટીવાળા થયેલા શરીરમાંથી આત્મા ચાલ્યો જાય કે ખલાસ ! ન તો આત્મા કોડી કે કોટી સાથે લઈ જાય છે, ન તો શરીર કોડી કે કોટી સાથે લઈ જાય છે. સેંકડો સ્ત્રીઓનો સ્વામી હોય પણ જગત છોડીને જાય ત્યારે સાથે લઈ જવાની એક પણ નહિ ! ૫૬ કોટી યાદવો હતા, છતાં બધાએ ગયા તેમાંનો એક પણ બાકી રહ્યો નહિ ! ભીમસેન કે જેનું શરીર સ્થૂળમાં સ્થૂળ હતું, તે પણ ગયો ત્યારે ઝપાટામાં ! સંસારના એ ચાર થાંભલા ઉપર-એ ચાર થાંભલા માટે આખો જન્મ ગુમાવ્યો, ધર્મકાર્યમાં પણ આડા આવ્યા હોય તો આ ચાર થાંભલા જ ત્યાં પણ આડે આવ્યા, પણ અંતે એ ચાર થાંભલામાંથી ટકતો એકે નથી. નાશ સઘળાનો જ થાય છે ! આટલા ઉપરથી તમે જાણી શકશો કે દુર્ગતિ ટાળનારા આ થાંભલા નથી જ, પરંતુ આત્માને દુર્ગતિ આપનારા જ આ થાંભલા છે, ધર્મ જ એક એવો છે કે જે સદ્ગતિ આપે છે અને દુર્ગતિમાંથી બચાવે છે.

ફળ નહિ, પણ સ્વરૂપ ઓળખો.

ધર્મના ફળની મહત્તા કેટલી વિશાળ છે, તે આ ઉપરથી તમે જોઇ શકશો, છતાં અહીં એક વસ્તુ ખાસ યાદ રાખવાની છે તેનું હું તમોને સ્મરણ કરાવું છું ધર્મનું ફળ આવું ઉત્તમ છે તે છતાં એ ફળની મહત્તા જોઈને ધર્મમાં પ્રવૃત્તિ કરવી તેના કરતાં ફળનું સ્વરૂપ જાણીને પછી તેમાં પ્રવૃત્તિ કરવી એ વધારે સારું છે. ફળની મહત્તા કોઈવાર માણસને મોહ પમાડીને ફસાવી દે છે પણ સ્વરૂપની મહત્તા ફસાવી દઈ શકે નહિ. જે દૂધને માત્ર તેના દેખાવ ઉપરથી જ જાણે છે તે દૂધને બદલે આકડાનું કે થોરીયાનું દૂધ પણ દૂધ તરીકે સ્વીકારી લેશે પણ દૂધના સાચા સ્વરૂપને જે ઓળખે છે તે આવા ફંદામાં ફસાશે નહિ. જે કોઇ ધર્મને એટલે ધર્મના ફળના સ્વરૂપથી સમજશે તે કોઇપણ દિવસ નામ ધર્મ તરફ દોરાવા પામશે નહિ. હવે આપણે ધર્મના સ્વરૂપનો વિચાર કરીએ ધર્મને સ્વરૂપથી સમજતા બે પ્રકારનો ધર્મ ફલિત થાય છે, સાગાર ધર્મ અને અણાગાર ધર્મ. આ બે બિંદુઓ મહત્વના છે અને જો તે બન્ને બિંદુઓ તરફ ધ્યાન રાખીએ તો માલમ પડે જ છે કે આપણને હજી શું અને કેટલું બાકી છે ? નિગોદવાસી કોઇપણ જીવ આ બિંદુઓએ પહોંચ્યો નથી એનું કારણ વિચારવા યોગ્ય છે. બે ત્રણ ચાર ઇંન્દ્રિયવાળાની ભવસ્થિતિ પાકી હોય એમ તમો જાણો છો ? ભવસ્થિતિ પાકવી એટલે એનો સામાન્યમાં સામાન્ય અર્થ એ છે કે: મોક્ષ માર્ગે જવાને કટિબદ્ધ થવું, નારકી જીવો, દેવતા કે બીજા કોઇની પણ ભવસ્થિતિ સ્વયં પોતાની મેળે પાકી છે ? નહિ જ ! એટલા માટે ભગવાને કહ્યું છે કે આત્માએ સુકૃત અનુમોદન વગેરે ઉપાયો દ્વારા ઉદ્યમ કરવો જોઈએ અને એ રીતે ઉદ્યમ કરી ભવસ્થિતિ પકવવી જ જોઈએ, એકે ઝપાટે એ કાર્યમાં સફળતા ન મળે તે જુદી વાત છે, પરંતુ એ દિશાએ પ્રયત્ન તો કરવો જ જોઈએ. જે આવો પ્રયત્ન કરે તે જ સાચો ભવ્ય જીવ છે અને તેવાને માટે આજે નહિ તો કાલે જરૂર મોક્ષ નિર્માણ થયેલો છે.

સંપૂર્ણ.



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડઅભ્યાસી, આગમોદ્ધારક, આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

(ના. વડોદરા સરકારની ધારાસભામાં સરકારે પ્રેરેલો આર્યભાવના વિનાશક દીક્ષાસંહારક કાયદો ધારાસભામાં અને જનતામાં ચર્ચાઈ રહેલો હતો, એવા કઠીન સમયમાં પૂ. આચાર્ય સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે દીક્ષા સંબંધમાં જૈનાજૈન જનતાનો ભ્રમ ભાંગવાના ઉદ્દેશથી દીક્ષા સંબંધી શંકાઓ પૂછવાનું જાહેર પ્રજાને જણાવેલું હતું. જનતા તરફથી એ સંબંધીના પ્રશ્નો જાહેર રીતે પૂછાયા હતા અને આચાર્યદેવે પોતાની અમોઘ સુધાવર્ષિણી શૈલીમાં તે પ્રશ્નોના સરળ અને સુંદર ઉત્તરો આપ્યા હતા. આચાર્યદેવના એ ઉત્તરો સાંભળ્યા પછી કેટલાય કટ્ટરમાં કટ્ટર દીક્ષા વિરોધીઓ પણ પોતાનો દીક્ષા વિરોધ મૂકી દઈ આચાર્યદેવશ્રીના વિચારો જોડે સહમત થયા હતા એ પ્રશ્નોત્તરો અત્યંત ઉપકારક હોવાથી અત્રે આપવામાં આવે છે અને તેનું પૂરેપૂરું મનન કરવાની તંત્રી વાંચકોને વિનંતી કરે છે.) તંત્રી - સિદ્ધચક્ર

પ્રશ્ન ૪૯૮- દીક્ષા લેનારા બાળકમાં અમુક પ્રકારના સંસ્કારો હોવા જ જોઈએ એ વાત તો આપ પણ કબુલ કરો છો, તો જે બાળકો દીક્ષા લે છે તેમનામાં શું તેવા સંસ્કારો હોય છે?

સમાધાન- ગયા પ્રશ્નોમાં મેં ઉદાહરણ આપ્યું છે તેનો તમે વિચાર કરશો તો આ પ્રશ્નનો ઉત્તર તમે મેળવી શકશો. એમ સમજો કે અમુક સ્થળે ૫૦૦ બાળકોનો જથ્થો છે એ પાંચસો બાળકોને તમે પૂછશો કે:-તમારે દીક્ષા લેવી છે ? તો આ પાંચસો બાળકોમાંથી પાંચ પંદર બાળકો જ હા પાડશે અને બાકીના ના પાડશે. એ હા પાડનારા બાળકોમાં દીક્ષા માટે જોઈતા સંસ્કારો રહેલા જ હશે, અને એવા સંસ્કારો જેનામાં મૂળભૂતપણે રહેલા હશે તે જ બાળક દીક્ષા લેવા માટે તૈયાર થશે.

પ્રશ્ન ૪૯૯- દીક્ષા લેવા યોગ્ય સંસ્કારો હશે એ વાત આપણે કબુલ રાખીશું, પરંતુ જેનામાં એવા સંસ્કારો હોય, તેઓ મોટા ગૃહસ્થો પણ દીક્ષા લઈ શકતા નથી, તો પછી નાના બાળકો તેવા સંસ્કાર હોવા છતાં કેવી રીતે દીક્ષા લઈ શકે ?

સમાધાન- તમે મોટી ઉંમરવાળાનો દાખલો આપ્યો છે, એ ઘણું જ સારું કર્યું છે. વારું જેઓ મોટી ઉંમરવાળા છે શાસ્ત્રો ભણેલા છે અને શાસ્ત્રમાં શ્રદ્ધાવાળા છે, તેઓ [illegible] તો કહે જ છે

કે જગતમાં જે કાંઈ મેળવીએ છીએ તે સઘળું ત્યાગવા યોગ્ય છે ! ત્યાગવા યોગ્ય છે એમ મુખથી તો કહે છે પરંતુ ત્યાગી શકતા નથી, આમ થવાનું કારણ એ છે કે જગતને ત્યાગવા યોગ્ય માનવા છતાં તેઓ માલ, સ્ત્રી, ધન, ધામ વગેરેના બંધનમાં પુરાયેલા હોવાથી તેઓ તે છોડી શકતા નથી, ત્યારે બીજી તરફ બાળકોને કાંઇ બંધન જ હોતું નથી એટલે તેમને માયાની જાળમાંથી છૂટા થવામાં કશી પણ મુશ્કેલી નડતી નથી.

પ્રશ્ન ૫૦૦- આપનું કથન હવે અમોને પણ પ્રમાણભૂત જેવું લાગે છે ખરું, પરન્તુ ઉપરના ઉત્તરમાં આપે જે વાત ચર્ચી છે તે ઘટતા ઉદાહરણ આપીને સમજાવી શકશો ?

સમાધાન- હા, જુઓ; કલ્પના કરો કે એક સુંદર વાડી છે, વાડીમાં ગાયો વાછરડાં અને બકરીઓ છે. ગાયોને મોટી હોવાથી તેમને ખીલે બાંધી રાખેલી છે વાછરડાં તથા બકરીઓને છૂટી રાખવામાં આવી છે. હવે અકસ્માત તે વાડીમાં આગ લાગે છે અને બધા ઢોરો નાસભાગ કરવા માંડે છે. આ નાસભાગમાં જેમને ગળે દોરડા બાંધેલા છે તે ગાયો નાસી જઇ શકવાની નથી અને વાછરડાંને બકરીઓ કે જેમને ગળે દોરડા બાંધ્યા નથી તે સહેલાઈથી નાસી જઇ શકે છે ! ગાયો નથી નાસી જઇ શકતી એનો અર્થ શું એમ કરવો યુક્ત છે કે તેઓ આગ લાગી છે એ ઇષ્ટ માને છે અને તેમને બળીને મરી જવું ગમે છે ! નહિ જ ! ! આગમાંથી ભાગી જવાની ઇંતેજારી તો તેમનીએ પુરેપુરી છે, પરંતુ તેઓ બંધન હોવાથી તે છૂટી જઇ શકતી નથી. જ્યારે વાછરડાંને બકરીઓ બંધન ન હોવાથી છૂટી જઇ શકે છે. એ જ ન્યાયે મોટા માણસો પણ સંસારજાળમાંથી છૂટવા તો માંગે જ છે, પરંતુ તેઓ ખીલે બંધાયેલાની માફક માયાથી બંધાયેલ હોવાથી નાસી જઇ શકતા નથી, જ્યારે બાળકો છૂટા હોવાથી તેઓ વહેલા છૂટી જઇ શકે છે. આ ઉપરથી પણ એ જ અનુમાન નીકળે છે કે બંધન તોડીને છૂટા થવા કરતાં જેમને એવા બંધનો નથી તેમને છૂટા થવામાં જ વધારે સરળતા રહેલી છે.

પ્રશ્ન ૫૦૧- દીક્ષા એ ઉત્તમ ચીજ છે તો પછી માબાપો શા માટે પોતે જ દીક્ષા લઈ લેતા નથી અને નાના છોકરાઓને જ શા માટે એ દીક્ષા અપાવે છે ? આ સંયોગોમાં શું બાળબુદ્ધિનો ગેરલાભ લેવાતો હોય તેમ લાગતું નથી ?

સમાધાન- પોતે સારી સ્થિતિને ન મેળવી શકતા હોય તો બાળકને પણ સારી સ્થિતિ ન મેળવવા દેવી એ માબાપનું કર્તવ્ય છે કે બાળકને સારી સ્થિતિ મેળવી આપવી એ માબાપનું કર્તવ્ય છે તેનો તમેજ વિચાર કરો. ઉદાહરણ લ્યોઃ એક મકાનમાં માબાપ અને બાળક સુતાં છે. મધ્યરાત્રિનો સમય છે અને ભયંકર આગ સળગે છે. આગથી ઘરનો એક ભારવટીયો તૂટી પડે છે અને બાપનો પગ તેથી ભાંગી જાય છે, ખ્યાલ કરો. પગ ભાંગી જવાથી બાપ બળતા ઘરમાંથી બહાર નીકળી જઇ શકતો નથી ! આ સ્થિતિમાં તેણે બૂમાબૂમ કરીને છોકરાઓને ઘરની બહાર કાઢવા જોઈએ કે પણ બળી જવા દેવા જોઈએ? માબાપ એમ માને છે કે દીક્ષા એ સારી ચીજ છે અને તેથી જ તેઓ પોતે એ સારી ચીજને નથી અપનાવી શકતા, છતાં બાળકોને તે ચીજ લેવાને માર્ગે દોરે છે,

બાળકોની બુદ્ધિનો દુરપયોગ થયો છે એમ તો ક્યારે કહી શકાય કે દીક્ષા એ ખરાબ ચીજ છે એમ સાબિત થયું હોય તો પણ એવી સાબિતીની ગેરહાજરીમાં બાળકોને દીક્ષા અપાવવા છતાં પોતે દીક્ષા ન લેનારાને તમે દોષ આપી શકો તેમ નથી. તમે તમારા છોકરાને માંસ મદિરા જેવા અયોગ્ય પદાર્થો નથી આપતા; તો તે વડે શું છોકરાઓ ઉપર ઉપકાર કરતા નથી ? એમ કેમ કહેવાય કે તેમની બાળબુદ્ધિનો ગેરલાભ લો છો ? તમે પોતે બીડી પીવો છો, પણ બાળકોને નથી પાતા તો શું બાળબુદ્ધિનો ગેરલાભ લો છો કે બાળકો ઉપર ઉપકાર કરો છો ?

પ્રશ્ન ૫૦૨- માંસ મદિરા નથી આપવામાં આવતાં તેનું કારણ તો એ છે કે તે નીતિ વિરૂદ્ધ છે, ને તેથી તે બાળકોને નથી આપવામાં આવતાં તે ઉપકાર છે એમ કહું તો તેનો આપની પાસે શો ઉત્તર છે ?

સમાધાન- નીતિ વિરૂદ્ધ છે એમ કોણ માને છે ? ફક્ત હિંદુઓ ! ! મુસલમાનો, પારસીઓ, ખ્રિસ્તીઓ અને નીતિ વિરુદ્ધ નથી માનતા, ત્યારે શું તેની દૃષ્ટિએ પણ એમ ઠરે ખરું કે તમે એ વસ્તુઓ બાળકોને નથી આપતા તેથી તેમની બાળબુદ્ધિનો ગેરલાભ લ્યો છો? નહિ જ !!!

પ્રશ્ન ૫૦૩- માંસ મદિરા તો સામાન્ય વસ્તુ છે પણ દીક્ષા તો સર્વોત્તમ વસ્તુ છે તો પછી તેના સંબંધમાં વિચાર થવો જોઈએને ?

સમાધાન- શાસ્ત્રાધારે થવો જોઈએ તે પ્રમાણે થાય છે. બાળક સોનું શું છે, તેની શી કિંમત છે તે શા ઉપયોગમાં લેવાય છે તે જાણતો નથી. છતાં માબાપ શા માટે બાળકને સુવર્ણનાં આભૂષણો આપે છે ? તે જ રીતે દીક્ષા એ સર્વોત્તમ ચીજ છે એમ માનીને એ ચીજ બાળકને આપતા હોય તો તેમના ઉપર એ આક્ષેપ કેવી રીતે મુકી શકાય કે તેઓ બાળબુદ્ધિનો ગેરલાભ છે, વળી બીજો દાખલો લ્યો. એક શ્રીમંત બાળક છે તેના હાથમાં સોનાની બહુ મૂલ્યવાળી પહોંચી છે, તે બાળક સોનું શું છે, તેનું વજન કેટલું છે, ઇત્યાદિ કાંઇપણ વિગતો જાણતો નથી તો હવે એ બાળક તે ચીજની મહત્તા નથી જાણતો માટે આપણે શું તે ચીજ ખુંચવી લઇ શકીશું ? નહિં જ, તે જ પ્રમાણે બાળકનો આત્મા એ કિંમતી ચીજ છે. બાળકને એ આત્માની મહત્તા ન હોય તો પણ એ આત્માનું કલ્યાણ થાય એમ કરવાની જ માબાપની ફરજ છે, નહિં કે અન્યથા વર્તવાની !

પ્રશ્ન ૫૦૪- આપે જે ઉદાહરણો અને ઉત્તરો આપેલાં છે તે સઘળાં યુક્તિસંગત છે પરંતુ તે છતાં દીક્ષા ગમતી નથી એનું શું કારણ ?

સમાધાન- એનું કારણ કર્મ. અજીર્ણના રોગીને દૂધપાક પણ અરૂચિકર લાગે છે માટે શું કોઇ એમ કહી શકશે કે દૂધપાક મીઠો નથી ? દીક્ષા યોગ્ય લાગતી હોય છતાં તે ન રૂચતી હોય તો તે એના દુષ્ટકર્મનો જ પરિપાક સમજવો જોઈએ.

પ્રશ્ન ૫૦૫- આપ એમ કહો છો કે સોળ વર્ષ સુધીની ઉંમરમાં બાળકોને વાલીઓની સંમતિપૂર્વક દીક્ષા આપી શકાય એ શાસ્ત્રાધારે છે. બીજા સાધુઓ તેથી વિપરીત વસ્તુનું જ પ્રતિપાદન કરે છે, તો અમે જઇને એ સાધુઓને સમજાવીએ તેના કરતાં આપ સઘળા ભેગા થઈને જ એ બાબતમાં યોગ્ય નિકાલ શા માટે કરતા નથી ?

સમાધાન- જે સાધુઓ મારા ઉપર જણાવેલા સિદ્ધાંતથી ઉલટી વાત કહેતા હોય તેને તમે જઈને મળો અને તેમને મારી પાસે લઈ આવો. અગર તેમની પાસેથી સમાધાન લાવો, બાકી મેં તો દરેક પ્રકારની દરેક વ્યક્તિને શંકા સમાધાન માટે અહીં આવવાની સૂચના કરી જ છે.

પ્રશ્ન ૫૦૬- પરંતુ આપને એમ નથી લાગતું કે આ કાર્યમાં આપ બધા સાધુઓ તૈયાર હો ત્યારે જ એ કામ બની શકે ?

સમાધાન- અમે તો દરેક પળે તૈયાર જ છીએ. પંન્યાસજી રામવિજયજીએ પણ વાટાઘાટ ચલાવીને અહીં સાથે બેસવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો છે. હવે વસ્તુ એ છે કે જેઓ અમારાથી જુદો સિદ્ધાંત ધરાવતા હોય તેમણે નકામી નિંદા કિંવા વિરોધ ન કરતાં અહીં આવીને પોતાના સિદ્ધાંતો અમોને સાબીત કરી આપવા જોઈએ અને અમારા સિદ્ધાંતોનું તેમણે ખંડન કરી નાંખવું જોઈએ. તે સિવાય નાહક આક્ષેપો કરી હું કલેશ વધારવા માંગતો નથી. હું તો નીચેના બે મુદ્દાઓ સાબિત કરવા સર્વદા તૈયાર છું, (૧) સોળ વર્ષની ઉંમર સુધીની મા-બાપ કિંવા વાલીની રજા સાથેની દીક્ષા શાસ્ત્રીય છે અને (૨) સોળ વર્ષ થયા પછી કોઈની પણ રજા વિનાની દીક્ષા શાસ્ત્રીય છે.

પ્રશ્ન ૫૦૭- આપ સાધુ છો અને સાધુતાનું પોષણ કરો છો તેમ અમે ગૃહસ્થ છીએ અને સામાજીક હિતની દ્રષ્ટિએ આ જન્મ સગાંસ્નેહીઓની રજા દીક્ષા માટે આવશ્યક માનીએ છીએ તો પછી આ માન્યતામાં આપ સાચા હો તો અમે પણ શા માટે સાચા નથી ?

સમાધાન- જો એમજ હોય તો દીક્ષાવિરોધીઓને એમ ખુલ્લું કહી દેવું જોઈએ કે અમે તો અમારા સામાજીક સ્વાર્થ માટે દીક્ષાનો તથા બાળદીક્ષાનો વિરોધ કરીએ છીએ, બાકી શાસ્ત્રાધારે તો અમારી વાત સત્તરઆની ખોટી છે, જેઓ એમ ખુલ્લું કહી દે છે તેમની સાથે કાંઇ દલીલ કરવાની રહેતી જ નથી.

પ્રશ્ન ૫૦૮- નવજીવન પ્રકાશન મંદિરે જે "મહાવીર ચરિત્ર" બહાર પાડ્યું છે તેમાં અનેક સ્થળે દીક્ષાઓ થયાના ઉલ્લખે આવેલો છે પરંતુ તે સઘળી દીક્ષાઓમાં સંમતિ લેવામાં આવી છે, તો પછી આજે શા માટે સંમતિ ન લેવાવી જોઈએ.

સમાધાન- સંમતિ ન લેવી જોઈએ એમ આજે પણ કોઈ કહેતું જ નથી. અમારૂં કહેવાનું તો એટલું જ છે કે સગીરની ઇચ્છા અને સગીરના વાલીની રજાએ સગીર દીક્ષા લઈ શકે છે અને બિનસગીરની ઇચ્છાએ તેના સગાં સંબંધીની રજા હો કિંવા ન હો તો પણ તે એ દીક્ષા લઈ શકે છે. તમોને એથી ઊલટું કહેનારને પૂછજો કે સોળ વર્ષની અંદરના સગીરની અને વાલીની ઇચ્છા વડે જે દીક્ષા અપાયેલી હોય તે દીક્ષા માટે અને સોળ વર્ષ પછી સ્વેચ્છાએ પણ સગાં સંબંધીની રજા વિના અપાયેલ દીક્ષાને શાસ્ત્રે જૈનમત વિરોધીની દીક્ષા ગણ હોય અને તેવા કાર્ય માટે સાધુઓને પ્રાયશ્ચિત કરવાનું જણાવ્યું હોય તો તેવો પાઠ શોધી આપો. કોઇ શાસ્ત્રમાંથી આવો પાઠ શોધી આપશે અને તે પાઠ નિરપવાદ હશે, તો તે જ ક્ષણે હું મારા સિદ્ધાંતો પડતા મૂકીશ.

મહાસાગરનાં મોતી

(જૈન સાહિત્યના સત્યઘટનાત્મક ઐતિહાસિક કથાનકને આધારે રચવામાં આવેલું એક સુંદર ચિત્ર.) લેખક : માણિક્ય.

પ્રકરણ ૨ જું.

વસુંધરાની વિચિત્ર વાતો.

પાછલા પ્રકરણમાં જે વાત વર્ણવામાં આવી છે તે વાતને આજે ચાર પાંચ દિવસ થઈ ગયા હતા. આજે ઋતુ ઘણી જ સુંદર અને મનોહર હતી. આકાશ સર્વથા સ્વચ્છ હતું. વાદળાનું નામનિશાન પણ ન હતું અને તેને યોગે તેનો ભુરો રંગ પુર બહારમાં પ્રકાશી રહ્યો હતો. સૂર્યના કોમળ કિરણો જગત ઉપર ફરી વળ્યા હતા અને તેને યોગે શહેરની શોભા સુંદરતાને ધારણ કરી રહી હતી. પુરજનો ધીમે ધીમે જિનાલય તરફ જતા આવતા નજરે આવતા હતા. કોઈના હાથમાં સુંદર પુષ્પોથી ભરેલી ફૂલછાબો હતી, તો કોઈના હાથમાં કેસરાદિ વસ્તુઓ હોય એમ જણાતું હતું. એ રીતે માર્ગમાંથી અનેક સ્ત્રીપુરુષો આવજા કરી રહ્યા હતા.

થોડીવારમાં તે રસ્તા ઉપર ત્રણ ચાર સ્ત્રીઓ આવી પહોંચી. આ સ્ત્રીઓ જિનાલય તરફ જ જતી હોય તેમ જણાઈ આવતું હતું. તેમના શીલયુક્ત મુખકમલ ઉપર મીઠું પણ ધર્મયુક્ત હાસ્ય ફરકી રહ્યું હતું. રેશમનાં સુંદર વસ્ત્રો તેમણે ધારણ કરેલાં હતાં. અને શરીર ઉપર જાતજાતનાં સુવર્ણનાં અલંકારો શોભતા હતા. આવા સુંદર અલંકારોથી સજ્જ થયેલી આ રમણીઓ અદ્યાપિપર્યન્ત કૌમારવૃત ધારિણી હતી. અને તેઓ પણ જ્યારે પગે ચાલીને જિનમંદિર તરફ જણાતી દૃષ્ટિએ આવતી હતી ત્યારે એ કાળે મનુષ્યોના હૃદયમાં ધર્મવત્સલતા કેવી અને કેટલી પ્રબળ હશે તેનો વ્યાજબી ખ્યાલ આવતો હતો ! રમણીઓ થોડી આગળ ચાલે છે, એટલામાં માર્ગ પરના એક સુંદર મકાનમાંથી તેમને કોઈએ બૂમ મારી. તરત જ તેમનાં ચપળ નેત્રો એ મકાન તરફ ખેંચાયા. એ બારીમાં માર્ગસ્થ રમણીઓની એક સખી ઉભી રહેલી જણાતી હતી. તેમણે તેમને પોતાના મહાલયમાં આવવાની સૂચના કરી. તે સુંદરીઓએ પ્રસ્તુત સૂચનાનો સ્વીકાર કરી લીધો અને જિનાલયમાંથી પાછા ફરતાં તેમની એ સખીના ગૃહ તરફ પ્રયાણ કર્યું. એ સાહેલીનું નામ વસુંધરા હતું. વસુંધરા પોતાની વ્હાલથેલી બહેનપણીઓને સત્કારવા માટે બારણા પાસે જ ઉભી હતી. તેણે મુક્તકંઠે તેમને આવકાર આપતાં કહ્યું; "પધારો ! આજે આ ગરીબના ઘરને પાવન કરો !"

"એમ કે ? આવા વિનયના વચનો બોલવાને જ જો અમોને બોલાવી હોય તો અમારે નથી આવું !" એક સુંદરીએ વિનોદમાં ઉત્તર આપ્યો. અને જાણે ત્યાંથી પાછા ફરતાં હોય તેવો ડોળ કર્યો.

વસુંધરા તરત જ આગળ આવી, તેણે પોતાના બંન્ને હાથ વડે જવાનો માર્ગ રોકી લીધો અને કિંચિત સ્મિત કરતાં તેમને કહ્યું; "વિનયનાં વચનો જો તમોને ન ગમતાં હોય તો મને અવિનયનાં વચનો પણ કહેતાં આવડે છે હોં !" ઠઠ્ઠા મશ્કરી કરતાં સઘળી મહિલાઓ ઉપર ગઈ અને ત્યાં દિવાનખાનામાં જઈને

વિશ્રામ લીધો. થોડીવાર રહીને જ્યારે પરસ્પરના સુખ સમાચારો તેમણે જાણી લીધા ત્યારે તેમને જરા સંતોષ થતો જણાયો. બેચાર ક્ષણ પછી વસુંધરાએ વાતનો આરંભ કર્યો; "બહેન ! અમારા જેવા માણસો પ્રભુમંદિર દર્શન કરવા રસ્તામાંથી ચાલીને જાય એ ઠીક છે, પરંતુ તમારા જેવી શ્રીમંત મહિલાઓ પણ જ્યારે પગે ચાલીને દર્શન કરવા આવે છે ત્યારે ખરેખર આશ્ચર્ય થાય છે હોં !"

"વસુંધરા ! તારા હૃદયમાં આવી શંકા કેમ ઉત્પન્ન થવા પામે છે તે જ હું સમજી શકતી નથી! અમે ગમે તેટલા શ્રીમંત હોઈએ અથવા રાજસત્તાપણું અમને વરેલી હોય તેથી શું અમારે એ રાજસત્તામાં ઘેલા થઈને અમારો નાશ થવા દેવો એમ તારી ઈચ્છા છે ! બહેન ! અમારી ચારે બાજુએ દુન્યવી સંપત્તિ લાધેલી છે. પરંતુ ખરું પૂછો તો હજીએ અમારા આત્મા જાણે કોઇ દિવ્ય વસ્તુ માટે અસંતોષી રહેતો હોય એમ અમોને લાગ્યા કરે છે, અને એ અપૂર્ણતા પૂરવા તરફ જ અંતર દોરાય છે !"

"તમારી અપૂર્ણતા દૂર કરો એ ઠીક છે પણ તેથી શું કુદરતે આપેલી બાદશાહી સમ્પતિ પણ ન ભોગવવી ? જિનમંદિરે દર્શન કરવા જો તમે રથમાં બેસીને આવતા હો તો નાગરિકો પણ પારખી શકેને કે તમે મહારાજ કૃષ્ણચંદ્ર મહારાજની સુદુહિતાઓ છે ?

"ઓ હો ! પણ એ જેને પરખાવવું જ ન હોય તેને શું ? જિન પ્રતિમા કે જે સાક્ષાત ત્રિલોકેશ્વરની પ્રતિમા છે તેની સામે આપણા શરીરની એવી તે શી મોટી વિશાત છે કે જેથી તેમને દર્શને આવતાં પણ પોતાની સાહ્યબી જણાવનારા સાધનો સાથે લાવવા ? ભગવાન અત્યંત ઉગ્ર છતાં અનંત શાંતિ આપનારા ત્યાગધર્મનો ઉપદેશ આપે છે; ત્યારે જો આપણે ખરેખરા પ્રભુભક્ત હોવાનો દાવો કરતા હોઈએ તો પ્રભુનો ત્યાગનો ઉપદેશ આપણા જીવનમાં ઉતારવો જ જોઈએ એ શું આપણી ફરજ નથી?"

" શા માટે નહિ, ફરજ તો ખરી જ, પણ એ ફરજ આજથી જ બજાવવાની શી જરૂર છે. હજી તો તમારી ઉંમર ઘણી નાની છે, મોટા થઈ એ ફરજ બજાવવાને માટે ઘણો અવકાશ છે !"

"ધર્મ સાધનામાં જાત, ઉંમર કે બીજું કાંઇ જોવાની આવશ્યકતા નથી. તેમ ધર્મનું આચરણ કરવામાં વિલંબ કરવો પણ યુકત નથી, શાસ્ત્રનું એ વચન છે કે આત્મા દુર્ગુણોમાં પડી રહેવાને અને તેમાં ઝપાટાબંધ વળી જવાને ટેવાયેલો છે. અને તેથી જ આત્માએ પ્રમાદ કર્યા વિના જેમ બને એમ ધર્મસાધનામાં તત્પર રહેવું જોઈએ. આ શાસ્ત્રવચન તમારા ધ્યાનામં રહેવા પામ્યું હોય એમ જણાતું નથી !"

હા, પણ તમે ધર્મસાધના કરો છો તે ભલે કરો, પરંતુ તે સારું તમારી કોમળ કાયા ઉપર ખાસ કરીને પરિશ્રમ શા માટે ઉઠાવો છો ? તે કાંઇ હું સમજી નથી.

"બહેન ! એથી જ હું એમ કહું છું કે તમે ધાર્મિક વિષયોનું અત્યંત ઓછું જ્ઞાન ધરાવો છો જાતે દેહ પર પરિશ્રમ વેઠીને અમે જ્યારે જ્યારે કાંઈ પણ ધર્મ કાર્ય કરીએ છીએ ત્યારે એ કાર્ય પૂર્ણ થવાનો જેવો સંતોષ હૃદયમાં થાય છે. તેવો સંતોષ અમે અન્ય કોઈ પણ સમયે ભોગવી શકતા નથી."

"ઠીક પણ વળી એ વાત સાચી છે કે તમોને પિતા શ્રી કૃષ્ણચંદ્ર મહારાજે શ્રી મતિ ભાગવતિ દીક્ષા અંગીકારવાની છૂટ આપી છે અને તમો સઘળી બહેનો થોડા જ દિવસમાં તમારો એ વિચાર અમલમાં લાવવા ઇચ્છો છો ? જો એમ હોય તો અમે આ સંબંધમાં હજી ઉંડો વિચાર કરેલો હોય એમ જણાતું નથી!

"બહેન ! વસુંધરા ! તું જે વાત કહે છે તે ઘટના સર્વથા સાચી છે. અમારો વિચાર લાંબા સમયથી દીક્ષા લેવાનો છે પરંતુ એ વિચાર અમલમાં મુકવો એ ઇષ્ટ નથી એમ કહેવાનો તારી પાસે શું પુરાવો છે!"

"જુઓ બહેન ! તમારું કુટુંબ એ દ્વારિકાનું રાજકુટુંબ છે. એટલે તમારી વધારે હકીકત તો અમોને

ક્યાંથી મળી શકે ! પરંતુ જે કાંઇ થોડા ઘણા સમાચારો બહાર આવે છે તે ઉપરથી જે અનુભવ બંધાય છે તે આધારે હું તમોને કહું છું. મેં સાંભળ્યું છે કે શ્રી કૃષ્ણચંદ્રજી તમે સઘળી દીક્ષા અંગિકાર કરો તેમાં સહાનુભુતિ દર્શાવે છે પરંતુ રાજમાતા તમારી દીક્ષાનો વિરોધ કરે છે માતાનો વિરોધ છતાં દીક્ષા અંગિકારશો અને વડીલોની આજ્ઞાનો લોપ કરશો તો તમે કરેલા ધાર્મિક કાર્યનું ફળ શું ? એ તો ઉલટો તમારા ઘરમાં કલહ દાખલ થશે !"

"બહેન ! તમારાં આ અનુમાનો સર્વથા ખોટા છે આત્મકલ્યાણ કરવું એ દરેક આત્માનો જન્મસિદ્ધ હક્ક હોઇ, તેમાં માતા, પિતા, ભગિની, ભ્રાંતા, વગેરેના સંબંધો વચ્ચે લાવવા એ ઈષ્ટ નથી. પણ તમે આટલી બધી ઉત્સુકતાથી આ વાત કરો છો એને મને કાંઇક ભેદ લાગે છે જો તમારી અમારી વચ્ચે આજ સુધી સાચી મિત્રતા રહેલી હોય તો મારી વિનંતી છે કે એ શું ભેદ છે તેનું અમારી આગળ નિરાકરણ કરો!"

"બહેન ! બાલ્યાવસ્થાથી આપણે સાથે મોટાં થયા છીએ. તમારી અમારી વચ્ચે અપૂર્વ મિત્રતા છે. તો પછી એટલી મૈત્રી છતાં તમારાથી કોઇપણ વાત ગુપ્ત રહે એ હું ઇચ્છતી નથી. રાજમાતા તમારી મારી વચ્ચેનો આ મૈત્રીનો સંબંધ જાણે છે અને તેથી જ તેમણે તમને દીક્ષા લેતી અટકાવવાનો ઉપદેશ આપવાનું કાર્ય મને સોંપ્યું છે. બહેન ! તમે દીક્ષા ગ્રહણ કરો તેમાં મને લેશમાત્ર પણ વાંધો નથી. પરંતુ તમારી માતાની આંખમાં આંસુઓ ભરેલા હોય તમારા વિયોગથી તે રડતી હોય ત્યારે તેને રડતી છોડીને તેને નિર્જન સંસારમાં રખડતી છોડીને ચાલી જવું એ શું તમોને ઠીક લાગે છે ? બીજું કાંઇ નહિ, તો માતા ઉપર દયા રાખીને પણ તમારે દીક્ષાનો વિચાર પડતો મૂકવાની જરૂર છે !"

"બહેન ! તમે જે કહો છો તે વાત માતાએ પણ અમોને વારંવાર કહી છે પરંતુ અમારો શ્રીમતી દીક્ષા ગ્રહણ કરવાનો દૃઢતર નિશ્ચય જોઇને જ તેમણે તમને આ કાર્ય સોંપ્યું હોય એમ અમે ધારીએ છીએ! બહેન-વસુંધરા, એ સત્ય તો તું પણ સારી પેઠે જાણે છે ને કે આ સંસાર અનિત્ય છે, કર્મ સંજોગોને લીધે મા, બાપ, ભાઇ ભગિની વગેરે સઘળાં આવી મળે અને કર્મસંજોગ પૂરો થાય કે સહુ કોઇ પોતપોતાને પંથે પડે છે !"

"બેશક ! તમારી એ વાતોમાં કંઇ જ શક નથી, તેથી જ તો મહાત્માઓ આ સંસારને અનિત્ય, નાશવંત અને દુઃખકારી જણાવે છે !"

"ત્યારે હવે તું જ વિચાર કર ! જે બંધનો કાળ બળાત્કારે તોડી નાંખે છે તે બંધનો જાણી જોઇને પોતાને હાથે જ તોડી નાંખવા એમાં શું ખોટું છે ? વિચાર કર, કે કોઈ માતાનો એકનો એક પુત્ર હોય અને તેને કૃતાંત કાળ ઝડપી લે, એ તેને માટે વધારે દુઃખનો વિષય છે કે એ યુવાન સ્વેચ્છાએ દીક્ષા લે એ વધારે દુઃખનો વિષય છે ? જે બંધનો તૂટવા માટે જ નિર્માણ થયા છે, તે બંધનો કાળ તોડે તેના કરતા સ્વેચ્છાએ જ એ બંધનો તોડવા એ વધારે સારું છે !"

"પણ તમે દીક્ષા અંગીકાર કરો અને પાછંળ તમારી વૃદ્ધ માતા તમારા વિરહથી ટળવળતી રહે, એને તમે યોગ્ય ધારો છો ? માતા પિતા સંતાનોની સેવાસુશ્રુષા કરીને તેને મોટા કરે છે તેમને એ સંતાનોને હાથે સુખ મળવાની આશા તો ખરી જને ?

"સંસારીના કર્તવ્ય તરીકે માતા પિતાની સેવા એ સર્વોત્તમ વસ્તુ છે એ વાત તો આ જગતનાં સઘળા દર્શનકારોએ માન્ય રાખી છે, પછી તેનો નિષેધ કેમ કરી શકાય ? પરંતુ આત્મા પોતાની ફરજ બજાવવાના કાર્યમાં પણ સ્વતંત્ર છે એ વાતનું વિસ્મરણ તો ન જ થવા

દેવું જોઈએ. આત્મા જો પોતાના ઉદ્ધારના કાર્યમાં વળગી જાય તો તેની અન્ય સામાજીક ફરજોનો લોપ થઈ જાય છે!"

મહારાજ શ્રીકૃષ્ણચંદ્રજીની પુત્રીઓ અને તેમની એક સખી વસુંધરા આ પ્રમાણે વાર્તાલાપ કરી રહ્યા હતા. વસુંધરા તેમને દીક્ષા અંગિકાર ન કરવા સમજાવી રહી હતી અને શ્રીકૃષ્ણની દુહિતાઓ તે સામે પોતાના વિચારો પ્રદર્ષિત કરી રહી હતી. એટલામાં તેમના બારણા તરફ એક સુંદર રથ આવતો જણાયો રથની અનુપમ શોભા ત્યાં જતા આવતા લોકોને મુગ્ધ કરી રહી હતી. રથને સુંદર અશ્વો જોડેલા હતા ઉપર ધ્વજ ફરકી રહ્યો હતો અને તેનો દમામદાર દેખાવ સુહ કોઈના હૃદયને હચમચાવી નાંખતો હતો અશ્વોના હાલવાથી તેમના ગળામાં બાંધેલાં ઘુઘરાઓનો ખણખણ નાદ થતો ઉપર રંગ ભુવનમાં સંભળાયો અને કોણ આવે છે એ જોવાની ઉત્સુકતાથી વસુંધરા વગેરે સઘળી સખીઓએ પોતાની આંખો તે દિવ્ય રથ ઉપર ઠારવ માંડી, તે રથ બરાબર વસુંધરાના બારણામાં આવીને ઉભો રહ્યો. અપૂર્ણ.

-: સચિત્ર :-

શ્રી બારસા સૂત્ર

શ્રાવણ પૂર્ણિમાના દિવસે બહાર પડી ચૂક્યાં છે.

મૂલ્ય..... બાર .....રૂપિયા.

વર્ષો થયાં જૈન જનતા જેની રાહ જોઈ રહી હતી, તે કિંમતી ગ્રંથ જર અને જહેમતના મોટા ભોગે થઈ ગયો છે. આવો ગ્રંથ આજ સુધીમાં કોઈ પણ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયો નથી !

જાણો છો ?

શ્રી સંવત્સરીના દિવસે આ બારસા સૂત્ર વાંચતી વખતે ચિત્રોવાળી પ્રતની જરૂર પડે છે અને કેટલેય સ્થળે મુશ્કેલી પડે છે. એટલે દરેક ગામમાં આ પુસ્તકની એક નકલ તો જરૂર જોઈશે ! અને આ તો-

પુસ્તક શું પણ કળાનો અદ્‌ભુત નમુનો છે !

તાડપત્રની પ્રાચીન પ્રત ઉપરથી રંગ-બેરંગી સોનેરી અને રૂપેરી ચિત્રોના ખાસ બ્લોકો બનાવી આમાં છપાવ્યા છે. આખુંય પુસ્તક ઉંચી જાતના આર્ટ-પેપર ઉપર અને તે પણ નિર્ણયસાગર પ્રેસમાં છપાવ્યું છે. ૮૮ રંગીન ચિત્રો, આર્ટ પેપર અને આંખે ઉડીને બાઝે એવી છપાઇ, પછી વધારે શું જોઈએ ? એથીજ આના તો-

અગાઉથી જ ગ્રાહકો નોંધાયા હતા !

અગાઉથી થયેલા ગ્રાહકો જોતાં માત્ર ગણત્રીની પ્રતો બાકી રહેશે, માટે જેઓએ અગાઉથી ગ્રાહક તરીકે નામ નોંધાવ્યું હોય, તેમણે તુરતજ આ ગ્રંથ મંગાવી લેવા વિનંતિ છે. માટે પાછળથી-

પસ્તાવું પડે નહિ તે માટે આજે જ

નીચેના સરનામે એક પોસ્ટ કાર્ડ લખીને વી. પી. થી આપની નકલ મંગાવી લેશો !

-: ખાસ નોંધી લેશો કે :-

બારસા સૂત્ર મંગાવતી વખતે પોતાનો એડવાન્સ નંબર લખી જણાવશો.

આ શ્રી કલ્પસુત્ર બારસા સચિત્રમાં કોઈ પણ જાતનું કમીશન આપવામાં નહિ આવે, તેમજ કોઈને પણ ભેટ આપવામાં આવશે નહિ !

લખો:-

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, ગોપીપુરા-સુરત.

સુધા સાગર

[નોંધઃ-સકલ શાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી. આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયગંમ દેશનામાંથી ઉધ્ધૃત કરેલ કેટલાક સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજજી પાસેથી મેળવી ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોધ છે એમ ધારી અમે અત્રે આપીએ છીએ. તંત્રી]

૬૭૫ કોઈપણ જીવને ત્યાગમાર્ગમાં જોડીને તારકના માર્ગમાં મૂકવો એ આચાર્યનું મુખ્ય કર્તવ્ય છે.

૬૭૬ "સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ :" એ જ જૈનસૂત્ર છે.

૬૭૭ સમ્યગ્પણાનું દર્શન થાય, તો જ તે પછીનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે અને ચારિત્ર તે સાચું ચારિત્ર છે.

૬૭૮ વિશુદ્ધ અને કલંકરહિતપણે જૈનસિદ્ધાંત દેખાડવો એ જ આચાર્યનું મુખ્ય કર્તવ્ય છે.

૬૭૯ બીજાના આત્માને આશ્રવથી બચાવવા, સંવરમાં દોરવા, નિર્જરામાં નિપુણ કરવા અને બંધથી રોકવા માટે જે પ્રયત્ન કરવો તે ઉપકારની ઉત્તમ કક્ષા છે.

૬૮૦ દર્શન, જ્ઞાન અને ચારિત્રની પૂર્વે જેઓ સમ્યગ્પદ લગાડતા અચકાય છે, તેઓ સત્યજ્ઞાનના ભોગે દૂન્યવી જ્ઞાનની પાછળ ઘેલા થયેલા છે.

૬૮૧ જૈન શાસનમાં દેવ, ગુરુ અને ધર્મ એ સઘળાની વ્યવસ્થા પવિત્ર આચાર ઉપર જ કરવામાં આવી છે એ (આચારને) જે ભૂલી ગયા છે તે જૈનત્વના હાર્દને જ ભૂલી ગયા છે.

૬૮૨ યાદ રાખો કે આચાર ગમે તેવો પવિત્ર હોય તે છતાં તેવા આચારવાળાને પણ ગીતાર્થની નિશ્રામાં રહેવું એ તો અન્યાવશ્યક છે જ:

૬૮૩ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને ચારિત્ર એ જ્ઞાન અને ચારિત્ર જ નથી.

૬૮૪ ધર્મમાં તન્મયતા પ્રાપ્ત કરનારે સૌથી પહેલાં આત્માને સંસ્કારોથી પૂર્ણપણે યોગ્ય બનાવવો ઘટે છે.

૬૮૫ સમ્યગ્દૃષ્ટિ આત્મા આરંભ સમારંભ પરિગ્રહ વિષયકષાયાદિમાં જોડાયેલો છે પરંતુ તે છતા તેની દ્રષ્ટિ તો એક માત્ર ધર્મ ઉપર જ રહે છે.

૬૮૬ અનંતાનુબંધીકર્મ એટલે અનંત સંસારની પરંપરા બંધાવનાર કર્મનો નાશ થયો હોય, ત્યારે

ક્ષયોપશમાદિ એટલે આત્મિક પરિણામ રૂપ દ્રષ્ટિ મોક્ષ તરફ જાગૃત રહે અર્થાત્ સમ્યગ્દર્શન થાય છે તેની જ દ્રષ્ટિ તત્વ તરફ રહી શકે છે.

૬૮૭ ચૌદ પૂર્વો, અગીયાર અંગ, અને બાર ઉપાંગ, એ તમામ ચાલુ વહીવટની મિલકત છે.

૬૮૮ નવકારને સંસ્કાર તરીકે આત્મામાં પચાવી જવો એટલે આત્માને નવકારમય બનાવી દેવો એ મુશ્કેલ છે.

૬૮૯ પરંતુ ચૌદ પૂર્વાદિને સંસ્કારરૂપે આત્મામાં પચાવી જવા એ નવકાર કરતા વધારે મુશ્કેલ છે.

૬૯૦ સાંઠ સીત્તેર કે હજારો વર્ષની જીંદગીનું ડહાપણ મરણના ભય આગળ નાશ પામે છે.

૬૯૧ અરિહંત અને સિધ્ધ એ બંન્નેને સંસારમાં રખડાવનાર એકે કર્મ બાકી રહેવા પામ્યું નથી એથી જ તેઓ બંન્ને સંપૂર્ણ સમૃધ્ધિવાન કહેવાય છે.

૬૯૨ આત્મામાં ઉપજેલી ધર્મ પ્રત્યેની અશ્રદ્ધા તો આત્મા પોતે ટાળી શકે છે પરંતુ મિથ્યાત્વીઓને યોગે સુદેવો, સુગુરૂઓ અને સુધર્મ પરત્વે ઉપજેલી અશ્રદ્ધા ટાળવા તો પૂ. આચાર્ય,, પૂ. ઉપાધ્યાય અને પૂ. સાધુઓની જ આવશ્યકતા છે.

૬૯૩ સાધુના સમાગમ અને ઉપદેશ વિના સુશ્રાવકના શ્રાવકપણામાં પણ ક્ષતિ ઉત્પન્ન થવાના જરૂર સંભવો છે.

૬૯૪ સંપૂર્ણ સાધુપણું અને કેવળજ્ઞાન એ બેની વચ્ચેનું આંતરૂં તો માત્ર બે ઘડીનું જ છે.

૬૯૫ હજારો જીવોની હિંસા કરતાં એક જીવની અનુકંપા અનુમોદનીય છે, અને તે માટે મેઘકુમારનું દ્રષ્ટાંત બસ છે.

૬૯૬ ત્યાગ ધર્મથી યુક્ત ન હોય એવું જ્ઞાન જે મેળવે છે તે માત્ર લાકડાના ભારને વહન કરનારા ગર્દભ જેવો છે.

૬૯૭ કાલધર્મ પામેલા સાધુ મહારાજાઓથી તીર્થ મનાયું જ નથી, પરંતુ વિદ્યમાન સાધુઓથી જ તીર્થ કાયમ છે.

૬૯૮ ચૌદ રાજલોકના જીવોની દ્રવ્ય દયા કરતા એક જ જીવની ભાવદયા વધારે કિંમતી છે.

૬૯૯ ભાવદયા તરફ દુર્લક્ષ કરાવીને; જેઓ દ્રવ્યદયાની મહત્તાને વધારે જણાવે છે તેઓ હીરાને મૂકીને વધારે પ્રકાશ મારતાં કાચના કટકાની ખરીદી કરનારા છે.

૭૦૦ શાસ્ત્રાયજ્ઞાન એ સંપૂર્ણ મર્યાદા સાથેનું અને સદ્જ્ઞાન હોવાથી તે આત્માને એકાંતે કલ્યાણ સિદ્ધ કરી આપે છે.

૭૦૧ દુનિયાદારીનું જ્ઞાન ધર્મભાવનાને ઉત્પન્ન તો નથી જ કરતું, પરંતુ જો ધર્મ ભાવના હોય તો પણ તેનો નાશ કરી નાંખવાની જ તે પ્રવૃત્તિ કરે છે.

જૈન સાહિત્યના રસિકો માટે

નંબર	નામ.	અસલ કિંમત	ઘટાડેલી કિંમત
૧	પયરણસંદોહ (અનેક પૂર્વાચાર્યકૃત)	૧-૦-૦	૦-૧૨-૦
૨	પંચાશકાદિ દશના (પ્રૌઢ ગ્રંથોના) અકારાદિ	૪-૦-૦	૩-૮-૦
૩	દેશના સંગ્રહ (હિન્દી)	૦-૮-૦	૦-૬-૦
૪	મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ	૦-૧૨-૦	૦-૧૦-૦
૫	જ્યોતિષ્કકરંડક શ્રી મલયગિરિજીકૃત ટીકાયુક્ત	૩-૮-૦	૩-૦-૦
૬	પંચાસકાદિ આઠ (પ્રૌઢ) શાસ્ત્રો મૂલ	૪-૦-૦	૩-૪-૦
૭	અનુયોગદ્વારચૂર્ણિ ને હારિભદ્રીવૃત્તિ	૨-૦-૦	૧-૧૨-૦
૮	દ્રવ્યલોકપ્રકાશ	૨-૦-૦	૧-૮-૦
૯	ક્ષેત્રલોકપ્રકાશ	૨-૮-૦	૧-૧૪-૦
૧૦	પંચવસ્તુ સ્વોપજ્ઞ	૩-૦-૦	૨-૪-૦
૧૧	પ્રવચનસારોદ્ધાર-ઉતરાર્ધ	૪-૦-૦	૩-૦-૦
૧૨	યુક્તિપ્રબોધ સ્વોપજ્ઞ (ઉપાધ્યાય મેઘવિજયજીકૃત)	૧-૧૨-૦	૧-૮-૦
૧૩	પ્રત્યાખ્યાનાદિ (વિશેષણવતી ને વીશ વીશી સહિત)	૧-૪-૦	
૧૪	આવશ્યકપૂર્વાર્ધ (મલયગિરિજી કૃત)	૪-૦-૦	૩-૦-૦
૧૫	પ્રકરણસમુચ્ચય (અંગુલસપ્રતિ આદિ)	૧-૪-૦	૧-૦-૦
૧૬	અહિંસાષ્ટક સર્વજ્ઞસિદ્ધ-ઐન્દ્રસ્તુતિ	૦-૮-૦	
૧૭	નંદિચૂર્ણિ ને (હારિભદ્રીવૃત્તિ)	૧-૮-૦	૧-૪-૦
૧૮	વિશેષાવશ્યક ગાથાનુક્રમ	૦-૫-૦	૦-૩-૦
૧૯	પ્રવચનસારોદ્ધાર-પૂર્વાર્ધ	૩-૦-૦	૨-૪-૦
૨૦	પ્રવજ્યા વિધાનકુલક આદિ (ઇર્યાપથિકા ૩૬ સહિત)	૦-૬-૦	૦-૩-૦
૨૧	દશ પયન્ના છાયા સહિત	૨-૦-૦	૧-૮-૦
૨૨	વંદારૂવૃત્તિ	૧-૪-૦	
૨૩	ઋષિભાષિત	૦-૩-૦	૦-૨-૦
૨૪	નવપદ બૃહદ્વૃત્તિ	૪-૦-૦	૩-૦-૦
૨૫	સૂક્તમુક્તાવલી	૨-૦-૦	૧-૮-૦
૨૬	નંદિઆદિ સાતના અકારાદિ ને વિષયાનુક્રમ	૨-૦-૦	૧-૮-૦
૨૭	વિચાર રત્નાકર	૩-૦-૦	૨-૪-૦
૨૮	આવશ્યક ટીપ્પણ	૧-૧૨-૦	૧-૪-૦
૨૯	શ્રીદશવૈકાલિકસૂત્રની ચૂર્ણિ	૪-૦-૦	- - -
૩૦	શ્રી પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન	૦-૪-૦	- - -
૩૧	સાધુ આવશ્યક ક્રિયાના સૂત્રો	ભેટ-પોસ્ટેજ	બીડો

તા. ક.:- ઉપરના પુસ્તકો ઘટાડેલી અને મૂળ કીંમતે આસો માસ સુધી મળશે.

મળવાનું ઠેકાણું:-શ્રી જૈન આનંદ પુસ્તકાલય, ગોપીપુરા-સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

પર્વાધિરાજ -

પર્યુષણા પર્વ.

આસન્નોપકારી ચરમતીર્થંકર પ્રભુ મહાવીરદેવને આજે ૨૪૦૦ વર્ષ ઉપરાંત થઈ ગયાં છે, છતાં એ લોકોત્તર વિશિષ્ટ વ્યક્તિના વિસ્તારપૂર્વક જીવનરહસ્યો, પુરિષાદાની પ્રભુ પાર્શ્વનાથાદિ ત્રેવીસ તીર્થંકરોનાં ઝળહળતાં જીવનો, અને એ જ જીવન-રહસ્યોને ઝીલનારા અનેક મહાત્માઓના મહાન જીવન પ્રસંગોના પૂનિત વારિપ્રવાહો સમસ્ત જૈન સમાજને પાવન કરે છે, કર્યા છે અને કરશે એ નિર્વિવાદ છે અને તેનું જ નિયત શ્રવણ જેમાં થાય છે તે જ આ પર્યુષણા પર્વ છે ! ! !

પાપ પ્રક્ષાલન કરવા માટે, પુણ્યભંડાર ભરવા માટે, સંવરની સુંદર સરિતામાં નિમજ્જન કરવા માટે અને નિર્જરાના નિર્મળ ઝરણાં ઝરાવવા માટે આ પૂનિત દિવસો પરમ મહર્ષિઓએ નિયત કર્યા છે અને તેનું જ નામ પર્યુષણા પર્વમય અષ્ટાન્હિકા છે એ સર્વ કોઈ સારી રીતે સમજે છે.

શાસ્ત્રકારોએ સૂચન કરેલાં વિધાન મુજબ ભવ્યાત્માઓ જો ત્રિકરણ યોગે એ આઠ દિવસમાં કમ્મર કસે, મોહરાજની સામે ધસે અને ઈષ્ટ સિદ્ધ કરવાને યથાશક્તિ ઉદ્યમ કરે તો જરૂર પર્યુષણાપર્વની આરાધના ફળવતી બને તેમાં શંકાને સ્થાન જ નથી ! ! !

પર્યુષણાના પૂનિત દિવસો, અને તે અંગે કલ્પવાચન-મનન-તપ-જપ આદિમાં એકતાર બનેલો ચતુર્વિધ સંઘ કેટલો ભાગ્યશાળી છે તે કહેવું અકથ્ય છે એમ કહી દેવામાં લેશભર અતિશયોક્તિ નથી.

પર્યુષણા પર્વની આરાધનામાં લીન બનેલા ભાગ્યશાળીઓ આ મહા પર્વને નિર્જરાનું અમોઘ સાધન માનીને નિર્વિઘ્ન પાર પડે તે હેતુથી ભવ્યાત્માઓ મહિના-પંદર દિવસ પહેલાં નવજલધર માટે મોરની જેમ ઝંખના કરે છે.

એ પર્વાધિરાજ પર્યુષણા પર્વ પ્રબળ પુણ્યે સાંપડ્યું છે. આરાધના કરી કૃતાર્થ થવું એ જ પુણ્યાત્માઓનું કર્તવ્ય છે.

ચંદ્રસા.

REGISTERED NO. B. 3047.

સિદ્ધચક્રને શરણે.



શ્રી સિદ્ધચક્ર



પ્રથમ વર્ષ અંક ૨૩ મો.	મુંબઈ, તા. ૪-૯-૩૩, સોમવાર ભાદરવા - સુદ - ૧૫))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

અચ્છારીવાલા શેઠ રાયચંદ ગુલાબચંદ તરફથી ૧૦૧ નકલો અને ભરૂચવાળા શા. મનસુખલાલ ધરમચંદ તરફથી ૧૨ નકલો સાધુ સાધ્વીને વાંચન-મનન કરવા માટે મોકલવામાં આવી છે.

ભાવના



(ગઝલ)

[૧]

પ્રભાકરના કિરણ પૃથ્વી પુનિત તેજે ઉજાળે છે !
તિમિર સંસારનો પળમાં જુઓ ! પ્રતિરોજ ટાળે છે !
અમારું આ હૃદય તેવું પરમ પ્રતિભા સદા ધારો !
અને ઉરના વિકારોને હવે તે રોજ સંહારો !

[૨]

ચમકતા ચંદ્રની ઉર્મિ મધુરતા વિશ્વને આપે !
સકલ સંતાપ સૃષ્ટિના નિરંતર તે જુઓ કાપે !
અમારું આ હૃદય તેવું મધુરતાને પ્રકટ કરજો !
સનાતન પાપના ભાવો હવે કાયા થકી મરજો !

[૩]

હિમાલયની દિવાલો શી દીપે છે વજ્રના જેવી !
અજબ આનંદની વૃષ્ટિ કરે છે તે સદા કેવી !
અમારા દેહ દિલ બન્ને અડગ એવા બની જાઓ !
અને ઉરમાં ખરી સ્થિરતા હવે દરરોજ ઉભરાઓ !

[૪]

જુઓ ગંગા તણાં જલ તે વહે છે શાંતતા ધારી !
દીધો છે અંક ભારતનો અહા ! તેણે જ શણગારી !
અમારું આ જીવન તેવું સદાએ શાંત થઈ જાઓ !
વિકારોના વિચારો ના જીવનમાં લેશ ઉભરાઓ !

અશોક.

卐 શ્રી સિદ્ધચક્ર. 卐

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમની** મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ
અંક ૨૩ મો

મુંબઈ, તા. ૪-૯-૩૩, સોમવાર.
ભાદરવા સુદ ૧૫

વીર સંવત્ ૨૪૫૯
વિક્રમ ,, ૧૯૮૯

સિદ્ધચક્રને શરણે

પ્રિય વાંચકો ! સિદ્ધચક્રનું વાચન આજે મહિનાઓ થયા આપને પીરસવામાં આવે છે. એ દિવ્ય તત્વની ઝાંખી, દિવસો થયા તમારી આગળ ધરવામાં આવે છે અને એ રસથાળમાંથી ભાવતું ભોજન લઈને તમે પણ તમારી તૃષા અને ક્ષુધાને શાંત પાડી છે હવે એના પુણ્ય પનોતા દિવ્ય દિવસો આગળ આવી રહ્યા છે એ દિવસો તમે શી રીતે ઉજવશો, એ મહાન ઉત્સવોને યોગ્ય તમોએ શી તૈયારી કરી છે તે પરમોપકારી તીર્થંકર દેવોએ આપણા ઉપર જે ઉપકારની ધારા વરસાવી છે તેનો બદલો તમે કઈ સામગ્રીથી વાળવા માંગો છો ? પ્રિય વાંચકો ! એ હિસાબ તૈયાર કરવાની "સિદ્ધચક્ર" તમોને આજે યાદ દેવાડે છે !

જૈનત્વની ભાવના અન્યશાસનના જેવી નથી જ. રંગરાગ અને માયામોહને પહેલેથી જ વિદારવાની એની દૃઢ પ્રતિજ્ઞા છે. સંસારની સારહિનતા એ જ શાસને જગતને બુલંદ અવાજે જાહેર કરી છે અને આત્માની અપૂર્વ શક્તિ એ જ જૈનત્વે સમસ્ત સંસારને દર્શાવી છે એ જૈનધર્મના તહેવારો-પર્વ દિવસો કેમ ઉજવવા એનો જવાબ આપવો સહેલો નથી આજ સુધી

સિદ્ધચક્રે એની એ એક જ વાત વાંચકોના મુખ આગળ રજુ કરી છે કે ધર્મ ધર્મ અને ધર્મ ! ધર્મ સાધના વિના કલ્યાણ નથી, ધર્મ સાધના વિના શાશ્વત શાંતિ નથી અને ધર્મ સાધના વિના આત્માનો ઉદ્ધાર નથી. જૈનસાહિત્યે જણાવેલી અને સિદ્ધચક્રે સમજાવેલી આ વાત જો તમારા હૈયામાં ઠસી ગઈ હોય તો તમારે આજે જ એ વાતનો વિચાર કરી લેવો ઘટે છે કે સિદ્ધચક્રના એ આગામિ મહાપવિત્ર દિવસો તમારે શી રીતે ઉજવવા છે.

ચક્રવર્તી મહારાજાઓની કથા વારંવાર આપણે પ્રાચીન ઈતિહાસોને પાને વાંચી છે, આજે ભારતવર્ષના એ સદ્‌ભાગ્ય નથી રહ્યા કે પ્રાચીન શાસ્ત્રો અને ઈતિહાસ ગ્રંથોમાં જેવા બનાવો બનેલા જણાવ્યા છે, તેવા બનાવો અવલોકવાનું સદ્‌ભાગ્ય આપણા નયનોને મળી શકે પણ ઈતિહાસ ગ્રંથોમાં એ તો આપણે અનેક વેળાએ વાંચ્યું છે કે ચક્રવર્તી મહારાજાઓ પોતાની દિગ્વિજયી પતાકા ફરકાવતા જ્યાં જ્યાં પ્રસ્થાન કરે છે ત્યાં ત્યાં ચક્ર એમની આગળ હોય છે અને ચક્રની પાછળ પાછળ આ નરપુંગવો ચાલે છે.

એ જ સ્થિતિ અહીં સાચા જૈનની હોઈ શકે. ચક્રવર્તી મહારાજાઓ એ ચક્રના અનુયાયીઓ છે. એમનું માર્ગદર્શક તે ચક્ર છે અને અહીં આપણો માર્ગદર્શક કોણ છે ! પ્રિય વાંચકો ! વિચાર કરો, કે જ્યારે આ સંસાર મોહ માયામાં ઘેરાયેલો હતો ! પરંપરાથી આત્મા અનેક દુઃખ રોગ પરિશ્રમ અને ઉપાધિઓથી શ્રમિત બનીને નિશ્વાસ નાંખી રહ્યો હતો અનંત સંકટો દેહને દળી રહ્યા હતા આત્માને ઘેલો બનાવી રહ્યા હતા ધર્મને નામે અધર્મની સ્વારી આ પવિત્ર ભારતવર્ષ ઉપર આક્રમણ કરી રહી હતી પ્રકાશના પગલાં જરાય જણાતા ન હતા અને અંધકાર ચારે તરફ ફેલાઈ રહ્યો હતો ત્યારે આ અંધકારથી પરિપૂર્ણ એવા જગતને સત્યનો ન્યાયનો નીતિનો ધર્મનો રસ્તો કોણે દર્શાવ્યો હતો ?

પ્રાચીન યુગની-અતિ પ્રાચીન યુગની સંસ્કારિતાને જ્યારે સ્મરણ પથમાં તાજી કરીએ છીએ ત્યારે હૈયામાં શોક અને સંતાપ ઉભરાયા વિના રહેતા નથી ! એક કલ્પના કરીએ આપણે આપણી પાછળ વહી ગયેલા વર્ષોની પરંપરાને જરા નિહાળી લઈએ અને તત્સમયનો દેખાવ દ્રષ્ટિપંથમાં તાજો કરીએ તો શું દેખાય છે ? આજે જે સંસારે પોતે સભ્ય હોવાનું સગર્વ જણાવે છે કે તે જ સંસાર મોહ અને માયામાં ઊંઘતો શ્વાસ લેતો અને આંખો ખેંચતો જણાય છે. માનવ પશુઓને માતા પિતા ભાઈ ભગિનીઓનું પણ જ્ઞાન નથી. સત્યને તેઓ ભૂલી ગયા છે. અને અસત્ય અધમતા અનાચાર અને પાપ લીલાની જ પતાકા સર્વત્ર ફરકે છે. પ્રિય વાંચક ! એ વેળાએ સત્ય ધર્મનો વાવટો ફરકતો રાખનારા, સત્ય તત્વને સમજાવનારા, સમ્યક્‌ત્વના તત્વને શોધીને તેનો વિશ્વને પ્રકાશ આપનારા કોણ હતા ?

અને એ પરમ પ્રકાશને પૃથ્વી પર રેડયા પછી એ પ્રકાશને ઝીલી રાખનારા, તેને સમાજને સમજાવનારા અને એ પ્રકાશના પ્રાણીમાત્રને દાન દઈને તેને માનવતાથી વિભૂષિત કરનારા કોણ હતા ! પ્રિય વાંચક ! પૃથ્વી ઉપરના એ ઘોર અંધકારને મટાડનારા, તેનો નાશ કરનાર, એ અંધકારમાં પૂર્ણપ્રકાશ ફેલાવનારા અને એ પ્રકાશને ઝીલી રાખીને તેને પરંપરાએ

જાગૃત રાખનારા એ જ સિદ્ધચક્રના દૈવી ચક્રધરો છે. વાંચક ! તું એ પાત્રોનો અનુયાયી છે અને તેથી જ એ સિદ્ધચક્રની દ્રઢ ઉપાસના કરવી એ તારું પરમ અને ગહન કર્તવ્ય છે. સિદ્ધચક્રને જ શરણે થવાની તારી પહેલી ફરજ છે.

સામાજીક ઉત્સવો વખતે આપણા હૈયામાં કેટલો પ્રેમ ! કેટલો ઉત્સાહ અને કેટલી પ્રીતિ હોય છે ! તેવો જ પ્રેમ અને ઉત્સાહ આપણે એ સિદ્ધચક્રની આરાધનામાં શા માટે ન રાખી શકીએ. "સિદ્ધચક્ર" આજે પોતાની ફરજ બજાવતા તેના સઘળા ગ્રાહકોને યાદ દેવાડે છે કે બંધુઓ ! સિદ્ધચક્રના એ પુણ્ય પનોતા ઉત્સવો આવી રહ્યા છે ! ઉઠો ! જાગૃત થાઓ ! અને ધર્મોત્સવોને ઉજવવાની ઘટતી તૈયારી કરો ! અને એ તૈયારીમાં જ તમારા જીવનની સફળતા અને આત્માનો આનંદ છે એ ન ભૂલો.

-: સચિત્ર :-

શ્રી બારસા સૂત્ર

શ્રાવણ પૂર્ણિમાના દિવસે બહાર પડી ચુક્યાં છે.

મૂલ્ય..... **બાર** .....રૂપિયા

વર્ષો થયાં જૈન જનતા જેની રાહ જોઈ રહી હતી, તે કિંમતી ગ્રંથ જર અને જહેમતના મોટા ભોગે થઈ ગયો છે. આવો ગ્રંથ આજ સુધીમાં કોઈ પણ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયો નથી !

જાણો છો ?

શ્રી સંવત્સરીના દિવસે આ બારસા સૂત્ર વાંચતી વખતે ચિત્રોવાળી પ્રતની જરૂર પડે છે અને કેટલેય સ્થળે મુશ્કેલી પડે છે. એટલે દરેક ગામમાં આ પુસ્તકની એક નકલ તો જરૂર જોઈશે ! અને આ તો-

પુસ્તક શું પણ કળાનો અદ્‌ભુત નમુનો છે !

તાડપત્રની પ્રાચીન પ્રત ઉપરથી રંગ-બેરંગી સોનેરી અને રૂપેરી ચિત્રોના ખાસ બ્લોક બનાવી આમાં છપાવ્યા છે. આખુંય પુસ્તક ઉંચી જાતના આર્ટ-પેપર ઉપર અને તે પણ નિર્ણયસાગર પ્રેસમાં છપાવ્યું છે. ૮૮ રંગીન ચિત્રો, આર્ટ પેપર અને આંખે ઉડીને બાઝે એવી છપાઇ, પછી વધારે શું જોઈએ ? એથીજ આના તો-

અગાઉથી જ ગ્રાહકો નોંધાયા હતા !

અગાઉથી થયેલા ગ્રાહકો જોતાં માત્ર ગણત્રીની પ્રતો બાકી રહેશે, માટે જેઓએ અગાઉથી ગ્રાહક તરીકે નામ નોંધાવ્યું હોય, તેમણે તુરતજ આ ગ્રંથ મંગાવી લેવા વિનંતિ છે. માટે પાછળથી-

પસ્તાવું પડે નહિ તે માટે આજે જ

નીચેના સરનામે એક પોસ્ટ કાર્ડ લખીને વી. પી. થી આપની નકલ મંગાવી લેશો !

-: ખાસ નોંધી લેશો કે :-

બારસા સુત્ર મંગાવતી વખતે પોતાનો એડવાન્સ નંબર લખી જણાવશો.

આ શ્રી કલ્પસુત્ર બારસા સચિત્રમાં કોઈ પણ જાતનું કમીશન આપવામાં નહિ આવે, તેમજ કોઈને પણ ભેટ આપવામાં આવશે નહિ !

લખો:-

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, ગોપીપુરા-સુરત.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

આગમોદ્ધારકની અમોઘ દેશના.

સમ્યક્ત્વ-અને-
તેનાં આભૂષણો.

સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે વિચાર પલટાની સૌથી પહેલી જરૂર છે.-શુદ્ધ વિચારોનું મહત્વ.-રાગ સારો કે ત્યાગ ?-સમ્યક્ત્વ એટલે શું ?-મોક્ષમાર્ગનો સેનાપતિ કોણ ? જગતમાં અનાદિકાળથી શું ચાલતું હતું ?-આત્માનો મુરબ્બી કોણ-વિષયોની પ્રાપ્તિ એ હિત કે વૈરાગ્યની પ્રાપ્તિ તે હિત !-ગ્રંથીભેદ એટલે શું ? એ ગ્રંથીભેદ ક્યારે હોઈ શકે ? પ્રતિક્રમણમાંથી ઉઠ્યા એટલે તમારી ફરજ પૂરી થઇ એમ માનતા નહિ !-ઉપવાસના પારણા કરતી વખતે દીલમાં કઈ ભાવના હોવી જોઈએ ?-ભક્તિ જોઈએ પણ વિભક્તિ નહિ !-આશ્રવ બંધનો રસ લીલો છે તે સુકાવો જોઈએ, અને સંવરનિર્જરાનો રસ લીલો થવો જોઈએ !-સ્વપ્નામાં પણ પિત્તળ મળે તો આનંદ નથી આવતો, સોનું મળે તો આનંદ આવે છે.-સમ્યક્ત્વના આભુષણો કેટલા છે ? - એ આભુષણોથી જ સમ્યક્ત્વ શોભે છે, અન્યથા નહિ જ ! ! *

વિચાર પલટો કરો.

શા

સ્ત્રકાર મહારાજા કલિકાળસર્વજ્ઞ ભગવાન હેમચંદ્ર સૂરિશ્વરજી એ ભવ્ય જીવો કે જેવો મોક્ષની અભિલાષા રાખે છે. તેમને ઉપદેશ આપતા એવું સૂચન કર્યું છે કે જેઓ મોક્ષની આશા રાખે છે તેમણે પોતાની ઇચ્છા પાર પાડવાને માટે સૌથી પહેલાં પોતાના અનાદિના વિચારોનું પરિવર્તન કરવાની જરૂર છે. જ્યાં સુધી એ અનાદિના વિચારોમાં પરિવર્તન ન થાય અને શુદ્ધ વિચારોને ગ્રહણ કરવામાં ન આવે ત્યાં સુધી આત્માને મોક્ષ મળી શકે એ શકય જ નથી ! ! !

---

* શાસન પ્રભાવક, સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્ત્રાવી, આગમાભ્યાસી, સાહિત્ય સંશોધક, ગુર્જર ભાષા ભુષણ આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરિશ્વરજી મહારાજાશ્રીએ સુરત ખાતે ધી યંગમેન્સ જૈન સોસાયટીના સંભાવિત ગૃહસ્થોની અતિ આગ્રહભરી વિનંતીથી સોસાયટીના મકાનમાં સોસાયટીના વાર્ષિક સંમેલન અને ઉત્સવ પ્રસંગે આ વ્યાખ્યાન આપ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાન શ્રોતાઓને અત્યંત મનોવેધક, સત્યતત્વ પ્રતિપાદક, શાસ્ત્રિયતા પરિપૂર્ણ અને આત્મશક્તિ સંવર્ધક લાગ્યું હોવાથી તે વ્યાખ્યાન વાંચકોને માટે અત્રે આપવામાં આવે છે.

તંત્રી, શ્રી સિદ્ધચક્ર.

સમ્યક્ત્વ પછી જ મોક્ષ.

આત્મા એ અનાદિકાળથી આ સંસારમાં રખડે છે એ રખડપટ્ટીનું કારણ એ જ છે કે આત્માએ સુંદર અને પવિત્ર વિચારો ગ્રહણ કર્યા હોત તો એ વિચારોની અસર તેના વર્તન ઉપર પણ જરૂર થાત અને ભવભ્રમણ કાંઈક અંશે પણ ઢીલું થવા પામ્યું હોત. શાસ્ત્રકારોએ સ્થળે સ્થળે એક વાત મુક્ત કંઠે ઉચ્ચારી છે કે જે આત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે તે આત્મા અર્ધપુદ્ગલ પરાવર્તથી વધારે વખત આ સંસારમાં રખડવા પામતો નથી, અને એટલો કાળ વિત્યા બાદ જરૂર તેને મોક્ષની પ્રાપ્તિ થવા જ પામે છે.

વિષય એ જ જીવનની માન્યતાવાળો આત્મા.

ત્યારે હવે એ વાત વિચારો કે આત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ તે પહેલાં આ આત્મા શા વિચારો સેવતો હતો ? અને સમ્યક્ત્વ પામ્યા પછી તેનામાં કયા વિચારો આવે છે ? એ બે પ્રશ્નોના ઉત્તરનો સમન્વય કરશો અને તેને ગંભીરપણે વિચારી જોશો તો સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત થાય છે અને વિચારોનું પરિવર્તન પણ કેવી રીતે થવા પામે છે તે તમે સારી રીતે સમજી શકશો. અનાદિકાળથી આ આત્મા એકજ વિચારોને સેવતો આવે છે અને તે વિચારો એ છે કે મનને ગમતાં સ્પર્શ, ગંધ, રૂપ અને શબ્દાદિ વિષયો મેળવવાની આશા રાખવી ગમે તે ઉપાયોથી એ વિષયો મેળવવા અને વિષયોનું સેવન કરવું એ જ આત્મા ઈચ્છતો હતો. આત્માને શરીર ગમે તેવું મળ્યું હોય તેને અને આ વિચારોને કાંઈ સંબંધ જ નથી. ચાહે તો આત્મા એક ઈન્દ્રિયવાળા શરીરમાં હો, બે ત્રણ ચાર કે પાંચ ઈન્દ્રિયવાળા શરીરમાં હો, દેવલોકમાં હો કિંવા તિર્યંચપણામાં હો; પણ એ આત્માએ પાંચે જાતિ અને ચારે ગતિમાં એક જ વિચારણા રાખી છે કે ગમે તે માર્ગે વિષયો મેળવવા માટે પ્રયત્ન કરવા અને એ વિષયો જેઓ મેળવી આપે તેને માનવંતા અને પૂજવા યોગ્ય ગણવા ! આ સિવાય આત્માએ આજ સુધીમાં બીજો એકે વિચાર કર્યો નથી.

સમ્યક્ત્વ એટલે શું ?

જે આત્મા નિરંતર વિષયોને સેવે છે તે આત્મા સમ્યક્ત્વ પામ્યો છે એમ કોઈ પણ માણસ કહી શકે એમ નથી ત્યારે તમે કહેશો કે સમ્યક્ત્વ કોનું નામ છે ? એનો ઉત્તર એ છે કે જે આત્મા એમ માને છે કે મે વિષયો મેળવવા પ્રયત્નો કર્યા, વિષયો મેળવ્યા, વિષયો ભોગવ્યા અને વિષયો ભોગવવાના સાધનો મેળવી આપનારને મુરબ્બી ગણ્યા એને જ પરિણામે હું આ સંસારમાં રખડું છું. આ પ્રમાણેની માન્યતા રાખવી તે સમ્યક્ત્વ ! અલબત્ત, જીવાદિક નવ તત્વો માનવા, શુદ્ધ દેવાદિને માનવાં એ બધાં પણ સમ્યક્ત્વનાં જ લક્ષણો છે. પરંતુ સમ્યક્ત્વની વ્યાખ્યામાં જરા ઉંડા ઉતરીએ છીએ એટલે તુરત સમ્યક્ત્વ માટે ઉપરની વ્યાખ્યા જ માન્ય રાખવી પડે છે.

મોક્ષમાર્ગનું પહેલું બિંદુ.

હું વિષયો ભોગવવાને પરિણામે જ આ ભયાનક સંસારમાં રખડયો છું એ ભાવના હૃદયમાં ઉતરી જવી જોઈએ, જો આ વાત હૃદયમાં સોંસરી ઉતરી જાય, તો તેને પરિણામે જ એ વિષયો છોડવા એ પણ મારી ફરજ છે. અહીં જ સમ્યક્ત્વ રહેલું છે. વિષયોના અનિષ્ટ પરિણામો માનવા અને એ

પરિણામો માનીને એ વિષયો છોડવાનો વિચાર કરવો એમાં જ મોક્ષ માર્ગનું પહેલું બિંદુ સમાયેલું છે એનો અર્થ એવો નથી કે વિચાર કર્યો કે બીજે દિવસે જ મોક્ષ દરેકને મળી જ જવાનો છે ! પરંતુ તે છતાં આવો વિચાર સેવવો એ તો આપણા પુનિત પંચનું પહેલું પગથિયું છે.

વફાદાર રહેવું જ ઘટે.

લશ્કરમાં દાખલ થનારા સિપાઈઓનો જ દાખલો લ્યો ! એક સિપાઈ લશ્કરમાં આજે દાખલ થાય છે કે કાલે જ તે બહાદુર લડવૈયો બનતો નથી, પરંતુ જે સિપાઈ શુરા સરદારના હાથ નીચે કેળવાઈને તાલીમ પામે છે તે જ ભવિષ્યમાં શૂરો સરદાર અને બહાદુર લડવૈયો થઈ શકે છે એ જ ઉદાહરણ અહીં આત્માને પણ લાગુ પડે છે આત્મા વિચાર બદલે છે કે તે સાથે જ તેના આરંભાદિક વિષયો એકદમ એક સાથે જ છૂટી જતા નથી, પણ જેમ લશ્કરમાં દાખલ થયેલો અને શૂરો સરદાર થવાની લાયકાત મેળવવાની ઉમેદવાળા ઉમેદવારોને લશ્કરમાં સેનાપતિને હાથ નીચે તાલીમ લેવી પડે છે અને સેનાપતિના સઘળા હુકમો બહુજ માનપૂર્વક માનવા પડે છે તે જ રીતે જે આત્મા પણ પોતાના વિચારોમાં પરિવર્તન કરીને મોક્ષ માર્ગનો પંથ લેવા ઈચ્છે તેણે એ ત્યાગમાર્ગની ઉંચી ટોચે ચઢેલા સેનાપતિના સઘળા હુકમો માન્ય કરવા જોઈએ તેને મુરબ્બી માનવા જોઈએ. લશ્કરમાં દાખલ થનારો જેમ સર્વ રીતે મન, વચન અને કાયાથી પોતાના સરદારને વફાદાર રહે છે તે જ પ્રમાણે ત્યાગમાર્ગમાં પણ ઉંચો ટોચે ચઢવા માંગનારાએ એટલે મોક્ષાભિલાષીએ ત્યાગ માર્ગમાં સર્વોત્તમતા પ્રાપ્ત કરેલાની આધિનતા સ્વીકારવી જ જોઈએ અને એના સઘળા હુકમોને મન, વચન અને શરીરથી વફાદાર રહેવું જ જોઈએ.

આપણો સેનાપતિ કોણ ?

ત્યારે હવે વિચાર કરો કે એ ત્યાગમાર્ગનો સેનાપતિ કોણ છે ? વિષયોને જીતીને ત્યાગની ઉંચામાં ઉંચી ભૂમિકા કોણે પ્રાપ્ત કરી છે ? અને આ દિશાએ અનન્ય સ્થાન કોણે મેળવ્યું છે ? જવાબ એ જ છે કે તીર્થંકર દેવો એ જ, મોક્ષમાર્ગના શૂરા સેનાપતિ તે તીર્થંકર મહારાજા છે. તેથી જ મનુષ્ય માત્રે વિચારમાં પરિવર્તન કરી મોક્ષની આશા રાખી એ મોક્ષમાર્ગના શૂરા સેનાપતિની દરેકે દરેક આજ્ઞા માનવી જોઈએ અને તેમની આધિનતામાં રહેવું જોઈએ. જેમ સેનાપતિની આજ્ઞાથી સિપાઈ પણ આઘો પાછો જઈ શકતો નથી તે જ પ્રમાણે મોક્ષાભિલાષી આત્માએ પણ સર્વ રીતે તીર્થંકર દેવને શરણે જ રહેવાની જરૂર છે.

તીર્થંકરોને શા માટે માનવા ?

પરંતુ આપણે તીર્થંકર દેવોને શા માટે માનીએ છીએ ? શું "મહાવીર" નામધારી ભળતા જ માણસને તમે "તીર્થંકર મહાવીર" તરીકે માનવા તૈયાર થશો ? નહિ જ ! તીર્થંકરદેવ શ્રીમાન્ મહાવીર મહારાજા વગેરેને આપણે માનીએ છીએ તે એટલા જ કારણને લીધે માનીએ છીએ કે તેમની પરિણતિ અને પ્રવૃત્તિ જ ત્યાગની છે. જો ભગવાન મહાવીર મહારાજે ત્યાગની પ્રવૃત્તિ કિંવા પરિણતિ ના કરી હોત તો આપણે તેમના છત્ર નીચે પણ રહેવાને તૈયાર થાત નહિ. વિષય, તૃષ્ણા અને પ્રવૃત્તિ જે આત્માને અનાદિકાળથી સંસારમાં રખડાવતી હતી તે તત્વોને આ મહાપુરુષે ખસેડી દીધા છે અને તે પણ માત્ર વર્તમાન કાળને માટે જ ખસેડી દીધા છે એમ નહિ પણ ત્રણે

કાળને માટે ખસેડી દીધા છે. તેથી જ આપણે તેમને મોક્ષ માર્ગના કમાન્ડર-ઈન-ચીફ માનીએ છીએ અને તેના આશ્રયે રહેવાની આપણી ફરજ માનીએ છીએ.

ભૂલ સમજાઈ !

હવે તમે મહારાજા મહાવીર ભગવાનને તમારા સેનાપતિ માન્યા છે. પણ તેમને શા માટે સેનાપતિ માન્યા છે તેનો વિચાર કરો અને એ સેનાપતિ કેવા છે તેનો પણ વિચારો કરો. એ સેનાપતિ સંપૂર્ણ ત્યાગી છે સર્વ કાળ અને સર્વ દેશને માટે તેઓ ત્યાગી છે અને વિષયોનો ત્યાગ કરાવે છે. આ સેનાપતિની કેળવણી પણ વિષયોના ત્યાગની જ છે. આજ સુધીના આત્માની દશા શું હતી તેનો વિચાર કરો ? આજ સુધી આત્મા વિષયોનો જે સેનાપતિ હતો તેને પોતાનો મુરબ્બી માનતો હતો તેની આજ્ઞા ઉઠાવતો હતો અને તેની આધિનતામાં રહેતો હતો. હવે ત્યારે તેના વિચારમાં પલટો આવે છે તેને પોતાની ભૂલ સમજાય છે ત્યારે તે વિષયના મુરબ્બીને ત્યાગી દે છે અને વિષયનો જે ત્યાગ કરાવનારા છે તેને પોતાના મુરબ્બી માને છે.

ત્યાગની પ્રવૃત્તિમાં જ હિત.

ત્યારે હવે વિચાર કરો કે અનાદિકાળથી શું ચાલતું હતું ? જે વિષયના વધારે સાધનો આપી શકે તે જ મારો મુરબ્બી અને એ મેળવવામાં જ સુખ એવી માન્યતા હતી. હવે અહીં વિચાર પલટાય છે અને જે ત્યાગમાર્ગનો સેનાપતિ છે તે જ મારો મુરબ્બી એવો વિચાર દાખલ થાય છે. આ રીતના વિચાર પલટાને જ શાસ્ત્રકારોએ સૌથી જરૂરી અને પહેલા પગથીયા તરીકેની વસ્તુ ગણાવી છે. અને એ જ નિશ્ચય ઉપર શાસ્ત્રકારોએ સંસારનું અલ્પપણું પણ જણાવ્યું છે. અનાદિકાળથી વિષયની પ્રવૃત્તિને હિતકારી માનતા હતા હવે ભૂલ સમજવા પામી છે કે એ પ્રવૃત્તિ નાશકારી છે અને ત્યાગની પ્રવૃત્તિ એ જ ખરેખરી હિતકારી પ્રવૃત્તિ છે આ પ્રમાણેની માન્યતા એને જ શાસ્ત્રકારોએ સમ્યક્ત્વનું પહેલું પગથિયું ગણ્યું છે.

મોક્ષમાર્ગના દર્શક કોણ ?

આપણે તીર્થંકર દેવોને માનીએ છીએ તે પણ આટલા જ કારણથી માનીએ છીએ કે તેઓ આપણા મોક્ષમાર્ગના પ્રથમ પ્રદર્શક છે. જો આમ ન હોત તો આપણને તીર્થંકરદેવોને માનવાની જરૂર શી હતી ? જ્યારે આપણે અનન્યત્યાગી તીર્થંકરોને દેવ, પંચમહાવૃતાદિના પાળનારાને ગુરૂ અને તપસ્યાદિને ધર્મ માન્યો તો એમની પ્રભુતા માન્ય રાખીને જેટલે જેટલે અંશે ત્યાગ કરતા જઈએ છીએ તેટલે અંશે આત્માનું વધારે અને વધારે પ્રમાણમાં હિત થવા પામે છે. પહેલા એ માનતા હતા કે જેમ જેમ વિષયોની પ્રાપ્તિ થાય છે તેમ તેમ હિતના માર્ગમાં આપણે આગળ વધીએ છીએ. હવે એમ માનતા થયા કે પહેલાંની માન્યતા ખોટી છે અને ત્યાગ તેજ સાચું હિત છે. આ પ્રમાણેની માન્યતા થઇ એ જ સમ્યક્ત્વની જડ છે.

આત્માને કસોટીએ ઘસો.

આટલે સુધી આવ્યા પછી તમારે એ વિચારવાનું બાકી રહે છે કે વિષયો આત્માને જેટલા પ્રિય લાગતા હતા અને તેમાં આત્માની જેટલી સુખવૃત્તિ હતી તેટલી સુખવૃત્તિ આત્મા ત્યાગને માટે ધરે છે કે કેમ ? અને ત્યાગ એટલો જ આત્માને પ્રિય લાગે છે કે કેમ ? આત્માના વિચારો ને માટે

આ કસોટી છે. આ કસોટી ઉપર જ્યારે તમે તમારા આત્માને ચઢાવશો ત્યારે જ ખબર પડશે કે આત્માના વિચારો સમ્યક્ત્વના છે કે મિથ્યાત્વના છે ?

ગ્રંથીભેદ ક્યારે ?

શાસ્ત્રકારોએ ગ્રંથીભેદ કરવાનો ક્યારે કહ્યો છે તેનો વિચાર કરો. શાસ્ત્રકારોએ કેવળજ્ઞાન પહેલાં ગાંઠ ભેદવાની કહી નથી. સર્વવિરતિ કિંવા દેશવિરતિ પામ્યા પહેલાં પણ ગાંઠ ભેદવાની કહી નથી. પણ સમ્યક્ત્વ પહેલાં ગાંઠ ભેદવાની કહી છે; અર્થાત્ અનેક ગ્રંથોમાં સાફ સાફ એવા શબ્દો ઉચ્ચાર્યા છે કે જે ગ્રંથીભેદ કરે છે તે જ સમ્યક્ત્વવાળો છે. ગ્રંથીભેદ કર્યા વિના કોઈ સમ્યક્ત્વ પામી શકતો નથી, તો હવે વિચાર કરો કે એ ગ્રંથી તે કઇ હશે ? જે ગ્રંથી ભેદવાની સર્વવિરતિ, દેશવિરતિ, કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં પણ કહી નથી, પણ જે ગ્રંથી સમ્યક્ત્વ મેળવતાં પહેલાં જ ભેદવાની છે એમ શાસ્ત્રકારો સ્પષ્ટ રીતે ફરમાવે છે; ત્યારે હવે વિચાર કરો કે એ ગ્રંથી કઇ હશે ? અને તે ભેદાય ક્યારે?

'ગ્રંથી' એટલે શું ?

જો તમે એ ગ્રંથી કઇ હશે તેનો વિચાર નહિ કરશો તો તમે એ ગ્રંથી ભેદી શકવાના નથી. કારણ કે તમો જે કાર્ય કરવા માંગો છો તે કાર્ય કરતાં પહેલાં તે કાર્ય શું છે ? તેનો તમારે વિચાર કરવો જ જોઈએ. વિચાર કરો કે સમ્યક્ત્વની આડે આવે એવી તે કઇ ગ્રંથી છે ? વિષયોની અભિલાષા એનું જ નામ ગ્રંથી ! વિષયોની અભિલાષાનું સુંદરપણું અનાદિકાળથી લાગેલું હતું એ વિષયો અને તેના સેવન પ્રત્યે આત્મનો મોહ હતો એ મોહનો જ નાશ થવો જોઈએ. જેણે એનો નાશ કર્યો છે તે ગ્રંથી ભેદી ચૂક્યો છે ! અનાદિકાળથી જે માન્યતા જે વિચારો ઘર કરીને બેઠા છે તેમાં પરિવર્તન કરવું. એ જ હવે જરૂરી ઠરે છે આવી રીતે વિચારોનું પરિવર્તન થાય તે પછી જ આપણે આગળ ચાલી શકીએ છીએ સર્વવિરતિપણું, દેશવિરતિપણું કે બીજું જે કાંઇ છે તે સઘળું આ પરિવર્તન પછી સંભવી શકે છે તે પહેલાં નહિ જ. જ્યાં સુધી આ રીતે વિચારોમાં પરિવર્તન ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ લેશ માત્ર પણ થવા પામતી જ નથી.

આત્માનો કંપ !

આશ્રવ સંવરનો વિભાગ આત્માના ધ્યાનમાં ન હતો, બંધ નિર્જરાની વહેંચણ આત્માએ કરી ન હતી. નાના છોકરાને માસ્તર કે નિશાળનું નામ સાંભળવું પડે છે ત્યારે તેને કાળ જેવું લાગે છે. આમ થવાનું કારણ એ છે કે બાળકને દુનિયાદારીનો ખ્યાલ નથી તે જ પ્રમાણે આત્માને સંવર નિર્જરા કાળ જેવી લાગતી હતી. કસાઇને દેખીને બકરીને જેટલો કંપ ન થાય તેટલો બલ્કે તેનાથી વધારે કંપ બાળકને નિશાળનું નામ સાંભળીને થતો હતો, પણ આત્મા તો સંવર નિર્જરાનું કારણ સાંભળીને તેથી એ વધારે કંપતો હતો.

સંવરથી છૂટો એટલે આનંદ કેમ ?

આ જીવ સંવરથી છૂટે છે એટલે દોઢગજ કૂદે છે. પ્રતિક્રમણમાંથી, સામાયિકમાંથી ક્રિયા પાળીને ઉઠો છો તે વખતે કેટલા બધા કૂદો છો ? આને જ મળતું તમોને એક બીજું ઉદાહરણ આપું છું. નિશાળોમાં ૬ મહિના જ કામ ચાલે છે. જે વિદ્યાર્થીઓ શિક્ષણનાં રસીલાં છે જેમને શિક્ષણ પર જ પ્રેમ છે તેવાઓને તો આ રજા પણ જરૂર ખટકે છે પરંતુ આ રજામાં જ આળસુ વિદ્યાર્થીઓને દીવાળી

થાય છે ! તે જ પ્રમાણે આત્માને પણ એ ઉદાહરણમાં ઘટાવી જુઓ ! સંવરનો અપૂર્વ રસ અને નિર્જરાનો અપૂર્વ રસ અને નિર્જરાની અપૂર્વ સ્થિતિ આપણા સમજવામાં હજી આવી નથી ! સંવર બંધ થાય અર્થાત્ સંવરથી છૂટા થઈએ તો આનંદ આવવો ન જોઈએ, પણ હજી તેમાં જે આનંદ આવવો જોઈએ તે આનંદ આત્માને આવતો નથી અને તેથી જ બળાપાની જગ્યાએ આનંદ અને આનંદની જગ્યાએ બળાપો ગોઠવાઈ ગયો છે વિચાર કરો કે એ આનંદ કેમ આવતો નથી !

પારણા કરવામાં હર્ષ કેવો ?

ઉપવાસનાં પારણા થાય છે ત્યારે અપૂર્વ આનંદ આવે છે પરંતુ એ આનંદ માનનારાઓને એ વાતનો ખ્યાલ છે કે એ પારણાએ ચાલુ નિર્જરાને રોકી દીધી છે ? પારણા વખતે જે આનંદ આવે છે તે આનંદ પહેલા આવતો હતો ખરો કે જ્યારે નિર્જરા ચાલુ હતી ? હજી સુધી આત્માની સ્થિતિ તો એ જ છે કે પારણામાં આનંદ ગણીએ છીએ, પરંતુ ચાલુ નિર્જરામાં એ આનંદ ગણવામાં આવતો નથી ! તમે સામાયિકમાંથી ઉઠો છો, ત્યારે આનંદ થાય છે ને કે "હાશ ! પરવર્યા !" વિગેરે શબ્દો એકાએક નીકળે છે. જવાબ આપો કે એ આનંદ શા માટે થાય છે ? શા માટે એવું થતું નથી. કે અરે! સામાયિક એ જ મારે તો હંમેશાં માટે કરવાનું હતું, એમ કરવામાં જ મારો ફાયદો હતો, પરંતુ એટલી કક્ષાએ પહોંચવા જેટલો વીર્યોલ્લાસ નથી ! અને જે થોડો ઘણો વીર્યોલ્લાસ છે તે આગળ ટકી શકતો નથી !

પારણું શા માટે ?

તમારા ખ્યાલમાં હશે કે દહેરામાં આવનારાઓ પગથીએ સહેજ બેસે છે અને પછી જાય છે ! એ સહેજ બેસવામાં તત્વ શું છે તેનો વિચાર કરો ? તત્વ તો એ જ છે કે અહીં હંમેશાં મારે બેસવું જ જોઈએ અર્થાત્ ભગવાનના સાંનિધ્યમાં રહેવાનો જ મારે પ્રયત્ન કરવો જોઈએ પરંતુ એ બનતું નથી માટે સહેજ બેસું છું એવો ભાવ લાવવો ઘટે. એ જ સ્થિતિ પારણા વખતે થવાની પણ જરૂર છે. પારણું કરો તે વખતે તમારા હૃદયમાં એટલી વાત તો જરૂર રહેવી જ જોઈએ કે અખંડ તપશ્ચર્યા કરવી એ જ મારી ફરજ છે અને લાંબી તપશ્ચર્યા પણ બીજાઓ ઘણા કરી શકે છે, અરે, એટલું જ નહિ; પણ એ તપશ્ચર્યા કરવામાં જ કલ્યાણ રહેલું છે પણ મારાથી તે નથી બનતું માટે હું પારણું કરું છું. પરંતુ આ ભાવના ન હોય અને માત્ર સામાયિકમાંથી પરવારી જવામાં અથવા પારણામાં જ જે હૃદય નિરાંત અને શાંતિ માને છે હૃદય ખરેખરી રીતે શાંતિથી દૂર છે.

આત્માની સ્થિતિ વિચારો.

આશ્રવબંધનો રસ તમારામાં જ લીલો છે ! એ રસ લીલો છે ત્યાં સુધી કાંઇ દહાડો વળવાનો નથી ! એ રસ સુકાઈ જવો જોઇએ અને તે સુકાઈને સાફ થવો જોઈએ અને તેને બદલે સંવર નિર્જરાનો રસ લીલો થવો જોઈએ. જે આત્માને વિષે એમ બને છે તેનો આત્મા અર્ધપુદ્ગલ પરાવર્તમાં જરૂર મોક્ષે જવાનો જ જવાનો ! આશ્રવબંધને હોય એટલે તજવા યોગ્ય ગણે અને સંવર તથા નિર્જરા બેને જ આદરવા લાયક ગણે ત્યારે સમજો કે તે આત્મા માર્ગ ઉપર છે. પણ આત્માની સ્થિતિ શું છે તેનો વિચાર કરો ! આત્માની સ્થિતિ તો કાંઇ જુદી જ છે. રાત્રે ઊંઘો છો અને સ્વપ્ન આવે છે અને તેમાં સોનું મળે છે, તો રાજી રાજી થઈ જાઓ છો અને પિત્તળ મળે છે તો ભારે દિલગીરીમાં પડી જાઓ છો, એ ઉપરથી તમારા આત્માના સમ્યક્ત્વની પરીક્ષા કરો કે તમારો આત્મા સમ્યક્ત્વ પામ્યો છે કે નહિ ?

સ્વપ્નામાં સોનું મળે તો પણ આનંદ !

સ્વપ્નામાં છો, ઊંઘમાં છો, ત્યાં તો સોનાથી લાભ કે પિત્તળથી હાની નહિજ થાય છતાં આત્માને આનંદ કે દીલગીરી કેમ સ્પર્શે છે ? જેમ પિત્તળ મળે છે અને આત્માને દીલગીરી થાય છે તેજ પ્રમાણે આશ્રવબંધ વખતે પણ અંતઃકરણ નારાજ થાય છે ? સાચો જવાબ આપો તો એજ જવાબ છે કે "ના !" જ્યાં સુધી આ જવાબ "ના" નો કાયમ છે ત્યાં સુધી તમે ભલે સુદેવાદિને માનતા હો તો પણ નક્કી માનો કે તમે સમ્યક્ત્વને પગથીયે ચઢેલા નથી !

પંચ મહાવૃતથી સાધુ સંસ્થા પૂજય છે.

વિચાર કરો કે તમે દેવને માનો છો તે કઇ દૃષ્ટિએ માનો છો ? તમે જો દેવને ત્યાગની બુદ્ધિએ માનતા હો તો ત્યાગ રૂચવો જોઇએ ! જો તમો દેવને ત્યાગની બુદ્ધિથી જ માનતા હો, ત્યારે તો દેવને સૌથી મોટામાં મોટા ક્યારે ગણી શકો કે જ્યારે તમે ત્યાગ સૌથી મોટામાં મોટો છે એવું માનતા થાઓ ત્યારે ! તમે ગુરુને શાથી સવારે ગુરુ માની લીધા ? વેષથી અને મહાવૃત્તથી ! પણ તમે પંચમહાવૃતને ઉંચામાં ઉંચી ચીજ છે એમ માનો નહિ અને તે માન્યતા તમારા મનમાં દૃઢ થાય નહિ ત્યાં સુધી તમે ગુરુને માનો છો એનો કશો અર્થ જ નથી. અર્થાત્ તમારા દેવગુરૂ સંબંધી ભક્તિ આદિ કાર્યો કરવાનો અર્થ ક્યારે છે કે એ કાર્ય કરતી વખતે જે કારણથી તમે કાર્ય કરો છો તે કારણનો સાચો ભાવ પણ તમારા હૃદયમાં હોવો જોઇએ ?

ધર્મબુદ્ધિ તો જોઇએ જ.

ઉપવાસ કરો, તપશ્ચર્યા કરો, એકાસણા વગેરે કરો, પણ એ કરતી વખતે તમારા મનમાં એવો ભાવ તો અવશ્ય હોવો જ જોઇએ કે એ ત્યાગ ધર્મબુદ્ધિથી જ કર્યો છે અને દેવ, ગુરુ અને ધર્મને માનીએ છીએ તે પણ ત્યાગને લીધે જ માનીએ છીએ ! આટલી વાત તમારા દીલમાં ઠસી જાય તો તો જરૂર એમ માની લ્યો કે તમે સમ્યક્ત્વ પામ્યા છો અને તમારા વિચારોનું પરિવર્તન થયું છે ! જો એટલું ન થાય તો સમજો કે સમ્યક્ત્વને હજી વાર છે.

સમ્યક્ત્વ મળ્યું પછી શું ?

બીજા વાત ! ધારો કે તમે સમ્યક્ત્વ પામ્યા છો ! પણ શું એથી તમારું કામ ખલાસ થાય છે ? "ના!" મનુષ્ય ગમે એવો સુંદર હોય દેખાવડો હોય છતાં પણ જો તે નાગો થઈને ઉભો રહે તો ? તો ખલાસ ! ! તેની સુંદરતા અને તેનું જ્ઞાન સઘળું પાણીમાં જાય છે તે જ રીતે સમ્યક્ત્વ પામ્યા હો, એ કબુલ; પરંતુ તે પછીએ કેટલાક વસ્ત્રો અને ઘરેણાની જરૂર છે ! જો વસ્ત્રો કે ઘરેણાં ન પહેરેલા હોય તો તે માણસ જગતમાં આબરૂ મેળવી શકતો નથી તે જ પ્રમાણે કોરું સમ્યક્ત્વ પણ કાંઈ કરી શકતું નથી ! નગ્ન માણસમાં અને વસ્ત્રોથી ઢંકાયેલા માણસમાં ફેર શો છે ? બંન્નેમાં જીવ છે ! બંન્નેને ઈંન્દ્રિયો છે ! અને બંન્ને શ્વાસોચ્છવાસની ક્રિયા કરે છે છતાં સમાજમાં માન કોનું છે ? સમાજ પ્રતિષ્ઠિત કોને ગણે છે ? એ જ પ્રશ્નનો જવાબ તમારે અહીં પણ કામે લગાડવાનો છે.

આભૂષણોની જરૂર.

જેમ મનુષ્ય વસ્ત્રોથી શોભે છે તેમ સમ્યક્ત્વ પામ્યા પછી પણ તેને શોભાવવાને પાંચ ઘરેણાની જરૂર છે. જેમાંનું પ્હેલું ઘરેણું સ્થિરતા છે ! યાદ રાખો કે વિચારોનો પલટો બહુ ઝપાટાબંધ

થાય છે. આજે એક વિચાર આવે છે એ વિચાર આમરણાંત ટકી જ રહેશે એવો નિરધાર તમે કરી શકો તેમ નથી. સામાન્ય વિચારો પવનના ઝપાટાની માફક ફેરવાય છે તો આત્મા સંબંધીના વિચારો ઝપાટાબંધ ફેરવાઈ જાય તેમાં નવાઈ શી !

"સ્થિરતા" જોઈએ.

સાક્ષાત્ દેવતાઓ આવીને ઉભા રહે અને ભય બતાવે કિંવા લાલચ બતાવે તે છતાં વિચારો એક અણુ માત્ર પણ ન ખસે એનું નામ તે વિચારોની સ્થિરતા ! સાપનો લીટો જોઈને તમો ભાગી જાઓ, તો પછી સાપ જોઈને તો તમે કેવી રીતે ટકી શકો ? સુદેવને માનવાનો દાવો કરો છો છતાં મહાદેવ, કાકા બળીયા, હનુમાન વગેરેને નામે તમે દોરવાઈ જાઓ છો ! હજી સાપનો લીટો છે ! જેમ ત્યાં સાપનો લીટો છે અને ખરો સાપ તો તમોએ જોયો પણ નથી તે જ પ્રમાણે આ દેવોને પણ માત્ર તમે કલ્પનાથી જ માનો છો ખરું કહું તો ચાલતી આવેલી ઘરેડમાં ચાલીને જ એ દેવને તમે માનો છો. તમે પ્રત્યક્ષ માતા કે હનુમાન, ને કોઈના ઉપર દયા દર્શાવતા જોયા નથી છતાં તે માતા કે હનુમાન આવીને ઉભા રહે, ત્યારે તમારી સ્થિતિ શું થાય ?

પહેલો અલંકાર.

અહીં જ જૈન સાહિત્યનું પેલું ઉદાહરણ યાદ કરો. શ્રી ઉપાસક દશાંગમાં શ્રાવક કામદેવાદિને સાક્ષાત દેવતાએ દર્શન દીધા અને તેને ધર્મથી ચલિત કરવા માંડ્યો, ઘરની સઘળી સંપતિ કાઢીને બહાર ફેંકી દીધી. ઘરના છોકરાના કટકા કરીને તેને તેલમાં તળી નાંખ્યા, દેવતા કહે છે કે ધર્મ છોડી દે ! જો એટલું થાય તો આ યાતના ન ભોગવવી પડે ! પણ... જવાબ આપે છે કે "જે થવાનું હોય તે થાઓ પણ હું ધર્મને છોડવાનો નથી જ" કારણ કે ધર્મ જ મારા આત્માનું કલ્યાણ કરનારો છે ! આનું નામ તે વિચારોની સ્થિરતા ! આજે તો એમ કહેનારા શેરીએ શેરીએ અને ચૌટે ચૌટે મળે છે કે : 'અરે, આવ્યા, આવ્યા, દેવતા ! " પણ એવું કહેનારા જ માતાને હનુમાનને પૂજવા દોડે છે !! આવી સઘળી ઉપાધિઓથી તમે મુક્ત થઈ જાઓ અને ગમે તે સંજોગોમાં ચલાયમાન ન થવાય એવી સ્થિતિ મેળવો તેનું નામ સ્થિરતા. આ સ્થિરતા સમ્યક્ત્વને શોભાવનારું પ્રથમ ઘરેણું છે.

છાપાના કાગળો વિચાર ફેરવી શકે છે.

કદાચ એમ માનો કે ચાહે તેવા દેવતાઈ ચમત્કારો થાય, કોઈ લબ્ધિસિદ્ધિવાળો આવીને તમોને પ્રલોભનોમાં ફસાવવાનો વિચાર કરે અને અનેક પ્રકારે તમારી પરીક્ષા કરી જુએ છતાં તમે ધર્મથી ચલાયમાન નહિ થાઓ તેનું નામ સ્થિરતા ! આજની સ્થિતિ અને આ સ્થિરતા બેની વચ્ચે કેટલો તફાવત છે તે તમે તપાસી જુઓ. આજની સ્થિતિ તો એ છે કે એક છાપામાં ગમે તેવા સમાચારો વાંચો છો કે તરત વાંચનારના વિચારો ફરી જાય છે. વાંચનારના મગજમાં જજમેન્ટ તૈયાર થઈ જાય છે અને જગત સમક્ષ તે જજમેન્ટ કહી સંભળાવે છે. વાંચવામાં આવેલી વાત સાચી છે કે જુઠી છે તેની તપાસ કરવાને માટે પણ કોઈ થોભતું નથી ! હવે ખ્યાલ કરો કે એક સામાન્ય છાપાના કાગળીયા તમારા વિચારો ફેરવી નાંખે છે તો દેવો આવીને તમોને પીડા આપે કિંવા પ્રલોભન આપે, તો તેવા સંજોગોમાં તો તમે કેવી રીતે જ ટકી શકો !

પ્રાણ, પરિવાર અને પૈસો.

આવી પરિસ્થિતિ ન પરિણમે તે માટે એટલો નિશ્ચય તો થવો જ જોઈએ કે ભલે પ્રાણ જાય, પરિવાર જાય કે પૈસો જાય ! પણ ધર્મ તો ન જ જવો જોઈએ ! જ્યારે આવી દૃઢતા આવે ત્યારે જ તમારામાં થયેલો વિચાર-પલટો સાર્થક છે તે સિવાય તમારા વિચારોમાં થયેલો પલટો સાર્થક નથી. વિચાર પરિવર્તન થાય તે પછી આવી સ્થિરતા જરૂરી છે. સ્ત્રીને માટે જેવું પતિવ્રતપણું છે, શીયળ એ તેને માટે જેવું આભૂષણ છે, તે જ પ્રમાણે સ્થિરતા એ સમ્યક્ત્વનું પણ પહેલું આભૂષણ છે અને એ આભૂષણ જ્યાં તમે સમ્યક્ત્વ સાથે જોડો છો ત્યાં જ સમ્યક્ત્વ શોભે છે !

શ્રીમતી સુલસાની સ્થિરતા.

સુલસાનું આખ્યાન તો તમારા બધાના જ ખ્યાલમાં હશે. સુલસા તો એક બાઇ છે ! એ બાઇની આગળ તો અખંડ પરિવ્રાજક ખુદ બ્રહ્માના સ્વરૂપમાં હાજર થાય છે, બીજે દહાડે તે મહાદેવનું સ્વરૂપ ધારણ કરે છે, અને ત્રીજે દહાડે તીર્થંકરનું સ્વરૂપ ધારણ કરે છે તે છતાં એ બાઇનો આત્મા ચળતો નથી કે તેના વિચારોમાં વિકારો ઉદ્‌ભવતા નથી ! એક બાઇ-એક સ્ત્રી પોતાના વિચારોને દૃઢ રાખે છે તો પછી આપણામાં સ્થિરતા કેવી હોવી જોઈએ તેનો ખ્યાલ કરો ! પણ તેને બદલે આજે શી દશા છે ! આજે તો સવારે કાંઇ વિચાર, બપોરે બીજો, રાત્રે ત્રીજો અને વળી બીજે દહાડે પાછો નવો બુઢ્ઢો હોયને હોય જ ! આને તમે સમ્યક્ત્વ ન જ કહી શકો. સમ્યક્ત્વ પામ્યા પછીનું ભૂષણ તે તો વિચારોની સ્થિરતા જ છે.

મોઢેનો ધન્યવાદ નકામો !

તમે મોઢે મોઢે એમ કહો કે અહો ! તીર્થંકરના જીવનને ધન્ય છે ! તીર્થંકરદેવોએ કહ્યું તે ધન્ય છે ! આવા ખોટા ધન્યવાદથી સ્વાર્થ સરવાનો નથી. શ્રી જીનેશ્વર મહારાજાના વચનો ઉપર જ જીવન અવલંબેલું હોવું જ જોઈએ, તે હોય તોજ તમે "ધન્ય" કહ્યું તે પ્રમાણ છે ! તમે ઘડીમાં તીર્થંકરના રાગી થાઓ. ઘડીમાં ત્યાગ વખાણો, ઘડીમાં તેનો દ્વેષ કરો એ સઘળાનો કાંઇ અર્થ જ નથી. જેમ નગ્ન માણસ પ્રાણ અને ઇન્દ્રિયોવાળો છે તે છતાં તે નગ્ન છે તેટલા માટે કાઢી મૂકવા લાયક છે તેવીજ દશા અહીં વારેવારે વિચાર ફેરવનારાની પણ છે એ ભૂલશો નહિ ! તમારા આત્મામાં સમ્યક્ત્વ આવ્યું હોય તો હવે વિચારોની સ્થિરતા મેળવો. તમારા એ વિચારોમાં સ્થિરતા આવવી જોઇએ. તમને એમાં રસ પડવો જોઈએ અને જ્યાં તમોને એમાં રસ પડયો કે ત્યાં તમારે બીજાઓને એ માર્ગે દોરવા જોઈએ.

આત્માનો ઝવેરી.

શ્રી મહાવીર મહારાજના સમયનું એક ઉદાહરણ લ્યો એ સમયે એક જૈન ઝવેરી છે. એક અનાર્ય દેશનો રાજા આ ઝવેરીની પાસે આવે છે. આ રાજા ઝવેરાતનો ભારે શોખીન છે. અનાર્ય રાજા પુરજનોને ગામ બહાર જતા જોઇને ઝવેરીને પૂછે છે કે આ બધા લોકો ક્યાં જાય છે ? લોકો તો ભગવાન એ ગામમાં પધાર્યા છે તેમના દર્શન કરવાને જાય છે પરંતુ જૈન ઝવેરી અનાર્યનરેશને કહે છે કે ગામ બહાર એક મોટો ઝવેરી આવ્યો હોવાથી લોકો મળવાને જાય છે ! હવે અહીં સમજો ! જૈન ઝવેરી અનાર્ય નરેશને એમ શા માટે નથી કહેતો કે 'ગામ બહાર ભગવાન પધાર્યા છે ? જો ભગવાન પધાર્યા છે એમ કહે તો એ અનાર્યરાજ ત્યાં જાય નહિ અને પ્રભુના સંસર્ગમાં આવે પણ નહિ ! અને આ જૈન

ઝવેરીની મરજી છે કે પોતાના મિત્રને પણ સમ્યક્ત્વના માર્ગે વાળવો જોઈએ, આ કારણથી તે અનાર્યરાજાને એમ કહે છે કે ગામને દ્વારે ઝવેરી આવ્યો છે. આમ કહેવામાં પણ જૈન ઝવેરીનો ઉદ્દેશ તો એ જ છે કે અનાર્યરાજા ઝવેરાતનો બડો શોખીન હોવાથી તે ભગવાન પાસે જાય, તેમના સમાગમમાં આવે અને આત્માનું કલ્યાણ કરે ! મને દલાલીનો લાભ મળે તેના કરતાં આ રીતે અનાર્ય રાજાને ધર્મને માર્ગે પ્રેરૂં એનો લાભ વધારે છે. એવો વિચાર જે કરે છે તેની મનોદશાનો વિચાર કરો ! અને તેની સાથે તમારી સ્થિતિ સરખાવો ! તમારો પણ એ ફરજ છે કે તમારે એ રસમાં બીજાને જોડવા જોઈએ !

ઝવેરાત દેહનું કે આત્માનું.

જગતમાં ઝવેરાત તો બે પ્રકારના છે એક ઝવેરાત જડદેહનું અને બીજું ઝવેરાત તે આત્માનું. દુનિયા જડદેહનું ઝવેરાત સંગ્રહે છે પણ આત્માનું ઝવેરાત જે સમ્યક્ત્વ છે તેને એ સંગ્રહતા નથી આવડતું. જરઝવેરાત કોને શોભાવે ? શું તમે એમ માનો છો કે જરઝવેરાતથી તમારો આત્મા શોભે છે ! જો એવી કોઈની માન્યતા હોય તો એ ખ્યાલ મગજમાંથી કાઢી નાંખજો ! હવે આગળ વિચારો. પેલો અનાર્યરાજા ઝવેરી તરીકે ભગવાનને ઓળખીને તેમની પાસે જાય છે અને આત્માનું ઝવેરાત મેળવે છે, ભગવાન પાસે પ્રતિબોધ પામે છે અને એ રીતે પ્રતિબોધ પામીને દીક્ષા ગ્રહણ કરે છે ! અહીં પેલા જૈન ઝવેરીની સ્થિતિ વિચારો તેનો એક જબરદસ્ત ઘરાક ગયો ! દલાલી ધૂળ મળી ગઈ ! પણ તેની તેને દરકાર ન હતી ! કારણ શું ? દરકાર કેમ ન હતી ! કહેવું જ પડશે કે ધર્મ તેના હૃદયમાં દ્રઢપણે યથા સ્વરૂપે ઠસેલો હતો !

પ્રભાવના શા માટે ?

પ્રભાવના શા માટે કરવામાં આવે છે ? શાસનનો ઉદ્યોત કરવાને માટે જ ! તમારી ફરજ શાસનનો ઉદ્યોત કરવાની જ છે ! પણ ત્યારે શું તમે શાસનનો ઉદ્યોત કરતા ન હતા, ત્યાં સુધી શાસન અંધારામાં હતું ? નહિં જ ! એતો પોતાના સ્વભાવને જોરેજ પ્રભાવવાળું છે. એવા મહાપ્રભાવી શાસનને પોતે સમજે તેમાં રસ લે અને તેમાં બીજાને રસ લેતા બનાવે એ સમ્યક્ત્વને શોભાવનારે બીજું આભૂષણ છે.

ભક્તિ પણ જોઈએ ?

સમ્યક્ત્વને શોભાવનારું ત્રીજું આભૂષણ એ છે કે આખા જગતને ક્યારે આ શાસનને શરણે લાવું, આવી પવિત્ર ભાવના ! એ સમ્યક્ત્વને શોભાવનારું ત્રીજું આભૂષણ છે ચોથું આભૂષણ તે ભક્તિ છે ! એક માણસ ૨૫ની જગા પર ૧૦૦ વાપરે છે તો આજે તો વાપરનારાને તેથી કાંઇ થતું નથી પરંતુ જોનારાની આંખો દુખવા આવે છે ! શ્રેણિક મહારાજનું જીવન તો જાણો છો ને? એમનો શો નિયમ હતો ? ભગવાન મહાવીર સ્વામીની ખબર આપનારાને મહારાજા શ્રેણિક ૧૨॥ કરોડ સોનૈયાનું દાન આપતા હતા ! કોઈ એવા સમાચારો આપે કે ભગવાન સુરતથી કતારગામ આવ્યા છે. તો એ સમાચાર-એ વધામણી આપનારાને ૧૨॥ કરોડ સોનૈયાનું ઈનામ ! આ સાંભળતાં તમારાં હૃદયનો બંધ થઈ જાયને? વસ્તુતઃ બંધ ન થવાં જોઈએ પણ ઉલ્લસવાં જોઈએ આનું નામ તે ભક્તિ !

ભક્તિમાં જરૂરિયાતનો પ્રશ્ન જ નથી.

અને આજે ? આજે તો ભક્તિમાં જ ફક્ત જરૂરિયાત જોવાય છે ! સ્ત્રીપુત્રાદિને ઘરેણાં વસ્ત્રો લાવવા હોય તો ત્યાં જરૂરિયાતનો સવાલ નથી ! ખાલી સુકા ખાખરા ખાવાથી શું મનુષ્ય મરી જાય છે ? નહિ જ ! તો પછી ઘી દૂધ શા માટે જોઈએ છે વારું ? સ્ત્રીને સાદી સાડીથી ચાલે કે ન ચાલે? છતાં તેને માટે પાંચસોનો શાળુ જરૂર વેચાતો લેવાય જ ! ત્યાં જરૂરિયાતનો સવાલ જ નથી, પરંતુ શાસનસેવામાં પૈસો નાંખવાનો આવ્યો તો તરત જ ડાહ્યા થનારાઓ મળી આવશે અને કહેશે કે આ ખર્ચ બિન જરૂરિયાતી છે !

વિચાર પલટો થયો નથી !

કોઈ સ્થળે જરૂરિયાત જોવાતી નથી પણ અહીં જ જરૂરિયાત જોવાય એનું કારણ શું ? એ જ કારણ છે કે હજી વિચારોનો જેવો પલટો થવો જોઈએ તેવો થયો નથી ! ધર્મ કરનારાઓ ધર્મ કરે છે, શાસનની સેવા કરે છે, સાધર્મિકોની ભક્તિ કરે છે તે છતાં મોઢું બીજા જ બગાડે છે કે જેઓ એમાંનું કાંઈ જ કરતા નથી આ દ્રષ્ટાંત સાથે નીચેનું ઉદાહરણ મેળવો:-

એક બીબી પોતાના માલીકને પૂછે છે:-

કા ગાંઠેસે ગીર પડયા ? કા કોહી કુ દીધ,

પ્રિયા પૂછે કંતકુ મોઢા ક્યું હિ મલીન ?

મિયા ઉત્તર આપે છે

ના ગાંઠસે ગીર પડયા, ના કોઈકું દીધ,

દેતાં દેખ્યા ઓરકું; મોંઢા હુઆ મલીન.

સાધર્મિકોની ભક્તિ કરનારો ભક્તિ કરે છતાં બીજા મોઢું બગાડે તો એમાં કોનો દોષ ! એનો જ દોષ !

ભક્તિ કરો પણ વિભક્તિ ન કરો !

જેઓ સાધર્મિકોની ભક્તિને સમ્યક્ત્વનું, ઘરેણું માને છે તેમને સાધર્મિક ભક્તિ કરી, શાસનની સેવા કરી તે નિષ્ફળ જશે એમ કદી લાગતું નથી ! પણ એ ભક્તિ કરતાએ સંભાળવવાનું છે તે ભુલાવું ન જોઈએ ! ભક્તિ કરતા વિભક્તિ ન થઈ જાય તે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. એક કથામાં આવું કથન છે કે એક રાજાની રાણીએ ૬ મહિનાના ઉપવાસ કર્યા, અપવાસ પૂરા થયા ત્યારે બહુ ધામધુમથી પારણું કરવામાં આવ્યું ! પણ પારણામાં શું કર્યું તે જાણો છો ? હજારો મૃગલાને મારીને ઉજાણી કરી ગામ જમાડ્યું ? આવી ભયાનક ભક્તિ શ્રાવક ન કરી શકે. બક્ષીસ કરોડોની પણ હિસાબમાં કોડીએ ન જવી જોઈએ તે જ પ્રમાણે ભક્તિમાં કરોડો જાય તેનો વાંધો નથી પરંતુ વિભક્તિમાં કોડી પણ ન જવી જોઈએ. ? આવી ભક્તિ ક્યારે થાય કે જૈન શાસનમાં સંપૂર્ણ નિપુણતા હોય ત્યારે! સમ્યક્ત્વને શોભાવનારું આ પણ આભૂષણ છે.

તિલક મંજરી.

કવિ ધનપાળે "તિલક મંજરી" નામક પુસ્તિકા રચી હતી અને તેમાં ભગવાનની જીવન કથાનું વૃતાંત લખવામાં આવ્યું હતું. ધારાનગરીના રાજા ભોજે એ ગ્રંથ જોયો ત્યારે તેણે ધનપાલને આજ્ઞા કરી કે આ ગ્રંથમાં "અયોધ્યા" છે તેને બદલે વાર્તાના સ્થળ તરીકે ધારાનગરી રાખ અને રાજાની જગ્યાએ મારું નામ રાખી આખી વસ્તુનો પ્લોટ ફેરવી નાંખ ! ધનપાલ આ વખતે શું કહે છે તે સાંભળજો! ધનપાલ કહે છે કે તમારી અને કથાના પાત્રોની વચ્ચે કાગડા અને હંસના જેટલું અંતર છે, ! એટલે આ કથા તમોને લાગુ પડતી ન જ બનાવી શકાય ! આ નિર્ભયતાનો વિચાર કરો, એકના હાથમાં જીવન મરણની દોરી છે, રાજા છે, સત્તાધીશ છે આખો દેશ જેના હુકમમાં પ્રવર્તે છે, ધારે તો મરણાંત ઉપસર્ગો પણ તે આપી શકે છે ! આટલું છતાં ધનપાલ નિર્ભય છે ! હવે એ નિર્ભયતાની કિંમત આંકો ! ભોજે હવે શું કર્યું ? તેણે પુસ્તક બાળી નંખાવ્યું, પરંતુ ધનપાલની પુણ્યવંતી પુત્રી તિલકમંજરીને એ પુસ્તિકા મુખોદ્‌ગત હતી તેણે સ્મરણ કરીને આખી પુસ્તિકા ફરી લખી નાંખી !

કુશળતા શી રીતે સંભવે ?

કહેવાની વસ્તુ એ છે કે શાસ્ત્રમાં કુશળતા જોઈએ. જેનામાં આ કુશળતા ન હોય તે રાજાને કાગડો ન કહી શકે. હવે વિચાર કરો કે એ કુશળતા ક્યાંથી અને શાથી આવે છે ? જવાબઃ-તીર્થ સેવાથી! જૈન શાસને જણાવેલા સ્થાવર અને જંગમ તીર્થોની સેવામાં જે સદા સર્વદા લીન રહે છે તે જ જૈનશાસનમાં કુશળતા પામી શકે છે ! જૈન શાસનની આવી કુશળતા એ પણ સમ્યક્‌ત્વને શોભાવવાનું એક આભુષણ છે !

મોક્ષ પહેલાં સમ્યક્‌ત્વ.

સમજો ત્યારે મોક્ષને પંથે પ્રયાણ કરવાને માટે કાંઇ પણ કરો તે પહેલાં તમારે સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરે જ છૂટકો છે. જ્યાં સુધી સમ્યક્‌ત્વ પ્રાપ્ત થઈ શકતું નથી ત્યાં સુધી બીજા ગમે તે ઉપાયો કરો, પણ તે જરૂર નિષ્ફળ જવાના છે. હવે સમ્યક્‌ત્વ શી રીતે મળે ? તેને માટે વિચાર પલટાની જરૂર છે. વિચાર પલટો થવો જ જોઈએ. રાગમાં જે સુખવૃત્તિ છે તે જવી જોઈએ અને ત્યાગમાં જ સુખવૃત્તિ ઉપજવી જોઈએ. હવે વિચારો કે એ વિચાર પલટો શી રીતે થાય ? પ્રયત્નોથી ! મહાનુભાવો ! વિચાર પલટો કરવાને પ્રયત્ન કરવા જોઈએ એ પ્રયત્ને વિચાર પલટો થવો જોઈએ. વિચાર પલટો થાય છે ત્યારે જ સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થઈ શકે છે અને સંમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય તે પછી પણ સમ્યક્‌ત્વને શોભાવવાને માટે એ પાંચ દાગીનાઓ-પાંચ ઘરેણાંની જરૂર છે !

તમારી ફરજ.

આ રીત વિચાર પલટા માટે પ્રયત્ન કરવો, એ પ્રયત્ને વિચાર પલટો કરી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરવી અને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ પછી ઉપરના પાંચે આભુષણો દ્વારા એ સમ્યક્‌ત્વને શોભાવવું એ પ્રત્યેક શ્રાવકની દૃઢ ફરજ છે. આ ફરજ તમે બજાવો એ હું ઈચ્છું છું. જો આ કાર્યને પંથે તમે કમસર થોડા પણ આગળ વધશો. તો આજે તમોએ જે ઉત્સવ કરેલો છે, તમે આજે જે દિવસ ઊજવો છે તેની ઉજવણી સફળ છે. સર્વ

સંપૂર્ણ.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્ર પારંગત, સ્યાદ્વાદ સિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડઅભ્યાસી, આગમોદ્ધારક, આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી મહારાજ.

(ના. વડોદરા સરકારની ધારાસભામાં સરકારે પ્રેરેલો આર્યભાવના વિનાશક દીક્ષાસંહારક કાયદો ધારાસભામાં અને જનતામાં ચર્ચાઇ રહેલો હતો, એવા કઠિન સમયમાં પૂ. આચાર્ય શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે દીક્ષા સંબંધમાં જૈનાજૈન જનતાનો ભ્રમ ભાંગવાના ઉદ્દેશથી દીક્ષા સંબંધી શંકાઓ પૂછવાનું જાહેર પ્રજાને જણાવેલું હતું. જનતા તરફથી એ સંબંધીના પ્રશ્નો જાહેર રીતે પૂછાયા હતા અને આચાર્યદેવે પોતાની અમોઘ સુધાવર્ષિણી શૈલીમાં તે પ્રશ્નોના સરળ અને સુંદર ઉત્તરો આપ્યા હતા. આચાર્યદેવના એ ઉત્તરો સાંભળ્યા પછી કેટલાય કટ્ટર દીક્ષાવિરોધીઓ પણ પોતાનો દીક્ષા વિરોધ મૂકી દઇ આચાર્યદેવશ્રીના વિચારો જોડે સહમત થયા હતા એ પ્રશ્નોત્તરો અત્યંત ઉપકારક હોવાથી અત્રે આપવામાં આવે છે અને તેનું પૂરેપૂરું મનન કરવાની તંત્રી વાંચકોને વિનંતી કરે છે.) તંત્રી-સિદ્ધચક્ર

પ્રશ્ન ૫૦૯- આપે જે બાળદીક્ષાઓ આપી છે તે સઘળી મા બાપ અને વાલીઓની સંમતિપૂર્વક અપાયેલી છે ?

સમાધાન- હા ! અને તેનાં પુરાવા માટે કેટલાક સાધુઓ પણ અત્રે બેઠેલા જ છે.

પ્રશ્ન ૫૧૦- તો મહેરબાની કરીને એ સંમતિના દસ્તાવેજો રજુ કરશો ?

સમાધાન- આ પરિસ્થિતિ માટે દસ્તાવેજ કરવાની કે મા બાપની લેખી સંમતિ લેવાની જરૂર નથી. શાસ્ત્રકારોએ લેખીત સમંતિ લેવાનું ઠરાવ્યું હોત તો તેમ કરતાએ અમોને વાંધો ન હતો, પણ તેમણે તેમ ઠરાવ્યું નથી અને જે રીતે તેમણે શાસ્ત્રકારોએ સંમતિ લેવાનું ઠરાવ્યું છે તે રીતે તો અમે સંમતિ લઇએ છીએ.

પ્રશ્ન ૫૧૧- એક માણસે દીક્ષા લીધી. તે પછી તેની સ્ત્રી પતિવિરહથી વ્યભિચાર કરે, અને માબાપ પોષણ કરનારાના અભાવે લુંટફાટ કરે, તો એ દુષ્કર્મનો બંધ દીક્ષા લેનારાને પણ લાગે ખરો જ ને?

સમાધાન- ઉત્તર સહેલો છે. ધારો કે એક માણસ આજે પરણે છે, કાલે ખૂન કરે છે, પરમ દિવસે સજા થાય છે અને ક્રમશઃ ફાંસીએ જાય છે, આ વ્યક્તિની પત્ની દુરાચાર સેવે અને તેના માબાપ લૂંટ-કરી પોતાનું ગુજરાન ચલાવે છે તો એ પાપનો બંધ કે તે ગુનેગારી તે સરકારને માનશો કે ખૂન કરનારને ?

પ્રશ્ન ૫૧૨- નસીબમાં હોય તેમ જ થાય ?

સમાધાન- ત્યારે તમે એમ જ કહેવા માંગો છો ને કે જગતના વ્યવહારમાં એક માણસ પોતાના કુટંબ પ્રત્યેની ફરજ ન બજાવી શકે તેનો વાંધો નહિ, બલ્કે ત્યાં નસીબનું નડતર આગળ કરો છો ? માત્ર તે ધાર્મિક કામ કરતાં પોતાની પરિવાર તરફની ફરજ ન બજાવે તો તે સંબંધમાં તમોને વાંધો રહેલો છે. હું આ ઉપરથી જેઓ સત્યને જોનારા છે તેમને એ બતાવવા માંગું છું કે દુનિયાદારીની ફરજો બજાવવાની વાત માત્ર એક દીક્ષાને અટકાવવા માટેના હથિયાર તરીકે વપરાય છે અને લોકોને તેથી ખોટે માર્ગે દોરવવામાં આવે છે.

પ્રશ્ન ૫૧૩- સંસારી ગુનો થાય અને ગુનેગારને કોર્ટ સજા કરે તે સજા ગુનેગાર ભોગવે છે, પરંતુ તે છતાં તેની અસર આખા કુટુંબને ભોગવવી પડે છે અને આખું કુટુંબ દુઃખમાં આવી પડે છે, પણ દીક્ષા જેવા પવિત્ર કાર્યને માટે પાછળ રહેલા માણસો દુઃખમાં આવી પડે તે શું વાસ્તવિક છે ?

સમાધાન- એ માત્ર તમારા મનની ભ્રમણાનો જ પ્રશ્ન છે, સરકારી ગુન્હો કરે અને તેમાં ઘરના કર્તાહર્તાને સજા થાય, તેવે પ્રસંગે પાછળના માણસોનો વિચાર શા માટે કરવામાં આવતો નથી ? અને આજ દીક્ષા પ્રસંગે પાછલો વિચાર કરવાની શાથી જરૂર પડે છે ? કર્તાહર્તા ગૃહસ્થ દીક્ષા લે અને એની ગેરહાજરીમાં ઘરના માણસોને દુઃખ વેઠવું પડે છે એમાં સામાન્ય રીતે વિચારીએ તો તેઓ આનંદ માને છે, એ વાત છુપાવવી ન જોઈએ. જગતમાં વસ્તુ સમજો-છોકરો બેરિસ્ટર થવા ઈંગ્લેંડ જાય છે, માબાપને એ છોકરાને માટે મોટીમોટી રકમો મોકલવી પડે છે ત્યારે તેઓ કાંઇ ઓછું આર્થિક દુઃખ વેઠતા નથી. પણ એ દુઃખ આનંદપૂર્વક વેઠે છે, તો પછી છોકરો આત્માનું કલ્યાણ કરવા નીકળી પડે અને અપૂર્વ પદ મેળવવાના પ્રયાસો કરે તો તેની પાછળ રહેલ કુટુંબીઓએ પણ શા માટે એ દુઃખ આનંદ પૂર્વક ન વેઠવું.

પ્રશ્ન ૫૧૪- માબાપો દીક્ષા લેવા માટે ના કહેતા હોય તો સંતાનોએ શું કરવું ? શું તેમના ઉપરવટ થઈને પણ દીક્ષા લેવી ?

સમાધાન- બાપ છોકરાને એમ કહે કે અમુક શેઠના ઘરમાં દિવાનખાનામાં ફલાણા કબાટમાં સોનાની લગડી મૂકી છે તે ચોમે રહીને ઉઠાવી લાવ ! બોલો હવે માબાપની આજ્ઞા છોકરાએ માનવી કે નહિ માનવી ? માબાપની આજ્ઞા છોકરાએ માનવી એ પ્રમાણ! પણ આજ્ઞા તે જ છે કે જેમાં પવિત્રતા છે. અપવિત્ર આજ્ઞા એ આજ્ઞા જ નથી એટલે તેવી અપવિત્ર આજ્ઞા માનવાને છોકરાઓ બંધાયેલા નથી. બાપે ચોરી કરવાની આજ્ઞા કરી, પરંતુ એ આજ્ઞા હિત કરનારી નથી માટે સંતાને તે ન પાળવી; તે જ પ્રમાણે માબાપની દીક્ષા ન લેવાની આજ્ઞા હોય છતાં પણ તે આજ્ઞા પવિત્ર આજ્ઞા નથી માટે બાળકો તે ન પાળે એમાં કશું જ ખોટું નથી. શાસ્ત્રે જણાવેલી ઉંમરે બાળક માબાપની આજ્ઞા ન હોય છતાં દીક્ષા લે એ પ્રમાણ છે.

મહાસાગરનાં મોતી

(જૈન સાહિત્યના સત્યઘટનાત્મક ઐતિહાસિક કથાનકને આધારે રચવામાં આવેલું એક સુંદર ચિત્ર)

લેખક : **માણિક્ય.**

પ્રકરણ ૩ જું.

વસુંધરાની વિચિત્ર વાતો.

વસુંધરા અને તેની સખીઓ પેલા દિવ્ય રથની સામે જોઇ રહ્યા હતા. તેવામાં તેમના આશ્ચર્ય વચ્ચે રથમાંથી રાજમાતા નીચે ઉતર્યા અને તેઓ મંદ મંદ ગંભીર પગલે વસુંધરાના મહાલય તરફ આવતા જણાયા વસુંધરા તરત જ નીચે ઉતરી પડી, તેનું ગજગામિનીપણું અને મંદતા તે વિસરી ગઇ અને દ્વાર પાસે આવીને બે હાથ જોડીને ઉભી રહી. "પધારો રાજમાતા ! ઘરને પાવન કરો !" એમ કહીને વસુંધરાએ રાજમાતાને આવકાર આપ્યો.

રાજમાતા-શ્રી કૃષ્ણના પટરાણી ગંભીર અને નિસ્તેજ વદને વસુંધરાની પાછળ આવ્યા અને તેમણે રંગભુવનમાં જગા લીધી ! સ્વાસ્થ્ય મેળવ્યું, અને પછી મંદ પણ મધુર અવાજે તેમણે વસુંધરાને પ્રશ્ન કર્યો, "પુત્રી ! વસુંધરા ! તમોને જે કાર્ય મેં સોંપેલું છે તેના શા સમાચાર છે, શું મારી ભલી ભોળી પુત્રીઓ દીક્ષા લેવાનો વિચાર માંડી વાળે છે કે નહિ ?

ધ્યાન..... રાખો !

શ્રી સિદ્ધચક્રના

આવતા અંકમાં શરૂ થશે.

"ઉગતા તારા"

જૈન સાહિત્યનું આ સુંદર ચિત્ર તમારા દીલડાં ડોલાવી નાંખશે

રાજમાતાનો પ્રશ્ન સાંભળીને તરતજ વસુંધરા ઉભી થઇ ગઇ અને ઘણીજ નમ્રતાથી ભરેલે વદને તેમણે રાજમાતાને કહ્યું, 'માતાજી ! આપની આજ્ઞા પ્રમાણે મેં મારી પ્રિય સખીઓને સમજાવવાનો ઘણો પ્રયત્ન કરી જોયો છે પરંતુ ગિરનારની વાત કે, તેમના હૈયામાં મારા કહેલા વચનો બિલકુલ ઉતરતા નથી, મારી પ્રિય સખીઓએ પોતાનો દીક્ષા લેવાનો દૃઢ નિર્ણય કર્યો છે અને એ નિર્ણયને તેઓ વળગી રહેવા માંગે છે !"

"પુત્રીઓ ! તમે દીક્ષાને માટે ઉમેદવાર છો અને શ્રીમતી દીક્ષા લઈને આ અસાર સંસારનો ત્યાગ કરવા માંગો છો એવી વાત જવાથી મારા સાંભળવામાં આવી છે ત્યારથી મારું હૈયું ખરેખર તમારા તરફના પ્રેમથી વિહ્વળ બની ગયું છે ! બહેનો ! તમે મને એ વાત તો જણાવો કે એવા કયા સંકટથી કંટાળીને આ સુંદર સંસારનો તમે ત્યાગ કરવાને તૈયાર થયા છો ?"

"માતા ! મહારાજા શ્રી કૃષ્ણની પુત્રીઓને સંકટ શબ્દનો તો ખ્યાલ જ નથી ! સંકટની શીર ઉપર વર્ષા તૂટી પડે તો પણ અમે અમારા વિચારોમાંથી એક ઈંચ પણ ખસવા માંગતા નથી તો પછી સંકટ તો અમોને શી રીતે ડરાવી શકે ? પણ માતા ! આ સંસાર કેવો છે, તે જાણો છો ? મહાત્માઓ કહે છે કેઃ-

"ઝેર હળાહળ છે જગભરમાં શાંતિનું અહીં નામ નથી !
પુનિત હૃદયને ઠરવા માટે આ ભવરણમાં ઠામ નથી !
બધા બંધનો ટળે દેહના તેવો અહીં આરામ નથી.
ભવ બંધનને અંત લાવતા રે ! રે ! જગમાં ધામ નથી !
તે કાજે ભવરણ તરવાને-મોક્ષ દ્વારને પ્રાપ્ત થવા !
દીક્ષા એ પારસમણી તેને યત્ન કરો બસ મેળવવા !"

આવા વિકટ સંસાર ઉપર અમોને કુદરતી રીતે જ અભાવ છે અને તેથી અમે શ્રીમતી દીક્ષા અંગીકારવા માંગીએ છીએ તેમાં આપ દિલગીર શા માટે થાઓ છો ?"

"પુત્રીઓ ! તમે તમારા ભવબંધનોને કાપવા અને અખંડ શાંતિમાં યુક્ત થવા માટે શ્રીમતી દીક્ષા લેવાને તૈયાર થયા છો એ ખરેખર બહુ જ યોગ્ય છે, તમારો એ મનોભાવ સારો છે એની હું તમોને ના પાડી શકતી જ નથી ! પરંતુ બહેનો ! તમે તમારા આત્મકલ્યાણનો વિચાર કરો છો તે સાથે શા માટે મારો પણ વિચાર કરતા નથી. માબાપ સંતાનોને મોટા કરે છે તેમને ઉછેર છે તો એ સંતાનો સાથે સાંસારિક સુખ ભોગવવાની શું એ માતાપિતાને ઈચ્છા નહિ થતી હોય ? તમોને મેં લાલનપાલન કરીને, પ્રેમથી, અપાર દુઃખ વેઠીને મોટી કરી છે, અને તમે હવે મને છોડીને ચાલ્યા જાઓ એ યોગ્ય છે !"

"માતા ! આપ અમારા ઉપર જે પ્રેમ રાખો છો અને આજ પર્યન્ત અમારી સેવાચાકરી કરીને અમોને મોટા કર્યા છે એ આપનો આભાર જેવો તેવો નથી. આપનો એ મહાન ઉપકાર અમે સમજીએ છીએ. પરંતુ તે સાથે જ આ સંસાર કેવો છે તેનો અમારી પ્રિય માતા ! તમે શા માટે વિચાર કરતા નથી?

જગત પંખી તણો માળો ઘડીભરનો વિસામો છે !
મનુષ્યોના જીવન લેવા ભયંકર કાળ સા'મો છે !
પક્ષી હજારો વૃક્ષ પર પલ કાજ ભેગા થાય છે !
સંબંધ જ્યાં પુરો થતા પાછા ઉડી વિખરાય છે !

આવા આ અનિત્ય જગતમાં અને તેના બંધનોમાં ફસી રહેવું એને માતાજી ! શું તમે યોગ્ય ધારો છો ?" મોટી પુત્રીએ ઉત્તર વાળ્યો.

"નહિ બહેનો ! સંસાર એ જ જીવનનું સાર છે એવો તો મારો પણ વિચાર નથી જ હોં ! પરંતુ આવા કોમળ બાલ કાળમાં અસાર સંસારનો ત્યાગ કરવો એ પણ ઇચ્છવા જોગ નથી. બહેનો! સંસારની મજા ભોગવ્યા પછી, જીવનનો આનંદ ભોગવ્યા પછી, અને મારી આંખોને ઠાર્યા પછી તમે શ્રીમતી દીક્ષા અંગીકાર કરશો તેમાં મને જરા સરખો વાંધો નથી, શું એક કવિએ એમ પણ કહ્યું નથી કેઃ-

માતા પિતા પ્રેમ થકી ઉછેરે, ને સંતતિને શુભ પંથ પ્રેરે;

તેને સદા પ્રેમ થકી પૂજે જે ! આ વિશ્વમાં ધન્ય ગણાય છે તે!

મેં તમોને અત્યંત લાડકોડમાં ઉછેરીને મોટા કર્યા છે તો પછી હવે મારી આશાઓ પૂરી પાડવી એ મારી પ્રિય પુત્રીઓ ! શું તમારી પણ ફરજ નથી કે ?

"માતાજી ! મોટી પુત્રીએ ઉત્તર વાળ્યો, "જો આપ એમ કહો છો કે શ્રીમતી દીક્ષાને અંગીકારવી એ વસ્તુ ખોટી તો નથી જ ! પણ તે સારી છે, તો હું સમજી શકતી નથી કે આપ શા માટે એ સારી વસ્તુથી અમોને દૂર રાખો છો વારૂં ? શું સારી વસ્તુ આપના સંતાનો ગ્રહણ કરે એ આપ ઇચ્છતા નથી?"

"'બાળા ! એવી તો મારી ખચીત ઇચ્છા છે કે તમોને એ સારી વસ્તુ પ્રાપ્ત થવી જ જોઇએ! પણ તે આવી સુકોમળ વયમાં ! બેટા ! સંસાર શું છે શરીર શું છે ? યૌવન શું છે ? એ સઘળું તમોએ જ્યાં સુધી અનુભવ્યું નથી ત્યાં સુધી તમો દીક્ષા લઇને જગતથી દૂર ખસી જાઓ અને તમારા વિવાહ લગ્નો કરવાની, મારી ઇચ્છા પૂરી ન થાય એ જ મને લાગી આવે છે ? પુત્રીઓ ! કૃપા કરી તમે તમારો દીક્ષાનો મનોભાવ હમણાં માંડી વાળો અને તમારી આ પ્રિયતમાને પુત્રી વિહોણી ન બનાવો !" આટલા શબ્દો બોલતાં બોલતાં પુત્રીપ્રેમથી દગ્ધ થયેલા શ્રીમતી મહારાણીશ્રીનું કોમળ હૈયું એકદમ ભરાઇ આવ્યું અને તેમની આંખોમાંથી આંસુઓનો પ્રવાહ વહેવા લાગ્યો !

પ્રિય વાંચક ! શ્રીમતી મહારાણીએ પોતાની બન્ને પુત્રીઓને અનેક રીતે સમજાવી તેમની વચ્ચે ઘણો જ ઉંડો વાર્તાલાપ થયો માતાએ પુત્રીઓને ભારે આગ્રહ કર્યો, પણ તે છતાં શ્રીમતી મહારાણીની પુત્રીઓએ પોતાનો દીક્ષા અંગીકાર કરવાનો વિચાર છોડયો નહિ ! મહારાણીની ચાર પુત્રીઓમાંની માત્ર એક જ પુત્રીએ માતાનું કહેવું કબુલ રાખ્યું અને તેણે દીક્ષા ન લેતાં સંસારમાં જ સાર સમજીને તેમાં જ પોતાનું જીવન ઝંપલાવી દીધું !

x x x x x x x x

તે દિવસ ગયો ! બીજા અનેક દિવસો ઉગ્યા અને આથમ્યા. છેવટે તે સુંદર દિવસ આવી પહોંચ્યો. અત્યંત હર્ષપૂર્વક દીક્ષા લેવાની સર્વ તૈયારીઓ કરવામાં આવી અને શ્રીકૃષ્ણ મહારાજની ત્રણે દુહિતાઓએ શ્રીમતી દીક્ષાને અંગીકાર કરી લીધી. દીક્ષાનો અપૂર્વ રંગ તે બાળાઓ અનુભવવા લાગી. આત્મશાંતિમાં લીન થવા લાગી અને મોક્ષને પંથે પ્રેમપૂર્વક પગલાં ભરવા માંડયાં ! મહારાજ શ્રીકૃષ્ણ

જેવા યાદવેન્દુ ! અને તેમની પુત્રીઓ દીક્ષા લે તે જોઈને બીજી પણ એક મોક્ષાભિલાષી બાળાઓને મોક્ષપંથે પગલા માંડવાની ઈચ્છા થઇ તેમણે પણ શ્રીમતી દીક્ષાનો સ્વીકાર કર્યો ! ! !

x + x * x + x

હવે બીજી તરફ જુઓઃ-દ્વારિકાના એક ઘરમાં એક ખુણામાં એક ખાટલો પડેલો છે. ખાટલા ઉપર જુનાં ફાટેલાં તૂટેલાં વસ્ત્રો પડેલાં છે. ખાટલાની આસપાસ જોઈએ તેટલી ગંદકી ભરેલી છે, છતાં તે ખાટલ ઉપર એક રોગ શોક અને થાકથી જર્જર થયેલી એક બાળા પડેલી છે એ બાળાના મુખ ઉપર મીઠું હાસ્ય ફરકતું નથી પરંતુ તેને સ્થળે ઘોર રૂદન દેખાય છે. તેની આંખો પાણીથી ભરાયેલી છે ! ગાલના હાડકાં ઉપસી આવેલા છે અને આંખોમાંથી પાણીની ધારાઓ વહી જાય છે !

શરીર ઉપર હાથ મુકતાં હાથ તપી આવે એવો સખ્ત તાપ તેના શરીરમાં ભરેલો છે અને તેની વેદના તેને પીડા આપી રહી છે. ભૂખ પણ તે દુઃખી રમણીને સતાવી રહી છે અને ક્ષુધા ભાંગવાને માટે તે વારંવાર ચિત્કાર કરે છે ! પરંતુ અફસોસ ! તેના ઘરમાં ધાન્યનો એક પણ દાણો સરખો પણ પડેલો આજે દેખાતો નથી, કાષ્ટનો એક ટુકડો પણ જણાતો નથી અને મરીમસાલાનું તો ઘરમાં નામ પણ નથી. વાંચક ! એ કયા પુરુષનું દરિદ્રી ઘર છે. એ નિર્ભાગી દારા કયા એવા રંક પતિને પાલવે પડી છે ? આ દુઃખી સ્ત્રીના દુઃખના પોકારો પળે પળે વધે છે. વળી તેણે રોગ અને થાકથી ભરેલો એક પોકાર નાંખ્યો અને એ હૃદયભેદક પોકારને સાંભળીને તેની એક બહેનપણી પાડોશણ ત્યાં આવી દયાથી આ બાઈ તેના ખાટલા ઉપર જઈને બેઠી અને તેને સમાચારો પૂછવા લાગી,

દર્દથી પિડાતે સ્વરે પેલી સ્ત્રીએ કહ્યું; "બહેન ! મારા દુઃખની કાંઈ સીમા નથી ! મારા પતિદેવ આજે પંદર દિવસ થયા મને અનાથ છોડીને કોઈ જગ્યાએ ચાલ્યા ગયા છે અને ત્યારથી હું અહીં નિરાધાર અને દુઃખી રીતે પીડા પામું છું મારા પતિએ પણ મારી કોઈ જાતની સંભાળ લીધી નથી. બેહદ વૈતરાના બોજાથી મને મારી નાંખી છે અને તે પીડા તથા રોગ આજે મારી સ્વાસ્થ્યને સંહારી રહ્યા છે. બહેન ! હું એક અતિ શ્રીમંત પિતાની પુત્રી તે આજે સર્વથા ગરીબ બની રહી છું. મારા પિતાએ મારી ત્રણ બ્હેનોને સંસાર સાગારમાં ન નાંખતા તેમને શ્રીમતી દીક્ષાને અંગીકાર કરાવી ત્યારે તેમણે પણ દીક્ષા લેવા માટે સૂચના કરી હતી. પણ મેં હતભાગીએ એ દીક્ષાનો આદેશ કબુલ ન રાખતા માતાની સલાહથી સંસાર સ્વિકાર્યો હતો. હવે આજે મને ખબર પડે છે કે **ખરેખર સંસાર એ નર્કાગાર છે. માત્ર દીક્ષા એજ એક તારણહાર છે. સંસાર એ કાચનો મણકો છે અને દીક્ષા એ જ ખરેખરું મહાન શાસનરૂપ મહાસાગરનું મોતી છે.** બહેન હું શ્રી કૃષ્ણચંદ્ર મહારાજની પુત્રી છું અને તે છતાં સંસારમાં ફસાઈ પડવાને લીધે આજે આ દશા પામી છું !" આટલા શબ્દો બોલતા તે નિરાશ સુંદરીને બેહદ શ્વાસ ચઢી ગયો ! તેની આંખો મિંચાઈ ગઇ અને હંમેશને માટે તે સંસારને છેલ્લા પ્રણામ કરી તે સ્વર્ગને પંથે પડી !

વાંચક દીક્ષારૂપ દિવ્ય મોતીને સ્વીકાર્યા વિના છુટકો જ નથી.

[સંપૂર્ણ]

સુધા સાગર.

૭૦૨ આજના યુવાનોને સાચું ધાર્મિક જ્ઞાન મળ્યું નથી અને આત્માને બગાડનારું જ્ઞાન તો તેમના મગજમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે એને જ યોગે આજના યુવાને ધર્મ પરત્વે વિરોધ ધરાવનારા બન્યા છે, બલ્કે પ્રાયઃ ધર્મથી વિમુખ બન્યા છે.

૭૦૩ બૂટ, કોલર ને નેકટાઈથી સજજ, ભક્ષ્યાભક્ષ્યની મર્યાદાથી ચુકેલો, રાત્રી ભોજન વગેરેના માની લીધેલા આનંદમાં ઝુલનારો અને દુનિયાદારીના ક્ષણિક સુખોમાં ડુબેલો શિક્ષક કે ભાષણકાર છોકરાને નવકાર મંત્ર ગણવાનો ઉપદેશ આપે, તો એની જરા સરખી પણ અસર તે છોકરા ઉપર નહિ જ થાય.

૭૦૪ તમે જેવું શિક્ષણ આપવા માંગતા હો તે શિક્ષણના પ્રતિનિધિ જેવા તમે બની જશો ત્યારે જ તમારા શિક્ષણનું સાચું પરિણામ આવશે.

૭૦૫ ઉપધાનની સામાન્ય વ્યાખ્યા એ છે કે નવકાર શીખનારાએ વધારે નહિ તો તે શીખે તેટલો સમય આરંભ સમારંભનો ત્યાગ કરવો.

૭૦૬ સુંદર ફૂલોને જોઈને તેની નિંદા કરનારો તે ફૂલોને જ દેખી શખતો ન હોવો જોઈએ તેમ ઉપધાનની સુંદરતાને તિરસ્કારની નજરે નિહાળનારાની પણ સારાસાર વિચાર શક્તિ રૂપી આંખો બંધ થયેલી જ હોવી જોઈએ.

૭૦૭ આજની ધર્મ વિનાશક પ્રવૃત્તિ, શુદ્ધ વાતાવરણ અને ધર્મપ્રેમી સંયોગોનો અભાવ એને જ આભારી છે.

૭૦૮ શાસનની વ્યવસ્થાને ખટપટ કહેનારા શાસનના જ દ્રોહી છે.

૭૦૯ ન્યાય નિહાળનારાઓએ ગુનેગારોની ઈજજત, આબરૂ અને વગવસીલા તરફ નજર સરખીએ કરવી ન ઘટે તો પછી તે સંબંધી વિચાર કરવો તે તો અસ્થાને છે.

૭૧૦ દેશને અંગે દેશદ્રોહીની જે પ્રમાણે વ્યાખ્યા કરીએ છીએ તે જ પ્રમાણે શાસનને અંગે શાસનદ્રોહીની વ્યાખ્યા પણ કરવી જ જોઈએ.

[નોંધ :- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી ઉધ્ધૃત કરેલ કેટલાક સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ પૂ શ્રી ચંદ્રસાગરજી મહારાજજી પાસેથી મેળવી ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અમે અત્રે આપીએ છીએ.

તંત્રી]

૭૧૧ આચાર્ય એટલે તીર્થંકર ભગવાનો તરફથી મળેલા અધિકારના મુખ્ય અધિકારી અને ઉપાધ્યાય એટલે કે આચાર્ય ભગવાન તરફથી મળેલા અધિકારના અધિકારી.

૭૧૨ શ્વાસ વિનાનું શરીર નકામું છે તે જ પ્રમાણે સમ્યક્ત્વ વિનાનો આત્મા નકામો છે.

૭૧૩ સંહિતા એટલે અખંડિત સૂત્ર કહેવું, સૂત્રના પદો જુદાં કરવા, અને સૂત્રના પદોનો અર્થ કરવો આટલે સુધી ઉપાધ્યાયનો હક છે.

૭૧૪ અર્થના અજ્ઞાનપણાથી શુભ ઉપયોગ નથી રહેતો એવું કથન ભરમાવનારું છે.

૭૧૫ જેમ પશુઓ પહેલાં ચરે છે અને પછી નિરાંતે બેસીને વાગોળે છે તે જ પ્રમાણે પહેલા સૂત્ર લેવું અને પછી તેનો અર્થ લેવો એ અહીં જૈન શાસનમાં ઘટે છે.

૭૧૬ માત્ર મૂળને જ માનવાથી દહાડો વળે તેમ નથી મૂળની સાથે અર્થ પણ જાણવો જ જોઈએ, કારણ કે વ્યવહાર અર્થથી જ ચાલે છે મૂળથી નહિ.

૭૧૭ થોડા અક્ષરો પણ ઘણો અર્થ સૂચવે છે, અર્થાત્ સૂત્રના મૂળ અર્થને અને ભાવાર્થને જે જાણે છે તે જ સૂત્રને માનનારો ગણાય, નહિ તો માત્ર તે સૂત્ર નથી માનતો પણ લીટી જ માને છે એમ કહેવું તે યથાર્થ છે.

૭૧૮ ધર્મ જગતને પૂજવા લાયક છે અને તે પૂજવા લાયક રહેવાનો જ ! પણ સંખ્યાનો મોહ રાખીને ધર્મના તત્વોનો નાશ થવા દેવો નહિ.

૭૧૯ સત્યને માનનારા થોડા જ હોય પણ તેથી કાંઈ સત્ય તે અસત્ય થતું નથી. તારાઓ અનેક છે અને સૂર્ય એક છે છતાં તારા જે કામ નથી કરતા તે કામ સૂર્ય કરે છે.

૭૨૦ ધર્મનું એક બિંદુ છોડીને જો વિશ્વવંદ્ય બનાતું હોય તો એવા મહાત્માપણાને નમસ્કાર કરજો.

૭૨૧ જે સર્વને સર્વકાળને વિષે સર્વ દ્રવ્યગુણ પર્યાયપણે યથાસ્થિત જાણે છે તે જ સર્વજ્ઞ છે.

૭૨૨ સર્વજ્ઞની આજ્ઞા જાણનારા, માનનારા અને જગતની ત્રણે કાળની અવસ્થાને માનનારા તે સર્વજ્ઞ ભગવાનના સાધુ છે.

૭૨૩ જે સાધુ ગીતાર્થ નથી અથવા ગીતાર્થની નિશ્રામાં નથી તે સાધુને નમસ્કાર કરવાનું કારણ જ નથી.

૭૨૪ ખૂબ ધ્યાનમાં રાખો કે સાધુપદ કેવળ ગીતાર્થપણા સાથે સંબંધ રાખતું નથી. સર્વજ્ઞ શાસનમાં જે સાધુ શાસનદ્રોહી થાય કે શાસનં વિરોધી થાય તેને નમસ્કાર કરવાનું જ નથી.

૭૨૫ સૂત્રનો એક અક્ષર વિરૂદ્ધ બોલનારો હોય તો ત્યાં આચાર્યપણું કે ઉપાધ્યાયપણું પણ ટકી શકતું નથી.

૭૨૬ સિદ્ધો એ પરીક્ષાના વિષયની બહાર છે, જ્યારે અરિહંતાદિ ચારેની પરીક્ષા શક્ય છે.

૭૨૭ અરિહંતે જે સિદ્ધો આરાધ્ય બતાવ્યા છે તે જ સિદ્ધોને આરાધનમાં લેવાના છે, જે કોઈ અન્ય પ્રકારના સિદ્ધો હોય તે ધ્યાનમાં લેવાના નથી.

૭૨૮ સિદ્ધોની માન્યતા કોઈની સ્વતંત્ર છે જ નહિ, એ માન્યતા પણ અરિહંત ભગવાનની સાક્ષીએ જ છે.

૭૨૯ અરિહંતોની માન્યતા સ્વતંત્ર છે કેમકે તેમની અને તેમના આગમોની પરીક્ષા કરી શકાય છે.

૭૩૦ અરિહંતે જેના પર સહી કરી છે, તે દસ્તાવેજ જો તેના સંતાનો એટલે અનુયાયીઓ કબુલ ન રાખે તો એ તેના સંતાન જ નથી !

૭૩૧ જે અઢારે દોષોથી રહિત છે, તે અરિહંત છે.

૭૩૨ જે પાંચે આચારોને શાસ્ત્રાનુસારે પાળે છે તે જ આચાર્ય, બીજા નહિ.

પઠન પાઠનમાં તત્પર હોય તે દ્વારા ઉપાધ્યાયની પરીક્ષા છે, તથા મોક્ષમાર્ગની સાધના અને સહાયતા દ્વારા [illegible] પરીક્ષા છે.

૭૩૪ અરિહંતના વચનની પ્રમાણિકતાથી જ સિદ્ધની સિદ્ધતાને આપણે સ્વીકારીએ છીએ અર્થાત્ સિદ્ધરૂપી ઝવેરાતને ઓળખાવનારા અરિહંતરૂપી ઝવેરી જ છે અને તેથી જ તેમનો પહેલો નમસ્કાર કરવાનો છે.

૭૩૫ શ્રી અરિહંતે જે આચાર્યોને આરાધ્ય જણાવ્યા છે તે જ આચાર્યોને વંદના કરવી ઘટિત છે.

૭૩૬ નવપૂર્વથી આગળના જ્ઞાનવાળા, તથા જિનકલ્પને લીધે સમુદાયને છોડી ગયેલા હોય, તેમજ મોક્ષને સાધનારા તેવા બધા સાધુ નમસ્કાર કરવાને લાયક છે.

૭૩૭ એક સાધુની અવજ્ઞા અને સર્વ સાધુસંઘની અવજ્ઞા એમાં કશો જ ફેર નથી.

૭૩૮ એક અરિહંતને આરાધો તો એનો અર્થ એ જ છે કે તમો સઘળા અરિહંતોને આરાધો છો.

૭૩૯ વ્યક્તિની આરાધના ગુણના મુદ્દાથી છે; વ્યક્તિ પરત્વે છે.

૭૪૦ ગુણ પરત્વે ન જતાં માત્ર વ્યક્તિ પરત્વે જ જઈએ તો કહેવું પડશે કે આપણે ગુણના પૂજારી નથી, માત્ર હાડકા તથા માંસના પૂજારી છીએ.

❋ ❋ ❋

જૈન સાહિત્યના રસિકો માટે

નંબર	નામ.	અસલ કિંમત	ઘટાડેલી કિંમત
૧	પયરણસંદોહ (અનેક પૂર્વાચાર્યકૃત)	૧-૦-૦	૦-૧૨-૦
૨	પંચાશકાદિ દશના (પ્રૌઢ ગ્રંથોના) અકારાદિ	૪-૦-૦	૩-૮-૦
૩	દેશના સંગ્રહ (હિન્દી)	૦-૮-૦	૦-૬-૦
૪	મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ	૦-૧૨-૦	૦-૧૦-૦
૫	જ્યોતિષ્કકરંડક શ્રી મલયગિરિજીકૃત ટીકાયુક્ત	૩-૮-૦	૩-૦-૦
૬	પંચાસકાદિ આઠ (પ્રૌઢ) શાસ્ત્રો મૂલ	૪-૦-૦	૩-૪-૦
૭	અનુયોગદ્વારચૂર્ણિ ને હારિભદ્રીવૃત્તિ	૨-૦-૦	૧-૧૨-૦
૮	દ્રવ્યલોકપ્રકાશ	૨-૦-૦	૧-૮-૦
૯	ક્ષેત્રલોકપ્રકાશ	૨-૮-૦	૧-૧૪-૦
૧૦	પંચવસ્તુ સ્વોપજ્ઞ	૩-૦-૦	૨-૪-૦
૧૧	પ્રવચનસારોદ્ધાર-ઉતરાર્ધ	૪-૦-૦	૩-૦-૦
૧૨	યુક્તિપ્રબોધ સ્વોપજ્ઞ (ઉપાધ્યાય મેઘવિજયજીકૃત)	૧-૧૨-૦	૧-૮-૦
૧૩	પ્રત્યાખ્યાનાદિ (વિશેષણવતી ને વીશ વીશી સહિત)	૧-૪-૦	
૧૪	આવશ્યકપૂર્વાર્ધ (મલયગિરિજી કૃત)	૪-૦-૦	૩-૦-૦
૧૫	પ્રકરણસમુચ્ચય (અંગુલસપ્તતિ આદિ)	૧-૪-૦	૧-૦-૦
૧૬	અર્હિંસાષ્ટક સર્વજ્ઞસિદ્ધ-ઐન્દ્રસ્તુતિ	૦-૮-૦	
૧૭	નંદિચૂર્ણિ ને (હારિભદ્રીવૃત્તિ)	૧-૮-૦	૧-૪-૦
૧૮	વિશેષાવશ્યક ગાથાનુક્રમ	૦-૫-૦	૦-૩-૦
૧૯	પ્રવચનસારોદ્ધાર-પૂર્વાર્ધ	૩-૦-૦	૨-૪-૦
૨૦	પ્રવજ્યા વિધાનકુલક આદિ (ઇર્યાપથિકા ૩૬ સહિત)	૦-૬-૦	૦-૩-૦
૨૧	દશ પયન્ના છાયા સહિત	૨-૦-૦	૧-૮-૦
૨૨	વંદારૂવૃત્તિ	૧-૪-૦	
૨૩	ઋષિભાષિત	૦-૩-૦	૦-૨-૦
૨૪	નવપદ બૃહદ્વૃત્તિ	૪-૦-૦	૩-૦-૦
૨૫	સૂક્તમુક્તાવલી	૨-૦-૦	૧-૮-૦
૨૬	નંદિઆદિ સાતના અકારાદિ ને વિષયાનુક્રમ	૨-૦-૦	૧-૮-૦
૨૭	વિચાર રત્નાકર	૩-૦-૦	૨-૪-૦
૨૮	આવશ્યક ટીપ્પણ	૧-૧૨-૦	૧-૪-૦
૨૯	શ્રીદશવૈકાલિકસૂત્રની ચૂર્ણિ	૪-૦-૦	- - -
૩૦	શ્રી પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન	૦-૪-૦	- - -
૩૧	સાધુ આવશ્યક ક્રિયાના સૂત્રો	ભેટ-પોસ્ટેજ	બીડો
૩૨	બારસાસૂત્ર (સચિત્ર)	૧૨-૦-૦	--

તા.ક. : રૂા ૨૫/-ના ખરીદનારને પાંચ ટકા, રૂા. ૫૦/-નાને સાડા સાત ટકા, રૂા. ૭૫/-નાને દશ ટકા અને રૂા. ૧૦૦/-ના ખરીદનારને સાડા બાર ટકા લેખે કમિશન આપવામાં આવશે.

મળાવનું ઠેકાણું:-શ્રી જૈન આનંદ પુસ્તકાલય, ગોપીપુરા-સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

સમાલોચના અને નોંધ.

૧ દરેક આચાર્ય આદિ પદસ્થો અને સાધુઓ દરેક વર્ષે મહિને અને પક્ષમાં જોધપુરી ચંડાશુચંડુ પંચાંગને આધારે તિથિ અને પર્વો કરે છે, છતાં આ વર્ષે કેટલાકોએ માત્ર સંવચ્છરીના પર્વ માટે જ તે ટીપ્પણું ન માનતાં બીજાં ટીપ્પણાં માન્યાં છે.

૨ કેટલાક મહાશયોએ જોધપુરીમાં પાંચમનો ક્ષય છે એમ જણાવીને પણ ભાદરવા સુદ ૬ નો ક્ષય જણાવ્યો છે.

૩ કેટલાકોએ સંવચ્છરીના ફેરફારની અપેક્ષાએ મરેલી મા જેવી ગણેલી પંચમીને છઠ અઠમ આદિની અપેક્ષાએ તિથિ તરીકે માન્ય રાખેલી છતાં ક્ષય ગણી ઉડાવી દીધી છે.

૪ દરેક આચાર્ય આદિ દરેક પુનમના ક્ષયે તેરસે ચૌદશ ને ચૌદશે પુનમની ક્રિયા કરે છે. છતાં કેટલાકોએ એ ભાદરવા સુદ પાંચમના ક્ષયે ત્રીજે ચોથની ને ચોથે પાંચમની માન્યતા ન કરતાં તેમાંના કેટલાક ભાગે તે ટીપ્પણું છોડી છઠનો ક્ષય માન્યો ને કેટલાકોએ પાંચમનો જ ક્ષય માની લીધો.

૫ શાસ્ત્ર અને રીવાજને અનુસરનારાઓએ તો ભાદરવા સુદ પાંચમનો ક્ષય હોવાથી ત્રીજનો ક્ષય ગણી ત્રીજે ચોથ ને ચોથે પાંચમની ક્રિયા કરી અનેક સ્થાને પર્યુષણાની આરાધના કરી છે.

૬ અમાવાસ્યાને દિવસે ૮-૪૮ પછી ગ્રહણ શરૂ થનાર ને ૧૧-૫૭ મુક્ત થનાર હોવાથી શાસ્ત્રાનુસારિયોએ તો પાંચ દિવસનો નિયમ જાળવ્યો ને ટળી શકાય એવી અસજ્ઝાય ગણીને ગ્રહણ શરૂ થવા પહેલાં કલ્પસૂત્રનાં બન્ને વ્યાખ્યાનો વાંચી લીધાં, જ્યારે કેટલાકોએ પાંચ દિવસના નિયમને ઓલંઘી કલ્પસૂત્ર પહેલેથી શરૂ કર્યાં ને કેટલોકોએ ગ્રહણનો દૂષિત ભાગ છોડી બાકીની અસજ્ઝાયને વખતમાં કલ્પસૂત્રનું વાચન કર્યું.

૭ अणण्हए પદનો અર્થ અભોજન નથી પણ अनाश्रव છે ને તેથી સંયમની અનાશ્રવ ને અનાશ્રવથી તપ થાય છે એમ સમજવું (સામાહિક)

૮ स्वरूपभिद्धेतुफलादिवाग्भिः- એ પદ ૧ સ્વરૂપ ૨ ભેદ ૩ હેતુ અને ૪ ફલ વગેરેને કહેનારા એમ સ્વસ્વમતના શાસ્ત્રોનું વિશેષણ સમજવું (સામાહિક)

૯ સૂર્યપૂરમાં ગોપીપુરા અને વડાચૌટામાં ભાદરવા સુદ ૪ને ગુરૂવારે સાંવત્સરિક પર્વની દિવ્ય ઉજવણી, ભા. સુ. પને શુક્રવારે જંગી વરઘોડો, ભવ્ય તપશ્ચાઓ, (૨૯ ઉપવાસ, ૧૨ દિવસ, ૧૦ દિવસ તથા અટ્ઠાઈઓ) મોટા પ્રમાણમાં થઈ હતી.

૧૦ ગુરૂવારે સાંવત્સરિકપર્વની આરાધના કઠોર, બીલીમોરા, દમણ, ધાર (માળવા,) છાણી અને વેજલપુર, વિગેરે સ્થળોમાં પુણ્યવંતા પર્વાધિરાજની આરાધના સારા પ્રમાણમાં થઈ હતી.

૧૧ આતુરતા પૂર્વક રાહ જોઈ બેઠેલા ભવ્યાત્માઓને પંચમંગળમહાસુતસ્કંધ સ્વરૂપ નવકારમહામંત્રાદિના ઉપધાનને વહન કરવાની સુંદર જોગવાઈ પૂર્વકનું સ્થાન સુર્યપુરમાં નક્કી થયેલ છે અને તે અવસરનો લાભ લેવા આવનાર માટે ટુંક સમયમાં કુકુંમપત્રિકાઓ નીકળશે.

૧૨ બિલ્લાની લ્હાણી કરનાર અને ખોટી અસજ્ઝાય કહેનારને થાબડવા સંમેલનનું નામ આગળ કરાય તે સમાજને શોભે નહિં.

તા.ક.:- દૈનિક, સામાહિક, પાક્ષિક, માસિક પત્રો, તથા ટપાલ દ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો, આક્ષેપો, જિજ્ઞાસાના સમાધાનો અને નોંધ અત્રે છે - સુધાવર્ષી.

REGISTERED NO. B. 3047.

અમારૂં પુરૂં થતું વર્ષ





શ્રી સિદ્ધચક



પ્રથમ વર્ષ અંક ૨૪ મો.	મુંબઈ, તા. ૧૯-૯-૩૩, મંગળવાર ભાદરવા વદ ૦))	વીર સં. ૨૪૫૯ વિક્રમ સં. ૧૯૮૯

यद् देवैरनिशं नतं गणभृतो, ध्यायन्ति यत् सर्वदा
येनाप्येत गुणावली शिवपदं यस्मै सदा स्पर्धते ।
यस्मात्तीर्थमलं गुणा निरवमा यस्यास्ति यस्मिन् वृषो
ऽनन्यः सेव्यपदं सदाऽव भविनः श्रीसिद्धचक्रांगिनः ॥



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

દીવ્ય ઔષધી દીક્ષા ! ! !

(ફૂલની પાંખડી લ્યો પ્રાણ.....એ રાગ.)

૧

અમે શાં કરીએ તુજ ગુણગાન !
ધન્ય ! હો મહાવીર ભગવાન !

૨

જેણે આ જગ તિમિર પ્રજાળી કીધ જગ મહિમાવાન,
વિંકલ સમયમાં આર્યધર્મનું કર્યું તમે ઉત્થાન.
દિવ્ય દયા અમૃતરસ તેનું મુખથી કરતા પાન;
નિજશીર દુખવેઠી જગભરને દીધાં મોક્ષમહાદાન.

૩

પાપ અને સંતાપ વિષે સહુ બની રહ્યા ગુલતાન.
સત્ય તત્વને સમુલ વિસારી થયા પુરા હેરાન.
ધર્મજ્યોતિ ત્યાં તમે પ્રજાળી દીધો દિવ્ય પ્રકાશ,
અજબ અમરતા મૂકી તમે ત્યાં જેનો નથી વિનાશ.

૪

પુષ્ટ દેહના દુષ્ટ વિચારો હણતા ઉરના તેજ,
તમે શોધ્યું કે સકળ રોગનું મૂળ કારણ છે એજ.
પ્રબળરોગ પર શુધ્ધ ઔષધી તેં યોજી ગુણવાન,
સિદ્ધ રસાયન દીક્ષા શોધી કરતા રોગ નિદાન

૫

ધન્ય ! ધન્ય ! તારા ગુણ શક્તિ ધન્ય તમારી ટેક !
ભદ્ર ભૂમિ ભારતમાં સ્વામી તું સાચો નર એક !
પુનિત પંથ તારે પગ ભરતા ટળે સકળ સંતાપ !
એ પંથે પરવરવા શક્તિ મને સદાએ આપ !

અશોક

卐 શ્રી સિદ્ધચક્ર. 卐

(પાક્ષિક)

-: : : ઉદ્દેશ : : :-

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ છુટક નકલ રૂા. ૦-૧-૬

આ પાક્ષિક પત્ર મુખ્યતાએ **નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના** અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે **આગમ**ની મુખ્યતાવાળી દેશના, અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

दुष्कर्मसानुभिद्वज्रं सर्वसंपत्तिसाधकं ।
आगमोपनिषद्भूतं सिद्धचक्रं सदाऽऽद्रिये ॥ १ ॥

ભાવાર્થ:- દુષ્કર્મોને ભેદવામાં વજ્રસમાન, સર્વ સંપત્તિનું સાધક,
આગમોના સારભૂત શ્રી સિદ્ધચક્રનો સર્વદા આદર કરું છું. "આગમોદ્ધારક."

પ્રથમ વર્ષ | અંક ૨૪ મો | મુંબઈ, તા. ૧૯-૯-૩૩, મંગળવાર. ભાદરવા વદ ૦)) | વીર સંવત્ ૨૪૫૯ | વિક્રમ ,, ૧૯૮૯

અમારું પુરું થતું વર્ષ.



ન જનતાને જડવાદના ઝેરી પવનમાં ખેંચી જવા, તેને સ્વધર્મથી ભ્રષ્ટ કરવા અને પશ્ચિમના રંગે રંગી નાંખવાના અનેક પ્રયત્નો થતા હતા. એ પ્રયત્નોને સફળતા મળે તે માટે પદ્ધતિસરનાં કાર્યો થઇ રહ્યા હતા. સુધારકો સંગઠિત રીતે ભાષણ લેખન અને વર્તનથી જૈન શાસનના આત્માનો નાશ કરવાનો સંકલ્પ કરી રહ્યા હતા. એ સમયે જૈન જનતાના સંસ્કૃતિ રક્ષકવર્ગને માટે એક વસ્તુની ખોટ અમોને લાંબો સમય થયા જણાયા કરતી હતી.

જૈન ધર્મ એ મહાસાગર જેવો વિશાળ છે. મહાસાગરનું મંથન કરીને તેમાંથી રત્નો મેળવવા એ કાંઇ પ્રત્યેક મનુષ્યોને માટે શક્ય નથી, તે જ પ્રમાણે જૈન શાસનના સિદ્ધાંતો સમજવા અને તેમાં ઉડતી શંકાઓનું સમાધાન કરવું એ પણ દરેક આત્માને માટે શક્ય નથી. આથી આવા એક પાક્ષિકની આવશ્યકતા સિદ્ધ થવા લાગી હતી કે જેમાં જૈનધર્મના સિદ્ધાંતોને સમજાવતા લેખો હોય અને જૈન સમાજના કોઇપણ અંગને થયેલી શાસન-રહસ્ય પરત્વેની શંકાનો પણ જેમાં અદ્‌ભુત ઉકેલ હોય!

આ ઉદ્દેશને પોષવા માટે જ શ્રી સિદ્ધચક્ર પાક્ષિકનો પ્રભુ શાસનમાં જન્મ થયો છે.

અમે આ દિશાએ જે યથાશક્તિ કાર્ય બજાવ્યું છે તે શબ્દોમાં બોલી બતાવવાની આવશ્યકતા નથી ! એ કાર્યની તૂલના તો સ્વયં ગ્રાહકોએ જ કરી લેવાની છે. જૈનશાસ્ત્રના પરમ અને ગહન સિદ્ધાંતો સરળ અને સહેલી ભાષામાં સમજાવવા માટે શ્રી સિદ્ધચક્રમાં પ્રત્યેક અંકે જૈનશાસ્ત્રોના ધુરંધર જ્ઞાતા, શૈલાના નરેશ પ્રતિબોધક આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રી સાગરાનંદ-સૂરીશ્વરજી મહારાજનું એક વ્યાખ્યાન આપવામાં આવે છે અને તેઓશ્રીને જે કાંઈ શંકાઓ પૂછાય છે તેના પણ સમાધાનો તેઓશ્રી પાસેથી મેળવીને એ સમાધાનના સંચય કરનાર પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રસાગરજી પાસેથી તે સમાધાન મેળવીને "સાગર સમાધાન" એ શિર્ષક નીચે વાંચકના હિત માટે પાક્ષિકમાં પ્રગટ કરવામાં આવી છે.

જો સાચું બોલવું એ આત્મ-પ્રશંસા ન હોય તો એમ કહેવાને જરાય વાંધો જ નથી કે આ બે વસ્તુએ જૈન કોમની મહાન સેવા બજાવી છે. વિશેષમાં પૂજ્યપાદ શ્રી આગમોદ્ધારક આચાર્ય-દેવના સુધામય વાક્યોનો સંગ્રહ પણ સુધાસાગરના શીર્ષક નીચે કરવામાં આવે છે. એક તરફથી જડવાદી જમાનાનું જૈનો પર થતું આક્રમણ તેણે રોક્યું છે અને બીજી તરફથી જૈન ધર્મની ખુબી અને મહત્તાનો આપણી સામે પ્રકાશ થયો છે. આ રીતે સિદ્ધચક્ર એ સમ્યગ્જ્ઞાન પ્રચારનું એક સુંદર સાધન બની ગયું છે. સિદ્ધચક્રમાં પૂ. આચાર્યશ્રીના વચનોરૂપી અમૃત આ પ્રમાણે પિરસાય છે હવે તે અમૃતનો પોતે લાભ લેવો અને બીજાને તેનો લાભ લેતા બનાવવા એ સ્વયં વાંચકોનું પોતાનું કાર્ય છે.

ઉપર જે ત્રણ વસ્તુઓનો અમે ઉલ્લેખ કર્યો છે, તે ત્રણે વસ્તુઓ સંપૂર્ણ ધાર્મિક હોઈ તત્વજ્ઞાનથી ભરપૂર છે. આવા સાહિત્ય સાથે વિદ્યમાન જગત જેને 'હળવું-સાહિત્ય' કહે છે, એટલે જે સાધારણ રીતે મગજને વિચારણા કરવાનો બહુ શ્રમ પડયા વિના વાંચી શકાય; તેવું સાહિત્ય પણ સિધ્ધચક્રમાં પીરસાય છે. પૂર્વાચાર્યો વિરચિત ધાર્મિક કથાનકોને નવલિકારૂપે આપવાનો તથા દર પાક્ષિકે એક એક કવિતા અને એક ધર્મ કથાનક આપવાનો જે રિવાજ અમે દાખલ કર્યો છે તેણે પણ અમારા વાંચકોનું સારી રીતે ધ્યાન ખેંચ્યું છે, અને એ સાહિત્યે પણ તેમને સંતોષ આપ્યો છે. હજી બીજા મોટા પાયા ઉપર સિદ્ધચક્રમાં સુધારા વધારા કરવાની વિચારણા અમે ચલાવી રહ્યા છીએ અને જેમ જેમ અનુકૂળતા મળશે તેમ તેમ સિદ્ધચક્રને જૈન ધાર્મિક પાક્ષિક સાથે જ તેને જૈન સાહિત્યનું સુંદર પાક્ષિક બનાવવાના અને તેને વિશાળ કરવાના સઘળા સંકલ્પો જરૂર અમલમાં મૂકવામાં આવશે.

સિદ્ધચક્રનું વર્ષ પુરું થયું નથી, થતું નથી અને થશે પણ નહિ. એક વ્યવહારિક દ્રષ્ટિએ અવલોકનરૂપે વિચાર કરો કે જે વર્ષ સિદ્ધચક્ર પૂરું કરે છે, તે જ વર્ષની ભેટ તરીકે અમારી પસંદગી એક વિશિષ્ટ વસ્તુ ઉપર ઊતરી છે ? પ્રિય વાંચક ! એ વસ્તુનું નામ દઈએ ! કે જે વસ્તુ માટે જૈન જનતા વર્ષોથી તલસતી હતી, જેની જૈન જગત રાહ જોઈ રહ્યું હતું અને જેની અનેક સ્થળેથી માંગણી થઈ રહી હતી એવું પુસ્તક તે કયું હોઈ શકે ? બીજું કોઈ જ નહિ, પણ "આગમોદ્ધારક આચાર્યદેવ

શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વર મહારાજનું જીવનચરિત્ર!" એ ગ્રંથ માટે અનેક સ્થળેથી વારંવાર માંગણીઓ થતી હતી, એ માંગણીને પહોંચી વળવા અમે એ સુંદર ગ્રંથ તૈયાર કરાવ્યો છે અને નવા વર્ષના પહેલા અંક સાથે અમે તે ગ્રંથ અમારા વાંચકોને આપી શકીશું; એવી અમોને ખાતરી છે. જે શાસનપ્રભાવક આગમોદ્ધારક સૂરીશ્વરે બાળપણાથીજ પોતાની શક્તિનો દિવ્ય પ્રકાશ બતાવ્યો છે, જેણે અથાગ-પરિશ્રમ લઈ જૈનાગમોનો ઉદ્ધાર કરી મૃતપ્રાય : થઈ જતી આર્ય વિદ્યાને બચાવી છે; એટલું જ નહિ પણ જે મહાત્માએ જૈન ધર્મના સત્યત્વના નિરૂપણ માટે સદા સર્વદા કમર કસેલી રાખી છે; એ મહાત્માનું જીવન ચરિત્ર એવી તો સુંદર સરળ અને આકર્ષક ભાષામાં લખાયું છે કે જેની પ્રશંસા તમે વાંચી વિચારીને જાતે જ કરો એ ઠીક છે. પૂ. સૂરીશ્વરજીના બાળપણાથી આજ સુધીના સઘળા પ્રસંગો એ ગ્રંથમાં વિસ્તારપૂર્વક ગુંથી લઈને આચાર્ય મહારાજના જીવનનું સુંદર પ્રતિબિંબ તેમાં પાડવાનો પ્રશંસનીય પ્રયત્ન કરવામાં આવ્યો છે.

હૃદયનો ઉત્સાહ, પ્રેમ અને ધર્મ ભાવનાની ઊંચી ભૂમિકાથી શ્રી સિદ્ધચક્રનું સંચાલન કાર્ય કરવામાં આવે છે અને વાંચકો પણ એને એવા જ પવિત્ર ઉદ્દેશથી સ્વીકારી લઈ તેનો સાચો લાભ ઉઠાવે, માત્ર વાંચનમાં જ નહિ, પરંતુ વર્તનમાં પણ એ સત્યસિદ્ધાંતોનો વ્યવહાર કરવા માંડે તો સિદ્ધચક્રનો પરિશ્રમ સફળ છે. ઉપર જણાવ્યું છે તેમ આવતા વર્ષથી શ્રીસિદ્ધચક્રને વધારે સુંદર, વધારે પુષ્ટ અને વધારે આકર્ષક બનાવવાની તૈયારીઓ થઈ રહી છે અને જ્યાં સુધી સિદ્ધચક્ર જૈનધર્મનું જૈન ગુજરાતી સાહિત્યનું સર્વાંગ સુંદર પત્ર નહિ બને, ત્યાં સુધી એના કાર્યવાહકોએ એની પાછળ પુરતો પરિશ્રમ લઈ એને સુંદર કોટીએ લઈ જવાના સઘળા પ્રયત્નો કરવાનું નિરધાર્યું છે એ પ્રયત્નો પરત્વે વાંચક ગ્રાહકોની સહાનુભૂતિ રહો, વાંચક ગ્રાહક અને સિદ્ધચક્ર વચ્ચે અખંડ પ્રેમ કાયમ રહો, અને સિદ્ધચક્રની ઉન્નતિ સાથે વાંચકો પણ આત્મિક પંથે પ્રગતિ કરતા રહો એવું ઈચ્છીને, પહેલા વર્ષના અમારા કાર્યમાં જે ગ્રાહક વાંચક, સલાહકારો, સંસ્થાઓ, મિત્રો અને શિષ્ટોએ સહકાર, સલાહ અને સૂચનાઓ આપી છે તે માટે એ સર્વનો અમે અત્રે આભાર માનીએ છીએ.

નોંધઃ-આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીસાગરાનંદ સૂરીશ્વરજીનું વ્યાખ્યાન, સાગરસમાધાન, અને સુધાસાગર તો આ પત્રનો આત્મા છે, તેઓશ્રી તથા તેઓશ્રીની સેવામાં અહર્નિશ તત્પર પૂજ્યપાદ મહારાજશ્રી ચંદ્રસાગરજીએ આ પાક્ષિક પરત્વે જે લાગણી રાખી છે, અને સિદ્ધચક્રના સાહિત્ય માટે જે અથાગ પરિશ્રમ ઉઠાવે છે. તેનો આભાર અમે શી રીતે માની શકીએ ? એમનો આભાર સાચી રીતે માનવા માટે ગુજરાતી સાહિત્યમાં શબ્દો પણ નહિ જડે, એટલું જ કહેવું બસ છે. એટલું જણાવી પ્રથમ વર્ષના અંતિમ અંકનું અમારું વક્તવ્ય અમે પૂર્ણ કરીએ છીએ.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ તરફથી
- પાનાચંદ રૂપચંદ ઝવેરી
તંત્રી - "સિદ્ધચક્ર"

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

આગમોદ્ધારકની અમોઘ દેશના.

પર્વાધિરાજ.....

અષ્ટાન્હિકા કેટલી છે?- તે કોણે કહી છે?- શું અષ્ટાન્હિકા એ પર્વ છે?- અષ્ટાન્હિકાને કોણ આરાધી શકે?- બારવૃત ન લીધા હોય તેને અષ્ટાન્હિકાનું આરાધન કરવાનો અધિકાર છે કે નહિ?- સ્યાદ્વાદ એટલે શું ?-જૈનેતરો સ્યાદ્વાદને શા માટે માની શકતા નથી?-કોરા આધ્યાત્મવાદીઓની આ શાસનમાં કાંઈજ જરૂર નથી!- કોરા આધ્યાત્મવાદીઓ એટલે ફાગણ મહિનાના છોકરા!- દયાધર્મની સમાલોચના-જૈન અને અજૈન દયામાં ફેર શો?- શાશ્વતી અને અશાશ્વતી અષ્ટાન્હિકાનો ભેદ-એ અષ્ટાન્હિકાનું આરાધન તમે શી રીતે કરી શકો છો?- જીવદયા, જીનમંદિરે વિસ્તારથી ઉત્સવ અને ખંડનાદિ ક્રિયાઓની બંધી એ અષ્ટાન્હિકાના સામાન્ય કૃત્યો છે-અમારી પડહ વગડાવવાની અત્યંત આવશ્યકતા છે-

અષ્ટાન્હિકા એટલે શું ?

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે અષ્ટાન્હિકાના વ્યાખ્યાન કરતાં પહેલી એ વાત જણાવે છે, કે અષ્ટાન્હિકા એ શું વસ્તું છે, તે કેટલી છે, એ કોણે કહી છે, અને તે કોણે આરાધવી જોઈએ એ સૌથી પ્રથમ કહેવાવું જોઈએ તે કહેવાય તો જ જૈન જનતાને એ પર્વને આરાધવાનો સાચો ઉત્સાહ આવે અને તે અત્યંત ઉત્સાહપૂર્વક એ કાર્ય કરી શકે. **षड्अष्टान्हिापर्वाणि** ॥ અર્થાત્ અઠ્ઠાઈઓ છ છે. દરેક અઠ્ઠાઈઓ એટલે એ આઠ દિવસો સુંદર ધર્મોત્સવ છે, એ અઠ્ઠાઈઓ એ ખરેખરાં આત્માને શાંતિ આપી તેને મોક્ષને માર્ગે લઈ જનારાં પર્વો છે.

પર્વોમાં આપણને જે જે કાર્યો કરવાના છે, તે સઘળા કાર્યો આ આઠ દિવસમાં કરવાના છે અને એ કાર્યો આ આઠ દિવસમાં બરાબર રીતે થવાંજ જોઈએ. પર્વનો અર્થ સમજવા જેવો છે. **पुरयति पोषयति पर्वः** ॥ ધર્મને જે પુરેપુરી રીતે પોષે છે તે પર્વ છે. અઠ્ઠાઈના આઠે દિવસો પર્વ તરીકે છે તેથી એ આઠે દિવસોનો સમુહ તે પર્વ છે અને તેનું જ નામ અઠ્ઠાઈ છે.

---

* શાસન પ્રભાવક, સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્ત્રાવી, આગમાભ્યાસી, સાહિત્ય સંશોધક, ગુર્જર ભાષા ભૂષણ આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરિશ્વરજી મહારાજાશ્રીએ પર્યુષણ પ્રથમ બારસને રોજ પર્વાધિરાજ પર્યુષણા પર્વને અંગે જે પહેલું વ્યાખ્યાન આપ્યું હતું તે વસ્તુતત્વને સમજાવનારું અને ભારે આકર્ષક નિવડયું હતું. એ વ્યાખ્યાન અત્યંત લાંબુ હોઈ તેણે ઘણો સમય લીધો હતો. અમારા વાંચકોને એ વાંચનનો લાભ મળી શકે એ અર્થે એ વ્યાખ્યાનનો સારભૂત હેવાલ અહીં આપવામાં આવે છે.

અષ્ટાન્હિકા કેટલી છે ?

આવી અઠ્ઠાઇઓ કેટલી છે ? આવી અઠ્ઠાઇઓ વરસમાં ૬ વાર આવે છે. હવે અઠ્ઠાઇઓ કોણે આરાધવી જોઇએ તે વિચારો અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત આદિ બારવૃતો છે. એ બારવૃતો જેણે જેણે ધારણ કરેલા છે તેણે તેણે આ ૬ અઠ્ઠાઇના પર્વો જરૂર આરાધવાના છે. પણ અહીં એવો અર્થ લેવાનો નથી કે જેણે એ બારવૃત લીધા હોય તેણે જ અઠ્ઠાઈ પર્વો આરાધવાના છે એટલે બીજાઓએ આરાધવાના નથી. જો આવો અર્થ કરીએ તો તેનું એ જ પરિણામ આવે કે જેમણે બારવૃત ન લીધા હોય તેઓને આ અઠ્ઠાઇઓ આરાધવાનો અધિકાર નથી એમ ફલિત થાય ! પરંતુ આ વસ્તુ દેખીતી રીતે જ ખોટી છે કારણ કે શાસ્ત્રકારો તો આરાધનાનો ઉપદેશ જ કરે છે. વ્રતધારી અને વ્રત વગરના પણ જીવો વસ્તુ પામી જાય એવા શુભ ઉદેશને લક્ષીભૂત કરવાવાળા તેઓ આરાધનાનો નિષેધ ન જ કરે એ સર્વમાન્ય અને દેખીતું જ છે. શાસ્ત્રકારોએ તો મોક્ષ મેળવવાના અસંખ્યાત યોગ માનેલા છે.

અષ્ટાન્હિકા કોણ આરાધી શકે ?

જેણે બારવૃત ન લીધા હોય તેવો રાજવી અમારી પડહ વગડાવવા માંગતો હોય તો શું તેને તે વગડાવવાનો અધિકાર નથી ? જરૂર છે. કેટલાક માણસો એમ કહે છે કે અમારી પડહ પહેલવહેલો મહારાજ કુમારપાળે જ વગડાવ્યો હતો, તે પહેલાં કોઈપણ વખતે અમારી પડહ વગડાવવામાં આવ્યો નહતો, આમ કહેનારાઓ ખરેખરા ભૂલે છે. શ્રી **उपाशकदशांग** નામક ગ્રંથમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે અને તે ઉપરથી માલમ પડે છે કે તે સમયે પણ અમારી પડહ વગડાવવાની પદ્ધતિ વિદ્યમાન હતી. મૂળસૂત્રમાં પણ આખા શહેરમાં અમારી પડહ વગાડયાનો ઉલ્લેખ છે. એટલું જ નહિ પણ ભગવાન શ્રી હરિભદ્રસૂરી મહારાજશ્રી જણાવે છે કે આચાર્ય પ્રભાવક હોય તો તે દ્વારાએ, નહિ તો શ્રાવક દ્વારાએ રાજાને વિનંતિ કરી પ્રતિષ્ઠા મહોત્સવ સમયે સારાય નગરમાં અમારી પડહ વગડાવવો જોઈએ, ભગવાન હરિભદ્રસૂરી મહારાજ તો કુમારપાળની પહેલા થયેલા છે તે ઉપરથી, તથા ઉપાસક દશાંગના લેખ ઉપરથી સાબીત થાય છે કે અમારી પડહ વગડાવવાની પદ્ધતિ પહેલાં પણ અવશ્ય હતી જ.

૬ અષ્ટાન્હિકા.

આ ઉપરથી આપણે સમજવાનું એ છે કે જેણે બારવૃતો નહિ લીધા હોય, તો તે અમારી પડહ વગડાવી જ ન શકે એવો નિયમ નથી. તે જ પ્રમાણે જેણે બારવૃત નથી લીધાં એવો પુણ્યાત્મા નહિ આરાધી શકે એવો નિયમ ન જ હોઇ શકે અને તે નથી જ. તાત્પર્ય એ છે અઠ્ઠાઇ જેના જેનાથી બની શકે તેણે તો કરવી જ રહી પરંતુ જેણે બારવૃત ધારણ કરેલા હોય તેણે તો એ અઠ્ઠાઇઓ વિશેષપણે કરવી જ જોઇએ. જો નિયમ બાંધવો હોય તો તો એ જ નિયમ બાંધી શકાય કે જેણે બારવૃતો લીધા છે તેને શીરે તો અઠ્ઠાઇઓ કરવાની ફરજ રહેલી જ છે. અષ્ટાન્હિકા ૬ કહી છે.

વ્યક્તિ-વચન-વિશ્વાસ.

શાસ્ત્ર વચનમાં આપણે સંદેહહિનતા શાથી માનીએ છીએ તે વિચારો. પુરુષનો વિશ્વાસ જોવો હોય તો તે તેના વચન દ્વારાએ જોઈ શકાય છે, અને વચનનો ભરોસો અગર વચનની સત્યતા જોવી હોય તો તે પુરુષ દ્વારાએ જોઈ શકાય છે. વ્યક્તિના વચનને અંગે એટલે વ્યક્તિએ જે વાત કહી હોય તે સાચી છે કે જુઠી છે સંબંધી શંકા હોય તો તે વખતે વચનની સત્યાસત્યતા-યોગ્યાયોગ્યતાનો નિર્ણય વક્તાની યોગ્યતાને આધારે થાય છે, પણ પુરુષને અંગે જ શંકા હોય તો તેનો

નિર્ણય તેના વચનોદ્વારા એ જ કરી શકાય છે. ભગવાન શ્રી મહાવીરદેવ કેવળજ્ઞાન પામ્યા અને સમોવસરણમાં બિરાજ્યા હતા તે સમયે પૂ. ભગવાન શ્રી ગૌતમસ્વામી આવે છે અને ભગવાનને જુએ છે. હવે શ્રી ગૌતમસ્વામી ભગવાનને ભગવાન તરીકે શાથી માને છે ? શું તે તેમને શરીરે જોઈને તીર્થંકર માને છે ? નહિ જ ! તેમની કિંમત તે વચનદ્વારાએ જ કરે છે. નીતિના વચનો બોલે અને એ વચનો તેના આચારમાં પણ જણાય ત્યારે આપણે તે માણસને નીતિમાન માનીએ છીએ. એના ઉપરથી એ સાર નીકળે છે કે **મનુષ્યની પ્રમાણિકતાનો નિર્ણય તેના વચનદ્વારાએ થાય છે અને વચનની સત્યતાનો નિર્ણય પુરુષદ્વારાએ થાય છે.**

સ્યાદવાદ શું છે ?

એ જ રીતે ૬ અક્ષાઇ સંબંધી પણ વિચાર કરો ! અક્ષાઇ છ છે એ ખરું, પણ તે કોણે કહી છે ? જવાબ એ છે કે સર્વજ્ઞ ભગવાન મહાવીરદેવે કહેલી છે, સૂત્રકારનું વચન છે અને અમારી કુળ પરંપરાએ ચાલુ છે. એ ૬ અક્ષાઇઓ સ્યાદ્વાદિઓમાં સર્વોત્તમ અને અભયદાન દેવામાં પણ સર્વોત્તમ એવા મહાવીર ભગવાને કહી છે. અહીં સ્યાદ્વાદથીજ ધ્યાનમાં લો. **દરેક અપેક્ષાએ દરેક વસ્તુને સમજવાનો વાદ તે સ્યાદ્વાદ છે.** દૃષ્ટાંત તરીકે પૂછશો કે અહીં મગનભાઈ ક્યાં બેઠા છે આગળ કે પાછળ ? જવાબ એ છે કે મોતીભાઈની અપેક્ષાએ તેઓ આગળ છે, તો છગનભાઈની અપેક્ષાએ તેઓ પાછળ છે. વચલી આંગળીને તમે કોનો આધાર છે એમ પૂછશો તો જવાબ એ મળશે કે આગલી પાછલી બંન્ને આંગળીઓનો તેને આધાર છે, જીવ દેવલોકમાંથી ચ્યવીને મનુષ્યલોકમાં આવ્યો તો આ પ્રસંગે શું બન્યું ? દેવપણાનો નાશ અને મનુષ્યપણાની ઉત્પત્તિ ! દૂધનું દહીં થયું, પરિવર્તન થયું છતાં પણ ગોરસ છે એ તો કાયમ જ છે ! અમૂકની અપેક્ષાએ નાશ માનો છો, તો અમુકની અપેક્ષાએ ઉત્પત્તિ પણ માનવી પડશે જ ! **અર્થાત્ સ્યાદવાદ એ જ અપેક્ષાવાદ છે.**

સ્યાદવાદનો મૂળ પાયો શું ?

ઉપર જણાવેલી વિચારણા એ સ્યાદ્વાદનો મૂળ પાયો છે. સ્યાદ્વાદનું આ રહસ્ય ન સમજનારાઓ એમ કહે છે કે સ્યાદ્વાદ એ અનેકાંત વાદ છે. અર્થાત્ તે અનિશ્ચયવાદ છે. ખરી વાત એ છે કે સ્યાદ્વાદ એ અપેક્ષાવાળો વાદ છે અર્થાત્ તે આસપાસના સંજોગો જોઈને તેમાં તત્ત્વ શોધનારો વાદ છે. એક માણસ છે તે તેના છોકરાનો બાપ છે, તેના બાપનો દીકરો છે, બહેનને ભાઈ છે અને પત્નીનો પતિ છે. તો એને શું કહેવો ? બાપ કહેવો, ભાઈ કહેવો કે છોકરો ! અમુક અપેક્ષાએ બાપ છે, તો તે જ માણસ અમુક અપેક્ષાએ છોકરો છે; અર્થાત્ જે અપેક્ષાએ જે વસ્તુ હોય, તે અપેક્ષાએ તેનું નિરૂપણ કરવું એ જ સ્યાદ્વાદ !

અજૈનો સ્યાદ્વાદ કેમ ન સ્વીકારી શકે ?

હવે વિચારો કે સ્યાદ્વાદ આટલો ઉદાર છે તો પછી બીજા તત્વવાળાઓને એ વાદ માનવામાં વિરોધ ક્યાં આવે છે ? વિરોધ એ આવે છે કે સ્યાદ્વાદ માનનારાને નિત્યાનિત્યપણું, ભેદાભેદપણું માનવું પડે છે. તે તેઓ માની શકતા નથી ! આત્મા અને શરીરને તમે એક માનો છો કે જુદા માનો છો? એક પણ છે અને જુદા પણ છે એક છે એ તો તમે પ્રત્યક્ષ જોઈ શકો છો કારણ કે સાથે રહેલા છે, પરંતુ તેટલું જ સાચું એ પણ છે કે તો એ જુદા પણ છે કારણ કે આત્મા શરીર છોડીને ચાલ્યો જાય

છે! આથી માનવું જ પડે છે કે બંન્ને જુદા પણ છે અને એક પણ છે.

માણસાઈ અને મનુષ્ય જુદા કે એક ?

હવે એ જ વિચારણાને આગળ લંબાવો. માણસાઈ અને મનુષ્ય એ બે જુદાં કે એક ! એક પણ છે અને જુદા પણ છે. અર્થાત્ માણસાઈ અને મનુષ્ય એ બન્ને એક જગા ઉપર રહે છે તે જ રીતે નિત્યાનિત્યપણું પણ બંન્ને એક જગા ઉપર જ સાથે રહે છે. બીજા તત્વોવાળાને આ વાદ માનતા વાંધો એ આવે છે કે તેથી તેમનો ઈશ્વર કર્તૃત્વવાદ ડોલવા લાગે છે ! કેવી રીતે ડોલે છે એ સમજો ! એમને નિત્ય એક જ સ્વરૂપે પદાર્થ છે એમ માનવું છે. પદાર્થનું આત્યંતિક છેવટનું સ્વરૂપ નિર્વિકાર કિંવા અપેક્ષા વિનાનું છે એમ તેમને માનવું પડે છે કારણ કે તેઓ ઈશ્વરને એક સ્વરૂપે માને છે અને જો તે માન્યતા છોડી દે તો ઈશ્વર જગતકર્તા, સ્વયંભૂ, વિગેરે ગુણોથી મટી જાય છે, આ કારણથી તેઓ સ્યાદ્વાદ માની શકતા નથી !

વાચાળતા ચાલી ન શકે.

અહીં જૈન શાસનમાં ઈશ્વર વાદ જ નથી ! એટલે દરેક વસ્તુ તેના શુદ્ધ સ્વરૂપે અપેક્ષાએ નિરૂપણ કરી શકાય છે ! માટે જ સ્યાદ્વાદ સઘળા વાદોમાં ઉત્તમવાદ છે. એ સ્યાદ્વાદ કહ્યો કોણે ? જવાબ અનાદિથી તીર્થંકર ભગવાને ! અહીં વાચાળતા કિંવા યુક્તિવાદથી અમુક વસ્તુ સિદ્ધ કરી બતાવનારની મહત્તા છેજ નહિ. પણ મહત્તા તેની જ છે કે આચારમાં પણ તે સત્યને ઓતપ્રોત કરી બતાવે ! કોરો આધ્યાત્મવાદી આ શાસનમાં ચાલે એવો નથી ! પૌષધ પૂજા આદિ થાય છે, ત્યારે કોરા અધ્યાત્મવાદીઓ કહે છે કે એ સઘળાં કામો પણ કર્મ છે, તો પછી એ શા માટે કરવા જોઈએ ! હવે એ વિચિત્ર કર્મવાદીની લીલા જુઓ !

કોરો અધ્યાત્મવાદી નકામો છે.

એ કોરા અધ્યાત્મવાદીને પૂછો કે ભાઈ ! આ જગત ખોટું છે તો જગત ખોટું છે અને એ વાત તો તને પણ કબુલ છે. પરંતુ તે છતાં ખાવા, પીવા, ઉઠવા, બેસવાની ક્રિયારૂપકર્મ તું શા માટે કરે છે ? શરીરની ક્રિયા કરવાને તેને એટલે આજના કોરા આધ્યાત્મવાદીને વાંધો નથી આવતો, પણ આત્માને મૂક્તિને પંથે લઈ જનારી અને તીર્થંકર દેવોએ દર્શાવેલી ક્રિયા કરવામાં તેને વાંધા છે ! આવો વાંધો લેનારા કોરા અધ્યાત્મવાદીઓ કેવા છે ? ફાગણ મહિનાના છોકરા જેવા ! ફાગણ મહિનામાં છોકરાઓ, ખૂબ તાનમાં આવે છે, બિભત્સ શબ્દ બોલે છે કવિતા પર કવિતા ચાલી જાય છે પણ પરિણામ કંઈ નહિ ! છેવટે ભયંકરતા ! ! છોકરાઓને વંઠી જવાનો ભય પણ ત્યાં જ ! તે જ રીતે આજના કોરા આધ્યાત્મવાદીઓ પણ ફાગણ મહિનાના છોકરા જેવા જ ઠરે છે ! ત્યારે સાચો સ્યાદ્વાદવાદી કોણ છે ? માત્ર મોઢેથી "સ્યાદ્વાદ, સ્યાદ્વાદ બોલનારો નહિ પણ તેના તત્વોને જીવનમાં ઉતારનારો-અભયદાન દેનારો ! તે જ સાચો સ્યાદ્વાદવાદી છે.

દયા તત્વને માનનારા.

હવે એ સાચા અભયદાનને સમજો કે એ અભયદાન તે શું છે ? રાજપ્રકરણની દયા એ વાસ્તવિક રીતે અભયદાનને અનુસરતી દયા નથી કારણ કે એ દયામાં એક મનુષ્યને બચાવવા હજારો પશુઓને મારવાની છૂટ છે. ત્યારે મહાજનોની દયા સંપૂર્ણ છે પણ રાજ સજા કરી શકે છે. મહાજન પોતે બીજાને સજા ન કરતા પ્રતિફલદાયક રીતે પોતે સજા ભોગવે છે. એ પોતે સજા ભોગવવી તેનું

નામ અસહકાર ! અહીં બહિષ્કાર અને અસહકારનો ભેદ સમજવાનો છે. બહિષ્કાર એટલે બીજાને બહાર કાઢવો, અસહકાર એટલે આપણે ખસી જવું ! જાનવરને ચુંથનારાનો મહાજન બહિષ્કાર ન કરી શકે, પણ અસહકાર જરૂર થઈ શકે, તેના (વધરનારના) પડછાયામાં ન રહેવું, તેનું પાણી ન લેવું, તેને અડવું પણ નહિ એ થયો અસહકાર ! પશુઓને ચુંથનારાથી દૂર રહેવામાં આ રીતે ધર્મ છે અને તે વાત હરકોઈ દયા તત્વને માનનારાને સ્વીકારવી જ પડશે !

દયાનું સ્વરૂપ સમજો.

એ દયાનું સ્વરૂપ પણ સમજવાનું ખરું કે નહિ ? જૈનેતરોમાં દયા કેટલા પુરતી છે ? ત્રસજીવો પુરતી ! હાલતા ચાલતા જીવો પુરતી દયા છે. હાલતા ચાલતા જીવો પર દયા રાખવી એ એમની દયાની છેલ્લી કક્ષા છે. જૈનશાસ્ત્ર માત્ર જે હાલતા ચાલતા જીવો છે તેને જ જીવો માનતા નથી, પરંતુ છએ કાયને પૃથ્વી, અપ, તેઉ, વનસ્પતિ અને ત્રસ એટલે હાલતા ચાલતા એ દરેકને જૈનશાસ્ત્ર જીવ માને છે અને એ દરેક જીવને જ અભયદાન દેવાનું આ શાસન ફરમાવે છે. આ છએ જીવોને અભયદાન આપનારા જો કોઈ પણ હોય તો તે જૈનો છે. અન્ય-દર્શનીઓ માત્ર જે હાલતો ચાલતો છે તેને જ જીવ માને છે ! જૈન શાસન કહે છે કે સ્વયં એટલે પોતાની મેળે હાલતા ચાલતા હોય તે પણ અને નહિ હાલી શકતા હોય તેઓ પણ સઘળા જીવો છે અને એ સઘળા જીવોને અભયદાન આપવું એ કર્તવ્ય છે. ત્યારે એ સઘળા જીવોને અભયદાન આપનારાઓમાં સર્વોત્તમ એવા શ્રી જિનેશ્વર ભગવાન તેમણે છ અષ્ટાન્હિકા કહી છે.

છ અઠ્ઠાઈઓ કઈ કઈ ?

જે પોતાનું શ્રાવકપણું જાણતો હોય જે પોતાના જૈનત્વને પુરેપુરો પીછાણતો હોય તેણે આ છએ અઠ્ઠાઈઓ કરવી જોઈએ. એ અઠ્ઠાઈઓનું સ્વરૂપ સાંભળો અને પછી એની આરાધના કરો ! એ છ અઠ્ઠાઈઓ કઈ કઈ ? પહેલી ચૈત્ર મહિનાની, બીજી અષાઢ મહિનાની, ત્રીજી પર્યુષણા પર્વની, ચોથી આસો મહિનાની, પાંચમી કાર્તિક મહિનાની અને છઠ્ઠી ફાગણ મહિનાની આ પ્રમાણે છ અઠ્ઠાઈઓ છે.

આ ક્રમ સાંભળ્યા પછી તમોને એ શંકા થશે કે અઠ્ઠાઈઓનો આ ક્રમ કેવી રીતે કહ્યો ? શાસ્ત્રીય રીતે તો પહેલી અઠ્ઠાઈ પર્યુષણની આવે છે. મારવાડાદિ પ્રાંતોમાં વર્ષ શ્રાવણ માસથી બદલાય છે તો પહેલી અઠ્ઠાઈ પર્યુષણની હોવી જોઈએ. કિંવા ગુજરાત લાટ આદિમાં વર્ષ કાર્તિકથી શરૂ થાય છે તો પહેલી અઠ્ઠાઈ કાર્તિકની હોવી જોઈએ તેને બદલે પહેલી અઠ્ઠાઈ ચૈત્રની કેમ ? એનો ખુલાસો એ છે કે શાસ્ત્રકારો વર્ષ ચૈત્ર શુક્લ પ્રતિપદાથી જ ગણે છે !

બે નિયમિત અને ચાર અનિયમિત.

આ રીતે ભગવાન શ્રીતીર્થંકર દેવોએ આ છ અઠ્ઠાઈ કહી છે તેમાં બે શાશ્વતી છે અને ચાર અશાશ્વતી છે. બે શાશ્વતી અઠ્ઠાઈઓ કોને કહેવી તેને માટે શાસ્ત્રકાર જે નિર્ણય આપે છે તે વિચારીએ. જે અઠ્ઠાઈઓ સર્વકાળની છે તે શાશ્વતી છે. ચૈત્ર અને આસોની અઠ્ઠાઈ તે શાશ્વતી છે કે જે અઠ્ઠાઈમાં શ્રી સિદ્ધચક્રની આરાધના કર્તવ્ય છે. હવે તે બે અઠ્ઠાઈઓ સર્વકાળની કેમ કહી છે તેનો નિર્ણય કરવાનો છે. તમે જાણો છો કે તીર્થંકરોના જીવનચરિત્રના પ્રસંગોમાં તમોને ફરક માલમ પડશે પરંતુ કોઈપણ તીર્થંકરના શાસનમાં તમોને તફાવત નહિ જ માલમ પડે. ચોમાસું, ચોમાસી, પર્યુષણ

તે પણ અનિયમિત છે પરંતુ ચૈત્ર અને આસો માસની નવપદની ઓળી સંબંધીની અઠ્ઠાઈ નિયમિત છે અનિયમિત નથી.

ઉત્તરાધ્યયન સૂત્રની બૃહદવૃત્તિમાં ચૈત્ર અને આસોની બે અઠ્ઠાઈઓ શાશ્વતી કહેલી છે. આ ગ્રંથકાર વિજયલક્ષ્મીસૂરીજી પોતે જ કહે છે કે વાંચકોને જો મારા ઉપર ભરોસો ન હોય તો બીજો પુરાવો મારા કથનના ટેકામાં તમે લઈ શકો છો ! અમે તો ભદૈયા-સદૈયા ! સદૈયા બારે માસ આરાધન કરે છે ! ચોમાસામાં પણ ભાદરવા માસમાં જે આરાધના કરે તે ભદૈયા છે.

આયંબીલ એકલા જ બસ નથી.

વળી, અઠ્ઠાઈના આરાધનમાં એકલા આયંબીલ કરવા તે જ બસ નથી એ આરાધનમાં તો અષ્ટાન્હિકાનો મહોત્સવ પણ કરવો જ રહ્યો ! દેવતાઓ પણ આ બે અઠ્ઠાઈઓનું આરાધન કરે જ છે. દેવતાઓ ક્રોડાક્રોડ યોજનનો પ્રવાસ કરીને શ્રી નંદીશ્વરદ્વીપમાં આવી અઠ્ઠાઈનું આરાધન કરે છે. અવિરતિ દેવતાઓ પણ ક્રોડાક્રોડ યોજનનો લાંબો પ્રવાસ કરીને ક્રોડક્રોડ યોજન જઈ અઠ્ઠાઈ આરાધના કરે છે. વિદ્યાધરો પણ નંદીશ્વર જાય છે. વિદ્યાધરો તે અર્ધા દેવતા જેવા છે અર્થાત્ વિદ્યાર્થી શક્તિવાળા છે. વિદ્યાધરોના જેટલો પરિશ્રમ સામાન્ય માણસ ન ઉઠાવે એ સમજી શકાય એવી વાત છે પરંતુ મનુષ્યો તીર્થસ્થાને અને તો પણ શક્ય ન હોય તો છેવટે પોતાને સ્થાનકે પણ ઓળીની આરાધના ખચીતં કરવી જોઈએ.

અશાશ્વતી અઠ્ઠાઈઓ.

બે શાશ્વતી અઠ્ઠાઈઓ જે કહી છે તે મેં ઉપર જણાવી છે, હવે તમોને એવો પ્રશ્ન થશે કે જો એ બે અઠ્ઠાઈઓ શાશ્વતી છે તો હવે અશાશ્વતી અઠ્ઠાઈઓ કઈ હશે ? ત્રણ ચોમાસીઓ અને એક પર્યુષણની મળી ચાર અઠ્ઠાઈઓ અશાશ્વતી છે. જીનેશ્વર મહારાજાઓના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને નિર્વાણ થાય છે ત્યારે દેવતાઓ નંદીશ્વરને વિષે જઈને અને ખેચરો અને મનુષ્યો પોતપોતાના સ્થાનકે જે મહોત્સવ કરે તે પણ અશાશ્વતી અઠ્ઠાઈઓ છે. કેટલાક ભાગ્યશાળીઓ સૂત્રપંચાગી માનનારા હોય છે તેને માટે તો ઉત્તરાધ્યયનની ટીકાનો પાઠ બસ છે.

સૂત્રને સ્થાને હૂતર !

કેટલાક મહાનુભાવો તો એવા છે કે જેમને "સૂત્ર" શબ્દ પણ બોલતા નથી આવડતો તેઓ "હૂતર" કહે છે. આવા હૂતરવાદીઓને માટે આજ વાત જીવાભિગમ સૂત્રમાં કહેવામાં આવી છે. જીવાભિગમ સૂત્રમાં સ્પષ્ટ ભાષામાં નંદીશ્વરદ્વીપના વર્ણનમાં જણાવવામાં આવ્યું છે કે ત્યાં ઘણા ભવનપતિ, વ્યંતરો, જ્યોતિષ્કો, અને વૈમાનિક દેવતાઓ અષાઢ, કાર્તિક, અને ફાગણની તથા પર્યુષણની અઠ્ઠાઈઓમાં મોટા મહોત્સવો કરે છે. આ ચાર અઠ્ઠાઈઓને અશાશ્વતી કહેવામાં આવી છે.

સાત મુખવાળો મગરમચ્છ.

અઠ્ઠાઈના આ મહોત્સવો જે કરવામાં આવે છે તે કુલાચારે કે ધર્માચારે કરવામાં આવે છે. આપણા સમાજના સામાન્ય વર્ગમાં ચૈત્ર અને આસો માસની અઠ્ઠાઈને અંગે શ્રીપાળ અને મયણાસુંદરીનું ચરિત્ર પ્રસિદ્ધ છે. પરંતુ એ ચરિત્રમાંથી આપણે ફાયદો શો ઉઠાવીએ છીએ ? કાંઈજ નહિ ! આ કાને સાંભળીએ છીએ અને એ ચરિત્ર બીજા કાને કાઢી નાંખવામાં આવે છે. આપણામાં નવપદનો સંસ્કાર

કેવો નબળો છે તે તો તમે દરેક જાણતા હશો ! મહારાજા શ્રીપાળ સમુદ્રમાં પ્રવાસ કરે છે. ભર દરિયામાં વહાણ ચાલે છે. તેને ધવલ શેઠ કૌતુકપૂર્વક કહે છે કે, "સાત મુખવાળો મગરમચ્છ દેખાય છે !" તરત જ મહારાજ શ્રીપાળ ઉઠે છે ! હવે વિચારો કે આ પ્રસંગ શાનો છે ?

બીજું કાંઈ નહિ; નમો અરિહંતાણં.

જે પ્રસંગમાં શ્રીપાળ રાજા મૂકાયા છે તે પ્રસંગ શું ધર્મનો છે ? શું તે પ્રસંગે ધર્મ યાદ આવે એવો લેશમાત્ર પણ સંભવ છે ? નહિ જ. તરત જ મહારાજા શ્રીપાળ ઉઠે છે અને ફાટક પર જાય છે. ધવલ શેઠ દોરડું કાપી નાંખે છે અને મહારાજા તે જ ક્ષણે મહાસાગરમાં ઉછળી પડે છે, આ સમયની સ્થિતિની ભયાનકતા તમે કલ્પી શકો છો ? જો તમો એ સ્થિતિની ભયાનકતા ન કલ્પી શકતા હો તો તે કલ્પવાનો પ્રયત્ન કરો ! શ્રીપાલ મહારાજા આ સમયે ઉછળી પડે છે પરંતુ તેઓશ્રીના મુખમાંથી શા ઉદગારો નીકળે છેઃ- **नमो अरिहंताणं** ॥

આવી મહા ભયાનક સ્થિતિ ! પરંતુ તેમાંએ યાદ શું આવી ગયું ! નમો અરિહંતાણં ! હવે વિચાર કરો કે આવી સ્થિતિમાં સિદ્ધચક્રજી શી રીતે યાદ આવ્યા ? આપણને જરા સરખી ઠેસ વાગે છે ! ચપ્પુ વાગે છે ! આંગળી કપાય છે, તો શું નમો અરિહંતાણં ! એ યાદ આવે છે ? રોગથી પિડાતા હોઈએ તો પણ એ શબ્દો બહાર નીકળે છે કે, "ઓ બાપરે ! ઓ મારે !" જેનામાં બચાવવાની શક્તિ નથી ! જેનામાં રક્ષણ કરવાની શક્તિ નથી ! તે યાદ આવે છે ! પરંતુ જેનામાં સંરક્ષણ કરવાની શક્તિ છે તે યાદ આવતા નથી ? ! આનું કારણ એક જ છે કે જે વસ્તુ હૈયામાં ઉતરવી જોઈએ એ તે આપણે હજી હૈયામાં ઉતારી શક્યા નથી ! શ્રીપાળ મહારાજાના ચરિત્રને સાંભળ્યાની અહીં જ સાર્થકતા છે કે એ સાંભળો તે સાંભળેલું મનમાં ઉતારો અને સંસ્કાર દૃઢ કરો.

સિદ્ધચક્રના રંગો.

શ્રી સિદ્ધચક્રની સ્થાપના કરો છો ત્યારે તેમાં જુદા જુદા રંગો સ્થાપો છો. આજે સઘળા રંગો છે એ કેવળ અનુકૂળતા માટે જ છે એ રંગો કોઈ બીજા કારણ માટે છે એમ સમજવાની જરૂર જ નથી. સઘળા જ અરિહંતો સફેદ નથી તે જ પ્રમાણે સઘળા જ સિદ્ધો કાંઈ લાલ પણ નથી જ. પણ બરાબર ધારણા ધારી શકાય તે માટે જ વચ્ચે મૂળ જમીન ધોળી રાખી, વચમાં ધોળો રંગ રાખ્યો અને ચાર બાજુના ચાર રંગો જુદા જુદા પાડી નાંખ્યા, આથી શું થશે ? એનું પરિમાણ એ આવશે કે જુદા જુદા રંગો જણાવાથી નવની કલ્પના સારી રીતે કરી શકાશે. તે જ સાથે યાદ રાખવાની જરૂર છે કે સામાન્ય ગટ્ટામાં આ પ્રમાણેની જુદી કલ્પના થઈ શકશે. એ રંગોની અલૌકિકતાનું વર્ણન પ્રસંગ પર કરાશે.

આરાધન કેવી રીતે કરશો ?

યંત્રનું આરાધન સિદ્ધચક્રનું માંડલું ધ્યાનમાં રાખીને તે પ્રમાણે કરવાનું છે અન્યથા નહિ જ! લલાટ વગેરે દશ સ્થાનોમાં યંત્રનો આકાર સ્થાપન કરવો અને શુદ્ધ પરિણામથી તથા પૂરેપૂરા ભાવથી તેનું ધ્યાન ધરવું. તે ઉપરાંત સામાન્ય રીતે છએ અઠ્ઠાઈઓમાં અમારી પડહ વગડાવવો જ જોઈએ અમારી પડહ વગડાવવામાં પણ કેટલાક એવા નકલી નંગો મળી આવશે કે જેઓ શાસ્ત્રાર્થ કરવા બેસશે અને કહેશે કે હલકા લોકોને પૈસા આપી જીવો છોડાવ્યા એમાં શું દહાડો વળ્યો ? આવું બોલનારાઓથી છેતરાશો નહિ ! આવું કોણ બોલે છે ! તેના જ મુખમાંથી આવી વાણી નીકળે છે કે જેઓ મૂળમાં પૈસા ખરચવા જ માગતા

નથી ! પણ આવા બનાવટી સદ્‌ગૃહસ્થોને પૂછો કે મહાનુભાવો ! હલકા લોકોને પૈસા આપી જીવો ના છોડાવ્યા તો ભલે, પણ સારા લોકોને પૈસા આપી કેટલા જીવો છોડાવ્યા તે તો જણાવો ? મેઘકુમારે સસલો છોડાવ્યો ત્યારે શું તેણે એવો વિચાર કર્યો હશે કે હું સસલો છોડાવીશ ખરો પણ આગળ જતાં તે હેરાન થશે તો પછી ? નહિજ ! શુધ્ધ બુદ્ધિથી સારું કાર્ય કરવું એ જ આપણી ફરજ છે.

બગડીમાં બગડયા !

આ વસ્તુ ઉપર તમોને એક રમુજી દૃષ્ટાંત આપું છું. રૂઘનાથજી કરીને એક નામધારી ગૂરૂ હતા. તેનો શિષ્ય હતો ભીખમજી ! આ ભીખમજી સોજતની પાસે બગડી ગામે આવી પહોંચ્યા ! બગડીમાં ઉપાશ્રય હતો. ઉપાશ્રયના વાડામાં એક ખુણો હતો. ખુણામાં એક સ્થળે કુતરી વિવાઇ હતી. અને તેને નાના બચ્ચાંઓ થયા હતા ! એ ઉપાશ્રયની જાળી ઉઘાડી નહિ મુકવાની વડીલે શિખામણ દીધી. ભીખમજી જાળી ઉઘાડી મૂકીને ગોચરી લેવા ગયા, ભીખમજી બહાર ગયા એટલામાં બીજા કુતરા અંદર આવ્યા, અને તેમણે પેલા નાના કુતરાઓને મારી નાંખ્યા. વડીલે જાળી ઉઘાડી મુકવાં માટે ઠપકો આપ્યો. હવે ભીખમજી ચક્કરે ચઢયા અને કહેવા લાગ્યા કે મારે જાળી ઉઘાડવાની કે બંધ કરવાની છે નહિ, કારણ કે આ વિરતિજીવ મરે કે જીવે તેનો મારે શો સંતાપ ? અહીં ભીખમજીની ભેખડ તૂટી ! અહીં બગડી ગામમાં ભીખમજીની બુદ્ધિ બગડી પડી ! તેરા પંથીની ઉત્પત્તિ. વારૂં હું તમોને પૂછું છું કે અર્થાત્ તેમને પૂછજો કે ગોચરીમાં આવેલી તમારી દાળમાં માખી પડે છે. તો તમે શું કરશો ? એ માખીને કાઢી નાંખશો કે મરવા દેશો ? અથવા માખી વાળી દાળ જ આરોગી જશો ? જવાબ સીધો આપે તો (તેરા પંથી) મતમાં મીંડું મુકાય છે.

હિંસામાં ૧ પાપ અહિંસામાં ૧૮ !

શું અહીં એવો વિચાર કરવામાં માણસાઇ છે ખરી કે જો હું જીવ નહિ બચાવીશ, તેને મરવા દઈશ તો મને માત્ર એકજ હિંસા લાગશે પરંતુ જો હું જીવ બચાવીશ તો મને અઢાર પાપસ્થાનકનું પાપ લાગશે, કારણ કે મારો બચાવેલો જીવ અઢાર પાપસ્થાનકે પાપ કરે છે ! આવો વિચાર કરનારાને આપણે મુર્ખો ન કહીએ તો બીજો કોને મુર્ખો કહેવો જોઇએ. કતલખાનામાં કસાઇઓ હજારો જીવોને મારે છે તે પણ જીવ બચાવનારને અધમ નહિ માને પરંતુ પોતાના કાર્યને જ અધમ માનશે ! બગડીમાં બગડેલો નહિ હોય તેવો કોઈપણ અક્કલવાળો માણસ તો એવો વિચાર નહિ જ કરે, કે હું જીવ નહિ બચાવીશ તો મને એક જ હિંસા લાગશે, પણ જો હું જીવ બચાવીશ અને તે જીવ હિંસા કરશે અર્થાત્ પાપ કરશે, અત્યાચાર કરશે તો તે સઘળા પાપનો પણ હું ભાગીદાર થઈશ ! હવે જ્યારે જીવ બચાવવો એ ઉપાસક દશાંગ અને ભગવાન શ્રીહરિભદ્રસૂરીજીની અપેક્ષાએ વ્યાજબી કરે છે તો પછી લાગવગથી, પ્રેરણાથી, ઉપદેશથી, અન્નથી કે પૈસાથી પણ જીવરક્ષા કરવી એ વ્યાજબી જ ઠરે છે ! આવા કાર્યનો વિરોધ કોણ કરે છે ? તે જ વિરોધ કરી શકે કે જે બગડી ગામમાં બગડેલ ટોળાના હિમાયતી હોય!

પૈસાથી હિંસા અટકાવાય કે ?

વળી, એવું કહેનારા પણ ઘણા મળી આવશે કે અરે ! પૈસા આપીને જીવ બચાવ્યા, એમાં તે લાભ શો ? ફાયદો શો ? એ રીતે તો વધ કરનારને ઉલટું પાપ કરવાની અનાચાર કરવાની ટેવ પડે છે ! અરે ! પૈસા આપીને તે જીવ બચાવવાના હોય ? આવી વાતો કરનારને કહી દો કે ભાઇ!

કોઈ માણસ તારા બચ્ચાને મારવા તૈયાર થાય તો તે વખતે પૈસા આપીને તું તેનો જીવ બચાવે ખરો કે નહિ બચાવે? ત્યાં પૈસા કરતા જીવરક્ષા એ વધારે મહત્વની ખરી ! પણ જ્યારે પારકા જીવોનું રક્ષણ કરવાની વાત આવે છે ત્યારે ત્યાં આગળ "શું ? પૈસા આપીને તે વળી જીવને બચાવાય !" મહાનુભાવો! આવા તર્કશાસ્ત્રને તમારે જે નામ આપવું હોય તે તમે આપી શકો છો.

અનુકંપા એ ધર્મ છે કે ?

તમે ઉપવાસો કરો છો, એકાસણા કરો છો, તે સમયે કાંઈપણ ખાતા નથી ! પરંતુ પારણા કરતી વખતે જાત જાતનું મિષ્ટાન્ન બનાવીને ખાઓ ! તો શું તેથી તમારો કરેલો ઉપવાસ નકામો ગયો ? નહિ જ. એ જ રીતે બચાવની-જીવરક્ષાની વખતે જીવરક્ષા કરવી એટલી જ વાત છે ! તે વખતી બીજી વાત છે જ નહિ ! ભગવાન મહાવીર દેવે ગૌશાળાને બચાવ્યો હતો અને તે પછી તો એ ગોશાળાને હાથે અનેક પાપો થયા હતા તો શું એ પાપો બધા મહાવીર મહારાજને લાગ્યા હતા ખરા કે ? નહિ જ ! ! વારૂં, મહાવીર મહારાજે ગોશાળાને બચાવી લીધો હતો, તે શાથી બચાવી લીધો હતો વારૂં ? શિષ્ય બુદ્ધિથી કે અનુકંપા બુદ્ધિથી ? ભગવાન મહાવીર એ પ્રસંગને માટે પોતાના મુખથી શું કહે છે તેનો વિચાર કરો.

મહાવીર મહારાજની અનુકંપા.

ભગવાન મહાવીર આ પ્રસંગના સંબંધમાં કહે છે કે મેં ગોશાળાને બચાવ્યો છે તે શિષ્ય બુદ્ધિથી બચાવ્યો નથી જ પરંતુ અનુકંપાની બુદ્ધિથી જ બચાવ્યો છે. યાદ રાખજો કે ભગવાન શ્રી મહાવીર આ વચનો કહે છે તે છદ્મસ્થાવસ્થામાં નથી જ કહેતા, પરંતુ કેવળજ્ઞાન પામ્યા પછી જ કહે છે ! કેવળીપણામાં ભગવાન મહાવીર પોતાના મુખથી જ એમ જણાવે છે કે મેં ગોશાળાને અનુકંપા બુદ્ધિથી જ બચાવ્યો હતો ! હવે આપણે માટે (તેરા પંથીના હિસાબે) એક જ રસ્તો છે કાં તો ભગવાન મહાવીરે જે અનુકંપા કરી એ ધર્મ નથી એમ માનો અને કાં તો તે અનુકંપા એ ધર્મ છે. એમ માનો ! અર્થાત્ ધર્મ માન્યો છે એમ માની લો અથવા તો અનુકંપા એ ધર્મ છે નહિ એમ માનો ! જો અનુકંપાને ધર્મ માનશો તો પછી પૈસા આપીને પણ પ્રાણીમાત્રને બચાવવાના કાર્યને પણ તમારે ધર્મ માનવો જ પડશે.

જૈન શાસનની ખુબી.

આજના કસાઈઓ કે જેઓ પશુઓનો વધ કરે છે, તેનાથીએ અનેકગુણો પાપી એવો ગોશાળો તેને અનુકંપાથી બચાવવામાં ભગવાન મહાવીરે ધર્મ માન્યો છે. આ જ જૈનશાસનની ખૂબી છે ગમે તેવા પાપીમાં પાપી આત્માને અભય અને શાંતિ આજ શાસન આપે છે, બીજું નહિ ! ભગવાન મહાવીરે છદ્મસ્થાવસ્થામાં ગોશાળા પર દયા કરી હતી. પણ કેવળી થયા પછી એ કાર્ય પર તેમણે પોતાની મહોર છાપ મારી છે. હવે તમોને એ કાર્યમાં બોલવાની જગા રહી જ નથી માટે ફલિત થાય છે કે જીવદયા એ ધર્મ છે, એ જીવદયા પૈસા આપી કે બીજે યોગ્ય પ્રકારે સાધવી જોઈએ અને અમારી પડહ બની શકે તેટલો વગડાવવો જ જોઈએ. અહીં માત્ર પ્રસંગોપાત અમારી પડહનું અવલોકન કર્યું છે.

આપણી ફરજ.

ત્યારે હવે વિચાર કરો કે શ્રી મહાવીર મહારાજ જેવાએ કહેલી અષ્ટાન્હિકા ! તે અષ્ટાન્હિકામાં આપણું કર્તવ્ય શું સાબિત થાય છે. અષ્ટાન્હિકામાં સામાન્ય કાર્યો તરીકે અમારી પડહ

વગડાવવો જોઈએ, જીનમંદિરમાં વિસ્તારથી ઓચ્છવ (ઉત્સવ) કરવો જોઈએ અને ખંડનાદિ ક્રિયાઓ બંધ કરવી જોઈએ. હવે જે બે શાશ્વતી અટ્ઠાઈઓ છે, તેના વિશેષ કાર્યો શાં શાં છે તે આગળ ઉપર જોઈશું. સંપૂર્ણ.

ખાસ સૂચના-ઉપર પ્રમાણે વિસ્તારપૂર્વક વિવેચન શ્રોતા સમક્ષ રસપૂર્વક થઈ રહ્યું હતું અને તે જ પ્રમાણે બાકીનું વ્યાખ્યાન પુરું કરવા માટે પૂજ્ય આચાર્યદેવનો ઉત્સાહ હતો. આખું વ્યાખ્યાન પૂરું કરવાનો અવસર નહિં પહોંચવાથી મૂળમાત્ર વ્યાખ્યાન કરવામાં પણ સ્ટા. ટા. ૧૨-૧ મિનિટ થઈ હતી. મૂળમાત્ર વ્યાખ્યાનનું અનુવાદ ભાષાંતરરૂપ થઈ જાય અને વાંચકોને કંટાળારૂપ નીવડે એમ ધારી આટલેથી જ વિરમીએ છીએ.

- તંત્રી.

-: સચિત્ર :-

શ્રી બારસા સૂત્ર

શ્રાવણ પૂર્ણિમાના દિવસે બહાર પડી ચુક્યાં છે.

મૂલ્ય..... **બાર** .....રૂપિયા.

વર્ષો થયાં જૈન જનતા જેની રાહ જોઈ રહી હતી, તે કિંમતી ગ્રંથ જર અને જહેમતના મોટા ભાગે થઈ ગયો છે. આવો ગ્રંથ આજ સુધીમાં કોઈ પણ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયો નથી !

જાણો છો ?

શ્રી સંવત્સરીના દિવસે આ બારસા સૂત્ર વાંચતી વખતે ચિત્રોવાળી પ્રતની જરૂર પડે છે અને કેટલેય સ્થળે મુશ્કેલી પડે છે. એટલે દરેક ગામમાં આ પુસ્તકની એક નકલ તો જરૂર જોઈશે ! અને આ તો-

પુસ્તક શું પણ કળાનો અદ્ભુત નમુનો છે !

તાડપત્રની પ્રાચીન પ્રત ઉપરથી રંગ-બેરંગી સોનેરી અને રૂપેરી ચિત્રોના ખાસ બ્લોકો બનાવી આમાં છપાવ્યા છે. આખુંય પુસ્તક ઉંચી જાતના આર્ટ-પેપર ઉપર અને તે પણ નિર્ણયસાગર પ્રેસમાં છપાવ્યું છે. ૮૮ રંગીન ચિત્રો, આર્ટ પેપર અને આંખે ઉડીને બાઝે એવી છપાઇ, પછી વધારે શું જોઈએ ? એથીજ આના તો-

અગાઉથી જ ગ્રાહકો નોંધાયા હતા !

અગાઉથી થયેલા ગ્રાહકો જોતાં માત્ર ગણત્રીની પ્રતો બાકી રહેશે, માટે જેઓએ અગાઉથી ગ્રાહક તરીકે નામ નોંધાવ્યું હોય, તેમણે તુરતજ આ ગ્રંથ મંગાવી લેવા વિનંતિ છે. માટે પાછળથી-

પસ્તાવું પડે નહિ તે માટે આજે જ

નીચેના સરનામે એક પોસ્ટ કાર્ડ લખીને વી. પી. થી આપની નકલ મંગાવી લેશો !

-: ખાસ નોંધી લેશો કે :-

બારસા સુત્ર મંગાવતી વખતે પોતાનો એડવાન્સ નંબર લખી જણાવશો.

આ શ્રી કલ્પસુત્ર બારસા સચિત્રમાં કોઈ પણ જાતનું કમીશન આપવામાં નહિ આવે, તેમજ કોઈને પણ ભેટ આપવામાં આવશે નહિ !

લખો:-

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, ગોપીપુરા-સુરત.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સાગર સમાધાન

સમાધાનકાર- સકલશાસ્ત્રપારંગત, સ્યાદ્વાદસિદ્ધાંત સુધા-સ્રાવી, આગમના અખંડ અભ્યાસી, આગમોદ્ધારક, આચાર્યદેવ શ્રીમદ્‌સાગરાનંદસૂરીશ્વરજી મહારાજજી.

પ્રશ્નકાર- ચતુર્વિધ સંઘ (રૂબરૂ અગર પત્રદ્વારાએ પૂછાવેલા પ્રશ્નો.)

સંચયકાર- પૂ. મુનિવર્ય શ્રીચંદ્રસાગરજી મહારાજ.

(ના. વડોદરા સરકારની ધારાસભામાં સરકારે પ્રેરેલો આર્યભાવના વિનાશક દીક્ષાસંહારક કાયદો ધારાસભામાં અને જનતામાં ચર્ચાઈ રહેલો હતો, એવા કઠિન સમયમાં પૂ. આચાર્ય શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે દીક્ષા સંબંધમાં જૈનાજૈનજનતાનો ભ્રમ ભાંગવાના ઉદ્દેશથી દીક્ષા સંબંધી શંકાઓ પૂછવાનું જાહેર પ્રજાને જણાવેલું હતું. જનતા તરફથી એ સંબંધીના પ્રશ્નો જાહેર રીતે પૂછાયા હતા અને પૂ. શ્રી આચાર્યદેવે પોતાની અમોઘ સુધાવર્ષિણી શૈલીમાં તે પ્રશ્નોના સરળ અને સુંદર ઉત્તરો આપ્યા હતા. આચાર્યદેવના એ ઉત્તરો સાંભળ્યા પછી કેટલાય કટ્ટરમાં કટ્ટર દીક્ષાવિરોધીઓ પણ પોતાનો દીક્ષા વિરોધ મૂકી દઈ આચાર્યદેવશ્રીના વિચારો જોડે સહમત થયા હતા. એ પ્રશ્નોત્તરો અત્યંત ઉપકારક હોવાથી અત્રે આપવામાં આવે છે અને તેનું પૂરેપૂરું મનન કરવાની તંત્રી વાંચકોને વિનંતી કરે છે.

નોંધ : વાંચકોએ આ પ્રશ્નોત્તરો વાંચતી વખતે આગલા અંકના પ્રશ્નોત્તર જોઈ જવા અને તેના સંબંધમાં આ પ્રશ્નોત્તરો વાંચવા એવી તેમને વિનંતી છે જેથી તેઓ સમાધાનનો પૂર્વાપર સંબંધ સારી રીતે પાળી શકશે. તંત્રી "સિદ્ધચક્ર"

★

પ્રશ્ન ૫૧૫- દલીલ ખાતર એવું માનો કે ચોરી કરવાની આજ્ઞા તે બાપની આજ્ઞા છે એમ માની છોકરાએ પાળવી, અને તેથી ઉપજતાં દુઃખો સહન કરી લેવાં એ શું યોગ્ય છે ?

સમાધાન- નીતિની દ્રષ્ટિએ તમે કોને ઉત્તમ ગણશો, માબાપની આજ્ઞાએ ચોરી કરનાર સંતાનને કે ન કરનાર સંતાનને ? અર્થાત્ આજ્ઞા ન પાળી ચોરી ન કરનાર સારો છે એમ કબુલવું જ પડે છે.

પ્રશ્ન ૫૧૬- શું આજ્ઞા ઉત્થાપીને પણ ચોરી ન કરી ગુનો થતો બંધ કરે તે શું ઉત્તમ ન કહેવાય?

સમાધાન- હા, ઉત્તમ કહેવાય જેમ ત્યાં ચોરી ન કરીને વડીલોની આજ્ઞાને ઉથાપનારો ઉત્તમ છે, તે જ પ્રમાણે અહીં પણ પાપ કરનારો અને પાપોને અટકાવી દેનારો ઉત્તમ નથી એમ તમે શા ઉપરથી કહો ? અહીં પણ એમ જ માનવું પડશે કે દીક્ષા લઈ પાપને રોકનારો એ જ ઉત્તમ છે.

પ્રશ્ન ૫૧૭- તમે દીક્ષાના સંબંધમાં ખુલાસાઓ આપો છો તે યુક્તિયુક્ત છે, પણ જેને સંસાર ગમતો હોય તેને સાધુજીવનમાં ધકેલી દેવામાં અમારું મન માનતું નથી એટલો માત્ર વાંધો છે, તે માટે આપ શું કહો છો ?

સમાધાન- આ પ્રશ્નનું સમાધાન તો તમે પોતે જ છો. તમને સંસાર ગમે છે તો પછી અમે ક્યાં તમોને બળાત્કારે સાધુનાં વસ્ત્રો પહેરાવવા માંગીએ છીએ. અમારું કહેવું તો એટલું જ છે કે જેને જે ગમે તે પસંદગીથી કરવા દો અને તે ઉપર પ્રતિબંધ ન મૂકો. સંસારમાં રહેવું હોય તેને ત્યાં રહેવા દો અને સાધુતા ધારણ કરવી હોય તેને તે ધારણ કરવા દો. સાધુતા અને સંસાર એ બેની વચ્ચેનો રસ્તો ઇચ્છા ઉપર ખુલ્લો રાખો, ત્યાં પોલિસ બેસાડો એ પાપ છે એટલું જ મારું કથન છે.

પ્રશ્ન ૫૧૮- આઠ વર્ષ નીચે પણ અવસ્થાભેદ જણાવેલા છે તેનું શું ?

સમાધાન- આઠ વર્ષની પહેલાં ત્રણ ચાર વર્ષે દીક્ષા આપે, તો તે અયોગ્ય છે અને તેને માટે જ શાસ્ત્રે એવી દીક્ષા આપનારાને માટે પ્રાયશ્ચિત કહ્યું છે, પણ આઠ વર્ષે દીક્ષા આપનારને માટે તેવું કહ્યું નથી, એથી પણ અમારી વાત જ સાબીત થાય છે.

પ્રશ્ન ૫૧૯- અયોગ્ય દીક્ષા આપવામાં આવી હોય તો તેનું પ્રાયશ્ચિત કોને લાગે છે ?

સમાધાન- ગુરુને જ !

પ્રશ્ન ૫૨૦- જેઓ એમ માને છે કે દીક્ષાની વય ૧૬ ની ટુંકાવીને ૮ વર્ષની રાખી છે તેનું શું ?

સમાધાન- એવી રીતે વય ટુંકાવવામાં આવી જ નથી. વળી અત્યારના મુનિઓ પાસે ધારાસભામાં, ન્યાયાધીશ કે એવી બીજી કોઇ પણ સત્તા નથી. આથી જ એટલે તેઓ દીક્ષા સંબંધી નવા કાયદા ઘડી જ ન શકે, શાસ્ત્રે જે કહ્યું હોય તેને જ અનુસરવાનું મુનિઓ માટે તો નિર્માણ થયેલું છે. શાસ્ત્રકારો ત્રિકાળજ્ઞાની હતા, અને તેથી જ તેમણે શાસ્ત્રો રચ્યા હતા એ શાસ્ત્રોને માન આપવું એ જ આપણું તો કર્તવ્ય છે.

પ્રશ્ન ૫૨૧- કોઇ એમજ માનતું હોય કે દીક્ષાની વય ઘટાડીને પૂર્વધર મુનિઓએ આઠ વર્ષની રાખી છે, તો એ શંકાનું આપ શું સમાધાન આપો છો ?

સમાધાન- એનું સમાધાન સ્પષ્ટ છે ! તમોએ જે રજુ કરી છે, તે "દીક્ષાનું શાસ્ત્ર" એ નામની આખી ચોપડી ઉથલાવી જાઓ પણ તેમાં પણ કોઇ સ્થળે દીક્ષાની વય ટુંકાવ્યાનો પાઠ છે ? કાલિકાચાર્યે પાંચેમની ચોથ કરી તેનો શાસ્ત્રીય પાઠ બે જગ્યાએ છે. દીક્ષાની વય ટુંકાવવાના સંબંધમાં એવો પાઠ હોય તો તે રજુ કરો !

પ્રશ્ન ૫૨૨- શાસ્ત્રમાં તો આયુષ્ય ૧૨૦ વર્ષનું છે અને અત્યાર તો પચાસ વર્ષનું આયુષ્ય છે તેનું શું?

સમાધાન- તેનો ઉપાય નથી ! પણ એ યાદ રાખવાનું છે કે કરોડ પૂર્વનું આયુષ્ય હતું તો પણ

શાસ્ત્રકારે દીક્ષાની વયતો આઠ વર્ષની જ રાખી હતી. ૧૨૦ વર્ષનું આયુષ્ય થયું તો પણ દીક્ષાની વય એ જ રાખી છે અને તે જ દૃષ્ટાંતે આજે આયુષ્ય પચાસ વર્ષનું હોય તો પણ એ જ આઠ વર્ષ કાયમ છે !

પ્રશ્ન ૫૨૩- મનુષ્યને સ્વતંત્ર ક્યારે ગણી શકાય ?

સમાધાન- સોળ વર્ષે, સોળ વર્ષે ધર્મશાસ્ત્રોને મનુષ્યની સ્વતંત્રતા કબુલ રાખી છે. અર્થાત્ સોળ વર્ષની ઉંમર થયા પછી તે મનુષ્ય સ્વતંત્ર રીતે દીક્ષા લે તે માટે વિરોધ કે વાંધો ગણવામાં આવ્યો નથી. જૈન ધર્મશાસ્ત્રમાં અને એના જ સમકાલીન અજૈન ધર્મશાસ્ત્રોમાં એવા સેંકડો ઉદાહરણો છે કે જેમાં સોળ વર્ષ પછી સ્વતંત્ર રીતે માબાપની સંમતિ વિના પણ દીક્ષા અથવા સંન્યાસ લેવાયો છે. આ ઉપરથી સાબિત થાય છે કે સોળ વર્ષની વય પછી દીક્ષા લેવી હોય તો તેવો દીક્ષાભિલાષી એ દીક્ષા કાર્યને માટે સ્વતંત્ર છે.

પ્રશ્ન ૫૨૪- "દીક્ષાનું શાસ્ત્ર" એ નામના ગ્રંથમાં પાના ૪ ઉપર એમ લખ્યું છે કે ઉંમરનું પ્રમાણ બંધ બેસ્તું કરવા માટે પૂર્વાચાર્યોએ દીક્ષાના વયની હદ સોળ વર્ષ ઉપરથી આઠ વર્ષ ઉપર આણી રાખી હતી ! જો શાસ્ત્રકારે દીક્ષાની વય ઘટાડી હતી, તો પછી આજે આપણે તેમાં ઉમેરો શા માટે ન જ કરી શકીએ ?

સમાધાન- તમે તો મારું કામ પણ પાર પાડી આપ્યું એ વધારે સારું થયું છે, તમે કહો છો કે શાસ્ત્રકારોએ દીક્ષાની હદ સોળ ઉપરથી આઠની કરી હતી, એ ઉપરથી એ વાત તો તમે પણ સ્વીકારો છો કે દીક્ષાની વય આઠ વર્ષની છે એવું માત્ર અમેજ ગપ્પું મારતા નથી પરંતુ શાસ્ત્રે જ દીક્ષાની વય આઠની ઠરાવી છે. હવે તમારા પ્રશ્નનો ઉત્તર સાંભળો. શાસ્ત્રો ૧૬ વર્ષ ઉપરથી ઘટાડીને દીક્ષાની હદ આઠ વર્ષની રાખી છે એ વાત જ ખોટી છે. છતાં માની લ્યો કે તમે કહો છો તે સાચું હોય તો શું થાય, તેનો હવે વિચાર કરો ! પરીક્ષાની ઉંમરની હદ કોણ ઠેરવે ? યુનિવર્સિટી કે તમે પોતે ? પરીક્ષાની ઉંમરની હદ ઠરાવવાનો અધિકાર જેમ યુનિવર્સિટીને છે તે જ પ્રમાણે જે પૂર્વધરોએ દીક્ષાની હદ ઠરાવી હોય તેમાં ફેરફાર કરવાનો અધિકાર પણ તેમને જ પહોંચે છે આપણને નહિ જ !

પ્રશ્ન ૫૨૫- "જીનકલ્પમાં ૧૬ વર્ષ સુધી અવ્યક્ત ગણ્યો" છે, તો પછી દીક્ષાની વય પણ ૧૬ વર્ષની રાખવામાં આવે તો શું વાંધો છે ?

સમાધાન- વાંધો આવવાની વાત જ નથી, અહીં તો એ જ જોવાનું જોઈએ કે શાસ્ત્રે દીક્ષાની વય શી ઠરાવી છે ? શ્રી આચારાંગ વગેરે શાસ્ત્રોમાં જે કહ્યું છે તે સ્વતંત્ર રીતે વિહાર કરવા માટેના વયની મર્યાદા છે. પંચકલ્પ ચુર્ણી વગેરેમાં પણ સાફ સાફ રીતે જણાવેલું છે કે વયની મર્યાદા માટે એક અષ્ટક અને સ્વતંત્ર વિહાર માટે બે અષ્ટક છે. હવે સ્વતંત્ર વિહારની મર્યાદા દીક્ષામાં લાગુ પાડવામાં આવે છે એમાં કેટલું સત્ય છે તે તમે જ જુઓ.

આટલું તો જરૂર વાંચો !

સખી ! ગગને અંધારું ઘોર, વીજળી રેલી રહી !
જોને ! ગરજે છે ભયના શોર, વીજળી રેલી રહી !

આ કવિતાની કડીઓ વાંચી તમે તેનું રહસ્ય પામ્યા છો ?
જો આ પ્રશ્નનો ઉત્તર
"ના !'

હોય, તો સમજો કે ઘનઘોર આકાશમાં જેમ વીજળીના ચમકારા પ્રકાશ પ્રેરે છે, તેમ ધાર્મિક જૈનાકાશમાં ફેલાયેલા અંધકારમાં અને જડવાદીઓના શોરબકોરમાં એક અણદીઠી વીજળીનો

અદ્‌ભુત ચમકારો

વ્યાપી ગયો છે !

અને પ્રિય વાંચક ! એ ચમકારો તે કયો ? એ તારી કલ્પનામાં આવે છે ? જો, ન આવતું હોય તો સમજી લ્યો કે એ ચમકારો તે આગમોદ્ધારક આચાર્યદેવની સુધાવર્ષિણી વાણી છે અને એ વાણીને સમાજમાં રેલાવવાનું કાર્ય તમારા

"માનીતા સિદ્ધચક્રે"

પાર પાડયું છે ! પ્રિય વાંચકો ! વિચાર કરો, કે એ સેવાના બદલામાં તમે "સિદ્ધચક્ર" ને તેના આવતા અંકથી શરૂ થતા નવા વર્ષના આરંભે શી ભેટ આપવા નિરધાર્યું છે ! જો તમે એનો નિર્ધાર ન કર્યો હોય તો કાલે કરજો તમે ગભરાશો નહિ ! તમને સસ્તું વાંચન પુરું પડે એ ઉદ્દેશથી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ જ આશરે રૂા. ૨૫૦ નો ગ્રંથ

તમને ભેટ

આપવાનો ઠરાવ કર્યો છે, અને એ ભેટનું પુસ્તક તે આચાર્યદેવ આગમોદ્ધારક મહારાજ સાગરાનંદ સૂરીશ્વરજીનું જીવનચરિત્ર છે ! આમ અમે અમારી ફરજ બજાવીએ છે હવે તમે તમારી ફરજ બજાવશો કે ? સિધ્ધચક્રનો આ ચોવીસમો અંક હોઈ આસો સુદ પૂર્ણિમાનો અંક એ તેના બીજા વર્ષનો પહેલો અંક છે એ ટાંકણે તમારી ફરજ શું ?

તમારી ફરજ આ રહી :-

(૧) ચઢેલું લવાજમ તાકીદે મોકલો !
(૨) નવા વર્ષનું લવાજમ પણ તરત રવાના કરો.
(૩) સિધ્ધચક્ર તમે વાંચો ! બીજાને વંચાવો ! એની જ વાતો કરો ! અને એનો પ્રચાર કરો! તમે ગ્રાહક રહી, બીજાને ગ્રાહક કરો !
(૪) તમારે આ જ્ઞાન પ્રચારના મહાકાર્યમાં જે કાંઈ ભેટ આપવી હોય તે આપી દો ! જે મહાનુભાવોએ આવી ભેટો આપી છે તે આ સમિતિએ સહર્ષ સ્વીકારી છે. અને તમે ગ્રાહક ન હો, તો ગ્રાહક થવા માટે લખો :-

સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
લાલબાગ ભુલેશ્વર, મુંબઈ નં. ૪.

તમે સિદ્ધચક્ર મંગાવો છો કે ?

ના ! આજના જે કામ છે તે, કાલ માટે પરહરો !

જે આજનું પ્રિય કાર્ય છે, તે આજ અત્યારે કરો !

અને એવું કામ તે શું છે તે તમે જાણો છો ? તમારું આજનું કાર્ય એ જ છે કે નીચેનો ગ્રંથ મેળવવા આજે જ સિદ્ધચક્રના ગ્રાહક થાઓ.

એ પરમ પવિત્ર ગ્રંથ

તે

"આગમોદ્ધારક આચાર્યદેવે શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીનું જીવન ચરિત્ર છે.

(સિધ્ધચક્રની પહેલી ભેટ)

આ ગ્રંથમાં અક્ષરે અક્ષરે આચાર્યશ્રીના જીવન પ્રસંગો વહે છે !

આ ગ્રંથમાં શબ્દે શબ્દે વીરતા ઉપજાવતા પ્રસંગો છે !

આ ગ્રંથમાં વાક્યે વાક્યે મહારાજશ્રીના ધર્મોપદેશની અમીરસ ધારા રેલે છે !

આ ગ્રંથ લીટીએ લીટીએ આચાર્ય દેવનું જીવન તમોને ઓળખાવે છે !

આ ગ્રંથ પાને પાને તમોને પ્રેરણા આપે તેવો છે !

આ ગ્રંથ પ્રકરણે પ્રકરણે તમોને જૈનત્વ માટે મહારાજશ્રીની પ્રીતિ દર્શાવે છે.

ટૂંકમાં

આ ગ્રંથ તે શ્રી આચાર્યદેવના જીવનનું સંપૂર્ણ રીતે એક મનુષ્યને હાથે પડી શકે તેવું કાળજી પૂર્વક પાડેલું પ્રતિબિંબ છે !

એક સામાન્ય બાળક સામાન્ય મટી મહાત્મા થાય ?

એક સામાન્ય માણસ, સામાન્ય મટી આગમોદ્ધારક થાય ?

એક સામાન્ય મુનિ, મુનિ મટી અદ્વિતીય આચાર્ય થાય ?

આ ત્રણે પ્રશ્નોનો જવાબ "હા!" છે, અને એ કેવી રીતે બને છે, એ જાણવું જ હોય તો ઉપરનો ગ્રંથ મંગાવીને વાંચો કે જેમાં આચાર્ય દેવના જીવન પ્રસંગો સાથે સંબંધ ધરાવતા આઠ દસ આર્ટ પેપર ઉપર છાપેલા સુંદર ફોટોગ્રાફો છે !

સુંદર છપાઈ ! મનોહર ટાઈપ ! અલબેલું બાઈન્ડીગ ! આકર્ષક પુસ્તક !

જો તમોને વાંચનની જરા પણ કદર હોય તો સિધ્ધચક્રના ગ્રાહક થાઓ અને આ પુસ્તક આજે જ મેળવોઃ-

લખો :- સિદ્ધચક્ર

સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ મુંબઈ.

સોનેરી સિંહાસન

લેખક :- માણિક્ય.

-: હરિગીત :-

જો જો અહીંથી દેખજો શોભા સરસ સૃષ્ટિ તણી
એ દ્રવ્ય નિર્મલ દેખતાં આંખો ઠરે છે આપણી
ચકચક થતું જળ આ લઇ સરિતા વહે સોહામણી
ને શાંત મંદ સમિરની લેહરો અહીં વહે છે ઘણી (૧)

ધ્યાન.....રાખો !
શ્રી સિદ્ધચક્રના
આવતા અંકમાં શરૂ થશે
"ઉગતા તારા"
જૈન સાહિત્યનું આ સુંદર ચિત્ર
તમારા દિલડાં ડોલાવી નાંખશે.

પુરજન સદા નદી તિર ઉપર આનંદ લેવા આવતા
મિત્રો મળી, ઉર પ્રણયના ભાવો અહીં દર્શાવતા
ખગવૃંદ બહુ કરતા ક્રિડા નિજ વ્હાલને વરસાવતા
પશુના જુથો રમતા સદા અહીંથી જુઓ ! ચાલ્યા જતા (૨)

ગયા અંકમાં અમે આ અંકથી "ઉગતા તારા"નું શબ્દ ચિત્ર આપવાની જાહેરાત કરી હતી, પરંતુ કેટલાક સદ્‌ગૃહસ્થોએ એ શબ્દ-ચિત્ર નવા વર્ષથી આપવાની સૂચના કરેલી હોવાથી આ અંકે તે આપવાનું મુલત્વી રાખ્યું છે, અને તેને બદલે "સોનેરી સિંહાસન" એ સુંદર પદ્યાત્મક ધર્મ-કથાનકને અહીં સ્થાન આપવામાં આવ્યું છે. આવતા અંકથી "ઉગતા તારા" આ પાક્ષિકમાં પોતાનો પ્રકાશ નાંખવા માંડશે.

તંત્રી : સિદ્ધચક્ર.

એ નદી તણા પટ સમીપમાં સુંદર નગર શોભી રહે
જે દેખતાં દ્રષ્ટિ ઠરે શત્રુ તણાં દીલડાં દહે
બહુ મ્હેલ ઉપવન શોભતા નિર્મળ જળાશય છે ભર્યા
ને દિવ્ય પ્રભુ મંદિર થકી પુરના વિભાગો છે કર્યા. (૩)

જેના પ્રબળ મહાપુણ્ય છે તે જન્મ આ નગરે ધરે
જ્યાંથી ન સિદ્ધિ રિદ્ધિ નિજ ઘર ત્યાગી બીજે સંચરે
બસ ! હર્ષના મહા પંથમાં પુરજન સદા પગલાં ભરે
ધર્મિષ્ઠ હૈયા તેમના નીતિ ન્યાય પંથે પરવરે (૪)

નરનાથ એ નગરી તણા ત્યાં વ્હાલથી વસતા હતા
નિજ દેહ પર સંકટ સહી પ્રીતિથી પ્રજાને પાળતા
નીતિ, ન્યાય, ધર્મ, વિવેકનું મહારાજ્ય ત્યાં પ્રસરાવતા
પુરજન વળી નરેનાથને નિજ તાત તૂલ્ય પિછાણતા (૫)

ના પાપપંક તણી કદી પુર ઉપર છાયા વ્યાપતી
નહિ મોહની મદિરા સદા હૈય ચઢી સંતાપતી
જૈનત્વની સાચી પ્રભા જનતા હૃદયમાં છાપતી
કાયા તણાં સહુ દોષને દીલ ટેક રાખી કાપતી (૬)

નરરાયની પત્ની હતી પતિ સેવના દિલમાં ધરે !
ના, ના, વિકારો દેહના તેના હૃદયમાં ઘર કરે !
ના પાપના પગલાં કદી તેના જીવન પર સંચરે !
ના !ના !વિષયની વાસના એ સુંદરીને સર કરે ! (૭)

જિનશાસને જશ આપતી જે જે વિધિઓ છે કરી
જેને સદાએ પાળવી ઘટના ખરે મહા આકરી
એ સર્વ ધર્મ વિધિ સદા નૃપપત્ની પોતે પાળતી
વળી કંથમાં નિજ હૃદયનો સાચો પ્રણય દર્શાવતી (૮)

સંસારના પુરુષો બીજા બંધુ બરાબર જે ગણે
કાયા તણા દોષો બધા પતિ દેવ સંભારી હણે
સુરરાયને નિરખે છતાં દ્રષ્ટિ નહિ ફરકી શકે
જેનું હૃદય નહિ ઈન્દ્રને અવલોકતા હરખી શકે (૯)

પતિ પત્ની બન્ને ઉભયમાં આનંદ અનુપમ માનતા
પર ઘર તણે પંથે કદી દ્રષ્ટિ ઉભય નહિ નાંખતા
આદર્શ જાણે જગતનો એ દંપતી પોતે હતા,
જૈનત્વની સાચી લીલા દુનિયા વિષે દર્શાવતા ! (૧૦)

એ રીતથી એ દંપતિ નિર્મળ જીવન ગાળી રહે
નિજ ધર્મને સાચા હૃદયના ભાવથી પાળી રહે
દિલ દેહ કરી દુષ્ટતા તે સર્વથા ટાળી રહે
રે ! રે ! ફરજ પોતા તણી પતિ પત્નિ સંભાળી રહે (૧૧)

નરનાથના ઘરની સમિપ બીજું મનોહર ધામ છે
ત્યાં એક વૈશ્ય વસે સદા જેનું સુદર્શન નામ છે
જેના હૃદયમાં ધર્મનું જામ્યું અચલ પરિણામ છે
જેનું જીવન બસ ! રંકનો આરામ છે-અભિરામ છે (૧૨)

તે સત્યમાર્ગ ધરી સદા વ્યાપાર પંથે વિચરતો
નિજ શક્તિથી ધન ધાન્યને સમૃદ્ધિ સત્વર પામતો
પણ દ્રવ્ય એ દઈ ધર્મના શુભ કાર્યને શોભાવતો
ના ! પાઈ પણ તે પાપને પંથે કદીએ નાંખતો (૧૩)

નિજ અખુટ ધન સમ્પતિથી લાખો અપંગો પાળતો
પક્ષીપશુના જીવનને દુષ્ટો થકી સંભાળતો
ને ધર્મની વિધવિધ વળી પ્રવૃત્તિ પોતે પાળતો
રે આપણી અવનિ વિષે જાણે કુબેર બીજો હતો. (૧૪)

"રે પૂર્વના શુભ કર્મના સંયોગથી લક્ષ્મી મળી
મુજ ભાગ્યની મારા ઉપર પ્રેમાળ દ્રષ્ટિ છે વળી"
એવું વિચારી દ્રવ્યનું અભિમાન ના ધરતો કદી
સંસારની અસ્થિરતા દિલથી ન પરહરતો કદી. (૧૫)

જિન ધર્મને શોભાવતા ગુરૂદેવની ભક્તિ કરે
મળવી કઠણ આ વિશ્વમાં એવી પુનિત વ્યક્તિ ખરે
છે ધર્મની દિલ ભાવના બસ ત્યાં જ અનુરક્તિ ધર
જિન સેવના પંથે શરીરની સર્વ શક્તિ પરહરે (૧૬)

એ શેઠને નરનાથની સાથે રહી છે મિત્રતા
શૈશવ અવસ્થાથી પરસ્પર સ્નેહ અતિશય રાખતા
બે મિત્ર જો મળતા નહિ, તો દિવસ તે દુઃખમાં જતો
એવો અલૌકિક સ્નેહ હાં ! બંન્ને તણા ઉરમાં હતો. (૧૭)

કંઈ ગુપ્ત વાતો હોય તો દિલ ખોલી બંન્ને બોલતા
બંધુપણાથીએ અધિક માયા વળી દર્શાવતા
જિન પૂજન, વૃત, ઉપવાસને સાથે મળીને સેવતા !
બે દેહ ભિન્ન હતી છતાં દીલ એક બન્નેના હતા. (૧૮)

પણ રે ! ભયંકર ભાગ્ય છે સરખા દિવસ જાતા નથી !
અભ્રો ચઢયા આકાશમાં શું તેય વિખરાતા નથી !
રજની થતા દિનકર ઉગે અંધાર જો પલટાય છે.
તેવી દશા છે ભાગ્યની પલટા નિરંતર થાય છે. (૧૯)

જ્યાં પ્રેમ પુષ્કળ હોય ત્યાં રે દ્વેષના દર્શન મળે
જો ભાગ્ય કોપે તો અહા ! અંગારની વર્ષા ગળે
એવા દુઃખો આવી પડે જાણે હિમાલય તે ચળે
પયના પવિત્ર પદાર્થમાં રે ઝેરની જ્વાળા ભળે. (૨૦)

એ રીત કઈ દિવસો જતા નૃપ જન્મ દિન આવી રહ્યો !
એ કારણે નિજ મિત્રને મળવા સુદર્શન છે ગયો !
નૃપની સમિપ ત્યાં સમય તે બેસી રહી નૃપ અંગના
દિલમાં વિચારો સેવતી ઉલ્લાસથી જ અનંગના. (૨૧)

રે ! રે ! ભયંકર ભાગ્યથી દર્શન સુદર્શનના થયા !
નૃપ પત્નીના નયનો અહા ! બસ મોહમાં ડુબી ગયા !
યૌવન અજબ, મુખ શોભતું, તન ગૌર, દેહ વિશાળ છે !
જાણે સુદર્શન કામનો સંસારમાં પ્રતિપાળ છે. (૨૨)

એ ભવ્ય કાયા દેખતા નૃપ પત્ની ઘેલી છે થઇ !
નિજ ધર્મને રે ! મોહથી અબળા અહા ! વીસરી ગઇ !
તેણે વિચાર્યું કે અરે ! એવો પતિ મુજને મળે !
છે અર્થ તેનો એજ કે સોનું સુગંધી બે ભળે ! (૨૩)

નૃપઅંગના કંદર્પના દિલમાં વિચારો લાવતી
એ શેઠની પ્રાપ્તિ થવા વિધવિધ તરંગ ઉઠાવતી
તે દિવસ દુઃખમાં, રાત્રી અતિશે વિરહમાં પુરી કરી
બીજે દિવસે નૃપપત્ની નિજ મહાલય વિષે છે સંચરી (૨૪)

તેણે કહ્યું નિજ દાસીને હું રત્ન લેવા ચ્હાઉં છું
તું જઈ સુદર્શનને કહે, "હું તેમને બોલાવું છું !"
દાસી વચન નૃપપત્નિના સુણીને તરત ચાલી ગઇ
તે શેઠની સમિપે જઈ કર જોડીને ઉભી રહી. (૨૫)

"ઓ શેઠજી ! મુજ સ્વામિની કૈં રત્ન લેવા ચ્હાય છે
મહા મૂલ્યવાન જવાહિરો તે જોઈને હરખાય છે
માટે તમે લઈ રત્નને રણવાસ પંથે સંચરો
આજે કમાણી લ્યો ગણી ના ના ! ! વિલંબ હવે કરો ! (૨૬)

એવા વચન સુણતાં સુદર્શન વસ્ત્ર નિજ શરીરે સજી
રણવાસને પંથે ગયા નિજ ભવ્ય ભુવનોને તજી,
રણવાસમાં જાતા અજબ દેખાવ ત્યાં દેખી રહ્યો !
શોભા સરસ રણવાસની નિજનેત્રથી પેખી રહ્યો ! (૨૭)

દીલમાં વિકારો લાવતા ચિત્રો તહાં નજરે પડે !
વિધવિધ સુગંધી વ્યાપતી ત્યાં રમ્ય કૈં ફૂલડા વડે !
નૃપ અંગના નવ વસ્ત્રમાં વિભૂષિત બની બેસી રહી !
જેના હૃદયમાં કામની જ્વાળા અહા ! પેસી રહી ! (૨૮)

તેણે 'સુદર્શન' શેઠને દેખી તજી લજજા ઘણી
તજી ધર્મ તરૂણીએ કરી નર પાસ નફફટ માંગણી
જાણે થયો આઘાત ઓ વિદ્યુત્ તણો કાયા પરે !
એવી દશા થઈ શેઠની જે ધર્મથી નિશદીન ડરે. (૨૯)

ના પાપને પંથે સુદર્શન સ્વપ્નમાં પગલું ભરે !
તે તુચ્છ દેહ નિહાળી શું વ્યભિચાર પાતક આદરે !
એ થાયના ! એ થાયના ! સૃષ્ટિ કદી પલટી જશે
રવિ પશ્ચિમે ઊગતો બની શાંતિ કદી વરસાવશે (૩૦)

સાગર સકલ મીઠા બનો નદી ક્ષાર લઇને દોડશે
તોએ સુદર્શન ટેકને નહિ છોડશે-નહિ તોડશે !
તેણે કહ્યું, "નૃપ અંગના રે ! રે ! વચન આ શું કહો ?
વણ મોતના પી ઝેરને રે ! હાય કાં મરવા ચહો ! (૩૧)

રે ! કામને તાબે થઇ કાં પાપ પંથે પરવરો !
એ પાપના-એ કામના કાળા વિચારો પરહરો ! !
નૃપ આ નગરના નાથ છે હું છું પ્રજાજન તેમનો
નૃપ પત્ની છો માતા તમે રે ! પુત્ર મુજ દિલને ગણો. (૩૨)

માતા કદી સંતાનનો અભિલાષ અવનીમાં કરે !
આ દેહ છે રૂધિરે ભરી ધિક જાય ત્યાં દ્રષ્ટિ ખરે !
નિજ પુત્રની કાયા ઉપર જો માત દ્રષ્ટિ નાંખશે
એ પાપથી આ પૃથ્વી પણ પળ એકમાં કંપી જશે. (૩૩)

વળી વળી વિનંતિ હું કરૂં ના ! ના ! મને ઇચ્છો તમે
આ દેહ ગંદી દેખવી માતા તમોને કાં ગમે ?
અમૃત સમા વચનો સુણી નૃપ પત્ની શાંત બની નહી
તેના હૃદયમાં કામની ભડભડ ચિતા સળગી રહી. (૩૪)

બહુ નમ્ર શબ્દો વાપરી તેણે વિનંતિઓ કરી
પાષાણવત્ દિલ શેઠનું ના વાસના ત્યાં સંચરી
\+ \+ \+
અબળા તણી વિનંતિ વડે દિલ શેઠનું પલટાય ના !
દિલ ધર્મની રહી ભાવના ! રે ! રે ! કદી દૂર થાય ના ! (૩૫)

પાષાણવત્ દિલ પાપમાં નૃપ પત્નિ તે કદી ચ્હાય ના !
કંદર્પના અધિકારને તાબે સુદર્શન થાય ના !
નૃપ પત્નીએ નિરખ્યું ખરે ! મુજ માંગણી ફળતી નથી
રે ! શેઠના નયણા થકી માયા જરા ગળતી નથી. (૩૬)

વૃત્તિ સુદર્શન શેઠની મન્મથ તરફ વળતી નથી.
મારી પીડા રતિ નાથની ફળતી નથી-ટળતી નથી !
પ્રયત્નો જતાં નિષ્ફળ બધા દિલમાં શરમ વ્યાપી ગઈ !
થઈ તપ્ત તરૂણી ક્રોધથી આવેશમાં સળગી રહી ! (૩૭)

નિજ દેહ પર ક્ષત નખ વડે પોતા તણે હાથે કર્યો,
મોટા ઉઝરડા હાથથી કોમળ શરીરપર છે ભર્યા.
પાડયો પછી પોકાર કે પતિ દેવ વ્હેલા આવજો !
આ દુષ્ટના પંજા થકી સ્વામી મને છોડાવજો ! (૩૮)

પાપી સુદર્શન જો થયો આજે અધમ અહીં આવી ખરે !
માતા સમી હું છું છતાં દૃષ્ટિ અરે ! મુજપર કરે !
મુજ ધર્મ બળથી ભાંગવા પ્રવૃત્તિ દુષ્ટે આદરી
તેણે અહા ! નિજ હાથથી વ્હાલા મને ઘાયલ કરી. (૩૯)

રે મિત્ર થઈ મુજ કંતનો જો ધર્મ એ ભૂલી ગયો !
રે ! રે ! વિકારો કામના તેના વડે ડુલી ગયો !
મટીને મનુષ્ય અરે ! જુઓ ! કંદર્પનો ચેલો થયો !
રસ રકતની કાયા ખરે, તે જોઈને ઘેલો થયો ! (૪૦)

વચનો સુણી વનિતા તણા નરરાય ગુસ્સે છે થયા !
નિજ પત્ની કેરા પાપને નરનાથ તો વિસરી ગયા !
જાણી શકયા નહિ, પત્નીની કાતીલ અરે કુટિલાઈને
"સતિ" જાણતા નિજ પત્નીને અભિનંદતા હરખાઈને. (૪૧)

નૃપ ત્યાં વદે "ધિક્કાર ! તું નહિ શેઠ, પણ શઠ જાણવો !"
નર તું નથી, નીતિ હીનને બસ શ્વાન માની પીછાણવો !
મિત્રત્વનો ગર્દભ અરે ! તે લાભ લીધો છે ખરો,
શિક્ષા ભયંકર પામશે તારો ગુન્હો છે આકરો ! (૪૨)

વચનો સુણે ના શેઠના નૃપ દેહ ક્રોધે છે ભરી !
તેણે સુદર્શનને સજા શૂળીની કરી છે આકરી !
પણ જ્યાં સુદર્શન શેઠને શૂળી સમિપ દૂત લઈ ગયા !
આશ્ચર્યથી લોકો બધા એ દ્રષ્ટ અવલોકી રહ્યા ! (૪૩)

શૂળી ગઈ પલટી અને સોનેરી સિંહાસન થયું !
સંકટ સુદર્શન શેઠનું પલ એકમાં પલટી ગયું. (૪૪)

રે ! ધર્મરૂપ અમૃત તણો પ્રિય સંગ નિત્યે રાખતા
તેથી સુદર્શન આમ મૃત્યુ પંથથી ઉગર્યા હતા !
દ્રષ્ટાંત એ પાળી અરે ! જગ સત્ય પંથે સંચરો
સેવી સદાએ ધર્મને મહાધામ મુકિતને વરો. (૪૫)

★ ★ ★

સુધા સાગર

૭૪૧ ખરું પૂજન તો ગુણનું છે, વ્યક્તિનું નથી.

૭૪૨ જે મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા છે, તેમને સ્નેહ એ વજ્રની સાંકળ છે.

૭૪૩ સાધુ પદ્વી ગીતાર્થપણા સાથે સંબંધ રાખતી નથી.

૭૪૪ સર્વજ્ઞ શાસનમાં જે સાધુ શાસન દ્રોહી થાય, કે વિરોધી થાય તેને નમસ્કાર કરવા માટે સ્થાન જ નથી.

૭૪૫ જે વ્યક્તિ સૂત્રનો એક અક્ષર વિરૂદ્ધ બોલે છે તે વ્યક્તિનું આચાર્યપણું, ઉપાધ્યાયપણું કે સાધુપણું જરૂર નાશ પામે છે.

૭૪૬ સિદ્ધો એ પરીક્ષાના વિષયની બહાર છે, જ્યારે અરિહંતાદિ ચારેની પરીક્ષા શક્ય છે.

૭૪૭ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના દરેક જીવો મરણથી ડરે છે.

૭૪૮ જો શરીર જેવી વસ્તુ ન હોત તો આ દુનિયામાં મરણ પણ ન હોત !

૭૪૯ જેઓ પ્રભુ માર્ગ ભૂલેલા આત્માઓ છે તેઓ અવશ્ય મરણથી ડરે છે.

૭૫૦ જન્મ એ બાળવીયાનું બીજ છે અને મરણ એ બાવળીયાના કાંટા છે, તો પછી જન્મરૂપી બાવળીયા તો વાવ્યે જ જવા અને મરણરૂપી કાંટાથી ડરવું એ મૂર્ખાઈ નહિ, તો બીજું શું ?

૭૫૧ સત્કૃત્યોના બદલામાં મળનાર સદ્‌ગિત માટેનું મરણ તે ઓચ્છવ રૂપ મરણ છે.

૭૫૨ કલુષિત જીવનથી થયેલ પરિણામ દુર્ગતિમાં ધકેલનાર હોવાથી તે મરણ એ શોક મરણ છે.

૭૫૩ શ્રદ્ધાપૂર્વક નિર્વાહવાળા પાપ બાદ કરી બાકીના પાપને તજનારાઓ દેશવિરતિ ધર્મના સાચા આરાધક છે.

[નોંધ :- સકલશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્રાવી, આગમના અખંડ અભ્યાસી આગમોદ્ધારક પૂ. શ્રી આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની મનનીય હૃદયંગમ દેશનામાંથી ઉધ્ધૃત કરેલ કેટલાક સુધા સમાન વાક્ય બિંદુઓનો સંગ્રહ પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજજી પાસેથી મેળવી ભવ્ય જીવના જીવનને નવપલ્લવિત રાખવા માટે અમોઘ છે એમ ધારી અમે અત્રે આપીએ છીએ.

તંત્રી]

ઉપધાન.

ઉપધાન એ જ્ઞાનાર્થીઓ માટે અવશ્ય કર્તવ્ય રૂપ આચાર છે.

ઉપધાન એ પ્રભુ માર્ગને અનુસરતા જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોની સમીપમાં લાવે છે, અને તેની ઉપેક્ષા કરનારાઓ તે અમુલ્ય લાભથી બેનશીબ રહે છે.

ઉપધાન એ પવિત્રતાની એરણ ઉપર હરકોઇ આત્માનો પવિત્ર ઘાટ ઘડવાનો એકરાર કરે છે.

ઉપધાન એ કાયિક, વાચિક અને માનસિક શક્તિના વિકાસ સાથે આત્માને શ્રાવકપણાની યોગ્યતા પ્રાપ્ત કરાવી ઉત્તરોત્તર આરાધ્યપણાની ઉચ્ચ કોટીમાં મૂકે છે.

ઉપધાન એ મોહ સામેના મહાભારત યુદ્ધમાં વિજયતા મેળવવા માટેનું કિમતી કવાયતરૂપ કાર્ય છે.

ઉપધાન એ જગતભરના તીર્થસ્થાનો, કલ્યાણકારી કલ્યાણ ધામો, મહાવિદેહના મહાગોપ વિદ્યમાન વિહરમાનો, પવિત્ર પુણ્યધામો અને સિદ્ધફરસિત સિદ્ધસ્થાનોના પ્રતિદીન ત્રણત્રણ વખત અનુપમ સગવડ સાથે દર્શન કરાવવાની તેને અનુસરનારા પ્રાણીઓને અનુકુળતા મેળવી આપે છે.

ઉપધાન એ પંચમંગળ મહાશ્રુતસ્કંધાદિ શ્રુતોપચારરૂપ નમસ્કાર મહામંત્રાદિની સિદ્ધિ માટે (આરાધના માટે) આ સંપૂર્ણ સગવડની સાક્ષી પૂરે છે.

ઉપધાન એ શ્રુતરૂપ સુધા મેળવવાના મનોરથ સેવનારાઓને માટે યોગ્યતા પ્રાપ્ત કરવાનું આ એક ઉત્તમોત્તમ સાધન છે એમ સર્વજ્ઞ સિદ્ધાંત સંબોધે છે, કારણ કે એ ચોક પરથી ઉતરેલાં કાચા ઘડામાં પાણી-જીવન નહી રહી શકે, સિંહણનું દુધ સામાન્ય ધાતુઓના પાત્રમાં નહી રહી શકે, અર્થાત્ પકવેલો ઘડો, અને સુવર્ણના પાત્રમાં અનુક્રમે પાણી અને સુવર્ણ રહી શકે છે અન્યથા નહિ.

ઉપધાન એ શ્રાવક-શ્રાવિકાઓને ઉંચી કક્ષાએ પહોંચાડવાની કબુલાત કરે છે.

આથી જ

દુર્લભ એવું મનુષ્ય જીવન તેમાં પણ શ્રાવકપણું પામીને આ ઉપધાનની આવશ્યરૂપ કર્તવ્યતા ગુરૂગમ શ્રવણ કરવી જોઈએ, જેથી ઉપધાન કરવા આત્મા તૈયાર થાય.

ઉપધાન એ જીનેશ્વરદેવનો માર્ગ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા જીજ્ઞાસુઓને માટે પ્રાથમિક શિક્ષણ છે, ઉત્તરોત્તર મહાનપંથ પ્રાપ્ત કરવાની અનુપમ ચાવી છે.

ઉપધાન એ સંસારમાં અહીંથી તહીં અથડાતા એવા પ્રાણીને નિયમબદ્ધ બનાવી તેને સાચો પ્રભુ માર્ગનો પથિક બનાવે છે.

ઉપધાન વિનાનો આત્મા નવકાર જેવા પરમ પવિત્ર મંત્રનો યોગ્ય આરાધક રહેતો નથી. એટલુંજ નહીં પણ ઉપધાન વિના કે ઉપધાન વહન કરવાની શ્રદ્ધા વિનાનો આત્મા તે મહાન એવા નવકારમંત્રને ગણવાની પાત્રતા ધરાવી શકતો નથી. હરેક આત્માએ ઉપધાન વહન-કરવા એ તેનો જન્મસિદ્ધ હક સમજી જીનેશ્વરદેવ પ્રણિત મહાન અનુષ્ઠાન કરવા તૈયાર થવું જોઇએ.

ઉ પ ધા ન ક ર વા જો ઈ એ.

ઉપધાન એ પવિત્રતાના ધામરૂપ છે. અને એ ધર્મરૂપ ધામમાં નરકેસરી-તીર્થંકર પ્રદર્શિત કલ્યાણકારી આરાધનાના રહસ્યોની વાનગીનું આસ્વાદન જોર શોરથી કરી ઈષ્ટ સ્થાને પહોંચે તેમાં બલિહારી એ ઉપધાનની છે.

ચંદ્રસા.

જૈન સાહિત્યના રસિકો માટે


નંબર	નામ.	અસલ કિંમત	ઘટાડેલી કિંમત
૧	પયરણસંદોહ (અનેક પૂર્વાચાર્યકૃત)	૧-૦-૦	૦-૧૨-૦
૨	પંચાશકાદિ દશના (પ્રૌઢ ગ્રંથોના) અકારાદિ	૪-૦-૦	૩-૮-૦
૩	દેશના સંગ્રહ (હિન્દી)	૦-૮-૦	૦-૬-૦
૪	મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ	૦-૧૨-૦	૦-૧૦-૦
૫	જ્યોતિષ્કકરંડક શ્રી મલયગિરિજીકૃત ટીકાયુક્ત	૩-૮-૦	૩-૦-૦
૬	પંચાસકાદિ આઠ (પ્રૌઢ) શાસ્ત્રો મૂલ	૪-૦-૦	૩-૪-૦
૭	અનુયોગદ્વારચૂર્ણિ ને હારિભદ્રીવૃત્તિ	૨-૦-૦	૧-૧૨-૦
૮	દ્રવ્યલોકપ્રકાશ	૨-૦-૦	૧-૮-૦
૯	ક્ષેત્રલોકપ્રકાશ	૨-૮-૦	૧-૧૪-૦
૧૦	પંચવસ્તુ સ્વોપજ્ઞ	૩-૦-૦	૨-૪-૦
૧૧	પ્રવચનસારોદ્ધાર-ઉતરાર્ધ	૪-૦-૦	૩-૦-૦
૧૨	યુક્તિપ્રબોધ સ્વોપજ્ઞ (ઉપાધ્યાય મેઘવિજયજીકૃત)	૧-૧૨-૦	૧-૮-૦
૧૩	પ્રત્યાખ્યાનાદિ (વિશેષણવતી ને વીશ વીશી સહિત)	૧-૪-૦	
૧૪	આવશ્યકપૂર્વાર્ધ (મલયગિરિજી કૃત)	૪-૦-૦	૩-૦-૦
૧૫	પ્રકરણસમુચ્ચય (અંગુલસત્તરિ આદિ)	૧-૪-૦	૧-૦-૦
૧૬	અર્હિંસાષ્ટક સર્વજ્ઞસિદ્ધ-ઐન્દ્રસ્તુતિ	૦-૮-૦	
૧૭	નંદિચૂર્ણિ ને (હારિભદ્રીવૃત્તિ)	૧-૮-૦	૧-૪-૦
૧૮	વિશેષાવશ્યક ગાથાનુક્રમ	૦-૫-૦	૦-૩-૦
૧૯	પ્રવચનસારોદ્ધાર-પૂર્વાર્ધ	૩-૦-૦	૨-૪-૦
૨૦	પ્રવજ્યા વિધાનકુલક આદિ (ઈર્યાપથિકા ૩૬ સહિત)	૦-૬-૦	૦-૩-૦
૨૧	દશ પયન્ના છાયા સહિત	૨-૦-૦	૧-૮-૦
૨૨	વંદારૂવૃત્તિ	૧-૪-૦	
૨૩	ઋષિભાષિત	૦-૩-૦	૦-૨-૦
૨૪	નવપદ બૃહદ્વૃત્તિ	૪-૦-૦	૩-૦-૦
૨૫	સૂક્તમુક્તાવલી	૨-૦-૦	૧-૮-૦
૨૬	નંદિઆદિ સાતના અકારાદિ ને વિષયાનુક્રમ	૨-૦-૦	૧-૮-૦
૨૭	વિચાર રત્નાકર	૩-૦-૦	૨-૪-૦
૨૮	આવશ્યક ટીપ્પણ	૧-૧૨-૦	૧-૪-૦
૨૯	શ્રીદશવૈકાલિકસૂત્રની ચૂર્ણિ	૪-૦-૦	- - -
૩૦	શ્રી પર્વાધિરાજ અષ્ટાન્હિકા વ્યાખ્યાન	૦-૪-૦	- - -
૩૧	સાધુ આવશ્યક ક્રિયાના સૂત્રો	ભેટ-પોસ્ટેજ	બીડો
૩૨	બારસા સૂત્ર (સચિત્ર)	૧૨-૦-૦	- - -

તા. ક.:-રૂા. ૨૫) ના ખરીદનારને પાંચ ટકા, રૂા. ૫૦) નાને સાડાસાત ટકા, રૂા. ૭૫) નાને દશ ટકા અને રૂા. ૧૦૦) ના ખરીદનારને સાડાબાર ટકા લેખે કમિશન આપવામાં આવશે.

મળવાનું ઠેકાણું:- શ્રી જૈન આનંદ પુસ્તકાલય, ગોપીપુરા-સુરત.

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રી. પ્રેસ કણપીઠ બજાર સુરતમાં મોહનલાલ મગનલાલ [illegible]એ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ મુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

વર્તમાન સમયે પૂ.આ. શ્રીઅશોકસાગરસૂરિ મ.સા



શ્રી નાગેશ્વર
પાર્શ્વનાથ તીર્થ
ઊન્દૈલ (રાજ.)



શ્રી માંડવગઢ તી



શ્રી જંબૂદ્વીપ દેરાસર



શ્રી માણિભદ્રતીર્થ
(ઉજ્જૈન-મધ્યપ્રદેશ)




શ્રી નવકાર મં

માર્ગદર્શન મુજબ શાસનની સેવાઅર્પી રહેલા તીર્થો.



ર) (મધ્યપ્રદેશ)



(પાલિતાણા)



ાપ-પાલિતાણા)

અજીતશાંતિ તીર્થ બામણવાડા
(ઉંઝા ઉ.ગુ.)




શ્રી આર્યરક્ષિતસૂરિ તીર્થધામ
મંદસૌર (મ.પ્ર.)



પૂ.આગમોદ્ધારકશ્રીની આગમવાણીને સુરક્ષિત રાખનાર મુખ્ય સ્થાપત્યો




શ્રી વર્ધમાન જૈન
આગમમંદિર સંસ્થા
(પાલિતાણા-સૌરાષ્ટ્ર)



શ્રી વર્ધમાન જૈન
તામ્રપત્ર આગમમંદિર
(સુરત)

પૂજ્ય આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.



જૈનાનંદ પુસ્તકાલય
(સુરત)



શેઠ શ્રી દેવચંદ લાલભાઈ ઝવેરી
જૈન પુસ્તકોદ્ધાર ફંડ (સુરત)

